Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

* ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ-૩૩ *

सर्वज्ञवीतरागाय नमः ।

## શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

## શ્રી

# પ્રવચનસાર

મૂળ ગાથાઓ, સંસ્કૃત છાયા, ગુજરાતી પદ્યાનુવાદ, શ્રી અમૃતચંદ્ર-
આચાર્યદેવવિરચિત 'તત્ત્વપ્રદીપિકા' સંસ્કૃત ટીકા,
શ્રી જયસેનાચાર્યવિરચિત 'તાત્પર્યવૃત્તિ' સંસ્કૃત ટીકા
અને 'તત્ત્વપ્રદીપિકા' ટીકાના
ગુજરાતી અનુવાદ સહિત

: અનુવાદક :

હિંમતલાલ જેઠાલાલ શાહ
બી. એસસી.

: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)

કિંમત : રૂ. ૫=૫૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પ્રથમ આવૃત્તિ : પ્રત ૨૦૦૦
વિ. સં. ૨૦૦૪, સન ૧૯૪૮

દ્વિતીય આવૃત્તિ : પ્રત ૧૬૦૦
વિ. સં. ૨૦૨૪, સન ૧૯૬૮



: મુદ્રક :
મગનલાલ જૈન
**અજિત મુદ્રણાલય**
સોનગઢ (સૌરાષ્ટ્ર)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been kindly donated by Chandrakant Mulchand Shah, London who has paid for it to be "electronised" and made available on the internet in memory of his parents Late Mulchand Ramji Shah & Maniben Mulchand Shah.

Our request to you:


1) We have taken great care to ensure this electronic version of Pravachansaar is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 22 March 2007 | First electronic version |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમ પૂજ્ય આત્મજ્ઞસંત શ્રી કાનજીસ્વામી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# અર્પણ

જેમણે આ પામર પર અપાર ઉપકાર કર્યો છે, જેમની પ્રેરણાથી પ્રવચનસારનો આ અનુવાદ તૈયાર થયો છે, જેઓ જિન-પ્રવચનના પરમ ભક્ત અને મર્મજ્ઞ છે, જેઓ જિનપ્રવચનના હાર્દને અનુભવી નિજ કલ્યાણ સાધી રહ્યા છે અને ભારતવર્ષના ભવ્ય જીવોને કલ્યાણપંથે દોરી રહ્યા છે, જેઓ જિનપ્રવચનના સારરૂપ ભેદવિજ્ઞાનના અને શુદ્ધાત્મપ્રવૃત્તિના આ કાળે આ ક્ષેત્રે સર્વોત્કૃષ્ટ પ્રભાવક છે, તે પરમપૂજ્ય પરમોપકારી સદ્ગુરુદેવ (શ્રી કાનજીસ્વામી)ને આ અનુવાદ-પુષ્પ અત્યંત ભક્તિભાવે અર્પણ કરું છું.

—અનુવાદક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# 卐 શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ 卐

( હરિગીત )

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

( અનુષ્ટુપ )

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

( શિખરિણી )

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

( શાર્દૂલવિક્રીડિત )

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

( વસંતતિલકા )

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

( સ્રગ્ધરા )

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ सत्

श्रीसद्गुरुदेवाय नमः ।

# બીજી આવૃત્તિનું પ્રકાશકીય નિવેદન

આ શાસ્ત્ર ઘણા લાંબા સમયથી અપ્રાપ્ય હોવાથી અનેક મુમુક્ષુઓની તેના માટે માગણી ચાલુ હતી, પણ પ્રેસની મુશ્કેલીના કારણે તેનું પ્રકાશન શીઘ્ર થઈ શક્યું નહિ. આજે તેની આ બીજી આવૃત્તિનું પ્રકાશન કરતાં આનંદ અનુભવાય છે.

આ આવૃત્તિની એક વિશિષ્ટતા છે અને તે એ છે કે તેમાં શ્રી જયસેનાચાર્યદેવકૃત 'તાત્પર્યવૃત્તિ' નામની સંસ્કૃત ટીકા ઉમેરવામાં આવી છે. બ્ર૦ ભાઈશ્રી ચંદુલાલભાઈએ જયપુરની હસ્તલિખિત પ્રતના આધારે તે ટીકા સુધારી આપી છે.

પં. શ્રી હિંમતલાલભાઈ શાહે પ્રસ્તાવના લખી આપી છે તથા બ્ર૦ શ્રી ચંદુભાઈએ પ્રૂફ તપાસી આપ્યાં છે તેમ જ પં. શ્રી હિંમતલાલભાઈએ આખરી પ્રૂફ તપાસી આપ્યાં છે. તે ઉપરાંત તેઓ બંનેએ પ્રકાશન સંબંધમાં કીમતી સૂચનો આપવા સાથે અન્ય અનેક પ્રકારે સહાય કરી છે. તે બદલ તે બંને મહાનુભાવોનો આભાર માનીએ છીએ.

આ શાસ્ત્રનાં પૃષ્ઠ ૧ થી ૩૩૬ સુધી વલ્લભવિદ્યાનગરમાં ગંગા મુદ્રણાલયના માલિક ભાઈશ્રી રમણલાલભાઈ પટેલે તથા શેષ ભાગ સોનગઢમાં અજિત મુદ્રણાલયના માલિક શ્રી મગનલાલજી જૈને સુંદર રીતે છાપી આપેલ છે તેથી તેમનો આભાર માનીએ છીએ.

આ શાસ્ત્રની પડતર કિંમત લગભગ રૂ. ૧૧–૦૦ થાય છે, પરંતુ સર્વ ધાર્મિક બંધુઓ આ પરમાગમનો વિશેષ લાભ લઈ શકે એ હેતુને લક્ષમાં રાખીને તેની કિંમત માત્ર રૂ. ૫–૫૦ રાખવામાં આવી છે. જે જે મુમુક્ષુઓએ આ શાસ્ત્રના પ્રકાશનાર્થે આર્થિક સહાયતા આપી છે તેમની નામાવલિ અન્યત્ર પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ ઉદારતા બદલ તેમને ધન્યવાદ.

આ 'પ્રવચનસાર' સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માના દિવ્યધ્વનિનો સાર છે. પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખે તેના ઉપરનાં અત્યંત ગૂઢ અને માર્મિક પ્રવચનો સાંભળવા મળે છે તેથી આપણે સૌ તેમના અત્યંત ઋણી છીએ અને તેમને હાર્દિક અભિવાદન કરીએ છીએ.

આ શાસ્ત્રમાં દર્શાવેલ ભાવોને યથાર્થપણે સમજી, અંતરમાં તેનું પરિણમન કરી, અતીન્દ્રિય જ્ઞાનની પ્રાપ્તિ દ્વારા અતીન્દ્રિય આનંદને સર્વે જીવો આસ્વાદો એવી આંતરિક ભાવના ભાવીએ છીએ.

શ્રાવણ વદ ૨
વીર સં. ૨૪૯૪

સાહિત્યપ્રકાશન-સમિતિ,
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પહેલી આવૃત્તિનું પ્રકાશકીય નિવેદન

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવપ્રણીત સર્વોત્કૃષ્ટ પરમાગમો માંહેનું એક આ શ્રી પ્રવચનસારજી ગુજરાતી અનુવાદ સહિત પહેલી જ વાર પ્રકાશિત થાય છે.

'શ્રીમદ્ રાયચંદ્ર જૈન શાસ્ત્રમાળા'માં પ્રસિદ્ધ થયેલ હિંદી પ્રવચનસાર ઉપર પરમપૂજ્ય સદ્ગુરુદેવે પ્રથમ સોનગઢમાં વ્યાખ્યાનો કર્યાં હતાં અને ત્યાર પછી વિ. સં. ૧૯૯૯ માં રાજકોટના ચાતુર્માસ દરમિયાન તેના ભાવો વ્યાખ્યાન દ્વારા પ્રગટ કર્યા હતા. તે વખતે એમ જણાયું હતું કે—પં. હેમરાજજીએ જે હિંદીભાષાટીકા કરી છે તે માત્ર બાલાવબોધરૂપ હોવાથી તેમાં શ્રી અમૃતચંદ્રસૂરિકૃત સંસ્કૃત ટીકાના પૂરેપૂરા ભાવો આવી શક્યા નથી, તેથી જો આ મહાન શાસ્ત્રનો અક્ષરશઃ અનુવાદ ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થાય તો જિજ્ઞાસુઓને મહા લાભનું કારણ થાય. આથી, આ ગ્રંથનું ગુજરાતી ભાષામાં પ્રકાશન કરવાનો આ સંસ્થાએ નિર્ણય કર્યો હતો. આમ, સમયસારની જેમ આ પ્રવચનસાર પણ પૂ. ગુરુદેવશ્રીના પ્રભાવની જ પ્રસાદી છે; નિરંતર અધ્યાત્મશાસ્ત્રોનું રહસ્ય સમજાવીને તેઓશ્રી આપણા ઉપર જે મહાન ઉપકાર કરી રહ્યા છે તે ઉપકારને વાણી દ્વારા વ્યક્ત કરવાને આ સંસ્થા સર્વથા અસમર્થ છે.

પ્રવચનસારના ગુજરાતી અનુવાદનું કાર્ય ભાઈશ્રી હિંમતલાલ જેઠાલાલ શાહથી જ થઈ શકે તેમ હોવાથી, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે તેમને અનુવાદ માટે વિનતિ કરી, અને તેમણે ઘણા હર્ષથી અનુવાદ કરવાનું સ્વીકાર્યું. તેના ફળરૂપે આ અનુવાદ પ્રસિદ્ધ થવા પામ્યો છે. હવે મુમુક્ષુ જીવો આ શાસ્ત્રનો પૂરો લાભ લઈ શકશે—એ તેમનાં સદ્ભાગ્ય છે. અને તે માટે પૂ. ગુરુદેવશ્રીની પ્રેરણા ઝીલીને આ અનુવાદ તૈયાર કરનાર ભાઈશ્રી હિંમતલાલ જેઠાલાલ શાહનો આપણા ઉપર મહાન ઉપકાર વર્તે છે.

શ્રી પ્રવચનસાર શાસ્ત્રની 'તત્ત્વદીપિકા' નામની પ્રથમ સંસ્કૃત ટીકા શ્રી અમૃતચંદ્રસૂરિએ લગભગ વિક્રમ સંવતના દસમા સૈકામાં કરી હતી. આજે તેને દસ સૈકા વીતી ગયા હોવા છતાં તે ટીકાનો અક્ષરશઃ અનુવાદ હિંદની કોઈ દેશભાષામાં આજ સુધી થયો ન હતો, અને સંસ્કૃતભાષાના અભ્યાસીઓ ઘણા થોડા જ હોય છે તેથી, મુમુક્ષુ જીવોને આ શાસ્ત્રના અભ્યાસનો તથા તેના ભાવો સમજવાનો પૂરો લાભ મળતો નહિ; આ અક્ષરશઃ ગુજરાતી અનુવાદ તે ખોટને દૂર કરે છે.

આ શાસ્ત્રનું ગુજરાતી ભાષાંતર કરવાનું કામ સહેલું ન હતું. શ્રી જૈનધર્મના એક મહાન નિર્ગ્રંથ આચાર્ય શ્રી અમૃતચંદ્રસૂરિએ શ્રી પ્રવચનસાર ઉપર પોતાની તત્ત્વદીપિકા નામની સંસ્કૃત ટીકામાં જે ઉચ્ચ અને ગંભીર ભાવો ઉતાર્યા છે તે ભાવો બરાબર જળવાઈ રહે તેવી રીતે તેને સ્પર્શીને અનુવાદ થાય તો જ પ્રકાશન સંપૂર્ણપણે સમાજને લાભદાયક નીવડી શકે. આ અનુવાદમાં શ્રી આચાર્યદેવના મૂળ ભાવોની ગંભીરતા સંપૂર્ણપણે જળવાઈ રહી છે, અને અનુવાદમાં અનેક જગ્યાએ ફૂટનોટ દ્વારા તેના અર્થો અને ખુલાસાઓ કરીને ઘણી સ્પષ્ટતા કરવામાં આવી છે. એ ઉપરાંત મૂળ શ્લોકોનો ગુજરાતી પદ્યાનુવાદ હરિગીતછંદમાં કર્યો છે તે ઘણો મધુર, સ્પષ્ટ અને સરળ ભાષામાં છે. આથી આ શાસ્ત્ર મુમુક્ષુઓને સંપૂર્ણપણે ઉપયોગી થાય તેવું સુંદર બન્યું છે. આ રીતે આ અનુવાદકાર્ય ભાઈશ્રી હિંમતલાલભાઈએ સર્વાંગે પાર ઉતાર્યું છે, એ જણાવતાં ટ્રસ્ટને ઘણો જ આનંદ થાય છે.

ભાઈશ્રી હિંમતલાલભાઈ અધ્યાત્મરસિક, શાંત, વિવેકી, ગંભીર અને વૈરાગ્યશાળી સજ્જન છે, એ ઉપરાંત ઉચ્ચ કેળવણી પામેલ અને સંસ્કૃતમાં પ્રવીણ છે. આ પહેલાં ગ્રંથાધિરાજ શ્રી સમયસારનો ગુજરાતી અનુવાદ પણ તેમણે જ કર્યો છે અને હવે નિયમસારનો અનુવાદ પણ તેઓ જ કરવાના છે. આ રીતે શ્રી કુંદકુંદભગવાનના સમયસાર, પ્રવચનસાર અને નિયમસાર જેવાં સર્વોત્કૃષ્ટ પરમાગમ શાસ્ત્રોનો અનુવાદ કરવાનું પરમ સૌભાગ્ય તેમને મળ્યું છે, તેથી તેઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે.

આ શાસ્ત્રનો ગુજરાતી અનુવાદ તેમણે એવો સુંદર કર્યો છે કે તે માટે આ ટ્રસ્ટ તેમનો જેટલો ઉપકાર માને તેટલો ઓછો છે. આ કાર્યથી તો આખા જૈનસમાજ ઉપર તેમનો ઉપકાર છે. એ કહેવાની ભાગ્યે જ જરૂર છે કે—જો આ કામ તેમણે હાથમાં ન લીધું હોત તો આપણે આ સર્વોત્કૃષ્ટ શાસ્ત્ર આપણી માતૃભાષામાં પ્રાપ્ત કરી શક્યા ન હોત. અનુવાદ માટે ગમે તેટલા પૈસા ખર્ચવામાં આવે તોપણ બીજાથી આવું સુંદર કાર્ય થઈ શકત નહિ—એમ આ સંસ્થા ખાતરીપૂર્વક જણાવે છે. ભાઈશ્રી હિંમતલાલભાઈએ કોઈ પણ પ્રકારની આર્થિક સહાયતા લીધા વગર, માત્ર જિનવાણીમાતા પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને આ કાર્ય કરી આપ્યું છે. આ કાર્ય માટે સંસ્થા તેમની ઋણી છે. આ અનુવાદમાં અને હરિગીત ગાથાઓમાં તેમણે પોતાના આત્માનો સંપૂર્ણ રસ રેડી દીધો છે. તેમણે લખેલા ઉપોદ્‌ઘાતમાં તેમના અંતરનું પ્રતિબિંબ દેખાઈ આવે છે. તેઓ લખે છે કે 'આ અનુવાદ મેં પ્રવચનસાર પ્રત્યેની ભક્તિથી અને ગુરુદેવશ્રીની પ્રેરણાથી પ્રેરાઈને નિજ કલ્યાણ અર્થે, ભવભયથી ડરતાં ડરતાં કર્યો છે.'

આ અનુવાદ-કાર્યમાં ઘણી જ કીમતી સેવા ભાઈશ્રી ખીમચંદ જેઠાલાલ શેઠે તથા બ્રહ્મચારી ભાઈશ્રી ચંદુલાલ ખીમચંદ ઝોબાળિયાએ આપી છે, તે માટે તેમનો ઉપકાર પ્રદર્શિત કરવાની રજા લઉં છું. અને બીજા પણ જે જે ભાઈઓએ આ કાર્યમાં મદદ આપી છે તે સર્વેનો આભાર માનવાની રજા લઉં છું.

મુમુક્ષુઓ આ શાસ્ત્રનો બરાબર અભ્યાસ કરી, તેના અંતરના ભાવોને યથાર્થપણે સમજો અને તેમાં કહેલા શુદ્ધોપયોગ-ધર્મરૂપે પોતાના આત્માને પરિણમાવો.

**વકીલ રામજી માણેકચંદ દોશી**

શ્રાવણ વદ ૨ —પ્રમુખ,

વીર સં. ૨૪૭૪ **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**

**સોનગઢ**

卐 ॐ 卐

# જિનજીની વાણી

( રાગ--આશા ભર્યા અમે આવિયા... )

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.

વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે......સીમંધર૦

ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.

ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે......સીમંધર૦

સ્યાદ્વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.

વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે......સીમંધર૦

હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.

જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે......સીમંધર૦

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

नमः सद्गुरवे

# ઉપોદ્ઘાત

## [ પ્રથમ આવૃત્તિ પ્રસંગે ]

ભગવાન કુંદકુંદાચાર્યદેવપ્રણીત આ 'પ્રવચનસાર' નામનું શાસ્ત્ર 'દ્વિતીય શ્રુતસ્કંધ'નાં સર્વોત્કૃષ્ટ આગમોમાંનું એક છે.

'દ્વિતીય શ્રુતસ્કંધ'ની ઉત્પત્તિ કઈ રીતે થઈ તે આપણે પટ્ટાવલિઓના આધારે સંક્ષેપમાં પ્રથમ જોઈએ:

આજથી ૨૪૭૪ વર્ષ પહેલાં આ ભરતક્ષેત્રની પુણ્યભૂમિમાં જગત્પૂજ્ય પરમ ભટ્ટારક ભગવાન શ્રી મહાવીરસ્વામી મોક્ષમાર્ગનો પ્રકાશ કરવા માટે સમસ્ત પદાર્થોનું સ્વરૂપ પોતાના સાતિશય દિવ્યધ્વનિ દ્વારા પ્રગટ કરતા હતા. તેમના નિર્વાણ પછી પાંચ શ્રુતકેવળી થયા, જેમાં છેલ્લા શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામી થયા. ત્યાં સુધી તો દ્વાદશાંગશાસ્ત્રના પ્રરૂપણથી નિશ્ચયવ્યવહારાત્મક મોક્ષમાર્ગ યથાર્થ પ્રવર્તતો રહ્યો. ત્યાર પછી કાળદોષથી ક્રમે ક્રમે અંગોના જ્ઞાનની વ્યુચ્છિત્તિ થતી ગઈ. એમ કરતાં અપાર જ્ઞાનસિંધુનો ઘણો ભાગ વિચ્છેદ પામ્યા પછી બીજા ભદ્રબાહુસ્વામી આચાર્યની પરિપાટીમાં બે સમર્થ મુનિઓ થયા—એકનું નામ શ્રી ધરસેન આચાર્ય અને બીજાનું નામ શ્રી ગુણધર આચાર્ય. તેમની પાસેથી મળેલા જ્ઞાન દ્વારા તેમની પરંપરામાં થયેલા આચાર્યોએ શાસ્ત્રો ગૂંથ્યાં અને વીર ભગવાનના ઉપદેશનો પ્રવાહ વહેતો રાખ્યો.

શ્રી ધરસેન આચાર્યને આગ્રાયણીપૂર્વના પાંચમા વસ્તુ અધિકારના મહાકર્મપ્રકૃતિ નામના ચોથા પ્રાભૃતનું જ્ઞાન હતું. તે જ્ઞાનામૃતમાંથી અનુક્રમે ત્યાર પછીના આચાર્યો દ્વારા ષટ્ખંડાગમ, ધવલ, મહાધવલ, જયધવલ, ગોમ્મટસાર, લબ્ધિસાર, ક્ષપણાસાર આદિ શાસ્ત્રો રચાયાં. આ રીતે પ્રથમ શ્રુતસ્કંધની ઉત્પત્તિ છે. તેમાં જીવ અને કર્મના સંયોગથી થયેલા આત્માના સંસારપર્યાયનું—ગુણસ્થાન, માર્ગણાઆદિનું—વર્ણન છે, પર્યાયાર્થિક નયને પ્રધાન કરીને કથન છે. આ નયને અશુદ્ધદ્રવ્યાર્થિક પણ કહે છે અને અધ્યાત્મભાષાથી અશુદ્ધનિશ્ચયનય અથવા વ્યવહાર કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રી ગુણધર આચાર્યને જ્ઞાનપ્રવાદપૂર્વના દશમા વસ્તુના ત્રીજા પ્રાભૃતનું જ્ઞાન હતું. તે જ્ઞાનમાંથી ત્યાર પછીના આચાર્યોએ અનુક્રમે સિદ્ધાંતો રચ્યા. એમ સર્વજ્ઞ ભગવાન મહાવીરથી ચાલ્યું આવતું જ્ઞાન આચાર્યોની પરંપરાથી ભગવાન કુંદકુંદાચાર્યદેવને પ્રાપ્ત થયું. તેમણે પંચાસ્તિકાય, પ્રવચનસાર, સમયસાર, નિયમસાર, અષ્ટપાહુડ આદિ શાસ્ત્રો રચ્યાં. આ રીતે દ્વિતીય શ્રુતસ્કંધની ઉત્પત્તિ થઈ. તેમાં જ્ઞાનને પ્રધાન કરીને શુદ્ધદ્રવ્યાર્થિક નયથી કથન છે, આત્માના શુદ્ધ સ્વરૂપનું વર્ણન છે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા છે. દિગંબર જૈનપરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. 'मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी। मंगलं कुंदकुंदार्यो जैनधर्मोऽस्तु मंगलम्॥' —એ શ્લોક દરેક દિગંબર જૈન શાસ્ત્રાધ્યયન શરૂ કરતાં મંગળાચરણરૂપે બોલે છે. આ પરથી સિદ્ધ થાય છે કે સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીરસ્વામી અને ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામી પછી તુરત જ ભગવાન કુંદકુંદાચાર્યનું સ્થાન આવે છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ માને છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવનાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે. તેમના પછી થયેલા ગ્રંથકાર આચાર્યો પોતાના કોઈ કથનને સિદ્ધ કરવા માટે કુંદકુંદાચાર્યદેવનાં શાસ્ત્રોનું પ્રમાણ આપે છે એટલે એ કથન નિર્વિવાદ ઠરે છે. તેમના પછી લખાયેલા ગ્રંથોમાં તેમનાં શાસ્ત્રોમાંથી થોકબંધ અવતરણો લીધેલાં છે. ખરેખર ભગવાન કુંદકુંદાચાર્યે પોતાનાં પરમાગમોમાં તીર્થંકરદેવોએ પ્રરૂપેલા ઉત્તમોત્તમ સિદ્ધાંતોને જાળવી રાખ્યા છે અને મોક્ષમાર્ગને ટકાવી રાખ્યો છે. વિ. સં. ૯૯૦ માં થઈ ગયેલા શ્રી દેવસેનાચાર્યવર તેમના દર્શનસાર નામના ગ્રંથમાં [1]કહે છે કે "વિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકર સીમંધરસ્વામીના સમવસરણમાં જઈને શ્રી પદ્મનંદિનાથે (કુંદકુંદાચાર્યદેવે) પોતે પ્રાપ્ત કરેલા જ્ઞાન વડે બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત?" બીજો એક ઉલ્લેખ આપણે જોઈએ, જેમાં કુંદકુંદાચાર્યદેવને કળિકાળસર્વજ્ઞ કહેવામાં આવ્યા છેઃ 'પદ્મનંદી, કુંદકુંદાચાર્ય, વક્રગ્રીવાચાર્ય, એલાચાર્ય, ગૃદ્ધપિચ્છાચાર્ય' એ પાંચ નામોથી વિરાજિત, ચાર આંગળ ઊંચે આકાશમાં ચાલવાની જેમને ઋદ્ધિ હતી, જેમણે પૂર્વવિદેહમાં જઈને સીમંધરભગવાનને વંદન કર્યું હતું અને તેમની પાસેથી મળેલા શ્રુતજ્ઞાન વડે જેમણે ભારતવર્ષના ભવ્ય જીવોને પ્રતિબોધ કર્યો છે એવા જે શ્રી જિનચંદ્રસૂરિભટ્ટારકના પટ્ટના આભરણરૂપ કળિકાળસર્વજ્ઞ (ભગવાન કુંદકુંદાચાર્યદેવ) તેમણે રચેલા આ ષટ્પ્રાભૃત ગ્રંથમાં.........સૂરીશ્વર શ્રી શ્રુતસાગરે રચેલી મોક્ષપ્રાભૃતની ટીકા સમાપ્ત થઈ'. આમ ષટ્પ્રાભૃતની શ્રી શ્રુતસાગરસૂરિકૃત ટીકાના અંતમાં લખેલું છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવની મહત્તા બતાવનારા આવા અનેકાનેક ઉલ્લેખો જૈન સાહિત્યમાં મળી આવે છેઃ [2]શિલાલેખો પણ અનેક છે. આ રીતે આપણે જોયું કે સનાતન જૈન સંપ્રદાયમાં કળિકાળસર્વજ્ઞ ભગવાન કુંદકુંદાચાર્યનું સ્થાન અજોડ છે.

---

૧. મૂળ શ્લોક માટે ૧૪ મું પાનું જુઓ.

૨. શિલાલેખોના નમૂના માટે ૧૩ મું પાનું જુઓ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન કુંદકુંદાચાર્યનાં રચેલાં અનેક શાસ્ત્રો છે, જેમાંથી થોડાંક હાલમાં વિદ્યમાન છે. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના મુખમાંથી વહેલી શ્રુતામૃતની સરિતામાંથી ભરી લીધેલાં તે અમૃતભાજનો હાલમાં પણ અનેક આત્માર્થીઓને આત્મજીવન અર્પે છે. તેમનાં સમયસાર, પંચાસ્તિકાય અને પ્રવચનસાર નામનાં ત્રણ ઉત્તમોત્તમ શાસ્ત્રો 'પ્રાભૃતત્રય' કહેવાય છે. આ ત્રણ પરમાગમોમાં હજારો શાસ્ત્રોનો સાર આવી જાય છે. ભગવાન કુંદકુંદાચાર્ય પછી લખાયેલા ઘણા ગ્રંથોનાં બીજડાં આ ત્રણ પરમાગમોમાં રહેલાં છે એમ સૂક્ષ્મ દૃષ્ટિથી અભ્યાસ કરતાં જણાય છે. શ્રી સમયસાર આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવ તત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધ સ્વરૂપ સર્વ તરફથી—આગમ, યુક્તિ, અનુભવ અને પરંપરાથી—અતિ વિસ્તારપૂર્વક સમજાવ્યું છે. પંચાસ્તિકાયમાં છ દ્રવ્યનું અને નવ તત્ત્વનું સ્વરૂપ સંક્ષેપમાં કહ્યું છે. પ્રવચનસારમાં તેના નામ અનુસાર જિનપ્રવચનનો સાર સંઘર્યો છે. જેમ સમયસારમાં મુખ્યત્વે દર્શનપ્રધાન નિરૂપણ છે, તેમ પ્રવચનસારમાં મુખ્યત્વે જ્ઞાનપ્રધાન નિરૂપણ છે.

શ્રી પ્રવચનસારના પ્રારંભમાં જ શાસ્ત્રકર્તાએ વીતરાગ ચારિત્ર માટેની પોતાની ઝંખના વ્યક્ત કરી છે. વારંવાર અંતરમાં ડૂબકી મારતા આચાર્યભગવાન નિરંતર અંદર જ સમાઈ રહેવાને ઝંખે છે પણ જ્યાં સુધી એ દશાને પહોંચાતું નથી ત્યાં સુધી અંતર-અનુભવથી છૂટી વારંવાર બહાર પણ અવાઈ જાય છે. એ દશામાં જે અમૂલ્ય વચનમૌક્તિકોની માળા ગુંથાઈ તે આ પ્રવચનસાર પરમાગમ છે. આખા પરમાગમમાં વીતરાગ ચારિત્રની ઝંખનાનો મુખ્ય ધ્વનિ ગુંજી રહ્યો છે.

એવા આ પરમ પવિત્ર શાસ્ત્રને વિષે ત્રણ શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધનું નામ જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન છે. અનાદિ કાળથી પરસન્મુખ જીવોને 'હું જ્ઞાનસ્વભાવ છું અને મારું સુખ મારામાં જ છે' એવી શ્રદ્ધા કદી થઈ નથી અને તેથી તેની ઓશિયાળી પરસન્મુખ વૃત્તિ કદી ટળતી નથી. એવા દીન દુઃખી જીવો પર આચાર્યભગવાને પરમ કરુણા કરી આ અધિકારમાં જીવનો જ્ઞાનાનંદસ્વભાવ વિસ્તારથી સમજાવ્યો છે તેમ જ કેવળીના જ્ઞાન અને કેવળીના સુખ માટેની ધોધમાર ઉત્કૃષ્ટ ભાવના વહાવી છે. 'ક્ષાયિક જ્ઞાન જ ઉપાદેય છે, ક્ષાયોપશમિક જ્ઞાનવાળા તો કર્મભારને જ ભોગવે છે, પ્રત્યક્ષ જ્ઞાન જ એકાંતિક સુખ છે, પરોક્ષ જ્ઞાન તો અત્યંત આકુળ છે, કેવળીનું અતીંદ્રિય સુખ તે જ સુખ છે, ઇંદ્રિયજનિત સુખ તો દુઃખ જ છે, સિદ્ધભગવાન સ્વયમેવ જ્ઞાન, સુખ ને દેવ છે, ઘાતિકર્મરહિત ભગવાનનું સુખ સાંભળીને પણ જેમને તેની શ્રદ્ધા થતી નથી તેઓ અભવ્ય (દૂરભવ્ય) છે' એમ અનેક અનેક પ્રકારે આચાર્યભગવાને કેવળજ્ઞાન અને અતીંદ્રિય પરિપૂર્ણ સુખ માટે પોકાર કર્યો છે. કેવળીનાં જ્ઞાન અને આનંદ માટે આચાર્યભગવાને એવી ભાવલીની ધૂન મચાવી છે કે તે વાંચીને સહેજે એમ લાગી જાય છે કે વિદેહવાસી સીમંધરભગવાન પાસેથી અને કેવળીભગવંતોનાં ટોળાં પાસેથી ભરતક્ષેત્રમાં આવીને તુરત જ કદાચ આચાર્યભગવાને આ અધિકાર રચી પોતાની હૃદયોર્મિઓ વ્યક્ત કરી હોય. આ રીતે જ્ઞાન અને સુખનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુપમ નિરૂપણ કરી આ અધિકારમાં આચાર્યભગવાને મુમુક્ષુઓને અતીંદ્રિય જ્ઞાન અને સુખની રુચિ તથા શ્રદ્ધા કરાવી છે અને છેલ્લી ગાથાઓમાં મોહરાગદ્વેષને નિર્મૂળ કરવાનો જિનોક્ત યથાર્થ ઉપાય સંક્ષેપમાં દર્શાવ્યો છે.

બીજા શ્રુતસ્કંધનું નામ જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન છે. અનાદિ કાળથી પરિભ્રમણ કરતો જીવ બધું કરી ચૂક્યો છે પણ સ્વ-પરનું ભેદવિજ્ઞાન તેણે કદી કર્યું નથી. 'બંધમાર્ગમાં તેમ જ મોક્ષમાર્ગમાં જીવ એકલો જ કર્તા, કર્મ, કરણ અને કર્મફળ બને છે, પર સાથે તેને કદીયે કાંઈ જ સંબંધ નથી' એવી સાનુભવ શ્રદ્ધા તેને કદી થઈ નથી. તેથી હજારો મિથ્યા ઉપાયો કરવા છતાં તે દુઃખમુક્ત થતો નથી. આ શ્રુતસ્કંધમાં આચાર્યભગવાને દુઃખનું મૂળ છેદવાનું સાધન—ભેદવિજ્ઞાન—સમજાવ્યું છે. 'જગતનું પ્રત્યેક સત્ અર્થાત્ પ્રત્યેક દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સિવાય કે ગુણપર્યાયસમૂહ સિવાય બીજું કાંઈ જ નથી. સત કહો, દ્રવ્ય કહો, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય કહો, ગુણપર્યાયપિંડ કહો—એ બધું એક જ છે.' આ, ત્રિકાળજ્ઞ જિનભગવંતોએ સાક્ષાત્ દેખેલા વસ્તુસ્વરૂપનો મૂળભૂત—પાયાનો—સિદ્ધાંત છે. વીતરાગવિજ્ઞાનનો આ મૂળભૂત સિદ્ધાંત શરૂઆતની ઘણી ગાથાઓમાં અત્યંત અત્યંત સુંદર રીતે કોઈ લોકોત્તર વૈજ્ઞાનિકની ઢબથી સમજાવવામાં આવ્યો છે. ત્યાં દ્રવ્યસામાન્યનું સ્વરૂપ જે અલૌકિક શૈલીથી સિદ્ધ કર્યું છે તેનો ખ્યાલ વાંચકને એ ભાગ જાતે જ વાંચ્યા વિના આવવો અશક્ય છે. ખરેખર પ્રવચનસારમાં વર્ણવેલું આ દ્રવ્યસામાન્યનિરૂપણ અત્યંત અબાધ્ય અને પરમ પ્રતીતિકર છે. એ રીતે દ્રવ્ય-સામાન્યના જ્ઞાનરૂપી સુદ્રઢ ભૂમિકા રચીને, દ્રવ્યવિશેષનું અસાધારણ વર્ણન, પ્રાણાદિથી જીવનું ભિન્નપણું, જીવ દેહાદિકનો કર્તા-કારયિતા-અનુમંતા નથી એ હકીકત, જીવને પુદ્ગલપિંડનું અકર્તાપણું, નિશ્ચયબંધનું સ્વરૂપ, શુદ્ધાત્માની ઉપલબ્ધિનું ફળ, એકાગ્રસંચેતનલક્ષણ ધ્યાન વગેરે અનેક વિષયો અતિ સ્પષ્ટ રીતે સમજાવવામાં આવ્યા છે. એ બધામાં સ્વ-પરનું ભેદવિજ્ઞાન જ નીતરી રહ્યું છે. આખા અધિકારમાં વીતરાગ-પ્રણીત દ્રવ્યાનુયોગનું સત્ત્વ ઠાંસી ઠાંસીને ભર્યું છે, જિનશાસનના મૌલિક સિદ્ધાંતોને અબાધ્ય યુક્તિથી સિદ્ધ કર્યા છે. આ અધિકાર જિનશાસનના સ્તંભ સમાન છે. એનો ઊંડાણથી અભ્યાસ કરનાર મધ્યસ્થ સુપાત્ર જીવને 'જૈનદર્શન જ વસ્તુદર્શન છે' એમ લાગ્યા વિના રહેતું નથી. વિષયનું પ્રતિપાદન એટલું પ્રૌઢ, અગાધ ઊંડપવાળું, મર્મ-સ્પર્શી અને ચમત્કૃતિમય છે કે તે મુમુક્ષુના ઉપયોગને તીક્ષ્ણ બનાવી શ્રુતરત્નાકરના ગંભીર ઊંડાણમાં લઈ જાય છે, કોઈ ઉચ્ચ કોટિના મુમુક્ષુને નિજ સ્વભાવરત્નની પ્રાપ્તિ કરાવે છે અને કોઈ સામાન્ય મુમુક્ષુ ત્યાં સુધી ન પહોંચી શકે તો તેના હૃદયમાં પણ 'શ્રુતરત્નાકર અદ્ભુત અને અપાર છે' એવો મહિમા તો જરૂર ઘર કરી જાય છે. ગ્રંથકાર શ્રી કુંદકુંદાચાર્યદેવ અને ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવના હૃદયમાંથી વહેલી શ્રુતગંગાએ તીર્થંકરના અને શ્રુતકેવળીઓના વિરહને ભુલાવ્યા છે.

ત્રીજા શ્રુતસ્કંધનું નામ ચરણાનુયોગસૂચક ચૂલિકા છે. શુભોપયોગી મુનિને અંતરંગ દશાને અનુરૂપ કેવા પ્રકારનો શુભોપયોગ વર્તે છે અને સાથે સાથે સહજપણે બહારની કેવી ક્રિયાઓ સ્વયં વર્તતી હોય છે તે આમાં જિનેંદ્રકથન અનુસાર સમજાવવામાં આવ્યું છે. દીક્ષા ગ્રહણ કરવાની જિનોક્ત વિધિ, અંતરંગ સહજદશાને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અનુરૂપ બહિરંગ યથાજાતરૂપપણું, ૨૮ મૂળગુણ, અંતરંગ-બહિરંગ છેદ, ઉપધિનિષેધ, ઉત્સર્ગ-અપવાદ, યુક્તાહારવિહાર, એકાગ્રતારૂપ મોક્ષમાર્ગ, મુનિનું અન્ય મુનિઓ પ્રત્યેનું વર્તન વગેરે અનેક વિષયો આમાં યુક્તિ સહિત સમજાવવામાં આવ્યા છે. ગ્રંથકાર અને ટીકાકાર આચાર્યયુગલે ચરણાનુયોગ જેવા વિષયનું પણ, આત્મદ્રવ્યને મુખ્ય રાખીને, શુદ્ધદ્રવ્યાવલંબી અંતરંગ દશા સાથે તે તે ક્રિયાઓનો અથવા શુભ ભાવોનો સંબંધ દર્શાવતાં દર્શાવતાં, નિશ્ચય-વ્યવહારની સંધિપૂર્વક એવી ચમત્કૃતિથી વર્ણન કર્યું છે કે આચરણપ્રજ્ઞાપન જેવા અધિકારમાં પણ જાણે કે કોઈ શાંતરસઝરતું અધ્યાત્મગીત ગવાઈ રહ્યું હોય એમ જ લાગ્યા કરે છે. આત્મદ્રવ્યને મુખ્ય રાખીને આવું મધુર, આવું સયુક્તિક, આવું પ્રમાણભૂત, સાદ્યંત શાંતરસનિર્ઝરતું ચરણાનુયોગનું પ્રતિપાદન અન્ય કોઈ શાસ્ત્રને વિષે નથી. હૃદયમાં ભરેલા અનુભવામૃતમાં રગદોળાઈને નીકળતી બન્ને આચાર્યદેવોની વાણીમાં કોઈ એવો ચમત્કાર છે કે જે જે વિષયને તે સ્પર્શે તે તે વિષયને પરમ રસમય, શીતળ શીતળ, સુધાસ્યંદી બનાવી દે છે.

આમ ત્રણ શ્રુતસ્કંધોમાં વિભાજિત આ પરમ પવિત્ર પરમાગમ મુમુક્ષુઓને યથાર્થ વસ્તુસ્વરૂપ સમજવામાં મહા નિમિત્તભૂત છે. જિનશાસનના અનેક મુખ્ય મુખ્ય સિદ્ધાંતોનાં બીજ આ શાસ્ત્રમાં રહેલાં છે. આ શાસ્ત્રમાં પ્રત્યેક પદાર્થના સ્વાતંત્ર્યનો ઢંઢેરો છે, દિવ્યધ્વનિ દ્વારા નીકળેલા અનેક પ્રયોજનભૂત સિદ્ધાંતોનું દોહન છે. ગુરુદેવ અનેક વાર કહે છે: 'શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર આદિ શાસ્ત્રોની ગાથાએ ગાથાએ દિવ્યધ્વનિનો સંદેશ છે. એ ગાથાઓમાં એટલી અપાર ઊંડપ છે કે તે ઊંડપ માપવા જતાં પોતાની જ શક્તિ મપાઈ જાય છે. એ સાગરગંભીર શાસ્ત્રોના રચનાર પરમ કૃપાળુ આચાર્યભગવાનનું કોઈ પરમ અલૌકિક સામર્થ્ય છે. પરમ અદ્ભુત સાતિશય અંતર્બાહ્ય યોગો વિના એ શાસ્ત્રો રચાવાં શક્ય નથી. એ શાસ્ત્રોની વાણી તરતા પુરુષની વાણી છે એમ સ્પષ્ટ જાણીએ છીએ. એની દરેક ગાથા છઠ્ઠા સાતમા ગુણસ્થાને ઝૂલતા મહામુનિના આત્મ-અનુભવમાંથી નીકળેલી છે. એ શાસ્ત્રોના કર્તા ભગવાન કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં ગયા હતા અને ત્યાં તેઓ આઠ દિવસ રહ્યા હતા એ વાત યથાતથ્ય છે, અક્ષરશઃ સત્ય છે, પ્રમાણસિદ્ધ છે. તે પરમ ઉપકારી આચાર્યભગવાને રચેલાં સમયસાર, પ્રવચનસારાદિ શાસ્ત્રોમાં તીર્થંકરદેવના ૐકારધ્વનિમાંથી જ નીકળેલો ઉપદેશ છે.'

આ શાસ્ત્રમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ પર તત્ત્વદીપિકા નામની સંસ્કૃત ટીકા લખનાર (લગભગ વિક્રમ સંવતના ૧૦ મા સૈકામાં થઈ ગયેલા) શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ છે. જેમ આ શાસ્ત્રના મૂળ કર્તા અલૌકિક પુરુષ છે તેમ તેના ટીકાકાર પણ મહાસમર્થ આચાર્ય છે. તેમણે સમયસારની તથા પંચાસ્તિકાયની ટીકા પણ લખી છે અને તત્ત્વાર્થસાર, પુરુષાર્થસિદ્ધયુપાય આદિ સ્વતંત્ર ગ્રંથો પણ રચ્યા છે. તેમની ટીકાઓ જેવી ટીકા હજુ સુધી બીજા કોઈ જૈન ગ્રંથની લખાયેલી નથી. તેમની ટીકાઓ વાંચનારને તેમની અધ્યાત્મરસિકતા, આત્માનુભવ, પ્રખર વિદ્વત્તા, વસ્તુસ્વરૂપને ન્યાયથી સિદ્ધ કરવાની અસાધારણ શકિત, જિનશાસનનું અત્યંત ઊંડું જ્ઞાન, નિશ્ચય-વ્યવહારનું સંધિબદ્ધ નિરૂપણ કરવાની વિરલ શક્તિ અને ઉત્તમ

કાવ્યશક્તિનો પૂરો ખ્યાલ આવી જાય છે. અતિ સંક્ષેપમાં ગંભીર રહસ્યો ગોઠવી દેવાની તેમની શક્તિ વિદ્વાનોને આશ્ચર્યચકિત કરે છે. તેમની દૈવી ટીકાઓ શ્રુતકેવળીનાં વચનો જેવી છે. જેમ મૂળ શાસ્ત્રકારનાં શાસ્ત્રો અનુભવ-યુક્તિ આદિ સમસ્ત સમૃદ્ધિથી સમૃદ્ધ છે તેમ ટીકાકારની ટીકાઓ પણ તે તે સર્વ સમૃદ્ધિથી વિભૂષિત છે. શાસનમાન્ય ભગવાન કુંદકુંદાચાર્યદેવે આ કળિકાળમાં જગદ્‌ગુરુ તીર્થંકરદેવ જેવું કામ કર્યું છે અને શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે જાણે કે તેઓ કુંદકુંદભગવાનના હૃદયમાં પેસી ગયા હોય તે રીતે તેમના ગંભીર આશયોને યથાર્થપણે વ્યકત કરીને તેમના ગણધર જેવું કામ કર્યું છે. શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે રચેલાં કાવ્યો પણ અધ્યાત્મરસથી અને આત્મ-અનુભવની મસ્તીથી ભરપૂર છે. શ્રી સમયસારની ટીકામાં આવતાં કાવ્યોએ (-કળશોએ) શ્રી પદ્મપ્રભદેવ જેવા સમર્થ મુનિવરો પર ઊંડી છાપ પાડી છે અને આજે પણ તે તત્ત્વજ્ઞાનથી અને અધ્યાત્મરસથી ભરેલા મધુર કળશો અધ્યાત્મરસિકોના હૃદયના તારને ઝણઝણાવી મૂકે છે. અધ્યાત્મકવિ તરીકે શ્રી અમૃતચંદ્રાચાર્યદેવનું સ્થાન અદ્વિતીય છે.

પ્રવચનસારમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે ૨૭૫ ગાથાઓ પ્રાકૃતમાં રચી છે. તેના પર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે તત્ત્વદીપિકા નામની અને શ્રી જયસેનાચાર્યદેવે તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખી છે. શ્રી પાંડે હેમરાજજીએ તત્ત્વદીપિકાનો ભાવાર્થ હિંદીમાં લખ્યો છે અને તે ભાવાર્થનું નામ બાલાવબોધભાષાટીકા રાખ્યું છે. વિ. સં. ૧૯૬૯માં શ્રી પરમશ્રુતપ્રભાવક મંડળ દ્વારા પ્રકાશિત હિંદી પ્રવચનસારમાં મૂળ ગાથાઓ, બન્ને સંસ્કૃત ટીકાઓ અને શ્રી હેમરાજજીકૃત હિંદી બાલાવબોધભાષા-ટીકા પ્રગટ થયાં છે. હવે પ્રકાશન પામતા આ ગુજરાતી પ્રવચનસારમાં મૂળ ગાથાઓ, તેનો ગુજરાતી પદ્યાનુવાદ, સંસ્કૃત તત્ત્વદીપિકા ટીકા, અને તે ગાથા-ટીકાનો અક્ષરશઃ ગુજરાતી અનુવાદ પ્રગટ કરવામાં આવેલ છે. જ્યાં વિશેષ સ્પષ્ટતા કરવાની જરૂર જણાઈ ત્યાં કૌંસમાં અથવા 'ભાવાર્થ'માં અથવા ફૂટનોટમાં સ્પષ્ટતા કરી છે. તે સ્પષ્ટતા કરવામાં ઘણાં ઘણાં સ્થળોએ શ્રી જયસેનાચાર્યદેવકૃત 'તાત્પર્યવૃત્તિ' અતિશય ઉપયોગી થઈ છે અને કોઈક સ્થળે શ્રી હેમરાજજીકૃત બાલાવબોધભાષાટીકાનો આધાર પણ લીધો છે. શ્રી પરમશ્રુતપ્રભાવક મંડળ દ્વારા પ્રકાશિત પ્રવચનસારમાં છપાયેલી સંસ્કૃત ટીકાને હસ્તલિખિત પ્રતો સાથે મેળવતાં તેમાં કયાંક અલ્પ અશુદ્ધિઓ રહી ગયેલી જણાઈ તે આમાં સુધારી લેવામાં આવી છે.

આ અનુવાદ કરવાનું મહાભાગ્ય મને પ્રાપ્ત થયું તે મને અતિ હર્ષનું કારણ છે. પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવના આશ્રય તળે આ ગહન શાસ્ત્રનો અનુવાદ થયો છે. અનુવાદ કરવાની સમસ્ત શક્તિ મને પૂજ્યપાદ સદ્‌ગુરુદેવ પાસેથી જ મળી છે. પરમોપકારી સદ્‌ગુરુદેવના પવિત્ર જીવનના પ્રત્યક્ષ પરિચય વિના અને તેમના આધ્યાત્મિક ઉપદેશ વિના આ પામરને જિનવાણી પ્રત્યે લેશ પણ ભક્તિ કે શ્રદ્ધા કયાંથી પ્રગટત, ભગવાન કુંદકુંદાચાર્યદેવ અને તેમનાં શાસ્ત્રોનો લેશ પણ મહિમા કયાંથી આવત અને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે શાસ્ત્રોના અર્થ-ઉકેલની લેશ પણ શકિત કયાંથી હોત? આ રીતે અનુવાદની સમસ્ત શકિતનું મૂળ શ્રી સદ્ગુરુદેવ જ હોવાથી ખરેખર તો સદ્ગુરુદેવની અમૃતવાણીનો ધોધ જ—તેમના દ્વારા મળેલો અણમૂલ ઉપદેશ જ—યથાકાળે આ અનુવાદરૂપે પરિણમ્યો છે. જેમણે સિંચેલી શક્તિથી અને જેમની હૂંફથી આ ગહન શાસ્ત્રનો અનુવાદ કરવાનું મેં સાહસ ખેડયું હતું અને જેમની કૃપાથી તે નિર્વિઘ્ને પાર પડયો છે તે પરમ પૂજ્ય પરમોપકારી સદ્ગુરુદેવ (શ્રી કાનજીસ્વામી)નાં ચરણારવિંદમાં અતિ ભક્તિભાવે વંદન કરું છું.

પરમ પૂજ્ય બેનશ્રી ચંપાબેન તથા પરમ પૂજ્ય બેન શાન્તાબેન પ્રત્યે પણ, આ અનુવાદની પૂર્ણાહુતિ કરતાં, ઉપકારવશતાની ઉગ્ર લાગણી અનુભવાય છે. જેમનાં પવિત્ર જીવન અને બોધ આ પામરને શ્રી પ્રવચનસાર પ્રત્યે, પ્રવચનસારના મહાન કર્તા પ્રત્યે અને પ્રવચનસારમાં ઉપદેશેલા વીતરાગવિજ્ઞાન પ્રત્યે બહુમાનબુદ્ધિનાં વિશિષ્ટ નિમિત્ત થયાં છે, એવાં તે પરમ પૂજ્ય બેનોનાં ચરણકમળમાં આ હૃદય નમે છે.

આ અનુવાદમાં અનેક ભાઈઓની હાર્દિક મદદ છે. માનનીય મુરબ્બી શ્રી વકીલ રામજીભાઈ માણેકચંદ દોશીએ પોતાના ભરચક ધાર્મિક વ્યવસાયોમાંથી સમય કાઢીને આખો અનુવાદ બારીકાઈથી તપાસ્યો છે, યથોચિત સલાહ આપી છે અને અનુવાદમાં પડતી નાનીમોટી મુશ્કેલીઓનો પોતાના વિશાળ શાસ્ત્રજ્ઞાનથી નિવેડો કરી આપ્યો છે. ભાઈશ્રી ખીમચંદ જેઠાલાલ શેઠ પણ આખો અનુવાદ ચીવટથી તપાસી ગયા છે અને પોતાના સંસ્કૃત ભાષાના તેમ જ શાસ્ત્રોના જ્ઞાનના આધારે ઉપયોગી સૂચનાઓ કરી છે. બ્રહ્મચારી ભાઈ શ્રી ચંદુલાલ ખીમચંદ ઝોબાળિયાએ હસ્તલિખિત પ્રતોના આધારે સંસ્કૃત ટીકા સુધારી આપી છે, અનુવાદનો કેટલોક ભાગ તપાસી આપ્યો છે, શુદ્ધિપત્રક, અનુક્રમણિકા અને ગાથાસૂચી તૈયાર કર્યાં છે, તેમ જ પ્રૂફ તપાસ્યાં છે—એમ વિધવિધ મદદ કરી છે. આ સર્વ ભાઈઓનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું. તેમની સહૃદય સહાય વિના આ અનુવાદમાં ઘણી ઊણપો રહી જવા પામત. આ સિવાય જે જે ભાઈઓની આમાં મદદ છે તે સર્વનો હું ઋણી છું.

આ અનુવાદ મેં પ્રવચનસાર પ્રત્યેની ભકિતથી અને ગુરુદેવની પ્રેરણાથી પ્રેરાઈને, નિજ કલ્યાણ અર્થે, ભવભયથી ડરતાં ડરતાં કર્યો છે. અનુવાદ કરતાં શાસ્ત્રના મૂળ આશયોમાં કાંઈ ફેરફાર ન થઈ જાય તે માટે મેં મારાથી બનતી તમામ કાળજી રાખી છે. છતાં અલ્પજ્ઞતાને લીધે તેમાં કાંઈ પણ આશયફેર થયો હોય કે ભૂલો રહી ગઈ હોય તો તે માટે હું શાસ્ત્રકાર શ્રી કુંદકુંદાચાર્યભગવાન, ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ અને મુમુક્ષુ વાંચકોની અંતરના ઊંડાણમાંથી ક્ષમા યાચું છું.

આ અનુવાદ ભવ્ય જીવોને જિનકથિત વસ્તુવિજ્ઞાનનો નિર્ણય કરાવી, અતીંદ્રિય જ્ઞાન અને સુખની શ્રદ્ધા કરાવી, પ્રત્યેક દ્રવ્યનું સંપૂર્ણ સ્વાતંત્ર્ય સમજાવી, દ્રવ્યસામાન્યમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લીન થવારૂપ શાશ્વત સુખનો પંથ દર્શાવો, એ મારી અંતરની ભાવના છે. 'પરમાનંદરૂપી સુધારસના પિપાસુ ભવ્ય જીવોના હિતને માટે' શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે આ મહાશાસ્ત્રની વ્યાખ્યા લખી છે. જે જીવો એમાં કહેલા પરમ કલ્યાણકર ભાવોને હૃદયગત કરશે તેઓ અવશ્ય પરમાનંદરૂપી સુધારસનાં ભાજન થશે. જ્યાં સુધી એ ભાવો હૃદયગત ન થાય ત્યાં સુધી નિશદિન એ જ ભાવના, એ જ વિચાર, એ જ મંથન, એ જ પુરુષાર્થ કર્તવ્ય છે. એ જ પરમાનંદપ્રાપ્તિનો ઉપાય છે. શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે તત્ત્વદીપિકાની પૂર્ણાહુતિ કરતાં ભાવેલી ભાવના ભાવીને આ ઉપોદ્ઘાત પૂર્ણ કરું છું: ''આનંદામૃતના પૂરથી ભરચક વહેતી કૈવલ્યસરિતામાં જે નિમગ્ન છે, જગતને જોવાને સમર્થ એવી મહાજ્ઞાનલક્ષ્મી જેમાં મુખ્ય છે, ઉત્તમ રત્નના કિરણ જેવું જે સ્પષ્ટ છે અને જે ઇષ્ટ છે—એવા પ્રકાશમાન સ્વતત્ત્વને જીવો સ્યાત્કારલક્ષણથી લક્ષિત જિનેંદ્રશાસનના વશે પામો.''

શ્રુતપંચમી, વિ સં. ૨૦૦૪ — હિંમતલાલ જેઠાલાલ શાહ

*  *  *

## [ દ્વિતીય આવૃત્તિ પ્રસંગે ]

પ્રથમ આવૃત્તિમાં શ્રીમદ્ જયસેનાચાર્યદેવકૃત 'તાત્પર્યવૃત્તિ' નામની સંસ્કૃત ટીકા છપાવવામાં આવી નહોતી; આ દ્વિતીય આવૃત્તિમાં તે ઉમેરવામાં આવી છે. આ 'તાત્પર્યવૃત્તિ' સંસ્કૃત ટીકા વિ. સં. ૧૯૬૯માં શ્રી પરમશ્રુતપ્રભાવક મંડળ દ્વારા પ્રકાશિત પ્રવચનસાર પ્રમાણે છપાવવામાં આવી છે; તેમાં (વિ. સં. ૧૯૬૯ની મુદ્રિત ટીકામાં) ક્યાંક અશુદ્ધિઓ જણાઈ તે ઘણીખરી (હસ્તલિખિત પ્રતના આધારે) સુધારી લેવામાં આવી છે, તેમ જ ક્યાંક મુદ્રિત પાઠો કરતાં હસ્તલિખિત પ્રતના પાઠાંતરો વિશેષ બંધબેસતા લાગ્યા ત્યાં હસ્તલિખિત પ્રત પ્રમાણે પાઠ લેવામાં આવ્યા છે. આ 'તાત્પર્યવૃત્તિ'નું સંશોધનકાર્ય બ્ર૦ ભાઈશ્રી ચંદુભાઈ ઝોબાળિયાએ ખૂબ પરિશ્રમપૂર્વક ઉત્સાહથી કર્યું છે.

ગુજરાતી અનુવાદ પ્રથમ આવૃત્તિ પ્રમાણે રાખવામાં આવ્યો છે; માત્ર કોઈક અતિ જૂજ સ્થળોએ અલ્પ ફેરફાર કર્યો છે.

જે જે ભાઈઓએ કામમાં મદદ કરી છે તે સૌનો ઋણી છું.

શ્રુતપંચમી,
વિ. સં. ૨૦૨૪ — હિંમતલાલ જેઠાલાલ શાહ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com


ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ જંગલમાં તાડપત્ર ઉપર શાસ્ત્ર લખે છે.

ॐ

# ભગવાન કુંદકુંદાચાર્યદેવ
## વિષે
## ઉલ્લેખો

वन्द्यो विभुर्भुवि न कैरिह कौण्डकुन्दः
कुन्द-प्रभा-प्रणयि-कीर्ति-विभूषिताशः ।
यश्चारु-चारण-कराम्बुजचञ्चरीक-
श्चक्रे श्रुतस्य भरते प्रयतः प्रतिष्ठाम् ॥

[ ચંદ્રગિરિ પર્વત પરનો શિલાલેખ ]

અર્થઃ—કુન્દપુષ્પની પ્રભા ધરનારી જેમની કીર્તિ વડે દિશાઓ વિભૂષિત થઈ છે, જેઓ ચારણોનાં—ચારણઋદ્ધિધારી મહામુનિઓનાં—સુંદર હસ્તકમળોના ભ્રમર હતા અને જે પવિત્રાત્માએ ભરતક્ષેત્રમાં શ્રુતની પ્રતિષ્ઠા કરી છે, તે વિભુ કુંદકુંદ આ પૃથ્વી પર કોનાથી વંદ્ય નથી?

*

............कोण्डकुन्दो यतीन्द्रः ॥

रजोभिरस्पृष्टतमत्वमन्त-
र्बाह्येपि संव्यञ्जयितुं यतीशः ।
रजःपदं भूमितलं विहाय
चचार मन्ये चतुरङ्गुलं सः ॥

[ વિંધ્યગિરિ શિલાલેખ ]

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

અર્થ:—યતીશ્વર (શ્રી કુંદકુંદસ્વામી) રજ:સ્થાનને—ભૂમિતળને—છોડીને ચાર આંગળ ઊંચે આકાશમાં ચાલતા હતા તે દ્વારા હું એમ સમજું છું કે, તેઓશ્રી અંદરમાં તેમ જ બહારમાં રજથી (પોતાનું) અત્યંત અસ્પૃષ્ટપણું વ્યક્ત કરતા હતા (–અંદરમાં તેઓ રાગાદિક મળથી અસ્પૃષ્ટ હતા અને બહારમાં ધૂળથી અસ્પૃષ્ટ હતા).

*

जइ पउमणंदिणाहो सीमंधरसामिदिव्वणाणेण ।
ण विवोहइ तो समणा कहं सुमग्गं पयाणंति ॥

[ दर्शनसार ]

અર્થ:—(મહાવિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકરદેવ) શ્રી સીમંધર-સ્વામી પાસેથી મળેલા દિવ્ય જ્ઞાન વડે શ્રી પદ્મનંદિનાથે (શ્રી કુંદકુંદાચાર્યદેવે) બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત?

*

હે કુંદકુંદાદિ આચાર્યો! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.

[ શ્રીમદ્ રાજચંદ્ર ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# વિષયાનુક્રમણિકા

## (૧) જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન


| વિષય | ગાથા |
|---|---|
| મંગલાચરણપૂર્વક ભગવાન ગ્રંથકર્તાની પ્રતિજ્ઞા ... ... | ૧ |
| વીતરાગ ચારિત્ર ઉપાદેય છે, અને સરાગ ચારિત્ર હેય છે એવું કથન ... ... | ૬ |
| ચારિત્રનું સ્વરૂપ ... ... | ૭ |
| ચારિત્ર અને આત્માની એકતાનું કથન ... | ૮ |
| આત્માનું શુભ, અશુભ અને શુદ્ધપણું ... | ૯ |
| પરિણામ વસ્તુનો સ્વભાવ છે. ... ... | ૧૦ |
| આત્માના શુદ્ધ અને શુભાદિ ભાવોનું ફળ | ૧૧ |
| **—શુદ્ધોપયોગ અધિકાર—** | |
| શુદ્ધોપયોગના ફળની પ્રશંસા ... | ૧૩ |
| શુદ્ધોપયોગે પરિણમેલા આત્માનું સ્વરૂપ | ૧૪ |
| શુદ્ધોપયોગની પ્રાપ્તિ પછી તુરત જ થતી શુદ્ધ આત્મસ્વભાવની પ્રાપ્તિ; તેની પ્રશંસા... ... ... | ૧૫ |
| શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ અન્ય કારકોથી નિરપેક્ષ હોવાથી અત્યંત આત્માધીન છે, તે સંબંધી નિરૂપણ .. ... ... | ૧૬ |
| સ્વયંભૂ-આત્માને શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિનું અત્યંત અવિનાશીપણું અને કથંચિત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તપણું ... | ૧૭ |
| પૂર્વોક્ત સ્વયંભૂ-આત્માને ઇંદ્રિયો વિના કઈ રીતે જ્ઞાન-આનંદ હોય? એવા સંદેહનું નિરાકરણ ... ... ... | ૧૯ |
| અતીંદ્રિયપણાને લીધે શુદ્ધાત્માને શારીરિક સુખદુઃખ નથી... ... | ૨૦ |
| **—જ્ઞાન અધિકાર—** | |
| અતીંદ્રિય જ્ઞાનરૂપે પરિણમેલા હોવાથી કેવળીભગવાનને બધું પ્રત્યક્ષ છે. ... | ૨૧ |
| આત્મા જ્ઞાનપ્રમાણ છે અને જ્ઞાન સર્વગત છે, એવું કથન... ... ... | ૨૩ |
| આત્માને જ્ઞાનપ્રમાણ નહિ માનવામાં બે પક્ષ રજૂ કરીને દોષ બતાવે છે. ... | ૨૪ |
| જ્ઞાનની જેમ આત્માનું પણ સર્વગતપણું ન્યાયસિદ્ધ છે એમ કહે છે. ... | ૨૬ |
| આત્મા અને જ્ઞાનનું એકત્વ-અન્યત્વ | ૨૭ |
| જ્ઞાન અને જ્ઞેયના પરસ્પર ગમનને રદ કરે છે. | ૨૮ |
| આત્મા પદાર્થોમાં નહિ વર્તતો હોવા છતાં જેનાથી તેને પદાર્થોમાં વર્તવું સિદ્ધ થાય છે તે શક્તિવૈચિત્ર્ય ... | ૨૯ |
| જ્ઞાન પદાર્થોમાં વર્તે છે એમ દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરે છે. ... ... | ૩૦ |
| પદાર્થો જ્ઞાનમાં વર્તે છે એમ વ્યક્ત કરે છે. | ૩૧ |
| આત્માને પદાર્થો સાથે એકબીજામાં વર્તવાપણું હોવા છતાં, તે પરને ગ્રહ્યા-મૂક્યા વિના તથા પરરૂપે પરિણમ્યા વિના સર્વને દેખતો-જાણતો હોવાથી તેને અત્યંત ભિન્નપણું છે એમ દર્શાવે છે. | ૩૨ |
| કેવળજ્ઞાનીને અને શ્રુતજ્ઞાનીને અવિશેષપણે દર્શાવીને વિશેષ આકાંક્ષાના ક્ષોભને ક્ષય કરે છે. ... ... | ૩૩ |
| જ્ઞાનના શ્રુત-ઉપાધિકૃત ભેદને દૂર કરે છે. | ૩૪ |
| આત્મા અને જ્ઞાનનો કર્તૃત્વ-કરણત્વકૃત ભેદ દૂર કરે છે. ... ... | ૩૫ |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | ગાથા |
|---|---|
| શું જ્ઞાન છે અને શું જ્ઞેય છે તે વ્યક્ત કરે છે. ... ... | ૩૬ |
| દ્રવ્યોના અતીત-અનાગત પર્યાયો પણ, તાત્કાળિક પર્યાયોની માફક, પૃથક્‌પણે જ્ઞાનમાં વર્તે છે. ... ... | ૩૭ |
| અવિદ્યમાન પર્યાયોનું કથંચિત્ વિદ્યમાનપણું ... ... .. | ૩૮ |
| અવિદ્યમાન પર્યાયોનું જ્ઞાનપ્રત્યક્ષપણું દૃઢ કરે છે. ... ... | ૩૯ |
| ઇંદ્રિયજ્ઞાનને માટે જ નષ્ટ અને અનુત્પન્ન જાણવાનું અશક્ય છે એમ ન્યાયથી નક્કી કરે છે. ... ... | ૪૦ |
| અતીંદ્રિય જ્ઞાન માટે જે જે કહેવામાં આવે તે તે (બધું) સંભવે છે એમ સ્પષ્ટ કરે છે. ... ... | ૪૧ |
| જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ ક્રિયા જ્ઞાનમાંથી ઉદ્‌ભવતી નથી એમ શ્રદ્ધે છે. .. | ૪૨ |
| જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ ક્રિયા અને તેનું ફળ શામાંથી ઉત્પન્ન થાય છે? એમ વિવેચે છે. ... ... | ૪૩ |
| કેવળીભગવંતોને ક્રિયા પણ ક્રિયાફળને ઉત્પન્ન કરતી નથી. ... ... | ૪૪ |
| તીર્થંકરોને પુણ્યનો વિપાક અકિંચિત્કર છે. ... ... ... | ૪૫ |
| કેવળીભગવંતોની માફક બધાય જીવોને સ્વભાવવિઘાતનો અભાવ હોવાનું નિષેધે છે. ... ... | ૪૬ |
| અતીંદ્રિય જ્ઞાનને સર્વજ્ઞપણે અભિનંદે છે. | ૪૭ |
| સર્વને નહિ જાણનાર એકને પણ જાણતો નથી. ... ... ... | ૪૮ |
| એકને નહિ જાણનાર સર્વને જાણતો નથી. | ૪૯ |
| ક્રમે પ્રવર્તતા જ્ઞાનનું સર્વગતપણું સિદ્ધ થતું નથી. ... ... | ૫૦ |
| યુગપદ્ પ્રવૃત્તિ વડે જ જ્ઞાનનું સર્વગતપણું સિદ્ધ થાય છે. ... ... | ૫૧ |
| જ્ઞાનીને જ્ઞપ્તિક્રિયાનો સદ્‌ભાવ હોવા છતાં પણ ક્રિયાના ફળરૂપ બંધનો નિષેધ કરતાં જ્ઞાન-અધિકારનો ઉપસંહાર કરે છે. ... ... | ૫૨ |
| **—સુખ અધિકાર—** | |
| જ્ઞાનથી અભિન્ન એવા સુખનું સ્વરૂપ વર્ણવતાં કયું જ્ઞાન તેમ જ સુખ ઉપાદેય છે અને કયું હેય છે તે વિચારે છે. | ૫૩ |
| અતીંદ્રિય સુખના સાધનભૂત અતીંદ્રિય જ્ઞાન ઉપાદેય છે એમ પ્રશંસે છે. | ૫૪ |
| ઇંદ્રિયસુખના સાધનભૂત ઇંદ્રિયજ્ઞાન હેય છે—એમ તેને નિંદે છે. ... | ૫૫ |
| ઇંદ્રિયજ્ઞાન પ્રત્યક્ષ નથી એમ નક્કી કરે છે. | ૫૭ |
| પરોક્ષ અને પ્રત્યક્ષનાં લક્ષણ દર્શાવે છે. | ૫૮ |
| પ્રત્યક્ષ જ્ઞાનને પારમાર્થિક સુખપણે દર્શાવે છે. | ૫૯ |
| ‘કેવળજ્ઞાનને પણ પરિણામ દ્વારા ખેદનો સંભવ હોવાથી કેવળજ્ઞાન એકાંતિક સુખ નથી’ એવા અભિપ્રાયનું ખંડન કરે છે. ... ... | ૬૦ |
| ‘કેવળજ્ઞાન સુખસ્વરૂપ છે’ એમ નિરૂપણ કરતાં ઉપસંહાર કરે છે. ... | ૬૧ |
| કેવળીઓને જ પારમાર્થિક સુખ હોય છે એમ શ્રદ્ધા કરાવે છે. ... | ૬૨ |
| પરોક્ષજ્ઞાનવાળાઓના અપારમાર્થિક ઇંદ્રિય-સુખનો વિચાર ... | ૬૩ |
| જ્યાં સુધી ઇંદ્રિયો છે ત્યાં સુધી સ્વભાવથી જ દુઃખ છે એમ ન્યાયથી નક્કી કરે છે. | ૬૪ |
| મુક્ત આત્માના સુખની પ્રસિદ્ધિ માટે, શરીર સુખનું સાધન હોવાની વાતનું ખંડન કરે છે. ... ... | ૬૫ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | ગાથા |
|---|---|
| આત્મા સ્વયમેવ સુખપરિણામની શક્તિવાળો હોવાથી વિષયોનું અકિંચિત્કરપણું ... | ૬૭ |
| આત્માનું સુખસ્વભાવપણું દૃષ્ટાંત વડે દૃઢ કરીને આનંદ-અધિકાર પૂર્ણ કરે છે. | ૬૮ |

—શુભપરિણામ અધિકાર—

| વિષય | ગાથા |
|---|---|
| ઇંદ્રિયસુખના સ્વરૂપ સંબંધી વિચાર ઉપાડતાં, તેના સાધનનું સ્વરૂપ ... | ૬૯ |
| ઇંદ્રિયસુખને શુભોપયોગના સાધ્ય તરીકે કહે છે. ... ... | ૭૦ |
| ઇંદ્રિયસુખને દુઃખપણે સિદ્ધ કરે છે. ... | ૭૧ |
| ઇંદ્રિયસુખના સાધનભૂત પુણ્યને ઉત્પન્ન કરનાર શુભોપયોગનું, દુઃખના સાધનભૂત પાપને ઉત્પન્ન કરનાર અશુભોપયોગથી અવિશેષપણું પ્રગટ કરે છે. .. | ૭૨ |
| પુણ્યો દુઃખના બીજના હેતુ છે એમ ન્યાયથી પ્રગટ કરે છે. ... | ૭૪ |
| પુણ્યજન્ય ઇંદ્રિયસુખનું ઘણા પ્રકારે દુઃખપણું પ્રકાશે છે. ... ... | ૭૬ |
| પુણ્ય અને પાપનું અવિશેષપણું નિશ્ચિત કરતા થકા (આ વિષયનો) ઉપસંહાર કરે છે. ... ... | ૭૭ |
| શુભ અને અશુભ ઉપયોગનું અવિશેષપણું અવધારીને, સમસ્ત રાગદ્વેષના દ્વૈતને દૂર કરતા થકા, અશેષ દુઃખનો ક્ષય કરવાનો દૃઢ નિશ્ચય કરી શુદ્ધોપયોગમાં વસે છે. | ૭૮ |
| મોહાદિકના ઉન્મૂલન પ્રત્યે સર્વ આરંભથી કટિબદ્ધ થાય છે. ... ... | ૭૯ |
| 'મારે મોહની સેનાને કઈ રીતે જીતવી'–એમ ઉપાય વિચારે છે. ... | ૮૦ |
| મેં ચિંતામણિ પ્રાપ્ત કર્યો હોવા છતાં પ્રમાદ ચોર છે એમ વિચારી જાગૃત રહે છે. ... ... | ૮૧ |
| પૂર્વોક્ત ગાથાઓમાં વર્ણવ્યો તે જ એક, ભગવંતોએ પોતે અનુભવીને દર્શાવેલો નિઃશ્રેયસનો પારમાર્થિક પંથ છે–એમ મતિને વ્યવસ્થિત કરે છે. ... | ૮૨ |
| શુદ્ધાત્માનો પરિપંથી જે મોહ તેનો સ્વભાવ અને પ્રકારો વ્યક્ત કરે છે. ... | ૮૩ |
| ત્રણ પ્રકારના મોહને અનિષ્ટ કાર્યનું કારણ કહીને તેનો ક્ષય કરવાનું કહે છે. ... | ૮૪ |
| રાગદ્વેષમોહને આ લિંગો વડે ઓળખીને ઉદ્‌ભવતાં વેંત જ મારી નાખવાયોગ્ય છે. | ૮૫ |
| મોહક્ષય કરવાનો ઉપાયાન્તર વિચારે છે. | ૮૬ |
| જિનેંદ્રના શબ્દબ્રહ્મમાં અર્થોની વ્યવસ્થા કઈ રીતે છે તે વિચારે છે. ... | ૮૭ |
| મોહક્ષયના ઉપાયભૂત જિનેશ્વરના ઉપદેશની પ્રાપ્તિ થવા છતાં પણ પુરુષાર્થ અર્થક્રિયાકારી છે. ... ... | ૮૮ |
| સ્વ-પરના વિવેકની સિદ્ધિથી જ મોહનો ક્ષય થઈ શકે છે તેથી સ્વ-પરના વિભાગની સિદ્ધિ માટે પ્રયત્ન કરે છે. ... | ૮૯ |
| સર્વ પ્રકારે સ્વ-પરના વિવેકની સિદ્ધિ આગમથી કરવાયોગ્ય છે એમ ઉપસંહાર કરે છે. ... ... | ૯૦ |
| જિનોદિત અર્થોના શ્રદ્ધાન વિના ધર્મલાભ થતો નથી. ... ... | ૯૧ |
| આચાર્યભગવાન સામ્યનું ધર્મત્વ સિદ્ધ કરીને 'હું સ્વયં સાક્ષાત્ ધર્મ જ છું" એવા ભાવમાં નિશ્ચળ ટકે છે. ... | ૯૨ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# (૨) જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન


| વિષય | ગાથા |
|---|---|
| **—દ્રવ્યસામાન્ય અધિકાર—** | |
| પદાર્થોનું સમ્યક્ દ્રવ્યગુણપર્યાયસ્વરૂપ ... | ૯૩ |
| સ્વસમય-પરસમયની વ્યવસ્થા નક્કી કરીને ઉપસંહાર કરે છે. ... | ૯૪ |
| દ્રવ્યનું લક્ષણ ... ... | ૯૫ |
| સ્વરૂપ-અસ્તિત્વનું કથન ... ... | ૯૬ |
| સાદ્રશ્ય-અસ્તિત્વનું કથન ... | ૯૭ |
| દ્રવ્યોથી દ્રવ્યાંતરની ઉત્પત્તિ હોવાનું અને દ્રવ્યથી સત્તાનું અર્થાંતરપણું હોવાનું ખંડન કરે છે. ... ... | ૯૮ |
| ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક હોવા છતાં દ્રવ્ય 'સત્' છે એમ દર્શાવે છે. .. | ૯૯ |
| ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનો પરસ્પર અવિનાભાવ દ્રઢ કરે છે. ... | ૧૦૦ |
| ઉત્પાદાદિકનું દ્રવ્યથી અર્થાંતરપણું નષ્ટ કરે છે. ... ... | ૧૦૧ |
| ઉત્પાદાદિકનો ક્ષણભેદ નિરસ્ત કરીને તેઓ દ્રવ્ય છે એમ સમજાવે છે. .. | ૧૦૨ |
| દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અનેકદ્રવ્યપર્યાય તથા એકદ્રવ્યપર્યાય દ્વારા વિચારે છે. | ૧૦૩ |
| સત્તા અને દ્રવ્ય અર્થાંતરો નહિ હોવા વિષે યુક્તિ ... ... | ૧૦૫ |
| પૃથક્ત્વ અને અન્યત્વનું લક્ષણ | ૧૦૬ |
| અતદ્ભાવને ઉદાહરણ વડે સ્પષ્ટ રીતે દર્શાવે છે ... ... | ૧૦૭ |
| સર્વથા અભાવ તે અતદ્ભાવનું લક્ષણ નથી. | ૧૦૮ |
| સત્તા અને દ્રવ્યનું ગુણ-ગુણીપણું સિદ્ધ કરે છે. ... ... .. | ૧૦૯ |
| ગુણ ને ગુણીના અનેકપણાનું ખંડન .. | ૧૧૦ |
| દ્રવ્યને સત્-ઉત્પાદ અને અસત્-ઉત્પાદ હોવામાં અવિરોધ સિદ્ધ કરે છે. ... | ૧૧૧ |
| સત્-ઉત્પાદને અનન્યપણા વડે અને અસત્-ઉત્પાદને અન્યપણા વડે નક્કી કરે છે. ... ... | ૧૧૨ |
| એક દ્રવ્યને અન્યત્વ અને અનન્યત્વ હોવામાં અવિરોધ દર્શાવે છે. ... | ૧૧૪ |
| સર્વ વિરોધને દૂર કરનારી સપ્તભંગી પ્રગટ કરે છે. ... ... | ૧૧૫ |
| જીવને મનુષ્યાદિપર્યાયો ક્રિયાનાં ફળ હોવાથી તે પર્યાયોનું અન્યત્વ પ્રકાશે છે. | ૧૧૬ |
| મનુષ્યાદિપર્યાયોમાં જીવને સ્વભાવનો પરાભવ કયા કારણે થાય છે તેનો નિર્ધાર ... | ૧૧૮ |
| જીવનું દ્રવ્યપણે અવસ્થિતપણું હોવા છતાં પર્યાયોથી અનવસ્થિતપણું | ૧૧૯ |
| પરિણામાત્મક સંસારમાં કયા કારણે પુદ્ગલનો સંબંધ થાય છે કે જેથી તે (-સંસાર) મનુષ્યાદિપર્યાયાત્મક હોય છે -તેનું સમાધાન ... ... | ૧૨૧ |
| પરમાર્થે આત્માને દ્રવ્યકર્મનું અકર્તાપણું | ૧૨૨ |
| આત્મા જે રૂપે પરિણમે છે તે સ્વરૂપ શું છે? ... ... | ૧૨૩ |
| જ્ઞાનનું, કર્મનું અને કર્મફળનું સ્વરૂપ વર્ણવીને તેમને આત્માપણે નક્કી કરે છે. | ૧૨૪ |
| શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિને અભિનંદતા થકા દ્રવ્યસામાન્યના વર્ણનનો ઉપસંહાર કરે છે. ... ... | ૧૨૬ |
| **—દ્રવ્યવિશેષ અધિકાર—** | |
| દ્રવ્યના જીવ-અજીવપણારૂપ વિશેષને નક્કી કરે છે. ... .. | ૧૨૭ |
| દ્રવ્યનો લોક-અલોકપણારૂપ વિશેષ નક્કી કરે છે. ... ... | ૧૨૮ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | ગાથા |
|---|---|
| 'ક્રિયા' અને 'ભાવ'—તેમની અપેક્ષાએ દ્રવ્યનો વિશેષ નક્કી કરે છે. ... | ૧૨૯ |
| ગુણવિશેષથી દ્રવ્યવિશેષ છે એમ જણાવે છે. | ૧૩૦ |
| મૂર્ત અને અમૂર્ત ગુણોનાં લક્ષણ તથા સંબંધ દર્શાવે છે. ... ... | ૧૩૧ |
| મૂર્ત પુદ્‌ગલદ્રવ્યના ગુણ ... | ૧૩૨ |
| અમૂર્ત દ્રવ્યોના ગુણો ... | ૧૩૩ |
| દ્રવ્યોનો પ્રદેશવત્ત્વ અને અપ્રદેશવત્ત્વરૂપ વિશેષ ... ... | ૧૩૫ |
| પ્રદેશી અને અપ્રદેશી દ્રવ્યો ક્યાં રહેલાં છે તે જણાવે છે. ... ... | ૧૩૬ |
| પ્રદેશવત્ત્વ અને અપ્રદેશવત્ત્વ કયા પ્રકારે સંભવે છે—તે કહે છે. ... | ૧૩૭ |
| 'કાળાણુ અપ્રદેશી જ છે' એવો નિયમ કરે છે. ... ... | ૧૩૮ |
| કાળપદાર્થનાં દ્રવ્ય અને પર્યાય ... | ૧૩૯ |
| આકાશના પ્રદેશનું લક્ષણ ... | ૧૪૦ |
| તિર્યક્‌પ્રચય તથા ઊર્ધ્વપ્રચય ... | ૧૪૧ |
| કાળપદાર્થનો ઊર્ધ્વપ્રચય નિરન્વય હોવાની વાતનું ખંડન ... ... | ૧૪૨ |
| સર્વ વૃત્ત્યંશોમાં કાળપદાર્થ ઉત્પાદવ્યય-ધ્રૌવ્યવાળો છે એમ સિદ્ધ કરે છે. ... | ૧૪૩ |
| કાળપદાર્થનું પ્રદેશમાત્રપણું સિદ્ધ કરે છે. | ૧૪૪ |


## —જ્ઞાનજ્ઞેયવિભાગ અધિકાર—


| વિષય | ગાથા |
|---|---|
| આત્માને વિભક્ત કરવા માટે વ્યવહાર-જીવત્વનો હેતુ વિચારે છે. ... | ૧૪૫ |
| પ્રાણો કયા છે તે કહે છે. ... | ૧૪૬ |
| વ્યુત્પત્તિથી પ્રાણોને જીવત્વનું હેતુપણું તથા તેમનું પૌદ્‌ગલિકપણું ... | ૧૪૭ |
| પ્રાણોને પૌદ્‌ગલિક કર્મનું કારણપણું પ્રગટ કરે છે. ... ... | ૧૪૯ |
| પૌદ્‌ગલિક પ્રાણોની સંતતિની પ્રવૃત્તિનો અંતરંગ હેતુ ... ... | ૧૫૦ |
| પૌદ્‌ગલિક પ્રાણોની સંતતિની નિવૃત્તિનો અંતરંગ હેતુ ... ... | ૧૫૧ |
| આત્માનું અત્યંત વિભક્તપણું સાધવા માટે, વ્યવહાર-જીવત્વના હેતુ એવા જે ગતિવિશિષ્ટ પર્યાયો તેમનું સ્વરૂપ વર્ણવે છે. | ૧૫૨ |
| પર્યાયના ભેદ ... ... | ૧૫૩ |
| અર્થનિશ્ચાયક એવું જે અસ્તિત્વ—તેને સ્વ-પરના વિભાગના હેતુ તરીકે સમજાવે છે. ... ... | ૧૫૪ |
| આત્માને અત્યંત વિભક્ત કરવા માટે પરદ્રવ્યના સંયોગના કારણનું સ્વરૂપ ... | ૧૫૫ |
| શુભ ઉપયોગ અને અશુભ ઉપયોગનું સ્વરૂપ ... ... | ૧૫૭ |
| પરદ્રવ્યના સંયોગનું જે કારણ તેના વિનાશને અભ્યાસે છે. ... | ૧૫૯ |
| શરીરાદિ પરદ્રવ્ય પ્રત્યે મધ્યસ્થપણું પ્રગટ કરે છે. ... ... | ૧૬૦ |
| શરીર, વાણી અને મનનું પરદ્રવ્યપણું ... | ૧૬૧ |
| આત્માને પરદ્રવ્યપણાનો અભાવ અને પરદ્રવ્યના કર્તાપણાનો અભાવ ... | ૧૬૨ |
| પરમાણુદ્રવ્યોને પિંડપર્યાયરૂપ પરિણતિનું કારણ ... | ૧૬૩ |
| આત્માને પુદ્‌ગલોના પિંડના કર્તૃત્વનો અભાવ ... ... | ૧૬૭ |
| આત્માને શરીરપણાનો અભાવ નક્કી કરે છે. ... ... | ૧૭૧ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | ગાથા |
|---|---|
| જીવનું અસાધારણ સ્વલક્ષણ ... | ૧૭૨ |
| અમૂર્ત આત્માને સ્નિગ્ધ-રૂક્ષપણાનો અભાવ હોવાથી બંધ કઈ રીતે થઈ શકે-એવો પૂર્વપક્ષ ... ... | ૧૭૩ |
| ઉપરોક્ત પૂર્વપક્ષનો ઉત્તર ... | ૧૭૪ |
| ભાવબંધનું સ્વરૂપ ... ... | ૧૭૫ |
| ભાવબંધની યુક્તિ અને દ્રવ્યબંધનું સ્વરૂપ | ૧૭૬ |
| પુદ્‌ગલબંધ, જીવબંધ અને ઉભયબંધનું સ્વરૂપ ... ... | ૧૭૭ |
| દ્રવ્યબંધનો હેતુ ભાવબંધ ... | ૧૭૮ |
| ભાવબંધ તે જ નિશ્ચયબંધ ... | ૧૭૯ |
| પરિણામનું દ્રવ્યબંધના સાધકતમ રાગથી વિશિષ્ટપણું ... ... | ૧૮૦ |
| વિશિષ્ટ પરિણામના ભેદને તથા અવિશિષ્ટ પરિણામને, કારણમાં કાર્યનો ઉપચાર કરીને કાર્યપણે દર્શાવે છે. ... | ૧૮૧ |
| જીવને સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિ અને પરદ્રવ્યથી નિવૃત્તિની સિદ્ધિને માટે સ્વ-પરનો વિભાગ ... ... | ૧૮૨ |
| જીવને સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિનું નિમિત્ત અને પરદ્રવ્યમાં પ્રવૃત્તિનું નિમિત્ત સ્વ-પરના વિભાગનું જ્ઞાન-અજ્ઞાન છે. ... | ૧૮૩ |
| આત્માનું કર્મ શું છે તેનું નિરૂપણ ... | ૧૮૪ |
| 'પુદ્‌ગલપરિણામ આત્માનું કર્મ કેમ નથી' એવા સંદેહને દૂર કરે છે. ... | ૧૮૫ |
| આત્મા કઈ રીતે પુદ્‌ગલકર્મો વડે ગ્રહાય છે અને મુકાય છે-તેનું નિરૂપણ ... | ૧૮૬ |
| પુદ્‌ગલકર્મોના વૈચિત્ર્યને કોણ કરે છે તેનું નિરૂપણ ... ... | ૧૮૭ |
| એકલો જ આત્મા બંધ છે ... | ૧૮૮ |
| નિશ્ચય અને વ્યવહારનો અવિરોધ .. | ૧૮૯ |
| અશુદ્ધ નયથી અશુદ્ધ આત્માની પ્રાપ્તિ .. | ૧૯૦ |
| શુદ્ધ નયથી શુદ્ધ આત્માની પ્રાપ્તિ ... | ૧૯૧ |
| ધ્રુવપણાને લીધે શુદ્ધ આત્મા જ ઉપલબ્ધ કરવાયોગ્ય છે. ... | ૧૯૨ |
| શુદ્ધાત્માની ઉપલબ્ધિથી શું થાય છે તે નિરૂપે છે. ... ... | ૧૯૪ |
| મોહગ્રંથિ ભેદવાથી શું થાય છે તે કહે છે. ... | ૧૯૫ |
| એકાગ્રસંચેતનલક્ષણધ્યાન આત્માને અશુદ્ધતા લાવતું નથી. ... | ૧૯૬ |
| સકળજ્ઞાની શું ધ્યાવે છે? | ૧૯૭ |
| ઉપરોક્ત પ્રશ્નનો ઉત્તર ... | ૧૯૮ |
| શુદ્ધાત્માની ઉપલબ્ધિ જેનું લક્ષણ છે એવો મોક્ષમાર્ગ—તેને નક્કી કરે છે. .. | ૧૯૯ |
| આચાર્યભગવાન—પૂર્વ પ્રતિજ્ઞાનું નિર્વહણ કરતા થકા,—મોક્ષમાર્ગભૂત શુદ્ધાત્મ-પ્રવૃત્તિ કરે છે. ... ... | ૨૦૦ |


## (૩) ચરણાનુયોગસૂચક ચૂલિકા


| વિષય | ગાથા |
|---|---|
| —આચરણ-પ્રજ્ઞાપન— | |
| દુઃખમુક્તિ માટે શ્રામણ્યમાં જોડાવાની પ્રેરણા ... ... | ૨૦૧ |
| શ્રમણ થવા ઇચ્છનાર શું શું કરે છે... | ૨૦૨ |
| યથાજાતરૂપધરપણાનાં બહિરંગ અને અંતરંગ એવાં બે લિંગોનો ઉપદેશ.... | ૨૦૫ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | ગાથા |
|---|---|
| શ્રામણ્ય સંબંધી ભવતિક્રિયાને વિષે, આટલાથી શ્રામણ્યની પ્રાપ્તિ થાય છે. | ૨૦૭ |
| અવિચ્છિન્ન સામાયિકમાં આરૂઢ થયો હોવા છતાં શ્રમણ કદાચિત્ છેદોપસ્થાપનને યોગ્ય | ૨૦૮ |
| આચાર્યના ભેદો ... ... | ૨૧૦ |
| છિન્ન સંયમના પ્રતિસંધાનની વિધિ | ૨૧૧ |
| શ્રામણ્યના છેદનાં આયતનો હોવાથી પરદ્રવ્ય-પ્રતિબંધો નિષેધવા યોગ્ય છે. | ૨૧૩ |
| શ્રામણ્યની પરિપૂર્ણતાનું આયતન હોવાથી સ્વદ્રવ્યમાં જ પ્રતિબંધ કરવાયોગ્ય છે. | ૨૧૪ |
| મુનિજનને નજીકનો સૂક્ષ્મપરદ્રવ્યપ્રતિબંધ પણ નિષેધ્ય છે. .. | ૨૧૫ |
| છેદ કોને કહેવામાં આવે છે? ... | ૨૧૬ |
| છેદના અંતરંગ અને બહિરંગ એવા બે પ્રકાર ... ... | ૨૧૭ |
| સર્વથા અંતરંગ છેદ નિષેધ્ય છે. ... | ૨૧૮ |
| ઉપધિ અંતરંગ છેદની માફક છોડવા યોગ્ય છે. | ૨૧૯ |
| ઉપધિનો નિષેધ તે અંતરંગ છેદનો જ નિષેધ છે. ... ... | ૨૨૦ |
| 'કોઈને ક્યાંક ક્યારેક કોઈ પ્રકારે કોઈક ઉપધિ અનિષિદ્ધ પણ છે'. ... | ૨૨૨ |
| અનિષિદ્ધ ઉપધિનું સ્વરૂપ ... | ૨૨૩ |
| 'ઉત્સર્ગ જ વસ્તુધર્મ છે, અપવાદ નહિ'. | ૨૨૪ |
| અપવાદના વિશેષો ... | ૨૨૫ |
| અનિષિદ્ધ શરીરમાત્ર-ઉપધિના પાલનની વિધિ ... ... | ૨૨૬ |
| યુક્તાહારવિહારી સાક્ષાત્ અનાહારવિહારી જ છે. ... ... | ૨૨૭ |
| શ્રમણને યુક્તાહારીપણાની સિદ્ધિ ... | ૨૨૮ |
| યુક્તાહારનું વિસ્તૃત સ્વરૂપ ... | ૨૨૯ |
| ઉત્સર્ગ અને અપવાદની મૈત્રી વડે આચરણનું સુસ્થિતપણું ... | ૨૩૦ |
| ઉત્સર્ગ અને અપવાદના વિરોધ વડે આચરણનું દુઃસ્થિતપણું; તથા આચરણ-પ્રજ્ઞાપનની સમાપ્તિ. ... | ૨૩૧ |


## —મોક્ષમાર્ગ-પ્રજ્ઞાપન—


| વિષય | ગાથા |
|---|---|
| મોક્ષમાર્ગના મૂળસાધનભૂત આગમમાં વ્યાપાર ... ... | ૨૩૨ |
| આગમહીનને મોક્ષાખ્ય કર્મક્ષય થતો નથી એવું પ્રતિપાદન ... | ૨૩૩ |
| મોક્ષમાર્ગે જનારાઓને આગમ જ એક ચક્ષુ છે. ... | ૨૩૪ |
| આગમચક્ષુ વડે બધુંય દેખાય છે જ. | ૨૩૫ |
| આગમજ્ઞાન, તત્પૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાન અને તદુભયપૂર્વક સંયતત્વના યુગપદ્-પણાને મોક્ષમાર્ગપણું હોવાનો નિયમ | ૨૩૬ |
| આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વના અયુગપદ્‌પણાને મોક્ષમાર્ગપણું ઘટતું નથી. ... ... | ૨૩૭ |
| આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વનું યુગ-પદ્‌પણું હોવા છતાં પણ, આત્મજ્ઞાન મોક્ષમાર્ગનું સાધકતમ છે. ... | ૨૩૮ |
| આત્મજ્ઞાનશૂન્યને સર્વઆગમજ્ઞાન, તત્ત્વાર્થ-શ્રદ્ધાન તથા સંયતત્વનું યુગપદ્‌પણું પણ અકિંચિત્કર છે. ... | ૨૩૯ |
| આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વના યુગપદ્‌પણાનું અને આત્મજ્ઞાનનું યુગ-પદ્‌પણું ... ... | ૨૪૦ |
| સંયતનું લક્ષણ ... ... | ૨૪૧ |
| સંયતપણું તે જ મોક્ષમાર્ગ છે. ... | ૨૪૨ |
| અનેકાગ્રતાને મોક્ષમાર્ગપણું ઘટતું નથી. | ૨૪૩ |
| એકાગ્રતા તે મોક્ષમાર્ગ છે એમ નક્કી કરતા થકા મોક્ષમાર્ગ-પ્રજ્ઞાપનનો ઉપસંહાર કરે છે. ... ... | ૨૪૪ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



| વિષય | ગાથા |
| --- | --- |
| **—શુભોપયોગ-પ્રજ્ઞાપન—** | |
| શુભોપયોગીઓને શ્રમણ તરીકે ગૌણપણે દર્શાવે છે. ... ... | ૨૪૫ |
| શુભોપયોગી શ્રમણનું લક્ષણ ... | ૨૪૬ |
| શુભોપયોગી શ્રમણોની પ્રવૃત્તિ ... | ૨૪૭ |
| બધીયે પ્રવૃત્તિઓ શુભોપયોગીઓને જ હોય છે. ... ... | ૨૪૯ |
| પ્રવૃત્તિ સંયમની વિરોધી હોવાનો નિષેધ | ૨૫૦ |
| પ્રવૃત્તિના વિષયના બે વિભાગો ... | ૨૫૧ |
| પ્રવૃત્તિના કાળનો વિભાગ ... | ૨૫૨ |
| લોકની સાથે વાતચીતની પ્રવૃત્તિ તેના નિમિત્તના વિભાગ સહિત દર્શાવે છે. | ૨૫૩ |
| શુભોપયોગનો ગૌણ-મુખ્ય વિભાગ ... | ૨૫૪ |
| શુભોપયોગને કારણની વિપરીતતાથી ફળની વિપરીતતા ... | ૨૫૫ |
| અવિપરીત ફળનું કારણ એવું જે 'અવિપરીત કારણ' તે દર્શાવે છે. .. | ૨૫૯ |
| અવિપરીત ફળનું કારણ એવું જે 'અવિપરીત કારણ' તેની ઉપાસનારૂપ પ્રવૃત્તિ સામાન્ય-વિશેષપણે કરવાયોગ્ય છે. | ૨૬૧ |
| શ્રમણાભાસો પ્રત્યે સર્વ પ્રવૃત્તિઓ નિષેધે છે. ... ... | ૨૬૩ |
| કેવો જીવ શ્રમણાભાસ છે તે કહે છે. | ૨૬૪ |
| જે શ્રામણ્યે સમાન છે તેનું અનુમોદન નહિ કરનારનો વિનાશ ... | ૨૬૫ |
| જે શ્રામણ્યે અધિક હોય તેના પ્રત્યે જાણે કે તે શ્રામણ્યે હીન હોય એમ આચરણ કરનારનો વિનાશ ... | ૨૬૬ |
| પોતે શ્રામણ્યે અધિક હોય છતાં પોતાનાથી હીન શ્રમણ પ્રત્યે સમાન જેવું આચરણ કરે તો તેનો વિનાશ ... | ૨૬૭ |
| અસત્સંગ નિષેધ્ય છે. ... | ૨૬૮ |
| લૌકિક જનનું લક્ષણ ... | ૨૬૯ |
| સત્સંગ કરવાયોગ્ય છે. ... | ૨૭૦ |
| **—પંચરત્ન-પ્રજ્ઞાપન—** | |
| સંસારતત્ત્વ ... ... | ૨૭૧ |
| મોક્ષતત્ત્વ ... ... | ૨૭૨ |
| મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ ... | ૨૭૩ |
| મોક્ષતત્ત્વના સાધનતત્ત્વને સર્વમનોરથના સ્થાન તરીકે અભિનંદે છે. ... | ૨૭૪ |
| શિષ્યજનને શાસ્ત્રફળ સાથે જોડતા થકા શાસ્ત્રની સમાપ્તિ. ... | ૨૭૫ |

* * *

**—પરિશિષ્ટ—**

| | પૃષ્ઠ |
| --- | --- |
| ૪૭ નયો દ્વારા આત્મદ્રવ્યનું કથન ... | ૪૯૩ |
| આત્મદ્રવ્યની પ્રાપ્તિનો પ્રકાર ... | ૫૦૨ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# સાધક જીવની દૃષ્ટિ

અધ્યાત્મમાં હંમેશાં નિશ્ચયનય જ મુખ્ય છે; તેના જ આશ્રયે ધર્મ થાય છે. શાસ્ત્રોમાં જ્યાં વિકારી પર્યાયોનું વ્યવહારનયથી કથન કરવામાં આવે ત્યાં પણ નિશ્ચયનયને જ મુખ્ય અને વ્યવહારનયને ગૌણ કરવાનો આશય છે—એમ સમજવું; કારણ કે પુરુષાર્થ વડે પોતામાં શુદ્ધ પર્યાય પ્રગટ કરવા અર્થાત્ વિકારી પર્યાય ટાળવા માટે હંમેશાં નિશ્ચયનય જ આદરણીય છે; તે વખતે બંને નયોનું જ્ઞાન હોય છે પણ ધર્મ પ્રગટાવવા માટે બંને નયો કદી આદરણીય નથી. વ્યવહારનયના આશ્રયે કદી ધર્મ અંશે પણ થતો નથી, પરંતુ તેના આશ્રયે તો રાગ-દ્વેષના વિકલ્પો જ ઊઠે છે.

છયે દ્રવ્યો, તેના ગુણો અને તેના પર્યાયોના સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે કોઈ વખતે નિશ્ચયનયની મુખ્યતા અને વ્યવહારનયની ગૌણતા રાખીને કથન કરવામાં આવે, અને કોઈ વખતે વ્યવહારનયને મુખ્ય કરીને તથા નિશ્ચયનયને ગૌણ રાખીને કથન કરવામાં આવે; પોતે વિચાર કરે તેમાં પણ કોઈ વખતે નિશ્ચયનયની મુખ્યતા અને કોઈ વખતે વ્યવહારનયની મુખ્યતા કરવામાં આવે; અધ્યાત્મશાસ્ત્રમાં પણ જીવનો વિકારી પર્યાય જીવ સ્વયં કરે છે તેથી થાય છે અને તે જીવનો અનન્ય પરિણામ છે —એમ વ્યવહારનયે કહેવામાં-સમજાવવામાં આવે; પણ તે દરેક વખતે નિશ્ચયનય એક જ મુખ્ય અને આદરણીય છે એમ જ્ઞાનીઓનું કથન છે. શુદ્ધતા પ્રગટ કરવા માટે કોઈ વખતે નિશ્ચયનય આદરણીય છે અને કોઈ વખતે વ્યવહારનય આદરણીય છે —એમ માનવું તે ભૂલ છે. ત્રણે કાળે એકલા નિશ્ચયનયના આશ્રયે જ ધર્મ પ્રગટે છે એમ સમજવું.

સાધક જીવો શરૂઆતથી અંત સુધી નિશ્ચયની જ મુખ્યતા રાખીને વ્યવહારને ગૌણ જ કરતા જાય છે, તેથી સાધકદશામાં નિશ્ચયની મુખ્યતાના જોરે સાધકને શુદ્ધતાની વૃદ્ધિ જ થતી જાય છે અને અશુદ્ધતા ટળતી જ જાય છે. એ રીતે નિશ્ચયની મુખ્યતાના જોરે પૂર્ણ કેવળજ્ઞાન થતાં ત્યાં મુખ્ય-ગૌણપણું હોતું નથી અને નય પણ હોતા નથી.

श्रीसर्वज्ञवीतरागाय नमः ।

# શાસ્ત્ર-સ્વાધ્યાયનું પ્રારંભિક મંગલાચરણ

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ॥ १ ॥

अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलमलकलङ्का ।
मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान् ॥ २ ॥

अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥ ३ ॥

## ॥ श्रीपरमगुरवे नमः, परंपराचार्यगुरवे नमः ॥

सकलकलुषविध्वंसकं, श्रेयसां परिवर्धकं, धर्मसम्बन्धकं, भव्यजीवमनःप्रतिबोधकारकं, पुण्यप्रकाशकं, पापप्रणाशकमिदं शास्त्रं श्रीप्रवचनसारनामधेयं, अस्य मूलग्रन्थकर्तारः श्रीसर्वज्ञदेवास्तदुत्तरग्रन्थकर्तारः श्रीगणधरदेवाः प्रतिगणधरदेवास्तेषां वचनानुसारमासाद्य आचार्यश्रीकुन्दकुन्दाचार्यदेवविरचितं, श्रोतारः सावधानतया शृण्वन्तु ॥

मंगलं भगवान् वीरो, मंगलं गौतमो गणी,
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम् ॥ १ ॥

सर्वमंगलमांगल्यं सर्वकल्याणकारकं ।
प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम् ॥ २ ॥

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

नमः श्रीसिद्धेभ्यः ।

नमोऽनेकान्ताय ।

श्रीमद्‌भगवत्कुंदकुंदाचार्यदेवप्रणीत

श्री

# પ્રવચનસાર

–१–

## જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન

### श्रीमदमृतचन्द्रसूरिकृततत्त्वप्रदीपिकावृत्तिः ।

( अनुष्टुभ् )

सर्वव्याप्येकचिद्रूपस्वरूपाय परात्मने ।
स्वोपलब्धिप्रसिद्धाय ज्ञानानन्दात्मने नमः ॥ १ ॥

### श्रीजयसेनाचार्यकृततात्पर्यवृत्तिः ।

नमः परमचैतन्यस्वात्मोत्थसुखसम्पदे ।
परमागमसाराय सिद्धाय परमेष्ठिने ॥

મૂળ ગાથાઓનો અને તત્ત્વપ્રદીપિકા નામની ટીકાનો

## ગુજરાતી અનુવાદ

[ પ્રથમ, ગ્રંથના આદિમાં શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવવિરચિત પ્રાકૃતગાથાબદ્ધ આ ‘પ્રવચનસાર’ નામના શાસ્ત્રની ‘તત્ત્વપ્રદીપિકા’ નામની સંસ્કૃત ટીકા રચનાર શ્રીઅમૃતચંદ્રાચાર્યદેવ શ્લોકદ્વારા મંગળાચરણ કરતાં જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્માને નમસ્કાર કરે છે: ]

[અર્થઃ—] સર્વવ્યાપી ( અર્થાત્ સર્વને દેખનાર-જાણનાર ) એક ચૈતન્યરૂપ (માત્ર ચૈતન્ય જ) જેનું સ્વરૂપ છે અને જે સ્વાનુભવપ્રસિદ્ધ છે (અર્થાત્ શુદ્ધ આત્માના અનુભવથી પ્રકૃષ્ટપણે સિદ્ધ છે) તે જ્ઞાનાનંદાત્મક (જ્ઞાન ને આનંદસ્વરૂપ) ઉત્કૃષ્ટ આત્માને નમસ્કાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( अनुष्टुभ् )

हेलोल्लुप्तमहामोहतमस्तोमं जयत्यदः ।
प्रकाशयज्जगत्तत्त्वमनेकान्तमयं महः ॥ २ ॥

( आर्या )

परमानन्दसुधारसपिपासितानां हिताय भव्यानाम् ।
क्रियते प्रकटिततत्त्वा प्रवचनसारस्य वृत्तिरियम् ॥ ३ ॥

---

अथ प्रवचनसारव्याख्यायां मध्यमरुचिशिष्यप्रतिबोधनार्थायां मुख्यगौणरूपेणान्तस्तत्त्वबहिस्तत्त्वप्ररूपणसमर्थायां च प्रथमत एकोत्तरशतगाथाभिर्ज्ञानाधिकारः, तदनन्तरं त्रयोदशाधिकशतगाथाभिर्दर्शनाधिकारः, ततश्च सप्तनवतिगाथाभिश्चारित्राधिकारश्चेति समुदायेनैकादशाधिकत्रिशतप्रमितसूत्रैः सम्यग्ज्ञानदर्शनचारित्ररूपेण महाधिकारत्रयं भवति । अथवा टीकाभिप्रायेण तु सम्यग्ज्ञानज्ञेयचारित्राधिकारचूलिकारूपेणाधिकारत्रयम् । तत्राधिकारत्रये प्रथमतस्तावज्ज्ञानाभिधानमहाधिकारमध्ये द्वासप्ततिगाथापर्यन्तं शुद्धोपयोगाधिकारः कथ्यते । तासु द्वासप्ततिगाथासु मध्ये 'एस सुरासुर—' इमां गाथामादिं कृत्वा पाठक्रमेण चतुर्दशगाथापर्यन्तं पीठिका, तदनन्तरं सप्तगाथापर्यन्तं सामान्येन सर्वज्ञसिद्धिः, तदनन्तरं त्रयस्त्रिंशद्गाथापर्यन्तं ज्ञानप्रपञ्चः, ततश्चाष्टादशगाथापर्यन्तं सुखप्रपञ्चश्चेत्यन्तराधिकारचतुष्टयेन शुद्धोपयोगाधिकारो भवति । अथ पञ्चविंशतिगाथापर्यन्तं ज्ञानकण्डिकाचतुष्टयप्रतिपादकनामा द्वितीयोऽधिकारश्चेत्यधिकारद्वयेन, तदनन्तरं स्वतन्त्रगाथाचतुष्टयेन चैकोत्तरशतगाथाभिः प्रथममहाधिकारे समुदायपातनिका ज्ञातव्या ।

इदानीं प्रथमपातनिकाभिप्रायेण प्रथमतः पीठिकाव्याख्यानं क्रियते, तत्र पञ्चस्थलानि भवन्ति; तेष्वादौ नमस्कारमुख्यत्वेन गाथापञ्चकं, तदनन्तरं चारित्रसूचनमुख्यत्वेन 'संपज्जइ णिव्वाणं' इति प्रभृति गाथात्रयमथ शुभाशुभशुद्धोपयोगत्रयसूचनमुख्यत्वेन 'जीवो परिणमदि' इत्यादिगाथासूत्रद्वयमथ तत्फलकथनमुख्यतया 'धम्मेण परिणदप्पा' इति प्रभृति सूत्रद्वयम् । अथ शुद्धोपयोगध्यातुः पुरुषस्य प्रोत्साहनार्थं शुद्धोपयोगफलदर्शनार्थं च प्रथमगाथा, शुद्धोपयोगिपुरुषलक्षणकथनेन द्वितीया चेति 'अइसयमादसमुत्थं' इत्यादि गाथाद्वयम् । एवं पीठिकाभिधानप्रथमान्तराधिकारे स्थलपञ्चकेन चतुर्दशगाथाभिस्समुदायपातनिका । तद्यथा—

---

[હવે અનેકાન્તમય જ્ઞાનની મંગળ અર્થે શ્લોકદ્વારા સ્તુતિ કરે છે:]

[અર્થ:—] મહા મોહરૂપી અંધકારના સમૂહને જે લીલામાત્રમાં નષ્ટ કરે છે અને જગતના સ્વરૂપને પ્રકાશે છે એવું અનેકાન્તમય તેજ સદા જયવંત વર્તે છે.

[હવે શ્લોકદ્વારા શ્રીઅમૃતચંદ્રાચાર્યદેવ અનેકાન્તમય જિનપ્રવચનના સારભૂત આ 'પ્રવચનસાર' શાસ્ત્રની ટીકા કરવાની પ્રતિજ્ઞા કરે છે:]

[અર્થ:—] પરમાનંદરૂપી સુધારસના પિપાસુ ભવ્ય જીવોના હિતને માટે, તત્ત્વને (વસ્તુસ્વરૂપને) જે પ્રગટ કરે છે એવી પ્રવચનસારની આ ટીકા કરવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अथ खलु कश्चिदासन्नसंसारपारावारपारः समुन्मीलितसातिशयविवेकज्योतिरस्तमितसमस्तैकान्तवादविद्याभिनिवेशः पारमेश्वरीमनेकान्तवादविद्यामुपगम्य मुक्तसमस्तपक्षपरिग्रहतयात्यन्तमध्यस्थो भूत्वा सकलपुरुषार्थसारतया नितान्तमात्मनो हिततमां भगवत्पञ्चपरमेष्ठिप्रसादोपजन्यां परमार्थसत्यां मोक्षलक्ष्मीमक्षयामुपादेयत्वेन निश्चिन्वन् प्रवर्तमानतीर्थनायकपुरःसरान् भगवतः पञ्चपरमेष्ठिनः प्रणमनवन्दनोपजनितनमस्करणेन सम्भाव्य सर्वारम्भेण मोक्षमार्गं संप्रतिपद्यमानः प्रतिजानीते—**

---

अथ कश्चिदासन्नभव्यः शिवकुमारनामा स्वसंवित्तिसमुत्पन्नपरमानन्दैकलक्षणसुखामृतविपरीतचतुर्गतिसंसारदुःखभयभीतः, समुत्पन्नपरमभेदविज्ञानप्रकाशातिशयः, समस्तदुर्नयैकान्तनिराकृतदुराग्रहः, परित्यक्तसमस्तशत्रुमित्रादिपक्षपातेनात्यन्तमध्यस्थो भूत्वा धर्मार्थकामेभ्यः सारभूतामत्यन्तात्महितामविनश्वरां पंचपरमेष्ठिप्रसादोत्पन्नां मुक्तिश्रियमुपादेयत्वेन स्वीकुर्वाणः, श्रीवर्धमानस्वामितीर्थकरपरमदेवप्रमुखान् भगवतः पंचपरमेष्ठिनो द्रव्यभावनमस्काराभ्यां प्रणम्य परमचारित्रमाश्रयामीति प्रतिज्ञां करोति—

---

[આ રીતે મંગળાચરણ અને ટીકા કરવાની પ્રતિજ્ઞા કરીને, ભગવાન કુંદકુંદાચાર્યદેવ-વિરચિત પ્રવચનસારની પહેલી પાંચ ગાથાઓના પ્રારંભમાં શ્રીઅમૃતચંદ્રાચાર્યદેવ તે ગાથાઓની ઉત્થાનિકા કરે છેઃ]

હવે, સંસારસમુદ્રનો કિનારો જેમને નિકટ છે એવા કોઈ (આસન્નભવ્ય મહાત્મા—શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ), સાતિશય (ઉત્તમ) વિવેકજ્યોતિ જેમને પ્રગટ થઈ છે (અર્થાત્ પરમ ભેદવિજ્ઞાનનો પ્રકાશ જેમને ઉત્પન્ન થયો છે) અને સમસ્ત એકાન્તવાદની વિદ્યાનો [૧]અભિનિવેશ જેમને અસ્ત થયો છે એવા, પારમેશ્વરી (પરમેશ્વર જિનભગવાનની) અનેકાન્તવાદવિદ્યાને પામીને, સમસ્ત પક્ષનો પરિગ્રહ (શત્રુમિત્રાદિનો સમસ્ત પક્ષપાત) છોડ્યો હોવાથી અત્યંત મધ્યસ્થ થઈને, [૨]સર્વ પુરુષાર્થમાં સારભૂત હોવાથી જે આત્માને અત્યંત [૩]હિતતમ છે એવી, ભગવન્ત પંચપરમેષ્ઠીના [૪]પ્રસાદથી ઊપજવાયોગ્ય, પરમાર્થસત્ય (પારમાર્થિક રીતે સાચી), અક્ષય (અવિનાશી) મોક્ષલક્ષ્મીને [૫]ઉપાદેય-પણે નક્કી કરતા થકા, પ્રવર્તમાન તીર્થના નાયક શ્રીમહાવીરસ્વામીપૂર્વક ભગવંત પંચપરમેષ્ઠીને [૬]પ્રણમન અને વંદનથી થતા નમસ્કાર વડે સંભાવીને (સન્માનીને) સર્વ આરંભથી (ઉદ્યમથી) મોક્ષમાર્ગનો આશ્રય કરતા થકા, પ્રતિજ્ઞા કરે છેઃ—

---

૧. અભિનિવેશ = અભિપ્રાય; નિશ્ચય; આગ્રહ.

૨. ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારે પુરુષ-અર્થોમાં (પુરુષ-પ્રયોજનોમાં) મોક્ષ જ સારભૂત (શ્રેષ્ઠ, તાત્ત્વિક) પુરુષ-અર્થ છે.

૩. હિતતમ = ઉત્કૃષ્ટ હિતસ્વરૂપ

૪. પ્રસાદ = પ્રસન્નતા; કૃપા.

૫. ઉપાદેય = ગ્રહણ કરવા યોગ્ય. (મોક્ષરૂપી લક્ષ્મી હિતતમ, સાચી અને અવિનાશી હોવાથી ઉપાદેય છે.)

૬. પ્રણમન = દેહથી નમવું તે. વંદન = વચનથી સ્તુતિ કરવી તે. (નમસ્કારમાં પ્રણમન અને વંદન બંને સમાય છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अथ सूत्रावतारः—**

एस सुरासुरमणुसिंदवंदिदं धोदघाइकम्ममलं ।
पणमामि वड्ढमाणं तित्थं धम्मस्स कत्तारं ॥ १ ॥
सेसे पुण तित्थयरे ससव्वसिद्धे विसुद्धसब्भावे ।
समणे य णाणदंसणचरित्ततववीरियायारे ॥ २ ॥
ते ते सव्वे समगं समगं पत्तेगमेव पत्तेगं ।
वंदामि य वट्टंते अरहंते माणुसे खेत्ते ॥ ३ ॥
किच्चा अरहंताणं सिद्धाणं तह णमो गणहराणं ।
अज्झावयवग्गाणं साहूणं चेदि सव्वेसिं ॥ ४ ॥

---

**पणमामी**त्यादिपदखण्डनारूपेण व्याख्यानं क्रियते—**पणमामि** प्रणमामि । स कः । कर्ता **एस** एषोऽहं ग्रन्थकरणोद्यतमनाः स्वसंवेदनप्रत्यक्षः । कं । **वड्ढमाणं** अवसमन्ताद्दृद्धं वृद्धं मानं प्रमाणं ज्ञानं यस्य स भवति वर्धमानः, 'अवाप्योरलोपः' इति लक्षणेन भवत्यकारलोपोऽवशब्दस्यात्र, तं रत्नत्रयात्मक-प्रवर्तमानधर्मतीर्थोपदेशकं श्रीवर्धमानतीर्थकरपरमदेवम् । क्व प्रणमामि । प्रथमत एव । किंविशिष्टं । **सुरासुरमणुसिंदवंदिदं** त्रिभुवनाराध्यानन्तज्ञानादिगुणाधारपदाधिष्ठितत्वात्तत्पदाभिलाषिभिस्त्रिभुवनाधीशैः सम्यगाराध्यपादारविन्दत्वाच्च सुरासुरमनुष्येन्द्रवन्दितम् । पुनरपि किंविशिष्टं । **धोदघाइकम्ममलं** परम-

---

હવે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવવિરચિત) ગાથાસૂત્રોનું અવતરણ કરવામાં આવે છે:—

(હરિગીત)

સુર-અસુર-નરપતિવંદ્યને, પ્રવિનષ્ટઘાતિકર્મને,
પ્રણમન કરું હું ધર્મકર્તા તીર્થ શ્રીમહાવીરને; ૧.
વળી શેષ તીર્થંકર અને સૌ સિદ્ધ શુદ્ધાસ્તિત્વને,
મુનિ જ્ઞાન-દૃગ-ચારિત્ર-તપ-વીર્યાચરણસંયુક્તને. ૨.
તે સર્વને સાથે તથા પ્રત્યેકને પ્રત્યેકને,
વંદું વળી હું મનુષ્યક્ષેત્રે વર્તતા અર્હંતને. ૩.
અર્હંતને, શ્રીસિદ્ધનેય નમસ્કરણ કરી એ રીતે,
ગણધર અને અધ્યાપકોને, સર્વસાધુસમૂહને; ૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तेसिं विसुद्धदंसणणाणपहाणासमं समासेज्ज ।**
**उवसंपयामि सम्मं जत्तो णिव्वाणसंपत्ती ॥ ५ ॥ [पणगं]**

**एष सुरासुरमनुष्येन्द्रवन्दितं धौतघातिकर्ममलम् ।**
**प्रणमामि वर्धमानं तीर्थं धर्मस्य कर्तारम् ॥ १ ॥**
**शेषान् पुनस्तीर्थकरान् ससर्वसिद्धान् विशुद्धसद्भावान् ।**
**श्रमणांश्च ज्ञानदर्शनचारित्रतपोवीर्याचारान् ॥ २ ॥**
**तांस्तान् सर्वान् समकं समकं प्रत्येकमेव प्रत्येकम् ।**
**वन्दे च वर्तमानानर्हतो मानुषे क्षेत्रे ॥ ३ ॥**

---

समाधिसमुत्पन्नरागादिमलरहितपारमार्थिकसुखामृतरूपनिर्मलनीरप्रक्षालितघातिकर्ममलत्वादन्येषां पापमल-प्रक्षालनहेतुत्वाच्च धौतघातिकर्ममलम् । पुनश्च किंलक्षणम् । **तित्थं** दृष्टश्रुतानुभूतविषयसुखाभिलाषरूप-नीरप्रवेशरहितेन परमसमाधिपोतेनोत्तीर्णसंसारसमुद्रत्वात् अन्येषां तरणोपायभूतत्वाच्च तीर्थम् । पुनश्च किंरूपम् । **धम्मस्स कत्तारं** निरुपरागात्मतत्त्वपरिणतिरूपनिश्चयधर्मस्योपादानकारणत्वात् अन्येषामुत्तमक्षमादि-

---

**તસુ શુદ્ધદર્શનજ્ઞાનમુખ્ય પવિત્ર આશ્રમ પામીને,**
**પ્રાપ્તિ કરું હું સામ્યની, જેનાથી શિવપ્રાપ્તિ બને. ૫.**

**અન્વયાર્થ**:— [एषः] આ હું [सुरासुरमनुष्येन्द्रवन्दितं] [1]સુરેન્દ્રો, [2]અસુરેન્દ્રો અને [3]નરેન્દ્રોથી જે વંદિત છે અને [धौतघातिकर्ममलं] ઘાતિકર્મમળ જેમણે ધોઈ નાખેલ છે એવા [तीर्थं] તીર્થરૂપ અને [धर्मस्य कर्तारं] ધર્મના કર્તા [वर्धमानं] શ્રીવર્ધમાનસ્વામીને [प्रणमामि] પ્રણમું છું.

[पुनः] વળી [विशुद्धसद्भावान्] વિશુદ્ધ [4]સત્તાવાળા [शेषान् तीर्थकरान्] શેષ તીર્થંકરોને [ससर्वसिद्धान्] સર્વ સિદ્ધભગવંતો સાથે, [च] અને [ज्ञानदर्शनचारित्रतपोवीर्याचारान्] જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર તથા વીર્યાચારવાળા [श्रमणान्] [5]શ્રમણોને પ્રણમું છું.

[तान् तान् सर्वान्] તે તે સર્વને [च] તથા [मानुषे क्षेत्रे वर्तमानान्] મનુષ્યક્ષેત્રમાં વર્તતા [अर्हतः] અર્હન્તોને [समकं समकं] સાથે સાથે—સમુદાયરૂપે અને [प्रत्येकं एव प्रत्येकं] પ્રત્યેક પ્રત્યેકને—વ્યક્તિગત [वन्दे] વંદું છું.

---

૧. સુરેન્દ્રો = ઊર્ધ્વલોકવાસી દેવોના ઇન્દ્રો
૨. અસુરેન્દ્રો = અધોલોકવાસી દેવોના ઇન્દ્રો
૩. નરેન્દ્રો = (મધ્યલોકવાસી) મનુષ્યોના અધિપતિઓ; રાજાઓ.
૪. સત્તા = અસ્તિત્વ
૫. શ્રમણો = આચાર્યો, ઉપાધ્યાયો ને સાધુઓ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**कृत्वार्हद्भ्यः सिद्धेभ्यस्तथा नमो गणधरेभ्यः ।**
**अध्यापकवर्गेभ्यः साधुभ्यश्चेति सर्वेभ्यः ॥ ४ ॥**
**तेषां विशुद्धदर्शनज्ञानप्रधानाश्रमं समासाद्य ।**
**उपसम्पद्ये साम्यं यतो निर्वाणसम्प्राप्तिः ॥ ५ ॥ [ पंचकम् ]**

एष स्वसंवेदनप्रत्यक्षदर्शनज्ञानसामान्यात्माहं सुरासुरमनुष्येन्द्रवन्दितत्वात्त्रिलोकैकगुरुं, धौतघातिकर्ममलत्वाज्जगदनुग्रहसमर्थानन्तशक्तिपारमैश्वर्यं, योगिनां तीर्थत्वात्तारणसमर्थं, धर्मकर्तृत्वाच्छुद्धस्वरूपवृत्तिविधातारं, प्रवर्तमानतीर्थनायकत्वेन प्रथमत एव परमभट्टारकमहादेवाधिदेवपरमेश्वरपरमपूज्यसुगृहीतनामश्रीवर्धमानदेवं प्रणमामि ॥ १ ॥ तदनु विशुद्धसद्भावत्वादुपात्त-

---

बहुविधधर्मोपदेशकत्वाच्च धर्मस्य कर्तारम् । इति क्रियाकारकसम्बन्धः । एवमन्तिमतीर्थकरनमस्कारमुख्यत्वेन गाथा गता ॥ १ ॥ तदनन्तरं प्रणमामि । कान् । **सेसे पुण तित्थयरे ससव्वसिद्धे** शेषतीर्थकरान्, पुनः ससर्वसिद्धान् वृषभादिपार्श्वपर्यन्तान् शुद्धात्मोपलब्धिलक्षणसर्वसिद्धसहितानेतान् सर्वानपि । कथंभूतान् । **विसुद्धसब्भावे** निर्मलात्मोपलब्धिबलेन विश्लेषिताखिलावरणत्वात्केवलज्ञानदर्शनस्वभावत्वाच्च विशुद्धसद्भावान् । **समणे य** श्रमणशब्दवाच्यानाचार्योपाध्यायसाधूंश्च । किंलक्षणान् । **णाणदंसणचरित्ततववीरियायारे** सर्व-

---

[इति] એ રીતે [अर्हद्भ्यः] અર્હંતોને અને [सिद्धेभ्यः] સિદ્ધોને, [तथा गणधरेभ्यः] આચાર્યોને, [अध्यापकवर्गेभ्यः] ઉપાધ્યાયવર્ગને [च] અને [सर्वेभ्यः साधुभ्यः] સર્વ સાધુઓને [नमः कृत्वा] નમસ્કાર કરીને, [तेषां] તેમના [विशुद्धदर्शनज्ञानप्रधानाश्रमं] [1]વિશુદ્ધદર્શનજ્ઞાનપ્રધાન આશ્રમને [समासाद्य] પામીને [साम्यं उपसम्पद्ये] હું [2]સામ્યને પ્રાપ્ત કરું છું [यतः] કે જેનાથી [निर्वाणसम्प्राप्तिः] નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

**ટીકાઃ**—આ [3]સ્વસંવેદનપ્રત્યક્ષ [4]દર્શનજ્ઞાનસામાન્યસ્વરૂપ હું, જે સુરેન્દ્રો, અસુરેન્દ્રો અને નરેન્દ્રોથી વંદિત હોવાથી ત્રિલોકના એક (અનન્ય, સર્વોત્કૃષ્ટ) ગુરુ છે, ઘાતિકર્મમળ ધોઈ નાખેલ હોવાથી જેમને જગત પર અનુગ્રહ કરવામાં સમર્થ એવી અનંતશક્તિરૂપ પરમેશ્વરતા છે, તીર્થપણાને લીધે જે યોગીઓને તારવાને સમર્થ છે, ધર્મના કર્તા હોવાથી જે શુદ્ધસ્વરૂપપરિણતિના કરનાર છે, તે પરમ ભટ્ટારક, મહાદેવાધિદેવ, પરમેશ્વર, પરમ પૂજ્ય, જેમનું નામ ગ્રહણ પણ સારું છે એવા શ્રીવર્ધમાનદેવને, પ્રવર્તમાન તીર્થના નાયકપણાને લીધે પ્રથમ જ, પ્રણમું છું.

---

૧. વિશુદ્ધદર્શનજ્ઞાનપ્રધાન = વિશુદ્ધદર્શન અને જ્ઞાન જેમાં પ્રધાન (મુખ્ય) છે એવા

૨. સામ્ય = સમતા; સમભાવ.

૩. સ્વસંવેદનપ્રત્યક્ષ = સ્વાનુભવથી પ્રત્યક્ષ. (દર્શનજ્ઞાનસામાન્ય સ્વાનુભવથી પ્રત્યક્ષ છે.)

૪. દર્શનજ્ઞાનસામાન્યસ્વરૂપ = દર્શનજ્ઞાનસામાન્ય અર્થાત્ ચેતના જેનું સ્વરૂપ છે એવો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**पाकोत्तीर्णजात्यकार्तस्वरस्थानीयशुद्धदर्शनज्ञानस्वभावान् शेषानतीततीर्थनायकान्, सर्वान् सिद्धांश्च, ज्ञानदर्शनचारित्रतपोवीर्याचारयुक्तत्वात्संभावितपरमशुद्धोपयोगभूमिकानाचार्योपाध्यायसाधुत्वविशिष्टान् श्रमणांश्च प्रणमामि ॥ २ ॥ तदन्वेतानेव पञ्चपरमेष्ठिनस्तत्तद्व्यक्तिव्यापिनः सर्वानेव सांप्रतमेतत्क्षेत्रसंभवतीर्थकरासंभवान्महाविदेहभूमिसंभवत्वे सति मनुष्यक्षेत्रप्रवर्तिभिस्तीर्थनायकैः सह वर्तमानकालं गोचरीकृत्य युगपद्युगपत्प्रत्येकं प्रत्येकं च मोक्षलक्ष्मीस्वयंवरायमाणपरमनैर्ग्रन्थ्यदीक्षाक्षणोचितमङ्गलाचारभूतकृतिकर्मशास्त्रोपदिष्टवन्दनाभिधानेन सम्भावयामि ॥ ३ ॥**

---

विशुद्धद्रव्यगुणपर्यायात्मके चिद्वस्तुनि यासौ रागादिविकल्परहितनिश्चलचित्तवृत्तिस्तदन्तर्भूतेन व्यवहारपञ्चाचारसहकारिकारणोत्पन्नेन निश्चयपञ्चाचारेण परिणतत्वात् सम्यग्ज्ञानदर्शनचारित्रतपोवीर्याचारोपेतानिति । एवं शेषत्रयोविंशतितीर्थकरनमस्कारमुख्यत्वेन गाथा गता ॥ २ ॥ अथ **ते ते सव्वे** तांस्तान्पूर्वोक्तानेव पञ्चपरमेष्ठिनः सर्वान् **वंदामि य** वन्दे, अहं कर्ता । कथं । **समगं समगं** समुदायवन्दनापेक्षया युगपद्युगपत् । पुनरपि कथं । **पत्तेगमेव पत्तेगं** प्रत्येकवन्दनापेक्षया प्रत्येकं प्रत्येकम् । न केवलमेतान् वन्दे । **अरहंते** अर्हतः । किंविशिष्टान् । **वट्टंते माणुसे खेत्ते** वर्तमानान् । क्व । मानुषे क्षेत्रे ।

---

ત્યારપછી જેઓ વિશુદ્ધસત્તાવાળા હોવાથી તાપથી ઉત્તીર્ણ થયેલા (છેલ્લો તાપ દેવાઈને અગ્નિમાંથી બહાર નીકળેલા) ઉત્તમ સુવર્ણ સમાન શુદ્ધ દર્શનજ્ઞાનસ્વભાવને પામ્યા છે એવા શેષ [1]અતીત તીર્થંકરોને અને સર્વ સિદ્ધોને, તથા જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર ને વીર્યાચાર સહિત હોવાથી જેમણે પરમ શુદ્ધ ઉપયોગભૂમિકાને પ્રાપ્ત કરી છે એવા શ્રમણોને—કે જેઓ આચાર્યત્વ, ઉપાધ્યાયત્વ અને સાધુત્વરૂપ વિશેષોથી વિશિષ્ટ (-ભેદવાળા) છે તેમને—પ્રણમું છું.

ત્યારપછી આ જ પંચપરમેષ્ઠીને, તે તે વ્યક્તિમાં (પર્યાયમાં) વ્યાપનારા બધાયને, હાલમાં આ ક્ષેત્રે ઉત્પન્ન તીર્થંકરોનો અભાવ હોવાથી અને મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરોનો સદ્‌ભાવ હોવાથી મનુષ્યક્ષેત્રમાં પ્રવર્તતા તીર્થનાયકો સહિત વર્તમાનકાળગોચર કરીને, (-મહાવિદેહક્ષેત્રમાં વર્તતા શ્રીસીમંધરાદિ તીર્થંકરોની જેમ જાણે બધાય પંચપરમેષ્ઠી ભગવંતો વર્તમાનકાળમાં જ વર્તતા હોય એમ અત્યંત ભક્તિને લીધે ભાવીને-ચિંતવીને, તેમને) યુગપદ્ યુગપદ્ અર્થાત્ સમુદાયરૂપે અને પ્રત્યેક પ્રત્યેકને અર્થાત્ વ્યક્તિગતરૂપે [2]સંભાવું છું. કઈ રીતે સંભાવું છું? મોક્ષલક્ષ્મીના સ્વયંવર સમાન જે પરમ નિર્ગ્રંથતાની દીક્ષાનો ઉત્સવ (-આનંદમય પ્રસંગ) તેને ઉચિત મંગળાચરણભૂત જે [3]કૃતિકર્મશાસ્ત્રોપદિષ્ટ વંદનોચ્ચાર (કૃતિકર્મશાસ્ત્રે ઉપદેશેલાં સ્તુતિવચન) તે વડે સંભાવું છું.

---

૧. અતીત = ગત; થઈ ગયેલા; ભૂતકાળના.

૨. સંભાવવું = સંભાવના કરવી; સન્માન કરવું; આરાધવું.

૩. અંગબાહ્ય ૧૪ પ્રકીર્ણકોમાં છઠ્ઠું પ્રકીર્ણક 'કૃતિકર્મ' છે, જેમાં નિત્ય-નૈમિત્તિક ક્રિયાનું વર્ણન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**अथैवमर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधूनां प्रणतिवन्दनाभिधानप्रवृत्तद्वैतद्वारेण भाव्यभावकभावविजृम्भितातिनिर्भरेतरेतरसंवलनबलविलीननिखिलस्वपरविभागतया प्रवृत्ताद्वैतं नमस्कारं कृत्वा ॥४॥ तेषामेवार्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधूनां विशुद्धज्ञानदर्शनप्रधानत्वेन सहजशुद्धदर्शनज्ञानस्वभावात्मतत्त्वश्रद्धानावबोधलक्षणसम्यग्दर्शनज्ञानसंपादकमाश्रमं समासाद्य सम्यग्दर्शनज्ञानसंपन्नो भूत्वा,**

---

तथा हि—साम्प्रतमत्र भरतक्षेत्रे तीर्थकराभावात् पञ्चमहाविदेहस्थितश्रीसीमन्धरस्वामितीर्थकरपरमदेवप्रभृतितीर्थकरैः सह तानेव पञ्चपरमेष्ठिनो नमस्करोमि । कया । करणभूतया मोक्षलक्ष्मीस्वयंवरमण्डपभूतजिनदीक्षाक्षणे मङ्गलाचारभूतया अनन्तज्ञानादिसिद्धगुणभावनारूपया सिद्धभक्त्या, तथैव निर्मलसमाधिपरिणतपरमयोगिगुणभावनालक्षणया योगभक्त्या चेति । एवं पूर्वविदेहतीर्थकरनमस्कारमुख्यत्वेन गाथा गतेत्यभिप्रायः ॥ ३ ॥ अथ **किच्चा** कृत्वा । कम् । **णमो** नमस्कारम् । केभ्यः । **अरहंताणं सिद्धाणं तह णमो गणहराणं अज्झावयवग्गाणं साहूणं चेव** अर्हत्सिद्धगणधरोपाध्यायसाधुभ्यश्चैव । कतिसंख्योपेतेभ्यः । **सव्वेसिं** सर्वेभ्यः। इति पूर्वगाथात्रयेण कृतपञ्चपरमेष्ठिनमस्कारोपसंहारोऽयम् ॥ ४ ॥

---

**હવે એ રીતે અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય તથા સર્વ સાધુને, પ્રણામ અને વંદનોચ્ચાર વડે પ્રવર્તતા <u>દ્વૈત</u> દ્વારા, [૧]ભાવ્યભાવકપણાને લીધે ઊપજેલા અતિ ગાઢ [૨]ઇતરેતર મિલનના કારણે સમસ્ત સ્વપરનો વિભાગ વિલીન થઈ જવાથી જેમાં [૩]અદ્વૈત પ્રવર્તે છે એવો નમસ્કાર કરીને, તે જ અર્હંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સર્વસાધુના આશ્રમને—કે જે (આશ્રમ) વિશુદ્ધજ્ઞાનદર્શનપ્રધાન હોવાથી [૪]સહજશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવવાળા આત્મતત્ત્વનાં શ્રદ્ધાન ને જ્ઞાન જેમનાં લક્ષણ છે એવાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો [૫]સંપાદક છે તેને—પામીને, સમ્યગ્દર્શનજ્ઞાનસંપન્ન થઈને, જેમાં [૬]કષાયકણ વિદ્યમાન હોવાથી જીવને જે પુણ્યબંધની પ્રાપ્તિનું**

---

૧. ભાવ્ય = ભાવવાયોગ્ય; ચિંતવવાયોગ્ય; ધ્યાન કરવા યોગ્ય અર્થાત્ ધ્યેય.
ભાવક = ભાવનાર; ચિંતવનાર; ધ્યાન કરનાર અર્થાત્ ધ્યાતા.

૨. ઇતરેતર મિલન = એકબીજાનું—પરસ્પર—મળી જવું અર્થાત્ મિશ્રિત થઈ જવું.

૩. પંચ પરમેષ્ઠી પ્રત્યે અત્યંત આરાધ્યભાવને લીધે આરાધ્ય એવા પંચ પરમેષ્ઠી ભગવંતોનો અને આરાધક એવા પોતાનો ભેદ વિલય પામે છે. આ રીતે નમસ્કારમાં અદ્વૈત પ્રવર્તે છે.

જોકે નમસ્કારમાં (૧) પ્રણામ અને (૨) વંદનોચ્ચાર બન્ને સમાતાં હોવાથી તેમાં દ્વૈત (બે-પણું) કહ્યું છે તોપણ તીવ્ર ભક્તિભાવથી સ્વપરનો ભેદ વિલીન થઈ જવાની અપેક્ષાએ તો તેમાં અદ્વૈત પ્રવર્તે છે.

૪. સહજશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવવાળા = સહજ શુદ્ધ દર્શન અને જ્ઞાન જેનો સ્વભાવ છે એવા

૫. સંપાદક = પ્રાપ્ત કરાવનાર; ઉત્પન્ન કરનાર.

૬. કષાયકણ = કષાયનો નાનો અંશ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जीवत्कषायकणतया पुण्यबन्धसंप्राप्तिहेतुभूतं सरागचारित्रं क्रमापतितमपि दूरमुत्क्रम्य सकलकषायकलिकलङ्कविविक्ततया निर्वाणसंप्राप्तिहेतुभूतं वीतरागचारित्राख्यं साम्यमुपसंपद्ये । सम्यग्दर्शनज्ञानचारित्रैक्यात्मकैकाग्र्यं गतोऽस्मीति प्रतिज्ञार्थः । एवं तावदयं साक्षान्मोक्षमार्गं संप्रतिपन्नः ॥ ५ ॥

अथायमेव वीतरागसरागचारित्रयोरिष्टानिष्टफलत्वेनोपादेयहेयत्वं विवेचयति—

**संपज्जदि णिव्वाणं देवासुरमणुयरायविहवेहिं ।**
**जीवस्स चरित्तादो दंसणणाणप्पहाणादो ॥ ६ ॥**

एवं पञ्चपरमेष्ठिनमस्कारं कृत्वा किं करोमि । **उवसंपयामि** उपसंपद्ये समाश्रयामि । किम् । **सम्मं** साम्यं चारित्रम् । यस्मात् किं भवति । **जत्तो णिव्वाणसंपत्ती** यस्मान्निर्वाणसंप्राप्तिः । किं कृत्वा पूर्वं । **समासिज्ज** समासाद्य प्राप्य । कम् । **विसुद्धणाणदंसणपहाणासमं** विशुद्धज्ञानदर्शनलक्षणप्रधानाश्रमम् । केषां सम्बंधित्वेन । **तेसिं** तेषां पूर्वोक्तपञ्चपरमेष्ठिनामिति । तथाहि—अहमाराधकः, एते चार्हदादय आराध्या, इत्याराध्याराधकविकल्परूपो द्वैतनमस्कारो भण्यते । रागाद्युपाधिविकल्परहितपरमसमाधिबलेनात्मन्येवाराध्याराधकभावः पुनरद्वैतनमस्कारो भण्यते । इत्येवंलक्षणं पूर्वोक्तगाथात्रयकथितप्रकारेण पञ्चपरमेष्ठिसम्बंधिनं द्वैताद्वैतनमस्कारं कृत्वा । ततः किं करोमि । रागादिभ्यो भिन्नोऽयं स्वात्मोत्थसुखस्वभावः परमात्मेति भेदज्ञानं, तथा स एव सर्वप्रकारोपादेय इति रुचिरूपं सम्यक्त्वमित्युक्तलक्षणज्ञानदर्शनस्वभावं, मठचैत्यालयादिलक्षणव्यवहाराश्रमाद्विलक्षणं, भावाश्रमरूपं प्रधानाश्रमं प्राप्य, तत्पूर्वकं क्रमायातमपि सरागचारित्रं पुण्यबन्धकारणमिति ज्ञात्वा परिहृत्य निश्चलशुद्धात्मानु-

---

કારણ છે એવા સરાગચારિત્રને—તે (સરાગચારિત્ર) ક્રમે આવી પડ્યું હોવા છતાં (ગુણસ્થાન-આરોહણના ક્રમમાં જબરજસ્તીથી અર્થાત્ ચારિત્રમોહના મંદ ઉદયથી આવી પડેલું હોવા છતાં)—દૂર ઓળંગી જઈને, જે સમસ્ત કષાયક્લેશરૂપ કલંકથી ભિન્ન હોવાથી નિર્વાણની પ્રાપ્તિનું કારણ છે એવા વીતરાગચારિત્ર નામના સામ્યને પ્રાપ્ત કરું છું. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્રના ઐક્યસ્વરૂપ એકાગ્રતાને હું અવલંબ્યો છું એવો (આ) પ્રતિજ્ઞાનો અર્થ છે. આ રીતે ત્યારે આમણે (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવે) સાક્ષાત્ મોક્ષમાર્ગને અંગીકાર કર્યો. ૧-૫.

હવે આ જ (ભગવાન કુંદકુંદાચાર્યદેવ) વીતરાગચારિત્ર ઇષ્ટ ફળવાળું હોવાથી તેનું ઉપાદેયપણું અને સરાગચારિત્ર અનિષ્ટ ફળવાળું હોવાથી તેનું હેયપણું વિવેચે છે :—

**સુર-અસુર-મનુજેન્દ્રો તણા વિભવો સહિત નિર્વાણની**
**પ્રાપ્તિ કરે ચારિત્રથી જીવ જ્ઞાનદર્શનમુખ્યથી. ૬.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



संपद्यते निर्वाणं देवासुरमनुजराजविभवैः ।
जीवस्य चरित्राद्दर्शनज्ञानप्रधानात् ॥ ६ ॥

संपद्यते हि दर्शनज्ञानप्रधानाच्चारित्राद्वीतरागान्मोक्षः । तत एव च सरागाद्देवासुरमनुजराजविभवक्लेशरूपो बन्धः । अतो मुमुक्षुणेष्टफलत्वाद्वीतरागचारित्रमुपादेयमनिष्टफलत्वात्सरागचारित्रं हेयम् ॥ ६ ॥

अथ चारित्रस्वरूपं विभावयति—

चारित्तं खलु धम्मो धम्मो जो सो समो त्ति णिद्दिट्ठो ।
मोहक्खोहविहीणो परिणामो अप्पणो हु समो ॥ ७ ॥

---

भूतिस्वरूपं वीतरागचारित्रमहमाश्रयामीति भावार्थः । एवं प्रथमस्थले नमस्कारमुख्यत्वेन गाथापञ्चकं गतम् ॥ ५ ॥ अथोपादेयभूतस्यातींद्रियसुखस्य कारणत्वाद्वीतरागचारित्रमुपादेयम् । अतींद्रियसुखापेक्षया हेयस्येन्द्रियसुखस्य कारणत्वात्सरागचारित्रं हेयमित्युपदिशति—**संपज्जदि** संपद्यते । किम् । **णिव्वाणं** निर्वाणम् । कथम् । सह । कैः । **देवासुरमणुयरायविहवेहिं** देवासुरमनुष्यराजविभवैः । कस्य । **जीवस्स** जीवस्य । कस्मात् । **चरित्तादो** चारित्रात् । कथंभूतात् । **दंसणणाणप्पहाणादो** सम्यग्दर्शनज्ञानप्रधानादिति । तद्यथा—आत्माधीनज्ञानसुखस्वभावे शुद्धात्मद्रव्ये यन्निश्चलनिर्विकारानुभूतिरूपमवस्थानं

---

**અન્વયાર્થઃ—** [जीवस्य] જીવને [दर्शनज्ञानप्रधानात्] દર્શનજ્ઞાનપ્રધાન [चरित्रात्] ચારિત્રથી [देवासुरमनुजराजविभवैः] દેવેન્દ્ર, અસુરેન્દ્ર ને નરેન્દ્રના વૈભવો સહિત [निर्वाणं] નિર્વાણ [संपद्यते] પ્રાપ્ત થાય છે. (જીવને સરાગચારિત્રથી દેવેન્દ્ર વગેરેના વૈભવની અને વીતરાગ ચારિત્રથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે.)

**ટીકાઃ—**દર્શનજ્ઞાનપ્રધાન ચારિત્રથી, જો તે (ચારિત્ર) વીતરાગ હોય તો, મોક્ષ પ્રાપ્ત થાય છે; અને તેનાથી જ, જો તે સરાગ હોય તો, દેવેંદ્ર-અસુરેંદ્ર-નરેંદ્રના વૈભવક્લેશરૂપ બંધ પ્રાપ્ત થાય છે. આથી મુમુક્ષુએ ઇષ્ટ ફળવાળું હોવાથી વીતરાગચારિત્ર ગ્રહણ કરવાયોગ્ય (ઉપાદેય) છે, અને અનિષ્ટ ફળવાળું હોવાથી સરાગચારિત્ર છોડવાયોગ્ય (હેય) છે. ૬.

હવે ચારિત્રનું સ્વરૂપ વ્યક્ત કરે છે:—

ચારિત્ર છે તે ધર્મ છે, જે ધર્મ છે તે સામ્ય છે;
ને સામ્ય જીવનો મોહક્ષોભવિહીન નિજ પરિણામ છે. ૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**चारित्तं खलु धम्मो धम्मो जो सो समो त्ति णिद्दिट्ठो ।**
**मोहक्खोहविहीणो परिणामो अप्पणो हु समो ॥ ७ ॥**

चारित्रं खलु धर्मो धर्मो यस्तत्साम्यमिति निर्दिष्टम् ।
मोहक्षोभविहीनः परिणाम आत्मनो हि साम्यम् ॥ ७ ॥

**स्वरूपे चरणं चारित्रं, स्वसमयप्रवृत्तिरित्यर्थः । तदेव वस्तुस्वभावत्वाद्धर्मः । शुद्ध-चैतन्यप्रकाशनमित्यर्थः । तदेव च यथावस्थितात्मगुणत्वात्साम्यम् । साम्यं तु दर्शनचारित्र-मोहनीयोदयापादितसमस्तमोहक्षोभाभावादत्यन्तनिर्विकारो जीवस्य परिणामः ॥ ७ ॥**

---

तल्लक्षणनिश्चयचारित्राज्जीवस्य समुत्पद्यते । किम् । पराधीनेन्द्रियजनितज्ञानसुखविलक्षणं, स्वाधीनातीन्द्रिय-रूपपरमज्ञानसुखलक्षणं निर्वाणम् । सरागचारित्रात्पुनर्देवासुरमनुष्यराजविभूतिजनको मुख्यवृत्त्या विशिष्ट-पुण्यबन्धो भवति, परम्परया निर्वाणं चेति । असुरेषु मध्ये सम्यग्दृष्टिः कथमुत्पद्यते इति चेत्— निदानबन्धेन सम्यक्त्वविराधनां कृत्वा तत्रोत्पद्यत इति ज्ञातव्यम् । अत्र निश्चयेन वीतरागचारित्र-मुपादेयं सरागं हेयमिति भावार्थः ॥ ६ ॥ अथ निश्चयचारित्रस्य पर्यायनामानि कथयामीत्यभिप्रायं मनसि संप्रधार्य सूत्रमिदं निरूपयति, एवमग्रेऽपि विवक्षितसूत्रार्थं मनसि धृत्वाथवास्य सूत्रस्याग्रे सूत्र-मिदमुचितं भवत्येवं निश्चित्य सूत्रमिदं प्रतिपादयतीति पातनिकालक्षणं यथासंभवं सर्वत्र ज्ञातव्यम्— **चारित्तं** चारित्रं कर्तृ **खलु** खलु स्फुटं **धम्मो** धर्मो भवति । **धम्मो जो सो समो त्ति णिद्दिट्ठो** धर्मो यः स तु शम इति निर्दिष्टः । **समो** यस्तु शमः सः **मोहक्खोहविहीणो परिणामो**

---

**અન્વયાર્થ**:—[चारित्रं] ચારિત્ર [खलु] ખરેખર [धर्मः] ધર્મ છે. [यः धर्मः] જે ધર્મ છે [तत् साम्यम्] તે સામ્ય છે [इति निर्दिष्टम्] એમ (શાસ્ત્રમાં) કહ્યું છે. [साम्यं हि] સામ્ય [मोहक्षोभविहीनः] મોહક્ષોભરહિત એવો [आत्मनः परिणामः] આત્માનો પરિણામ (ભાવ) છે.

**ટીકા**:—સ્વરૂપમાં ચરવું (-રમવું) તે ચારિત્ર છે; સ્વસમયમાં પ્રવૃત્તિ (અર્થાત્ પોતાના સ્વભાવમાં પ્રવર્તવું) એવો તેનો અર્થ છે, તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે; શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું એવો તેનો અર્થ છે. તે જ યથાસ્થિત આત્મગુણ હોવાથી (અર્થાત્ વિષમતા વિનાનો-સુસ્થિત-આત્માનો ગુણ હોવાથી) સામ્ય છે. અને સામ્ય, દર્શનમોહનીય તથા ચારિત્રમોહનીયના ઉદયથી ઉત્પન્ન થતા સમસ્ત મોહ અને ક્ષોભના અભાવને લીધે અત્યંત નિર્વિકાર એવો જીવનો પરિણામ છે.

**ભાવાર્થ**:—શુદ્ધ આત્માની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વથી વિરુદ્ધ ભાવ (અર્થાત્ મિથ્યાત્વ) તે મોહ, અને નિર્વિકાર નિશ્ચળ ચૈતન્યપરિણતિરૂપ ચારિત્રથી વિરુદ્ધ ભાવ (અર્થાત્ અસ્થિરતા) તે ક્ષોભ. મોહ અને ક્ષોભ રહિત પરિણામ, સામ્ય, ધર્મ અને ચારિત્ર એ બધાં એકાર્થવાચક છે. ૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

अथात्मनश्चारित्रत्वं निश्चिनोति—

परिणमदि जेण दव्वं तक्कालं तम्मय त्ति पण्णत्तं ।
तम्हा धम्मपरिणदो आदा धम्मो मुणेयव्वो ॥ ८ ॥

परिणमति येन द्रव्यं तत्कालं तन्मयमिति प्रज्ञप्तम् ।
तस्माद्धर्मपरिणत आत्मा धर्मो मन्तव्यः ॥ ८ ॥

---

**अप्पणो हु** मोहक्षोभविहीनः परिणामः । कस्य । आत्मनः । **हु** स्फुटमिति । तथाहि—शुद्धचित्स्वरूपे चरणं चारित्रं, तदेव चारित्रं मिथ्यात्वरागादिसंसरणरूपे भावसंसारे पतन्तं प्राणिनमुद्धृत्य निर्विकार-शुद्धचैतन्ये धरतीति धर्मः । स एव धर्मः स्वात्मभावनोत्थसुखामृतशीतजलेन कामक्रोधादिरूपाग्नि-जनितस्य संसारदुःखदाहस्योपशमकत्वात् शम इति । ततश्च शुद्धात्मश्रद्धानरूपसम्यक्त्वस्य विनाशको दर्शनमोहाभिधानो मोह इत्युच्यते । निर्विकारनिश्चलचित्तवृत्तिरूपचारित्रस्य विनाशकश्चारित्रमोहाभिधानः क्षोभ इत्युच्यते । तयोर्विध्वंसकत्वात्स एव शमो मोहक्षोभविहीनः शुद्धात्मपरिणामो भण्यत इत्य-भिप्रायः ॥ ७ ॥ अथाभेदनयेन धर्मपरिणत आत्मैव धर्मो भवतीत्यावेदयति—**परिणमदि जेण दव्वं तक्काले तम्मय त्ति पण्णत्तं** परिणमति येन पर्यायेण द्रव्यं कर्तृ तत्काले तन्मयं भवतीति प्रज्ञप्तम् यतः कारणात्, **तम्हा धम्मपरिणदो आदा धम्मो मुणेदव्वो** ततः कारणात् धर्मेण परिणत आत्मैव धर्मो मन्तव्य इति । तद्यथा—निजशुद्धात्मपरिणतिरूपो निश्चयधर्मो भवति । पञ्चपरमेष्ठ्यादिभक्ति-परिणामरूपो व्यवहारधर्मस्तावदुच्यते । यतस्तेन तेन विवक्षिताविवक्षितपर्यायेण परिणतं द्रव्यं तन्मयं भवति, ततः पूर्वोक्तधर्मद्वयेन परिणतस्तप्तायःपिण्डवदभेदनयेनात्मैव धर्मो भवतीति ज्ञातव्यम् । तदपि कस्मात्, उपादानकारणसदृशं हि कार्यमिति वचनात् । तच्च पुनरुपादानकारणं शुद्धाशुद्धभेदेन द्विधा । रागादि-विकल्परहितस्वसंवेदनज्ञानमागमभाषया शुक्लध्यानं वा केवलज्ञानोत्पत्तौ शुद्धोपादानकारणं भवति । अशुद्धात्मा तु रागादीनामशुद्धनिश्चयेनाशुद्धोपादानकारणं भवतीति सूत्रार्थः । एवं चारित्रस्य संक्षेप-

---

હવે આત્માનું ચારિત્રપણું (અર્થાત્ આત્મા જ ચારિત્ર છે એમ) નક્કી કરે છેઃ—

જે ભાવમાં પ્રણમે દરવ, તે કાળ તન્મય તે કહ્યું;
જીવદ્રવ્ય તેથી ધર્મમાં પ્રણમેલ ધર્મ જ જાણવું. ૮.

**અન્વયાર્થઃ**—[ द्रव्यं ] દ્રવ્ય જે કાળે [ येन ] જે ભાવરૂપે [ परिणमति ] પરિણમે છે [ तत्कालं ] તે કાળે [ तन्मयं ] તન્મય છે [ इति ] એમ [ प्रज्ञप्तं ] (જિનેંદ્રદેવે) કહ્યું છે; [ तस्मात् ] તેથી [ धर्मपरिणतः आत्मा ] ધર્મપરિણત આત્મા [ धर्मः मन्तव्यः ] ધર્મ જાણવો.

यत्खलु द्रव्यं यस्मिन्काले येन भावेन परिणमति तत् तस्मिन् काले किलौष्ण्यपरिणतायःपिण्डवत्तन्मयं भवति । ततोऽयमात्मा धर्मेण परिणतो धर्म एव भवतीति सिद्धमात्मनश्चारित्रत्वम् ॥ ८ ॥

अथ जीवस्य शुभाशुभशुद्धत्वं निश्चिनोति—

**जीवो परिणमदि जदा सुहेण असुहेण वा सुहो असुहो ।**
**सुद्धेण तदा सुद्धो हवदि हि परिणामसब्भावो ॥ ९ ॥**

**जीवः परिणमति यदा शुभेनाशुभेन वा शुभोऽशुभः ।**
**शुद्धेन तदा शुद्धो भवति हि परिणामस्वभावः ॥ ९ ॥**

---

सूचनरूपेण द्वितीयस्थले गाथात्रयं गतम् ॥ ८ ॥ अथ शुभाशुभशुद्धोपयोगत्रयेण परिणतो जीवः शुभाशुभशुद्धोपयोगस्वरूपो भवतीत्युपदिशति—**जीवो परिणमदि जदा सुहेण असुहेण वा** जीवः कर्ता यदा परिणमति शुभेनाशुभेन वा परिणामेन **सुहो असुहो हवदि** तदा शुभेन शुभो भवति, अशुभेन वाऽशुभो भवति । **सुद्धेण तदा सुद्धो हि** शुद्धेन यदा परिणमति तदा शुद्धो भवति, **हि** स्फुटम् ।

---

ટીકાઃ—ખરેખર જે દ્રવ્ય જે કાળે જે ભાવરૂપે પરિણમે છે તે દ્રવ્ય તે કાળે, ઉષ્ણતારૂપે પરિણમેલા લોખંડના ગોળાની જેમ, તે-મય છે; તેથી આ આત્મા ધર્મે પરિણમ્યો થકો ધર્મ જ છે. આ રીતે આત્માનું ચારિત્રપણું સિદ્ધ થયું.

ભાવાર્થઃ—ચારિત્ર આત્માનો જ ભાવ છે એમ ૭ મી ગાથામાં કહ્યું હતું. આ ગાથામાં અભેદનયે એમ કહ્યું કે જેમ ઉષ્ણતાભાવે પરિણમેલો લોખંડનો ગોળો તે પોતે જ ઉષ્ણતા છે—લોખંડનો ગોળો ને ઉષ્ણતા જુદાં નથી, તેમ ચારિત્રભાવે પરિણમેલો આત્મા પોતે જ ચારિત્ર છે. ૮.

હવે જીવનું શુભપણું, અશુભપણું અને શુદ્ધપણું (અર્થાત્ જીવ જ શુભ, અશુભ અને શુદ્ધ છે એમ) નક્કી કરે છે:—

**શુભ કે અશુભમાં પ્રણમતાં શુભ કે અશુભ આત્મા બને,**
**શુદ્ધે પ્રણમતાં શુદ્ધ, પરિણામસ્વભાવી હોઈને. ૯.**

**અન્વયાર્થઃ**—[जीवः] જીવ, [परिणामस्वभावः] પરિણામસ્વભાવી હોવાથી, [यदा] જ્યારે [शुभेन वा अशुभेन] શુભ કે અશુભ ભાવે [परिणमति] પરિણમે છે [शुभः अशुभः] ત્યારે શુભ કે અશુભ (પોતે જ) થાય છે [शुद्धेन] અને જ્યારે શુદ્ધ ભાવે પરિણમે છે [तदा शुद्धः हि भवति] ત્યારે શુદ્ધ થાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**यदाऽयमात्मा शुभेनाशुभेन वा रागभावेन परिणमति तदा जपातापिच्छरागपरिणतस्फटिकवत् परिणामस्वभावः सन् शुभोऽशुभश्च भवति । यदा पुनः शुद्धेनारागभावेन परिणमति तदा शुद्धारागपरिणतस्फटिकवत्परिणामस्वभावः सन् शुद्धो भवतीति सिद्धं जीवस्य शुभाशुभशुद्धत्वम् ॥ ९ ॥**

---

कथंभूतः सन् । **परिणामसब्भावो** परिणामसद्भावः सन्निति । तद्यथा—यथा स्फटिकमणिविशेषो निर्मलोऽपि जपापुष्पादिरक्तकृष्णश्वेतोपाधिवशेन रक्तकृष्णश्वेतवर्णो भवति, तथाऽयं जीवः स्वभावेन शुद्धबुद्धैकस्वरूपोऽपि व्यवहारेण गृहस्थापेक्षया यथासंभवं सरागसम्यक्त्वपूर्वकदानपूजादिशुभानुष्ठानेन, तपोधनापेक्षया तु मूलोत्तरगुणादिशुभानुष्ठानेन परिणतः शुभो ज्ञातव्य इति । मिथ्यात्वाविरतिप्रमादकषाययोगपञ्चप्रत्ययरूपाशुभोपयोगेनाशुभो विज्ञेयः । निश्चयरत्नत्रयात्मकशुद्धोपयोगेन परिणतः शुद्धो ज्ञातव्य इति । किंच जीवस्यासंख्येयलोकमात्रपरिणामाः सिद्धान्ते मध्यमप्रतिपत्त्या मिथ्यादृष्ट्यादिचतुर्दशगुणस्थानरूपेण कथिताः । अत्र प्राभृतशास्त्रे तान्येव गुणस्थानानि संक्षेपेणाशुभशुभशुद्धोपयोगरूपेण कथितानि । कथमिति चेत्—मिथ्यात्वसासादनमिश्रगुणस्थानत्रये तारतम्येनाशुभोपयोगः, तदनन्तरमसंयतसम्यग्दृष्टिदेशविरतप्रमत्तसंयतगुणस्थानत्रये तारतम्येन शुभोपयोगः, तदनन्तरमप्रमत्तादिक्षीणकषायान्तगुणस्थानषट्के तारतम्येन शुद्धोपयोगः, तदनन्तरं सयोग्ययोगिजिनगुणस्थानद्वये शुद्धोपयोगफलमिति भावार्थः ॥ ९ ॥

---

**ટીકાઃ**—જ્યારે આ આત્મા શુભ કે અશુભ રાગભાવે પરિણમે છે ત્યારે જાસુદપુષ્પના કે તમાલપુષ્પના (લાલ કે કાળા) રંગે પરિણમેલા સ્ફટિકની જેમ, પરિણામસ્વભાવી હોવાથી, શુભ કે અશુભ થાય છે (અર્થાત્ તે વખતે આત્મા પોતે જ શુભ કે અશુભ છે); અને જ્યારે શુદ્ધ અરાગભાવે પરિણમે છે ત્યારે શુદ્ધ અરંગે (રંગરહિતપણે) પરિણમેલા સ્ફટિકની જેમ, પરિણામસ્વભાવી હોવાથી, શુદ્ધ થાય છે (અર્થાત્ તે વખતે આત્મા પોતે જ શુદ્ધ છે). એ રીતે જીવનું શુભપણું, અશુભપણું અને શુદ્ધપણું સિદ્ધ થયું.

**ભાવાર્થઃ**—આત્મા સર્વથા કૂટસ્થ નથી, પણ ટકીને પરિણમવું તેનો સ્વભાવ છે; તેથી જેવા જેવા ભાવે તે પરિણમે છે તેવો તેવો તે પોતે થઈ જાય છે. જેમ સ્ફટિકમણિ સ્વભાવે નિર્મળ હોવા છતાં જ્યારે લાલ કે કાળા ફૂલના સંયોગનિમિત્તે પરિણમે છે ત્યારે લાલ કે કાળો પોતે જ થાય છે, તેમ આત્મા સ્વભાવે શુદ્ધબુદ્ધ-એકસ્વરૂપી હોવા છતાં વ્યવહારે જ્યારે ગૃહસ્થદશામાં સમ્યક્ત્વપૂર્વક દાનપૂજાદિ શુભ અનુષ્ઠાનરૂપ શુભોપયોગે અને મુનિદશામાં મૂળ ગુણ તથા ઉત્તર ગુણ વગેરે શુભ અનુષ્ઠાનરૂપ શુભોપયોગે પરિણમે છે ત્યારે પોતે જ શુભ થાય છે, અને મિથ્યાત્વાદિ પાંચ પ્રત્યયરૂપ અશુભોપયોગે પરિણમે છે ત્યારે પોતે જ અશુભ થાય છે. વળી જેમ સ્ફટિકમણિ પોતાના સ્વાભાવિક નિર્મળ રંગે પરિણમે છે ત્યારે પોતે જ શુદ્ધ થાય છે તેમ આત્મા પણ નિશ્ચયરત્નત્રયાત્મક શુદ્ધોપયોગે પરિણમે છે ત્યારે પોતે જ શુદ્ધ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

अथ परिणामं वस्तुस्वभावत्वेन निश्चिनोति—

णत्थि विणा परिणामं अत्थो अत्थं विणेह परिणामो ।
दव्वगुणपज्जयत्थो अत्थो अत्थित्तणिव्वत्तो ॥ १० ॥

नास्ति विना परिणाममर्थोऽर्थं विनेह परिणामः ।
द्रव्यगुणपर्ययस्थोऽर्थोऽस्तित्वनिर्वृत्तः ॥ १० ॥

न खलु परिणाममन्तरेण वस्तु सत्तामालम्बते । वस्तुनो द्रव्यादिभिः परिणामात् पृथगुपलम्भाभावान्निःपरिणामस्य खरशृङ्गकल्पत्वाद् दृश्यमानगोरसादिपरिणामविरोधाच्च ।

---

अथ नित्यैकान्तक्षणिकैकान्तनिषेधार्थं परिणामपरिणामिनोः परस्परं कथंचिदभेदं दर्शयति—**णत्थि विणा परिणामं अत्थो** मुक्तजीवे तावत्कथ्यते, सिद्धपर्यायरूपशुद्धपरिणामं विना शुद्धजीवपदार्थो नास्ति । कस्मात् । संज्ञालक्षणप्रयोजनादिभेदेऽपि प्रदेशभेदाभावात् । **अत्थं विणेह परिणामो** मुक्तात्मपदार्थं विना इह जगति शुद्धात्मोपलम्भलक्षणः सिद्धपर्यायरूपः शुद्धपरिणामो नास्ति । कस्मात् । संज्ञादिभेदेऽपि प्रदेशभेदाभावात् **दव्वगुणपज्जयत्थो** आत्मस्वरूपं द्रव्यं तत्रैव केवलज्ञानादयो गुणाः

---

સિદ્ધાંતમાં જીવના અસંખ્ય પરિણામોને મધ્યમ વર્ણનથી ૧૪ ગુણસ્થાનરૂપે કહેવામાં આવ્યા છે. તે ગુણસ્થાનોને સંક્ષેપથી 'ઉપયોગ'રૂપે વર્ણવતાં, પ્રથમ ત્રણ ગુણસ્થાનોમાં તારતમ્યપૂર્વક (ઘટતો ઘટતો) અશુભોપયોગ, ચોથાથી છઠ્ઠા ગુણસ્થાન સુધી તારતમ્યપૂર્વક (વધતો વધતો) શુભોપયોગ, સાતમાથી બારમા ગુણસ્થાન સુધી તારતમ્યપૂર્વક શુદ્ધોપયોગ અને છેલ્લાં બે ગુણસ્થાનોમાં શુદ્ધોપયોગનું ફળ—આવું વર્ણન કથંચિત્ થઈ શકે છે. ૯.

હવે પરિણામ વસ્તુનો સ્વભાવ છે એમ નક્કી કરે છે:—

પરિણામ વિણ ન પદાર્થ, ને ન પદાર્થ વિણ પરિણામ છે;
ગુણ-દ્રવ્ય-પર્યયસ્થિત ને અસ્તિત્વસિદ્ધ પદાર્થ છે. ૧૦.

**અન્વયાર્થ**:—[ इह ] આ લોકમાં [ परिणामं विना ] પરિણામ વિના [ अर्थः नास्ति ] પદાર્થ નથી, [ अर्थं विना ] પદાર્થ વિના [ परिणामः ] પરિણામ નથી; [ अर्थः ] પદાર્થ [ द्रव्यगुणपर्यायस्थः ] દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહેલો અને [ अस्तित्वनिर्वृत्तः ] (ઉત્પાદવ્યયધ્રૌવ્યમય) અસ્તિત્વથી બનેલો છે.

**ટીકા**:—પરિણામ વિના વસ્તુ હયાતી ધરતી નથી, કારણ કે વસ્તુ દ્રવ્યાદિ વડે (અર્થાત્ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે) પરિણામથી જુદી અનુભવમાં (જોવામાં) આવતી નથી; કેમ કે (૧) પરિણામ વિનાની વસ્તુ ગધેડાના શિંગડા સમાન છે (૨) તથા તેને, જોવામાં આવતા ગોરસ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अन्तरेण वस्तु परिणामोऽपि न सत्तामालम्बते । स्वाश्रयभूतस्य वस्तुनोऽभावे निराश्रयस्य परिणामस्य शून्यत्वप्रसङ्गात् । वस्तु पुनरूर्ध्वतासामान्यलक्षणे द्रव्ये सहभाविविशेषलक्षणेषु गुणेषु क्रमभाविविशेषलक्षणेषु पर्यायेषु व्यवस्थितमुत्पादव्ययध्रौव्यमयास्तित्वेन निर्वर्तित-निर्वृत्तिमच्च । अतः परिणामस्वभावमेव ॥ १० ॥

---

सिद्धरूपः पर्यायश्च, इत्युक्तलक्षणेषु द्रव्यगुणपर्यायेषु तिष्ठतीति द्रव्यगुणपर्यायस्थो भवति । स कः कर्ता । **अत्थो** परमात्मपदार्थः, सुवर्णद्रव्यपीतत्वादिगुणकुण्डलादिपर्यायस्थसुवर्णपदार्थवत् । पुनश्च किंरूपः । **अत्थित्तणिव्वत्तो** शुद्धद्रव्यगुणपर्यायाधारभूतं यच्छुद्धास्तित्वं तेन निर्वृत्तोऽस्तित्वनिर्वृत्तः, सुवर्णद्रव्य-गुणपर्यायास्तित्वनिर्वृत्तसुवर्णपदार्थवदिति । अयमत्र तात्पर्यार्थः । यथा—मुक्तजीवे द्रव्यगुणपर्यायत्रयं परस्पराविनाभूतं दर्शितं तथा संसारिजीवेऽपि मतिज्ञानादिविभावगुणेषु नरनारकादिविभावपर्यायेषु नय-विभागेन यथासंभवं विज्ञेयम्, तथैव पुद्गलादिष्वपि । एवं शुभाशुभशुद्धपरिणामव्याख्यानमुख्यत्वेन तृतीयस्थले गाथाद्वयं गतम् ॥ १० ॥ अथ वीतरागसरागचारित्रसंज्ञयोः शुद्धशुभोपयोगपरिणामयोः

---

વગેરેના (દૂધ, દહીં આદિ) પરિણામો સાથે [૧]વિરોધ આવે છે. (જેમ પરિણામ વિના વસ્તુ હયાતી ધરતી નથી તેમ) વસ્તુ વિના પરિણામ પણ હયાતી ધરતા નથી, કારણ કે સ્વ-આશ્રય-ભૂત વસ્તુના અભાવમાં (અર્થાત્ પોતાને આશ્રયરૂપ જે વસ્તુ તે ન હોય તો) નિરાશ્રય પરિણામને શૂન્યપણાનો પ્રસંગ આવે છે.

વળી વસ્તુ તો [૨]ઊર્ધ્વતાસામાન્યસ્વરૂપ દ્રવ્યમાં, સહભાવી વિશેષસ્વરૂપ (સાથે સાથે રહેનારા વિશેષો–ભેદો જેમનું સ્વરૂપ છે એવા) ગુણોમાં અને ક્રમભાવી વિશેષસ્વરૂપ પર્યાયોમાં રહેલી અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય અસ્તિત્વથી બનેલી છે; માટે વસ્તુ પરિણામસ્વભાવવાળી જ છે.

**ભાવાર્થઃ**—જ્યાં જ્યાં વસ્તુ જોવામાં આવે છે ત્યાં ત્યાં પરિણામ જોવામાં આવે છે; જેમ કે—ગોરસ તેના દૂધ, દહીં, ઘી, છાશ વગેરે પરિણામ સહિત જ જોવામાં આવે છે. જ્યાં પરિણામ નથી ત્યાં વસ્તુ પણ નથી; જેમ કે—કાળાશ, સુંવાળપ વગેરે પરિણામ નથી તો ગધેડાના શિંગડારૂપ વસ્તુ પણ નથી. માટે સિદ્ધ થયું કે વસ્તુ પરિણામ વિના હોતી જ નથી. જેમ વસ્તુ પરિણામ વિના હોતી નથી તેમ પરિણામ પણ વસ્તુ વિના હોતા નથી; કારણ કે વસ્તુરૂપ આશ્રય વિના પરિણામ કોના આધારે રહે? ગોરસરૂપ આશ્રય વિના દૂધ, દહીં વગેરે પરિણામ કોના આધારે થાય?

---

૧. જો વસ્તુને પરિણામ વિનાની માનવામાં આવે તો ગોરસ વગેરે વસ્તુઓના દૂધ, દહીં આદિ પરિણામો પ્રત્યક્ષ દેખાય છે તેની સાથે વિરોધ આવે.

૨. કાળની અપેક્ષાએ ટકવું તેને અર્થાત્ કાળ-અપેક્ષિત પ્રવાહને ઊંચાઈ અથવા ઊર્ધ્વતા કહેવામાં આવે છે. ઊર્ધ્વતાસામાન્ય અર્થાત્ અનાદિ-અનંત ઊંચો (કાળ-અપેક્ષિત) પ્રવાહસામાન્ય તે દ્રવ્ય.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ चारित्रपरिणामसंपर्कसम्भववतोः शुद्धशुभपरिणामयोरुपादानहानाय फल-मालोचयति—

धम्मेण परिणदप्पा अप्पा जदि सुद्धसंपयोगजुदो ।
पावदि णिव्वाणसुहं सुहोवजुत्तो व सग्गसुहं ॥ ११ ॥

धर्मेण परिणतात्मा आत्मा यदि शुद्धसंप्रयोगयुतः ।
प्राप्नोति निर्वाणसुखं शुभोपयुक्तो वा स्वर्गसुखम् ॥ ११ ॥

संक्षेपेण फलं दर्शयति—**धम्मेण परिणदप्पा अप्पा** धर्मेण परिणतात्मा परिणतस्वरूपः सन्नयमात्मा **जदि सुद्धसंपयोगजुदो** यदि चेच्छुद्धोपयोगाभिधानशुद्धसंप्रयोगपरिणामयुतः परिणतो भवति **पावदि णिव्वाणसुहं** तदा निर्वाणसुखं प्राप्नोति । **सुहोवजुत्तो व सग्गसुहं** शुभोपयोगयुतः परिणतः सन् स्वर्ग-सुखं प्राप्नोति । इतो विस्तरम्— इह धर्मशब्देनाहिंसालक्षणः सागारानगाररूपस्तथोत्तमक्षमादि-लक्षणो रत्नत्रयात्मको वा, तथा मोहक्षोभरहित आत्मपरिणामः शुद्धवस्तुस्वभावश्चेति गृह्यते । स एव धर्मः पर्यायान्तरेण चारित्रं भण्यते । 'चारित्तं खलु धम्मो' इति वचनात् । तच्च चारित्रम-पहृतसंयमोपेक्षासंयमभेदेन सरागवीतरागभेदेन वा शुभोपयोगशुद्धोपयोगभेदेन च द्विधा भवति । तत्र

---

વળી વસ્તુ તો દ્રવ્ય-ગુણ-પર્યાયમય છે. ત્યાં ત્રૈકાલિક ઊર્ધ્વ પ્રવાહસામાન્ય તે દ્રવ્ય છે, સાથે સાથે રહેનારા ભેદો તે ગુણો છે અને ક્રમે ક્રમે થતા ભેદો તે પર્યાયો છે. આવાં દ્રવ્ય, ગુણ ને પર્યાયની એકતા વિનાની કોઈ વસ્તુ હોતી નથી. બીજી રીતે કહીએ તો, વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય છે અર્થાત્ તે ઊપજે છે, વિણસે છે અને ટકે છે. આમ તે દ્રવ્ય-ગુણ-પર્યાયમય અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય હોવાથી, તેમાં ક્રિયા (પરિણમન) થયા જ કરે છે. માટે પરિણામ વસ્તુનો સ્વભાવ જ છે. ૧૦.

હવે જેમને ચારિત્રપરિણામ સાથે સંપર્ક (સંબંધ) છે એવા જે શુદ્ધ અને શુભ (બે પ્રકારના) પરિણામો તેમના ગ્રહણ તથા ત્યાગ માટે (-શુદ્ધ પરિણામને ગ્રહવા અને શુભ પરિણામને છોડવા માટે) તેમનું ફળ વિચારે છેઃ—

જો ધર્મપરિણતસ્વરૂપ જીવ શુદ્ધોપયોગી હોય તો
તે પામતો નિર્વાણસુખ, ને સ્વર્ગસુખ શુભયુક્ત જો. ૧૧.

**અન્વયાર્થઃ**—[धर्मेण परिणतात्मा] ધર્મે પરિણમેલા સ્વરૂપવાળો [आत्मा] આત્મા [यदि] જો [शुद्धसंप्रयोगयुतः] શુદ્ધ ઉપયોગમાં જોડાયેલો હોય તો [निर्वाणसुखं] મોક્ષના સુખને [प्राप्नोति] પામે છે [शुभोपयुक्तः वा] અને જો શુભ ઉપયોગવાળો હોય તો [स्वर्गसुखं] સ્વર્ગના સુખને (બંધને) પામે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यदायमात्मा धर्मपरिणतस्वभावः शुद्धोपयोगपरिणतिमुद्वहति तदा निःप्रत्यनीकशक्तितया स्वकार्यकरणसमर्थचारित्रः साक्षान्मोक्षमवाप्नोति । यदा तु धर्मपरिणतस्वभावोऽपि शुभोपयोगपरिणत्या संगच्छते तदा सप्रत्यनीकशक्तितया स्वकार्यकरणासमर्थः कथंचिद्विरुद्धकार्यकारिचारित्रः शिखितप्तघृतोपसिक्तपुरुषो दाहदुःखमिव स्वर्गसुखबन्धमवाप्नोति । अतः शुद्धोपयोग उपादेयः शुभोपयोगो हेयः ॥ ११ ॥

अथ चारित्रपरिणामसंपर्कासंभवादत्यन्तहेयस्याशुभपरिणामस्य फलमालोचयति—

**असुहोदयेण आदा कुणरो तिरियो भवीय णेरइयो ।**
**दुक्खसहस्सेहिं सदा अभिंधुदो भमदि अच्चंतं ॥ १२ ॥**

---

यच्छुद्धसंप्रयोगशब्दवाच्यं शुद्धोपयोगस्वरूपं वीतरागचारित्रं तेन निर्वाणं लभते । निर्विकल्पसमाधिरूपशुद्धोपयोगशक्त्यभावे सति यदा शुभोपयोगरूपसरागचारित्रेण परिणमति तदा पूर्वमनाकुलत्वलक्षणपारमार्थिकसुखविपरीतमाकुलत्वोत्पादकं स्वर्गसुखं लभते । पश्चात् परमसमाधिसामग्रीसद्भावे मोक्षं च

---

**ટીકાઃ**—જ્યારે આ આત્મા ધર્મપરિણત સ્વભાવવાળો વર્તતો થકો શુદ્ધોપયોગપરિણતિને વહન કરે છે—ટકાવી રાખે છે ત્યારે, જે વિરોધી શક્તિ વિનાનું હોવાને લીધે પોતાનું કાર્ય કરવાને સમર્થ છે એવા ચારિત્રવાળો હોવાથી, (તે) સાક્ષાત્ મોક્ષને પામે છે; અને જ્યારે તે ધર્મપરિણત સ્વભાવવાળો હોવા છતાં શુભોપયોગપરિણતિ સાથે જોડાય છે ત્યારે, જે *વિરોધી શક્તિ સહિત હોવાને લીધે સ્વકાર્ય કરવાને અસમર્થ છે અને કથંચિત્ વિરુદ્ધ કાર્ય કરનારું છે એવા ચારિત્રવાળો હોવાથી, જેમ અગ્નિથી ગરમ થયેલું ઘી જેના ઉપર છાંટવામાં આવ્યું હોય તે પુરુષ દાહદુઃખને પામે છે તેમ, સ્વર્ગસુખના બંધને પામે છે. આથી શુદ્ધોપયોગ ઉપાદેય છે અને શુભોપયોગ હેય છે.

**ભાવાર્થઃ**—જેમ ઘી સ્વભાવે શીતળતા ઉત્પન્ન કરનારું હોવા છતાં ગરમ ઘીથી દઝાય છે, તેમ ચારિત્ર સ્વભાવે મોક્ષ કરનારું હોવા છતાં સરાગ ચારિત્રથી બંધ થાય છે. જેમ ઠંડું ઘી શીતળતા ઉત્પન્ન કરે છે, તેમ વીતરાગ ચારિત્ર સાક્ષાત્ મોક્ષનું કારણ છે. ૧૧.

હવે ચારિત્રપરિણામ સાથે સંપર્ક વિનાનો હોવાથી જે અત્યંત હેય છે એવા અશુભ પરિણામનું ફળ વિચારે છેઃ—

**અશુભોદયે આત્મા કુનર, તિર્યંચ ને નારકપણે**
**નિત્યે સહસ્ર દુઃખે પીડિત, સંસારમાં અતિ અતિ ભમે. ૧૨.**

---

* દાન, પૂજા, પંચ-મહાવ્રત, દેવગુરુધર્મ પ્રત્યે રાગ ઇત્યાદિરૂપ જે શુભોપયોગ છે તે ચારિત્રનો વિરોધી છે. માટે સરાગ (અર્થાત્ શુભોપયોગવાળું) ચારિત્ર વિરોધી શક્તિ સહિત છે અને વીતરાગ ચારિત્ર વિરોધી શક્તિ રહિત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**असुहोदयेणात्मा कुनरस्तिर्यग्भूत्वा नैरयिकः ।**
**दुःखसहस्रैः सदा अभिद्रुतो भ्रमत्यत्यन्तम् ॥ १२ ॥**

यदायमात्मा मनागपि धर्मपरिणतिमनासादयन्नशुभोपयोगपरिणतिमालम्बते तदा कुमनुष्यतिर्यङ्नारकभ्रमणरूपं दुःखसहस्रबन्धमनुभवति । ततश्चारित्रलवस्याप्यभावादत्यन्तहेय एवायमशुभोपयोग इति ॥ १२ ॥ एवमयमपास्तसमस्तशुभाशुभोपयोगवृत्तिः शुद्धोपयोगवृत्ति-मात्मसात्कुर्वाणः शुद्धोपयोगाधिकारमारभते ।

---

लभते इति सूत्रार्थः ॥ ११ ॥ अथ चारित्रपरिणामासंभवादत्यन्तहेयस्याशुभोपयोगस्य फलं दर्शयति— **असुहोदयेण** अशुभोदयेन **आदा** आत्मा **कुणरो तिरियो भवीय णेरइयो** कुनरस्तिर्यङ्नारको भूत्वा । किं करोति । **दुक्खसहस्सेहिं सदा अभिधुदो भमदि अच्चंतं** दुःखसहस्रैः सदा सर्वकालमभिद्रुतः कदर्थितः पीडितः सन् संसारे अत्यन्तं भ्रमतीति । तथाहि—निर्विकारशुद्धात्मतत्त्वरुचिरूपनिश्चय-सम्यक्त्वस्य तत्रैव शुद्धात्मन्यविक्षिप्तचित्तवृत्तिरूपनिश्चयचारित्रस्य च विलक्षणेन विपरीताभिनिवेशजनकेन दृष्टश्रुतानुभूतपञ्चेन्द्रियविषयाभिलाषतीव्रसंक्लेशरूपेण चाशुभोपयोगेन यदुपार्जितं पापकर्म तदुदयेनायमात्मा सहजशुद्धात्मानन्दैकलक्षणपारमार्थिकसुखविपरीतेन दुःखेन दुःखितः सन् स्वस्वभावभावनाच्युतो भूत्वा संसारेऽत्यन्तं भ्रमतीति तात्पर्यार्थः । एवमुपयोगत्रयफलकथनरूपेण चतुर्थस्थले गाथाद्वयं गतम् ॥ १२ ॥ अथ शुभाशुभोपयोगद्वयं निश्चयनयेन हेयं ज्ञात्वा शुद्धोपयोगाधिकारं प्रारभमाणः, शुद्धात्मभावना-मात्मसात्कुर्वाणः सन् जीवस्य प्रोत्साहनार्थं शुद्धोपयोगफलं प्रकाशयति । अथवा द्वितीयपातनिका— यद्यपि शुद्धोपयोगफलमग्रे ज्ञानं सुखं च संक्षेपेण विस्तरेण च कथयति तथाप्यत्रापि पीठिकायां सूचनां करोति । अथवा तृतीयपातनिका—पूर्वं शुद्धोपयोगफलं निर्वाणं भणितमिदानीं पुनर्निर्वाणस्य

---

**અન્વયાર્થ:**—[अशुभोदयेन] અશુભ ઉદયથી [आत्मा] આત્મા [कुनरः] કુમનુષ્ય (હલકો મનુષ્ય), [तिर्यग्] તિર્યંચ [नैरयिकः] અને નારક [भूत्वा] થઈને [दुःखसहस्रैः] હજારો દુઃખોથી [सदा अभिद्रुतः] સદા પીડિત થતો [अत्यंतं भ्रमति] (સંસારમાં) અત્યંત ભમે છે.

**ટીકા:**—જ્યારે આ આત્મા જરા પણ ધર્મપરિણતિને નહિ પ્રાપ્ત કરતો થકો અશુભોપયોગપરિણતિને અવલંબે છે, ત્યારે તે કુમનુષ્યપણે, તિર્યંચપણે અને નારકપણે પરિભ્રમણરૂપ હજારો દુઃખોના બંધને અનુભવે છે; તેથી ચારિત્રના લેશમાત્રનો પણ અભાવ હોવાથી આ અશુભોપયોગ અત્યંત હેય જ છે. ૧૨.

આ રીતે આ (ભગવાન કુંદકુંદાચાર્યદેવ) સમસ્ત શુભાશુભોપયોગવૃત્તિને (શુભ ઉપયોગરૂપ અને અશુભ ઉપયોગરૂપ પરિણતિને) *અપાસ્ત કરીને (-તિરસ્કારીને) શુદ્ધોપયોગ-

---

* અપાસ્ત કરવું = તિરસ્કારવું; તરછોડવું; હેય ગણવું; દૂર કરવું; છોડી દેવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तत्र शुद्धोपयोगफलमात्मनः प्रोत्साहनार्थमभिष्टौति—

अइसयमादसमुत्थं विसयातीदं अणोवममणंतं ।
अव्वुच्छिण्णं च सुहं सुद्धुवओगप्पसिद्धाणं ॥१३॥

अतिशयमात्मसमुत्थं विषयातीतमनौपम्यमनन्तम् ।
अव्युच्छिन्नं च सुखं शुद्धोपयोगप्रसिद्धानाम् ॥ १३ ॥

आसंसारापूर्वपरमाद्भुताह्लादरूपत्वादात्मानमेवाश्रित्य प्रवृत्तत्वात्पराश्रयनिरपेक्षत्वादत्यन्तविलक्षणत्वात्समस्तायतिनिरपायित्वान्नैरन्तर्यप्रवर्तमानत्वाच्चातिशयवदात्मसमुत्थं विषयातीत-

---

फलमनन्तसुखं कथयतीति पातनिकात्रयस्यार्थं मनसि धृत्वा सूत्रमिदं प्रतिपादयति—**अइसयं** आसंसाराद्देवेन्द्रादिसुखेभ्योऽप्यपूर्वाद्भुतपरमाह्लादरूपत्वादतिशयस्वरूपं, **आदसमुत्थं** रागादिविकल्परहितस्वशुद्धात्मसंवित्तिसमुत्पन्नत्वादात्मसमुत्थं, **विसयातीदं** निर्विषयपरमात्मतत्त्वप्रतिपक्षभूतपञ्चेन्द्रियविषयातीतत्वाद्विषयातीतं, **अणोवमं** निरुपमपरमानन्दैकलक्षणत्वेनोपमारहितत्वादनुपमं, **अणंतं** अनन्तागामिकाले विनाशा-

---

વૃત્તિને આત્મસાત્ (આત્મરૂપ, પોતારૂપ) કરતા થકા શુદ્ધોપયોગ–અધિકાર શરૂ કરે છે. તેમાં (પ્રથમ) શુદ્ધોપયોગના ફળને આત્માના પ્રોત્સાહન માટે પ્રશંસે છેઃ—

અત્યંત, આત્મોત્પન્ન, વિષયાતીત, અનુપ, અનંત ને
વિચ્છેદહીન છે સુખ અહો! શુદ્ધોપયોગપ્રસિદ્ધને. ૧૩.

**અન્વયાર્થઃ**—[शुद्धोपयोगप्रसिद्धानां] શુદ્ધોપયોગથી *નિષ્પન્ન થયેલા આત્માઓનું (કેવળીભગવંતોનું અને સિદ્ધભગવંતોનું) [सुखं] સુખ [अतिशयं] અતિશય, [आत्मसमुत्थं] આત્મોત્પન્ન, [विषयातीतं] વિષયાતીત (અતીન્દ્રિય), [अनौपम्यं] અનુપમ (ઉપમા વિનાનું), [अनंतं] અનંત [अव्युच्छिन्नं च] અને અવિચ્છિન્ન (અતૂટક) છે.

**ટીકાઃ**—(૧) અનાદિ સંસારથી જે આહ્લાદ પૂર્વે કદી અનુભવાયો નથી એવા અપૂર્વ, પરમ અદ્ભુત આહ્લાદરૂપ હોવાથી 'અતિશય', (૨) આત્માને જ આશ્રય કરીને (સ્વાશ્રિત) પ્રવર્તતું હોવાથી 'આત્મોત્પન્ન', (૩) પરાશ્રયથી નિરપેક્ષ હોવાથી (–સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દના તથા સંકલ્પ-વિકલ્પના આશ્રયની અપેક્ષા વિનાનું હોવાથી) 'વિષયાતીત', (૪) અત્યંત વિલક્ષણ હોવાથી (અર્થાત્ બીજાં સુખોથી તદ્દન ભિન્ન

* નિષ્પન્ન થવું = નીપજવું; ફળરૂપ થવું; સિદ્ધ થવું. (શુદ્ધોપયોગથી નિષ્પન્ન થયેલા એટલે શુદ્ધોપયોગરૂપ કારણથી કાર્યરૂપ થયેલા.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**मनौपम्यमनन्तमव्युच्छिन्नं च शुद्धोपयोगनिष्पन्नानां सुखमतस्तत्सर्वथा प्रार्थनीयम् ॥ १३ ॥**

**अथ शुद्धोपयोगपरिणतात्मस्वरूपं निरूपयति—**

**सुविदिदपयत्थसुत्तो संजमतवसंजुदो विगदरागो।**
**समणो समसुहदुक्खो भणिदो सुद्धोवओगो त्ति॥१४॥**

**सुविदितपदार्थसूत्रः संयमतपःसंयुतो विगतरागः ।**
**श्रमणः समसुखदुःखो भणितः शुद्धोपयोग इति ॥ १४ ॥**

---

भावादप्रमितत्वाद्वाऽनन्तं, **अव्वुच्छिण्णं** च असातोदयाभावान्निरन्तरत्वादविच्छिन्नं च **सुहं** एवमुक्तविशेषणविशिष्टं सुखं भवति । केषाम् । **सुद्धुवओगप्पसिद्धाणं** वीतरागपरमसामायिकशब्दवाच्यशुद्धोपयोगेन प्रसिद्धा उत्पन्ना येऽर्हत्सिद्धास्तेषामिति । अत्रेदमेव सुखमुपादेयत्वेन निरन्तरं भावनीयमिति भावार्थः ॥ १३ ॥ अथ येन शुद्धोपयोगेन पूर्वोक्तसुखं भवति तत्परिणतपुरुषलक्षणं प्रकाशयति— **सुविदिदपयत्थसुत्तो** सुष्ठु संशयादिरहितत्वेन विदिता ज्ञाता रोचिताश्च निजशुद्धात्मादिपदार्थास्तत्प्रतिपादकसूत्राणि च येन स सुविदितपदार्थसूत्रो भण्यते । **संजमतवसंजुदो** बाह्ये द्रव्येन्द्रियव्यावर्तनेन षड्जीवरक्षणेन चाभ्यन्तरे निजशुद्धात्मसंवित्तिबलेन स्वरूपे संयमनात् संयमयुक्तः, बाह्याभ्यन्तरतपोबलेन कामक्रोधादिशत्रुभिरखण्डितप्रतापस्य स्वशुद्धात्मनि प्रतपनाद्विजयनात्तपःसंयुक्तः । **विगदरागो** वीतराग-

---

લક્ષણવાળું હોવાથી) 'અનુપમ', (૫) સમસ્ત આગામી કાળમાં કદી નાશ નહિ પામતું હોવાથી 'અનંત', અને (૬) અંતર પડ્યા વિના પ્રવર્તતું હોવાથી 'અવિચ્છિન્ન'—આવું શુદ્ધોપયોગથી નિષ્પન્ન થયેલા આત્માઓનું સુખ છે માટે તે (સુખ) સર્વથા પ્રાર્થનીય છે (અર્થાત્ સર્વ પ્રકારે ઇચ્છવાયોગ્ય છે). ૧૩.

હવે શુદ્ધોપયોગે પરિણમેલા આત્માનું સ્વરૂપ નિરૂપે છેઃ—

**સુવિદિતસૂત્રપદાર્થ, સંયમતપ સહિત, વીતરાગ ને**
**સુખદુઃખમાં સમ શ્રમણને શુદ્ધોપયોગ જિનો કહે. ૧૪.**

**અન્વયાર્થઃ**—[सुविदितपदार्थसूत्रः] જેમણે (નિજ શુદ્ધ આત્માદિ) પદાર્થોને અને સૂત્રોને સારી રીતે જાણ્યાં છે, [संयमतपःसंयुतः] જે સંયમ અને તપ સહિત છે, [विगतरागः] જે વીતરાગ અર્થાત્ રાગરહિત છે [समसुखदुःखः] અને જેમને સુખ-દુઃખ સમાન છે, [श्रमणः] એવા શ્રમણને (મુનિવરને) [शुद्धोपयोगः इति भणितः] 'શુદ્ધોપયોગી' કહેવામાં આવ્યા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सूत्रार्थज्ञानबलेन स्वपरद्रव्यविभागपरिज्ञानश्रद्धानविधानसमर्थत्वात्सुविदितपदार्थसूत्रः । सकलषड्जीवनिकायनिशुम्भनविकल्पात्पंचेन्द्रियाभिलाषविकल्पाच्च व्यावर्त्यात्मनः शुद्धस्वरूपे संयमनात्, स्वरूपविश्रान्तनिस्तरङ्गचैतन्यप्रतपनाच्च संयमतपःसंयुतः । सकलमोहनीयविपाकविवेकभावनासौष्ठवस्फुटीकृतनिर्विकारात्मस्वरूपत्वाद्विगतरागः । परमकलावलोकनाननुभूयमान-

---

शुद्धात्मभावनाबलेन समस्तरागादिदोषरहितत्वाद्विगतरागः । **समसुहदुक्खो** निर्विकारनिर्विकल्पसमाधेरुद्गता समुत्पन्ना तथैव परमानन्दसुखरसे लीना तल्लया निर्विकारस्वसंवित्तिरूपा या तु परमकला तदवष्टम्भेनेष्टानिष्टेन्द्रियविषयेषु हर्षविषादरहितत्वात्समसुखदुःखः । **समणो** एवंगुणविशिष्टः श्रमणः परममुनिः **भणिदो सुद्धोवओगो त्ति** शुद्धोपयोगो भणित इत्यभिप्रायः ॥ १४ ॥ एवं शुद्धोपयोगफलभूतानन्तसुखस्य शुद्धोपयोगपरिणतपुरुषस्य च कथनरूपेण पञ्चमस्थले गाथाद्वयं गतम् ॥

इति चतुर्दशगाथाभिः स्थलपञ्चकेन **पीठिकाभिधानः** प्रथमोऽन्तराधिकारः समाप्तः ॥

तदनन्तरं सामान्येन सर्वज्ञसिद्धिर्ज्ञानविचारः संक्षेपेण शुद्धोपयोगफलं चेति कथनरूपेण गाथा-

---

**ટીકાઃ**—સૂત્રોના અર્થના જ્ઞાનબળ વડે સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના વિભાગના [1]પરિજ્ઞાનમાં, શ્રદ્ધાનમાં અને વિધાનમાં (આચરણમાં) સમર્થ હોવાથી (અર્થાત્ સ્વદ્રવ્ય ને પરદ્રવ્યનું ભિન્નપણું જાણ્યું હોવાથી, શ્રદ્ધ્યું હોવાથી અને અમલમાં મૂક્યું હોવાથી) જે (શ્રમણ) 'પદાર્થોને અને (પદાર્થોના પ્રતિપાદક) સૂત્રોને જેમણે સારી રીતે જાણ્યાં છે એવા' છે, સમસ્ત છ જીવનિકાયને હણવાના વિકલ્પથી અને પાંચ ઇંદ્રિયો સંબંધી અભિલાષાના વિકલ્પથી આત્માને [2]વ્યાવૃત્ત કરીને આત્માનું શુદ્ધ સ્વરૂપમાં સંયમન કર્યું હોવાથી અને [3]સ્વરૂપવિશ્રાંત [4]નિસ્તરંગ ચૈતન્ય [5]પ્રતપતું હોવાથી જે 'સંયમ અને તપ સહિત' છે, સકળ મોહનીયના વિપાકથી ભેદની ભાવનાના ઉત્કૃષ્ટપણા વડે (અર્થાત્ સમસ્ત મોહનીયકર્મના ઉદયથી ભિન્નપણાની ઉત્કૃષ્ટ ભાવના વડે) નિર્વિકાર આત્મસ્વરૂપને પ્રગટ કર્યું હોવાથી જે 'વીતરાગ' છે, અને પરમ કળાના અવલોકનને લીધે શાતાવેદનીય તથા અશાતાવેદનીયના વિપાકથી નીપજતાં જે સુખ-દુઃખ તે સુખ-દુઃખજનિત પરિણામની વિષમતા નહિ અનુભવાતી હોવાથી (અર્થાત્ પરમ સુખ-રસમાં લીન નિર્વિકાર સ્વસંવેદનરૂપ

---

૧. પરિજ્ઞાન = પૂરું જ્ઞાન; જ્ઞાન.

૨. વ્યાવૃત્ત કરીને = પાછો વાળીને; અટકાવીને; અલગ કરીને.

૩. સ્વરૂપવિશ્રાંત = સ્વરૂપમાં ઠરી ગયેલું.

૪. નિસ્તરંગ = તરંગ વિનાનું; ચંચળતા રહિત; શાંત; વિકલ્પ વગરનું.

૫. પ્રતપવું = પ્રતાપવંત હોવું; ઝળહળવું; દેદીપ્યમાન હોવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सातासातवेदनीयविपाकनिर्वर्तितसुखदुःखजनितपरिणामवैषम्यत्वात्समसुखदुःखः श्रमणः शुद्धोपयोग इत्यभिधीयते ॥ १४ ॥

अथ शुद्धोपयोगलाभानन्तरभाविशुद्धात्मस्वभावलाभमभिनन्दति—

**उवओगविसुद्धो जो विगदावरणंतरायमोहरओ ।**
**भूदो सयमेवादा जादि पारं णेयभूदाणं ॥ १५ ॥**

**उपयोगविशुद्धो यो विगतावरणान्तरायमोहरजाः ।**
**भूतः स्वयमेवात्मा याति पारं ज्ञेयभूतानाम् ॥ १५ ॥**

---

सप्तकम् । तत्र स्थलचतुष्टयं भवति, तस्मिन् प्रथमस्थले सर्वज्ञस्वरूपकथनार्थं प्रथमगाथा, स्वयम्भूकथनार्थं द्वितीया चेति 'उवओगविसुद्धो' इत्यादि गाथाद्वयम् । अथ तस्यैव भगवत उत्पादव्ययध्रौव्यस्थापनार्थं प्रथमगाथा, पुनरपि तस्यैव दृढीकरणार्थं द्वितीया चेति 'भंगविहीणो' इत्यादि गाथाद्वयम् । अथ सर्वज्ञश्रद्धानेनानन्तसुखं भवतीति दर्शनार्थं 'तं सव्वट्ठवरिट्ठं' इत्यादि सूत्रमेकम् । अथातीन्द्रियज्ञानसौख्यपरिणमनकथनमुख्यत्वेन प्रथमगाथा, केवलिभुक्तिनिराकरणमुख्यत्वेन द्वितीया चेति 'पक्खीणघाइकम्मो' इति प्रभृति गाथाद्वयम् । एवं द्वितीयान्तराधिकारे स्थलचतुष्टयेन समुदाय-

---

પરમ કળાના અનુભવને લીધે ઇષ્ટાનિષ્ટ સંયોગોમાં હર્ષશોકાદિ વિષમ પરિણામો નહિ અનુભવાતા હોવાથી) જે [1]'સમસુખદુઃખ' છે, એવા શ્રમણ શુદ્ધોપયોગી કહેવાય છે. ૧૪.

હવે શુદ્ધોપયોગની પ્રાપ્તિ પછી તુરત જ (અંતર પડ્યા વિના) થતી શુદ્ધ આત્મસ્વભાવની (કેવળજ્ઞાનની) પ્રાપ્તિને પ્રશંસે છે:—

**જે ઉપયોગવિશુદ્ધ તે મોહાદિઘાતિરજ થકી**
**સ્વયમેવ રહિત થયો થકો જ્ઞેયાન્તને પામે સહી. ૧૫.**

**અન્વયાર્થ**:—[यः] જે [उपयोगविशुद्धः] ઉપયોગવિશુદ્ધ (અર્થાત્ શુદ્ધોપયોગી) છે, [आत्मा] તે આત્મા [विगतावरणान्तरायमोहरजाः] જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય અને મોહરૂપ રજથી રહિત [स्वयमेव भूतः] સ્વયમેવ થયો થકો [ज्ञेयभूतानां] જ્ઞેયભૂત પદાર્થોના [पारं याति] પારને પામે છે.

---

૧. સમસુખદુઃખ = સુખ અને દુઃખ (અર્થાત્ ઇષ્ટ તેમ જ અનિષ્ટ સંયોગ) બંને જેમને સમાન છે એવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यो हि नाम चैतन्यपरिणामलक्षणेनोपयोगेन यथाशक्ति विशुद्धो भूत्वा वर्तते स खलु प्रतिपदमुद्भिद्यमानविशिष्टविशुद्धिशक्तिरुद्ग्रन्थितासंसारबद्धदृढतरमोहग्रन्थितयात्यन्तनिर्विकारचैतन्यो निरस्तसमस्तज्ञानदर्शनावरणान्तरायतया निःप्रतिघविजृम्भितात्मशक्तिश्च स्वयमेव भूतो ज्ञेयत्वमापन्नानामन्तमवाप्नोति । इह किलात्मा ज्ञानस्वभावो ज्ञानं तु ज्ञेयमात्रं; ततः समस्तज्ञेयान्तर्वर्तिज्ञानस्वभावमात्मानमात्मा शुद्धोपयोगप्रसादादेवासादयति ॥ १५ ॥

---

पातनिका । तद्यथा— अथ शुद्धोपयोगलाभानन्तरं केवलज्ञानं भवतीति कथयति । अथवा द्वितीयपातनिका—**कुन्दकुन्दाचार्य**देवाः सम्बोधनं कुर्वन्ति, हे शिवकुमारमहाराज, कोऽप्यासन्नभव्यः संक्षेपरुचिः पीठिकाव्याख्यानमेव श्रुत्वात्मकार्यं करोति, अन्यः कोऽपि पुनर्विस्तररुचिः शुद्धोपयोगेन संजातसर्वज्ञस्य ज्ञानसुखादिकं विचार्य पश्चादात्मकार्यं करोतीति व्याख्याति—**उवओगविसुद्धो जो** उपयोगेन शुद्धोपयोगेन परिणामेन विशुद्धो भूत्वा वर्तते यः **विगदावरणंतरायमोहरओ भूदो** विगतावरणान्तरायमोहरजोभूतः सन् । कथम् । **सयमेव** निश्चयेन स्वयमेव **आदा** स पूर्वोक्त आत्मा **जादि** याति गच्छति । किं । **पारं** पारमवसानम् । केषाम् । **णेयभूदाणं** ज्ञेयभूतपदार्थानाम् । सर्वं जानातीत्यर्थः । अतो विस्तरः—यो निर्मोहशुद्धात्मसंवित्तिलक्षणेन शुद्धोपयोगसंज्ञेनागमभाषया पृथक्त्ववितर्कवीचारप्रथमशुक्लध्यानेन पूर्वं निरवशेषमोहक्षपणं कृत्वा तदनन्तरं रागादिविकल्पोपाधिरहितस्वसंवित्तिलक्षणेनैकत्ववितर्कावीचारसंज्ञद्वितीयशुक्लध्यानेन क्षीणकषायगुणस्थानेऽन्तर्मुहूर्तकालं स्थित्वा तस्यैवान्त्यसमये ज्ञानदर्शनावरणवीर्यान्तरायाभिधानघातिकर्मत्रयं युगपद्विनाशयति, स जगत्त्रयकालत्रयवर्तिसमस्तवस्तुगतानन्तधर्माणां युगपत्प्रकाशकं केवलज्ञानं प्राप्नोति । ततः स्थितं शुद्धोपयोगात्सर्वज्ञो भवतीति ॥ १५ ॥

---

**ટીકા** :—જે (આત્મા) ચૈતન્યપરિણામસ્વરૂપ ઉપયોગ વડે યથાશક્તિ વિશુદ્ધ થઈને વર્તે છે તે (આત્મા), જેને પદે પદે (–પગલે પગલે, પર્યાયે પર્યાયે) *વિશિષ્ટ વિશુદ્ધિશક્તિ પ્રગટ થતી જાય છે એવો હોવાને લીધે, અનાદિ સંસારથી બંધાયેલી દૃઢતર મોહગ્રંથિ છૂટી જવાથી અત્યંત નિર્વિકાર ચૈતન્યવાળો અને સમસ્ત જ્ઞાનાવરણ, દર્શનાવરણ તથા અંતરાય નષ્ટ થવાથી નિર્વિઘ્ન ખીલેલી આત્મશક્તિવાળો સ્વયમેવ થયો થકો, જ્ઞેયપણાને પામેલા (પદાર્થો)ના અંતને પામે છે.

અહીં (એમ કહ્યું કે), આત્મા જ્ઞાનસ્વભાવ છે અને જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે; તેથી સમસ્ત જ્ઞેયોની અંદર પેસનારું (અર્થાત્ તેમને જાણનારું) જ્ઞાન જેનો સ્વભાવ છે એવા આત્માને આત્મા શુદ્ધોપયોગના પ્રસાદથી જ પ્રાપ્ત કરે છે.

---

* વિશિષ્ટ = વધારે; અસાધારણ; ખાસ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ शुद्धोपयोगजन्यस्य शुद्धात्मस्वभावलाभस्य कारकान्तरनिरपेक्षतयाऽत्यन्तमात्मायत्तत्वं द्योतयति—

**तह सो लद्धसहावो सव्वण्हू सव्वलोगपदिमहिदो ।**
**भूदो सयमेवादा हवदि सयंभु त्ति णिद्दिट्ठो ॥१६॥**

**तथा स लब्धस्वभावः सर्वज्ञः सर्वलोकपतिमहितः ।**
**भूतः स्वयमेवात्मा भवति स्वयम्भूरिति निर्दिष्टः ॥ १६ ॥**

अयं खल्वात्मा शुद्धोपयोगभावनानुभावप्रत्यस्तमितसमस्तघातिकर्मतया समुपलब्धशुद्धानन्तशक्तिचित्स्वभावः, शुद्धानन्तशक्तिज्ञायकस्वभावेन स्वतन्त्रत्वाद्गृहीतकर्तृत्वाधिकारः,

---

अथ शुद्धोपयोगजन्यस्य शुद्धात्मस्वभावलाभस्य भिन्नकारकनिरपेक्षत्वेनात्माधीनत्वं प्रकाशयति—**तह सो लद्धसहावो** यथा निश्चयरत्नत्रयलक्षणशुद्धोपयोगप्रसादात्सर्वं जानाति तथैव सः पूर्वोक्तलब्धशुद्धात्मस्वभावः सन् **आदा** अयमात्मा **हवदि सयंभु त्ति णिद्दिट्ठो** स्वयम्भूर्भवतीति निर्दिष्टः कथितः ।

---

**ભાવાર્થઃ**—શુદ્ધોપયોગી જીવ ક્ષણે ક્ષણે અત્યંત શુદ્ધિ પ્રાપ્ત કરતો જાય છે; અને એ રીતે મોહનો ક્ષય કરી નિર્વિકાર ચેતનાવાળો થઈને, બારમા ગુણસ્થાનના છેલ્લા સમયે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો યુગપદ્ ક્ષય કરી સર્વ જ્ઞેયોને જાણનારા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. આ રીતે શુદ્ધોપયોગથી જ શુદ્ધાત્મસ્વભાવનો લાભ થાય છે. ૧૫.

હવે શુદ્ધોપયોગથી થતી શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ અન્ય કારકોથી નિરપેક્ષ (-સ્વતંત્ર) હોવાથી અત્યંત આત્માધીન છે (-લેશમાત્ર પરાધીન નથી) એમ પ્રકાશે છેઃ—

**સર્વજ્ઞ, લબ્ધસ્વભાવ ને ત્રિજગેંદ્રપૂજિત એ રીતે**
**સ્વયમેવ જીવ થયો થકો તેને સ્વયંભુ જિનો કહે. ૧૬.**

**અન્વયાર્થઃ**—[ तथा ] એ રીતે [ सः आत्मा ] તે આત્મા [ लब्धस्वभावः ] સ્વભાવને પામેલો, [ सर्वज्ञः ] સર્વજ્ઞ [ सर्वलोकपतिमहितः ] અને [1]સર્વ (ત્રણે) લોકના અધિપતિઓથી પૂજિત [ स्वयमेव भूतः ] સ્વયમેવ થયો હોવાથી [ स्वयंभूः भवति ] 'સ્વયંભૂ' છે [ इति निर्दिष्टः ] એમ જિનેન્દ્રદેવે કહ્યું છે.

**ટીકાઃ**—શુદ્ધ ઉપયોગની ભાવનાના પ્રભાવથી સમસ્ત ઘાતિકર્મો નષ્ટ થયાં હોવાથી જેણે શુદ્ધ અનંતશક્તિવાળો ચૈતન્યસ્વભાવ પ્રાપ્ત કર્યો છે એવો આ (પૂર્વોક્ત)

---

૧. સર્વ લોકના અધિપતિઓ = ત્રણે લોકના સ્વામીઓ—સુરેન્દ્રો, અસુરેન્દ્રો ને ચક્રવર્તીઓ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



शुद्धानन्तशक्तिज्ञानविपरिणमनस्वभावेन प्राप्यत्वात् कर्मत्वं कलयन्, शुद्धानन्तशक्तिज्ञानविपरिणमनस्वभावेन साधकतमत्वात् करणत्वमनुबिभ्राणः, शुद्धानन्तशक्तिज्ञानविपरिणमनस्वभावेन कर्मणा समाश्रियमाणत्वात् संप्रदानत्वं दधानः, शुद्धानन्तशक्तिज्ञानविपरिणमनसमये पूर्वप्रवृत्त-

---

किंविशिष्टो भूतः। **सव्वण्हू सव्वलोगपदिमहिदो भूदो** सर्वज्ञः सर्वलोकपतिमहितश्च भूतः संजातः। कथम्। **सयमेव** निश्चयेन स्वयमेवेति। तथाहि—अभिन्नकारकचिदानन्दैकचैतन्यस्वस्वभावेन स्वतन्त्रत्वात् कर्ता भवति। नित्यानन्दैकस्वभावेन स्वयं प्राप्यत्वात् कर्मकारकं भवति। शुद्धचैतन्य-

---

આત્મા, (૧) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાયકસ્વભાવને લીધે સ્વતંત્ર હોવાથી જેણે કર્તાપણાનો અધિકાર ગ્રહણ કર્યો છે એવો, (૨) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે પોતે જ પ્રાપ્ય હોવાથી (-પોતે જ પ્રાપ્ત થતો હોવાથી) કર્મપણાને અનુભવતો, (૩) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે પોતે જ સાધકતમ (-ઉત્કૃષ્ટ સાધન) હોવાથી કરણપણાને ધરતો, (૪) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે પોતે જ કર્મ વડે સમાશ્રિત થતો હોવાથી (અર્થાત્ કર્મ પોતાને જ દેવામાં આવતું હોવાથી) સંપ્રદાનપણાને ધારણ કરતો, (૫) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સમયે પૂર્વે પ્રવર્તેલા [1]વિકળજ્ઞાનસ્વભાવનો નાશ થવા છતાં સહજજ્ઞાનસ્વભાવ વડે પોતે જ ધ્રુવપણાને અવલંબતો હોવાથી અપાદાનપણાને ધારણ કરતો, અને (૬) શુદ્ધ અનંતશકિતવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવનો પોતે જ આધાર હોવાથી અધિકરણપણાને આત્મસાત્ કરતો—(એ રીતે) સ્વયમેવ છ કારકરૂપ થતો હોવાથી, અથવા ઉત્પત્તિ-અપેક્ષાએ [2]દ્રવ્ય-ભાવભેદે ભિન્ન ઘાતિકર્મોને દૂર કરીને સ્વયમેવ આવિર્ભૂત થયો હોવાથી, 'સ્વયંભૂ' કહેવાય છે.

આથી એમ કહ્યું કે—નિશ્ચયથી પરની સાથે આત્માને કારકપણાનો સંબંધ નથી, કે જેથી શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિને માટે સામગ્રી (-બાહ્ય સાધનો) શોધવાની વ્યગ્રતાથી જીવો (નકામા) પરતંત્ર થાય છે.

**ભાવાર્થ:**—કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ—એ છ કારકોનાં નામ છે. જે સ્વતંત્રપણે (સ્વાધીનપણે) કરે તે કર્તા; કર્તા જેને પહોંચે—પ્રાપ્ત કરે તે કર્મ; સાધકતમ અર્થાત્ ઉત્કૃષ્ટ સાધન તે કરણ; કર્મ જેને દેવામાં આવે અથવા જેના માટે કરવામાં આવે તે સંપ્રદાન; જેમાંથી કર્મ કરવામાં આવે એવી ધ્રુવ વસ્તુ તે અપાદાન; જેમાં અર્થાત્ જેના આધારે કર્મ કરવામાં આવે તે અધિકરણ. આ છ કારકો વ્યવહાર અને નિશ્ચય એમ

---

૧. વિકળ જ્ઞાન = અપૂર્ણ (મતિ-શ્રુતાદિ) જ્ઞાન

૨. દ્રવ્ય-ભાવભેદે ભિન્ન ઘાતિકર્મો = દ્રવ્ય ને ભાવ—એવા બે ભેદવાળાં ઘાતિકર્મો; દ્રવ્ય ઘાતિકર્મો ને ભાવ ઘાતિકર્મો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**विकलज्ञानस्वभावापगमेऽपि सहजज्ञानस्वभावेन ध्रुवत्वालम्बनादपादानत्वमुपाददानः, शुद्धानन्तशक्तिज्ञानविपरिणमनस्वभावस्याधारभूतत्वादधिकरणत्वमात्मसात्कुर्वाणः, स्वयमेव षट्कारकीरूपेणोपजायमानः, उत्पत्तिव्यपेक्षया द्रव्यभावभेदभिन्नघातिकर्माण्यपास्य स्वयमेवाविर्भूतत्वाद्वा स्वयंभूरिति निर्दिश्यते । अतो न निश्चयतः परेण सहात्मनः कारकत्वसम्बन्धोऽस्ति, यतः शुद्धात्मस्वभावलाभाय सामग्रीमार्गणव्यग्रतया परतंत्रैर्भूयते ॥ १६ ॥**

---

स्वभावेन साधकतमत्वात्करणकारकं भवति । निर्विकारपरमानन्दैकपरिणतिलक्षणेन शुद्धात्मभावरूपकर्मणा समाश्रियमाणत्वात्संप्रदानं भवति । तथैव पूर्वमत्यादिज्ञानविकल्पविनाशेऽप्यखण्डितैकचैतन्यप्रकाशेनाविनश्वरत्वादपादानं भवति । निश्चयशुद्धचैतन्यादिगुणस्वभावात्मनः स्वयमेवाधारत्वादधिकरणं भवतीत्यभेद-

---

બે પ્રકારનાં છે. જ્યાં પરના નિમિત્તથી કાર્યની સિદ્ધિ કહેવામાં આવે ત્યાં વ્યવહાર કારકો છે અને જ્યાં પોતાના જ ઉપાદાન કારણથી કાર્યની સિદ્ધિ કહેવામાં આવે ત્યાં નિશ્ચય કારકો છે.

વ્યવહાર કારકોનું દૃષ્ટાંત આ પ્રમાણે છે: કુંભાર કર્તા છે; ઘડો કર્મ છે; દંડ, ચક્ર, દોરી વગેરે કરણ છે; જળ ભરનાર માટે કુંભાર ઘડો કરે છે તેથી જળ ભરનાર સંપ્રદાન છે; ટોપલામાંથી માટી લઈને ઘડો કરે છે તેથી ટોપલો અપાદાન છે; જમીનના આધારે ઘડો કરે છે તેથી જમીન અધિકરણ છે. આમાં બધાંય કારકો જુદાં જુદાં છે. અન્ય કર્તા છે, અન્ય કર્મ છે, અન્ય કરણ છે, અન્ય સંપ્રદાન, અન્ય અપાદાન અને અન્ય અધિકરણ છે. પરમાર્થે કોઈ દ્રવ્ય કોઈનું કર્તાહર્તા થઈ શકતું નથી માટે આ વ્યવહાર છ કારકો અસત્ય છે. તેઓ માત્ર ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી કહેવામાં આવે છે. નિશ્ચયથી કોઈ દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે કારકપણાનો સંબંધ છે જ નહિ.

નિશ્ચય કારકોનું દૃષ્ટાંત આ પ્રમાણે છે: માટી સ્વતંત્રપણે ઘડારૂપ કાર્યને પહોંચે છે—પ્રાપ્ત કરે છે તેથી માટી કર્તા છે અને ઘડો કર્મ છે; અથવા, ઘડો માટીથી અભિન્ન હોવાથી માટી પોતે જ કર્મ છે; પોતાના પરિણમનસ્વભાવથી માટીએ ઘડો કર્યો તેથી માટી પોતે જ કરણ છે; માટીએ ઘડારૂપ કર્મ પોતાને જ આપ્યું તેથી માટી પોતે જ સંપ્રદાન છે; માટીએ પોતાનામાંથી પિંડરૂપ અવસ્થા નષ્ટ કરીને ઘડારૂપ કર્મ કર્યું અને પોતે તો ધ્રુવ રહી તેથી પોતે જ અપાદાન છે; માટીએ પોતાના જ આધારે ઘડો કર્યો તેથી પોતે જ અધિકરણ છે. આ રીતે નિશ્ચયથી છયે કારકો એક જ દ્રવ્યમાં છે. પરમાર્થે એક દ્રવ્ય બીજાને સહાય નહિ કરી શકતું હોવાથી અને દ્રવ્ય પોતે જ, પોતાને, પોતાનાથી, પોતાને માટે, પોતાનામાંથી, પોતાનામાં કરતું હોવાથી આ નિશ્ચય છ કારકો જ પરમ સત્ય છે.

ઉપર્યુક્ત રીતે દ્રવ્ય પોતે જ પોતાની અનંત શક્તિરૂપ સંપદાથી પરિપૂર્ણ હોવાથી પોતે જ છ કારકરૂપ થઈને પોતાનું કાર્ય નિપજાવવાને સમર્થ છે; તેને બાહ્ય સામગ્રી કાંઈ મદદ કરી શકતી નથી. માટે કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા ઇચ્છનાર આત્માએ બાહ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अथ स्वायम्भुवस्यास्य शुद्धात्मस्वभावलाभस्यात्यन्तमनपायित्वं कथंचिदुत्पादव्यय-ध्रौव्ययुक्तत्वं चालोचयति—**

**भंगविहीणो य भवो संभवपरिवज्जिदो विणासो हि।**
**विज्जदि तस्सेव पुणो ठिदिसंभवणाससमवायो ॥ १७॥**

---

षट्कारकीरूपेण स्वत एव परिणममाणः सन्नयमात्मा परमात्मस्वभावकेवलज्ञानोत्पत्तिप्रस्तावे यतो भिन्नकारकं नापेक्षते ततः स्वयंभूर्भवतीति भावार्थः ॥ १६ ॥ एवं सर्वज्ञमुख्यत्वेन प्रथमगाथा । स्वयंभूमुख्यत्वेन द्वितीया चेति प्रथमस्थले गाथाद्वयं गतम् ॥ अथास्य भगवतो द्रव्यार्थिकनयेन नित्यत्वेऽपि पर्यायार्थिकनयेनानित्यत्वमुपदिशति—**भंगविहीणो य भवो** भङ्गविहीनश्च भवः जीवित-मरणादिसमताभावलक्षणपरमोपेक्षासंयमरूपशुद्धोपयोगेनोत्पन्नो योऽसौ भवः केवलज्ञानोत्पादः । स किं-विशिष्टः । भङ्गविहिनो विनाशरहितः । **संभवपरिवज्जिदो विणासो त्ति** संभवपरिवर्जितो विनाश इति । योऽसौ मिथ्यात्वरागादिसंसरणरूपसंसारपर्यायस्य विनाशः । स किंविशिष्टः । संभवविहीनः

---

સામગ્રીની અપેક્ષા રાખી પરતંત્ર થવું નિરર્થક છે. શુદ્ધોપયોગમાં લીન આત્મા પોતે જ છ કારકરૂપ થઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. તે આત્મા પોતે અનંત શક્તિવાળા જ્ઞાયક-સ્વભાવ વડે સ્વતંત્ર હોવાથી પોતે જ કર્તા છે; પોતે અનંત શક્તિવાળા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરતો હોવાથી કેવળજ્ઞાન કર્મ છે, અથવા કેવળજ્ઞાનથી પોતે અભિન્ન હોવાથી આત્મા પોતે જ કર્મ છે; પોતાના અનંત શક્તિવાળા પરિણમનસ્વભાવરૂપ ઉત્કૃષ્ટ સાધન વડે કેવળજ્ઞાન કરતો હોવાથી આત્મા પોતે જ કરણ છે; પોતાને જ કેવળજ્ઞાન દેતો હોવાથી આત્મા પોતે જ સંપ્રદાન છે; પોતાનામાંથી મતિ-શ્રુતાદિ અપૂર્ણ જ્ઞાન દૂર કરીને કેવળજ્ઞાન કરતો હોવાથી અને પોતે સહજ જ્ઞાનસ્વભાવ વડે ધ્રુવ રહેતો હોવાથી પોતે જ અપાદાન છે; પોતાનામાં જ અર્થાત્ પોતાના જ આધારે કેવળજ્ઞાન કરતો હોવાથી પોતે જ અધિકરણ છે. આ રીતે સ્વયં (પોતે જ) છ કારકરૂપ થતો હોવાથી તે 'સ્વયંભૂ' કહેવાય છે. અથવા, અનાદિ કાળથી અતિ દ્રઢ બંધાયેલાં (જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાયરૂપ) દ્રવ્ય તેમ જ ભાવ ઘાતિકર્મોને નષ્ટ કરીને સ્વયમેવ આવિર્ભૂત થયો અર્થાત્ કોઈની સહાય વિના પોતાની મેળે જ પોતે પ્રગટ થયો તેથી તે 'સ્વયંભૂ' કહેવાય છે. ૧૬.

હવે આ સ્વયંભૂને શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિનું અત્યંત અવિનાશીપણું અને કથંચિત્ (કોઈ પ્રકારે) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તપણું વિચારે છે:—

**વ્યયહીન છે ઉત્પાદ ને ઉત્પાદહીન વિનાશ છે,**
**તેને જ વળી ઉત્પાદધ્રૌવ્યવિનાશનો સમવાય છે. ૧૭.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**भङ्गविहीनश्च भवः संभवपरिवर्जितो विनाशो हि।**
**विद्यते तस्यैव पुनः स्थितिसंभवनाशसमवायः ॥ १७ ॥**

**अस्य खल्वात्मनः शुद्धोपयोगप्रसादात् शुद्धात्मस्वभावेन यो भवः स पुनस्तेन रूपेण प्रलयाभावाद्भङ्गविहीनः। यस्त्वशुद्धात्मस्वभावेन विनाशः स पुनरुत्पादाभावात्संभवपरिवर्जितः। अतोऽस्य सिद्धत्वेनानपायित्वम् । एवमपि स्थितिसंभवनाशसमवायोऽस्य न विप्रतिषिध्यते, भङ्गरहितोत्पादेन संभववर्जितविनाशेन तद्द्वयाधारभूतद्रव्येण च समवेतत्वात् ॥ १७ ॥**

---

निर्विकारात्मतत्त्वविलक्षणरागादिपरिणामाभावादुत्पत्तिरहितः । तस्माज्ज्ञायते तस्यैव भगवतः सिद्धस्वरूपतो द्रव्यार्थिकनयेन विनाशो नास्ति। **विज्जदि तस्सेव पुणो ठिदिसंभवणासमवायो** विद्यते तस्यैव पुनः स्थितिसंभवनाशसमवायः। तस्यैव भगवतः पर्यायार्थिकनयेन शुद्धव्यञ्जनपर्यायापेक्षया सिद्ध-

---

**અન્વયાર્થઃ**—[ भंगविहीनः च भवः ] તેને (-શુદ્ધાત્મસ્વભાવને પામેલા આત્માને) વિનાશ રહિત ઉત્પાદ છે અને [ संभवपरिवर्जितः विनाशः हि ] ઉત્પાદ રહિત વિનાશ છે. [ तस्य एव पुनः ] તેને જ વળી [ स्थितिसंभवनाशसमवायः विद्यते ] સ્થિતિ, ઉત્પાદ અને વિનાશનો સમવાય (-મેળાપ, એકઠાપણું) છે.

**ટીકાઃ**—ખરેખર આ (શુદ્ધાત્મસ્વભાવને પામેલા) આત્માને શુદ્ધોપયોગના પ્રસાદથી થયેલો જે શુદ્ધાત્મસ્વભાવે (શુદ્ધાત્મસ્વભાવરૂપે) ઉત્પાદ તે, ફરીને તે રૂપે પ્રલયનો અભાવ હોવાથી, વિનાશરહિત છે; અને (તે આત્માને શુદ્ધોપયોગના પ્રસાદથી થયેલો) જે અશુદ્ધાત્મસ્વભાવે વિનાશ તે, ફરીને ઉત્પત્તિનો અભાવ હોવાથી, ઉત્પાદરહિત છે. આથી (એમ કહ્યું કે) તે આત્માને સિદ્ધપણે અવિનાશીપણું છે. આમ હોવા છતાં તે આત્માને ધ્રૌવ્ય, ઉત્પાદ અને વિનાશનો સમવાય વિરોધ પામતો નથી, કારણ કે તે વિનાશરહિત ઉત્પાદ સાથે, ઉત્પાદરહિત વિનાશ સાથે અને તે બન્નેના આધારભૂત દ્રવ્ય સાથે સમવેત (તન્મયપણે જોડાયેલો-એકમેક) છે.

**ભાવાર્થઃ**—સ્વયંભૂ સર્વજ્ઞભગવાનને જે શુદ્ધાત્મસ્વભાવ ઉત્પન્ન થયો તે કદી નાશ પામતો નથી તેથી તેમને વિનાશ વિનાનો ઉત્પાદ છે; અને અનાદિ અવિદ્યાજનિત વિભાવપરિણામ એક વાર સર્વથા નાશ પામ્યા પછી ફરીને ઊપજતા નથી તેથી તેમને ઉત્પાદ વિનાનો વિનાશ છે. આ રીતે અહીં એમ કહ્યું કે સિદ્ધપણે તેઓ અવિનાશી છે. આમ અવિનાશી હોવા છતાં તેઓ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિત છે; કારણ કે શુદ્ધ પર્યાયની અપેક્ષાએ તેમને ઉત્પાદ છે, અશુદ્ધ પર્યાયની અપેક્ષાએ વ્યય છે અને તે બન્નેના આધારભૂત આત્માપણાની અપેક્ષાએ ધ્રૌવ્ય છે. ૧૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथोत्पादादित्रयं सर्वद्रव्यसाधारणत्वेन शुद्धात्मनोऽप्यवश्यंभावीति विभावयति—

**उप्पादो य विणासो विज्जदि सव्वस्स अट्ठजादस्स ।**
**पज्जाएण दु केणवि अट्ठो खलु होदि सब्भूदो ॥ १८ ॥**

**उत्पादश्च विनाशो विद्यते सर्वस्यार्थजातस्य ।**
**पर्यायेण तु केनाप्यर्थः खलु भवति सद्भूतः ॥ १८ ॥**

यथाहि जात्यजाम्बूनदस्याङ्गदपर्यायेणोत्पत्तिर्दृष्टा, पूर्वव्यवस्थिताङ्गुलीयकादिपर्यायेण

---

पर्यायेणोत्पादः, संसारपर्यायेण विनाशः, केवलज्ञानादिगुणाधारद्रव्यत्वेन ध्रौव्यमिति। ततः स्थितं द्रव्यार्थिकनयेन नित्यत्वेऽपि पर्यायार्थिकनयेनोत्पादव्ययध्रौव्यत्रयं संभवतीति ॥ १७ ॥ अथोत्पादादित्रयं यथा सुवर्णादिमूर्तपदार्थेषु दृश्यते तथैवामूर्तेऽपि सिद्धस्वरूपे विज्ञेयं पदार्थत्वादिति निरूपयति— **उप्पादो य विणासो विज्जदि सव्वस्स अट्ठजादस्स** उत्पादश्च विनाशश्च विद्यते तावत्सर्वस्यार्थजातस्य पदार्थसमूहस्य। केन कृत्वा। **पज्जाएण दु केणवि** पर्यायेण तु केनापि विवक्षितेनार्थव्यञ्जनरूपेण स्वभावविभावरूपेण वा। स चार्थः किंविशिष्टः। **अट्ठो खलु होदि सब्भूदो** अर्थः खलु स्फुटं सत्ताभूतः सत्ताया अभिन्नो भवतीति। तथाहि—सुवर्णगोरसमृत्तिकापुरुषादिमूर्तपदार्थेषु यथोत्पादादित्रयं लोके प्रसिद्धं तथैवामूर्तेऽपि मुक्तजीवे। यद्यपि शुद्धात्मरुचिपरिच्छित्ति-

---

હવે ઉત્પાદ આદિ ત્રય (ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય) સર્વ દ્રવ્યોને સાધારણ હોવાથી શુદ્ધ આત્માને (કેવળીભગવાનને અને સિદ્ધભગવાનને) પણ [1]અવશ્યંભાવી છે એમ વ્યક્ત કરે છેઃ—

**ઉત્પાદ તેમ વિનાશ છે સૌ કોઈ વસ્તુમાત્રને,**
**વળી કોઈ પર્યયથી દરેક પદાર્થ છે સદ્‌ભૂત ખરે. ૧૮.**

**અન્વયાર્થઃ**—[ उत्पादः ] કોઈ પર્યાયથી ઉત્પાદ [ विनाशः च ] અને કોઈ પર્યાયથી વિનાશ [ सर्वस्य ] સર્વ [ अर्थजातस्य ] પદાર્થમાત્રને [ विद्यते ] હોય છે; [ केन अपि पर्यायेण तु ] વળી કોઈ પર્યાયથી [ अर्थः ] પદાર્થ [ सद्भूतः खलु भवति ] ખરેખર ધ્રુવ છે.

**ટીકાઃ**—જેમ ઉત્તમ સુવર્ણને બાજુબંધરૂપ પર્યાયથી ઉત્પત્તિ જોવામાં આવે છે, પૂર્વ અવસ્થારૂપે વર્તતા વીંટી વગેરે પર્યાયથી વિનાશ જોવામાં આવે છે અને પીળાશ વગેરે પર્યાયથી તો બન્નેમાં (બાજુબંધમાં ને વીંટીમાં) ઉત્પત્તિ-વિનાશ નહિ

---

૧. અવશ્યંભાવી = જરૂર હોનાર; અપરિહાર્ય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**च विनाशः, पीततादिपर्यायेण तूभयत्राप्युत्पत्तिविनाशावनासादयतः ध्रुवत्वम्; एवमखिलद्रव्याणां केनचित्पर्यायेणोत्पादः केनचिद्विनाशः केनचिद्ध्रौव्यमित्यवबोद्धव्यम् । अतः शुद्धात्मनोऽप्युत्पादादित्रयरूपं द्रव्यलक्षणभूतमस्तित्वमवश्यंभावि ॥ १८ ॥**

---

निश्चलानुभूतिलक्षणस्य संसारावसानोत्पन्नकारणसमयसारपर्यायस्य विनाशो भवति तथैव केवलज्ञानादिव्यक्तिरूपस्य कार्यसमयसारपर्यायस्योत्पादश्च भवति, तथाप्युभयपर्यायपरिणतात्मद्रव्यत्वेन ध्रौव्यत्वं पदार्थत्वादिति । अथवा यथा ज्ञेयपदार्थाः प्रतिक्षणं भङ्गत्रयेण परिणमन्ति तथा ज्ञानमपि परिच्छित्त्यपेक्षया भङ्गत्रयेण परिणमति । षट्स्थानगतागुरुलघुकगुणवृद्धिहान्यपेक्षया वा भङ्गत्रयमवबोद्धव्यमिति सूत्रतात्पर्यम् ॥ १८ ॥ एवं सिद्धजीवे द्रव्यार्थिकनयेन नित्यत्वेऽपि विवक्षितपर्यायेणोत्पादव्ययध्रौव्यस्थापनरूपेण द्वितीयस्थले गाथाद्वयं गतम् । अथ तं पूर्वोक्तसर्वज्ञं ये मन्यन्ते ते सम्यग्दृष्टयो भवन्ति, परम्परया मोक्षं च लभन्त इति प्रतिपादयति—

**† तं सव्वट्ठवरिट्ठं इट्ठं अमरासुरप्पहाणेहिं ।**
**ये सद्दहंति जीवा तेसिं दुक्खाणि खीयंति ॥*१ ॥**

**तं सव्वट्ठवरिट्ठं** तं सर्वार्थवरिष्ठं **इट्ठं** इष्टमभिमतं । कैः । **अमरासुरप्पहाणेहिं** अमरासुरप्रधानैः । **ये सद्दहंति** ये श्रद्दधति रोचन्ते **जीवा** भव्यजीवाः । **तेसिं** तेषाम् । **दुक्खाणि** वीतरागपारमार्थिकसुखविलक्षणानि दुःखानि । **खीयंति** विनाशं गच्छन्ति, इति सूत्रार्थः ॥ *१ ॥ एवं

---

**પામતું હોવાથી ધ્રુવપણું જોવામાં આવે છે, તેમ સર્વ દ્રવ્યોને કોઈ પર્યાયથી ઉત્પાદ, કોઈ પર્યાયથી વિનાશ અને કોઈ પર્યાયથી ધ્રૌવ્ય હોય છે એમ જાણવું. આથી (એમ કહ્યું કે) શુદ્ધ આત્માને પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ અસ્તિત્વ કે જે દ્રવ્યનું લક્ષણ છે તે અવશ્યંભાવી છે.**

**ભાવાર્થઃ**—દ્રવ્યનું લક્ષણ અસ્તિત્વ છે અને અસ્તિત્વ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ છે. માટે કોઈ પર્યાયથી ઉત્પાદ, કોઈ પર્યાયથી વિનાશ અને કોઈ પર્યાયથી ધ્રુવપણું દરેક પદાર્થને હોય છે.

અહીં પ્રશ્ન સંભવે છે કેઃ 'દ્રવ્યનું અસ્તિત્વ ઉત્પાદ વગેરે ત્રણથી કેમ કહ્યું? એક ધ્રૌવ્યથી જ કહેવું જોઈએ; કારણ કે જે ધ્રુવ રહે તે સદા હયાત રહી શકે છે.' આ પ્રશ્નનું સમાધાન આ પ્રમાણે છેઃ જો પદાર્થ ધ્રુવ જ હોય તો માટી, સોનું, દૂધ વગેરે સમસ્ત પદાર્થો એક જ સાદા આકારે રહેવા જોઈએ; ઘડો, કુંડળ, દહીં વગેરે

† આની જે જે ગાથાઓ શ્રીઅમૃતચંદ્રાચાર્યદેવવિરચિત તત્ત્વપ્રદીપિકા ટીકામાં નથી પરંતુ શ્રી જયસેનાચાર્યદેવવિરચિત તાત્પર્યવૃત્તિ ટીકામાં છે, તે ગાથાઓને છેડે ફૂદડી (*) કરીને તે ગાથાઓને જુદા નંબર આપવામાં આવ્યા છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अथास्यात्मनः शुद्धोपयोगानुभावात्स्वयंभुवो भूतस्य कथमिन्द्रियैर्विना ज्ञानानन्दाविति संदेहमुदस्यति—**

**पक्खीणघादिकम्मो अणंतवरवीरिओ अधिकतेजो।**
**जादो अदिंदिओ सो णाणं सोक्खं च परिणमदि ॥ १९ ॥**

---

निर्दोषिपरमात्मश्रद्धानान्मोक्षो भवतीति कथनरूपेण तृतीयस्थले गाथा गता ॥ अथास्यात्मनो निर्विकारस्वसंवेदनलक्षणशुद्धोपयोगप्रभावात्सर्वज्ञत्वे सतीन्द्रियैर्विना कथं ज्ञानानन्दाविति पृष्टे प्रत्युत्तरं ददाति— **पक्खीणघादिकम्मो** ज्ञानाद्यनन्तचतुष्टयस्वरूपपरमात्मद्रव्यभावनालक्षणशुद्धोपयोगबलेन प्रक्षीणघातिकर्मा सन्। **अणंतवरवीरिओ** अनन्तवरवीर्यः। पुनरपि किंविशिष्टः। **अहियतेजो** अधिकतेजाः। अत्र तेजः शब्देन केवलज्ञानदर्शनद्वयं ग्राह्यम्। **जादो सो** स पूर्वोक्तलक्षण आत्मा जातः संजातः। कथंभूतः। **अणिंदियो** अनिन्द्रिय इन्द्रियविषयव्यापाररहितः। अनिन्द्रियः सन् किं करोति। **णाणं सोक्खं च परिणमदि** केवलज्ञानमनन्तसौख्यं च परिणमतीति। तथाहि—अनेन व्याख्यानेन

---

ભેદો કદી ન થવા જોઈએ. પરંતુ એમ તો બનતું નથી અર્થાત્ ભેદો તો જરૂર જોવામાં આવે છે. માટે પદાર્થ સર્વથા ધ્રુવ ન રહેતાં કોઈ અવસ્થાથી ઊપજે પણ છે અને કોઈ અવસ્થાથી નાશ પણ પામે છે. જો એમ ન માનવામાં આવે તો સંસારનો જ લોપ થાય.

આમ દરેક દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય હોવાથી મુક્ત આત્માને પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અવશ્ય હોય છે. સ્થૂલતાથી જોઈએ તો, સિદ્ધપર્યાયનો ઉત્પાદ થયો, સંસાર-પર્યાયનો વ્યય થયો અને આત્માપણું ધ્રુવ રહ્યું—એ અપેક્ષાએ મુક્ત આત્માને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે. અથવા, મુક્ત આત્માનું જ્ઞાન જ્ઞેય પદાર્થોના આકારે થયા કરે છે તેથી સર્વ જ્ઞેય પદાર્થોમાં જે જે પ્રકારે ઉત્પાદાદિ થાય છે તે તે પ્રકારે જ્ઞાનમાં ઉત્પાદાદિ થયા કરે છે, માટે મુક્ત આત્માને સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય હોય છે. અથવા વધારે સૂક્ષ્મતાથી જોઈએ તો, અગુરુલઘુગુણમાં થતી ષટ્ગુણ હાનિવૃદ્ધિને લીધે મુક્ત આત્મામાં સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વર્તે છે. અહીં જેમ સિદ્ધભગવાનનાં ઉત્પાદાદિ કહ્યાં તેમ કેવળીભગવાનનાં પણ યથાયોગ્ય સમજી લેવાં. ૧૮.

હવે શુદ્ધોપયોગના પ્રભાવથી સ્વયંભૂ થયેલા આ (પૂર્વોક્ત) આત્માને ઇંદ્રિયો વિના કઈ રીતે જ્ઞાન અને આનંદ હોય એવા સંદેહનું નિરાકરણ કરે છેઃ—

**પ્રક્ષીણઘાતિકર્મ, અનહદવીર્ય, અધિકપ્રકાશ ને**
**ઇંદ્રિય-અતીત થયેલ આત્મા જ્ઞાનસૌખ્યે પરિણમે. ૧૯.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**प्रक्षीणघातिकर्मा अनन्तवरवीर्योऽधिकतेजाः ।**
**जातोऽतीन्द्रियः स ज्ञानं सौख्यं च परिणमति ॥ १९ ॥**

**अयं खल्वात्मा शुद्धोपयोगसामर्थ्यात् प्रक्षीणघातिकर्मा, क्षायोपशमिकज्ञानदर्शनासंपृक्तत्वादतीन्द्रियो भूतः सन्निखिलान्तरायक्षयादनन्तवरवीर्यः, कृत्स्नज्ञानदर्शनावरणप्रलयादधिककेवलज्ञानदर्शनाभिधानतेजाः, समस्तमोहनीयाभावादत्यन्तनिर्विकारशुद्धचैतन्यस्वभावमात्मानमासादयन् स्वयमेव स्वपरप्रकाशकत्वलक्षणं ज्ञानमनाकुलत्वलक्षणं सौख्यं च भूत्वा परिणमते । एवमात्मनो ज्ञानानन्दौ स्वभाव एव । स्वभावस्य तु परानपेक्षत्वादिन्द्रियैर्विनाप्यात्मनो ज्ञानानन्दौ संभवतः ॥ १९ ॥**

---

किमुक्तं भवति, आत्मा तावन्निश्चयेनानन्तज्ञानसुखस्वभावोऽपि व्यवहारेण संसारावस्थायां कर्मप्रच्छादितज्ञानसुखः सन् पश्चादिन्द्रियाधारेण किमप्यल्पज्ञानं सुखं च परिणमति । यदा पुनर्निर्विकल्पस्वसंवित्तिबलेन कर्माभावो भवति तदा क्षयोपशमाभावादिन्द्रियाणि न सन्ति स्वकीयातीन्द्रियज्ञानं सुखं चानुभवति । ततः स्थितं इन्द्रियाभावेऽपि स्वकीयानन्तज्ञानं सुखं चानुभवति । तदपि कस्मात् । स्वभावस्य परापेक्षा नास्तीत्यभिप्रायः ॥ १९ ॥ अथातीन्द्रियत्वादेव केवलिनः शरीराधारोद्भूतं भोजनादिसुखं क्षुधादिदुःखं च नास्तीति विचारयति—**सोक्खं वा पुण दुक्खं केवलणाणिस्स णत्थि** सुखं वा पुनर्दुःखं वा

---

**અન્વયાર્થ :—**[प्रक्षीणघातिकर्मा] જેનાં ઘાતિકર્મો ક્ષય પામ્યાં છે, [अतीन्द्रियः जातः] જે અતીન્દ્રિય થયો છે, [अनंतवरवीर्यः] અનંત જેનું ઉત્તમ વીર્ય છે અને [अधिकतेजाः] [1]અધિક જેનું (કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ) તેજ છે [सः] એવો તે (સ્વયંભૂ આત્મા) [ज्ञानं सौख्यं च] જ્ઞાન અને સુખરૂપે [परिणमति] પરિણમે છે.

**ટીકા :—**શુદ્ધોપયોગના સામર્થ્યથી જેનાં ઘાતિકર્મો ક્ષય પામ્યાં છે, ક્ષાયોપશમિક જ્ઞાન-દર્શન સાથે અસંપૃક્ત (સંપર્ક વિનાનો) હોવાથી જે અતીંદ્રિય થયો છે, સમસ્ત અંતરાયનો ક્ષય થયો હોવાથી અનંત જેનું ઉત્તમ વીર્ય છે, સમસ્ત જ્ઞાનાવરણ અને દર્શનાવરણનો પ્રલય થયો હોવાથી અધિક જેનું કેવળજ્ઞાન અને કેવળદર્શન નામનું તેજ છે—એવો આ (સ્વયંભૂ) આત્મા, સમસ્ત મોહનીયના અભાવને લીધે અત્યંત નિર્વિકાર શુદ્ધ ચૈતન્યસ્વભાવવાળા આત્માને (-અત્યંત નિર્વિકાર શુદ્ધ ચૈતન્ય જેનો સ્વભાવ છે એવા આત્માને) અનુભવતો થકો સ્વયમેવ (પોતે જ) સ્વપરપ્રકાશકતાલક્ષણ જ્ઞાન અને અનાકુળતાલક્ષણ સુખ થઈને પરિણમે છે. આ રીતે આત્માનો, જ્ઞાન અને આનંદ સ્વભાવ જ છે. અને સ્વભાવ તો પરથી [2]અનપેક્ષ હોવાથી ઇંદ્રિયો વિના પણ આત્માને જ્ઞાન અને આનંદ હોય છે.

---

૧. અધિક = ઉત્કૃષ્ટ; અસાધારણ; અત્યંત.
૨. અનપેક્ષ = સ્વતંત્ર; ઉદાસીન; અપેક્ષા વિનાનો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथातीन्द्रियत्वादेव शुद्धात्मनः शारीरं सुखदुःखं नास्तीति विभावयति—

**सोक्खं वा पुण दुक्खं केवलणाणिस्स णत्थि देहगदं ।**
**जम्हा अदिंदियत्तं जादं तम्हा दु तं णेयं ॥ २० ॥**

---

केवलज्ञानिनो नास्ति । कथंभूतम् । **देहगदं** देहगतं देहाधारजिह्वेन्द्रियादिसमुत्पन्नं कवलाहारादिसुखम्, असातोदयजनितं क्षुधादिदुःखं च । कस्मान्नास्ति । **जम्हा अदिंदियत्तं जादं** यस्मान्मोहादिघातिकर्माभावे पञ्चेन्द्रियविषयव्यापाररहितत्वं जातम् । **तम्हा दु तं णेयं** तस्मादतीन्द्रियत्वाद्धेतोरतीन्द्रियमेव तज्ज्ञानं सुखं च ज्ञेयमिति । तद्यथा—लोहपिण्डसंसर्गाभावादग्निर्यथा घनघातपिट्टनं न लभते तथायमात्मापि लोहपिण्डस्थानीयेन्द्रियग्रामाभावात् सांसारिकसुखदुःखं नानुभवतीत्यर्थः । कश्चिदाह—केवलिनां भुक्तिरस्ति, औदारिकशरीरसद्भावात् । असद्वेद्यकर्मोदयसद्भावाद्वा । अस्मदादिवत् । परिहारमाह—तद्भगवतः शरीरमौदारिकं न भवति किंतु परमौदारिकम् । तथा चोक्तं—"शुद्धस्फटिकसंकाशं तेजोमूर्तिमयं वपुः । जायते क्षीणदोषस्य सप्तधातुविवर्जितम्" ॥ यच्चोक्तमसद्वेद्योदयसद्भावात्तत्र परिहारमाह—यथा व्रीह्यादिबीजं जलसहकारिकारणसहितमङ्कुरादिकार्यं जनयति तथैवासद्वेद्यकर्म मोहनीयसहकारिकारणसहितं क्षुधादिकार्यमुत्पादयति । कस्मात् । 'मोहस्स बलेण घाददे जीवं' इति वचनात् । यदि पुनर्मोहाभावेऽपि क्षुधादिपरीषहं जनयति तर्हि वधरोगादिपरीषहमपि जनयतु, न च तथा । तदपि कस्मात् । 'भुक्त्युपसर्गाभावात्' इति वचनात् । अन्यदपि दूषणमस्ति । यदि क्षुधाबाधास्ति तर्हि क्षुधाक्षीणशक्तेरनन्तवीर्यं नास्ति । तथैव क्षुधादुःखितस्यानन्तसुखमपि नास्ति । जिह्वेन्द्रियपरिच्छित्तिरूपमतिज्ञानपरिणतस्य केवलज्ञानमपि न संभवति । अथवा अन्यदपि कारणमस्ति । असद्वेद्योदयापेक्षया सद्वेद्योदयोऽनन्तगुणोऽस्ति । ततः कारणात् शर्कराराशिमध्ये निम्बकणिकावदसद्वेद्योदयो विद्यमानोऽपि न ज्ञायते । तथैवान्यदपि बाधकमस्ति—यथा प्रमत्तसंयतादितपोधनानां वेदोदये विद्यमानेऽपि मन्दमोहोदयत्वादखण्डब्रह्मचारिणां स्त्रीपरीषहबाधा नास्ति, यथैव च नवग्रैवेयकाद्यहमिन्द्रदेवानां वेदोदये विद्यमानेऽपि मन्दमोहोदयेन

---

**ભાવાર્થઃ**—આત્માને જ્ઞાન અને સુખરૂપે પરિણમવામાં ઇંદ્રિયાદિ પર નિમિત્તોની જરૂર નથી; કારણ કે સ્વપરનું પ્રકાશકપણું જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવું જ્ઞાન અને અનાકુળપણું જેનું લક્ષણ છે એવું સુખ આત્માનો સ્વભાવ જ છે. ૧૯.

હવે અતીન્દ્રિયપણાને લીધે જ શુદ્ધ આત્માને (કેવળીભગવાનને) શારીરિક સુખદુઃખ નથી એમ વ્યક્ત કરે છેઃ—

**કંઈ દેહગત નથી સુખ કે નથી દુઃખ કેવળજ્ઞાનીને,**
**જેથી અતીંદ્રિયતા થઈ તે કારણે એ જાણજે. ૨૦.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**सौख्यं वा पुनर्दुःखं केवलज्ञानिनो नास्ति देहगतम् ।**
**यस्मादतीन्द्रियत्वं जातं तस्मात्तु तज्ज्ञेयम् ॥ २० ॥**

स्त्रीविषयबाधा नास्ति, तथा भगवत्यसद्वेद्योदये विद्यमानेऽपि निरवशेषमोहाभावात् क्षुधाबाधा नास्ति। यदि पुनरुच्यते भवद्भिः—मिथ्यादृष्ट्यादिसयोगकेवलिपर्यन्तास्त्रयोदशगुणस्थानवर्तिनो जीवा आहारका भवन्तीत्याहारकमार्गणायामागमे भणितमास्ते, ततः कारणात् केवलिनामाहारोऽस्तीति। तदप्ययुक्तम्। "णोकम्म-कम्महारो कवलाहारो य लेप्पमाहारो। ओजमणो वि य कमसो आहारो छव्विहो णेयो" ॥ इति गाथाकथितक्रमेण यद्यपि षट्प्रकार आहारो भवति तथापि नोकर्माहारापेक्षया केवलिनामाहारकत्वमवबोद्धव्यम्। न च कवलाहारापेक्षया। तथाहि—सूक्ष्माः सुरसाः सुगन्धा अन्यमनुजानामसंभविनः कवलाहारं विनापि किञ्चिदूनपूर्वकोटिपर्यन्तं शरीरस्थितिहेतवः सप्तधातुरहितपरमौदारिकशरीरनोकर्माहारयोग्या लाभान्तरायकर्मनिरवशेषक्षयात् प्रतिक्षणं पुद्गला आस्रवन्तीति नवकेवलिलब्धिव्याख्यानकाले भणितं तिष्ठति। ततो ज्ञायते नोकर्माहारापेक्षया केवलिनामाहारकत्वम्। अथ मतम्—भवदीयकल्पनया आहारानाहारकत्वं नोकर्माहारापेक्षया, न च कवलाहारापेक्षया चेति कथं ज्ञायते। नैवम्। "एकं द्वौ त्रीन् वानाहारकः" इति **तत्त्वार्थे** कथितमास्ते। अस्य सूत्रस्यार्थः कथ्यते—भवान्तरगमनकाले विग्रहगतौ शरीराभावे सति नूतनशरीरधारणार्थं त्रयाणां शरीराणां षण्णां पर्याप्तीनां योग्यपुद्गलपिण्डग्रहणं नोकर्माहार उच्यते। स च विग्रहगतौ कर्माहारे विद्यमानेऽप्येकद्वित्रिसमयपर्यन्तं नास्ति। ततो नोकर्माहारापेक्षयाऽऽहारानाहारकत्वमागमे ज्ञायते। यदि पुनः कवलाहारापेक्षया तर्हि भोजनकालं विहाय सर्वदैवानाहारक एव, समयत्रयनियमो न घटते। अथ मतम्—केवलिनां कवलाहारोऽस्ति मनुष्यत्वात् वर्तमानमनुष्यवत्। तदप्ययुक्तम्। तर्हि पूर्वकालपुरुषाणां सर्वज्ञत्वं नास्ति, रामरावणादिपुरुषाणां च विशेषसामर्थ्यं नास्ति वर्तमानमनुष्यवत्। न च तथा। किंच छद्मस्थतपोधना अपि सप्तधातुरहितपरमौदारिकशरीराभावे 'छट्ठो त्ति पढमसण्णा' इति वचनात् प्रमत्तसंयतषष्ठगुणस्थानवर्तिनो यद्यप्याहारं गृह्णन्ति तथापि ज्ञानसंयमध्यानसिद्ध्यर्थं, न च देहममत्वार्थम्। उक्तं च—"कायस्थित्यर्थमाहारः कायो ज्ञानार्थमिष्यते। ज्ञानं कर्मविनाशाय तन्नाशे परमं सुखम्" ॥ "ण बलाउसाउअट्ठं ण सरीरस्स य चयट्ठ तेजट्ठं। णाणट्ठ संजमट्ठं झाणट्ठं चेव भुंजंति ॥" तस्य भगवतो ज्ञानसंयमध्यानादिगुणाः स्वभावेनैव तिष्ठन्ति न चाहारबलेन। यदि पुनर्देहममत्वेनाहारं गृह्णाति तर्हि छद्मस्थेभ्योऽप्यसौ हीनः प्राप्नोति। अथोच्यते—तस्यातिशयविशेषात्प्रकटा भुक्तिर्नास्ति प्रच्छन्ना विद्यते। तर्हि परमौदारिकशरीरत्वाद्भुक्तिरेव नास्त्ययमेवातिशयः किं न भवति। तत्र तु प्रच्छन्नभुक्तौ मायास्थानं

**અન્વયાર્થ:—** [ केवलज्ञानिनः ] કેવળજ્ઞાનીને [ देहगतं ] શરીર સંબંધી [ सौख्यं ] સુખ [ वा पुनः दुःखं ] કે દુઃખ [ नास्ति ] **નથી.** [ यस्मात् ] કારણ કે [ अतीन्द्रियत्वं जातं ] અતીન્દ્રિયપણું થયું છે [ तस्मात् तु तत् ज्ञेयम् ] તેથી એમ જાણવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

यत एव शुद्धात्मनो जातवेदस इव कालायसगोलोत्कूलितपुद्गलाशेषविलासकल्पो नास्तीन्द्रियग्रामस्तत एव घोरघनघाताभिघातपरम्परास्थानीयं शरीरगतं सुखदुःखं न स्यात् ॥ २० ॥

अथ ज्ञानस्वरूपप्रपञ्चं सौख्यस्वरूपप्रपञ्चं च क्रमप्रवृत्तप्रबन्धद्वयेनाभिदधाति । तत्र केवलिनोऽतीन्द्रियज्ञानपरिणतत्वात्सर्वं प्रत्यक्षं भवतीति विभावयति—

**परिणमदो खलु णाणं पच्चक्खा सव्वदव्वपज्जाया ।**
**सो णेव ते विजाणदि उग्गहपुव्वाहिं किरियाहिं ॥ २१ ॥**

---

दैन्यवृत्तिः, अन्येऽपि पिण्डशुद्धिकथिता दोषा बहवो भवन्ति । ते चान्यत्र तर्कशास्त्रे ज्ञातव्याः । अत्र चाध्यात्मग्रन्थत्वान्नोच्यन्त इति । अयमत्र भावार्थः—इदं वस्तुस्वरूपमेव ज्ञातव्यमत्राग्रहो न कर्तव्यः । कस्मात् । दुराग्रहे सति रागद्वेषोत्पत्तिर्भवति ततश्च निर्विकारचिदानन्दैकस्वभावपरमात्म-भावनाविघातो भवतीति ॥ २० ॥ एवमनन्तज्ञानसुखस्थापने प्रथमगाथा केवलिभुक्तिनिराकरणे द्वितीया चेति गाथाद्वयं गतम् ।

इति सप्तगाथाभिः स्थलचतुष्टयेन सामान्येन सर्वज्ञसिद्धिनामा द्वितीयोऽन्तराधिकारः समाप्तः ॥

अथ ज्ञानप्रपञ्चाभिधानान्तराधिकारे त्रयस्त्रिंशद्गाथा भवन्ति । तत्राष्टौ स्थलानि । तेष्वादौ

---

**ટીકા:**—જેમ અગ્નિને લોખંડના ગોળાના તપ્ત પુદ્ગલોનો સમસ્ત વિલાસ નથી (અર્થાત્ અગ્નિ તે લોખંડના ગોળાના પુદ્ગલોના વિલાસથી—તેમની ક્રિયાથી—ભિન્ન છે) તેમ શુદ્ધ આત્માને (અર્થાત્ કેવળજ્ઞાની ભગવાનને) ઇંદ્રિયસમૂહ નથી; તેથી જ જેમ અગ્નિને ઘોર ઘણના ઘાના મારની પરંપરા નથી (અર્થાત્ લોખંડના ગોળાના સંસર્ગનો અભાવ થતાં ઘણના ભયંકર ઉપરાછાપરી ઘાનો માર અગ્નિને પડતો નથી) તેમ શુદ્ધ આત્માને શરીરસંબંધી સુખદુઃખ નથી.

**ભાવાર્થ:**—કેવળીભગવાનને શરીરસંબંધી ક્ષુધાદિદુઃખ કે ભોજનાદિસુખ હોતું નથી તેથી તેમને કવલાહાર હોતો નથી. ૨૦.

હવે, જ્ઞાનના સ્વરૂપનો વિસ્તાર અને સુખના સ્વરૂપનો વિસ્તાર ક્રમે પ્રવર્તતા બે અધિકારો દ્વારા કહે છે. તેમાં (પ્રથમ), અતીંદ્રિય જ્ઞાનરૂપે પરિણમેલા હોવાથી કેવળી-ભગવાનને બધું પ્રત્યક્ષ છે એમ પ્રગટ કરે છે:—

**પ્રત્યક્ષ છે સૌ દ્રવ્યપર્યય જ્ઞાન-પરિણમનારને;**
**જાણે નહીં તે તેમને અવગ્રહ-ઇહાદિ ક્રિયા વડે. ૨૧.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



परिणममानस्य खलु ज्ञानं प्रत्यक्षाः सर्वद्रव्यपर्यायाः ।
स नैव तान् विजानात्यवग्रहपूर्वाभिः क्रियाभिः ॥ २१ ॥

यतो न खल्विन्द्रियाण्यालम्ब्यावग्रहेहावायपूर्वकप्रक्रमेण केवली विजानाति, स्वयमेव समस्तावरणक्षयक्षण एवानाद्यनन्ताहेतुकासाधारणभूतज्ञानस्वभावमेव कारणत्वेनोपादाय तदुपरि प्रविकसत्केवलज्ञानोपयोगीभूय विपरिणमते, ततोऽस्याक्रमसमाक्रान्तसमस्तद्रव्यक्षेत्रकालभावतया समक्षसंवेदनालम्बनभूताः सर्वद्रव्यपर्यायाः प्रत्यक्षा एव भवन्ति ॥ २१ ॥

---

केवलज्ञानस्य सर्वं प्रत्यक्षं भवतीति कथनमुख्यत्वेन 'परिणमदो खलु' इत्यादिगाथाद्वयम्, अथात्मज्ञानयोर्निश्चयेनासंख्यातप्रदेशत्वेऽपि व्यवहारेण सर्वगतत्वं भवतीत्यादिकथनमुख्यत्वेन 'आदा णाणपमाणं' इत्यादिगाथापञ्चकम्, ततः परं ज्ञानज्ञेययोः परस्परगमननिराकरणमुख्यतया 'णाणी णाणसहावो' इत्यादिगाथापञ्चकम्, अथ निश्चयव्यवहारकेवलिप्रतिपादनादिमुख्यत्वेन 'जो हि सुदेण' इत्यादिसूत्रचतुष्टयम्, अथ वर्तमानज्ञाने कालत्रयपर्यायपरिच्छित्तिकथनादिरूपेण 'तक्कालिगेव सव्वे' इत्यादिसूत्रपञ्चकम्, अथ केवलज्ञानं बन्धकारणं न भवति रागादिविकल्परहितं छद्मस्थज्ञानमपि, किंतु रागादयो बन्धकारणमित्यादिनिरूपणमुख्यतया 'परिणमदि णेयं' इत्यादिसूत्रपञ्चकम्, अथ केवलज्ञानं सर्वज्ञानं सर्वज्ञत्वेन प्रतिपादयतीत्यादिव्याख्यानमुख्यत्वेन 'जं तक्कालियमिदरं' इत्यादिगाथापञ्चकम्, अथ ज्ञानप्रपञ्चोपसंहारमुख्यत्वेन प्रथमगाथा, नमस्कारकथनेन द्वितीया चेति 'णवि परिणमदि' इत्यादि गाथाद्वयम् । एवं ज्ञानप्रपञ्चाभिधानतृतीयान्तराधिकारे त्रयस्त्रिंशद्गाथाभिः स्थलाष्टकेन समुदाय-

---

**અન્વયાર્થઃ**—[ खलु ] ખરેખર [ ज्ञानं परिणममानस्य ] જ્ઞાનરૂપે (કેવળજ્ઞાનરૂપે) પરિણમતા કેવળીભગવાનને [ सर्वद्रव्यपर्यायाः ] સર્વ દ્રવ્ય-પર્યાયો [ प्रत्यक्षाः ] પ્રત્યક્ષ છે; [ सः ] તે [ तान् ] તેમને [ अवग्रहपूर्वाभिः क्रियाभिः ] અવગ્રહ આદિ ક્રિયાઓથી [ नैव विजानाति ] નથી જાણતા.

**ટીકાઃ**—ઇંદ્રિયોને આલંબીને અવગ્રહ-ઇહા-અવાયપૂર્વક ક્રમથી કેવળીભગવાન જાણતા નથી, (પરંતુ) સ્વયમેવ સમસ્ત આવરણના ક્ષયની ક્ષણે જ, અનાદિ અનંત, અહેતુક અને અસાધારણ જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી તુરત જ પ્રગટતા કેવળજ્ઞાનોપયોગરૂપ થઈને પરિણમે છે; માટે તેમને સમસ્ત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનું અક્રમે ગ્રહણ હોવાથી સમક્ષ સંવેદનને (-પ્રત્યક્ષ જ્ઞાનને) આલંબનભૂત સમસ્ત દ્રવ્ય-પર્યાયો પ્રત્યક્ષ જ છે.

**ભાવાર્થઃ**—જેની આદિ નથી તેમ જ અંત નથી, જેનું કોઈ કારણ નથી અને જે અન્ય કોઈ દ્રવ્યમાં નથી એવા જ્ઞાનસ્વભાવને જ ઉપાદેય કરીને, કેવળજ્ઞાનની ઉત્પત્તિના બીજભૂત શુક્લધ્યાન નામના સ્વસંવેદનજ્ઞાને જ્યારે આત્મા પરિણમે છે ત્યારે તેના નિમિત્તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथास्य भगवतोऽतीन्द्रियज्ञानपरिणतत्वादेव न किंचित्परोक्षं भवतीत्यभिप्रैति—

**णत्थि परोक्खं किंचि वि समंत सव्वक्खगुणसमिद्धस्स ।**
**अक्खातीदस्स सदा सयमेव हि णाणजादस्स ॥ २२ ॥**

**नास्ति परोक्षं किंचिदपि समन्ततः सर्वाक्षगुणसमृद्धस्य ।**
**अक्षातीतस्य सदा स्वयमेव हि ज्ञानजातस्य ॥ २२ ॥**

---

पातनिका । तद्यथा—अथातीन्द्रियज्ञानपरिणतत्वात्केवलिनः सर्वं प्रत्यक्षं भवतीति प्रतिपादयति—**पच्चक्खा सव्वदव्वपज्जाया** सर्वद्रव्यपर्यायाः प्रत्यक्षा भवन्ति । कस्य । केवलिनः । किं कुर्वतः । **परिणमदो** परिणममानस्य । **खलु** स्फुटम् । किम् । **णाणं** अनन्तपदार्थपरिच्छित्तिसमर्थं केवलज्ञानम् । तर्हि किं क्रमेण जानाति । **सो णेव ते विजाणदि उग्गहपुव्वाहिं किरियाहिं** स च भगवान्नैव तान् जानात्यवग्रहपूर्वाभिः क्रियाभिः, किंतु युगपदित्यर्थः । इतो विस्तरः—अनाद्यनन्तमहेतुकं चिदानन्दैकस्वभावं निजशुद्धात्मानमुपादेयं कृत्वा केवलज्ञानोत्पत्तेर्बीजभूतेनागमभाषया शुक्लध्यानसंज्ञेन रागादिविकल्पजालरहितस्वसंवेदनज्ञानेन यदायमात्मा परिणमति, तदा स्वसंवेदनज्ञानफलभूतकेवलज्ञानपरिच्छित्त्याकारपरिणतस्य तस्मिन्नेव क्षणे क्रमप्रवृत्तक्षायोपशमिकज्ञानाभावादक्रमसमाक्रान्तसमस्तद्रव्यक्षेत्रकालभावतया सर्वद्रव्यगुणपर्याया अस्यात्मनः प्रत्यक्षा भवन्तीत्यभिप्रायः ॥ २१ ॥ अथ सर्वं प्रत्यक्षं

---

સર્વ ઘાતિકર્મોનો ક્ષય થઈ જાય છે અને તે ક્ષય થવાના સમયે જ આત્મા સ્વયમેવ કેવળજ્ઞાનરૂપે પરિણમવા લાગે છે. તે કેવળજ્ઞાની ભગવાન ક્ષાયોપશમિક જ્ઞાનવાળા જીવોની માફક અવગ્રહ, ઈહા, અવાય અને ધારણારૂપ ક્રમથી જાણતા નથી પરંતુ સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને યુગપદ્ જાણે છે; એ રીતે તેમને બધુંય પ્રત્યક્ષ વર્તે છે. ૨૧.

હવે, અતીંદ્રિય જ્ઞાનરૂપે પરિણમેલા હોવાથી જ, આ ભગવાનને કાંઈ પણ પરોક્ષ નથી એવો અભિપ્રાય કહે છે:—

**ન પરોક્ષ કંઈ પણ સર્વતઃ સર્વાક્ષગુણસમૃદ્ધને,**
**ઇંદ્રિય-અતીત સદૈવ ને સ્વયમેવ જ્ઞાન થયેલને. ૨૨.**

**અન્વયાર્થઃ**—[ सदा अक्षातीतस्य ] જે સદા ઇંદ્રિયાતીત છે, [ समन्ततः सर्वाक्षगुणसमृद्धस्य ] જે સર્વ તરફથી (-સર્વ આત્મપ્રદેશે) સર્વ ઇંદ્રિયગુણો વડે સમૃદ્ધ છે [ स्वयम् एव हि ज्ञानजातस्य ] અને જે સ્વયમેવ જ્ઞાનરૂપ થયેલા છે, તે કેવળીભગવાનને [ किंचिद् अपि ] કાંઈ પણ [ परोक्षं नास्ति ] પરોક્ષ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**अस्य खलु भगवतः समस्तावरणक्षयक्षण एव सांसारिकपरिच्छित्तिनिष्पत्तिबलाधानहेतुभूतानि प्रतिनियतविषयग्राहीण्यक्षाणि तैरतीतस्य, स्पर्शरसगन्धवर्णशब्दपरिच्छेदरूपैः समरसतया समन्ततः सर्वैरेवेन्द्रियगुणैः समृद्धस्य, स्वयमेव सामस्त्येन स्वपरप्रकाशनक्षममनश्वरं लोकोत्तरज्ञानजातस्य, अक्रमसमाक्रान्तसमस्तद्रव्यक्षेत्रकालभावतया न किंचनापि परोक्षमेव स्यात् ॥ २२ ॥**

---

भवतीत्यन्वयरूपेण पूर्वसूत्रे भणितमिदानीं तु परोक्षं किमपि नास्तीति तमेवार्थं व्यतिरेकेण दृढयति— **णत्थि परोक्खं किंचि वि** अस्य भगवतः परोक्षं किमपि नास्ति । किंविशिष्टस्य । **समंत सव्वक्खगुणसमिद्धस्स** समन्ततः सर्वात्मप्रदेशैः सामस्त्येन वा स्पर्शरसगन्धवर्णशब्दपरिच्छित्तिरूपसर्वेन्द्रियगुणसमृद्धस्य। तर्हि किमक्षसहितस्य । नैवम् । **अक्खातीदस्स** अक्षातीतस्येन्द्रियव्यापाररहितस्य, अथवा द्वितीयव्याख्यानम्—अक्ष्णोति ज्ञानेन व्याप्नोतीत्यक्ष आत्मा तद्गुणसमृद्धस्य । **सदा** सर्वदा सर्वकालम् । पुनरपि किंरूपस्य। **सयमेव हि णाणजादस्स** स्वयमेव हि स्फुटं केवलज्ञानरूपेण जातस्य परिणतस्येति । तद्यथा—अतीन्द्रियस्वभावपरमात्मनो विपरीतानि क्रमप्रवृत्तिहेतुभूतानीन्द्रियाण्यतिक्रान्तस्य जगत्त्रयकालत्रयवर्तिसमस्तपदार्थयुगपत्प्रत्यक्षप्रतीतिसमर्थमविनश्वरमखण्डैकप्रतिभासमयं केवलज्ञानं परिणतस्यास्य भगवतः परोक्षं किमपि नास्तीति भावार्थः ॥ २२ ॥ एवं केवलिनां समस्तं प्रत्यक्षं भवतीति कथनरूपेण प्रथमस्थले गाथाद्वयं गतम् । अथात्मा ज्ञानप्रमाणो भवतीति ज्ञानं च

---

**ટીકાઃ**—સમસ્ત આવરણના ક્ષયની ક્ષણે જ જે (ભગવાન) સાંસારિક જ્ઞાન નિપજાવવાના બળને અમલમાં મૂકવામાં હેતુભૂત એવી જે પોતપોતાના નિશ્ચિત વિષયોને ગ્રહણ કરનારી ઇંદ્રિયો તેમનાથી અતીત થયા છે, જે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દના જ્ઞાનરૂપ સર્વ ઇંદ્રિયગુણો વડે સર્વ તરફથી સમરસપણે સમૃદ્ધ છે (અર્થાત્ જે ભગવાન સ્પર્શ, રસ, ગંધ, વર્ણ તેમ જ શબ્દને સર્વ આત્મપ્રદેશોથી સમાનપણે જાણે છે) અને જે સ્વયમેવ સમસ્તપણે સ્વપરને પ્રકાશવામાં સમર્થ એવા અવિનાશી લોકોત્તર જ્ઞાનરૂપ થયા છે એવા આ (કેવળી) ભગવાનને સમસ્ત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું અક્રમે ગ્રહણ હોવાથી કાંઈ પણ પરોક્ષ નથી.

**ભાવાર્થઃ**—ઇંદ્રિયનો ગુણ તો સ્પર્શાદિ એક ગુણને જ જાણવાનો છે, જેમ કે ચક્ષુઇંદ્રિયનો ગુણ રૂપને જ જાણવાનો છે અર્થાત્ રૂપને જ જાણવામાં નિમિત્ત થવાનો છે. વળી ઇંદ્રિયજ્ઞાન ક્રમિક છે. કેવળીભગવાન તો ઇંદ્રિયોના નિમિત્ત વિના સમસ્ત આત્મપ્રદેશથી સ્પર્શાદિ સર્વ વિષયોને જાણે છે, અને જે સમસ્તપણે પોતાનું ને પરનું પ્રકાશક છે એવા લોકોત્તર જ્ઞાનરૂપે (-લૌકિકજ્ઞાનથી ભિન્ન કેવળજ્ઞાનરૂપે) સ્વયમેવ પરિણમ્યા કરે છે; માટે સમસ્ત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અવગ્રહાદિ ક્રમ વિના જાણતા હોવાથી કેવળીભગવાનને કાંઈ પણ પરોક્ષ નથી. ૨૨.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथात्मनो ज्ञानप्रमाणत्वं ज्ञानस्य सर्वगतत्वं चोद्योतयति—

आदा णाणपमाणं णाणं णेयप्पमाणमुद्दिट्ठं ।
णेयं लोयालोयं तम्हा णाणं तु सव्वगयं ॥ २३ ॥

आत्मा ज्ञानप्रमाणं ज्ञानं ज्ञेयप्रमाणमुद्दिष्टम् ।
ज्ञेयं लोकालोकं तस्माज्ज्ञानं तु सर्वगतम् ॥ २३ ॥

आत्मा हि 'समगुणपर्यायं द्रव्यम्' इति वचनात् ज्ञानेन सह हीनाधिकत्वरहितत्वेन परिणतत्वात्तत्परिमाणः, ज्ञानं तु ज्ञेयनिष्ठत्वाद्दाह्यनिष्ठदहनवत्तत्परिमाणं; ज्ञेयं तु लोकालोकविभागविभक्तानन्तपर्यायमालिकालीढस्वरूपसूचिता विच्छेदोपदर्शितध्रौव्या षड्द्रव्यी

---

व्यवहारेण सर्वगतमित्युपदिशति—**आदा णाणपमाणं** ज्ञानेन सह हीनाधिकत्वाभावादात्मा ज्ञानप्रमाणो भवति । तथाहि—'समगुणपर्यायं द्रव्यं भवति' इति वचनाद्वर्तमानमनुष्यभवे वर्तमानमनुष्यपर्यायप्रमाणः, तथैव मनुष्यपर्यायप्रदेशवर्तिज्ञानगुणप्रमाणश्च प्रत्यक्षेण दृश्यते यथायमात्मा, तथा निश्चयतः सर्वदैवाव्याबाधाक्षयसुखाद्यनन्तगुणाधारभूतो योऽसौ केवलज्ञानगुणस्तत्प्रमाणोऽयमात्मा । **णाणं णेयप्पमाणमुद्दिट्ठं** दाह्यनिष्ठदहनवत् ज्ञानं ज्ञेयप्रमाणमुद्दिष्टं कथितम् । **णेयं लोयालोयं** ज्ञेयं लोका-

---

હવે આત્માનું જ્ઞાનપ્રમાણપણું અને જ્ઞાનનું સર્વગતપણું પ્રકાશે છેઃ—

જીવદ્રવ્ય જ્ઞાનપ્રમાણ ભાખ્યું, જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે;
ને જ્ઞેય લોકાલોક, તેથી સર્વગત એ જ્ઞાન છે. ૨૩.

**અન્વયાર્થઃ**—[ आत्मा ] આત્મા [ ज्ञानप्रमाणं ] જ્ઞાનપ્રમાણ છે; [ ज्ञानं ] જ્ઞાન [ ज्ञेयप्रमाणं ] જ્ઞેયપ્રમાણ [ उद्दिष्टं ] કહ્યું છે. [ ज्ञेयं लोकालोकं ] જ્ઞેય લોકાલોક છે, [ तस्मात् ] તેથી [ ज्ञानं तु ] જ્ઞાન [ सर्वगतं ] સર્વગત ( અર્થાત્ સર્વવ્યાપક ) છે.

**ટીકાઃ**—'समगुणपर्यायं द्रव्यम् ( ગુણ-પર્યાયો અર્થાત્ યુગપદ્ સર્વ ગુણો અને પર્યાયો તે જ દ્રવ્ય છે )' એ વચન પ્રમાણે આત્મા જ્ઞાનથી હીનાધિકતારહિતપણે પરિણમતો હોવાથી જ્ઞાનપ્રમાણ છે, અને જ્ઞાન [1]જ્ઞેયનિષ્ઠ હોવાથી, દાહ્યનિષ્ઠ [2]દહનની જેમ, જ્ઞેયપ્રમાણ છે. જ્ઞેય તો લોક અને અલોકના વિભાગથી [3]વિભક્ત, [4]અનંત પર્યાયમાળાથી આલિંગિત સ્વરૂપે સૂચિત ( –પ્રગટ, જણાતો ), નાશવંત દેખાતો છતાં ધ્રુવ એવો ષટ્દ્રવ્ય-

---

૧. જ્ઞેયનિષ્ઠ = જ્ઞેયોને અવલંબતું; જ્ઞેયોમાં તત્પર.

૨. દહન = બાળવું તે; અગ્નિ.

૩. વિભક્ત = વિભાગવાળો. ( ષટ્દ્રવ્યના સમૂહમાં લોક-અલોકરૂપ બે વિભાગ છે. )

૪. અનંત પર્યાયો દ્રવ્યને આલિંગે છે ( –દ્રવ્યમાં થાય છે ) એવા સ્વરૂપવાળું દરેક દ્રવ્ય જણાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सर्वमिति यावत् । ततो निःशेषावरणक्षयक्षण एव लोकालोकविभागविभक्तसमस्तवस्त्वाकारपारमुपगम्य तथैवाप्रच्युतत्वेन व्यवस्थितत्वात् ज्ञानं सर्वगतम् ॥ २३ ॥

अथात्मनो ज्ञानप्रमाणत्वानभ्युपगमे द्वौ पक्षावुपन्यस्य दूषयति—

**णाणप्पमाणमादा ण हवदि जस्सेह तस्स सो आदा ।**
**हीणो वा अहिओ वा णाणादो हवदि धुवमेव ॥ २४ ॥**
**हीणो जदि सो आदा तण्णाणमचेदणं ण जाणादि ।**
**अहिओ वा णाणादो णाणेण विणा कहं णादि ॥ २५ ॥ जुगलं।**

---

लोकं भवति । शुद्धबुद्धैकस्वभावसर्वप्रकारोपादेयभूतपरमात्मद्रव्यादिषड्द्रव्यात्मको लोकः, लोकाद्बहिर्भागे शुद्धाकाशमलोकः, तच्च लोकालोकद्वयं स्वकीयस्वकीयानन्तपर्यायपरिणतिरूपेणानित्यमपि द्रव्यार्थिकनयेन नित्यम् । **तम्हा णाणं तु सव्वगयं** यस्मान्निश्चयरत्नत्रयात्मकशुद्धोपयोगभावनाबलेनोत्पन्नं यत्केवलज्ञानं तट्टङ्कोत्कीर्णाकारन्यायेन निरन्तरं पूर्वोक्तज्ञेयं जानाति, तस्माद्व्यवहारेण तु ज्ञानं सर्वगतं भण्यते । ततः स्थितमेतदात्मा ज्ञानप्रमाणं ज्ञानं सर्वगतमिति ॥ २३ ॥ अथात्मानं ज्ञानप्रमाणं ये न मन्यन्ते तत्र हीनाधिकत्वे दूषणं ददाति—**णाणप्पमाणमादा ण हवदि जस्सेह** ज्ञानप्रमाणमात्मा न भवति

---

સમૂહ છે એટલે કે બધુંય છે. (જ્ઞેય તો છયે દ્રવ્યનો સમૂહ એટલે કે બધુંય છે.) માટે નિઃશેષ આવરણના ક્ષયની ક્ષણે જ લોક અને અલોકના વિભાગથી વિભક્ત સમસ્ત વસ્તુઓના આકારોના પારને પામીને એ રીતે જ અચ્યુતપણે રહેતું હોવાથી જ્ઞાન સર્વગત છે.

**ભાવાર્થઃ**—ગુણ-પર્યાયોથી દ્રવ્ય અનન્ય છે માટે આત્મા જ્ઞાનથી હીન-અધિક નહિ હોવાથી જ્ઞાન જેવડો જ છે; અને જેમ દાહ્યને (બળવાયોગ્ય પદાર્થને) અવલંબનાર દહન દાહ્યની બરાબર જ છે તેમ જ્ઞેયને અવલંબનાર જ્ઞાન જ્ઞેયની બરાબર જ છે. જ્ઞેય તો સમસ્ત લોકાલોક અર્થાત્ બધુંય છે. માટે, સર્વ આવરણનો ક્ષય થતાં જ (જ્ઞાન) સર્વને જાણતું હોવાથી અને પછી કદી સર્વને જાણવામાંથી ચ્યુત નહિ થતું હોવાથી જ્ઞાન સર્વવ્યાપક છે. ૨૩.

હવે આત્માને જ્ઞાનપ્રમાણ નહિ માનવામાં બે પક્ષ રજૂ કરીને દોષ બતાવે છેઃ—

**જીવદ્રવ્ય જ્ઞાનપ્રમાણ નહિ—એ માન્યતા છે જેહને,**
**તેના મતે જીવ જ્ઞાનથી હીન કે અધિક અવશ્ય છે; ૨૪.**
**જો હીન આત્મા હોય, નવ જાણે અચેતન જ્ઞાન એ,**
**ને અધિક જ્ઞાનથી હોય તો વણ જ્ઞાન કયમ જાણે અરે? ૨૫.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ज्ञानप्रमाणमात्मा न भवति यस्येह तस्य स आत्मा ।
हीनो वा अधिको वा ज्ञानाद्भवति ध्रुवमेव ॥ २४ ॥

हीनो यदि स आत्मा तत् ज्ञानमचेतनं न जानाति ।
अधिको वा ज्ञानात् ज्ञानेन विना कथं जानाति ॥ २५ ॥ युगलम् ।

यदि खल्वयमात्मा हीनो ज्ञानादित्यभ्युपगम्यते तदात्मनोऽतिरिच्यमानं ज्ञानं स्वाश्रयभूतचेतनद्रव्यसमवायाभावादचेतनं भवद्रूपादिगुणकल्पतामापन्नं न जानाति। यदि पुनर्ज्ञानादधिक इति पक्षः कक्षीक्रियते तदावश्यं ज्ञानादतिरिक्तत्वात् पृथग्भूतो भवन् घटपटादिस्थानीयतामापन्नो ज्ञानमन्तरेण न जानाति। ततो ज्ञानप्रमाण एवायमात्माभ्युपगन्तव्यः ॥ २४। २५ ॥

---

यस्य वादिनो मतेऽत्र जगति **तस्स सो आदा** तस्य मते स आत्मा **हीणो वा अहिओ वा णाणादो हवदि धुवमेव** हीनो वा अधिको वा ज्ञानात्सकाशाद् भवति निश्चितमेवेति ॥ २४ ॥ **हीणो जदि सो आदा तं णाणमचेदणं ण जाणादि** हीनो यदि स आत्मा तदाग्नेरभावे सति उष्णगुणो यथा शीतलो भवति तथा स्वाश्रयभूतचेतनात्मकद्रव्यसमवायाभावात्तस्यात्मनो ज्ञानमचेतनं भवत्सत् किमपि

---

**અન્વયાર્થઃ**—[ इह ] આ જગતમાં [ यस्य ] જેના મતમાં [ आत्मा ] આત્મા [ ज्ञानप्रमाणं ] જ્ઞાનપ્રમાણ [ न भवति ] નથી, [ तस्य ] તેના મતમાં [ सः आत्मा ] તે આત્મા [ ध्रुवम् एव ] અવશ્ય [ ज्ञानात् हीनः वा ] જ્ઞાનથી હીન [ अधिकः वा भवति ] અથવા અધિક હોવો જોઈએ.

[ यदि ] જો [ सः आत्मा ] તે આત્મા [ हीनः ] જ્ઞાનથી હીન હોય [ तद् ] તો [ ज्ञानं ] જ્ઞાન [ अचेतनं ] અચેતન થવાથી [ न जानाति ] જાણે નહિ, [ ज्ञानात् अधिकः वा ] અને જો (આત્મા) જ્ઞાનથી અધિક હોય તો [ ज्ञानेन विना ] (તે આત્મા) જ્ઞાન વિના [ कथं जानाति ] કેમ જાણે ?

**ટીકાઃ**—જો આ આત્મા જ્ઞાનથી હીન છે એમ સ્વીકારવામાં આવે તો આત્માથી આગળ વધી જતું જ્ઞાન (-આત્માના ક્ષેત્રથી આગળ વધીને તેની બહાર વ્યાપતું જ્ઞાન) પોતાના આશ્રયભૂત ચેતનદ્રવ્યનો સમવાય (સંબંધ) નહિ રહેવાને લીધે અચેતન થયું થકું રૂપાદિ ગુણ જેવું થવાથી ન જાણે; અને જો આ આત્મા જ્ઞાનથી અધિક છે એવો પક્ષ સ્વીકારવામાં આવે તો અવશ્ય (આત્મા) જ્ઞાનથી આગળ વધી ગયો હોવાને લીધે (-જ્ઞાનના ક્ષેત્રથી બહાર વ્યાપતો હોવાને લીધે) જ્ઞાનથી પૃથક્ થયો થકો ઘટપટાદિ જેવો થવાથી જ્ઞાન સિવાય ન જાણે. માટે આ આત્મા જ્ઞાનપ્રમાણ જ માનવાયોગ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

अथात्मनोऽपि ज्ञानवत् सर्वगतत्वं न्यायायातमभिनन्दति—

**सव्वगदो जिणवसहो सव्वे वि य तग्गया जगदि अट्ठा ।**
**णाणमयादो य जिणो विसयादो तस्स ते भणिया ॥ २६ ॥**

**सर्वगतो जिनवृषभः सर्वेऽपि च तद्गता जगत्यर्थाः ।**
**ज्ञानमयत्वाच्च जिनो विषयत्वात्तस्य ते भणिताः ॥ २६ ॥**

---

न जानाति । **अहिओ वा णाणादो णाणेण विणा कहं णादि** अधिको वा ज्ञानात्सकाशात्तर्हि यथोष्ण-गुणाभावेऽग्निः शीतलो भवन्सन् दहनक्रियां प्रत्यसमर्थो भवति तथा ज्ञानगुणाभावे सत्यात्माप्यचेतनो भवन्सन् कथं जानाति, न कथमपीति । अयमत्र भावार्थः—ये केचनात्मानमङ्गुष्ठपर्वमात्रं, श्यामाकतण्डुलमात्रं, वटककणिकादिमात्रं वा मन्यन्ते ते निषिद्धाः । येऽपि समुद्घातसप्तकं विहाय देहादधिकं मन्यन्ते तेऽपि निराकृता इति ॥ २५ ॥ अथ यथा ज्ञानं पूर्वं सर्वगतमुक्तं तथैव सर्वगतज्ञानापेक्षया भगवानपि सर्वगतो भवतीत्यावेदयति—**सव्वगदो** सर्वगतो भवति । स कः कर्ता । **जिणवसहो** जिनवृषभः

---

**ભાવાર્થઃ—** આત્માનું ક્ષેત્ર જ્ઞાનના ક્ષેત્રથી ઓછું માનવામાં આવે તો આત્માના ક્ષેત્રની બહાર વર્તતું જ્ઞાન ચેતનદ્રવ્ય સાથે સંબંધ નહિ હોવાને લીધે અચેતન ગુણ જેવું થવાથી જાણવાનું કામ ન કરી શકે, જેમ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે અચેતન ગુણો જાણી શકતા નથી તેમ. જો આત્માનું ક્ષેત્ર જ્ઞાનના ક્ષેત્રથી અધિક માનવામાં આવે તો જ્ઞાનના ક્ષેત્રની બહાર વર્તતો જ્ઞાનશૂન્ય આત્મા જ્ઞાન વિના જાણવાનું કામ ન કરી શકે, જેમ જ્ઞાનશૂન્ય ઘડો, વસ્ત્ર વગેરે પદાર્થો જાણી શકતા નથી તેમ. માટે આત્મા જ્ઞાનથી હીન પણ નથી, અધિક પણ નથી, જ્ઞાન જેવડો જ છે. ૨૪-૨૫.

હવે જ્ઞાનની જેમ આત્માનું પણ સર્વગતપણું ન્યાયસિદ્ધ છે એમ કહે છેઃ—

**છે સર્વગત જિનવર અને સૌ અર્થ જિનવરપ્રાપ્ત છે,**
**જિન જ્ઞાનમય ને સર્વ અર્થો વિષય જિનના હોઈને. ૨૬.**

**અન્વયાર્થઃ—**[ जिनवृषभः ] જિનવર [ सर्वगतः ] સર્વગત છે [ च ] અને [ जगति ] જગતના [ सर्वे अपि अर्थाः ] સર્વ પદાર્થો [ तद्गताः ] જિનવરગત (જિનવરમાં પ્રાપ્ત) છે; [ जिनः ज्ञानमयत्वात् ] કારણ કે જિન જ્ઞાનમય છે [ च ] અને [ ते ] સર્વ પદાર્થો [ विषयत्वात् ] જ્ઞાનના વિષય હોવાથી [ तस्य ] જિનના વિષય [ भणिताः ] કહેવામાં આવ્યા છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ज्ञानं हि त्रिसमयावच्छिन्नसर्वद्रव्यपर्यायरूपव्यवस्थितविश्वज्ञेयाकारानाक्रामत् सर्वगतमुक्तं, तथाभूतज्ञानमयीभूय व्यवस्थितत्वाद्भगवानपि सर्वगत एव। एवं सर्वगतज्ञानविषयत्वात्सर्वेऽर्था अपि सर्वगतज्ञानाव्यतिरिक्तस्य भगवतस्तस्य ते विषया इति भणितत्वात्तद्गता एव भवन्ति। तत्र निश्चयनयेनानाकुलत्वलक्षणसौख्यसंवेदनत्वाधिष्ठानत्वावच्छिन्नात्मप्रमाणज्ञानस्वतत्त्वापरित्यागेन विश्वज्ञेयाकाराननुपगम्यावबुध्यमानोऽपि व्यवहारनयेन भगवान् सर्वगत इति व्यपदिश्यते। तथा नैमित्तिकभूतज्ञेयाकारानात्मस्थानवलोक्य सर्वेऽर्थास्तद्गता इत्युपचर्यन्ते, न च तेषां परमार्थतोऽन्योन्यगमनमस्ति, सर्वद्रव्याणां स्वरूपनिष्ठत्वात्। अयं क्रमो ज्ञानेऽपि निश्चेयः ॥ २६ ॥

---

सर्वज्ञः। कस्मात् सर्वगतो भवति। **जिणो** जिनः **णाणमयादो य** ज्ञानमयत्वाद्धेतोः **सव्वे वि य तग्गया जगदि अट्ठा** सर्वेऽपि च ये जगत्यर्थास्ते दर्पणे बिम्बवद् व्यवहारेण तत्र भगवति गता भवन्ति। कस्मात्। **ते भणिया** तेऽर्थास्तत्र गता भणिताः **विसयादो** विषयत्वात्परिच्छेद्यत्वात् ज्ञेयत्वात्। कस्य। **तस्स** तस्य भगवत इति। तथाहि—यदनन्तज्ञानमनाकुलत्वलक्षणानन्तसुखं च तदाधारभूतस्तावदात्मा। इत्थंभूतात्मप्रमाणं ज्ञानमात्मनः स्वस्वरूपं भवति। इत्थंभूतं स्वस्वरूपं देहगतमपरित्यजन्नेव लोकालोकं परिच्छिनत्ति। ततः कारणाद्व्यवहारेण सर्वगतो भण्यते भगवान्। येन च कारणेन नीलपीतादिबहिःपदार्था आदर्शे बिम्बवत् परिच्छित्त्याकारेण ज्ञाने प्रतिफलन्ति ततः कारणा-

---

**ટીકાઃ**—જ્ઞાન ત્રણે કાળના સર્વ દ્રવ્ય-પર્યાયરૂપ વર્તતા સમસ્ત જ્ઞેયાકારોને પહોંચી વળતું (-જાણતું) હોવાથી સર્વગત કહેવામાં આવ્યું છે; અને એવા (સર્વગત) જ્ઞાનમય થઈને રહેલા હોવાથી ભગવાન પણ સર્વગત જ છે. એ રીતે સર્વ પદાર્થો પણ સર્વગત જ્ઞાનના વિષય હોવાને લીધે, સર્વગત જ્ઞાનથી અભિન્ન એવા તે ભગવાનના તે વિષયો છે એમ (શાસ્ત્રમાં) કહ્યું છે; માટે સર્વ પદાર્થો ભગવાનગત જ (-ભગવાનમાં પ્રાપ્ત જ) છે.

ત્યાં (એમ સમજવું કે)—નિશ્ચયનયે અનાકુળતાલક્ષણ સુખનું જે સંવેદન તે સુખસંવેદનના [1]અધિષ્ઠાનપણા જેવડો જ આત્મા છે અને તે આત્મા જેવડું જ જ્ઞાન સ્વતત્ત્વ છે; તે આત્મપ્રમાણ જ્ઞાન કે જે નિજ સ્વરૂપ છે તેને છોડ્યા વિના, સમસ્ત [2]જ્ઞેયાકારોની સમીપ ગયા વિના, ભગવાન (સર્વ પદાર્થોને) જાણે છે. નિશ્ચયનયે આમ હોવા છતાં વ્યવહારનયે 'ભગવાન સર્વગત છે' એમ કહેવાય છે. વળી

---

૧. અધિષ્ઠાન = આધાર; રહેઠાણ. (આત્મા સુખસંવેદનનો આધાર છે. જેટલામાં સુખનું વેદન થાય છે તેવડો જ આત્મા છે.)

૨. જ્ઞેયાકારો = પર પદાર્થોનાં દ્રવ્ય-ગુણ-પર્યાયો કે જેઓ જ્ઞેય છે. (આ જ્ઞેયાકારો પરમાર્થે આત્માથી તદ્દન ભિન્ન છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथात्मज्ञानयोरेकत्वान्यत्वं चिन्तयति—

**णाणं अप्प त्ति मदं वट्टदि णाणं विणा ण अप्पाणं ।**
**तम्हा णाणं अप्पा अप्पा णाणं व अण्णं वा ॥ २७ ॥**

**ज्ञानमात्मेति मतं वर्तते ज्ञानं विना नात्मानम् ।**
**तस्मात् ज्ञानमात्मा आत्मा ज्ञानं वा अन्यद्वा ॥ २७ ॥**

---

दुपचारेणार्थकार्यभूता अर्थाकारा अप्यर्था भण्यन्ते । ते च ज्ञाने तिष्ठन्तीत्युच्यमाने दोषो नास्तीत्यभिप्रायः ॥ २६ ॥ अथ ज्ञानमात्मा भवति, आत्मा तु ज्ञानं सुखादिकं वा भवतीति प्रतिपादयति— **णाणं अप्प त्ति मदं** ज्ञानमात्मा भवतीति मतं सम्मतम् । कस्मात् । **वट्टदि णाणं विणा ण अप्पाणं** ज्ञानं

---

[1] નૈમિત્તિકભૂત જ્ઞેયાકારોને આત્મસ્થ (આત્મામાં રહેલા) દેખીને 'સર્વ પદાર્થો આત્મગત (-આત્મામાં) છે' એમ ઉપચાર કરવામાં આવે છે; પરંતુ પરમાર્થે તેમનું એકબીજામાં ગમન નથી, કારણ કે સર્વ દ્રવ્યો સ્વરૂપનિષ્ઠ (-પોતપોતાના સ્વરૂપમાં નિશ્ચળ રહેલાં) છે.

આ ક્રમ જ્ઞાનમાં પણ નક્કી કરવો. (આત્મા અને જ્ઞેયો વિષે નિશ્ચય-વ્યવહારથી કહ્યું તેમ જ્ઞાન અને જ્ઞેયો વિષે પણ સમજવું.) ૨૬.

હવે આત્મા અને જ્ઞાનનું એકત્વ-અન્યત્વ વિચારે છેઃ—

**છે જ્ઞાન આત્મા જિનમતે; આત્મા વિના નહિ જ્ઞાન છે,**
**તે કારણે છે જ્ઞાન જીવ, જીવ જ્ઞાન છે વા અન્ય છે. ૨૭.**

**અન્વયાર્થઃ—**[ज्ञानं आत्मा] જ્ઞાન આત્મા છે [इति मतं] એમ જિનદેવનો મત છે. [आत्मानं विना] આત્મા વિના (બીજા કોઈ દ્રવ્યમાં) [ज्ञानं न वर्तते] જ્ઞાન હોતું નથી [तस्मात्] તેથી [ज्ञानं आत्मा] જ્ઞાન આત્મા છે; [आत्मा] અને આત્મા તો [ज्ञानं वा] (જ્ઞાનગુણ દ્વારા) જ્ઞાન છે [अन्यत् वा] અથવા (સુખાદિ અન્ય ગુણ દ્વારા) અન્ય છે.

---

૧. નૈમિત્તિકભૂત જ્ઞેયાકારો = જ્ઞાનમાં થતા (જ્ઞાનની અવસ્થારૂપ) જ્ઞેયાકારો. (આ જ્ઞેયાકારોને જ્ઞાનાકારો પણ કહેવામાં આવે છે, કારણ કે જ્ઞાન આ જ્ઞેયાકારરૂપે પરિણમે છે. આ જ્ઞેયાકારો નૈમિત્તિક છે અને પર પદાર્થોનાં દ્રવ્ય-ગુણ-પર્યાયો તેમનાં નિમિત્ત છે. આ જ્ઞેયાકારોને આત્મામાં દેખીને 'સમસ્ત પર પદાર્થો આત્મામાં છે' એમ ઉપચાર કરવામાં આવે છે. આ વાત ૩૧ મી ગાથામાં દર્પણના દૃષ્ટાંતથી સમજાવશે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यतः शेषसमस्तचेतनाचेतनवस्तुसमवायसंबन्धनिरुत्सुकतयाऽनाद्यनन्तस्वभावसिद्ध-समवायसंबन्धमेकमात्मानमाभिमुख्येनावलम्ब्य प्रवृत्तत्वात् तं विना आत्मानं ज्ञानं न धारयति, ततो ज्ञानमात्मैव स्यात् । आत्मा त्वनन्तधर्माधिष्ठानत्वात् ज्ञानधर्मद्वारेण ज्ञानमन्यधर्मद्वारेणान्यदपि स्यात् । किं चानेकान्तोऽत्र बलवान् । एकान्तेन ज्ञानमात्मेति ज्ञानस्याभावोऽचेतनत्वमात्मनो विशेषगुणाभावादभावो वा स्यात् । सर्वथात्मा ज्ञानमिति निराश्रयत्वात् ज्ञानस्याभाव आत्मनः शेषपर्यायाभावस्तदविनाभाविनस्तस्याप्यभावः स्यात् ॥ २७ ॥

---

कर्तृ विनात्मानं जीवमन्यत्र घटपटादौ न वर्तते । **तम्हा णाणं अप्पा** तस्मात् ज्ञायते कथंचिज्ज्ञानमात्मैव स्यात् । इति गाथापादत्रयेण ज्ञानस्य कथंचिदात्मत्वं स्थापितम् । **अप्पा णाणं व अण्णं वा** आत्मा तु ज्ञानधर्मद्वारेण ज्ञानं भवति, सुखवीर्यादिधर्मद्वारेणान्यद्वा नियमो नास्तीति । तद्यथा—यदि पुनरेकान्तेन ज्ञानमात्मेति भण्यते तदा ज्ञानगुणमात्र एवात्मा प्राप्तः सुखादिधर्माणामवकाशो नास्ति । तथा सुखवीर्यादिधर्मसमूहाभावादात्माभावः, आत्मन आधारभूतस्याभावादाधेयभूतस्य ज्ञानगुणस्याप्यभावः, इत्येकान्ते सति द्वयोरप्यभावः । तस्मात्कथंचिज्ज्ञानमात्मा न सर्वथेति । अयमत्राभिप्रायः—आत्मा व्यापको ज्ञानं व्याप्यं ततो ज्ञानमात्मा स्यात्, आत्मा तु ज्ञानमन्यद्वा भवतीति । तथा चोक्तम्—

---

**ટીકાઃ**—શેષ સમસ્ત ચેતન તથા અચેતન વસ્તુઓ સાથે *સમવાયસંબંધ વિનાનું હોવાને લીધે, જેની સાથે અનાદિ-અનંત સ્વભાવસિદ્ધ સમવાયસંબંધ છે એવા એક આત્માને અતિ નિકટપણે (અભિન્નપ્રદેશપણે) અવલંબીને પ્રવર્તતું હોવાથી, આત્મા વિના જ્ઞાન પોતાની હયાતી રાખી શકતું નથી; માટે જ્ઞાન આત્મા જ છે. અને આત્મા તો અનંત ધર્મોનું અધિષ્ઠાન (-આધાર) હોવાથી જ્ઞાનધર્મ દ્વારા જ્ઞાન છે અને અન્ય ધર્મ દ્વારા અન્ય પણ છે.

વળી તે ઉપરાંત (વિશેષ સમજવું કે), અહીં અનેકાંત બળવાન છે. એકાંતે જ્ઞાન આત્મા છે એમ માનવામાં આવે તો, (જ્ઞાનગુણ આત્મદ્રવ્ય થઈ જવાથી) જ્ઞાનનો અભાવ થાય, (અને જ્ઞાનગુણનો અભાવ થવાથી) આત્માને અચેતનપણું આવે અથવા વિશેષ ગુણનો અભાવ થવાથી આત્માનો અભાવ થાય. સર્વથા આત્મા જ્ઞાન છે એમ માનવામાં આવે તો, (આત્મદ્રવ્ય એક જ્ઞાનગુણરૂપ થઈ જતાં જ્ઞાનને કોઈ આધારભૂત દ્રવ્ય નહિ રહેવાથી) નિરાશ્રયપણાને લીધે જ્ઞાનનો અભાવ થાય અથવા (આત્મદ્રવ્ય એક જ્ઞાનગુણરૂપ થઈ જવાથી) આત્માના શેષ પર્યાયોનો (-સુખ, વીર્યાદિ ગુણોનો)

---

* સમવાયસંબંધ = ગુણ હોય ત્યાં ગુણી હોય અને ગુણી હોય ત્યાં ગુણ હોય, ગુણ ન હોય ત્યાં ગુણી ન હોય અને ગુણી ન હોય ત્યાં ગુણ ન હોય—આવો ગુણ-ગુણીનો અભિન્નપ્રદેશરૂપ સંબંધ; તાદાત્મ્યસંબંધ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ ज्ञानज्ञेययोः परस्परगमनं प्रतिहन्ति—

**णाणी णाणसहावो अट्ठा णेयप्पगा हि णाणिस्स ।**
**रूवाणि व चक्खूणं णेवाण्णोण्णेसु वट्टंति ॥ २८ ॥**

**ज्ञानी ज्ञानस्वभावोऽर्था ज्ञेयात्मका हि ज्ञानिनः ।**
**रूपाणीव चक्षुषोः नैवान्योन्येषु वर्तन्ते ॥ २८ ॥**

ज्ञानी चार्थाश्च स्वलक्षणभूतपृथक्त्वतो न मिथो वृत्तिमासादयन्ति किंतु तेषां ज्ञानज्ञेयस्वभावसंबन्धसाधितमन्योन्यवृत्तिमात्रमस्ति चक्षुरूपवत् । यथा हि चक्षूंषि तद्विषय-

'व्यापकं तदतन्निष्ठं व्याप्यं तन्निष्ठमेव च' ॥ २७ ॥ इत्यात्मज्ञानयोरेकत्वं, ज्ञानस्य व्यवहारेण सर्वगतत्वमित्यादिकथनरूपेण द्वितीयस्थले गाथापञ्चकं गतम् । अथ ज्ञानं ज्ञेयसमीपे न गच्छतीति निश्चिनोति–**णाणी णाणसहावो** ज्ञानी सर्वज्ञः केवलज्ञानस्वभाव एव । **अट्ठा णेयप्पगा हि णाणिस्स** जगत्त्रयकालत्रयवर्तिपदार्था ज्ञेयात्मका एव भवन्ति न च ज्ञानात्मकाः । कस्य । ज्ञानिनः । **रूवाणि व चक्खूणं णेवण्णोण्णेसु वट्टंति** ज्ञानी पदार्थाश्चान्योन्यं परस्परमेकत्वेन न वर्तन्ते । कानीव, केषां

અભાવ થાય અને તેમની સાથે અવિનાભાવી સંબંધવાળા આત્માનો પણ અભાવ થાય (કારણ કે સુખ, વીર્ય વગેરે ગુણો ન હોય ત્યાં આત્મા પણ હોતો નથી). ૨૭.

હવે જ્ઞાન અને જ્ઞેયના પરસ્પર ગમનને રદ કરે છે (અર્થાત્ જ્ઞાન અને જ્ઞેયો એકબીજામાં પ્રવેશતાં નથી એમ કહે છે):—

**છે 'જ્ઞાની' જ્ઞાનસ્વભાવ, અર્થો જ્ઞેયરૂપ છે 'જ્ઞાની'ના,**
**જ્યમ રૂપ છે નેત્રો તણાં, નહિ વર્તતા અન્યોન્યમાં. ૨૮.**

**અન્વયાર્થઃ**—[ज्ञानी] આત્મા [ज्ञानस्वभावः] જ્ઞાનસ્વભાવ છે [अर्थाः हि] અને પદાર્થો [ज्ञानिनः] આત્માના [ज्ञेयात्मकाः] જ્ઞેયસ્વરૂપ છે, [रूपाणि इव चक्षुषोः] જેમ રૂપ (-રૂપી પદાર્થો) નેત્રોનાં જ્ઞેય છે તેમ. [अन्योन्येषु] તેઓ એકબીજામાં [न एव वर्तन्ते] વર્તતા નથી.

**ટીકાઃ**—આત્મા અને પદાર્થો સ્વલક્ષણભૂત પૃથક્પણાને લીધે એકબીજામાં વર્તતા નથી પરંતુ તેમને માત્ર જ્ઞાનજ્ઞેયસ્વભાવ-સંબંધથી સધાતું એકબીજામાં વર્તવું છે, નેત્ર અને રૂપની જેમ. (અન્ય દ્રવ્યોથી ભિન્નપણું દરેક દ્રવ્યનું લક્ષણ હોવાથી આત્મા અને પદાર્થો એકબીજામાં વર્તતા નથી, પરંતુ આત્માનો જ્ઞાનસ્વભાવ છે અને પદાર્થોનો જ્ઞેયસ્વભાવ છે—એવા જ્ઞાનજ્ઞેયસ્વભાવરૂપ સંબંધના કારણે જ માત્ર તેમનું એકબીજામાં વર્તવું ઉપચારથી કહી શકાય છે; નેત્ર અને રૂપી પદાર્થોની જેમ.) જેમ નેત્રો અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

भूतरूपिद्रव्याणि च परस्परप्रवेशमन्तरेणापि ज्ञेयाकारग्रहणसमर्पणप्रवणान्येवमात्माऽर्थाश्चान्योन्यवृत्तिमन्तरेणापि विश्वज्ञेयाकारग्रहणसमर्पणप्रवणाः ॥ २८ ॥

अथार्थेष्ववृत्तस्यापि ज्ञानिनस्तद्वृत्तिसाधकं शक्तिवैचित्र्यमुद्योतयति—

**ण पविट्ठो णाविट्ठो णाणी णेयेसु रूवमिव चक्खू ।**
**जाणदि पस्सदि णियदं अक्खातीदो जगमसेसं ॥ २९ ॥**

---

संबंधित्वेन । रूपाणीव चक्षुषामिति । तथाहि—यथा रूपिद्रव्याणि चक्षुषा सह परस्परं संबन्धाभावेऽपि स्वाकारसमर्पणे समर्थानि, चक्षूंषि च तदाकारग्रहणे समर्थानि भवन्ति, तथा त्रैलोक्योदरविवरवर्तिपदार्थाः कालत्रयपर्यायपरिणता ज्ञानेन सह परस्परप्रदेशसंसर्गाभावेऽपि स्वकीयाकारसमर्पणे समर्था भवन्ति, अखण्डैकप्रतिभासमयं केवलज्ञानं तु तदाकारग्रहणे समर्थमिति भावार्थः ॥ २८ ॥ अथ ज्ञानी ज्ञेयपदार्थेषु निश्चयनयेनाप्रविष्टोऽपि व्यवहारेण प्रविष्ट इव प्रतिभातीति शक्तिवैचित्र्यं दर्शयति— **ण पविट्ठो** निश्चयनयेन न प्रविष्टः, **णाविट्ठो** व्यवहारेण च नाप्रविष्टः किंतु प्रविष्ट एव । स कः कर्ता । **णाणी** ज्ञानी । केषु मध्ये । **णेयेसु** ज्ञेयपदार्थेषु । किमिव । **रूवमिव चक्खू** रूपविषये चक्षुरिव । एवंभूतस्सन् किं करोति । **जाणदि पस्सदि** जानाति पश्यति च । **णियदं** निश्चितं संशयरहितं । किंविशिष्टः सन् । **अक्खातीदो** अक्षातीतः । किं जानाति पश्यति । **जगमसेसं**

---

તેમના વિષયભૂત રૂપી દ્રવ્યો પરસ્પર પ્રવેશ વિના પણ જ્ઞેયાકારોને ગ્રહવાના અને અર્પવાના સ્વભાવવાળાં છે, તેમ આત્મા અને પદાર્થો એકબીજામાં વર્ત્યા વિના પણ સમસ્ત જ્ઞેયાકારોને ગ્રહવાના અને અર્પવાના સ્વભાવવાળા છે. (જેવી રીતે આંખ રૂપી પદાર્થોમાં પ્રવેશતી નથી અને રૂપી પદાર્થો આંખમાં પ્રવેશતા નથી તોપણ આંખ રૂપી પદાર્થોના જ્ઞેયાકારોને ગ્રહણ કરવાના—જાણવાના—સ્વભાવવાળી છે અને રૂપી પદાર્થો પોતાના જ્ઞેયાકારોને અર્પવાના—જણાવવાના—સ્વભાવવાળા છે, તેવી રીતે આત્મા પદાર્થોમાં પ્રવેશતો નથી અને પદાર્થો આત્મામાં પ્રવેશતા નથી તોપણ આત્મા પદાર્થોના સમસ્ત જ્ઞેયાકારોને ગ્રહણ કરવાના—જાણવાના—સ્વભાવવાળો છે અને પદાર્થો પોતાના સમસ્ત જ્ઞેયાકારોને અર્પવાના—જણાવવાના—સ્વભાવવાળા છે.) ૨૮.

હવે આત્મા પદાર્થોમાં નહિ વર્તતો હોવા છતાં જેનાથી (જે શક્તિવૈચિત્ર્યથી) તેને પદાર્થોમાં વર્તવું સિદ્ધ થાય છે તે શક્તિવૈચિત્ર્યને પ્રકાશે (–દર્શાવે) છેઃ—

**જ્ઞેયે પ્રવિષ્ટ ન, અણપ્રવિષ્ટ ન, જાણતો જગ સર્વને**
**નિત્યે અતીંદ્રિય આતમા, જ્યમ નેત્ર જાણે રૂપને. ૨૯.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**न प्रविष्टो नाविष्टो ज्ञानी ज्ञेयेषु रूपमिव चक्षुः ।**
**जानाति पश्यति नियतमक्षातीतो जगदशेषम् ॥ २९ ॥**

यथा हि चक्षू रूपिद्रव्याणि स्वप्रदेशैरसंस्पृशदप्रविष्टं परिच्छेद्यमाकारमात्मसात्कुर्वन्न चाप्रविष्टं जानाति पश्यति च, एवमात्माप्यक्षातीतत्वात्प्राप्यकारिताविचारगोचरदूरतामवाप्तो ज्ञेयतामापन्नानि समस्तवस्तूनि स्वप्रदेशैरसंस्पृशन्न प्रविष्टः शक्तिवैचित्र्यवशतो वस्तुवर्तिनः समस्तज्ञेयाकारानुन्मूल्य इव कवलयन्न चाप्रविष्टो जानाति पश्यति च । एवमस्य विचित्रशक्तियोगिनो ज्ञानिनोऽर्थेष्वप्रवेश इव प्रवेशोऽपि सिद्धिमवतरति ॥ २९ ॥

---

जगदशेषमिति । तथा हि—यथा लोचनं कर्तृ रूपिद्रव्याणि यद्यपि निश्चयेन न स्पृशति तथापि व्यवहारेण स्पृशतीति प्रतिभाति लोके । तथायमात्मा मिथ्यात्वरागाद्यास्रवाणामात्मनश्च संबन्धि यत्केवलज्ञानात्पूर्वं विशिष्टभेदज्ञानं तेनोत्पन्नं यत्केवलज्ञानदर्शनद्वयं तेन जगत्त्रयकालत्रयवर्तिपदार्थान्निश्चयेनास्पृशन्नपि व्यवहारेण स्पृशति, तथा स्पृशन्निव ज्ञानेन जानाति दर्शनेन पश्यति च । कथंभूतः सन् । अतीन्द्रियसुखास्वादपरिगतः सन्नक्षातीत इति । ततो ज्ञायते निश्चयेनाप्रवेश इव व्यवहारेण

---

**અન્વયાર્થઃ**—[ चक्षुः रूपं इव ] જેવી રીતે ચક્ષુ રૂપને (જ્ઞેયોમાં અપ્રવેશેલું રહીને તેમ જ અપ્રવેશેલું નહિ રહીને જાણે-દેખે છે) તેવી રીતે [ ज्ञानी ] આત્મા [ अक्षातीतः ] ઇન્દ્રિયાતીત થયો થકો [ अशेषं जगत् ] અશેષ જગતને (-સમસ્ત લોકાલોકને) [ ज्ञेयेषु ] જ્ઞેયોમાં [ न प्रविष्टः ] અપ્રવિષ્ટ રહીને [ न अविष्टः ] તેમ જ અપ્રવિષ્ટ નહિ રહીને [ नियतं ] નિરંતર [ जानाति पश्यति ] જાણે-દેખે છે.

**ટીકાઃ**—જેવી રીતે ચક્ષુ રૂપી દ્રવ્યોને સ્વપ્રદેશો વડે અણસ્પર્શતું હોવાથી અપ્રવિષ્ટ રહીને (જાણે-દેખે છે) તેમ જ જ્ઞેય આકારોને આત્મસાત્ (-પોતારૂપ) કરતું હોવાથી અપ્રવિષ્ટ નહિ રહીને જાણે-દેખે છે; તેવી રીતે આત્મા પણ, ઇન્દ્રિયાતીતપણાને લીધે *પ્રાપ્યકારિતાના વિચારગોચરપણાથી (પણ) દૂર થયો થકો જ્ઞેયભૂત સમસ્ત વસ્તુઓને સ્વપ્રદેશોથી અણસ્પર્શતો હોવાથી અપ્રવિષ્ટ રહીને (જાણે-દેખે છે) તેમ જ શક્તિવૈચિત્ર્યને લીધે વસ્તુમાં વર્તતા સમસ્ત જ્ઞેયાકારોને જાણે કે મૂળમાંથી ઉખેડીને કોળિયો કરી જતો હોવાથી અપ્રવિષ્ટ નહિ રહીને જાણે-દેખે છે. આ રીતે આ વિચિત્ર શક્તિવાળા આત્માને પદાર્થોમાં અપ્રવેશની જેમ પ્રવેશ પણ સિદ્ધ થાય છે.

**ભાવાર્થઃ**—જોકે આંખ પોતાના પ્રદેશો વડે રૂપી પદાર્થોને સ્પર્શતી નહિ હોવાથી નિશ્ચયથી તો તે જ્ઞેયોમાં અપ્રવિષ્ટ છે તોપણ તે રૂપી પદાર્થોને જાણતી-દેખતી

---

* પ્રાપ્યકારિતા = જ્ઞેય વિષયોને સ્પર્શીને જ કાર્ય કરી શકવું—જાણી શકવું—તે. (ઇન્દ્રિયાતીત થયેલા આત્મામાં પ્રાપ્યકારિતાના વિચારનો પણ અવકાશ નથી.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथैवं ज्ञानमर्थेषु वर्तत इति संभावयति—

रयणमिह इंदणीलं दुद्धज्झसियं जहा सभासाए ।
अभिभूय तं पि दुद्धं वट्टदि तह णाणमत्थेसु ॥ ३० ॥

रत्नमिहेन्द्रनीलं दुग्धाध्युषितं यथा स्वभासा ।
अभिभूय तदपि दुग्धं वर्तते तथा ज्ञानमर्थेषु ॥ ३० ॥

यथा किलेन्द्रनीलरत्नं दुग्धमधिवसत्स्वप्रभाभारेण तदभिभूय वर्तमानं दृष्टं,

---

ज्ञेयपदार्थेषु प्रवेशोऽपि घटत इति ॥ २९ ॥ अथ तमेवार्थं दृष्टान्तद्वारेण दृढयति—**रयणं** रत्नं **इह** जगति । किंनाम । **इंदणीलं** इन्द्रनीलसंज्ञम् । किंविशिष्टम् । **दुद्धज्झसियं** दुग्धे निक्षिप्तं **जहा** यथा **सभासाए** स्वकीयप्रभया **अभिभूय** तिरस्कृत्य । किम् । **तं पि दुद्धं** तत्पूर्वोक्तं दुग्धमपि **वट्टदि** वर्तते । इति दृष्टान्तो गतः । **तह णाणमत्थेसु** तथा ज्ञानमर्थेषु वर्तत इति । तद्यथा— यथेन्द्रनीलरत्नं कर्तृ स्वकीयनीलप्रभया करणभूतया दुग्धं नीलं कृत्वा वर्तते, तथा निश्चयरत्नत्रया-त्मकपरमसामायिकसंयमेन यदुत्पन्नं केवलज्ञानं तत् स्वपरपरिच्छित्तिसामर्थ्येन समस्ताज्ञानान्धकारं

---

હોવાથી વ્યવહારથી ‘મારી આંખ ઘણા પદાર્થોમાં ફરી વળે છે’ એમ કહેવાય છે. એવી રીતે જોકે કેવળજ્ઞાનપ્રાપ્ત આત્મા પોતાના પ્રદેશો વડે જ્ઞેય પદાર્થોને સ્પર્શતો નહિ હોવાથી નિશ્ચયથી તો તે જ્ઞેયોમાં અપ્રવિષ્ટ છે તોપણ જ્ઞાયકદર્શક શક્તિની કોઈ પરમ અદ્‌ભુત વિચિત્રતાને લીધે (નિશ્ચયથી દૂર રહ્યા રહ્યા પણ) તે સમસ્ત જ્ઞેયાકારોને જાણતો-દેખતો હોવાથી વ્યવહારથી ‘આત્મા સર્વ દ્રવ્ય-પર્યાયોમાં પેસી જાય છે’ એમ કહેવાય છે. આ રીતે વ્યવહારથી જ્ઞેય પદાર્થોમાં આત્માનો પ્રવેશ સિદ્ધ થાય છે. ૨૯.

હવે, આ રીતે (નીચે પ્રમાણે) જ્ઞાન પદાર્થોમાં વર્તે છે એમ (દૃષ્ટાંત દ્વારા) સ્પષ્ટ કરે છેઃ—

જ્યમ દૂધમાં સ્થિત ઇંદ્રનીલમણિ સ્વકીય પ્રભા વડે
દૂધને વિષે વ્યાપી રહે, ત્યમ જ્ઞાન પણ અર્થો વિષે. ૩૦.

**અન્વયાર્થઃ**—[ यथा ] જેમ [ इह ] આ જગતને વિષે [ दुग्धाध्युषितं ] દૂધમાં રહેલું [ इंद्रनीलं रत्नं ] ઇંદ્રનીલ રત્ન [ स्वभासा ] પોતાની પ્રભા વડે [ तद् अपि दुग्धं ] તે દૂધમાં [ अभिभूय ] વ્યાપીને [ वर्तते ] વર્તે છે, [ तथा ] તેમ [ ज्ञानं ] જ્ઞાન (અર્થાત્ જ્ઞાતૃદ્રવ્ય) [ अर्थेषु ] પદાર્થોમાં વ્યાપીને વર્તે છે.

**ટીકાઃ**—જેમ દૂધમાં રહેલું ઇંદ્રનીલ રત્ન પોતાની પ્રભાના સમૂહ વડે દૂધમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तथा संवेदनमप्यात्मनोऽभिन्नत्वात् कर्त्रंशेनात्मतामापन्नं करणांशेन ज्ञानतामापन्नेन कारणभूतानामर्थानां कार्यभूतान् समस्तज्ञेयाकारानभिव्याप्य वर्तमानं कार्यकारणत्वेनोपचर्य ज्ञानमर्थानभिभूय वर्तत इत्युच्यमानं न विप्रतिषिध्यते ॥ ३० ॥

अथैवमर्था ज्ञाने वर्तन्त इति संभावयति—

**जदि ते ण संति अट्ठा णाणे णाणं ण होदि सव्वगयं ।**
**सव्वगयं वा णाणं कहं ण णाणट्ठिया अट्ठा ॥ ३१ ॥**

---

तिरस्कृत्य युगपदेव सर्वपदार्थेषु परिच्छित्त्याकारेण वर्तते । अयमत्र भावार्थः—कारणभूतानां सर्वपदार्थानां कार्यभूताः परिच्छित्त्याकारा उपचारेणार्था भण्यन्ते, तेषु च ज्ञानं वर्तत इति भण्यमानेऽपि व्यवहारेण दोषो नास्तीति ॥ ३० ॥ अथ पूर्वसूत्रेण भणितं ज्ञानमर्थेषु वर्तते व्यवहारेणात्र पुनरर्था ज्ञाने वर्तन्त इत्युपदिशति—**जइ** यदि चेत् **ते अट्ठा ण संति** ते पदार्थाः स्वकीयपरिच्छित्त्याकारसमर्पणद्वारेणादर्शे बिम्बवन्न सन्ति । क्व । **णाणे** केवलज्ञाने । **णाणं ण होदि सव्वगयं** तदा ज्ञानं

---

વ્યાપીને વર્તતું દેખાય છે, તેમ [૧]સંવેદન (જ્ઞાન) પણ, આત્માથી અભિન્ન હોવાથી કર્તા-અંશ વડે આત્માપણાને પામતું થકું જ્ઞાનરૂપ કરણ-અંશ વડે [૨]કારણભૂત પદાર્થોના કાર્યભૂત સમસ્ત જ્ઞેયાકારોમાં વ્યાપીને વર્તે છે, તેથી કાર્યમાં કારણનો (-જ્ઞેયાકારોમાં પદાર્થોનો) ઉપચાર કરીને 'જ્ઞાન પદાર્થોમાં વ્યાપીને વર્તે છે' એમ કહેવું વિરોધ પામતું નથી.

**ભાવાર્થઃ**—જેમ દૂધથી ભરેલા વાસણમાં રહેલું ઇંદ્રનીલ રત્ન (નીલમ) સઘળા દૂધને પોતાની પ્રભા વડે નીલવર્ણ કરે છે તેથી વ્યવહારે રત્નની પ્રભા અને રત્ન સમસ્ત દૂધમાં વ્યાપેલાં કહેવાય છે, તેમ જ્ઞેયોથી ભરેલા વિશ્વમાં રહેલો આત્મા સમસ્ત જ્ઞેયોને (લોકાલોકને) પોતાની જ્ઞાનપ્રભા વડે પ્રકાશિત કરે છે અર્થાત્ જાણે છે તેથી વ્યવહારે આત્માનું જ્ઞાન અને આત્મા સર્વવ્યાપી કહેવાય છે (જોકે નિશ્ચયથી તો તેઓ પોતાના અસંખ્ય પ્રદેશોમાં જ રહેલાં છે, જ્ઞેયોમાં પેઠાં નથી). ૩૦.

હવે, આ રીતે પદાર્થો [૩]જ્ઞાનમાં વર્તે છે એમ વ્યક્ત કરે છેઃ—

**નવ હોય અર્થો જ્ઞાનમાં, તો જ્ઞાન સૌ-ગત પણ નહીં,**
**ને સર્વગત છે જ્ઞાન તો ક્યમ જ્ઞાનસ્થિત અર્થો નહીં? ૩૧.**

---

૧. પ્રમાણદ્રષ્ટિથી સંવેદન અર્થાત્ જ્ઞાન કહેતાં અનંત ગુણપર્યાયોનો પિંડ સમજાય છે. તેમાં જો કર્તા, કરણ આદિ અંશો પાડવામાં આવે તો કર્તા-અંશ તે અખંડ આત્મદ્રવ્ય છે અને કરણ-અંશ તે જ્ઞાનગુણ છે.
૨. પદાર્થો કારણ છે અને તેમના જ્ઞેયાકારો (દ્રવ્ય-ગુણ-પર્યાયો) કાર્ય છે.
૩. આ ગાથામાં પણ 'જ્ઞાન' શબ્દથી અનંત ગુણ-પર્યાયોના પિંડરૂપ જ્ઞાતૃદ્રવ્ય ખ્યાલમાં લેવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**यदि ते न सन्त्यर्था ज्ञाने ज्ञानं न भवति सर्वगतम् ।**
**सर्वगतं वा ज्ञानं कथं न ज्ञानस्थिता अर्थाः ॥ ३१ ॥**

**यदि खलु निखिलात्मीयज्ञेयाकारसमर्पणद्वारेणावतीर्णाः सर्वेऽर्था न प्रतिभान्ति ज्ञाने तदा तन्न सर्वगतमभ्युपगम्येत । अभ्युपगम्येत वा सर्वगतं, तर्हि साक्षात् संवेदन-मुकुरुन्दभूमिकावतीर्णप्रतिबिम्बस्थानीयस्वीयस्वीयसंवेद्याकारकारणानि परम्परया प्रतिबिम्ब-स्थानीयसंवेद्याकारकारणानीति कथं न ज्ञानस्थायिनोऽर्था निश्चीयन्ते ॥ ३१ ॥**

---

सर्वगतं न भवति । **सव्वगयं वा णाणं** व्यवहारेण सर्वगतं ज्ञानं सम्मतं चेद्भवतां **कहं ण णाणट्ठिया अट्ठा** तर्हि व्यवहारनयेन स्वकीयज्ञेयाकारपरिच्छित्तिसमर्पणद्वारेण ज्ञानस्थिता अर्थाः कथं न भवन्ति किंतु भवन्त्येवेति । अत्रायमभिप्रायः—यत एव व्यवहारेण ज्ञेयपरिच्छित्त्याकारग्रहणद्वारेण ज्ञानं सर्वगतं भण्यते, तस्मादेव ज्ञेयपरिच्छित्त्याकारसमर्पणद्वारेण पदार्था अपि व्यवहारेण ज्ञानगता भण्यन्त इति ॥ ३१ ॥ अथ ज्ञानिनः पदार्थैः सह यद्यपि व्यवहारेण ग्राह्यग्राहकसम्बन्धोऽस्ति तथापि संश्लेषादिसम्बन्धो नास्ति, तेन कारणेन ज्ञेयपदार्थैः सह भिन्नत्वमेवेति प्रतिपादयति—

---

**અન્વયાર્થ**:—[ यदि ] જો [ ते अर्थाः ] તે પદાર્થો [ ज्ञाने न सन्ति ] જ્ઞાનમાં ન હોય તો [ ज्ञानं ] જ્ઞાન [ सर्वगतं ] સર્વગત [ न भवति ] ન હોઈ શકે. [ वा ] અને જો [ ज्ञानं सर्वगतं ] જ્ઞાન સર્વગત છે તો [ अर्थाः ] પદાર્થો [ ज्ञानस्थिताः ] જ્ઞાનસ્થિત [ कथं न ] કઈ રીતે નથી? (અર્થાત્ છે જ.)

**ટીકા**:—જો સમસ્ત સ્વ-જ્ઞેયાકારોના સમર્પણ દ્વારા (જ્ઞાનમાં) ઊતર્યા થકા સર્વ પદાર્થો જ્ઞાનમાં ન પ્રતિભાસે તો તે જ્ઞાન સર્વગત ન માની શકાય. અને જો તે (જ્ઞાન) સર્વગત માનવામાં આવે, તો પછી (પદાર્થો) સાક્ષાત્ જ્ઞાનદર્પણભૂમિકામાં ઊતરેલા *બિંબ-સમાન પોતપોતાના જ્ઞેયાકારોનાં કારણો (હોવાથી) અને [1]પરંપરાએ પ્રતિબિંબ સમાન જ્ઞેયાકારોનાં કારણો હોવાથી પદાર્થો કઈ રીતે જ્ઞાનસ્થિત નથી નક્કી થતા? (અવશ્ય જ્ઞાનસ્થિત નક્કી થાય છે.)

**ભાવાર્થ**:—દર્પણમાં મયૂર, મંદિર, સૂર્ય, વૃક્ષ વગેરેનાં પ્રતિબિંબ પડે છે. ત્યાં નિશ્ચયથી તો પ્રતિબિંબો દર્પણની જ અવસ્થા છે; છતાં દર્પણમાં પ્રતિબિંબો દેખીને,

---

* બિંબ = દર્પણમાં જેનું પ્રતિબિંબ પડયું હોય તે. (જ્ઞાનને દર્પણની ઉપમા આપીએ તો, પદાર્થોના જ્ઞેયાકારો બિંબ સમાન છે અને જ્ઞાનમાં થતા જ્ઞાનની અવસ્થારૂપ જ્ઞેયાકારો પ્રતિબિંબ જેવાં છે.)

૧. પદાર્થો સાક્ષાત્ સ્વજ્ઞેયાકારોનાં કારણ છે (અર્થાત્ પદાર્થો પોતપોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયોનાં સાક્ષાત્ કારણ છે) અને પરંપરાએ જ્ઞાનની અવસ્થારૂપ જ્ઞેયાકારોનાં (-જ્ઞાનાકારોનાં) કારણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथैवं ज्ञानीनोऽर्थैः सहान्योन्यवृत्तिमत्त्वेऽपि परग्रहणमोक्षणपरिणमनाभावेन सर्वं पश्यतोऽध्यवस्यतश्चात्यन्तविविक्तत्वं भावयति—

**गेण्हदि णेव ण मुंचदि ण परं परिणमदि केवली भगवं ।**
**पेच्छदि समंतदो सो जाणदि सव्वं णिरवसेसं ॥ ३२ ॥**

**गृह्णाति नैव न मुञ्चति न परं परिणमति केवली भगवान् ।**
**पश्यति समन्ततः स जानाति सर्वं निरवशेषम् ॥ ३२ ॥**

---

**गेण्हदि णेव ण मुंचदि** गृह्णाति नैव मुञ्चति नैव **ण परं परिणमदि** परं परद्रव्यं ज्ञेयपदार्थं नैव परिणमति । स कः कर्ता । **केवली भगवं** केवली भगवान् सर्वज्ञः । ततो ज्ञायते परद्रव्येण

---

*કાર્યમાં કારણનો ઉપચાર કરીને 'મયૂરાદિ દર્પણમાં છે' એમ વ્યવહારથી કહેવાય છે. એવી રીતે જ્ઞાનદર્પણમાં પણ સર્વ પદાર્થોના સમસ્ત જ્ઞેયાકારોનાં પ્રતિબિંબ પડે છે અર્થાત્ પદાર્થોના જ્ઞેયાકારોના નિમિત્તે જ્ઞાનમાં જ્ઞાનની અવસ્થારૂપ જ્ઞેયાકારો થાય છે (કારણ કે જો એમ ન થાય તો જ્ઞાન સર્વ પદાર્થોને જાણી શકે જ નહિ). ત્યાં નિશ્ચયથી તો જ્ઞાનમાં થતા જ્ઞેયાકારો જ્ઞાનની જ અવસ્થા છે, પદાર્થોના જ્ઞેયાકારો કાંઈ જ્ઞાનમાં પેઠા નથી. નિશ્ચયથી આમ હોવા છતાં વ્યવહારથી જોઈએ તો, જ્ઞાનમાં થતા જ્ઞેયાકારોનાં કારણ પદાર્થોના જ્ઞેયાકારો છે અને તેમનાં કારણ પદાર્થો છે—એ રીતે પરંપરાએ જ્ઞાનમાં થતા જ્ઞેયાકારોનાં કારણ પદાર્થો છે; માટે તે (જ્ઞાનની અવસ્થારૂપ) જ્ઞેયાકારોને જ્ઞાનમાં દેખીને, કાર્યમાં કારણનો ઉપચાર કરીને 'પદાર્થો જ્ઞાનમાં છે' એમ વ્યવહારથી કહી શકાય છે. ૩૧.

હવે, એ રીતે (વ્યવહારે) આત્માને પદાર્થો સાથે એકબીજામાં વર્તવાપણું હોવા છતાં, (નિશ્ચયથી) તે પરને ગ્રહ્યા-મૂક્યા વિના તથા પરરૂપે પરિણમ્યા વિના સર્વને દેખતો-જાણતો હોવાથી તેને (પદાર્થો સાથે) અત્યંત ભિન્નપણું છે એમ દર્શાવે છેઃ—

**પ્રભુકેવળી ન ગ્રહે, ન છોડે, પરરૂપે નવ પરિણમે;**
**દેખે અને જાણે નિઃશેષે સર્વતઃ તે સર્વને. ૩૨.**

**અન્વયાર્થઃ**—[ केवली भगवान् ] કેવળીભગવાન [ परं ] પરને [ न एव गृह्णाति ] ગ્રહતા નથી, [ न मुंचति ] છોડતા નથી, [ न परिणमति ] પરરૂપે પરિણમતા નથી; [ सः ] તેઓ [ निरवशेषं सर्वं ] નિરવશેષપણે સર્વને (આખા આત્માને, સર્વ જ્ઞેયોને) [ समन्ततः ] સર્વ તરફથી (સર્વ આત્મપ્રદેશેથી) [ पश्यति जानाति ] દેખે-જાણે છે.

---

* પ્રતિબિંબો નૈમિત્તિક કાર્ય છે અને મયૂરાદિ નિમિત્ત-કારણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अयं खल्वात्मा स्वभावत एव परद्रव्यग्रहणमोक्षणपरिणमनाभावात्स्वतत्त्वभूतकेवलज्ञानस्वरूपेण विपरिणम्य निष्कम्पोन्मज्जज्ज्योतिर्जात्यमणिकल्पो भूत्वाऽवतिष्ठमानः समन्ततः स्फुरितदर्शनज्ञानशक्तिः, समस्तमेव निःशेषतयात्मानमात्मनात्मनि संचेतयते । अथवा युगपदेव सर्वार्थसार्थसाक्षात्करणेन ज्ञप्तिपरिवर्तनाभावात् संभावितग्रहणमोक्षणलक्षणक्रियाविरामः प्रथममेव समस्तपरिच्छेद्याकारपरिणतत्वात् पुनः परमाकारान्तरमपरिणममानः समन्ततोऽपि विश्वमशेषं पश्यति जानाति च । एवमस्यात्यन्तविविक्तत्वमेव ॥ ३२ ॥

---

सह भिन्नत्वमेव । तर्हि किं परद्रव्यं न जानाति । **पेच्छदि समंतदो सो जाणदि सव्वं णिरवसेसं** तथापि व्यवहारनयेन पश्यति समन्ततः सर्वद्रव्यक्षेत्रकालभावैर्जानाति च सर्वं निरवशेषम् । अथवा द्वितीयव्याख्यानम्—अभ्यन्तरे कामक्रोधादि बहिर्विषये पञ्चेन्द्रियविषयादिकं बहिर्द्रव्यं न गृह्णाति, स्वकीयानन्तज्ञानादिचतुष्टयं च न मुञ्चति यतस्ततः कारणादयं जीवः केवलज्ञानोत्पत्तिक्षण एव युगपत्सर्वं जानन्सन् परं विकल्पान्तरं न परिणमति । तथाभूतः सन् किं करोति । स्वतत्त्वभूतकेवलज्ञानज्योतिषा जात्यमणिकल्पो निःकम्पचैतन्यप्रकाशो भूत्वा स्वात्मानं स्वात्मना स्वात्मनि जानात्यनुभवति । तेनापि कारणेन परद्रव्यैः सह भिन्नत्वमेवेत्यभिप्रायः ॥ ३२ ॥ एवं ज्ञानं ज्ञेयरूपेण

---

**ટીકાઃ**—આ આત્મા, સ્વભાવથી જ પરદ્રવ્યને ગ્રહવા-મૂકવાનો તથા પરદ્રવ્યરૂપે પરિણમવાનો (તેને) અભાવ હોવાથી, સ્વતત્ત્વભૂત કેવળજ્ઞાનરૂપે પરિણમીને નિષ્કંપ-નીકળતી જ્યોતિવાળા ઉત્તમ મણિ જેવો થઈને રહ્યો થકો, (૧) જેને સર્વ તરફથી (સર્વ આત્મપ્રદેશેથી) દર્શનજ્ઞાનશક્તિ સ્ફુરિત છે એવો થયો થકો, [૧]નિઃશેષપણે આખાય (પરિપૂર્ણ) આત્માને આત્માથી આત્મામાં સંચેતે-જાણે-અનુભવે છે, અથવા (૨) એકીસાથે જ સર્વ પદાર્થોના સમૂહનો [૨]સાક્ષાત્કાર કરવાને લીધે જ્ઞપ્તિપરિવર્તનનો અભાવ થવાથી જેને [૩]ગ્રહણત્યાગસ્વરૂપ ક્રિયા વિરામ પામી છે એવો થયો થકો, પ્રથમથી જ સમસ્ત જ્ઞેયાકારોરૂપે પરિણમ્યો હોવાથી પછી પરરૂપે—[૪]આકારાન્તરરૂપે નહિ પરિણમતો થકો, સર્વ પ્રકારે અશેષ વિશ્વને, (માત્ર) દેખે-જાણે છે. આ રીતે (પૂર્વોક્ત બન્ને રીતે) તેનું (આત્માનું પદાર્થોથી) અત્યંત ભિન્નપણું જ છે.

**ભાવાર્થઃ**—કેવળીભગવાન સર્વ આત્મપ્રદેશેથી પોતાને જ અનુભવ્યા કરે છે; એ રીતે તેઓ પરદ્રવ્યથી તદ્દન ભિન્ન છે. અથવા, કેવળીભગવાનને સર્વ પદાર્થોનું

---

૧. નિઃશેષપણે = કાંઈ જરાય બાકી ન રહે એ રીતે

૨. સાક્ષાત્કાર કરવો = પ્રત્યક્ષ જાણવું

૩. જ્ઞપ્તિક્રિયાનું પલટાયા કરવું અર્થાત્ જ્ઞાનમાં એક જ્ઞેય ગ્રહવું ને બીજું છોડવું તે ગ્રહણત્યાગ છે; આવાં ગ્રહણત્યાગ તે ક્રિયા છે; એવી ક્રિયાનો કેવળીભગવાનને અભાવ થયો છે.

૪. આકારાન્તર = અન્ય આકાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ केवलज्ञानिश्रुतज्ञानिनोरविशेषदर्शनेन विशेषाकांक्षाक्षोभं क्षपयति—

**जो हि सुदेण विजाणदि अप्पाणं जाणगं सहावेण ।**
**तं सुयकेवलिमिसिणो भणंति लोयप्पदीवयरा ॥ ३३ ॥**

**यो हि श्रुतेन विजानात्यात्मानं ज्ञायकं स्वभावेन ।**
**तं श्रुतकेवलिनमृषयो भणन्ति लोकप्रदीपकराः ॥ ३३ ॥**

---

न परिणमतीत्यादिव्याख्यानरूपेण तृतीयस्थले गाथापञ्चकं गतम् । अथ यथा निरावरणसकलव्यक्तिलक्षणेन केवलज्ञानेनात्मपरिज्ञानं भवति तथा सावरणैकदेशव्यक्तिलक्षणेन केवलज्ञानोत्पत्तिबीजभूतेन स्वसंवेदनज्ञानरूपभावश्रुतेनाप्यात्मपरिज्ञानं भवतीति निश्चिनोति । अथवा द्वितीयपातनिका—यथा केवलज्ञानं प्रमाणं भवति तथा केवलज्ञानप्रणीतपदार्थप्रकाशकं श्रुतज्ञानमपि परोक्षप्रमाणं भवतीति पातनिकाद्वयं मनसि धृत्वा सूत्रमिदं प्रतिपादयति—**जो** यः कर्ता **हि** स्फुटं **सुदेण** निर्विकार-

---

યુગપદ્ જ્ઞાન હોવાથી તેમનું જ્ઞાન એક જ્ઞેયમાંથી બીજામાં ને બીજામાંથી ત્રીજામાં પલટાતું નથી તેમ જ તેમને કાંઈ જાણવાનું બાકી નહિ હોવાથી કોઈ વિશેષ જ્ઞેયાકારને જાણવા પ્રત્યે પણ તેમનું જ્ઞાન વળતું નથી; એ રીતે પણ તેઓ પરથી તદ્દન ભિન્ન છે. (જો જાણનક્રિયા પલટો ખાતી હોય તો તે પલટો વિકલ્પ વિના—પરનિમિત્તક રાગદ્વેષ વિના—હોઈ શકે નહિ માટે એટલો પરદ્રવ્ય સાથેનો સંબંધ કહેવાય. પરંતુ કેવળીભગવાનની જ્ઞપ્તિને તો પરિવર્તન—પલટો નથી તેથી તેઓ પરથી અત્યંત ભિન્ન છે.) આ રીતે કેવળજ્ઞાનપ્રાપ્ત આત્મા પરથી અત્યંત ભિન્ન હોવાથી અને દરેક આત્મા સ્વભાવે કેવળીભગવાન જેવો જ હોવાથી, નિશ્ચયથી દરેક આત્મા પરથી ભિન્ન છે એમ સિદ્ધ થયું. ૩૨.

હવે કેવળજ્ઞાનીને અને શ્રુતજ્ઞાનીને અવિશેષપણે દર્શાવીને વિશેષ આકાંક્ષાના ક્ષોભને ક્ષય કરે છે (અર્થાત્ કેવળજ્ઞાનીમાં અને શ્રુતજ્ઞાનીમાં તફાવત નથી એમ દર્શાવીને વધારે જાણવાની ઇચ્છાના ક્ષોભને નષ્ટ કરે છે) :—

**શ્રુતજ્ઞાનથી જાણે ખરે જ્ઞાયકસ્વભાવી આત્મને,**
**ઋષિઓ પ્રકાશક લોકના શ્રુતકેવળી તેને કહે. ૩૩.**

**અન્વયાર્થ:**—[यः हि] જે ખરેખર [श्रुतेन] શ્રુતજ્ઞાન વડે [स्वभावेन ज्ञायकं] સ્વભાવથી જ્ઞાયક (અર્થાત્ જ્ઞાયકસ્વભાવ) [आत्मानं] આત્માને [विजानाति] જાણે છે, [तं] તેને [लोकप्रदीपकराः] લોકના પ્રકાશક [ऋषयः] ઋષીશ્વરો [श्रुतकेवलिनं भणन्ति] શ્રુતકેવળી કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यथा भगवान् युगपत्परिणतसमस्तचैतन्यविशेषशालिना केवलज्ञानेनानादिनिधननिष्कारणासाधारणस्वसंचेत्यमानचैतन्यसामान्यमहिम्नश्चेतकस्वभावेनैकत्वात् केवलस्यात्मन आत्मनात्मनि संचेतनात् केवली, तथायं जनोऽपि क्रमपरिणममाणकतिपयचैतन्यविशेषशालिना श्रुतज्ञानेनानादिनिधननिष्कारणासाधारणस्वसंचेत्यमानचैतन्यसामान्यमहिम्नश्चेतकस्वभावेनैकत्वात् केवलस्यात्मन आत्मनात्मनि संचेतनात् श्रुतकेवली । अलं विशेषाकांक्षाक्षोभेण, स्वरूपनिश्चलैरेवावस्थीयते ॥ ३३ ॥

---

स्वसंवित्तिरूपभावश्रुतपरिणामेन **विजाणदि** विजानाति विशेषेण जानाति विषयसुखानन्दविलक्षणनिजशुद्धात्मभावनोत्थपरमानन्दैकलक्षणसुखरसास्वादेनानुभवति । कम् । **अप्पाणं** निजात्मद्रव्यम् । **जाणगं** ज्ञायकं केवलज्ञानस्वरूपम् । केन कृत्वा । **सहावेण** समस्तविभावरहितस्वस्वभावेन **तं सुयकेवलिं** तं महायोगीन्द्रं श्रुतकेवलिनं **भणंति** कथयन्ति । के कर्तारः । **इसिणो** ऋषयः । किंविशिष्टाः । **लोयप्पदीवयरा** लोकप्रदीपकरा लोकप्रकाशका इति । अतो विस्तरः—युगपत्परिणतसमस्तचैतन्यशालिना केवलज्ञानेन अनाद्यनन्तनिष्कारणान्यद्रव्यासाधारणस्वसंवेद्यमानपरमचैतन्यसामान्यलक्षणस्य परद्रव्यरहितत्वेन केवलस्यात्मन आत्मनि स्वानुभवनाद्यथा भगवान् केवली भवति, तथायं गणधरदेवादिनिश्चयरत्नत्रया-

---

**ટીકાઃ**—જેમ ભગવાન, યુગપદ્ પરિણમતા સમસ્ત ચૈતન્યવિશેષોવાળા કેવળજ્ઞાન વડે, [1]અનાદિનિધન-[2]નિષ્કારણ-[3]અસાધારણ-[4]સ્વસંવેદ્યમાન ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે તથા [5]ચેતકસ્વભાવ વડે એકપણું હોવાથી જે કેવળ (-એકલો, નિર્ભેળ, શુદ્ધ, અખંડ) છે એવા આત્માને આત્માથી આત્મામાં અનુભવવાને લીધે કેવળી છે; તેમ અમે પણ, ક્રમે પરિણમતા કેટલાક ચૈતન્યવિશેષોવાળા શ્રુતજ્ઞાન વડે, અનાદિનિધન-નિષ્કારણ-અસાધારણ-સ્વસંવેદ્યમાન ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે તથા ચેતકસ્વભાવ વડે એકપણું હોવાથી જે [6]કેવળ (-નિર્ભેળ) છે એવા આત્માને આત્માથી આત્મામાં અનુભવવાને લીધે શ્રુતકેવળી છીએ. (માટે) વિશેષ આકાંક્ષાના ક્ષોભથી બસ થાઓ; સ્વરૂપનિશ્ચળ જ રહીએ છીએ.

---

૧. અનાદિનિધન = અનાદિ-અનંત. (ચૈતન્યસામાન્ય આદિ તેમ જ અંત રહિત છે.)
૨. નિષ્કારણ = જેનું કોઈ કારણ નથી એવું; સ્વયંસિદ્ધ; સહજ.
૩. અસાધારણ = જે બીજા કોઈ દ્રવ્યમાં નથી એવું
૪. સ્વસંવેદ્યમાન = પોતાથી જ વેદાતું—અનુભવાતું
૫. ચેતક = ચેતનાર; દર્શકજ્ઞાયક.
૬. આત્મા નિશ્ચયથી પરદ્રવ્યના તેમ જ રાગદ્વેષાદિના સંયોગ વિનાનો તથા ગુણપર્યાયના ભેદો વિનાનો, માત્ર ચેતકસ્વભાવરૂપ જ છે; તેથી પરમાર્થે તે કેવળ (અર્થાત્ એકલો, નિર્ભેળ, શુદ્ધ, અખંડ) છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ ज्ञानस्य श्रुतोपाधिभेदमुदस्यति—

**सुत्तं जिणोवदिट्ठं पोग्गलदव्वप्पगेहिं वयणेहिं ।**
**तं जाणणा हि णाणं सुत्तस्स य जाणणा भणिया ॥ ३४ ॥**

**सूत्रं जिनोपदिष्टं पुद्गलद्रव्यात्मकैर्वचनैः ।**
**तज्ज्ञप्तिर्हि ज्ञानं सूत्रस्य च ज्ञप्तिर्भणिता ॥ ३४ ॥**

---

राधकजनोऽपि पूर्वोक्तलक्षणस्यात्मनो भावश्रुतज्ञानेन स्वसंवेदनान्निश्चयश्रुतकेवली भवतीति । किंच—यथा कोऽपि देवदत्त आदित्योदयेन दिवसे पश्यति, रात्रौ किमपि प्रदीपेनेति । तथादित्योदयस्थानीयेन केवलज्ञानेन दिवसस्थानीयमोक्षपर्याये भगवानात्मानं पश्यति, संसारी विवेकिजनः पुनर्निशास्थानीयसंसार-

---

**ભાવાર્થઃ**—ભગવાન સમસ્ત પદાર્થોને જાણે છે તેથી કાંઈ તેઓ 'કેવળી' કહેવાતા નથી, પરંતુ કેવળ અર્થાત્ શુદ્ધ આત્માને જાણતા-અનુભવતા હોવાથી તેઓ 'કેવળી' કહેવાય છે. કેવળ (-શુદ્ધ) આત્માને જાણનાર-અનુભવનાર શ્રુતજ્ઞાની પણ 'શ્રુતકેવળી' કહેવાય છે. કેવળી અને શ્રુતકેવળીમાં તફાવત એટલો છે કે—કેવળી જેમાં ચૈતન્યના સમસ્ત વિશેષો એકીસાથે પરિણમે છે એવા કેવળજ્ઞાન વડે કેવળ આત્માને અનુભવે છે અને શ્રુતકેવળી જેમાં ચૈતન્યના કેટલાક વિશેષો ક્રમે પરિણમે છે એવા શ્રુત-જ્ઞાન વડે કેવળ આત્માને અનુભવે છે; અર્થાત્, કેવળી સૂર્યસમાન કેવળજ્ઞાન વડે આત્માને દેખે-અનુભવે છે અને શ્રુતકેવળી દીવા સમાન શ્રુતજ્ઞાન વડે આત્માને દેખે-અનુભવે છે. આ રીતે કેવળીમાં ને શ્રુતકેવળીમાં સ્વરૂપસ્થિરતાની તરતમતારૂપ ભેદ જ મુખ્ય છે, વત્તું‑ઓછું (વધારે-ઓછા પદાર્થો) જાણવારૂપ ભેદ અત્યંત ગૌણ છે. માટે ઘણું જાણવાની ઇચ્છારૂપ ક્ષોભ છોડી સ્વરૂપમાં જ નિશ્ચળ રહેવું યોગ્ય છે. એ જ કેવળજ્ઞાન પ્રાપ્તિનો ઉપાય છે. ૩૩.

હવે, જ્ઞાનના શ્રુત-ઉપાધિકૃત ભેદને દૂર કરે છે (અર્થાત્ શ્રુતજ્ઞાન પણ જ્ઞાન જ છે, શ્રુતરૂપ ઉપાધિને કારણે જ્ઞાનમાં કાંઈ ભેદ પડતો નથી એમ દર્શાવે છે):—

**પુદ્‌ગલસ્વરૂપ વચનોથી જિન-ઉપદિષ્ટ જે તે સૂત્ર છે;**
**છે જ્ઞપ્તિ તેની જ્ઞાન, તેને સૂત્રની જ્ઞપ્તિ કહે. ૩૪.**

**અન્વયાર્થઃ**—[सूत्रं] સૂત્ર એટલે [पुद्गलद्रव्यात्मकैः वचनैः] પુદ્‌ગલદ્રવ્યાત્મક વચનો વડે [जिनोपदिष्टं] જિનભગવંતે ઉપદેશેલું તે. [तज्ज्ञप्तिः हि] તેની જ્ઞપ્તિ તે [ज्ञानं] જ્ઞાન છે [च] અને તેને [सूत्रस्य ज्ञप्तिः] સૂત્રની જ્ઞપ્તિ (શ્રુતજ્ઞાન) [भणिता] કહી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**श्रुतं हि तावत्सूत्रम् । तच्च भगवदर्हत्सर्वज्ञोपज्ञं स्यात्कारकेतनं पौद्गलिकं शब्दब्रह्म । तज्ज्ञप्तिर्हि ज्ञानम् । श्रुतं तु तत्कारणत्वात् ज्ञानत्वेनोपचर्यत एव । एवं सति सूत्रस्य ज्ञप्तिः श्रुतज्ञानमित्यायाति । अथ सूत्रमुपाधित्वान्नाद्रियते ज्ञप्तिरेवावशिष्यते । सा च केवलिनः श्रुतकेवलिनश्चात्मसंचेतने तुल्यैवेति नास्ति ज्ञानस्य श्रुतोपाधिभेदः ॥ ३४ ॥**

---

पर्याये प्रदीपस्थानीयेन रागादिविकल्परहितपरमसमाधिना निजात्मानं पश्यतीति । अयमत्राभिप्रायः—आत्मा परोक्षः, कथं ध्यानं क्रियते इति सन्देहं कृत्वा परमात्मभावना न त्याज्येति ॥ ३३ ॥ अथ शब्दरूपं द्रव्यश्रुतं व्यवहारेण ज्ञानं निश्चयेनार्थपरिच्छित्तिरूपं भावश्रुतमेव ज्ञानमिति कथयति । अथवात्मभावनारतो निश्चयश्रुतकेवली भवतीति पूर्वसूत्रे भणितम् । अयं तु व्यवहारश्रुतकेवलीति कथ्यते— **सुत्तं** द्रव्यश्रुतम् । कथम्भूतम् । **जिणोवदिट्ठं** जिनोपदिष्टम् । कैः कृत्वा । **पोग्गलदव्वप्पगेहिं वयणेहिं** पुद्गलद्रव्यात्मकैर्दिव्यध्वनिवचनैः । **तं जाणणा हि णाणं** तेन पूर्वोक्तशब्दश्रुताधारेण ज्ञप्तिरर्थपरिच्छित्तिर्ज्ञानं भण्यते **हि** स्फुटम् । **सुत्तस्स य जाणणा भणिया** पूर्वोक्तद्रव्यश्रुतस्यापि व्यवहारेण ज्ञानव्यपदेशो भवति न तु निश्चयेनेति । तथा हि—यथा निश्चयेन शुद्धबुद्धैकस्वभावो जीवः पश्चाद्व्यवहारेण नरनारकादिरूपोऽपि जीवो भण्यते; तथा निश्चयेनाखण्डैकप्रतिभासरूपं समस्तवस्तुप्रकाशकं ज्ञानं भण्यते, पश्चाद्व्यवहारेण मेघपटलावृतादित्यस्यावस्थाविशेषवत्कर्मपटलावृताखण्डैकज्ञानरूपजीवस्य मतिज्ञानश्रुतज्ञानादिव्यपदेशो भवतीति भावार्थः ॥ ३४ ॥ अथ भिन्नज्ञानेनात्मा ज्ञानी न भवतीत्युपदिशति—

---

**ટીકાઃ**—પ્રથમ તો શ્રુત એટલે સૂત્ર; અને સૂત્ર એટલે ભગવાન અર્હંત-સર્વજ્ઞે સ્વયં જાણીને ઉપદેશેલું, [1]સ્યાત્કાર જેનું ચિહ્ન છે એવું, પૌદ્ગલિક શબ્દબ્રહ્મ. તેની [2]જ્ઞપ્તિ (-શબ્દબ્રહ્મને જાણનારી જાણનક્રિયા) તે જ્ઞાન છે; શ્રુત (-સૂત્ર) તો તેનું (-જ્ઞાનનું) કારણ હોવાથી જ્ઞાન તરીકે ઉપચારથી જ કહેવાય છે (જેમ અન્નને પ્રાણ કહેવાય છે તેમ). આમ હોવાથી એમ ફલિત થાય છે કે 'સૂત્રની જ્ઞપ્તિ' તે શ્રુતજ્ઞાન છે. હવે જો સૂત્ર તો ઉપાધિ હોવાથી તેનો આદર ન કરવામાં આવે તો 'જ્ઞપ્તિ' જ બાકી રહે છે; ('સૂત્રની જ્ઞપ્તિ' કહીએ છીએ ત્યાં નિશ્ચયથી જ્ઞપ્તિ કાંઈ પૌદ્ગલિક સૂત્રની નથી, આત્માની છે; સૂત્ર જ્ઞપ્તિના સ્વરૂપભૂત નથી, વધારાની વસ્તુ અર્થાત્ ઉપાધિ છે; કારણ કે સૂત્ર ન હોય ત્યાં પણ જ્ઞપ્તિ તો હોય છે. માટે જો સૂત્રને ન ગણીએ તો 'જ્ઞપ્તિ' જ બાકી રહે છે;) અને તે (-જ્ઞપ્તિ) કેવળીને અને શ્રુતકેવળીને આત્મ-અનુભવનમાં તુલ્ય જ છે. માટે જ્ઞાનમાં શ્રુત-ઉપાધિકૃત ભેદ નથી. ૩૪.

---

૧. સ્યાત્કાર = 'સ્યાત્' શબ્દ. (સ્યાત્ = કથંચિત્; કોઈ અપેક્ષાથી.)

૨. જ્ઞપ્તિ = જાણવું તે; જાણવાની ક્રિયા; જાણનક્રિયા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथात्मज्ञानयोः कर्तृकरणताकृतं भेदमपनुदति—

**जो जाणदि सो णाणं ण हवदि णाणेण जाणगो आदा ।**
**णाणं परिणमदि सयं अट्ठा णाणट्ठिया सव्वे ॥ ३५ ॥**

**यो जानाति स ज्ञानं न भवति ज्ञानेन ज्ञायक आत्मा ।**
**ज्ञानं परिणमते स्वयमर्था ज्ञानस्थिताः सर्वे ॥ ३५ ॥**

अपृथग्भूतकर्तृकरणत्वशक्तिपारमैश्वर्ययोगित्वादात्मनो य एव स्वयमेव जानाति स एव ज्ञानमन्तर्लीनसाधकतमोष्णत्वशक्तेः स्वतंत्रस्य जातवेदसो दहनक्रियाप्रसिद्धेरुष्ण-

---

**जो जाणदि सो णाणं** यः कर्ता जानाति स ज्ञानं भवतीति । तथा हि—यथा संज्ञालक्षणप्रयोजनादि-भेदेऽपि सति पश्चादभेदनयेन दहनक्रियासमर्थोष्णगुणेन परिणतोऽग्निरप्युष्णो भण्यते, तथार्थक्रिया-परिच्छित्तिसमर्थज्ञानगुणेन परिणत आत्मापि ज्ञानं भण्यते । तथा चोक्तम्—'जानातीति ज्ञानमात्मा' । **ण हवदि णाणेण जाणगो आदा** सर्वथैव भिन्नज्ञानेनात्मा ज्ञायको न भवतीति । अथ मतम्—यथा भिन्न-

---

હવે આત્મા અને જ્ઞાનનો કર્તૃત્વ-કરણત્વકૃત ભેદ દૂર કરે છે (અર્થાત્ પરમાર્થે અભેદ આત્મામાં, 'આત્મા જાણનક્રિયાનો કર્તા છે અને જ્ઞાન કરણ છે' એમ વ્યવહારે ભેદ પાડવામાં આવે છે, તોપણ આત્મા ને જ્ઞાન જુદાં નહિ હોવાથી અભેદનયથી 'આત્મા જ જ્ઞાન છે' એમ સમજાવે છે ):—

**જે જાણતો તે જ્ઞાન, નહિ જીવ જ્ઞાનથી જ્ઞાયક બને;**
**પોતે પ્રણમતો જ્ઞાનરૂપ, ને જ્ઞાનસ્થિત સૌ અર્થ છે. ૩૫.**

**અન્વયાર્થ**:—[ यः जानाति ] જે જાણે છે [ सः ज्ञानं ] તે જ્ઞાન છે ( અર્થાત્ જે જ્ઞાયક છે તે જ જ્ઞાન છે ), [ ज्ञानेन ] જ્ઞાન વડે [ आत्मा ] આત્મા [ ज्ञायकः भवति ] જ્ઞાયક છે [ न ] એમ નથી. [ स्वयं ] પોતે જ [ ज्ञानं परिणमते ] જ્ઞાનરૂપે પરિણમે છે [ सर्वे अर्थाः ] અને સર્વ પદાર્થો [ ज्ञानस्थिताः ] જ્ઞાનસ્થિત છે.

**ટીકા**:—આત્મા અપૃથગ્ભૂત કર્તૃત્વ અને કરણત્વની શક્તિરૂપ [1]પારમૈશ્વર્યવાળો હોવાથી, જે સ્વયમેવ જાણે છે ( અર્થાત્ જે જ્ઞાયક છે ) તે જ જ્ઞાન છે; જેમ [2]સાધકતમ ઉષ્ણત્વશક્તિ જેનામાં અંતર્લીન છે એવા [3]સ્વતંત્ર અગ્નિને, [4]દહનક્રિયાની પ્રસિદ્ધિ

---

૧. પારમૈશ્વર્ય = પરમ સામર્થ્ય; પરમેશ્વરતા.
૨. સાધકતમ અર્થાત્ ઉત્કૃષ્ટ સાધન તે કરણ.
૩. જે સ્વતંત્રપણે કરે તે કર્તા.
૪. અગ્નિ બાળવાની ક્રિયા કરતો હોવાથી અગ્નિને ઉષ્ણતા અર્થાત્ ગરમી કહેવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



व्यपदेशवत् । न तु यथा पृथग्वर्तिना दात्रेण लावको भवति देवदत्तस्तथा ज्ञानेन ज्ञायको भवत्यात्मा । तथा सत्युभयोरचेतनत्वमचेतनयोः संयोगेऽपि न परिच्छित्तिनिष्पत्तिः । पृथक्त्ववर्तिनोरपि परिच्छेदाभ्युपगमे परपरिच्छेदेन परस्य परिच्छित्तिर्भूतिप्रभृतीनां च परिच्छित्तिप्रसूतिरनङ्कुशा स्यात् । किंच—स्वतोऽव्यतिरिक्तसमस्तपरिच्छेद्याकारपरिणतं ज्ञानं स्वयं परिणममानस्य कार्यभूतसमस्तज्ञेयाकारकारणीभूताः सर्वेऽर्था ज्ञानवर्तिन एव कथंचिद्भवन्ति; किं ज्ञातृज्ञानविभागक्लेशकल्पनया ॥ ३५ ॥

अथ किं ज्ञानं किं ज्ञेयमिति व्यनक्ति—

**तम्हा णाणं जीवो णेयं दव्वं तिहा समक्खादं ।**
**दव्वं ति पुणो आदा परं च परिणामसंबद्धं ॥ ३६ ॥**

---

दात्रेण लावको भवति देवदत्तस्तथा भिन्नज्ञानेन ज्ञायको भवतु को दोष इति । नैवम् । छेदनक्रियाविषये दात्रं बहिरङ्गोपकरणं तद्भिन्नं भवतु, अभ्यन्तरोपकरणं तु देवदत्तस्य छेदनक्रियाविषये शक्तिविशेषस्तच्चाभिन्नमेव भवति; तथार्थपरिच्छित्तिविषये ज्ञानमेवाभ्यन्तरोपकरणं तथाभिन्नमेव भवति, उपाध्यायप्रकाशादिबहिरङ्गोपकरणं तद्भिन्नमपि भवतु दोषो नास्ति । यदि च भिन्नज्ञानेन ज्ञानी भवति तर्हि परकीयज्ञानेन सर्वेऽपि कुम्भस्तम्भादिजडपदार्था ज्ञानिनो भवन्तु, न च तथा । **णाणं परिणमदि सयं** यत एव भिन्नज्ञानेन

---

હોવાથી ઉષ્ણતા કહેવાય છે તેમ. પરંતુ એમ નથી કે જેમ પૃથગ્વર્તી દાતરડા વડે દેવદત્ત કાપનાર છે તેમ (પૃથગ્વર્તી) જ્ઞાન વડે આત્મા જાણનાર (-જ્ઞાયક) છે. જો એમ હોય તો બન્નેને અચેતનપણું આવે અને બે અચેતનનો સંયોગ થતાં પણ જ્ઞપ્તિ નીપજે નહિ. આત્મા ને જ્ઞાન પૃથગ્વર્તી હોવા છતાં આત્માને જ્ઞપ્તિ થતી માનવામાં આવે તો તો પર જ્ઞાન વડે પરને જ્ઞપ્તિ થઈ શકે અને રાખ વગેરેને પણ જ્ઞપ્તિનો ઉદ્ભવ નિરંકુશ થાય. ('આત્મા ને જ્ઞાન પૃથક્ છે પણ જ્ઞાન આત્મા સાથે જોડાવાથી આત્મા જાણવાનું કાર્ય કરે છે' એમ માનવામાં આવે તો તો જ્ઞાન જેમ આત્મા સાથે જોડાય તેમ રાખ, ઘડો, થાંભલો વગેરે સર્વ પદાર્થો સાથે જોડાય અને તેથી તે પદાર્થો પણ જાણવાનું કાર્ય કરે. પરંતુ આમ તો બનતું નથી. તેથી આત્મા ને જ્ઞાન પૃથક્ નથી.) વળી, પોતાથી અભિન્ન એવા સમસ્ત જ્ઞેયાકારોરૂપે પરિણમેલું જે જ્ઞાન તે-રૂપે સ્વયં પરિણમનારને, કાર્યભૂત સમસ્ત જ્ઞેયાકારોના કારણભૂત સર્વ પદાર્થો જ્ઞાનવર્તી જ કથંચિત્ છે. (માટે) જ્ઞાતા ને જ્ઞાનના વિભાગની ક્લિષ્ટ કલ્પનાથી શું પ્રયોજન છે? ૩૫.

હવે શું જ્ઞાન છે અને શું જ્ઞેય છે તે વ્યક્ત કરે છેઃ—

**છે જ્ઞાન તેથી જીવ, જ્ઞેય ત્રિધા કહેલું દ્રવ્ય છે;**
**એ દ્રવ્ય પર ને આતમા, પરિણામસંયુત જેહ છે. ૩૬.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तस्मात् ज्ञानं जीवो ज्ञेयं द्रव्यं त्रिधा समाख्यातम् ।**
**द्रव्यमिति पुनरात्मा परश्च परिणामसंबद्धः ॥ ३६ ॥**

यतः परिच्छेदरूपेण स्वयं विपरिणम्य स्वतंत्र एव परिच्छिनत्ति ततो जीव एव ज्ञानमन्यद्रव्याणां तथा परिणन्तुं परिच्छेत्तुं चाशक्तेः । ज्ञेयं तु वृत्तवर्तमानवर्तिष्यमाणविचित्रपर्यायपरम्पराप्रकारेण त्रिधाकालकोटिस्पर्शित्वादनाद्यनन्तं द्रव्यं, तत्तु ज्ञेयतामापद्यमानं द्वेधात्मपरविकल्पात् । इष्यते हि स्वपरपरिच्छेदकत्वादवबोधस्य बोध्यस्यैवंविधं द्वैविध्यम् ।

ननु स्वात्मनि क्रियाविरोधात् कथं नामात्मपरिच्छेदकत्वम् । का हि नाम क्रिया कीदृशश्च विरोधः । क्रिया ह्यत्र विरोधिनी समुत्पत्तिरूपा वा ज्ञप्तिरूपा वा । उत्पत्तिरूपा हि तावन्नैकं स्वस्मात्प्रजायत इत्यागमाद्विरुद्धैव । ज्ञप्तिरूपायास्तु प्रकाशनक्रिययेव प्रत्य-

---

ज्ञानी न भवति तत एव घटोत्पत्तौ मृत्पिण्ड इव स्वयमेवोपादानरूपेणात्मा ज्ञानं परिणमति । **अट्ठा णाणट्ठिया सव्वे** व्यवहारेण ज्ञेयपदार्था आदर्शे बिम्बमिव परिच्छित्त्याकारेण ज्ञाने तिष्ठन्तीत्यभिप्रायः ॥ ३५ ॥ अथात्मा ज्ञानं भवति शेषं तु ज्ञेयमित्यावेदयति—**तम्हा णाणं जीवो** यस्मादात्मैवोपादानरूपेण ज्ञानं परिणमति तथैव पदार्थान् परिच्छिनत्ति, इति भणितं पूर्वसूत्रे, तस्मादात्मैव ज्ञानं । **णेयं दव्वं** तस्य ज्ञानरूपस्यात्मनो ज्ञेयं भवति । किम् । द्रव्यम् । **तिहा समक्खादं** तच्च द्रव्यं कालत्रय-

---

**અન્વયાર્થઃ**—[ तस्मात् ] તેથી [ जीवः ज्ञानं ] જીવ જ્ઞાન છે [ ज्ञेयं ] અને જ્ઞેય [ त्रिधा समाख्यातं ] ત્રિધા વર્ણવવામાં આવેલું ( ત્રિકાળસ્પર્શી ) [ द्रव्यं ] દ્રવ્ય છે. [ पुनः द्रव्यं इति ] ( એ જ્ઞેયભૂત ) દ્રવ્ય એટલે [ आत्मा ] આત્મા ( સ્વાત્મા ) [ परः च ] અને પર [ परिणामसंबद्धः ] કે જેઓ પરિણામવાળાં છે.

**ટીકાઃ**—( પૂર્વોક્ત રીતે ) જ્ઞાનરૂપે સ્વયં પરિણમીને સ્વતંત્રપણે જ જાણતો હોવાથી જીવ જ જ્ઞાન છે, કારણ કે અન્ય દ્રવ્યો એ રીતે ( જ્ઞાનરૂપે ) પરિણમવાને તથા જાણવાને અસમર્થ છે. અને જ્ઞેય, વર્તી ચૂકેલા, વર્તતા અને વર્તશે એવા વિચિત્ર પર્યાયોની પરંપરાના પ્રકાર વડે ત્રિવિધ કાળકોટિને સ્પર્શતું હોવાથી અનાદિ-અનંત એવું દ્રવ્ય છે. ( આત્મા જ જ્ઞાન છે અને જ્ઞેય સમસ્ત દ્રવ્યો છે. ) તે જ્ઞેયભૂત દ્રવ્ય આત્મા ને પર ( -સ્વ ને પર ) એવા બે ભેદને લીધે બે પ્રકારનું છે. જ્ઞાન સ્વપરજ્ઞાયક હોવાથી જ્ઞેયનું એવું દ્વિવિધપણું માનવામાં આવે છે.

( પ્રશ્ન- ) પોતામાં ક્રિયા થઈ શકવાનો વિરોધ હોવાથી આત્માને સ્વજ્ઞાયકપણું કઈ રીતે ઘટે છે ? ( ઉત્તર- ) કઈ ક્રિયા અને કયા પ્રકારનો વિરોધ ? ક્રિયા, કે જે અહીં ( પ્રશ્નમાં ) વિરોધી કહેવામાં આવી છે તે, કાં તો ઉત્પત્તિરૂપ હોય, કાં તો જ્ઞપ્તિરૂપ હોય. પ્રથમ, ઉત્પત્તિરૂપ ક્રિયા તો 'કોઈ પોતે પોતામાંથી ઉત્પન્ન થઈ શકે નહિ' એવા આગમકથનથી વિરુદ્ધ જ છે. પરંતુ જ્ઞપ્તિરૂપ ક્રિયામાં વિરોધ આવતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**वस्थितत्वान्न तत्र विप्रतिषेधस्यावतारः । यथा हि प्रकाशकस्य प्रदीपस्य परं प्रकाश्यतामापन्नं प्रकाशयतः स्वस्मिन् प्रकाश्ये न प्रकाशकान्तरं मृग्यं, स्वयमेव प्रकाशनक्रियायाः समुपलम्भात्; तथा परिच्छेदकस्यात्मनः परं परिच्छेद्यतामापन्नं परिच्छिन्दतः स्वस्मिन् परिच्छेद्ये न परिच्छेदकान्तरं मृग्यं, स्वयमेव परिच्छेदनक्रियायाः समुपलम्भात् ।**

**ननु कुत आत्मनो द्रव्यज्ञानरूपत्वं द्रव्याणां च आत्मज्ञेयरूपत्वं च । परिणामसंबन्धत्वात् । यतः खलु आत्मा द्रव्याणि च परिणामैः सह संबध्यन्ते, तत आत्मनो द्रव्यालम्बनज्ञानेन द्रव्याणां तु ज्ञानमालम्ब्य ज्ञेयाकारेण परिणतिरबाधिता प्रतपति ॥ ३६ ॥**

---

पर्यायपरिणतिरूपेण द्रव्यगुणपर्यायरूपेण वा तथैवोत्पादव्ययध्रौव्यरूपेण च त्रिधा समाख्यातम् । **दव्वं ति पुणो आदा परं च** तच्च ज्ञेयभूतं द्रव्यमात्मा भवति परं च । कस्मात् । यतो ज्ञानं स्वं जानाति परं चेति प्रदीपवत् । तच्च स्वपरद्रव्यं कथंभूतम् । **परिणामसंबद्धं** कथंचित्परिणामीत्यर्थः । नैयायिक-

---

નથી, કારણ કે તે, પ્રકાશનક્રિયાની માફક, ઉત્પત્તિક્રિયાથી વિરુદ્ધ રીતે (જુદી રીતે) વર્તે છે. જેમ જે પ્રકાશ્યભૂત પરને પ્રકાશે છે એવા પ્રકાશક દીવાને સ્વ પ્રકાશ્યને પ્રકાશવાની બાબતમાં [1]અન્ય પ્રકાશકની જરૂર પડતી નથી, કારણ કે સ્વયમેવ પ્રકાશનક્રિયાની પ્રાપ્તિ છે; તેમ જે જ્ઞેયભૂત પરને જાણે છે એવા જ્ઞાયક આત્માને, સ્વ જ્ઞેયને જાણવાની બાબતમાં અન્ય જ્ઞાયકની જરૂર પડતી નથી, કારણ કે સ્વયમેવ જ્ઞાનક્રિયાની પ્રાપ્તિ છે.* (આ રીતે સિદ્ધ થયું કે જ્ઞાન સ્વને પણ જાણી શકે છે.)

(પ્રશ્ન–) આત્માને દ્રવ્યોના જ્ઞાનરૂપપણું અને દ્રવ્યોને આત્માના જ્ઞેયરૂપપણું શાથી (–કઈ રીતે ઘટે) છે? (ઉત્તર–) **તેઓ પરિણામવાળાં હોવાથી.** આત્મા અને દ્રવ્યો પરિણામયુક્ત છે, તેથી આત્માને, દ્રવ્યો જેનું [1]આલંબન છે એવા જ્ઞાનરૂપે (પરિણતિ), અને દ્રવ્યોને, જ્ઞાનને [2]અવલંબીને જ્ઞેયાકારરૂપે પરિણતિ અબાધિતપણે તપે છે—પ્રતાપવંત વર્તે છે. (આત્મા અને દ્રવ્યો સમયે સમયે પરિણામ કર્યા કરે છે, કૂટસ્થ

---

* કોઈ પર્યાય પોતે પોતામાંથી ઉત્પન્ન થઈ શકે નહિ પણ તે દ્રવ્યના આધારે—દ્રવ્યમાંથી—ઉત્પન્ન થાય; કારણ કે જો એમ ન હોય તો તો દ્રવ્યરૂપ આધાર વિના પર્યાયો ઉત્પન્ન થાય, જળ વિના તરંગો થાય. એ તો પ્રત્યક્ષ વિરુદ્ધ છે; તેથી પર્યાયને ઉત્પન્ન થવા માટે દ્રવ્યરૂપ આધાર જોઈએ. આ રીતે જ્ઞાનપર્યાય પણ પોતે પોતામાંથી ઉત્પન્ન થઈ શકે નહિ, આત્મદ્રવ્યમાંથી ઉત્પન્ન થાય—એ વાત તો બરાબર છે. પરંતુ જ્ઞાનપર્યાય પોતે પોતાથી જણાઈ શકે નહિ એ વાત યથાર્થ નથી. આત્મદ્રવ્યમાંથી ઉત્પન્ન થતો જ્ઞાનપર્યાય પોતે પોતાથી જ જણાય છે. જેમ દીવારૂપ આધારમાંથી ઉત્પન્ન થતો પ્રકાશપર્યાય સ્વપરને પ્રકાશે છે તેમ આત્મારૂપ આધારમાંથી ઉત્પન્ન થતો જ્ઞાનપર્યાય સ્વપરને જાણે છે. વળી જ્ઞાન પોતે પોતાને જાણે છે એ અનુભવસિદ્ધ પણ છે.

૧. જ્ઞાનને જ્ઞેયભૂત દ્રવ્યો આલંબન અર્થાત્ નિમિત્ત છે. જ્ઞાન જ્ઞેયને ન જાણે તો જ્ઞાનનું જ્ઞાનત્વ શું?
૨. જ્ઞેયને જ્ઞાન આલંબન અર્થાત્ નિમિત્ત છે. જ્ઞેય જ્ઞાનમાં ન જણાય તો જ્ઞેયનું જ્ઞેયત્વ શું?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथातिवाहितानागतानामपि द्रव्यपर्यायाणां तादात्विकवत् पृथक्त्वेन ज्ञाने वृत्तिमुद्योतयति—

**तक्कालिगेव सव्वे सदसब्भूदा हि पज्जया तासिं ।**
**वट्टंते ते णाणे विसेसदो दव्वजादीणं ॥ ३७ ॥**

**तात्कालिका इव सर्वे सदसद्भूता हि पर्यायास्तासाम् ।**
**वर्तन्ते ते ज्ञाने विशेषतो द्रव्यजातीनाम् ॥ ३७ ॥**

सर्वासामेव हि द्रव्यजातीनां त्रिसमयावच्छिन्नात्मलाभभूमिकत्वेन क्रमप्रतपत्स्वरूपसंपद:

---

मतानुसारी कश्चिदाह—ज्ञानं ज्ञानान्तरवेद्यं प्रमेयत्वात् घटादिवत् । परिहारमाह—प्रदीपेन व्यभिचार:, प्रदीपस्तावत्प्रमेय: परिच्छेद्यो ज्ञेयो भवति न च प्रदीपान्तरेण प्रकाश्यते, तथा ज्ञानमपि स्वयमेवात्मानं प्रकाशयति न च ज्ञानान्तरेण प्रकाश्यते । यदि पुनर्ज्ञानान्तरेण प्रकाश्यते तर्हि गगनावलम्बिनी महती दुर्निवारानवस्था प्राप्नोतीति सूत्रार्थ: ॥ ३६ ॥ एवं निश्चयश्रुतकेवलिव्यवहारश्रुतकेवलिकथनमुख्यत्वेन भिन्नज्ञाननिराकरणेन ज्ञानज्ञेयस्वरूपकथनेन च चतुर्थस्थले गाथाचतुष्टयं गतम् । अथातीतानागतपर्याया वर्तमानज्ञाने सांप्रता इव दृश्यन्त इति निरूपयति—सव्वे सदसब्भूदा हि पज्जया

---

નથી; તેથી આત્મા જ્ઞાનસ્વભાવે પરિણમે છે અને દ્રવ્યો જ્ઞેયસ્વભાવે પરિણમે છે. એ રીતે જ્ઞાનસ્વભાવે પરિણમતો આત્મા જ્ઞાનના આલંબનભૂત [1]દ્રવ્યોને જાણે છે અને જ્ઞેયસ્વભાવે પરિણમતાં દ્રવ્યો જ્ઞેયના આલંબનભૂત જ્ઞાનમાં—આત્મામાં—જણાય છે. ) ૩૬.

હવે દ્રવ્યોના અતીત અને અનાગત પર્યાયો પણ, તાત્કાળિક પર્યાયોની માફક, પૃથક્પણે જ્ઞાનમાં વર્તે છે એમ સમજાવે છે:—

**તે દ્રવ્યના સદ્ભૂત-અસદ્ભૂત પર્યયો સૌ વર્તતા,**
**તત્કાળના પર્યાય જેમ, વિશેષપૂર્વક જ્ઞાનમાં. ૩૭.**

**અન્વયાર્થ:**—[तासाम् द्रव्यजातीनाम्] તે (જીવાદિ) દ્રવ્યજાતિઓના [ते सर्वे] સમસ્ત [सदसद्भूता: हि] વિદ્યમાન અને અવિદ્યમાન [पर्याया:] પર્યાયો, [तात्कालिका: इव] તાત્કાળિક (વર્તમાન) પર્યાયોની માફક, [विशेषत:] વિશિષ્ટતાપૂર્વક (પોતપોતાના ભિન્ન ભિન્ન સ્વરૂપે) [ज्ञाने वर्तन्ते] જ્ઞાનમાં વર્તે છે.

**ટીકા:**—(જીવાદિ) સમસ્ત દ્રવ્યજાતિઓના પર્યાયોની ઉત્પત્તિની મર્યાદા ત્રણે કાળની મર્યાદા જેટલી હોવાથી (અર્થાત્ તેઓ ત્રણે કાળે ઉત્પન્ન થયા કરતા હોવાથી), તેમના (તે સમસ્ત દ્રવ્યજાતિઓના), ક્રમપૂર્વક તપતી સ્વરૂપસંપદાવાળા (-એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सद्भूतासद्भूततामायान्तो ये यावन्तः पर्यायास्ते तावन्तस्तात्कालिका इवात्यन्तसंकरेणाप्यवधारितविशेषलक्षणा एकक्षण एवावबोधसौधस्थितिमवतरन्ति। न खल्वेतदयुक्तं—दृष्टाविरोधात्। दृश्यते हि छद्मस्थस्यापि वर्तमानमिव व्यतीतमनागतं वा वस्तु चिन्तयतः संविदालम्बितस्तदाकारः। किंच चित्रपटीस्थानीयत्वात् संविदः। यथा हि चित्रपट्यामतिवाहितानामनुपस्थितानां वर्तमानानां च वस्तूनामालेख्याकाराः साक्षादेकक्षण एवावभासन्ते, तथा संविद्भित्तावपि। किंच सर्वज्ञेयाकाराणां तादात्विकत्वाविरोधात्। यथा हि प्रध्वस्तानामनुदितानां च वस्तुनामालेख्याकारा वर्तमाना एव, तथातीतानामनागतानां च पर्यायाणां ज्ञेयाकारा वर्तमाना एव भवन्ति ॥ ३७ ॥

---

सर्वे सद्भूता असद्भूता अपि पर्यायाः ये **हि** स्फुटं **वट्टंते ते** ते पूर्वोक्ताः पर्याया वर्तन्ते प्रतिभासन्ते प्रतिस्फुरन्ति। क्व। **णाणे** केवलज्ञाने। कथंभूता इव। **तक्कालिगेव** तात्कालिका इव वर्तमाना इव। कासां सम्बन्धिनः। **तासिं दव्वजादीणं** तासां प्रसिद्धानां शुद्धजीवद्रव्यादिद्रव्यजातीनामिति। व्यवहित-

---

પછી એક પ્રગટતા), વિદ્યમાનપણાને અને અવિદ્યમાનપણાને પામતા, જે કોઈ જેટલા પર્યાયો છે, તે બધાય, તાત્કાળિક (વર્તમાનકાલીન) પર્યાયોની માફક, અત્યંત [1]મિશ્રિત હોવા છતાં સૌ પર્યાયોનાં વિશિષ્ટ લક્ષણ સ્પષ્ટ જણાય એ રીતે, એક ક્ષણે જ, જ્ઞાન-મહેલમાં સ્થિતિ પામે છે. આ (ત્રણે કાળના પર્યાયોનું વર્તમાન પર્યાયોની માફક જ્ઞાનમાં જણાવું) અયુક્ત નથી; કારણ કે—

(૧) તેનો દૃષ્ટની સાથે (જગતમાં જે જોવામાં આવે છે—અનુભવાય છે તેની સાથે) અવિરોધ છે. (જગતમાં) દેખાય છે કે છદ્મસ્થને પણ, જેમ વર્તમાન વસ્તુ ચિંતવતાં તેના આકારને જ્ઞાન અવલંબે છે તેમ, વ્યતીત અને અનાગત વસ્તુ ચિંતવતાં (પણ) તેના આકારને જ્ઞાન અવલંબે છે.

(૨) વળી જ્ઞાન ચિત્રપટ સમાન છે. જેમ ચિત્રપટમાં અતીત, અનાગત અને વર્તમાન વસ્તુઓના આલેખ્યાકારો (-આલેખ્ય આકારો) સાક્ષાત્ એક ક્ષણે જ ભાસે છે, તેમ જ્ઞાનરૂપી ભીંતમાં (-જ્ઞાનભૂમિમાં, જ્ઞાનપટમાં) પણ અતીત, અનાગત અને વર્તમાન પર્યાયોના જ્ઞેયાકારો સાક્ષાત્ એક ક્ષણે જ ભાસે છે.

(૩) વળી સર્વ જ્ઞેયાકારોનું તાત્કાળિકપણું (વર્તમાનપણું, સાંપ્રતિકપણું) અવિરુદ્ધ છે. જેમ નષ્ટ અને અનુત્પન્ન વસ્તુઓના [2]આલેખ્યાકારો વર્તમાન જ છે, તેમ અતીત અને અનાગત પર્યાયોના જ્ઞેયાકારો વર્તમાન જ છે.

---

૧. જ્ઞાનમાં સૌ દ્રવ્યોના ત્રણે કાળના પર્યાયો એકી સાથે જણાવા છતાં દરેક પર્યાયનું વિશિષ્ટ સ્વરૂપ —પ્રદેશ, કાળ, આકાર વગેરે વિશેષતાઓ—સ્પષ્ટ જણાય છે; સંકર—વ્યતિકર થતા નથી.

૨. આલેખ્ય = આળેખાવાયોગ્ય; ચીતરાવાયોગ્ય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथासद्भूतपर्यायाणां कथंचित्सद्भूतत्वं विदधाति—

**जे णेव हि संजाया जे खलु णट्ठा भवीय पज्जाया।**
**ते होंति असब्भूदा पज्जाया णाणपच्चक्खा ॥ ३८ ॥**

**ये नैव हि संजाता ये खलु नष्टा भूत्वा पर्यायाः।**
**ते भवन्ति असद्भूताः पर्याया ज्ञानप्रत्यक्षाः ॥ ३८ ॥**

---

संबन्धः । कस्मात् । **विसेसदो** स्वकीयस्वकीयप्रदेशकालाकारविशेषैः संकरव्यतिकरपरिहारेणेत्यर्थः । किंच—यथा छद्मस्थपुरुषस्यातीतानागतपर्याया मनसि चिन्तयतः प्रतिस्फुरन्ति, यथा च चित्रभित्तौ बाहुबलिभरतादिव्यतिक्रान्तरूपाणि श्रेणिकतीर्थकरादिभाविरूपाणि च वर्तमानानीव प्रत्यक्षेण दृश्यन्ते तथा चित्रभित्तिस्थानीयकेवलज्ञाने भूतभाविनश्च पर्याया युगपत्प्रत्यक्षेण दृश्यन्ते, नास्ति विरोधः । यथायं केवली भगवान् परद्रव्यपर्यायान् परिच्छित्तिमात्रेण जानाति, न च तन्मयत्वेन, निश्चयेन तु

---

**ભાવાર્થઃ**—કેવળજ્ઞાન સમસ્ત દ્રવ્યોના ત્રણે કાળના પર્યાયોને યુગપદ્ જાણે છે. અહીં પ્રશ્ન થવાયોગ્ય છે કે નષ્ટ અને અનુત્પન્ન પર્યાયોને જ્ઞાન વર્તમાન કાળે કેમ જાણી શકે? તેનું સમાધાનઃ—જગતમાં પણ દેખાય છે કે અલ્પજ્ઞ જીવનું જ્ઞાન પણ નષ્ટ અને અનુત્પન્ન વસ્તુઓને ચિંતવી શકે છે, અનુમાન દ્વારા જાણી શકે છે, તદાકાર થઈ શકે છે; તો પછી પૂર્ણ જ્ઞાન નષ્ટ અને અનુત્પન્ન પર્યાયોને કેમ ન જાણી શકે? ચિત્રપટની માફક જ્ઞાનશક્તિ જ એવી છે કે તે અતીત અને અનાગત પર્યાયોને પણ જાણી શકે છે. વળી, આલેખ્યત્વશક્તિની માફક, દ્રવ્યોની જ્ઞેયત્વશક્તિ એવી છે કે તેમના અતીત અને અનાગત પર્યાયો પણ જ્ઞાનમાં જ્ઞેયરૂપ થાય-જણાય. આ રીતે આત્માની અદ્ભુત જ્ઞાનશક્તિ અને દ્રવ્યોની અદ્ભુત જ્ઞેયત્વશક્તિને લીધે કેવળજ્ઞાનમાં સમસ્ત દ્રવ્યોના ત્રણે કાળના પર્યાયોનું એક જ સમયે ભાસવું અવિરુદ્ધ છે. ૩૭.

હવે અવિદ્યમાન પર્યાયોનું (પણ) કથંચિત્ (-કોઈ પ્રકારે, કોઈ અપેક્ષાએ) વિદ્યમાનપણું કહે છેઃ—

**જે પર્યયો અણજાત છે, વળી જન્મીને પ્રવિનષ્ટ જે,**
**તે સૌ અસદ્ભૂત પર્યયો પણ જ્ઞાનમાં પ્રત્યક્ષ છે. ૩૮.**

**અન્વયાર્થઃ**—[ ये पर्यायाः ] જે પર્યાયો [ हि ] ખરેખર [ न एव संजाताः ] ઉત્પન્ન થયા નથી, તથા [ ये ] જે પર્યાયો [ खलु ] ખરેખર [ भूत्वा नष्टाः ] ઉત્પન્ન થઈને નાશ પામી ગયા છે, [ ते ] તે [ असद्भूताः पर्यायाः ] અવિદ્યમાન પર્યાયો [ ज्ञानप्रत्यक्षाः भवन्ति ] જ્ઞાનપ્રત્યક્ષ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ये खलु नाद्यापि संभूतिमनुभवन्ति, ये चात्मलाभमनुभूय विलयमुपगतास्ते किलासद्भूता अपि परिच्छेदं प्रति नियतत्वात् ज्ञानप्रत्यक्षतामनुभवन्तः शिलास्तम्भोत्कीर्णभूतभाविदेववदप्रकम्पार्पितस्वरूपाः सद्भूता एव भवन्ति ॥ ३८ ॥

अथैतदेवासद्भूतानां ज्ञानप्रत्यक्षत्वं दृढयति—

**जदि पच्चक्खमजायं पज्जायं पलइयं च णाणस्स ।**
**ण हवदि वा तं णाणं दिव्वं ति हि के परूवेंति ॥ ३९ ॥**

---

केवलज्ञानादिगुणाधारभूतं स्वकीयसिद्धपर्यायमेव स्वसंवित्त्याकारेण तन्मयो भूत्वा परिच्छिनत्ति जानाति, तथासन्नभव्यजीवेनापि निजशुद्धात्मसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपनिश्चयरत्नत्रयपर्याय एव सर्वतात्पर्येण ज्ञातव्य इति तात्पर्यम् ॥ ३७ ॥ अथातीतानागतपर्यायाणामसद्भूतसंज्ञा भवतीति प्रतिपादयति—**जे णेव हि संजाया जे खलु णट्ठा भवीय पज्जाया** ये नैव संजाता नाद्यापि भवन्ति, भाविन इत्यर्थः । हि स्फुटं ये च खलु नष्टा विनष्टाः पर्यायाः । किं कृत्वा । भूत्वा । **ते होंति असब्भूदा पज्जाया** ते पूर्वोक्ता भूता भाविनश्च पर्याया अविद्यमानत्वादसद्भूता भण्यन्ते । **णाणपच्चक्खा** ते चाविद्यमानत्वादसद्भूता अपि वर्तमानज्ञानविषयत्वाद्व्यवहारेण भूतार्था भण्यन्ते, तथैव ज्ञानप्रत्यक्षाश्चेति । यथायं भगवान्निश्चयेन परमानन्दैकलक्षणसुखस्वभावं मोक्षपर्यायमेव तन्मयत्वेन परिच्छिनत्ति, परद्रव्यपर्यायं तु व्यवहारेणेति; तथा भावितात्मना पुरुषेण रागादिविकल्पोपाधिरहितस्वसंवेदनपर्याय एव तात्पर्येण ज्ञातव्यः, बहिर्द्रव्य-

---

**ટીકાઃ**—જે (પર્યાયો) અદ્યાપિ ઉત્પન્ન થયા નથી તથા જે ઉત્પન્ન થઈને વિલય પામી ગયા છે, તે (પર્યાયો), ખરેખર અવિદ્યમાન હોવા છતાં, જ્ઞાન પ્રતિ નિયત હોવાથી (જ્ઞાનમાં નિશ્ચિત—સ્થિર—ચોંટેલા હોવાથી, જ્ઞાનમાં સીધા જણાતા હોવાથી) *જ્ઞાનપ્રત્યક્ષ વર્તતા થકા, પથ્થરના સ્તંભમાં કોતરાયેલા ભૂત અને ભાવી દેવોની (તીર્થંકરદેવોની) માફક પોતાનું સ્વરૂપ અકંપપણે (જ્ઞાનને) અર્પતા એવા (તે પર્યાયો), વિદ્યમાન જ છે. ૩૮.

હવે આ જ અવિદ્યમાન પર્યાયોનું જ્ઞાનપ્રત્યક્ષપણું દૃઢ કરે છેઃ—

**જ્ઞાને અજાત-વિનષ્ટ પર્યાયો તણી પ્રત્યક્ષતા**
**નવ હોય જો, તો જ્ઞાનને એ 'દિવ્ય' કોણ કહે ભલા? ૩૯.**

---

* પ્રત્યક્ષ = અક્ષ પ્રતિ—અક્ષની સામે—અક્ષની નિકટમાં—અક્ષના સંબંધમાં હોય એવું.
[ અક્ષ = (૧) જ્ઞાન; (૨) આત્મા. ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**यदि प्रत्यक्षोऽजातः पर्यायः प्रलयितश्च ज्ञानस्य ।**
**न भवति वा तत् ज्ञानं दिव्यमिति हि के प्ररूपयन्ति ॥३९॥**

यदि खल्वसंभावितभावं संभावितभावं च पर्यायजातमप्रतिघविजृम्भिताखण्डितप्रताप-प्रभुशक्तितया प्रसभेनैव नितान्तमाक्रम्याक्रमसमर्पितस्वरूपसर्वस्वमात्मानं प्रति नियतं ज्ञानं न करोति, तदा तस्य कुतस्तनी दिव्यता स्यात् । अतः काष्ठाप्राप्तस्य परिच्छेदस्य सर्वमेत-दुपपन्नम् ॥ ३९ ॥

---

पर्यायाश्च गौणवृत्त्येति भावार्थः ॥ ३८ ॥ अथासद्भूतपर्यायाणां वर्तमानज्ञानप्रत्यक्षत्वं दृढयति—**जइ पच्चक्खमजायं पज्जायं पलइयं च णाणस्स ण हवदि वा** यदि प्रत्यक्षो न भवति । स कः । अजातपर्यायो भाविपर्यायः । न केवलं भाविपर्यायः प्रलयितश्च वा । कस्य । ज्ञानस्य । **तं णाणं दिव्वं ति हि के परूवेंति** तद्ज्ञानं दिव्यमिति के प्ररूपयन्ति, न केऽपीति । तथा हि—यदि वर्तमानपर्यायवदतीता-नागतपर्यायं ज्ञानं कर्तृ क्रमकरणव्यवधानरहितत्वेन साक्षात्प्रत्यक्षं न करोति, तर्हि तत् ज्ञानं दिव्यं न भवति । वस्तुतस्तु ज्ञानमेव न भवतीति । यथायं केवली परकीयद्रव्यपर्यायान् यद्यपि परिच्छित्ति-मात्रेण जानाति, तथापि निश्चयनयेन सहजानन्दैकस्वभावे स्वशुद्धात्मनि तन्मयत्वेन परिच्छित्तिं करोति, तथा निर्मलविवेकिजनोऽपि यद्यपि व्यवहारेण परकीयद्रव्यगुणपर्यायपरिज्ञानं करोति, तथापि निश्चयेन निर्विकारस्वसंवेदनपर्याये विषयत्वात्पर्यायेण परिज्ञानं करोतीति सूत्रतात्पर्यम् ॥ ३९ ॥ अथातीतानागत-

---

**અન્વયાર્થઃ**—[ यदि वा ] જો [ अजातः पर्यायः ] અનુત્પન્ન પર્યાય [ च ] તથા [ प्रलयितः ] નષ્ટ પર્યાય [ ज्ञानस्य ] જ્ઞાનને (કેવળજ્ઞાનને) [ प्रत्यक्षः न भवति ] પ્રત્યક્ષ ન હોય, [ तत् ज्ञानं ] તો તે જ્ઞાનને [ दिव्यं इति हि ] 'દિવ્ય' [ के प्ररूपयन्ति ] કોણ પ્રરૂપે?

**ટીકાઃ**—જેમણે હયાતી અનુભવી નથી તથા જેમણે હયાતી અનુભવી લીધી છે એવા (અનુત્પન્ન અને નષ્ટ) પર્યાયમાત્રને જો જ્ઞાન પોતાની નિર્વિઘ્ન ખીલેલી, અખંડિત પ્રતાપવાળી, પ્રભુ શક્તિ (-મહા સામર્થ્ય) વડે જોરથી અત્યંત આક્રમીને (-પહોંચી વળીને), તે પર્યાયો પોતાના સ્વરૂપસર્વસ્વને અક્રમે અર્પે (-એકી સાથે જ્ઞાનમાં જણાવે) એ રીતે તેમને પોતાના પ્રતિ નિયત ન કરે (-પોતામાં નિશ્ચિત ન કરે, પ્રત્યક્ષ ન જાણે), તો તે જ્ઞાનની દિવ્યતા શી? આથી (એમ કહ્યું કે) પરાકાષ્ઠાને પહોંચેલા જ્ઞાનને આ બધું ઉપપન્ન (-યોગ્ય) છે.

**ભાવાર્થઃ**—અનંત મહિમાવંત કેવળજ્ઞાનની એ દિવ્યતા છે કે તે અનંત દ્રવ્યોના સમસ્ત પર્યાયોને (અતીત ને અનાગત પર્યાયોને પણ) સંપૂર્ણપણે એક જ સમયે પ્રત્યક્ષ જાણે છે. ૩૯.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथेन्द्रियज्ञानस्यैव प्रलीनमनुत्पन्नं च ज्ञातुमशक्यमिति वितर्कयति—

अत्थं अक्खणिवदिदं ईहापुव्वेहिं जे विजाणंति ।
तेसिं परोक्खभूदं णादुमसक्कं ति पण्णत्तं ॥४०॥

अर्थमक्षनिपतितमीहापूर्वैर्ये विजानन्ति ।
तेषां परोक्षभूतं ज्ञातुमशक्यमिति प्रज्ञप्तम् ॥ ४० ॥

ये खलु विषयविषयिसन्निपातलक्षणमिन्द्रियार्थसन्निकर्षमधिगम्य क्रमोपजायमानेनेहादिकप्रक्रमेण परिच्छिन्दन्ति, ते किलातिवाहितस्वास्तित्वकालमनुपस्थितस्वास्तित्वकालं

---

सूक्ष्मादिपदार्थानिन्द्रियज्ञानं न जानातीति विचारयति—**अत्थं** घटपटादिज्ञेयपदार्थं । कथंभूतं । **अक्खणिवदिदं** अक्षनिपतितं इन्द्रियप्राप्तं इन्द्रियसंबद्धं । इत्थंभूतमर्थं **ईहापुव्वेहिं जे विजाणंति** अवग्रहेहावायादिक्रमेण ये पुरुषा विजानन्ति हि स्फुटं । **तेसिं परोक्खभूदं** तेषां सम्बन्धि ज्ञानं परोक्षभूतं सत् **णादुमसक्कं ति पण्णत्तं** सूक्ष्मादिपदार्थान् ज्ञातुमशक्यमिति प्रज्ञप्तं कथितम् । कैः । ज्ञानिभिरिति । तद्यथा—चक्षुरादीन्द्रियं घटपटादिपदार्थपार्श्वे गत्वा पश्चादर्थं जानातीति सन्निकर्षलक्षणं नैयायिकमते । अथवा संक्षेपेणेन्द्रियार्थयोः संबन्धः सन्निकर्षः स एव प्रमाणम् । स च सन्निकर्ष

---

હવે ઇન્દ્રિયજ્ઞાનને માટે જ નષ્ટ અને અનુત્પન્ન જાણવાનું અશક્ય છે (અર્થાત્ ઇન્દ્રિયજ્ઞાન જ નષ્ટ અને અનુત્પન્ન પદાર્થોને-પર્યાયોને જાણી શકતું નથી) એમ ન્યાયથી નક્કી કરે છે:—

ઇહાદિપૂર્વક જાણતા જે અક્ષપતિત પદાર્થને,
તેને પરોક્ષ પદાર્થ જાણવું શક્ય ના—જિનજી કહે. ૪૦.

**અન્વયાર્થ:**—[ ये ] જેઓ [ अक्षनिपतितं ] અક્ષપતિત અર્થાત્ ઇન્દ્રિયગોચર [ अर्थं ] પદાર્થને [ ईहापूर्वैः ] ઇહાદિક વડે [ विजानन्ति ] જાણે છે, [ तेषां ] તેમને માટે [ परोक्षभूतं ] *પરોક્ષભૂત પદાર્થને [ ज्ञातुं ] જાણવાનું [ अशक्यं ] અશક્ય છે [ इति प्रज्ञप्तम् ] એમ સર્વજ્ઞદેવે કહ્યું છે.

**ટીકા:**—વિષય અને વિષયીનો [1]સન્નિપાત જેનું લક્ષણ (-સ્વરૂપ) છે એવો જે ઇન્દ્રિય અને પદાર્થનો [2]સન્નિકર્ષ તેને પામીને, અનુક્રમે ઊપજતા ઇહાદિક ક્રમથી જેઓ જાણે છે, તેઓ જેનો સ્વ-અસ્તિત્વકાળ વીતી ગયો છે તેને તથા જેનો સ્વ-અસ્તિત્વકાળ

---

* પરોક્ષ = અક્ષથી પર અર્થાત્ અક્ષથી દૂર હોય એવું; ઇન્દ્રિય-અગોચર.

૧. સન્નિપાત = મેળાપ; સંબંધ થવો તે.

૨. સન્નિકર્ષ = સંબંધ; સમીપતા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**चा यथोदितलक्षणस्य ग्राह्यग्राहकसंबन्धस्यासंभवतः परिच्छेत्तुं न शक्नुवन्ति ॥ ४० ॥**

**अथातीन्द्रियज्ञानस्य तु यद्यदुच्यते तत्तत्संभवतीति संभावयति—**

**अपदेसं सपदेसं मुत्तममुत्तं च पज्जयमजादं ।**
**पलयं गयं च जाणदि तं णाणमदिंदियं भणियं ॥ ४१ ॥**

**अप्रदेशं सप्रदेशं मूर्तममूर्तं च पर्ययमजातम् ।**
**प्रलयं गतं च जानाति तज्ज्ञानमतीन्द्रियं भणितम् ॥ ४१ ॥**

---

आकाशाद्यमूर्तपदार्थेषु देशान्तरितमेर्वादिपदार्थेषु कालान्तरितरामरावणादिषु स्वभावान्तरितभूतादिषु तथैवातिसूक्ष्मेषु परचेतोवृत्तिपुद्गलपरमाण्वादिषु च न प्रवर्तते । कस्मादिति चेत् । इन्द्रियाणां स्थूलविषयत्वात्, तथैव मूर्तविषयत्वाच्च । ततः कारणादिन्द्रियज्ञानेन सर्वज्ञो न भवति । तत एव चातीन्द्रियज्ञानोत्पत्तिकारणं रागादिविकल्परहितं स्वसंवेदनज्ञानं विहाय पञ्चेन्द्रियसुखसाधनभूतेन्द्रियज्ञाने नानामनोरथविकल्पजालरूपे मानसज्ञाने च ये रतिं कुर्वन्ति ते सर्वज्ञपदं न लभन्ते इति सूत्राभिप्रायः ॥ ४० ॥

---

ઉપસ્થિત થયો નથી તેને (-અતીત તથા અનાગત પદાર્થને) જાણી શકતા નથી કારણ કે (અતીત-અનાગત પદાર્થને અને ઇન્દ્રિયને) યથોક્તલક્ષણ (-યથોક્તસ્વરૂપ, ઉપર કહ્યો તેવા) [૧]ગ્રાહ્યગ્રાહકસંબંધનો અસંભવ છે.

**ભાવાર્થઃ**—ઇન્દ્રિયજ્ઞાન, ઇન્દ્રિય સાથે પદાર્થનો (અર્થાત્ વિષયી સાથે વિષયનો) સન્નિકર્ષ-સંબંધ થાય તો જ, (અને તે પણ અવગ્રહ-ઇહા-અવાય-ધારણારૂપ ક્રમથી) પદાર્થને જાણી શકે છે. નષ્ટ અને અનુત્પન્ન પદાર્થોની સાથે ઇન્દ્રિયનો સન્નિકર્ષ નહિ હોવાથી ઇન્દ્રિયજ્ઞાન તેમને જાણી શકતું નથી. માટે ઇન્દ્રિયજ્ઞાન હીન છે, હેય છે. ૪૦.

હવે, અતીન્દ્રિય જ્ઞાન માટે જે જે કહેવામાં આવે તે તે (બધું) સંભવે છે એમ સ્પષ્ટ કરે છેઃ—

**જે જાણતું અપ્રદેશને, સપ્રદેશ, મૂર્ત, અમૂર્તને,**
**પર્યાય નષ્ટ-અજાતને, ભાખ્યું અતીંદ્રિય જ્ઞાન તે. ૪૧.**

**અન્વયાર્થઃ**—[ अप्रदेशं ] જે જ્ઞાન અપ્રદેશને, [ सप्रदेशं ] સપ્રદેશને, [ मूर्तं ] મૂર્તને, [ अमूर्तं च ] અને અમૂર્તને, [ अजातं ] તથા અનુત્પન્ન [ च ] તેમ જ [ प्रलयं गतं ] નષ્ટ [ पर्यायं ] પર્યાયને [ जानाति ] જાણે છે, [ तत् ज्ञानं ] તે જ્ઞાન [ अतीन्द्रियं ] અતીન્દ્રિય [ भणितम् ] કહેવામાં આવ્યું છે.

---

૧. ઇન્દ્રિયગોચર પદાર્થ ગ્રાહ્ય છે અને ઇન્દ્રિય ગ્રાહક છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इन्द्रियज्ञानं नाम उपदेशान्तःकरणेन्द्रियादीनि विरूपकारणत्वेनोपलब्धिसंस्कारादीन् अन्तरङ्गस्वरूपकारणत्वेनोपादाय प्रवर्तते । प्रवर्तमानं च सप्रदेशमेवाध्यवस्यति स्थूलोपलम्भकत्वान्नाप्रदेशम् । मूर्तमेवावगच्छति तथाविधविषयनिबन्धनसद्भावान्नामूर्तम् । वर्तमानमेव परिच्छिनत्ति विषयविषयिसन्निपातसद्भावान्न तु वृत्तं वर्त्स्यच्च । यत्तु पुनरनावरणमनिन्द्रियं ज्ञानं तस्य समिद्धधूमध्वजस्येवानेकप्रकारतालिङ्गितं दाह्यं दाह्यतानतिक्रमाद्दाह्यमेव यथा तथात्मनः अप्रदेशं सप्रदेशं मूर्तममूर्तमजातमतिवाहितं च पर्यायजातं ज्ञेयतानतिक्रमात्परिच्छेद्यमेव भवतीति ॥ ४१ ॥

---

अथातीन्द्रियज्ञानमतीतानागतसूक्ष्मादिपदार्थान् जानातीत्युपदिशति—**अपदेसं** अप्रदेशं कालाणुपरमाण्वादि **सपदेसं** शुद्धजीवास्तिकायादिपञ्चास्तिकायस्वरूपं **मुत्तं** मूर्तं पुद्गलद्रव्यं **अमुत्तं च** अमूर्तं च शुद्धजीवद्रव्यादि **पज्जयमजादं पलयं गयं च** पर्यायमजातं भाविनं प्रलयं गतं चातीतमेतत्सर्वं पूर्वोक्तं ज्ञेयं वस्तु **जाणदि** जानाति यद्ज्ञानं कर्तृ **तं णाणमदिंदियं भणियं** तद्ज्ञानमतीन्द्रियं भणितं, तेनैव सर्वज्ञो भवति । तत एव च पूर्वगाथोदितमिन्द्रियज्ञानं मानसज्ञानं च त्यक्त्वा ये निर्विकल्पसमाधिरूपस्वसंवेदनज्ञाने समस्तविभावपरिणामत्यागेन रतिं कुर्वन्ति त एव परमाह्लादैकलक्षणसुखस्वभावं सर्वज्ञपदं लभन्ते इत्यभिप्रायः ॥ ४१ ॥ एवमतीतानागतपर्याया वर्तमानज्ञाने प्रत्यक्षा न भवन्तीति

---

**ટીકાઃ**—ઇન્દ્રિયજ્ઞાન ઉપદેશ, અંતઃકરણ, ઇન્દ્રિય વગેરેને *વિરૂપ-કારણપણે (ગ્રહીને) અને ઉપલબ્ધિ (-ક્ષયોપશમ), સંસ્કાર વગેરેને અંતરંગ સ્વરૂપ-કારણપણે ગ્રહીને પ્રવર્તે છે; અને પ્રવર્તતું થકું (તે), સપ્રદેશને જ જાણે છે કારણ કે સ્થૂલનું જાણનાર છે, અપ્રદેશને નથી જાણતું (કારણ કે સૂક્ષ્મનું જાણનાર નથી); મૂર્તને જ જાણે છે કારણ કે તેવા (મૂર્તિક) વિષય સાથે તેને સંબંધ છે, અમૂર્તને નથી જાણતું (કારણ કે અમૂર્તિક વિષય સાથે ઇન્દ્રિયજ્ઞાનને સંબંધ નથી); વર્તમાનને જ જાણે છે કારણ કે વિષય-વિષયીના સન્નિપાતનો સદ્‌ભાવ છે, વર્તી ચૂકેલાને અને ભવિષ્યમાં વર્તનારને નથી જાણતું (કારણ કે ઇન્દ્રિય અને પદાર્થના સન્નિકર્ષનો અભાવ છે).

પરંતુ જે અનાવરણ અનિન્દ્રિય જ્ઞાન છે તેને તો પોતાને અપ્રદેશ, સપ્રદેશ, મૂર્ત ને અમૂર્ત (પદાર્થમાત્ર) તથા અનુત્પન્ન તેમ જ વ્યતીત પર્યાયમાત્ર, જ્ઞેયપણાને નહિ અતિક્રમતા હોવાથી જ્ઞેય જ છે—જેમ પ્રજ્વલિત અગ્નિને અનેક પ્રકારનું ઇંધન, દાહ્યપણાને નહિ અતિક્રમતું હોવાથી, દાહ્ય જ છે. (જેમ પ્રદીપ્ત અગ્નિ દાહ્યમાત્રને—ઇંધનમાત્રને—બાળે છે, તેમ નિરાવરણ જ્ઞાન જ્ઞેયમાત્રને—દ્રવ્યપર્યાયમાત્રને—જાણે છે). ૪૧.

---

* વિરૂપ=જ્ઞાનના સ્વરૂપથી ભિન્ન સ્વરૂપવાળાં. (ઉપદેશ, મન અને ઇંદ્રિયો પૌદ્‌ગલિક હોવાથી તેમનું રૂપ જ્ઞાનના સ્વરૂપથી ભિન્ન છે. તેઓ ઇન્દ્રિયજ્ઞાનમાં બહિરંગ કારણો છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ ज्ञेयार्थपरिणमनलक्षणा क्रिया ज्ञानान्न भवतीति श्रद्दधाति—

**परिणमदि णेयमट्ठं णादा जदि णेव खाइगं तस्स ।**
**णाणं ति तं जिणिंदा खवयंतं कम्ममेवुत्ता ॥ ४२ ॥**

**परिणमति ज्ञेयमर्थं ज्ञाता यदि नैव क्षायिकं तस्य ।**
**ज्ञानमिति तं जिनेन्द्राः क्षपयन्तं कर्मैवोक्तवन्तः ॥ ४२ ॥**

परिच्छेत्ता हि यत्परिच्छेद्यमर्थं परिणमति तन्न तस्य सकलकर्मकक्षक्षयप्रवृत्तस्वाभाविकपरिच्छेदनिदानमथवा ज्ञानमेव नास्ति तस्य । यतः प्रत्यर्थपरिणतिद्वारेण मृगतृष्णाम्भोभारसंभावनाकरणमानसः सुदुःसहं कर्मभारमेवोपभुञ्जानः स जिनेन्द्रैरुद्गीतः ॥ ४२ ॥

---

बौद्धमतनिराकरणमुख्यत्वेन गाथात्रयं, तदनन्तरमिन्द्रियज्ञानेन सर्वज्ञो न भवत्यतीन्द्रियज्ञानेन भवतीति नैयायिकमतानुसारिशिष्यसंबोधनार्थं च गाथाद्वयमिति समुदायेन पञ्चमस्थले गाथापञ्चकं गतम् ॥ अथ रागद्वेषमोहाः बन्धकारणं, न च ज्ञानमित्यादिकथनरूपेण गाथापञ्चकपर्यन्तं व्याख्यानं करोति । तद्यथा— यस्येष्टानिष्टविकल्परूपेण कर्मबन्धकारणभूतेन ज्ञेयविषये परिणमनमस्ति तस्य क्षायिकज्ञानं नास्तीत्यावेदयति—**परिणमदि णेयमट्ठं णादा जदि** नीलमिदं पीतमिदमित्यादिविकल्परूपेण यदि ज्ञेयार्थं परिणमति ज्ञातात्मा **णेव खाइगं तस्स णाणं ति** तस्यात्मनः क्षायिकज्ञानं नैवास्ति । अथवा ज्ञानमेव नास्ति । कस्मान्नास्ति । **तं जिणिंदा खवयंतं कम्ममेवुत्ता** तं पुरुषं कर्मतापन्नं जिनेन्द्राः

---

હવે જ્ઞેય પદાર્થરૂપે પરિણમન જેનું લક્ષણ છે એવી (જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ) ક્રિયા જ્ઞાનમાંથી ઉદ્ભવતી નથી એમ શ્રદ્ધે છે (અર્થાત્ એવી શ્રદ્ધા વ્યક્ત કરે છે):—

**જો જ્ઞેય અર્થે પરિણમે જ્ઞાતા, ન ક્ષાયિક જ્ઞાન છે;**
**તે કર્મને જ અનુભવે છે એમ જિનદેવો કહે. ૪૨.**

**અન્વયાર્થઃ**—[ ज्ञाता ] જ્ઞાતા [ यदि ] જો [ ज्ञेयं अर्थं ] જ્ઞેય પદાર્થરૂપે [ परिणमति ] પરિણમતો હોય [ तस्य ] તો તેને [ क्षायिकं ज्ञानं ] ક્ષાયિક જ્ઞાન [ न एव इति ] નથી જ. [ जिनेन्द्राः ] જિનેન્દ્રોએ [ तं ] તેને [ कर्म एव ] કર્મને જ [ क्षपयन्तं ] અનુભવનાર [ उक्तवन्तः ] કહ્યો છે.

**ટીકાઃ**—જ્ઞાતા જો જ્ઞેય પદાર્થરૂપે પરિણમતો હોય, તો તેને સકળ કર્મવનના ક્ષયે પ્રવર્તતા સ્વાભાવિક જાણપણાનું કારણ (ક્ષાયિકજ્ઞાન) નથી; અથવા તેને જ્ઞાન જ નથી; કારણ કે દરેક પદાર્થરૂપે પરિણતિ દ્વારા મૃગતૃષ્ણામાં જળસમૂહની કલ્પના કરવાના માનસવાળો તે (આત્મા) દુઃસહ કર્મભારને જ ભોગવે છે એમ જિનેન્દ્રોએ કહ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ कुतस्तर्हि ज्ञेयार्थपरिणमनलक्षणा क्रिया तत्फलं च भवतीति विवेचयति—

**उदयगदा कम्मंसा जिणवरवसहेहिं णियदिणा भणिया ।**
**तेसु विमूढो रत्तो दुट्ठो वा बंधमणुभवदि ॥ ४३ ॥**

**उदयगताः कर्मांशा जिनवरवृषभैः नियत्या भणिताः ।**
**तेषु विमूढो रक्तो दुष्टो वा बन्धमनुभवति ॥ ४३ ॥**

संसारिणो हि नियमेन तावदुदयगताः पुद्गलकर्मांशाः सन्त्येव । अथ स सत्सु तेषु

---

कर्तारः उक्तवन्तः । किं कुर्वन्तम् । क्षपयन्तमनुभवन्तम् । किमेव । कर्मैव । निर्विकारसहजानन्दैकसुखस्वभावानुभवनशून्यः सन्नुदयागतं स्वकीयकर्मैव स अनुभवन्नास्ते न च ज्ञानमित्यर्थः । अथवा द्वितीयव्याख्यानम्—यदि ज्ञाता प्रत्यर्थं परिणम्य पश्चादर्थं जानाति तदा अर्थानामानन्त्यात्सर्वपदार्थपरिज्ञानं नास्ति । अथवा तृतीयव्याख्यानम्–बहिरङ्गज्ञेयपदार्थान् यदा छद्मस्थावस्थायां चिन्तयति तदा रागादिविकल्परहितं स्वसंवेदनज्ञानं नास्ति, तदभावे क्षायिकज्ञानमेव नोत्पद्यते इत्यभिप्रायः ॥ ४२ ॥ अथानन्तपदार्थपरिच्छित्तिपरिणमनेऽपि ज्ञानं बन्धकारणं न भवति, न च रागादिरहितकर्मोदयोऽपीति निश्चिनोति—**उदयगदा कम्मंसा जिणवरवसहेहिं णियदिणा भणिया** उदयगता उदयं प्राप्ताः

---

**ભાવાર્થઃ**—જ્ઞેય પદાર્થોરૂપે પરિણમવું અર્થાત્ 'આ લીલું છે, આ પીળું છે' ઇત્યાદિ વિકલ્પરૂપે જ્ઞેય પદાર્થોમાં પરિણમવું તે કર્મનો ભોગવટો છે, જ્ઞાનનો ભોગવટો નથી. નિર્વિકાર સહજ આનંદમાં લીન રહી સહજપણે જાણ્યા કરવું તે જ જ્ઞાનનું સ્વરૂપ છે; જ્ઞેય પદાર્થોમાં અટકવું-તેમના સન્મુખ વૃત્તિ થવી, તે જ્ઞાનનું સ્વરૂપ નથી. ૪૨.

( જો એમ છે ) તો પછી જ્ઞેય પદાર્થરૂપ પરિણમન જેનું લક્ષણ છે એવી ( જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ ) ક્રિયા અને તેનું ફળ શામાંથી ઉત્પન્ન થાય છે ( અર્થાત્ કયા કારણથી થાય છે ) એમ હવે વિવેચે છેઃ—

**ભાખ્યાં જિને કર્મો ઉદયગત નિયમથી સંસારીને,**
**તે કર્મ હોતાં મોહી-રાગી-દ્વેષી બંધ અનુભવે. ૪૩.**

**અન્વયાર્થઃ**—[ उदयगताः कर्मांशाः ] ( સંસારી જીવને ) ઉદયપ્રાપ્ત કર્માંશો ( જ્ઞાનાવરણીયાદિ પુદ્ગલકર્મના ભેદો ) [ नियत्या ] નિયમથી [ जिनवरवृषभैः ] જિનવરવૃષભોએ [ भणिताः ] કહ્યા છે. [ तेषु ] જીવ તે કર્માંશો હોતાં, [ विमूढः रक्तः दुष्टः वा ] મોહી, રાગી અથવા દ્વેષી થયો થકો [ बन्धं अनुभवति ] બંધને અનુભવે છે.

**ટીકાઃ**—પ્રથમ તો, સંસારીને નિયમથી ઉદયગત પુદ્ગલકર્માંશો હોય જ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**संचेतयमानो मोहरागद्वेषपरिणतत्वात् ज्ञेयार्थपरिणमनलक्षणया क्रियया युज्यते। तत एव च क्रियाफलभूतं बन्धमनुभवति। अतो मोहोदयात् क्रियाक्रियाफले, न तु ज्ञानात् ॥ ४३ ॥**

**अथ केवलिनां क्रियापि क्रियाफलं न साधयतीत्यनुशास्ति—**

**ठाणणिसेज्जविहारा धम्मुवदेसो य णियदयो तेसिं।**
**अरहंताणं काले मायाचारो व्व इत्थीणं ॥ ४४ ॥**

---

कर्मांशा ज्ञानावरणादिमूलोत्तरकर्मप्रकृतिभेदाः जिनवरवृषभैर्नियत्या स्वभावेन भणिताः, किंतु स्वकीय-शुभाशुभफलं दत्वा गच्छन्ति, न च रागादिपरिणामरहिताः सन्तो बन्धं कुर्वन्ति। तर्हि कथं बन्धं करोति जीवः इति चेत्। **तेसु विमूढो रत्तो दुट्ठो वा बन्धमणुभवदि** तेषु उदयागतेषु सत्सु कर्मांशेषु मोहरागद्वेषविलक्षणनिजशुद्धात्मतत्त्वभावनारहितः सन् यो विशेषेण मूढो रक्तो दुष्टो वा भवति सः केवलज्ञानाद्यनन्तगुणव्यक्तिलक्षणमोक्षाद्विलक्षणं प्रकृतिस्थित्यनुभागप्रदेशभेदभिन्नं बन्धमनु-भवति। ततः स्थितमेतत् ज्ञानं बन्धकारणं न भवति कर्मोदयोऽपि, किंतु रागादयो बन्धकारणमिति ॥ ४३ ॥ अथ केवलिनां रागाद्यभावाद्धर्मोपदेशादयोऽपि बन्धकारणं न भवन्तीति कथयति— **ठाणणिसेज्जविहारा धम्मुवदेसो य** स्थानमूर्ध्वस्थितिर्निषद्या चासनं श्रीविहारो धर्मोपदेशश्च **णियदयो**

---

હવે, તે સંસારી, તે ઉદયગત કર્માંશોની હયાતીમાં, ચેતતાં-જાણતાં-અનુભવતાં, મોહ-રાગ-દ્વેષમાં પરિણત થવાથી જ્ઞેય પદાર્થોમાં પરિણમન જેનું લક્ષણ છે એવી (જ્ઞેયાર્થ-પરિણમનસ્વરૂપ) ક્રિયા સાથે જોડાય છે; અને તેથી જ ક્રિયાફળભૂત બંધને અનુભવે છે. આથી (એમ કહ્યું કે) મોહના ઉદયથી (અર્થાત્ મોહના ઉદયમાં જોડાવાના કારણે) ક્રિયા ને ક્રિયાફળ થાય છે, જ્ઞાનથી નહિ.

**ભાવાર્થઃ**—સંસારી સર્વ જીવોને કર્મનો ઉદય છે, પરંતુ તે ઉદય બંધનું કારણ નથી. જો કર્મનિમિત્તક ઇષ્ટ-અનિષ્ટ ભાવોમાં જીવ રાગી-દ્વેષી-મોહી થઈ પરિણમે તો બંધ થાય છે. આથી એ વાત સિદ્ધ થઈ કે જ્ઞાન, ઉદયપ્રાપ્ત પૌદ્‌ગલિક કર્મો કે કર્મના ઉદયથી ઉત્પન્ન દેહાદિની ક્રિયાઓ બંધનું કારણ નથી, બંધનાં કારણ કેવળ રાગ-દ્વેષ-મોહ-ભાવો છે. માટે તે ભાવો સર્વ પ્રકારે ત્યાગવાયોગ્ય છે. ૪૩.

હવે કેવળીભગવંતોને ક્રિયા પણ ક્રિયાફળ (-બંધ) ઉત્પન્ન કરતી નથી એમ ઉપદેશે છેઃ—

**ધર્મોપદેશ, વિહાર, આસન, સ્થાન શ્રી અર્હંતને**
**વર્તે સહજ તે કાળમાં, માયાચરણ જ્યમ નારીને. ૪૪.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्थाननिषद्याविहारा धर्मोपदेशश्च नियतयस्तेषाम् ।
अर्हतां काले मायाचार इव स्त्रीणाम् ॥ ४४ ॥

यथा हि महिलानां प्रयत्नमन्तरेणापि तथाविधयोग्यतासद्भावात् स्वभावभूत एव मायोपगुण्ठनागुण्ठितो व्यवहारः प्रवर्तते, तथा हि केवलिनां प्रयत्नमन्तरेणापि तथाविधयोग्यतासद्भावात् स्थानमासनं विहरणं धर्मदेशना च स्वभावभूता एव प्रवर्तन्ते । अपि चाविरुद्धमेतदम्भोधरदृष्टान्तात् । यथा खल्वम्भोधराकारपरिणतानां पुद्गलानां गमनमवस्थानं गर्जनमम्बुवर्षं च पुरुषप्रयत्नमन्तरेणापि दृश्यन्ते, तथा केवलिनां स्थानादयोऽबुद्धिपूर्वका एव दृश्यन्ते । अतोऽमी स्थानादयो मोहोदयपूर्वकत्वाभावात् क्रियाविशेषा अपि केवलिनां क्रियाफलभूतबन्धसाधनानि न भवन्ति ॥ ४४ ॥

---

एते व्यापारा नियतयः स्वभावा अनीहिताः । केषाम् । **तेसिं अरहंताणं** तेषामर्हतां निर्दोषिपरमात्मनाम् । क्व । **काले** अर्हदवस्थायाम् । क इव । **मायाचारो व्व इत्थीणं** मायाचार इव स्त्रीणामिति । तथा हि—यथा स्त्रीणां स्त्रीवेदोदयसद्भावात्प्रयत्नाभावेऽपि मायाचारः प्रवर्तते, तथा भगवतां

---

**અન્વયાર્થ:**—[ तेषाम् अर्हतां ] તે અર્હંતભગવંતોને [ काले ] તે કાળે [ स्थाननिषद्याविहाराः ] ઊભા રહેવું, બેસવું, વિહાર [ धर्मोपदेशः च ] અને ધર્મોપદેશ, [ स्त्रीणां मायाचारः इव ] સ્ત્રીઓને માયાચારની માફક, [ नियतयः ] સ્વાભાવિક જ—પ્રયત્ન વિના જ—હોય છે.

**ટીકા:**—જેમ સ્ત્રીઓને, પ્રયત્ન વિના પણ, તેવા પ્રકારની યોગ્યતાના સદ્‌ભાવથી સ્વભાવભૂત જ માયાના ઢાંકણથી ઢંકાયેલો વ્યવહાર પ્રવર્તે છે, તેમ કેવળીભગવંતોને, પ્રયત્ન વિના પણ (-પ્રયત્ન ન હોવા છતાં પણ), તેવા પ્રકારની યોગ્યતાના સદ્‌ભાવથી સ્થાન (-ઊભા રહેવું), આસન (-બેસવું), વિહાર અને ધર્મદેશના સ્વભાવભૂત જ પ્રવર્તે છે. વળી આ (પ્રયત્ન વિના વિહાર થવો વગેરે), વાદળાના દ્રષ્ટાંતથી અવિરુદ્ધ છે. જેમ વાદળા-આકારે પરિણમેલાં પુદ્‌ગલોનું ગમન, અવસ્થાન (-સ્થિર રહેવું), ગર્જન અને જળ-વર્ષણ પુરુષ-પ્રયત્ન વિના પણ જોવામાં આવે છે, તેમ કેવળીભગવંતોને સ્થાનાદિક (-ઊભા રહેવું, બેસવું વગેરે વ્યાપારો) અબુદ્ધિપૂર્વક જ (અર્થાત્ ઇચ્છા વિના જ) જોવામાં આવે છે. આથી આ સ્થાનાદિક (-ઊભા રહેવું વગેરે વ્યાપારો), મોહોદયપૂર્વક નહિ હોવાને લીધે, ક્રિયાવિશેષો (-ક્રિયાના પ્રકારો) હોવા છતાં કેવળીભગવંતોને ક્રિયાફળભૂત બંધનાં સાધન થતાં નથી.

**ભાવાર્થ:**—કેવળીભગવંતોને સ્થાન, આસન અને વિહાર એ કાયયોગસંબંધી ક્રિયાઓ તથા દિવ્ય ધ્વનિથી નિશ્ચયવ્યવહારસ્વરૂપ ધર્મનો ઉપદેશ એ વચનયોગસંબંધી ક્રિયા અઘાતી કર્મના નિમિત્તે સહજ જ થાય છે. તેમાં કેવળીભગવંતની ઇચ્છા લેશમાત્ર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथैवं सति तीर्थकृतां पुण्यविपाकोऽकिंचित्कर एवेत्यवधारयति—

पुण्णफला अरहंता तेसिं किरिया पुणो हि ओदइया ।
मोहादीहिं विरहिया तम्हा सा खाइग त्ति मदा ॥ ४५ ॥

पुण्यफला अर्हन्तस्तेषां क्रिया पुनर्हि औदयिकी ।
मोहादिभिः विरहिता तस्मात् सा क्षायिकीति मता ॥ ४५ ॥

अर्हन्तः खलु सकलसम्यक्परिपक्वपुण्यकल्पपादपफला एव भवन्ति । क्रिया तु तेषां या काचन सा सर्वापि तदुदयानुभावसंभावितात्मसंभूतितया किलौदयिक्येव । अथैवंभूतापि

---

शुद्धात्मतत्त्वप्रतिपक्षभूतमोहोदयकार्येहापूर्वप्रयत्नाभावेऽपि श्रीविहारादयः प्रवर्तन्ते । मेघानां स्थानगमनगर्जनजलवर्षणादिवद्वा । ततः स्थितमेतत् मोहाद्यभावात् क्रियाविशेषा अपि बन्धकारणं न भवन्तीति ॥ ४४ ॥ अथ पूर्वं यदुक्तं रागादिरहितकर्मोदयो बन्धकारणं न भवति विहारादिक्रिया च, तमेवार्थं प्रकारान्तरेण दृढयति—**पुण्णफला अरहंता** पञ्चमहाकल्याणपूजाजनकं त्रैलोक्यविजयकरं यत्तीर्थकरनाम पुण्यकर्म तत्फलभूता अर्हन्तो भवन्ति । **तेसिं किरिया पुणो हि ओदइया** तेषां या दिव्यध्वनि-

---

નથી, કારણ કે મોહનીયકર્મનો જ્યાં સર્વથા ક્ષય થયો છે ત્યાં તેના કાર્યભૂત ઇચ્છા ક્યાંથી હોય? આ રીતે ઇચ્છા વિના જ—મોહરાગદ્વેષ વિના જ—થતી હોવાથી કેવળીભગવંતોને તે ક્રિયાઓ બંધનું કારણ થતી નથી. ૪૪.

એ પ્રમાણે હોવાથી તીર્થંકરોને પુણ્યનો વિપાક અકિંચિત્કર જ છે (–કાંઈ કરતો નથી, સ્વભાવનો કિંચિત્ ઘાત કરતો નથી) એમ હવે નક્કી કરે છે:—

છે પુણ્યફળ અર્હંત, ને અર્હંતકિરિયા ઉદયિકી;
મોહાદિથી વિરહિત તેથી તે ક્રિયા ક્ષાયિક ગણી. ૪૫.

**અન્વયાર્થ:**—[ अर्हन्तः ] અર્હંતભગવંતો [ पुण्यफलाः ] પુણ્યના ફળવાળા છે [ पुनः हि ] અને [ तेषां क्रिया ] તેમની ક્રિયા [ औदयिकी ] ઔદયિકી છે; [ मोहादिभिः विरहिता ] મોહાદિકથી રહિત છે [ तस्मात् ] તેથી [ सा ] તે [ क्षायिकी ] ક્ષાયિકી [ इति मता ] માનવામાં આવી છે.

**ટીકા:**—અર્હંતભગવંતો ખરેખર જેમને પુણ્યરૂપી કલ્પવૃક્ષનાં સમસ્ત ફળો બરાબર પરિપક્વ થયાં છે એવા જ છે, અને તેમને જે કાંઈ ક્રિયા છે તે બધીયે તેના (–પુણ્યના) ઉદયના પ્રભાવથી ઉત્પન્ન થઈ હોવાથી ઔદયિકી જ છે. પરંતુ આવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**सा समस्तमहामोहमूर्धाभिषिक्तस्कन्धावारस्यात्यन्तक्षये संभूतत्वान्मोहरागद्वेषरूपाणामुपरंजकानामभावाच्चैतन्यविकारकारणतामनासादयन्ती नित्यमौदयिकी कार्यभूतस्य बन्धस्याकारणभूततया कार्यभूतस्य मोक्षस्य कारणभूततया च क्षायिक्येव कथं हि नाम नानुमन्येत। अथानुमन्येत चेत्तर्हि कर्मविपाकोऽपि न तेषां स्वभावविघाताय ॥ ४५ ॥**

---

रूपवचनव्यापारादिक्रिया सा निःक्रियशुद्धात्मतत्त्वविपरीतकर्मोदयजनितत्वात्सर्वाप्यौदयिकी भवति हि स्फुटम्। **मोहादीहिं विरहिया** निर्मोहशुद्धात्मतत्त्वप्रच्छादकममकाराहङ्कारोत्पादनसमर्थमोहादिविरहितत्वाद्यतः **तम्हा सा खायग त्ति मदा** तस्मात् सा यद्यप्यौदयिकी तथापि निर्विकारशुद्धात्मतत्त्वस्य विक्रियामकुर्वती सती क्षायिकीति मता। अत्राह शिष्यः—'औदयिका भावाः बन्धकारणम्' इत्यागमवचनं तर्हि वृथा भवति। परिहारमाह—औदयिका भावा बन्धकारणं भवन्ति, परं किंतु मोहोदयसहिताः। द्रव्यमोहोदयेऽपि सति यदि शुद्धात्मभावनाबलेन भावमोहेन न परिणमति तदा बंधो न भवति। यदि पुनः कर्मोदयमात्रेण बन्धो भवति तर्हि संसारिणां सर्वदैव कर्मोदयस्य विद्यमानत्वात् सर्वदैव बन्ध एव, न मोक्ष इत्यभिप्रायः ॥ ४५ ॥ अथ यथार्हतां शुभाशुभपरिणामविकारो नास्ति

---

**(પુણ્યના ઉદયથી થયેલી) હોવા છતાં તે સદા ઔદયિકી ક્રિયા મહા મોહરાજાની સમસ્ત સેનાના અત્યંત ક્ષયે ઉત્પન્ન થઈ હોવાથી મોહરાગદ્વેષરૂપ *ઉપરંજકોના અભાવને લીધે ચૈતન્યના વિકારનું કારણ નહિ થતી હોવાથી, કાર્યભૂત બંધના અકારણભૂતપણા વડે અને કાર્યભૂત મોક્ષના કારણભૂતપણા વડે ક્ષાયિકી જ કેમ ન માનવી જોઈએ? (જરૂર માનવી જોઈએ.) અને જો ક્ષાયિકી જ માનવી જોઈએ તો કર્મવિપાક (-કર્મનો ઉદય) પણ તેમને (અર્હંતભગવંતોને) સ્વભાવવિઘાતનું કારણ થતો નથી (એમ નક્કી થાય છે).**

**ભાવાર્થઃ—**અર્હંતભગવાનને જે દિવ્ય ધ્વનિ, વિહાર આદિ ક્રિયાઓ છે તે નિષ્ક્રિય શુદ્ધ આત્મતત્ત્વને પ્રદેશપરિસ્પંદમાં નિમિત્તભૂત પૂર્વબદ્ધ કર્મના ઉદયથી ઉત્પન્ન થઈ છે તેથી ઔદયિકી છે. તે ક્રિયાઓ અર્હંતભગવાનને ચૈતન્યવિકારરૂપ ભાવકર્મ ઉત્પન્ન કરતી નથી, કારણ કે નિર્મોહ શુદ્ધ આત્મતત્ત્વને રાગદ્વેષમોહરૂપ વિકારમાં નિમિત્તભૂત મોહનીયકર્મનો (તેમને) ક્ષય થયો છે. વળી તે ક્રિયાઓ તેમને રાગદ્વેષમોહના અભાવને લીધે નવીન બંધમાં કારણરૂપ નથી, પરંતુ પૂર્વકર્મના ક્ષયમાં કારણરૂપ છે કેમ કે જે કર્મના ઉદયથી તે ક્રિયાઓ થાય છે તે કર્મ પોતાનો રસ દઈ ખરી જાય છે. આ રીતે મોહનીયકર્મના ક્ષયે ઉત્પન્ન થઈ હોવાથી અને કર્મના ક્ષયમાં કારણભૂત હોવાથી અર્હંતભગવાનની તે ઔદયિકી ક્રિયા ક્ષાયિકી કહેવામાં આવી છે. ૪૫.

---

* ઉપરંજકો = ઉપરાગ — મલિનતા કરનારા (વિકારી ભાવો)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ केवलिनामिव सर्वेषामपि स्वभावविघाताभावं निषेधयति—

**जदि सो सुहो व असुहो ण हवदि आदा सयं सहावेण ।**
**संसारो वि ण विज्जदि सव्वेसिं जीवकायाणं ॥ ४६ ॥**

**यदि स शुभो वा अशुभो न भवति आत्मा स्वयं स्वभावेन ।**
**संसारोऽपि न विद्यते सर्वेषां जीवकायानाम् ॥ ४६ ॥**

यदि खल्वेकान्तेन शुभाशुभभावस्वभावेन स्वयमात्मा न परिणमते तदा सर्वदैव सर्वथा निर्विघातेन शुद्धस्वभावेनैवावतिष्ठते । तथा च सर्व एव भूतग्रामाः समस्तबन्धसाधनशून्यत्वादाजवंजवाभावस्वभावतो नित्यमुक्ततां प्रतिपद्येरन् । तच्च नाभ्युपगम्यते । आत्मनः

---

तथैकान्तेन संसारिणामपि नास्तीति सांख्यमतानुसारिशिष्येण पूर्वपक्षे कृते सति दूषणद्वारेण परिहारं ददाति—**जदि सो सुहो व असुहो ण हवदि आदा सयं सहावेण** यथैव शुद्धनयेनात्मा शुभाशुभाभ्यां न परिणमति तथैवाशुद्धनयेनापि स्वयं स्वकीयोपादानकारणेन स्वभावेनाशुद्धनिश्चयरूपेणापि यदि न परिणमति तदा । किं दूषणं भवति । **संसारो वि ण विज्जदि** निस्संसारशुद्धात्मस्वरूपात्प्रतिपक्षभूतो व्यवहारनयेनापि संसारो न विद्यते । केषाम् । **सव्वेसिं जीवकायाणं** सर्वेषां जीवसंघातानामिति । तथा हि—आत्मा तावत्परिणामी, स च कर्मोपाधिनिमित्ते सति स्फटिकमणिरिवोपाधिं

---

હવે કેવળીભગવંતોની માફક બધાય જીવોને સ્વભાવવિઘાતનો અભાવ હોવાનું નિષેધે છે:—

**આત્મા સ્વયં નિજ ભાવથી જો શુભ-અશુભ બને નહીં,**
**તો સર્વ જીવનિકાયને સંસાર પણ વર્તે નહીં! ૪૬.**

**અન્વયાર્થ:**—[ यदि ] જો એમ માનવામાં આવે કે [ सः आत्मा ] આત્મા [ स्वयं ] સ્વયં [ स्वभावेन ] સ્વભાવથી (-પોતાના ભાવથી) [ शुभः वा अशुभः ] શુભ કે અશુભ [ न भवति ] થતો નથી (અર્થાત્ શુભાશુભ ભાવે પરિણમતો જ નથી) [ सर्वेषां जीवकायानां ] તો સર્વ જીવનિકાયોને [ संसारः अपि ] સંસાર પણ [ न विद्यते ] વિદ્યમાન નથી એમ ઠરે!

**ટીકા:**—જો એકાંતે એમ માનવામાં આવે કે શુભાશુભભાવરૂપ સ્વભાવે (-પોતાના ભાવે) સ્વયં આત્મા પરિણમતો નથી, તો સદાય સર્વથા નિર્વિઘાત શુદ્ધસ્વભાવે જ અવસ્થિત છે એમ ઠરે; અને એ રીતે બધાય જીવસમૂહો, સમસ્ત બંધકારણોથી રહિત ઠરવાથી સંસાર-અભાવરૂપ સ્વભાવને લીધે નિત્યમુક્તપણાને પામે અર્થાત્ નિત્યમુક્ત ઠરે! પરંતુ તે તો સ્વીકારી શકાતું નથી; કારણ કે આત્મા પરિણામધર્મવાળો હોવાથી, જેમ સ્ફટિકને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



परिणामधर्मत्वेन स्फटिकस्य जपातापिच्छरागस्वभावत्ववत् शुभाशुभस्वभावत्वद्योतनात् ॥ ४६ ॥

अथ पुनरपि प्रकृतमनुसृत्यातीन्द्रियज्ञानं सर्वज्ञत्वेनाभिनन्दति—

**जं तक्कालियमिदरं जाणदि जुगवं समंतदो सव्वं ।**
**अत्थं विचित्तविसमं तं णाणं खाइयं भणियं ॥ ४७ ॥**

**यत्तात्कालिकमितरं जानाति युगपत्समन्ततः सर्वम् ।**
**अर्थं विचित्रविषमं तत् ज्ञानं क्षायिकं भणितम् ॥ ४७ ॥**

---

गृह्णाति, ततः कारणात्संसाराभावो न भवति । अथ मतम्—संसाराभावः सांख्यानां दूषणं न भवति, भूषणमेव । नैवम् । संसाराभावो हि मोक्षो भण्यते, स च संसारिजीवानां न दृश्यते, प्रत्यक्षविरोधादिति भावार्थः ॥ ४६ ॥ एवं रागादयो बन्धकारणं, न च ज्ञानमित्यादिव्याख्यानमुख्यत्वेन षष्ठस्थले गाथा-

---

જાસુદપુષ્પના અને તમાલપુષ્પના રંગરૂપ સ્વભાવવાળાપણું પ્રકાશે છે તેમ, તેને ( આત્માને ) શુભાશુભસ્વભાવવાળાપણું પ્રકાશે છે ( અર્થાત્ જેમ સ્ફટિકમણિ લાલ અને કાળા ફૂલના નિમિત્તે લાલ અને કાળા સ્વભાવે પરિણમતો જોવામાં આવે છે તેમ આત્મા કર્મોપાધિના નિમિત્તે શુભાશુભ સ્વભાવે પરિણમતો જોવામાં આવે છે ).

ભાવાર્થઃ—જેમ શુદ્ધનયથી કોઈ જીવ શુભાશુભ ભાવે પરિણમતો નથી તેમ જો અશુદ્ધનયથી પણ ન પરિણમતો હોય તો વ્યવહારનયે પણ સમસ્ત જીવોને સંસારનો અભાવ થાય અને સૌ જીવો સદાય મુક્ત જ ઠરે! પરંતુ તે તો પ્રત્યક્ષ વિરુદ્ધ છે. માટે જેમ કેવળીભગવાનને શુભાશુભ પરિણામોનો અભાવ છે તેમ સર્વ જીવોને સર્વથા શુભાશુભ પરિણામોનો અભાવ ન સમજવો. ૪૬.

હવે ફરીને પાછા પ્રકૃતને ( -ચાલુ વિષયને ) અનુસરીને અતીન્દ્રિય જ્ઞાનને સર્વજ્ઞપણે અભિનંદે છે ( અર્થાત્ અતીન્દ્રિય જ્ઞાન સર્વનું જાણનાર છે એમ તેની પ્રશંસા કરે છે ):—

સૌ વર્તમાન-અવર્તમાન, વિચિત્ર, વિષમ પદાર્થને
યુગપદ સરવતઃ જાણતું, તે જ્ઞાન ક્ષાયિક જિન કહે. ૪૭.

**અન્વયાર્થઃ**—[ यत् ] જે જ્ઞાન [ युगपद् ] યુગપદ્ [ समन्ततः ] સર્વતઃ ( સર્વ આત્મપ્રદેશેથી ) [ तात्कालिकं ] તાત્કાલિક [ इतरं ] કે અતાત્કાલિક, [ विचित्रविषमं ] વિચિત્ર ( -અનેક પ્રકારના ) અને વિષમ ( મૂર્ત, અમૂર્ત આદિ અસમાન જાતિના ) [ सर्वं अर्थं ] સર્વ પદાર્થોને [ जानाति ] જાણે છે, [ तद् ज्ञानं ] તે જ્ઞાનને [ क्षायिकं भणितम् ] ક્ષાયિક કહ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तत्कालकलितवृत्तिकमतीतोदर्ककालकलितवृत्तिकं चाप्येकपद एव समन्ततोऽपि सकलमप्यर्थजातं, पृथक्त्ववृत्तस्वलक्षणलक्ष्मीकटाक्षितानेकप्रकारव्यञ्जितवैचित्र्यमितरेतरविरोधधापितासमानजातीयत्वोद्दामितवैषम्यं क्षायिकं ज्ञानं किल जानीयात् । तस्य हि क्रमप्रवृत्तिहेतुभूतानां क्षयोपशमावस्थावस्थितज्ञानावरणीयकर्मपुद्गलानामत्यन्ताभावात्तात्कालिकमतात्कालिकं वाप्यर्थजातं तुल्यकालमेव प्रकाशेत । सर्वतो विशुद्धस्य प्रतिनियतदेशविशुद्धेरन्तःप्लवनात् समन्ततोऽपि प्रकाशेत । सर्वावरणक्षयाद्देशावरणक्षयोपशमस्यानवस्थानात्सर्वमपि प्रकाशेत । सर्वप्रकारज्ञानावरणीयक्षयादसर्वप्रकारज्ञानावरणीयक्षयोपशमस्य विलयनाद्विचित्रमपि प्रकाशेत । असमानजातीयज्ञानावरणक्षयात्समानजातीयज्ञानावरणीयक्षयोपशमस्य विनाशना-

---

पञ्चकं गतम् । अथ प्रथमं तावत् केवलज्ञानमेव सर्वज्ञस्वरूपं, तदनन्तरं सर्वपरिज्ञाने सति एकपरिज्ञानं, एकपरिज्ञाने सति सर्वपरिज्ञानमित्यादिकथनरूपेण गाथापञ्चकपर्यन्तं व्याख्यानं करोति । तद्यथा– अत्र ज्ञानप्रपञ्चव्याख्यानं प्रकृतं तावत्तत्प्रस्तुतमनुसृत्य पुनरपि केवलज्ञानं सर्वज्ञत्वेन निरूपयति—

---

ટીકાઃ—ક્ષાયિક જ્ઞાન ખરેખર એકી વખતે જ સર્વતઃ (સર્વ આત્મપ્રદેશેથી), તત્કાળ વર્તતા કે અતીત-અનાગત કાળે વર્તતા સમસ્ત પદાર્થોને—કે જેમનામાં *પૃથક્‌પણે વર્તતાં સ્વલક્ષણોરૂપ લક્ષ્મીથી આલોકિત અનેક પ્રકારોને લીધે વૈચિત્ર્ય પ્રગટ થયું છે અને જેમનામાં પરસ્પર વિરોધથી ઉત્પન્ન થતા અસમાનજાતીયપણાને લીધે વૈષમ્ય પ્રગટ થયું છે તેમને—જાણે છે. (આ જ વાતને યુક્તિપૂર્વક સમજાવે છે:) ક્રમપ્રવૃત્તિના હેતુભૂત, ક્ષયોપશમ-અવસ્થામાં રહેલાં જ્ઞાનાવરણીય કર્મપુદ્‌ગલોનો તેને (ક્ષાયિક જ્ઞાનને) અત્યંત અભાવ હોવાથી તે તાત્કાળિક કે અતાત્કાળિક પદાર્થમાત્રને સમકાળે જ પ્રકાશે છે; (ક્ષાયિક જ્ઞાન) સર્વતઃ વિશુદ્ધ હોવાને લીધે પ્રતિનિશ્ચિત દેશોની (-અમુક નિયત પ્રદેશોની) વિશુદ્ધિ (સર્વતઃ વિશુદ્ધિની) અંદર ડૂબી જતી હોવાથી તે સર્વતઃ પણ (સર્વ આત્મપ્રદેશેથી પણ) પ્રકાશે છે; સર્વ આવરણના ક્ષયને લીધે દેશ-આવરણનો ક્ષયોપશમ નહિ રહ્યો હોવાથી તે સર્વને પણ પ્રકાશે છે; સર્વપ્રકારજ્ઞાનાવરણના ક્ષયને લીધે (-સર્વ પ્રકારના પદાર્થોને જાણનારા જ્ઞાનને આવરણમાં નિમિત્તભૂત કર્મના ક્ષયને લીધે) અસર્વપ્રકારજ્ઞાનાવરણનો ક્ષયોપશમ (-અમુક જ પ્રકારના પદાર્થોને જાણનારા જ્ઞાનને આવરણમાં નિમિત્તભૂત કર્મોનો ક્ષયોપશમ) વિલય પામ્યો હોવાથી તે વિચિત્રને પણ (-અનેક પ્રકારના પદાર્થોને પણ) પ્રકાશે છે; અસમાનજાતીયજ્ઞાનાવરણના ક્ષયને લીધે (-અસમાન જાતિના પદાર્થોને જાણનારા જ્ઞાનને આવરણમાં નિમિત્તભૂત કર્મના ક્ષયને લીધે) સમાનજાતીયજ્ઞાનાવરણનો ક્ષયોપશમ (-સમાન જાતિના જ પદાર્થોને જાણનારા જ્ઞાનને આવરણમાં નિમિત્તભૂત કર્મોનો

---

* દ્રવ્યોના ભિન્ન ભિન્ન વર્તતાં એવાં નિજ નિજ લક્ષણો તે દ્રવ્યોની લક્ષ્મી–સંપત્તિ–શોભા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



द्विषममपि प्रकाशेत । अलमथवातिविस्तरेण, अनिवारितप्रसरप्रकाशशालितया क्षायिकज्ञानमवश्यमेव सर्वदा सर्वत्र सर्वथा सर्वमेव जानीयात् ॥ ४७ ॥

अथ सर्वमजानन्नेकमपि न जानातीति निश्चिनोति—

जो ण विजाणदि जुगवं अत्थे तिक्कालिगे तिहुवणत्थे ।
णादुं तस्स ण सक्कं सपज्जयं दव्वमेगं वा ॥ ४८ ॥

यो न विजानाति युगपदर्थान् त्रैकालिकान् त्रिभुवनस्थान् ।
ज्ञातुं तस्य न शक्यं सपर्ययं द्रव्यमेकं वा ॥ ४८ ॥

---

जं यज्ज्ञानं कर्तृ **जाणदि** जानाति । कम् । **अत्थं** अर्थं पदार्थमिति विशेष्यपदम् । किंविशिष्टम् । **तक्कालियमिदरं** तात्कालिकं वर्तमानमितरं चातीतानागतम् । कथं जानाति । **जुगवं** युगपदेकसमये **समंतदो** समन्ततः सर्वात्मप्रदेशैः सर्वप्रकारेण वा । कतिसंख्योपेतम् । **सव्वं** समस्तम् । पुनरपि किंविशिष्टम् । **विचित्तं** नानाभेदभिन्नम् । पुनरपि किंरूपम् । **विसमं** मूर्तामूर्तचेतनाचेतनादिजात्यन्तर-

---

क्षयोपशम ) नाश पाम्यो होवाथी ते विषमने पण ( -असमान जातिना पदार्थोने पण ) प्रकाशे छे. अथवा, अति विस्तारथी बस थाओ; अनिवारित ( -रोकी न शकाय एवो, अमर्यादित ) जेनो फेलाव छे एवा प्रकाशवाळुं होवाथी क्षायिक ज्ञान अवश्यमेव सर्वदा सर्वत्र सर्वथा सर्वने जाणे छे.

**भावार्थः**—क्रमपूर्वक जाणवुं, नियत आत्मप्रदेशोथी ज जाणवुं, अमुकने ज जाणवुं—इत्यादि मर्यादाओ मति-श्रुतादि क्षायोपशमिक ज्ञानमां ज संभवे छे. क्षायिक ज्ञान तो अमर्यादित होवाथी युगपद् सर्व आत्मप्रदेशोथी त्रणे काळना पर्यायो सहित सर्व पदार्थोने—ते पदार्थो अनेक प्रकारना अने विरुद्ध जातिना होवा छतां पण—जाणे छे अर्थात् केवळज्ञान एक ज समये सर्व आत्मप्रदेशोथी सर्व द्रव्य-क्षेत्र-काळ-भावने जाणे छे. ४७.

हवे सर्वने नहि जाणनार एकने पण जाणतो नथी एम नक्की करे छेः—

जाणे नहि युगपद त्रिकाळिक त्रिभुवनस्थ पदार्थने,
तेने सपर्यय एक पण नहि द्रव्य जाणवुं शक्य छे. ४८.

**अन्वयार्थः**—[ यः ] जे [ युगपद् ] एकीसाथे [ त्रैकालिकान् त्रिभुवनस्थान् ] त्रैकालिक त्रिभुवनस्थ ( -त्रणे काळना अने त्रणे लोकना ) [ अर्थान् ] पदार्थोने [ न विजानाति ] जाणतो नथी, [ तस्य ] तेने [ सपर्ययं ] पर्याय सहित [ एकं द्रव्यं वा ] एक द्रव्य पण [ ज्ञातुं न शक्यं ] जाणवुं शक्य नथी.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**इह किलैकमाकाशद्रव्यमेकं धर्मद्रव्यमेकमधर्मद्रव्यमसंख्येयानि कालद्रव्याण्यनन्तानि जीवद्रव्याणि। ततोऽप्यनन्तगुणानि पुद्गलद्रव्याणि। तथैषामेव प्रत्येकमतीतानागतानुभूयमान-भेदभिन्ननिरवधिवृत्तिप्रवाहपरिपातिनोऽनन्ताः पर्यायाः। एवमेतत्समस्तमपि समुदितं ज्ञेयं, इहैवैकं किंचिज्जीवद्रव्यं ज्ञातृ। अथ यथा समस्तं दाह्यं दहन् दहनः समस्तदाह्यहेतुकसमस्त-दाह्याकारपर्यायपरिणतसकलैकदहनाकारमात्मानं परिणमति, तथा समस्तं ज्ञेयं जानन् ज्ञाता समस्तज्ञेयहेतुकसमस्तज्ञेयाकारपर्यायपरिणतसकलैकज्ञानाकारं चेतनत्वात् स्वानुभवप्रत्यक्षमात्मानं परिणमति। एवं किल द्रव्यस्वभावः। यस्तु समस्तं ज्ञेयं न जानाति स समस्तं दाह्यम-**

---

विशेषैर्विसदृशं। **तं णाणं खाइयं भणियं** यदेवंगुणविशिष्टं ज्ञानं तत्क्षायिकं भणितम्। अभेदनयेन तदेव सर्वज्ञस्वरूपं तदेवोपादेयभूतानन्तसुखाद्यनन्तगुणानामाधारभूतं सर्वप्रकारोपादेयरूपेण भावनीयम्। इति तात्पर्यम् ॥ ४७ ॥ अथ यः सर्वं न जानाति स एकमपि न जानातीति विचारयति—**जो ण विजाणदि** यः कर्ता नैव जानाति। कथम्। **जुगवं** युगपदेकक्षणे। कान्। **अत्थे** अर्थान्। कथं-भूतान्। **तिक्कालिगे** त्रिकालपर्यायपरिणतान्। पुनरपि कथंभूतान्। **तिहुवणत्थे** त्रिभुवनस्थान्। **णादुं तस्स ण सक्कं** तस्य पुरुषस्य सम्बन्धि ज्ञानं ज्ञातुं समर्थं न भवति। किम्। **दव्वं** ज्ञेयद्रव्यम्।

---

**ટીકાઃ—**આ વિશ્વમાં એક આકાશદ્રવ્ય છે, એક ધર્મદ્રવ્ય છે, એક અધર્મદ્રવ્ય છે, અસંખ્ય કાળદ્રવ્યો છે, અનંત જીવદ્રવ્યો છે અને તેનાથી પણ અનંતગણા પુદ્ગલ-દ્રવ્યો છે; વળી તેમને જ પ્રત્યેકને અતીત, અનાગત અને વર્તમાન એવા (ત્રણ) ભેદોથી ભેદવાળા [૧]નિરવધિ [૨]વૃત્તિપ્રવાહની અંદર પડતા (-સમાઈ જતા) અનંત પર્યાયો છે. એ રીતે આ બધોય (દ્રવ્યો ને પર્યાયોનો) સમુદાય જ્ઞેય છે. તેમાં જ એક કોઈ પણ (ગમે તે) જીવદ્રવ્ય જ્ઞાતા છે. હવે અહીં, જેમ સમસ્ત દાહ્યને દહતો અગ્નિ સમસ્તદાહ્યહેતુક (—સમસ્ત દાહ્ય જેનું નિમિત્ત છે એવા) સમસ્તદાહ્યાકારપર્યાયે પરિણમેલું સકળ એક [૩]દહન જેનો [૪]આકાર છે એવા પોતારૂપે (-અગ્નિરૂપે) પરિણમે છે, તેમ સમસ્ત જ્ઞેયને જાણતો જ્ઞાતા (-આત્મા) સમસ્તજ્ઞેયહેતુક સમસ્તજ્ઞેયાકારપર્યાયે પરિ-ણમેલું [૫]સકળ એક જ્ઞાન જેનો [૪]આકાર છે એવા [૬]પોતારૂપે—જે ચેતનપણાને લીધે સ્વાનુભવપ્રત્યક્ષ છે તે-રૂપે—પરિણમે છે. આ પ્રમાણે ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે. પરંતુ જે સમસ્ત જ્ઞેયને નથી જાણતો તે (આત્મા), જેમ સમસ્ત દાહ્યને નહિ દહતો અગ્નિ

---

૧. નિરવધિ = અવધિ-હદ-મર્યાદા-અંત વગરનું
૨. વૃત્તિ = વર્તવું તે; ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય; અસ્તિત્વ; પરિણતિ.
૩. દહન = દહવું-બાળવું તે.
૪. આકાર = સ્વરૂપ
૫. સકળ = આખું; પરિપૂર્ણ.
૬. પોતારૂપે = નિજરૂપે; આત્મારૂપે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**दहन् समस्तदाह्यहेतुकसमस्तदाह्याकारपर्यायपरिणतसकलैकदहनाकारमात्मानं दहन इव समस्तज्ञेयहेतुकसमस्तज्ञेयाकारपर्यायपरिणतसकलैकज्ञानाकारमात्मानं चेतनत्वात् स्वानुभवप्रत्यक्षत्वेऽपि न परिणमति । एवमेतदायाति यः सर्वं न जानाति स आत्मानं न जानाति ॥ ४८ ॥**

---

किंविशिष्टम् । **सपज्जयं** अनन्तपर्यायसहितम् । कतिसंख्योपेतम् । **एगं वा** एकमपीति । तथा हि— आकाशद्रव्यं तावदेकं, धर्मद्रव्यमेकं, तथैवाधर्मद्रव्यं च लोकाकाशप्रमितासंख्येयकालद्रव्याणि, ततोऽनन्तगुणानि जीवद्रव्याणि, तेभ्योऽप्यनन्तगुणानि पुद्गलद्रव्याणि । तथैव सर्वेषां प्रत्येकमनन्तपर्यायाः, एतत्सर्वं ज्ञेयं तावत्तत्रैकं विवक्षितं जीवद्रव्यं ज्ञातृ भवति । एवं तावद्वस्तुस्वभावः । तत्र यथा दहनः समस्तं दाह्यं दहन् सन् समस्तदाह्यहेतुकसमस्तदाह्याकारपर्यायपरिणतसकलैकदहनस्वरूपमुष्णपरिणततृणपर्णाद्याकारमात्मानं ( स्वकीयस्वभावं ) परिणमति, तथायमात्मा समस्तं ज्ञेयं जानन् सन् समस्तज्ञेयहेतुकसमस्तज्ञेयाकारपर्यायपरिणतसकलैकाखण्डज्ञानरूपं स्वकीयमात्मानं परिणमति जनाति परिच्छिनत्ति । यथैव च स एव दहनः पूर्वोक्तलक्षणं दाह्यमदहन् सन् तदाकारेण न परिणमति, तथाऽऽत्मापि पूर्वोक्तलक्षणं समस्तं ज्ञेयमजानन् पूर्वोक्तलक्षणमेव सकलैकाखण्डज्ञानाकारं स्वकीयमात्मानं न परिणमति न जानाति न परिच्छिनत्ति । अपरमप्युदाहरणं दीयते—यथा कोऽप्यन्धक आदित्यप्रकाश्यान् पदार्थानपश्यन्नादित्यमिव, प्रदीपप्रकाश्यान् पदार्थानपश्यन् प्रदीपमिव, दर्पणस्थबिम्बान्यपश्यन् दर्पणमिव, स्वकीयदृष्टिप्रकाश्यान् पदार्थानपश्यन् हस्तपादाद्यवयवपरिणतं स्वकीयदेहाकारमात्मानं स्वकीयदृष्ट्या न पश्यति, तथायं विवक्षितात्मापि केवलज्ञानप्रकाश्यान् पदार्थानजानन् सकलाखण्डैककेवलज्ञानरूपमात्मानमपि

---

સમસ્તદાહ્યહેતુક સમસ્તદાહ્યાકારપર્યાયે પરિણમેલું સકળ એક દહન જેનો આકાર છે એવા પોતારૂપે પરિણમતો નથી તેમ, સમસ્તજ્ઞેયહેતુક સમસ્તજ્ઞેયાકારપર્યાયે પરિણમેલું સકળ એક જ્ઞાન જેનો આકાર છે એવા પોતારૂપે—પોતે ચેતનપણાને લીધે સ્વાનુભવપ્રત્યક્ષ હોવા છતાં પણ—પરિણમતો નથી ( અર્થાત્ પોતાને પરિપૂર્ણપણે અનુભવતો નથી—જાણતો નથી ). આ રીતે એમ ફલિત થાય છે કે જે સર્વને જાણતો નથી તે પોતાને ( -આત્માને ) જાણતો નથી.

**ભાવાર્થઃ**—જે અગ્નિ કાષ્ઠ, તૃણ, પર્ણ વગેરે સમસ્ત દાહ્યને દહતો (-બાળતો) નથી, તેનો દહનસ્વભાવ ( કાષ્ઠાદિ સમસ્ત દાહ્ય જેનું નિમિત્ત છે એવા ) સમસ્તદાહ્યાકારપર્યાયે નહિ પરિણમતો હોવાથી અધૂરારૂપે પરિણમે છે—પરિપૂર્ણરૂપે પરિણમતો નથી, તેથી પરિપૂર્ણ એક દહન જેનું સ્વરૂપ છે એવો તે અગ્નિ પોતાપણે જ પૂર્ણ રીતે પરિણમતો નથી; તેવી જ રીતે જે આત્મા સમસ્ત દ્રવ્ય-પર્યાયરૂપ સમસ્તજ્ઞેયને જાણતો નથી, તેનું જ્ઞાન ( સમસ્ત જ્ઞેય જેનું નિમિત્ત છે એવા ) સમસ્તજ્ઞેયાકારપર્યાયે નહિ પરિણમતું હોવાથી અધૂરારૂપે પરિણમે છે—પરિપૂર્ણરૂપે પરિણમતું નથી, તેથી પરિપૂર્ણ એક જ્ઞાન જેનું સ્વરૂપ છે એવો તે આત્મા પોતાપણે જ પૂર્ણ રીતે પરિણમતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथैकमजानन् सर्वं न जानातीति निश्चिनोति—

दव्वं अणंतपज्जयमेगमणंताणि दव्वजादाणि ।
ण विजाणदि जदि जुगवं किध सो सव्वाणि जाणादि ॥ ४९ ॥

द्रव्यमनन्तपर्यायमेकमनन्तानि द्रव्यजातानि ।
न विजानाति यदि युगपत् कथं स सर्वाणि जानाति ॥ ४९ ॥

आत्मा हि तावत्स्वयं ज्ञानमयत्वे सति ज्ञातृत्वात् ज्ञानमेव । ज्ञानं तु प्रत्यात्मवर्ति प्रतिभासमयं महासामान्यम् । तत्तु प्रतिभासमयानन्तविशेषव्यापि । ते च सर्वद्रव्यपर्याय-

---

न जानाति । तत एतत्स्थितं यः सर्वं न जानाति स आत्मानमपि न जानातीति ॥ ४८ ॥ अथैकमजानन् सर्वं न जानातीति निश्चिनोति—**दव्वं** द्रव्यं **अणंतपज्जयं** अनन्तपर्यायं **एगं** एकं **अणंताणि दव्वजादीणि** अनन्तानि द्रव्यजातीनि **जो ण विजाणदि** यो न विजानाति अनन्तद्रव्यसमूहान् **किध**

---

નથી અર્થાત્ પોતાને જ પૂર્ણ રીતે અનુભવતો—જાણતો નથી. આ રીતે સિદ્ધ થયું કે જે સર્વને જાણતો નથી તે એકને—પોતાને—( પૂર્ણ રીતે ) જાણતો નથી. ૪૮.

હવે એકને નહિ જાણનાર સર્વને જાણતો નથી એમ નક્કી કરે છે:—

જો એક દ્રવ્ય અનંતપર્યય તેમ દ્રવ્ય અનંતને
યુગપદ ન જાણે જીવ, તો તે કેમ જાણે સર્વને ? ૪૯.

***અન્વયાર્થ**:—[ यदि ] જો [ अनन्तपर्यायं ] અનંત પર્યાયવાળા [ एकं द्रव्यं ] એક દ્રવ્યને (–આત્મદ્રવ્યને) [ अनन्तानि द्रव्यजातानि ] તથા અનંત દ્રવ્યસમૂહને [ युगपद् ] યુગપદ્ [ न विजानाति ] જાણતો નથી [ सः ] તો તે ( પુરુષ ) [ सर्वाणि ] સર્વને (–અનંત દ્રવ્યસમૂહને ) [ कथं जानाति ] કઈ રીતે જાણી શકે ? ( અર્થાત્ જે આત્મદ્રવ્યને ન જાણતો હોય તે સમસ્ત દ્રવ્યસમૂહને ન જાણી શકે. )

**ટીકા**:—પ્રથમ તો આત્મા ખરેખર સ્વયં જ્ઞાનમય હોવાથી જ્ઞાતાપણાને લીધે જ્ઞાન જ છે; અને જ્ઞાન દરેક આત્મામાં વર્તતું (–રહેલું) પ્રતિભાસમય મહાસામાન્ય છે. તે ( પ્રતિભાસમય મહાસામાન્ય ) પ્રતિભાસમય અનંત વિશેષોમાં વ્યાપનારું છે; અને તે

---

* આ ગાથાનો બીજી રીતે **અન્વયાર્થ**:—[ यदि ] જો [ अनन्तपर्यायं ] અનંત પર્યાયવાળા [ एकं द्रव्यं ] એક દ્રવ્યને (–આત્મદ્રવ્યને ) [ न विजानाति ] જાણતો નથી [ सः ] તો તે ( પુરુષ ) [ युगपद् ] યુગપદ્ [ सर्वाणि अनन्तानि द्रव्यजातानि ] સર્વ અનંત દ્રવ્યસમૂહને [ कथं जानाति ] કઈ રીતે જાણી શકે ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निबन्धनाः । अथ यः सर्वद्रव्यपर्यायनिबन्धनानन्तविशेषव्यापिप्रतिभासमयमहासामान्यरूपमात्मानं स्वानुभवप्रत्यक्षं न करोति स कथं प्रतिभासमयमहासामान्यव्याप्यप्रतिभासमयानन्तविशेषनिबन्धनभूतसर्वद्रव्यपर्यायान् प्रत्यक्षीकुर्यात् । एवमेतदायाति य आत्मानं न जानाति स सर्वं न जानाति । अथ सर्वज्ञानादात्मज्ञानमात्मज्ञानात्सर्वज्ञानमित्यवतिष्ठते । एवं च सति ज्ञानमयत्वेन स्वसंचेतकत्वादात्मनो ज्ञातृज्ञेययोर्वस्तुत्वेनान्यत्वे सत्यपि प्रतिभासप्रतिभास्यमानयोः स्वस्यामवस्थायामन्योन्यसंवलनेनात्यन्तमशक्यविवेचनत्वात्सर्वमात्मनि निखातमिव प्रतिभाति । यद्येवं न स्यात् तदा ज्ञानस्य परिपूर्णात्मसंचेतनाभावात् परिपूर्णस्यैकस्यात्मनोऽपि ज्ञानं न सिद्धयेत् ॥ ४९ ॥

---

**सो सव्वाणि जाणादि** कथं स सर्वान् जानाति **जुगवं** युगपदेकसमये, न कथमपीति । तथा हि— आत्मलक्षणं तावज्ज्ञानं तच्चाखण्डप्रतिभासमयं सर्वजीवसाधारणं महासामान्यम् । तच्च महासामान्यं ज्ञानमयानन्तविशेषव्यापि । ते च ज्ञानविशेषा अनन्तद्रव्यपर्यायाणां विषयभूतानां ज्ञेयभूतानां परिच्छेदका ग्राहकाः ।

---

વિશેષોનાં (-ભેદોનાં) નિમિત્ત સર્વ દ્રવ્યપર્યાયો છે. હવે જે પુરુષ સર્વ દ્રવ્યપર્યાયો જેમનાં નિમિત્ત છે એવા અનંત વિશેષોમાં વ્યાપનારા પ્રતિભાસમય મહાસામાન્યરૂપ આત્માને સ્વાનુભવપ્રત્યક્ષ કરતો નથી, તે (પુરુષ) પ્રતિભાસમય મહાસામાન્યવડે [1]વ્યાપ્ય (-વ્યપાવાયોગ્ય) જે પ્રતિભાસમય અનંત વિશેષો તેમનાં નિમિત્તભૂત સર્વ દ્રવ્યપર્યાયોને કઈ રીતે પ્રત્યક્ષ કરી (-જાણી) શકે? (ન જ કરી શકે.) આ રીતે એમ ફલિત થાય છે કે જે આત્માને જાણતો નથી તે સર્વને જાણતો નથી.

હવે ત્યારે એમ નક્કી થાય છે કે સર્વના જ્ઞાનથી આત્માનું જ્ઞાન અને આત્માના જ્ઞાનથી સર્વનું જ્ઞાન; અને આમ હોતાં, આત્મા જ્ઞાનમયપણાને લીધે સ્વસંચેતક હોવાથી, જ્ઞાતા અને જ્ઞેયનું વસ્તુપણે અન્યત્વ હોવા છતાં પ્રતિભાસ અને પ્રતિભાસ્યમાનનું પોતાની અવસ્થામાં અન્યોન્ય મિલન હોવાને લીધે (અર્થાત્ જ્ઞાન અને જ્ઞેય, આત્માની-જ્ઞાનની અવસ્થામાં પરસ્પર મિશ્રિત-એકમેકરૂપ હોવાને લીધે) તેમને ભિન્ન કરવા અત્યંત અશક્ય હોવાથી, બધુંય જાણે કે આત્મામાં [2]નિખાત (પેસી ગયું) હોય એ રીતે પ્રતિભાસે છે—જણાય છે. (આત્મા જ્ઞાનમય હોવાથી પોતાને સંચેતે છે—અનુભવે છે—જાણે છે; અને પોતાને જાણતાં સર્વ જ્ઞેયો—જાણે કે તેઓ જ્ઞાનમાં સ્થિત હોય એ રીતે—જણાય છે, કારણ કે જ્ઞાનની અવસ્થામાંથી જ્ઞેયાકારોને ભિન્ન કરવા અશક્ય છે.) જો આમ ન હોય તો (અર્થાત્ જો આત્મા સર્વને ન જાણે તો) જ્ઞાનને પરિપૂર્ણ આત્મસંચેતનનો અભાવ થવાથી પરિપૂર્ણ એક આત્માનું પણ જ્ઞાન સિદ્ધ ન થાય.

---

૧. જ્ઞાનસામાન્ય વ્યાપક છે અને જ્ઞાનના વિશેષો-ભેદો વ્યાપ્ય છે. તે જ્ઞાનવિશેષોનાં નિમિત્ત જ્ઞેયભૂત સર્વ દ્રવ્યો અને પર્યાયો છે.

૨. નિખાત = ખોદીને અંદર ઊંડું ઊતરી ગયેલું; અંદર પેસી ગયેલું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ क्रमकृतप्रवृत्त्या ज्ञानस्य सर्वगतत्वं न सिद्धयतीति निश्चिनोति—

उप्पज्जदि जदि णाणं कमसो अट्ठे पडुच्च णाणिस्स ।
तं णेव हवदि णिच्चं ण खाइगं णेव सव्वगदं ॥ ५० ॥

उत्पद्यते यदि ज्ञानं क्रमशोऽर्थान् प्रतीत्य ज्ञानिनः ।
तन्नैव भवति नित्यं न क्षायिकं नैव सर्वगतम् ॥ ५० ॥

---

अखण्डैकप्रतिभासमयं यन्महासामान्यं तत्स्वभावमात्मानं योऽसौ प्रत्यक्षं न जानाति स पुरुषः प्रतिभासमयेन महासामान्येन ये व्याप्ता अनन्तज्ञानविशेषास्तेषां विषयभूताः येऽनन्तद्रव्यपर्यायास्तान् कथं जानाति, न कथमपि । अथ एतदायातम्—यः आत्मानं न जानाति स सर्वं न जानातीति । तथा चोक्तम्—"एको भावः सर्वभावस्वभावः सर्वे भावा एकभावस्वभावाः । एको भावस्तत्त्वतो येन बुद्धः सर्वे भावास्तत्त्वतस्तेन बुद्धाः ॥" अत्राह शिष्यः— आत्मपरिज्ञाने सति सर्वपरिज्ञानं भवतीत्यत्र व्याख्यातं, तत्र तु पूर्वसूत्रे भणितं सर्वपरिज्ञाने सत्यात्मपरिज्ञानं भवतीति । यद्येवं तर्हि छद्मस्थानां सर्वपरिज्ञानं नास्त्यात्मपरिज्ञानं कथं भविष्यति, आत्मपरिज्ञानाभावे चात्मभावना कथं, तदभावे केवलज्ञानोत्पत्तिर्नास्तीति । परिहारमाह—परोक्षप्रमाणभूतश्रुतज्ञानेन सर्वपदार्था ज्ञायन्ते । कथमिति चेत्—लोकालोकादिपरिज्ञानं व्याप्तिज्ञानरूपेण छद्मस्थानामपि विद्यते, तच्च व्याप्तिज्ञानं परोक्षाकारेण केवलज्ञानविषयग्राहकं कथंचिदात्मैव भण्यते । अथवा स्वसंवेदनज्ञानेनात्मा ज्ञायते, ततश्च भावना

---

**ભાવાર્થઃ**—૪૮ ને ૪૯ મી ગાથામાં એમ દર્શાવ્યું કે જે સર્વને જાણતો નથી તે પોતાને જાણતો નથી, અને જે પોતાને જાણતો નથી તે સર્વને જાણતો નથી. પોતાનું જ્ઞાન અને સર્વનું જ્ઞાન એકીસાથે જ હોય છે. પોતે અને સર્વ—એ બેમાંથી એકનું જ્ઞાન હોય અને બીજાનું ન હોય એ અસંભવિત છે.

આ કથન એકદેશ જ્ઞાનની અપેક્ષાથી નથી પરંતુ પૂર્ણ જ્ઞાનની (કેવળજ્ઞાનની) અપેક્ષાથી છે. ૪૯.

હવે ક્રમે પ્રવર્તતા જ્ઞાનનું સર્વગતપણું સિદ્ધ થતું નથી એમ નક્કી કરે છેઃ—

જો જ્ઞાન 'જ્ઞાની'નું ઊપજે ક્રમશઃ અરથ અવલંબીને,
તો નિત્ય નહિ, ક્ષાયિક નહિ ને સર્વગત નહિ જ્ઞાન એ. ૫૦.

**અન્વયાર્થઃ**—[ यदि ] જો [ ज्ञानिनः ज्ञानं ] આત્માનું જ્ઞાન [ क्रमशः ] ક્રમશઃ [ अर्थान् प्रतीत्य ] પદાર્થોને અવલંબીને [ उत्पद्यते ] ઉત્પન્ન થતું હોય [ तद् ] તો તે (જ્ઞાન) [ न एव नित्यं भवति ] નિત્ય નથી, [ न क्षायिकं ] ક્ષાયિક નથી, [ न एव सर्वगतम् ] સર્વગત નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यत्किल क्रमेणैकैकमर्थमालम्ब्य प्रवर्तते ज्ञानं तदेकार्थालम्बनादुत्पन्नमन्यार्थालम्बनात् प्रलीयमानं नित्यमसत्तथा कर्मोदयादेकां व्यक्तिं प्रतिपन्नं पुनर्व्यक्त्यन्तरं प्रतिपद्यमानं क्षायिकमप्यसदनन्तद्रव्यक्षेत्रकालभावानाक्रान्तुमशक्तत्वात् सर्वगतं न स्यात् ॥ ५० ॥

अथ यौगपद्यप्रवृत्त्यैव ज्ञानस्य सर्वगतत्वं सिद्ध्यतीति व्यवतिष्ठते—

**तिक्कालणिच्चविसमं सयलं सव्वत्थ संभवं चित्तं ।**
**जुगवं जाणदि जोण्हं अहो हि णाणस्स माहप्पं ॥५१॥**

त्रैकाल्यनित्यविषमं सकलं सर्वत्र संभवं चित्रम् ।
युगपज्जानाति जैनमहो हि ज्ञानस्य माहात्म्यम् ॥ ५१ ॥

---

क्रियते, तया रागादिविकल्परहितस्वसंवेदनज्ञानभावनया केवलज्ञानं च जायते । इति नास्ति दोषः ॥ ४९ ॥ अथ क्रमप्रवृत्तज्ञानेन सर्वज्ञो न भवतीति व्यवस्थापयति—**उप्पज्जदि जदि णाणं** उत्पद्यते ज्ञानं यदि चेत् । **कमसो** क्रमशः सकाशात् । किं कृत्वा । **अट्ठे पडुच्च** ज्ञेयार्थानाश्रित्य ।

---

**ટીકાઃ**—જે જ્ઞાન ક્રમશઃ એક એક પદાર્થને અવલંબીને પ્રવર્તે છે તે (જ્ઞાન) એક પદાર્થના અવલંબન દ્વારા ઉત્પન્ન થઈને બીજા પદાર્થના અવલંબન દ્વારા નષ્ટ થતું હોવાથી નિત્ય નહિ હોતું તથા કર્મોદયને લીધે એક *વ્યક્તિને પામી પછી અન્ય વ્યક્તિને પામતું હોવાથી ક્ષાયિક પણ નહિ હોતું, અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને પહોંચી વળવાને (-જાણવાને) અસમર્થ હોવાને લીધે સર્વગત નથી.

**ભાવાર્થઃ**—ક્રમે પ્રવર્તતું જ્ઞાન અનિત્ય છે, ક્ષાયોપશમિક છે; એવા ક્રમિક જ્ઞાનવાળો પુરુષ સર્વજ્ઞ હોઈ શકે નહિ. ૫૦.

હવે યુગપદ્ પ્રવૃત્તિ વડે જ જ્ઞાનનું સર્વગતત્વ સિદ્ધ થાય છે (અર્થાત્ અક્રમે પ્રવર્તતું જ્ઞાન જ સર્વગત હોઈ શકે) એમ નક્કી થાય છેઃ—

**નિત્યે વિષમ, વિધવિધ, સકળ પદાર્થગણ સર્વત્રનો,**
**જિનજ્ઞાન જાણે યુગપદે, મહિમા અહો એ જ્ઞાનનો ! ૫૧.**

**અન્વયાર્થઃ**—[ त्रैकाल्यनित्यविषमं ] ત્રણે કાળે સદાય વિષમ (અસમાન જાતિના), [ सर्वत्र संभवं ] સર્વ ક્ષેત્રના [ चित्रं ] અને અનેક પ્રકારના [ सकलं ] સમસ્ત પદાર્થોને [ जैनं ] જિનદેવનું જ્ઞાન [ युगपद् जानाति ] યુગપદ્ જાણે છે. [ अहो हि ] અહો ! [ ज्ञानस्य माहात्म्यम् ] જ્ઞાનનું માહાત્મ્ય !

---

* વ્યક્તિ = પ્રગટતા; વિશેષ; ભેદ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**क्षायिकं हि ज्ञानमतिशयास्पदीभूतपरममाहात्म्यम्। यत्तु युगपदेव सर्वार्थानालम्ब्य प्रवर्तते ज्ञानं तट्टङ्कोत्कीर्णन्यायावस्थितसमस्तवस्तुज्ञेयाकारतयाधिरोपितनित्यत्वं प्रतिपन्नसमस्तव्यक्तित्वेनाभिव्यक्तस्वभावभासिक्षायिकभावं त्रैकाल्येन नित्यमेव विषमीकृतां सकलामपि सर्वार्थसंभूतिमनन्तजातिप्रापितवैचित्र्यां परिच्छिन्ददक्रमसमाक्रान्तानन्तद्रव्यक्षेत्रकालभावतया प्रकटीकृताद्भुतमाहात्म्यं सर्वगतमेव स्यात् ॥ ५१ ॥**

---

कस्य। **णाणिस्स** ज्ञानिनः आत्मनः **तं णेव हवदि णिच्चं** उत्पत्तिनिमित्तभूतपदार्थविनाशे तस्यापि विनाश इति नित्यं न भवति। **ण खाइगं** ज्ञानावरणीयकर्मक्षयोपशमाधीनत्वात् क्षायिकमपि न भवति। **णेव सव्वगदं** यत एव पूर्वोक्तप्रकारेण पराधीनत्वेन नित्यं न भवति, क्षयोपशमाधीनत्वेन क्षायिकं च न भवति, तत एव युगपत्समस्तद्रव्यक्षेत्रकालभावानां परिज्ञानसामर्थ्याभावात्सर्वगतं न भवति। अत एतत्स्थितं यद्ज्ञानं क्रमेणार्थान् प्रतीत्य जायते तेन सर्वज्ञो न भवति इति ॥ ५० ॥ अथ युगपत्परिच्छित्तिरूपज्ञानेनैव सर्वज्ञो भवतीत्यावेदयति—**जाणदि** जानाति। किं कर्तृ। **जोण्हं** जैनज्ञानम्। कथम्। **जुगवं** युगपदेकसमये **अहो हि णाणस्स माहप्पं** अहो हि स्फुटं जैनज्ञानस्य माहात्म्यं पश्यताम्। किं जानाति। अर्थमित्यध्याहारः। कथंभूतम्। **तिक्कालणिच्चविसयं** त्रिकालविषयं त्रिकालगतं नित्यं सर्वकालम्। पुनरपि किंविशिष्टम्। **सयलं** समस्तम्। पुनरपि कथंभूतम्। **सव्वत्थ संभवं** सर्वत्र लोके संभवं समुत्पन्नं स्थितम्। पुनश्च किंरूपम्। **चित्तं** नानाजातिभेदेन विचित्रमिति। तथा हि– युगपत्सकलग्राहकज्ञानेन सर्वज्ञो भवतीति ज्ञात्वा किं कर्तव्यम्। ज्योतिष्क-

---

**ટીકાઃ**—ખરેખર ક્ષાયિક જ્ઞાનનું, સર્વોત્કૃષ્ટતાના સ્થાનભૂત પરમ માહાત્મ્ય છે; અને જે જ્ઞાન એકીસાથે જ સર્વ પદાર્થોને અવલંબીને પ્રવર્તે છે તે જ્ઞાન—પોતામાં સમસ્ત વસ્તુઓના જ્ઞેયાકારો *ટંકોત્કીર્ણન્યાયે સ્થિત હોવાથી જેણે નિત્યત્વ પ્રાપ્ત કર્યું છે અને સમસ્ત વ્યક્તિઓ પ્રાપ્ત કરી હોવાથી જેણે સ્વભાવપ્રકાશક ક્ષાયિકભાવ પ્રગટ કર્યો છે એવું—ત્રણે કાળે સદાય વિષમ રહેતા (–અસમાનજાતિપણે પરિણમતા) અને અનંત પ્રકારોને લીધે વિચિત્રતાને પામેલા એવા આખાય સર્વ પદાર્થોના સમૂહને જાણતું થકું, અક્રમે અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને પહોંચી વળતું હોવાથી જેણે અદ્‌ભુત માહાત્મ્ય પ્રગટ કર્યું છે એવું સર્વગત જ છે.

**ભાવાર્થઃ**—અક્રમે પ્રવર્તતું જ્ઞાન એક જ્ઞેયથી બીજા જ્ઞેય પ્રત્યે પલટાતું નહિ હોવાથી નિત્ય છે, પોતાની સમસ્ત શક્તિઓ ખુલી ગઈ હોવાથી ક્ષાયિક છે; આવા અક્રમિક જ્ઞાનવાળો પુરુષ જ સર્વજ્ઞ હોઈ શકે. સર્વજ્ઞના એ જ્ઞાનનું કોઈ પરમ અદ્‌ભુત માહાત્મ્ય છે. ૫૧.

---

* ટંકોત્કીર્ણન્યાયે = પથ્થરમાં ટાંકણાથી કોરેલી આકૃતિ માફક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ ज्ञानिनो ज्ञप्तिक्रियासद्भावेऽपि क्रियाफलभूतं बन्धं प्रतिषेधयन्नुपसंहरति—

ण वि परिणमदि ण गेण्हदि उप्पज्जदि णेव तेसु अट्ठेसु ।
जाणण्णवि ते आदा अबंधगो तेण पण्णत्तो ॥५२॥

नापि परिणमति न गृह्णाति उत्पद्यते नैव तेष्वर्थेषु ।
जानन्नपि तानात्मा अबन्धकस्तेन प्रज्ञप्तः ॥ ५२ ॥

इह खलु 'उदयगदा कम्मंसा जिणवरवसहेहिं णियदिणा भणिया । तेसु विमूढो रत्तो दुट्ठो वा बंधमणुभवदि ॥' इत्यत्र सूत्रे उदयगतेषु पुद्गलकर्मांशेषु सत्सु संचेतयमानो

---

मन्त्रवादरससिद्धयादीनि यानि खण्डविज्ञानानि मूढजीवानां चित्तचमत्कारकारणानि परमात्मभावना-विनाशकानि च तत्राग्रहं त्यक्त्वा जगत्त्रयकालत्रयसकलवस्तुयुगपत्प्रकाशकमविनश्वरमखण्डैकप्रतिभासरूपं सर्वज्ञशब्दवाच्यं यत्केवलज्ञानं तस्यैवोत्पत्तिकारणभूतं यत्समस्तरागादिविकल्पजालेन रहितं सहजशुद्धा-त्मनोऽभेदज्ञानं तत्र भावना कर्तव्या, इति तात्पर्यम् ॥ ५१ ॥ एवं केवलज्ञानमेव सर्वज्ञ इति कथनरूपेण गाथैका, तदनन्तरं सर्वपदार्थपरिज्ञानात्परमात्मज्ञानमिति प्रथमगाथा परमात्मज्ञानाच्च सर्वपदार्थपरिज्ञानमिति द्वितीया चेति । ततश्च क्रमप्रवृत्तज्ञानेन सर्वज्ञो न भवतीति प्रथमगाथा, युगपद्ग्राहकेण स भवतीति द्वितीया चेति समुदायेन सप्तमस्थले गाथापञ्चकं गतम् । अथ पूर्वं

---

હવે જ્ઞાનીને (-કેવળજ્ઞાની આત્માને) જ્ઞપ્તિક્રિયાનો સદ્ભાવ હોવા છતાં પણ તેને ક્રિયાના ફળરૂપ બંધનો નિષેધ કરતાં ઉપસંહાર કરે છે (અર્થાત્ કેવળજ્ઞાની આત્માને જાણનક્રિયા હોવા છતાં બંધ થતો નથી એમ કહી જ્ઞાન-અધિકાર પૂર્ણ કરે છે):—

તે અર્થરૂપ ન પરિણમે જીવ, નવ ગ્રહે, નવ ઊપજે,
સૌ અર્થને જાણે છતાં, તેથી અબંધક જિન કહે. ૫૨.

**અન્વયાર્થઃ**—[ आत्मा ] (કેવળજ્ઞાની) આત્મા [ तान् जानन् अपि ] પદાર્થોને જાણતો હોવા છતાં [ न अपि परिणमति ] તે-રૂપે પરિણમતો નથી, [ न गृह्णाति ] તેમને ગ્રહતો નથી [ ते अर्थेषु न एव उत्पद्यते ] અને તે પદાર્થોરૂપે ઉત્પન્ન થતો નથી [ तेन ] તેથી [ अबंधकः प्रज्ञप्तः ] તેને અબંધક કહ્યો છે.

**ટીકાઃ**—અહીં [1]'उदयगदा कम्मंसा जिणवरवसहेहिं णियदिणा भणिया । तेसु विमूढो रत्तो दुट्ठो वा बंधमणुभवदि ॥' એ ગાથાસૂત્રમાં, 'ઉદયગત પુદ્ગલકર્માંશોની હયાતીમાં

---

૧. જુઓ જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપનની ૪૩ મી ગાથા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**मोहरागद्वेषपरिणतत्वात् ज्ञेयार्थपरिणमनलक्षणया क्रियया युज्यमानः क्रियाफलभूतं बन्धमनुभवति, न तु ज्ञानादिति प्रथममेवार्थपरिणमनक्रियाफलत्वेन बन्धस्य समर्थितत्वात्। तथा 'गेण्हदि णेव ण मुंचदि ण परं परिणमदि केवली भगवं। पेच्छदि समंतदो सो जाणदि सव्वं णिरवसेसं॥' इत्यर्थपरिणमनादिक्रियाणामभावस्य शुद्धात्मनो निरूपितत्वाच्चार्थानपरिणमतोऽगृह्णतस्तेष्वनुत्पद्यमानस्य चात्मनो ज्ञप्तिक्रियासद्भावेऽपि न खलु क्रियाफलभूतो बन्धः सिद्ध्येत् ॥ ५२ ॥**

---

यदुक्तं पदार्थपरिच्छित्तिसद्भावेऽपि रागद्वेषमोहाभावात् केवलिनां बन्धो नास्तीति तमेवार्थं प्रकारान्तरेण दृढीकुर्वन् ज्ञानप्रपञ्चाधिकारमुपसंहरति—**ण वि परिणमदि** यथा स्वकीयात्मप्रदेशैः समरसीभावेन सह परिणमति तथा ज्ञेयरूपेण न परिणमति। **ण गेण्हदि** यथैव चानन्तज्ञानादिचतुष्टयरूपमात्मरूपमात्मरूपतया गृह्णाति तथा ज्ञेयरूपं न गृह्णाति। **उप्पज्जदि णेव तेसु अट्ठेसु** यथा च निर्विकारपरमानन्दैकसुखरूपेण स्वकीयसिद्धपर्यायेणोत्पद्यते तथैव च ज्ञेयपदार्थेषु नोत्पद्यते। किं कुर्वन्नपि। **जाणण्णवि ते** तान् ज्ञेयपदार्थान् स्वस्मात् पृथग्रूपेण जानन्नपि। स कः कर्ता। **आदा** मुक्तात्मा। **अबंधगो तेण पण्णत्तो** ततः कारणात्कर्मणामबन्धकः प्रज्ञप्त इति। तद्यथा—रागादिरहितज्ञानं बन्धकारणं न भवतीति ज्ञात्वा शुद्धात्मोपलम्भलक्षणमोक्षविपरीतस्य नारकादिदुःखकारणकर्मबन्धस्य कारणानीन्द्रियमनोजनितान्येकदेश-

---

ચેતતાં-જાણતાં-અનુભવતાં મોહ-રાગ-દ્વેષમાં પરિણત થવાથી જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ ક્રિયા સાથે જોડાતો થકો આત્મા ક્રિયાફળભૂત બંધને અનુભવે છે, પણ જ્ઞાનથી નહિ' એમ પ્રથમ જ અર્થપરિણમનક્રિયાના ફળપણે બંધનું સમર્થન કરવામાં આવ્યું છે (અર્થાત્ બંધ તો પદાર્થોરૂપે પરિણમવારૂપ ક્રિયાનું ફળ છે એમ નક્કી કરવામાં આવ્યું છે) તથા [1] 'गेण्हदि णेव ण मुंचदि ण परं परिणमदि केवली भगवं। पेच्छदि समंतदो सो जाणदि सव्वं णिरवसेसं॥' એ ગાથાસૂત્રમાં શુદ્ધાત્માને અર્થપરિણમનાદિ ક્રિયાઓનો અભાવ નિરૂપિત કરવામાં આવ્યો છે તેથી જે (આત્મા) પદાર્થોરૂપે પરિણમતો નથી, તેમને ગ્રહતો નથી અને તે-રૂપે ઉત્પન્ન થતો નથી તે આત્માને જ્ઞપ્તિક્રિયાનો સદ્‌ભાવ હોવા છતાં પણ ખરેખર ક્રિયાફળભૂત બંધ સિદ્ધ થતો નથી.

**ભાવાર્થઃ**—કર્મના ત્રણ ભેદ પાડવામાં આવે છે: પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. કેવળીભગવાનનું પ્રાપ્ય કર્મ, વિકાર્ય કર્મ અને નિર્વર્ત્ય કર્મ જ્ઞાન જ છે, કારણ કે તેઓ જ્ઞાનને જ ગ્રહે છે, જ્ઞાનરૂપે જ પરિણમે છે અને જ્ઞાનરૂપે જ ઊપજે છે. આ રીતે જ્ઞાન જ તેમનું કર્મ છે અને જ્ઞપ્તિ જ તેમની ક્રિયા છે. આમ હોવાથી કેવળીભગવાનને બંધ થતો નથી, કારણ કે જ્ઞપ્તિક્રિયા બંધનું કારણ નથી પરંતુ જ્ઞેયાર્થપરિણમન-

---

૧. જુઓ જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપનની ૩૨ મી ગાથા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( स्रग्धरा )

जानन्नप्येष विश्वं युगपदपि भवद्भाविभूतं समस्तं
मोहाभावाद्यदात्मा परिणमति परं नैव निर्लूनकर्मा ।
तेनास्ते मुक्त एव प्रसभविकसितज्ञप्तिविस्तारपीत-
ज्ञेयाकारां त्रिलोकीं पृथगपृथगथ द्योतयन् ज्ञानमूर्तिः ॥ ४ ॥

—इति ज्ञानाधिकारः ।

अथ ज्ञानादभिन्नस्य सौख्यस्य स्वरूपं प्रपञ्चयन् ज्ञानसौख्ययोः हेयोपादेयत्वं चिन्तयति—

**अत्थि अमुत्तं मुत्तं अदिंदियं इंदियं च अत्थेसु ।**
**णाणं च तहा सोक्खं जं तेसु परं च तं णेयं ॥५३॥**

---

विज्ञानानि त्यक्त्वा सकलविमलकेवलज्ञानस्य कर्मबन्धाकारणभूतस्य यद्बीजभूतं निर्विकारस्वसंवेदनज्ञानं तत्रैव भावना कर्तव्येत्यभिप्रायः ॥ ५२ ॥ एवं रागद्वेषमोहरहितत्वात्केवलिनां बन्धो नास्तीति कथनरूपेण ज्ञानप्रपञ्चसमाप्तिमुख्यत्वेन चैकसूत्रेणाष्टमस्थलं गतम् ।

---

ક્રિયા અર્થાત્ જ્ઞેય પદાર્થો સન્મુખ વૃત્તિ થવી (-જ્ઞેય પદાર્થો પ્રતિ પરિણમવું) તે બંધનું કારણ છે. ૫૨.

(હવે પૂર્વોક્ત આશયને કાવ્યદ્વારા કહી, કેવળજ્ઞાની આત્માનો મહિમા કરી, આ જ્ઞાન-અધિકાર પૂર્ણ કરવામાં આવે છે:)

અર્થ:—જેણે કર્મોને છેદી નાખ્યાં છે એવો આ આત્મા ભૂત, વર્તમાન અને ભાવિ સમસ્ત વિશ્વને (અર્થાત્ ત્રણે કાળના પર્યાયો સહિત સમસ્ત પદાર્થોને) યુગપદ્ જાણતો હોવા છતાં મોહના અભાવને લીધે પરરૂપે પરિણમતો નથી, તેથી હવે જેના સમસ્ત જ્ઞેયાકારોને અત્યંત વિકસિત જ્ઞપ્તિના વિસ્તાર વડે પોતે પી ગયો છે એવા ત્રણે લોકના પદાર્થોને પૃથક્ અને અપૃથક્ પ્રકાશતો તે જ્ઞાનમૂર્તિ મુક્ત જ રહે છે.

આ રીતે જ્ઞાન-અધિકાર પૂર્ણ થયો.

હવે જ્ઞાનથી અભિન્ન એવા સુખનું સ્વરૂપ વિસ્તારથી વર્ણવતાં જ્ઞાન અને સુખનું હેય-ઉપાદેયપણું અર્થાત્ કયું જ્ઞાન તેમ જ સુખ હેય છે અને કયું ઉપાદેય છે તે) વિચારે છે:—

**અર્થોનું જ્ઞાન અમૂર્ત, મૂર્ત, અતીંદ્રિ ને ઐન્દ્રિય છે,**
**છે સુખ પણ એવું જ, ત્યાં પરધાન જે તે ગ્રાહ્ય છે. ૫૩.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अस्त्यमूर्तं मूर्तमतीन्द्रियमैन्द्रियं चार्थेषु ।
ज्ञानं च तथा सौख्यं यत्तेषु परं च तत् ज्ञेयम् ॥ ५३ ॥

अत्र ज्ञानं सौख्यं च मूर्तमिन्द्रियजं चैकमस्ति । इतरदमूर्तमतीन्द्रियं चास्ति । तत्र यदमूर्तमतीन्द्रियं च तत्प्रधानत्वादुपादेयत्वेन ज्ञातव्यम् । तत्राद्यं मूर्ताभिः क्षायोपशमिकीभिरुपयोगशक्तिभिस्तथाविधेभ्य इन्द्रियेभ्यः समुत्पद्यमानं परायत्तत्वात् कादाचित्कं

---

अथ ज्ञानप्रपञ्चव्याख्यानानन्तरं ज्ञानाधारसर्वज्ञं नमस्करोति—

तस्स णमाइं लोगो देवासुरमणुअरायसंबंधो ।
भत्तो करेदि णिच्चं उवजुत्तो तं तहा वि अहं ॥*२ ॥

**करेदि** करोति । स कः । **लोगो** लोकः । कथंभूतः । **देवासुरमणुअरायसंबंधो** देवासुरमनुष्यराजसंबन्धः । पुनरपि कथंभूतः । **भत्तो** भक्तः । **णिच्चं** नित्यं सर्वकालम् । पुनरपि किंविशिष्टः । **उवजुत्तो** उपयुक्त उद्यतः । इत्थंभूतो लोकः कां करोति । **णमाइं** नमस्यां नमस्क्रियाम् । कस्य । **तस्स** तस्य पूर्वोक्तसर्वज्ञस्य । **तं तहा वि अहं** तं सर्वज्ञं तथा तेनैव प्रकारेणाहमपि ग्रन्थकर्ता नमस्करोमीति । अयमत्रार्थः—यथा देवेन्द्रचक्रवर्त्यादयोऽनन्ताक्षयसुखादिगुणास्पदं सर्वज्ञस्वरूपं नमस्कुर्वन्ति, तथैवाहमपि तत्पदाभिलाषी परमभक्त्या प्रणमामि ॥ *२ ॥ एवमष्टाभिः स्थलैर्द्वात्रिंशद्गाथास्तदनन्तरं नमस्कारगाथा चेति समुदायेन त्रयस्त्रिंशत्सूत्रै**र्ज्ञानप्रपञ्च**नामा तृतीयोऽन्तराधिकारः समाप्तः । अथ सुखप्रपञ्चाभिधानान्तराधिकारेऽष्टादश गाथा भवन्ति । अत्र पञ्चस्थलानि, तेषु प्रथमस्थले 'अत्थि अमुत्तं'

---

**અન્વયાર્થઃ—**[ अर्थेषु ज्ञानं ] પદાર્થો સંબંધી જ્ઞાન [ अमूर्तं मूर्तं ] અમૂર્ત કે મૂર્ત, [ अतीन्द्रियं ऐन्द्रियं च अस्ति ] અતીંદ્રિય કે ઐંદ્રિય હોય છે; [ च तथा सौख्यं ] અને એ જ પ્રમાણે (અમૂર્ત કે મૂર્ત, અતીંદ્રિય કે ઐંદ્રિય) સુખ હોય છે. [ तेषु च यत् परं ] તેમાં જે પ્રધાન-ઉત્કૃષ્ટ છે [ तत् ज्ञेयम् ] તે ઉપાદેયપણે જાણવું.

**ટીકાઃ—**અહીં, (જ્ઞાન તેમ જ સુખ બે પ્રકારનું છે-) એક જ્ઞાન તેમ જ સુખ મૂર્ત અને [1]ઇન્દ્રિયજ છે; અને બીજું (જ્ઞાન તેમ જ સુખ) અમૂર્ત અને અતીંદ્રિય છે. તેમાં જે અમૂર્ત અને અતીંદ્રિય છે તે પ્રધાન હોવાથી ઉપાદેયપણે જાણવું.

ત્યાં, પહેલું જ્ઞાન તેમ જ સુખ મૂર્ત એવી ક્ષાયોપશમિક ઉપયોગશક્તિઓ વડે તથાવિધ (તે તે પ્રકારની) ઇન્દ્રિયો દ્વારા ઊપજતું થકું પરાધીન હોવાથી [2]કાદાચિત્ક,

---

૧. ઇંદ્રિયજ = ઇંદ્રિયો દ્વારા ઉત્પન્ન થતું; ઐંદ્રિય.
૨. કાદાચિત્ક = કદાચિત્—કોઈ વાર હોય એવું; અનિત્ય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**क्रमकृतप्रवृत्ति सप्रतिपक्षं सहानिवृद्धि च गौणमिति कृत्वा ज्ञानं च सौख्यं च हेयम् । इतरत्पुनरमूर्ताभिश्चैतन्यानुविधायिनीभिरेकाकिनीभिरेवात्मपरिणामशक्तिभिस्तथाविधेभ्योऽतीन्द्रियेभ्यः स्वाभाविकचिदाकारपरिणामेभ्यः समुत्पद्यमानमत्यन्तमात्मायत्तत्वान्नित्यं युगपत्कृतप्रवृत्ति निःप्रतिपक्षमहानिवृद्धि च मुख्यमिति कृत्वा ज्ञानं सौख्यं चोपादेयम् ॥५३॥**

---

इत्याद्यधिकारगाथासूत्रमेकं, तदनन्तरमतीन्द्रियज्ञानमुख्यत्वेन ' जं पेच्छदो ' इत्यादि सूत्रमेकं, अथेन्द्रियज्ञानमुख्यत्वेन ' जीवो सयं अमुत्तो ' इत्यादि गाथाचतुष्टयं, तदनन्तरमतीन्द्रियसुखमुख्यतया 'जादं सयं' इत्यादि गाथाचतुष्टयं, अथानन्तरमिन्द्रियसुखप्रतिपादनरूपेण गाथाष्टकम्, तत्राप्यष्टकमध्ये प्रथमत इन्द्रियसुखस्य दुःखत्वस्थापनार्थं 'मणुआ सुरा' इत्यादि गाथाद्वयं, अथ मुक्तात्मनां देहाभावेऽपि सुखमस्तीति ज्ञापनार्थं देहः सुखकारणं न भवतीति कथनरूपेण 'पप्पा इट्ठे विसये' इत्यादि सूत्रद्वयं, तदनन्तरमिन्द्रियविषया अपि सुखकारणं न भवन्तीति कथनेन 'तिमिरहरा' इत्यादि गाथाद्वयम्, अतोऽपि सर्वज्ञनमस्कारमुख्यत्वेन 'तेजोदिट्ठि' इत्यादि गाथाद्वयम् । एवं पञ्चमस्थले अन्तरस्थलचतुष्टयं भवतीति सुखप्रपञ्चाधिकारे समुदायपातनिका ॥ अथातीन्द्रियसुखस्योपादेयभूतस्य स्वरूपं प्रपञ्चयन्नतीन्द्रियज्ञानमतीन्द्रियसुखं चोपादेयमिति, यत्पुनरिन्द्रियजं ज्ञानं सुखं च तद्धेयमिति प्रतिपादनरूपेण प्रथमतस्तावदधिकारस्थलगाथया स्थलचतुष्टयं सूत्रयति—**अत्थि** अस्ति विद्यते । किं कर्तृ । **णाणं** ज्ञानमिति भिन्नप्रक्रमो व्यवहितसम्बन्धः । किंविशिष्टम् । **अमुत्तं मुत्तं** अमूर्तं मूर्तं च । पुनरपि किंविशिष्टम् । **अदिंदियं इंदियं च** यदमूर्तं तदतीन्द्रियं मूर्तं पुनरिन्द्रियजम् । इत्थंभूतं ज्ञानमस्ति । केषु विषयेषु । **अत्थेसु** ज्ञेयपदार्थेषु, **तहा सोक्खं च** तथैव ज्ञानवदमूर्तमतीन्द्रियं मूर्तमिन्द्रियजं च सुखमिति । **जं तेसु परं च तं णेयं** यत्तेषु पूर्वोक्तज्ञानसुखेषु

---

**[1]ક્રમે પ્રવર્તતું, [2]સપ્રતિપક્ષ અને [3]સહાનિવૃદ્ધિ છે તેથી ગૌણ છે એમ સમજીને તે હેય અર્થાત્ છોડવાયોગ્ય છે; અને બીજું જ્ઞાન તેમ જ સુખ અમૂર્ત એવી [4]ચૈતન્યાનુવિધાયી એકલી જ આત્મપરિણામશક્તિઓ વડે તથાવિધ અતીંદ્રિય સ્વાભાવિક-ચિદાકારપરિણામો દ્વારા ઊપજતું થકું અત્યંત આત્માધીન હોવાથી નિત્ય, યુગપદ્ પ્રવર્તતું, નિ:પ્રતિપક્ષ અને અહાનિવૃદ્ધિ છે તેથી મુખ્ય છે એમ સમજીને ઉપાદેય અર્થાત્ ગ્રહણ કરવા યોગ્ય છે. ૫૩.**

---

૧. મૂર્તિક ઇંદ્રિયજ જ્ઞાન ક્રમે પ્રવર્તે છે, યુગપદ્ થતું નથી; તેમ મૂર્તિક ઇંદ્રિયજ સુખ પણ ક્રમે થાય છે, એકીસાથે સર્વ ઇંદ્રિયો દ્વારા કે સર્વ પ્રકારે થતું નથી.

૨. સપ્રતિપક્ષ = પ્રતિપક્ષ અર્થાત્ વિરોધી સહિત. ( મૂર્ત ઇંદ્રિયજ જ્ઞાન તેના પ્રતિપક્ષ–અજ્ઞાન–સહિત જ હોય છે અને મૂર્ત ઇંદ્રિયજ સુખ તેના પ્રતિપક્ષભૂત દુ:ખ સહિત જ હોય છે. )

૩. સહાનિવૃદ્ધિ = હાનિવૃદ્ધિ સહિત; વધઘટવાળું.

૪. ચૈતન્યાનુવિધાયી = ચૈતન્ય-અનુવિધાયી; ચૈતન્યને અનુસરીને વર્તનારી; ચૈતન્યને અનુકૂળપણે—વિરુદ્ધપણે નહિ—વર્તનારી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथातीन्द्रियसौख्यसाधनीभूतमतीन्द्रियज्ञानमुपादेयमभिष्टौति—

जं पेच्छदो अमुत्तं मुत्तेसु अदिंदियं च पच्छण्णं।
सयलं सगं च इदरं तं णाणं हवदि पच्चक्खं ॥ ५४ ॥

यत्प्रेक्षमाणस्यामूर्तं मूर्तेष्वतीन्द्रियं च प्रच्छन्नम्।
सकलं स्वकं च इतरत् तद्ज्ञानं भवति प्रत्यक्षम् ॥ ५४ ॥

अतीन्द्रियं हि ज्ञानं यदमूर्तं यन्मूर्तेष्वप्यतीन्द्रियं यत्प्रच्छन्नं च तत्सकलं स्वपर-

---

मध्ये परमुत्कृष्टमतीन्द्रियं तदुपादेयमिति ज्ञातव्यम्। तदेव विव्रियते—अमूर्ताभिः क्षायिकीभिरतीन्द्रियाभिश्चिदानन्दैकलक्षणाभिः शुद्धात्मशक्तिभिरुत्पन्नत्वादतीन्द्रियज्ञानं सुखं चात्माधीनत्वेनाविनश्वरत्वादुपादेयमिति, पूर्वोक्तामूर्तशुद्धात्मशक्तिभ्यो विलक्षणाभिः क्षायोपशमिकेन्द्रियशक्तिभिरुत्पन्नत्वादिन्द्रियजं ज्ञानं सुखं च परायत्तत्वेन विनश्वरत्वाद्धेयमिति तात्पर्यम् ॥ ५३ ॥ एवमधिकारगाथया प्रथमस्थलं गतम्। अथ पूर्वोक्तमुपादेयभूतमतीन्द्रियज्ञानं विशेषेण व्यक्तीकरोति—**जं** यदतीन्द्रियं ज्ञानं कर्तृ। **पेच्छदो** प्रेक्षमाणपुरुषस्य जानाति। किं किम्। **अमुत्तं** अमूर्तमतीन्द्रियनिरुपरागसदानन्दैकसुखस्वभावं यत्परमात्मद्रव्यं तत्प्रभृति समस्तामूर्तद्रव्यसमूहं **मुत्तेसु अदिंदियं च** मूर्तेषु पुद्गलद्रव्येषु यदतीन्द्रियं परमाण्वादि। **पच्छण्णं** कालाणुप्रभृतिद्रव्यरूपेण प्रच्छन्नं व्यवहितमन्तरितं, अलोकाकाशप्रदेशप्रभृति क्षेत्रप्रच्छन्नं, निर्विकारपरमानन्दैकसुखास्वादपरिणतिरूपपरमात्मनो वर्तमानसमयगतपरिणामास्तत्प्रभृतयो ये समस्तद्रव्याणां वर्तमानसमयगतपरिणामास्ते कालप्रच्छन्नाः, तस्यैव परमात्मनः सिद्धरूपशुद्धव्यञ्जनपर्यायः

---

હવે અતીંદ્રિય સુખના સાધનભૂત (-કારણરૂપ) અતીંદ્રિય જ્ઞાન ઉપાદેય છે—એમ તેને પ્રશંસે છેઃ—

દેખે અમૂર્તિક, મૂર્તમાંય અતીંદ્રિને, પ્રચ્છન્નને,
તે સર્વને-પર કે સ્વકીયને, જ્ઞાન તે પ્રત્યક્ષ છે. ૫૪.

**અન્વયાર્થઃ**—[प्रेक्षमाणस्य यत्] દેખનારનું જે જ્ઞાન [अमूर्तं] અમૂર્તને, [मूर्तेषु] મૂર્ત પદાર્થોમાં પણ [अतीन्द्रियं] અતીંદ્રિયને, [च प्रच्छन्नं] અને પ્રચ્છન્નને [सकलं] એ બધાંયને—[स्वकं च इतरत्] સ્વ તેમ જ પરને—દેખે છે, [तद् ज्ञानं] તે જ્ઞાન [प्रत्यक्षं भवति] પ્રત્યક્ષ છે.

**ટીકાઃ**—જે અમૂર્ત છે, જે મૂર્ત પદાર્થોમાં પણ અતીંદ્રિય છે, અને જે [1]પ્રચ્છન્ન

---

૧. પ્રચ્છન્ન = ગુપ્ત; ઢંકાયેલ; અંતરિત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**विकल्पान्तःपाति प्रेक्षत एव। तस्य खल्वमूर्तेषु धर्माधर्मादिषु, मूर्तेष्वप्यतीन्द्रियेषु परमाण्वादिषु, द्रव्यप्रच्छन्नेषु कालादिषु, क्षेत्रप्रच्छन्नेष्वलोकाकाशप्रदेशादिषु, कालप्रच्छन्नेष्वसांप्रतिकपर्यायेषु, भावप्रच्छन्नेषु स्थूलपर्यायान्तर्लीनसूक्ष्मपर्यायेषु सर्वेष्वपि स्वपरव्यवस्थाव्यवस्थितेष्वस्ति द्रष्टृत्वं, प्रत्यक्षत्वात्। प्रत्यक्षं हि ज्ञानमुद्भिन्नानन्तशुद्धिसन्निधानमनादिसिद्धचैतन्यसामान्यसंबन्धमेकमेवाक्षनामानमात्मानं प्रति नियतमितरां सामग्रीममृगयमाणमनन्तशक्तिसद्भावतोऽनन्ततामुपगतं दहनस्येव दाह्याकाराणां ज्ञानस्य ज्ञेयाकाराणामन-**

---

शेषद्रव्याणां च ये यथासंभवं व्यञ्जनपर्यायास्तेष्वन्तर्भूताः प्रतिसमयप्रवर्तमानषट्प्रकारप्रवृद्धिहानिरूपा अर्थपर्याया भावप्रच्छन्ना भण्यन्ते। **सयलं** तत्पूर्वोक्तं समस्तं ज्ञेयं द्विधा भवति। कथमिति चेत्। **सगं च इदरं** किमपि यथासंभवं स्वद्रव्यगतं इतरत्परद्रव्यगतं च। तदुभयं यतः कारणाज्जानाति तेन कारणेन **तं णाणं** तत्पूर्वोक्तज्ञानं **हवदि** भवति। कथंभूतम्। **पच्चक्खं** प्रत्यक्षमिति। अत्राह शिष्यः—ज्ञानप्रपञ्चाधिकारः पूर्वमेव गतः, अस्मिन् सुखप्रपञ्चाधिकारे सुखमेव कथनीयमिति। परिहारमाह—यदतीन्द्रियं ज्ञानं पूर्वं भणितं तदेवाभेदनयेन सुखं भवतीति ज्ञापनार्थं, अथवा ज्ञानस्य मुख्यवृत्त्या तत्र हेयोपादेयचिन्ता नास्तीति ज्ञापनार्थं वा। एवमतीन्द्रियज्ञानमुपादेयमिति कथनमुख्य-

---

છે, તે બધાંયને—કે જે સ્વ અને પર એ બે ભેદોમાં સમાય છે તેમને—અતીન્દ્રિય જ્ઞાન અવશ્ય દેખે છે. અમૂર્ત એવાં જે ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય વગેરે, મૂર્ત પદાર્થોમાં પણ અતીંદ્રિય એવા જે પરમાણુ વગેરે, તથા દ્રવ્યે પ્રચ્છન્ન એવાં જે કાળ વગેરે (–દ્રવ્ય અપેક્ષાએ ગુપ્ત એવાં જે કાળ, ધર્માસ્તિકાય વગેરે), ક્ષેત્રે પ્રચ્છન્ન એવા જે અલોકાકાશના પ્રદેશ વગેરે, કાળે પ્રચ્છન્ન એવા જે [1]અસાંપ્રતિક પર્યાયો તથા ભાવે પ્રચ્છન્ન એવા જે સ્થૂલ પર્યાયોમાં [2]અંતર્લીન સૂક્ષ્મ પર્યાયો, તે બધાંયનું—કે જે સ્વ અને પર એ ભેદોથી વિભક્ત છે તેમનું—ખરેખર તે અતીંદ્રિય જ્ઞાનને દ્રષ્ટાપણું છે (અર્થાત્ તે બધાંયને તે અતીંદ્રિય જ્ઞાન દેખે છે) કારણ કે તે (અતીંદ્રિય જ્ઞાન) પ્રત્યક્ષ છે. જેને અનંત શુદ્ધિનો સદ્‌ભાવ પ્રગટ થયો છે એવા, ચૈતન્ય-સામાન્ય સાથે અનાદિસિદ્ધ સંબંધવાળા એક જ [3]'અક્ષ'નામના આત્મા પ્રતિ જે નિયત છે (અર્થાત્ જે જ્ઞાન આત્માને જ વળગેલું છે—આત્મા દ્વારા સીધું પ્રવર્તે છે), જે (ઇન્દ્રિયાદિ) અન્ય સામગ્રી શોધતું નથી અને જે અનંત શક્તિના સદ્‌ભાવને લીધે અનંતતાને (–બેહદપણાને) પામ્યું છે એવા તે પ્રત્યક્ષ જ્ઞાનને—જેમ દાહ્યાકારો દહનને અતિક્રમતા નથી તેમ જ્ઞેયાકારો જ્ઞાનને

---

૧. અસાંપ્રતિક = અતાત્કાલિક; વર્તમાનકાલીન નહિ એવા; અતીત-અનાગત.

૨. અંતર્લીન = અંદર લીન થયેલા; અંતર્મગ્ન.

૩. આત્માનું નામ 'અક્ષ' પણ છે. (ઇન્દ્રિયજ્ઞાન અક્ષ એટલે ઇંદ્રિય દ્વારા જાણે છે; અતીંદ્રિય પ્રત્યક્ષ જ્ઞાન અક્ષ એટલે આત્મા દ્વારા જ જાણે છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तिक्रमाद्यथोदितानुभावमनुभवत्तत् केन नाम निवार्येत। अतस्तदुपादेयम् ॥ ५४ ॥

अथेन्द्रियसौख्यसाधनीभूतमिन्द्रियज्ञानं हेयं प्रणिन्दति—

**जीवो सयं अमुत्तो मुत्तिगदो तेण मुत्तिणा मुत्तं।**
**ओगेण्हित्ता जोग्गं जाणदि वा तण्ण जाणादि ॥ ५५ ॥**

**जीवः स्वयममूर्तो मूर्तिगतस्तेन मूर्तेन मूर्तम्।**
**अवगृह्य योग्यं जानाति वा तन्न जानाति ॥ ५५ ॥**

इन्द्रियज्ञानं हि मूर्तोपलम्भकं मूर्तोपलभ्यं च। तद्वान् जीवः स्वयममूर्तोऽपि

---

त्वेनैकगाथया द्वितीयस्थलं गतम् ॥ ५४ ॥ अथ हेयभूतस्येन्द्रियसुखस्य कारणत्वादल्पविषयत्वाच्चेन्द्रिय-ज्ञानं हेयमित्युपदिशति—**जीवो सयं अमुत्तो** जीवस्तावच्छक्तिरूपेण शुद्धद्रव्यार्थिकनयेनामूर्तातीन्द्रिय-

---

નહિ [1]અતિક્રમતા હોવાથી—યથોક્ત પ્રભાવને અનુભવતું (-ઉપર્યુક્ત પદાર્થોને જાણતું) કોણ રોકી શકે? (અર્થાત્ કોઈ ન રોકી શકે.) આથી તે (અતીંદ્રિય જ્ઞાન) ઉપાદેય છે ૫૪.

હવે ઇંદ્રિયસુખના સાધનભૂત (-કારણરૂપ) ઇંદ્રિયજ્ઞાન હેય છે—એમ તેને નિંદે છેઃ—

**પોતે અમૂર્તિક જીવ મૂર્તશરીરગત એ મૂર્તથી**
**કદી યોગ્ય મૂર્ત અવગ્રહી જાણે, કદીક જાણે નહીં. ૫૫.**

**અન્વયાર્થઃ**—[ स्वयं अमूर्तः ] સ્વયં અમૂર્ત એવો [ जीवः ] જીવ [ मूर्तिगतः ] મૂર્ત શરીરને પ્રાપ્ત થયો થકો [ तेन मूर्तेन ] તે મૂર્ત શરીર વડે [ योग्यं मूर्तं ] યોગ્ય મૂર્ત પદાર્થને [ अवगृह्य ] અવગ્રહીને (—ઇંદ્રિયગ્રહણયોગ્ય મૂર્ત પદાર્થનો [2]અવગ્રહ કરીને) [ तद् ] તેને [ जानाति ] જાણે છે [ वा न जानाति ] અથવા નથી જાણતો (—કોઈ વાર જાણે છે અને કોઈ વાર નથી જાણતો).

**ટીકાઃ**—ઇંદ્રિયજ્ઞાનને [3]ઉપલંભક પણ મૂર્ત છે અને [4]ઉપલભ્ય પણ મૂર્ત છે.

---

૧. જ્ઞેયાકારો જ્ઞાનને ઓળંગી શકતા નથી—જ્ઞાનની હદ બહાર જઈ શકતા નથી, જ્ઞાનમાં જણાઈ જ જાય છે.

૨. મતિજ્ઞાનથી કોઈ પદાર્થને જાણવાની શરૂઆત થતાં પ્રથમ જ અવગ્રહ થાય છે કારણ કે મતિજ્ઞાન અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા—એ ક્રમથી જાણે છે.

૩. ઉપલંભક = જણાવનાર; જાણવામાં નિમિત્તભૂત. (ઇંદ્રિયજ્ઞાનને પદાર્થો જાણવામાં નિમિત્તભૂત મૂર્ત પંચેન્દ્રિયાત્મક શરીર છે.)

૪. ઉપલભ્ય = જણાવાયોગ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**पञ्चेन्द्रियात्मकं शरीरं मूर्तमुपागतस्तेन ज्ञप्तिनिष्पत्तौ बलाधाननिमित्ततयोपलम्भकेन मूर्तेन मूर्तं स्पर्शादिप्रधानं वस्तूपलभ्यतामुपागतं योग्यमवगृह्य कदाचित्तदुपर्युपरि शुद्धिसंभवादवगच्छति, कदाचित्तदसंभवान्नावगच्छति, परोक्षत्वात्। परोक्षं हि ज्ञानमतिदृढतराज्ञानतमोग्रन्थिगुण्ठनान्निमीलितस्यानादिसिद्धचैतन्यसामान्यसंबन्धस्याप्यात्मनः स्वयं परिच्छेत्तुमर्थमसमर्थस्योपात्तानुपात्तपरप्रत्ययसामग्रीमार्गणव्यग्रतयात्यन्तविसंष्ठुलत्वमवलम्बमानमनन्तायाः शक्तेः परिस्खलनान्नितान्तविक्लवीभूतं महामोहमल्लस्य जीवदवस्थत्वात् परपरिणतिप्रवर्तिताभिप्रायमपि पदे पदे प्राप्तविप्रलम्भमनुपलम्भसंभावनामेव परमार्थतोऽर्हति। अतस्तद्धेयम् ॥ ५५ ॥**

---

ज्ञानसुखस्वभावः, पश्चादनादिबन्धवशात् व्यवहारनयेन **मुत्तिगदो** मूर्तशरीरगतो मूर्तशरीरपरिणतो भवति। **तेण मुत्तिणा** तेन मूर्तशरीरेण मूर्तशरीराधारोत्पन्नमूर्तद्रव्येन्द्रियभावेन्द्रियाधारेण **मुत्तं** मूर्तं वस्तु **ओगेण्हित्ता** अवग्रहादिकेन क्रमकरणव्यवधानरूपं कृत्वा **जोग्गं** तत्स्पर्शादिमूर्तं वस्तु। कथंभूतम्।

---

એ ઇંદ્રિયજ્ઞાનવાળો જીવ પોતે અમૂર્ત હોવા છતાં મૂર્ત એવા પંચેન્દ્રિયાત્મક શરીરને પ્રાપ્ત થયો થકો, જ્ઞપ્તિ નીપજવામાં બળ-ધારણનું નિમિત્ત થતું હોવાથી જે ઉપલંભક છે એવા તે મૂર્ત (શરીર) વડે મૂર્ત એવી [1]સ્પર્શાદિપ્રધાન વસ્તુને—કે જે યોગ્ય હોય અર્થાત્ જે (ઇંદ્રિયો દ્વારા) ઉપલભ્ય હોય તેને—અવગ્રહીને, કદાચિત્ તેનાથી ઉપર ઉપરની (-અવગ્રહથી આગળ આગળની) શુદ્ધિના સદ્ભાવને લીધે તેને જાણે છે અને કદાચિત્ અવગ્રહથી ઉપર ઉપરની શુદ્ધિના અસદ્ભાવને લીધે નથી જાણતું, કારણ કે તે (ઇંદ્રિયજ્ઞાન) પરોક્ષ છે. પરોક્ષ જ્ઞાન, ચૈતન્યસામાન્ય સાથે (આત્માને) અનાદિસિદ્ધ સંબંધ હોવા છતાં જે અતિ દૃઢતર અજ્ઞાનરૂપ [2]તમોગ્રંથિ વડે અવરાઈ જવાથી બિડાઈ ગયો છે એવો આત્મા પદાર્થને સ્વયં જાણવાને અસમર્થ હોવાથી [3]ઉપાત્ત અને [4]અનુપાત્ત પર-પદાર્થોરૂપ સામગ્રીને શોધવાની વ્યગ્રતાથી અત્યંત ચંચળ-તરલ-અસ્થિર વર્તતું થકું, અનંત શક્તિથી ચ્યુત થયું હોવાથી અત્યંત [5]વિક્લવ વર્તતું થકું, મહા મોહમલ્લ જીવતો હોવાથી પરપરિણતિનો (-પરને પરિણમાવવાનો) અભિપ્રાય કરતું હોવા છતાં પદે પદે (-ડગલે ડગલે) છેતરાતું થકું, પરમાર્થે અજ્ઞાન ગણાવાને જ યોગ્ય છે. આથી તે હેય છે.

**ભાવાર્થઃ**—ઇન્દ્રિયજ્ઞાન ઇન્દ્રિયોના નિમિત્તથી મૂર્ત સ્થૂલ ઇન્દ્રિયગોચર પદાર્થોને જ જ્ઞાનના ક્ષાયોપશમિક ઉઘાડ અનુસાર જાણી શકે છે. પરોક્ષ એવું તે ઇંદ્રિયજ્ઞાન ઇંદ્રિય, પ્રકાશ

---

૧. સ્પર્શાદિપ્રધાન = સ્પર્શ, રસ, ગંધ વગેરે ગુણો જેમાં મુખ્ય છે એવી.
૨. તમોગ્રંથિ = અંધકારનો ગઠ્ઠો; અંધકારનો સમૂહ.
૩. ઉપાત્ત = મેળવેલા. ( ઇંદ્રિય, મન વગેરે ઉપાત્ત પર પદાર્થો છે. )
૪. અનુપાત્ત = અણમેળવેલા. ( પ્રકાશ વગેરે અનુપાત્ત પર પદાર્થ છે. )
૫. વિક્લવ = ખિન્ન; દુઃખી; ગભરાયેલું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथेन्द्रियाणां स्वविषयमात्रेऽपि युगपत्प्रवृत्त्यसंभवाद्धेयमेवेन्द्रियज्ञानमित्यवधारयति–

**फासो रसो य गंधो वण्णो सद्दो य पुग्गला होंति ।**
**अक्खाणं ते अक्खा जुगवं ते णेव गेण्हंति ॥ ५६ ॥**

स्पर्शो रसश्च गन्धो वर्णः शब्दश्च पुद्गला भवन्ति ।
अक्षाणां तान्यक्षाणि युगपत्तान्नैव गृह्णन्ति ॥ ५६ ॥

इन्द्रियाणां हि स्पर्शरसगन्धवर्णप्रधानाः शब्दश्च ग्रहणयोग्याः पुद्गलाः । अथेन्द्रियै-

---

इन्द्रियग्रहणयोग्यं **जाणदि वा तण्ण जाणादि** स्वावरणक्षयोपशमयोग्यं किमपि स्थूलं जानाति, विशेषक्षयोपशमाभावात् सूक्ष्मं न जानातीति । अयमत्र भावार्थः–इन्द्रियज्ञानं यद्यपि व्यवहारेण प्रत्यक्षं भण्यते, तथापि निश्चयेन केवलज्ञानापेक्षया परोक्षमेव । परोक्षं तु यावतांशेन सूक्ष्मार्थं न जानाति तावतांशेन चित्तखेदकारणं भवति । खेदश्च दुःखं, ततो दुःखजनकत्वादिन्द्रियज्ञानं हेयमिति ॥ ५५ ॥ अथ चक्षुरादीन्द्रियज्ञानं रूपादिस्वविषयमपि युगपन्न जानाति तेन कारणेन हेयमिति निश्चिनोति—

---

આદિ બાહ્ય સામગ્રીને શોધવારૂપ વ્યગ્રતાને (-અસ્થિરતાને) લીધે અતિશય ચંચળ-ક્ષુબ્ધ છે, અલ્પ શક્તિવાળું હોવાથી ખેદખિન્ન છે, પર પદાર્થોને પરિણમાવવાનો અભિપ્રાય કરતું હોવા છતાં પગલે પગલે ઠગાય છે (કારણ કે પર પદાર્થો આત્માને આધીન પરિણમતા નથી); તેથી પરમાર્થે તો તે જ્ઞાન 'અજ્ઞાન' નામને જ યોગ્ય છે. માટે તે હેય છે. ૫૫.

હવે, ઇંદ્રિયો માત્ર પોતાના વિષયોમાં પણ યુગપદ્ નહિ પ્રવર્તતી હોવાથી ઇંદ્રિયજ્ઞાન હેય જ છે એમ નક્કી કરે છેઃ—

રસ, ગંધ, સ્પર્શ વળી વરણ ને શબ્દ જે પૌદ્ગલિક તે
છે ઇંદ્રિવિષયો, તેમનેય ન ઇંદ્રિયો યુગપદ ગ્રહે. ૫૬.

**અન્વયાર્થઃ**—[ स्पर्शः ] સ્પર્શ, [ रसः च ] રસ, [ गन्धः ] ગંધ, [ वर्णः ] વર્ણ [ शब्दः च ] અને શબ્દ—[ पुद्गलाः ] કે જેઓ પુદ્ગલ છે તેઓ —[ अक्षाणां भवन्ति ] ઇંદ્રિયોના વિષયો છે. [ तानि अक्षाणि ] (પરંતુ) તે ઇંદ્રિયો [ तान् ] તેમને (પણ) [ युगपद् ] યુગપદ્ [ न एव गृह्णन्ति ] ગ્રહતી (-જાણતી) નથી.

**ટીકાઃ**—*મુખ્ય એવાં સ્પર્શ-રસ-ગંધ-વર્ણ તથા શબ્દ—કે જેઓ પુદ્ગલ છે

---

*સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ—એ પુદ્ગલના મુખ્ય ગુણો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



युगपत्तेऽपि न गृह्यन्ते, तथाविधक्षयोपशमनशक्तेरसंभवात् । इन्द्रियाणां हि क्षयोपशमसंज्ञिकायाः परिच्छेत्र्याः शक्तेरन्तरङ्गायाः काकाक्षितारकवत् क्रमप्रवृत्तिवशादनेकतः प्रकाशयितुमसमर्थत्वात्सत्स्वपि द्रव्येन्द्रियद्वारेषु न यौगपद्येन निखिलेन्द्रियार्थावबोधः सिद्धयेत्, परोक्षत्वात् ॥ ५६ ॥

---

**फासो रसो य गंधो वण्णो सद्दो य पुग्गला होंति** स्पर्शरसगन्धवर्णशब्दाः पुद्गला मूर्ता भवन्ति । ते च विषयाः । केषाम् । **अक्खाणं** स्पर्शनादीन्द्रियाणां । **ते अक्खा** तान्यक्षाणीन्यिद्राणि कर्तृणि **जुगवं ते णेव गेण्हंति** युगपत्तान् स्वकीयविषयानपि न गृह्णन्ति न जानन्तीति । अयमत्राभिप्रायः— यथा सर्वप्रकारोपादेयभूतस्यानन्तसुखस्योपादानकारणभूतं केवलज्ञानं युगपत्समस्तं वस्तु जानत्सत् जीवस्य सुखकारणं भवति, तथेदमिन्द्रियज्ञानं स्वकीयविषयेऽपि युगपत्परिज्ञानाभावात्सुखकारणं न भवति ॥ ५६ ॥

---

તેઓ—ઇંદ્રિયો વડે અગ્રહાવાયોગ્ય (–જણાવાયોગ્ય) છે. (પરંતુ) ઇંદ્રિયો વડે તેઓ પણ યુગપદ્ ગ્રહાતા (–જણાતા) નથી, કારણ કે ક્ષયોપશમની તે પ્રકારની શક્તિ નથી. ઇંદ્રિયોને જે ક્ષયોપશમ નામની અંતરંગ (–અંદરની) જાણનારી શક્તિ તે કાગડાની આંખના ડોળાની જેમ ક્રમે પ્રવર્તતી હોવાને લીધે અનેકતઃ પ્રકાશવાને (–એકીસાથે અનેક વિષયોને જાણવાને) અસમર્થ છે તેથી દ્રવ્યેન્દ્રિય-દ્વારો વિદ્યમાન હોવા છતાં સમસ્ત ઇંદ્રિયોના વિષયોનું (–વિષયભૂત પદાર્થોનું) જ્ઞાન એકીસાથે થતું નથી, કારણ કે ઇંદ્રિયજ્ઞાન પરોક્ષ છે.

**ભાવાર્થઃ**—કાગડાને આંખ બે હોય છે પણ પૂતળી (–કીકી) એક જ હોય છે. જે આંખથી કાગડાને જોવું હોય છે તે આંખમાં પૂતળી આવી જાય છે; તે વખતે તે બીજી આંખથી જોઈ શકતો નથી. આમ હોવા છતાં પૂતળી એટલી ઝડપથી બે આંખોમાં ફરે છે કે બન્ને આંખોમાં જુદી જુદી પૂતળી હોય એમ લોકોને લાગે છે. વાસ્તવિક રીતે પૂતળી એક જ હોય છે. આવી જ દશા ક્ષાયોપશમિક જ્ઞાનની છે. દ્રવ્ય-ઇંદ્રિયરૂપી દ્વારો તો પાંચ છે પણ ક્ષાયોપશમિક જ્ઞાન એક વખતે એક ઇંદ્રિય દ્વારા જ જાણી શકે છે; તે વખતે બીજી ઇંદ્રિયો દ્વારા કાર્ય થતું નથી. ક્ષાયોપશમિક જ્ઞાન જ્યારે નેત્ર દ્વારા વર્ણને જાણવાનું (–જોવાનું) કાર્ય કરતું હોય છે ત્યારે તે શબ્દ, ગંધ, રસ કે સ્પર્શને જાણી શકતું નથી અર્થાત્ જ્યારે તે જ્ઞાનનો ઉપયોગ નેત્ર દ્વારા વર્ણ જોવામાં રોકાયો હોય છે ત્યારે કાન પર શા શબ્દો પડે છે, નાકમાં કેવી ગંધ આવે છે વગેરે ખ્યાલ રહેતો નથી. જોકે જ્ઞાનનો ઉપયોગ એક વિષયમાંથી બીજા વિષયમાં ઝડપથી પલટાતો હોવાથી જાણે કે બધા વિષયો એકીસાથે જણાતા હોય એમ સ્થૂલ દ્રષ્ટિએ જોતાં લાગે છે તોપણ સૂક્ષ્મ દ્રષ્ટિથી જોતાં ક્ષાયોપશમિક જ્ઞાન એક વખતે એક જ ઇંદ્રિય દ્વારા પ્રવર્તતું સ્પષ્ટ રીતે ભાસે છે. આ રીતે ઇંદ્રિયો પોતાના વિષયોમાં પણ ક્રમે પ્રવર્તતી હોવાથી પરોક્ષ એવું ઇંદ્રિયજ્ઞાન હેય છે. ૫૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथेन्द्रियज्ञानं न प्रत्यक्षं भवतीति निश्चिनोति—

परदव्वं ते अक्खा णेव सहावो त्ति अप्पणो भणिदा ।
उवलद्धं तेहि कधं पच्चक्खं अप्पणो होदि ॥ ५७ ॥

परद्रव्यं तान्यक्षाणि नैव स्वभाव इत्यात्मनो भणितानि ।
उपलब्धं तैः कथं प्रत्यक्षमात्मनो भवति ॥ ५७ ॥

आत्मानमेव केवलं प्रति नियतं किल प्रत्यक्षम्। इदं तु व्यतिरिक्तास्तित्वयोगितया परद्रव्यतामुपगतैरात्मनः स्वभावतां मनागप्यसंस्पृशद्भिरिन्द्रियैरुपलभ्योपजन्यमानं न नामात्मनः प्रत्यक्षं भवितुमर्हति ॥ ५७ ॥

---

अथेन्द्रियज्ञानं प्रत्यक्षं न भवतीति व्यवस्थापयति—**परदव्वं ते अक्खा** तानि प्रसिद्धान्यक्षाणीन्द्रियाणि परद्रव्यं भवन्ति । कस्य । आत्मनः । **णेव सहावो त्ति अप्पणो भणिदा** योऽसौ विशुद्धज्ञानदर्शनस्वभाव आत्मनः संबन्धी तत्स्वभावानि निश्चयेन न भणितानीन्द्रियाणि । कस्मात् । भिन्नास्तित्वनिष्पन्नत्वात् । **उवलद्धं तेहि** उपलब्धं ज्ञातं यत्पञ्चेन्द्रियविषयभूतं वस्तु तैरिन्द्रियैः **कधं पच्चक्खं अप्पणो होदि** तद्वस्तु कथं प्रत्यक्षं भवत्यात्मनो, न कथमपीति । तथैव च नानामनोरथव्याप्तिविषये प्रतिपाद्यप्रतिपादकादिविकल्पजालरूपं यन्मनस्तदपीन्द्रियज्ञानवन्निश्चयेन परोक्षं भवतीति ज्ञात्वा किं

---

હવે ઇંદ્રિયજ્ઞાન પ્રત્યક્ષ નથી એમ નક્કી કરે છેઃ—

તે ઇંદ્રિયો પરદ્રવ્ય, જીવસ્વભાવ ભાખી ન તેમને,
તેનાથી જે ઉપલબ્ધ તે પ્રત્યક્ષ કઈ રીત જીવને? ૫૭.

**અન્વયાર્થઃ**—[ तानि अक्षाणि ] તે ઇંદ્રિયો [ परद्रव्यं ] પરદ્રવ્ય છે, [ आत्मनः स्वभावः इति ] તેમને આત્માના સ્વભાવરૂપ [ न एव भणितानि ] કહી નથી; [ तैः ] તેમના વડે [ उपलब्धं ] જણાયેલું [ आत्मनः ] આત્માને [ प्रत्यक्षं ] પ્રત્યક્ષ [ कथं भवति ] કઈ રીતે હોય?

**ટીકાઃ**—જે કેવળ આત્મા પ્રતિ જ નિયત હોય તે (જ્ઞાન) ખરેખર પ્રત્યક્ષ છે. આ (ઇંદ્રિયજ્ઞાન) તો, જે ભિન્ન અસ્તિત્વવાળી હોવાથી પરદ્રવ્યપણાને પામી છે (અર્થાત્ પરદ્રવ્યરૂપ છે) અને આત્મસ્વભાવપણાને જરા પણ સ્પર્શતી નથી (અર્થાત્ આત્માના સ્વભાવરૂપ લેશમાત્ર પણ નથી) એવી ઇંદ્રિયો વડે ઉપલબ્ધિ કરીને (-એવી ઇંદ્રિયોના નિમિત્તથી પદાર્થોને જાણીને) ઉપજે છે તેથી તે (ઇંદ્રિયજ્ઞાન) આત્માને પ્રત્યક્ષ હોઈ શકે નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ परोक्षप्रत्यक्षलक्षणमुपलक्षयति—

**जं परदो विण्णाणं तं तु परोक्ख त्ति भणिदमट्ठेसु ।**
**जदि केवलेण णादं हवदि हि जीवेण पच्चक्खं ॥ ५८ ॥**

**यत्परतो विज्ञानं तत्तु परोक्षमिति भणितमर्थेषु ।**
**यदि केवलेन ज्ञातं भवति हि जीवेन प्रत्यक्षम् ॥ ५८ ॥**

यत्तु खलु परद्रव्यभूतादन्तःकरणादिन्द्रियात्परोपदेशादुपलब्धेः संस्कारादालोकादेर्वा

---

कर्तव्यम् । सकलैकाखण्डप्रत्यक्षप्रतिभासमयपरमज्योतिःकारणभूते स्वशुद्धात्मस्वरूपभावनासमुत्पन्नपरमाह्लादैकलक्षणसुखसंवित्त्याकारपरिणतिरूपे रागादिविकल्पोपाधिरहिते स्वसंवेदनज्ञाने भावना कर्तव्या इत्यभिप्रायः ॥ ५७ ॥ अथ पुनरपि प्रकारान्तरेण प्रत्यक्षपरोक्षलक्षणं कथयति—**जं परदो विण्णाणं तं तु परोक्ख त्ति भणिदं** यत्परतः सकाशाद्विज्ञानं परिज्ञानं भवति तत्पुनः परोक्षमिति भणितम् । केषु

---

ભાવાર્થ:—જે સીધું આત્મા દ્વારા જ જાણે છે તે જ્ઞાન પ્રત્યક્ષ છે. ઇંદ્રિયજ્ઞાન તો પરદ્રવ્યરૂપ ઇંદ્રિયો દ્વારા જાણે છે તેથી તે પ્રત્યક્ષ નથી. ૫૭.

હવે પરોક્ષ અને પ્રત્યક્ષનાં લક્ષણ દર્શાવે છે:—

**અર્થો તણું જે જ્ઞાન પરતઃ થાય તેહ પરોક્ષ છે;**
**જીવમાત્રથી જ જણાય જો, તો જ્ઞાન તે પ્રત્યક્ષ છે. ૫૮.**

**અન્વયાર્થ:**—[ परतः ] પર દ્વારા થતું [ यत् ] જે [ अर्थेषु विज्ञानं ] પદાર્થો સંબંધી વિજ્ઞાન [ तत् तु ] તે તો [ परोक्षं इति भणितं ] પરોક્ષ કહેવામાં આવ્યું છે; [ यदि ] જો [ केवलेन जीवेन ] કેવળ જીવ વડે જ [ ज्ञातं भवति हि ] જાણવામાં આવે [ प्रत्यक्षम् ] તો તે જ્ઞાન પ્રત્યક્ષ છે.

**ટીકા:**— નિમિત્તપણાને પામેલાં ( અર્થાત્ નિમિત્તરૂપ બનેલાં ) એવાં જે પરદ્રવ્યભૂત [1]અંતઃકરણ, ઇંદ્રિય, [2]પરોપદેશ, [3]ઉપલબ્ધિ, [4]સંસ્કાર કે [5]પ્રકાશાદિક, તેમના

---

૧. અંતઃકરણ = મન
૨. પરોપદેશ = અન્યનો ઉપદેશ
૩. ઉપલબ્ધિ = જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમના નિમિત્તે ઉપજેલી પદાર્થોને જાણવાની શક્તિ. (આ ‘ લબ્ધિ ’ શક્તિ જ્યારે ‘ઉપયુક્ત’ થાય ત્યારે જ પદાર્થ જણાય.)
૪. સંસ્કાર = પૂર્વે જાણેલા પદાર્થની ધારણા
૫. ચક્ષુઇંદ્રિય દ્વારા રૂપી પદાર્થને જોવામાં પ્રકાશ પણ નિમિત્તરૂપ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निमित्ततामुपगतात् स्वविषयमुपगतस्यार्थस्य परिच्छेदनं तत् परतः प्रादुर्भवत्परोक्षमित्यालक्ष्यते । यत्पुनरन्तःकरणमिन्द्रियं परोपदेशमुपलब्धिं संस्कारमालोकादिकं वा समस्तमपि परद्रव्यमनपेक्ष्यात्मस्वभावमेवैकं कारणत्वेनोपादाय सर्वद्रव्यपर्यायजातमेकपद एवाभिव्याप्य प्रवर्तमानं परिच्छेदनं तत् केवलादेवात्मनः संभूतत्वात् प्रत्यक्षमित्यालक्ष्यते । इह हि सहजसौख्यसाधनीभूतमिदमेव महाप्रत्यक्षमभिप्रेतमिति ॥ ५८ ॥

अथैतदेव प्रत्यक्षं पारमार्थिकसौख्यत्वेनोपक्षिपति—

**जादं सयं समत्तं णाणमणंतत्थवित्थडं विमलं ।**
**रहियं तु ओग्गहादिहिं सुहं ति एगंतियं भणियं ॥ ५९ ॥**

---

विषयेषु । अट्ठेसु ज्ञेयपदार्थेषु । **जदि केवलेण णादं हवदि हि** यदि केवलेनासहायेन ज्ञातं भवति हि स्फुटम् । केन कर्तृभूतेन । **जीवेण** जीवेन । तर्हि **पच्चक्खं** प्रत्यक्षं भवतीति । अतो विस्तरः— इन्द्रियमनःपरोपदेशालोकादिबहिरङ्गनिमित्तभूतात्तथैव च ज्ञानावरणीयक्षयोपशमजनितार्थग्रहणशक्तिरूपाया उपलब्धेरर्थावधारणरूपसंस्काराच्चान्तरङ्गकारणभूतात्सकाशादुत्पद्यते यद्विज्ञानं तत्पराधीनत्वात्परोक्षमित्युच्यते । यदि पुनः पूर्वोक्तसमस्तपरद्रव्यमनपेक्ष्य केवलाच्छुद्धबुद्धैकस्वभावात्परमात्मनः सकाशात्समुत्पद्यते ततोऽक्षनामानमात्मानं प्रतीत्योत्पद्यमानत्वात्प्रत्यक्षं भवतीति सूत्राभिप्रायः ॥ ५८ ॥ एवं हेयभूतेन्द्रियज्ञानकथनमुख्यतया गाथाचतुष्टयेन तृतीयस्थलं गतम् । अथाभेदनयेन पञ्चविशेषणविशिष्टं केवलज्ञानमेव सुखमिति

---

દ્વારા થતું જે સ્વવિષયભૂત પદાર્થનું જ્ઞાન, તે પરદ્વારા [૧]પ્રાદુર્ભાવ પામતું હોવાથી 'પરોક્ષ' તરીકે ઓળખાય છે; અને અંતઃકરણ, ઇંદ્રિય, પરોપદેશ, ઉપલબ્ધિ, સંસ્કાર કે પ્રકાશાદિક—એ બધાંય પરદ્રવ્યની અપેક્ષા રાખ્યા વિના એક આત્મસ્વભાવને જ કારણપણે ગ્રહીને સર્વ દ્રવ્ય-પર્યાયોના સમૂહમાં એકીવખતે જ વ્યાપીને પ્રવર્તતું જે જ્ઞાન, તે કેવળ આત્મા દ્વારા જ ઉત્પન્ન થતું હોવાથી 'પ્રત્યક્ષ' તરીકે ઓળખાય છે.

અહીં (આ ગાથામાં) સહજ સુખના સાધનભૂત એવું આ જ મહાપ્રત્યક્ષ જ્ઞાન ઇચ્છવામાં આવ્યું છે—ઉપાદેય માનવામાં આવ્યું છે (એમ આશય સમજવો). ૫૮.

હવે આ જ પ્રત્યક્ષ જ્ઞાનને પારમાર્થિક સુખપણે દર્શાવે છે:—

**સ્વયમેવ જાત, સમંત, અર્થ અનંતમાં વિસ્તૃત ને**
**અવગ્રહ-ઇહાદિ રહિત, નિર્મળ જ્ઞાન સુખ એકાંત છે. ૫૯.**

---

૧. પ્રાદુર્ભાવ પામતું = પ્રગટ થતું; ઉત્પન્ન થતું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जादं सयं समंतं णाणमणंतत्थवित्थडं विमलं ।
रहिदं तु ओग्गहादिहिं सुहं ति एगंतियं भणिदं ॥ ५९ ॥

स्वयं जातत्वात्, समन्तत्वात्, अनन्तार्थविस्तृतत्वात्, विमलत्वात्, अवग्रहादिरहितत्वाच्च प्रत्यक्षं ज्ञानं सुखमैकान्तिकमिति निश्चीयते, अनाकुलत्वैकलक्षणत्वात्सौख्यस्य । यतो हि परतो जायमानं पराधीनतया, असमंतमितरद्वारावरणेन, कतिपयार्थप्रवृत्तमितरार्थबुभुत्सया, समलमसम्यगवबोधेन, अवग्रहादिसहितं क्रमकृतार्थग्रहणखेदेन परोक्षं ज्ञानमत्यन्तमाकुलं

---

प्रतिपादयति—जादं जातं उत्पन्नम् । किं कर्तृ । णाणं केवलज्ञानम् । कथं जातम् । सयं स्वयमेव । पुनरपि किंविशिष्टम् । समत्तं परिपूर्णम् । पुनरपि किंरूपम् । अणंतत्थवित्थडं अनन्तार्थविस्तीर्णम् ।

---

**અન્વયાર્થઃ**—[ स्वयं जातं ] સ્વયં (-પોતાથી જ) ઊપજતું, [ समंतं ] સમંત (અર્થાત્ સર્વ પ્રદેશેથી જાણતું), [ अनन्तार्थविस्तृतं ] અનંત પદાર્થોમાં વિસ્તૃત, [ विमलं ] વિમળ [ तु ] અને [ अवग्रहादिभिः रहितं ] અવગ્રહાદિથી રહિત—[ ज्ञानं ] એવું જ્ઞાન [ ऐकान्तिकं सुखं ] એકાંતિક સુખ છે [ इति भणितम् ] એમ (સર્વજ્ઞદેવે) કહ્યું છે.

**ટીકાઃ**—( १ ) 'સ્વયં ઊપજતું' હોવાથી, ( २ ) [1]'સમંત' હોવાથી, ( ३ ) 'અનંત પદાર્થોમાં વિસ્તૃત' હોવાથી, ( ४ ) 'વિમળ' હોવાથી અને ( ५ ) 'અવગ્રહાદિ રહિત' હોવાથી, પ્રત્યક્ષ જ્ઞાન [2]એકાંતિક સુખ છે એમ નક્કી થાય છે, કારણ કે સુખનું અનાકુળતા જ એક લક્ષણ છે.

( આ વાત વિસ્તારથી સમજાવવામાં આવે છેઃ— )

( १ ) 'પર દ્વારા ઊપજતું' થકું પરાધીનતાને લીધે, ( २ ) [3]'અસમંત' હોવાથી ઇતર દ્વારોના આવરણને લીધે, ( ३ ) '( માત્ર ) કેટલાક પદાર્થોમાં પ્રવર્તતું' થકું [4]ઇતર પદાર્થોને જાણવાની ઇચ્છાને લીધે, ( ४ ) 'સમળ' હોવાથી અસમ્યક્ અવબોધને લીધે (—કર્મમળવાળું હોવાથી સંશય-વિમોહ-વિભ્રમ સહિત જાણવાને લીધે), અને ( ५ ) 'અવગ્રહાદિ સહિત' હોવાથી ક્રમે થતા [5]પદાર્થગ્રહણના ખેદને લીધે (—આ કારણોને લીધે), પરોક્ષ જ્ઞાન અત્યંત આકુળ છે; તેથી તે પરમાર્થે સુખ નથી.

---

१. સમંત = ચારે તરફ—સર્વ ભાગમાં વર્તતું; સર્વ આત્મપ્રદેશેથી જાણતું; સમસ્ત; આખું; અખંડ.
२. એકાંતિક = પરિપૂર્ણ; છેવટનું; એકલું; સર્વથા.
३. પરોક્ષ જ્ઞાન ખંડિત છે અર્થાત્ અમુક પ્રદેશો દ્વારા જ જાણે છે, જેમ કે—વર્ણ આંખ જેટલા પ્રદેશો દ્વારા જ (ઇંદ્રિયજ્ઞાનથી) જણાય છે; અન્ય દ્વારો બંધ છે.
४. ઇતર = અન્ય; બીજા; તે સિવાયના.
५. પદાર્થગ્રહણ અર્થાત્ પદાર્થનો બોધ એકીસાથે ન થતાં અવગ્રહ, ઈહા વગેરે ક્રમપૂર્વક થતો હોવાથી ખેદ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

भवति। ततो न तत् परमार्थतः सौख्यम्। इदं तु पुनरनादिज्ञानसामान्यस्वभावस्योपरि महाविकाशेनाभिव्याप्य स्वत एव व्यवस्थितत्वात्स्वयं जायमानमात्माधीनतया, समन्तात्म-प्रदेशान् परमसमक्षज्ञानोपयोगीभूयाभिव्याप्य व्यवस्थितत्वात्समन्तम् अशेषद्वारापावरणेन, प्रसभं निपीतसमस्तवस्तुज्ञेयाकारं परमं वैश्वरूप्यमभिव्याप्य व्यवस्थितत्वादनन्तार्थविस्तृतम् समस्तार्थाबुभुत्सया, सकलशक्तिप्रतिबन्धककर्मसामान्यनिःक्रान्ततया परिस्पष्टप्रकाशभास्वरं स्वभावमभिव्याप्य व्यवस्थितत्वाद्विमलम् सम्यगवबोधेन, युगपत्समर्पितत्रैसमयिकात्मस्वरूपं लोकालोकमभिव्याप्य व्यवस्थितत्वादवग्रहादिरहितम् क्रमकृतार्थग्रहणखेदाभावेन प्रत्यक्षं ज्ञानमनाकुलं भवति। ततस्तत्पारमार्थिकं खलु सौख्यम् ॥ ५९ ॥

---

पुनः कीदृशम्। विमलं संशयादिमलरहितम्। पुनरपि कीदृक्। रहियं तु ओग्गहादिहिं अवग्रहादि-रहितं चेति। एवं पञ्चविशेषणविशिष्टं यत्केवलज्ञानं सुहं त्ति एगंतियं भणियं तत्सुखं भणितम्। कथंभूतम्। ऐकान्तिकं नियमेनेति। तथा हि—परनिरपेक्षत्वेन चिदानन्दैकस्वभावं निजशुद्धात्मानमुपा-

---

અને આ પ્રત્યક્ષ જ્ઞાન તો અનાકુળ છે, કારણ કે—(૧) અનાદિ જ્ઞાનસામાન્ય-રૂપ સ્વભાવ ઉપર મહા વિકાસથી વ્યાપીને સ્વતઃ (-પોતાથી) જ રહ્યું હોવાથી 'સ્વયં ઊપજે છે' તેથી આત્માધીન છે (અને આત્માધીન હોવાથી આકુળતા થતી નથી); (૨) સમસ્ત આત્મપ્રદેશોમાં, પરમ [૧]સમક્ષ જ્ઞાનોપયોગરૂપ થઈ, વ્યાપી રહેલું હોવાથી 'સમંત છે' તેથી અશેષ દ્વારો ખુલ્લાં થયાં છે (અને એ રીતે કોઈ દ્વાર બંધ નહિ હોવાથી આકુળતા થતી નથી); (૩) સમસ્ત વસ્તુઓના જ્ઞેયાકારોને અત્યંત પી ગયું હોવાને લીધે પરમ [૨]વિવિધતામાં વ્યાપીને રહેલું હોવાથી 'અનંત પદાર્થોમાં વિસ્તૃત છે' તેથી સર્વ પદાર્થોને જાણવાની ઇચ્છાનો અભાવ છે (અને એ રીતે કોઈ પદાર્થને જાણવાની ઇચ્છા નહિ હોવાથી આકુળતા થતી નથી); (૪) (જ્ઞાનમાંથી) સકળ શક્તિને રોકનારું કર્મસામાન્ય નીકળી ગયું હોવાને લીધે (જ્ઞાન) [૩]પરિસ્પષ્ટ પ્રકાશ વડે પ્રકાશમાન (-તેજસ્વી) સ્વભાવમાં વ્યાપીને રહ્યું હોવાથી 'વિમળ છે' તેથી સમ્યક્‌પણે (-બરાબર) જાણે છે (અને એ રીતે સંશયાદિરહિતપણે જાણવાને લીધે આકુળતા થતી નથી); તથા (૫) જેમણે ત્રણે કાળનું પોતાનું સ્વરૂપ યુગપદ્ સમર્પિત કર્યું છે (-એકીસમયે જણાવ્યું છે) એવા લોકાલોકમાં વ્યાપીને રહ્યું હોવાથી 'અવગ્રહાદિ રહિત છે' તેથી ક્રમે થતા પદાર્થગ્રહણના ખેદનો અભાવ છે. —આ પ્રમાણે (ઉપર્યુક્ત પાંચ કારણે) પ્રત્યક્ષ જ્ઞાન અનાકુળ છે. તેથી ખરેખર તે પારમાર્થિક સુખ છે.

---

૧. સમક્ષ = પ્રત્યક્ષ

૨. પરમ વિવિધતા = સમસ્તપદાર્થસમૂહ કે જે અનંત વિવિધતામય છે.

૩. પરિસ્પષ્ટ = સર્વ પ્રકારે સ્પષ્ટ; અત્યંત સ્પષ્ટ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ केवलस्यापि परिणामद्वारेण खेदस्य संभवादैकान्तिकसुखत्वं नास्तीति प्रत्याचष्टे—

जं केवलं ति णाणं तं सोक्खं परिणमं च सो चेव ।
खेदो तस्स ण भणिदो जम्हा घादी खयं जादा ॥ ६० ॥

यत्केवलमिति ज्ञानं तत्सौख्यं परिणामश्च स चैव ।
खेदस्तस्य न भणितो यस्मात् घातीनि क्षयं जातानि ॥ ६० ॥

अत्र को हि नाम खेदः कश्च परिणामः कश्च केवलसुखयोर्व्यतिरेकः, यतः केवलस्यैकान्तिकसुखत्वं न स्यात् । खेदस्यायतनानि घातिकर्माणि, न नाम केवलं परिणाम-

---

दानकारणं कृत्वा समुत्पद्यमानत्वात्स्वयं जायमानं सत्, सर्वशुद्धात्मप्रदेशाधारत्वेनोत्पन्नत्वात्समस्तं सर्वज्ञानाविभागपरिच्छेदपरिपूर्णं सत्, समस्तावरणक्षयेनोत्पन्नत्वात्समस्तज्ञेयपदार्थग्राहकत्वेन विस्तीर्णं सत्, संशयविमोहविभ्रमरहितत्वेन सूक्ष्मादिपदार्थपरिच्छित्तिविषयेऽत्यन्तविशदत्वाद्विमलं सत्, क्रमकरणव्यवधानजनितखेदाभावादवग्रहादिरहितं च सत्, यदेवं पञ्चविशेषणविशिष्टं क्षायिकज्ञानं तदनाकुलत्वलक्षणपरमानन्दैकरूपपारमार्थिकसुखात्संज्ञालक्षणप्रयोजनादिभेदेऽपि निश्चयेनाभिन्नत्वात्पारमार्थिकसुखं भण्यते—इत्यभिप्रायः ॥५९॥ अथानन्तपदार्थपरिच्छेदनात्केवलज्ञानेऽपि खेदोऽस्तीति पूर्वपक्षे सति परिहारमाह—

---

**ભાવાર્થ**:—ક્ષાયિકજ્ઞાન-કેવળજ્ઞાન એકાંત સુખસ્વરૂપ છે. ૫૯.

હવે 'કેવળજ્ઞાનને પણ પરિણામ દ્વારા *ખેદનો સંભવ હોવાથી કેવળજ્ઞાન એકાંતિક સુખ નથી' એવા અભિપ્રાયનું ખંડન કરે છે:—

જે જ્ઞાન 'કેવળ' તે જ સુખ, પરિણામ પણ વળી તે જ છે;
ભાખ્યો ન તેમાં ખેદ જેથી ઘાતિકર્મ વિનષ્ટ છે. ૬૦.

**અન્વયાર્થ**:—[ यत् ] જે [ केवलम् इति ज्ञानं ] 'કેવળ' નામનું જ્ઞાન છે [ तत् सौख्यं ] તે સુખ છે. [ परिणामः च ] પરિણામ પણ [ सः च एव ] તે જ છે. [ तस्य खेदः न भणितः ] તેને ખેદ કહ્યો નથી (અર્થાત્ કેવળજ્ઞાનમાં સર્વજ્ઞદેવે ખેદ કહ્યો નથી) [ यस्मात् ] કારણ કે [ घातीनि ] ઘાતિકર્મો [ क्षयं जातानि ] ક્ષય પામ્યાં છે.

**ટીકા**:—અહીં (કેવળજ્ઞાનની બાબતમાં), (૧) ખેદ શો, (૨) પરિણામ શા તથા (૩) કેવળજ્ઞાન અને સુખનો વ્યતિરેક (-ભેદ) શો, કે જેથી કેવળજ્ઞાનને એકાંતિક સુખપણું ન હોય?

---

* ખેદ = થાક; સંતાપ; દુઃખ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मात्रम् । घातिकर्माणि हि महामोहोत्पादकत्वादुन्मत्तकवदतस्मिंस्तद्बुद्धिमाधाय परिच्छेद्यमर्थं प्रत्यात्मानं यतः परिणामयति, ततस्तानि तस्य प्रत्यर्थं परिणम्य परिणम्य श्राम्यतः खेदनिदानतां प्रतिपद्यन्ते । तदभावात्कुतो हि नाम केवले खेदस्योद्भेदः । यतश्च त्रिसमयावच्छिन्नसकलपदार्थपरिच्छेद्याकारवैश्वरूप्यप्रकाशनास्पदीभूतं चित्रभित्तिस्थानीयमनन्तस्वरूपं स्वयमेव परिणमत्केवलमेव परिणामः । ततः कुतोऽन्यः परिणामो यद्द्वारेण खेदस्यात्मलाभः । यतश्च समस्तस्वभावप्रतिघाताभावात्समुल्लसितनिरङ्कुशानन्तशक्तितया सकलं त्रैकालिकं लोकालोकाकारमभिव्याप्य कूटस्थत्वेनात्यन्तनिःप्रकम्पं व्यवस्थितत्वादनाकुलतां सौख्यलक्षणभूता-

---

**जं केवलं ति णाणं तं सोक्खं** यत्केवलमिति ज्ञानं तत्सौख्यं भवति, तस्मात् **खेदो तस्स ण भणिदो** तस्य केवलज्ञानस्य खेदो दुःखं न भणितम् । तदपि कस्मात् । **जम्हा घादी खयं जादा** यस्मान्मोहादिघातिकर्माणि क्षयं गतानि । तर्हि तस्यानन्तपदार्थपरिच्छित्तिपरिणामो दुःखकारणं भविष्यति । नैवम् । **परिणमं च सो चेव** तस्य केवलज्ञानस्य संबन्धी परिणामश्च स एव सुखरूप एवेति । इदानीं विस्तरः—ज्ञानदर्शनावरणोदये सति युगपदर्थान् ज्ञातुमशक्यत्वात् क्रमकरणव्यवधानग्रहणे खेदो भवति, आवरणद्वयाभावे सति युगपद्ग्रहणे केवलज्ञानस्य खेदो नास्तीति सुखमेव । तथैव तस्य भगवतो जगत्त्रयकालत्रयवर्तिसमस्तपदार्थयुगपत्परिच्छित्ति-

---

(૧) ખેદનાં આયતનો (-સ્થાનો) ઘાતિકર્મો છે, કેવળ પરિણામમાત્ર નહિ. ઘાતિકર્મો મહા મોહનાં ઉત્પાદક હોવાથી ધતૂરાની માફક [1]અતત્‌માં તત્‌બુદ્ધિ ધારણ કરાવી આત્માને જ્ઞેય પદાર્થ પ્રતિ પરિણમાવે છે, તેથી તે ઘાતિકર્મો, દરેક પદાર્થ પ્રતિ પરિણમી પરિણમીને થાકતા તે આત્માને ખેદનાં કારણ થાય છે. તેમનો (ઘાતિકર્મોનો) અભાવ હોવાથી કેવળજ્ઞાનમાં ખેદનું પ્રગટવું ક્યાંથી થાય? (૨) વળી ત્રણ કાળરૂપ ત્રણ ભેદો જેમાં પાડવામાં આવે છે એવા સમસ્ત પદાર્થોના જ્ઞેયાકારોરૂપ વિવિધતાને પ્રકાશવાના સ્થાનભૂત કેવળજ્ઞાન, ચીતરેલી ભીંતની માફક, અનંતસ્વરૂપે પોતે જ પરિણમતું હોવાથી કેવળજ્ઞાન જ પરિણામ છે. માટે અન્ય પરિણામ ક્યાં છે કે જે દ્વારા ખેદની ઉત્પત્તિ થાય? (૩) વળી કેવળજ્ઞાન સમસ્ત [2]સ્વભાવપ્રતિઘાતના અભાવને લીધે નિરંકુશ અનંત શક્તિ ઉલ્લસી હોવાથી સકળ ત્રિકાળિક લોકાલોક-આકારમાં વ્યાપીને [3]કૂટસ્થપણે અત્યંત

---

૧. અતત્‌માં તત્‌બુદ્ધિ = વસ્તુ જે-સ્વરૂપે ન હોય તે-સ્વરૂપે હોવાની માન્યતા; જેમ કે—જડમાં ચેતનબુદ્ધિ (અર્થાત્ જડમાં ચેતનની માન્યતા), દુઃખમાં સુખબુદ્ધિ વગેરે.

૨. પ્રતિઘાત = વિઘ્ન; રુકાવટ; હણાવું તે; ઘાત.

૩. કૂટસ્થ = સર્વકાળે એક રૂપે રહેનારું; અચળ. (કેવળજ્ઞાન સર્વથા અપરિણામી નથી; પરંતુ તે એક જ્ઞેયથી અન્ય જ્ઞેય પ્રતિ પલટાતું નથી—સર્વદા ત્રણે કાળના સમસ્ત જ્ઞેયાકારોને જાણ્યા કરે છે, તેથી તેને કૂટસ્થ કહ્યું છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

मात्मनोऽव्यतिरिक्तां बिभ्राणं केवलमेव सौख्यम् । ततः कुतः केवलसुखयोर्व्यतिरेकः । अतः सर्वथा केवलं सुखमैकान्तिकमनुमोदनीयम् ॥ ६० ॥

---

समर्थमखण्डैकरूपं प्रत्यक्षपरिच्छित्तिमयं स्वरूपं परिणमत्सत् केवलज्ञानमेव परिणामो, न च केवलज्ञानाद्भिन्नपरिणामोऽस्ति येन खेदो भविष्यति । अथवा परिणामविषये द्वितीयव्याख्यानं क्रियते— युगपदनन्तपदार्थपरिच्छित्तिपरिणामेऽपि वीर्यान्तरायनिरवशेषक्षयादनन्तवीर्यत्वात् खेदकारणं नास्ति, तथैव च शुद्धात्मसर्वप्रदेशेषु समरसीभावेन परिणममानानां सहजशुद्धानन्दैकलक्षणसुखरसास्वाद-परिणतिरूपामात्मनः सकाशादभिन्नामनाकुलतां प्रति खेदो नास्ति । संज्ञालक्षणप्रयोजनादिभेदेऽपि निश्चयेनाभेदरूपेण परिणममानं केवलज्ञानमेव सुखं भण्यते । ततः स्थितमेतत्केवलज्ञानाद्भिन्नं सुखं नास्ति । तत एव केवलज्ञाने खेदो न संभवतीति ॥ ६० ॥ अथ पुनरपि केवलज्ञानस्य सुखस्वरूपतां

---

નિષ્કંપ રહ્યું છે તેથી આત્માથી અભિન્ન એવી, સુખના લક્ષણભૂત અનાકુળતા ધરતું થકું કેવળજ્ઞાન જ સુખ છે. માટે કેવળજ્ઞાન અને સુખનો વ્યતિરેક ક્યાં છે?

આથી 'કેવળજ્ઞાન એકાંતિક સુખ છે' એમ સર્વથા અનુમોદવાયોગ્ય છે (–આનંદથી સંમત કરવાયોગ્ય છે).

ભાવાર્થઃ—'કેવળજ્ઞાનમાં પણ પરિણામ થયા કરતા હોવાથી થાક લાગે અને તેથી દુઃખ થાય; માટે કેવળજ્ઞાન એકાંતિક સુખ કઈ રીતે હોઈ શકે?' એવી શંકાનું અહીં સમાધાન કરવામાં આવ્યું છેઃ

(૧) પરિણામમાત્ર થાકનું કે દુઃખનું કારણ નથી, પણ ઘાતિકર્મોના નિમિત્તે થતા પર-સન્મુખ પરિણામ થાકનાં કે દુઃખનાં કારણ છે. કેવળજ્ઞાનમાં ઘાતિકર્મો અવિદ્યમાન હોવાથી ત્યાં થાક કે દુઃખ નથી. (૨) વળી કેવળજ્ઞાન પોતે જ પરિણામશીલ છે; પરિણમન કેવળજ્ઞાનનું સ્વરૂપ જ છે, ઉપાધિ નથી. પરિણામનો નાશ થાય તો કેવળજ્ઞાનનો જ નાશ થાય. આ રીતે પરિણામ કેવળજ્ઞાનનું સહજ સ્વરૂપ હોવાથી કેવળજ્ઞાનને પરિણામ દ્વારા ખેદ હોઈ શકે નહિ—હોતો નથી. (૩) વળી કેવળજ્ઞાન આખા ત્રિકાળિક લોકાલોકના આકારને (–સમસ્ત પદાર્થોના ત્રિકાળિક જ્ઞેયાકારસમૂહને) સર્વદા અડોલપણે જાણતું થકું અત્યંત નિષ્કંપ-સ્થિર-અક્ષુબ્ધ-અનાકુળ છે; અને અનાકુળ હોવાથી સુખી છે—સુખસ્વરૂપ છે, કારણ કે અનાકુળતા સુખનું જ લક્ષણ છે. આમ કેવળજ્ઞાન અને અક્ષુબ્ધતા-અનાકુળતા ભિન્ન નહિ હોવાથી કેવળજ્ઞાન અને સુખ ભિન્ન નથી.

આ રીતે (૧) ઘાતિકર્મોના અભાવને લીધે, (૨) પરિણામ કોઈ ઉપાધિ નહિ હોવાને લીધે, અને (૩) કેવળજ્ઞાન નિષ્કંપ-સ્થિર-અનાકુળ હોવાને લીધે, કેવળજ્ઞાન સુખસ્વરૂપ જ છે. ૬૦.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ पुनरपि केवलस्य सुखस्वरूपतां निरूपयन्नुपसंहरति—

णाणं अत्थंतगयं लोयालोएसु वित्थडा दिट्ठी ।
णट्ठमणिट्ठं सव्वं इट्ठं पुण जं तु तं लद्धं ॥ ६१ ॥

ज्ञानमर्थान्तगतं लोकालोकेषु विस्तृता दृष्टिः ।
नष्टमनिष्टं सर्वमिष्टं पुनर्यत्तु तल्लब्धम् ॥ ६१ ॥

स्वभावप्रतिघाताभावहेतुकं हि सौख्यम् । आत्मनो हि दृशिज्ञप्ती स्वभावः, तयोर्लोकालोकविस्तृतत्वेनार्थान्तगतत्वेन च स्वच्छन्दविजृम्भितत्वाद्भवति प्रतिघाताभावः । ततस्तद्धेतुकं सौख्यमभेदविवक्षायां केवलस्य स्वरूपम् । किंच केवलं सौख्यमेव; सर्वानिष्टप्रहाणात्,

---

प्रकारान्तरेण दृढयति—**णाणं अत्थंतगयं** ज्ञानं केवलज्ञानमर्थान्तगतं ज्ञेयान्तप्राप्तं **लोयालोएसु वित्थडा दिट्ठी** लोकालोकयोर्विस्तृता दृष्टिः केवलदर्शनम् । **णट्ठमणिट्ठं सव्वं** अनिष्टं दुःखमज्ञानं च तत्सर्वं नष्टं **इट्ठं पुण जं हि तं लद्धं** इष्टं पुनर्यद् ज्ञानं सुखं च हि स्फुटं तत्सर्वं लब्धमिति । तद्यथा—स्वभावप्रतिघाताभावहेतुकं सुखं भवति । स्वभावो हि केवलज्ञानदर्शनद्वयं, तयोः प्रतिघात आवरणद्वयं, तस्याभावः केवलिनां, ततः कारणात्स्वभावप्रतिघाताभावहेतुकमक्षयानन्तसुखं भवति ।

---

હવે ફરીને પણ 'કેવળ (અર્થાત્ કેવળજ્ઞાન) સુખસ્વરૂપ છે' એમ નિરૂપણ કરતાં ઉપસંહાર કરે છેઃ—

અર્થાન્તગત છે જ્ઞાન, લોકાલોકવિસ્તૃત દૃષ્ટિ છે;
છે નષ્ટ સર્વ અનિષ્ટ ને જે ઇષ્ટ તે સૌ પ્રાપ્ત છે. ૬૧.

**અન્વયાર્થઃ**—[ ज्ञानं ] જ્ઞાન [ अर्थान्तगतं ] પદાર્થોના પારને પામેલું છે [ दृष्टिः ] અને દર્શન [ लोकालोकेषु विस्तृता ] લોકાલોકમાં વિસ્તૃત છે; [ सर्वं अनिष्टं ] સર્વ અનિષ્ટ [ नष्टं ] નાશ પામ્યું છે [ पुनः ] અને [ यत् तु ] જે [ इष्टं ] ઇષ્ટ છે [ तत् ] તે સર્વ [ लब्धं ] પ્રાપ્ત થયું છે. (તેથી કેવળ અર્થાત્ કેવળજ્ઞાન સુખસ્વરૂપ છે.)

**ટીકાઃ**—સુખનું કારણ સ્વભાવપ્રતિઘાતનો અભાવ છે. આત્માનો સ્વભાવ દર્શન-જ્ઞાન છે; (કેવળદશામાં) તેમના (-દર્શનજ્ઞાનના) પ્રતિઘાતનો અભાવ છે, કારણ કે દર્શન લોકાલોકમાં વિસ્તૃત હોવાથી અને જ્ઞાન પદાર્થોના પારને પામેલું હોવાથી તેઓ (દર્શન-જ્ઞાન) સ્વચ્છંદપણે (-સ્વતંત્રતાથી, અંકુશ વગર, કોઈથી દબાયા વિના) ખીલેલાં છે. (આમ દર્શનજ્ઞાનરૂપ સ્વભાવના પ્રતિઘાતનો અભાવ છે) તેથી સ્વભાવના પ્રતિઘાતનો અભાવ જેનું કારણ છે એવું સુખ અભેદવિવક્ષામાં કેવળનું સ્વરૂપ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सर्वेष्टोपलम्भाच्च । यतो हि केवलावस्थायां सुखप्रतिपत्तिविपक्षभूतस्य दुःखस्य साधनतामुपगतमज्ञानमखिलमेव प्रणश्यति, सुखस्य साधनीभूतं तु परिपूर्णं ज्ञानमुपजायते, ततः केवलमेव सौख्यमित्यलं प्रपञ्चेन ॥ ६१ ॥

अथ केवलिनामेव पारमार्थिकसुखमिति श्रद्धापयति—

**णो सद्दहंति सोक्खं सुहेसु परमं ति विगदघादीणं ।**
**सुणिदूण ते अभव्वा भव्वा वा तं पडिच्छंति ॥ ६२ ॥**

**न श्रद्दधति सौख्यं सुखेषु परममिति विगतघातिनाम् ।**
**श्रुत्वा ते अभव्या भव्या वा तत्प्रतीच्छन्ति ॥ ६२ ॥**

---

यतश्च परमानन्दैकलक्षणसुखप्रतिपक्षभूतमाकुलत्वोत्पादकमनिष्टं दुःखमज्ञानं च नष्टं, यतश्च पूर्वोक्तलक्षण-सुखाविनाभूतं त्रैलोक्योदरविवरवर्तिसमस्तपदार्थयुगपत्प्रकाशकमिष्टं ज्ञानं च लब्धं, ततो ज्ञायते केवलिनां ज्ञानमेव सुखमित्यभिप्रायः ॥ ६१ ॥ अथ पारमार्थिकसुखं केवलिनामेव, संसारिणां ये मन्यन्ते तेऽभव्या इति निरूपयति—**णो सद्दहंति** नैव श्रद्दधति न मन्यन्ते । किम् । **सोक्खं** निर्विकारपरमाह्लादैकसुखम् । कथंभूतं न मन्यन्ते । **सुहेसु परमं ति** सुखेषु मध्ये तदेव परम-सुखम् । केषां संबन्धि यत्सुखम् । **विगदघादीणं** विगतघातिकर्मणां केवलिनाम् । किं कृत्वापि न मन्यन्ते । **सुणिदूण** 'जादं सयं समत्तं' इत्यादिपूर्वोक्तगाथात्रयकथितप्रकारेण श्रुत्वापि । **ते अभव्वा**

---

(બીજી રીતે કેવળનું સુખસ્વરૂપપણું સમજાવવામાં આવે છે:) વળી, કેવળ અર્થાત્ કેવળજ્ઞાન સુખ જ છે, કારણ કે સર્વ અનિષ્ટનો નાશ થયો છે અને સર્વ ઇષ્ટની પ્રાપ્તિ થઈ છે. કેવળ-અવસ્થામાં, સુખોપલબ્ધિના વિપક્ષભૂત જે દુઃખ તેના સાધનભૂત અજ્ઞાન આખુંય નાશ પામે છે અને સુખના સાધનભૂત પરિપૂર્ણ જ્ઞાન ઊપજે છે, તેથી કેવળ જ સુખ છે. વિશેષ વિસ્તારથી બસ થાઓ. ૬૧.

હવે, કેવળીઓને જ પારમાર્થિક સુખ હોય છે એમ શ્રદ્ધા કરાવે છે:—

**સૂણી 'ઘાતિકર્મવિહીનનું સુખ સૌ સુખે ઉત્કૃષ્ટ છે,'**
**શ્રદ્ધે ન તેહ અભવ્ય છે, ને ભવ્ય તે સંમત કરે. ૬૨.**

**અન્વયાર્થઃ**—'[ विगतघातिनां ] જેમનાં ઘાતિકર્મો નાશ પામ્યાં છે તેમનું [ सौख्यं ] સુખ [ सुखेषु परमं ] (સર્વ) સુખોમાં પરમ અર્થાત્ ઉત્કૃષ્ટ છે' [ इति श्रुत्वा ] એવું વચન સાંભળીને [ न श्रद्दधति ] જેઓ તેને શ્રદ્ધતા નથી [ ते अभव्याः ] તેઓ અભવ્ય છે; [ भव्याः वा ] અને ભવ્યો [ तत् ] તેનો [ प्रतीच्छन्ति ] સ્વીકાર (-આદર, શ્રદ્ધા) કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**इह खलु स्वभावप्रतिघातादाकुलत्वाच्च मोहनीयादिकर्मजालशालिनां सुखाभासेऽप्यपारमार्थिकी सुखमिति रूढिः । केवलिनां तु भगवतां प्रक्षीणघातिकर्मणां स्वभावप्रतिघाताभावादनाकुलत्वाच्च यथोदितस्य हेतोर्लक्षणस्य च सद्भावात्पारमार्थिकं सुखमिति श्रद्धेयम् । न किलैवं येषां श्रद्धानमस्ति ते खलु मोक्षसुखसुधापानदूरवर्तिनो मृगतृष्णाम्भोभारमेवाभव्याः पश्यन्ति । ये पुनरिदमिदानीमेव वचः प्रतीच्छन्ति ते शिवश्रियो भाजनं समासन्नभव्याः भवन्ति । ये तु पुरा प्रतीच्छन्ति ते तु दूरभव्या इति ॥ ६२ ॥**

---

ते अभव्याः । ते हि जीवा वर्तमानकाले सम्यक्त्वरूपभव्यत्वव्यक्त्यभावादभव्या भण्यन्ते, न पुनः सर्वथा । **भव्वा वा तं पडिच्छंति** ये वर्तमानकाले सम्यक्त्वरूपभव्यत्वव्यक्तिपरिणतास्तिष्ठन्ति ते तदनन्तसुखमिदानीं मन्यन्ते । ये च सम्यक्त्वरूपभव्यत्वव्यक्त्या भाविकाले परिणमिष्यन्ति ते च दूरभव्या अग्रे श्रद्धानं कुर्युरिति । अयमत्रार्थः—मारणार्थं तलवरगृहीततस्करस्य मरणमिव यद्यपीन्द्रियसुखमिष्टं न भवति, तथापि तलवरस्थानीयचारित्रमोहोदयेन मोहितः सन्निरुपरागस्वात्मोत्थसुखमलभमानः सन् सरागसम्यग्दृष्टिरात्मनिन्दादिपरिणतो हेयरूपेण तदनुभवति । ये पुनर्वीतरागसम्यग्दृष्टयः शुद्धोपयोगिनस्तेषां, मत्स्यानां स्थलगमनमिवाग्निप्रवेश इव वा, निर्विकारशुद्धात्मसुखाच्च्यवनमपि दुःखं प्रतिभाति । तथा चोक्तम्— "समसुखशीलितमनसां च्यवनमपि द्वेषमेति किमु कामाः । स्थलमपि

---

**ટીકાઃ**—આ લોકમાં મોહનીયાદિકર્મજાળવાળાઓને સ્વભાવપ્રતિઘાતને લીધે અને આકુળપણાને લીધે સુખાભાસ હોવા છતાં તે સુખાભાસને 'સુખ' કહેવાની અપારમાર્થિક રૂઢિ છે, અને જેમનાં ઘાતિકર્મો ક્ષય પામ્યાં છે એવા કેવળીભગવંતોને, સ્વભાવપ્રતિઘાતના અભાવને લીધે અને અનાકુળપણાને લીધે સુખના યથોક્ત [૧]કારણનો અને [૨]લક્ષણનો સદ્‌ભાવ હોવાથી, પારમાર્થિક સુખ છે—એમ શ્રદ્ધવાયોગ્ય છે. જેમને આવું શ્રદ્ધાન નથી, તેઓ—મોક્ષસુખરૂપી સુધાપાનથી દૂરવર્તી અભવ્યો—મૃગતૃષ્ણાના જળસમૂહને જ દેખે (-અનુભવે) છે; અને જેઓ તે વચનનો હમણાં જ સ્વીકાર (-શ્રદ્ધા) કરે છે તેઓ—શિવશ્રીનાં (-મોક્ષલક્ષ્મીનાં) ભાજન—આસન્નભવ્યો છે, તથા જેઓ આગળ ઉપર સ્વીકાર કરશે તેઓ દૂરભવ્યો છે.

**ભાવાર્થઃ**—'કેવળીભગવંતોને જ પારમાર્થિક સુખ છે' એવું વચન સાંભળીને જેઓ કદી તેનો સ્વીકાર-આદર-શ્રદ્ધા કરતા નથી તેઓ કદી મોક્ષ પામતા નથી; જેઓ તે વચન સાંભળીને અંતરથી તેનો સ્વીકાર-આદર-શ્રદ્ધા કરે છે તેઓ જ મોક્ષ પામે છે,—હમણાં કરે છે તે આસન્નભવ્ય છે અને આગળ ઉપર કરશે તે દૂરભવ્ય છે. ૬૨.

---

૧. સુખનું કારણ સ્વભાવપ્રતિઘાતનો અભાવ છે.

૨. સુખનું લક્ષણ અનાકુળપણું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ परोक्षज्ञानिनामपारमार्थिकमिन्द्रियसुखं विचारयति—

**मणुआसुरामरिंदा अहिद्दुदा इंदियेहिं सहजेहिं ।**
**असहंता तं दुक्खं रमंति विसएसु रम्मेसु ॥ ६३ ॥**

मनुजासुरामरेन्द्राः अभिद्रुता इन्द्रियैः सहजैः ।
असहमानास्तद्दुःखं रमन्ते विषयेषु रम्येषु ॥ ६३ ॥

अमीषां प्राणिनां हि प्रत्यक्षज्ञानाभावात्परोक्षज्ञानमुपसर्पतां तत्सामग्रीभूतेषु स्वरसत एवेन्द्रियेषु मैत्री प्रवर्तते । अथ तेषां तेषु मैत्रीमुपगतानामुदीर्णमहामोहकालानलकवलितानां

---

दहति झषाणां किमङ्ग पुनरङ्गमङ्गाराः" ॥ ६२ ॥ एवमभेदनयेन केवलज्ञानमेव सुखं भण्यते इति कथनमुख्यतया गाथाचतुष्टयेन चतुर्थस्थलं गतम् । अथ संसारिणामिन्द्रियज्ञानसाधकमिन्द्रियसुखं विचारयति— **मणुआसुरामरिंदा** मनुजासुरामरेन्द्राः । कथंभूताः । **अहिद्दुदा इंदियेहिं सहजेहिं** अभिद्रुताः कदर्थिताः दुःखिताः । कैः । इन्द्रियैः सहजैः । **असहंता तं दुक्खं** तद्दुःखोद्रेकमसहमानाः सन्तः । **रमंति विसएसु रम्मेसु** रमन्ति विषयेषु रम्याभासेषु इति । अथ विस्तरः—मनुजादयो जीवा अमूर्तातीन्द्रियज्ञानसुखास्वादमलभमानाः सन्तः मूर्तेन्द्रियज्ञानसुखनिमित्तं तन्निमित्तपञ्चेन्द्रियेषु मैत्रीं कुर्वन्ति । ततश्च तप्तलोहगोलकानामुदकाकर्षणमिव विषयेषु तीव्रतृष्णा जायते । तां तृष्णामसहमाना विषयाननुभवन्ति इति । ततो ज्ञायते पञ्चेन्द्रियाणि व्याधिस्थानीयानि, विषयाश्च तत्प्रतीकारौ-

---

હવે પરોક્ષજ્ઞાનવાળાઓના અપારમાર્થિક ઇન્દ્રિયસુખનો વિચાર કરે છેઃ—

સુર-અસુર-નરપતિ પીડિત વર્તે સહજ ઇંદ્રિયો વડે,
નવ સહી શકે તે દુઃખ તેથી રમ્ય વિષયોમાં રમે. ૬૩.

**અન્વયાર્થઃ**—[ मनुजासुरामरेन्द्राः ] મનુષ્યેંદ્રો, અસુરેંદ્રો અને સુરેંદ્રો [ इन्द्रियैः सहजैः ] સ્વાભાવિક (અર્થાત્ પરોક્ષજ્ઞાનવાળાઓને જે સ્વાભાવિક છે એવી) ઇંદ્રિયો વડે [ अभिद्रुताः ] પીડિત વર્તતા થકા [ तद् दुःखं ] તે દુઃખ [ असहमानाः ] નહિ સહી શકવાથી [ रम्येषु विषयेषु ] રમ્ય વિષયોમાં [ रमन्ते ] રમે છે.

**ટીકાઃ**—પ્રત્યક્ષ જ્ઞાનના અભાવને લીધે પરોક્ષ જ્ઞાનનો આશ્રય કરતા આ પ્રાણીઓને તેની (-પરોક્ષ જ્ઞાનની) સામગ્રીરૂપ ઇન્દ્રિયો પ્રત્યે નિજ રસથી જ (-સ્વભાવથી જ) મૈત્રી પ્રવર્તે છે. હવે, ઇન્દ્રિયો પ્રત્યે મૈત્રી પામેલા તે પ્રાણીઓને, ઉદયમાં આવેલ મહામોહરૂપી કાલાગ્નિ (તેમને) કોળિયો કરી ગયો હોવાથી, તપ્ત થયેલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तप्तायोगोलानामिवात्यन्तमुपात्ततृष्णानां तद्दुःखवेगमसहमानानां व्याधिसात्म्यतामुपगतेषु रम्येषु विषयेषु रतिरुपजायते । ततो व्याधिस्थानीयत्वादिन्द्रियाणां व्याधिसात्म्यसमत्वाद्विषयाणां च न छद्मस्थानां पारमार्थिकं सौख्यम् ॥ ६३ ॥

अथ यावदिन्द्रियाणि तावत्स्वभावादेव दुःखमेवं वितर्कयति—

**जेसिं विसयेसु रदी तेसिं दुक्खं वियाण सब्भावं ।**
**जइ तं ण हि सब्भावं वावारो णत्थि विसयत्थं ॥ ६४ ॥**

**येषां विषयेषु रतिस्तेषां दुःखं विजानीहि स्वाभावम् ।**
**यदि तन्न हि स्वभावो व्यापारो नास्ति विषयार्थम् ॥ ६४ ॥**

---

षधस्थानीया इति संसारिणां वास्तवं सुखं नास्ति ॥ ६३ ॥ अथ यावदिन्द्रियव्यापारस्तावद्दुःखमेवेति कथयति—**जेसिं विसयेसु रदी** येषां निर्विषयातीन्द्रियपरमात्मस्वरूपविपरीतेषु विषयेषु रतिः **तेसिं दुक्खं वियाण सब्भावं** तेषां बहिर्मुखजीवानां निजशुद्धात्मद्रव्यसंवित्तिसमुत्पन्ननिरुपाधिपारमार्थिकसुखविपरीतं स्वभावेनैव दुःखमस्तीति विजानीहि । कस्मादिति चेत् । पञ्चेन्द्रियविषयेषु रतेरवलोकनात् । **जइ तं**

---

લોખંડના ગોળાની માફક (—જેમ તપેલા લોખંડના ગોળાને પાણીની અત્યંત તૃષા પેદા થઈ છે અર્થાત્ તે ત્વરાથી પાણીને શોષી લે છે તેમ) અત્યંત તૃષ્ણા ઉત્પન્ન થઈ છે; તે દુઃખના વેગને નહિ સહી શકવાથી તેમને વ્યાધિના પ્રતિકાર સમાન (-રોગમાં ઘડીભર અલ્પ રાહત આપનારા લાગે છે એવા ઇલાજ સમાન) રમ્ય વિષયોમાં રતિ ઊપજે છે. માટે ઇન્દ્રિયો વ્યાધિ સમાન હોવાથી અને વિષયો વ્યાધિના પ્રતિકાર સમાન હોવાથી છદ્મસ્થોને પારમાર્થિક સુખ નથી. ૬૩.

હવે જ્યાં સુધી ઇન્દ્રિયો છે ત્યાં સુધી સ્વભાવથી જ દુઃખ છે એમ ન્યાયથી નક્કી કરે છે:—

**વિષયો વિષે રતિ જેમને, દુઃખ છે સ્વભાવિક તેમને;**
**જો તે ન હોય સ્વભાવ તો વ્યાપાર નહિ વિષયો વિષે. ૬૪.**

**અન્વયાર્થઃ**—[ येषां ] જેમને [ विषयेषु रतिः ] વિષયોમાં રતિ છે, [ तेषां ] તેમને [ दुःखं ] દુઃખ [ स्वाभावं ] સ્વાભાવિક [ विजानीहि ] જાણો; [ हि ] કારણ કે [ यदि ] જો [ तद् ] દુઃખ [ स्वभावं न ] (તેમનો) સ્વભાવ ન હોય [ विषयार्थं ] તો વિષયાર્થે [ व्यापारः ] વ્યાપાર [ न अस्ति ] ન હોય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



येषां जीवदवस्थानि हतकानीन्द्रियाणि, न नाम तेषामुपाधिप्रत्ययं दुःखम्; किंतु स्वाभाविकमेव, विषयेषु रतेरवलोकनात्। अवलोक्यते हि तेषां स्तम्बेरमस्य करेणुकुट्टनीगात्रस्पर्श इव, सफरस्य बडिशामिषस्वाद इव, इन्दिरस्य संकोचसंमुखारविन्दामोद इव, पतङ्गस्य प्रदीपार्चीरूप इव, कुरङ्गस्य मृगयुगेयस्वर इव, दुर्निवारेन्द्रियवेदनावशीकृतानामासन्ननिपातेष्वपि विषयेष्वभिपातः। यदि पुनर्न तेषां दुःखं स्वाभाविकमभ्युपगम्येत तदोपशान्तशीतज्वरस्य संस्वेदनमिव, प्रहीणदाहज्वरस्यारनालपरिषेक इव, निवृत्तनेत्रसंरम्भस्य च वटाचूर्णावचूर्णनमिव, विनष्टकर्णशूलस्य बस्तमूत्रपूरणमिव, रूढव्रणस्यालेपनदानमिव, विषयव्यापारो न दृश्येत। दृश्यते चासौ। ततः स्वभावभूतदुःखयोगिन एव जीवदिन्द्रियाः परोक्षज्ञानिनः ॥ ६४ ॥

---

ण हि सब्भावं यदि तद्दुःखं स्वभावेन नास्ति हि स्फुटं वावारो णत्थि विसयत्थं तर्हि विषयार्थं व्यापारो नास्ति न घटते। व्याधिस्थानामौषधेष्विव विषयार्थं व्यापारो दृश्यते चेत्तत एव ज्ञायते

---

ટીકાઃ—જેમને [1]હત ઇંદ્રિયો જીવતી (-હયાત) છે, તેમને દુઃખ ઉપાધિના કારણે (-બાહ્ય સંયોગોને લીધે, ઔપાધિક) નથી પણ સ્વાભાવિક જ છે, કારણ કે તેમને વિષયોમાં રતિ જોવામાં આવે છે. તેઓ ખરેખર —જેમ હાથી હાથણીરૂપી કૂટણીના ગાત્રના સ્પર્શ તરફ, મચ્છ (માછલાને પકડવા માટે રાખેલા લોખંડના) કાંટામાંના [2]આમિષના સ્વાદ તરફ, ભ્રમર સંકોચસંમુખ અરવિંદની (-બિડાઈ જવાની તૈયારીવાળા કમળની) ગંધ તરફ, પતંગ (-પતંગિયું) દીવાની જ્યોતના રૂપ તરફ અને કુરંગ (-હરણ) શિકારીના સંગીતના સ્વર તરફ ધસતા જોવામાં આવે છે તેમ—દુર્નિવાર ઇંદ્રિયવેદનાને વશીભૂત થયા થકા, જોકે વિષયોનો નાશ અતિ નિકટ છે (અર્થાત્ વિષયો ક્ષણિક છે) તોપણ, વિષયો તરફ ધસતા જોવામાં આવે છે. અને જો 'તેમને દુઃખ સ્વાભાવિક છે' એમ ન સ્વીકારવામાં આવે તો—જેમ જેને શીતજ્વર (-ટાઢિયો તાવ) ઉપશાંત થઈ ગયો હોય તે પરસેવો વળે એવો ઉપચાર કરતો જોવામાં આવતો નથી, જેને દાહજ્વર ઊતરી ગયો હોય તે કાંજીથી શરીર ઝારતો જોવામાં આવતો નથી, જેને આંખનો દુખાવો નિવૃત્ત થયો હોય તે વટાચૂર્ણ (-શંખ વગેરેનું ચૂર્ણ) આંજતો જોવામાં આવતો નથી, જેને કર્ણશૂળ નષ્ટ થયું હોય તે કાનમાં બકરાનું મૂત્ર નાખતો જોવામાં આવતો નથી અને જેને વ્રણ (ઘા) રુઝાઈ ગયો હોય તે લેપ કરતો જોવામાં આવતો નથી તેમ—તેમને વિષયવ્યાપાર ન જોવામાં આવવો જોઈએ. પરંતુ તે તો (વિષયોમાં પ્રવૃત્તિ તો) જોવામાં આવે છે. માટે (સિદ્ધ થાય છે કે) જેમને ઇંદ્રિયો જીવતી છે એવા પરોક્ષજ્ઞાનવાળાઓને દુઃખ સ્વાભાવિક જ છે.

ભાવાર્થઃ—પરોક્ષજ્ઞાનવાળાઓને સ્વભાવથી જ દુઃખ છે, કારણ કે તેમને વિષયોમાં રતિ વર્તે છે; કેટલીક વાર તો તેઓ, અસહ્ય તૃષ્ણારૂપી દાહને લીધે (-તીવ્ર ઇચ્છારૂપી

---

૧. હત = નિંદ્ય; નિકૃષ્ટ.

૨. આમિષ = લલચાવવા માટે રાખેલી ખાવાની વસ્તુ; માંસ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ मुक्तात्मसुखप्रसिद्धये शरीरस्य सुखसाधनतां प्रतिहन्ति—

**पप्पा इट्ठे विसये फासेहिं समस्सिदे सहावेण ।**
**परिणममाणो अप्पा सयमेव सुहं ण हवदि देहो ॥ ६५ ॥**

**प्राप्येष्टान् विषयान् स्पर्शैः समाश्रितान् स्वभावेन ।**
**परिणममान आत्मा स्वयमेव सुखं न भवति देहः ॥ ६५ ॥**

अस्य खल्वात्मनः सशरीरावस्थायामपि न शरीरं सुखसाधनतामापद्यमानं पश्यामः, यतस्तदापि पीतोन्मत्तकरसैरिव प्रकृष्टमोहवशवर्तिभिरिन्द्रियैरिमेऽस्माकमिष्टा इति क्रमेण

---

दुःखमस्तीत्यभिप्रायः ॥ ६४ ॥ एवं परमार्थेनेन्द्रियसुखस्य दुःखस्थापनार्थं गाथाद्वयं गतम् । अथ मुक्तात्मनां शरीराभावेऽपि सुखमस्तीति ज्ञापनार्थं शरीरं सुखकारणं न स्यादिति व्यक्तीकरोति—**पप्पा** प्राप्य । कान् । **इट्ठे विसये** इष्टपञ्चेन्द्रियविषयान् । कथंभूतान् । **फासेहिं समस्सिदे** स्पर्शनादीन्द्रिय-

---

દુઃખને લીધે ), મરણ સુધીનું જોખમ વહોરીને પણ ક્ષણિક ઇંદ્રિયવિષયોમાં ઝંપલાવે છે. જો તેમને સ્વભાવથી જ દુઃખ ન હોય તો વિષયોમાં રતિ જ ન હોવી જોઈએ. જેને શરીરમાં ગરમીની બળતરાનું દુઃખ નષ્ટ થયું હોય તેને ઠંડકના બાહ્ય ઉપચારમાં રતિ કેમ હોય? માટે પરોક્ષજ્ઞાનવાળા જીવોને દુઃખ સ્વાભાવિક જ છે એમ નક્કી થાય છે. ૬૪.

હવે, મુક્ત આત્માના સુખની પ્રસિદ્ધિ માટે, શરીર સુખનું સાધન હોવાની વાતનું ખંડન કરે છે ( અર્થાત્ સિદ્ધભગવાનને શરીર વિના પણ સુખ હોય છે એ વાત સ્પષ્ટ સમજાવવા માટે, સંસારાવસ્થામાં પણ શરીર સુખનું-ઇંદ્રિયસુખનું-સાધન નથી એમ નક્કી કરે છે ):—

**ઇંદ્રિયસમાશ્રિત ઇષ્ટ વિષયો પામીને, નિજ ભાવથી**
**જીવ પ્રણમતો સ્વયમેવ સુખરૂપ થાય, દેહ થતો નથી. ૬૫.**

**અન્વયાર્થઃ**—[ स्पर्शैः समाश्रितान् ] સ્પર્શનાદિક ઇંદ્રિયો જેમનો આશ્રય કરે છે એવા [ इष्टान् विषयान् ] ઇષ્ટ વિષયોને [ प्राप्य ] પામીને [ स्वभावेन ] ( પોતાના અશુદ્ધ ) સ્વભાવે [ परिणममानः ] પરિણમતો થકો [ आत्मा ] આત્મા [ स्वयमेव ] સ્વયમેવ [ सुखं ] સુખરૂપ ( -ઇંદ્રિયસુખરૂપ ) થાય છે, [ देहः न भवति ] દેહ સુખરૂપ થતો નથી.

**ટીકાઃ**—ખરેખર આ આત્માને સશરીર અવસ્થામાં પણ શરીર સુખનું સાધન થતું અમે દેખતા-અનુભવતા નથી; કારણ કે ત્યારે પણ, જાણે કે ઉન્માદજનક મદિરા પીધેલ હોય એવી, [૧]પ્રકૃષ્ટ મોહને વશ વર્તનારી, 'આ ( વિષયો ) અમને ઇષ્ટ છે'

---

૧. પ્રકૃષ્ટ=પ્રબળ; અતિશય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विषयानभिपतद्भिरसमीचीनवृत्तितामनुभवन्नुपरुद्धशक्तिसारेणापि ज्ञानदर्शनवीर्यात्मकेन निश्चय-कारणतामुपागतेन स्वभावेन परिणममानः स्वयमेवायमात्मा सुखतामापद्यते । शरीरं त्वचेतनत्वादेव सुखत्वपरिणतेर्निश्चयकारणतामनुपगच्छन्न जातु सुखतामुपढौकत इति ॥ ६५ ॥

अथैतदेव दृढयति—

**एगंतेण हि देहो सुहं ण देहिस्स कुणदि सग्गे वा ।**
**विसयवसेण दु सोक्खं दुक्खं वा हवदि सयमादा ॥ ६६ ॥**

---

रहितशुद्धात्मतत्त्वविलक्षणैः स्पर्शनादिभिरिन्द्रियैः समाश्रितान् सम्यक् प्राप्यान् ग्राह्यान्, इत्थंभूतान् विषयान् प्राप्य । स कः । **अप्पा** आत्मा कर्ता । किंविशिष्टः । **सहावेण परिणममाणो** अनन्तसुखोपादान-भूतशुद्धात्मस्वभावविपरीतेनाशुद्धसुखोपादानभूतेनाशुद्धात्मस्वभावेन परिणममानः । इत्थंभूतः सन् **सयमेव सुहं** स्वयमेवेन्द्रियसुखं भवति परिणमति । **ण हवदि देहो** देहः पुनरचेतनत्वात्सुखं न भवतीति ।

---

એમ કરીને વિષયો તરફ ધસતી ઇંદ્રિયો વડે [1]અસમીચીન-પરિણતિપણું અનુભવતો હોવાથી, [2]જેની શક્તિની ઉત્કૃષ્ટતા (-પરમ શુદ્ધતા) રોકાઈ ગઈ છે એવા પણ (પોતાના) જ્ઞાનદર્શનવીર્યાત્મક સ્વભાવે—કે જે (સુખના) નિશ્ચય-કારણરૂપ છે—પરિણમતો થકો સ્વયમેવ આ આત્મા સુખપણાને પામે છે (-સુખરૂપ થાય છે); અને શરીર તો અચેતન જ હોવાથી સુખત્વપરિણતિનું નિશ્ચય-કારણ નહિ થતું થકું જરાય સુખપણાને પામતું નથી.

**ભાવાર્થઃ**—સશરીર અવસ્થામાં પણ આત્મા જ સુખરૂપ (-ઇંદ્રિયસુખરૂપ) પરિણતિએ પરિણમે છે, દેહ નહિ; તેથી ત્યારે પણ (-સશરીર અવસ્થામાં પણ) સુખનું નિશ્ચય કારણ આત્મા જ છે અર્થાત્ ઇંદ્રિયસુખનું પણ વાસ્તવિક કારણ આત્માનો જ અશુદ્ધ સ્વભાવ છે. અશુદ્ધ સ્વભાવે પરિણમતો આત્મા જ સ્વયમેવ ઇંદ્રિયસુખરૂપ થાય છે. તેમાં દેહ કારણ નથી; કારણ કે સુખરૂપ પરિણતિ અને દેહ તદ્દન ભિન્ન હોવાને લીધે સુખને અને દેહને નિશ્ચયથી કાર્યકારણપણું બિલકુલ નથી. ૬૫.

હવે આ જ વાતને દૃઢ કરે છેઃ—

**એકાંતથી સ્વર્ગેય દેહ કરે નહીં સુખ દેહીને,**
**પણ વિષયવશ સ્વયમેવ આત્મા સુખ વા દુઃખ થાય છે. ૬૬.**

---

૧. અસમીચીન = અસમ્યક્; અઠીક; અયોગ્ય.
૨. ઇંદ્રિયસુખરૂપે પરિણમનાર આત્માને જ્ઞાનદર્શનવીર્યાત્મક સ્વભાવની ઉત્કૃષ્ટ શક્તિ રોકાઈ ગઈ છે અર્થાત્ સ્વભાવ અશુદ્ધ થયો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



एकान्तेन हि देहः सुखं न देहिनः करोति स्वर्गे वा ।
विषयवशेन तु सौख्यं दुःखं वा भवति स्वयमात्मा ॥ ६६ ॥

अयमत्र सिद्धान्तो यद्दिव्यवैक्रियिकत्वेऽपि शरीरं न खलु सुखाय कल्प्येतेतीष्टानामनिष्टानां वा विषयाणां वशेन सुखं वा दुःखं वा स्वयमेवात्मा स्यात् ॥ ६६ ॥

अथात्मनः स्वयमेव सुखपरिणामशक्तियोगित्वाद्विषयाणामकिंचित्करत्वं द्योतयति—

तिमिरहरा जइ दिट्ठी जणस्स दीवेण णत्थि कायव्वं ।
तह सोक्खं सयमादा विसया किं तत्थ कुव्वंति ॥ ६७ ॥

---

अयमत्रार्थः—कर्मावृतसंसारिजीवानां यदिन्द्रियसुखं तत्रापि जीव उपादानकारणं, न च देहः । देहकर्मरहितमुक्तात्मनां पुनर्यदनन्तातीन्द्रियसुखं तत्र विशेषेणात्मैव कारणमिति ॥ ६९ ॥ अथ मनुष्यशरीरं मा भवतु, देवशरीरं दिव्यं तत्किल सुखकारणं भविष्यतीत्याशङ्कां निराकरोति— **एगंतेण हि देहो सुहं ण देहिस्स कुणदि** एकान्तेन हि स्फुटं देहः कर्ता सुखं न करोति । कस्य । देहिनः संसारिजीवस्य । क्व । **सग्गे वा** आस्तां तावन्मनुष्याणां मनुष्यदेहः सुखं न करोति, स्वर्गे वा योऽसौ

---

**અન્વયાર્થઃ**—[ एकान्तेन हि ] એકાંતે અર્થાત્ નિયમથી [ स्वर्गे वा ] સ્વર્ગમાં પણ [ देहः ] દેહ [ देहिनः ] દેહીને (-આત્માને) [ सुखं न करोति ] સુખ કરતો નથી; [ विषयवशेन तु ] પરંતુ વિષયોના વશે [ सौख्यं दुःखं वा ] સુખ અથવા દુઃખરૂપ [ स्वयं आत्मा भवति ] સ્વયં આત્મા થાય છે.

**ટીકાઃ**—આ અહીં સિદ્ધાંત છે કે—'શરીર, ભલે તેને દિવ્ય વૈક્રિયિકપણું હોય તોપણ, સુખ કરી શકતું નથી;' માટે, ઇષ્ટ અથવા અનિષ્ટ વિષયોના વશે સુખ અથવા દુઃખરૂપ સ્વયમેવ આત્મા થાય છે.

**ભાવાર્થઃ**—શરીર સુખદુઃખ કરતું નથી. દેવનું ઉત્તમ વૈક્રિયિક શરીર સુખનું કારણ નથી કે નારકનું શરીર દુઃખનું કારણ નથી. આત્મા પોતે જ ઇષ્ટ-અનિષ્ટ વિષયોને વશ થઈ સુખ-દુઃખની કલ્પનારૂપે પરિણમે છે. ૬૬.

હવે, આત્મા સ્વયમેવ સુખપરિણામની શક્તિવાળો હોવાથી વિષયોનું અકિંચિત્કરપણું પ્રકાશે છેઃ—

જો દૃષ્ટિ પ્રાણીની તિમિરહર, તો કાર્ય છે નહિ દીપથી;
જ્યાં જીવ સ્વયં સુખ પરિણમે, વિષયો કરે છે શું તહીં? ૬૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तिमिरहरा यदि दृष्टिर्जनस्य दीपेन नास्ति कर्तव्यम् ।**
**तथा सौख्यं स्वयमात्मा विषयाः किं तत्र कुर्वन्ति ॥ ६७ ॥**

**यथा हि केषांचिन्नक्तंचराणां चक्षुषः स्वयमेव तिमिरविकरणशक्तियोगित्वान्न तदपाकरणप्रवणेन प्रदीपप्रकाशादिना कार्यं, एवमस्यात्मनः संसारे मुक्तौ वा स्वयमेव सुखतया परिणममानस्य सुखसाधनधिया अबुधैर्मुधाध्यास्यमाना अपि विषयाः किं हि नाम कुर्युः ॥ ६७ ॥**

---

दिव्यो देवदेहः सोऽप्युपचारं विहाय सुखं न करोति । **विसयवसेण दु सोक्खं दुक्खं वा हवदि सयमादा** किंतु निश्चयेन निर्विषयामूर्तस्वाभाविकसदानन्दैकसुखस्वभावोऽपि व्यवहारेणानादिकर्मबन्धवशाद्विषयाधीनत्वेन परिणम्य सांसारिकसुखं दुःखं वा स्वयमात्मैव भवति, न च देह इत्यभिप्रायः ॥ ६६ ॥ एवं मुक्तात्मनां देहाभावेऽपि सुखमस्तीति परिज्ञानार्थं संसारिणामपि देहः सुखकारणं न भवतीतिकथनरूपेण गाथाद्वयं गतम् । अथात्मनः स्वयमेव सुखस्वभावत्वान्निश्चयेन यथा देहः सुखकारणं न भवति तथा विषया अपीति प्रतिपादयति—**जइ** यदि **दिट्ठी** नक्तंचरजनस्य दृष्टिः **तिमिरहरा** अन्धकारहरा भवति **जणस्स** जनस्य **दीवेण णत्थि कायव्वं** दीपेन नास्ति कर्तव्यं । तस्य प्रदीपादीनां यथा प्रयोजनं नास्ति **तह सोक्खं सयमादा विसया किं तत्थ कुव्वंति** तथा निर्विषयामूर्तसर्वप्रदेशाह्लादकसहजानन्दैकलक्षणसुखस्वभावो निश्चयेनात्मैव, तत्र मुक्तौ संसारे वा विषयाः किं कुर्वन्ति,

---

**અન્વયાર્થઃ**—[ यदि ] જો [ जनस्य दृष्टिः ] પ્રાણીની દ્રષ્ટિ [ तिमिरहरा ] તિમિરનાશક હોય તો [ दीपेन नास्ति कर्तव्यं ] દીવાથી કાંઈ પ્રયોજન નથી અર્થાત્ દીવો કાંઈ કરતો નથી, [ तथा ] તેમ જ્યાં [ आत्मा ] આત્મા [ स्वयं ] સ્વયં [ सौख्यं ] સુખરૂપ પરિણમે છે [ तत्र ] ત્યાં [ विषयाः ] વિષયો [ किं कुर्वंति ] શું કરે છે?

**ટીકાઃ**—જેમ કોઈ *નિશાચરોનાં નેત્રો સ્વયમેવ અંધકારને નષ્ટ કરવાની શક્તિવાળાં હોવાથી, અંધકારને દૂર કરવાના સ્વભાવવાળા દીપક-પ્રકાશાદિકથી કાંઈ પ્રયોજન નથી ( અર્થાત્ દીવા વગેરેનો પ્રકાશ કાંઈ કરતો નથી ), તેમ—જોકે અજ્ઞાનીઓ 'વિષયો સુખનાં સાધન છે' એવી બુદ્ધિ વડે વિષયોનો ફોગટ અધ્યાસ ( -આશ્રય ) કરે છે તોપણ—સંસારમાં કે મુક્તિમાં સ્વયમેવ સુખપણે પરિણમતા આ આત્માને વિષયો શું કરે છે?

**ભાવાર્થઃ**—સંસારમાં કે મોક્ષમાં આત્મા પોતાની મેળે જ સુખરૂપ પરિણમે છે; તેમાં વિષયો અકિંચિત્કર છે અર્થાત્ કાંઈ કરતા નથી. અજ્ઞાનીઓ વિષયોને સુખનાં કારણ માનીને નકામા તેમને અવલંબે છે! ૬૭.

* નિશાચરો = રાત્રે ફરનારા—ઘુવડ, સર્પ, ભૂત વગેરે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथात्मनः सुखस्वभावत्वं दृष्टान्तेन दृढयति—

**सयमेव जहादिच्चो तेजो उण्हो य देवदा णभसि ।**
**सिद्धो वि तहा णाणं सुहं च लोगे तहा देवो ॥ ६८ ॥**

**स्वयमेव यथादित्यस्तेजः उष्णश्च देवता नभसि ।**
**सिद्धोऽपि तथा ज्ञानं सुखं च लोके तथा देवः ॥ ६८ ॥**

यथा खलु नभसि कारणान्तरमनपेक्ष्यैव स्वयमेव प्रभाकरः प्रभूतप्रभाभारभास्वरस्वरूपविकस्वरप्रकाशशालितया तेजः, यथा च कादाचित्कौष्ण्यपरिणतायःपिण्डवन्नित्यमेवौष्ण्यपरिणामापन्नत्वादुष्णः, यथा च देवगतिनामकर्मोदयानुवृत्तिवशवर्तिस्वभावतया देवः ।

---

न किमपीति भावः ॥ ६७ ॥ अथात्मनः सुखस्वभावत्वं ज्ञानस्वभावत्वं च पुनरपि दृष्टान्तेन दृढयति— **सयमेव जहादिच्चो तेजो उण्हो य देवदा णभसि** कारणान्तरं निरपेक्ष्य स्वयमेव यथादित्यः स्वपरप्रकाशरूपं तेजो भवति, तथैव च स्वयमेवोष्णो भवति, तथा चाज्ञानिजनानां देवता भवति । क्व स्थितः । नभसि आकाशे । **सिद्धो वि तहा णाणं सुहं च** सिद्धोऽपि भगवांस्तथैव कारणान्तरं निरपेक्ष्य स्वभावेनैव स्वपरप्रकाशकं केवलज्ञानं, तथैव परमतृप्तिरूपमनाकुलत्वलक्षणं सुखम् । क्व ।

---

હવે આત્માનું સુખસ્વભાવપણું દ્રષ્ટાંત વડે દ્રઢ કરે છે:—

**જ્યમ આભમાં સ્વયમેવ ભાસ્કર ઉષ્ણ, દેવ, પ્રકાશ છે,**
**સ્વયમેવ લોકે સિદ્ધ પણ ત્યમ જ્ઞાન, સુખ ને દેવ છે. ૬૮.**

**અન્વયાર્થઃ**—[ यथा ] જેમ [ नभसि ] આકાશમાં [ आदित्यः ] સૂર્ય [ स्वयमेव ] સ્વયમેવ [ तेजः ] તેજ, [ उष्णः ] ઉષ્ણ [ च ] અને [ देवता ] દેવ છે, [ तथा ] તેમ [ लोके ] લોકમાં [ सिद्धः अपि ] સિદ્ધભગવાન પણ (સ્વયમેવ) [ ज्ञानं ] જ્ઞાન, [ सुखं च ] સુખ [ तथा देवः ] અને દેવ છે.

**ટીકાઃ**— જેવી રીતે આકાશમાં, કારણાંતરની (-અન્ય કારણની) અપેક્ષા રાખ્યા વિના જ સ્વયમેવ સૂર્ય (૧) પુષ્કળ પ્રભાસમૂહથી [૧]ભાસ્વર એવા સ્વરૂપ વડે વિકસિત પ્રકાશવાળો હોવાથી તેજ છે, (૨) [૨]કોઈક વાર ઉષ્ણતારૂપે પરિણમતા લોખંડના ગોળાની માફક સદાય ઉષ્ણતા-પરિણામને પામેલો હોવાથી ઉષ્ણ છે, અને (૩) દેવગતિ-

---

૧. ભાસ્વર = તેજસ્વી; ઝળકતું.

૨. જેમ લોખંડનો ગોળો કોઈક વાર ઉષ્ણતાપરિણામે પરિણમે છે તેમ સૂર્ય સદાય ઉષ્ણતા-પરિણામે પરિણમેલો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तथैव लोके कारणान्तरमनपेक्ष्यैव स्वयमेव भगवानात्मापि स्वपरप्रकाशनसमर्थनिर्वितथानन्तशक्तिसहजसंवेदनतादात्म्यात् ज्ञानं, तथैव चात्मतृप्तिसमुपजातपरिनिर्वृत्तिप्रवर्तितानाकुलत्वसुस्थितत्वात् सौख्यं, तथैव चासन्नात्मतत्त्वोपलम्भलब्धवर्णजनमानसशिलास्तम्भोत्कीर्णसमुदीर्णद्युतिस्तुतियोगिदिव्यात्मस्वरूपत्वाद्देवः। अतोऽस्यात्मनः सुखसाधनाभासैर्विषयैः पर्याप्तम् ॥ ६८ ॥

—इति आनन्दप्रपञ्चः ।

---

**लोगे** जगति । **तहा देवो** निजशुद्धात्मसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपाभेदरत्नत्रयात्मकनिर्विकल्पसमाधिसमुत्पन्नसुन्दरानन्दस्यन्दिसुखामृतपानपिपासितानां गणधरदेवादिपरमयोगिनां देवेन्द्रादीनां चासन्नभव्यानां मनसि निरन्तरं परमाराध्यं, तथैवानन्तज्ञानादिगुणस्तवनेन स्तुत्यं च यद्दिव्यमात्मस्वरूपं तत्स्वभावत्वात्तथैव देवश्चेति । ततो ज्ञायते मुक्तात्मनां विषयैरपि प्रयोजनं नास्तीति ॥ ६८ ॥ एवं स्वभावेनैव सुखस्वभावत्वाद्विषया अपि मुक्तात्मनां सुखकारणं न भवन्तीतिकथनरूपेण गाथाद्वयं गतम् । अथेदानीं श्रीकुन्दकुन्दाचार्यदेवाः पूर्वोक्तलक्षणानन्तसुखाधारभूतं सर्वज्ञं वस्तुस्तवेन नमस्कुर्वन्ति—

---

નામકર્મના ધારાવાહી ઉદયને વશવર્તી સ્વભાવ વડે દેવ છે; તેવી જ રીતે લોકમાં, કારણાંતરની અપેક્ષા રાખ્યા વિના જ સ્વયમેવ ભગવાન આત્મા પણ (૧) સ્વપરને પ્રકાશવામાં સમર્થ એવી નિર્વિતથ (-સાચી) અનંત શક્તિવાળા સહજ સંવેદન સાથે તાદાત્મ્યને લીધે જ્ઞાન છે, (૨) આત્મતૃપ્તિથી ઊપજતી જે [1]પરિનિર્વૃત્તિ તેનાથી પ્રવર્તતી અનાકુળતામાં સુસ્થિતપણાને લીધે સૌખ્ય છે, અને (૩) જેમને આત્મતત્ત્વની ઉપલબ્ધિ નિકટ છે એવા બુધ જનોના મનરૂપી [2]શિલાસ્તંભમાં જેની અતિશય [3]દ્યુતિની સ્તુતિ કોતરાયેલી છે એવા દિવ્ય આત્મસ્વરૂપવાળો હોવાને લીધે દેવ છે. માટે આ આત્માને સુખસાધનાભાસ (—જેઓ સુખનાં સાધન નથી પણ સુખનાં સાધન હોવાનો આભાસમાત્ર જેમાં થાય છે એવા) વિષયોથી બસ થાઓ.

**ભાવાર્થઃ—** સિદ્ધભગવાન કોઈ બાહ્ય કારણની અપેક્ષા વિના પોતાની મેળે જ સ્વપરપ્રકાશક જ્ઞાનરૂપ છે, અનંત આત્મિક આનંદરૂપ છે અને અચિંત્ય દિવ્યતારૂપ છે. સિદ્ધભગવાન જેવો જ સર્વ જીવોનો સ્વભાવ છે. તેથી સુખાર્થી જીવો વિષયાલંબી ભાવ છોડી નિરાલંબી પરમાનંદસ્વભાવે પરિણમો. ૬૮.

**આ રીતે આનંદ-અધિકાર પૂર્ણ થયો.**

---

૧. પરિનિર્વૃત્તિ = મોક્ષ; પરિપૂર્ણતા; છેવટનું સંપૂર્ણ સુખ. (પરિનિર્વૃત્તિ આત્મતૃપ્તિથી થાય છે અર્થાત્ આત્મતૃપ્તિની પરાકાષ્ઠા તે જ પરિનિર્વૃત્તિ.)

૨. શિલાસ્તંભ = પથ્થરનો થાંભલો

૩. દ્યુતિ = દિવ્યતા; ભવ્યતા; મહિમા. (ગણધરદેવાદિ બુધ પુરુષોના મનમાં શુદ્ધાત્મસ્વરૂપની દિવ્યતાનાં સ્તુતિગાન કોતરાઈ ગયાં છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ शुभपरिणामाधिकारप्रारम्भः ।

अथेन्द्रियसुखस्वरूपविचारमुपक्रममाणस्तत्साधनस्वरूपमुपन्यस्यति—

**देवदजदिगुरुपूजासु चेव दाणम्मि वा सुसीलेसु ।**
**उववासादिसु रत्तो सुहोवओगप्पगो अप्पा ॥ ६९ ॥**

देवतायतिगुरुपूजासु चैव दाने वा सुशीलेषु ।
उपवासादिषु रक्तः शुभोपयोगात्मक आत्मा ॥ ६९ ॥

---

**तेजो दिट्ठी णाणं इड्ढी सोक्खं तहेव ईसरियं ।**
**तिहुवणपहाणदइयं माहप्पं जस्स सो अरिहो ॥ *३ ॥**

**तेजो दिट्ठी णाणं इड्ढी सोक्खं तहेव ईसरियं तिहुवणपहाणदइयं** तेजः प्रभामण्डलं, जगत्त्रयकालत्रयवस्तुगतयुगपत्सामान्यास्तित्वग्राहकं केवलदर्शनं, तथैव समस्तविशेषास्तित्वग्राहकं केवलज्ञानं, ऋद्धिशब्देन समवसरणादिलक्षणा विभूतिः, सुखशब्देनाव्याबाधानन्तसुखं, तत्पदाभिलाषेण इन्द्रादयोऽपि भृत्यत्वं कुर्वन्तीत्येवंलक्षणमैश्वर्यं, त्रिभुवनाधीशानामपि वल्लभत्वं दैवं भण्यते । **माहप्पं जस्स सो अरिहो** इत्थंभूतं माहात्म्यं यस्य सोऽर्हन् भण्यते । इति वस्तुस्तवनरूपेण नमस्कारं कृतवन्तः ॥ *३ ॥ अथ तस्यैव भगवतः सिद्धावस्थायां गुणस्तवनरूपेण नमस्कारं कुर्वन्ति—

**तं गुणदो अधिगदरं अविच्छिदं मणुवदेवपदिभावं ।**
**अपुणब्भावणिबद्धं पणमामि पुणो पुणो सिद्धं ॥ *४ ॥**

**पणमामि** नमस्करोमि **पुणो पुणो** पुनः पुनः । कम् । **तं सिद्धं** परमागमप्रसिद्धं सिद्धम् । कथंभूतम् । **गुणदो अधिगदरं** अव्याबाधानन्तसुखादिगुणैरधिकतरं समधिकतरगुणम् । पुनरपि कथं-

---

અહીં શુભ પરિણામનો અધિકાર શરૂ થાય છે.

હવે ઇંદ્રિયસુખના સ્વરૂપ સંબંધી વિચાર ઉપાડતાં-આરંભતાં, તેના (ઇંદ્રિયસુખના) સાધનનું (-શુભોપયોગનું) સ્વરૂપ કહે છે:—

ગુરુ-દેવ-યતિપૂજા વિષે, વળી દાન ને સુશીલો વિષે,
જીવ રક્ત ઉપવાસાદિકે, શુભ-ઉપયોગસ્વરૂપ છે. ૬૯.

**અન્વયાર્થઃ**— [ देवतायतिगुरुपूजासु ] દેવ, ગુરુ ને યતિની પૂજામાં, [ दाने च एव ] દાનમાં, [ सुशीलेषु वा ] સુશીલોમાં [ उपवासादिषु ] તથા ઉપવાસાદિકમાં [ रक्तः आत्मा ] રક્ત આત્મા [ शुभोपयोगात्मकः ] શુભોપયોગાત્મક છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**यदायमात्मा दुःखस्य साधनीभूतां द्वेषरूपामिन्द्रियार्थानुरागरूपां चाशुभोपयोगभूमिकामतिक्रम्य देवगुरुयतिपूजादानशीलोपवासप्रीतिलक्षणं धर्मानुरागमङ्गीकरोति तदेन्द्रियसुखस्य साधनीभूतां शुभोपयोगभूमिकामधिरूढोऽभिलप्येत ॥ ६९ ॥**

---

भूतम् । **अविच्छिदं मणुवदेवपदिभावं** यथा पूर्वमर्हदवस्थायां मनुजदेवेन्द्रादयः समवशरणे समागत्य नमस्कुर्वन्ति तेन प्रभुत्वं भवति, तदतिक्रान्तत्वादतिक्रान्तमनुजदेवपतिभावम् । पुनश्च किंविशिष्टम् । **अपुणब्भावणिबद्धं** द्रव्यक्षेत्रादिपञ्चप्रकारभवाद्विलक्षणः शुद्धबुद्धैकस्वभावनिजात्मोपलम्भलक्षणो योऽसौ मोक्षस्तस्याधीनत्वादपुनर्भावनिबद्धमिति भावः ॥ *४ ॥ एवं नमस्कारमुख्यत्वेन गाथाद्वयं गतम् । इति गाथाष्टकेन पञ्चमस्थलं ज्ञातव्यम् । एवमष्टादशगाथाभिः स्थलपञ्चकेन सुखप्रपञ्चनामान्तराधिकारो गतः । इति पूर्वोक्तप्रकारेण 'एस सुरासुर' इत्यादि चतुर्दशगाथाभिः पीठिका गता, तदनन्तरं सप्तगाथाभिः सामान्यसर्वज्ञसिद्धिः, तदनन्तरं त्रयस्त्रिंशद्गाथाभिः ज्ञानप्रपञ्चः, तदनन्तरमष्टादशगाथाभिः सुखप्रपञ्च इति समुदायेन द्वासप्ततिगाथाभिरन्तराधिकारचतुष्टयेन **शुद्धोपयोगाधिकारः** समाप्तः ॥ इत ऊर्ध्वं पञ्चविंशतिगाथापर्यन्तं ज्ञानकण्डिकाचतुष्टयाभिधानोऽधिकारः प्रारभ्यते । तत्र पञ्चविंशतिगाथामध्ये प्रथमं तावच्छुभाशुभविषये मूढत्वनिराकरणार्थं 'देवदजदिगुरु' इत्यादि दशगाथापर्यन्तं प्रथमज्ञानकण्डिका कथ्यते । तदनन्तरमाप्तात्मस्वरूपपरिज्ञानविषये मूढत्वनिराकरणार्थं 'चत्ता पावारंभं' इत्यादि सप्तगाथापर्यन्तं द्वितीयज्ञानकण्डिका, अथानन्तरं द्रव्यगुणपर्यायपरिज्ञानविषये मूढत्वनिराकरणार्थं 'दव्वादीएसु' इत्यादि गाथाषट्कपर्यन्तं तृतीयज्ञानकण्डिका । तदनन्तरं स्वपरतत्त्वपरिज्ञानविषये मूढत्वनिराकरणार्थं 'णाणप्पगं' इत्यादि गाथाद्वयेन चतुर्थज्ञानकण्डिका । इति ज्ञानकण्डिकाचतुष्टयाभिधानाधिकारे समुदायपातनिका । अथेदानीं प्रथमज्ञानकण्डिकायां स्वतन्त्रव्याख्यानेन गाथाचतुष्टयं, तदनन्तरं पुण्यं जीवस्य विषयतृष्णामुत्पादयतीति कथनरूपेण गाथाचतुष्टयं, तदनन्तरमुपसंहाररूपेण गाथाद्वयं, इति स्थलत्रयपर्यन्तं क्रमेण व्याख्यानं क्रियते । तद्यथा—अथ यद्यपि पूर्वं गाथाषट्केनेन्द्रियसुखस्वरूपं भणितं तथापि पुनरपि तदेव विस्तरेण कथयन् सन् तत्साधकं शुभोपयोगं प्रतिपादयति, अथवा द्वितीयपातनिका—पीठिकायां यच्छुभोपयोगस्वरूपं सूचितं तस्येदानीमिन्द्रियसुखविशेषविचारप्रस्तावे तत्साधकत्वेन विशेषविवरणं करोति— **देवदजदिगुरुपूजासु चेव दाणम्मि वा सुसीलेसु** देवतायतिगुरुपूजासु चैव दाने वा सुशीलेषु **उववासादिसु रत्तो** तथैवोपवासादिषु च रक्त आसक्तः **अप्पा** जीवः **सुहोवओगप्पगो** शुभोपयोगात्मको भण्यते इति । तथा हि—देवता निर्दोषिपरमात्मा, इन्द्रियजयेन शुद्धात्मस्वरूपप्रयत्नपरो यतिः,

---

**ટીકાઃ—** જ્યારે આ આત્મા દુઃખના સાધનભૂત એવી દ્વેષરૂપ તથા ઇંદ્રિય-વિષયના અનુરાગરૂપ અશુભોપયોગભૂમિકાને ઓળંગી જઈને, દેવ-ગુરુ-યતિની પૂજા, દાન, શીલ અને ઉપવાસાદિકની પ્રીતિસ્વરૂપ ધર્માનુરાગને અંગીકૃત કરે છે, ત્યારે તે ઇંદ્રિયસુખના સાધનભૂત શુભોપયોગભૂમિકામાં આરૂઢ કહેવાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ शुभोपयोगसाध्यत्वेनेन्द्रियसुखमाख्याति—

**जुत्तो सुहेण आदा तिरियो वा माणुसो व देवो वा।**
**भूदो तावदि कालं लहदि सुहं इंदियं विविहं ॥ ७० ॥**

**युक्तः शुभेन आत्मा तिर्यग्वा मानुषो वा देवो वा।**
**भूतस्तावत्कालं लभते सुखमैन्द्रियं विविधम् ॥ ७० ॥**

अयमात्मेन्द्रियसुखसाधनीभूतस्य शुभोपयोगस्य सामर्थ्यात्तदधिष्ठानभूतानां तिर्यग्मानुष-

---

स्वयं भेदाभेदरत्नत्रयाराधकस्तदर्थिनां भव्यानां जिनदीक्षादायको गुरुः, पूर्वोक्तदेवतायतिगुरूणां तत्प्रतिबिम्बादीनां च यथासंभवं द्रव्यभावरूपा पूजा, आहारादिचतुर्विधदानं च आचारादिकथितशीलव्रतानि तथैवोपवासादिजिनगुणसंपत्त्यादिविधिविशेषाश्च । एतेषु शुभानुष्ठानेषु योऽसौ रतः द्वेषरूपे विषयानुरागरूपे चाशुभानुष्ठाने विरतः, स जीवः शुभोपयोगी भवतीति सूत्रार्थः ॥ ६९ ॥ अथ पूर्वोक्तशुभो-

---

**ભાવાર્થ:—** સર્વ દોષ રહિત પરમાત્મા તે દેવ; ભેદાભેદ રત્નત્રયના પોતે આરાધક, તથા તે આરાધનાના અર્થી અન્ય ભવ્ય જીવોને જિનદીક્ષાના દેનાર, તે ગુરુ; ઇંદ્રિયજય કરીને શુદ્ધાત્મસ્વરૂપમાં પ્રયત્નપરાયણ તે યતિ. આવા દેવ-ગુરુ-યતિની કે તેમની પ્રતિમાની પૂજામાં, આહારાદિ ચતુર્વિધ દાનમાં, આચારાંગાદિ શાસ્ત્રોમાં કહેલાં શીલવ્રતોમાં તથા ઉપવાસાદિક તપમાં પ્રીતિ તે ધર્માનુરાગ છે. જે આત્મા દ્વેષરૂપ અને વિષયાનુરાગરૂપ અશુભોપયોગને ઓળંગી જઈને ધર્માનુરાગને અંગીકાર કરે છે, તે શુભોપયોગી છે. ૬૯.

હવે ઇંદ્રિયસુખને શુભોપયોગના સાધ્ય તરીકે ( અર્થાત્ શુભોપયોગ સાધન છે અને તેનું સાધ્ય ઇંદ્રિયસુખ છે એમ ) કહે છે:—

**શુભયુક્ત આત્મા દેવ વા તિર્યંચ વા માનવ બને;**
**તે પર્યયે તાવત્સમય ઇંદ્રિયસુખ વિધવિધ લહે. ૭૦**

**અન્વયાર્થ:—** [ शुभेन युक्तः ] શુભોપયોગયુક્ત [ आत्मा ] આત્મા [ तिर्यक् वा ] તિર્યંચ, [ मानुषः वा ] મનુષ્ય [ देवः वा ] અથવા દેવ [ भूतः ] થઈને, [ तावत्कालं ] તેટલો કાળ [ विविधं ] વિવિધ [ ऐन्द्रियं सुखं ] ઇંદ્રિયસુખ [ लभते ] પામે છે.

**ટીકા:—** આ આત્મા ઇંદ્રિયસુખના સાધનભૂત શુભોપયોગના સામર્થ્યથી તેના અધિષ્ઠાનભૂત (—ઇંદ્રિયસુખના સ્થાનભૂત-આધારભૂત એવી), તિર્યંચપણાની, મનુષ્ય-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



देवत्वभूमिकानामन्यतमां भूमिकामवाप्य यावत्कालमवतिष्ठते, तावत्कालमनेकप्रकारमिन्द्रिय-सुखं समासादयतीति ॥ ७० ॥

अथैवमिन्द्रियसुखमुत्क्षिप्य दुःखत्वे प्रक्षिपति—

**सोक्खं सहावसिद्धं णत्थि सुराणं पि सिद्धमुवदेसे।**
**ते देहवेदणट्टा रमंति विसएसु रम्मेसु ॥ ७१ ॥**

**सौख्यं स्वभावसिद्धं नास्ति सुराणामपि सिद्धमुपदेशे।**
**ते देहवेदनार्ता रमन्ते विषयेषु रम्येषु ॥ ७१ ॥**

---

पयोगेन साध्यमिन्द्रियसुखं कथयति—**सुहेण जुत्तो आदा** यथा निश्चयरत्नत्रयात्मकशुद्धोपयोगेन युक्तो मुक्तो भूत्वाऽयं जीवोऽनन्तकालमतीन्द्रियसुखं लभते, तथा पूर्वसूत्रोक्तलक्षणशुभोपयोगेन युक्तः परिणतो-ऽयमात्मा **तिरियो वा माणुसो व देवो वा भूदो** तिर्यग्मनुष्यदेवरूपो भूत्वा **तावदि कालं** तावत्कालं स्वकीयायुःपर्यन्तं **लहदि सुहं इंदियं विविहं** इन्द्रियजं विविधं सुखं लभते, इति सूत्राभिप्रायः ॥ ७० ॥ अथ पूर्वोक्तमिन्द्रियसुखं निश्चयनयेन दुःखमेवेत्युपदिशति—**सोक्खं सहाव-सिद्धं** रागाद्युपाधिरहितं चिदानन्दैकस्वभावेनोपादानकारणभूतेन सिद्धमुत्पन्नं यत्स्वाभाविकसुखं तत्स्वभावसिद्धं भण्यते। तच्च **णत्थि सुराणं पि** आस्तां मनुष्यादीनां सुखं देवेन्द्रादीनामपि नास्ति **सिद्धमुवदेसे** इति सिद्धमुपदिष्टमुपदेशे परमागमे। **ते देहवेदणट्टा रमंति विसएसु रम्मेसु** तथाभूतसुखाभावात्ते देवादयो देहवेदनार्ताः पीडिताः कदर्थिताः सन्तो रमन्ते विषयेषु रम्याभासेष्विति। अथ विस्तरः—अधोभागे सप्तनरकस्थानीयमहाऽजगरप्रसारितमुखे, कोणचतुष्के तु क्रोधमानमायालोभस्थानीयसर्पचतुष्कप्रसारितवदने

---

પણાની અને દેવપણાની ભૂમિકાઓમાંથી કોઈ એક ભૂમિકાને પામીને જેટલો કાળ (તેમાં) રહે છે, તેટલો કાળ અનેક પ્રકારનું ઇંદ્રિયસુખ પામે છે. ૭૦.

એ રીતે ઇંદ્રિયસુખની વાત ઉપાડીને હવે ઇંદ્રિયસુખને દુઃખપણામાં નાખે છે:—

**સુરનેય સૌખ્ય સ્વભાવસિદ્ધ ન—સિદ્ધ છે આગમ વિષે;**
**તે દેહવેદનથી પીડિત રમણીય વિષયોમાં રમે. ૭૧.**

**અન્વયાર્થઃ—** [ उपदेशे सिद्धं ] (જિનદેવના) ઉપદેશમાં સિદ્ધ છે કે- [ सुराणाम् अपि ] દેવોને પણ [ स्वभावसिद्धं ] સ્વભાવનિષ્પન્ન [ सौख्यं ] સુખ [ नास्ति ] નથી; [ ते ] તેઓ [ देहवेदनार्ता ] (પંચેન્દ્રિયમય) દેહની વેદનાથી પીડિત હોવાથી [ रम्येषु विषयेषु ] રમ્ય વિષયોમાં [ रमन्ते ] રમે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इन्द्रियसुखभाजनेषु हि प्रधाना दिवौकसः। तेषामपि स्वाभाविकं न खलु सुखमस्ति, प्रत्युत तेषां स्वाभाविकं दुःखमेवावलोक्यते; यतस्ते पञ्चेन्द्रियात्मकशरीरपिशाचपीडया परवशा भृगुप्रपातस्थानीयान्मनोज्ञविषयानभिपतन्ति ॥ ७१ ॥

अथैवमिन्द्रियसुखस्य दुःखतायां युक्त्यावतारितायामिन्द्रियसुखसाधनीभूतपुण्यनिर्वर्तकशुभोपयोगस्य दुःखसाधनीभूतपापनिर्वर्तकाशुभोपयोगविशेषादविशेषत्वमवतारयति—

**णरणारयतिरियसुरा भजंति जदि देहसंभवं दुक्खं।**
**किह सो सुहो व असुहो उवओगो हवदि जीवाणं ॥ ७२ ॥**

**नरनारकतिर्यक्सुरा भजन्ति यदि देहसंभवं दुःखम् ।**
**कथं स शुभो वाऽशुभ उपयोगो भवति जीवानाम् ॥ ७२ ॥**

---

देहस्थानीयमहान्धकूपे पतितः सन् कश्चित् पुरुषविशेषः, संसारस्थानीयमहारण्ये मिथ्यात्वादिकुमार्गे नष्टः सन् मृत्युस्थानीयहस्तिभयेनायुष्कर्मस्थानीये साटिकविशेषे शुक्लकृष्णपक्षस्थानीयशुक्लकृष्णमूषकद्वय-छेद्यमानमूले व्याधिस्थानीयमधुमक्षिकावेष्टिते लग्नस्तेनैव हस्तिना हन्यमाने सति विषयसुखस्थानीय-

---

ટીકાઃ— ઇંદ્રિયસુખનાં ભાજનોમાં પ્રધાન દેવો છે; તેમને પણ ખરેખર સ્વાભાવિક સુખ નથી; ઊલટું તેમને સ્વાભાવિક દુઃખ જ જોવામાં આવે છે; કારણ કે તેઓ પંચેંદ્રિયાત્મક શરીરરૂપ પિશાચની પીડા વડે પરવશ હોવાથી *ભૃગુપ્રપાત સમા મનોજ્ઞ વિષયો તરફ ધસે છે. ૭૧.

એ રીતે ઇંદ્રિયસુખને દુઃખપણે યુક્તિથી પ્રગટ કરીને, હવે ઇંદ્રિયસુખના સાધનભૂત પુણ્યને ઉત્પન્ન કરનાર શુભોપયોગનું, દુઃખના સાધનભૂત પાપને ઉત્પન્ન કરનાર અશુભોપયોગથી અવિશેષપણું પ્રગટ કરે છેઃ—

**તિર્યંચ-નારક-સુર-નરો જો દેહગત દુઃખ અનુભવે,**
**તો જીવનો ઉપયોગ એ શુભ ને અશુભ કઈ રીત છે? ૭૨.**

**અન્વયાર્થઃ**— [ नरनारकतिर्यक्सुराः ] મનુષ્યો, નારકો, તિર્યંચો અને દેવો (-બધાંય) [ यदि ] જો [ देहसंभवं ] દેહોત્પન્ન [ दुःखं ] દુઃખને [ भजन्ति ] અનુભવે છે, [ जीवानां ] તો જીવોનો [ सः उपयोगः ] તે (શુદ્ધોપયોગથી વિલક્ષણ-અશુદ્ધ) ઉપયોગ [ शुभः वा अशुभः ] શુભ અને અશુભ—બે પ્રકારનો [ कथं भवति ] કઈ રીતે છે? (અર્થાત્ નથી.)

---

* ભૃગુપ્રપાત = અતિ દુઃખથી કંટાળીને આપઘાત કરવા માટે પર્વતના નિરાધાર ઊંચા સ્થાન પરથી ખાવામાં આવતી પછાટ. (ભૃગુ = પર્વતનું નિરાધાર ઊંચું સ્થાન-શિખર. પ્રપાત = પછાડ; ભૂસકો.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यदि शुभोपयोगजन्यसमुदीर्णपुण्यसंपदस्त्रिदशादयोऽशुभोपयोगजन्यपर्यागतपातकापदो वा नारकादयश्च, उभयेऽपि स्वाभाविकसुखाभावादविशेषेण पञ्चेन्द्रियात्मकशरीरप्रत्ययं दुःखमेवानुभवन्ति । ततः परमार्थतः शुभाशुभोपयोगयोः पृथक्त्वव्यवस्था नावतिष्ठते ॥ ७२ ॥

अथ शुभोपयोगजन्यं फलवत्पुण्यं विशेषेण दूषणार्थमभ्युपगम्योत्थापयति—

**कुलिसाउहचक्कधरा सुहोवओगप्पगेहिं भोगेहिं ।**
**देहादीणं विद्धिं करेंति सुहिदा इवाभिरदा ॥ ७३ ॥**

---

मधुबिन्दुसुस्वादेन यथा सुखं मन्यते, तथा संसारसुखम् । पूर्वोक्तमोक्षसुखं तु तद्विपरीतमिति तात्पर्यम् ॥ ७१ ॥ अथ पूर्वोक्तप्रकारेण शुभोपयोगसाध्यस्येन्द्रियसुखस्य निश्चयेन दुःखत्वं ज्ञात्वा तत्साधकशुभोपयोगस्याप्यशुभोपयोगेन सह समानत्वं व्यवस्थापयति—**णरणारयतिरियसुरा भजंति जदि देहसंभवं दुक्खं** सहजातीन्द्रियामूर्तसदानन्दैकलक्षणं वास्तवसुखमलभमानाः सन्तो नरनारकतिर्यक्सुरा यदि चेदविशेषेण पूर्वोक्तपरमार्थसुखाद्विलक्षणं पञ्चेन्द्रियात्मकशरीरोत्पन्नं निश्चयनयेन दुःखमेव भजन्ते सेवन्ते, **किह सो सुहो व असुहो उवओगो हवदि जीवाणं** व्यवहारेण विशेषेऽपि निश्चयेन सः प्रसिद्धः

---

ટીકાઃ— જો શુભોપયોગજન્ય ઉદયગત પુણ્યની સંપદાવાળા દેવાદિક ( અર્થાત્ શુભોપયોગજન્ય પુણ્યના ઉદયથી પ્રાપ્ત થતી ઋદ્ધિવાળા દેવો વગેરે ) અને અશુભોપયોગજન્ય ઉદયગત પાપની આપદાવાળા નારકાદિક—એ બન્નેય સ્વાભાવિક સુખના અભાવને લીધે અવિશેષપણે ( -તફાવત વિના ) પંચેંદ્રિયાત્મક શરીર સંબંધી દુઃખને જ અનુભવે છે, તો પછી પરમાર્થે શુભ-અશુભ ઉપયોગની પૃથક્ત્વવ્યવસ્થા ટકતી નથી.

ભાવાર્થઃ— શુભોપયોગજન્ય પુણ્યના ફળરૂપે દેવાદિકની સંપદાઓ મળે છે અને અશુભોપયોગજન્ય પાપના ફળરૂપે નારકાદિકની આપદાઓ મળે છે. પરંતુ તે દેવાદિક તથા નારકાદિક બન્ને પરમાર્થે દુઃખી જ છે. એ રીતે બન્નેનું ફળ સમાન હોવાથી શુભોપયોગ અને અશુભોપયોગ બન્ને પરમાર્થે સમાન જ છે અર્થાત્ ઉપયોગમાં—અશુદ્ધોપયોગમાં—શુભ અને અશુભ એવા ભેદ પરમાર્થે ઘટતા નથી. ૭૨.

( જેમ ઇંદ્રિયસુખને દુઃખરૂપ અને શુભોપયોગને અશુભોપયોગ સમાન દર્શાવ્યો તેમ ) હવે શુભોપયોગજન્ય એવું જે ફળવાળું પુણ્ય તેને વિશેષતઃ દૂષણ દેવા માટે ( અર્થાત્ તેમાં દોષ દર્શાવવા અર્થે ) તે પુણ્યને ( -તેની હયાતીને ) સ્વીકારીને તે ( પુણ્યની ) વાતનું ઉત્થાન કરે છે:—

**ચક્રી અને દેવેંદ્ર શુભ-ઉપયોગમૂલક ભોગથી**
**પુષ્ટિ કરે દેહાદિની, સુખી સમ દીસે અભિરત રહી. ૭૩.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**कुलिशायुधचक्रधराः शुभोपयोगात्मकैः भोगैः ।**
**देहादीनां वृद्धिं कुर्वन्ति सुखिता इवाभिरताः ।। ७३ ।।**

यतो हि शक्राश्चक्रिणश्च स्वेच्छोपगतैर्भोगैः शरीरादीन् पुष्णन्तस्तेषु दुष्टशोणित इव जलौकसोऽत्यन्तमासक्ताः सुखिता इव प्रतिभासन्ते, ततः शुभोपयोगजन्यानि फलवन्ति पुण्यान्यवलोक्यन्ते ।। ७३ ।।

---

शुद्धोपयोगाद्विलक्षणः शुभाशुभोपयोगः कथं भिन्नत्वं लभते, न कथमपीति भावः ।। ७२ ।। एवं स्वतन्त्र-गाथाचतुष्टयेन प्रथमस्थलं गतम् । अथ पुण्यानि देवेन्द्रचक्रवर्त्यादिपदं प्रयच्छन्ति इति पूर्वं प्रशंसां करोति । किमर्थम् । तत्फलाधारेणाग्रे तृष्णोत्पत्तिरूपदुःखदर्शनार्थं । **कुलिसाउहचक्कधरा** देवेन्द्राश्चक्र-वर्तिनश्च कर्तारः । **सुहोवओगप्पगेहिं भोगेहिं** शुभोपयोगजन्यभोगैः कृत्वा **देहादीणं विद्धिं करेंति** विकुर्वणारूपेण देहपरिवारादीनां वृद्धिं कुर्वन्ति । कथंभूताः सन्तः । **सुहिदा इवाभिरदा** सुखिता इवाभिरता आसक्ता इति । अयमत्रार्थः—यत्परमातिशयतृप्तिसमुत्पादकं विषयतृष्णाविच्छित्तिकारकं च स्वाभाविकसुखं तदलभमाना दुष्टशोणिते जलयूका इवासक्ताः सुखाभासेन देहादीनां वृद्धिं कुर्वन्ति । ततो ज्ञायते तेषां स्वाभाविकं सुखं नास्तीति ।। ७३ ।। अथ पुण्यानि जीवस्य विषयतृष्णामुत्पाद-

---

**અન્વયાર્થઃ—** [ कुलिशायुधचक्रधराः ] વજ્રધરો અને ચક્રધરો (-ઇંદ્રો અને ચક્રવર્તીઓ) [ शुभोपयोगात्मकैः भोगैः ] શુભોપયોગમૂલક (પુણ્યોના ફળરૂપ) ભોગો વડે [ देहादीनां ] દેહાદિની [ वृद्धिं कुर्वंति ] પુષ્ટિ કરે છે અને [ अभिरताः ] (એ રીતે) ભોગોમાં રત વર્તતા થકા [ सुखिताः इव ] સુખી જેવા ભાસે છે (માટે પુણ્યો વિદ્યમાન છે ખરાં).

**ટીકાઃ—** શક્રેંદ્રો અને ચક્રવર્તીઓ પોતાની ઇચ્છા પ્રમાણે મળેલા ભોગો વડે શરીરાદિને પોષતા થકા—જેમ જળો દૂષિત લોહીમાં અત્યંત આસક્ત વર્તતી થકી સુખી જેવી ભાસે છે તેમ—તે ભોગોમાં અત્યંત આસક્ત વર્તતા થકા સુખી જેવા ભાસે છે; માટે શુભોપયોગજન્ય ફળવાળાં પુણ્યો જોવામાં આવે છે (અર્થાત્ શુભોપયોગજન્ય એવાં જે ફળવાળાં પુણ્યો તેમની હયાતી જોવામાં આવે છે).

**ભાવાર્થઃ—** જે ભોગોમાં આસક્ત વર્તતા થકા ઇંદ્રો વગેરે જળોની માફક સુખી જેવા ભાસે છે, તે ભોગો પુણ્યનાં ફળ છે; માટે પુણ્યની હયાતી છે ખરી. (આ પ્રમાણે આ ગાથામાં પુણ્યનું વિદ્યમાનપણું સ્વીકારીને હવેની ગાથાઓમાં પુણ્યને દુઃખના કારણરૂપ દર્શાવશે.) ૭૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथैवमभ्युपगतानां पुण्यानां दुःखबीजहेतुत्वमुद्भावयति—

**जदि संति हि पुण्णाणि य परिणामसमुब्भवाणि विविहाणि।**
**जणयंति विसयतण्हं जीवाणं देवदंताणं ॥ ७४ ॥**

**यदि सन्ति हि पुण्यानि च परिणामसमुद्भवानि विविधानि।**
**जनयन्ति विषयतृष्णां जीवानां देवतान्तानाम् ॥ ७४ ॥**

यदि नामैवं शुभोपयोगपरिणामकृतसमुत्पत्तीन्यनेकप्रकाराणि पुण्यानि विद्यन्त इत्यभ्युपगम्यते, तदा तानि सुधाशनानप्यवधिं कृत्वा समस्तसंसारिणां विषयतृष्णामवश्यमेव समुत्पादयन्ति। न खलु तृष्णामन्तरेण दुष्टशोणित इव जलूकानां समस्तसंसारिणां विषयेषु प्रवृत्तिरवलोक्यते। अवलोक्यते च सा। ततोऽस्तु पुण्यानां तृष्णायतनत्वमबाधितमेव ॥ ७४ ॥

---

यन्तीति प्रतिपादयति—**जदि संति हि पुण्णाणि य** यदि चेन्निश्चयेन पुण्यपापरहितपरमात्मनो विपरीतानि पुण्यानि सन्ति। पुनरपि किंविशिष्टानि। **परिणामसमुब्भवाणि** निर्विकारस्वसंवित्तिविलक्षणशुभपरिणामसमुद्भवानि **विविहाणि** स्वकीयानन्तभेदेन बहुविधानि। तदा तानि किं कुर्वन्ति।

---

હવે, એ રીતે સ્વીકારવામાં આવેલાં પુણ્યો દુઃખના બીજના હેતુ છે ( અર્થાત્ તૃષ્ણાનાં કારણ છે ) એમ ન્યાયથી પ્રગટ કરે છે:—

**પરિણામજન્ય અનેકવિધ જો પુણ્યનું અસ્તિત્વ છે,**
**તો પુણ્ય એ દેવાન્ત જીવને વિષયતૃષ્ણોદ્ભવ કરે. ૭૪.**

**અન્વયાર્થઃ**—[ यदि हि ] ( પૂર્વોક્ત રીતે ) જો [ परिणामसमुद्भवानि ] ( શુભોપયોગરૂપ ) પરિણામથી ઊપજતાં [ विविधानि पुण्यानि च ] વિવિધ પુણ્યો [ सन्ति ] વિદ્યમાન છે, [ देवतान्तानां जीवानां ] તો તેઓ દેવો સુધીના જીવોને [ विषयतृष्णां ] વિષયતૃષ્ણા [ जनयन्ति ] ઉત્પન્ન કરે છે.

**ટીકાઃ**—જો એ રીતે શુભોપયોગપરિણામથી જેમની ઉત્પત્તિ થાય છે એવાં અનેક પ્રકારનાં પુણ્યો વિદ્યમાન છે એમ સ્વીકારવામાં આવે છે, તો તેઓ ( -તે પુણ્યો ) દેવો સુધીના સમસ્ત સંસારીઓને વિષયતૃષ્ણા અવશ્યમેવ ઉત્પન્ન કરે છે ( એમ પણ સ્વીકારવું પડે છે ). ખરેખર તૃષ્ણા વિના, જેમ જળોને દૂષિત લોહીમાં તેમ, સમસ્ત સંસારીઓને વિષયોમાં પ્રવૃત્તિ ન જોવામાં આવે. પરંતુ તે તો જોવામાં આવે છે. માટે પુણ્યોનું તૃષ્ણાયતનપણું અબાધિત જ હો ( અર્થાત્ પુણ્યો તૃષ્ણાનાં ઘર-રહેઠાણ-છે એમ અવિરોધપણે સિદ્ધ થાય છે ).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ पुण्यस्य दुःखबीजविजयमाघोषयति—

**ते पुण उदिण्णतण्हा दुहिदा तण्हाहिं विसयसोक्खाणि ।**
**इच्छंति अणुभवंति य आमरणं दुक्खसंतत्ता ॥ ७५ ॥**

ते पुनरुदीर्णतृष्णाः दुःखितास्तृष्णाभिर्विषयसौख्यानि ।
इच्छन्त्यनुभवन्ति च आमरणं दुःखसंतप्ताः ॥ ७५ ॥

अथ ते पुनस्त्रिदशावसानाः कृत्स्नसंसारिणः समुदीर्णतृष्णाः पुण्यनिर्वर्तिताभिरपि

---

**जणयंति विसयतण्हं** जनयन्ति । काम् । विषयतृष्णाम् । केषाम् । **जीवाणं देवदंताणं** दृष्टश्रुतानुभूतभोगाकाङ्क्षारूपनिदानबन्धप्रभृतिनानामनोरथहयरूपविकल्पजालरहितपरमसमाधिसमुत्पन्नसुखामृतरूपां सर्वात्मप्रदेशेषु परमाह्लादोत्पत्तिभूतामेकाकारपरमसमरसीभावरूपां विषयाकाङ्क्षाग्निजनितपरमदाहविनाशिकां स्वरूपतृप्तिमलभमानानां देवेन्द्रप्रभृतिबहिर्मुखसंसारिजीवानामिति । इदमत्र तात्पर्यम्—यदि तथाविधा विषयतृष्णा नास्ति तर्हि दुष्टशोणिते जलयूका इव कथं ते विषयेषु प्रवृत्तिं कुर्वन्ति । कुर्वन्ति चेत् पुण्यानि तृष्णोत्पादकत्वेन दुःखकारणानि इति ज्ञायन्ते ॥ ७४ ॥ अथ पुण्यानि दुःखकारणानीति पूर्वोक्तमेवार्थं विशेषेण समर्थयति—**ते पुण उदिण्णतण्हा** सहजशुद्धात्मतृप्तेरभावात्ते निखिलसंसारिजीवाः पुनरुदीर्णतृष्णाः सन्तः **दुहिदा तण्हाहिं** स्वसंवित्तिसमुत्पन्नपारमार्थिकसुखाभावात्पूर्वोक्ततृष्णाभिर्दुःखिताः सन्तः । किं कुर्वन्ति । **विसयसोक्खाणि इच्छंति** निर्विषयपरमात्मसुखाद्विलक्षणानि विषयसुखानि

---

**ભાવાર્થઃ**—૭૩ મી ગાથામાં કહ્યું તેમ અનેક પ્રકારનાં પુણ્યો વિદ્યમાન છે, તો ભલે હો. તેઓ સુખનાં સાધન નથી પણ દુઃખના બીજરૂપ તૃષ્ણાનાં જ સાધન છે. ૭૪.

હવે, પુણ્યમાં દુઃખના બીજનો વિજય જાહેર કરે છે (અર્થાત્ પુણ્યમાં તૃષ્ણાબીજ દુઃખવૃક્ષરૂપે વૃદ્ધિ પામે છે—ફાલે છે એમ જાહેર કરે છે):—

**તે ઉદિતતૃષ્ણ જીવો, દુઃખિત તૃષ્ણાથી, વિષયિક સુખને**
**ઇચ્છે અને આમરણ દુઃખસંતપ્ત તેને ભોગવે. ૭૫.**

**અન્વયાર્થઃ**—[ पुनः ] વળી, [ उदीर्णतृष्णाः ते ] જેમને તૃષ્ણા ઉદિત છે એવા તે જીવો [ तृष्णाभिः दुःखिताः ] તૃષ્ણાઓ વડે દુઃખી વર્તતા થકા, [ आमरणं ] મરણપર્યંત [ विषयसौख्यानि इच्छन्ति ] વિષયસુખોને ઇચ્છે છે [ च ] અને [ दुःखसंतप्ताः ] દુઃખથી સંતપ્ત થયા થકા (–દુઃખદાહને નહિ સહી શકતા થકા) [ अनुभवन्ति ] તેમને ભોગવે છે.

**ટીકાઃ**—વળી, જેમને તૃષ્ણા ઉદિત છે એવા તે દેવપર્યંત સમસ્ત સંસારીઓ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तृष्णाभिर्दुःखबीजतयाऽत्यन्तदुःखिताः सन्तो मृगतृष्णाभ्य इवाम्भांसि विषयेभ्यः सौख्यान्यभिलषन्ति । तद्दुःखसंतापवेगमसहमाना अनुभवन्ति च विषयान्, जलायुका इव, तावद्यावत् क्षयं यान्ति । यथा हि जलायुकास्तृष्णाबीजेन विजयमानेन दुःखाङ्कुरेण क्रमतः समाक्रम्यमाणा दुष्टकीलालमभिलषन्त्यस्तदेवानुभवन्त्यश्चाप्रलयात् क्लिश्यन्ते, एवममी अपि पुण्यशालिनः पापशालिन इव तृष्णाबीजेन विजयमानेन दुःखाङ्कुरेण क्रमतः समाक्रम्यमाणा विषयानभिलषन्तस्तानेवानुभवन्तश्चाप्रलयात् क्लिश्यन्ते । अतः पुण्यानि सुखाभासस्य दुःखस्यैव साधनानि स्युः ॥ ७५ ॥

---

इच्छन्ति । न केवलमिच्छन्ति, **अणुभवंति य** अनुभवन्ति च । किंपर्यन्तम् । **आमरणं** मरणपर्यन्तम् । कथंभूताः । **दुक्खसंतत्ता** दुःखसंतप्ता इति । अयमत्रार्थः—यथा तृष्णोद्रेकेण प्रेरिताः जलौकसः कीलालमभिलषन्त्यस्तदेवानुभवन्त्यश्चामरणं दुःखिता भवन्ति, तथा निजशुद्धात्मसंवित्तिपराङ्मुखा

---

તૃષ્ણા દુઃખનું બીજ હોવાને લીધે પુણ્યજનિત તૃષ્ણાઓ વડે પણ અત્યંત દુઃખી વર્તતા થકા, [1]મૃગતૃષ્ણામાંથી જળની માફક વિષયોમાંથી સુખોને ઇચ્છે છે અને તે [2]દુઃખસંતાપના વેગને નહિ સહી શકવાથી વિષયોને ભોગવે છે. ક્યાં સુધી? વિનાશ (–મરણ) પામે ત્યાં સુધી. કોની જેમ? જળોની જેમ. જેમ જળો, તૃષ્ણા જેનું બીજ છે એવા વિજય પામતા દુઃખાંકુર વડે ક્રમશઃ આક્રાંત થતી હોવાથી, ખરાબ લોહીને ઇચ્છતી અને તેને જ ભોગવતી થકી વિનાશપર્યંત ક્લેશ પામે છે, તેમ આ પુણ્યશાળીઓ પણ, પાપશાળીઓની માફક, તૃષ્ણા જેનું બીજ છે એવા વિજય પામતા દુઃખાંકુર વડે ક્રમશઃ આક્રાંત થતા હોવાથી, વિષયોને ઇચ્છતા અને તેમને જ ભોગવતા થકા વિનાશપર્યંત (–મરણ પામતાં સુધી) ક્લેશ પામે છે.

આથી પુણ્યો સુખાભાસ એવા દુઃખનાં જ સાધન છે.

**ભાવાર્થઃ**—જેમને સમસ્તવિકલ્પજાળ રહિત પરમસમાધિથી ઉત્પન્ન સુખામૃતરૂપ, સર્વ આત્મપ્રદેશે પરમ-આહ્લાદભૂત સ્વરૂપતૃપ્તિ વર્તતી નથી એવા સમસ્ત સંસારી જીવોને નિરંતર વિષયતૃષ્ણા વ્યક્ત કે અવ્યક્તપણે વર્તે જ છે. તે તૃષ્ણારૂપી બીજ ક્રમશઃ અંકુરરૂપ થઈ દુઃખવૃક્ષરૂપે વૃદ્ધિ પામતાં, એ રીતે દુઃખદાહનો વેગ અસહ્ય થતાં, તે જીવો વિષયોમાં પ્રવૃત્ત થાય છે. માટે જેમને વિષયોમાં પ્રવૃત્તિ જોવામાં આવે છે એવા દેવો સુધીના સમસ્ત સંસારીઓ દુઃખી જ છે.

આ રીતે દુઃખભાવ જ પુણ્યોને—પુણ્યજનિત સામગ્રીને—અવલંબતો હોવાથી, પુણ્યો સુખાભાસ એવા દુઃખનાં જ આલંબન-સાધન છે. ૭૫.

---

૧. જેમ ઝાંઝવાંમાંથી જળ પ્રાપ્ત થતું નથી તેમ ઇંદ્રિયવિષયોમાંથી સુખ પ્રાપ્ત થતું નથી.
૨. દુઃખસંતાપ = દુઃખદાહ; દુઃખની બળતરા–પીડા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ पुनरपि पुण्यजन्यस्येन्द्रियसुखस्य बहुधा दुःखत्वमुद्योतयति—

**सपरं बाधासहियं विच्छिण्णं बंधकारणं विसमं ।**
**जं इंदियेहिं लद्धं तं सोक्खं दुक्खमेव तहा ॥ ७६ ॥**

**सपरं बाधासहितं विच्छिन्नं बन्धकारणं विषमम् ।**
**यदिन्द्रियैर्लब्धं तत्सौख्यं दुःखमेव तथा ॥ ७६ ॥**

सपरत्वात् बाधासहितत्वात् विच्छिन्नत्वात् बन्धकारणत्वात् विषमत्वाच्च पुण्यजन्यमपीन्द्रियसुखं दुःखमेव स्यात् । सपरं हि सत् परप्रत्ययत्वात् पराधीनतया, बाधासहितं

---

जीवा अपि मृगतृष्णाभ्योऽम्भांसीव विषयानभिलषन्तस्तथैवानुभवन्तश्चामरणं दुःखिता भवन्ति । तत एतदायातं तृष्णातङ्कोत्पादकत्वेन पुण्यानि वस्तुतो दुःखकारणानि इति ॥ ७५ ॥ अथ पुनरपि पुण्योत्पन्नस्येन्द्रियसुखस्य बहुधा दुःखत्वं प्रकाशयति—**सपरं** सह परद्रव्यापेक्षया वर्तते सपरं भवतीन्द्रियसुखं, पारमार्थिकसुखं तु परद्रव्यनिरपेक्षत्वादात्माधीनं भवति । **बाधासहियं** तीव्रक्षुधातृष्णाद्यनेकबाधासहितत्वाद्बाधासहितमिन्द्रियसुखं, निजात्मसुखं तु पूर्वोक्तसमस्तबाधारहितत्वादव्याबाधम् । **विच्छिण्णं** प्रतिपक्षभूतासातोदयेन सहितत्वाद्विच्छिन्नं सान्तरितं भवतीन्द्रियसुखं, अतीन्द्रियसुखं तु प्रतिपक्षभूतासातोदयाभावान्निरन्तरम् । **बंधकारणं** दृष्टश्रुतानुभूतभोगाकाङ्क्षाप्रभृत्यनेकापध्यानवशेन भाविनरकादि-

---

હવે ફરીને પણ પુણ્યજન્ય ઇંદ્રિયસુખનું ઘણા પ્રકારે દુઃખપણું પ્રકાશે છેઃ—

**પરયુક્ત, બાધાસહિત, ખંડિત, બંધકારણ, વિષમ છે;**
**જે ઇંદ્રિયોથી લબ્ધ તે સુખ એ રીતે દુઃખ જ ખરે. ૭૬.**

**અન્વયાર્થઃ—** [ यद् ] જે [ इन्द्रियैः लब्धं ] ઇંદ્રિયોથી પ્રાપ્ત થાય છે, [ तद् सौख्यं ] તે સુખ [ सपरं ] પરના સંબંધવાળું, [ बाधासहितं ] બાધાસહિત, [ विच्छिन्नं ] વિચ્છિન્ન, [ बन्धकारणं ] બંધનું કારણ [ विषमं ] અને વિષમ છે; [ तथा ] એ રીતે [ दुःखम् एव ] તે દુઃખ જ છે.

**ટીકાઃ—** પરના સંબંધવાળું હોવાથી, બાધાસહિત હોવાથી, વિચ્છિન્ન (તૂટક) હોવાથી, બંધનું કારણ હોવાથી અને વિષમ હોવાથી, ઇંદ્રિયસુખ—પુણ્યજન્ય હોવા છતાં પણ—દુઃખ જ છે.

ઇંદ્રિયસુખ ( १ ) 'પરના સંબંધવાળું' હોતું થકું પરાશ્રયપણાને લીધે પરાધીન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



हि सदशनायोदन्यावृषस्यादिभिस्तृष्णाव्यक्तिभिरुपेतत्वात् अत्यन्ताकुलतया, विच्छिन्नं हि सदसद्वेद्योदयप्रच्यावितसद्वेद्योदयप्रवृत्ततयाऽनुभवत्वादुद्भूतविपक्षतया, बन्धकारणं हि सद्विषयोपभोगमार्गानुलग्नरागादिदोषसेनानुसारसंगच्छमानघनकर्मपांसुपटलत्वादुदर्कदुःसहतया, विषमं हि सदभिवृद्धिपरिहाणिपरिणतत्वादत्यन्तविसंष्ठुलतया च दुःखमेव भवति। अथैवं पुण्यमपि पापवद्दुःखसाधनमायातम् ॥ ७६ ॥

---

दुःखोत्पादककर्मबन्धोत्पादकत्वाद्बन्धकारणमिन्द्रियसुखं, अतीन्द्रियसुखं तु सर्वापध्यानरहितत्वादबन्धकारणम्। **विसमं** विगतः शमः परमोपशमो यत्र तद्विषममतृप्तिकरं हानिवृद्धिसहितत्वाद्वा विषमं, अतीन्द्रियसुखं तु परमतृप्तिकरं हानिवृद्धिरहितम्। **जं इंदियेहिं लद्धं तं सोक्खं दुक्खमेव तहा** यदिन्द्रियैर्लब्धं संसारसुखं तत्सुखं यथा पूर्वोक्तपञ्चविशेषणविशिष्टं भवति तथैव दुःखमेवेत्यभिप्रायः ॥ ७६ ॥ एवं पुण्यानि जीवस्य तृष्णोत्पादकत्वेन दुःखकारणानि भवन्तीति कथनरूपेण द्वितीयस्थले गाथाचतुष्टयं गतम्। अथ निश्चयेन पुण्यपापयोर्विशेषो नास्तीति कथयन् पुण्यपापयोर्व्याख्यानमुपसंहरति—**ण हि**

---

છે, ( ૨ ) 'બાધાસહિત' હોતું થકું ખાવાની ઇચ્છા, પાણી પીવાની ઇચ્છા, મૈથુનની ઇચ્છા ઇત્યાદિ તૃષ્ણાવ્યક્તિઓ (-તૃષ્ણાની પ્રગટતાઓ) સહિત હોવાને લીધે અત્યંત આકુળ છે, ( ૩ ) 'વિચ્છિન્ન' હોતું થકું અશાતાવેદનીયનો ઉદય જેને [1]ચ્યુત કરે છે એવા શાતાવેદનીયના ઉદય વડે પ્રવર્તતું અનુભવમાં આવતું હોવાને લીધે વિપક્ષની ઉત્પત્તિવાળું છે, ( ૪ ) 'બંધનું કારણ' હોતું થકું વિષયોપભોગના માર્ગને લાગેલી (-વળગેલી) રાગાદિ દોષોની સેના અનુસાર કર્મરજનાં [2]ઘન પટલનો સંબંધ થતો હોવાને લીધે પરિણામે દુઃસહ છે, અને ( ૫ ) 'વિષમ' હોતું થકું હાનિવૃદ્ધિમાં પરિણમતું હોવાને લીધે અત્યંત અસ્થિર છે; માટે તે (ઇંદ્રિયસુખ) દુઃખ જ છે.

જો આમ છે ( અર્થાત્ જો ઇંદ્રિયસુખ દુઃખ જ છે ) તો પુણ્ય પણ, પાપની જેમ, દુઃખનું સાધન છે એમ ફલિત થયું.

**ભાવાર્થઃ—**ઇંદ્રિયસુખ દુઃખ જ છે, કારણ કે તે પરાધીન છે, અત્યંત આકુળ છે, વિપક્ષની (-વિરોધીની) ઉત્પત્તિવાળું છે, પરિણામે દુઃસહ છે અને અત્યંત અસ્થિર છે.

આમાંથી એમ ફલિત થયું કે પુણ્ય પણ દુઃખનું જ સાધન છે. ૭૬.

---

૧. ચ્યુત કરવું = ખસેડવું; પદભ્રષ્ટ કરવું. ( શાતાવેદનીયનો ઉદય તેની સ્થિતિ અનુસાર રહીને ખસી જાય છે અને અશાતાવેદનીયનો ઉદય આવે છે. )

૨. ઘન પટલ = ઘટ્ટ ( ઘાટાં ) થર; ઘણો જથ્થો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ पुण्यपापयोरविशेषत्वं निश्चिन्वन्नुपसंहरति—

**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पुण्णपावाणं।**
**हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो ॥ ७७ ॥**

न हि मन्यते य एवं नास्ति विशेष इति पुण्यपापयोः ।
हिण्डति घोरमपारं संसारं मोहसंछन्नः ॥ ७७ ॥

एवमुक्तक्रमेण शुभाशुभोपयोगद्वैतमिव सुखदुःखद्वैतमिव च न खलु परमार्थतः पुण्यपापद्वैतमवतिष्ठते, उभयत्राप्यनात्मधर्मत्वाविशेषत्वात् । यस्तु पुनरनयोः कल्याणकालायस-

---

**मण्णदि जो एवं** न हि मन्यते य एवम् । किम् । **णत्थि विसेसो त्ति पुण्णपावाणं** पुण्यपापयोर्निश्चयेन विशेषो नास्ति । स किं करोति । **हिंडदि घोरमपारं संसारं** हिण्डति भ्रमति । कम् । संसारम् । कथंभूतम् । घोरम् अपारं चाभव्यापेक्षया । कथंभूतः । **मोहसंछण्णो** मोहप्रच्छादित इति । तथा हि--द्रव्यपुण्यपापयोर्व्यवहारेण भेदः, भावपुण्यपापयोस्तत्फलभूतसुखदुःखयोश्चा-

---

હવે પુણ્ય અને પાપનું અવિશેષપણું નિશ્ચિત કરતા થકા (આ વિષયનો) ઉપસંહાર કરે છેઃ—

**નહિ માનતો—એ રીત પુણ્યે પાપમાં ન વિશેષ છે,**
**તે મોહથી આચ્છન્ન ઘોર અપાર સંસારે ભમે. ૭૭.**

**અન્વયાર્થઃ**—[ एवं ] એ રીતે [ पुण्यपापयोः ] પુણ્ય અને પાપમાં [ विशेषः नास्ति ] તફાવત નથી [ इति ] એમ [ यः ] જે [ न हि मन्यते ] નથી માનતો, [ मोहसंछन्नः ] તે મોહાચ્છાદિત વર્તતો થકો [ घोरं अपारं संसारं ] ઘોર અપાર સંસારમાં [ हिण्डति ] પરિભ્રમણ કરે છે.

**ટીકાઃ**—એમ પૂર્વોક્ત રીતે, શુભાશુભ ઉપયોગના દ્વૈતની માફક અને સુખ-દુઃખના દ્વૈતની માફક, પરમાર્થે પુણ્યપાપનું દ્વૈત ટકતું-રહેતું નથી; કારણ કે બન્નેમાં અનાત્મધર્મપણું અવિશેષ અર્થાત્ સમાન છે. (પરમાર્થે જેમ શુભોપયોગ અને અશુભોપયોગરૂપ દ્વૈત હયાત નથી, જેમ [1]સુખ અને દુઃખરૂપ દ્વૈત હયાત નથી, તેમ પુણ્ય અને પાપરૂપ દ્વૈત પણ હયાત નથી; કારણ કે પુણ્ય અને પાપ બન્ને આત્માના ધર્મ નહિ હોવાથી નિશ્ચયથી સમાન જ છે.) આમ હોવા છતાં, જે જીવ તે બેમાં—સુવર્ણની

---

૧. સુખ = ઇંદ્રિયસુખ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निगडयोरिवाहङ्कारिकं विशेषमभिमन्यमानोऽहमिन्द्रपदादिसंपदां निदानमिति निर्भरतरं धर्मानुरागमवलम्बते स खलूपरक्तचित्तभित्तितया तिरस्कृतशुद्धोपयोगशक्तिरासंसारं शारीरं दुःखमेवानुभवति ॥ ७७ ॥

अथैवमवधारितशुभाशुभोपयोगाविशेषः समस्तमपि रागद्वेषद्वैतमपहासयन्नशेषदुःखक्षयाय सुनिश्चितमनाः शुद्धोपयोगमधिवसति—

**एवं विदिदत्थो जो दव्वेसु ण रागमेदि दोसं वा ।**
**उवओगविसुद्धो सो खवेदि देहुब्भवं दुक्खं ॥ ७८ ॥**

---

शुद्धनिश्चयेन भेदः, शुद्धनिश्चयेन तु शुद्धात्मनो भिन्नत्वाद्भेदो नास्ति । एवं शुद्धनयेन पुण्यपापयोरभेदं योऽसौ न मन्यते स देवेन्द्रचक्रवर्तिबलदेववासुदेवकामदेवादिपदनिमित्तं निदानबन्धेन पुण्यमिच्छन्निर्मोहशुद्धात्मतत्त्वविपरीतदर्शनचारित्रमोहप्रच्छादितः सुवर्णलोहनिगडद्वयसमानपुण्यपापद्वयबद्धः सन् संसाररहितशुद्धात्मनो विपरीतं संसारं भ्रमतीत्यर्थः ॥ ७७ ॥ अथैवं शुभाशुभयोः समानत्वपरिज्ञानेन

---

અને લોખંડની બેડીની માફક—*અહંકારિક તફાવત માનતો થકો, અહમિંદ્રપદાદિ સંપદાઓના કારણભૂત ધર્માનુરાગને અતિ નિર્ભરપણે (-ગાઢપણે) અવલંબે છે, તે જીવ ખરેખર, જેની ચિત્તભૂમિ ઉપરક્ત હોવાને લીધે (—ચિત્તરૂપી ભૂમિ અથવા ભીંત કર્મોપાધિના નિમિત્તે રંગાયેલી–મલિન–વિકૃત હોવાને લીધે ) જેણે શુદ્ધોપયોગશક્તિનો તિરસ્કાર કર્યો છે એવો વર્તતો થકો, સંસારપર્યંત ( —જ્યાંસુધી આ સંસારનું અસ્તિત્વ છે ત્યાંસુધી અર્થાત્ સદાને માટે ) શારીરિક દુઃખને જ અનુભવે છે.

ભાવાર્થઃ—જેમ સુવર્ણની બેડી અને લોખંડની બેડી બન્ને અવિશેષપણે બાંધવાનું જ કામ કરે છે, તેમ પુણ્ય અને પાપ બન્ને અવિશેષપણે બંધન જ છે. જે જીવ પુણ્ય અને પાપનું અવિશેષપણું કદી માનતો નથી, તેને આ ભયંકર સંસારમાં રઝળવાનો કદી અંત આવતો નથી. ૭૭.

હવે, એ રીતે શુભ અને અશુભ ઉપયોગનું અવિશેષપણું અવધારીને, સમસ્ત રાગદ્વેષના દ્વૈતને દૂર કરતા થકા, અશેષ દુઃખનો ક્ષય કરવાનો મનમાં દ્રઢ નિશ્ચય કરી શુદ્ધોપયોગમાં વસે છે (-તેને અંગીકાર કરે છે):—

**વિદિતાર્થ એ રીત, રાગદ્વેષ લહે ન જે દ્રવ્યો વિષે,**
**શુદ્ધોપયોગી જીવ તે ક્ષય દેહગત દુઃખનો કરે. ૭૮.**

---

* પુણ્ય અને પાપમાં તફાવત હોવાનો મત અહંકારજન્ય ( –અવિદ્યાજન્ય, અજ્ઞાનજન્ય ) છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



एवं विदितार्थो यो द्रव्येषु न रागमेति द्वेषं वा ।
उपयोगविशुद्धः सः क्षपयति देहोद्भवं दुःखम् ॥ ७८ ॥

यो हि नाम शुभानामशुभानां च भावानामविशेषदर्शनेन सम्यक्परिच्छिन्नवस्तुस्वरूपः स्वपरविभागावस्थितेषु समग्रेषु ससमग्रपर्यायेषु द्रव्येषु रागं द्वेषं चाशेषमेव परिवर्जयति स किलैकान्तेनोपयोगविशुद्धतया परित्यक्तपरद्रव्यालम्बनोऽग्निरिवायःपिण्डादननुष्ठितायःसारः प्रचण्डघनघातस्थानीयं शारीरं दुःखं क्षपयति । ततो ममायमेवैकः शरणं शुद्धोपयोगः ॥७८॥

---

निश्चितशुद्धात्मतत्त्वः सन् दुःखक्षयाय शुद्धोपयोगानुष्ठानं स्वीकरोति—**एवं विदिदत्थो जो** एवं चिदानन्दैकस्वभावं परमात्मतत्त्वमेवोपादेयमन्यदशेषं हेयमिति हेयोपादेयपरिज्ञानेन विदितार्थतत्त्वो भूत्वा यः **दव्वेसु ण रागमेदि दोसं वा** निजशुद्धात्मद्रव्यादन्येषु शुभाशुभसर्वद्रव्येषु रागं द्वेषं वा न गच्छति **उवओगविसुद्धो सो** रागादिरहितशुद्धात्मानुभूतिलक्षणेन शुद्धोपयोगेन विशुद्धः सन् सः **खवेदि देहुब्भवं दुक्खं** तप्तलोहपिण्डस्थानीयदेहादुद्भवं अनाकुलत्वलक्षणपारमार्थिकसुखाद्विलक्षणं परमाकुलत्वोत्पादकं लोहपिण्डरहितोऽग्निरिव घनघातपरंपरास्थानीयदेहरहितो भूत्वा शारीरं दुःखं क्षपयतीत्यभिप्रायः ॥ ७८ ॥ एवमुपसंहाररूपेण तृतीयस्थले गाथाद्वयं गतम् । इति शुभाशुभमूढत्वनिरासार्थं

---

**અન્વયાર્થઃ**—[ एवं ] એ રીતે [ विदितार्थः ] વસ્તુસ્વરૂપ જાણીને [ यः ] જે [ द्रव्येषु ] દ્રવ્યો પ્રત્યે [ रागं द्वेषं वा ] રાગ કે દ્વેષને [ न एति ] પામતો નથી, [ सः ] તે [ उपयोगविशुद्धः ] ઉપયોગવિશુદ્ધ વર્તતો થકો [ देहोद्भवं दुःखं ] દેહોત્પન્ન દુઃખનો [ क्षपयति ] ક્ષય કરે છે.

**ટીકાઃ**—જે જીવ શુભ અને અશુભ ભાવોના અવિશેષદર્શનથી (-સમાનપણાની શ્રદ્ધાથી) વસ્તુસ્વરૂપને સમ્યક્ પ્રકારે જાણીને, સ્વ અને પર એવા બે વિભાગમાં રહેલાં જે સમસ્ત પર્યાયો સહિત સમગ્ર દ્રવ્યો તેમના પ્રત્યે રાગ અને દ્વેષને નિરવશેષપણે છોડે છે, તે જીવ, એકાંતે ઉપયોગવિશુદ્ધ (-સર્વથા શુદ્ધોપયોગી) હોવાને લીધે જેણે પરદ્રવ્યનું આલંબન છોડ્યું છે એવો વર્તતો થકો—લોખંડના ગોળામાંથી લોખંડના *સારને નહિ અનુસરતા અગ્નિની માફક—પ્રચંડ ઘણના ઘા સમાન શારીરિક દુઃખનો ક્ષય કરે છે. (જેમ અગ્નિ લોખંડના ઉષ્ણ ગોળામાંથી લોખંડના સત્ત્વને ધારણ કરતો નથી તેથી અગ્નિને પ્રચંડ ઘણના ઘા પડતા નથી, તેમ પરદ્રવ્યને નહિ અવલંબતા આત્માને શારીરિક દુઃખનું વેદન હોતું નથી.) માટે આ જ એક શુદ્ધોપયોગ મારું શરણ છે. ૭૮.

---

* સાર = સત્ત્વ; ઘનતા; કઠિનતા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ यदि सर्वसावद्ययोगमतीत्य चरित्रमुपस्थितोऽपि शुभोपयोगानुवृत्तिवशतया मोहादीन्नोन्मूलयामि, ततः कुतो मे शुद्धात्मलाभ इति सर्वारम्भेणोत्तिष्ठते—

**चत्ता पावारंभं समुट्ठिदो वा सुहम्मि चरियम्हि ।**
**ण जहदि जदि मोहादी ण लहदि सो अप्पगं सुद्धं ॥७९॥**

त्यक्त्वा पापारम्भं समुत्थितो वा शुभे चरित्रे ।
न जहाति यदि मोहादीन्न लभते स आत्मकं शुद्धम् ॥७९॥

यः खलु समस्तसावद्ययोगप्रत्याख्यानलक्षणं परमसामायिकं नाम चारित्रं प्रतिज्ञायापि शुभोपयोगवृत्त्या बकाभिसारिकयेवाभिसार्यमाणो न मोहवाहिनीविधेयतामवकिरति स किल

---

गाथादशकपर्यन्तं स्थलत्रयसमुदायेन प्रथमज्ञानकण्डिका समाप्ता । अथ शुभाशुभोपयोगनिवृत्तिलक्षण-शुद्धोपयोगेन मोक्षो भवतीति पूर्वसूत्रे भणितम् । अत्र तु द्वितीयज्ञानकण्डिकाप्रारम्भे शुद्धोपयोगाभावे

---

હવે, સર્વ સાવદ્યયોગને છોડીને ચારિત્ર અંગીકાર કર્યું હોવા છતાં જો હું શુભોપયોગપરિણતિને વશપણે મોહાદિકનું [1]ઉન્મૂલન ન કરું, તો મને શુદ્ધ આત્માની પ્રાપ્તિ ક્યાંથી થાય—એમ વિચારી મોહાદિકના ઉન્મૂલન પ્રત્યે સર્વ આરંભથી (–ઉદ્યમથી) કટિબદ્ધ થાય છે:—

**જીવ છોડી પાપારંભને શુભ ચરિતમાં ઉદ્યત ભલે,**
**જો નવ તજે મોહાદિને તો નવ લહે શુદ્ધાત્મને. ૭૯.**

**અન્વયાર્થ:**—[ पापारम्भं ] પાપારંભ [ त्यक्त्वा ] છોડીને [ शुभे चरित्रे ] શુભ ચારિત્રમાં [ समुत्थितः वा ] ઉદ્યત હોવા છતાં [ यदि ] જો જીવ [ मोहादीन् ] મોહાદિકને [ न जहाति ] છોડતો નથી, તો [ सः ] તે [ शुद्धं आत्मकं ] શુદ્ધ આત્માને [ न लभते ] પામતો નથી.

**ટીકા:**—જે (જીવ) સમસ્ત સાવદ્યયોગના પ્રત્યાખ્યાનસ્વરૂપ પરમસામાયિક નામના ચારિત્રની પ્રતિજ્ઞા કરીને પણ ધૂર્ત [2]અભિસારિકા સમાન શુભોપયોગપરિણતિથી [3]અભિસાર (–મિલન) પામતો થકો (અર્થાત્ શુભોપયોગપરિણતિના પ્રેમમાં ફસાતો થકો) મોહની સેનાને વશ વર્તાવાપણું ખંખેરી નાખતો નથી, તે (જીવ), જેને

---

૧. ઉન્મૂલન = જડમૂળથી કાઢી નાખવું તે; નિકંદન.
૨. અભિસારિકા = સંકેત પ્રમાણે પ્રેમીને મળવા જનારી સ્ત્રી.
૩. અભિસાર = પ્રેમીને મળવા જવું તે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



समासन्नमहादुःखसङ्कटः कथमात्मानमविप्लुतं लभते । अतो मया मोहवाहिनीविजयाय बद्धा कक्षेयम् ॥ ७९ ॥

अथ कथं मया विजेतव्या मोहवाहिनीत्युपायमालोचयति—

**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं ।**
**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं ॥८०॥**

**यो जानात्यर्हन्तं द्रव्यत्वगुणत्वपर्ययत्वैः ।**
**स जानात्यात्मानं मोहः खलु याति तस्य लयम् ॥ ८० ॥**

यो हि नामार्हन्तं द्रव्यत्वगुणत्वपर्ययत्वैः परिच्छिनत्ति स खल्वात्मानं परिच्छिनत्ति,

---

शुद्धात्मानं न लभते इति तमेवार्थं व्यतिरेकरूपेण दृढयति—**चत्ता पावारंभं** पूर्वं गृहवासादिरूपं पापारम्भं त्यक्त्वा **समुट्ठिदो वा सुहम्मि चरियम्हि** सम्यगुपस्थितो वा पुनः । क । शुभचरित्रे । **ण जहदि जदि मोहादी** न त्यजति यदि चेन्मोहरागद्वेषान् **ण लहदि सो अप्पगं सुद्धं** न लभते स आत्मानं शुद्धमिति । इतो विस्तरः—कोऽपि मोक्षार्थी परमोपेक्षालक्षणं परमसामायिकं पूर्वं प्रतिज्ञाय पश्चाद्विषयसुखसाधकशुभोपयोगपरिणत्या मोहितान्तरङ्गः सन् निर्विकल्पसमाधिलक्षणपूर्वोक्त-सामायिकचारित्राभावे सति निर्मोहशुद्धात्मतत्त्वप्रतिपक्षभूतान् मोहादीन्न त्यजति यदि चेत्तर्हि जिन-सिद्धसदृशं निजशुद्धात्मानं न लभत इति सूत्रार्थः ॥ ७९ ॥ अथ शुद्धोपयोगाभावे यादृशं जिन-

---

મહા દુઃખસંકટ નિકટ છે એવો, શુદ્ધ (-વિકાર રહિત, નિર્મળ) આત્માને કેમ પામે? (ન જ પામે.) તેથી મોહની સેના ઉપર વિજય મેળવવા માટે મેં કમર કસી છે. ૭૯.

હવે, 'મારે મોહની સેનાને કઈ રીતે જીતવી'—એમ (તેને જીતવાનો) ઉપાય વિચારે છેઃ—

**જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,**
**તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. ૮૦.**

**અન્વયાર્થઃ**—[ यः ] જે [ अर्हन्तं ] અર્હંતને [ द्रव्यत्वगुणत्वपर्ययत्वैः ] દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે [ जानाति ] જાણે છે, [ सः ] તે [ आत्मानं ] (પોતાના) આત્માને [ जानाति ] જાણે છે અને [ तस्य मोहः ] તેનો મોહ [ खलु ] અવશ્ય [ लयं याति ] લય પામે છે.

**ટીકાઃ**—જે ખરેખર અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**उभयोरपि निश्चयेनाविशेषात् । अर्हतोऽपि पाककाष्ठागतकार्तस्वरस्येव परिस्पष्टमात्मरूपं, ततस्तत्परिच्छेदे सर्वात्मपरिच्छेदः । तत्रान्वयो द्रव्यं, अन्वयविशेषणं गुणः, अन्वयव्यतिरेकाः पर्यायाः । तत्र भगवत्यर्हति सर्वतो विशुद्धे त्रिभूमिकमपि स्वमनसा समयमुत्पश्यति ।**

---

सिद्धस्वरूपं न लभते तमेव कथयति—

**तवसंजमप्पसिद्धो सुद्धो सग्गापवग्गमग्गकरो ।**
**अमरासुरिंदमहिदो देवो सो लोयसिहरत्थो ॥ *५ ॥**

**तवसंजमप्पसिद्धो** समस्तरागादिपरभावेच्छात्यागेन स्वस्वरूपे प्रतपनं विजयनं तपः, बहिरङ्गेन्द्रियप्राणसंयमबलेन स्वशुद्धात्मनि संयमनात्समरसीभावेन परिणमनं संयमः, ताभ्यां प्रसिद्धो जात उत्पन्नस्तपःसंयमप्रसिद्धः, **सुद्धो** क्षुधाद्यष्टादशदोषरहितः, **सग्गापवग्गमग्गकरो** स्वर्गः प्रसिद्धः केवलज्ञानाद्यनन्तचतुष्टयलक्षणोऽपवर्गो मोक्षस्तयोर्मार्गं करोत्युपदिशति स्वर्गापवर्गमार्गकरः, **अमरासुरिंदमहिदो** तत्पदाभिलाषिभिरमरासुरेन्द्रैर्महितः पूजितोऽमरासुरेन्द्रमहितः, **देवो सो** स एवंगुणविशिष्टोऽर्हन् देवो भवति । **लोयसिहरत्थो** स एव भगवान् लोकाग्रशिखरस्थः सन् सिद्धो भवतीति जिनसिद्धस्वरूपं ज्ञातव्यम् ॥ *५ ॥ अथ तमित्थंभूतं निर्दोषिपरमात्मानं ये श्रद्दधति मन्यन्ते तेऽक्षयसुखं लभन्त इति प्रज्ञापयति—

**तं देवदेवदेवं जदिवरवसहं गुरुं तिलोयस्स ।**
**पणमंति जे मणुस्सा ते सोक्खं अक्खयं जंति ॥ *६ ॥**

**तं देवदेवदेवं** देवदेवाः सौधर्मेन्द्रप्रभृतयस्तेषां देव आराध्यो देवदेवदेवस्तं देवदेवदेवं, **जदिवरवसहं** जितेन्द्रियत्वेन निजशुद्धात्मनि यत्नपरास्ते यतयस्तेषां वरा गणधरदेवादयस्तेभ्योऽपि वृषभः प्रधानो यतिवरवृषभस्तं यतिवरवृषभं, **गुरुं तिलोयस्स** अनन्तज्ञानादिगुरुगुणैस्त्रैलोक्यस्यापि गुरुस्तं त्रिलोकगुरुं, **पणमंति जे मणुस्सा** तमित्थंभूतं भगवन्तं ये मनुष्यादयो द्रव्यभावनमस्काराभ्यां प्रणमन्त्याराधयन्ति **ते सोक्खं अक्खयं जंति** ते तदाराधनाफलेन परंपरयाऽक्षयानन्तसौख्यं यान्ति लभन्त इति सूत्रार्थः ॥ *६ ॥ अथ 'चत्ता पावारंभं' इत्यादिसूत्रेण यदुक्तं शुद्धोपयोगाभावे मोहादिविनाशो न भवति,

---

ખરેખર આત્માને જાણે છે, કારણ કે બન્નેમાં નિશ્ચયથી તફાવત નથી; વળી અર્હંતનું સ્વરૂપ, છેલ્લા તાપને પામેલા સુવર્ણના સ્વરૂપની માફક, પરિસ્પષ્ટ (-સર્વ પ્રકારે સ્પષ્ટ) છે; તેથી તેનું જ્ઞાન થતાં સર્વ આત્માનું જ્ઞાન થાય છે. ત્યાં અન્વય તે દ્રવ્ય છે, અન્વયનું વિશેષણ તે ગુણ છે, અન્વયના વ્યતિરેકો (-ભેદો) તે પર્યાયો છે. સર્વતઃ વિશુદ્ધ એવા તે ભગવાન અર્હંતમાં (-અર્હંતના સ્વરૂપનો ખ્યાલ કરતાં) જીવ ત્રણે પ્રકારમય સમયને (-દ્રવ્યગુણપર્યાયમય નિજ આત્માને) પોતાના મન વડે કળી લે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**यश्चेतनोऽयमित्यन्वयस्तद्द्रव्यं, यच्चान्वयाश्रितं चैतन्यमिति विशेषणं स गुणः, ये चैकसमयमात्रावधृतकालपरिमाणतया परस्परपरावृत्ता अन्वयव्यतिरेकास्ते पर्यायाश्चिद्विवर्तनग्रन्थय इति यावत्। अथैवमस्य त्रिकालमप्येककालमाकलयतो मुक्ताफलानीव प्रलम्बे प्रालम्बे चिद्विवर्तांश्चेतन एव संक्षिप्य विशेषणविशेष्यत्ववासनान्तर्धानाद्धवलिमानमिव प्रालम्बे चेतन एव चैतन्यमन्तर्हितं विधाय केवलं प्रालम्बमिव केवलमात्मानं परिच्छिन्दतस्तदुत्तरोत्तरक्षणक्षीयमानकर्तृकर्म-**

---

मोहादिविनाशाभावे शुद्धात्मलाभो न भवति, तदर्थमेवेदानीमुपायं समालोचयति—**जो जाणदि अरहंतं** यः कर्ता जानाति । कम् । अर्हन्तम् । कैः कृत्वा । **दव्वत्तगुणत्तपज्जयत्तेहिं** द्रव्यत्वगुणत्वपर्यायत्वैः । **सो जाणदि अप्पाणं** स पुरुषोऽर्हत्परिज्ञानात्पश्चादात्मानं जानाति, **मोहो खलु जादि तस्स लयं** तत आत्मपरिज्ञानात्तस्य मोहो दर्शनमोहो लयं विनाशं क्षयं यातीति । तद्यथा— केवलज्ञानादयो विशेषगुणा, अस्तित्वादयः सामान्यगुणाः, परमौदारिकशरीराकारेण यदात्मप्रदेशानामवस्थानं स व्यञ्जनपर्यायः, अगुरुलघुकगुणषड्वृद्धिहानिरूपेण प्रतिक्षणं प्रवर्तमाना अर्थपर्यायाः, एवं-

---

છે—સમજી લે છે—જાણી લે છે. તે આ પ્રમાણે: ‘આ [1]ચેતન છે’ એવો જે અન્વય તે દ્રવ્ય છે, અન્વયને આશ્રિત રહેલું ‘ચૈતન્ય’ એવું જે વિશેષણ તે ગુણ છે અને એક સમયમાત્રની મર્યાદાવાળું જેનું કાળપરિમાણ હોવાથી પરસ્પર અપ્રવૃત્ત એવા જે અન્વયવ્યતિરેકો (-એક બીજામાં નહિ પ્રવર્તતા એવા જે અન્વયના વ્યતિરેકો) તે પર્યાયો છે—કે જેઓ ચિદ્‌વિવર્તનની (-આત્માના પરિણમનની) [2]ગ્રંથિઓ છે.

હવે એ રીતે ત્રિકાળિકને પણ (-ત્રિકાળિક આત્માને પણ) એક કાળે કળી લેતો તે જીવ, જેમ મોતીઓને ઝૂલતા હારમાં સંક્ષેપવામાં આવે છે તેમ ચિદ્‌વિવર્તોને ચેતનમાં જ સંક્ષેપીને (-અંતર્ગત કરીને) તથા [3]વિશેષણવિશેષ્યપણાની [4]વાસનાનું [5]અંતર્ધાન થવાથી —જેમ ધોળાશને હારમાં [6]અંતર્હિત કરવામાં આવે છે તેમ—ચૈતન્યને ચેતનમાં જ અંતર્હિત કરીને, જેમ [7]કેવળ હારને જાણવામાં આવે છે તેમ કેવળ આત્માને જાણતાં, તેની

---

૧. ચેતન = આત્મા
૨. ગ્રંથિ = ગાંઠ
૩. વિશેષણ તે ગુણ છે અને વિશેષ્ય તે દ્રવ્ય છે.
૪. વાસના = વલણ; કલ્પના; અભિપ્રાય.
૫. અંતર્ધાન = તિરોધાન; અદ્રશ્ય થવું—અલોપ થઈ જવું તે.
૬. અંતર્હિત = ગુપ્ત; અદ્રશ્ય; અલોપ; અંતર્ગર્ભિત.
૭. હાર ખરીદનાર માણસ ખરીદ કરતી વખતે તો હાર, તેની ધોળાશ અને તેનાં મોતી—એ બધાંયની પરીક્ષા કરે છે પરંતુ પછી ધોળાશ અને મોતીઓને હારમાં જ સમાવી દઈને—તેમના પરનું લક્ષ છોડી દઈને કેવળ હારને જ જાણે છે. જો એમ ન કરે તો હાર પહેર્યાની સ્થિતિમાં પણ ધોળાશ વગેરેના વિકલ્પો રહેવાથી હાર પહેર્યાનું સુખ વેદી શકે નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**क्रियाविभागतया निःक्रियं चिन्मात्रं भावमधिगतस्य जातस्य मणेरिवाकम्पप्रवृत्तनिर्मलालोकस्यावश्यमेव निराश्रयतया मोहतमः प्रलीयते । यद्येवं लब्धो मया मोहवाहिनीविजयोपायः ॥ ८० ॥**

---

लक्षणगुणपर्यायाधारभूतममूर्तमसंख्यातप्रदेशं शुद्धचैतन्यान्वयरूपं द्रव्यं चेति । इत्थंभूतं द्रव्यगुणपर्यायस्वरूपं पूर्वमर्हदभिधाने परमात्मनि ज्ञात्वा पश्चान्निश्चयनयेन तदेवागमसारपदभूतयाऽध्यात्मभाषया निजशुद्धात्मभावनाभिमुखरूपेण सविकल्पस्वसंवेदनज्ञानेन तथैवागमभाषयाधःप्रवृत्तिकरणापूर्वकरणानिवृत्तिकरणसंज्ञदर्शनमोहक्षपणसमर्थपरिणामविशेषबलेन पश्चादात्मनि योजयति । तदनन्तरमविकल्पस्वरूपे प्राप्ते, यथा पर्यायस्थानीयमुक्ताफलानि गुणस्थानीयं धवलत्वं चाभेदनयेन हार एव, तथा पूर्वोक्तद्रव्यगुणपर्याया अभेदनयेनात्मैवेति भावयतो दर्शनमोहान्धकारः प्रलीयते । इति भावार्थः ॥ ८० ॥ अथ प्रमादोत्पादकचारित्रमोहसंज्ञश्चौरोऽस्तीति मत्वाऽऽप्तपरिज्ञानादुपलब्धस्य शुद्धात्मचिन्तामणेः रक्षणार्थं जागर्तीति कथ-

---

ઉત્તરોત્તર ક્ષણે કર્તા-કર્મ-ક્રિયાનો વિભાગ ક્ષય પામતો જતો હોવાથી, નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે; અને એ રીતે મણિની જેમ જેનો નિર્મળ પ્રકાશ અકંપપણે પ્રવર્તે છે એવા તે (ચિન્માત્ર ભાવને પામેલા) જીવને મોહાંધકાર નિરાશ્રયપણાને લીધે અવશ્યમેવ પ્રલય પામે છે.

જો આમ છે તો મોહની સેનાને જીતવાનો ઉપાય મેં મેળવ્યો છે.

ભાવાર્થઃ—અર્હંતભગવાન અને પોતાનો આત્મા નિશ્ચયથી સમાન છે; વળી અર્હંતભગવાન મોહરાગદ્વેષ રહિત હોવાને લીધે તેમનું સ્વરૂપ અત્યંત સ્પષ્ટ છે, તેથી જો જીવ દ્રવ્ય-ગુણ-પર્યાયપણે તે (અર્હંતભગવાનના) સ્વરૂપને મન વડે પ્રથમ સમજી લે તો "આ જે 'આત્મા, આત્મા' એવો એકરૂપ (-કથંચિત્ સદૃશ) ત્રિકાળિક પ્રવાહ તે દ્રવ્ય છે, તેનું જે એકરૂપ રહેતું ચૈતન્યરૂપ વિશેષણ તે ગુણ છે અને તે પ્રવાહમાં જે ક્ષણવર્તી વ્યતિરેકો તે પર્યાયો છે" એમ, પોતાનો આત્મા પણ દ્રવ્ય-ગુણ-પર્યાયપણે તેને મન વડે ખ્યાલમાં આવે છે. એ રીતે ત્રિકાળિક નિજ આત્માને મન વડે ખ્યાલમાં લઈને પછી—જેમ મોતીઓને અને ધોળાશને હારમાં જ અંતર્ગત કરીને કેવળ હારને જાણવામાં આવે છે તેમ—આત્મપર્યાયોને અને ચૈતન્યગુણને આત્મામાં જ અંતર્ગર્ભિત કરીને કેવળ આત્માને જાણતાં પરિણામી-પરિણામ-પરિણતિના ભેદનો વિકલ્પ નાશ પામતો જતો હોવાથી જીવ નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે અને તેથી મોહ (-દર્શનમોહ) નિરાશ્રય થયો થકો વિનાશ પામે છે.

જો આમ છે, તો મોહની સેના ઉપર વિજય મેળવવાનો ઉપાય મેં પ્રાપ્ત કર્યો છે—એમ કહ્યું. ૮૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथैवं प्राप्तचिन्तामणेरपि मे प्रमादो दस्युरिति जागर्ति—

जीवो ववगदमोहो उवलद्धो तच्चमप्पणो सम्मं ।
जहदि जदि रागदोसे सो अप्पाणं लहदि सुद्धं ॥ ८१ ॥

जीवो व्यपगतमोह उपलब्धवांस्तत्त्वमात्मनः सम्यक् ।
जहाति यदि रागद्वेषौ स आत्मानं लभते शुद्धम् ॥ ८१ ॥

एवमुपवर्णितस्वरूपेणोपायेन मोहमपसार्यापि सम्यगात्मतत्त्वमुपलभ्यापि यदि नाम रागद्वेषौ निर्मूलयति तदा शुद्धमात्मानमनुभवति। यदि पुनः पुनरपि तावनुवर्तते तदा प्रमादतन्त्रतया लुण्ठितशुद्धात्मतत्त्वोपलम्भचिन्तारत्नोऽन्तस्ताम्यति। अतो मया रागद्वेषनिषेधायात्यन्तं जागरितव्यम् ॥ ८१ ॥

---

यति—**जीवो** जीवः कर्ता। किंविशिष्टः। **ववगदमोहो** शुद्धात्मतत्त्वरुचिप्रतिबन्धकविनाशितदर्शनमोहः। पुनरपि किंविशिष्टः। **उवलद्धो** उपलब्धवान् ज्ञातवान्। किम्। **तच्चं** परमानन्दैकस्वभावात्मतत्त्वम्। कस्य संबन्धि। **अप्पणो** निजशुद्धात्मनः। कथम्। **सम्मं** सम्यक् संशयादिरहितत्वेन **जहदि जदि रागदोसे** शुद्धात्मानुभूतिलक्षणवीतरागचारित्रप्रतिबन्धकौ चारित्रमोहसंज्ञौ रागद्वेषौ यदि त्यजति **सो अप्पाणं लहदि सुद्धं** स एवमभेदरत्नत्रयपरिणतो जीवः शुद्धबुद्धैकस्वभावमात्मानं लभते

---

હવે, એ રીતે મેં ચિંતામણિ પ્રાપ્ત કર્યો હોવા છતાં પ્રમાદ ચોર છે એમ વિચારી જાગૃત રહે છેઃ—

જીવ મોહને કરી દૂર, આત્મસ્વરૂપ સમ્યક્ પામીને,
જો રાગદ્વેષ પરિહરે તો પામતો શુદ્ધાત્મને. ૮૧.

**અન્વયાર્થઃ**—[ व्यपगतमोहः ] જેણે મોહને દૂર કર્યો છે અને [ सम्यक् आत्मनः तत्त्वं ] આત્માના સમ્યક્ તત્ત્વને (-સાચા સ્વરૂપને) [ उपलब्धवान् ] પ્રાપ્ત કર્યું છે એવો [ जीवः ] જીવ [ यदि ] જો [ रागद्वेषौ ] રાગદ્વેષને [ जहाति ] છોડે છે, [ सः ] તો તે [ शुद्धम् आत्मानं ] શુદ્ધ આત્માને [ लभते ] પામે છે.

**ટીકાઃ**—એ રીતે જે ઉપાયનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું તે ઉપાય વડે મોહને દૂર કરીને પણ, સમ્યક્ આત્મતત્ત્વને પામીને પણ, જો જીવ રાગદ્વેષને નિર્મૂળ કરે છે, તો શુદ્ધ આત્માને અનુભવે છે. (પરંતુ) જો ફરી ફરીને તેમને અનુસરે છે—રાગદ્વેષરૂપે પરિણમે છે, તો પ્રમાદ-આધીનપણાને લીધે શુદ્ધાત્મતત્ત્વના અનુભવરૂપ ચિંતામણિ ચોરાઈ જવાથી અંતરમાં ખેદ પામે છે. આથી મારે રાગદ્વેષને ટાળવા માટે અત્યંત જાગૃત રહેવું યોગ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथायमेवैको भगवद्भिः स्वयमनुभूयोपदर्शितो निःश्रेयसस्य पारमार्थिकः पन्था इति मतिं व्यवस्थापयति—

**सव्वे वि य अरहंता तेण विधाणेण खविदकम्मंसा ।**
**किच्चा तधोवदेसं णिव्वादा ते णमो तेसिं ॥ ८२ ॥**

सर्वेऽपि चार्हन्तस्तेन विधानेन क्षपितकर्मांशाः ।
कृत्वा तथोपदेशं निर्वृतास्ते नमस्तेभ्यः ॥ ८२ ॥

---

मुक्तो भवतीति । किंच पूर्वं ज्ञानकण्डिकायां 'उवओगविसुद्धो सो खवेदि देहुब्भवं दुक्खं' इत्युक्तं, अत्र तु 'जहदि जदि रागदोसे सो अप्पाणं लहदि सुद्धं' इति भणितम्, उभयत्र मोक्षोऽस्ति । को विशेषः । प्रत्युत्तरमाह—तत्र शुभाशुभयोर्निश्चयेन समानत्वं ज्ञात्वा पश्चाच्छुद्धे शुभरहिते निजस्वरूपे स्थित्वा मोक्षं लभते, तेन कारणेन शुभाशुभमूढत्वनिरासार्थं ज्ञानकण्डिका भण्यते । अत्र तु द्रव्यगुणपर्यायैराप्तस्वरूपं ज्ञात्वा पश्चात्तद्रूपे स्वशुद्धात्मनि स्थित्वा मोक्षं प्राप्नोति, ततः कारणा-

---

**ભાવાર્થઃ**—૮૦ મી ગાથામાં દર્શાવેલા ઉપાયથી દર્શનમોહને દૂર કરીને અર્થાત્ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને જે જીવ શુદ્ધાત્માનુભૂતિસ્વરૂપ વીતરાગચારિત્રના પ્રતિબંધક રાગદ્વેષને છોડે છે, ફરીફરીને રાગદ્વેષભાવે પરિણમતો નથી, તે જ અભેદરત્નત્રયપરિણત જીવ શુદ્ધ-બુદ્ધ-એકસ્વભાવ આત્માને પ્રાપ્ત કરે છે—મુક્ત થાય છે. તેથી જીવે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને પણ, સરાગચારિત્ર પામીને પણ, રાગદ્વેષના નિવારણ માટે અત્યંત સાવધાન રહેવું યોગ્ય છે. ૮૧.

હવે, આ જ એક (—પૂર્વોક્ત ગાથાઓમાં વર્ણવ્યો તે જ એક), ભગવંતોએ પોતે અનુભવીને દર્શાવેલો [1]નિઃશ્રેયસનો પારમાર્થિક પંથ છે—એમ મતિને [2]વ્યવસ્થિત કરે છેઃ—

**અર્હંત સૌ કર્મો તણો કરી નાશ એ જ વિધિ વડે,**
**ઉપદેશ પણ એમ જ કરી, નિર્વૃત થયા; નમું તેમને. ૮૨.**

**અન્વયાર્થઃ**—[ सर्वे अपि च ] બધાય [ अर्हन्तः ] અર્હંતભગવંતો [ तेन विधानेन ] તે જ વિધિથી [ क्षपितकर्मांशाः ] કર્માંશોનો (-જ્ઞાનાવરણીયાદિ કર્મભેદોનો) ક્ષય કરીને તથા [ तथा ] (અન્યને પણ) એ જ પ્રકારે [ उपदेशं कृत्वा ] ઉપદેશ કરીને [ निर्वृताः ते ] મોક્ષ પામ્યા છે. [ नमः तेभ्यः ] તેમને નમસ્કાર હો.

---

૧. નિઃશ્રેયસ = મોક્ષ
૨. વ્યવસ્થિત = નિશ્ચિત; સ્થિર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**यतः खल्वतीतकालानुभूतक्रमप्रवृत्तयः समस्ता अपि भगवन्तस्तीर्थकराः, प्रकारान्तरस्यासंभवादसंभावितद्वैतेनामुनैवैकेन प्रकारेण क्षपणं कर्मांशानां स्वयमनुभूय, परमाप्ततया परेषामप्यायत्यामिदानींत्वे वा मुमुक्षूणां तथैव तदुपदिश्य, निःश्रेयसमध्याश्रिताः। ततो नान्यद्वर्त्म निर्वाणस्येत्यवधार्यते। अलमथवा प्रलपितेन। व्यवस्थिता मतिर्मम। नमो भगवद्भ्यः ॥ ८२ ॥**

---

दियमाणात्ममूढत्वनिरासार्थं ज्ञानकण्डिका इत्येतावान् विशेषः ॥ ८१ ॥ अथ पूर्वं द्रव्यगुणपर्यायैराप्तस्वरूपं विज्ञाय पश्चात्तथाभूते स्वात्मनि स्थित्वा सर्वेऽप्यर्हन्तो मोक्षं गता इति स्वमनसि निश्चयं करोति—**सव्वे वि य अरहंता** सर्वेऽपि चार्हन्तः **तेण विधाणेण** द्रव्यगुणपर्यायैः पूर्वमर्हत्परिज्ञानात्पश्चात्तथाभूतस्वात्मावस्थानरूपेण तेन पूर्वोक्तप्रकारेण **खविदकम्मंसा** क्षपितकर्मांशा विनाशितकर्मभेदा भूत्वा, **किच्चा तधोवदेसं** अहो भव्या अयमेव निश्चयरत्नत्रयात्मकशुद्धात्मोपलम्भलक्षणो मोक्षमार्गो नान्य इत्युपदेशं कृत्वा **णिव्वादा** निर्वृता अक्षयानन्तसुखेन तृप्ता जाताः, **ते** ते भगवन्तः। **णमो तेसिं** एवं मोक्षमार्गनिश्चयं कृत्वा **श्रीकुन्दकुन्दाचार्य**देवास्तस्मै निजशुद्धात्मानुभूतिस्वरूपमोक्षमार्गाय तदुपदेशकेभ्योऽर्हद्भ्यश्च तदुभयस्वरूपाभिलाषिणः सन्तो 'नमोस्तु तेभ्य' इत्यनेन पदेन नमस्कारं कुर्वन्तीत्यभिप्रायः ॥ ८२ ॥ अथ रत्नत्रयाराधका एव पुरुषा दानपूजागुणप्रशंसानमस्कारार्हा भवन्ति नान्या इति कथयति—

---

**ટીકાઃ**—અતીત કાળમાં ક્રમશઃ થઈ ગયેલા સમસ્ત તીર્થંકરભગવંતો, [1]પ્રકારાંતરનો અસંભવ હોવાને લીધે જેમાં દ્વૈત સંભવતું નથી એવા આ જ એક પ્રકારથી કર્માંશોનો ક્ષય પોતે અનુભવીને, (તથા) [2]પરમાપ્તપણાને લીધે ભવિષ્યકાળે કે આ (વર્તમાન) કાળે અન્ય મુમુક્ષુઓને પણ એ જ પ્રકારે તેનો (-કર્મક્ષયનો) ઉપદેશ કરીને, નિઃશ્રેયસને પ્રાપ્ત થયા છે; માટે નિર્વાણનો અન્ય (કોઈ) માર્ગ નથી એમ નક્કી થાય છે. અથવા, પ્રલાપથી બસ થાઓ; મારી મતિ વ્યવસ્થિત થઈ છે. ભગવંતોને નમસ્કાર હો.

**ભાવાર્થઃ**—૮૦ અને ૮૧ મી ગાથામાં કહ્યા પ્રમાણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને વીતરાગચારિત્રના વિરોધી રાગદ્વેષને ટાળવા અર્થાત્ નિશ્ચયરત્નત્રયાત્મક શુદ્ધાત્માનુભૂતિમાં લીન થવું તે જ એક મોક્ષમાર્ગ છે; ત્રણે કાળે બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી. સમસ્ત અર્હંતભગવંતો એ જ માર્ગે મોક્ષ પામ્યા છે અને અન્ય મુમુક્ષુઓને પણ એ જ માર્ગ ઉપદેશ્યો છે. તે ભગવંતોને નમસ્કાર હો. ૮૨.

---

૧. પ્રકારાંતર = અન્ય પ્રકાર. (કર્મક્ષય એક જ પ્રકારથી થાય છે, અન્ય પ્રકારે થતો નથી; તેથી તે કર્મક્ષયના પ્રકારમાં દ્વૈત અર્થાત્ બે-પણું નથી.)

૨. પરમાપ્ત = પરમ આપ્ત; પરમ વિશ્વાસપાત્ર. (તીર્થંકર ભગવંતો સર્વજ્ઞ અને વીતરાગ હોવાથી પરમ આપ્ત છે, યથાર્થ ઉપદેષ્ટા છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ शुद्धात्मलाभपरिपन्थिनो मोहस्य स्वभावं भूमिकाश्च विभावयति—

दव्वादिएसु मूढो भावो जीवस्स हवदि मोहो त्ति ।
खुब्भदि तेणुच्छण्णो पप्पा रागं व दोसं वा ॥ ८३ ॥

द्रव्यादिकेषु मूढो भावो जीवस्य भवति मोह इति ।
क्षुभ्यति तेनावच्छन्नः प्राप्य रागं वा द्वेषं वा ॥ ८३ ॥

यो हि द्रव्यगुणपर्यायेषु पूर्वमुपवर्णितेषु पीतोन्मत्तकस्येव जीवस्य तत्त्वाप्रतिपत्तिलक्षणो

---

दंसणसुद्धा पुरिसा णाणपहाणा समग्गचरियत्था ।
पूजासक्काररिहा दाणस्स य हि ते णमो तेसिं ॥ *७ ॥

**दंसणसुद्धा** निजशुद्धात्मरुचिरूपनिश्चयसम्यक्त्वसाधकेन मूढत्रयादिपञ्चविंशतिमलरहितेन तत्त्वार्थश्रद्धानलक्षणेन दर्शनेन शुद्धा दर्शनशुद्धाः । **पुरिसा** पुरुषा जीवाः । पुनरपि कथंभूताः । **णाणपहाणा** निरुपरागस्वसंवेदनज्ञानसाधकेन वीतरागसर्वज्ञप्रणीतपरमागमाभ्यासलक्षणज्ञानेन प्रधानाः समर्थाः प्रौढा ज्ञानप्रधानाः । पुनश्च कथंभूताः । **समग्गचरियत्था** निर्विकारनिश्चलात्मानुभूतिलक्षणनिश्चयचारित्रसाधकेनाचारादिशास्त्रकथितमूलोत्तरगुणानुष्ठानादिरूपेण चारित्रेण समग्राः परिपूर्णाः समग्रचारित्रस्थाः **पूजासक्काररिहा** द्रव्यभावलक्षणपूजा गुणप्रशंसा सत्कारस्तयोरर्हा योग्या भवन्ति । **दाणस्स य**

---

હવે શુદ્ધાત્મલાભના *[1]પરિપંથી જે મોહ તેનો સ્વભાવ અને પ્રકારો (-ભેદો) વ્યક્ત કરે છેઃ—

દ્રવ્યાદિકે મૂઢ ભાવ વર્તે જીવને, તે મોહ છે;
તે મોહથી આચ્છન્ન રાગી-દ્વેષી થઈ ક્ષોભિત બને. ૮૩.

**અન્વયાર્થઃ**—[ जीवस्य ] જીવને [ द्रव्यादिकेषु मूढः भावः ] દ્રવ્યાદિક વિષે જે મૂઢ ભાવ (-દ્રવ્યગુણપર્યાય વિષે જે મૂઢતારૂપ પરિણામ ) [ मोहः इति भवति ] તે મોહ છે; [ तेन अवच्छन्नः ] તેનાથી આચ્છાદિત વર્તતો થકો જીવ [ रागं वा द्वेषं वा प्राप्य ] રાગ અથવા દ્વેષને પામીને [ क्षुभ्यति ] ક્ષુબ્ધ થાય છે.

**ટીકાઃ**—ધતૂરો પીધેલા માણસની માફક, જીવને જે પૂર્વે વર્ણવેલાં દ્રવ્યગુણપર્યાયો વિષે [2]તત્ત્વ-અપ્રતિપત્તિલક્ષણ મૂઢ ભાવ તે ખરેખર મોહ છે. તે મોહથી નિજ

---

૧. પરિપંથી = શત્રુ; વાટપાડુ; લુટારો.

૨. તત્ત્વ-અપ્રતિપત્તિલક્ષણ = તત્ત્વની અપ્રતિપત્તિ (-અપ્રાપ્તિ, અજ્ઞાન, અસમજણ, અનિર્ણય ) જેનું લક્ષણ છે એવો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**मूढो भावः स खलु मोहः। तेनावच्छन्नात्मरूपः सन्नयमात्मा परद्रव्यमात्मद्रव्यत्वेन परगुणमात्मगुणतया परपर्यायानात्मपर्यायभावेन प्रतिपद्यमानः, प्ररूढदृढतरसंस्कारतया परद्रव्यमेवाहरहरुपाददानो, दग्धेन्द्रियाणां रुचिवशेनाद्वैतेऽपि प्रवर्तितद्वैतो, रुचितारुचितेषु विषयेषु रागद्वेषावुपश्लिष्य, प्रचुरतराम्भोभाररयाहतः सेतुबन्ध इव द्वेधा विदार्यमाणो नितरां क्षोभमुपैति। अतो मोहरागद्वेषभेदात्त्रिभूमिको मोहः ॥ ८३ ॥**

---

हि दानस्य च हि स्फुटं ते ते पूर्वोक्तरत्नत्रयाधाराः। **णमो तेसिं** नमस्तेभ्य इति नमस्कारस्यापि त एव योग्याः ॥ *७ ॥ एवमाप्तात्मस्वरूपविषये मूढत्वनिरासार्थं गाथासप्तकेन द्वितीयज्ञानकण्डिका गता। अथ शुद्धात्मोपलम्भप्रतिपक्षभूतमोहस्य स्वरूपं भेदांश्च प्रतिपादयति—**दव्वादिएसु** शुद्धात्मादिद्रव्येषु, तेषां द्रव्याणामनन्तज्ञानाद्यस्तित्वादिविशेषसामान्यलक्षणगुणेषु, शुद्धात्मपरिणतिलक्षणसिद्धत्वादिपर्यायेषु च यथासंभवं पूर्वोपवर्णितेषु वक्ष्यमाणेषु च **मूढो भावो** एतेषु पूर्वोक्तद्रव्यगुणपर्यायेषु विपरीताभिनिवेशरूपेण तत्त्वसंशयजनको मूढो भावः **जीवस्स हवदि मोहो त्ति** इत्थंभूतो भावो जीवस्य दर्शनमोह इति भवति। **खुब्भदि तेणुच्छण्णो** तेन दर्शनमोहेनावच्छन्नो झम्पितः सन्नक्षुभितात्मतत्त्वविपरीतेन क्षोभेण क्षोभं स्वरूपचलनं विपर्ययं गच्छति। किं कृत्वा। **पप्पा रागं व दोसं वा** निर्विकारशुद्धात्मनो विपरीतमिष्टानिष्टेन्द्रियविषयेषु हर्षविषादरूपं चारित्रमोहसंज्ञं रागद्वेषं वा प्राप्य चेति। अनेन किमुक्तं भवति। मोहो दर्शनमोहो रागद्वेषद्वयं चारित्रमोहश्चेति त्रिभूमिको मोह इति ॥ ८३ ॥ अथ दुःखहेतुभूतबन्धस्य कारणभूता रागद्वेषमोहा निर्मूलनीया इत्याघोषयति—

---

**રૂપ આચ્છાદિત હોવાથી આ આત્મા પરદ્રવ્યને સ્વદ્રવ્યપણે, પરગુણને સ્વગુણપણે અને પરપર્યાયોને સ્વપર્યાયપણે સમજીને-અંગીકાર કરીને, અતિ રૂઢ થયેલા [૧]દ્રઢતર સંસ્કારને લીધે પરદ્રવ્યને જ પ્રતિદિન (-હંમેશાં) ગ્રહણ કરતો, [૨]દગ્ધ (-બળી) ઇંદ્રિયોની રુચિ વશે [૩]અદ્વૈતમાં પણ દ્વૈત પ્રવર્તાવતો, [૪]રુચિત-અરુચિત વિષયોમાં રાગદ્વેષને પામીને, અતિપ્રચુર જળસમૂહના વેગથી પ્રહાર પામતા [૫]સેતુબંધની માફક [૬]દ્વિધા વિદારિત થતો અત્યંત ક્ષોભ પામે છે. આથી મોહ, રાગ ને દ્વેષ—એ ભેદોને લીધે મોહ ત્રણ પ્રકારનો છે. ૮૩.**

---

૧. દ્રઢતર = બહુ દ્રઢ

૨. દગ્ધ = બળી; હલકી; શાપિત. ('દગ્ધ' એ તિરસ્કારવાચક શબ્દ છે.)

૩. ઇંદ્રિયવિષયોમાં–પદાર્થોમાં 'આ સારા ને આ નરસા' એવું દ્વૈત નથી; છતાં ત્યાં પણ મોહાચ્છાદિત જીવ સારા-નરસારૂપ દ્વૈત ઊભું કરે છે.

૪. રુચિત-અરુચિત = ગમતા-અણગમતા

૫. સેતુબંધ = પુલ

૬. દ્વિધા વિદારિત = બે ભાગમાં ખંડિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथानिष्टकार्यकारणत्वमभिधाय त्रिभूमिकस्यापि मोहस्य क्षयमासूत्रयति—

**मोहेण व रागेण व दोसेण व परिणदस्स जीवस्स ।**
**जायदि विविहो बंधो तम्हा ते संखवइदव्वा ॥ ८४ ॥**

**मोहेन वा रागेण वा द्वेषेण वा परिणतस्य जीवस्य ।**
**जायते विविधो बन्धस्तस्मात्ते संक्षपयितव्याः ॥ ८४ ॥**

एवमस्य तत्त्वाप्रतिपत्तिनिमीलितस्य, मोहेन वा रागेण वा द्वेषेण वा परिणतस्य, तृणपटलावच्छन्नगर्तसंगतस्य करेणुकुट्टनीगात्रासक्तस्य प्रतिद्विरदर्शनोद्धतप्रविधावितस्य च सिन्धुरस्येव, भवति नाम नानाविधो बन्धः । ततोऽमी अनिष्टकार्यकारिणो मुमुक्षुणा मोहरागद्वेषाः सम्यग्निर्मूलकाषं कषित्वा क्षपणीयाः ॥ ८४ ॥

---

**मोहेण व रागेण व दोसेण व परिणदस्स जीवस्स** मोहरागद्वेषपरिणतस्य मोहादिरहितपरमात्मस्वरूपपरिणतिच्युतस्य बहिर्मुखजीवस्य **जायदि विविहो बंधो** शुद्धोपयोगलक्षणो भावमोक्षस्तद्बलेन जीवप्रदेशकर्मप्रदेशानामत्यन्तविश्लेषो द्रव्यमोक्षः, इत्थंभूतद्रव्यभावमोक्षाद्विलक्षणः सर्वप्रकारोपादेयभूतस्वाभाविकसुखविपरीतस्य नारकादिदुःखस्य कारणभूतो विविधबन्धो जायते । **तम्हा ते संखवइदव्वा**

---

હવે, ત્રણે પ્રકારના મોહને અનિષ્ટ કાર્યનું કારણ કહીને તેનો (-ત્રણે પ્રકારના મોહનો) ક્ષય કરવાનું સૂત્રદ્વારા કહે છે:—

**રે ! મોહરૂપ વા રાગરૂપ વા દ્વેષપરિણત જીવને**
**વિધવિધ થાયે બંધ, તેથી સર્વ તે ક્ષયયોગ્ય છે. ૮૪.**

**અન્વયાર્થઃ**—[ मोहेन वा ] મોહરૂપે, [ रागेण वा ] રાગરૂપે [ द्वेषेण वा ] અથવા દ્વેષરૂપે [ परिणतस्य जीवस्य ] પરિણમતા જીવને [ विविधः बन्धः ] વિવિધ બંધ [ जायते ] થાય છે; [ तस्मात् ] તેથી [ ते ] તેમને (મોહ-રાગ-દ્વેષને) [ संक्षपयितव्याः ] સંપૂર્ણ રીતે ક્ષય કરવાયોગ્ય છે.

**ટીકાઃ**—એ રીતે તત્ત્વ-અપ્રતિપત્તિથી (-વસ્તુસ્વરૂપના અજ્ઞાનથી) બિડાઈ ગયેલા, મોહરૂપે વા રાગરૂપે વા દ્વેષરૂપે પરિણમતા આ જીવને—ઘાસના થરથી ઢંકાયેલા ખાડાનો સંગ કરતા હાથીની માફક, હાથણીરૂપી કૂટણીના ગાત્રમાં આસક્ત હાથીની માફક અને વિરોધી હસ્તીને દેખતાં ઉશ્કેરાઈને (તેના તરફ) દોડતા હાથીની માફક—નાનાવિધ બંધ થાય છે; માટે મુમુક્ષુએ અનિષ્ટ કાર્ય કરનારા આ મોહ, રાગ અને દ્વેષને બરાબર નિર્મૂળ નાશ થાય એ રીતે ક્ષપાવવાયોગ્ય (-ક્ષય કરવાયોગ્ય) છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथामी अमीभिर्लिङ्गैरुपलभ्योद्भवन्त एव निशुम्भनीया इति विभावयति—

**अट्ठे अजधागहणं करुणाभावो य तिरियमणुएसु।**
**विसएसु च प्पसंगो मोहस्सेदाणि लिंगाणि ॥ ८५ ॥**

**अर्थे अयथाग्रहणं करुणाभावश्च तिर्यङ्मनुजेषु ।**
**विषयेषु च प्रसङ्गो मोहस्यैतानि लिङ्गानि ॥ ८५ ॥**

---

यतो रागद्वेषमोहपरिणतस्य जीवस्येत्थंभूतो बन्धो भवति ततो रागादिरहितशुद्धात्मध्यानेन ते रागद्वेष-मोहा सम्यक् क्षपयितव्या इति तात्पर्यम् ॥ ८४ ॥ अथ स्वकीयस्वकीयलिङ्गै रागद्वेषमोहान् ज्ञात्वा

---

**ભાવાર્થ**:—(૧) હાથીને પકડવા માટે ઘાસથી ઢાંકેલો ખાડો બનાવવામાં આવે છે; હાથી ત્યાં ખાડો હોવાના અજ્ઞાનને લીધે તે ખાડા ઉપર જતાં તેમાં પડે છે અને એ રીતે પકડાઈ જાય છે. (૨) વળી હાથીને પકડવા માટે, શીખવેલી હાથણી મોકલવામાં આવે છે; તેના દેહ પ્રત્યેના રાગમાં ફસાતાં હાથી પકડાઈ જાય છે. (૩) હાથીને પકડવાની ત્રીજી રીત એ છે કે તે હાથી સામે પાળેલો બીજો હસ્તી મોકલવામાં આવે છે અને પેલો હાથી આ શીખવી મોકલેલા હસ્તી સામે લડવા તેની પાછળ દોડતાં પકડ-નારાઓની જાળમાં ફસાઈ જાય છે—પકડાઈ જાય છે.

ઉપર્યુક્ત રીતે જેમ હાથી (૧) અજ્ઞાનથી, (૨) રાગથી કે (૩) દ્વેષથી અનેક પ્રકારના બંધનને પામે છે, તેમ જીવ (૧) મોહથી, (૨) રાગથી કે (૩) દ્વેષથી અનેક પ્રકારના બંધનને પામે છે. માટે મોક્ષાર્થીએ મોહ-રાગ-દ્વેષનો પૂરેપૂરી રીતે મૂળમાંથી ક્ષય કરવો જોઈએ. ૮૪.

હવે, આ રાગદ્વેષમોહને આ લિંગો વડે ( હવેની ગાથામાં કહેવામાં આવતાં ચિહ્નો-લક્ષણો વડે ) ઓળખીને ઉદ્‌ભવતાં વેંત જ મારી નાખવાયોગ્ય છે એમ વ્યક્ત કરે છે:—

**અર્થો તણું અયથાગ્રહણ, કરુણા મનુજ-તિર્યંચમાં,**
**વિષયો તણો વળી સંગ,—લિંગો જાણવાં આ મોહનાં. ૮૫.**

**અન્વયાર્થ**:—[ अर्थे अयथाग्रहणं ] પદાર્થનું અયથાગ્રહણ ( અર્થાત્ પદાર્થોને જેમ છે તેમ સત્ય સ્વરૂપે ન માનતાં તેમના વિષે અન્યથા સમજણ ) [ च ] અને [ तिर्यङ्मनुजेषु करुणाभावः ] તિર્યંચ-મનુષ્યો પ્રત્યે કરુણાભાવ, [ विषयेषु प्रसंगः च ] તથા વિષયોનો સંગ ( અર્થાત્ ઇષ્ટ વિષયો પ્રત્યે પ્રીતિ અને અનિષ્ટ વિષયો પ્રત્યે અપ્રીતિ )—[ एतानि ] આ [ मोहस्य लिंगानि ] મોહનાં લિંગો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अर्थानामयाथातथ्यप्रतिपत्त्या तिर्यग्मनुष्येषु प्रेक्षार्हेष्वपि कारुण्यबुद्ध्या च मोहमभीष्टविषयप्रसङ्गेन रागमनभीष्टविषयाप्रीत्या द्वेषमिति त्रिभिर्लिङ्गैरधिगम्य झगिति संभवन्नपि त्रिभूमिकोऽपि मोहो निहन्तव्यः ॥ ८५ ॥

अथ मोहक्षपणोपायान्तरमालोचयति—

**जिणसत्थादो अट्ठे पच्चक्खादीहिं बुज्झदो णियमा ।**
**खीयदि मोहोवचयो तम्हा सत्थं समधिदव्वं ॥ ८६ ॥**

---

यथासंभवं त एव विनाशयितव्या इत्युपदिशति—**अट्ठे अजधागहणं** शुद्धात्मादिपदार्थे यथास्वरूपस्थितेऽपि विपरीताभिनिवेशरूपेणायथाग्रहणं **करुणाभावो य** शुद्धात्मोपलब्धिलक्षणपरमोपेक्षासंयमाद्विपरीतः करुणाभावो दयापरिणामश्च अथवा व्यवहारेण करुणाया अभावः । केषु विषयेषु । **मणुवतिरिएसु** मनुष्यतिर्यग्जीवेषु इति दर्शनमोहचिह्नम् । **विसएसु च प्पसंगो** निर्विषयसुखास्वादरहितबहिरात्मजीवानां मनोज्ञामनोज्ञविषयेषु च योऽसौ प्रकर्षेण सङ्गः संसर्गस्तं दृष्ट्वा प्रीत्यप्रीतिलिङ्गाभ्यां चारित्रमोहसंज्ञौ

---

ટીકાઃ—[1]પદાર્થોની અયથાતથપણે પ્રતિપત્તિ વડે અને તિર્યંચ-મનુષ્યો [2]પ્રેક્ષાયોગ્ય હોવા છતાં પણ તેમના પ્રત્યે કારુણ્યબુદ્ધિ વડે મોહને ( ઓળખીને ), ઇષ્ટ વિષયોની આસક્તિ વડે રાગને ( ઓળખીને ) અને અનિષ્ટ વિષયોની અપ્રીતિ વડે દ્વેષને ( ઓળખીને )—એમ ત્રણ લિંગો વડે ( ત્રણ પ્રકારના મોહને ) ઓળખીને એકદમ ઊપજતાં વેંત જ ત્રણે પ્રકારનો મોહ હણી નાખવાયોગ્ય છે ( –નષ્ટ કરવાયોગ્ય છે ).

ભાવાર્થઃ—મોહના ત્રણ ભેદ છે—દર્શનમોહ, રાગ અને દ્વેષ. પદાર્થોના યથાર્થ સ્વરૂપથી વિપરીત માન્યતા તથા તિર્યંચો ને મનુષ્યો પ્રત્યે તન્મયપણે કરુણાભાવ તે દર્શનમોહનાં ચિહ્ન છે, ઇષ્ટ વિષયોમાં પ્રીતિ તે રાગનું ચિહ્ન છે અને અનિષ્ટ વિષયોમાં અપ્રીતિ તે દ્વેષનું ચિહ્ન છે. આ ચિહ્નોથી ત્રણે પ્રકારના મોહને ઓળખીને મુમુક્ષુએ તેનો તત્કાળ નાશ કરવો યોગ્ય છે. ૮૫.

હવે મોહક્ષય કરવાનો ઉપાયાન્તર ( –અન્ય ઉપાય ) વિચારે છેઃ—

**શાસ્ત્રો વડે પ્રત્યક્ષઆદિથી જાણતો જે અર્થને,**
**તસુ મોહ પામે નાશ નિશ્ચય; શાસ્ત્ર સમધ્યયનીય છે. ૮૬.**

---

૧. પદાર્થોની અયથાતથપણે પ્રતિપત્તિ = પદાર્થો જેવા નથી તેવા તેમને સમજવા અર્થાત્ અન્યથા સ્વરૂપે તેમને અંગીકાર કરવા તે

૨. પ્રેક્ષાયોગ્ય = માત્ર પ્રેક્ષકભાવે—દ્રષ્ટાજ્ઞાતાપણે—મધ્યસ્થભાવે દેખવાયોગ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**जिनशास्त्रादर्थान् प्रत्यक्षादिभिर्बुध्यमानस्य नियमात् ।**
**क्षीयते मोहोपचयः तस्मात् शास्त्रं समध्येतव्यम् ॥ ८६ ॥**

यत्किल द्रव्यगुणपर्यायस्वभावेनार्हतो ज्ञानादात्मनस्तथाज्ञानं मोहक्षपणोपायत्वेन प्राक् प्रतिपन्नं, तत् खलूपायान्तरमिदमपेक्षते। इदं हि विहितप्रथमभूमिकासंक्रमणस्य सर्वज्ञोपज्ञतया सर्वतोऽप्यबाधितं शाब्दं प्रमाणमाक्रम्य क्रीडतस्तत्संस्कारस्फुटीकृतविशिष्टसंवेदनशक्तिसंपदः सहृदयहृदयानंदोद्भेददायिना प्रत्यक्षेणान्येन वा तदविरोधिना प्रमाणजातेन

---

रागद्वेषौ च ज्ञायेते विवेकिभिः, ततस्तत्परिज्ञानानन्तरमेव निर्विकारस्वशुद्धात्मभावनया रागद्वेषमोहा निहन्तव्या इति सूत्रार्थः ॥ ८५ ॥ अथ द्रव्यगुणपर्यायपरिज्ञानाभावे मोहो भवतीति यदुक्तं पूर्वं तदर्थमागमाभ्यासं कारयति। अथवा द्रव्यगुणपर्यायत्वैरर्हत्परिज्ञानादात्मपरिज्ञानं भवतीति यदुक्तं तदात्मपरिज्ञानमिममागमाभ्यासमपेक्षत इति पातनिकाद्वयं मनसि धृत्वा सूत्रमिदं प्रतिपादयति—**जिणसत्थादो अट्ठे पच्चक्खादीहिं बुज्झदो णियमा** जिनशास्त्रात्सकाशाच्छुद्धात्मादिपदार्थान् प्रत्यक्षादि-

---

**અન્વયાર્થ:**—[ जिनशास्त्रात् ] જિનશાસ્ત્ર દ્વારા [ प्रत्यक्षादिभिः ] પ્રત્યક્ષાદિ પ્રમાણોથી [ अर्थान् ] પદાર્થોને [ बुध्यमानस्य ] જાણનારને [ नियमात् ] નિયમથી [ मोहोपचयः ] [1]મોહોપચય [ क्षीयते ] ક્ષય પામે છે, [ तस्मात् ] તેથી [ शास्त्रं ] શાસ્ત્ર [ समध्येतव्यम् ] સમ્યક્ પ્રકારે અભ્યાસવાયોગ્ય છે.

**ટીકા:**—દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વભાવે અર્હંતના જ્ઞાન દ્વારા આત્માનું તે પ્રકારનું જ્ઞાન મોહક્ષયના ઉપાય તરીકે જે પ્રથમ (૮૦ મી ગાથામાં) પ્રતિપાદિત કરવામાં આવ્યું હતું, તે ખરેખર આ (નીચે કહેલા) ઉપાયાન્તરની અપેક્ષા રાખે છે. (તે ઉપાયાન્તર શો છે તે કહેવામાં આવે છે:)

જેણે પ્રથમ ભૂમિકામાં ગમન કર્યું છે એવા જીવને, જે [2]સર્વજ્ઞોપજ્ઞ હોવાથી સર્વ પ્રકારે અબાધિત છે એવા શાબ્દ પ્રમાણને (–દ્રવ્યશ્રુતપ્રમાણને) પ્રાપ્ત કરીને ક્રીડા કરતાં, તેના સંસ્કારથી વિશિષ્ટ [3]સંવેદનશક્તિરૂપ સંપદા પ્રગટ કરતાં, [4]સહૃદય જનોના હૃદયને આનંદના [5]ઉદ્ભેદ દેનારા પ્રત્યક્ષ પ્રમાણ વડે અથવા [6]તેનાથી અવિરુદ્ધ અન્ય

---

૧. મોહોપચય = મોહનો ઉપચય. ( ઉપચય = સંચય; ઢગલો. )
૨. સર્વજ્ઞોપજ્ઞ = સર્વજ્ઞે સ્વયં જાણેલું ( અને કહેલું )
૩. સંવેદન = જ્ઞાન
૪. સહૃદય = ભાવુક; સામાના ભાવોને કે લાગણીને સમજી શકનાર; શાસ્ત્રમાં જે વખતે જે ભાવનો પ્રસંગ હોય તે ભાવને હૃદયમાં ગ્રહનાર; બુધ; પંડિત.
૫. ઉદ્ભેદ = સ્ફુરણ; પ્રગટતા; ફણગા; ઝરા; ફુવારા.
૬. તેનાથી = પ્રત્યક્ષ પ્રમાણથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तत्त्वतः समस्तमपि वस्तुजातं परिच्छिन्दतः क्षीयत एवातत्त्वाभिनिवेशसंस्कारकारी मोहोपचयः। अतो हि मोहक्षपणे परमं शब्दब्रह्मोपासनं भावज्ञानावष्टम्भदृढीकृतपरिणामेन सम्यगधीयमानमुपायान्तरम् ॥ ८६ ॥

अथ कथं जैनेन्द्रे शब्दब्रह्मणि किलार्थानां व्यवस्थितिरिति वितर्कयति—

**दव्वाणि गुणा तेसिं पज्जाया अट्ठसण्णया भणिया।**
**तेसु गुणपज्जयाणं अप्पा दव्व त्ति उवदेसो ॥ ८७ ॥**

**द्रव्याणि गुणास्तेषां पर्याया अर्थसंज्ञया भणिताः।**
**तेषु गुणपर्यायाणामात्मा द्रव्यमित्युपदेशः ॥ ८७ ॥**

---

प्रमाणैर्बुध्यमानस्य जानतो जीवस्य नियमान्निश्चयात्। किं फलं भवति। **खीयदि मोहोवचयो** दुरभिनिवेशसंस्कारकारी मोहोपचयः क्षीयते प्रलीयते क्षयं याति। **तम्हा सत्थं समधिदव्वं** तस्माच्छास्त्रं सम्यगध्येतव्यं पठनीयमिति। तद्यथा—वीतरागसर्वज्ञप्रणीतशास्त्रात् 'एगो मे सस्सदो अप्पा' इत्यादि परमात्मोपदेशकश्रुतज्ञानेन तावदात्मानं जानीते कश्चिद्भव्यः, तदनन्तरं विशिष्टाभ्यासवशेन परमसमाधिकाले रागादिविकल्परहितमानसप्रत्यक्षेण च तमेवात्मानं परिच्छिनत्ति, तथैवानुमानेन वा।

---

પ્રમાણસમૂહ વડે [1]તત્ત્વતઃ સમસ્ત વસ્તુમાત્રને જાણતાં, [2]અતત્ત્વઅભિનિવેશના સંસ્કાર કરનારો મોહોપચય ક્ષય પામે જ છે. માટે મોહનો ક્ષય કરવામાં, પરમ શબ્દબ્રહ્મની ઉપાસનાનો ભાવજ્ઞાનના અવલંબન વડે દૃઢ કરેલા પરિણામથી સમ્યક્ પ્રકારે અભ્યાસ કરવો તે ઉપાયાન્તર છે. (જે પરિણામ ભાવજ્ઞાનના અવલંબન વડે દૃઢીકૃત હોય એવા પરિણામથી દ્રવ્યશ્રુતનો અભ્યાસ કરવો તે મોહક્ષય કરવામાં ઉપાયાન્તર છે.) ૮૬.

હવે જિનેંદ્રના શબ્દબ્રહ્મમાં અર્થોની વ્યવસ્થા (-પદાર્થોની સ્થિતિ) કઈ રીતે છે તે વિચારે છે:—

**દ્રવ્યો, ગુણો ને પર્યયો સૌ 'અર્થ' સંજ્ઞાથી કહ્યાં;**
**ગુણ-પર્યયોનો આતમા છે દ્રવ્ય જિન-ઉપદેશમાં. ૮૭.**

**અન્વયાર્થઃ**—[द्रव्याणि] દ્રવ્યો, [गुणाः] ગુણો [तेषां पर्यायाः] અને તેમના પર્યાયો [अर्थसंज्ञया] 'અર્થ' નામથી [भणिताः] કહ્યાં છે. [तेषु] તેમાં, [गुणपर्यायाणाम् आत्मा द्रव्यम्] ગુણ-પર્યાયોનો આત્મા દ્રવ્ય છે (અર્થાત્ ગુણો અને પર્યાયોનું સ્વરૂપ-સત્ત્વ દ્રવ્ય જ છે, તેઓ ભિન્ન વસ્તુ નથી) [इति उपदेशः] એમ (જિનેંદ્રનો) ઉપદેશ છે.

---

૧. તત્ત્વતઃ = યથાર્થ સ્વરૂપે

૨. અતત્ત્વ-અભિનિવેશ = યથાર્થ વસ્તુસ્વરૂપથી વિપરીત અભિપ્રાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



द्रव्याणि च गुणाश्च पर्यायाश्च अभिधेयभेदेऽप्यभिधानाभेदेन अर्थाः। तत्र गुणपर्याया-नियृति गुणपर्यायैरर्यन्त इति वा अर्था द्रव्याणि, द्रव्याण्याश्रयत्वेनेयूति द्रव्यैराश्रयभूतैर-र्यन्त इति वा अर्था गुणाः, द्रव्याणि क्रमपरिणामेनेयूति द्रव्यैः क्रमपरिणामेनार्यन्त इति वा अर्थाः पर्यायाः। यथा हि सुवर्णं पीततादीन् गुणान् कुण्डलादींश्च पर्यायानियर्ति तैरर्य-माणं वा अर्थो द्रव्यस्थानीयं, यथा च सुवर्णमाश्रयत्वेनेयूति तेनाश्रयभूतेनार्यमाणा वा अर्थाः

---

तथा हि—अत्रैव देहे निश्चयनयेन शुद्धबुद्धैकस्वभावः परमात्मास्ति। कस्माद्धेतोः। निर्विकारस्वसंवेदन-प्रत्यक्षत्वात् सुखादिवत् इति, तथैवान्येऽपि पदार्था यथासंभवमागमाभ्यासबलोत्पन्नप्रत्यक्षेणानुमानेन वा ज्ञायन्ते। ततो मोक्षार्थिना भव्येनागमाभ्यासः कर्तव्य इति तात्पर्यम् ॥ ८६ ॥ अथ द्रव्यगुणपर्याया-णामर्थसंज्ञां कथयति—**दव्वाणि गुणा तेसिं पज्जाया अट्ठसण्णया भणिया** द्रव्याणि गुणास्तेषां द्रव्याणां पर्यायाश्च त्रयोऽप्यर्थसंज्ञया भणिताः कथिता अर्थसंज्ञा भवन्तीत्यर्थः। **तेसु** तेषु त्रिषु द्रव्यगुण-पर्यायेषु मध्ये **गुणपज्जयाणं अप्पा** गुणपर्यायाणां संबंधी आत्मा स्वभावः। कः इति पृष्टे। **दव्व त्ति उवदेसो** द्रव्यमेव स्वभाव इत्युपदेशः, अथवा द्रव्यस्य कः स्वभाव इति पृष्टे गुणपर्यायाणामात्मा

---

**ટીકાઃ**—દ્રવ્યો, ગુણો અને પર્યાયોમાં અભિધેયભેદ હોવા છતાં અભિધાનના અભેદ વડે તેઓ 'અર્થ' છે [અર્થાત્ દ્રવ્યો, ગુણો અને પર્યાયોમાં વાચ્યનો ભેદ હોવા છતાં વાચકમાં ભેદ ન રાખીએ તો 'અર્થ' એવા એક જ વાચક (-શબ્દ) થી એ ત્રણે ઓળખાય છે]. તેમાં (એ દ્રવ્યો, ગુણો ને પર્યાયો મધ્યે), જેઓ ગુણોને અને પર્યાયોને પામે—પ્રાપ્ત કરે—પહોંચે છે અથવા જેઓ ગુણો અને પર્યાયો વડે પમાય—પ્રાપ્ત કરાય—પહોંચાય છે એવા *'અર્થો' તે દ્રવ્યો છે, જેઓ દ્રવ્યોને આશ્રય તરીકે પામે—પ્રાપ્ત કરે—પહોંચે છે અથવા જેઓ આશ્રયભૂત દ્રવ્યો વડે પમાય—પ્રાપ્ત કરાય—પહોંચાય છે એવા 'અર્થો' તે ગુણો છે, જેઓ દ્રવ્યોને ક્રમપરિણામથી પામે—પ્રાપ્ત કરે—પહોંચે છે અથવા જેઓ દ્રવ્યો વડે ક્રમપરિ-ણામથી (ક્રમે થતા પરિણામને લીધે) પમાય—પ્રાપ્ત કરાય—પહોંચાય છે એવા 'અર્થો' તે પર્યાયો છે.

જેમ દ્રવ્યસ્થાનીય (-દ્રવ્ય સમાન, દ્રવ્યના દૃષ્ટાંતરૂપ) સુવર્ણ પીળાશ વગેરે ગુણોને અને કુંડળ વગેરે પર્યાયોને પામે—પ્રાપ્ત કરે—પહોંચે છે અથવા (સુવર્ણ) તેમના વડે (-પીળાશ વગેરે ગુણો અને કુંડળ વગેરે પર્યાયો વડે) પમાય—પ્રાપ્ત કરાય—પહોંચાય છે તેથી દ્રવ્યસ્થાનીય સુવર્ણ 'અર્થ' છે, જેમ પીળાશ વગેરે ગુણો સુવર્ણને આશ્રય તરીકે પામે—પ્રાપ્ત કરે—પહોંચે છે અથવા (તેઓ) આશ્રયભૂત સુવર્ણ વડે પમાય—પ્રાપ્ત કરાય

---

* 'ऋ' ધાતુમાંથી 'अर्थ' શબ્દ બન્યો છે. 'ऋ' એટલે પામવું, પ્રાપ્ત કરવું, પહોંચવું, જવું. 'अर्थ' એટલે (૧) જે પામે—પ્રાપ્ત કરે—પહોંચે તે, અથવા (૨) જેને પમાય—પ્રાપ્ત કરાય—પહોંચાય તે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**पीततादयो गुणाः, यथा च सुवर्णं क्रमपरिणामेनेयूति तेन क्रमपरिणामेनार्यमाणा वा अर्थाः कुण्डलादयः पर्यायाः । एवमन्यत्रापि । यथा चैतेषु सुवर्णपीततादिगुणकुण्डलादिपर्यायेषु पीततादिगुणकुण्डलादिपर्यायाणां सुवर्णादपृथग्भावात्सुवर्णमेवात्मा तथा च तेषु द्रव्यगुणपर्यायेषु गुणपर्यायाणां द्रव्यादपृथग्भावाद्द्रव्यमेवात्मा ॥ ८७ ॥**

---

एव स्वभाव इति । अथ विस्तरः—अनन्तज्ञानसुखादिगुणान् तथैवामूर्तत्वातीन्द्रियत्वसिद्धत्वादिपर्यायांश्च इयर्ति गच्छति परिणमत्याश्रयति येन कारणेन तस्मादर्थो भण्यते । किम् । शुद्धात्मद्रव्यम् । तच्छुद्धात्मद्रव्यमाधारभूतमियूति गच्छन्ति परिणमन्त्याश्रयन्ति येन कारणेन ततोऽर्था भण्यन्ते । के ते । ज्ञानत्वसिद्धत्वादिगुणपर्यायाः । ज्ञानत्वसिद्धत्वादिगुणपर्यायाणामात्मा स्वभावः क इति पृष्टे शुद्धात्मद्रव्यमेव स्वभावः,

---

—પહોંચાય છે તેથી પીળાશ વગેરે ગુણો 'અર્થો' છે, અને જેમ કુંડળ વગેરે પર્યાયો સુવર્ણને ક્રમપરિણામથી પામે—પ્રાપ્ત કરે—પહોંચે છે અથવા (તેઓ) સુવર્ણ વડે ક્રમપરિણામથી પમાય —પ્રાપ્ત કરાય—પહોંચાય છે તેથી કુંડળ વગેરે પર્યાયો 'અર્થો' છે, તેમ [1]અન્યત્ર પણ છે (અર્થાત્ આ દૃષ્ટાંતની માફક સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં પણ સમજવું ).

વળી જેમ આ સુવર્ણ, પીળાશ વગેરે ગુણો અને કુંડળ વગેરે પર્યાયોમાં ( -આ ત્રણમાં ), પીળાશ વગેરે ગુણોનું અને કુંડળ વગેરે પર્યાયોનું સુવર્ણથી અપૃથક્પણું હોવાથી તેમનો (-પીળાશ વગેરે ગુણોનો અને કુંડળ વગેરે પર્યાયોનો ) સુવર્ણ જ આત્મા છે, તેમ તે દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં ગુણ-પર્યાયોનું દ્રવ્યથી અપૃથક્પણું હોવાથી તેમનો દ્રવ્ય જ આત્મા છે ( અર્થાત્ દ્રવ્ય જ ગુણો અને પર્યાયોનો આત્મા-સ્વરૂપ-સર્વસ્વ-સત્ત્વ છે ).

**ભાવાર્થ**:—૮૬ મી ગાથામાં કહ્યું હતું કે જિનશાસ્ત્રોનો સમ્યક્ અભ્યાસ મોહક્ષયનો ઉપાય છે. અહીં તે જિનશાસ્ત્રોમાં પદાર્થોની શી રીતે વ્યવસ્થા કહી છે તે સંક્ષેપમાં દર્શાવ્યું છે. જિનેંદ્રદેવે કહ્યું છે કે—અર્થો (પદાર્થો) એટલે દ્રવ્યો, ગુણો અને પર્યાયો. એ સિવાય વિશ્વમાં બીજું કાંઈ નથી. વળી એ ત્રણમાં, ગુણો અને પર્યાયોનો આત્મા (-તેમનું સર્વસ્વ ) દ્રવ્ય જ છે. આમ હોવાથી કોઈ દ્રવ્યના ગુણો અને પર્યાયો અન્ય દ્રવ્યના ગુણો અને પર્યાયોરૂપે અંશે પણ થતા નથી, સર્વ દ્રવ્યો પોતપોતાના ગુણ-પર્યાયોમાં રહે છે.—આવી પદાર્થોની સ્થિતિ મોહક્ષયના નિમિત્તભૂત પવિત્ર જિનશાસ્ત્રોમાં કહી છે. ૮૭.

---

૧. જેમ સુવર્ણ પીળાશ વગેરેને અને કુંડળ વગેરેને પામે છે અથવા પીળાશ વગેરે અને કુંડળ વગેરે વડે પમાય છે ( અર્થાત્ પીળાશ વગેરે અને કુંડળ વગેરે સુવર્ણને પામે છે ) તેથી સુવર્ણ 'અર્થ' છે, તેમ દ્રવ્ય 'અર્થ' છે; જેમ પીળાશ વગેરે આધારભૂત સુવર્ણને પામે છે અથવા આધારભૂત સુવર્ણ વડે પમાય છે ( અર્થાત્ આધારભૂત સુવર્ણ પીળાશ વગેરેને પામે છે ) તેથી પીળાશ વગેરે 'અર્થો' છે, તેમ ગુણો 'અર્થો' છે; જેમ કુંડળ વગેરે સુવર્ણને ક્રમપરિણામથી પામે છે અથવા સુવર્ણ વડે ક્રમપરિણામથી પમાય છે ( અર્થાત્ સુવર્ણ કુંડળ વગેરેને ક્રમપરિણામથી પામે છે ) તેથી કુંડળ વગેરે 'અર્થો' છે, તેમ પર્યાયો 'અર્થો' છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथैवं मोहक्षपणोपायभूतजिनेश्वरोपदेशलाभेऽपि पुरुषकारोऽर्थक्रियाकारीति पौरुषं व्यापारयति—

**जो मोहरागदोसे णिहणदि उवलब्भ जोण्हमुवदेसं ।**
**सो सव्वदुक्खमोक्खं पावदि अचिरेण कालेण ॥ ८८ ॥**

**यो मोहरागद्वेषान्निहन्ति उपलभ्य जैनमुपदेशम् ।**
**स सर्वदुःखमोक्षं प्राप्नोत्यचिरेण कालेन ॥ ८८ ॥**

इह हि द्राघीयसि सदाजवंजवपथे कथमप्यमुं समुपलभ्यापि जैनेश्वरं निशिततरवारिधारापथस्थानीयमुपदेशं य एव मोहरागद्वेषाणामुपरि दृढतरं निपातयति स एव निखिलदुःखपरिमोक्षं

---

अथवा शुद्धात्मद्रव्यस्य कः स्वभाव इति पृष्टे पूर्वोक्तगुणपर्याया एव । एवं शेषद्रव्यगुणपर्यायाणामप्यर्थसंज्ञा बोद्धव्येत्यर्थः ॥ ८७ ॥ अथ दुर्लभजैनोपदेशं लब्ध्वापि य एव मोहरागद्वेषान्निहन्ति स एवाशेषदुःखक्षयं प्राप्नोतीत्यावेदयति—**जो मोहरागदोसे णिहणदि** य एव मोहरागद्वेषान्निहन्ति । किं कृत्वा । **उवलब्भ** उपलभ्य प्राप्य । कम् । **जोण्हमुवदेसं** जैनोपदेशम् । **सो सव्वदुक्खमोक्खं पावदि** स सर्वदुःखमोक्षं प्राप्नोति । केन । **अचिरेण कालेण** स्तोककालेनेति । तद्यथा—एकेन्द्रियविकलेन्द्रियपञ्चेन्द्रियादिदुर्लभपरंपरया जैनोपदेशं प्राप्य मोहरागद्वेषविलक्षणं निजशुद्धात्मनिश्चलानुभूतिलक्षणं निश्चयसम्यक्त्व-

---

હવે, એ રીતે મોહક્ષયના ઉપાયભૂત જિનેશ્વરના ઉપદેશની પ્રાપ્તિ થવા છતાં પણ પુરુષાર્થ [1]અર્થક્રિયાકારી છે તેથી પુરુષાર્થ કરે છે:—

**જે પામી જિન-ઉપદેશ હણતો રાગ-દ્વેષ-વિમોહને,**
**તે જીવ પામે અલ્પ કાળે સર્વદુઃખવિમોક્ષને. ૮૮.**

**અન્વયાર્થઃ**—[ यः ] જે [ जैनम् उपदेशम् ] જિનના ઉપદેશને [ उपलभ्य ] પામીને [ मोहरागद्वेषान् ] મોહ-રાગ-દ્વેષને [ निहन्ति ] હણે છે, [ सः ] તે [ अचिरेण कालेन ] અલ્પ કાળમાં [ सर्वदुःखमोक्षं प्राप्नोति ] સર્વ દુઃખથી મુક્ત થાય છે.

**ટીકાઃ**—આ અતિ દીર્ઘ, સદા ઉત્પાતમય સંસારમાર્ગમાં કોઈ પણ પ્રકારે જિનેશ્વરદેવના આ તીક્ષ્ણ અસિધારા સમાન ઉપદેશને પામીને પણ જે મોહ-રાગ-દ્વેષ ઉપર અતિ દ્રઢપણે તેનો પ્રહાર કરે છે તે જ [2]ક્ષિપ્રમેવ સમસ્ત દુઃખથી પરિમુક્ત થાય છે, અન્ય (કોઈ)

---

૧. અર્થક્રિયાકારી = પ્રયોજનભૂત ક્રિયાનો (સર્વદુઃખપરિમોક્ષનો) કરનાર
૨. ક્ષિપ્રમેવ = જલદી જ; તરત જ; શીઘ્રમેવ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



क्षिप्रमेवाप्नोति, नापरो व्यापारः करवालपाणिरिव । अत एव सर्वारम्भेण मोहक्षपणाय पुरुषकारे निषीदामि ॥ ८८ ॥

अथ स्वपरविवेकसिद्धेरेव मोहक्षपणं भवतीति स्वपरविभागसिद्धये प्रयतते—

णाणप्पगमप्पाणं परं च दव्वत्तणाहिसंबद्धं ।
जाणदि जदि णिच्छयदो जो सो मोहक्खयं कुणदि ॥ ८९ ॥

ज्ञानात्मकमात्मानं परं च द्रव्यत्वेनाभिसंबद्धम् ।
जानाति यदि निश्चयतो यः स मोहक्षयं करोति ॥ ८९ ॥

---

ज्ञानद्वयाविनाभूतं वीतरागचारित्रसंज्ञं निशितखड्गं य एव मोहरागद्वेषशत्रूणामुपरि दृढतरं पातयति स एव पारमार्थिकानाकुलत्वलक्षणसुखविलक्षणानां दुःखानां क्षयं करोतीत्यर्थः ॥ ८८ ॥ एवं द्रव्यगुणपर्यायविषये मूढत्वनिराकरणार्थं गाथाषट्केन तृतीयज्ञानकण्डिका गता । अथ स्वपरात्मनोर्भेदज्ञानात् मोहक्षयो भवतीति प्रज्ञापयति—**णाणप्पगमप्पाणं परं च दव्वत्तणाहिसंबद्धं जाणदि जदि** ज्ञानात्मक-

---

[१]વ્યાપાર સમસ્ત દુઃખથી પરિમુક્ત કરતો નથી;—હાથમાં તરવારવાળા મનુષ્યની માફક. (જેમ મનુષ્યના હાથમાં તીક્ષ્ણ તરવાર હોવા છતાં પણ જો તે મનુષ્ય શત્રુઓ પર અતિ જોરથી તેનો પ્રહાર કરે છે તો જ તે શત્રુસંબંધી દુઃખથી મુક્ત થાય છે, અન્યથા નહિ, તેમ આ અનાદિ સંસારમાં મહાભાગ્યથી જિનેશ્વરદેવના ઉપદેશરૂપ તીક્ષ્ણ તરવાર પામવા છતાં પણ જો જીવ મોહ-રાગ-દ્વેષરૂપ શત્રુઓ પર અતિ દૃઢતાથી તેનો પ્રહાર કરે છે તો જ તે સર્વ દુઃખથી મુક્ત થાય છે, અન્યથા નહિ.) માટે જ સર્વ આરંભથી (-યત્નથી) મોહનો ક્ષય કરવા માટે હું પુરુષાર્થનો આશ્રય કરું છું. ૮૮.

હવે, સ્વ-પરના વિવેકની (-ભેદજ્ઞાનની) સિદ્ધિથી જ મોહનો ક્ષય થઈ શકે છે તેથી સ્વ-પરના વિભાગની સિદ્ધિ માટે પ્રયત્ન કરે છેઃ—

જે જ્ઞાનરૂપ નિજ આત્મને, પરને વળી નિશ્ચય વડે
દ્રવ્યત્વથી સંબદ્ધ જાણે, મોહનો ક્ષય તે કરે. ૮૯.

**અન્વયાર્થઃ**—[यः] જે [निश्चयतः] નિશ્ચયથી [ज्ञानात्मकम् आत्मानं] જ્ઞાનાત્મક એવા પોતાને [च] અને [परं] પરને [द्रव्यत्वेन अभिसंबद्धम्] નિજ નિજ દ્રવ્યત્વથી સંબદ્ધ (-સંયુક્ત) [यदि जानाति] જાણે છે, [सः] તે [मोहक्षयं करोति] મોહનો ક્ષય કરે છે.

---

૧. વ્યાપાર = ઉદ્યોગ; ક્રિયા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



य एव स्वकीयेन चैतन्यात्मकेन द्रव्यत्वेनाभिसंबद्धमात्मानं परं च परकीयेन यथोचितेन द्रव्यत्वेनाभिसंबद्धमेव निश्चयतः परिच्छिनत्ति, स एव सम्यगवाप्तस्वपरविवेकः सकलं मोहं क्षपयति। अतः स्वपरविवेकाय प्रयतोऽस्मि ॥ ८९ ॥

अथ सर्वथा स्वपरविवेकसिद्धिरागमतो विधातव्येत्युपसंहरति—

**तम्हा जिणमग्गादो गुणेहिं आदं परं च दव्वेसु।**
**अभिगच्छदु णिम्मोहं इच्छदि जदि अप्पणो अप्पा ॥ ९० ॥**

**तस्माज्जिनमार्गाद्गुणैरात्मानं परं च द्रव्येषु।**
**अभिगच्छतु निर्मोहमिच्छति यद्यात्मन आत्मा ॥ ९० ॥**

---

मात्मानं जानाति यदि। कथंभूतम्। स्वकीयशुद्धचैतन्यद्रव्यत्वेनाभिसंबद्धं, न केवलमात्मानम्, परं च यथोचितचेतनाचेतनपरकीयद्रव्यत्वेनाभिसंबद्धम्। कस्मात्। **णिच्छयदो** निश्चयतः निश्चयनयानुकूलं

---

**ટીકા:—**જે નિશ્ચયથી પોતાને [૧]સ્વકીય ચૈતન્યાત્મક દ્રવ્યત્વથી સંબદ્ધ (-સંયુક્ત) અને પરને [૨]પરકીય [૩]યથોચિત દ્રવ્યત્વથી સંબદ્ધ જ જાણે છે, તે જ (જીવ), સમ્યક્‌પણે સ્વ-પરના વિવેકને જેણે પ્રાપ્ત કર્યો છે એવો, સકળ મોહનો ક્ષય કરે છે. માટે સ્વ-પરના વિવેકને માટે હું પ્રયત્નશીલ છું. ૮૯.

હવે, સર્વ પ્રકારે સ્વ-પરના વિવેકની સિદ્ધિ આગમથી કરવાયોગ્ય છે એમ ઉપસંહાર કરે છે:—

**તેથી યદિ જીવ ઇચ્છતો નિર્મોહતા નિજ આત્મને,**
**જિનમાર્ગથી દ્રવ્યો મહીં જાણો સ્વ-પરને ગુણ વડે. ૯૦.**

**અન્વયાર્થ:—**[ तस्मात् ] માટે (સ્વ-પરના વિવેકથી મોહનો ક્ષય કરી શકાતો હોવાથી) [ यदि ] જો [ आत्मा ] આત્મા [ आत्मनः ] પોતાને [ निर्मोहं ] નિર્મોહપણું [ इच्छति ] ઇચ્છતો હોય, તો [ जिनमार्गात् ] જિનમાર્ગ દ્વારા [ गुणैः ] ગુણો વડે [ द्रव्येषु ] દ્રવ્યોમાં [ आत्मानं परं च ] સ્વ અને પરને [ अभिगच्छतु ] જાણો (અર્થાત્ જિનાગમ દ્વારા <u>વિશેષ ગુણો</u> વડે અનંત દ્રવ્યોમાંથી 'આ સ્વ છે ને આ પર છે' એમ વિવેક કરો).

---

૧. સ્વકીય = પોતાનું
૨. પરકીય = પારકું
૩. યથોચિત = યથાયોગ્ય—ચેતન કે અચેતન. (પુદ્‌ગલાદિ દ્રવ્યો પરકીય અચેતન દ્રવ્યત્વથી સંયુક્ત છે અને અન્ય આત્માઓ પરકીય ચેતન દ્રવ્યત્વથી સંયુક્ત છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इह खल्वागमनिगदितेष्वनन्तेषु गुणेषु कैश्चिद्गुणैरन्ययोगव्यवच्छेदकतयासाधारणतामुपादाय विशेषणतामुपगतैरनन्तायां द्रव्यसंततौ स्वपरविवेकमुपगच्छन्तु मोहप्रहाणप्रवणबुद्धयो लब्धवर्णाः। तथा हि—यदिदं सदकारणतया स्वतःसिद्धमन्तर्बहिर्मुखप्रकाशशालितया स्वपरपरिच्छेदकं मदीयं मम नाम चैतन्यमहमनेन तेन समानजातीयमसमानजातीयं वा द्रव्यमन्यदपहाय ममात्मन्येव वर्तमानेनात्मीयमात्मानं सकलत्रिकालकलितध्रौव्यं द्रव्यं जानामि। एवं

---

भेदज्ञानमाश्रित्य । **जो** यः कर्ता **सो** स **मोहक्खयं कुणदि** निर्मोहपरमानन्दैकस्वभावशुद्धात्मनो विपरीतस्य मोहस्य क्षयं करोतीति सूत्रार्थः ॥ ८९ ॥ अथ पूर्वसूत्रे यदुक्तं स्वपरभेदविज्ञानं तदागमतः सिद्ध्यतीति प्रतिपादयति—**तम्हा जिणमग्गादो** यस्मादेवं भणितं पूर्वं स्वपरभेदविज्ञानाद् मोहक्षयो भवति, तस्मात्कारणाज्जिनमार्गाज्जिनागमात् **गुणेहिं** गुणैः **आदं** आत्मानं, न केवलमात्मानं **परं च** परद्रव्यं च । कसु मध्ये । **दव्वेसु** शुद्धात्मादिषड्द्रव्येषु **अभिगच्छदु** अभिगच्छतु जानातु । यदि किम् । **णिम्मोहं इच्छदि जदि** निर्मोहभावमिच्छति यदि चेत् । स कः । **अप्पा** आत्मा । कस्य

---

**ટીકાઃ**—મોહનો ક્ષય કરવા પ્રત્યે [1]પ્રવણ બુદ્ધિવાળા બુધજનો આ જગતમાં આગમને વિષે કહેલા અનંત ગુણોમાંથી કોઈક ગુણો વડે—કે જે ગુણો [2]અન્ય સાથે યોગ રહિત હોવાથી અસાધારણપણું ધારણ કરીને વિશેષણપણાને પામ્યા છે તેમના વડે—અનંત [3]દ્રવ્યસંતતિમાં સ્વ-પરના વિવેકને પામો (અર્થાત્ મોહનો ક્ષય કરવા ઇચ્છતા પંડિત જનો આગમમાં કહેલા અનંત ગુણોમાંથી અસાધારણ અને ભિન્નલક્ષણભૂત ગુણો વડે અનંત દ્રવ્યપરંપરામાં 'આ સ્વદ્રવ્ય છે અને આ પરદ્રવ્યો છે' એવો વિવેક કરો). તે આ પ્રમાણેઃ—

[4]સત્ અને [5]અકારણ હોવાથી સ્વતઃસિદ્ધ, અંતર્મુખ અને બહિર્મુખ પ્રકાશવાળું હોવાથી સ્વપરનું જ્ઞાયક—એવું જે આ, મારી સાથે સંબંધવાળું, મારું ચૈતન્ય તેના વડે—કે જે (ચૈતન્ય) સમાનજાતીય અથવા અસમાનજાતીય અન્યદ્રવ્યને છોડીને મારા આત્મામાં જ વર્તે છે તેના વડે—હું પોતાના આત્માને [6]સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતું દ્રવ્ય જાણું છું. એ

---

१. પ્રવણ = ઢળતી; અભિમુખ; રત.

२. કેટલાક ગુણો અન્ય દ્રવ્યો સાથે સંબંધ રહિત હોવાને લીધે અર્થાત્ અન્ય દ્રવ્યોમાં નહિ હોવાને લીધે અસાધારણ છે અને તેથી વિશેષણભૂત—ભિન્નલક્ષણભૂત છે; તેમના વડે દ્રવ્યોનું ભિન્નપણું નક્કી કરી શકાય છે.

૩. દ્રવ્યસંતતિ = દ્રવ્યપરંપરા; દ્રવ્યસમૂહ.

૪. સત્ = હયાતીવાળું; સત્તાવાળું; અસ્તિત્વવાળું; સત્રૂપ.

૫. અકારણ = જેનું કોઈ કારણ ન હોય એવું; અહેતુક. (ચૈતન્ય સત્ અને અહેતુક હોવાને લીધે પોતાથી જ સિદ્ધ છે.)

૬. સકળ = આખું; સમસ્ત; નિરવશેષ. (આત્મા કોઈ કાળને બાકી રાખ્યા વિના આખાય ત્રણે કાળે ધ્રુવ રહેતું એવું દ્રવ્ય છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पृथक्त्ववृत्तस्वलक्षणैर्द्रव्यमन्यदपहाय तस्मिन्नेव च वर्तमानैः सकलत्रिकालकलितध्रौव्यं द्रव्यमाकाशं धर्ममधर्मं कालं पुद्गलमात्मान्तरं च निश्चिनोमि । ततो नाहमाकाशं न धर्मो नाधर्मो न च कालो न पुद्गलो नात्मान्तरं च भवामि; यतोऽमीष्वेकापवरकप्रबोधितानेकदीपप्रकाशेष्विव संभूयावस्थितेष्वपि मच्चैतन्यं स्वरूपादप्रच्युतमेव मां पृथगवगमयति । एवमस्य निश्चितस्वपरविवेकस्यात्मनो न खलु विकारकारिणो मोहाङ्कुरस्य प्रादुर्भूतिः स्यात् ॥ ९० ॥

---

संबन्धित्वेन । **अप्पणो** आत्मन इति । तथा हि—यदिदं मम चैतन्यं स्वपरप्रकाशकं तेनाहं कर्ता विशुद्धज्ञानदर्शनस्वभावं स्वकीयमात्मानं जानामि, परं च पुद्गलादिपञ्चद्रव्यरूपं शेषजीवान्तरं च पररूपेण जानामि, ततः कारणादेकापवरकप्रबोधितानेकप्रदीपप्रकाशेष्विव संभूयावस्थितेष्वपि सर्वद्रव्येषु मम सहजशुद्धचिदानन्दैकस्वभावस्य केनापि सह मोहो नास्तीत्यभिप्रायः ॥ ९० ॥ एवं स्वपरपरिज्ञानविषये मूढत्वनिरासार्थं गाथाद्वयेन चतुर्थज्ञानकण्डिका गता । इति पञ्चविंशतिगाथाभिर्ज्ञानकण्डिकाचतुष्टयाभिधानो द्वितीयोऽधिकारः समाप्तः । अथ निर्दोषिपरमात्मप्रणीतपदार्थश्रद्धानमन्तरेण श्रमणो न भवति, तस्माच्छुद्धो-

---

રીતે પૃથક્‌પણે વર્તતાં સ્વલક્ષણો વડે—કે જે (સ્વલક્ષણો) અન્ય દ્રવ્યને છોડીને તે જ દ્રવ્યમાં વર્તે છે તેમના વડે—આકાશને, ધર્મને, અધર્મને, કાળને, પુદ્‌ગલને અને આત્માંતરને (-અન્ય આત્માને) સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતાં દ્રવ્યો તરીકે નક્કી કરું છું (અર્થાત્ જેમ ચૈતન્યલક્ષણ વડે આત્માને ધ્રુવ દ્રવ્ય તરીકે જાણ્યો, તેમ અવગાહહેતુત્વ, ગતિહેતુત્વ વગેરે લક્ષણો કે જેઓ સ્વલક્ષ્યભૂત દ્રવ્ય સિવાય અન્ય દ્રવ્યોમાં વર્તતાં નથી તેમના વડે આકાશ, ધર્માસ્તિકાય વગેરેને ભિન્ન ભિન્ન ધ્રુવ દ્રવ્યો તરીકે જાણું છું). માટે હું આકાશ નથી, ધર્મ નથી, અધર્મ નથી, કાળ નથી, પુદ્‌ગલ નથી અને આત્માંતર નથી; કારણ કે [૧]એક ઓરડામાં પ્રગટાવેલા અનેક દીવાના પ્રકાશોની માફક આ દ્રવ્યો એકઠાં થઈને રહેલાં હોવા છતાં મારું ચૈતન્ય (નિજ) સ્વરૂપથી અચ્યુત જ રહ્યું થકું મને પૃથક્ જણાવે છે.

આ પ્રમાણે જેણે સ્વ-પરનો વિવેક નિશ્ચિત (નક્કી) કર્યો છે એવા આ આત્માને વિકારકારી મોહાંકુરનો પ્રાદુર્ભાવ થતો નથી (-વિકાર કરનારો મોહાંકુર પ્રગટ થતો નથી).

**ભાવાર્થઃ**—સ્વ-પરના વિવેકથી મોહનો નાશ કરી શકાય છે. તે સ્વ-પરનો વિવેક, જિનાગમદ્વારા સ્વ-પરનાં લક્ષણો યથાર્થપણે ઓળખવાથી કરી શકાય છે. ૯૦.

---

૧. જેમ ઘણા દીવાના પ્રકાશો એક જ ઓરડામાં ભેગા રહ્યા હોય તો સ્થૂલ દ્રષ્ટિથી જોતાં તેઓ એકબીજામાં મળી ગયેલા ભાસે છે, તોપણ સૂક્ષ્મ દ્રષ્ટિથી વિચારપૂર્વક જોતાં તો તે પ્રકાશો ભિન્ન ભિન્ન જ છે (કારણ કે એક દીવો બુઝાઈ જતાં તે જ દીવાનો પ્રકાશ નષ્ટ થાય છે, અન્ય દીવાના પ્રકાશો નષ્ટ થતા નથી); તેમ જીવાદિ અનેક દ્રવ્યો એક જ ક્ષેત્રમાં રહ્યાં છે તોપણ સૂક્ષ્મ દ્રષ્ટિથી જોતાં તેઓ ભિન્ન ભિન્ન જ છે, એકમેક થયાં નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ जिनोदितार्थश्रद्धानमन्तरेण धर्मलाभो न भवतीति प्रतर्कयति—

**सत्तासंबद्धेदे सविसेसे जो हि णेव सामण्णे ।**
**सद्दहदि ण सो समणो तत्तो धम्मो ण संभवदि ।। ९१ ।।**

**सत्तासंबद्धानेतान् सविशेषान् यो हि नैव श्रामण्ये ।**
**श्रद्दधाति न स श्रमणः ततो धर्मो न संभवति ।। ९१ ।।**

यो हि नामैतानि सादृश्यास्तित्वेन सामान्यमनुव्रजन्त्यपि स्वरूपास्तित्वेनाश्लिष्ट-विशेषाणि द्रव्याणि स्वपरावच्छेदेनापरिच्छिन्दन्नश्रद्दधानो वा एवमेव श्रामण्येनात्मानं दमयति

---

पयोगलक्षणधर्मोऽपि न संभवतीति निश्चिनोति—**सत्तासंबद्धे** महासत्तासंबन्धेन सहितान् **एदे** एतान् पूर्वोक्तशुद्धजीवादिपदार्थान् । पुनरपि किंविशिष्टान् । **सविसेसे** विशेषसत्तावान्तरसत्ता स्वकीयस्वकीय-स्वरूपसत्ता तया सहितान् **जो हि णेव सामण्णे सद्दहदि** यः कर्ता द्रव्यश्रामण्ये स्थितोऽपि न श्रद्धत्ते

---

હવે, જિનોદિત અર્થોના શ્રદ્ધાન વિના ધર્મલાભ થતો નથી (અર્થાત્ જિનદેવે કહેલા પદાર્થોની શ્રદ્ધા કર્યા વિના શુદ્ધાત્મ-અનુભવરૂપ ધર્મપ્રાપ્તિ થતી નથી) એમ ન્યાયપૂર્વક વિચારે છે:—

**શ્રામણ્યમાં સત્તામયી સવિશેષ આ દ્રવ્યો તણી**
**શ્રદ્ધા નહિ, તે શ્રમણ ના; તેમાંથી ધર્મોદ્ભવ નહીં. ૯૧.**

**અન્વયાર્થ:**—[ यः हि ] જે (જીવ) [ श्रामण्ये ] શ્રમણપણામાં [ एतान् सत्तासंबद्धान् सविशेषान् ] આ [1]સત્તાસંયુક્ત [2]સવિશેષ પદાર્થોને [ न एव श्रद्दधाति ] શ્રદ્ધતો નથી, [ सः ] તે [ श्रमणः न ] શ્રમણ નથી; [ ततः धर्मः न संभवति ] તેનામાંથી ધર્મ ઉદ્ભવતો નથી (અર્થાત્ તે શ્રમણાભાસને ધર્મ થતો નથી).

**ટીકા:**—જે (જીવ) આ દ્રવ્યોને—કે જે (દ્રવ્યો) [3]સાદૃશ્ય-અસ્તિત્વ વડે સમાનપણું ધરતાં છતાં સ્વરૂપ-અસ્તિત્વ વડે વિશેષ સહિત છે તેમને—[4]સ્વ-પરના અવચ્છેદપૂર્વક નહિ જાણતો અને નહિ શ્રદ્ધતો થકો, એમ ને એમ જ (જ્ઞાન-શ્રદ્ધા વિના) શ્રામણ્ય વડે (દ્રવ્યમુનિપણા

---

૧. સત્તાસંયુક્ત = અસ્તિત્વવાળા.
૨. સવિશેષ = વિશેષ સહિત; તફાવતવાળા; ભેદવાળા; ભિન્નભિન્ન.
૩. અસ્તિત્વ બે પ્રકારે છે: સાદૃશ્ય-અસ્તિત્વ અને સ્વરૂપ-અસ્તિત્વ. સાદૃશ્ય-અસ્તિત્વની અપેક્ષાએ સર્વ દ્રવ્યોમાં સમાનપણું છે અને સ્વરૂપ-અસ્તિત્વની અપેક્ષાએ સર્વ દ્રવ્યોમાં વિશેષપણું છે.
૪. સ્વ-પરના અવચ્છેદપૂર્વક = સ્વ-પરના વિભાગપૂર્વક–વિવેકપૂર્વક; સ્વ-પરને જુદાં પાડીને.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**स खलु न नाम श्रमणः । यतस्ततोऽपरिच्छिन्नरेणुकनककणिकाविशेषाद्धूलिधावकात्कनकलाभ इव निरुपरागात्मतत्त्वोपलम्भलक्षणो धर्मोपलम्भो न संभूतिमनुभवति ॥ ९१ ॥**

**अथ 'उवसंपयामि सम्मं जत्तो णिव्वाणसंपत्ती' इति प्रतिज्ञाय 'चारित्तं खलु धम्मो धम्मो जो सो समो त्ति णिद्दिट्ठो' इति साम्यस्य धर्मत्वं निश्चित्य 'परिणमदि जेण दव्वं तक्कालं तम्मय त्ति पण्णत्तं तम्हा धम्मपरिणदो आदा धम्मो मुणेयव्वो' इति यदात्मनो**

---

हि स्फुटं **ण सो समणो** निजशुद्धात्मरुचिरूपनिश्चयसम्यक्त्वपूर्वकपरमसामायिकसंयमलक्षणश्रामण्याभावात्स श्रमणो न भवति । इत्थंभूतभावश्रामण्याभावात् **तत्तो धम्मो ण संभवदि** तस्मात्पूर्वोक्तद्रव्यश्रमणात्सकाशान्निरुपरागशुद्धात्मानुभूतिलक्षणधर्मोऽपि न संभवतीति सूत्रार्थः ॥ ९१ ॥ अथ 'उवसंपयामि सम्मं' इत्यादि नमस्कारगाथायां यत्प्रतिज्ञातं, तदनन्तरं 'चारित्तं खलु धम्मो' इत्यादिसूत्रेण चारित्रस्य धर्मत्वं व्यवस्थापितम् । अथ 'परिणमदि जेण दव्वं' इत्यादिसूत्रेणात्मनो धर्मत्वं भणितमित्यादि ।

---

**વડે) આત્માને દમે છે, તે ખરેખર શ્રમણ નથી; જેથી, જેમ ધૂળ અને સુવર્ણકણિકાનો તફાવત જેણે જાણ્યો નથી એવા ધૂળધોયામાંથી સુવર્ણલાભ ઉદ્‌ભવતો નથી તેમ તેનામાંથી (-શ્રમણાભાસમાંથી), [૧]નિરુપરાગ આત્મતત્ત્વની [૨]ઉપલબ્ધિ જેનું લક્ષણ છે એવો ધર્મલાભ ઉદ્‌ભવતો નથી.**

**ભાવાર્થઃ—જે જીવ દ્રવ્યમુનિપણું પાળતો હોવા છતાં સ્વ-પરના ભેદ સહિત પદાર્થોને શ્રદ્ધતો નથી, તે જીવ નિશ્ચય-સમ્યક્‌ત્વપૂર્વક પરમસામાયિકસંયમરૂપ મુનિપણાના અભાવને લીધે મુનિ નથી; તેથી, જેમ જેને ધૂળ અને સુવર્ણના કણનો વિવેક નથી એવા ધૂળધોયાને, ગમે તેટલી મહેનત કરવા છતાં, સુવર્ણની પ્રાપ્તિ થતી નથી, તેમ જેને સ્વ અને પરનો વિવેક નથી એવા તે દ્રવ્યમુનિને, ગમે તેટલું દ્રવ્યમુનિત્વની ક્રિયાઓનું કષ્ટ ઉઠાવવા છતાં, ધર્મની પ્રાપ્તિ થતી નથી. ૯૧.**

**'[૩]उवसंपयामि सम्मं जत्तो णिव्वाणसंपत्ती' એમ (પાંચમી ગાથામાં) પ્રતિજ્ઞા કરીને, '[૪]चारित्तं खलु धम्मो धम्मो जो सो समो त्ति णिद्दिट्ठो' એમ (૭ મી ગાથામાં) [૫]સામ્યનું ધર્મપણું નક્કી કરીને, '[૬]परिणमदि जेण दव्वं तक्कालं तम्मय त्ति पण्णत्तं तम्हा धम्मपरिणदो आदा धम्मो मुणेयव्वो'**

---

૧. નિરુપરાગ = ઉપરાગ (-મલિનતા, વિકાર) રહિત
૨. ઉપલબ્ધિ = અનુભવ; પ્રાપ્તિ.
૩. અર્થઃ—હું સામ્યને પ્રાપ્ત કરું છું કે જેનાથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે.
૪. અર્થઃ—ચારિત્ર ખરેખર ધર્મ છે. જે ધર્મ છે તે સામ્ય છે એમ (શાસ્ત્રમાં) કહ્યું છે.
૫. સામ્યનું ધર્મપણું નક્કી કરીને = સામ્ય એ ધર્મ છે એમ નક્કી કરીને
૬. અર્થઃ—દ્રવ્ય જે કાળે જે ભાવરૂપે પરિણમે છે તે કાળે તે-મય છે એમ (જિનેન્દ્રદેવે) કહ્યું છે; તેથી ધર્મપરિણત આત્મા ધર્મ જાણવો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



धर्मत्वमास्त्रयितुमुपक्रान्तं, यत्प्रसिद्धये च 'धम्मेण परिणदप्पा अप्पा जदि सुद्धसंपओगजुदो पावदि णिव्वाणसुहं' इति निर्वाणसुखसाधनशुद्धोपयोगोऽधिकर्तुमारब्धः, शुभाशुभोपयोगौ च विरोधिनौ निर्ध्वस्तौ, शुद्धोपयोगस्वरूपं चोपवर्णितं, तत्प्रसादजौ चात्मनो ज्ञानानन्दौ सहजौ समुद्योतयता संवेदनस्वरूपं सुखस्वरूपं च प्रपञ्चितम्। तदधुना कथं कथमपि शुद्धोपयोगप्रसादेन प्रसाध्य परमनिस्पृहामात्मतृप्तां पारमेश्वरीप्रवृत्तिमभ्युपगतः कृतकृत्यताम-वाप्य नितान्तमनाकुलो भूत्वा प्रलीनभेदवासनोन्मेषः स्वयं साक्षाद्धर्म एवास्मीत्यवतिष्ठते—

---

तत्सर्वं शुद्धोपयोगप्रसादात्प्रसाध्येदानीं निश्चयरत्नत्रयपरिणत आत्मैव धर्म इत्यवतिष्ठते। अथवा द्वितीयपातनिका—सम्यक्त्वाभावे श्रमणो न भवति, तस्मात् श्रमणाद्धर्मोऽपि न भवति। तर्हि कथं श्रमणो भवति, इति पृष्टे प्रत्युत्तरं प्रयच्छन् ज्ञानाधिकारमुपसंहरति—**जो णिहदमोहदिट्ठी** तत्त्वार्थ-श्रद्धानलक्षणव्यवहारसम्यक्त्वोत्पन्नेन निजशुद्धात्मरुचिरूपेण निश्चयसम्यक्त्वेन परिणतत्वान्निहतमोहदृष्टि-र्विध्वंसितदर्शनमोहो यः। पुनश्च किंरूपः। **आगमकुसलो** निर्दोषिपरमात्मप्रणीतपरमागमाभ्यासेन निरुपाधिस्वसंवेदनज्ञानकुशलत्वादागमकुशल आगमप्रवीणः। पुनश्च किंरूपः। **विरागचरियम्हि अब्भुट्ठिदो** व्रतसमितिगुप्त्यादिबहिरङ्गचारित्रानुष्ठानवशेन स्वशुद्धात्मनिश्चलपरिणतिरूपवीतरागचारित्र-

---

એમ (૮ મી ગાથામાં) જે આત્માનું ધર્મપણું કહેવાનું શરૂ કર્યું, અને [1]જેની સિદ્ધિ માટે '[2]धम्मेण परिणदप्पा अप्पा जदि सुद्धसंपओगजुदो पावदि णिव्वाणसुहं' એમ (૧૧ મી ગાથામાં) નિર્વાણસુખના સાધનભૂત શુદ્ધોપયોગનો અધિકાર આરંભ્યો, વિરોધી શુભાશુભ ઉપયોગને નષ્ટ કર્યા (-હેય બતાવ્યા), શુદ્ધોપયોગનું સ્વરૂપ વર્ણવ્યું, શુદ્ધોપયોગના પ્રસાદથી ઊપજતાં એવાં આત્માનાં સહજ જ્ઞાન ને આનંદને સમજાવતાં જ્ઞાનના સ્વરૂપનો ને સુખના સ્વરૂપનો વિસ્તાર કર્યો, તે (-આત્માનું ધર્મત્વ) હવે ગમે તેમ કરીને પણ શુદ્ધોપયોગના પ્રસાદ વડે [3]સિદ્ધ કરીને, પરમ નિસ્પૃહ, આત્મતૃપ્ત (એવી) [4]પારમેશ્વરી પ્રવૃત્તિને પામ્યા થકા, કૃતકૃત્યતાને પામી અત્યંત અનાકુળ થઈને, જેમને [5]ભેદવાસનાની પ્રગટતાનો પ્રલય થયો છે એવા થયા થકા, (આચાર્યભગવાન) 'હું સ્વયં સાક્ષાત્ ધર્મ જ છું' એમ રહે છે (-એવા ભાવમાં નિશ્ચળ ટકે છે):—

---

૧. જેની સિદ્ધિ માટે = આત્માને ધર્મરૂપ બનાવવાનું જે કાર્ય સાધવા માટે

૨. અર્થ:—ધર્મે પરિણમેલા સ્વરૂપવાળો આત્મા જો શુદ્ધ ઉપયોગમાં જોડાયેલો હોય તો મોક્ષના સુખને પામે છે.

૩. સિદ્ધ કરીને = સાધીને. (આત્માને ધર્મરૂપ બનાવવાનું જે કાર્ય સાધવાનું હતું તે કાર્યને, મહા પુરુષાર્થ કરીને શુદ્ધોપયોગ વડે આચાર્યભગવાને સાધ્યું.)

૪. પરની સ્પૃહા રહિત અને આત્મામાં જ તૃપ્ત એવી નિશ્ચયરત્નત્રયમાં લીનતારૂપ પ્રવૃત્તિ.

૫. ભેદવાસના = ભેદરૂપ વલણ; વિકલ્પ-પરિણામ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जो णिहदमोहदिट्ठी आगमकुसलो विरागचरियम्हि ।
अब्भुट्ठिदो महप्पा धम्मो त्ति विसेसिदो समणो ॥ ९२ ॥

यो निहतमोहदृष्टिरागमकुशलो विरागचरिते ।
अभ्युत्थितो महात्मा धर्म इति विशेषितः श्रमणः ॥ ९२ ॥

यदयं स्वयमात्मा धर्मो भवति स खलु मनोरथ एव । तस्य त्वेका बहिर्मोहदृष्टिरेव विहन्त्री । सा चागमकौशलेनात्मज्ञानेन च निहता, नात्र मम पुनर्भावमापत्स्यते । ततो वीतरागचारित्रसूत्रितावतारो ममायमात्मा स्वयं धर्मो भूत्वा निरस्तसमस्तप्रत्यूहतया नित्यमेव

---

परिणतत्वात् परमवीतरागचारित्रे सम्यगभ्युत्थितः उद्यतः । पुनरपि कथंभूतः । **महप्पा** मोक्षलक्षण-महार्थसाधकत्वेन महात्मा **धम्मो त्ति विसेसिदो समणो** जीवितमरणलाभालाभादिसमताभावना-परिणतात्मा स श्रमण एवाभेदनयेन धर्म इति विशेषितो मोहक्षोभविहीनात्मपरिणामरूपो निश्चयधर्मो भणित इत्यर्थः ॥ ९२ ॥ अथैवंभूतनिश्चयरत्नत्रयपरिणतमहातपोधनस्य योऽसौ भक्तिं करोति तस्य फलं दर्शयति—

जो तं दिट्ठा तुट्ठो अब्भुट्ठित्ता करेदि सक्कारं ।
वंदणणमंसणादिहिं तत्तो सो धम्ममादियदि ॥ *८ ॥

**जो तं दिट्ठा तुट्ठो** यो भव्यवरपुण्डरीको निरुपरागशुद्धात्मोपलम्भलक्षणनिश्चयधर्मपरिणतं

---

આગમ વિષે કૌશલ્ય છે ને મોહદૃષ્ટિ વિનષ્ટ છે,
વીતરાગ-ચરિતારૂઢ છે, તે મુનિ-મહાત્મા 'ધર્મ' છે. ૯૨.

**અન્વયાર્થઃ**—[ यः आगमकुशलः ] જે આગમમાં કુશળ છે, [ निहतमोहदृष्टिः ] જેની મોહદૃષ્ટિ હણાઈ ગઈ છે અને [ विरागचरिते अभ्युत्थितः ] જે વીતરાગચારિત્રમાં આરૂઢ છે, [ महात्मा श्रमणः ] તે મહાત્મા શ્રમણને [ धर्मः इति विशेषितः ] (શાસ્ત્રમાં) 'ધર્મ' કહેલ છે.

**ટીકાઃ**—આ આત્મા સ્વયં (-પોતે) ધર્મ થાય તે ખરેખર મનોરથ છે. તેને વિઘ્ન કરનારી તો એક [1]બહિર્મોહદૃષ્ટિ જ છે. અને તે (બહિર્મોહદૃષ્ટિ) તો [2]આગમકૌશલ્ય તથા આત્મજ્ઞાન વડે હણાઈ ગઈ હોવાથી હવે મને ફરીને ઉત્પન્ન થવાની નથી. માટે વીતરાગ-ચારિત્રરૂપે પ્રગટતા પામેલો (-વીતરાગચારિત્રરૂપ પર્યાયે પરિણમેલો) મારો આ આત્મા સ્વયં

---

૧. બહિર્મોહદૃષ્ટિ = બહિર્મુખ એવી મોહદૃષ્ટિ. (આત્માને ધર્મપણે થવામાં વિઘ્ન કરનારી એક બહિર્મોહ-દૃષ્ટિ જ છે.)
૨. આગમકૌશલ્ય = આગમમાં કુશળતા–પ્રવીણતા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निष्कम्प एवावतिष्ठते । अलमतिविस्तरेण । स्वस्ति स्याद्वादमुद्रिताय जैनेन्द्राय शब्दब्रह्मणे। स्वस्ति तन्मूलायात्मतत्त्वोपलम्भाय च, यत्प्रसादादुद्ग्रन्थितो झगित्येवासंसारबद्धो मोहग्रन्थिः। स्वस्ति च परमवीतरागचारित्रात्मने शुद्धोपयोगाय, यत्प्रसादादयमात्मा स्वयमेव धर्मो भूतः ॥९२॥

( मन्दाक्रान्ता )

आत्मा धर्मः स्वयमिति भवन् प्राप्य शुद्धोपयोगं
नित्यानन्दप्रसरसरसे ज्ञानतत्त्वे निलीय ।
प्राप्स्यत्युच्चैरविचलतया निःप्रकम्पप्रकाशां
स्फूर्जज्ज्योतिःसहजविलसद्रत्नदीपस्य लक्ष्मीम् ॥ ५ ॥

---

पूर्वसूत्रोक्तं मुनीश्वरं दृष्ट्वा तुष्टो निर्भरगुणानुरागेण संतुष्टः सन् । किं करोति । **अब्भुट्ठित्ता करेदि सक्कारं** अभ्युत्थानं कृत्वा मोक्षसाधकसम्यक्त्वादिगुणानां सत्कारं प्रशंसां करोति **वंदणणमंसणादिहिं तत्तो सो धम्ममादियदि** 'तवसिद्धे णयसिद्धे' इत्यादि वन्दना भण्यते, नमोऽस्त्विति नमस्कारो भण्यते, तत्प्रभृतिभक्तिविशेषैः तस्माद्यतिवरात्स भव्यः पुण्यमादत्ते पुण्यं गृह्णाति इत्यर्थः ॥ *८ ॥ अथ तेन पुण्येन भवान्तरे किं फलं भवतीति प्रतिपादयति—

तेण णरा व तिरिच्छा देविं वा माणुसिं गदिं पप्पा ।
विहविस्सरियेहिं सया संपुण्णमणोरहा होंति ॥ *९ ॥

---

ધર્મ થઈને, સમસ્ત વિઘ્નનો નાશ થયો હોવાથી સદાય નિષ્કંપ જ રહે છે. અતિ વિસ્તારથી બસ થાઓ. જયવંત વર્તો [1]સ્યાદ્વાદમુદ્રિત જૈનેંદ્ર શબ્દબ્રહ્મ; જયવંત વર્તો તે [2]શબ્દબ્રહ્મ-મૂલક આત્મતત્ત્વ-ઉપલબ્ધિ—કે જેના પ્રસાદને લીધે, અનાદિ સંસારથી બંધાયેલી મોહગ્રંથિ તુરત જ છૂટી ગઈ; અને જયવંત વર્તો પરમ વીતરાગચારિત્રસ્વરૂપ શુદ્ધોપયોગ કે જેના પ્રસાદથી આ આત્મા સ્વયમેવ (-પોતે જ ) ધર્મ થયો. ૯૨.

[ હવે શ્લોકદ્વારા જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન અધિકારની પૂર્ણાહુતિ કરવામાં આવે છે:]

[ અર્થઃ— ] એ રીતે શુદ્ધોપયોગને પ્રાપ્ત કરીને આત્મા સ્વયં ધર્મ થતો અર્થાત્ પોતે ધર્મપણે પરિણમતો થકો નિત્ય આનંદના ફેલાવથી સરસ ( અર્થાત્ જે શાશ્વત આનંદના ફેલાવથી રસયુક્ત છે ) એવા જ્ઞાનતત્ત્વમાં લીન થઈને, અત્યંત અવિચળપણાને લીધે, દેદીપ્યમાન જ્યોતિવાળા અને સહજપણે વિલસતા (–સ્વભાવથી જ પ્રકાશતા ) રત્નદીપકની નિષ્કંપ-પ્રકાશવાળી શોભાને પામે છે ( અર્થાત્ રત્નદીપકની માફક સ્વભાવથી જ નિષ્કંપપણે અત્યંત પ્રકાશ્યા—જાણ્યા કરે છે ).

---

૧. સ્યાદ્વાદમુદ્રિત જૈનેંદ્ર શબ્દબ્રહ્મ = સ્યાદ્વાદની છાપવાળું જિનેંદ્રનું દ્રવ્યશ્રુત

૨. શબ્દબ્રહ્મમૂલક = શબ્દબ્રહ્મ જેનું મૂળ છે એવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



( मन्दाक्रान्ता )

**निश्चित्यात्मन्यधिकृतमिति ज्ञानतत्त्वं यथावत्**
**तत्सिद्ध्यर्थं प्रशमविषयं ज्ञेयतत्त्वं बुभुत्सुः ।**
**सर्वानर्थान् कलयति गुणद्रव्यपर्याययुक्त्या**
**प्रादुर्भूतिर्न भवति यथा जातु मोहाङ्कुरस्य ॥ ६ ॥**

इति प्रवचनसारवृत्तौ तत्त्वदीपिकायां **श्रीमदमृतचन्द्रसूरि**विरचितायां **ज्ञानतत्त्वप्रज्ञापनो** नाम प्रथमः श्रुतस्कन्धः समाप्तः ॥

---

**तेण णरा व तिरिच्छा** तेन पूर्वोक्तपुण्येनात्र वर्तमानभवे नरा वा तिर्यञ्चो वा **देविं वा माणुसिं गदिं पप्पा** भवान्तरे दैवीं वा मानुषीं वा गतिं प्राप्य **विहविस्सरियेहिं सया संपुण्णमणोरहा होंति** राजाधिराजरूपलावण्यसौभाग्यपुत्रकलत्रादिपरिपूर्णविभूतिर्विभवो भण्यते, आज्ञाफलमैश्वर्यं भण्यते, ताभ्यां विभवैश्वर्याभ्यां संपूर्णमनोरथा भवन्तीति । तदेव पुण्यं भोगादिनिदानरहितत्वेन यदि सम्यक्त्वपूर्वकं भवति तर्हि तेन परंपरया मोक्षं च लभन्ते इति भावार्थः ॥ *९ ॥

इति **श्रीजयसेनाचार्य**कृतायां तात्पर्यवृत्तौ पूर्वोक्तप्रकारेण 'एस सुरासुरमणुसिंदवंदियं' इतीमां गाथामादिं कृत्वा द्वासप्ततिगाथाभिः शुद्धोपयोगाधिकारः, तदनन्तरं 'देवदजदिगुरुपूजासु' इत्यादि पञ्चविंशतिगाथाभिर्ज्ञानकण्डिकाचतुष्टयाभिधानो द्वितीयोऽधिकारः, ततश्च 'सत्तासंबद्धेदे' इत्यादि सम्यक्त्वकथनरूपेण प्रथमा गाथा, रत्नत्रयाधारपुरुषस्य धर्मः संभवतीति 'जो णिहदमोहदिट्ठी' इत्यादि द्वितीया चेति स्वतन्त्रगाथाद्वयम्, तस्य निश्चयधर्मसंज्ञतपोधनस्य योऽसौ भक्तिं करोति तत्फलकथनेन 'जो तं दिट्ठा' इत्यादि गाथाद्वयम् । इत्यधिकारद्वयेन पृथग्भूतगाथाचतुष्टयसहितेनैकोत्तरशतगाथाभिः **ज्ञानतत्त्वप्रतिपादक**नामा प्रथमो महाधिकारः समाप्तः ॥ १ ॥

---

[હવે શ્લોક દ્વારા જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન નામના પ્રથમ અધિકારની અને જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન નામના દ્વિતીય અધિકારની સંધિ દર્શાવવામાં આવે છે:]

[**અર્થઃ—** ] આત્મારૂપી અધિકરણમાં રહેલા ( અર્થાત્ આત્માના આશ્રયે રહેલા) જ્ઞાનતત્ત્વનો એ રીતે યથાર્થપણે નિશ્ચય કરીને, તેની સિદ્ધિને અર્થે (-કેવળજ્ઞાન પ્રગટાવવા અર્થે ) પ્રશમના લક્ષે (-ઉપશમ પ્રાપ્ત કરવાના હેતુથી ) જ્ઞેયતત્ત્વ જાણવાનો ઇચ્છક ( જીવ ) સર્વ પદાર્થોને દ્રવ્ય-ગુણ-પર્યાય સહિત જાણે છે કે જેથી મોહાંકુરની બિલકુલ ઉત્પત્તિ ન થાય.

આમ ( શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત ) શ્રીપ્રવચનસાર શાસ્ત્રની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત તત્ત્વદીપિકા નામની ટીકામાં **જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન** નામનો પ્રથમ શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

## — २ —

# જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન

**अथ ज्ञेयतत्त्वप्रज्ञापनम् । तत्र पदार्थस्य सम्यग्द्रव्यगुणपर्यायस्वरूपमुपवर्णयति—**

**अत्थो खलु दव्वमओ दव्वाणि गुणप्पगाणि भणिदाणि ।**
**तेहिं पुणो पज्जाया पज्जयमूढा हि परसमया ॥ ९३ ॥**

**अर्थः खलु द्रव्यमयो द्रव्याणि गुणात्मकानि भणितानि ।**
**तैस्तु पुनः पर्यायाः पर्ययमूढा हि परसमयाः ॥ ९३ ॥**

इह किल यः कश्चन परिच्छिद्यमानः पदार्थः स सर्व एव विस्तारायतसामान्य-

---

इतः ऊर्द्ध्वं 'सत्तासंबद्धेदे' इत्यादिगाथासूत्रेण पूर्वं संक्षेपेण यद्व्याख्यातं सम्यग्दर्शनं तस्येदानीं विषयभूतपदार्थव्याख्यानद्वारेण त्रयोदशाधिकशतप्रमितगाथापर्यन्तं विस्तरव्याख्यानं करोति। अथवा द्वितीयपातनिका—पूर्वं यद्व्याख्यातं ज्ञानं तस्य ज्ञेयभूतपदार्थान् कथयति। तत्र त्रयोदशाधिकशतगाथासु मध्ये प्रथमतस्तावत् 'तम्हा तस्स णमाइं' इमां गाथामादिं कृत्वा पाठक्रमेण पञ्चत्रिंशद्गाथापर्यन्तं सामान्यज्ञेयव्याख्यानं, तदनन्तरं 'दव्वं जीवमजीवं' इत्याद्येकोनविंशतिगाथापर्यन्तं विशेषज्ञेयव्याख्यानं, अथानन्तरं 'सपदेसेहिं समग्गो लोगो' इत्यादिगाथाष्टकपर्यन्तं सामान्यभेदभावना, ततश्च 'अत्थित्त-

---

ક્ર૧૭ હવે જ્ઞેયતત્ત્વનું પ્રજ્ઞાપન કરે છે અર્થાત્ જ્ઞેયતત્ત્વ જણાવે છે. તેમાં (પ્રથમ) પદાર્થનું સમ્યક્ (–સાચું) દ્રવ્યગુણપર્યાયસ્વરૂપ વર્ણવે છે:—

છે અર્થ દ્રવ્યસ્વરૂપ, ગુણ-આત્મક કહ્યાં છે દ્રવ્યને,
વળી દ્રવ્ય-ગુણથી પર્યયો; પર્યાયમૂઢ પરસમય છે. ૯૩.

**અન્વયાર્થઃ**—[ अर्थः खलु ] પદાર્થ [ द्रव्यमयः ] દ્રવ્યસ્વરૂપ છે; [ द्रव्याणि ] દ્રવ્યો [ गुणात्मकानि ] ગુણાત્મક [ भणितानि ] કહેવામાં આવ્યાં છે; [ तैः तु पुनः ] અને વળી દ્રવ્ય તથા ગુણોથી [ पर्यायाः ] પર્યાયો થાય છે. [ पर्ययमूढाः हि ] પર્યાયમૂઢ જીવો [ परसमयाः ] પરસમય (અર્થાત્ મિથ્યાદ્રષ્ટિ) છે.

**ટીકાઃ**—આ વિશ્વમાં જે કોઈ જાણવામાં આવતો પદાર્થ છે તે આખોય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**समुदायात्मना द्रव्येणाभिनिर्वृत्तत्वाद्द्रव्यमयः । द्रव्याणि तु पुनरेकाश्रयविस्तारविशेषात्मकै- र्गुणैरभिनिर्वृत्तत्वाद्गुणात्मकानि । पर्यायास्तु पुनरायतविशेषात्मका उक्तलक्षणैर्द्रव्यैरपि गुणैरप्यभिनिर्वृत्तत्वाद्द्रव्यात्मका अपि गुणात्मका अपि । तत्रानेकद्रव्यात्मकैक्यप्रतिपत्तिनिबन्धनो द्रव्यपर्यायः । स द्विविधः, समानजातीयोऽसमानजातीयश्च । तत्र समानजातीयो नाम यथा अनेकपुद्गलात्मको द्व्यणुकस्त्र्यणुक इत्यादि; असमानजातीयो नाम यथा जीवपुद्गलात्मको देवो**

णिच्छिदस्स हि' इत्याद्येकपञ्चाशद्गाथापर्यन्तं विशेषभेदभावना चेति द्वितीयमहाधिकारे समुदायपात- निका। अथेदानीं सामान्यज्ञेयव्याख्यानमध्ये प्रथमा नमस्कारगाथा, द्वितीया द्रव्यगुणपर्यायव्याख्यानगाथा, तृतीया स्वसमयपरसमयनिरूपणगाथा, चतुर्थी द्रव्यस्य सत्तादिलक्षणत्रयसूचनगाथा चेति पीठिकाभिधाने प्रथमस्थले स्वतन्त्रगाथाचतुष्टयम् । तदनन्तरं 'सब्भावो हि सहावो' इत्यादिगाथाचतुष्टयपर्यन्तं सत्तालक्षण- व्याख्यानमुख्यत्वं, तदनन्तरं 'ण भवो भंगविहीणो' इत्यादिगाथात्रयपर्यन्तमुत्पादव्ययध्रौव्यलक्षणकथनमुख्यता, ततश्च 'पाडुब्भवदि य अण्णो' इत्यादिगाथाद्वयेन द्रव्यपर्यायगुणपर्यायनिरूपणमुख्यता । अथानन्तरं

**[૧]વિસ્તારસામાન્યસમુદાયાત્મક અને [૨]આયતસામાન્યસમુદાયાત્મક દ્રવ્યથી રચાયેલો હોવાથી દ્રવ્યમય (-દ્રવ્યસ્વરૂપ) છે. વળી દ્રવ્યો [૩]એક જેમનો આશ્રય છે એવા વિસ્તારવિશેષોસ્વરૂપ ગુણોથી રચાયેલાં (-ગુણોનાં બનેલાં) હોવાથી ગુણાત્મક છે. વળી પર્યાયો—કે જેઓ આયત- વિશેષોસ્વરૂપ છે તેઓ—જેમનાં લક્ષણ (ઉપર) કહેવામાં આવ્યાં એવાં દ્રવ્યોથી તેમ જ ગુણોથી રચાયેલ હોવાથી દ્રવ્યાત્મક પણ છે, ગુણાત્મક પણ છે. તેમાં, અનેકદ્રવ્યાત્મક એકતાની [૪]પ્રતિપત્તિના કારણભૂત દ્રવ્યપર્યાય છે. તે દ્વિવિધ છેઃ (૧) સમાનજાતીય અને (૨) અસમાનજાતીય. ત્યાં, (૧) સમાનજાતીય તે—જેવા કે અનેકપુદ્‌ગલાત્મક [૫]દ્વિ-અણુક, ત્રિ-અણુક**

૧. વિસ્તારસામાન્યસમુદાય = વિસ્તારસામાન્યરૂપ સમુદાય. વિસ્તાર એટલે પહોળાઈ. દ્રવ્યના પહોળાઈ- અપેક્ષાના (-એક સાથે રહેનારા, સહભાવી) ભેદોને (-વિસ્તારવિશેષોને) ગુણો કહેવામાં આવે છે; જેમ કે જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે જીવદ્રવ્યના વિસ્તાર-વિશેષો અર્થાત્ ગુણો છે. તે વિસ્તાર-વિશેષોમાં રહેલા વિશેષપણાને ગૌણ કરીએ તો એ બધામાં એક આત્માપણારૂપ સામાન્યપણું ભાસે છે. આ વિસ્તારસામાન્ય (અથવા વિસ્તારસામાન્યસમુદાય) તે દ્રવ્ય છે.

૨. આયતસામાન્યસમુદાય = આયતસામાન્યરૂપ સમુદાય. આયત એટલે લંબાઈ અર્થાત્ કાળ-અપેક્ષિત પ્રવાહ. દ્રવ્યના લંબાઈ-અપેક્ષાના (-એક પછી એક પ્રવર્તતા, ક્રમભાવી, કાળ-અપેક્ષિત) ભેદોને (-આયતવિશેષોને) પર્યાયો કહેવામાં આવે છે. તે ક્રમભાવી પર્યાયોમાં પ્રવર્તતા વિશેષપણાને ગૌણ કરીએ તો એક દ્રવ્યપણારૂપ સામાન્યપણું જ ભાસે છે. આ આયતસામાન્ય (અથવા આયત- સામાન્યસમુદાય) તે દ્રવ્ય છે.

૩. અનંત ગુણોનો આશ્રય એક દ્રવ્ય છે.

૪. પ્રતિપત્તિ = પ્રાપ્તિ; જ્ઞાન; સ્વીકાર.

૫. દ્વિ-અણુક = બે અણુનો બનેલો સ્કંધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मनुष्य इत्यादि। गुणद्वारेणायतानैक्यप्रतिपत्तिनिबन्धनो गुणपर्यायः। सोऽपि द्विविधः, स्वभावपर्यायो विभावपर्यायश्च। तत्र स्वभावपर्यायो नाम समस्तद्रव्याणामात्मीयात्मीयागुरुलघुगुणद्वारेण प्रतिसमयसमुदीयमानषट्स्थानपतितवृद्धिहानिनानात्वानुभूतिः, विभावपर्यायो नाम रूपादीनां ज्ञानादीनां वा स्वपरप्रत्ययप्रवर्तमानपूर्वोत्तरावस्थावतीर्णतारतम्योपदर्शितस्वभावविशेषानेकत्वापत्तिः। अथेदं दृष्टान्तेन द्रढयति—यथैव हि सर्व एव पटोऽवस्थायिना विस्तारसामान्यसमुदायेनाभिधावताऽऽयतसामान्यसमुदायेन चाभिनिर्वर्त्यमानस्तन्मय एव, तथैव हि सर्व एव पदार्थोऽवस्थायिना विस्तारसामान्यसमुदायेनाभिधावताऽऽयतसामान्यसमुदायेन च

---

'ण हवदि जदि सद्दव्वं' इत्यादिगाथाचतुष्टयेन सत्ताद्रव्ययोरभेदविषये युक्तिं कथयति, तदनन्तरं 'जो खलु दव्वसहावो' इत्यादि सत्ताद्रव्ययोर्गुणगुणिकथनेन प्रथमगाथा, द्रव्येण सह गुणपर्याययोरभेदमुख्यत्वेन 'णत्थि गुणो त्ति व कोई' इत्यादि द्वितीया चेति स्वतन्त्रगाथाद्वयं, तदनन्तरं द्रव्यस्य द्रव्यार्थिकनयेन सदुत्पादो भवति, पर्यायार्थिकनयेनासदित्यादिकथनरूपेण 'एवंविहं' इतिप्रभृति गाथाचतुष्टयं, ततश्च 'अत्थि त्ति य' इत्याद्येकसूत्रेण नयसप्तभङ्गीव्याख्यानमिति समुदायेन चतुर्विंशतिगाथाभिरष्टभिः स्थलैर्द्रव्यनिर्णयं करोति। तद्यथा—अथ सम्यक्त्वं कथयति—

---

વગેરે; (૨) અસમાનજાતીય તે—જેવા કે જીવપુદ્‌ગલાત્મક દેવ, મનુષ્ય વગેરે. ગુણ દ્વારા આયતની અનેકતાની પ્રતિપત્તિના કારણભૂત ગુણપર્યાય છે. તે પણ દ્વિવિધ છે: (૧) સ્વભાવપર્યાય અને (૨) વિભાવપર્યાય. તેમાં, સમસ્ત દ્રવ્યોને પોતપોતાના અગુરુલઘુગુણ દ્વારા પ્રતિસમય પ્રગટતી ષટ્‌સ્થાનપતિત હાનિવૃદ્ધિરૂપ અનેકપણાની અનુભૂતિ તે સ્વભાવપર્યાય; (૨) રૂપાદિકને કે જ્ઞાનાદિકને [૧]સ્વ-પરના કારણે પ્રવર્તતી [૨]પૂર્વોત્તર અવસ્થામાં થતું જે તારતમ્ય તેને લીધે જોવામાં આવતા સ્વભાવવિશેષોરૂપ અનેકપણાની [૩]આપત્તિ તે વિભાવપર્યાય.

હવે આ (પૂર્વોક્ત કથન) દૃષ્ટાંતથી દૃઢ કરવામાં આવે છે:—

જેમ આખુંય [૪]પટ અવસ્થાયી (-સ્થિર રહેતા) એવા વિસ્તારસામાન્યસમુદાય વડે અને દોડતા (-વહેતા, પ્રવાહરૂપ) એવા આયતસામાન્યસમુદાય વડે રચાતું થકું તે-મય જ છે, તેમ આખોય પદાર્થ 'દ્રવ્ય'નામના અવસ્થાયી વિસ્તારસામાન્યસમુદાય વડે અને દોડતા

---

૧. સ્વ તે ઉપાદાન અને પર તે નિમિત્ત.
૨. પૂર્વોત્તર = પહેલાંની અને પછીની
૩. આપત્તિ = આવી પડવું તે
૪. પટ = વસ્ત્ર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



द्रव्यनाम्नाभिनिर्वर्त्यमानो द्रव्यमय एव । यथैव च पटेऽवस्थायी विस्तारसामान्यसमुदायोऽभिधावन्नायतसामान्यसमुदायो वा गुणैरभिनिर्वर्त्यमानो गुणेभ्यः पृथगनुपलम्भाद्गुणात्मक एव, तथैव च पदार्थेष्ववस्थायी विस्तारसामान्यसमुदायोऽभिधावन्नायतसामान्यसमुदायो वा द्रव्यनामा गुणैरभिनिर्वर्त्यमानो गुणेभ्यः पृथगनुपलम्भाद्गुणात्मक एव । यथैव चानेकपटात्मको द्विपटिका त्रिपटिकेति समानजातीयो द्रव्यपर्यायः, तथैव चानेकपुद्गलात्मको द्व्यणुकस्त्र्यणुक इति समानजातीयो द्रव्यपर्यायः । यथैव चानेककौशेयककार्पासमयपटात्मको द्विपटिका त्रिपटिकेत्यसमानजातीयो द्रव्यपर्यायः, तथैव चानेकजीवपुद्गलात्मको देवो मनुष्य इत्यसमानजातीयो द्रव्यपर्यायः । यथैव च क्वचित्पटे स्थूलात्मीयागुरुलघुगुणद्वारेण कालक्रमप्रवृत्तेन नानाविधेन परिणमनान्नानात्वप्रतिपत्तिर्गुणात्मकः स्वभावपर्यायः, तथैव च समस्तेष्वपि द्रव्येषु सूक्ष्मात्मीयात्मीयागुरुलघुगुणद्वारेण प्रतिसमयसमुदीयमानषट्स्थानपतितवृद्धिहानिनाना-

---

तम्हा तस्स णमाइं किच्चा णिच्चं पि तम्मणो होज्ज ।
वोच्छामि संगहादो परमट्ठविणिच्छयाधिगमं ॥ *१० ॥

**तम्हा तस्स णमाइं किच्चा** यस्मात्सम्यक्त्वं विना श्रमणो न भवति तस्मात्कारणात्तस्य सम्यक्चारित्रयुक्तस्य पूर्वोक्ततपोधनस्य नमस्यां नमस्क्रियां नमस्कारं कृत्वा **णिच्चं पि तम्मणो होज्ज** नित्यमपि तद्गतमना भूत्वा **वोच्छामि** वक्ष्याम्यहं कर्ता **संगहादो** संग्रहात्संक्षेपात् सकाशात् । किम् । **परमट्ठ-**

---

આયતસામાન્યસમુદાય વડે રચાતો થકો દ્રવ્યમય જ છે. વળી જેમ પટમાં, અવસ્થાયી વિસ્તારસામાન્યસમુદાય કે દોડતો આયતસામાન્યસમુદાય ગુણોથી રચાતો થકો ગુણોથી જુદો અપ્રાપ્ત હોવાથી ગુણાત્મક જ છે, તેમ પદાર્થોમાં, અવસ્થાયી વિસ્તારસામાન્યસમુદાય કે દોડતો આયતસામાન્યસમુદાય—જેનું નામ 'દ્રવ્ય' છે તે—ગુણોથી રચાતો થકો ગુણોથી જુદો અપ્રાપ્ત હોવાથી ગુણાત્મક જ છે. વળી જેમ અનેકપટાત્મક (-એકથી વધારે વસ્ત્રોના બનેલા) [1]દ્વિપટિક, ત્રિપટિક એવા સમાનજાતીય દ્રવ્યપર્યાય છે, તેમ અનેકપુદ્ગલાત્મક દ્વિ-અણુક, ત્રિ-અણુક એવા સમાનજાતીય દ્રવ્યપર્યાય છે; અને જેમ અનેક રેશમી અને સુતરાઉ પટોના બનેલા [1]દ્વિપટિક, ત્રિપટિક એવા અસમાનજાતીય દ્રવ્યપર્યાય છે, તેમ અનેકજીવપુદ્ગલાત્મક દેવ, મનુષ્ય એવા અસમાનજાતીય દ્રવ્યપર્યાય છે. વળી જેમ કયારેક પટમાં પોતાના સ્થૂલ અગુરુલઘુગુણ દ્વારા કાળક્રમે પ્રવર્તતા અનેક પ્રકારોરૂપે પરિણમવાને લીધે અનેકપણાની પ્રતિપત્તિ તે ગુણાત્મક સ્વભાવપર્યાય છે, તેમ સમસ્ત દ્રવ્યોમાં પોતપોતાના સૂક્ષ્મ અગુરુલઘુગુણ દ્વારા પ્રતિસમય પ્રગટતી ષટ્સ્થાનપતિત હાનિવૃદ્ધિરૂપ અનેકપણાની અનુભૂતિ તે ગુણાત્મક

---

૧. દ્વિપટિક=બે તાકા સાંધીને બનાવેલું એક વસ્ત્ર [બન્ને તાકા એક જ જાતના હોય તો સમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવાય અને જો બે તાકા ભિન્ન જાતિના (-જેમ કે એક રેશમી ને બીજો સુતરાઉ) હોય તો અસમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવાય.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**त्वानुभूतिः गुणात्मकः स्वभावपर्यायः। यथैव च पटे रूपादीनां स्वपरप्रत्ययप्रवर्तमानपूर्वोत्तरावस्थावतीर्णतारतम्योपदर्शितस्वभावविशेषानेकत्वापत्तिर्गुणात्मको विभावपर्यायः, तथैव च समस्तेष्वपि द्रव्येषु रूपादीनां ज्ञानादीनां वा स्वपरप्रत्ययप्रवर्तमानपूर्वोत्तरावस्थावतीर्णतारतम्योपदर्शितस्वभावविशेषानेकत्वापत्तिर्गुणात्मको विभावपर्यायः। इयं हि सर्वपदार्थानां द्रव्यगुणपर्यायस्वभावप्रकाशिका पारमेश्वरी व्यवस्था साधीयसी, न पुनरितरा। यतो हि बहवोऽपि**

---

**विणिच्छयाधिगमं** परमार्थविनिश्चयाधिगमं सम्यक्त्वमिति । परमार्थविनिश्चयाधिगमशब्देन सम्यक्त्वं कथं भण्यत इति चेत्—परमोऽर्थः परमार्थः शुद्धबुद्धैकस्वभावः परमात्मा, परमार्थस्य विशेषेण संशयादिरहितत्वेन निश्चयः परमार्थविनिश्चयरूपोऽधिगमः शङ्काद्यष्टदोषरहितश्च यः परमार्थतोऽर्थावबोधो यस्मात्सम्यक्त्वात्तत् परमार्थविनिश्चयाधिगमम् । अथवा परमार्थविनिश्चयोऽनेकान्तात्मकपदार्थसमूहस्तस्याधिगमो यस्मादिति॥ *१० ॥ अथ पदार्थस्य द्रव्यगुणपर्यायस्वरूपं निरूपयति—**अत्थो खलु दव्वमओ** अर्थो ज्ञानविषयभूतः पदार्थः खलु स्फुटं द्रव्यमयो भवति । कस्मात् । तिर्यक्सामान्योर्द्धतासामान्यलक्षणेन द्रव्येण निष्पन्नत्वात् । तिर्यक्सामान्योर्द्धतासामान्यलक्षणं कथ्यते—एककाले नानाव्यक्तिगतोऽन्वयस्तिर्यक्सामान्यं भण्यते। तत्र दृष्टान्तो यथा—नानासिद्धजीवेषु सिद्धोऽयं सिद्धोऽयमित्यनुगताकारः सिद्धजातिप्रत्ययः । नानाकालेष्वेकव्यक्तिगतोन्वय ऊर्ध्वतासामान्यं भण्यते । तत्र दृष्टान्तः यथा—य एव केवलज्ञानोत्पत्तिक्षणे मुक्तात्मा द्वितीयादिक्षणेष्वपि स एवेति प्रतीतिः । अथवा नानागोशरीरेषु गौरयं गौरयमिति गोजातिप्रतीतिस्तिर्यक्सामान्यम् । यथैव चैकस्मिन् पुरुषे बालकुमाराद्यवस्थासु स एवायं देवदत्त इति प्रत्यय ऊर्ध्वतासामान्यम् । **दव्वाणि गुणप्पगाणि भणिदाणि** द्रव्याणि गुणात्मकानि भणितानि। अन्वयिनो गुणा अथवा सहभुवो गुणा इति गुणलक्षणम् । यथा अनन्तज्ञानसुखादिविशेषगुणेभ्यस्तथैवागुरुलघुकादिसामान्यगुणेभ्यश्चाभिन्नत्वाद्गुणात्मकं भवति सिद्धजीवद्रव्यं, तथैव स्वकीयस्वकीयविशेषसामान्यगुणेभ्यः सकाशादभिन्नत्वात् सर्वद्रव्याणि गुणात्मकानि भवन्ति । **तेहिं पुणो पज्जाया** तैः पूर्वोक्तलक्षणैर्द्रव्यैर्गुणैश्च पर्याया भवन्ति। व्यतिरेकिणः पर्याया अथवा क्रमभुवः पर्याया इति पर्यायलक्षणम् । यथैकस्मिन् मुक्तात्मद्रव्ये किंचिदूनचरमशरीराकारगतिमार्गणाविलक्षणः

---

સ્વભાવપર્યાય છે; અને જેમ પટમાં, રૂપાદિકને સ્વ-પરના કારણે પ્રવર્તતી પૂર્વોત્તર અવસ્થામાં થતા તારતમ્યને લીધે જોવામાં આવતા સ્વભાવવિશેષોરૂપ અનેકપણાની આપત્તિ તે ગુણાત્મક વિભાવપર્યાય છે, તેમ સમસ્ત દ્રવ્યોમાં, રૂપાદિકને કે જ્ઞાનાદિકને સ્વ-પરના કારણે પ્રવર્તતી પૂર્વોત્તર અવસ્થામાં થતા તારતમ્યને લીધે જોવામાં આવતા સ્વભાવવિશેષોરૂપ અનેકપણાની આપત્તિ તે ગુણાત્મક વિભાવપર્યાય છે.

ખરેખર આ, સર્વ પદાર્થોના દ્રવ્યગુણપર્યાયસ્વભાવની પ્રકાશક પારમેશ્વરી (-પરમેશ્વરે કહેલી) વ્યવસ્થા ભલી-ઉત્તમ-પૂર્ણ-યોગ્ય છે, બીજી કોઈ નહિ; કારણ કે ઘણાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पर्यायमात्रमेवावलम्ब्य तत्त्वाप्रतिपत्तिलक्षणं मोहमुपगच्छन्तः परसमया भवन्ति ॥ ९३ ॥

अथानुषङ्गिकीमिमामेव स्वसमयपरसमयव्यवस्थां प्रतिष्ठाप्योपसंहरति—

जे पज्जयेसु णिरदा जीवा परसमयिग त्ति णिद्दिट्ठा ।
आदसहावम्मि ठिदा ते सगसमया मुणेदव्वा ॥ ९४ ॥

ये पर्यायेषु निरता जीवाः परसमयिका इति निर्दिष्टाः ।
आत्मस्वभावे स्थितास्ते स्वकसमया ज्ञातव्याः ॥ ९४ ॥

---

सिद्धगतिपर्यायः तथाऽगुरुलघुकगुणषड्वृद्धिहानिरूपाः साधारणस्वभावगुणपर्यायाश्च, तथा सर्वद्रव्येषु स्वभावद्रव्यपर्यायाः स्वजातीयविजातीयविभावद्रव्यपर्यायाश्च, तथैव स्वभावविभावगुणपर्यायाश्च 'जेसिं अत्थि सहाओ' इत्यादिगाथायां, तथैव 'भावा जीवादीया' इत्यादिगाथायां च **पञ्चास्तिकाये** पूर्वं कथितक्रमेण यथासंभवं ज्ञातव्याः । **पज्जयमूढा हि परसमया** यस्मादित्थंभूतद्रव्यगुणपर्यायपरिज्ञानमूढा अथवा नारकादि-

---

(જીવો) પર્યાયમાત્રને જ અવલંબીને તત્ત્વની અપ્રતિપત્તિ જેનું લક્ષણ છે એવા મોહને પામતા થકા પરસમય થાય છે.

**ભાવાર્થઃ**—પદાર્થ દ્રવ્યસ્વરૂપ છે. દ્રવ્ય અનંતગુણમય છે. દ્રવ્યો અને ગુણોથી પર્યાયો થાય છે. પર્યાયો બે પ્રકારના છેઃ (૧) દ્રવ્યપર્યાય; (૨) ગુણપર્યાય. તેમાં દ્રવ્યપર્યાયો બે પ્રકારના છેઃ (૧) સમાનજાતીય—જેમ કે દ્વિ-અણુક, ત્રિ-અણુક વગેરે સ્કંધ; (૨) અસમાન-જાતીય—જેમ કે મનુષ્ય, દેવ વગેરે. ગુણપર્યાયો પણ બે પ્રકારના છેઃ (૧) સ્વભાવપર્યાય—જેમ કે સિદ્ધના ગુણપર્યાયો; (૨) વિભાવપર્યાય—જેમ કે સ્વપરહેતુક મતિજ્ઞાનપર્યાય.

આવું જિનેંદ્રભગવાનની વાણીએ દર્શાવેલું સર્વ પદાર્થોનું દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જ યથાર્થ છે. જે જીવો દ્રવ્ય-ગુણને નહિ જાણતા થકા કેવળ પર્યાયને જ અવલંબે છે તેઓ નિજ સ્વભાવને નહિ જાણતા થકા પરસમય છે. ૯૩.

હવે *આનુષંગિક એવી આ જ સ્વસમય-પરસમયની વ્યવસ્થા (અર્થાત્ સ્વસમય અને પરસમયનો ભેદ) નક્કી કરીને (તે વાતનો) ઉપસંહાર કરે છેઃ—

પર્યાયમાં રત જીવ જે તે 'પરસમય' નિર્દિષ્ટ છે;
આત્મસ્વભાવે સ્થિત જે તે 'સ્વકસમય' જ્ઞાતવ્ય છે. ૯૪.

**અન્વયાર્થઃ**—[ ये जीवाः ] જે જીવો [ पर्यायेषु निरताः ] પર્યાયોમાં લીન છે [ परसमयिकाः इति निर्दिष्टाः ] તેમને પરસમય કહેવામાં આવ્યા છે; [ आत्मस्वभावे स्थिताः ] જે જીવો આત્મસ્વભાવમાં સ્થિત છે [ ते ] તે [ स्वकसमयाः ज्ञातव्याः ] સ્વસમય જાણવા.

---

* આનુષંગિક = પૂર્વ ગાથાના કથન સાથે સંબંધવાળી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ये खलु जीवपुद्गलात्मकमसमानजातीयद्रव्यपर्यायं सकलाविद्यानामेकमूलमुपगता यथोदितात्मस्वभावसंभावनक्लीबास्तस्मिन्नेवाशक्तिमुपव्रजन्ति, ते खलूच्छलितनिरर्गलैकान्तदृष्टयो मनुष्य एवाहमेष ममैवैतन्मनुष्यशरीरमित्यहङ्कारममकाराभ्यां विप्रलभ्यमाना अविचलितचेतना-विलासमात्रादात्मव्यवहारात् प्रच्युत्य क्रोडीकृतसमस्तक्रियाकुटुम्बकं मनुष्यव्यवहारमाश्रित्य रज्यन्तो द्विषन्तश्च परद्रव्येण कर्मणा संगतत्वात्परसमया जायन्ते । ये तु पुनरसंकीर्णद्रव्य-गुणपर्यायसुस्थितं भगवन्तमात्मनः स्वभावं सकलविद्यानामेकमूलमुपगम्य यथोदितात्मस्वभाव-

---

पर्यायरूपो न भवाम्यहमिति भेदविज्ञानमूढाश्च परसमया मिथ्यादृष्टयो भवन्तीति । तस्मादियं पारमेश्वरी द्रव्यगुणपर्यायव्याख्या समीचीना भद्रा भवतीत्यभिप्रायः ॥ ९३ ॥ अथ प्रसंगायातां परसमय-स्वसमयव्यवस्थां कथयति—जे पज्जयेसु णिरदा जीवा ये पर्यायेषु निरताः जीवाः परसमयिग त्ति

---

ટીકાઃ—જેઓ જીવપુદ્‌ગલાત્મક અસમાનજાતીય દ્રવ્યપર્યાયનો—કે જે સકળ અવિદ્યાઓનું એક મૂળ છે તેનો—આશ્રય કરતા થકા [૧]યથોક્ત આત્મસ્વભાવની [૨]સંભાવના કરવાને નપુંસક હોવાથી તેમાં જ બળ ધારણ કરે છે (અર્થાત્ તે અસમાનજાતીય દ્રવ્યપર્યાય પ્રત્યે જ જોરવાળા છે), તેઓ—જેમને [૩]નિરર્ગળ એકાંતદૃષ્ટિ ઊછળે છે એવા—'આ હું મનુષ્ય જ છું, મારું જ આ મનુષ્યશરીર છે' એમ [૪]અહંકાર-[૫]મમકાર વડે ઠગાતા થકા, અવિચલિત-ચેતનાવિલાસમાત્ર [૬]આત્મવ્યવહારથી ચ્યુત થઈને, જેમાં સમસ્ત ક્રિયાકલાપને છાતી-સરસો ભેટવામાં આવે છે એવા [૭]મનુષ્યવ્યવહારનો આશ્રય કરીને રાગી અને દ્વેષી થતા થકા પરદ્રવ્યરૂપ કર્મ સાથે સંગતપણાને લીધે (-પરદ્રવ્યરૂપ કર્મ સાથે જોડાતા હોવાને લીધે) ખરેખર [૮]પરસમય થાય છે અર્થાત્ પરસમયરૂપે પરિણમે છે.

અને જેઓ, [૯]અસંકીર્ણ દ્રવ્ય-ગુણ-પર્યાયો વડે સુસ્થિત એવા ભગવાન આત્માના સ્વભાવનો—કે જે સકળ વિદ્યાઓનું એક મૂળ છે તેનો—આશ્રય કરીને યથોક્ત આત્મસ્વભાવની

---

૧. યથોક્ત = (પૂર્વ ગાથામાં) જેવો કહ્યો તેવો
૨. સંભાવના = સંચેતન; અનુભવ; માન્યતા; આદર.
૩. નિરર્ગળ = અંકુશ વિનાની; બેહદ. (જેઓ મનુષ્યાદિ પર્યાયમાં લીન છે, તેમને બેહદ એકાંતદૃષ્ટિ ઊછળે છે.)
૪. અહંકાર = 'હું'પણું
૫. મમકાર = 'મારા'પણું
૬. આત્મવ્યવહાર = આત્મારૂપ વર્તન; આત્મારૂપ કાર્ય; આત્મારૂપ વ્યાપાર.
૭. મનુષ્યવ્યવહાર = મનુષ્યરૂપ વર્તન (અર્થાત્ 'હું મનુષ્ય જ છું' એવી માન્યતાપૂર્વકનું વર્તન)
૮. જે જીવ પર સાથે એકપણાની માન્યતાપૂર્વક જોડાય તેને પરસમય કહેવામાં આવે છે.
૯. અસંકીર્ણ = ભેળસેળ નહિ એવા; સ્પષ્ટપણે ભિન્ન. [ભગવાન આત્મસ્વભાવ સ્પષ્ટ-ભિન્ન (-પર સાથે ભેળસેળ નહિ એવાં) દ્રવ્ય-ગુણ-પર્યાયો વડે સુસ્થિત છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



संभावनसमर्थतया पर्यायमात्राशक्तिमत्यस्यात्मनः स्वभाव एव स्थितिमासूत्रयन्ति, ते खलु सहजविजृम्भितानेकान्तदृष्टिप्रक्षपितसमस्तैकान्तदृष्टिपरिग्रहग्रहा मनुष्यादिगतिषु तद्विग्रहेषु चाविहिताहङ्कारममकारा अनेकापवरकसंचारितरत्नप्रदीपमिवैकरूपमेवात्मानमुपलभमाना अविचलितचेतनाविलासमात्रमात्मव्यवहारमुररीकृत्य क्रोडीकृतसमस्तक्रियाकुटुम्बकं मनुष्यव्यवहारमनाश्रयन्तो विश्रान्तरागद्वेषोन्मेषतया परममौदासीन्यमवलंबमाना निरस्तसमस्तपरद्रव्यसंगतितया स्वद्रव्येणैव केवलेन संगतत्वात्स्वसमया जायन्ते। अतः स्वसमय एवात्मनस्तत्त्वम् ॥ ९४ ॥

---

**णिद्दिट्ठा** ते परसमया इति निर्दिष्टाः कथिताः । तथा हि—मनुष्यादिपर्यायरूपोऽहमित्यहङ्कारो भण्यते, मनुष्यादिशरीरं तच्छरीराधारोत्पन्नपञ्चेन्द्रियविषयसुखस्वरूपं च ममेति ममकारो भण्यते, ताभ्यां परिणताः ममकाराहङ्काररहितपरमचैतन्यचमत्कारपरिणतेश्च्युता ये ते कर्मोदयजनितपरपर्यायनिरतत्वात्परसमया मिथ्यादृष्टयो भण्यन्ते । **आदसहावम्मि ठिदा** ये पुनरात्मस्वरूपे स्थितास्ते **सगसमया मुणेदव्वा** स्वसमया मन्तव्या ज्ञातव्या इति । तद्यथा—अनेकापवरकसंचारितैकरत्नप्रदीप इवानेकशरीरेष्वप्येकोऽहमिति दृढसंस्कारेण निजशुद्धात्मनि स्थिता ये ते कर्मोदयजनितपर्यायपरिणतिरहितत्वात्स्वसमया भवन्तीत्यर्थः ॥ ९४ ॥

---

**સંભાવનામાં સમર્થ હોવાને લીધે પર્યાયમાત્ર પ્રત્યેનું બળ (જોર) દૂર કરીને આત્માના સ્વભાવમાં જ સ્થિતિ કરે છે (-લીન થાય છે), તેઓ—જેમણે સહજ-ખીલેલી અનેકાન્તદૃષ્ટિ વડે સમસ્ત એકાંતદૃષ્ટિના [૧]પરિગ્રહના આગ્રહો (-પકડો) પ્રક્ષીણ કર્યા છે એવા—મનુષ્યાદિ ગતિઓમાં અને તે ગતિઓનાં શરીરોમાં અહંકાર-મમકાર નહિ કરતાં અનેક ઓરડાઓમાં [૨]સંચારિત રત્નદીપકની માફક એકરૂપ જ આત્માને ઉપલબ્ધ કરતા થકા (-અનુભવતા થકા), અવિચલિતચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહારને અંગીકાર કરીને, જેમાં સમસ્ત ક્રિયાકલાપને ભેટવામાં આવે છે એવા મનુષ્યવ્યવહારનો આશ્રય નહિ કરતા થકા, રાગદ્વેષના [૩]ઉન્મેષ અટકી ગયા હોવાને લીધે પરમ ઉદાસીનતાને અવલંબતા થકા, સમસ્ત પરદ્રવ્યની સંગતિ દૂર કરી હોવાને લીધે કેવળ સ્વદ્રવ્ય સાથે સંગતપણું હોવાથી ખરેખર [૪]સ્વસમય થાય છે અર્થાત્ સ્વસમયરૂપે પરિણમે છે.**

**માટે સ્વસમય જ આત્માનું તત્ત્વ છે.**

---

૧. પરિગ્રહ = સ્વીકાર; અંગીકાર.

૨. સંચારિત = લઈ જવામાં આવતા. (જેમ જુદા જુદા ઓરડામાં લઈ જવામાં આવતો રત્નદીપક એકરૂપ જ છે, તે બિલકુલ ઓરડારૂપ થતો નથી અને ઓરડાની ક્રિયા કરતો નથી, તેમ જુદાં જુદાં શરીરોમાં પ્રવેશતો આત્મા એકરૂપ જ છે, તે બિલકુલ શરીરરૂપ નથી અને શરીરની ક્રિયા કરતો નથી—આમ જ્ઞાની જાણે છે.)

૩. ઉન્મેષ = પ્રગટ થવું તે; પ્રાકટ્ય; સ્ફુરણ.

૪. જે જીવ સ્વ સાથે એકપણાની માન્યતાપૂર્વક (સ્વ સાથે) જોડાય તેને સ્વસમય કહેવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ द्रव्यलक्षणमुपलक्षयति—

अपरिच्चत्तसहावेणुप्पादव्वयधुवत्तसंबद्धं ।
गुणवं च सपज्जायं जं तं दव्वं ति वुच्चंति ॥ ९५ ॥

अपरित्यक्तस्वभावेनोत्पादव्ययध्रुवत्वसंबद्धम् ।
गुणवच्च सपर्यायं यत्तद्द्रव्यमिति ब्रुवन्ति ॥ ९५ ॥

---

अथ द्रव्यस्य सत्तादिलक्षणत्रयं सूचयति—**अपरिच्चत्तसहावेण** अपरित्यक्तस्वभावमस्तित्वेन सहाभिन्नं **उप्पादव्वयधुवत्तसंजुत्तं** उत्पादव्ययध्रौव्यैः सह संयुक्तं **गुणवं च सपज्जायं** गुणवत्पर्यायसहितं च **जं** यदित्थंभूतं सत्तादिलक्षणत्रयसंयुक्तं **तं दव्वं ति वुच्चंति** तद्द्रव्यमिति ब्रुवन्ति सर्वज्ञाः । इदं द्रव्यमुत्पादव्ययध्रौव्यैर्गुणपर्यायैश्च सह लक्ष्यलक्षणभेदे अपि सति सत्ताभेदं न गच्छति । तर्हि किं करोति । स्वरूपतयैव तथाविधत्वमवलम्बते । तथाविधत्वमवलम्बते कोऽर्थः । उत्पादव्ययध्रौव्यस्वरूपं

---

**ભાવાર્થઃ**—'હું મનુષ્ય છું, શરીરાદિની સમસ્ત ક્રિયાઓ હું કરું છું, સ્ત્રી-પુત્ર-ધનાદિકના ગ્રહણત્યાગનો હું સ્વામી છું' વગેરે માનવું તે મનુષ્યવ્યવહાર (મનુષ્યરૂપ વર્તન) છે; 'માત્ર અચલિત ચેતના તે જ હું છું' એમ માનવું—પરિણમવું તે આત્મવ્યવહાર (આત્મારૂપ વર્તન) છે.

જેઓ મનુષ્યાદિપર્યાયમાં લીન છે, તે એકાંતદ્રષ્ટિવાળા લોકો મનુષ્યવ્યવહારનો આશ્રય કરતા હોવાથી રાગીદ્વેષી થાય છે અને એ રીતે પરદ્રવ્યરૂપ કર્મ સાથે સંબંધ કરતા હોવાથી તેઓ પરસમય છે; અને જેઓ ભગવાન આત્મસ્વભાવમાં જ સ્થિત છે, તે અનેકાંતદ્રષ્ટિવાળા લોકો મનુષ્યવ્યવહારનો આશ્રય નહિ કરતાં આત્મવ્યવહારનો આશ્રય કરતા હોવાથી રાગીદ્વેષી થતા નથી અર્થાત્ પરમ ઉદાસીન રહે છે અને એ રીતે પરદ્રવ્યરૂપ કર્મ સાથે સંબંધ નહિ કરતાં કેવળ સ્વદ્રવ્ય સાથે જ સંબંધ કરતા હોવાથી તેઓ સ્વસમય છે. ૯૪.

હવે દ્રવ્યનું લક્ષણ દર્શાવે છેઃ—

છોડ્યા વિના જ સ્વભાવને ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત છે,
વળી ગુણ ને પર્યય સહિત જે, 'દ્રવ્ય' ભાખ્યું તેહને. ૯૫.

**અન્વયાર્થઃ**—[ अपरित्यक्तस्वभावेन ] સ્વભાવને છોડ્યા વિના [ यत् ] જે [ उत्पादव्ययध्रुवत्वसंबद्धम् ] ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસંયુક્ત છે [ च ] તથા [ गुणवत् सपर्यायं ] ગુણવાળું ને પર્યાયસહિત છે, [ तत् ] તેને [ द्रव्यम् इति ] 'દ્રવ્ય' [ ब्रुवन्ति ] કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इह खलु यदनारब्धस्वभावभेदमुत्पादव्ययध्रौव्यत्रयेण गुणपर्यायद्वयेन च यल्लक्ष्यते तद्द्रव्यम् । तत्र हि द्रव्यस्य स्वभावोऽस्तित्वसामान्यान्वयः। अस्तित्वं हि वक्ष्यति द्विविधं, स्वरूपास्तित्वं सादृश्यास्तित्वं चेति । तत्रोत्पादः प्रादुर्भावः, व्ययः प्रच्यवनं, ध्रौव्यमवस्थितिः। गुणा विस्तारविशेषाः । ते द्विविधाः सामान्यविशेषात्मकत्वात् । तत्रास्तित्वं नास्तित्वमेकत्वमन्यत्वं द्रव्यत्वं पर्यायत्वं सर्वगतत्वमसर्वगतत्वं सप्रदेशत्वमप्रदेशत्वं मूर्तत्वममूर्तत्वं सक्रियत्वमक्रियत्वं चेतनत्वमचेतनत्वं कर्तृत्वमकर्तृत्वं भोक्तृत्वमभोक्तृत्वमगुरुलघुत्वं चेत्यादयः सामान्यगुणाः । अवगाहहेतुत्वं गतिनिमित्तता स्थितिकारणत्वं वर्तनायतनत्वं रूपादिमत्ता चेतनत्वमित्यादयो विशेषगुणाः । पर्याया आयतविशेषाः । ते पूर्वमेवोक्ताश्चतुर्विधाः । न च

---

गुणपर्यायस्वरूपं च परिणमति शुद्धात्मवदेव । तथा हि—केवलज्ञानोत्पत्तिप्रस्तावे शुद्धात्मरुचिपरिच्छित्तिनिश्चलानुभूतिरूपकारणसमयसारपर्यायस्य विनाशे सति शुद्धात्मोपलम्भव्यक्तिरूपकार्यसमयसारस्योत्पादः कारणसमयसारस्य व्ययस्तदुभयाधारभूतपरमात्मद्रव्यत्वेन ध्रौव्यं च । तथानन्तज्ञानादिगुणाः, गतिमार्गणाविपक्षभूतसिद्धगतिः, इन्द्रियमार्गणाविपक्षभूतातीन्द्रियत्वादिलक्षणाः शुद्धपर्यायाश्च भवन्तीति । यथा शुद्धसत्तया सहाभिन्नं परमात्मद्रव्यं पूर्वोक्तोत्पादव्ययध्रौव्यैर्गुणपर्यायैश्च सह संज्ञालक्षणप्रयोजनादिभेदेऽपि

---

**ટીકાઃ**—અહીં (આ વિશ્વમાં) જે, સ્વભાવભેદ કર્યા વિના, [1]ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યત્રયથી અને [2]ગુણ-પર્યાયદ્વયથી [3]લક્ષિત થાય છે, તે દ્રવ્ય છે. તેમાં (-સ્વભાવ, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, ગુણ ને પર્યાય એ છ શબ્દો કહ્યા તેમાં), દ્રવ્યનો સ્વભાવ તે [4]અસ્તિત્વસામાન્ય-રૂપ અન્વય. અસ્તિત્વ બે પ્રકારનું કહેશેઃ (૧) સ્વરૂપ-અસ્તિત્વ અને (૨) સાદૃશ્ય-અસ્તિત્વ. ઉત્પાદ તે પ્રાદુર્ભાવ (અર્થાત્ પ્રગટ થવું, ઉત્પન્ન થવું); વ્યય તે પ્રચ્યુતિ (અર્થાત્ ભ્રષ્ટ થવું, નષ્ટ થવું); ધ્રૌવ્ય તે અવસ્થિતિ (અર્થાત્ ટકવું). ગુણો તે વિસ્તારવિશેષો. તેઓ સામાન્ય-વિશેષાત્મક હોવાથી બે પ્રકારના છે. તેમાં, અસ્તિત્વ, નાસ્તિત્વ, એકત્વ, અન્યત્વ, દ્રવ્યત્વ, પર્યાયત્વ, સર્વગતત્વ, અસર્વગતત્વ, સપ્રદેશત્વ, અપ્રદેશત્વ, મૂર્તત્વ, અમૂર્તત્વ, સક્રિયત્વ, અક્રિયત્વ, ચેતનત્વ, અચેતનત્વ, કર્તૃત્વ, અકર્તૃત્વ, ભોક્તૃત્વ, અભોક્તૃત્વ, અગુરુલઘુત્વ ઇત્યાદિક સામાન્યગુણો છે; અવગાહહેતુત્વ, ગતિનિમિત્તતા, સ્થિતિકારણત્વ, વર્તનાયતનત્વ, રૂપાદિમત્ત્વ; ચેતનત્વ ઇત્યાદિક વિશેષગુણો છે. પર્યાયો તે આયતવિશેષો. તેઓ પૂર્વે જ (૯૩મી ગાથાની ટીકામાં) કહેલા ચાર પ્રકારના છે.

---

૧. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યત્રય = ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય—એ ત્રિપુટી (ત્રણનો સમૂહ)

૨. ગુણપર્યાયદ્વય = ગુણ ને પર્યાય—એ યુગલ (બેનો સમૂહ)

૩. લક્ષિત થાય છે = લક્ષ્યરૂપ થાય છે; ઓળખાય છે. [(૧) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય તથા (૨) ગુણપર્યાય તે લક્ષણો છે અને દ્રવ્ય તે લક્ષ્ય છે.]

૪. 'છે, છે, છે' એવો એકરૂપ ભાવ દ્રવ્યનો સ્વભાવ છે. (અન્વય = એકરૂપતા; સદૃશભાવ.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तैरुत्पादादिभिर्गुणपर्यायैर्वा सह द्रव्यं लक्ष्यलक्षणभेदेऽपि स्वरूपभेदमुपव्रजति, स्वरूपत एव द्रव्यस्य तथाविधत्वादुत्तरीयवत्। यथा खलूत्तरीयमुपात्तमलिनावस्थं प्रक्षालितममलावस्थयोत्पद्यमानं तेनोत्पादेन लक्ष्यते, न च तेन सह स्वरूपभेदमुपव्रजति, स्वरूपत एव तथाविधत्वमवलम्बते; तथा द्रव्यमपि समुपात्तप्राक्तनावस्थं समुचितबहिरङ्गसाधनसन्निधिसद्भावे विचित्रबहुतरावस्थानं स्वरूपकर्तृकरणसामर्थ्यस्वभावेनान्तरङ्गसाधनतामुपागतेनानुगृहीतमुत्तरावस्थयोत्पद्यमानं तेनोत्पादेन लक्ष्यते, न च तेन सह स्वरूपभेदमुपव्रजति, स्वरूपत एव तथाविधत्वमवलम्बते। यथा च तदेवोत्तरीयममलावस्थयोत्पद्यमानं मलिनावस्थया व्ययमानं तेन व्ययेन लक्ष्यते, न च तेन सह स्वरूपभेदमुपव्रजति, स्वरूपत एव तथाविधत्वमवलम्बते; तथा तदेव द्रव्यमप्युत्तरावस्थयोत्पद्यमानं प्राक्तनावस्थया व्ययमानं तेन व्ययेन

---

सति तैः सह सत्ताभेदं न करोति, स्वरूपत एव तथाविधत्वमवलम्बते। तथाविधत्वं कोऽर्थः। उत्पादव्ययध्रौव्यगुणपर्यायस्वरूपेण परिणमति, तथा सर्वद्रव्याणि स्वकीयस्वकीययथोचितोत्पादव्ययध्रौव्यैस्तथैव गुणपर्यायैश्च सह यद्यपि संज्ञालक्षणप्रयोजनादिभिर्भेदं कुर्वन्ति तथापि सत्तास्वरूपेण भेदं न कुर्वन्ति, स्वभावत एव तथाविधत्वमवलम्बन्ते। तथाविधत्वं कोऽर्थः। उत्पादव्ययादिस्वरूपेण परिणमन्ति। अथवा

---

દ્રવ્યને તે ઉત્પાદાદિક સાથે અથવા ગુણપર્યાયો સાથે લક્ષ્ય-લક્ષણભેદ હોવા છતાં સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ દ્રવ્ય તેવું (ઉત્પાદાદિવાળું અથવા ગુણપર્યાયવાળું) છે—વસ્ત્રની જેમ.

જેવી રીતે જેણે મલિન અવસ્થા પ્રાપ્ત કરેલી છે એવું વસ્ત્ર, ધોવામાં આવતાં, નિર્મળ અવસ્થાથી (-નિર્મળ અવસ્થારૂપે, નિર્મળ અવસ્થાની અપેક્ષાએ) ઊપજતું થકું તે ઉત્પાદ વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે ઉત્પાદ સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે (અર્થાત્ ઉત્પાદસ્વરૂપે જ પોતે પરિણત છે); તેવી રીતે જેણે પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરેલી છે એવું દ્રવ્ય પણ—કે જે ઉચિત બહિરંગ સાધનોની [૧]સંનિધિના સદ્ભાવમાં અનેક પ્રકારની ઘણી અવસ્થાઓ કરે છે તે—[૨]અંતરંગસાધનભૂત સ્વરૂપકર્તાના અને સ્વરૂપકરણના સામર્થ્યરૂપ સ્વભાવ વડે અનુગૃહીત થતાં, ઉત્તર અવસ્થાએ ઊપજતું થકું તે ઉત્પાદ વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે ઉત્પાદની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે. વળી જેવી રીતે તે જ વસ્ત્ર નિર્મળ અવસ્થાથી ઊપજતું અને મલિન અવસ્થાથી વ્યય પામતું થકું તે વ્યય વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે વ્યયની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે; તેવી રીતે તે જ દ્રવ્ય પણ ઉત્તર અવસ્થાથી ઊપજતું અને

---

૧. સંનિધિ = હાજરી; નિકટતા.

૨. દ્રવ્યમાં પોતાનામાં જ સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણ થવાનું સામર્થ્ય છે. આ સામર્થ્યરૂપ સ્વભાવ જ પોતાના પરિણમનમાં (અવસ્થાંતર કરવામાં) અંતરંગ સાધન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**लक्ष्यते, न च तेन सह स्वरूपभेदमुपव्रजति, स्वरूपत एव तथाविधत्वमवलम्बते। यथैव च तदेवोत्तरीयमेककालममलावस्थयोत्पद्यमानं मलिनावस्थया व्ययमानमवस्थायिन्योत्तरीयत्वावस्थया ध्रौव्यमालम्बमानं ध्रौव्येण लक्ष्यते, न च तेन सह स्वरूपभेदमुपव्रजति, स्वरूपत एव तथाविधत्वमवलम्बते; तथैव तदेव द्रव्यमप्येककालमुत्तरावस्थयोत्पद्यमानं प्राक्तनावस्थया व्ययमानमवस्थायिन्या द्रव्यत्वावस्थया ध्रौव्यमालम्बमानं ध्रौव्येण लक्ष्यते, न च तेन सह स्वरूपभेदमुपव्रजति, स्वरूपत एव तथाविधत्वमवलम्बते। यथैव च तदेवोत्तरीयं विस्तारविशेषात्मकैर्गुणैर्लक्ष्यते, न च तैः सह स्वरूपभेदमुपव्रजति, स्वरूपत एव तथाविधत्वमवलम्बते; तथैव तदेव द्रव्यमपि विस्तारविशेषात्मकैर्गुणैर्लक्ष्यते, न च तैः सह स्वरूपभेदमुपव्रजति, स्वरूपत एव तथाविधत्वमवलम्बते। यथैव च तदेवोत्तरीयमायतविशेषात्मकैः पर्यायवर्तिभिस्तन्तुभिर्लक्ष्यते, न च तैः सह स्वरूपभेदमुपव्रजति, स्वरूपत एव तथाविधत्वमवलम्बते; तथैव तदेव द्रव्यमप्यायतविशेषात्मकैः पर्यायैर्लक्ष्यते, न च तैः सह स्वरूपभेदमुपव्रजति, स्वरूपत एव तथाविधत्वमवलम्बते ॥ ९५ ॥**

---

यथा वस्त्रं निर्मलपर्यायेणोत्पन्नं मलिनपर्यायेण विनष्टं तदुभयाधारभूतवस्त्ररूपेण ध्रुवमविनश्वरं, तथैव शुक्लवर्णादिगुणनवजीर्णादिपर्यायसहितं च सत् तैरुत्पादव्ययध्रौव्यैस्तथैव च स्वकीयगुणपर्यायैः सह संज्ञादिभेदेऽपि सति सत्तारूपेण भेदं न करोति। तर्हि किं करोति। स्वरूपत एवोत्पादादिरूपेण परिणमति, तथा

---

**પૂર્વ અવસ્થાથી વ્યય પામતું થકું તે વ્યય વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે વ્યયની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે. વળી જેવી રીતે તે જ વસ્ત્ર એકીવખતે નિર્મળ અવસ્થાથી ઊપજતું, મલિન અવસ્થાથી વ્યય પામતું અને ટકતી એવી વસ્ત્રત્વ-અવસ્થાથી ધ્રુવ રહેતું થકું ધ્રૌવ્ય વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે ધ્રૌવ્યની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે; તેવી જ રીતે તે જ દ્રવ્ય પણ એકીવખતે ઉત્તર અવસ્થાથી ઊપજતું, પૂર્વ અવસ્થાથી વ્યય પામતું અને ટકતી એવી દ્રવ્યત્વ-અવસ્થાથી ધ્રુવ રહેતું થકું ધ્રૌવ્ય વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે ધ્રૌવ્યની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે.**

વળી જેવી રીતે તે જ વસ્ત્ર વિસ્તારવિશેષોસ્વરૂપ (શુક્લત્વાદિ) ગુણો વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે ગુણોની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે; તેવી જ રીતે તે જ દ્રવ્ય પણ વિસ્તારવિશેષોસ્વરૂપ ગુણો વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે ગુણોની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે. વળી જેવી રીતે તે જ વસ્ત્ર આયતવિશેષોસ્વરૂપ પર્યાયવર્તી (-પર્યાય તરીકે વર્તતા, પર્યાયસ્થાનીય) તંતુઓ વડે લક્ષિત થાય છે; પરંતુ તેને તે તંતુઓની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે; તેવી જ રીતે તે જ દ્રવ્ય પણ આયતવિશેષોસ્વરૂપ પર્યાયો વડે લક્ષિત થાય છે, પરંતુ તેને તે પર્યાયોની સાથે સ્વરૂપભેદ નથી, સ્વરૂપથી જ તેવું છે. ૯૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ क्रमेणास्तित्वं द्विविधमभिदधातिः स्वरूपास्तित्वं सादृश्यास्तित्वं चेति । तत्रेदं स्वरूपास्तित्वाभिधानम्—

सब्भावो हि सहावो गुणेहिं सगपज्जएहिं चित्तेहिं ।
दव्वस्स सव्वकालं उप्पादव्वयधुवत्तेहिं ॥ ९६ ॥

सद्भावो हि स्वभावो गुणैः स्वकपर्ययैश्चित्रैः ।
द्रव्यस्य सर्वकालमुत्पादव्ययध्रुवत्वैः ॥ ९६ ॥

अस्तित्वं हि किल द्रव्यस्य स्वभावः, तत्पुनरन्यसाधननिरपेक्षत्वादनाद्यनन्ततयाहेतुकयैकरूपया वृत्त्या नित्यप्रवृत्तत्वाद्विभावधर्मवैलक्षण्याच्च भावभाववद्भावान्नानात्वेऽपि

---

सर्वद्रव्याणीत्यभिप्रायः ॥ ९५ ॥ एवं नमस्कारगाथा द्रव्यगुणपर्यायकथनगाथा स्वसमयपरसमयनिरूपणगाथा सत्तादिलक्षणत्रयसूचनगाथा चेति स्वतन्त्रगाथाचतुष्टयेन **पीठिका**भिधानं प्रथमस्थलं गतम् । अथ प्रथमं तावत्स्वरूपास्तित्वं प्रतिपादयति—**सहावो** हि स्वभावः स्वरूपं भवति हि स्फुटम् । कः कर्ता । **सब्भावो** सद्भावः शुद्धसत्ता शुद्धास्तित्वम् । कस्य स्वभावो भवति । **दव्वस्स** मुक्तात्मद्रव्यस्य । तच्च

---

હવે અનુક્રમે અસ્તિત્વ બે પ્રકારનું કહે છે: સ્વરૂપ-અસ્તિત્વ અને સાદૃશ્ય-અસ્તિત્વ. તેમાં આ સ્વરૂપ-અસ્તિત્વનું કથન છે:—

ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશથી, ગુણ ને વિવિધ પર્યાયથી
અસ્તિત્વ દ્રવ્યનું સર્વદા જે, તેહ દ્રવ્યસ્વભાવ છે. ૯૬.

અન્વયાર્થ:—[ सर्वकालं ] સર્વ કાળે [ गुणैः ] ગુણો તથા [ चित्रैः स्वकपर्ययैः ] અનેક પ્રકારના પોતાના પર્યાયો વડે [ उत्पादव्ययध्रुवत्वैः ] તેમ જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે [ द्रव्यस्य सद्भावः ] દ્રવ્યનું જે અસ્તિત્વ, [ हि ] તે ખરેખર [ स्वभावः ] સ્વભાવ છે.

ટીકા:—અસ્તિત્વ ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે. અને તે (અસ્તિત્વ) અન્ય સાધનથી [1]નિરપેક્ષ હોવાને લીધે અનાદિ-અનંત હોવાથી તથા [2]અહેતુક એકરૂપ [3]વૃત્તિએ સદાય પ્રવર્તતું હોવાને લીધે વિભાવધર્મથી વિલક્ષણ હોવાથી, [4]ભાવ અને ભાવવાન્‌પણાને

---

૧. અસ્તિત્વ અન્ય સાધનની અપેક્ષા વિનાનું—સ્વયંસિદ્ધ છે તેથી અનાદિ-અનંત છે.
૨. અહેતુક = અકારણ; જેનું કોઈ કારણ નથી એવી
૩. વૃત્તિ = વર્તન; વર્તવું તે; પરિણતિ. (અકારણિક એકરૂપ પરિણતિએ સદાકાળ પરિણમતું હોવાથી અસ્તિત્વ વિભાવધર્મથી જુદા લક્ષણવાળું છે.)
૪. અસ્તિત્વ તે (દ્રવ્યનો) ભાવ છે અને દ્રવ્ય તે ભાવવાન્ (ભાવવાળું) છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



प्रदेशभेदाभावाद्द्रव्येण सहैकत्वमवलम्बमानं द्रव्यस्य स्वभाव एव कथं न भवेत् । तत्तु द्रव्यान्तराणामिव द्रव्यगुणपर्यायाणां न प्रत्येकं परिसमाप्यते । यतो हि परस्परसाधितसिद्धियुक्तत्वात्तेषामस्तित्वमेकमेव, कार्तस्वरवत् । यथा हि द्रव्येण वा क्षेत्रेण वा कालेन वा भावेन वा कार्तस्वरात् पृथगनुपलभ्यमानैः कर्तृकरणाधिकरणरूपेण पीततादिगुणानां कुण्डलादिपर्यायाणां च स्वरूपमुपादाय प्रवर्तमानप्रवृत्तियुक्तस्य कार्तस्वरास्तित्वेन निष्पादितनिष्पत्तियुक्तैः पीततादिगुणैः कुण्डलादिपर्यायैश्च यदस्तित्वं कार्तस्वरस्य स स्वभावः, तथा हि द्रव्येण वा क्षेत्रेण वा कालेन वा भावेन वा द्रव्यात्पृथगनुपलभ्यमानैः कर्तृकरणाधि-

---

स्वरूपास्तित्वं यथा मुक्तात्मनः सकाशात्पृथग्भूतानां पुद्गलादिपञ्चद्रव्याणां शेषजीवानां च भिन्नं भवति न च तथा । कैः सह । **गुणेहिं सगपज्जएहिं** केवलज्ञानादिगुणैः किञ्चिदूनचरमशरीराकारादिस्वकपर्यायैश्च सह । कथंभूतैः । **चित्तेहिं** सिद्धगतित्वमतीन्द्रियत्वमकायत्वमयोगत्वमवेदत्वमित्यादिबहुभेदभिन्नैः । न केवलं गुणपर्यायैः सह भिन्नं न भवति । **उप्पादव्वयधुवत्तेहिं** शुद्धात्मप्राप्तिरूपमोक्षपर्यायस्योत्पादो रागादिविकल्परहितपरमसमाधिरूपमोक्षमार्गपर्यायस्य व्ययस्तथा मोक्षमोक्षमार्गाधारभूतान्वयद्रव्यत्वलक्षणं ध्रौव्यं चेत्युक्तलक्षणोत्पादव्ययध्रौव्यैश्च सह भिन्नं न भवति । कथम् । **सव्वकालं** सर्वकालपर्यन्तं यथा भवति । कस्मात्तैः सह भिन्नं न भवतीति चेत् । यतः कारणाद्गुणपर्यायास्तित्वेनोत्पादव्ययध्रौव्यास्ति-

---

લીધે અનેકપણું હોવા છતાં પ્રદેશભેદ નહિ હોવાને કારણે દ્રવ્યની સાથે એકપણું ધરતું, દ્રવ્યનો સ્વભાવ જ કેમ ન હોય? (જરૂર હોય.) તે અસ્તિત્વ—જેમ ભિન્ન ભિન્ન દ્રવ્યોને વિષે પ્રત્યેકમાં સમાપ્ત થઈ જાય છે તેમ—દ્રવ્ય-ગુણ-પર્યાયને વિષે પ્રત્યેકમાં સમાપ્ત થઈ જતું નથી, કારણ કે તેમની સિદ્ધિ પરસ્પર થતી હોવાથી (અર્થાત્ દ્રવ્ય, ગુણ અને પર્યાય એકબીજાથી પરસ્પર સિદ્ધ થતાં હોવાથી—એક ન હોય તો બીજાં બે પણ સિદ્ધ નહિ થતાં હોવાથી) તેમનું અસ્તિત્વ એક જ છે;—સુવર્ણની જેમ.

જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે સુવર્ણથી [1]જેઓ પૃથક્ જોવામાં આવતા નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે પીળાશઆદિગુણોના અને કુંડળાદિપર્યાયોના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા સુવર્ણના અસ્તિત્વ વડે જેમની [2]નિષ્પત્તિ થાય છે,—એવા પીળાશઆદિગુણો અને કુંડળાદિપર્યાયો વડે જે સુવર્ણનું અસ્તિત્વ છે, તે (સુવર્ણનો) સ્વભાવ છે; તેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જેઓ પૃથક્ જોવામાં આવતા નથી, [3]કર્તા-કરણ-અધિકરણરૂપે ગુણોના

---

૧. જેઓ = જે પીળાશઆદિ ગુણો અને કુંડળાદિ પર્યાયો
૨. નિષ્પત્તિ = નીપજવું તે; થવું તે; સિદ્ધિ.
૩. દ્રવ્ય જ ગુણ-પર્યાયોનું કર્તા (કરનાર), તેમનું કરણ (સાધન) અને તેમનું અધિકરણ (આધાર) છે; તેથી દ્રવ્ય જ ગુણ-પર્યાયનું સ્વરૂપ ધારણ કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



करणरूपेण गुणानां पर्यायाणां च स्वरूपमुपादाय प्रवर्तमानप्रवृत्तियुक्तस्य द्रव्यास्तित्वेन निष्पादितनिष्पत्तियुक्तैर्गुणैः पर्यायैश्च यदस्तित्वं द्रव्यस्य स स्वभावः । यथा वा द्रव्येण वा क्षेत्रेण वा कालेन वा भावेन वा पीततादिगुणेभ्यः कुण्डलादिपर्यायेभ्यश्च पृथगनुपलभ्यमानस्य कर्तृकरणाधिकरणरूपेण कार्तस्वरस्वरूपमुपादाय प्रवर्तमानप्रवृत्तियुक्तैः पीततादिगुणैः कुण्डलादिपर्यायैश्च निष्पादितनिष्पत्तियुक्तस्य कार्तस्वरस्य मूलसाधनतया तैर्निष्पादितं यदस्तित्वं स स्वभावः, तथा द्रव्येण वा क्षेत्रेण वा कालेन वा भावेन वा गुणेभ्यः पर्यायेभ्यश्च

---

त्वेन च कर्तृभूतेन शुद्धात्मद्रव्यास्तित्वं साध्यते, शुद्धात्मद्रव्यास्तित्वेन च गुणपर्यायोत्पादव्ययध्रौव्यास्तित्वं साध्यत इति । तद्यथा—यथा स्वकीयद्रव्यक्षेत्रकालभावैः सुवर्णादभिन्नानां पीतत्वादिगुणकुण्डलादिपर्यायाणां संबन्धि यदस्तित्वं स एव सुवर्णस्य सद्भावः, तथा स्वकीयद्रव्यक्षेत्रकालभावैः परमात्मद्रव्यादभिन्नानां केवलज्ञानादिगुणकिंचिदूनचरमशरीराकारादिपर्यायाणां संबन्धि यदस्तित्वं स एव मुक्तात्मद्रव्यस्य सद्भावः । यथा स्वकीयद्रव्यक्षेत्रकालभावैः पीतत्वादिगुणकुण्डलादिपर्यायेभ्यः सकाशादभिन्नस्य सुवर्णस्य

---

અને પર્યાયોના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા દ્રવ્યના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ થાય છે,—એવા ગુણો અને પર્યાયો વડે જે દ્રવ્યનું અસ્તિત્વ છે, તે સ્વભાવ છે. ( દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે સુવર્ણથી જુદાં નહિ જોવામાં આવતાં પીળાશાદિક અને કુંડળાદિકનું અસ્તિત્વ તે સુવર્ણનું જ અસ્તિત્વ છે, કારણ કે પીળાશાદિકના અને કુંડળાદિકના સ્વરૂપને સુવર્ણ જ ધારણ કરતું હોવાથી સુવર્ણના અસ્તિત્વથી જ પીળાશાદિકની અને કુંડળાદિકની નિષ્પત્તિ—સિદ્ધિ—થાય છે, સુવર્ણ ન હોય તો પીળાશાદિક અને કુંડળાદિક પણ ન હોય; તેવી રીતે દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જુદા નહિ જોવામાં આવતા ગુણો અને પર્યાયોનું અસ્તિત્વ તે દ્રવ્યનું જ અસ્તિત્વ છે, કારણ કે ગુણો અને પર્યાયોના સ્વરૂપને દ્રવ્ય જ ધારણ કરતું હોવાથી દ્રવ્યના અસ્તિત્વથી જ ગુણોની અને પર્યાયોની નિષ્પત્તિ થાય છે, દ્રય ન હોય તો ગુણો અને પર્યાયો પણ ન હોય. આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે.)

અથવા, જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે પીળાશઆદિગુણોથી અને કુંડળાદિપર્યાયોથી [1]જે પૃથક્ જોવામાં આવતું નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે સુવર્ણના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા પીળાશઆદિગુણો અને કુંડળાદિપર્યાયો વડે જેની નિષ્પત્તિ થાય છે,—એવા સુવર્ણનું, મૂળસાધનપણે [2]તેમનાથી નિષ્પન્ન થતું, જે અસ્તિત્વ છે, તે સ્વભાવ છે; તેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે ગુણોથી અને પર્યાયોથી જે પૃથક્ જોવામાં આવતું નથી,

---

૧. જે = જે સુવર્ણ

૨. તેમનાથી = પીળાશઆદિગુણો અને કુંડળાદિપર્યાયોથી. ( સુવર્ણનું અસ્તિત્વ નિષ્પન્ન થવામાં—સિદ્ધ થવામાં—નીપજવામાં મૂળ સાધન પીળાશઆદિગુણો અને કુંડળાદિપર્યાયો જ છે. )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

पृथगनुपलभ्यमानस्य कर्तृकरणाधिकरणरूपेण द्रव्यस्वरूपमुपादाय प्रवर्तमानप्रवृत्तियुक्तैर्गुणैः पर्यायैश्च निष्पादितनिष्पत्तियुक्तस्य द्रव्यस्य मूलसाधनतया तैर्निष्पादितं यदस्तित्वं स स्वभावः। किंच—यथा हि द्रव्येण वा क्षेत्रेण वा कालेन वा भावेन वा कार्तस्वरात्पृथगनुपलभ्यमानैः कर्तृकरणाधिकरणरूपेण कुण्डलाङ्गदपीतताद्युत्पादव्ययध्रौव्याणां स्वरूपमुपादाय

---

सम्बन्धि यदस्तित्वं स एव पीतत्वादिगुणकुण्डलादिपर्यायाणां स्वभावो भवति, तथा स्वकीयद्रव्यक्षेत्रकालभावैः केवलज्ञानादिगुणकिंचिदूनचरमशरीराकारपर्यायेभ्यः सकाशादभिन्नस्य मुक्तात्मद्रव्यस्य संबन्धि यदस्तित्वं स एव केवलज्ञानादिगुणकिंचिदूनचरमशरीराकारपर्यायाणां स्वभावो ज्ञातव्यः। अथेदानीमुत्पादव्ययध्रौव्याणामपि द्रव्येण सहाभिन्नास्तित्वं कथ्यते। यथा स्वकीयद्रव्यादिचतुष्टयेन सुवर्णादभिन्नानां कटकपर्यायोत्पादकङ्कणपर्यायविनाशसुवर्णत्वलक्षणध्रौव्याणां संबन्धि यदस्तित्वं स एव सुवर्णसद्भावः,

---

[1]કર્તા-કરણ-અધિકરણરૂપે દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા ગુણો અને પર્યાયો વડે જેની નિષ્પત્તિ થાય છે, —એવા દ્રવ્યનું, મૂળસાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું, જે અસ્તિત્વ છે, તે સ્વભાવ છે. (પીળાશાદિકથી અને કુંડળાદિકથી ભિન્ન નહિ જોવામાં આવતા સુવર્ણનું અસ્તિત્વ તે પીળાશાદિક અને કુંડળાદિકનું જ અસ્તિત્વ છે, કારણ કે સુવર્ણના સ્વરૂપને પીળાશાદિક અને કુંડળાદિક જ ધારણ કરતા હોવાથી પીળાશાદિકના અને કુંડળાદિકના અસ્તિત્વથી જ સુવર્ણની નિષ્પત્તિ થાય છે, પીળાશાદિક અને કુંડળાદિક ન હોય તો સુવર્ણ પણ ન હોય; તેવી રીતે ગુણોથી અને પર્યાયોથી ભિન્ન નહિ જોવામાં આવતા દ્રવ્યનું અસ્તિત્વ તે ગુણો અને પર્યાયોનું જ અસ્તિત્વ છે, કારણ કે દ્રવ્યના સ્વરૂપને ગુણો અને પર્યાયો જ ધારણ કરતા હોવાથી ગુણો અને પર્યાયોના અસ્તિત્વથી જ દ્રવ્યની નિષ્પત્તિ થાય છે, ગુણો અને પર્યાયો ન હોય તો દ્રવ્ય પણ ન હોય. આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે.)

(જેવી રીતે દ્રવ્યનું અને ગુણ-પર્યાયનું એક જ અસ્તિત્વ છે એમ સુવર્ણના દૃષ્ટાંતપૂર્વક સમજાવ્યું, તેવી રીતે હવે દ્રવ્યનું અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું પણ એક જ અસ્તિત્વ છે એમ સુવર્ણના દૃષ્ટાંતપૂર્વક સમજાવવામાં આવે છે.)

જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે સુવર્ણથી [2]જેઓ પૃથક્ જોવામાં આવતાં નથી, [3]કર્તા-કરણ-અધિકરણરૂપે કુંડળાદિ-ઉત્પાદોના, બાજુબંધઆદિવ્યયોના અને પીળાશઆદિ-

---

૧. ગુણ-પર્યાયો જ દ્રવ્યના કર્તા (કરનાર), કરણ (સાધન) અને અધિકરણ (આધાર) છે; તેથી ગુણ-પર્યાયો જ દ્રવ્યનું સ્વરૂપ ધારણ કરે છે.

૨. જેઓ = જે કુંડળ આદિ ઉત્પાદો, બાજુબંધ આદિ વ્યયો અને પીળાશ આદિ ધ્રૌવ્યો

૩. સુવર્ણ જ કુંડળાદિ-ઉત્પાદો, બાજુબંધાદિવ્યયો અને પીળાશઆદિધ્રૌવ્યોનું કર્તા, કરણ તથા અધિકરણ છે; તેથી સુવર્ણ જ તેમનું સ્વરૂપ ધારણ કરે છે (સુવર્ણ જ કુંડળાદિરૂપે ઊપજે છે, બાજુબંધઆદિરૂપે નષ્ટ થાય છે અને પીળાશઆદિરૂપે ટકી રહે છે).

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



प्रवर्तमानप्रवृत्तियुक्तस्य कार्तस्वरास्तित्वेन निष्पादितनिष्पत्तियुक्तैः कुण्डलाङ्गदपीतताद्युत्पादव्ययध्रौव्यैर्यदस्तित्वं कार्तस्वरस्य स स्वभावः, तथा हि द्रव्येण वा क्षेत्रेण वा कालेन वा भावेन वा द्रव्यात्पृथगनुपलभ्यमानैः कर्तृकरणाधिकरणरूपेणोत्पादव्ययध्रौव्याणां स्वरूपमुपादाय प्रवर्तमानप्रवृत्तियुक्तस्य द्रव्यास्तित्वेन निष्पादितनिष्पत्तियुक्तैरुत्पादव्ययध्रौव्यैर्यदस्तित्वं द्रव्यस्य स स्वभावः। यथा वा द्रव्येण वा क्षेत्रेण वा कालेन वा भावेन वा कुण्डलाङ्गदपीतताद्युत्पादव्ययध्रौव्येभ्यः पृथगनुपलभ्यमानस्य कर्तृकरणाधिकरणरूपेण कार्तस्वरस्वरूपमुपादाय प्रवर्तमानप्रवृत्तियुक्तैः कुण्डलाङ्गदपीतताद्युत्पादव्ययध्रौव्यैर्निष्पादितनिष्पत्तियुक्तस्य कार्तस्वरस्य मूलसाधनतया तैर्निष्पादितं यदस्तित्वं स स्वभावः, तथा द्रव्येण वा क्षेत्रेण वा

---

तथा स्वद्रव्यादिचतुष्टयेन परमात्मद्रव्यादभिन्नानां मोक्षपर्यायोत्पादमोक्षमार्गपर्यायव्ययतदुभयाधारभूतपरमात्मद्रव्यत्वलक्षणध्रौव्याणां संबन्धि यदस्तित्वं स एव मुक्तात्मद्रव्यसद्भावः। यथा स्वद्रव्यादिचतुष्टयेन कटकपर्यायोत्पादकङ्कणपर्यायव्ययसुवर्णत्वलक्षणध्रौव्येभ्यः सकाशादभिन्नस्य सुवर्णस्य संबन्धि यदस्तित्वं स एव कटकपर्यायोत्पादकङ्कणपर्यायव्ययतदुभयाधारभूतसुवर्णत्वलक्षणध्रौव्याणां स्वभावः, तथा स्वद्रव्यादिचतुष्टयेन मोक्षपर्यायोत्पादमोक्षमार्गपर्यायव्ययतदुभयाधारभूतमुक्तात्मद्रव्यत्वलक्षणध्रौव्येभ्यः सकाशादभिन्नस्य परमात्मद्रव्यस्य संबन्धि यदस्तित्वं स एव मोक्षपर्यायोत्पादमोक्षमार्गपर्यायव्ययतदुभयाधारभूत-

---

ધ્રૌવ્યોના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા સુવર્ણના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ થાય છે,—એવાં કુંડળાદિ-ઉત્પાદો, બાજુબંધઆદિવ્યયો અને પીળાશઆદિધ્રૌવ્યો વડે જે સુવર્ણનું અસ્તિત્વ છે, તે (સુવર્ણનો) સ્વભાવ છે; તેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જેઓ પૃથક્ જોવામાં આવતાં નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતા દ્રવ્યના અસ્તિત્વ વડે જેમની નિષ્પત્તિ થાય છે,—એવાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો વડે જે દ્રવ્યનું અસ્તિત્વ છે, તે સ્વભાવ છે. (દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે દ્રવ્યથી જુદાં નહિ જોવામાં આવતાં ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોનું અસ્તિત્વ તે દ્રવ્યનું જ અસ્તિત્વ છે; કારણ કે ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોના સ્વરૂપને દ્રવ્ય જ ધારણ કરતું હોવાથી દ્રવ્યના અસ્તિત્વથી જ ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોની નિષ્પત્તિ થાય છે, દ્રવ્ય ન હોય તો ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યો પણ ન હોય. આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે.)

અથવા, જેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે કુંડળાદિ-ઉત્પાદોથી, બાજુબંધઆદિવ્યયોથી અને પીળાશઆદિધ્રૌવ્યોથી જે પૃથક્ જોવામાં આવતું નથી, કર્તા-કરણ-અધિકરણરૂપે સુવર્ણના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતાં કુંડળાદિ-ઉત્પાદો, બાજુબંધઆદિવ્યયો અને પીળાશઆદિધ્રૌવ્યો વડે જેની નિષ્પત્તિ થાય છે,—એવા સુવર્ણનું, મૂળસાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું, જે અસ્તિત્વ છે, તે સ્વભાવ છે; તેમ દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**कालेन वा भावेन वोत्पादव्ययध्रौव्येभ्यः पृथगनुपलभ्यमानस्य कर्तृकरणाधिकरणरूपेण द्रव्यस्वरूपमुपादाय प्रवर्तमानप्रवृत्तियुक्तैरुत्पादव्ययध्रौव्यैर्निष्पादितनिष्पत्तियुक्तस्य द्रव्यस्य मूलसाधनतया तैर्निष्पादितं यदस्तित्वं स स्वभावः ॥ ९६ ॥**

**इदं तु सादृश्यास्तित्वाभिधानमस्तीति कथयति—**

**इह विविहलक्खणाणं लक्खणमेगं सदिति सव्वगयं ।**
**उवदिसदा खलु धम्मं जिणवरवसहेण पण्णत्तं ॥ ९७ ॥**

---

मुक्तात्मद्रव्यस्वलक्षणध्रौव्याणां स्वभाव इति । एवं यथा मुक्तात्मद्रव्यस्य स्वकीयगुणपर्यायोत्पादव्ययध्रौव्यैः सह स्वरूपास्तित्वाभिधानमवान्तरास्तित्वमभिन्नं व्यवस्थापितं तथैव समस्तशेषद्रव्याणामपि व्यवस्थापनीयमित्यर्थः ॥ ९६ ॥ अथ सादृश्यास्तित्वशब्दाभिधेयां महासत्तां प्रज्ञापयति—**इह विविहलक्खणाणं**

---

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોથી જે પૃથક્ જોવામાં આવતું નથી, *કર્તા-કરણ-અધિકરણરૂપે દ્રવ્યના સ્વરૂપને ધારણ કરીને પ્રવર્તતાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો વડે જેની નિષ્પત્તિ થાય છે,—એવા દ્રવ્યનું, મૂળસાધનપણે તેમનાથી નિષ્પન્ન થતું, જે અસ્તિત્વ છે, તે સ્વભાવ છે. (ઉત્પાદોથી, વ્યયોથી અને ધ્રૌવ્યોથી ભિન્ન નહિ જોવામાં આવતા દ્રવ્યનું અસ્તિત્વ તે ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોનું જ અસ્તિત્વ છે; કારણ કે દ્રવ્યના સ્વરૂપને ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યો જ ધારણ કરતાં હોવાથી ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યોના અસ્તિત્વથી જ દ્રવ્યની નિષ્પત્તિ થાય છે, ઉત્પાદો, વ્યયો અને ધ્રૌવ્યો ન હોય તો દ્રવ્ય પણ ન હોય. આવું અસ્તિત્વ તે દ્રવ્યનો સ્વભાવ છે.)

**ભાવાર્થઃ—**અસ્તિત્વને અને દ્રવ્યને પ્રદેશભેદ નથી; વળી તે અસ્તિત્વ અનાદિ-અનંત છે તથા અહેતુક એકરૂપ પરિણતિએ સદાય પરિણમતું હોવાને લીધે વિભાવધર્મથી પણ ભિન્ન પ્રકારનું છે; આમ હોવાથી અસ્તિત્વ દ્રવ્યનો સ્વભાવ જ છે.

ગુણ-પર્યાયોનું અને દ્રવ્યનું અસ્તિત્વ ભિન્ન નથી, એક જ છે; કારણ કે ગુણ-પર્યાયો દ્રવ્યથી જ નિષ્પન્ન થાય છે, અને દ્રવ્ય ગુણ-પર્યાયોથી જ નિષ્પન્ન થાય છે. વળી એવી જ રીતે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોનું અને દ્રવ્યનું અસ્તિત્વ પણ એક જ છે; કારણ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો દ્રવ્યથી જ નીપજે છે, અને દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોથી જ નીપજે છે.

**આ પ્રમાણે સ્વરૂપ-અસ્તિત્વનું નિરૂપણ થયું. ૯૬.**

**હવે આ ( નીચે પ્રમાણે ) સાદ્રશ્ય-અસ્તિત્વનું કથન છેઃ—**

**વિધવિધલક્ષણીનું સરવ-ગત 'સત્ત્વ'લક્ષણ એક છે,**
**—એ ધર્મને ઉપદેશતા જિનવરવૃષભ નિર્દિષ્ટ છે. ૯૭.**

---

* ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો જ દ્રવ્યનાં કર્તા, કરણ અને અધિકરણ છે; તેથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો જ દ્રવ્યના સ્વરૂપને ધારણ કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इह विविधलक्षणानां लक्षणमेकं सदिति सर्वगतम् ।
उपदिशता खलु धर्मं जिनवरवृषभेण प्रज्ञप्तम् ।। ९७ ।।

इह किल प्रपञ्चितवैचित्र्येण द्रव्यान्तरेभ्यो व्यावृत्य वृत्तेन प्रतिद्रव्यं सीमानमासूत्रयता विशेषलक्षणभूतेन च स्वरूपास्तित्वेन लक्ष्यमाणानामपि सर्वद्रव्याणामस्तमितवैचित्र्यप्रपञ्चं प्रवृत्य वृत्तं प्रतिद्रव्यमासूत्रितं सीमानं भिन्दत्सदिति सर्वगतं सामान्यलक्षणभूतं सादृश्यास्तित्वमेकं खल्ववबोधव्यम् । एवं सदित्यभिधानं सदिति परिच्छेदनं च सर्वार्थपरामर्शि स्यात् । यदि पुनरिदमेवं न स्यात्तदा किंचित्सदिति किंचिदसदिति किंचित्सच्चासच्चेति किंचिदवाच्यमिति च स्यात् । तत्तु विप्रतिषिद्धमेव । प्रसाध्यं चैतदनोकहवत् ।

---

इह लोके प्रत्येकसत्ताभिधानेन स्वरूपास्तित्वेन विविधलक्षणानां भिन्नलक्षणानां चेतनाचेतनमूर्तामूर्तपदार्थानां **लक्खणमेगं तु** एकमखण्डलक्षणं भवति । किं कर्तृ । **सदिति** सर्वं सदिति महासत्तारूपम् । किंविशिष्टम् । **सव्वगयं** संकरव्यतिकरपरिहाररूपस्वजात्यविरोधेन शुद्धसंग्रहनयेन सर्वगतं सर्वपदार्थ-

---

**અન્વયાર્થઃ**—[ धर्मं ] ધર્મને [ खलु ] ખરેખર [ उपदिशता ] ઉપદેશતા [ जिनवरवृषभेण ] [1]જિનવરવૃષભે [ इह ] આ વિશ્વમાં [ विविधलक्षणानां ] વિવિધ લક્ષણવાળાં (ભિન્ન ભિન્ન સ્વરૂપ-અસ્તિત્વવાળાં સર્વ ) દ્રવ્યોનું, [ सत् इति ] 'સત્' એવું [ सर्वगतं ] [2]સર્વગત [ लक्षणं ] લક્ષણ ( સાદ્રશ્ય-અસ્તિત્વ ) [ एकं ] એક [ प्रज्ञप्तम् ] કહ્યું છે.

**ટીકાઃ**—આ વિશ્વમાં, વિચિત્રતાને વિસ્તારતા ( વિવિધપણું-અનેકપણું દર્શાવતા ), અન્ય દ્રવ્યોથી [3]વ્યાવૃત્ત રહીને વર્તતા અને પ્રત્યેક દ્રવ્યની સીમા બાંધતા એવા વિશેષ-લક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વ વડે (સર્વ દ્રવ્યો) લક્ષિત થતાં હોવા છતાં, સર્વ દ્રવ્યોનું, વિચિત્રતાના વિસ્તારને અસ્ત કરતું, સર્વ દ્રવ્યોમાં પ્રવર્તીને વર્તતું અને પ્રત્યેક દ્રવ્યની બંધાયેલી સીમાને અવગણતું, 'સત્' એવું જે સર્વગત સામાન્યલક્ષણભૂત સાદ્રશ્ય-અસ્તિત્વ તે ખરેખર એક જ જાણવું. એ રીતે 'સત્' એવું કથન અને 'સત્' એવું જ્ઞાન સર્વ પદાર્થોનો [4]પરામર્શ કરનારું છે. જો તે એમ ન હોય (અર્થાત્ જો તે સર્વપદાર્થપરામર્શી ન હોય) તો કોઈક પદાર્થ સત્ ( હયાતીવાળો ) હોવો જોઈએ, કોઈક અસત્ (હયાતી વિનાનો) હોવો જોઈએ, કોઈક સત્ તથા અસત્ હોવો જોઈએ, અને કોઈક અવાચ્ય હોવો જોઈએ; પરંતુ તે તો વિરુદ્ધ જ છે. અને આ ( 'સત્' એવું કથન અને જ્ઞાન સર્વપદાર્થપરામર્શી હોવાની વાત ) તો સિદ્ધ થઈ શકે છે, વૃક્ષની જેમ.

---

૧. જિનવરવૃષભ = જિનવરોમાં શ્રેષ્ઠ; તીર્થંકર.
૨. સર્વગત = સર્વમાં વ્યાપનારું
૩. વ્યાવૃત્ત = જુદું; છૂટું; ભિન્ન.
૪. પરામર્શ = સ્પર્શ; ખ્યાલ; વિચાર; લક્ષ; સ્મરણ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**यथा हि बहूनां बहुविधानामनोकहानामात्मीयात्मीयस्य विशेषलक्षणभूतस्य स्वरूपास्तित्वस्यावष्टम्भेनोत्तिष्ठन्नानात्वं, सामान्यलक्षणभूतेन सादृश्योद्भासिनानोकहत्वेनोत्थापितमेकत्वं तिरियति, तथा बहूनां बहुविधानां द्रव्याणामात्मीयात्मीयस्य विशेषलक्षणभूतस्य स्वरूपास्तित्वस्यावष्टम्भेनोत्तिष्ठन्नानात्वं, सामान्यलक्षणभूतेन सादृश्योद्भासिना सदित्यस्य भावेनोत्थापितमेकत्वं तिरियति । यथा च तेषामनोकहानां सामान्यलक्षणभूतेन सादृश्योद्भासिनानोकहत्वेनोत्थापितेनैकत्वेन तिरोहितमपि विशेषलक्षणभूतस्य स्वरूपास्तित्वस्यावष्टम्भेनोत्तिष्ठन्नानात्वमुच्चकास्ति, तथा सर्वद्रव्याणामपि सामान्यलक्षणभूतेन सादृश्योद्भासिना सदित्यस्य भावेनोत्थापितेनैकत्वेन तिरोहितमपि विशेषलक्षणभूतस्य स्वरूपास्तित्वस्यावष्टम्भेनोत्तिष्ठन्नानात्वमुच्चकास्ति ॥ ९७ ॥**

---

व्यापकम् । इदं केनोक्तम् । **उवदिसदा खलु धम्मं जिणवरवसहेण पण्णत्तं** धर्मं वस्तुस्वभावसंग्रहमुपदिशता खलु स्फुटं जिनवरवृषभेण प्रज्ञप्तमिति । तद्यथा—यथा सर्वे मुक्तात्मनः सन्तीत्युक्ते

---

જેમ ઘણાં બહુવિધ વૃક્ષોને પોતપોતાના વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું જે અનેકત્વ તેને, સામાન્યલક્ષણભૂત [1]સાદૃશ્યદર્શક વૃક્ષપણા વડે ઊભું થતું એકત્વ [2]તિરોહિત કરે છે, તેમ ઘણાં બહુવિધ દ્રવ્યોને પોતપોતાના વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું જે અનેકત્વ તેને, સામાન્યલક્ષણભૂત સાદૃશ્યદર્શક 'સત્'પણા વડે (–'સત્' એવા ભાવ વડે, હોવાપણા વડે, 'છે'પણા વડે) ઊભું થતું એકત્વ તિરોહિત કરે છે. વળી જેમ તે વૃક્ષોની બાબતમાં, સામાન્યલક્ષણભૂત સાદૃશ્યદર્શક વૃક્ષપણાથી ઊભા થતા એકત્વ વડે તિરોહિત થતું હોવા છતાં (પોતપોતાના) વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું અનેકત્વ સ્પષ્ટપણે પ્રકાશમાન રહે છે (–આબાદ રહે છે, નષ્ટ થતું નથી), તેમ સર્વ દ્રવ્યોની બાબતમાં પણ, સામાન્યલક્ષણભૂત સાદૃશ્યદર્શક 'સત્'-પણાથી ઊભા થતા એકત્વ વડે તિરોહિત થતું હોવા છતાં (પોતપોતાના) વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું અનેકત્વ સ્પષ્ટપણે પ્રકાશમાન રહે છે. [ ઘણાં (અર્થાત્ સંખ્યાથી અનેક) અને બહુવિધ (અર્થાત્ આમ્રવૃક્ષ, અશોકવૃક્ષ ઇત્યાદિ અનેક પ્રકારનાં) વૃક્ષોનું પોતપોતાનું સ્વરૂપ-અસ્તિત્વ ભિન્ન ભિન્ન હોવાથી સ્વરૂપ-અસ્તિત્વની અપેક્ષાએ તેમનામાં અનેકપણું છે, પરંતુ વૃક્ષપણું કે જે સર્વ વૃક્ષોનું સામાન્ય લક્ષણ છે અને જે સર્વ વૃક્ષોમાં સાદૃશ્ય (સમાનપણું) બતાવે છે તેની અપેક્ષાએ સર્વ વૃક્ષોમાં એકપણું છે; આ એકપણાને મુખ્ય કરીએ ત્યારે અનેકપણું ગૌણ થાય છે; તેવી રીતે ઘણાં (અર્થાત્ અનંત) અને બહુવિધ (અર્થાત્ છ પ્રકારનાં) દ્રવ્યોનું પોતપોતાનું સ્વરૂપ-અસ્તિત્વ ભિન્ન ભિન્ન હોવાથી સ્વરૂપ-અસ્તિત્વની અપેક્ષાએ તેમનામાં અનેકપણું છે,

---

૧. સાદૃશ્ય = સમાનપણું; સરખાપણું.

૨. તિરોહિત = તિરોભૂત; આચ્છાદિત; અદૃશ્ય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ द्रव्यैर्द्रव्यान्तरस्यारम्भं द्रव्यादर्थान्तरत्वं च सत्तायाः प्रतिहन्ति—

**दव्वं सहावसिद्धं सदिति जिणा तच्चदो समक्खादा।**
**सिद्धं तध आगमदो णेच्छदि जो सो हि परसमओ ॥ ९८ ॥**

**द्रव्यं स्वभावसिद्धं सदिति जिनास्तत्त्वतः समाख्यातवन्तः ।**
**सिद्धं तथा आगमतो नेच्छति यः स हि परसमयः ॥ ९८ ॥**

---

सति परमानन्दैकलक्षणसुखामृतरसास्वादभरितावस्थलोकाकाशप्रमितशुद्धासंख्येयात्मप्रदेशैस्तथा किंचिदूनचरम-शरीराकारादिपर्यायैश्च संकरव्यतिकरपरिहाररूपजातिभेदेन भिन्नानामपि सर्वेषां सिद्धजीवानां ग्रहणं भवति, तथा 'सर्वं सत्' इत्युक्ते संग्रहनयेन सर्वपदार्थानां ग्रहणं भवति । अथवा सेनेयं वनमिदमित्युक्ते अश्वहस्त्यादिपदार्थानां निम्बाम्रादिवृक्षाणां स्वकीयस्वकीयजातिभेदभिन्नानां युगपद्ग्रहणं भवति, तथा सर्वं सदित्युक्ते सति सादृश्यसत्ताभिधानेन महासत्तारूपेण शुद्धसंग्रहनयेन सर्वपदार्थानां स्वजात्यविरोधेन

---

પરંતુ સત્પણું (-હોવાપણું, 'છે' એવો ભાવ ) કે જે સર્વ દ્રવ્યોનું સામાન્ય લક્ષણ છે અને જે સર્વ દ્રવ્યોમાં સાદૃશ્ય બતાવે છે તેની અપેક્ષાએ સર્વ દ્રવ્યોમાં એકપણું છે; આ એક-પણાને મુખ્ય કરીએ ત્યારે અનેકપણું ગૌણ થાય છે. વળી આ પ્રમાણે જ્યારે સામાન્ય સત્પણાને મુખ્યપણે લક્ષમાં લેતાં સર્વ દ્રવ્યોના એકત્વની મુખ્યતા થવાથી અનેકત્વ ગૌણ થાય છે, ત્યારે પણ તે ( સમસ્ત દ્રવ્યોનું સ્વરૂપ-અસ્તિત્વસંબંધી ) અનેકત્વ સ્પષ્ટપણે પ્રકાશમાન જ રહે છે. ]

( આ પ્રમાણે સાદૃશ્ય-અસ્તિત્વનું નિરૂપણ થયું. ) ૯૭.

હવે દ્રવ્યોથી દ્રવ્યાંતરની ઉત્પત્તિ હોવાનું અને દ્રવ્યથી સત્તાનું *અર્થાંતરપણું હોવાનું ખંડન કરે છે ( અર્થાત્ કોઈ દ્રવ્યથી અન્ય દ્રવ્યની ઉત્પત્તિ થતી નથી અને દ્રવ્યથી અસ્તિત્વ કોઈ જુદો પદાર્થ નથી એમ નક્કી કરે છે ):—

**દ્રવ્યો સ્વભાવે સિદ્ધ ને 'સત્'—તત્ત્વતઃ શ્રી જિનો કહે;**
**એ સિદ્ધ છે આગમ થકી, માને ન તે પરસમય છે. ૯૮.**

**અન્વયાર્થઃ**—[ द्रव्यं ] દ્રવ્ય [ स्वभावसिद्धं ] સ્વભાવથી સિદ્ધ અને [ सत् इति ] ( સ્વભાવથી જ ) 'સત્' છે એમ [ जिनाः ] જિનોએ [ तत्त्वतः ] તત્ત્વતઃ [ समाख्यातवन्तः ] કહ્યું છે; [ तथा ] એ પ્રમાણે [ आगमतः ] આગમ દ્વારા [ सिद्धं ] સિદ્ધ છે; [ यः ] જે [ न इच्छति ] ન માને [ सः ] તે [ हि ] ખરેખર [ परसमयः ] પરસમય છે.

---

* અર્થાંતર = અન્ય પદાર્થ; જુદો પદાર્થ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



न खलु द्रव्यैर्द्रव्यान्तराणामारम्भः, सर्वद्रव्याणां स्वभावसिद्धत्वात् । स्वभावसिद्धत्वं तु तेषामनादिनिधनत्वात् । अनादिनिधनं हि न साधनान्तरमपेक्षते । गुणपर्यायात्मानमात्मनः स्वभावमेव मूलसाधनमुपादाय स्वयमेव सिद्धसिद्धिमद्भूतं वर्तते । यत्तु द्रव्यैरारभ्यते न तद्द्रव्यान्तरं, कादाचित्कत्वात् स पर्यायः, द्व्यणुकादिवन्मनुष्यादिवच्च । द्रव्यं पुनरनवधि त्रिसमयावस्थायि न तथा स्यात् । अथैवं यथा सिद्धं स्वभावत एव द्रव्यं, तथा सदित्यपि तत्स्वभावत एव सिद्धमित्यवधार्यताम्, सत्तात्मनात्मनः स्वभावेन निष्पन्ननिष्पत्तिमद्भावयुक्तत्वात् । न च द्रव्यादर्थान्तरभूता सत्तोपपत्तिमभिप्रपद्यते यतस्तत्समवाया-

---

ग्रहणं भवतीत्यर्थः ॥ ९७ ॥ अथ यथा द्रव्यं स्वभावसिद्धं तथा तत्सदपि स्वभावत एवेत्याख्याति—**दव्वं सहावसिद्धं** द्रव्यं परमात्मद्रव्यं स्वभावसिद्धं भवति । कस्मात् । अनाद्यनन्तेन परहेतुनिरपेक्षेण स्वतः सिद्धेन केवलज्ञानादिगुणाधारभूतेन सदानन्दैकरूपसुखसुधारसपरमसमरसीभावपरिणतसर्वशुद्धात्मप्रदेशभरितावस्थेन शुद्धोपादानभूतेन स्वकीयस्वभावेन निष्पन्नत्वात् । यच्च स्वभावसिद्धं न भवति तद्द्रव्यमपि न भवति । द्व्यणुकादिपुद्गलस्कन्धपर्यायवत् मनुष्यादिजीवपर्यायवच्च । **सदिति**

---

**ટીકાઃ**—ખરેખર દ્રવ્યોથી દ્રવ્યાંતરોની ઉત્પત્તિ થતી નથી, કારણ કે સર્વ દ્રવ્યો સ્વભાવસિદ્ધ છે. (તેમનું) સ્વભાવસિદ્ધપણું તો તેમના અનાદિનિધનપણાને લીધે છે; કારણ કે [1]અનાદિનિધન સાધનાંતરની અપેક્ષા રાખતું નથી, ગુણપર્યાયાત્મક એવા પોતાના સ્વભાવને જ—કે જે મૂળ સાધન છે તેને—ધારણ કરીને સ્વયમેવ સિદ્ધ થયેલું વર્તે છે.

જે દ્રવ્યોથી ઉત્પન્ન થાય છે તે તો દ્રવ્યાંતર નથી, [2]કાદાચિત્કપણાને લીધે પર્યાય છે; જેમ કે દ્વિ-અણુક વગેરે તથા મનુષ્ય વગેરે. દ્રવ્ય તો અનવધિ (મર્યાદા વિનાનું), ત્રિસમય-અવસ્થાયી (ત્રણે કાળ રહેનારું) હોવાથી ઉત્પન્ન ન થાય.

હવે એ રીતે જેમ દ્રવ્ય સ્વભાવથી જ સિદ્ધ છે, તેમ '(તે) સત્ છે' એવું પણ તેના સ્વભાવથી જ સિદ્ધ છે એમ નિર્ણય હો, કારણ કે સત્તાત્મક એવા પોતાના સ્વભાવથી નિષ્પન્ન થયેલા ભાવવાળું છે (-દ્રવ્યનો 'સત્ છે' એવો ભાવ દ્રવ્યના સત્તાસ્વરૂપ સ્વભાવનો જ બનેલો-રચાયેલો છે).

દ્રવ્યથી અર્થાંતરભૂત સત્તા ઉપપન્ન નથી (-બની શકતી નથી, ઘટતી નથી, યોગ્ય નથી) કે જેના સમવાયથી તે (-દ્રવ્ય) 'સત્' હોય. (આ વાત સ્પષ્ટ સમજાવવામાં આવે છેઃ)

---

૧. અનાદિનિધન = આદિ અને અંત રહિત. (જે અનાદિ-અનંત હોય તેની સિદ્ધિ માટે અન્ય સાધનની જરૂર નથી.)

૨. કાદાચિત્ક = કદાચિત્-કોઈ વાર હોય એવું; અનિત્ય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



त्त्सदिति स्यात् । सतः सत्तायाश्च न तावद्युतसिद्धत्वेनार्थान्तरत्वं, तयोर्दण्डदण्डिवद्युत-सिद्धस्यादर्शनात् । अयुतसिद्धत्वेनापि न तदुपपद्यते । इहेदमिति प्रतीतेरुपपद्यत इति चेत् किंनिबन्धना हीहेदमिति प्रतीतिः । भेदनिबन्धनेति चेत् को नाम भेदः । प्रादेशिक अताद्भाविको वा । न तावत्प्रादेशिकः, पूर्वमेव युतसिद्धत्वस्यापसारणात् । अताद्भाविकश्चेत् उपपन्न एव, यद्द्रव्यं तन्न गुण इति वचनात् । अयं तु न खल्वेकान्तेनेहेदमिति प्रतीते-

---

यथा स्वभावतः सिद्धं तद्द्रव्यं तथा सदिति सत्तालक्षणमपि स्वभावत एव भवति, न च भिन्नसत्तासमवायात् । अथवा यथा द्रव्यं स्वभावतः सिद्धं तथा तस्य योऽसौ सत्तागुणः सोऽपि स्वभावसिद्ध एव । कस्मादिति चेत् । सत्ताद्रव्ययोः संज्ञालक्षणप्रयोजनादिभेदेऽपि दण्डदण्डिवद्भिन्नप्रदेशाभावात् । इदं के कथितवन्तः । **जिणा तच्चदो समक्खादा** जिनाः कर्तारः तत्त्वतः सम्यगाख्यातवन्तः कथितवन्तः **सिद्धं तह आगमदो** सन्तानापेक्षया द्रव्यार्थिकनयेनानादिनिधनागमादपि तथा सिद्धं **णेच्छदि जो सो हि**

---

પ્રથમ તો [१]સત્‌થી [२]સત્તાનું [३]યુતસિદ્ધપણા વડે અર્થાંતરપણું નથી, કારણ કે દંડ અને દંડીની માફક તેમની બાબતમાં યુતસિદ્ધપણું જોવામાં આવતું નથી. (બીજું,) અયુતસિદ્ધપણા વડે પણ તે (–અર્થાંતરપણું) બનતું નથી. 'આમાં આ છે (અર્થાત્ દ્રવ્યમાં સત્તા છે)' એવી પ્રતીતિ થતી હોવાથી તે બની શકે છે એમ કહેવામાં આવે તો (પૂછીએ છીએ કે) 'આમાં આ છે' એવી પ્રતીતિ શાના આશ્રયે (–શા કારણે) થાય છે? ભેદના આશ્રયે થાય છે (અર્થાત્ દ્રવ્ય અને સત્તામાં ભેદ હોવાના કારણે થાય છે) એમ કહેવામાં આવે તો (પૂછીએ છીએ કે), કયો ભેદ? પ્રાદેશિક કે અતાદ્‌ભાવિક? [४]પ્રાદેશિક તો નથી, કારણ કે યુતસિદ્ધપણું પૂર્વે જ રદ કર્યું છે. [५]અતાદ્‌ભાવિક કહેવામાં આવે તો તે ઉપપન્ન જ (-ઉચિત જ) છે, કારણ કે 'જે દ્રવ્ય છે તે ગુણ નથી' એવું (શાસ્ત્રનું) વચન છે. પરંતુ (અહીં પણ એ ધ્યાનમાં રાખવું કે) આ અતાદ્‌ભાવિક ભેદ 'એકાંતે આમાં આ છે' એવી

---

૧. સત્ = હોતું—હયાત—હયાતીવાળું અર્થાત્ દ્રવ્ય.

૨. સત્તા = હોવાપણું; હયાતી.

૩. યુતસિદ્ધ = જોડાઈને સિદ્ધ થયેલું; સમવાયથી—સંયોગથી સિદ્ધ થયેલું. [જેમ લાકડી અને માણસ જુદાં હોવા છતાં લાકડીના યોગથી માણસ 'લાકડીવાળો' થાય છે તેમ સત્તા અને દ્રવ્ય જુદાં હોવા છતાં સત્તા સાથે જોડાઈને દ્રવ્ય 'સત્તાવાળું' (-સત્) થયું છે એમ નથી. લાકડી અને માણસની જેમ સત્તા અને દ્રવ્ય જુદાં જોવામાં જ આવતાં નથી. આ રીતે 'લાકડી' અને 'લાકડીવાળા'ની માફક 'સત્તા' અને 'સત્'ની બાબતમાં યુતસિદ્ધપણું નથી.]

૪. દ્રવ્ય અને સત્તામાં પ્રદેશભેદ નથી, કારણ કે પ્રદેશભેદ હોય તો યુતસિદ્ધપણું આવે—જે પ્રથમ જ રદ કરી બતાવ્યું છે.

૫. દ્રવ્ય તે ગુણ નથી અને ગુણ તે દ્રવ્ય નથી—આવા દ્રવ્ય-ગુણના ભેદને (ગુણ-ગુણીભેદને) અતાદ્‌ભાવિક ભેદ (તે-પણે નહિ હોવારૂપ ભેદ) કહે છે. દ્રવ્ય અને સત્તામાં આવો ભેદ કહેવામાં આવે તો તે યોગ્ય જ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निबन्धनं, स्वयमेवोन्मग्ननिमग्नत्वात् । तथा हि–यदेव पर्यायेणार्प्यते द्रव्यं तदेव गुणवदिदं द्रव्यमयमस्य गुणः, शुभ्रमिदमुत्तरीयमयमस्य शुभ्रो गुण इत्यादिवदताद्भाविको भेद उन्मज्जति। यदा तु द्रव्येणार्प्यते द्रव्यं तदास्तमितसमस्तगुणवासनोन्मेषस्य तथाविधं द्रव्यमेव शुभ्रमुत्तरीयमित्यादिवत्प्रपश्यतः समूल एवाताद्भाविको भेदो निमज्जति। एवं हि भेदे निमज्जति तत्प्रत्यया प्रतीतिर्निमज्जति । तस्यां निमज्जत्यामयुतसिद्धत्वोत्थमर्थान्तरत्वं निमज्जति । ततः समस्तमपि द्रव्यमेवैकं भूत्वावतिष्ठते । यदा तु भेद उन्मज्जति, तस्मिन्नुन्मज्जति तत्प्रत्यया प्रतीतिरुन्मज्जति, तस्यामुन्मज्जत्यामयुतसिद्धत्वोत्थमर्थान्तरत्वमुन्मज्जति, तदापि तत्पर्यायत्वेनोन्मज्जज्जलराशेर्जलकल्लोल इव द्रव्यान्न व्यतिरिक्तं स्यात् । एवं सति स्वयमेव सद्द्रव्यं

---

**परसमओ** नेच्छति न मन्यते य इदं वस्तुस्वरूपं स हि स्फुटं परसमयो मिथ्यादृष्टिर्भवति । एवं यथा परमात्मद्रव्यं स्वभावतः सिद्धमवबोद्धव्यं तथा सर्वद्रव्याणीति । अत्र द्रव्यं केनापि पुरुषेण न

---

પ્રતીતિનો આશ્રય (-કારણ) નથી, કારણ કે તે (અતાદ્‌ભાવિક ભેદ) સ્વયમેવ (પોતે જ) [૧]ઉન્મગ્ન અને [૨]નિમગ્ન થાય છે. તે આ પ્રમાણે: જ્યારે દ્રવ્યને પર્યાય પ્રાપ્ત કરાવવામાં આવે (અર્થાત્ જ્યારે દ્રવ્યને પર્યાય પ્રાપ્ત કરે છે— પહોંચે છે એમ પર્યાયાર્થિક નયથી જોવામાં આવે), ત્યારે જ—'શુક્લ આ વસ્ત્ર છે, આ આનો શુક્લત્વગુણ છે' ઇત્યાદિની માફક— 'ગુણવાળું આ દ્રવ્ય છે, આ આનો ગુણ છે' એમ અતાદ્‌ભાવિક ભેદ ઉન્મગ્ન થાય છે. પરંતુ જ્યારે દ્રવ્યને દ્રવ્ય પ્રાપ્ત કરાવવામાં આવે (અર્થાત્ દ્રવ્યને દ્રવ્ય પ્રાપ્ત કરે છે—પહોંચે છે એમ દ્રવ્યાર્થિક નયથી જોવામાં આવે), ત્યારે સમસ્ત [૩]ગુણવાસનાના ઉન્મેષ જેને અસ્ત થઈ ગયા છે એવા તે જીવને—'શુક્લ વસ્ત્ર જ છે' ઇત્યાદિની માફક—'આવું દ્રવ્ય જ છે' એમ જોતાં સમૂળો જ અતાદ્‌ભાવિક ભેદ નિમગ્ન થાય છે. એ રીતે ભેદ નિમગ્ન થતાં તેના આશ્રયે (-કારણે) થતી પ્રતીતિ નિમગ્ન થાય છે. તે (પ્રતીતિ) નિમગ્ન થતાં અયુતસિદ્ધત્વજનિત અર્થાંતરપણું નિમગ્ન થાય છે. તેથી બધુંય (આખુંય), એક દ્રવ્ય જ થઈને રહે છે. અને જ્યારે ભેદ ઉન્મગ્ન થાય છે, તે ઉન્મગ્ન થતાં તેના આશ્રયે (-કારણે) થતી પ્રતીતિ ઉન્મગ્ન થાય છે, તે (પ્રતીતિ) ઉન્મગ્ન થતાં અયુતસિદ્ધત્વજનિત અર્થાંતરપણું ઉન્મગ્ન થાય છે, ત્યારે પણ (તે) દ્રવ્યના પર્યાયપણે ઉન્મગ્ન થતું હોવાથી,—જેમ જળરાશિથી જળકલ્લોલ વ્યતિરિક્ત નથી (અર્થાત્ સમુદ્રથી તરંગ જુદું નથી) તેમ—દ્રવ્યથી વ્યતિરિક્ત હોતું નથી.

---

૧. ઉન્મગ્ન થવું = ઉપર આવવું; તરી આવવું; પ્રગટ થવું. (મુખ્ય થવું.)

૨. નિમગ્ન થવું = ડૂબી જવું. (ગૌણ થવું.)

૩. ગુણવાસનાના ઉન્મેષ = દ્રવ્યમાં અનેક ગુણો હોવાના વલણનું (અભિપ્રાયનું) પ્રાકટ્ય; ગુણભેદ હોવારૂપ મનોવલણના (અભિપ્રાયના) ફણગા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

भवति । यस्त्वेवं नेच्छति स खलु परसमय एव द्रष्टव्यः ॥ ९८ ॥

अथोत्पादव्ययध्रौव्यात्मकत्वेऽपि सद्द्रव्यं भवतीति विभावयति—

**सदवट्ठिदं सहावे दव्वं दव्वस्स जो हि परिणामो ।**
**अत्थेसु सो सहावो ठिदिसंभवणाससंबद्धो ॥ ९९ ॥**

**सदवस्थितं स्वभावे द्रव्यं द्रव्यस्य यो हि परिणामः ।**
**अर्थेषु स स्वभावः स्थितिसंभवनाशसंबद्धः ॥ ९९ ॥**

इह हि स्वभावे नित्यमवतिष्ठमानत्वात्सदिति द्रव्यम् । स्वभावस्तु द्रव्यस्य ध्रौव्योत्पादोच्छेदैक्यात्मकपरिणामः । यथैव हि द्रव्यवास्तुनः सामस्त्येनैकस्यापि विष्कम्भक्रम-

---

क्रियते । सत्तागुणोऽपि द्रव्याद्भिन्नो नास्तीत्यभिप्रायः ॥ ९८ ॥ अथोत्पादव्ययध्रौव्यत्वे सति सत्तैव द्रव्यं भवतीति प्रज्ञापयति—**सदवट्ठिदं सहावे दव्वं** द्रव्यं मुक्तात्मद्रव्यं भवति । किं कर्तृ । सदिति शुद्धचेतनान्वयरूपमस्तित्वम् । किंविशिष्टम् । अवस्थितम् । क्व । स्वभावे । स्वभावं कथयति—**दव्वस्स**

---

આ પ્રમાણે હોવાથી (એમ નક્કી થયું કે) દ્રવ્ય સ્વયમેવ સત્ છે. આમ જે માનતો નથી તે ખરેખર પરસમય જ માનવો. ૯૮.

હવે ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક હોવા છતાં દ્રવ્ય 'સત્' છે એમ દર્શાવે છે:—

**દ્રવ્યો સ્વભાવ વિષે અવસ્થિત, તેથી 'સત્' સૌ દ્રવ્ય છે;**
**ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશયુત પરિણામ દ્રવ્યસ્વભાવ છે. ૯૯.**

**અન્વયાર્થ:**—[ स्वभावे ] સ્વભાવમાં [ अवस्थितं ] [1]અવસ્થિત (હોવાથી) [ द्रव्यं ] દ્રવ્ય [ सत् ] 'સત્' છે; [ द्रव्यस्य ] દ્રવ્યનો [ यः हि ] જે [ स्थितिसंभवनाशसंबद्धः ] ઉત્પાદવ્યયધ્રૌવ્ય સહિત [ परिणामः ] પરિણામ [ सः ] તે [ अर्थेषु स्वभावः ] પદાર્થોનો સ્વભાવ છે.

**ટીકા:**—અહીં (વિશ્વને વિષે) સ્વભાવમાં નિત્ય અવસ્થિત હોવાથી દ્રવ્ય 'સત્' છે. સ્વભાવ દ્રવ્યનો ધ્રૌવ્ય-ઉત્પાદ-વિનાશની એકતાસ્વરૂપ પરિણામ છે.

જેમ દ્રવ્યનું [2]વાસ્તુ સમગ્રપણા વડે (અખંડપણા વડે) એક હોવા છતાં, વિસ્તાર-

---

૧. અવસ્થિત = રહેલું; ટકેલું.

૨. દ્રવ્યનું વાસ્તુ = દ્રવ્યનો સ્વ-વિસ્તાર; દ્રવ્યનું સ્વક્ષેત્ર; દ્રવ્યનું સ્વ-કદ; દ્રવ્યનું સ્વ-દળ. (વાસ્તુ = ઘર; રહેઠાણ; નિવાસસ્થાન; આશ્રય; ભૂમિ.)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



प्रवृत्तिवर्तिनः सूक्ष्मांशाः प्रदेशाः, तथैव हि द्रव्यवृत्तेः सामस्त्येनैकस्यापि प्रवाहक्रमप्रवृत्तिवर्तिनः सूक्ष्मांशाः परिणामाः। यथा च प्रदेशानां परस्परव्यतिरेकनिबन्धनो विष्कम्भक्रमः, तथा परिणामानां परस्परव्यतिरेकनिबन्धनः प्रवाहक्रमः। यथैव च ते प्रदेशाः स्वस्थाने स्वरूपपूर्वरूपाभ्यामुत्पन्नोच्छन्नत्वात्सर्वत्र परस्परानुस्यूतिसूत्रितैकवास्तुतयानुत्पन्नप्रलीनत्वाच्च संभूतिसंहारध्रौव्यात्मकमात्मानं धारयन्ति, तथैव ते परिणामाः स्वावसरे स्वरूपपूर्वरूपाभ्यामुत्पन्नोच्छन्नत्वात्सर्वत्र परस्परानुस्यूतिसूत्रितैकप्रवाहतयानुत्पन्नप्रलीनत्वाच्च संभूतिसंहारध्रौव्यात्मकमात्मानं धारयन्ति। यथैव च य एव हि पूर्वप्रदेशोच्छेदनात्मको वास्तुसीमान्तः स एव हि तदुत्तरोत्पादात्मकः, स एव च परस्परानुस्यूतिसूत्रितैकवास्तुतयातदुभयात्मक इति;

---

**जो हि परिणामो** तस्य परमात्मद्रव्यस्य संबन्धी हि स्फुटं यः परिणामः। केषु विषयेषु। **अत्थेसु** परमात्मपदार्थस्य धर्मत्वादभेदनयेनार्था भण्यन्ते। के ते। केवलज्ञानादिगुणाः सिद्धत्वादिपर्यायाश्च, तेष्वर्थेषु विषयेषु योऽसौ परिणामः। **सो सहावो** केवलज्ञानादिगुणसिद्धत्वादिपर्यायरूपस्तस्य परमात्मद्रव्यस्य स्वभावो भवति। स च कथंभूतः। **ठिदिसंभवणाससंबद्धो** स्वात्मप्राप्तिरूपमोक्षपर्यायस्य संभवस्तस्मिन्नेव क्षणे परमागमभाषयैकत्ववितर्कावीचारद्वितीयशुक्लध्यानसंज्ञस्य शुद्धोपादानभूतस्य समस्त-

---

ક્રમમાં પ્રવર્તનારા તેના જે સૂક્ષ્મ અંશો તે પ્રદેશો છે, તેમ દ્રવ્યની [૧]વૃત્તિ સમગ્રપણા વડે એક હોવા છતાં, પ્રવાહક્રમમાં પ્રવર્તનારા તેના જે સૂક્ષ્મ અંશો તે પરિણામો છે. જેમ વિસ્તારક્રમનું કારણ પ્રદેશોનો પરસ્પર વ્યતિરેક છે, તેમ પ્રવાહક્રમનું કારણ પરિણામોનો પરસ્પર [૨]વ્યતિરેક છે.

જેમ તે પ્રદેશો પોતાના સ્થાનમાં સ્વ-રૂપથી ઉત્પન્ન ને પૂર્વરૂપથી વિનષ્ટ હોવાથી તથા સર્વત્ર (બધેય) પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકવાસ્તુપણા વડે અનુત્પન્ન-અવિનષ્ટ હોવાથી ઉત્પત્તિ-સંહાર-ધ્રૌવ્યાત્મક છે, તેમ તે પરિણામો પોતાના અવસરમાં સ્વ-રૂપથી ઉત્પન્ન ને પૂર્વરૂપથી વિનષ્ટ હોવાથી તથા સર્વત્ર પરસ્પર [૩]અનુસ્યૂતિથી રચાયેલા એકપ્રવાહપણા વડે અનુત્પન્ન-અવિનષ્ટ હોવાથી ઉત્પત્તિ-સંહાર-ધ્રૌવ્યાત્મક છે. વળી જેમ વાસ્તુનો જે નાનામાં નાનો (છેવટનો) અંશ પૂર્વપ્રદેશના વિનાશસ્વરૂપ છે તે જ (અંશ) ત્યારપછીના પ્રદેશના ઉત્પાદસ્વરૂપ છે તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકવાસ્તુપણા વડે અનુભયસ્વરૂપ

---

૧. વૃત્તિ = વર્તવું તે; હોવું તે; હોવાપણું; હયાતી.

૨. વ્યતિરેક = ભેદ; (એકનો બીજામાં) અભાવ. (એક પરિણામ તે બીજા પરિણામરૂપ નથી તેથી દ્રવ્યના પ્રવાહમાં ક્રમ છે.)

૩. અનુસ્યૂતિ = અન્વયપૂર્વક જોડાણ. [સર્વ પરિણામો પરસ્પર અન્વયપૂર્વક (-સાદ્રશ્યસહિત) ગૂંથાયેલા (જોડાયેલા) હોવાથી તે બધા પરિણામો એકપ્રવાહપણે છે તેથી તેઓ ઉત્પન્ન કે વિનષ્ટ નથી.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तथैव य एव हि पूर्वपरिणामोच्छेदात्मकः प्रवाहसीमान्तः स एव हि तदुत्तरोत्पादात्मकः, स एव च परस्परानुस्यूतिसूत्रितैकप्रवाहतयातदुभयात्मक इति । एवमस्य स्वभावत एव त्रिलक्षणायां परिणामपद्धतौ दुर्ललितस्य स्वभावानतिक्रमात्त्रिलक्षणमेव सत्त्वमनुमोदनीयम् मुक्ताफलदामवत् । यथैव हि परिगृहीतद्राघिम्नि प्रलम्बमाने मुक्ताफलदामनि समस्तेष्वपि स्वधामसूच्चकासत्सु मुक्ताफलेषूत्तरोत्तरेषु धामसूत्तरोत्तरमुक्ताफलानामुदयनात्पूर्वपूर्वमुक्ताफलानामनुदयनात् सर्वत्रापि परस्परानुस्यूतिसूत्रकस्य सूत्रकस्यावस्थानात्त्रैलक्षण्यं प्रसिद्धिमवतरति, तथैव हि परिगृहीतनित्यवृत्तिनिवर्तमाने द्रव्ये समस्तेष्वपि स्वावसरेषूच्चकासत्सु परिणामेषूत्तरोत्तरेष्ववसरेषूत्तरोत्तरपरिणामानामुदयनात्पूर्वपूर्वपरिणामानामनुदयनात् सर्वत्रापि परस्परानुस्यूतिसूत्रकस्य प्रवाहस्यावस्थानात्त्रैलक्षण्यं प्रसिद्धिमवतरति ॥ ९९ ॥

---

रागादिविकल्पोपाधिरहितस्वसंवेदनज्ञानपर्यायस्य नाशस्तस्मिन्नेव समये तदुभयाधारभूतपरमात्मद्रव्यस्य स्थितिरित्युक्तलक्षणोत्पादव्ययध्रौव्यत्रयेण संबन्धो भवतीति । एवमुत्पादव्ययध्रौव्यत्रयेणैकसमये यद्यपि

---

છે (અર્થાત્ એમાંથી એકે સ્વરૂપે નથી), તેમ પ્રવાહનો જે નાનામાં નાનો અંશ પૂર્વપરિણામના વિનાશસ્વરૂપ છે તે જ ત્યારપછીના પરિણામના ઉત્પાદસ્વરૂપ છે તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકપ્રવાહપણા વડે અનુભયસ્વરૂપ છે.

આ પ્રમાણે સ્વભાવથી જ ત્રિલક્ષણપરિણામ પદ્ધતિમાં (પરિણામોની પરંપરામાં) વર્તતું દ્રવ્ય સ્વભાવને નહિ [1]અતિક્રમતું હોવાથી [2]સત્ત્વને [3]ત્રિલક્ષણ જ [4]અનુમોદવું— મોતીના હારની માફક. (તે આ રીતે:) જેમ જેણે (અમુક) લંબાઈ ગ્રહણ કરેલી છે એવા લટકતા મોતીના હારને વિષે, પોતપોતાનાં સ્થાનોમાં પ્રકાશતાં સમસ્ત મોતીઓમાં, પછીપછીનાં સ્થાનોએ પછીપછીનાં મોતીઓ પ્રગટ થતાં હોવાથી અને પહેલાંપહેલાંનાં મોતીઓ નહિ પ્રગટ થતાં હોવાથી તથા બધેય પરસ્પર અનુસ્યૂતિ રચનારો દોરો અવસ્થિત હોવાથી ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે; તેમ જેણે [5]નિત્યવૃત્તિ ગ્રહણ કરેલી છે એવા રચાતા (પરિણમતા) દ્રવ્યને વિષે, પોતપોતાના અવસરોમાં પ્રકાશતા (પ્રગટતા) સમસ્ત પરિણામોમાં, પછીપછીના અવસરોએ પછીપછીના પરિણામો પ્રગટ થતા હોવાથી અને પહેલાંપહેલાંના પરિણામો નહિ પ્રગટ થતા હોવાથી તથા બધેય પરસ્પર અનુસ્યૂતિ રચનારો પ્રવાહ અવસ્થિત (-ટકતો) હોવાથી ત્રિલક્ષણપણું પ્રસિદ્ધિ પામે છે.

---

૧. અતિક્રમતું = ઓળંગતું; છોડતું.
૨. સત્ત્વ = સત્પણું; (અભેદનયે) દ્રવ્ય.
૩. ત્રિલક્ષણ = ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય એ ત્રણ લક્ષણવાળું; ત્રિસ્વરૂપ; ત્રયાત્મક.
૪. અનુમોદવું = આનંદથી સંમત કરવું.
૫. નિત્યવૃત્તિ = નિત્ય ટકવાપણું; નિત્ય હયાતી; સદા વર્તવું તે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथोत्पादव्ययध्रौव्याणां परस्पराविनाभावं दृढयति—

**ण भवो भंगविहीणो भंगो वा णत्थि संभवविहीणो ।**
**उप्पादो वि य भंगो ण विणा धोव्वेण अत्थेण ॥१००॥**

न भवो भङ्गविहीनो भङ्गो वा नास्ति संभवविहीनः ।
उत्पादोऽपि च भङ्गो न विना ध्रौव्येणार्थेन ॥ १०० ॥

---

पर्यायार्थिकनयेन परमात्मद्रव्यं परिणतं, तथापि द्रव्यार्थिकनयेन सत्तालक्षणमेव भवति । त्रिलक्षणमपि सत्सत्तालक्षणं कथं भण्यत इति चेत् "उत्पादव्ययध्रौव्ययुक्तं सत्" इति वचनात् । यथेदं परमात्मद्रव्यमेकसमयेनोत्पादव्ययध्रौव्यैः परिणतमेव सत्तालक्षणं भण्यते तथा सर्वद्रव्याणीत्यर्थः ॥ ९९ ॥ एवं स्वरूपसत्तारूपेण प्रथमगाथा, महासत्तारूपेण द्वितीया, यथा द्रव्यं स्वतःसिद्धं तथा सत्तागुणोऽपीति कथनेन तृतीया, उत्पादव्ययध्रौव्यत्वेऽपि सत्तैव द्रव्यं भण्यत इति कथनेन चतुर्थीति गाथाचतुष्टयेन सत्तालक्षण-

---

**ભાવાર્થ**:—દરેક દ્રવ્ય સદાય સ્વભાવમાં રહે છે તેથી 'સત્' છે. તે સ્વભાવ ઉત્પાદ-વ્યયધ્રૌવ્યસ્વરૂપ પરિણામ છે. જેમ દ્રવ્યના વિસ્તારનો નાનામાં નાનો અંશ તે પ્રદેશ છે, તેમ દ્રવ્યના પ્રવાહનો નાનામાં નાનો અંશ તે પરિણામ છે. દરેક પરિણામ સ્વ-કાળમાં પોતાના રૂપે ઊપજે છે, પૂર્વ રૂપથી નાશ પામે છે અને સર્વ પરિણામોમાં એકપ્રવાહપણું હોવાથી દરેક પરિણામ ઉત્પાદ-વિનાશ વિનાનો એકરૂપ-ધ્રુવ રહે છે. વળી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં સમય-ભેદ નથી, ત્રણેય એક જ સમયે છે. આવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક પરિણામોની પરંપરામાં દ્રવ્ય સ્વભાવથી જ સદાય રહેતું હોવાથી દ્રવ્ય પોતે પણ, મોતીના હારની માફક, ઉત્પાદ-વ્યયધ્રૌવ્યાત્મક છે. ૯૯.

હવે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનો પરસ્પર [1]અવિનાભાવ દૃઢ કરે છે:—

ઉત્પાદ ભંગ વિના નહીં, સંહાર સર્ગ વિના નહીં;
ઉત્પાદ તેમ જ ભંગ, ધ્રૌવ્ય-પદાર્થ વિણ વર્તે નહીં. ૧૦૦.

**અન્વયાર્થ**:—[ भवः ] ઉત્પાદ [ भङ्गविहीनः ] [2]ભંગ વિનાનો [ न ] હોતો નથી [ वा ] અને [ भङ्गः ] ભંગ [ संभवविहीनः ] ઉત્પાદ વિનાનો [ नास्ति ] હોતો નથી; [ उत्पादः ] ઉત્પાદ [ अपि च ] તેમ જ [ भङ्गः ] ભંગ [ ध्रौव्येण अर्थेन विना ] ધ્રૌવ્ય પદાર્થ વિના [ न ] હોતા નથી.

---

૧. અવિનાભાવ = એક વિના બીજાનું નહીં હોવું તે; એકબીજા વિના હોઈ જ ન શકે એવો ભાવ.
૨. ભંગ = વ્યય; નાશ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

न खलु सर्गः संहारमन्तरेण, न संहारो वा सर्गमन्तरेण, न सृष्टिसंहारौ स्थितिमन्तरेण, न स्थितिः सर्गसंहारमन्तरेण । य एव हि सर्गः स एव संहारः, य एव संहारः स एव सर्गः, यावेव सर्गसंहारौ सैव स्थितिः, यैव स्थितिस्तावेव सर्गसंहाराविति । तथा हि—य एव कुम्भस्य सर्गः स एव मृत्पिण्डस्य संहारः, भावस्य भावान्तराभावस्वभावेनावभासनात् । य एव च मृत्पिण्डस्य संहारः स एव कुम्भस्य सर्गः, अभावस्य भावान्तरभावस्वभावेनावभासनात् । यौ च कुम्भपिण्डयोः सर्गसंहारौ सैव मृत्तिकायाः स्थितिः, *व्यतिरेकमुखे-

---

विवरणमुख्यतया द्वितीयस्थलं गतम् । अथोत्पादव्ययध्रौव्याणां परस्परसापेक्षत्वं दर्शयति—**ण भवो भंगविहीणो** निर्दोषपरमात्मरुचिरूपसम्यक्त्वपर्यायस्य भव उत्पादः तद्विपरीतमिथ्यात्वपर्यायस्य भङ्गं विना न भवति । कस्मात् । उपादानकारणाभावात्, मृत्पिण्डभङ्गाभावे घटोत्पाद इव । द्वितीयं च कारणं मिथ्यात्वपर्यायभङ्गस्य सम्यक्त्वपर्यायरूपेण प्रतिभासनात् । तदपि कस्मात् । "भावान्तरस्वभावरूपो भवत्यभाव" इति वचनात् । घटोत्पादरूपेण मृत्पिण्डभङ्ग इव । यदि पुनर्मिथ्यात्वपर्यायभङ्गस्य सम्यक्त्वोपादानकारणभूतस्याभावेऽपि शुद्धात्मानुभूतिरुचिरूपसम्यक्त्वस्योत्पादो भवति, तर्ह्युपादानकारणरहितानां खपुष्पादीना-

---

**ટીકાઃ—**ખરેખર [૧]સર્ગ [૨]સંહાર વિના હોતો નથી અને સંહાર સર્ગ વિના હોતો નથી; [૩]સૃષ્ટિ અને સંહાર [૪]સ્થિતિ વિના હોતાં નથી, સ્થિતિ સર્ગ અને સંહાર વિના હોતી નથી.

જે સર્ગ છે તે જ સંહાર છે, જે સંહાર છે તે જ સર્ગ છે; જે સર્ગ ને સંહાર છે તે જ સ્થિતિ છે, જે સ્થિતિ છે તે જ સર્ગ ને સંહાર છે. તે આ પ્રમાણેઃ જે કુંભનો સર્ગ છે તે જ [૫]મૃત્તિકાપિંડનો સંહાર છે, કારણ કે ભાવનું ભાવાન્તરના અભાવસ્વભાવે અવભાસન છે (અર્થાત્ ભાવ અન્યભાવના અભાવરૂપ સ્વભાવે પ્રકાશે છે-દેખાય છે). વળી જે મૃત્તિકાપિંડનો સંહાર છે તે જ કુંભનો સર્ગ છે, કારણ કે અભાવનું ભાવાન્તરના ભાવસ્વભાવે અવભાસન છે (અર્થાત્ નાશ અન્યભાવના ઉત્પાદરૂપ સ્વભાવે પ્રકાશે છે). વળી જે કુંભનો સર્ગ અને પિંડનો સંહાર છે તે જ મૃત્તિકાની સ્થિતિ છે, કારણ કે [૬]વ્યતિરેકો અન્વયને

---

* व्यतिरेकमुखेन.......नतिक्रमणात् । એ પ્રમાણે પાઠને બદલે નીચે પ્રમાણે પાઠ જોઈએ એમ લાગે છેઃ व्यतिरेकाणामन्वयानतिक्रमणात् । यैव च मृत्तिकायाः स्थितिस्तावेव कुम्भपिण्डयोः सर्गसंहारौ, व्यतिरेकमुखेनैवान्वयस्य प्रकाशनात् । ગુજરાતી અનુવાદ આ સુધારેલા પાઠ પ્રમાણે કર્યો છે.

૧. સર્ગ = ઉત્પાદ; ઉત્પત્તિ.
૨. સંહાર = વ્યય; નાશ.
૩. સૃષ્ટિ = ઉત્પત્તિ.
૪. સ્થિતિ = ટકવું તે; ધ્રુવ રહેવું તે; ધ્રૌવ્ય.
૫. મૃત્તિકાપિંડ = માટીનો પિંડ; માટીનો પિંડો.
૬. વ્યતિરેક = ભેદ; એકનું બીજારૂપ નહિ હોવું તે; 'આ તે નથી' એવા જ્ઞાનના નિમિત્તભૂત ભિન્નરૂપપણું.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**नैवान्वयस्य प्रकाशनात् । यैव च मृत्तिकायाः स्थितिस्तावेव कुम्भपिण्डयोः सर्गसंहारौ, व्यतिरेकाणामन्वयानतिक्रमणात् । यदि पुनर्नेदमेवमिष्येत तदान्यः सर्गोऽन्यः संहारः अन्या स्थितिरित्यायाति । तथा सति हि केवलं सर्गं मृगयमाणस्य कुम्भस्योत्पादनकारणाभावादभवनिरेव भवेत्, असदुत्पाद एव वा । तत्र कुम्भस्याभवनौ सर्वेषामेव भावानामभवनिरेव भवेत्; असदुत्पादे वा व्योमप्रसवादीनामप्युत्पादः स्यात् । तथा केवलं संहारमारभमाणस्य मृत्पिण्डस्य संहारकारणाभावादसंहरणिरेव भवेत्, सदुच्छेद एव वा । तत्र मृत्पिण्डस्यासंहरणौ सर्वेषामेव**

---

मप्युत्पादो भवतु । न च तथा । **भंगो वा णत्थि संभवविहीणो** परद्रव्योपादेयरुचिरूपमिथ्यात्वस्य भङ्गो नास्ति । कथंभूतः । पूर्वोक्तसम्यक्त्वपर्यायसंभवरहितः । कस्मादिति चेत् । भङ्गकारणाभावात्, घटोत्पादाभावे मृत्पिण्डस्येव । द्वितीयं च कारणं सम्यक्त्वपर्यायोत्पादस्य मिथ्यात्वपर्यायाभावरूपेण दर्शनात् । तदपि कस्मात् । पर्यायस्य पर्यायान्तराभावरूपत्वात्, घटपर्यायस्य मृत्पिण्डाभावरूपेणेव । यदि पुनः सम्यक्त्वोत्पादनिरपेक्षो भवति मिथ्यात्वपर्यायाभावस्तर्ह्यभाव एव न स्यात् । कस्मात् ।

---

અતિક્રમતા (ઓળંગતા, છોડતા) નથી. વળી જે મૃત્તિકાની સ્થિતિ છે તે જ કુંભનો સર્ગ અને પિંડનો સંહાર છે, કારણ કે વ્યતિરેકો દ્વારા જ [1]અન્વય પ્રકાશે છે.

અને જો આમ જ (-ઉપર સમજાવ્યું તેમ જ) ન માનવામાં આવે તો 'અન્ય સર્ગ છે, અન્ય સંહાર છે, અન્ય સ્થિતિ છે' એવું આવે છે (અર્થાત્ ત્રણે જુદાં છે એવું માનવાનો પ્રસંગ આવે છે). એમ થતાં (શા દોષો આવે તે સમજાવવામાં આવે છે):

કેવળ સર્ગ શોધનાર કુંભની (-વ્યય અને ધ્રૌવ્યથી જુદો એકલો ઉત્પાદ કરવા જનાર ઘડાની), [2]ઉત્પાદનકારણના અભાવને લીધે, ઉત્પત્તિ જ ન થાય; અથવા તો અસતનો જ ઉત્પાદ થાય. ત્યાં, (૧) જો કુંભની ઉત્પત્તિ ન થાય તો બધાય ભાવોની ઉત્પત્તિ જ ન થાય (અર્થાત્ જેમ કુંભની ઉત્પત્તિ ન થાય તેમ વિશ્વના કોઈ પણ દ્રવ્યમાં કોઈ પણ ભાવનો ઉત્પાદ જ ન થાય એ દોષ આવે); અથવા (૨) જો અસતનો ઉત્પાદ થાય તો [3]વ્યોમપુષ્પ વગેરેનો પણ ઉત્પાદ થાય (અર્થાત્ શૂન્યમાંથી પણ પદાર્થો ઉત્પન્ન થવા માંડે એ દોષ આવે).

વળી કેવળ સંહાર આરંભનાર મૃત્તિકાપિંડનો (-ઉત્પાદ અને ધ્રૌવ્ય રહિત એકલો વ્યય કરવા જનાર મૃત્તિકાપિંડનો), [4]સંહારકારણના અભાવને લીધે, સંહાર જ ન થાય; અથવા તો સતનો જ ઉચ્છેદ થાય. ત્યાં, (૧) જો મૃત્તિકાપિંડનો સંહાર ન થાય તો બધાય

---

૧. અન્વય = એકરૂપતા; સદૃશતા; 'આ તે જ છે' એવા જ્ઞાનના કારણભૂત એકરૂપપણું.

૨. ઉત્પાદનકારણ = ઉત્પત્તિનું કારણ

૩. વ્યોમપુષ્પ = આકાશનાં ફૂલ

૪. સંહારકારણ = સંહારનું કારણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

भावानामसंहरणिरेव भवेत्; सदुच्छेदे वा संविदादीनामप्युच्छेदः स्यात् । तथा केवलां स्थितिमुपगच्छन्त्या मृत्तिकाया व्यतिरेकाक्रान्तस्थित्यन्वयाभावादस्थानिरेव भवेत्, क्षणिक-नित्यत्वमेव वा । तत्र मृत्तिकाया अस्थानौ सर्वेषामेव भावानामस्थानिरेव भवेत्; क्षणिक-नित्यत्वे वा चित्तक्षणानामपि नित्यत्वं स्यात् । तत उत्तरोत्तरव्यतिरेकाणां सर्गेण पूर्वपूर्व-व्यतिरेकाणां संहारेणान्वयस्यावस्थानेनाविनाभूतमुद्योतमाननिर्विघ्नत्रैलक्षण्यलाञ्छनं द्रव्यमवश्य-मनुमन्तव्यम् ॥ १०० ॥

---

अभावकारणाभावादिति, घटोत्पादाभावे मृत्पिण्डाभावस्य इव । **उप्पादो वि य भंगो ण विणा दव्वेण अत्थेण** परमात्मरुचिरूपसम्यक्त्वस्योत्पादस्तद्विपरीतमिथ्यात्वस्य भङ्गो वा नास्ति । कं विना । तदुभयाधारभूतपरमात्मरूपद्रव्यपदार्थं विना । कस्मात् । द्रव्याभावे व्ययोत्पादाभावान्मृत्तिकाद्रव्याभावे घटोत्पादमृत्पिण्डभङ्गाभाववदिति । यथा सम्यक्त्वमिथ्यात्वपर्यायद्वये परस्परसापेक्षमुत्पादादित्रयं दर्शितं

---

ભાવોનો સંહાર જ ન થાય (અર્થાત્ જેમ મૃત્તિકાપિંડનો વ્યય ન થાય તેમ વિશ્વના કોઈ પણ દ્રવ્યમાં કોઈ પણ ભાવનો વ્યય જ ન થાય એ દોષ આવે); અથવા (૨) જો સત્‌નો ઉચ્છેદ થાય તો ચૈતન્ય વગેરેનો પણ ઉચ્છેદ થાય (અર્થાત્ સર્વ દ્રવ્યોનો સમૂળગો વિનાશ થાય એ દોષ આવે).

વળી [૧]કેવળ સ્થિતિ પ્રાપ્ત કરવા જનારી મૃત્તિકાની, વ્યતિરેકો સહિત સ્થિતિનો —અન્વયનો—તેને અભાવ થવાને લીધે, સ્થિતિ જ ન થાય; અથવા તો ક્ષણિકનું જ નિત્યપણું થાય. ત્યાં, (૧) જો મૃત્તિકાની સ્થિતિ ન થાય તો બધાય ભાવોની સ્થિતિ જ ન થાય (અર્થાત્ જો માટી ધ્રુવ ન રહે—ન ટકે, તો માટીની જેમ વિશ્વનું કોઈ પણ દ્રવ્ય ધ્રુવ જ ન રહે—ટકે જ નહિ એ દોષ આવે); અથવા (૨) જો ક્ષણિકનું નિત્યપણું થાય તો ચિત્તના ક્ષણિક ભાવોનું પણ નિત્યપણું થાય (અર્થાત્ મનનો દરેક વિકલ્પ પણ ત્રિકાળિક ધ્રુવ બને એ દોષ આવે).

માટે દ્રવ્યને [૨]ઉત્તર ઉત્તર વ્યતિરેકોના સર્ગ સાથે, પૂર્વ પૂર્વ વ્યતિરેકોના સંહાર સાથે અને અન્વયના [૩]અવસ્થાન સાથે અવિનાભાવવાળું, જેને નિર્વિઘ્ન (અબાધિત) ત્રિલક્ષણપણારૂપ [૪]લાંછન પ્રકાશમાન છે એવું, અવશ્ય સંમત કરવું. ૧૦૦.

---

૧. કેવળ સ્થિતિ = (ઉત્પાદ અને વ્યય વિનાનું) એકલું ધ્રુવપણું; એકલું ટકવાપણું; એકલું અવસ્થાન. [ અન્વય વ્યતિરેકો સહિત જ હોય છે તેથી ધ્રૌવ્ય ઉત્પાદવ્યયસહિત જ હોય, એકલું હોઈ શકે નહિ. જેમ ઉત્પાદ (અથવા વ્યય) દ્રવ્યનો અંશ છે–સમગ્ર દ્રવ્ય નથી, તેમ ધ્રૌવ્ય પણ દ્રવ્યનો અંશ છે–સમગ્ર દ્રવ્ય નથી. ]

૨. ઉત્તર ઉત્તર = પછી પછીના

૩. અવસ્થાન = ટકવું તે; ધ્રુવ રહેવું તે.

૪. લાંછન = ચિહ્ન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथोत्पादादीनां द्रव्यादर्थान्तरत्वं संहरति—

उप्पादट्ठिदिभंगा विज्जंते पज्जएसु पज्जाया ।
दव्वे हि संति णियदं तम्हा दव्वं हवदि सव्वं ॥१०१॥

उत्पादस्थितिभङ्गा विद्यन्ते पर्यायेषु पर्यायाः ।
द्रव्ये हि सन्ति नियतं तस्माद्द्रव्यं भवति सर्वम् ॥ १०१ ॥

उत्पादव्ययध्रौव्याणि हि पर्यायानालम्बन्ते, ते पुनः पर्याया द्रव्यमालम्बन्ते । ततः समस्तमप्येतदेकमेव द्रव्यं, न पुनर्द्रव्यान्तरम् । द्रव्यं हि तावत्पर्यायैरालम्ब्यते, समुदायिनः समुदायात्मकत्वात्; पादपवत् । यथा हि समुदायी पादपः स्कन्धमूलशाखासमुदायात्मकः

---

तथा सर्वद्रव्यपर्यायेषु द्रष्टव्यमित्यर्थः ॥ १०० ॥ अथोत्पादव्ययध्रौव्याणि द्रव्येण सह परस्पराधाराधेयभावत्वादन्वयद्रव्यार्थिकनयेन द्रव्यमेव भवतीत्युपदिशति—**उप्पादट्ठिदिभंगा** विशुद्धज्ञानदर्शनस्वभावात्मतत्त्वनिर्विकारस्वसंवेदनज्ञानरूपेणोत्पादस्तस्मिन्नेव क्षणे स्वसंवेदनज्ञानविलक्षणाज्ञानपर्यायरूपेण भङ्गः, तदुभयाधारात्मद्रव्यत्वावस्थारूपेण स्थितिरित्युक्तलक्षणास्त्रयो भङ्गाः कर्तारः। **विज्जंते** विद्यन्ते

---

હવે ઉત્પાદાદિકનું દ્રવ્યથી અર્થાંતરપણું નષ્ટ કરે છે (અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય દ્રવ્યથી જુદા પદાર્થો નથી એમ સિદ્ધ કરે છે):—

ઉત્પાદ તેમ જ ધ્રૌવ્ય ને સંહાર વર્તે પર્યયે,
ને પર્યયો દ્રવ્યે નિયમથી, સર્વ તેથી દ્રવ્ય છે. ૧૦૧.

**અન્વયાર્થ:**—[ उत्पादस्थितिभङ्गाः ] ઉત્પાદ, સ્થિતિ અને ભંગ [ पर्यायेषु ] પર્યાયોમાં [ विद्यन्ते ] વર્તે છે; [ पर्यायाः ] પર્યાયો [ नियतं ] નિયમથી [ द्रव्ये हि सन्ति ] દ્રવ્યમાં હોય છે, [ तस्मात् ] તેથી [ सर्वं ] (તે) બધુંય [ द्रव्यं भवति ] દ્રવ્ય છે.

**ટીકા:**—ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ખરેખર પર્યાયોને આલંબે છે અને તે પર્યાયો દ્રવ્યને આલંબે છે (અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પર્યાયોના આશ્રયે છે અને પર્યાયો દ્રવ્યના આશ્રયે છે); તેથી આ બધુંય એક જ દ્રવ્ય છે, દ્રવ્યાંતર નથી.

પ્રથમ તો દ્રવ્ય પર્યાયો વડે આલંબાય છે (અર્થાત્ પર્યાયો દ્રવ્યને આશ્રિત છે) કારણ કે *સમુદાયી સમુદાયસ્વરૂપ હોય છે; વૃક્ષની માફક. જેમ સમુદાયી વૃક્ષ સ્કંધ, મૂળ

---

* સમુદાયી = સમુદાયવાળું, સમુદાયનું (જથ્થાનું) બનેલું. (દ્રવ્ય સમુદાયી છે કારણ કે પર્યાયોના સમુદાયસ્વરૂપ છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्कन्धमूलशाखाभिरालम्बित एव प्रतिभाति, तथा समुदायि द्रव्यं पर्यायसमुदायात्मकं पर्यायैरालम्बितमेव प्रतिभाति। पर्यायास्तूत्पादव्ययध्रौव्यैरालम्ब्यन्ते, उत्पादव्ययध्रौव्याणामंशधर्मत्वात्; बीजाङ्कुरपादपत्ववत्। यथा किलांशिनः पादपस्य बीजाङ्कुरपादपत्वलक्षणास्त्रयोंऽशा भङ्गोत्पादध्रौव्यलक्षणैरात्मधर्मैरालम्बिताः सममेव प्रतिभान्ति, तथांशिनो द्रव्यस्योच्छिद्यमानोत्पद्यमानावतिष्ठमानभावलक्षणास्त्रयोंऽशा भङ्गोत्पादध्रौव्यलक्षणैरात्मधर्मैरालम्बिताः सममेव प्रतिभान्ति। यदि पुनर्भङ्गोत्पादध्रौव्याणि द्रव्यस्यैवेष्यन्ते तदा समग्रमेव विप्लवते। तथा हि— भङ्गे तावत् क्षणभङ्गकटाक्षितानामेकक्षण एव सर्वद्रव्याणां संहरणाद्द्रव्यशून्यतावतारः सदुच्छेदो वा। उत्पादे तु प्रतिसमयोत्पादमुद्रितानां प्रत्येकं द्रव्याणामानन्त्यमसदुत्पादो वा।

---

तिष्ठन्ति। केषु। **पज्जएसु** सम्यक्त्वपूर्वकनिर्विकारस्वसंवेदनज्ञानपर्याये तावदुत्पादस्तिष्ठति स्वसंवेदनज्ञानविलक्षणाज्ञानपर्यायरूपेण भङ्गस्तदुभयाधारात्मद्रव्यत्वावस्थारूपपर्यायेण ध्रौव्यं चेत्युक्तलक्षणस्वकीयस्वकीयपर्यायेषु। **पज्जाया दव्वं हि संति** ते चोक्तलक्षणज्ञानाज्ञानतदुभयाधारात्मद्रव्यत्वावस्थारूपपर्याया हि

---

અને શાખાઓના સમુદાયસ્વરૂપ હોવાથી સ્કંધ, મૂળ અને શાખાઓથી આલંબિત જ ભાસે છે (જોવામાં આવે છે), તેમ સમુદાયી દ્રવ્ય પર્યાયોના સમુદાયસ્વરૂપ હોવાથી પર્યાયો વડે આલંબિત જ ભાસે છે (અર્થાત્ જેમ થડ, મૂળ અને ડાળીઓ વૃક્ષના આશ્રયે જ છે—વૃક્ષથી ભિન્નપદાર્થરૂપ નથી, તેમ પર્યાયો દ્રવ્યના આશ્રયે જ છે—દ્રવ્યથી ભિન્ન પદાર્થરૂપ નથી).

અને પર્યાયો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે આલંબાય છે (અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પર્યાયોને આશ્રિત છે) કારણ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અંશોના ધર્મો છે (—[1]અંશીના ધર્મો નથી); બીજ, અંકુર અને વૃક્ષત્વની માફક. જેમ અંશી એવા વૃક્ષના બીજ-અંકુર-વૃક્ષત્વસ્વરૂપ ત્રણ અંશો ભંગ-ઉત્પાદ-ધ્રૌવ્યસ્વરૂપ નિજ ધર્મો વડે આલંબિત એકીસાથે જ ભાસે છે, તેમ અંશી એવા દ્રવ્યના, નષ્ટ થતો ભાવ, ઊપજતો ભાવ અને અવસ્થિત રહેતો ભાવ એ ત્રણ અંશો ભંગ-ઉત્પાદ-ધ્રૌવ્યસ્વરૂપ નિજ ધર્મો વડે આલંબિત એકીસાથે જ ભાસે છે. પરંતુ જો (ભંગ-ઉત્પાદ-ધ્રૌવ્ય અંશોનાં નહિ માનતાં) (૧) ભંગ, (૨) ઉત્પાદ અને (૩) ધ્રૌવ્ય દ્રવ્યનાં જ માનવામાં આવે, તો બધુંય [2]વિપ્લવ પામે. તે આ પ્રમાણે: (૧) પ્રથમ, જો દ્રવ્યનો જ ભંગ માનવામાં આવે તો [3]ક્ષણભંગથી લક્ષિત સર્વ દ્રવ્યોનો એક ક્ષણમાં જ સંહાર થવાથી દ્રવ્યશૂન્યતા આવે અથવા સતનો ઉચ્છેદ થાય. (૨) જો દ્રવ્યનો જ ઉત્પાદ માનવામાં આવે તો સમયે સમયે થતા ઉત્પાદ વડે ચિહ્નિત એવાં દ્રવ્યોને પ્રત્યેકને અનંતપણું

---

૧. અંશી = અંશોવાળું; અંશોનું બનેલું. (દ્રવ્ય અંશી છે.)
૨. વિપ્લવ = અંધાધૂંધી; ઊથલપાથલ; ગોટાળો; વિરોધ.
૩. ક્ષણભંગથી લક્ષિત = ક્ષણવિનાશ જેમનું લક્ષણ હોય એવાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ध्रौव्ये तु क्रमभुवां भावानामभावाद्द्रव्यस्याभावः क्षणिकत्वं वा । अत उत्पादव्ययध्रौव्यैरालम्ब्यन्तां पर्यायाः पर्यायैश्च द्रव्यमालम्ब्यतां, येन समस्तमप्येतदेकमेव द्रव्यं भवति ॥ १०१ ॥

अथोत्पादादीनां क्षणभेदमुदस्य द्रव्यत्वं द्योतयति—

**समवेदं खलु दव्वं संभवठिदिणाससण्णिदट्ठेहिं ।**
**एक्कम्मि चेव समये तम्हा दव्वं खु तत्तिदयं ॥ १०२ ॥**

---

स्फुटं द्रव्यं सन्ति । **णियदं** निश्चितं प्रदेशाभेदेऽपि स्वकीयस्वकीयसंज्ञालक्षणप्रयोजनादिभेदेन । **तम्हा दव्वं हवदि सव्वं** यतो निश्चयाधाराधेयभावेन तिष्ठन्त्युत्पादादयस्तस्मात्कारणादुत्पादादित्रयं स्वसंवेदन-

---

આવે ( અર્થાત્ સમયે સમયે થતો ઉત્પાદ જેનું ચિહ્ન હોય એવું દરેક દ્રવ્ય અનંતદ્રવ્યપણું પામે ) અથવા અસત્‌નો ઉત્પાદ થાય. (૩) જો દ્રવ્યનું જ ધ્રૌવ્ય માનવામાં આવે તો ક્રમે થતા ભાવોના અભાવને લીધે દ્રવ્યનો અભાવ આવે અથવા ક્ષણિકપણું થાય.

માટે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે પર્યાયો આલંબિત હો અને પર્યાયો વડે દ્રવ્ય આલંબિત હો કે જેથી આ બધુંય એક જ દ્રવ્ય હોય.

**ભાવાર્થઃ**—બીજ, અંકુર અને વૃક્ષત્વ એ વૃક્ષના અંશો છે. બીજનો નાશ, અંકુરનો ઉત્પાદ અને વૃક્ષત્વનું ધ્રૌવ્ય (ધ્રુવપણું) ત્રણે એકીસાથે છે. આ રીતે નાશ બીજને આશ્રિત છે, ઉત્પાદ અંકુરને આશ્રિત છે અને ધ્રૌવ્ય વૃક્ષત્વને આશ્રિત છે; નાશ-ઉત્પાદ-ધ્રૌવ્ય બીજ-અંકુર-વૃક્ષત્વથી ભિન્ન પદાર્થરૂપ નથી. વળી બીજ-અંકુર-વૃક્ષત્વ પણ વૃક્ષથી ભિન્ન પદાર્થરૂપ નથી. માટે આ બધાંય, એક વૃક્ષ જ છે. એ જ પ્રમાણે નષ્ટ થતો ભાવ, ઊપજતો ભાવ અને ટકતો ભાવ એ દ્રવ્યના અંશો છે. નષ્ટ થતા ભાવનો નાશ, ઊપજતા ભાવનો ઉત્પાદ અને ટકતા ભાવનું ધ્રૌવ્ય એકીસાથે છે. આ રીતે નાશ નષ્ટ થતા ભાવને આશ્રિત છે, ઉત્પાદ ઊપજતા ભાવને આશ્રિત છે અને ધ્રૌવ્ય ટકતા ભાવને આશ્રિત છે; નાશ-ઉત્પાદ-ધ્રૌવ્ય તે ભાવોથી ભિન્ન પદાર્થરૂપ નથી. વળી તે ભાવો પણ દ્રવ્યથી ભિન્ન પદાર્થરૂપ નથી. માટે આ બધાંય, એક દ્રવ્ય જ છે. ૧૦૧.

હવે ઉત્પાદાદિકનો ક્ષણભેદ [1]નિરસ્ત કરીને તેઓ દ્રવ્ય છે એમ સમજાવે છેઃ—

**ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશસંજ્ઞિત અર્થ સહ સમવેત છે**
**એક જ સમયમાં દ્રવ્ય નિશ્ચય, તેથી એ ત્રિક દ્રવ્ય છે. ૧૦૨.**

---

૧. નિરસ્ત કરીને = દૂર કરીને; નષ્ટ કરીને; ખંડિત કરીને; નિરાકૃત કરીને.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



समवेतं खलु द्रव्यं संभवस्थितिनाशसंज्ञितार्थैः ।
एकस्मिन् चैव समये तस्माद्द्रव्यं खलु तत्त्रितयम् ॥ १०२ ॥

इह हि यो नाम वस्तुनो जन्मक्षणः स जन्मनैव व्याप्तत्वात् स्थितिक्षणो नाशक्षणश्च न भवति । यश्च स्थितिक्षणः स खलूभयोरन्तरालदुर्ललितत्वाज्जन्मक्षणो नाशक्षणश्च न भवति । यश्च नाशक्षणः स तूत्पद्यावस्थाय च नश्यतो जन्मक्षणः स्थितिक्षणश्च न भवति । इत्युत्पादादीनां वितर्क्यमाणः क्षणभेदो हृदयभूमिमवतरति । अवतरत्येवं यदि

---

ज्ञानादिपर्यायत्रयं चान्वयद्रव्यार्थिकनयेन सर्वं द्रव्यं भवति । पूर्वोक्तोत्पादादित्रयस्य तथैव स्वसंवेदनज्ञानादिपर्यायत्रयस्य चानुगताकारेणान्वयरूपेण यदाधारभूतं तदन्वयद्रव्यं भण्यते, तद्विषयो यस्य स भवत्यन्वयद्रव्यार्थिकनयः। यथेदं ज्ञानाज्ञानपर्यायद्वये भङ्गत्रयं व्याख्यातं तथापि सर्वद्रव्यपर्यायेषु यथासंभवं ज्ञातव्यमित्यभिप्रायः ॥ १०१ ॥ अथोत्पादादीनां पुनरपि प्रकारान्तरेण द्रव्येण सहाभेदं समर्थयति समयभेदं च निराकरोति—**समवेदं खलु दव्वं** समवेतमेकीभूतमभिन्नं भवति खलु स्फुटम् । किम् । आत्मद्रव्यम् । कैः सह । **संभवठिदिणाससण्णिदट्ठेहिं** सम्यक्त्वज्ञानपूर्वकनिश्चलनिर्विकारनिजात्मानुभूतिलक्षणवीतरागचारित्रपर्यायेणोत्पादः तथैव रागादिपरद्रव्यैकत्वपरिणतिरूपचारित्रपर्यायेण नाशस्तदुभया-

---

**અન્વયાર્થઃ**—[ द्रव्यं ] દ્રવ્ય [ एकस्मिन् च एव समये ] એક જ સમયમાં [ संभवस्थितिनाशसंज्ञितैः अर्थैः ] ઉત્પાદ, સ્થિતિ અને નાશ નામના [1]અર્થો સાથે [ खलु ] ખરેખર [ समवेतं ] [2]સમવેત ( એકમેક ) છે; [ तस्मात् ] તેથી [ तत् त्रितयं ] એ [3]ત્રિક [ खलु ] ખરેખર [ द्रव्यं ] દ્રવ્ય છે.

**ટીકાઃ**—(પ્રથમ શંકા ઉપસ્થિત કરવામાં આવે છેઃ) અહીં (વિશ્વમાં), વસ્તુની જે જન્મક્ષણ હોય તે, જન્મથી જ વ્યાપ્ત હોવાથી, સ્થિતિક્ષણ અને નાશક્ષણ ન હોય ( -જુદી હોય ); જે સ્થિતિક્ષણ હોય તે, બન્નેના અંતરાળમાં ( અર્થાત્ ઉત્પાદક્ષણ અને નાશક્ષણની વચ્ચે ) દૃઢપણે રહેતી હોવાથી, જન્મક્ષણ અને નાશક્ષણ ન હોય; અને જે નાશક્ષણ હોય તે, વસ્તુ ઊપજીને અને ટકીને પછી નાશ પામતી હોવાથી, જન્મક્ષણ અને સ્થિતિક્ષણ ન હોય. —આમ દલીલથી વિચારતાં ઉત્પાદાદિકનો ક્ષણભેદ હૃદયભૂમિમાં ઊતરે છે ( અર્થાત્ ઉત્પાદનો સમય, સ્થિતિનો સમય અને નાશનો સમય ભિન્નભિન્ન હોય, એક ન હોય—એમ વાત હૃદયમાં બેસે છે ).

---

૧. અર્થો = પદાર્થો. ( ૮૭ મી ગાથામાં સમજાવ્યા પ્રમાણે પર્યાય પણ અર્થ છે.)

૨. સમવેત = સમવાયવાળું; તાદાત્મ્યપૂર્વક જોડાયેલું; એકમેક.

૩. ત્રિક = ત્રણનો સમુદાય. ( ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણનો સમુદાય ખરેખર દ્રવ્ય જ છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



द्रव्यमात्मनैवोत्पद्यते आत्मनैवावतिष्ठते आत्मनैव नश्यतीत्यभ्युपगम्यते । तत्तु नाभ्युपगतम् । पर्यायाणामेवोत्पादादयः, कुतः क्षणभेदः । तथा हि—यथा कुलालदण्डचक्रचीवरारोप्यमाण-संस्कारसन्निधौ य एव वर्धमानस्य जन्मक्षणः स एव मृत्पिण्डस्य नाशक्षणः स एव च कोटि-द्वयाधिरूढस्य मृत्तिकात्वस्य स्थितिक्षणः, तथा अन्तरङ्गबहिरङ्गसाधनारोप्यमाणसंस्कारसन्निधौ य एवोत्तरपर्यायस्य जन्मक्षणः स एव प्राक्तनपर्यायस्य नाशक्षणः स एव च कोटिद्वयाधि-रूढस्य द्रव्यत्वस्य स्थितिक्षणः । यथा च वर्धमानमृत्पिण्डमृत्तिकात्वेषु प्रत्येकवर्तीन्यप्युत्पादव्यय-ध्रौव्याणि त्रिस्वभावस्पर्शिन्यां मृत्तिकायां सामस्त्येनैकसमय एवावलोक्यन्ते, तथा उत्तरप्राक्तन-

---

धारात्मद्रव्यत्वावस्थारूपपर्यायेण स्थितिरित्युक्तलक्षणसंज्ञितोत्पादव्ययध्रौव्यैः सह । तर्हि किं बौद्धमत-वद्भिन्नभिन्नसमये त्रयं भविष्यति । नैवम् । **एक्कम्मि चेव समये** अङ्गुलिद्रव्यस्य वक्रपर्यायवत्संसारि-जीवस्य मरणकाले ऋजुगतिवत् क्षीणकषायचरमसमये केवलज्ञानोत्पत्तिवदयोगिचरमसमये मोक्षवच्चेत्ये-कस्मिन्समय एव । **तम्हा दव्वं खु तत्तिदयं** यस्मात्पूर्वोक्तप्रकारेणैकसमये भङ्गत्रयेण परिणमति तस्मात्संज्ञालक्षणप्रयोजनादिभेदेऽपि प्रदेशानामभेदात्त्रयमपि खु स्फुटं द्रव्यं भवति । अथेदं चारित्रा-

---

(હવે ઉપરની શંકાનું સમાધાન કરવામાં આવે છે:) એ પ્રમાણે ઉત્પાદાદિકનો ક્ષણભેદ હૃદયભૂમિમાં તો જ ઊતરે, 'જો દ્રવ્ય પોતે જ ઊપજે છે, પોતે જ અવસ્થિત રહે છે (-ટકે છે) અને પોતે જ નાશ પામે છે' એમ સ્વીકારવામાં આવતું હોય. પરંતુ તે તો સ્વીકારવામાં આવ્યું નથી. પર્યાયોનાં જ ઉત્પાદાદિક છે (એમ સ્વીકારવામાં અને સિદ્ધ કરવામાં આવ્યું છે); ત્યાં ક્ષણભેદ ક્યાંથી હોય? (ન જ હોય.) તે સમજાવવામાં આવે છે:

જેમ કુંભાર, દંડ, ચક્ર (ચાકડો) અને દોરી વડે કરવામાં આવતા સંસ્કારની હાજરીમાં, જે રામપાત્રની જન્મક્ષણ હોય છે, તે જ મૃત્તિકાપિંડની નાશક્ષણ હોય છે અને તે જ બન્ને [1]કોટિમાં રહેલા માટીપણાની સ્થિતિક્ષણ હોય છે; તેમ અંતરંગ અને બહિરંગ સાધનો વડે કરવામાં આવતા સંસ્કારની હાજરીમાં, જે ઉત્તર પર્યાયની જન્મક્ષણ હોય છે, તે જ પૂર્વ પર્યાયની નાશક્ષણ હોય છે અને તે જ બન્ને કોટિમાં રહેલા દ્રવ્યપણાની સ્થિતિક્ષણ હોય છે.

વળી જેમ રામપાત્રમાં, મૃત્તિકાપિંડમાં અને માટીપણામાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય પ્રત્યેકપણે (એકેક છૂટાંછૂટાં) વર્તતાં હોવા છતાં ત્રિસ્વભાવસ્પર્શી માટીમાં તેઓ સમસ્તપણે (બધાંય ભેગાં) એક સમયમાં જ જોવામાં આવે છે; તેમ ઉત્તર પર્યાયમાં, પૂર્વ પર્યાયમાં

---

૧. કોટિ = પ્રકાર. (માટીપણું તો પિંડરૂપ પ્રકારમાં તેમ જ રામપાત્રરૂપ પ્રકારમાં-બન્ને પ્રકારમાં રહેલું છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पर्यायद्रव्यत्वेषु प्रत्येकवर्तीन्यप्युत्पादव्ययध्रौव्याणि त्रिस्वभावस्पर्शिनि द्रव्ये सामस्त्येनैकसमय एवावलोक्यन्ते । यथैव च वर्धमानपिण्डमृत्तिकात्ववर्तीन्युत्पादव्ययध्रौव्याणि मृत्तिकैव, न वस्त्वन्तरं; तथैवोत्तरप्राक्तनपर्यायद्रव्यत्ववर्तीन्यप्युत्पादव्ययध्रौव्याणि द्रव्यमेव, न खल्वर्थान्तरम् ॥ १०२ ॥

अथ द्रव्यस्योत्पादव्ययध्रौव्याण्यनेकद्रव्यपर्यायद्वारेण चिन्तयति—

पाडुब्भवदि य अण्णो पज्जाओ पज्जओ वयदि अण्णो ।
दव्वस्स तं पि दव्वं णेव पणट्ठं ण उप्पण्णं ॥ १०३ ॥

प्रादुर्भवति चान्यः पर्यायः पर्यायो व्येति अन्यः ।
द्रव्यस्य तदपि द्रव्यं नैव प्रणष्टं नोत्पन्नम् ॥ १०३ ॥

---

चारित्रपर्यायद्वये भङ्गत्रयमभेदेन दर्शितं तथा सर्वद्रव्यपर्यायेष्ववबोद्धव्यमित्यर्थः ॥ १०२ ॥ एवमुत्पादव्ययध्रौव्यरूपलक्षणव्याख्यानमुख्यतया गाथात्रयेण तृतीयस्थलं गतम् । अथ द्रव्यपर्यायेणोत्पादव्ययध्रौव्याणि दर्शयति—**पाडुब्भवदि य** प्रादुर्भवति च जायते । **अण्णो** अन्यः कश्चिदपूर्वानन्तज्ञान-

---

અને દ્રવ્યપણામાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય પ્રત્યેકપણે (એકેક) વર્તતાં હોવા છતાં [1]ત્રિસ્વભાવસ્પર્શી દ્રવ્યમાં તેઓ સમસ્તપણે ( ત્રણે ભેગાં ) એક સમયમાં જ જોવામાં આવે છે.

વળી જેવી રીતે રામપાત્ર, મૃત્તિકાપિંડ અને માટીપણામાં વર્તનારાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય માટી જ છે, અન્ય વસ્તુ નથી; તેવી જ રીતે ઉત્તર પર્યાય, પૂર્વ પર્યાય અને દ્રવ્યપણામાં વર્તનારાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય દ્રવ્ય જ છે, અન્ય પદાર્થ નથી. ૧૦૨.

હવે દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય [2]અનેકદ્રવ્યપર્યાયદ્વારા વિચારે છેઃ—

ઊપજે દરવનો અન્ય પર્યય, અન્ય કો વિણસે વળી,
પણ દ્રવ્ય તો નથી નષ્ટ કે ઉત્પન્ન દ્રવ્ય નથી તહીં. ૧૦૩.

**અન્વયાર્થઃ**—[ द्रव्यस्य ] દ્રવ્યનો [ अन्यः पर्यायः ] અન્ય પર્યાય [ प्रादुर्भवति ] ઉત્પન્ન થાય છે [ च ] અને [ अन्यः पर्यायः ] કોઈ અન્ય પર્યાય [ व्येति ] નષ્ટ થાય છે; [ तद् अपि ] પરંતુ [ द्रव्यं ] દ્રવ્ય તો [ प्रणष्टं न एव ] નષ્ટ પણ નથી, [ उत्पन्नं न ] ઉત્પન્ન પણ નથી ( ધ્રુવ છે ).

---

૧. ત્રિસ્વભાવસ્પર્શી = ત્રણે સ્વભાવને સ્પર્શનારું. (દ્રવ્ય ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે સ્વભાવને ધારે છે.)
૨. અનેકદ્રવ્યપર્યાય = એકથી વધારે દ્રવ્યોના સંયોગથી થતો પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इह हि यथा किलैकस्त्र्यणुकः समानजातीयोऽनेकद्रव्यपर्यायो विनश्यत्यन्यश्चतुरणुकः प्रजायते, ते तु त्रयश्चत्वारो वा पुद्गला अविनष्टानुत्पन्ना एवावतिष्ठन्ते; तथा सर्वेऽपि समानजातीया द्रव्यपर्याया विनश्यन्ति प्रजायन्ते च, समानजातीनि द्रव्याणि त्वविनष्टानुत्पन्नान्येवावतिष्ठन्ते । यथा चैको मनुष्यत्वलक्षणोऽसमानजातीयो द्रव्यपर्यायो विनश्यत्यन्यस्त्रिदशत्वलक्षणः प्रजायते, तौ च जीवपुद्गलौ अविनष्टानुत्पन्नावेवावतिष्ठेते; तथा सर्वेऽप्यसमानजातीया द्रव्यपर्याया विनश्यन्ति प्रजायन्ते च, असमानजातीनि द्रव्याणि त्वविनष्टानुत्पन्नान्येवावतिष्ठन्ते । एवमात्मना ध्रुवाणि द्रव्यपर्यायद्वारेणोत्पादव्ययीभूतान्युत्पादव्ययध्रौव्याणि द्रव्याणि भवन्ति ॥ १०३ ॥

---

सुखादिगुणास्पदभूतः शाश्वतिकः । स कः । **पज्जाओ** परमात्मावाप्तिरूपः स्वभावद्रव्यपर्यायः। **पज्जओ वयदि अण्णो** पर्यायो व्येति विनश्यति । कथंभूतः । अन्यः पूर्वोक्तमोक्षपर्यायाद्भिन्नो निश्चयरत्नत्रयात्मकनिर्विकल्पसमाधिरूपस्यैव मोक्षपर्यायस्योपादानकारणभूतः । कस्य संबन्धी पर्यायः । **दव्वस्स** परमात्मद्रव्यस्य । **तं पि दव्वं** तदपि परमात्मद्रव्यं **णेव पणट्ठं ण उप्पण्णं** शुद्धद्रव्यार्थिकनयेन नैव नष्टं न चोत्पन्नम् । अथवा संसारिजीवापेक्षया देवादिरूपो विभावद्रव्यपर्यायो जायते मनुष्यादिरूपो विनश्यति तदेव जीवद्रव्यं निश्चयेन न चोत्पन्नं न च विनष्टं, पुद्गलद्रव्यं वा द्व्यणुकादिस्कन्धरूपस्वजातीयविभावद्रव्यपर्यायाणां विनाशोत्पादेऽपि निश्चयेन न चोत्पन्नं न च विनष्टमिति । ततः स्थितं यतः कारणादुत्पादव्ययध्रौव्यरूपेण द्रव्यपर्यायाणां विनाशोत्पादेऽपि द्रव्यस्य विनाशो

---

ટીકા:—અહીં (વિશ્વમાં) જેમ એક ત્રિ-અણુક સમાનજાતીય અનેકદ્રવ્યપર્યાય વિનષ્ટ થાય છે અને બીજો *ચતુરણુક (સમાનજાતીય અનેકદ્રવ્યપર્યાય) ઉત્પન્ન થાય છે પરંતુ તે ત્રણ કે ચાર પુદ્ગલો (પરમાણુઓ) તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે (-ધ્રુવ છે), તેમ બધાય સમાનજાતીય દ્રવ્યપર્યાયો વિનષ્ટ થાય છે અને ઉત્પન્ન થાય છે પરંતુ સમાનજાતિ દ્રવ્યો તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે (-ધ્રુવ છે).

વળી જેમ એક મનુષ્યત્વસ્વરૂપ અસમાનજાતીય દ્રવ્યપર્યાય વિનષ્ટ થાય છે અને બીજો દેવત્વસ્વરૂપ (અસમાનજાતીય દ્રવ્યપર્યાય) ઉત્પન્ન થાય છે પરંતુ તે જીવ ને પુદ્ગલ તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે, તેમ બધાય અસમાનજાતીય દ્રવ્યપર્યાયો વિનષ્ટ થાય છે અને ઉત્પન્ન થાય છે પરંતુ અસમાનજાતિ દ્રવ્યો તો અવિનષ્ટ અને અનુત્પન્ન જ રહે છે.

આ પ્રમાણે પોતાથી (અર્થાત્ [1]દ્રવ્યપણે) ધ્રુવ અને દ્રવ્યપર્યાયો દ્વારા ઉત્પાદવ્યયરૂપ એવાં [1]દ્રવ્યો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે. ૧૦૩.

---

* ચતુરણુક = ચાર અણુઓનો (પરમાણુઓનો) બનેલો સ્કંધ

૧. 'દ્રવ્ય' શબ્દ મુખ્યપણે બે અર્થમાં વપરાય છે: (૧) એક તો, સામાન્યવિશેષના પિંડને અર્થાત્ વસ્તુને દ્રવ્ય કહેવામાં આવે છે; જેમ કે—'દ્રવ્ય ઉત્પાદવ્યયધ્રૌવ્યસ્વરૂપ છે.' (૨) બીજું, વસ્તુના સામાન્ય અંશને પણ દ્રવ્ય કહેવામાં આવે છે; જેમ કે—'દ્રવ્યાર્થિક નય' અર્થાત્ સામાન્યઅંશગ્રાહી નય. જ્યાં જે અર્થ ઘટતો હોય ત્યાં તે અર્થ સમજવો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ द्रव्यस्योत्पादव्ययध्रौव्याण्येकद्रव्यपर्यायद्वारेण चिन्तयति—

परिणमदि सयं दव्वं गुणदो य गुणंतरं सदविसिट्ठं ।
तम्हा गुणपज्जाया भणिया पुण दव्वमेव त्ति ॥ १०४ ॥

परिणमति स्वयं द्रव्यं गुणतश्च गुणान्तरं सदविशिष्टम् ।
तस्माद्गुणपर्याया भणिताः पुनः द्रव्यमेवेति ॥ १०४ ॥

एकद्रव्यपर्याया हि गुणपर्यायाः, गुणपर्यायाणामेकद्रव्यत्वात् । एकद्रव्यत्वं हि तेषां सहकारफलवत् । यथा किल सहकारफलं स्वयमेव हरितभावात् पाण्डुभावं परिणमत्पूर्वोत्तरप्रवृत्तहरितपाण्डुभावाभ्यामनुभूतात्मसत्ताकं हरितपाण्डुभावाभ्यां सममविशिष्टसत्ताक-

---

नास्ति, ततः कारणाद्द्रव्यपर्याया अपि द्रव्यलक्षणं भवन्तीत्यभिप्रायः ॥ १०३ ॥ अथ द्रव्यस्योत्पादव्ययध्रौव्याणि गुणपर्यायमुख्यत्वेन प्रतिपादयति—**परिणमदि सयं दव्वं** परिणमति स्वयं स्वयमेवोपादानकारणभूतं जीवद्रव्यं कर्तृ । कं परिणमति । **गुणदो य गुणंतरं** निरुपरागस्वसंवेदनज्ञानगुणात्

---

હવે દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એકદ્રવ્યપર્યાયદ્વારા વિચારે છેઃ—

અવિશિષ્ટસત્ત્વ સ્વયં દરવ ગુણથી ગુણાંતર પરિણમે,
તેથી વળી દ્રવ્ય જ કહ્યા છે સર્વગુણપર્યાયને. ૧૦૪.

**અન્વયાર્થઃ**—[ सदविशिष्टं ] સત્તા-અપેક્ષાએ અવિશિષ્ટપણે, [ द्रव्यं स्वयं ] દ્રવ્ય પોતે જ [ गुणतः च गुणान्तरं ] ગુણમાંથી ગુણાંતરે [परिणमति] પરિણમે છે (અર્થાત્ દ્રવ્ય પોતે જ એક ગુણપર્યાયમાંથી અન્ય ગુણપર્યાયે પરિણમે છે અને તેની સત્તા ગુણપર્યાયોની સત્તા સાથે અવિશિષ્ટ—અભિન્ન—એક જ રહે છે), [तस्मात् पुनः] તેથી વળી [गुणपर्यायाः] ગુણપર્યાયો [ द्रव्यम् एव इति भणिताः ] દ્રવ્ય જ કહેવામાં આવ્યા છે.

**ટીકાઃ**—ગુણપર્યાયો એકદ્રવ્યપર્યાયો છે, કારણ કે ગુણપર્યાયોને એકદ્રવ્યપણું છે (અર્થાત્ ગુણપર્યાયો એક દ્રવ્યના પર્યાયો છે કારણ કે તેઓ એક જ દ્રવ્ય છે—ભિન્ન ભિન્ન દ્રવ્યો નથી). તેમનું એક દ્રવ્યપણું આમ્રફળની માફક છે. (તે આ પ્રમાણેઃ) જેમ આમ્રફળ પોતે જ હરિતભાવમાંથી પીતભાવે પરિણમતું થકું, પહેલાં અને પછી પ્રવર્તતા એવા [1]હરિતભાવ અને [2]પીતભાવ વડે પોતાની સત્તા અનુભવતું હોવાને લીધે, હરિતભાવ

---

૧. હરિતભાવ = લીલો ભાવ; લીલી અવસ્થા; લીલાપણું.
૨. પીતભાવ = પીળો ભાવ; પીળી દશા; પીળાપણું. (પહેલાં કેરીની લીલી અવસ્થા હોય છે, પછી પીળી થાય છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यैकमेव वस्तु, न वस्त्वन्तरं; तथा द्रव्यं स्वयमेव पूर्वावस्थावस्थितगुणादुत्तरावस्थावस्थितगुणं परिणमत्पूर्वोत्तरावस्थावस्थितगुणाभ्यां ताभ्यामनुभूतात्मसत्ताकं पूर्वोत्तरावस्थावस्थितगुणाभ्यां सममविशिष्टसत्ताकतयैकमेव द्रव्यं, न द्रव्यान्तरम् । यथैव चोत्पद्यमानं पाण्डुभावेन व्ययमानं हरितभावेनावतिष्ठमानं सहकारफलत्वेनोत्पादव्ययध्रौव्याण्येकवस्तुपर्यायद्वारेण सहकारफलं, तथैवोत्पद्यमानमुत्तरावस्थावस्थितगुणेन व्ययमानं पूर्वावस्थावस्थितगुणेनावतिष्ठमानं द्रव्यत्वगुणेनोत्पादव्ययध्रौव्याण्येकद्रव्यपर्यायद्वारेण द्रव्यं भवति ॥ १०४ ॥

---

केवलज्ञानोत्पत्तिबीजभूतात्सकाशात्सकलविमलकेवलज्ञानगुणान्तरम् । कथंभूतं सत्परिणमति । **सदविसिट्ठं** स्वकीयस्वरूपत्वाच्चिद्रूपास्तित्वादविशिष्टमभिन्नम् । **तम्हा गुणपज्जाया भणिया पुण दव्वमेव त्ति** तस्मात् कारणान्न केवलं पूर्वसूत्रोदिताः द्रव्यपर्यायाः द्रव्यं भवन्ति, गुणरूपपर्याया गुणपर्याया भण्यन्ते तेऽपि द्रव्यमेव भवन्ति । अथवा संसारिजीवद्रव्यं मतिस्मृत्यादिविभावगुणं त्यक्त्वा श्रुतज्ञानादि-

---

અને પીતભાવની સાથે [૧]અવિશિષ્ટસત્તાવાળું હોવાથી એક જ વસ્તુ છે, અન્ય વસ્તુ નથી; તેમ દ્રવ્ય પોતે જ [૨]પૂર્વ અવસ્થાએ અવસ્થિત ગુણમાંથી ઉત્તર અવસ્થાએ અવસ્થિત ગુણે પરિણમતું થકું, પૂર્વ અને ઉત્તર અવસ્થાએ અવસ્થિત તે ગુણો વડે પોતાની સત્તા અનુભવતું હોવાને લીધે, પૂર્વ અને ઉત્તર અવસ્થાએ અવસ્થિત ગુણો સાથે અવિશિષ્ટસત્તાવાળું હોવાથી એક જ દ્રવ્ય છે, દ્રવ્યાંતર નથી. (કેરીના દ્રષ્ટાંતની જેમ, દ્રવ્ય પોતે જ ગુણના પૂર્વ પર્યાયમાંથી ઉત્તર પર્યાયે પરિણમતું થકું, પૂર્વ અને ઉત્તર ગુણપર્યાયો વડે પોતાની હયાતી અનુભવતું હોવાને લીધે, પૂર્વ અને ઉત્તર ગુણપર્યાયો સાથે અભિન્ન હયાતી હોવાથી એક જ દ્રવ્ય છે, દ્રવ્યાંતર નથી; અર્થાત્ તે તે ગુણપર્યાયો અને દ્રવ્ય એક જ દ્રવ્યરૂપ છે, ભિન્નભિન્ન દ્રવ્યો નથી.)

વળી જેમ પીતભાવે ઊપજતું, હરિતભાવથી નષ્ટ થતું અને આમ્રફળપણે ટકતું હોવાથી, આમ્રફળ એક વસ્તુના પર્યાય દ્વારા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે, તેમ ઉત્તર અવસ્થાએ અવસ્થિત ગુણે ઊપજતું, પૂર્વ અવસ્થાએ અવસ્થિત ગુણથી નષ્ટ થતું અને દ્રવ્યત્વગુણે ટકતું હોવાથી, દ્રવ્ય એકદ્રવ્યપર્યાયદ્વારા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે.

ભાવાર્થ:—આના પહેલાંની ગાથામાં દ્રવ્યપર્યાયદ્વારા (અનેકદ્રવ્યપર્યાયદ્વારા) દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બતાવવામાં આવ્યાં હતાં. આ ગાથામાં ગુણપર્યાયદ્વારા (એકદ્રવ્યપર્યાયદ્વારા) દ્રવ્યનાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બતાવ્યાં છે. ૧૦૪.

---

૧. અવિશિષ્ટસત્તાવાળું = અભિન્ન સત્તાવાળું; એક જ સત્તાવાળું. (કેરીની સત્તા લીલા તથા પીળા ભાવની સત્તાથી અભિન્ન છે, તેથી કેરી અને લીલો ભાવ તથા પીળો ભાવ એક જ વસ્તુઓ છે, ભિન્ન વસ્તુઓ નથી.

૨. પૂર્વ અવસ્થાએ અવસ્થિત ગુણ = પહેલાંની અવસ્થામાં રહેલો ગુણ; ગુણનો પૂર્વ પર્યાય; પૂર્વ ગુણપર્યાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ सत्ताद्रव्ययोरनर्थान्तरत्वे युक्तिमुपन्यस्यति—

**ण हवदि जदि सद्दव्वं असद्धुव्वं हवदि तं कहं दव्वं ।**
**हवदि पुणो अण्णं वा तम्हा दव्वं सयं सत्ता ॥ १०५ ॥**

न भवति यदि सद्द्रव्यमसद्ध्रुवं भवति तत्कथं द्रव्यम् ।
भवति पुनरन्यद्वा तस्माद्द्रव्यं स्वयं सत्ता ॥ १०५ ॥

यदि हि द्रव्यं स्वरूपत एव सन्न स्यात्तदा द्वितयी गतिः असद्वा भवति, सत्तातः पृथग्वा भवति । तत्रासद्भवद्ध्रौव्यस्यासंभवादात्मानमधारयद्द्रव्यमेवास्तं गच्छेत्;

---

विभावगुणान्तरं परिणमति, पुद्गलद्रव्यं वा पूर्वोक्तशुक्लवर्णादिगुणं त्यक्त्वा रक्तादिगुणान्तरं परिणमति, हरितगुणं त्यक्त्वा पाण्डुरगुणान्तरमाम्रफलमिवेति भावार्थः ॥१०४॥ एवं स्वभावविभावरूपा द्रव्यपर्याया गुणपर्यायाश्च नयविभागेन द्रव्यलक्षणं भवन्ति इति कथनमुख्यतया गाथाद्वयेन चतुर्थस्थलं गतम् ।

---

હવે સત્તા અને દ્રવ્ય અર્થાંતરો (ભિન્ન પદાર્થો, અન્ય પદાર્થો) નહિ હોવા વિષે યુક્તિ રજૂ કરે છેઃ—

**જો દ્રવ્ય હોય ન સત્ , ઠરે જ અસત્ , બને ક્યમ દ્રવ્ય એ ?**
**વા ભિન્ન ઠરતું સત્ત્વથી ! તેથી સ્વયં તે સત્ત્વ છે. ૧૦૫.**

**અન્વયાર્થઃ**—[ यदि ] જો [ द्रव्यं ] દ્રવ્ય [ सत् न भवति ] (સ્વરૂપથી જ) સત્ ન હોય તો—(૧) [ ध्रुवं असत् भवति ] નક્કી તે અસત્ હોય; [ तत् कथं द्रव्यं ] જે અસત્ હોય તે દ્રવ્ય કેમ હોઈ શકે ? [ पुनः वा ] અથવા (જો અસત્ ન હોય) તો (૨) [ अन्यत् भवति ] તે સત્તાથી અન્ય (જુદું) હોય ! (તે પણ કેમ બને ?) [ तस्मात् ] માટે [ द्रव्यं स्वयं ] દ્રવ્ય પોતે જ [ सत्ता ] સત્તા છે.

**ટીકાઃ**—જો દ્રવ્ય સ્વરૂપથી જ [1]સત્ ન હોય, તો બીજી ગતિ એ થાય કે—(૧) તે [2]અસત્ હોય, અથવા (૨) સત્તાથી પૃથક્ હોય. ત્યાં, (૧) જો અસત્ હોય તો, ધ્રૌવ્યના અસંભવને લીધે પોતે નહિ ટકતું થકું, દ્રવ્ય જ [3]અસ્ત થાય; અને (૨) જો

---

૧. સત્ = હયાત

૨. અસત્ = નહિ હયાત એવું

૩. અસ્ત = નષ્ટ. [ જે અસત્ હોય તેનું ટકવું–હયાત રહેવું કેવું ? માટે દ્રવ્યને અસત્ માનતાં, દ્રવ્યના અભાવનો પ્રસંગ આવે અર્થાત્ દ્રવ્ય જ સિદ્ધ ન થાય. ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**सत्तातः पृथग्भवत् सत्तामन्तरेणात्मानं धारयत्तावन्मात्रप्रयोजनां सत्तामेवास्तं गमयेत् । स्वरूपतस्तु सद्भवद्ध्रौव्यस्य संभवादात्मानं धारयद्द्रव्यमुद्गच्छेत्; सत्तातोऽपृथग्भूत्वा चात्मानं धारयत्तावन्मात्रप्रयोजनां सत्तामुद्गमयेत् । ततः स्वयमेव द्रव्यं सत्त्वेनाभ्युपगन्तव्यं, भावभाववतोरपृथक्त्वेनानन्यत्वात् ॥ १०५ ॥**

---

अथ सत्ताद्रव्ययोरभेदविषये पुनरपि प्रकारान्तरेण युक्तिं दर्शयति— **ण हवदि जदि सद्दव्वं** परमचैतन्यप्रकाशरूपेण स्वरूपेण स्वरूपसत्तास्तित्वगुणेन यदि चेत् सन्न भवति । किं कर्तृ । परमात्मद्रव्यं। तदा **असद्धुवं होदि** असदविद्यमानं भवति ध्रुवं निश्चितम् । अविद्यमानं सत् **तं कहं दव्वं** तत्परमात्मद्रव्यं कथं भवति, किंतु नैव । स च प्रत्यक्षविरोधः । कस्मात् । स्वसंवेदनज्ञानेन गम्यमानत्वात् । अथाविचारितरमणीयन्यायेन सत्तागुणाभावेऽप्यस्तीति चेत्, तत्र विचार्यते–यदि केवलज्ञानदर्शनगुणाविनाभूतस्वकीयस्वरूपास्तित्वात्पृथग्भूता तिष्ठति तदा स्वरूपास्तित्वं नास्ति, स्वरूपास्तित्वाभावे द्रव्यमपि नास्ति । अथवा स्वकीयस्वरूपास्तित्वात्संज्ञालक्षणप्रयोजनादिभेदेऽपि प्रदेशरूपेणाभिन्नं तिष्ठति तदा संमतमेव । अत्रावसरे सौगतमतानुसारी कश्चिदाह–सिद्धपर्यायसत्तारूपेण शुद्धात्मद्रव्यमुपचारेणास्ति, न च मुख्यवृत्त्येति । परिहारमाह–सिद्धपर्यायोपादानकारणभूतपरमात्मद्रव्याभावे सिद्धपर्यायसत्तैव न संभवति, वृक्षाभावे फलमिव । अत्र प्रस्तावे नैयायिकमतानुसारी कश्चिदाह–**हवदि पुणो अण्णं वा** तत्परमात्मद्रव्यं भवति पुनः किंतु सत्तायाः सकाशादन्यद्भिन्नं भवति पश्चात्सत्तासमवायात्सद्भवति । आचार्याः परिहारमाहुः–सत्तासमवायात्पूर्वं द्रव्यं सदसद्वा, यदि सत्तदा सत्तासमवायो वृथा, पूर्व-

---

**સત્તાથી પૃથક્ હોય તો સત્તા સિવાય પણ પોતે ટકતું (-હયાત રહેતું) થકું, [1]એટલું જ માત્ર જેનું પ્રયોજન છે એવી સત્તાને જ અસ્ત કરે.**

**પરંતુ જો દ્રવ્ય સ્વરૂપથી જ સત્ હોય તો—(૧) ધ્રૌવ્યના સદ્ભાવને લીધે પોતે ટકતું થકું, દ્રવ્ય ઉદિત થાય છે (અર્થાત્ સિદ્ધ થાય છે); અને (૨) સત્તાથી અપૃથક્ રહીને પોતે ટકતું (-હયાત રહેતું) થકું, એટલું જ માત્ર જેનું પ્રયોજન છે એવી સત્તાને ઉદિત કરે છે (અર્થાત્ સિદ્ધ કરે છે).**

**માટે દ્રવ્ય પોતે જ સત્ત્વ (સત્તા) છે એમ સ્વીકારવું, કારણ કે ભાવ અને [2]ભાવવાનનું અપૃથક્પણા વડે અનન્યપણું છે. ૧૦૫.**

---

૧. સત્તાનું કાર્ય એટલું જ છે કે તે દ્રવ્યને હયાત રાખે. જો દ્રવ્ય સત્તાથી ભિન્ન રહીને પણ હયાત રહે–ટકે, તો પછી સત્તાનું પ્રયોજન જ રહેતું નથી અર્થાત્ સત્તાના અભાવનો પ્રસંગ આવે છે.

૨. ભાવવાન = ભાવવાળું. [ દ્રવ્ય ભાવવાળું છે અને સત્તા તેનો ભાવ છે. તેઓ અપૃથક્ છે (–પૃથક્ નથી) તે અપેક્ષાએ અનન્ય છે (–અન્ય નથી). પૃથક્ત્વ અને અન્યત્વનો ભેદ જે અપેક્ષાએ છે તે અપેક્ષા લઈને તેમના ખાસ (જુદા) અર્થો હવેની ગાથામાં કહેશે તે અર્થો અહીં લાગુ ન પાડવા. અહીં તો અનન્યપણાને અપૃથક્પણાના અર્થમાં જ સમજવું. ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ पृथक्त्वान्यत्वलक्षणमुन्मुद्रयति—

पविभत्तपदेसत्तं पुधत्तमिदि सासणं हि वीरस्स ।
अण्णत्तमतब्भावो ण तब्भवं होदि कधमेगं ॥ १०६ ॥

प्रविभक्तप्रदेशत्वं पृथक्त्वमिति शासनं हि वीरस्य ।
अन्यत्वमतद्भावो न तद्भवत् भवति कथमेकम् ॥ १०६ ॥

**प्रविभक्तप्रदेशत्वं हि पृथक्त्वस्य लक्षणम् । तत्तु सत्ताद्रव्ययोर्न संभाव्यते, गुणगुणिनोः प्रविभक्तप्रदेशत्वाभावात्, शुक्लोत्तरीयवत् । तथा हि—यथा य एव शुक्लस्य गुणस्य**

---

मेवास्तित्वं तिष्ठति; अथासत्तर्हि खपुष्पवदविद्यमानद्रव्येण सह कथं सत्ता समवायं करोति, करोतीति चेत्तर्हि खपुष्पेणापि सह सत्ता कर्तृ समवायं करोतु, न च तथा । **तम्हा दव्वं सयं सत्ता** तस्मादभेदनयेन शुद्धचैतन्यस्वरूपसत्तैव परमात्मद्रव्यं भवतीति । यथेदं परमात्मद्रव्येण सह शुद्धचेतनासत्ताया अभेदव्याख्यानं कृतं तथा सर्वेषां चेतनाचेतनद्रव्याणां स्वकीयस्वकीयसत्तया सहाभेदव्याख्यानं कर्तव्यमित्यभिप्रायः ॥ १०५ ॥

अथ पृथक्त्वलक्षणं किमन्यत्वलक्षणं च किमिति पृष्टे प्रत्युत्तरं ददाति—**पविभत्तपदेसत्तं पुधत्तं** पृथक्त्वं भवति पृथक्त्वाभिधानो भेदो भवति । किंविशिष्टम् । प्रकर्षेण विभक्तप्रदेशत्वं भिन्नप्रदेशत्वम् । किंवत् । दण्डदण्डिवत् । इत्थंभूतं पृथक्त्वं शुद्धात्मद्रव्यशुद्धसत्तागुणयोर्न घटते ।

---

**હવે પૃથક્ત્વનું અને અન્યત્વનું લક્ષણ ખુલ્લું કરે છે :—**

જિન વીરનો ઉપદેશ એમ—પૃથક્ત્વ ભિન્નપ્રદેશતા,
અન્યત્વ જાણ અતત્પણું; નહિ તે-પણે તે એક ક્યાં ? ૧૦૬.

**અન્વયાર્થ :**—[ प्रविभक्तप्रदेशत्वं ] વિભક્તપ્રદેશત્વ તે [ पृथक्त्वं ] પૃથક્ત્વ છે [ इति हि ] એમ [ वीरस्य शासनं ] વીરનો ઉપદેશ છે. [ अतद्भावः ] અતદ્ભાવ ( અતત્પણું અર્થાત્ તે-પણે નહિ હોવું ) તે [ अन्यत्वं ] અન્યત્વ છે. [ न तत् भवत् ] જે તે-પણે ન હોય [ कथं एकम् भवति ] તે એક કેમ હોય ? ( કથંચિત્ સત્તા દ્રવ્યપણે નથી અને દ્રવ્ય સત્તાપણે નથી માટે તેઓ એક નથી. )

**ટીકા:**—વિભક્તપ્રદેશત્વ ( ભિન્નપ્રદેશત્વ ) પૃથક્ત્વનું લક્ષણ છે. તે તો સત્તા અને દ્રવ્યને સંભવતું નથી, કારણ કે ગુણ અને ગુણીને વિભક્તપ્રદેશત્વનો અભાવ હોય છે —શુક્લત્વ અને વસ્ત્રની માફક. તે આ પ્રમાણે: જેમ જે શુક્લત્વના—ગુણના—પ્રદેશો છે તે જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**प्रदेशास्त एवोत्तरीयस्य गुणिन इति तयोर्न प्रदेशविभागः, तथा य एव सत्ताया गुणस्य प्रदेशास्त एव द्रव्यस्य गुणिन इति तयोर्न प्रदेशविभागः। एवमपि तयोरन्यत्वमस्ति तल्लक्षणसद्भावात्। अतद्भावो ह्यन्यत्वस्य लक्षणं, तत्तु सत्ताद्रव्ययोर्विद्यत एव, गुणगुणिनोस्तद्भावस्याभावात्, शुक्लोत्तरीयवदेव। तथा हि—यथा यः किलैकचक्षुरिन्द्रियविषयमापद्यमानः समस्तेतरेन्द्रियग्रामगोचरमतिक्रान्तः शुक्लो गुणो भवति, न खलु तदखिलेन्द्रियग्रामगोचरीभूतमुत्तरीयं भवति, यच्च किलाखिलेन्द्रियग्रामगोचरीभूतमुत्तरीयं भवति, न खलु स एकचक्षुरिन्द्रियविषयमापद्यमानः समस्तेतरेन्द्रियग्रामगोचरमतिक्रान्तः शुक्लो गुणो भवतीति तयोस्तद्भावस्याभावः। तथा या किलाश्रित्य वर्तिनी निर्गुणैकगुणसमुदिता विशेषणं**

---

कस्माद्धेतोः। भिन्नप्रदेशाभावात्। कयोरिव। शुक्लवस्त्रशुक्लगुणयोरिव। **इदि सासणं हि वीरस्स** इति शासनमुपदेश आज्ञेति। कस्य। वीरस्य वीराभिधानान्तिमतीर्थकरपरमदेवस्य। **अण्णत्तं** तथापि प्रदेशाभेदेऽपि मुक्तात्मद्रव्यशुद्धसत्तागुणयोरन्यत्वं भिन्नत्वं भवति। कथंभूतम्। **अतब्भावो** अतद्भावरूपं संज्ञालक्षणप्रयोजनादिभेदस्वभावम्। यथा प्रदेशरूपेणाभेदस्तथा संज्ञादिलक्षणरूपेणाप्यभेदो भवतु, को दोष इति चेत्। नैवम्। **ण तब्भवं होदि** तन्मुक्तात्मद्रव्यं शुद्धात्मसत्तागुणेन सह प्रदेशाभेदेऽपि

---

**વસ્ત્રના-ગુણીના-છે તેથી તેમને પ્રદેશવિભાગ (પ્રદેશભેદ) નથી, તેમ જે સત્તાના-ગુણના-પ્રદેશો છે તે જ દ્રવ્યના-ગુણીના-છે તેથી તેમને પ્રદેશવિભાગ નથી.**

**આમ હોવા છતાં તેમને (-સત્તા અને દ્રવ્યને) અન્યત્વ છે, કારણ કે (તેમને) અન્યત્વના લક્ષણનો સદ્‌ભાવ છે. [1]અતદ્‌ભાવ અન્યત્વનું લક્ષણ છે. તે તો સત્તા અને દ્રવ્યને છે જ, કારણ કે ગુણ અને ગુણીને [2]તદ્‌ભાવનો અભાવ હોય છે—શુક્લત્વ અને વસ્ત્રની માફક. તે આ પ્રમાણે: જેવી રીતે એક ચક્ષુ-ઇંદ્રિયના વિષયમાં આવતો, બીજી બધી ઇંદ્રિયોના સમૂહને ગોચર નહિ થતો એવો જે શુક્લત્વગુણ છે તે સમસ્તઇંદ્રિયસમૂહને ગોચર થતું એવું વસ્ત્ર નથી, તથા જે સમસ્તઇંદ્રિયસમૂહને ગોચર થતું એવું વસ્ત્ર છે તે એક ચક્ષુ-ઇંદ્રિયના વિષયમાં આવતો, બીજી બધી ઇંદ્રિયોના સમૂહને ગોચર નહિ થતો એવો શુક્લત્વગુણ નથી, તેથી તેમને તદ્‌ભાવનો અભાવ છે; તેવી રીતે [3]કોઈના આશ્રયે રહેતી,**

---

૧. અતદ્‌ભાવ = (કથંચિત્) 'તે' નહિ હોવું તે; (કથંચિત્) તે-પણે નહિ હોવું તે; (કથંચિત્) અતત્પણું. [દ્રવ્ય (કથંચિત્) સત્તાપણે નથી અને સત્તા (કથંચિત્) દ્રવ્યપણે નથી માટે તેમને અતદ્‌ભાવ છે.]

૨. તદ્‌ભાવ = 'તે' હોવું તે; તે-પણે હોવું તે; તે-પણું; તત્પણું.

૩. સત્તા દ્રવ્યના આશ્રયે રહે છે. દ્રવ્યને કોઈનો આશ્રય નથી. [જેમ વાસણમાં ઘી રહે છે તેમ દ્રવ્યમાં સત્તા રહેતી નથી (કારણ કે વાસણને અને ઘીને તો પ્રદેશભેદ છે); પરંતુ જેમ કેરીમાં વર્ણ, ગંધ વગેરે છે તેમ દ્રવ્યમાં સત્તા છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**विधायिका वृत्तिस्वरूपा च सत्ता भवति, न खलु तदनाश्रित्य वर्ति गुणवदनेकगुणसमुदितं विशेष्यं विधीयमानं वृत्तिमत्स्वरूपं च द्रव्यं भवति; यत्तु किलानाश्रित्य वर्ति गुणवदनेकगुणसमुदितं विशेष्यं विधीयमानं वृत्तिमत्स्वरूपं च द्रव्यं भवति, न खलु साश्रित्य वर्तिनी निर्गुणैकगुणसमुदिता विशेषणं विधायिका वृत्तिस्वरूपा च सत्ता भवतीति तयोस्तद्भावस्याभावः। अत एव च सत्ताद्रव्ययोः कथंचिदनर्थान्तरत्वेऽपि सर्वथैकत्वं न शङ्कनीयं;**

---

संज्ञादिरूपेण तन्मयं न भवति। **कथमेगं** तन्मयत्वं हि किलैकत्वलक्षणं। संज्ञादिरूपेण तन्मयत्वाभावे कथमेकत्वं, किंतु नानात्वमेव। यथेदं मुक्तात्मद्रव्ये प्रदेशाभेदेऽपि संज्ञादिरूपेण नानात्वं कथितं

---

**[1]નિર્ગુણ, એક ગુણની બનેલી, [2]વિશેષણ, [3]વિધાયક (-રચનારી) અને [4]વૃત્તિસ્વરૂપ એવી જે સત્તા છે તે કોઈના આશ્રય વિના રહેતું, ગુણવાળું, અનેક ગુણોનું બનેલું, [5]વિશેષ્ય, [6]વિધીયમાન (-રચાનારું) અને [7]વૃત્તિમાનસ્વરૂપ એવું દ્રવ્ય નથી, તથા જે કોઈના આશ્રય વિના રહેતું, ગુણવાળું, અનેક ગુણોનું બનેલું, વિશેષ્ય, વિધીયમાન અને વૃત્તિમાનસ્વરૂપ એવું દ્રવ્ય છે તે કોઈના આશ્રયે રહેતી, નિર્ગુણ, એક ગુણની બનેલી, વિશેષણ, વિધાયક અને વૃત્તિસ્વરૂપ એવી સત્તા નથી, તેથી તેમને તદ્‌ભાવનો અભાવ છે. આમ હોવાથી જ, જોકે સત્તા અને દ્રવ્યને કંથચિત્ અનર્થાંતરપણું (-અભિન્નપદાર્થપણું, અનન્યપદાર્થપણું) છે તોપણ, તેમને સર્વથા એકત્વ**

---

૧. નિર્ગુણ = ગુણ વિનાની. [ સત્તા નિર્ગુણ છે, દ્રવ્ય ગુણવાળું છે. જેમ કેરી વર્ણગુણવાળી, ગંધગુણવાળી, સ્પર્શગુણવાળી વગેરે છે, પરંતુ વર્ણગુણ કાંઈ ગંધગુણવાળો, સ્પર્શગુણવાળો કે અન્ય કોઈ ગુણવાળો નથી (કારણ કે વર્ણ કાંઈ સૂંઘાતો કે સ્પર્શાતો નથી); વળી જેમ આત્મા જ્ઞાનગુણવાળો, વીર્યગુણવાળો વગેરે છે, પરંતુ જ્ઞાનગુણ કાંઈ વીર્યગુણવાળો કે અન્ય કોઈ ગુણવાળો નથી; તેમ દ્રવ્ય અનંત ગુણોવાળું છે, પરંતુ સત્તા ગુણવાળી નથી. ( અહીં, જેમ દંડી દંડવાળો છે, તેમ દ્રવ્યને ગુણવાળું ન સમજવું; કારણ કે દંડી અને દંડને તો પ્રદેશભેદ છે, દ્રવ્ય ને ગુણ તો અભિન્નપ્રદેશી છે.)]

૨. વિશેષણ = ખાસિયત; લક્ષણ; ભેદક ધર્મ.

૩. વિધાયક = વિધાન કરનાર; રચનાર.

૪. વૃત્તિ = વર્તવું તે; હોવું તે; હયાતી; ઉત્પાદવ્યયધ્રૌવ્ય.

૫. વિશેષ્ય = ખાસિયતોનો ધરનાર પદાર્થ; લક્ષ્ય; ભેદ્ય પદાર્થ—ધર્મી. [ જેમ ગળપણ, સફેદપણું, સુંવાળપ વગેરે સાકરનાં વિશેષણો છે અને સાકર તે વિશેષણોથી વિશેષિત થતો (–તે તે ખાસિયતોથી ઓળખાતો, તે તે ભેદોથી ભેદાતો) પદાર્થ છે, વળી જેમ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય વગેરે આત્માનાં વિશેષણો છે અને આત્મા તે વિશેષણોથી વિશેષિત થતો (ઓળખાતો, લક્ષિત થતો, ભેદાતો) પદાર્થ છે, તેમ સત્તા વિશેષણ છે અને દ્રવ્ય વિશેષ્ય છે. (વિશેષ્ય અને વિશેષણોને પ્રદેશભેદ નથી એ ખ્યાલ ન ચૂકવો.)]

૬. વિધીયમાન = રચાનારું; જે રચાતું હોય તે. (સત્તા વગેરે ગુણો દ્રવ્યના રચનારા છે અને દ્રવ્ય તેમનાથી રચાતો પદાર્થ છે.)

૭. વૃત્તિમાન = વૃત્તિવાળું; હયાતીવાળું; હયાત રહેનાર. (સત્તા વૃત્તિસ્વરૂપ અર્થાત્ હયાતીસ્વરૂપ છે અને દ્રવ્ય હયાત રહેનારસ્વરૂપ છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तद्भावो ह्येकत्वस्य लक्षणम् । यत्तु न तद्भवद्विभाव्यते तत्कथमेकं स्यात् । अपि तु गुण-गुणिरूपेणानेकमेवेत्यर्थः ॥ १०६ ॥

अथातद्भावमुदाहृत्य प्रथयति—

सद्दव्वं सच्च गुणो सच्चेव य पज्जओ त्ति वित्थारो ।
जो खलु तस्स अभावो सो तदभावो अतब्भावो ॥ १०७ ॥

---

तथैव सर्वद्रव्याणां स्वकीयस्वकीयस्वरूपास्तित्वगुणेन सह ज्ञातव्यमित्यर्थः ॥ १०६ ॥ अथातद्भावं विशेषेण विस्तार्य कथयति—**सद्दव्वं सच्च गुणो सच्चेव य पज्जओ त्ति वित्थारो** सद्द्रव्यं संश्च गुणः संश्चैव पर्याय इति सत्तागुणस्य द्रव्यगुणपर्यायेषु विस्तारः । तथा हि—यथा मुक्ताफलहारे सत्तागुण-

---

હશે એમ શંકા ન કરવી; કારણ કે તદ્ભાવ એકત્વનું લક્ષણ છે. જે 'તે'-પણે જણાતું નથી તે (સર્વથા) એક કેમ હોય? નથી જ; પરંતુ ગુણ-ગુણીરૂપે અનેક જ છે એમ અર્થ છે.

**ભાવાર્થઃ**—ભિન્નપ્રદેશત્વ તે પૃથક્પણાનું લક્ષણ છે અને અતદ્ભાવ તે અન્યપણાનું લક્ષણ છે. દ્રવ્યને અને ગુણને પૃથક્પણું નથી છતાં અન્યપણું છે.

**પ્રશ્નઃ**—જેઓ અપૃથક્ હોય તેમનામાં અન્યપણું કેમ હોઈ શકે?

**ઉત્તરઃ**—વસ્ત્ર અને સફેદપણાની માફક તેમનામાં અન્યપણું હોઈ શકે છે. વસ્ત્રના અને તેના સફેદપણાના પ્રદેશો જુદા નથી તેથી તેમને પૃથક્પણું તો નથી. આમ હોવા છતાં સફેદપણું તો માત્ર આંખથી જ જણાય છે, જીભ, નાક વગેરે બાકીની ચાર ઇન્દ્રિયોથી જણાતું નથી, અને વસ્ત્ર તો પાંચે ઇન્દ્રિયોથી જણાય છે. માટે (કથંચિત્) વસ્ત્ર તે સફેદપણું નથી અને સફેદપણું તે વસ્ત્ર નથી. જો એમ ન હોય તો વસ્ત્રની માફક સફેદપણું પણ જીભ, નાક વગેરે સર્વ ઇન્દ્રિયોથી જણાવું જોઈએ; પણ એમ તો બનતું નથી. માટે વસ્ત્ર અને સફેદપણાને અપૃથક્પણું હોવા છતાં અન્યપણું છે એમ સિદ્ધ થાય છે.

એ જ પ્રમાણે દ્રવ્યને અને સત્તાદિગુણોને અપૃથક્ત્વ હોવા છતાં અન્યત્વ છે; કારણ કે દ્રવ્યના અને ગુણના પ્રદેશો અભિન્ન હોવા છતાં દ્રવ્યમાં અને ગુણમાં સંજ્ઞા-સંખ્યા-લક્ષણાદિ ભેદ હોવાથી (કથંચિત્) દ્રવ્ય તે ગુણપણે નથી અને ગુણ તે દ્રવ્યપણે નથી. ૧૦૬.

હવે અતદ્ભાવને ઉદાહરણ વડે સ્પષ્ટ રીતે દર્શાવે છેઃ—

'સત્ દ્રવ્ય', 'સત્ પર્યાય', 'સત્ ગુણ'—સત્ત્વનો વિસ્તાર છે;
નથી તે-પણે અન્યોન્ય તેહ અતત્પણું જ્ઞાતવ્ય છે. ૧૦૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सद्‌द्रव्यं सच्च गुणः सच्चैव च पर्याय इति विस्तारः ।
यः खलु तस्याभावः स तदभावोऽतद्भावः ॥ १०७ ॥

यथा खल्वेकं मुक्ताफलस्रग्दाम हार इति सूत्रमिति मुक्ताफलमिति त्रेधा विस्तार्यते, तथैकं द्रव्यं द्रव्यमिति गुण इति पर्याय इति त्रेधा विस्तार्यते । यथा चैकस्य मुक्ताफलस्रग्दाम्नः शुक्लो गुणः शुक्लो हारः शुक्लं सूत्रं शुक्लं मुक्ताफलमिति त्रेधा विस्तार्यते, तथैकस्य द्रव्यस्य सत्तागुणः सद्‌द्रव्यं सद्‌गुणः सत्पर्याय इति त्रेधा विस्तार्यते । यथा चैकस्मिन् मुक्ताफलस्रग्दाम्नि यः शुक्लो गुणः स न हारो न सूत्रं न मुक्ताफलं यश्च हारः सूत्रं मुक्ताफलं वा स न शुक्लो गुण इतीतरेतरस्य यस्तस्याभावः स तदभावलक्षणोऽतद्भावोऽन्यत्वनिबन्धनभूतः, तथैकस्मिन् द्रव्ये यः सत्तागुणस्तन्न द्रव्यं नान्यो गुणो

---

स्थानीयो योऽसौ शुक्लगुणः स प्रदेशाभेदेन किं किं भण्यते । शुक्लो हार इति शुक्लं सूत्रमिति शुक्लं मुक्ताफलमिति भण्यते, यश्च हारः सूत्रं मुक्ताफलं वा तैस्त्रिभिः प्रदेशाभेदेन शुक्लो गुणो भण्यत इति तद्भावस्य लक्षणमिदम् । तद्भावस्येति कोऽर्थः । हारसूत्रमुक्ताफलानां शुक्लगुणेन सह तन्मयत्वं प्रदेशाभिन्नत्वमिति । तथा मुक्तात्मपदार्थे योऽसौ शुद्धसत्तागुणः स प्रदेशाभेदेन किं किं भण्यते । सत्तालक्षणः परमात्मपदार्थ इति सत्तालक्षणः केवलज्ञानादिगुण इति सत्तालक्षणः सिद्धपर्याय

---

**અન્વયાર્થઃ**—[ सत् द्रव्यं ] 'સત્ દ્રવ્ય' [ सत् च गुणः ] 'સત્ ગુણ' [ च ] અને [ सत् च एव पर्यायः ] 'સત્ પર્યાય'— [ इति ] એમ [विस्तारः ] ( સત્તાગુણનો ) વિસ્તાર છે. [ यः खलु ] ( તેમને પરસ્પર ) જે [ तस्य अभावः ] 'તેનો અભાવ' અર્થાત્ 'તે-પણે હોવાનો અભાવ' છે [सः ] તે [ तदभावः ] 'તદ્-અભાવ' [ अतद्भावः ] એટલે કે 'અતદ્ભાવ' છે.

ટીકાઃ—જેમ એક *મૌક્તિકમાળા, 'હાર' તરીકે, 'દોરા' તરીકે અને 'મોતી' તરીકે—એમ ત્રિધા ( ત્રણ પ્રકારે ) વિસ્તારવામાં આવે છે, તેમ એક દ્રવ્ય, 'દ્રવ્ય' તરીકે, 'ગુણ' તરીકે અને 'પર્યાય' તરીકે —એમ ત્રિધા વિસ્તારવામાં આવે છે.

વળી જેમ એક મૌક્તિકમાળાનો શુક્લત્વગુણ, 'શુક્લ હાર', 'શુક્લ દોરો' અને 'શુક્લ મોતી '—એમ ત્રિધા વિસ્તારવામાં આવે છે, તેમ એક દ્રવ્યનો સત્તાગુણ, 'સત્ દ્રવ્ય', 'સત્ ગુણ' અને 'સત્ પર્યાય'—એમ ત્રિધા વિસ્તારવામાં આવે છે.

વળી જેવી રીતે એક મૌક્તિકમાળામાં જે શુક્લત્વગુણ છે તે હાર નથી, દોરો નથી કે મોતી નથી, અને જે હાર, દોરો કે મોતી છે તે શુક્લત્વગુણ નથી—એમ એકબીજાને જે 'તેનો અભાવ' અર્થાત્ 'તે-પણે હોવાનો અભાવ' છે તે 'તદ્-અભાવ'લક્ષણ 'અતદ્ભાવ' છે કે જે ( અતદ્ભાવ ) અન્યત્વનું કારણ છે; તેવી રીતે એક દ્રવ્યમાં જે સત્તાગુણ છે તે દ્રવ્ય નથી,

---

* મૌક્તિકમાળા = મોતીની માળા; મોતીનો હાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**न पर्यायो यच्च द्रव्यमन्यो गुणः पर्यायो वा स न सत्तागुण इतीतरेतरस्य यस्तस्याभावः स तदभावलक्षणोऽतद्भावोऽन्यत्वनिबन्धनभूतः ॥ १०७ ॥**

---

इति भण्यते । यश्च परमात्मपदार्थः केवलज्ञानादिगुणः सिद्धत्वपर्याय इति तैश्च त्रिभिः (प्रदेशाभेदेन ?) शुद्धसत्तागुणो भण्यत इति तद्भावस्य लक्षणमिदम् । तद्भावस्येति कोऽर्थः । परमात्मपदार्थकेवलज्ञानादिगुणसिद्धत्वपर्यायाणां शुद्धसत्तागुणेन सह संज्ञादिभेदेऽपि प्रदेशैस्तन्मयत्वमिति । **जो खलु तस्स अभावो** यस्तस्य पूर्वोक्तलक्षणतद्भावस्य खलु स्फुटं संज्ञादिभेदविवक्षायामभावः **सो तदभावो** स पूर्वोक्तलक्षणस्तदभावो भण्यते । स च तदभावः किं भण्यते । **अतब्भावो** न तद्भावस्तन्मयत्वम् किंच अतद्भावः संज्ञालक्षणप्रयोजनादिभेदः इत्यर्थः । तद्यथा—यथा मुक्ताफलहारे योऽसौ शुक्लगुणस्तद्वाचकेन शुक्लमित्यक्षरद्वयेन हारो वाच्यो न भवति सूत्रं वा मुक्ताफलं वा, हारसूत्रमुक्ताफलशब्दैश्च शुक्लगुणो वाच्यो न भवति । एवं परस्परं प्रदेशाभेदेऽपि योऽसौ संज्ञादिभेदः स तस्य पूर्वोक्तलक्षणतद्भावस्याभावस्तदभावो भण्यते । स च तदभावः पुनरपि किं भण्यते । अतद्भावः संज्ञालक्षणप्रयोजनादिभेद इति । तथा मुक्तजीवे योऽसौ शुद्धसत्तागुणस्तद्वाचकेन सत्ताशब्देन मुक्तजीवो वाच्यो

---

**અન્ય ગુણ નથી કે પર્યાય નથી, અને જે દ્રવ્ય, [૧]અન્ય ગુણ કે પર્યાય છે તે સત્તાગુણ નથી —એમ એકબીજાને જે 'તેનો અભાવ' અર્થાત્ 'તે-પણે હોવાનો અભાવ' છે તે [૨]'તદ્-અભાવ'લક્ષણ 'અતદ્ભાવ' છે કે જે અન્યત્વનું કારણ છે.**

**ભાવાર્થઃ**—એક આત્માને વિસ્તારકથનમાં 'આત્મદ્રવ્ય' તરીકે, 'જ્ઞાનાદિગુણ' તરીકે અને 'સિદ્ધત્વાદિપર્યાય' તરીકે—એમ ત્રણ પ્રકારે વર્ણવવામાં આવે છે. એ જ પ્રમાણે સર્વ દ્રવ્યો વિષે સમજવું.

વળી એક આત્માના હયાતીગુણને 'હયાત આત્મદ્રવ્ય', 'હયાત જ્ઞાનાદિગુણ' અને 'હયાત સિદ્ધત્વાદિપર્યાય'—એમ ત્રણ પ્રકારે વિસ્તારવામાં આવે છે. એ જ પ્રમાણે સર્વ દ્રવ્યો વિષે સમજવું.

વળી એક આત્માનો જે હયાતીગુણ છે તે આત્મદ્રવ્ય નથી, (હયાતીગુણ સિવાયનો) જ્ઞાનાદિગુણ નથી કે સિદ્ધત્વાદિપર્યાય નથી, અને જે આત્મદ્રવ્ય છે, (હયાતી સિવાયનો) જ્ઞાનાદિગુણ છે કે સિદ્ધત્વાદિપર્યાય છે તે હયાતીગુણ નથી—એમ પરસ્પર તેમને અતદ્ભાવ છે કે જે અતદ્ભાવને લીધે તેમને અન્યત્વ છે. આ જ પ્રમાણે સર્વ દ્રવ્યો વિષે સમજવું.

---

૧. અન્ય ગુણ = સત્તા સિવાયનો બીજો કોઈ પણ ગુણ

૨. તદ્-અભાવ = તેનો અભાવ. [तद्-अभावः=तस्य अभावः ।]

[ તદ્-અભાવ અતદ્ભાવનું લક્ષણ (અથવા સ્વરૂપ) છે. અતદ્ભાવ અન્યત્વનું કારણ છે. ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ सर्वथाऽभावलक्षणत्वमतद्भावस्य निषेधयति—

**जं दव्वं तण्ण गुणो जो वि गुणो सो ण तच्चमत्थादो ।**
**एसो हि अतब्भावो णेव अभावो त्ति णिद्दिट्ठो ॥ १०८ ॥**

**यद्द्रव्यं तन्न गुणो योऽपि गुणः स न तत्त्वमर्थात् ।**
**एष ह्यतद्भावो नैव अभाव इति निर्दिष्टः ॥ १०८ ॥**

---

न भवति केवलज्ञानादिगुणो वा सिद्धपर्यायो वा, मुक्तजीवकेवलज्ञानादिगुणसिद्धपर्यायशब्देश्च शुद्धसत्तागुणो वाच्यो न भवति । इत्येवं परस्परं प्रदेशाभेदेऽपि योऽसौ संज्ञादिभेदः स तस्य पूर्वोक्तलक्षणतद्भावस्याभावस्तद्भावो भण्यते । स च तदभावः पुनरपि किं भण्यते । अतद्भावः संज्ञालक्षणप्रयोजनादिभेद इत्यर्थः । यथात्र शुद्धात्मनि शुद्धसत्तागुणेन सहाभेदः स्थापितस्तथा यथासंभवं सर्वद्रव्येषु ज्ञातव्य इत्यभिप्रायः ॥ १०७ ॥ अथ गुणगुणिनोः प्रदेशभेदनिषेधेन तमेव संज्ञादिभेदरूपमतद्भावं दृढयति— **जं दव्वं तण्ण गुणो** यद्द्रव्यं स न गुणः, यन्मुक्तजीवद्रव्यं स शुद्धः सन् गुणो न भवति । मुक्तजीवद्रव्यशब्देन शुद्धसत्तागुणो वाच्यो न भवतीत्यर्थः । **जो वि गुणो सो ण तच्चमत्थादो** योऽपि

---

આ રીતે આ ગાથામાં સત્તાનું ઉદાહરણ લઈને અતદ્ભાવને સ્પષ્ટ રીતે સમજાવ્યો.

( અહીં એટલું વિશેષ છે કે જે સત્તાગુણ વિષે કહ્યું તે અન્ય ગુણો વિષે પણ યોગ્ય રીતે સમજવું. જેમ કેઃ—સત્તાગુણની માફક, એક આત્માના પુરુષાર્થગુણને 'પુરુષાર્થી આત્મદ્રવ્ય', 'પુરુષાર્થી જ્ઞાનાદિગુણ' અને 'પુરુષાર્થી સિદ્ધત્વાદિપર્યાય'—એમ વિસ્તારી શકાય છે. અભિન્ન પ્રદેશો હોવાને લીધે આમ વિસ્તાર કરવામાં આવે છે, છતાં સંજ્ઞા-લક્ષણ-પ્રયોજનાદિ ભેદ હોવાને લીધે પુરુષાર્થગુણને તથા આત્મદ્રવ્યને, જ્ઞાનાદિ અન્યગુણને કે સિદ્ધત્વાદિપર્યાયને અતદ્ભાવ છે કે જે અતદ્ભાવ તેમનામાં અન્યત્વનું કારણ છે. ) ૧૦૭.

હવે સર્વથા અભાવ તે અતદ્ભાવનું લક્ષણ હોવાનો નિષેધ કરે છેઃ—

**સ્વરૂપે નથી જે દ્રવ્ય તે ગુણ, ગુણ તે નહિ દ્રવ્ય છે,**
**—આને અતત્પણું જાણવું, ન અભાવને; ભાખ્યું જિને. ૧૦૮.**

**અન્વયાર્થઃ**—[ अर्थात् ] સ્વરૂપ-અપેક્ષાએ [ यद् द्रव्यं ] જે દ્રવ્ય છે [ तत् न गुणः ] તે ગુણ નથી [ यः अपि गुणः ] અને જે ગુણ છે [ सः न तत्त्वं ] તે દ્રવ્ય નથી;— [ एषः हि अतद्भावः ] આ અતદ્ભાવ છે; [ न एव अभावः ] સર્વથા અભાવ તે અતદ્ભાવ નથી; [ इति निर्दिष्टः ] આમ ( જિનેંદ્રદ્વારા ) દર્શાવવામાં આવ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**एकस्मिन्द्रव्ये यद्द्रव्यं गुणो न तद्भवति, यो गुणः स द्रव्यं न भवतीत्येवं यद्द्रव्यस्य गुणरूपेण गुणस्य वा द्रव्यरूपेण तेनाभवनं सोऽतद्भावः, एतावतैवान्यत्वव्यवहारसिद्धेः। न पुनर्द्रव्यस्याभावो गुणो गुणस्याभावो द्रव्यमित्येवंलक्षणोऽभावोऽतद्भावः। एवं सत्येकद्रव्यस्यानेकत्वमुभयशून्यत्वमपोहरूपत्वं वा स्यात् । तथा हि—यथा खलु चेतनद्रव्यस्याभावोऽचेतनद्रव्यमचेतनद्रव्यस्याभावश्चेतनद्रव्यमिति तयोरनेकत्वं, तथा द्रव्यस्याभावो गुणो गुणस्याभावो द्रव्यमित्येकस्यापि द्रव्यस्यानेकत्वं स्यात् । यथा सुवर्णस्याभावे सुवर्णत्वस्याभावः सुवर्णत्वस्याभावे सुवर्णस्याभाव इत्युभयशून्यत्वं, तथा द्रव्यस्याभावे गुणस्याभावो**

---

गुणः स न तत्त्वं द्रव्यमर्थतः परमार्थतः, यः शुद्धसत्तागुणः स मुक्तात्मद्रव्यं न भवति । शुद्धसत्ताशब्देन मुक्तात्मद्रव्यं वाच्यं न भवतीत्यर्थः । **एसो हि अतब्भावो** एष उक्तलक्षणो हि स्फुटमतद्भावः । उक्तलक्षण इति कोऽर्थः । गुणगुणिनोः संज्ञादिभेदेऽपि प्रदेशभेदाभावः। **णेव अभावो त्ति णिद्दिट्ठो** नैवाभाव इति निर्दिष्टः। नैव अभाव इति कोऽर्थः । यथा सत्तावाचकशब्देन मुक्तात्मद्रव्यं वाच्यं न भवति तथा यदि सत्ताप्रदेशैरपि सत्तागुणात्सकाशाद्भिन्नं भवति तदा यथा

---

**ટીકાઃ**—એક દ્રવ્યમાં, જે દ્રવ્ય છે તે ગુણ નથી, જે ગુણ છે તે દ્રવ્ય નથી—એ રીતે જે દ્રવ્યનું ગુણરૂપે અભવન (-નહિ હોવું) અથવા ગુણનું દ્રવ્યરૂપે અભવન તે અતદ્ભાવ છે; કારણ કે આટલાથી જ અન્યત્વવ્યવહાર (-અન્યત્વરૂપ વ્યવહાર) સિદ્ધ થાય છે. પરંતુ દ્રવ્યનો અભાવ તે ગુણ, ગુણનો અભાવ તે દ્રવ્ય—એવા લક્ષણવાળો અભાવ તે અતદ્ભાવ નથી. જો એમ હોય તો (૧) એક દ્રવ્યને અનેકપણું આવે, (૨) ઉભયશૂન્યતા થાય (અર્થાત્ બન્નેનો અભાવ થાય), અથવા (૩) અપોહરૂપતા થાય. તે સમજાવવામાં આવે છેઃ—

(દ્રવ્યનો અભાવ તે ગુણ અને ગુણનો અભાવ તે દ્રવ્ય એમ માનતાં પ્રથમ દોષ આ પ્રમાણે આવેઃ)

(૧) જેમ ચેતનદ્રવ્યનો અભાવ તે અચેતનદ્રવ્ય છે, અચેતનદ્રવ્યનો અભાવ તે ચેતનદ્રવ્ય છે—એ રીતે તેમને અનેકપણું (બે-પણું) છે, તેમ દ્રવ્યનો અભાવ તે ગુણ, ગુણનો અભાવ તે દ્રવ્ય—એ રીતે એક દ્રવ્યને પણ અનેકપણું આવે (અર્થાત્ દ્રવ્ય એક હોવા છતાં તેને અનેકપણાનો પ્રસંગ આવે).

(અથવા ઉભયશૂન્યત્વરૂપ બીજો દોષ આ પ્રમાણે આવેઃ)

(૨) જેમ સુવર્ણનો અભાવ થતાં સુવર્ણપણાનો અભાવ થાય, સુવર્ણપણાનો અભાવ થતાં સુવર્ણનો અભાવ થાય—એ રીતે ઉભયશૂન્યત્વ (બન્નેનો અભાવ) થાય, તેમ દ્રવ્યનો અભાવ થતાં ગુણનો અભાવ થાય, ગુણનો અભાવ થતાં દ્રવ્યનો અભાવ થાય—એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



गुणस्याभावे द्रव्यस्याभाव इत्युभयशून्यत्वं स्यात् । यथा पटाभावमात्र एव घटो घटाभावमात्र एव पट इत्युभयोरपोहरूपत्वं, तथा द्रव्याभावमात्र एव गुणो गुणाभावमात्र एव द्रव्यमित्यत्राप्यपोहरूपत्वं स्यात् । ततो द्रव्यगुणयोरेकत्वमशून्यत्वमनपोहत्वं चेच्छता यथोदित एवातद्भावोऽभ्युपगन्तव्यः ॥ १०८ ॥

अथ सत्ताद्रव्ययोर्गुणगुणिभावं साधयति—

**जो खलु दव्वसहावो परिणामो सो गुणो सदविसिट्ठो ।**
**सदवट्ठिदं सहावे दव्व त्ति जिणोवदेसोयं ॥ १०९ ॥**

---

जीवप्रदेशेभ्यः पुद्गलद्रव्यं भिन्नं सद्द्रव्यान्तरं भवति तथा सत्तागुणप्रदेशेभ्यो मुक्तजीवद्रव्यं सत्तागुणाद्भिन्नं सत्पृथग्द्रव्यान्तरं प्राप्नोति । एवं किं सिद्धम् । सत्तागुणरूपं पृथग्द्रव्यं मुक्तात्मद्रव्यं च पृथगिति द्रव्यद्वयं जातं, न च तथा । द्वितीयं च दूषणं प्राप्नोति—यथा सुवर्णत्वगुणप्रदेशेभ्यो भिन्नस्य

---

રીતે ઉભયશૂન્યતા થાય ( અર્થાત્ દ્રવ્ય તેમ જ ગુણ બન્નેના અભાવનો પ્રસંગ આવે ).

( અથવા અપોહરૂપતા નામનો ત્રીજો દોષ આ પ્રમાણે આવે: )

(૩) જેમ પટ-અભાવમાત્ર જ ઘટ છે, ઘટ-અભાવમાત્ર જ પટ છે ( અર્થાત્ વસ્ત્રના કેવળ અભાવ જેટલો જ ઘડો છે અને ઘડાના કેવળ અભાવ જેટલું જ વસ્ત્ર છે )—એ રીતે બન્નેને અપોહરૂપતા છે, તેમ દ્રવ્ય-અભાવમાત્ર જ ગુણ થાય, ગુણ-અભાવમાત્ર જ દ્રવ્ય થાય—એ રીતે આમાં પણ ( દ્રવ્ય-ગુણમાં પણ ) [1]અપોહરૂપતા થાય ( અર્થાત્ કેવળ નકારરૂપતાનો પ્રસંગ આવે ).

માટે દ્રવ્ય અને ગુણનું એકત્વ, અશૂન્યત્વ ને [2]અનપોહત્વ ઇચ્છનારે યથોક્ત જ ( જેવો કહ્યો તેવો જ ) અતદ્ભાવ માનવાયોગ્ય છે. ૧૦૮.

હવે સત્તા ને દ્રવ્યનું ગુણ-ગુણીપણું સિદ્ધ કરે છે:—

**પરિણામ દ્રવ્યસ્વભાવ જે, તે ગુણ ‘સત્’-અવિશિષ્ટ છે;**
**‘દ્રવ્યો સ્વભાવે સ્થિત સત્ છે’—એ જ આ ઉપદેશ છે. ૧૦૯.**

---

૧. અપોહરૂપતા = સર્વથા નકારાત્મકપણું; સર્વથા ભિન્નતા. ( દ્રવ્ય અને ગુણમાં એકબીજાનો કેવળ નકાર જ હોય તો ‘દ્રવ્ય ગુણવાળું છે,’ ‘આ ગુણ આ દ્રવ્યનો છે’—વગેરે કથનથી સૂચવાતો કોઈ પ્રકારનો સંબંધ જ દ્રવ્યને અને ગુણને ન બને. )

૨. અનપોહત્વ = અપોહરૂપપણું ન હોવું તે; કેવળ નકારાત્મકપણું ન હોવું તે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यः खलु द्रव्यस्वभावः परिणामः स गुणः सदविशिष्टः ।
सदवस्थितं स्वभावे द्रव्यमिति जिनोपदेशोऽयम् ॥ १०९ ॥

द्रव्यं हि स्वभावे नित्यमवतिष्ठमानत्वात्सदिति प्राक् प्रतिपादितम् । स्वभावस्तु द्रव्यस्य परिणामोऽभिहितः । य एव द्रव्यस्य स्वभावभूतः परिणामः, स एव सदविशिष्टो गुण इतीह साध्यते । यदेव हि द्रव्यस्वरूपवृत्तिभूतमस्तित्वं द्रव्यप्रधाननिर्देशात्सदिति संशब्द्यते तदविशिष्टगुणभूत एव द्रव्यस्य स्वभावभूतः परिणामः, द्रव्यवृत्तेर्हि त्रिकोटिसमय-

---

सुवर्णस्याभावस्तथैव सुवर्णप्रदेशेभ्यो भिन्नस्य सुवर्णत्वगुणस्याप्यभावः, तथा सत्तागुणप्रदेशेभ्यो भिन्नस्य मुक्तजीवद्रव्यस्याभावस्तथैव मुक्तजीवद्रव्यप्रदेशेभ्यो भिन्नस्य सत्तागुणस्याप्यभावः इत्युभयशून्यत्वं प्राप्नोति । यथेदं मुक्तजीवद्रव्ये संज्ञादिभेदभिन्नस्यातद्भावस्तस्य सत्तागुणेन सह प्रदेशाभेदव्याख्यानं कृतं तथा सर्वद्रव्येषु यथासंभवं ज्ञातव्यमित्यर्थः ॥ १०८ ॥ एवं द्रव्यस्यास्तित्वकथनरूपेण प्रथमगाथा, पृथक्त्व-लक्षणातद्भावाभिधानान्यत्वलक्षणयोः कथनेन द्वितीया, संज्ञालक्षणप्रयोजनादिभेदरूपस्यातद्भावस्य विवरण-रूपेण तृतीया, तस्यैव दृढीकरणार्थं च चतुर्थीति द्रव्यगुणयोरभेदविषये युक्तिकथनमुख्यतया गाथा-चतुष्टयेन पञ्चमस्थलं गतम् । अथ सत्ता गुणो भवति, द्रव्यं च गुणी भवतीति प्रतिपादयति—

---

**અન્વયાર્થઃ**—[ यः खलु ] જે, [ द्रव्यस्वभावः परिणामः ] દ્રવ્યના સ્વભાવભૂત (ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક) પરિણામ છે [ सः ] તે (પરિણામ) [ सदविशिष्टः गुणः ] 'સત્'થી અવિશિષ્ટ (-સત્તાથી કોઈ જુદો નહિ એવો) ગુણ છે. '[ स्वभावे अवस्थितं ] સ્વભાવમાં અવસ્થિત (હોવાથી) [ द्रव्यं ] દ્રવ્ય [ सत् ] સત્ છે'—[ इति जिनोपदेशः ] એવો જે (૯૯ મી ગાથામાં કહેલો) જિનોપદેશ [ अयम् ] તે જ આ છે (અર્થાત્ ૯૯ મી ગાથાના કથનમાંથી આ ગાથામાં કહેલો ભાવ સહેજે નીકળે છે).

**ટીકાઃ**—દ્રવ્ય સ્વભાવમાં નિત્ય અવસ્થિત હોવાથી સત્ છે— એમ પૂર્વે (૯૯ મી ગાથામાં) પ્રતિપાદિત કરવામાં આવ્યું છે; અને (ત્યાં) દ્રવ્યનો સ્વભાવ પરિણામ કહેવામાં આવ્યો છે. અહીં એમ સિદ્ધ કરવામાં આવે છે કે—જે દ્રવ્યના સ્વભાવભૂત પરિણામ છે, તે જ 'સત્'થી અવિશિષ્ટ (-અસ્તિત્વથી અભિન્ન એવો, અસ્તિત્વથી કોઈ બીજો નહિ એવો) ગુણ છે.

દ્રવ્યના સ્વરૂપની વૃત્તિભૂત એવું જે અસ્તિત્વ દ્રવ્યપ્રધાન કથન દ્વારા 'સત્' શબ્દથી કહેવામાં આવે છે, તેનાથી અવિશિષ્ટ (-તે અસ્તિત્વથી અનન્ય) ગુણભૂત જ દ્રવ્યસ્વભાવભૂત પરિણામ છે; કારણ કે દ્રવ્યની [1]વૃત્તિ ત્રણ પ્રકારના સમયને (ભૂત, વર્તમાન

---

૧. વૃત્તિ = વર્તવું તે; હયાત રહેવું તે; ટકવું તે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्पर्शिन्याः प्रतिक्षणं तेन तेन स्वभावेन परिणमनात् । द्रव्यस्वभावभूत एव तावत्परिणामः । स त्वस्तित्वभूतद्रव्यवृत्त्यात्मकत्वात्सदविशिष्टो द्रव्यविधायको गुण एवेति सत्ताद्रव्ययोर्गुणगुणिभावः सिद्धयति ॥ १०९ ॥

अथ गुणगुणिनोर्नानात्वमुपहन्ति—

**णत्थि गुणो त्ति व कोई पज्जाओ त्तीह वा विणा दव्वं ।**
**दव्वत्तं पुण भावो तम्हा दव्वं सयं सत्ता ॥ ११० ॥**

---

**जो खलु दव्वसहावो परिणामो** यः खलु स्फुटं द्रव्यस्य स्वभावभूतः परिणामः पञ्चेन्द्रियविषयानुभवरूपमनोव्यापारोत्पन्नसमस्तमनोरथरूपविकल्पजालाभावे सति यश्चिदानन्दैकानुभूतिरूपः स्वस्थभावस्तस्योत्पादः, पूर्वोक्तविकल्पजालविनाशो व्ययः, तदुभयाधारभूतजीवत्वं ध्रौव्यमित्युक्तलक्षणोत्पादव्ययध्रौव्यात्मकजीवद्रव्यस्य स्वभावभूतो योऽसौ परिणामः **सो गुणो** स गुणो भवति । स परिणामः कथंभूतः सन्गुणो भवति । **सदविसिट्ठो** सतोऽस्तित्वादविशिष्टोऽभिन्नस्तदुत्पादादित्रयं तिष्ठत्यस्तित्वं चैकं तिष्ठत्यस्तित्वेन सह कथमभिन्नो भवतीति चेत् । "उत्पादव्ययध्रौव्ययुक्तं सत्" इति वचनात् । एवं सति सत्तैव गुणो भवतीत्यर्थः । इति गुणव्याख्यानं गतम् । **सदवट्ठिदं सहावे दव्व त्ति** सदवस्थितं स्वभावे द्रव्यमिति । द्रव्यं परमात्मद्रव्यं भवति । किं कर्तृ । सदिति । केन । अभेदनयेन । कथंभूतम् । सत् अवस्थितम् । क्व । उत्पादव्ययध्रौव्यात्मकस्वभावे । **जिणोवदेसोयं** अयं जिनोपदेश इति 'सदवट्ठिदं सहावे दव्वं दव्वस्स जो हु परिणामो' इत्यादिपूर्वसूत्रे यदुक्तं तदेवेदं व्याख्यानम्, गुणकथनं पुनरधिकमिति तात्पर्यम् । यथेदं जीवद्रव्ये गुणगुणिनोर्व्याख्यानं कृतं तथा

---

ને ભવિષ્ય એવા ત્રણે કાળને ) સ્પર્શતી હોવાથી ( તે વૃત્તિ અર્થાત્ અસ્તિત્વ ) પ્રતિક્ષણે તે તે સ્વભાવે પરિણમે છે.

( આ પ્રમાણે ) ત્યારે પ્રથમ તો, દ્રવ્યના સ્વભાવભૂત જ પરિણામ છે; અને તે ( ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક પરિણામ ), અસ્તિત્વભૂત એવી દ્રવ્યની વૃત્તિસ્વરૂપ હોવાને લીધે, 'સત્' થી અવિશિષ્ટ એવો, દ્રવ્યવિધાયક (-દ્રવ્યને રચનારો ) ગુણ જ છે.—આ રીતે સત્તા ને દ્રવ્યનું ગુણ-ગુણીપણું સિદ્ધ થાય છે. ૧૦૯.

હવે ગુણ ને ગુણીના અનેકપણાનું ખંડન કરે છે:—

**પર્યાય કે ગુણ એવું કોઈ ન દ્રવ્ય વિણ વિશ્વે દીસે;**
**દ્રવ્યત્વ છે વળી ભાવ; તેથી દ્રવ્ય પોતે સત્ત્વ છે. ૧૧૦.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



नास्ति गुण इति वा कश्चित् पर्याय इतीह वा विना द्रव्यम् ।
द्रव्यत्वं पुनर्भावस्तस्माद्द्रव्यं स्वयं सत्ता ॥ ११० ॥

न खलु द्रव्यात्पृथग्भूतो गुण इति वा पर्याय इति वा कश्चिदपि स्यात्‌ः यथा सुवर्णात्पृथग्भूतं तत्पीतत्वादिकमिति वा तत्कुण्डलत्वादिकमिति वा । अथ तस्य तु द्रव्यस्य स्वरूपवृत्तिभूतमस्तित्वाख्यं यद्द्रव्यत्वं स खलु तद्भावाख्यो गुण एव भवन् किं हि द्रव्यात्पृथग्भूतत्वेन वर्तते । न वर्तत एव । तर्हि द्रव्यं सत्ताऽस्तु स्वयमेव ॥ ११० ॥

अथ द्रव्यस्य सदुत्पादासदुत्पादयोरविरोधं साधयति—

एवंविहं सहावे दव्वं दव्वत्थपज्जयत्थेहिं ।
सदसब्भावणिबद्धं पादुब्भावं सदा लभदि ॥ १११ ॥

---

सर्वद्रव्येषु ज्ञातव्यमिति ॥ १०९ ॥ अथ गुणपर्यायाभ्यां सह द्रव्यस्याभेदं दर्शयति—**णत्थि** नास्ति न विद्यते । स कः । **गुणो त्ति व कोई** गुण इति कश्चित् । न केवलं गुणः **पज्जाओ त्तीह** वा पर्यायो वेतीह । कथम् । **विणा** विना । किं विना । **दव्वं** द्रव्यम् । इदानीं द्रव्यं कथ्यते । **दव्वत्तं पुण भावो** द्रव्यत्वमस्तित्वम् । तत्पुनः किं भण्यते । भावः । भावः कोऽर्थः । उत्पादव्ययध्रौव्यात्मकसद्भावः । **तम्हा दव्वं सयं सत्ता** तस्मादभेदनयेन सत्ता स्वयमेव द्रव्यं भवतीति ।

---

અન્વયાર્થ:—[ इह ] આ વિશ્વમાં [ गुणः इति वा कश्चित् ] ગુણ એવું કોઈ [ पर्यायः इति वा ] કે પર્યાય એવું કોઈ, [ द्रव्यं विना न अस्ति ] દ્રવ્ય વિના (-દ્રવ્યથી જુદું ) હોતું નથી; [ द्रव्यत्वं पुनः भावः ] અને દ્રવ્યત્વ તે ભાવ છે ( અર્થાત્ અસ્તિત્વ તે ગુણ છે ); [ तस्मात् ] તેથી [ द्रव्यं स्वयं सत्ता ] દ્રવ્ય પોતે સત્તા ( અર્થાત્ અસ્તિત્વ ) છે.

ટીકા:— ખરેખર દ્રવ્યથી પૃથગ્ભૂત (જુદું) ગુણ એવું કોઈ કે પર્યાય એવું કોઈ પણ ન હોય;—જેમ સુવર્ણથી પૃથગ્ભૂત તેની પીળાશ આદિ કે તેનું કુંડળપણું આદિ હોતાં નથી તેમ. હવે, તે દ્રવ્યના સ્વરૂપની વૃત્તિભૂત 'અસ્તિત્વ' નામથી કહેવાતું જે દ્રવ્યત્વ તે તેનો 'ભાવ'નામથી કહેવાતો ગુણ જ હોવાથી, શું તે દ્રવ્યથી પૃથક્પણે વર્તે છે? નથી જ વર્તતું. તો પછી દ્રવ્ય સ્વયમેવ (પોતે જ) સત્તા હો. ૧૧૦.

હવે દ્રવ્યને સત્-ઉત્પાદ અને અસત્-ઉત્પાદ હોવામાં અવિરોધ સિદ્ધ કરે છે:—

આવું દરવ દ્રવ્યાર્થ-પર્યાયાર્થથી નિજભાવમાં
સદ્ભાવ-અણસદ્ભાવયુત ઉત્પાદને પામે સદા. ૧૧૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**एवंविधं स्वभावे द्रव्यं द्रव्यार्थपर्यायार्थाभ्याम् ।**
**सदसद्भावनिबद्धं प्रादुर्भावं सदा लभते ॥ १११ ॥**

एवमेतद्यथोदितप्रकारसाकल्याकलङ्कलाञ्छनमनादिनिधनं सत्स्वभावे प्रादुर्भावमास्कन्दति द्रव्यम् । स तु प्रादुर्भावो द्रव्यस्य द्रव्याभिधेयतायां सद्भावनिबद्ध एव स्यात्; पर्यायाभिधेयतायां त्वसद्भावनिबद्ध एव । तथा हि—यदा द्रव्यमेवाभिधीयते न पर्यायास्तदा प्रभवावसानवर्जिताभिर्यौगपद्यप्रवृत्ताभिर्द्रव्यनिष्पादिकाभिरन्वयशक्तिभिः प्रभवसान-

---

तद्यथा—मुक्तात्मद्रव्ये परमावाप्तिरूपो मोक्षपर्यायः केवलज्ञानादिरूपो गुणसमूहश्च येन कारणेन तद्द्वयमपि परमात्मद्रव्यं विना नास्ति न विद्यते । कस्मात् प्रदेशाभेदादिति । उत्पादव्ययध्रौव्यात्मकशुद्धसत्तारूपं मुक्तात्मद्रव्यं भवति । तस्मादभेदेन सत्तैव द्रव्यमित्यर्थः । यथा मुक्तात्मद्रव्ये गुणपर्यायाभ्यां सहाभेदव्याख्यानं कृतं तथा यथासंभवं सर्वद्रव्येषु ज्ञातव्यमिति ॥ ११० ॥ एवं गुणगुणिव्याख्यानरूपेण प्रथमगाथा, द्रव्यस्य गुणपर्यायाभ्यां सह भेदो नास्तीति कथनरूपेण द्वितीया चेति स्वतन्त्रगाथाद्वयेन षष्ठस्थलं गतम् ॥ अथ द्रव्यस्य द्रव्यार्थिकपर्यायार्थिकनयाभ्यां सदुत्पादासदुत्पादौ दर्शयति—**एवंविहसब्भावे** एवंविधसद्भावे सत्तालक्षणमुत्पादव्ययध्रौव्यलक्षणं गुणपर्यायलक्षणं द्रव्यं चेत्येवंविधपूर्वोक्तसद्भावे स्थितं, अथवा **एवंविहं सहावे** इति पाठान्तरम् । तत्रैवंविधं पूर्वोक्तलक्षणं

---

**અન્વયાર્થ:**—[ एवंविधं द्रव्यं ] આવું (પૂર્વોક્ત) દ્રવ્ય [ स्वभावे ] **સ્વભાવમાં** [ द्रव्यार्थपर्यायार्थाभ्यां ] **દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયો વડે** [ सदसद्भावनिबद्धं प्रादुर्भावं ] **સદ્‌ભાવસંબદ્ધ અને અસદ્‌ભાવસંબદ્ધ ઉત્પાદને** [ सदा लभते ] **સદા પામે છે.**

**ટીકા:**—આ પ્રમાણે યથોદિત સર્વ પ્રકારે [1]અકલંક લક્ષણવાળું, અનાદિનિધન આ દ્રવ્ય સત્-સ્વભાવમાં (અસ્તિત્વસ્વભાવમાં) ઉત્પાદ પામે છે. દ્રવ્યનો તે ઉત્પાદ, દ્રવ્યની [2]અભિધેયતા વખતે સદ્‌ભાવસંબદ્ધ જ છે અને પર્યાયોની અભિધેયતા વખતે અસદ્‌ભાવસંબદ્ધ જ છે. તે સ્પષ્ટ સમજાવવામાં આવે છે:—

જ્યારે દ્રવ્ય જ કહેવામાં આવે છે—પર્યાયો નહિ, ત્યારે ઉત્પત્તિવિનાશ રહિત, યુગપદ્ પ્રવર્તતી, દ્રવ્યની નિપજાવનારી [3]અન્વયશક્તિઓ વડે, ઉત્પત્તિવિનાશલક્ષણવાળી,

---

૧. અકલંક = નિર્દોષ. (આ દ્રવ્ય પૂર્વે કહેલા સર્વ પ્રકારે નિર્દોષ લક્ષણવાળું છે.)
૨. અભિધેયતા = કહેવાયોગ્યપણું; વિવક્ષા; કથની.
૩. અન્વયશક્તિઓ = અન્વયરૂપ શક્તિઓ. (અન્વયશક્તિઓ ઉત્પત્તિ અને નાશ વિનાની છે, એકીસાથે પ્રવર્તે છે અને દ્રવ્યને નિપજાવે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે આત્મદ્રવ્યની અન્વયશક્તિઓ છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

लाञ्छनाः क्रमप्रवृत्ताः पर्यायनिष्पादिका व्यतिरेकव्यक्तीस्तास्ताः संक्रामतो द्रव्यस्य सद्भावनिबद्ध एव प्रादुर्भावः, हेमवत्। तथा हि—यदा हेमैवाभिधीयते नाङ्गदादयः पर्यायास्तदा हेमसमानजीविताभिर्यौगपद्यप्रवृत्ताभिर्हेमनिष्पादिकाभिरन्वयशक्तिभिरङ्गदादिपर्यायसमानजीविताः क्रमप्रवृत्ता अङ्गदादिपर्यायनिष्पादिका व्यतिरेकव्यक्तीस्तास्ताः संक्रामतो हेम्नः सद्भावनिबद्ध एव प्रादुर्भावः। यदा तु पर्याया एवाभिधीयन्ते न द्रव्यं, तदा प्रभवावसानलाञ्छनाभिः क्रमप्रवृत्ताभिः पर्यायनिष्पादिकाभिर्व्यतिरेकव्यक्तिभिस्ताभिस्ताभिः प्रभवावसानवर्जिता

---

स्वकीयसद्भावे स्थितम् । किम् । **दव्वं** द्रव्यं कर्तृ । किं करोति । **सदा लभदि** सदा सर्वकालं लभते । किं कर्मतापन्नम् । **पादुब्भावं** प्रादुर्भावमुत्पादम् । कथंभूतम् । **सदसब्भावणिबद्धं** सद्भावनिबद्धमसद्भावनिबद्धं च । काभ्यां कृत्वा । **दव्वत्थपज्जयत्थेहिं** द्रव्यार्थिकपर्यायार्थिकनयाभ्यामिति । तथा हि—यथा यदा काले द्रव्यार्थिकनयेन विवक्षा क्रियते यदेव कटकपर्याये सुवर्णं तदेव कङ्कणपर्याये नान्यदिति, तदा काले सद्भावनिबद्ध एवोत्पादः । कस्मादिति चेत् । द्रव्यस्य द्रव्यरूपेणाविनष्टत्वात् । यदा पुनः पर्यायविवक्षा क्रियते कटकपर्यायात् सकाशादन्यो यः कङ्कणपर्यायः सुवर्णसम्बन्धी स एव न भवति, तदा पुनरसदुत्पादः । कस्मादिति चेत् । पूर्वपर्यायस्य विनष्टत्वात् । तथा यदा द्रव्यार्थिकनयविवक्षा क्रियते य एव पूर्वं गृहस्थावस्थायामेवमेवं गृहव्यापारं कृतवान् पश्चाज्जिनदीक्षां गृहीत्वा स एवेदानीं रामादिकेवलिपुरुषो निश्चयरत्नत्रयात्मकपरमात्मध्यानेनानन्तसुखा-

---

**ક્રમે પ્રવર્તતી, પર્યાયોની નિપજાવનારી તે તે [1]વ્યતિરેકવ્યક્તિઓને પામતા દ્રવ્યને [2]સદ્ભાવ-સંબદ્ધ જ ઉત્પાદ છે; સુવર્ણની જેમ. તે આ પ્રમાણે: જ્યારે સુવર્ણ જ કહેવામાં આવે છે—બાજુબંધ વગેરે પર્યાયો નહિ, ત્યારે સુવર્ણ જેટલું ટકનારી, યુગપદ્ પ્રવર્તતી, સુવર્ણની નિપજાવનારી અન્વયશક્તિઓ વડે, બાજુબંધ વગેરે પર્યાયો જેટલું ટકનારી, ક્રમે પ્રવર્તતી, બાજુબંધ વગેરે પર્યાયોની નિપજાવનારી તે તે વ્યતિરેકવ્યક્તિઓને પામતા સુવર્ણને સદ્ભાવસંબદ્ધ જ ઉત્પાદ છે.**

**અને જ્યારે પર્યાયો જ કહેવામાં આવે છે—દ્રવ્ય નહિ, ત્યારે ઉત્પત્તિવિનાશ જેમનું લક્ષણ છે એવી, ક્રમે પ્રવર્તતી, પર્યાયોની નિપજાવનારી તે તે વ્યતિરેકવ્યક્તિઓ વડે,**

---

૧. વ્યતિરેકવ્યક્તિઓ = ભેદરૂપ પ્રગટતાઓ. [ વ્યતિરેકવ્યક્તિઓ ઉત્પત્તિવિનાશ પામે છે, ક્રમે પ્રવર્તે છે અને પર્યાયોને નિપજાવે છે. શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન વગેરે તથા સ્વરૂપાચરણચારિત્ર, યથાખ્યાતચારિત્ર વગેરે આત્મદ્રવ્યની વ્યતિરેકવ્યક્તિઓ છે. વ્યતિરેક તથા અન્વયના અર્થો માટે ૧૯૦ તથા ૧૯૧ મા પાનાનું પદટિપ્પણ (ફૂટનોટ) જુઓ.]

૨. સદ્ભાવસંબદ્ધ = હયાતી સાથે સંબંધવાળો–સંકળાયેલો. [ દ્રવ્યની વિવક્ષા વખતે, અન્વયશક્તિઓને મુખ્ય અને વ્યતિરેકવ્યક્તિઓને ગૌણ કરાતી હોવાથી દ્રવ્યને સદ્ભાવસંબદ્ધ ઉત્પાદ (સત્-ઉત્પાદ, હયાતનો ઉત્પાદ) છે.]

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यौगपद्यप्रवृत्ता द्रव्यनिष्पादिका अन्वयशक्तीः संक्रामतो द्रव्यस्यासद्भावनिबद्ध एव प्रादुर्भावः, हेमवदेव। तथा हि—यदाङ्गदादिपर्याया एवाभिधीयन्ते न हेम, तदाङ्गदादिपर्यायसमानजीविताभिः क्रमप्रवृत्ताभिरङ्गदादिपर्यायनिष्पादिकाभिर्व्यतिरेकव्यक्तिभिस्ताभिस्ताभिर्हेमसमानजीविता यौगपद्यप्रवृत्ता हेमनिष्पादिका अन्वयशक्तिः संक्रामतो हेम्नोऽसद्भावनिबद्ध एव प्रादुर्भावः। अथ पर्यायाभिधेयतायामप्यसदुत्पत्तौ पर्यायनिष्पादिकास्तास्ता व्यतिरेकव्यक्तयो यौगपद्यप्रवृत्तिमासाद्यान्वयशक्तित्वमापन्नाः पर्यायान् द्रवीकुर्युः, तथाङ्गदादिपर्यायनिष्पादिकाभिस्ताभिस्ताभिर्व्यतिरेकव्यक्तिभिर्यौगपद्यप्रवृत्तिमासाद्यान्वयशक्तित्वमापन्नाभिरङ्गदादिपर्याया अपि हेमीक्रियेरन्। द्रव्याभिधेयतायामपि सदुत्पत्तौ द्रव्यनिष्पादिका अन्वयशक्तयः क्रमप्रवृत्तिमासाद्य तत्तद्व्यतिरेकव्यक्तित्वमापन्ना द्रव्यं पर्यायीकुर्युः, तथा हेमनिष्पादिकाभिरन्वय-

---

मृतत्पुत्रो जातः न चान्य इति, तदा सद्भावनिबद्ध एवोत्पादः। कस्मादिति चेत्। पुरुषत्वेनाविनष्टत्वात्। यदा तु पर्यायनयविवक्षा क्रियते पूर्वं सरागावस्थायाः सकाशादन्योऽयं भरतसगररामपाण्डवादिकेवलिपुरुषाणां संबन्धी निरुपरागपरमात्मपर्यायः स एव न भवति, तदा पुनरसद्भावनिबद्ध

---

ઉત્પત્તિવિનાશ રહિત, યુગપદ્ પ્રવર્તતી, દ્રવ્યની નિપજાવનારી અન્વયશક્તિઓને પામતા દ્રવ્યને *અસદ્‌ભાવસંબદ્ધ જ ઉત્પાદ છે; સુવર્ણની જેમ જ. તે આ પ્રમાણે: જ્યારે બાજુબંધ વગેરે પર્યાયો જ કહેવામાં આવે છે—સુવર્ણ નહિ, ત્યારે બાજુબંધ વગેરે પર્યાયો જેટલું ટકનારી, ક્રમે પ્રવર્તતી, બાજુબંધ વગેરે પર્યાયોની નિપજાવનારી તે તે વ્યતિરેકવ્યક્તિઓ વડે, સુવર્ણ જેટલું ટકનારી, યુગપદ્ પ્રવર્તતી, સુવર્ણની નિપજાવનારી અન્વયશક્તિઓને પામતા સુવર્ણને અસદ્‌ભાવયુક્ત જ ઉત્પાદ છે.

હવે, પર્યાયોની અભિધેયતા વખતે પણ, અસત્-ઉત્પાદમાં પર્યાયોની નિપજાવનારી તે તે વ્યતિરેકવ્યક્તિઓ યુગપદ્‌પ્રવૃત્તિ પામીને અન્વયશક્તિપણાને પામતી થકી પર્યાયોને દ્રવ્ય કરે છે (–પર્યાયોની વિવક્ષા વખતે પણ, વ્યતિરેકવ્યક્તિઓ અન્વયશક્તિરૂપ બનતી થકી પર્યાયોને દ્રવ્યરૂપ કરે છે); જેમ બાજુબંધ વગેરે પર્યાયોની નિપજાવનારી તે તે વ્યતિરેકવ્યક્તિઓ યુગપદ્‌પ્રવૃત્તિ પામીને અન્વયશક્તિપણાને પામતી થકી બાજુબંધ વગેરે પર્યાયોને સુવર્ણ કરે છે તેમ. દ્રવ્યની અભિધેયતા વખતે પણ, સત્-ઉત્પાદમાં દ્રવ્યની નિપજાવનારી અન્વયશક્તિઓ ક્રમપ્રવૃત્તિ પામીને તે તે વ્યતિરેકવ્યક્તિપણાને પામતી થકી દ્રવ્યને પર્યાયો (–પર્યાયોરૂપ) કરે છે, જેમ સુવર્ણની નિપજાવનારી અન્વયશક્તિઓ ક્રમપ્રવૃત્તિ પામીને

---

* અસદ્‌ભાવસંબદ્ધ = અછયાતી સાથે સંબંધવાળો—સંકળાયેલો. [ પર્યાયોની વિવક્ષા વખતે, વ્યતિરેકવ્યક્તિઓને મુખ્ય અને અન્વયશક્તિઓને ગૌણ કરાતી હોવાથી, દ્રવ્યને અસદ્‌ભાવસંબદ્ધ ઉત્પાદ (અસત્-ઉત્પાદ, અવિદ્યમાનનો ઉત્પાદ) છે. ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



शक्तिभिः क्रमप्रवृत्तिमासाद्य तत्तद्व्यतिरेकमापन्नाभिर्हेमाङ्गदादिपर्यायमात्रीक्रियेत । ततो द्रव्यार्थादेशात्सदुत्पादः, पर्यायार्थादेशादसत् इत्यनवद्यम् ॥ १११ ॥

अथ सदुत्पादमनन्यत्वेन निश्चिनोति—

**जीवो भवं भविस्सदि णरोऽमरो वा परो भवीय पुणो ।**
**किं दव्वत्तं पजहदि ण जहं अण्णो कहं होदि ॥ ११२ ॥**

---

एवोत्पादः । कस्मादिति चेत् । पूर्वपर्यायादन्यत्वादिति । यथेदं जीवद्रव्ये सदुत्पादासदुत्पादव्याख्यानं कृतं तथा सर्वद्रव्येषु यथासंभवं ज्ञातव्यमिति ॥ १११ ॥ अथ पूर्वोक्तमेव सदुत्पादं द्रव्यादभिन्नत्वेन विवृणोति—**जीवो** जीवः कर्ता **भवं** भवन् परिणमन् सन् **भविस्सदि** भविष्यति तावत् । किं किं भविष्यति ।

---

તે તે વ્યતિરેકવ્યક્તિપણાને પામતી થકી સુવર્ણને બાજુબંધઆદિ પર્યાયમાત્ર (-પર્યાયમાત્રરૂપ) કરે છે તેમ.

માટે દ્રવ્યાર્થિક કથનથી સત્-ઉત્પાદ છે, પર્યાયાર્થિક કથનથી અસત્-ઉત્પાદ છે—તે વાત અનવદ્ય (નિર્દોષ, અબાધ્ય) છે.

ભાવાર્થઃ—જે પહેલાં હયાત હોય તેની જ ઉત્પત્તિને સત્-ઉત્પાદ કહે છે અને જે પહેલાં હયાત ન હોય તેની ઉત્પત્તિને અસત્-ઉત્પાદ કહે છે. જ્યારે પર્યાયોને ગૌણ કરીને દ્રવ્યનું મુખ્યપણે કથન કરવામાં આવે છે, ત્યારે તો જે હયાત હતું તે જ ઉત્પન્ન થાય છે (કારણ કે દ્રવ્ય તો ત્રણે કાળે હયાત છે); તેથી દ્રવ્યાર્થિક નયથી તો દ્રવ્યને સત્-ઉત્પાદ છે. અને જ્યારે દ્રવ્યને ગૌણ કરીને પર્યાયોનું મુખ્યપણે કથન કરવામાં આવે છે, ત્યારે જે હયાત નહોતું તે ઉત્પન્ન થાય છે (કારણ કે વર્તમાન પર્યાય ભૂતકાળે હયાત નહોતો), તેથી પર્યાયાર્થિક નયથી દ્રવ્યને અસત્-ઉત્પાદ છે.

અહીં એ લક્ષમાં રાખવું કે દ્રવ્ય અને પર્યાયો જુદી જુદી વસ્તુઓ નથી; તેથી પર્યાયોની વિવક્ષા વખતે પણ, અસત્-ઉત્પાદમાં, જે પર્યાયો છે તે દ્રવ્ય જ છે, અને દ્રવ્યની વિવક્ષા વખતે પણ, સત્-ઉત્પાદમાં, જે દ્રવ્ય છે તે પર્યાયો જ છે. ૧૧૧.

હવે (સર્વ પર્યાયોમાં દ્રવ્ય અનન્ય છે અર્થાત્ તેનું તે જ છે માટે તેને સત્-ઉત્પાદ છે—એમ) સત્-ઉત્પાદને અનન્યપણા વડે નક્કી કરે છેઃ—

**જીવ પરિણમે તેથી નરાદિક એ થશે; પણ તે-રૂપે**
**શું છોડતો દ્રવ્યત્વને? નહિ છોડતો કયમ અન્ય એ? ૧૧૨.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जीवो भवन् भविष्यति नराऽमरो वा परो भूत्वा पुनः ।
किं द्रव्यत्वं प्रजहाति न जहदन्यः कथं भवति ॥ ११२ ॥

द्रव्यं हि तावद्द्रव्यत्वभूतामन्वयशक्तिं नित्यमप्यपरित्यजद्भवति सदेव । यस्तु द्रव्यस्य पर्यायभूताया व्यतिरेकव्यक्तेः प्रादुर्भावः तस्मिन्नपि द्रव्यत्वभूताया अन्वयशक्तेर-प्रच्यवनात् द्रव्यमनन्यदेव । ततोऽनन्यत्वेन निश्चीयते द्रव्यस्य सदुत्पादः । तथा हि—जीवो द्रव्यं भवन्नारकतिर्यग्मनुष्यदेवसिद्धत्वानामन्यतमेन पर्यायेण द्रव्यस्य पर्यायदुर्ललितवृत्तित्वाद-वश्यमेव भविष्यति । स हि भूत्वा च तेन किं द्रव्यत्वभूतामन्वयशक्तिमुज्झति, नोज्झति ।

---

निर्विकारशुद्धोपयोगविलक्षणाभ्यां शुभाशुभोपयोगाभ्यां परिणम्य **णरोऽमरो वा परो** नरो देवः परस्तिर्यङ्-नारकरूपो वा निर्विकारशुद्धोपयोगेन सिद्धो वा भविष्यति । **भवीय पुणो** एवं पूर्वोक्तप्रकारेण पुनर्भूत्वापि । अथवा द्वितीयव्याख्यानम् । भवन् वर्तमानकालापेक्षया भविष्यति भाविकालापेक्षया भूत्वा भूतकाला-पेक्षया चेति कालत्रये चैवं भूत्वापि **किं दव्वत्तं पजहदि** किं द्रव्यत्वं परित्यजति । **ण चयदि** द्रव्यार्थिकनयेन द्रव्यत्वं न त्यजति, द्रव्याद्भिन्नो न भवति । **अण्णो कहं हवदि** अन्यो भिन्नः

---

**અન્વયાર્થઃ**—[ जीवः ] જીવ [ भवन् ] પરિણમતો હોવાથી [ नरः ] મનુષ્ય, [ अमरः ] દેવ [ वा ] અથવા [ परः ] બીજું કાંઈ (-તિર્યંચ, નારક કે સિદ્ધ ) [ भविष्यति ] થશે. [ पुनः ] પરંતુ [ भूत्वा ] મનુષ્યદેવાદિક થઈને [ किं ] શું તે [ द्रव्यत्वं प्रजहाति ] દ્રવ્યપણાને છોડે છે? [ न जहत् ] નહિ છોડતો થકો તે [ अन्यः कथं भवति ] અન્ય કેમ હોય? ( અર્થાત્ તે અન્ય નથી, તેનો તે જ છે. )

**ટીકાઃ**—પ્રથમ તો દ્રવ્ય દ્રવ્યત્વભૂત અન્વયશક્તિને સદાય નહિ છોડતું થકું સત્ જ ( હયાત જ ) છે. અને દ્રવ્યને જે પર્યાયભૂત વ્યતિરેકવ્યક્તિનો ઉત્પાદ થાય છે તેમાં પણ દ્રવ્યત્વભૂત અન્વયશક્તિનું અચ્યુતપણું હોવાથી દ્રવ્ય અનન્ય જ છે ( અર્થાત્ તે ઉત્પાદમાં પણ અન્વયશક્તિ તો અપતિત-અવિનષ્ટ-નિશ્ચળ હોવાથી દ્રવ્ય તેનું તે જ છે, અન્ય નથી ). માટે અનન્યપણા વડે દ્રવ્યનો સત્-ઉત્પાદ નક્કી થાય છે (અર્થાત્ ઉપર કહ્યું તેમ દ્રવ્યનું દ્રવ્ય-અપેક્ષાએ અનન્યપણું હોવાથી, તેને સત્-ઉત્પાદ છે—એમ અનન્યપણા દ્વારા સિદ્ધ થાય છે ).

આ વાતને ( ઉદાહરણથી ) સ્પષ્ટ કરવામાં આવે છેઃ

જીવ દ્રવ્ય હોવાથી અને દ્રવ્ય પર્યાયોમાં વર્તતું હોવાથી જીવ નારકત્વ, તિર્યંચત્વ, મનુષ્યત્વ, દેવત્વ અને સિદ્ધત્વમાંના કોઈ એક પર્યાયે અવશ્યમેવ થશે—પરિણમશે. પરંતુ તે જીવ તે પર્યાયરૂપે થઈને શું દ્રવ્યત્વભૂત અન્વયશક્તિને છોડે છે? નથી છોડતો. જો નથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यदि नोज्झति कथमन्यो नाम स्यात्, येन प्रकटितत्रिकोटिसत्ताकः स एव न स्यात् ॥ ११२ ॥

अथासदुत्पादमन्यत्वेन निश्चिनोति—

**मणुवो ण होदि देवो देवो वा माणुसो व सिद्धो वा ।**
**एवं अहोज्जमाणो अणण्णभावं कधं लहदि ॥ ११३ ॥**

मनुजो न भवति देवो देवो वा मानुषो वा सिद्धो वा ।
एवमभवन्ननन्यभावं कथं लभते ॥ ११३ ॥

---

कथं भवति । किंतु द्रव्यान्वयशक्तिरूपेण सद्भावनिबद्धोत्पादः स एवेति द्रव्यादभिन्न इति भावार्थः ॥ ११२ ॥ अथ द्रव्यस्यासदुत्पादं पूर्वपर्यायादन्यत्वेन निश्चिनोति—**मणुवो ण हवदि देवो** आकुलत्वोत्पादकमनुजदेवादिविभावपर्यायविलक्षणमनाकुलत्वरूपस्वभावपरिणतिलक्षणं परमात्मद्रव्यं यद्यपि निश्चयेन मनुष्यपर्याये देवपर्याये च समानं तथापि मनुजो देवो न भवति । कस्मात् । देवपर्यायकाले

---

છોડતો તો તે અન્ય કઈ રીતે હોય કે જેથી ત્રિકોટિ સત્તા ( -ત્રણ પ્રકારની સત્તા, ત્રૈકાળિક હયાતી ) જેને પ્રગટ છે એવો તે ( જીવ ), તે જ ન હોય? ( અર્થાત્ ત્રણે કાળે હયાત એવો જીવ અન્ય નથી, તેનો તે જ છે.)

ભાવાર્થઃ—જીવ મનુષ્ય-દેવાદિક પર્યાયે પરિણમતાં છતાં અન્ય થઈ જતો નથી, અનન્ય રહે છે, તેનો તે જ રહે છે; કારણ કે ‘તે જ આ દેવનો જીવ છે, જે પૂર્વ ભવે મનુષ્ય હતો અને અમુક ભવે તિર્યંચ હતો’ એમ જ્ઞાન થઈ શકે છે. આ રીતે, જીવની માફક, દરેક દ્રવ્ય પોતાના સર્વ પર્યાયોમાં તેનું તે જ રહે છે, અન્ય થઈ જતું નથી—અનન્ય રહે છે. આમ દ્રવ્યનું અનન્યપણું હોવાથી દ્રવ્યનો સત્-ઉત્પાદ નક્કી થાય છે. ૧૧૨.

હવે અસત્-ઉત્પાદને અન્યપણા વડે ( અન્યપણા દ્વારા ) નક્કી કરે છે:—

**માનવ નથી સુર, સુર પણ નહિ મનુજ કે નહિ સિદ્ધ છે;**
**એ રીત નહિ હોતો થકો કયમ તે અનન્યપણું ધરે? ૧૧૩.**

અન્વયાર્થઃ—[ मनुजः ] મનુષ્ય તે [ देवः न भवति ] દેવ નથી, [ वा ] અથવા [ देवः ] દેવ તે [ मानुषः वा सिद्धः वा ] મનુષ્ય કે સિદ્ધ નથી; [ एवम् अभवन् ] એમ નહિ હોતો થકો [ अनन्यभावं कथं लभते ] અનન્ય કેમ હોય?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**पर्याया हि पर्यायभूताया आत्मव्यतिरेकव्यक्तेः काल एव सत्त्वात्ततोऽन्यकालेषु भवन्त्यसन्त एव । यश्च पर्यायाणां द्रव्यत्वभूतयान्वयशक्त्यानुस्यूतः क्रमानुपाती स्वकाले प्रादुर्भावः तस्मिन्पर्यायभूताया आत्मव्यतिरेकव्यक्तेः पूर्वमसत्त्वात्पर्याया अन्य एव । ततः पर्यायाणामन्यत्वेन निश्चीयते पर्यायस्वरूपकर्तृकरणाधिकरणभूतत्वेन पर्यायेभ्योऽपृथग्भूतस्य द्रव्यस्यासदुत्पादः । तथा हि—न हि मनुजस्त्रिदशो वा सिद्धो वा स्यात्, न हि त्रिदशो मनुजो वा सिद्धो वा स्यात् । एवमसन् कथमनन्यो नाम स्यात्, येनान्य एव न स्यात्; येन च निष्पद्यमानमनुजादिपर्यायं जायमानवलयादिविकारं काञ्चनमिव जीवद्रव्यमपि प्रतिपदमन्यन्न स्यात् ॥ ११३ ॥**

---

मनुष्यपर्यायस्यानुपलम्भात् । **देवो वा माणुसो व सिद्धो वा** देवो वा मनुष्यो न भवति स्वात्मोपलब्धिरूपसिद्धपर्यायो वा न भवति । कस्मात् । पर्यायाणां परस्परं भिन्नकालत्वात्, सुवर्णद्रव्ये कुण्डलादिपर्यायाणामिव । **एवं अहोज्जमाणो** एवमभवन्सन् **अणण्णभावं कधं लहदि** अनन्यभाव-

---

ટીકાઃ—પર્યાયો પર્યાયભૂત સ્વવ્યતિરેકવ્યક્તિના કાળે જ સત્ (-હયાત) હોવાને લીધે તેનાથી અન્ય કાળોમાં અસત્ જ (-અહયાત જ) છે. અને પર્યાયોનો દ્રવ્યત્વભૂત અન્વયશક્તિ સાથે ગૂંથાયેલો (-એકરૂપપણે જોડાયેલો) જે ક્રમાનુપાતી (ક્રમાનુસાર) સ્વકાળે ઉત્પાદ થાય છે તેમાં પર્યાયભૂત સ્વવ્યતિરેકવ્યક્તિનું પૂર્વે અસત્પણું હોવાથી, પર્યાયો અન્ય જ છે. માટે પર્યાયોના અન્યપણા વડે દ્રવ્યનો—કે જે પર્યાયોના સ્વરૂપનું કર્તા, કરણ અને અધિકરણ હોવાને લીધે પર્યાયોથી અપૃથક્ છે તેનો—અસત્-ઉત્પાદ નક્કી થાય છે.

આ વાતને (ઉદાહરણ વડે) સ્પષ્ટ કરવામાં આવે છે:

મનુષ્ય તે દેવ કે સિદ્ધ નથી, દેવ તે મનુષ્ય કે સિદ્ધ નથી; એ રીતે નહિ હોતો થકો અનન્ય (-તેનો તે જ) કેમ હોય, કે જેથી અન્ય જ ન હોય અને જેથી મનુષ્યાદિ પર્યાયો જેને નીપજે છે એવું જીવદ્રવ્ય પણ—વલયાદિ વિકારો (કંકણ વગેરે પર્યાયો) જેને ઊપજે છે એવા સુવર્ણની જેમ—પદે પદે (પગલે પગલે, પર્યાયે પર્યાયે) અન્ય ન હોય? [જેમ કંકણ, કુંડળ વગેરે પર્યાયો અન્ય છે (-ભિન્નભિન્ન છે, તેના તે જ નથી) તેથી તે પર્યાયો કરનારું સુવર્ણ પણ અન્ય છે, તેમ મનુષ્ય, દેવ વગેરે પર્યાયો અન્ય છે તેથી તે પર્યાયો કરનારું જીવદ્રવ્ય પણ પર્યાય-અપેક્ષાએ અન્ય છે.]

ભાવાર્થઃ—જીવ અનાદિ-અનંત હોવા છતાં, મનુષ્યપર્યાયકાળે દેવપર્યાયની કે સ્વાત્મોપલબ્ધિરૂપ સિદ્ધપર્યાયની અપ્રાપ્તિ છે અર્થાત્ મનુષ્ય તે દેવ કે સિદ્ધ નથી માટે તે પર્યાયો અન્ય-અન્ય છે. આ રીતે પર્યાયો અન્ય હોવાથી, તે પર્યાયોનો કરનાર, સાધન અને આધાર એવો જીવ પણ પર્યાય-અપેક્ષાએ અન્યપણાને પામે છે. આ રીતે, જીવની માફક,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथैकद्रव्यस्यान्यत्वानन्यत्वविप्रतिषेधमुद्धुनोति—

**दव्वट्ठिएण सव्वं दव्वं तं पज्जयट्ठिएण पुणो ।**
**हवदि य अण्णमणण्णं तक्काले तम्मयत्तादो ॥ ११४ ॥**

द्रव्यार्थिकेन सर्वं द्रव्यं तत्पर्यायार्थिकेन पुनः ।
भवति चान्यदनन्यत्तत्काले तन्मयत्वात् ॥ ११४ ॥

सर्वस्य हि वस्तुनः सामान्यविशेषात्मकत्वात्तत्स्वरूपमुत्पश्यतां यथाक्रमं सामान्यविशेषौ परिच्छिन्दती द्वे किल चक्षुषी, द्रव्यार्थिकं पर्यायार्थिकं चेति । तत्र पर्यायार्थिकमेकान्त-

---

मेकत्वं कथं लभते, न कथमपि । तत एतावदायाति असद्भावनिबद्धोत्पादः पूर्वपर्यायाद्भिन्नो भवतीति ॥ ११३ ॥ अथैकद्रव्यस्य पर्यायैस्सहानन्यत्वाभिधानमेकत्वमन्यत्वाभिधानमनेकत्वं च नयविभागेन दर्शयति, अथवा पूर्वोक्तसद्भावनिबद्धासद्भावनिबद्धमुत्पादद्वयं प्रकारान्तरेण समर्थयति—**हवदि** भवति । किं कर्तृ । **सव्वं दव्वं** सर्वं विवक्षिताविवक्षितजीवद्रव्यम् । किंविशिष्टं भवति । **अणण्णं** अनन्यमभिन्नमेकं तन्मयमिति । केन सह । तेन नारकतिर्यङ्मनुष्यदेवरूपविभावपर्यायसमूहेन केवलज्ञानाद्यनन्तचतुष्टयशक्तिरूपसिद्ध-पर्यायेण च । केन कृत्वा । **दव्वट्ठिएण** शुद्धान्वयद्रव्यार्थिकनयेन । कस्मात् । कुण्डलादिपर्यायेषु

---

દરેક દ્રવ્યને પર્યાય-અપેક્ષાએ અન્યપણું છે. આમ દ્રવ્યને અન્યપણું હોવાથી દ્રવ્યને અસત્-ઉત્પાદ છે એમ નિશ્ચિત થાય છે. ૧૧૩.

હવે એક દ્રવ્યને અન્યત્વ અને અનન્યત્વ હોવામાં જે વિરોધ તેને દૂર કરે છે (અર્થાત્ તેમાં વિરોધ નથી આવતો એમ દર્શાવે છે):—

દ્રવ્યાર્થિકે બધું દ્રવ્ય છે; ને તે જ પર્યાયાર્થિકે
છે અન્ય, જેથી તે સમય તદ્રૂપ હોઈ અનન્ય છે. ૧૧૪.

**અન્વયાર્થઃ**—[ द्रव्यार्थिकेन ] દ્રવ્યાર્થિક (નય) વડે [ सर्वं ] સઘળું [ द्रव्यं ] દ્રવ્ય છે; [ पुनः च ] અને વળી [ पर्यायार्थिकेन ] પર્યાયાર્થિક (નય) વડે [ तत् ] તે (દ્રવ્ય) [ अन्यत् ] અન્ય-અન્ય છે, [ तत्काले तन्मयत्वात् ] કારણ કે તે કાળે તન્મય હોવાને લીધે [ अनन्यत् ] (દ્રવ્ય પર્યાયોથી) અનન્ય છે.

**ટીકાઃ**—ખરેખર સર્વ વસ્તુ સામાન્ય-વિશેષાત્મક હોવાથી વસ્તુનું સ્વરૂપ જોનારાઓને અનુક્રમે (૧) સામાન્ય અને (૨) વિશેષને જાણનારાં બે ચક્ષુઓ છે— (૧) દ્રવ્યાર્થિક અને (૨) પર્યાયાર્થિક.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निमीलितं विधाय केवलोन्मीलितेन द्रव्यार्थिकेन यदावलोक्यते तदा नारकतिर्यङ्मनुष्यदेवसिद्धत्वपर्यायात्मकेषु विशेषेषु व्यवस्थितं जीवसामान्यमेकमवलोकयतामनवलोकितविशेषाणां तत्सर्वं जीवद्रव्यमिति प्रतिभाति । यदा तु द्रव्यार्थिकमेकान्तनिमीलितं केवलोन्मीलितेन पर्यायार्थिकेनावलोक्यते तदा जीवद्रव्ये व्यवस्थितान्नारकतिर्यङ्मनुष्यदेवसिद्धत्वपर्यायात्मकान् विशेषाननेकानवलोकयतामनवलोकितसामान्यानामन्यदन्यत्प्रतिभाति, द्रव्यस्य तत्तद्विशेषकाले तत्तद्विशेषेभ्यस्तन्मयत्वेनानन्यत्वात्, गणतृणपर्णदारुमयहव्यवाहवत् । यदा तु ते उभे अपि द्रव्यार्थिकपर्यायार्थिके तुल्यकालोन्मीलिते विधाय तत इतश्चावलोक्यते तदा नारकतिर्यङ्मनुष्यदेवसिद्धत्वपर्यायेषु व्यवस्थितं जीवसामान्यं जीवसामान्ये च व्यवस्थिता नारकतिर्यङ्मनुष्यदेवसिद्धत्वपर्यायात्मका विशेषाश्च तुल्यकालमेवावलोक्यन्ते । तत्रैकचक्षुरव-

---

सुवर्णस्येव भेदाभावात् । **तं पज्जयट्ठिएण पुणो** तद्द्रव्यं पर्यायार्थिकनयेन पुनः **अण्णं** अन्यद्भिन्नमनेकं पर्यायैः सह पृथग्भवति । कस्मादिति चेत् । **तक्काले तम्मयत्तादो** तृणाग्निकाष्ठाग्निपत्राग्निवत् स्वकीयपर्यायैः सह तत्काले तन्मयत्वादिति । एतावता किमुक्तं भवति । द्रव्यार्थिकनयेन यदा वस्तुपरीक्षा क्रियते तदा पर्यायसन्तानरूपेण सर्वं पर्यायकदम्बकं द्रव्यमेव प्रतिभाति । यदा तु पर्यायनयविवक्षा क्रियते तदा द्रव्यमपि पर्यायरूपेण भिन्नं भिन्नं प्रतिभाति । यदा च परस्परसापेक्षनयद्वयेन युगपत्समी-

---

તેમાં, પર્યાયાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને એકલા ઉઘાડેલા દ્રવ્યાર્થિક ચક્ષુ વડે જ્યારે અવલોકવામાં આવે છે, ત્યારે નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું—એ પર્યાયોસ્વરૂપ વિશેષોમાં રહેલા એક જીવસામાન્યને અવલોકનારા અને વિશેષોને નહિ અવલોકનારા એ જીવોને 'તે બધુંય જીવદ્રવ્ય છે' એમ ભાસે છે. અને જ્યારે દ્રવ્યાર્થિક ચક્ષુને સર્વથા બંધ કરીને એકલા ઉઘાડેલા પર્યાયાર્થિક ચક્ષુ વડે અવલોકવામાં આવે છે, ત્યારે જીવદ્રવ્યમાં રહેલા નારકપણું, તિર્યંચપણું, મનુષ્યપણું, દેવપણું અને સિદ્ધપણું—એ પર્યાયોસ્વરૂપ અનેક વિશેષોને અવલોકનારા અને સામાન્યને નહિ અવલોકનારા એવા એ જીવોને (તે જીવદ્રવ્ય) અન્ય-અન્ય ભાસે છે, કારણ કે દ્રવ્ય તે તે વિશેષોના કાળે તન્મય હોવાને લીધે તે તે વિશેષોથી અનન્ય છે—છાણાં, તૃણ, પર્ણ અને કાષ્ઠમય અગ્નિની માફક ( અર્થાત્ જેમ તૃણ, કાષ્ઠ વગેરેનો અગ્નિ તે તે કાળે તૃણમય, કાષ્ઠમય વગેરે હોવાને લીધે તૃણ, કાષ્ઠ વગેરેથી અનન્ય છે, તેમ દ્રવ્ય તે તે પર્યાયોરૂપ વિશેષોના સમયે તે-મય હોવાને લીધે તેમનાથી અનન્ય છે—જુદું નથી ). અને જ્યારે તે બન્ને ચક્ષુઓ—દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક— તુલ્યકાળે ( એકીસાથે) ખુલ્લાં કરીને તે દ્વારા અને આ દ્વારા ( -દ્રવ્યાર્થિક ચક્ષુ દ્વારા તેમ જ પર્યાયાર્થિક ચક્ષુ દ્વારા ) અવલોકવામાં આવે છે, ત્યારે નારકત્વ-તિર્યંચત્વ-મનુષ્યત્વ-દેવત્વ-સિદ્ધત્વ-પર્યાયોમાં રહેલો જીવસામાન્ય અને જીવસામાન્યમાં રહેલા નારકત્વ-તિર્યંચત્વ-મનુષ્યત્વ-દેવત્વ-સિદ્ધત્વપર્યાયોસ્વરૂપ વિશેષો તુલ્યકાળે જ દેખાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



लोकनमेकदेशावलोकनं, द्विचक्षुरवलोकनं सर्वावलोकनम् । ततः सर्वावलोकने द्रव्यस्यान्यत्वानन्यत्वं च न विप्रतिषिध्यते ॥ ११४ ॥

अथ सर्वविप्रतिषेधनिषेधिकां सप्तभङ्गीमवतारयति—

अत्थि त्ति य णत्थि त्ति य हवदि अवत्तव्वमिदि पुणो दव्वं ।
पज्जायेण दु केण वि तदुभयमादिट्ठमण्णं वा ॥ ११५ ॥

---

क्ष्यते, तदैकत्वमनेकत्वं च युगपत्प्रतिभातीति । यथेदं जीवद्रव्ये व्याख्यानं कृतं तथा सर्वद्रव्येषु यथासंभवं ज्ञातव्यमित्यर्थः ॥ ११४ ॥ एवं सदुत्पादासदुत्पादकथनेन प्रथमा, सदुत्पादविशेषविवरणरूपेण द्वितीया, तथैवासदुत्पादविशेषविवरणरूपेण तृतीया, द्रव्यपर्याययोरेकत्वानेकत्वप्रतिपादनेन चतुर्थीति सदुत्पादासदुत्पादव्याख्यानमुख्यतया गाथाचतुष्टयेन सप्तमस्थलं गतम् । अथ समस्तदुर्नयैकान्तरूपविवादनिषेधिकां

---

ત્યાં, એક ચક્ષુ વડે અવલોકન તે એકદેશ અવલોકન છે અને બે ચક્ષુઓ વડે અવલોકન તે સર્વ અવલોકન ( -સંપૂર્ણ અવલોકન ) છે. માટે સર્વ અવલોકનમાં દ્રવ્યનાં અન્યત્વ અને અનન્યત્વ વિરોધ પામતાં નથી.

**ભાવાર્થ:**—દરેક દ્રવ્ય સામાન્ય-વિશેષાત્મક છે. તેથી દરેક દ્રવ્ય તેનું તે જ પણ રહે છે અને બદલાય પણ છે. દ્રવ્યનું સ્વરૂપ જ આવું ઉભયાત્મક હોવાથી દ્રવ્યના અનન્યપણામાં અને અન્યપણામાં વિરોધ નથી. જેમકે, મરીચિ અને શ્રી મહાવીરસ્વામીનું જીવસામાન્યની અપેક્ષાએ અનન્યપણું અને જીવના વિશેષોની અપેક્ષાએ અન્યપણું હોવામાં કોઈ પ્રકારનો વિરોધ નથી.

દ્રવ્યાર્થિકનયરૂપી એક ચક્ષુથી જોતાં દ્રવ્યસામાન્ય જ જણાય છે તેથી દ્રવ્ય અનન્ય અર્થાત્ તેનું તે જ ભાસે છે અને પર્યાયાર્થિકનયરૂપી બીજા એક ચક્ષુથી જોતાં દ્રવ્યના પર્યાયોરૂપી વિશેષો જણાય છે તેથી દ્રવ્ય અન્ય-અન્ય ભાસે છે. બન્ને નયોરૂપી બન્ને ચક્ષુઓથી જોતાં દ્રવ્યસામાન્ય તથા દ્રવ્યના વિશેષો બન્ને જણાય છે તેથી દ્રવ્ય અનન્ય તેમ જ અન્ય-અન્ય બન્ને ભાસે છે. ૧૧૪.

હવે સર્વ વિરોધને દૂર કરનારી સપ્તભંગી પ્રગટ કરે છે:—

અસ્તિ, તથા છે નાસ્તિ, તેમ જ દ્રવ્ય અણવક્તવ્ય છે,
વળી ઉભય કો પર્યાયથી, વા અન્યરૂપ કથાય છે. ૧૧૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अस्तीति च नास्तीति च भवत्यवक्तव्यमिति पुनर्द्रव्यम् ।**
**पर्यायेण तु केनचित् तदुभयमादिष्टमन्यद्वा ॥ ११५ ॥**

**स्यादस्त्येव १, स्यान्नास्त्येव २, स्यादवक्तव्यमेव ३, स्यादस्तिनास्त्येव ४, स्यादस्त्यवक्तव्यमेव ५, स्यान्नास्त्यवक्तव्यमेव ६, स्यादस्तिनास्त्यवक्तव्यमेव ७, स्वरूपेण १, पररूपेण २, स्वपररूपयौगपद्येन ३, स्वपररूपक्रमेण ४, स्वरूपस्वपररूपयौगपद्याभ्यां ५, पररूपस्वपररूपयौगपद्याभ्यां ६, स्वरूपपररूपस्वपररूपयौगपद्यैः ७, आदिश्यमानस्य स्वरूपेण सतः, पर-**

---

नयसप्तभङ्गीं विस्तारयति—**अत्थि त्ति य** स्यादस्त्येव । स्यादिति कोऽर्थः । कथंचित् । कथंचित्कोऽर्थः । विवक्षितप्रकारेण स्वद्रव्यादिचतुष्टयेन । तच्चतुष्टयं शुद्धजीवविषये कथ्यते । शुद्धगुणपर्यायाधारभूतं शुद्धात्मद्रव्यं द्रव्यं भण्यते, लोकाकाशप्रमिताः शुद्धासंख्येयप्रदेशाः क्षेत्रं भण्यते, वर्तमानशुद्धपर्यायरूपपरिणतो वर्तमानसमयः कालो भण्यते, शुद्धचैतन्यं भावश्चेत्युक्तलक्षणद्रव्यादिचतुष्टय इति प्रथमभङ्गः १ । **णत्थि त्ति य** स्यान्नास्त्येव । स्यादिति कोऽर्थः । कथंचिद्विवक्षितप्रकारेण परद्रव्यादिचतुष्टयेन २ ।

---

**અન્વયાર્થઃ**—[ द्रव्यं ] દ્રવ્ય [ अस्ति इति च ] કોઈ પર્યાયથી 'અસ્તિ', [ नास्ति इति च ] કોઈ પર્યાયથી 'નાસ્તિ' [ पुनः ] અને [ अवक्तव्यम् इति भवति ] કોઈ પર્યાયથી 'અવક્તવ્ય' છે; [ केनचित् पर्यायेण तु तदुभयं ] વળી કોઈ પર્યાયથી 'અસ્તિ-નાસ્તિ' [ वा ] અથવા [ अन्यत् आदिष्टम् ] કોઈ પર્યાયથી અન્ય ત્રણ ભંગરૂપ કહેવામાં આવે છે.

**ટીકાઃ—દ્રવ્ય (૧) *'સ્યાત્ અસ્તિ જ' છે, સ્વરૂપની અપેક્ષાએ; (૨) 'સ્યાત્ નાસ્તિ જ' છે, પરરૂપની અપેક્ષાએ; (૩) 'સ્યાત્ †અવક્તવ્ય જ' છે, સ્વરૂપ-પરરૂપના યુગપદ્‌પણાની અપેક્ષાએ; (૪) 'સ્યાત્ અસ્તિ-નાસ્તિ જ' છે, સ્વરૂપ-પરરૂપના ક્રમની અપેક્ષાએ; (૫) 'સ્યાત્ અસ્તિ-અવક્તવ્ય જ' છે, સ્વરૂપની અને સ્વરૂપ-પરરૂપના યુગપદ્‌પણાની અપેક્ષાએ; (૬) 'સ્યાત્ નાસ્તિ-અવક્તવ્ય જ' છે, પરરૂપની અને સ્વરૂપ-પરરૂપના યુગપદ્‌પણાની અપેક્ષાએ; (૭) 'સ્યાત્ અસ્તિ-નાસ્તિ-અવક્તવ્ય જ' છે, સ્વરૂપની, પરરૂપની અને સ્વરૂપ-પરરૂપના યુગપદ્‌પણાની અપેક્ષાએ.**

---

* સ્યાત્ = કથંચિત્; કોઈ પ્રકારે; કોઈ અપેક્ષાએ. (દરેક દ્રવ્ય સ્વચતુષ્ટયની અપેક્ષાએ—સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવની અપેક્ષાએ—'અસ્તિ' છે. શુદ્ધ જીવનું સ્વચતુષ્ટય આ પ્રમાણે છેઃ શુદ્ધ ગુણ-પર્યાયોના આધારભૂત શુદ્ધાત્મદ્રવ્ય તે દ્રવ્ય છે; લોકાકાશપ્રમાણ શુદ્ધ અસંખ્ય પ્રદેશો તે ક્ષેત્ર છે; શુદ્ધ-પર્યાયરૂપે પરિણત વર્તમાન સમય તે કાળ છે; અને શુદ્ધ ચૈતન્ય તે ભાવ છે.)

† અવક્તવ્ય = કહી શકાય નહિ એવું. (એકીસાથે સ્વરૂપ તેમ જ પરરૂપની અપેક્ષાએ દ્રવ્ય કથનમાં આવી શકતું નથી તેથી 'અવક્તવ્ય' છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**रूपेणासतः, स्वपररूपाभ्यां युगपद्वक्तुमशक्यस्य, स्वपररूपाभ्यां क्रमेण सतोऽसतश्च, स्वरूपस्वपररूपयौगपद्याभ्यां सतो वक्तुमशक्यस्य च, पररूपस्वपररूपयौगपद्याभ्यामसतो वक्तुमशक्यस्य च, स्वरूपपररूपस्वपररूपयौगपद्यैः सतोऽसतो वक्तुमशक्यस्य चानन्तधर्मणो द्रव्यस्यैकैकं धर्ममाश्रित्य विवक्षिताविवक्षितविधिप्रतिषेधाभ्यामवतरन्ती सप्तभङ्गिकैवकारविश्रान्त-**

---

**हवदि** भवति । कथंभूतम् । **अवत्तव्वमिदि** स्यादवक्तव्यमेव । स्यादिति कोऽर्थः । कथंचिद्विवक्षितप्रकारेण युगपत्स्वपरद्रव्यादिचतुष्टयेन ३ । स्यादस्ति, स्यान्नास्ति, स्यादवक्तव्यं, स्यादस्तिनास्ति, स्यादस्त्येवावक्तव्यं, स्यान्नास्त्येवावक्तव्यं, स्यादस्तिनास्त्येवावक्तव्यम् । **पुणो** पुनः इत्थंभूतम् किं भवति । **दव्वं** परमात्मद्रव्यं कर्तृ । पुनरपि कथंभूतं भवति । **तदुभयं** स्यादस्तिनास्त्येव । स्यादिति कोऽर्थः । कथंचिद्विवक्षितप्रकारेण क्रमेण स्वपरद्रव्यादिचतुष्टयेन ४ । कथंभूतं सदित्थमित्थं भवति । **आदिट्ठं** आदिष्टं विवक्षितं सत् । केन कृत्वा । **पज्जायेण दु** पर्यायेण तु प्रश्नोत्तररूपनयविभागेन तु । कथंभूतेन । **केण वि** केनापि विवक्षितेन नैगमादिनयरूपेण । **अण्णं वा** अन्यद्वा संयोगभङ्गत्रयरूपेण । तत्कथ्यते—स्यादस्त्येवावक्तव्यं । स्यादिति कोऽर्थः । कथंचित् विवक्षितप्रकारेण स्वद्रव्यादिचतुष्टयेन युगपत्स्वपरद्रव्यादिचतुष्टयेन च ५ । स्यान्नास्त्येवावक्तव्यं । स्यादिति कोऽर्थः । कथंचित् विवक्षितप्रकारेण परद्रव्यादिचतुष्टयेन युगपत्स्वपरद्रव्यादिचतुष्टयेन च ६ । स्यादस्तिनास्त्येवावक्तव्यं । स्यादिति कोऽर्थः । कथंचित् विवक्षितप्रकारेण क्रमेण स्वपरद्रव्यादिचतुष्टयेन युगपत्स्वपरद्रव्यादिचतुष्टयेन च ७ । पूर्वं **पञ्चास्तिकाये** स्यादस्तीत्यादिप्रमाणवाक्येन प्रमाणसप्तभङ्गी व्याख्याता, अत्र तु स्यादस्त्येव, यदेवकारग्रहणं तन्नयसप्तभङ्गीज्ञापनार्थमिति भावार्थः । यथेदं नयसप्तभङ्गीव्याख्यानं शुद्धात्मद्रव्ये

---

દ્રવ્યનું કથન કરવામાં આવતાં, (૧) જે સ્વરૂપે 'સત્' છે, (૨) જે પરરૂપે 'અસત્' છે, (૩) જે સ્વરૂપે અને પરરૂપે યુગપદ્ 'કથાવું અશક્ય' છે, (૪) જે સ્વરૂપે અને પરરૂપે ક્રમથી 'સત્ અને અસત્' છે, (૫) જે સ્વરૂપે અને સ્વરૂપ-પરરૂપના યુગપદ્-પણે 'સત્ અને કથાવું અશક્ય' છે, (૬) જે પરરૂપે અને સ્વરૂપ-પરરૂપના યુગપદ્પણે 'અસત્ અને કથાવું અશક્ય' છે તથા (૭) જે સ્વરૂપે, પરરૂપે અને સ્વરૂપ-પરરૂપના યુગપદ્પણે 'સત્, અસત્ અને કથાવું અશક્ય' છે—એવું જે અનંત ધર્મોવાળું દ્રવ્ય તેના એક એક ધર્મનો આશ્રય કરીને * વિવક્ષિત-અવિવક્ષિતના વિધિનિષેધ વડે પ્રગટ થતી

---

* વિવક્ષિત (કહેવા ધારેલા) ધર્મને મુખ્ય કરીને તેનું પ્રતિપાદન કરવાથી અને અવિવક્ષિત (નહિ કહેવા ધારેલા) ધર્મને ગૌણ કરીને તેનો નિષેધ કરવાથી સપ્તભંગી પ્રગટ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मश्रान्तसमुच्चार्यमाणस्यात्कारामोघमन्त्रपदेन समस्तमपि विप्रतिषेधविषमोहमुदस्यति ॥ ११५ ॥

अथ निर्धार्यमाणत्वेनोदाहरणीकृतस्य जीवस्य मनुष्यादिपर्यायाणां क्रियाफलत्वेनान्यत्वं द्योतयति—

एसो त्ति णत्थि कोई ण णत्थि किरिया सहावणिव्वत्ता ।
किरिया हि णत्थि अफला धम्मो जदि णिप्फलो परमो ॥११६॥

---

दर्शितं तथा यथासंभवं सर्वपदार्थेषु द्रष्टव्यमिति ॥ ११५ ॥ एवं नयसप्तभङ्गीव्याख्यानगाथयाष्टमस्थलं गतम् । एवं पूर्वोक्तप्रकारेण प्रथमा नमस्कारगाथा, द्रव्यगुणपर्यायकथनरूपेण द्वितीया, स्वसमयपरसमयप्रतिपादनेन तृतीया, द्रव्यस्य सत्तादिलक्षणत्रयसूचनरूपेण चतुर्थीति स्वतन्त्रगाथाचतुष्टयेन पीठिकास्थलम् । तदनन्तरमवान्तरसत्ताकथनरूपेण प्रथमा, महासत्तारूपेण द्वितीया, यथा द्रव्यं स्वभावसिद्धं तथा सत्तागुणोऽपीति कथनरूपेण तृतीया, उत्पादव्ययध्रौव्यत्वेऽपि सत्तैव द्रव्यं भवतीति कथनेन चतुर्थीति गाथाचतुष्टयेन सत्तालक्षणविवरणमुख्यता । तदनन्तरमुत्पादव्ययध्रौव्यलक्षणविवरण-

---

સપ્તભંગી સતત સમ્યક્ રીતે ઉચ્ચારવામાં આવતા [1]'સ્યાત્'કારરૂપી અમોઘ મંત્રપદ વડે, [2]'જ'કારમાં રહેલા સઘળાય વિરોધવિષના મોહને દૂર કરે છે. ૧૧૫.

હવે, જેનો નિર્ધાર કરવાનો હોવાથી જેને ઉદાહરણરૂપ બનાવવામાં આવ્યો છે એવો જે જીવ તેના મનુષ્યાદિપર્યાયો ક્રિયાનાં ફળ હોવાથી તે પર્યાયોનું અન્યત્વ (અર્થાત્ તે પર્યાયો બદલાયા કરે છે એમ) પ્રકાશે છેઃ—

નથી 'આ જ' એવો કોઈ, જ્યાં ક્રિયા સ્વભાવ-નિપન્ન છે;
ક્રિયા નથી ફળહીન, જો નિષ્ફળ ધરમ ઉત્કૃષ્ટ છે. ૧૧૬.

---

૧. સ્યાદ્વાદમાં અનેકાંતને સૂચવતો 'સ્યાત્' શબ્દ સમ્યક્પણે વપરાય છે. તે 'સ્યાત્' પદ એકાંતવાદમાં રહેલા સમસ્ત વિરોધરૂપી વિષના ભ્રમને નષ્ટ કરવામાં રામબાણ મંત્ર છે.

૨. અનેકાંતાત્મક વસ્તુસ્વભાવની અપેક્ષા રહિત એકાંતવાદમાં મિથ્યા એકાંતને સૂચવતો જે 'જ' શબ્દ વપરાય છે તે વસ્તુસ્વભાવથી વિપરીત નિરૂપણ કરે છે તેથી તેનો અહીં નિષેધ કર્યો છે. (અનેકાંતાત્મક વસ્તુસ્વભાવનો ખ્યાલ ચૂક્યા વિના, જે અપેક્ષાએ વસ્તુનું કથન ચાલતું હોય તે અપેક્ષાએ તેનું નિર્ણીતપણું—નિયમબદ્ધપણું—નિરપવાદપણું બતાવવા માટે જે 'જ' શબ્દ વાપરવામાં આવે છે, તેનો અહીં નિષેધ ન સમજવો.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



एष इति नास्ति कश्चिन्न नास्ति क्रिया स्वभावनिर्वृत्ता ।
क्रिया हि नास्त्यफला धर्मो यदि निःफलः परमः ॥ ११६ ॥

इह हि संसारिणो जीवस्यानादिकर्मपुद्गलोपाधिसन्निधिप्रत्ययप्रवर्तमानप्रतिक्षण-विवर्तनस्य क्रिया किल स्वभावनिर्वृत्तैवास्ति । ततस्तस्य मनुष्यादिपर्यायेषु न कश्चनाप्येष एवेति टङ्कोत्कीर्णोऽस्ति, तेषां पूर्वपूर्वोपमर्दप्रवृत्तक्रियाफलत्वेनोत्तरोत्तरोपमर्द्यमानत्वात्; फल-

---

मुख्यत्वेन गाथात्रयं, तदनन्तरं द्रव्यपर्यायकथनेन गुणपर्यायकथनेन च गाथाद्वयं, ततश्च द्रव्यस्यास्तित्व-स्थापनारूपेण प्रथमा, पृथक्त्वलक्षणस्यातद्भावाभिधानान्यत्वलक्षणस्य च कथनरूपेण द्वितीया, संज्ञा-लक्षणप्रयोजनादिभेदरूपस्यातद्भावस्य विवरणरूपेण तृतीया, तस्यैव दृढीकरणार्थं चतुर्थीति गाथाचतुष्ट-येन सत्ताद्रव्ययोरभेदविषये युक्तिकथनमुख्यता । तदनन्तरं सत्ताद्रव्ययोर्गुणगुणिकथनेन प्रथमा, गुण-पर्यायाणां द्रव्येण सहाभेदकथनेन द्वितीया चेति स्वतन्त्रगाथाद्वयम् । तदनन्तरं द्रव्यस्य सदुत्पादासदु-त्पादयोः सामान्यव्याख्यानेन विशेषव्याख्यानेन च गाथाचतुष्टयं, ततश्च सप्तभङ्गीकथनेन गाथैका चेति

---

**અન્વયાર્થઃ**—[ एषः इति कश्चित् नास्ति ] (મનુષ્યાદિપર્યાયોમાં) 'આ જ' એવો કોઈ (શાશ્વત પર્યાય) નથી; [ स्वभावनिर्वृत्ता क्रिया नास्ति न ] (કારણ કે સંસારી જીવને) સ્વભાવનિષ્પન્ન ક્રિયા નથી એમ નથી (અર્થાત્ વિભાવસ્વભાવથી નીપજતી રાગદ્વેષમય ક્રિયા અવશ્ય છે). [ यदि ] અને જો [ परमः धर्मः निःफलः ] પરમ ધર્મ અફળ છે તો [ क्रिया हि अफला नास्ति ] ક્રિયા જરૂર અફળ નથી (અર્થાત્ એક વીતરાગ ભાવ જ મનુષ્યાદિપર્યાયોરૂપ ફળ ઉપજાવતો નથી, રાગદ્વેષમય ક્રિયા તો અવશ્ય તે ફળ ઉપજાવે છે).

**ટીકાઃ**—અહીં (આ વિશ્વમાં), અનાદિ કર્મપુદ્ગલની ઉપાધિના સદ્ભાવને આશ્રયે (-કારણે) જેને [1]પ્રતિક્ષણ [2]વિવર્તન વર્તે છે એવા સંસારી જીવને ક્રિયા ખરેખર સ્વભાવ-નિષ્પન્ન જ છે; તેથી તેને મનુષ્યાદિપર્યાયોમાંનો કોઈ પણ પર્યાય 'આ જ' એવો ટંકોત્કીર્ણ નથી; કારણ કે તે પર્યાયો પૂર્વ પૂર્વ પર્યાયના નાશમાં પ્રવર્તતા ક્રિયાફળરૂપ હોવાથી [3]ઉત્તર ઉત્તર પર્યાય વડે નષ્ટ થાય છે. અને ક્રિયાનું ફળ તો, મોહ સાથે [4]મિલનનો નાશ નહિ થયો

---

૧. પ્રતિક્ષણ = દરેક ક્ષણે

૨. વિવર્તન = વિપરિણમન; પલટો (ફેરફાર) થયા કરવો તે.

૩. ઉત્તર ઉત્તર = પછી પછીના. (મનુષ્યાદિપર્યાયો રાગદ્વેષમય ક્રિયાના ફળરૂપ છે તેથી કોઈ પણ પર્યાય પૂર્વ પર્યાયને નષ્ટ કરે છે અને પછીના પર્યાયથી પોતે નષ્ટ થાય છે.

૪. મિલન = મળી જવું તે; મિશ્રિતપણું; સંબંધ; જોડાણ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**मभिलष्येत वा मोहसंवलनाविलयनात् क्रियायाः। क्रिया हि तावच्चेतनस्य पूर्वोत्तरदशाविशिष्टचैतन्यपरिणामात्मिका। सा पुनरणोरण्वन्तरसंगतस्य परिणतिरिवात्मनो मोहसंवलितस्य द्व्यणुककार्यस्येव मनुष्यादिकार्यस्य निष्पादकत्वात्सफलैव। सैव मोहसंवलनविलयने**

---

समुदायेन चतुर्विंशतिगाथाभिरष्टभिः स्थलैः सामान्यज्ञेयव्याख्यानमध्ये सामान्यद्रव्यप्ररूपणं समाप्तम्। अतः परं तत्रैव सामान्यद्रव्यनिर्णयमध्ये सामान्यभेदभावनामुख्यत्वेनैकादशगाथापर्यन्तं व्याख्यानं करोति। तत्र क्रमेण पञ्चस्थलानि भवन्ति। प्रथमतस्तावद्वार्तिकव्याख्यानाभिप्रायेण सांख्यैकान्तनिराकरणं, अथवा शुद्धनिश्चयनयेन जैनमतमेवेति व्याख्यानमुख्यतया 'एसो त्ति णत्थि कोई' इत्यादि सूत्रगाथैका। तदनन्तरं मनुष्यादिपर्याया निश्चयनयेन कर्मफलं भवति, न च शुद्धात्मस्वरूपमिति तस्यैवाधिकारसूत्रस्य विवरणार्थं 'कम्मं णामसमक्खं' इत्यादिपाठक्रमेण गाथाचतुष्टयं, ततः परं रागादिपरिणाम एव द्रव्यकर्मकारणत्वाद्भावकर्म भण्यत इति परिणाममुख्यत्वेन 'आदा कम्ममलिमसो' इत्यादिसूत्रद्वयं, तदनन्तरं कर्मफलचेतना कर्मचेतना ज्ञानचेतनेति त्रिविधचेतनाप्रतिपादनरूपेण 'परिणमदि चेदणाए' इत्यादिसूत्रत्रयं, तदनन्तरं शुद्धात्मभेदभावनाफलं कथयन् सन् 'कत्ताकरणं' इत्याद्येकसूत्रेणोपसंहरति। एवं भेदभावनाधिकारे स्थलपञ्चकेन समुदायपातनिका। तद्यथा—अथ नरनारकादिपर्यायाः कर्माधीनत्वेन विनश्वरत्वादिति शुद्धनिश्चयनयेन जीवस्वरूपं न भवतीति भेदभावनां कथयति—**एसो त्ति णत्थि कोई** टङ्कोत्कीर्णज्ञायकैकस्वभावपरमात्मद्रव्यवत्संसारे मनुष्यादिपर्यायेषु मध्ये सर्वदैवैष एकरूप एव नित्यः कोऽपि नास्ति। तर्हि मनुष्यादिपर्यायनिर्वर्तिका संसारक्रिया सापि न भविष्यति। **ण णत्थि किरिया** न नास्ति क्रिया मिथ्यात्वरागादिपरिणतिस्संसारः कर्मेति यावत् इति पर्यायनामचतुष्टयरूपा क्रियास्त्येव। सा च कथंभूता। **सभावणिव्वत्ता** शुद्धात्मस्वभावाद्विपरीतापि नरनारकादिविभावपर्यायस्वभावेन निर्वृत्ता। तर्हि किं निष्फला भविष्यति। **किरिया हि णत्थि अफला** क्रिया हि नास्त्यफला सा मिथ्यात्वरागादिपरिणतिरूपा क्रिया यद्यप्यनन्तसुखादिगुणात्मकमोक्षकार्यं प्रति निष्फला तथापि नानादुःखदायकस्वकीयकार्यभूतमनुष्यादिपर्यायनिर्वर्तकत्वात्सफलेति

---

હોવાથી, માનવું જોઈએ; કારણ કે—પ્રથમ તો, ક્રિયા ચેતનના પૂર્વોત્તરદશાથી [1]વિશિષ્ટ ચૈતન્યપરિણામસ્વરૂપ છે; અને તે (ક્રિયા)—જેમ બીજા અણુ સાથે જોડાયેલા (કોઈ) અણુની પરિણતિ [2]દ્વિઅણુકકાર્યની નિષ્પાદક છે તેમ—મોહ સાથે મિલિત આત્માની બાબતમાં,

---

૧. વિશિષ્ટ=ભેદવાળા. (પહેલાંની અને પછીની અવસ્થાના ભેદે ભેદવાળા એવા ચૈતન્યપરિણામો તે આત્માની ક્રિયા છે.)

૨. દ્વિઅણુકકાર્યની નિષ્પાદક=બે અણુના બનેલા સ્કંધરૂપ કાર્યની નિપજાવનારી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पुनरणोरुच्छिन्नाण्वन्तरसंगमस्य परिणतिरिव द्व्यणुककार्यस्येव मनुष्यादिकार्यस्यानिष्पादकत्वात् परमद्रव्यस्वभावभूततया परमधर्माख्या भवत्यफलैव ॥ ११६ ॥

अथ मनुष्यादिपर्यायाणां जीवस्य क्रियाफलत्वं व्यनक्ति—

**कम्मं णामसमक्खं सभावमध अप्पणो सहावेण ।**
**अभिभूय णरं तिरियं णेरइयं वा सुरं कुणदि ॥ ११७ ॥**

मनुष्यादिपर्यायनिष्पत्तिरेवास्याः फलम् । कथं ज्ञायत इति चेत् । **धम्मो जदि णिप्फलो परमो** धर्मो यदि निष्फलः परमः नीरागपरमात्मोपलम्भपरिणतिरूपः आगमभाषया परमयथाख्यातचारित्ररूपो वा योऽसौ परमो धर्मः, स केवलज्ञानाद्यनन्तचतुष्टयव्यक्तिरूपस्य कार्यसमयसारस्योत्पादकत्वात्सफलोऽपि नरनारकादिपर्यायकारणभूतं ज्ञानावरणादिकर्मबन्धं नोत्पादयति, ततः कारणान्निष्फलः । ततो ज्ञायते नरनारकादिसंसारकार्यं मिथ्यात्वरागादिक्रियायाः फलमिति । अथवास्य सूत्रस्य द्वितीयव्याख्यानं क्रियते—यथा शुद्धनयेन रागादिविभावेन न परिणमत्ययं जीवस्तथैवाशुद्धनयेनापि न परिणमतीति यदुक्तं सांख्येन तन्निराकृतम् । कथमिति चेत् । अशुद्धनयेन मिथ्यात्वरागादिविभावपरिणतजीवानां

मनुष्यादिकार्यनी निष्पादक होवाथी सफळ ज छे; अने, जेम बीजा अणु साथेनो संबंध जेने नष्ट थयो छे एवा अणुनी परिणति द्विअणुककार्यनी निष्पादक नथी तेम, मोह साथे मिलननो नाश थतां ते ज क्रिया—द्रव्यना परम स्वभावभूत होवाने लीधे 'परम धर्म' नामथी कहेवाती एवी—मनुष्यादिकार्यनी निष्पादक नहि होवाथी अफळ ज छे.

ભાવાર્થ:—ચૈતન્યપરિણતિ તે આત્માની ક્રિયા. મોહ રહિત ક્રિયા મનુષ્યાદિપર્યાયોરૂપ ફળ નિપજાવતી નથી અને મોહ સહિત *ક્રિયા અવશ્ય મનુષ્યાદિપર્યાયોરૂપ ફળ નિપજાવે છે. મોહ સહિત ભાવો એક પ્રકારના હોતા નથી તેથી તેના ફળરૂપ મનુષ્યાદિ-પર્યાયો પણ ટંકોત્કીર્ણ-શાશ્વત-એકરૂપ હોતા નથી. ૧૧૬.

હવે મનુષ્યાદિપર્યાયો જીવને ક્રિયાનાં ફળ છે એમ વ્યક્ત કરે છે:—

**નામાખ્ય કર્મ સ્વભાવથી નિજ જીવદ્રવ્ય-સ્વભાવને**
**અભિભૂત કરી તિર્યંચ, દેવ, મનુષ્ય વા નારક કરે. ૧૧૭.**

* મૂળ ગાથામાં વપરાયેલા 'ક્રિયા' શબ્દથી મોહ સહિત ક્રિયા સમજવી; મોહ રહિત ક્રિયાને તો 'પરમ ધર્મ' નામ આપ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

कर्म नामसमाख्यं स्वभावमथात्मनः स्वभावेन ।
अभिभूय नरं तिर्यञ्चं नैरयिकं वा सुरं करोति ॥ ११७ ॥

क्रिया खल्वात्मना प्राप्यत्वात्कर्म, तन्निमित्तप्राप्तपरिणामः पुद्गलोऽपि कर्म, तत्कार्यभूता मनुष्यादिपर्याया जीवस्य क्रियाया मूलकारणभूतायाः प्रवृत्तत्वात् क्रियाफलमेव स्युः । क्रियाऽभावे पुद्गलानां कर्मत्वाभावात्तत्कार्यभूतानां तेषामभावात् । अथ कथं ते कर्मणः कार्यभावमायान्ति? कर्मस्वभावेन जीवस्वभावमभिभूय क्रियमाणत्वात्, प्रदीपवत् । तथा हि—यथा खलु ज्योतिस्स्वभावेन तैलस्वभावमभिभूय क्रियमाणः प्रदीपो ज्योतिष्कार्यं,

---

नरनारकादिपर्यायपरिणतिदर्शनादिति । एवं प्रथमस्थले सूत्रगाथा गता ॥ ११६ ॥ अथ मनुष्यादिपर्यायाः कर्मजनिता इति विशेषेण व्यक्तीकरोति—**कम्मं** कर्मरहितपरमात्मनो विलक्षणं कर्म कर्तृ । किंविशिष्टम् । **णामसमक्खं** निर्नामनिर्गोत्रमुक्तात्मनो विपरीतं नामेति सम्यगाख्या संज्ञा यस्य तद्भवति नामसमाख्यं नामकर्मेत्यर्थः । **सभावं** शुद्धबुद्धैकपरमात्मस्वभावं **अह** अथ **अप्पणो सहावेण** आत्मीयेन ज्ञानावरणादिस्वकीयस्वभावेन करणभूतेन **अभिभूय** तिरस्कृत्य प्रच्छाद्य तं पूर्वोक्तमात्मस्वभावम् । पश्चात्किं करोति । **णरं तिरियं णेरइयं वा सुरं कुणदि** नरतिर्यग्नारकसुररूपं करोतीति ।

---

**અન્વયાર્થઃ**—[ अथ ] ત્યાં, [ नामसमाख्यं कर्म ] 'નામ' સંજ્ઞાવાળું કર્મ [ स्वभावेन ] પોતાના સ્વભાવ વડે [ आत्मनः स्वभावं अभिभूय ] જીવના સ્વભાવનો પરાભવ કરીને, [ नरं तिर्यञ्चं नैरयिकं वा सुरं ] મનુષ્ય, તિર્યંચ, નારક અથવા દેવ ( -એ પર્યાયોને ) [ करोति ] કરે છે.

**ટીકાઃ**—ક્રિયા ખરેખર આત્મા વડે પ્રાપ્ય હોવાથી કર્મ છે ( અર્થાત્ આત્મા ક્રિયાને પ્રાપ્ત કરે છે—પહોંચે છે તેથી ખરેખર ક્રિયા જ આત્માનું કર્મ છે ). તેના નિમિત્તે પરિણામ પામતું ( -દ્રવ્યકર્મરૂપે પરિણમતું ) પુદ્‌ગલ પણ કર્મ છે. તેના ( પુદ્‌ગલકર્મના ) કાર્યભૂત મનુષ્યાદિપર્યાયો મૂળકારણભૂત એવી જીવની ક્રિયાથી પ્રવર્તતા હોવાથી ક્રિયાફળ જ છે; કારણ કે ક્રિયાના અભાવમાં પુદ્‌ગલોને કર્મપણાનો અભાવ થવાથી તેના ( -પુદ્‌ગલકર્મના ) કાર્યભૂત મનુષ્યાદિપર્યાયોનો અભાવ થાય છે.

ત્યાં, તે મનુષ્યાદિપર્યાયો કર્મનાં કાર્ય કઈ રીતે છે? કર્મના સ્વભાવ વડે જીવના સ્વભાવનો પરાભવ કરીને કરાતા હોવાથી; દીવાની જેમ. તે આ પ્રમાણેઃ જેમ *જ્યોતિના સ્વભાવ વડે તેલના સ્વભાવનો પરાભવ કરીને કરાતો દીવો જ્યોતિનું કાર્ય છે, તેમ કર્મના

---

* જ્યોતિ = જ્યોત; અગ્નિ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तथा कर्मस्वभावेन जीवस्वभावमभिभूय क्रियमाणा मनुष्यादिपर्यायाः कर्मकार्यम् ॥ ११७ ॥

अथ कुतो मनुष्यादिपर्यायेषु जीवस्य स्वभावाभिभवो भवतीति निर्धारयति—

**णरणारयतिरियसुरा जीवा खलु णामकम्मणिव्वत्ता ।**
**ण हि ते लद्धसहावा परिणममाणा सकम्माणि ॥ ११८ ॥**

**नरनारकतिर्यक्सुरा जीवाः खलु नामकर्मनिर्वृत्ताः ।**
**न हि ते लब्धस्वभावाः परिणममानाः स्वकर्माणि ॥ ११८ ॥**

---

अयमत्रार्थः—यथाग्निः कर्ता तैलस्वभावं कर्मतापन्नमभिभूय तिरस्कृत्य वर्त्याधारेण दीपशिखारूपेण परिणमयति, तथा कर्माग्निः कर्ता तैलस्थानीयं शुद्धात्मस्वभावं तिरस्कृत्य वर्तिस्थानीयशरीराधारेण दीपशिखास्थानीयनरनारकादिपर्यायरूपेण परिणमयति । ततो ज्ञायते मनुष्यादिपर्यायाः निश्चयनयेन कर्मजनिता इति ॥ ११७ ॥ अथ नरनारकादिपर्यायेषु कथं जीवस्य स्वभावाभिभवो जातस्तत्र किं जीवाभाव इति प्रश्ने प्रत्युत्तरं ददाति—**णरणारयतिरियसुरा जीवा** नरनारकतिर्यक्सुरनामानो जीवाः सन्ति तावत् । **खलु** स्फुटम् । कथंभूताः । **णामकम्मणिव्वत्ता** नरनारकादिस्वकीयस्वकीयनामकर्मणा निर्वृत्ताः । **ण हि ते लद्धसहावा** किंतु यथा माणिक्यबद्धसुवर्णकङ्कणेषु माणिक्यस्य हि मुख्यता नास्ति, तथा ते जीवाश्चिदानन्दैकशुद्धात्मस्वभावमलभमानाः सन्तो लब्धस्वभावा न भवन्ति, तेन कारणेन स्वभावा-

---

સ્વભાવ વડે જીવના સ્વભાવનો પરાભવ કરીને કરાતા મનુષ્યાદિપર્યાયો કર્મનાં કાર્ય છે.

**ભાવાર્થ**:—મનુષ્યાદિપર્યાયો ૧૧૬ મી ગાથામાં કહેલી રાગદ્વેષમય ક્રિયાનાં ફળ છે; કારણ કે તે ક્રિયાથી કર્મ બંધાય છે અને કર્મ જીવના સ્વભાવનો પરાભવ કરીને મનુષ્યાદિ-પર્યાયો નિપજાવે છે. ૧૧૭.

હવે મનુષ્યાદિપર્યાયોમાં જીવને સ્વભાવનો પરાભવ કયા કારણે થાય છે તેનો નિર્ધાર કરે છે:—

**તિર્યંચ-સુર-નર-નારકી જીવ નામકર્મ-નિપન્ન છે;**
**નિજ કર્મરૂપ પરિણમનથી જ સ્વભાવલબ્ધિ ન તેમને. ૧૧૮.**

**અન્વયાર્થ**:—[ नरनारकतिर्यक्सुराः जीवाः ] મનુષ્ય, નારક, તિર્યંચ ને દેવરૂપ જીવો [ खलु ] ખરેખર [ नामकर्मनिर्वृत्ताः ] નામકર્મથી નિષ્પન્ન છે. [ हि ] ખરેખર [ स्वकर्माणि ] તેઓ પોતાના કર્મરૂપે [ परिणममानाः ] પરિણમતા હોવાથી [ ते न लब्धस्वभावाः ] તેમને સ્વભાવની ઉપલબ્ધિ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अमी मनुष्यादयः पर्याया नामकर्मनिर्वृत्ताः सन्ति तावत् । न पुनरेतावतापि तत्र जीवस्य स्वभावाभिभवोऽस्ति, यथा कनकबद्धमाणिक्यकङ्कणेषु माणिक्यस्य । यत्तत्र नैव जीवः स्वभावमुपलभते तत् स्वकर्मपरिणमनात् , पयःपूरवत् । यथा खलु पयःपूरः प्रदेशस्वादाभ्यां पिचुमन्दचन्दनादिवनराजीं परिणमन्न द्रवत्वस्वादुत्वस्वभावमुपलभते, तथात्मापि प्रदेशभावाभ्यां कर्मपरिणमनान्नामूर्तत्वनिरुपरागविशुद्धिमत्त्वस्वभावमुपलभते ॥ ११८ ॥

---

भिभवो भण्यते, न च जीवाभावः । कथंभूताः सन्तो लब्धस्वभावा न भवन्ति । **परिणममाणा सकम्माणि** स्वकीयोदयागतकर्माणि सुखदुःखरूपेण परिणममाना इति । अयमत्रार्थः—यथा वृक्षसेचनविषये जलप्रवाहश्चन्दनादिवनराजिरूपेण परिणतः सन्स्वकीयकोमलशीतलनिर्मलादिस्वभावं न लभते,

---

**ટીકાઃ**—પ્રથમ તો, આ મનુષ્યાદિ પર્યાયો નામકર્મથી નિષ્પન્ન છે. પરંતુ આટલાથી પણ ત્યાં જીવને સ્વભાવનો પરાભવ નથી, જેમ કનકબદ્ધ (-સુવર્ણમાં જડેલા) માણેકવાળાં કંકણોમાં માણેકના સ્વભાવનો પરાભવ નથી તેમ. જે ત્યાં જીવ સ્વભાવને ઉપલબ્ધ કરતો -અનુભવતો નથી, તે સ્વકર્મરૂપે પરિણમવાને લીધે છે; પાણીના પૂરની માફક. જેમ પાણીનું પૂર પ્રદેશથી અને સ્વાદથી નિંબ-ચંદનાદિ વનરાજિરૂપે (લીમડો, ચંદન વગેરે વૃક્ષોની લાંબી હારરૂપે) પરિણમતું થકું (પોતાના) [1]દ્રવત્વ અને [2]સ્વાદુત્વરૂપ સ્વભાવને ઉપલબ્ધ કરતું નથી, તેમ આત્મા પણ પ્રદેશથી અને ભાવથી સ્વકર્મરૂપે પરિણમવાને લીધે (પોતાના) અમૂર્તત્વ અને *નિરુપરાગવિશુદ્ધિમત્ત્વરૂપ સ્વભાવને ઉપલબ્ધ કરતો નથી.

**ભાવાર્થઃ**—મનુષ્યાદિપર્યાયોમાં, કર્મ કાંઈ જીવના સ્વભાવને હણતું કે આચ્છાદિત કરતું નથી; પરંતુ ત્યાં જીવ પોતે જ પોતાના દોષથી કર્મ અનુસાર પરિણમે છે તેથી તેને પોતાના સ્વભાવની ઉપલબ્ધિ નથી. જેમ પાણીનું પૂર પ્રદેશની અપેક્ષાએ વૃક્ષોરૂપે પરિણમતું થકું પોતાના પ્રવાહીપણારૂપ સ્વભાવને ઉપલબ્ધ કરતું-અનુભવતું નથી અને સ્વાદની અપેક્ષાએ વૃક્ષોરૂપે પરિણમતું થકું પોતાના સ્વાદિષ્ટપણારૂપ સ્વભાવને ઉપલબ્ધ કરતું નથી, તેમ આત્મા પણ પ્રદેશની અપેક્ષાએ સ્વકર્મ અનુસાર પરિણમતો થકો પોતાના અમૂર્તપણારૂપ સ્વભાવને ઉપલબ્ધ કરતો નથી અને ભાવની અપેક્ષાએ સ્વકર્મરૂપે પરિણમતો થકો ઉપરાગ વિનાની વિશુદ્ધિવાળાપણારૂપ પોતાના સ્વભાવને ઉપલબ્ધ કરતો નથી. આથી એમ નિર્ધાર થાય છે કે મનુષ્યાદિપર્યાયોમાં જીવોને પોતાના જ દોષથી પોતાના સ્વભાવની અનુપ-

---

૧. દ્રવત્વ = પ્રવાહીપણું

૨. સ્વાદુત્વ = સ્વાદિષ્ટપણું

* નિરુપરાગ-વિશુદ્ધિમત્ત્વ = ઉપરાગ (-મલિનતા, વિકાર) વિનાની વિશુદ્ધિવાળાપણું. [ અરૂપીપણું અને નિર્વિકાર-વિશુદ્ધિવાળાપણું આત્માનો સ્વભાવ છે. ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ जीवस्य द्रव्यत्वेनावस्थितत्वेऽपि पर्यायैरनवस्थितत्वं द्योतयति—

**जायदि णेव ण णस्सदि खणभंगसमुब्भवे जणे कोई ।**
**जो हि भवो सो विलओ संभवविलय त्ति ते णाणा ॥ ११९ ॥**

जायते नैव न नश्यति क्षणभङ्गसमुद्भवे जने कश्चित् ।
यो हि भवः स विलयः संभवविलयाविति तौ नाना ॥ ११९ ॥

इह तावन्न कश्चिज्जायते न म्रियते च। अथ च मनुष्यदेवतिर्यङ्नारकात्मको जीवलोकः प्रतिक्षणपरिणामित्वादुत्संगितक्षणभङ्गोत्पादः । न च विप्रतिषिद्धमेतत्, संभव-

---

तथायं जीवोऽपि वृक्षस्थानीयकर्मोदयपरिणतः सन्परमाह्लादैकलक्षणसुखामृतास्वादनैर्मल्यादिस्वकीयगुण-समूहं न लभत इति ॥ ११८ ॥ अथ जीवस्य द्रव्येण नित्यत्वेऽपि पर्यायेण विनश्वरत्वं दर्शयति— **जायदि णेव ण णस्सदि** जायते नैव न नश्यति द्रव्यार्थिकनयेन । क । **खणभंगसमुब्भवे जणे कोई** क्षणभङ्गसमुद्भवे जने कोऽपि । क्षणं क्षणं प्रति भङ्गसमुद्भवो यत्र संभवति क्षणभङ्गसमुद्भवस्त-

---

લબ્ધિ છે, કર્માદિક બીજા કોઈ કારણથી નહિ. 'કર્મ જીવના સ્વભાવનો પરાભવ કરે છે' એમ કહેવું તે તો ઉપચારકથન છે, પરમાર્થે એમ નથી. ૧૧૮.

હવે જીવનું દ્રવ્યપણે [૧]અવસ્થિતપણું હોવા છતાં પર્યાયોથી [૨]અનવસ્થિતપણું પ્રકાશે છે:—

નહિ કોઈ ઊપજે વિણસે ક્ષણભંગસંભવમય જગે,
કારણ જનમ તે નાશ છે; વળી જન્મ નાશ વિભિન્ન છે. ૧૧૯.

**અન્વયાર્થઃ**—[क्षणभङ्गसमुद्भवे जने] ક્ષણે ક્ષણે ઉત્પાદ ને વિનાશવાળા જીવલોકમાં [कश्चित्] કોઈ [न एव जायते] ઉત્પન્ન થતું નથી ને [न नश्यति] નાશ પામતું નથી, [हि] કારણ કે [यः भवः सः विलयः] જે ઉદ્ભવ છે તે જ વિલય છે; [संभवविलयौ इति तौ नाना] વળી ઉદ્ભવ અને વિલય એમ તેઓ અનેક (અર્થાત્ ભિન્ન) પણ છે.

**ટીકાઃ**—પ્રથમ તો અહીં કોઈ જન્મતું નથી ને મરતું નથી (અર્થાત્ આ લોકમાં કોઈ ઉત્પન્ન થતું નથી ને નાશ પામતું નથી). વળી (આમ છતાં) મનુષ્ય-દેવ-તિર્યંચ-નારકાત્મક જીવલોક પ્રતિક્ષણ પરિણામી હોવાથી ક્ષણે ક્ષણે થતા વિનાશ અને ઉત્પાદ સાથે

---

૧. અવસ્થિતપણું = સ્થિરપણું; ટકી રહેવું તે.
૨. અનવસ્થિતપણું = અસ્થિરપણું; નહિ ટકવું તે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विलययोरेकत्वनानात्वाभ्याम् । यदा खलु भङ्गोत्पादयोरेकत्वं तदा पूर्वपक्षः, यदा तु नानात्वं तदोत्तरः । तथा हि—यथा य एव घटस्तदेव कुण्डमित्युक्ते घटकुण्डस्वरूपयोरेकत्वासंभवात्तदुभयाधारभूता मृत्तिका संभवति, तथा य एव संभवः स एव विलय इत्युक्ते संभवविलयस्वरूपयोरेकत्वासंभवात्तदुभयाधारभूतं ध्रौव्यं संभवति । ततो देवादिपर्याये संभवति मनुष्यादिपर्याये विलीयमाने च य एव संभवः स एव विलय इति कृत्वा तदुभयाधारभूतं ध्रौव्यवज्जीवद्रव्यं संभाव्यत एव । ततः सर्वदा द्रव्यत्वेन जीवष्टङ्कोत्कीर्णोऽवतिष्ठते । अपि च यथाऽन्यो घटोऽन्यत्कुण्डमित्युक्ते तदुभयाधारभूताया मृत्तिकाया अन्यत्वासंभवात् घटकुण्डस्वरूपे संभवतः, तथान्यः संभवोऽन्यो विलय इत्युक्ते तदुभयाधारभूतस्य

---

स्मिन्क्षणभङ्गसमुद्भवे विनश्वरे पर्यायार्थिकनयेन जने लोके जगति कश्चिदपि, तस्मान्नैव जायते न चोत्पद्यत इति हेतुं वदति। **जो हि भवो सो विलओ** द्रव्यार्थिकनयेन यो हि भवस्स एव विलयो यतः कारणात् । तथा हि–मुक्तात्मनां य एव सकलविमलकेवलज्ञानादिरूपेण मोक्षपर्यायेण भव उत्पादः स एव निश्चयरत्नत्रयात्मकनिश्चयमोक्षमार्गपर्यायेण विलयो विनाशस्तौ च मोक्षपर्यायमोक्षमार्गपर्यायौ कार्यकारणरूपेण भिन्नौ, तदुभयाधारभूतं यत्परमात्मद्रव्यं तदेव, मृत्पिण्डघटाधारभूतमृत्तिकाद्रव्यवत्

---

(પણ) જોડાયેલો છે. અને આ વિરોધ પામતું નથી; કારણ કે ઉદ્ભવ ને વિલયનું એકપણું અને અનેકપણું છે. જ્યારે ઉદ્ભવ ને વિલયનું એકપણું છે ત્યારે પૂર્વ પક્ષ છે, અને અનેકપણું છે ત્યારે ઉત્તર પક્ષ છે ( અર્થાત્ જ્યારે ઉદ્ભવ ને વિલયના એકપણાની અપેક્ષા લેવામાં આવે ત્યારે 'કોઈ ઉત્પન્ન થતું નથી ને નાશ પામતું નથી ' એ પક્ષ ફલિત થાય છે, અને જ્યારે ઉદ્ભવ ને વિલયના અનેકપણાની અપેક્ષા લેવામાં આવે ત્યારે ક્ષણે ક્ષણે થતા વિનાશ ને ઉત્પાદનો પક્ષ ફલિત થાય છે ). તે આ પ્રમાણેઃ—

જેમ 'જે ઘડો છે તે જ કૂંડું છે' એમ કહેવામાં આવતાં, ઘડાના સ્વરૂપનું ને કૂંડાના સ્વરૂપનું એકપણું અસંભવિત હોવાથી તે બન્નેના આધારભૂત માટી પ્રગટ થાય છે, તેમ 'જે ઉદ્ભવ છે તે જ વિલય છે' એમ કહેવામાં આવતાં, ઉદ્ભવના સ્વરૂપનું ને વિલયના સ્વરૂપનું એકપણું અસંભવિત હોવાથી તે બન્નેના આધારભૂત ધ્રૌવ્ય પ્રગટ થાય છે; તેથી દેવાદિપર્યાય ઉત્પન્ન થતાં ને મનુષ્યાદિપર્યાય નષ્ટ થતાં, 'જે ઉદ્ભવ છે તે જ વિલય છે' એમ ગણવાથી (અર્થાત્ એવી અપેક્ષા લેવાથી ) તે બન્નેના આધારભૂત ધ્રૌવ્યવાળું જીવદ્રવ્ય પ્રગટ થાય છે ( –ખ્યાલમાં આવે છે). માટે સર્વદા દ્રવ્યપણે જીવ ટંકોત્કીર્ણ રહે છે.

અને વળી, જેમ 'અન્ય ઘડો છે અને અન્ય કૂંડું છે' એમ કહેવામાં આવતાં, તે બન્નેના આધારભૂત માટીનું અન્યપણું (–ભિન્નભિન્નપણું ) અસંભવિત હોવાથી ઘડાનું ને કૂંડાનું સ્વરૂપ (–બન્નેનાં ભિન્નભિન્ન સ્વરૂપ ) પ્રગટ થાય છે, તેમ 'અન્ય ઉદ્ભવ છે અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ध्रौव्यस्यान्यत्वासंभवात्संभवविलयस्वरूपे संभवतः । ततो देवादिपर्याये संभवति मनुष्यादिपर्याये विलीयमाने चान्यः संभवोऽन्यो विलय इति कृत्वा संभवविलयवन्तौ देवादिमनुष्यादिपर्यायौ संभाव्येते । ततः प्रतिक्षणं पर्यायैर्जीवोऽनवस्थितः ॥ ११९ ॥

अथ जीवस्यानवस्थितत्वहेतुमुद्योतयति—

**तम्हा दु णत्थि कोई सहावसमवट्ठिदो त्ति संसारे ।**
**संसारो पुण किरिया संसरमाणस्स दव्वस्स ॥ १२० ॥**

**तस्मात्तु नास्ति कश्चित् स्वभावसमवस्थित इति संसारे ।**
**संसारः पुनः क्रिया संसरतो द्रव्यस्य ॥ १२० ॥**

---

मनुष्यपर्यायदेवपर्यायाधारभूतसंसारिजीवद्रव्यवद्वा । क्षणभङ्गसमुद्भवे हेतुः कथ्यते । **संभवविलय त्ति ते णाणा** संभवविलयौ द्वाविति तौ नाना भिन्नौ यतः कारणात्ततः पर्यायार्थिकनयेन भङ्गोत्पादौ । तथा हि—य एव पूर्वोक्तमोक्षपर्यायस्योत्पादो मोक्षमार्गपर्यायस्य विनाशस्तावेव भिन्नौ न च तदाधारभूतपरमात्मद्रव्यमिति । ततो ज्ञायते द्रव्यार्थिकनयेन नित्यत्वेऽपि पर्यायरूपेण विनाशोऽस्तीति ॥११९॥ अथ विनश्वरत्वे कारणमुपन्यस्यति, अथवा प्रथमस्थलेऽधिकारसूत्रेण मनुष्यादिपर्यायाणां कर्मजनितत्वेन यद्विनश्वरत्वं सूचितं तदेव गाथात्रयेण विशेषेण व्याख्यातमिदानीं तस्योपसंहारमाह—**तम्हा दु णत्थि**

---

અન્ય વિલય છે' એમ કહેવામાં આવતાં, તે બન્નેના આધારભૂત ધ્રૌવ્યનું અન્યત્વ અસંભવિત હોવાથી ઉદ્‌ભવનું ને વિલયનું સ્વરૂપ પ્રગટ થાય છે; તેથી દેવાદિપર્યાય ઉત્પન્ન થતાં ને મનુષ્યાદિપર્યાય નષ્ટ થતાં, 'અન્ય ઉદ્‌ભવ છે અને અન્ય વિલય છે' એમ ગણવાથી (અર્થાત્ એવી અપેક્ષા લેવાથી) ઉદ્‌ભવ અને વિલયવાળા દેવાદિપર્યાય અને મનુષ્યાદિપર્યાય પ્રગટ થાય છે (-ખ્યાલમાં આવે છે). માટે પ્રતિક્ષણ પર્યાયોથી જીવ અનવસ્થિત છે. ૧૧૯.

હવે જીવના અનવસ્થિતપણાનો હેતુ પ્રકાશે છેઃ—

**તેથી સ્વભાવે સ્થિર એવું ન કોઈ છે સંસારમાં;**
**સંસાર તો સંસરણ કરતા દ્રવ્ય કેરી છે ક્રિયા. ૧૨૦.**

**અન્વયાર્થઃ**—[तस्मात् तु] તેથી [संसारे] સંસારમાં [स्वभावसमवस्थितः इति] સ્વભાવથી અવસ્થિત એવું [कश्चित् न अस्ति] કોઈ નથી (અર્થાત્ સંસારમાં કોઈનો સ્વભાવ કેવળ એકરૂપ રહેવાનો નથી); [संसारः पुनः] સંસાર તો [संसरतः] * સંસરણ કરતા [द्रव्यस्य] દ્રવ્યની [क्रिया] ક્રિયા છે.

---

* સંસરણ કરવું = ગોળ ફર્યા કરવું; પલટાયા કરવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

यतः खलु जीवो द्रव्यत्वेनावस्थितोऽपि पर्यायैरनवस्थितः, ततः प्रतीयते न कश्चिदपि संसारे स्वभावेनावस्थित इति। यच्चात्रानवस्थितत्वं तत्र संसार एव हेतुः, तस्य मनुष्यादिपर्यायात्मकत्वात् स्वरूपेणैव तथाविधत्वात्। अथ यस्तु परिणममानस्य द्रव्यस्य पूर्वोत्तरदशापरित्यागोपादानात्मकः क्रियाख्यः परिणामस्तत्संसारस्य स्वरूपम् ॥१२०॥

अथ परिणामात्मके संसारे कुतः पुद्गलश्लेषो येन तस्य मनुष्यादिपर्यायात्मकत्वमित्यत्र समाधानमुपवर्णयति—

**आदा कम्ममलिमसो परिणामं लहदि कम्मसंजुत्तं।**
**तत्तो सिलिसदि कम्मं तम्हा कम्मं तु परिणामो ॥१२१॥**

---

**कोई सहावसमवट्ठिदो त्ति** तस्मान्नास्ति कश्चित्स्वभावसमवस्थित इति। यस्मात्पूर्वोक्तप्रकारेण मनुष्यादिपर्यायाणां विनश्वरत्वं व्याख्यातं तस्मादेव ज्ञायते परमानन्दैकलक्षणपरमचैतन्यचमत्कारपरिणतशुद्धात्मस्वभाववदवस्थितो नित्यः कोऽपि नास्ति। क्व। **संसारे** निस्संसारशुद्धात्मनो विपरीते संसारे। संसारस्वरूपं कथयति—**संसारो पुण किरिया** संसारः पुनः क्रिया। निष्क्रियनिर्विकल्पशुद्धात्मपरिणतेर्विसदृशी मनुष्यादिविभावपर्यायपरिणतिरूपा क्रिया संसारस्वरूपम्। सा च कस्य भवति। **संसरमाणस्स जीवस्स** विशुद्धज्ञानदर्शनस्वभावमुक्तात्मनो विलक्षणस्य संसरतः परिभ्रमतः संसारिजीवस्येति। ततः स्थितं मनुष्यादिपर्यायात्मकः संसार एव विनश्वरत्वे कारणमिति ॥१२०॥ एवं शुद्धात्मनो भिन्नानां कर्मजनितमनुष्यादिपर्यायाणां विनश्वरत्वकथनमुख्यतया गाथाचतुष्टयेन द्वितीयस्थलं गतम्। अथ संसारस्य

---

ટીકાઃ—ખરેખર જીવ દ્રવ્યપણે અવસ્થિત હોવા છતાં પણ પર્યાયોથી અનવસ્થિત છે, તેથી એમ પ્રતીતિ થાય છે કે સંસારમાં કોઈ પણ સ્વભાવથી અવસ્થિત નથી (અર્થાત્ કોઈનો સ્વભાવ કેવળ અવિચળ—એકરૂપ રહેવાનો નથી). અને અહીં જે અનવસ્થિતપણું છે તેમાં સંસાર જ હેતુ છે; કારણ કે તે (-સંસાર) મનુષ્યાદિપર્યાયાત્મક છે, કેમ કે તે સ્વરૂપથી જ તેવો છે (અર્થાત્ સંસારનું સ્વરૂપ જ એવું છે). ત્યાં પરિણમતા દ્રવ્યનો પૂર્વોત્તરદશાના ત્યાગગ્રહણાત્મક એવો જે 'ક્રિયા' નામનો પરિણામ તે સંસારનું સ્વરૂપ છે. ૧૨૦.

હવે, પરિણામાત્મક સંસારમાં કયા કારણે પુદ્ગલનો સંબંધ થાય છે કે જેથી તે (-સંસાર) મનુષ્યાદિપર્યાયાત્મક હોય છે—તેનું અહીં સમાધાન વર્ણવે છેઃ—

**કર્મે મલિન જીવ કર્મસંયુત પામતો પરિણામને,**
**તેથી કરમ બંધાય છે; પરિણામ તેથી કર્મ છે. ૧૨૧.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आत्मा कर्ममलीमसः परिणामं लभते कर्मसंयुक्तम् ।
ततः श्लिष्यति कर्म तस्मात् कर्म तु परिणामः ॥ १२१ ॥

यो हि नाम संसारनामायमात्मनस्तथाविधः परिणामः स एव द्रव्यकर्मश्लेषहेतुः । अथ तथाविधपरिणामस्यापि को हेतुः, द्रव्यकर्म हेतुः, तस्य द्रव्यकर्मसंयुक्तत्वेनैवोपलम्भात् । एवं सतीतरेतराश्रयदोषः । न हि; अनादिप्रसिद्धद्रव्यकर्माभिसंबद्धस्यात्मनः प्राक्तनद्रव्यकर्मणस्तत्र हेतुत्वेनोपादानात् । एवं कार्यकारणभूतनवपुराणद्रव्यकर्मत्वादात्मनस्तथाविध-

---

कारणं ज्ञानावरणादि द्रव्यकर्म तस्य तु कारणं मिथ्यात्वरागादिपरिणाम इत्यावेदयति—**आदा** निर्दोषिपरमात्मा निश्चयेन शुद्धबुद्धैकस्वभावोऽपि व्यवहारेणानादिकर्मबन्धवशात् **कम्ममलिमसो** कर्ममलीमसो भवति । तथाभवन्सन् किं करोति । **परिणामं लहदि** परिणामं लभते । कथंभूतम् ।

---

**અન્વયાર્થઃ**—[ कर्ममलीमसः आत्मा ] કર્મથી મલિન આત્મા [ कर्मसंयुक्तं परिणामं ] કર્મસંયુક્ત પરિણામને (-દ્રવ્યકર્મના સંયોગે થતા અશુદ્ધ પરિણામને) [ लभते ] પામે છે, [ ततः ] તેથી [ कर्म श्लिष्यति ] કર્મ ચોંટે છે (-દ્રવ્યકર્મ બંધાય છે); [ तस्मात् तु ] માટે [ परिणामः कर्म ] પરિણામ તે કર્મ છે.

**ટીકાઃ**—'સંસાર' નામનો જે આ આત્માનો તથાવિધ (-તે પ્રકારનો, તેવો) પરિણામ તે જ દ્રવ્યકર્મ વળગવાનો હેતુ છે. હવે, તથાવિધ પરિણામનો કોણ હેતુ છે? દ્રવ્યકર્મ તેનો હેતુ છે, કારણ કે *દ્રવ્યકર્મથી સંયુક્તપણે જ તે જોવામાં આવે છે. (શંકાઃ-) એમ હોય તો [1]ઇતરેતરાશ્રય દોષ આવે! (સમાધાનઃ-) નથી આવતો; કારણ કે અનાદિસિદ્ધ દ્રવ્યકર્મ સાથે સંબદ્ધ એવા આત્માનું જે [2]પૂર્વનું દ્રવ્યકર્મ તેને ત્યાં હેતુપણે ગ્રહવામાં (-સ્વીકારવામાં) આવ્યું છે.

આ રીતે નવું દ્રવ્યકર્મ જેના કાર્યભૂત છે અને જૂનું દ્રવ્યકર્મ જેના કારણભૂત

---

* દ્રવ્યકર્મના સંયોગમાં જ અશુદ્ધ પરિણામ હોય છે, દ્રવ્યકર્મ વિના કદી હોતો નથી; તેથી દ્રવ્યકર્મ અશુદ્ધ પરિણામનું કારણ છે.

૧. એક અસિદ્ધ બાબતને સિદ્ધ કરવા માટે બીજી અસિદ્ધ બાબતનો આશ્રય લેવામાં આવે અને વળી તે બીજી બાબતને સિદ્ધ કરવા માટે પહેલીનો આશ્રય લેવામાં આવે—એ તર્કદોષને ઇતરેતરાશ્રય દોષ કહેવામાં આવે છે.

દ્રવ્યકર્મનું કારણ અશુદ્ધ પરિણામ કહ્યો; પછી તે અશુદ્ધ પરિણામના કારણ વિષે પૂછવામાં આવતાં, તેનું કારણ પાછું દ્રવ્યકર્મ કહ્યું તેથી શંકાકારને શંકા થાય છે કે આ વાતમાં ઇતરેતરાશ્રય દોષ આવે છે.

૨. નવા દ્રવ્યકર્મનું કારણ અશુદ્ધ આત્મપરિણામ છે, અને તે અશુદ્ધ આત્મપરિણામનું કારણ તો તેનું તે જ દ્રવ્યકર્મ નહિ (અર્થાત્ નવું દ્રવ્યકર્મ નહિ) પણ પહેલાંનું (જૂનું) દ્રવ્યકર્મ છે; માટે ત્યાં ઇતરેતરાશ્રય દોષ આવતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



परिणामो द्रव्यकर्मैव, तथात्मा चात्मपरिणामकर्तृत्वाद्द्रव्यकर्मकर्ताप्युपचारात् ॥ १२१ ॥

अथ परमार्थादात्मनो द्रव्यकर्माकर्तृत्वमुद्योतयति—

**परिणामो सयमादा सा पुण किरिय त्ति होदि जीवमया ।**
**किरिया कम्म त्ति मदा तम्हा कम्मस्स ण दु कत्ता ॥१२२॥**

**परिणामः स्वयमात्मा सा पुनः क्रियेति भवति जीवमयी ।**
**क्रिया कर्मेति मता तस्मात्कर्मणो न तु कर्ता ॥ १२२ ॥**

आत्मपरिणामो हि तावत्स्वयमात्मैव, परिणामिनः परिणामस्वरूपकर्तृत्वेन परिणामादनन्यत्वात् । यश्च तस्य तथाविधः परिणामः सा जीवमय्येव क्रिया, सर्वद्रव्याणां परिणाम-

---

**कम्मसंजुत्तं** कर्मरहितपरमात्मनो विसदृशकर्मसंयुक्तं मिथ्यात्वरागादिविभावपरिणामं । **तत्तो सिलिसदि कम्मं** ततः परिणामात् श्लिष्यति बध्नाति । किम् । कर्म । यदि पुनर्निर्मलविवेकज्योतिःपरिणामेन परिणमति तदा तु कर्म मुञ्चति । **तम्हा कम्मं तु परिणामो** तस्मात् कर्म तु परिणामः । यस्माद्रागादिपरिणामेन कर्म बध्नाति, तस्माद्रागादिविकल्परूपो भावकर्मस्थानीयः सरागपरिणाम एव कर्मकारणत्वादुपचारेण कर्मेति भण्यते । ततः स्थितं रागादिपरिणामः कर्मबन्धकारणमिति ॥ १२१ ॥ अथात्मा निश्चयेन स्वकीयपरिणामस्यैव कर्ता, न च द्रव्यकर्मण इति प्रतिपादयति । अथवा द्वितीयपातनिका-

---

છે એવો (આત્માનો તથાવિધ પરિણામ) હોવાથી આત્માનો તથાવિધ પરિણામ ઉપચારથી દ્રવ્યકર્મ જ છે, અને આત્મા પણ પોતાના પરિણામનો કર્તા હોવાથી દ્રવ્યકર્મનો કર્તા પણ ઉપચારથી છે. ૧૨૧.

હવે પરમાર્થે આત્માને દ્રવ્યકર્મનું અકર્તાપણું પ્રકાશે છેઃ—

**પરિણામ પોતે જીવ છે, ને છે ક્રિયા એ જીવમયી;**
**ક્રિયા ગણી છે કર્મ; તેથી કર્મનો કર્તા નથી. ૧૨૨.**

**અન્વયાર્થઃ**—[परिणामः] પરિણામ [स्वयम्] પોતે [आत्मा] આત્મા છે, [सा पुनः] અને તે [जीवमयी क्रिया इति भवति] જીવમયી ક્રિયા છે; [क्रिया] ક્રિયાને [कर्म इति मता] કર્મ માનવામાં આવી છે; [तस्मात्] માટે આત્મા [कर्मणः कर्ता तु न] દ્રવ્યકર્મનો કર્તા તો નથી.

**ટીકાઃ**—પ્રથમ તો આત્માનો પરિણામ ખરેખર પોતે આત્મા જ છે, કારણ કે પરિણામી પરિણામના સ્વરૂપનો કરનાર હોવાને લીધે પરિણામથી અનન્ય છે; અને જે તેનો (-આત્માનો) તથાવિધ પરિણામ છે તે જીવમયી જ ક્રિયા છે, કારણ કે સર્વ દ્રવ્યોને પરિણામ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**लक्षणक्रियाया आत्ममयत्वाभ्युपगमात् । या च क्रिया सा पुनरात्मना स्वतन्त्रेण प्राप्यत्वात्कर्म । ततस्तस्य परमार्थादात्मा आत्मपरिणामात्मकस्य भावकर्मण एव कर्ता, न तु पुद्गलपरिणामात्मकस्य द्रव्यकर्मणः । अथ द्रव्यकर्मणः कः कर्तेति चेत् । पुद्गलपरिणामो हि तावत्स्वयं पुद्गल एव, परिणामिनः परिणामस्वरूपकर्तृत्वेन परिणामादनन्यत्वात् । यश्च तस्य तथाविधः परिणामः सा पुद्गलमय्येव क्रिया, सर्वद्रव्याणां परिणामलक्षणक्रियाया आत्ममयत्वाभ्युपगमात् । या च क्रिया सा पुनः पुद्गलेन स्वतन्त्रेण प्राप्यत्वात्कर्म । ततस्तस्य परमार्थात् पुद्गलात्मा आत्मपरिणामात्मकस्य द्रव्यकर्मण एव कर्ता,**

---

शुद्धपारिणामिकपरमभावग्राहकेण शुद्धनयेन यथैवाकर्ता तथैवाशुद्धनयेनापि सांख्येन यदुक्तं तन्निषेधार्थमात्मनो बन्धमोक्षसिद्ध्यर्थं कथंचित्परिणामित्वं व्यवस्थापयतीति पातनिकाद्वयं मनसि संप्रधार्य सूत्रमिदं निरूपयति—**परिणामो सयमादा** परिणामः स्वयमात्मा, आत्मपरिणामस्तावदात्मैव । कस्मात् । परिणामपरिणामिनोस्तन्मयत्वात् । **सा पुण किरिय त्ति होदि** सा पुनः क्रियेति भवति, स च परिणामः क्रिया परिणतिरिति भवति । कथंभूता । **जीवमया** जीवेन निर्वृत्तत्वाज्जीवमयी । **किरिया कम्म त्ति मदा** जीवेन स्वतन्त्रेण स्वाधीनेन शुद्धाशुद्धोपादानकारणभूतेन प्राप्यत्वात्सा क्रिया कर्मेति मता संमता । कर्मशब्देनात्र यदेव चिद्रूपं जीवादभिन्नं भावकर्मसंज्ञं निश्चयकर्म तदेव ग्राह्यम् । तस्यैव कर्ता जीवः । **तम्हा कम्मस्स ण दु कत्ता** तस्माद्द्रव्यकर्मणो न कर्तेति । अत्रैतदायाति—यद्यपि कथंचित् परिणामित्वे सति जीवस्य कर्तृत्वं जातं तथापि निश्चयेन स्वकीयपरिणामानामेव कर्ता, पुद्गलकर्मणां व्यवहारेणेति । तत्र तु यदा शुद्धोपादानकारणरूपेण शुद्धोपयोगेन परिणमति तदा मोक्षं साधयति, अशुद्धोपादान-

---

લક્ષણ ક્રિયા આત્મમયપણે (પોતામયપણે) સ્વીકારવામાં આવી છે; અને વળી જે (જીવમયી) ક્રિયા છે તે આત્મા વડે સ્વતંત્રપણે [૧]પ્રાપ્ય હોવાથી કર્મ છે. માટે પરમાર્થથી આત્મા પોતાના પરિણામસ્વરૂપ એવા તે ભાવકર્મનો જ કર્તા છે, પરંતુ પુદ્ગલપરિણામસ્વરૂપ દ્રવ્યકર્મનો નહિ.

હવે અહીં એમ પ્રશ્ન થાય કે '(જીવ ભાવકર્મનો જ કર્તા છે તો પછી) દ્રવ્યકર્મનો કોણ કર્તા છે?' તો તેનો ઉત્તર આ પ્રમાણે છે:—પ્રથમ તો પુદ્ગલનો પરિણામ ખરેખર પોતે પુદ્ગલ જ છે, કારણ કે પરિણામી પરિણામના સ્વરૂપનો કરનાર હોવાને લીધે પરિણામથી અનન્ય છે; અને જે તેનો (-પુદ્ગલનો) તથાવિધ પરિણામ છે તે પુદ્ગલમયી જ ક્રિયા છે, કારણ કે સર્વ દ્રવ્યોને પરિણામસ્વરૂપ ક્રિયા પોતામય હોય છે એમ સ્વીકારવામાં આવ્યું છે; અને વળી જે (પુદ્ગલમયી) ક્રિયા છે તે પુદ્ગલ વડે સ્વતંત્રપણે પ્રાપ્ય હોવાથી કર્મ છે. માટે પરમાર્થથી પુદ્ગલ પોતાના પરિણામસ્વરૂપ એવા તે દ્રવ્યકર્મનું જ કર્તા છે, પરંતુ આત્માના પરિણામસ્વરૂપ ભાવકર્મનું નહિ.

---

૧. પ્રાપ્ય = પ્રાપ્ત થવા યોગ્ય. (જે સ્વતંત્રપણે કરે, તે કર્તા; કર્તા જેને પ્રાપ્ત કરે—પહોંચે, તે કર્મ.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**न त्वात्मपरिणामात्मकस्य भावकर्मणः । तत आत्मात्मस्वरूपेण परिणमति, न पुद्गलस्वरूपेण परिणमति ॥ १२२ ॥**

**अथ किं तत्स्वरूपं येनात्मा परिणमतीति तदावेदयति—**

**परिणमदि चेदणाए आदा पुण चेदणा तिधाभिमदा ।**
**सा पुण णाणे कम्मे फलम्मि वा कम्मणो भणिदा ॥ १२३ ॥**

**परिणमति चेतनया आत्मा पुनः चेतना त्रिधाभिमता ।**
**सा पुनः ज्ञाने कर्मणि फले वा कर्मणो भणिता ॥ १२३ ॥**

**यतो हि नाम चैतन्यमात्मनः स्वधर्मव्यापकत्वं ततश्चेतनैवात्मनः स्वरूपं, तया**

---

कारणेन तु बन्धमिति । पुद्गलोऽपि जीववन्निश्चयेन स्वकीयपरिणामानामेव कर्ता, जीवपरिणामानां व्यवहारेणेति ॥ १२२ ॥ एवं रागादिपरिणामाः कर्मबन्धकारणं, तेषामेव कर्ता जीव इतिकथनमुख्यतया गाथाद्वयेन तृतीयस्थलं गतम् । अथ येन परिणामेनात्मा परिणमति तं परिणामं कथयति—**परि-णमदि चेदणाए आदा** परिणमति चेतनया करणभूतया । स कः । आत्मा । यः कोऽप्यात्मनः शुद्धाशुद्धपरिणामः स सर्वोऽपि चेतनां न त्यजति इत्यभिप्रायः । **पुण चेदणा तिधाभिमदा सा** सा चेतना पुनस्त्रिधाभिमता । कुत्र कुत्र । **णाणे** ज्ञानविषये **कम्मे** कर्मविषये **फलम्मि वा** फले

---

**તેથી (એમ સમજવું કે) આત્મા આત્મસ્વરૂપે પરિણમે છે, પુદ્‌ગલસ્વરૂપે નથી પરિણમતો. ૧૨૨.**

**હવે, શું તે સ્વરૂપ છે કે જે-રૂપે આત્મા પરિણમે છે—તે કહે છે:—**

**જીવ ચેતનારૂપ પરિણમે; વળી ચેતના ત્રિવિધા ગણી;**
**તે જ્ઞાનવિષયક, કર્મવિષયક, કર્મફળવિષયક કહી. ૧૨૩.**

**અન્વયાર્થઃ**—[ आत्मा ] આત્મા [ चेतनया ] ચેતનારૂપે [ परिणमति ] પરિણમે છે. [ पुनः ] વળી [ चेतना ] ચેતના [ त्रिधा अभिमता ] ત્રણ પ્રકારે માનવામાં આવી છે; [ पुनः ] અને [ सा ] તેને [ ज्ञाने ] જ્ઞાન સંબંધી, [ कर्मणि ] કર્મ સંબંધી [ वा ] અથવા [ कर्मणः फले ] કર્મના ફળ સંબંધી—[ भणिता ] એમ કહેવામાં આવી છે.

**ટીકાઃ**—જેથી ચૈતન્ય તે આત્માનું [1]સ્વધર્મવ્યાપકપણું છે તેથી ચેતના જ આત્માનું

---

૧. સ્વધર્મવ્યાપકપણું = પોતના ધર્મોમાં વ્યાપકપણું–ફેલાવાપણું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



खल्वात्मा परिणमति । यः कश्चनाप्यात्मनः परिणामः स सर्वोऽपि चेतनां नातिवर्तत इति तात्पर्यम् । चेतना पुनर्ज्ञानकर्मकर्मफलत्वेन त्रेधा । तत्र ज्ञानपरिणतिर्ज्ञानचेतना, कर्मपरिणतिः कर्मचेतना, कर्मफलपरिणतिः कर्मफलचेतना ॥ १२३ ॥

अथ ज्ञानकर्मकर्मफलस्वरूपमुपवर्णयति—

णाणं अट्ठवियप्पो कम्मं जीवेण जं समारद्धं ।
तमणेगविधं भणिदं फलं ति सोक्खं व दुक्खं वा ॥१२४॥

ज्ञानमर्थविकल्पः कर्म जीवेन यत्समारब्धम् ।
तदनेकविधं भणितं फलमिति सौख्यं वा दुःखं वा ॥ १२४ ॥

---

वा । कस्य फले । **कम्मणो** कर्मणः । **भणिदा** भणिता कथितेति । ज्ञानपरिणतिः ज्ञानचेतना अग्रे वक्ष्यमाणा, कर्मपरिणतिः कर्मचेतना, कर्मफलपरिणतिः कर्मफलचेतनेति भावार्थः ॥ १२३ ॥ अथ ज्ञानकर्मकर्मफलरूपेण त्रिधा चेतनां विशेषेण विचारयति—**णाणं अट्ठवियप्पं** ज्ञानं मत्यादिभेदेनाष्टविकल्पं भवति । अथवा पाठान्तरम्—**णाणं अट्ठवियप्पो** ज्ञानमर्थविकल्पः । तथा हि—अर्थः परमात्मादिपदार्थः, अनन्तज्ञानसुखादिरूपोऽहमिति रागाद्यास्रवास्तु मत्तो भिन्ना इति स्वपराकारावभासेनादर्श इवार्थपरिच्छित्तिसमर्थो विकल्पः विकल्पलक्षणमुच्यते । स एव ज्ञानं ज्ञानचेतनेति । **कम्मं**

---

સ્વરૂપ છે, તે-રૂપે (ચેતનારૂપે) ખરેખર આત્મા પરિણમે છે. આત્માનો જે કોઈ પણ પરિણામ હોય તે સઘળોય ચેતનાને ઉલ્લંઘતો નથી (અર્થાત્ આત્માનો કોઈ પણ પરિણામ ચેતનાને જરાય છોડતો નથી—ચેતના વગરનો બિલકુલ હોતો નથી)—એમ તાત્પર્ય છે. વળી ચેતના જ્ઞાનપણે, કર્મપણે અને કર્મફળપણે એમ ત્રણ પ્રકારે છે. ત્યાં, જ્ઞાનપરિણતિ (જ્ઞાનરૂપે પરિણતિ) તે જ્ઞાનચેતના, કર્મપરિણતિ તે કર્મચેતના, કર્મફળપરિણતિ તે કર્મફળચેતના છે. ૧૨૩.

હવે જ્ઞાનનું, કર્મનું અને કર્મફળનું સ્વરૂપ વર્ણવે છે:—

છે 'જ્ઞાન' અર્થવિકલ્પ, ને જીવથી કરાતું 'કર્મ' છે,
—તે છે અનેક પ્રકારનું, 'ફળ' સૌખ્ય અથવા દુઃખ છે. ૧૨૪.

**અન્વયાર્થ**:—[ अर्थविकल्पः ] અર્થવિકલ્પ (અર્થાત્ સ્વ-પર પદાર્થોનું ભિન્નતાપૂર્વક યુગપદ્ અવભાસન) [ ज्ञानं ] તે જ્ઞાન છે; [ जीवेन ] જીવ વડે [ यत् समारब्धं ] જે કરાતું હોય [ कर्म ] તે કર્મ છે, [ तद् अनेकविधं ] તે અનેક પ્રકારનું છે; [ सौख्यं वा दुःखं वा ] સુખ અથવા દુઃખ [ फलम् इति भणितम् ] તે કર્મફળ કહેવામાં આવ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अर्थविकल्पस्तावत् ज्ञानम् । तत्र कः खल्वर्थः । स्वपरविभागेनावस्थितं विश्वम् । विकल्पस्तदाकारावभासनम् । यस्तु मुकुरुन्दहृदयाभोग इव युगपदवभासमानस्वपराकारोऽर्थविकल्पस्तद् ज्ञानम् । क्रियमाणमात्मना कर्म, क्रियमाणः खल्वात्मा प्रतिक्षणं तेन तेन भावेन भवता यः तद्भावः स एव कर्मात्मना प्राप्यत्वात् । तत्त्वेकविधमपि द्रव्यकर्मोपाधिसन्निधिसद्भावासद्भावाभ्यामनेकविधम् । तस्य कर्मणो यन्निष्पाद्यं सुखदुःखं तत्कर्मफलम् । तत्र द्रव्यकर्मोपाधिसान्निध्यासद्भावात्कर्म तस्य फलमनाकुलत्वलक्षणं प्रकृतिभूतं सौख्यं, यत्तु द्रव्यकर्मोपाधिसान्निध्यसद्भावात्कर्म तस्य फलं सौख्यलक्षणाभावाद्विकृतिभूतं दुःखम् । एवं ज्ञानकर्मकर्मफलस्वरूपनिश्चयः ॥ १२४ ॥

---

**जीवेण जं समारद्धं** कर्म जीवेन यत्समारब्धम् । बुद्धिपूर्वकमनोवचनकायव्यापाररूपेण जीवेन यत्सम्यक्कर्तृमारब्धं तत्कर्म भण्यते । सैव कर्मचेतनेति । **तमणेगविधं भणिदं** तच्च कर्म शुभाशुभशुद्धो-

---

ટીકાઃ—પ્રથમ તો, અર્થવિકલ્પ તે જ્ઞાન છે. ત્યાં, અર્થ એટલે શું? સ્વ-પરના વિભાગપૂર્વક રહેલું *વિશ્વ તે અર્થ. તેના આકારોનું [1]અવભાસન તે વિકલ્પ. અને દર્પણના નિજ વિસ્તારની માફક (અર્થાત્ જેમ દર્પણના નિજ વિસ્તારમાં સ્વ ને પર આકારો એકીસાથે પ્રકાશે છે તેમ) જેમાં યુગપદ્ સ્વ-પર આકારો અવભાસે છે એવો જે અર્થવિકલ્પ તે જ્ઞાન.

આત્મા વડે કરાતું હોય તે કર્મ છે. પ્રતિક્ષણ (ક્ષણે ક્ષણે) તે તે ભાવે ભવતા-થતા-પરિણમતા આત્મા વડે ખરેખર કરાતો એવો જે તેનો ભાવ તે જ, આત્મા વડે [2]પ્રાપ્ય હોવાથી, કર્મ છે. અને તે (કર્મ) એક પ્રકારનું હોવા છતાં, દ્રવ્યકર્મરૂપ ઉપાધિની નિકટતાના સદ્‌ભાવ અને અસદ્‌ભાવને કારણે અનેક પ્રકારનું છે.

તે કર્મ વડે નિપજાવવામાં આવતાં જે સુખ-દુઃખ તે કર્મફળ છે. ત્યાં, દ્રવ્યકર્મરૂપ ઉપાધિની નિકટતાના અસદ્‌ભાવને કારણે જે કર્મ હોય છે, તેનું ફળ અનાકુલત્વલક્ષણ [3]પ્રકૃતિભૂત સૌખ્ય છે; અને દ્રવ્યકર્મરૂપ ઉપાધિની નિકટતાના સદ્‌ભાવને કારણે જે કર્મ હોય છે, તેનું ફળ [4]વિકૃતિભૂત દુઃખ છે કેમ કે ત્યાં સૌખ્યના લક્ષણનો અભાવ છે.

આ પ્રમાણે જ્ઞાનનું, કર્મનું અને કર્મફળનું સ્વરૂપ નક્કી થયું.

---

* વિશ્વ = સમસ્ત પદાર્થો—દ્રવ્યગુણપર્યાયો. (પદાર્થોમાં સ્વ ને પર એવા બે વિભાગ છે. જે જાણનાર આત્માનું પોતાનું હોય તે સ્વ છે અને બીજું બધું પર છે.)

૧. અવભાસન = અવભાસવું તે; પ્રકાશવું તે; જણાવું તે; પ્રગટ થવું તે.

૨. આત્મા પોતાના ભાવને પ્રાપ્ત કરે છે—પહોંચે છે તેથી તે ભાવ જ આત્માનું કર્મ છે.

૩. પ્રકૃતિભૂત = સ્વભાવભૂત. (સુખ સ્વભાવભૂત છે.)

૪. વિકૃતિભૂત = વિકારભૂત. (દુઃખ વિકારભૂત છે, સ્વભાવભૂત નથી.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ ज्ञानकर्मकर्मफलान्यात्मत्वेन निश्चिनोति—

**अप्पा परिणामप्पा परिणामो णाणकम्मफलभावी ।**
**तम्हा णाणं कम्मं फलं च आदा मुणेदव्वो ॥१२५॥**

**आत्मा परिणामात्मा परिणामो ज्ञानकर्मफलभावी ।**
**तस्मात् ज्ञानं कर्म फलं चात्मा ज्ञातव्यः ॥ १२५ ॥**

---

पयोगभेदेनानेकविधं त्रिविधं भणितम् । इदानीं फलचेतना कथ्यते—**फलं ति सोक्खं व दुक्खं वा** फलमिति सुखं दुःखं वा । विषयानुरागरूपं यदशुभोपयोगलक्षणं कर्म तस्य फलमाकुलत्वोत्पादकं नारकादिदुःखं, यच्च धर्मानुरागरूपं शुभोपयोगलक्षणं कर्म तस्य फलं चक्रवर्त्यादिपञ्चेन्द्रियभोगानुभवरूपं, तच्चाशुद्धनिश्चयेन सुखमप्याकुलोत्पादकत्वात् शुद्धनिश्चयेन दुःखमेव । यच्च रागादिविकल्परहितशुद्धोपयोगपरिणतिरूपं कर्म तस्य फलमनाकुलत्वोत्पादकं परमानन्दैकरूपसुखामृतमिति । एवं ज्ञानकर्मकर्मफलचेतनास्वरूपं ज्ञातव्यम् ॥ १२४ ॥ अथ ज्ञानकर्मकर्मफलान्यभेदनयेनात्मैव भवतीति प्रज्ञापयति—

---

ભાવાર્થઃ—જેમાં સ્વ તે સ્વ-રૂપે અને પર તે પર-રૂપે (પરસ્પર ભેળસેળ વિના, સ્પષ્ટ ભિન્નતાપૂર્વક) એકીસાથે પ્રતિભાસે તે જ્ઞાન છે.

જીવથી કરાતો ભાવ તે (જીવનું) કર્મ છે. તેના મુખ્ય બે પ્રકાર છે; (૧) નિરુપાધિક (સ્વાભાવિક) શુદ્ધભાવરૂપ કર્મ, અને (૨) ઔપાધિક શુભાશુભભાવરૂપ કર્મ.

આ કર્મ વડે નીપજતું સુખ અથવા દુઃખ તે કર્મફળ છે. ત્યાં, દ્રવ્યકર્મરૂપ ઉપાધિમાં જોડાણ નહિ હોવાને લીધે જે નિરુપાધિક શુદ્ધભાવરૂપ કર્મ થાય છે, તેનું ફળ તો અનાકુળતા જેનું લક્ષણ છે એવું સ્વભાવભૂત સુખ છે; અને દ્રવ્યકર્મરૂપ ઉપાધિમાં જોડાવાને લીધે જે ઔપાધિક શુભાશુભભાવરૂપ કર્મ થાય છે, તેનું ફળ વિકારભૂત દુઃખ છે કારણ કે તેમાં અનાકુળતા નથી પણ આકુળતા છે.

આ રીતે જ્ઞાન, કર્મ અને કર્મફળનું સ્વરૂપ કહ્યું. ૧૨૪.

હવે જ્ઞાન, કર્મ અને કર્મફળને આત્માપણે નક્કી કરે છેઃ—

**પરિણામ-આત્મક જીવ છે, પરિણામ જ્ઞાનાદિક બને;**
**તેથી કરમફળ, કર્મ તેમ જ જ્ઞાન આત્મા જાણજે. ૧૨૫.**

અન્વયાર્થઃ—[आत्मा परिणामात्मा] આત્મા પરિણામાત્મક છે; [परिणामः] પરિણામ [ज्ञानकर्मफलभावी] જ્ઞાનરૂપ, કર્મરૂપ અને કર્મફળરૂપ થાય છે. [तस्मात्] તેથી [ज्ञानं कर्म फलं च] જ્ઞાન, કર્મ અને કર્મફળ [आत्मा ज्ञातव्यः] આત્મા છે એમ જાણવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आत्मा हि तावत्परिणामात्मैव, परिणामः स्वयमात्मेति स्वयमुक्तत्वात् । परिणामस्तु चेतनात्मकत्वेन ज्ञानं कर्म कर्मफलं वा भवितुं शीलः, तन्मयत्वाच्चेतनायाः । ततो ज्ञानं कर्म कर्मफलं चात्मैव । एवं हि शुद्धद्रव्यनिरूपणायां परद्रव्यसंपर्कासंभवात्पर्यायाणां द्रव्यान्तः-प्रलयाच्च शुद्धद्रव्य एवात्मावतिष्ठते ॥ १२५ ॥

अथैवमात्मनो ज्ञेयतामापन्नस्य शुद्धत्वनिश्चयात् ज्ञानतत्त्वसिद्धौ शुद्धात्मतत्त्वोपलम्भो

---

**अप्पा परिणामप्पा** आत्मा भवति । कथंभूतः । परिणामात्मा परिणामस्वभावः । कस्मादिति चेत् 'परिणामो सयमादा' इति पूर्वं स्वयमेव भणितत्वात् । परिणामः कथ्यते—**परिणामो णाणकम्मफलभावी** परिणामो भवति । किंविशिष्टः । ज्ञानकर्मकर्मफलभावी; ज्ञानकर्मकर्मफलरूपेण भवितुं शील इत्यर्थः । **तम्हा** यस्मादेवं तस्मात्कारणात् । **णाणं** पूर्वसूत्रोक्ता ज्ञानचेतना । **कम्मं** तत्रैवोक्तलक्षणा कर्मचेतना । **फलं च** पूर्वोक्तलक्षणफलचेतना च । **आदा मुणेदव्वो** इयं चेतना त्रिविधाप्यभेदनयेनात्मैव मन्तव्यो ज्ञातव्य इति । एतावता किमुक्तं भवति । त्रिविधचेतनापरिणामेन परिणामी सन्नात्मा किं करोति । निश्चयरत्नत्रयात्मकशुद्धपरिणामेन मोक्षं साधयति, शुभाशुभाभ्यां पुनर्बन्धमिति ॥ १२५ ॥ एवं त्रिविधचेतनाकथनमुख्यतया गाथात्रयेण चतुर्थस्थलं गतम् । अथ सामान्यज्ञेयाधिकारसमाप्तौ पूर्वोक्तभेदभावनायाः शुद्धात्मप्राप्तिरूपं फलं दर्शयति—**कत्ता** स्वतन्त्रः स्वाधीनः कर्ता साधको

---

**ટીકાઃ**—પ્રથમ તો આત્મા ખરેખર પરિણામસ્વરૂપ જ છે, કારણ કે 'પરિણામ પોતે આત્મા છે' એમ (૧૨૨ મી ગાથામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે) પોતે કહ્યું છે; અને પરિણામ ચેતનાસ્વરૂપ હોવાથી જ્ઞાન, કર્મ અથવા કર્મફળરૂપે થવાના સ્વભાવવાળો છે, કારણ કે ચેતના તે-મય હોય છે (અર્થાત્ ચેતના જ્ઞાનમય, કર્મમય અથવા કર્મફળમય હોય છે). માટે જ્ઞાન, કર્મ અને કર્મફળ આત્મા જ છે.

આ રીતે ખરેખર શુદ્ધદ્રવ્યના નિરૂપણમાં પરદ્રવ્યના [1]સંપર્કનો અસંભવ હોવાથી અને પર્યાયો દ્રવ્યની અંદર [2]પ્રલીન થઈ જતા હોવાથી આત્મા શુદ્ધદ્રવ્ય જ રહે છે. ૧૨૫.

હવે, એ રીતે [3]જ્ઞેયપણાને પામેલા આત્માની શુદ્ધતાના નિશ્ચય દ્વારા જ્ઞાનતત્ત્વની સિદ્ધિ થતાં શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિ (-અનુભવ, પ્રાપ્તિ) થાય છે એમ તેને અભિનંદતા

---

૧. સંપર્ક = સંબંધ; સંગ.

૨. પ્રલીન થઈ જવું = અત્યંત લીન થઈ જવું; મગ્ન થઈ જવું; અલોપ થઈ જવું; અદ્રશ્ય થઈ જવું.

૩. જ્ઞેયપણાને પામેલો = જ્ઞેય બનેલો; જ્ઞેયભૂત. (આત્મા જ્ઞાનરૂપ પણ છે, જ્ઞેયરૂપ પણ છે. આ જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન અધિકારને વિષે અહીં દ્રવ્યસામાન્યનું નિરૂપણ ચાલે છે, તેમાં આત્મા જ્ઞેયભૂતપણે સમાવેશ પામ્યો છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भवतीति तमभिनन्दन् द्रव्यसामान्यवर्णनामुपसंहरति—

कत्ता करणं कम्मं फलं च अप्प त्ति णिच्छिदो समणो ।
परिणमदि णेव अण्णं जदि अप्पाणं लहदि सुद्धं ॥ १२६ ॥

कर्ता करणं कर्म कर्मफलं चात्मेति निश्चितः श्रमणः ।
परिणमति नैवान्यद्यदि आत्मानं लभते शुद्धम् ॥ १२६ ॥

यो हि नामैवं कर्तारं करणं कर्म कर्मफलं चात्मानमेव निश्चित्य न खलु परद्रव्यं परिणमति स एव विश्रान्तपरद्रव्यसंपर्कं द्रव्यान्तःप्रलीनपर्यायं च शुद्धमात्मानमुपलभते,

---

निष्पादकोऽस्मि भवामि । स कः । **अप्प त्ति** आत्मेति । आत्मेति कोऽर्थः । अहमिति । कथंभूतः । एकः । कस्याः साधकः । निर्मलात्मानुभूतेः । किंविशिष्टः । निर्विकारपरमचैतन्यपरिणामेन परिणतः सन् । **करणं** अतिशयेन साधकं साधकतमं करणमुपकरणं करणकारकमहमेक एवास्मि भवामि । कस्याः साधकम् । सहजशुद्धपरमात्मानुभूतेः । केन कृत्वा । रागादिविकल्परहितस्वसंवेदनज्ञानपरिणतिबलेन ।

---

થકા (અર્થાત્ આત્માની શુદ્ધતાના નિર્ણયને પ્રશંસતા થકા—ધન્યવાદ દેતા થકા), દ્રવ્ય-સામાન્યના વર્ણનનો ઉપસંહાર કરે છે:—

'કર્તા, કરમ, ફળ, કરણ જીવ છે' એમ જો નિશ્ચય કરી
મુનિ અન્યરૂપ નવ પરિણમે, પ્રાપ્તિ કરે શુદ્ધાત્મની. ૧૨૬.

**અન્વયાર્થ:**—[ यदि ] જો [ श्रमणः ] શ્રમણ [ कर्ता करणं कर्म कर्मफलं च आत्मा ] 'કર્તા, કરણ, કર્મ અને કર્મફળ આત્મા છે' [ इति निश्चितः ] એવા નિશ્ચયવાળો થયો થકો [ अन्यत् ] અન્યરૂપે [ न एव परिणमति ] ન જ પરિણમે, [ शुद्धम् आत्मानं ] તો તે શુદ્ધ આત્માને [ लभते ] ઉપલબ્ધ કરે છે.

**ટીકા:**—જે પુરુષ એ રીતે 'કર્તા, કરણ, કર્મ અને કર્મફળ આત્મા જ છે' એમ [1]નિશ્ચય કરીને ખરેખર પરદ્રવ્યરૂપે પરિણમતો નથી, તે જ પુરુષ, પરદ્રવ્ય સાથે સંપર્ક જેને અટકી ગયો છે અને દ્રવ્યની અંદર પર્યાયો જેને પ્રલીન થયા છે એવા શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરે છે; પરંતુ અન્ય કોઈ (પુરુષ) એવા શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરતો નથી.

---

૧. 'કર્તા, કરણ વગેરે આત્મા જ છે' એવો નિશ્ચય થતાં બે વાત નક્કી થઈ જાય છે: એક વાત તો એ કે 'કર્તા, કરણ વગેરે આત્મા જ છે, પુદ્ગલાદિ નથી અર્થાત્ આત્માને પરદ્રવ્ય સાથે સંબંધ નથી'; બીજી વાત એ નક્કી થાય છે કે અભેદદ્રષ્ટિમાં કર્તા, કરણ વગેરે ભેદો નથી, એ બધુંય એક આત્મા જ છે અર્થાત્ પર્યાયો દ્રવ્યની અંદર ડૂબી ગયેલા છે.'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



न पुनरन्यः । तथा हि—यदा नामानादिप्रसिद्धपौद्गलिककर्मबन्धनोपाधिसंनिधिप्रधावितोपरागरंजितात्मवृत्तिर्जपापुष्पसंनिधिप्रधावितोपरागरंजितात्मवृत्तिः स्फटिकमणिरिव परारोपितविकारोऽहमासं संसारी, तदापि न नाम मम कोऽप्यासीत् । तदाप्यहमेक एवोपरक्तचित्स्वभावेन स्वतन्त्रः कर्तासम्। अहमेक एवोपरक्तचित्स्वभावेन साधकतमः करणमासम्। अहमेक एवोपरक्तचित्परिणमनस्वभावेनात्मना प्राप्यः कर्मासम्। अहमेक एव चोपरक्तचित्परिणमनस्वभावस्य निष्पाद्यं सौख्यविपर्यस्तलक्षणं दुःखाख्यं कर्मफलमासम् । इदानीं पुनरनादि-

---

**कम्मं** शुद्धबुद्धैकस्वभावेन परमात्मना प्राप्यं व्याप्यमहमेक एव कर्मकारकमस्मि । **फलं च** शुद्धज्ञानदर्शनस्वभावपरमात्मनः साध्यं निष्पाद्यं निजशुद्धात्मरुचिपरिच्छित्तिनिश्चलानुभूतिरूपाभेदरत्नत्रयात्मकपरमसमाधिसमुत्पन्नसुखामृतरसास्वादपरिणतिरूपमहमेक एव फलं चास्मि । **णिच्छिदो** एवमुक्तप्रकारेण निश्चितमतिः सन् **समणो** सुखदुःखजीवितमरणशत्रुमित्रादिसमताभावनापरिणतः श्रमणः परममुनिः **परिणमदि णेव अण्णं जदि** परिणमति नैवान्यं रागादिपरिणामं यदि चेत्, **अप्पाणं लहदि सुद्धं**

---

તે સ્પષ્ટ રીતે સમજાવવામાં આવે છેઃ—

“જ્યારે અનાદિસિદ્ધ પૌદ્‌ગલિક કર્મના બંધનરૂપ ઉપાધિની નિકટતાથી ઉત્પન્ન થયેલા [૧]ઉપરાગ વડે જેની સ્વપરિણતિ [૨]રંજિત હતી એવો હું—જાસુદપુષ્પની નિકટતાથી ઉત્પન્ન થયેલા ઉપરાગ (-લાલાશ) વડે જેની સ્વપરિણતિ રંજિત (-રંગાયેલી) હોય એવા સ્ફટિકમણિની માફક—પર વડે [૩]આરોપાયેલા વિકારવાળો હોવાથી, સંસારી હતો, ત્યારે પણ (અજ્ઞાનદશામાં પણ) ખરેખર મારું કોઈ પણ (સંબંધી) નહોતું. ત્યારે પણ હું એકલો જ [૪]કર્તા હતો, કારણ કે હું એકલો જ [૫]ઉપરક્ત ચૈતન્યરૂપ સ્વભાવ વડે સ્વતંત્ર હતો (અર્થાત્ સ્વાધીનપણે કરતો હતો); હું એકલો જ કરણ હતો, કારણ કે હું એકલો જ ઉપરક્ત ચૈતન્યરૂપ સ્વભાવ વડે સાધકતમ (-ઉત્કૃષ્ટ સાધન) હતો; હું એકલો જ કર્મ હતો, કારણ કે હું એકલો જ ઉપરક્ત ચૈતન્યરૂપે પરિણમવાના સ્વભાવને લીધે આત્માથી પ્રાપ્ય (-પ્રાપ્ત થવા યોગ્ય) હતો; અને હું એકલો જ સુખથી વિપરીત લક્ષણવાળું, ‘દુઃખ’ નામનું કર્મફળ હતો—કે જે (ફળ) ઉપરક્ત ચૈતન્યરૂપે પરિણમવાના સ્વભાવ વડે નિપજાવવામાં આવતું હતું.

---

૧. ઉપરાગ = કોઈ પદાર્થમાં, અન્ય ઉપાધિની સમીપતાના નિમિત્તે થતો ઉપાધિને અનુરૂપ વિકારી ભાવ; ઔપાધિક ભાવ; વિકાર; મલિનતા.

૨. રંજિત = વિકૃત; મલિન.

૩. આરોપાયેલા = (નવા અર્થાત્ ઔપાધિકરૂપે) કરાયેલા. [ વિકારો સ્વભાવભૂત નહોતા પણ ઉપાધિના નિમિત્તે ઔપાધિકરૂપે (નવા) થયેલા હતા.]

૪. કર્તા, કરણ અને કર્મના અર્થો માટે ૧૬ મી ગાથાનો ભાવાર્થ જુઓ.

૫. ઉપરક્ત = વિકૃત; મલિન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



प्रसिद्धपौद्गलिककर्मबन्धनोपाधिसन्निधिध्वंसविस्फुरितसुविशुद्धसहजात्मवृत्तिर्जपापुष्पसंनिधिध्वंसविस्फुरितसुविशुद्धसहजात्मवृत्तिः स्फटिकमणिरिव विश्रान्तपरारोपितविकारोऽहमेकान्तेनास्मि मुमुक्षुः। इदानीमपि न नाम मम कोऽप्यस्ति। इदानीमप्यहमेक एव सुविशुद्धचित्स्वभावेन स्वतन्त्रः कर्तास्मि; अहमेक एव च सुविशुद्धचित्स्वभावेन साधकतमः करणमस्मि; अहमेक एव च सुविशुद्धचित्परिणमनस्वभावेनात्मना प्राप्यः कर्मास्मि; अहमेक एव च सुविशुद्धचित्परिणमनस्वभावस्य निष्पाद्यमनाकुलत्वलक्षणं सौख्याख्यं कर्मफलमस्मि। एवमस्य बन्धपद्धतौ मोक्षपद्धतौ चात्मानमेकमेव भावयतः परमाणोरिवैकत्वभावनोन्मुखस्य परद्रव्य-

---

तदात्मानं भावकर्मद्रव्यकर्मनोकर्मरहितत्वेन शुद्धं शुद्धबुद्धैकस्वभावं लभते प्राप्नोति इत्यभिप्रायो भगवतां श्रीकुन्दकुन्दाचार्यदेवानाम् ॥ १२६ ॥ एवमेकसूत्रेण पञ्चमस्थलं गतम् । इति सामान्यज्ञेयाधिकार-

---

હવે વળી, અનાદિસિદ્ધ પૌદ્ગલિક કર્મના બંધનરૂપ ઉપાધિની નિકટતાના નાશથી જેને સુવિશુદ્ધ સહજ (-સ્વાભાવિક) સ્વપરિણતિ પ્રગટ થઈ છે એવો હું—જાસુદપુષ્પની નિકટતાના નાશથી જેને સુવિશુદ્ધ સહજ સ્વપરિણતિ પ્રગટ થઈ હોય એવા સ્ફટિકમણિની માફક—પર વડે આરોપાયેલો વિકાર જેને અટકી ગયો છે એવો હોવાથી [૧]એકાંતે મુમુક્ષુ છું; હમણાં પણ (-મુમુક્ષુદશામાં અર્થાત્ જ્ઞાનદશામાં પણ) ખરેખર મારું કોઈ પણ નથી. હમણાં પણ હું એકલો જ કર્તા છું, કારણ કે હું એકલો જ સુવિશુદ્ધ ચૈતન્યરૂપ સ્વભાવ વડે સ્વતંત્ર છું (અર્થાત્ સ્વાધીનપણે કરું છું); હું એકલો જ કરણ છું, કારણ કે હું એકલો જ સુવિશુદ્ધ ચૈતન્યરૂપ સ્વભાવ વડે સાધકતમ છું; હું એકલો જ કર્મ છું, કારણ કે હું એકલો જ સુવિશુદ્ધ ચૈતન્યરૂપે પરિણમવાના સ્વભાવને લીધે આત્માથી પ્રાપ્ય છું; અને હું એકલો જ અનાકુળતાલક્ષણવાળું, 'સુખ' નામનું કર્મફળ છું—કે જે (ફળ) [૨]સુવિશુદ્ધ ચૈતન્યરૂપે પરિણમવાના સ્વભાવ વડે નિપજાવવામાં આવે છે."

—આ રીતે બંધમાર્ગમાં તેમ જ મોક્ષમાર્ગમાં આત્મા એકલો જ છે એમ [૩]ભાવનાર આ પુરુષ પરમાણુની માફક એકત્વભાવનામાં ઉન્મુખ હોવાથી (અર્થાત્ એકત્વને ભાવવામાં તત્પર-લાગેલો-હોવાથી), તેને પરદ્રવ્યરૂપ પરિણતિ બિલકુલ થતી નથી; અને,

---

૧. એકાંતે મુમુક્ષુ = કેવળ મોક્ષાર્થી; સર્વથા મોક્ષેચ્છુ.

૨. સુવિશુદ્ધચૈતન્યપરિણમનસ્વભાવ આત્માનું કર્મ છે અને તે કર્મ અનાકુળતાસ્વરૂપ સુખને નિપજાવે છે માટે સુખ તે કર્મફળ છે. સુખ આત્માની જ અવસ્થા હોવાથી આત્મા જ કર્મફળ છે.

૩. ભાવવું = અનુભવવું; સમજવું; ચિંતવવું. ['કોઈ જીવને—અજ્ઞાનીને કે જ્ઞાનીને—પર સાથે સંબંધ નથી. બંધમાર્ગમાં આત્મા પોતે પોતાને પોતાથી બાંધતો હતો અને પોતાને (અર્થાત્ પોતાના દુઃખપર્યાયરૂપ ફળને) ભોગવતો હતો. હવે મોક્ષમાર્ગમાં આત્મા પોતે પોતાને પોતાથી મુક્ત કરે છે અને પોતાને (અર્થાત્ પોતાના સુખપર્યાયરૂપ ફળને) ભોગવે છે.'—આવા એકત્વને સમ્યગ્દૃષ્ટિ જીવ ભાવે છે–અનુભવે છે–સમજે છે–ચિંતવે છે. મિથ્યાદૃષ્ટિ આનાથી વિપરીત ભાવનાવાળો હોય છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**परिणतिर्न जातु जायते। परमाणुरिव भावितैकत्वश्च परेण नो संपृच्यते। ततः परद्रव्यासंपृक्तत्वात्सुविशुद्धो भवति। कर्तृकरणकर्मकर्मफलानि चात्मत्वेन भावयन् पर्यायैर्न संकीर्यते; ततः पर्यायासंकीर्णत्वाच्च सुविशुद्धो भवतीति ॥ १२६ ॥**

**†द्रव्यान्तरव्यतिकरादपसारितात्मा**
**सामान्यमज्जितसमस्तविशेषजातः ।**
**इत्येष शुद्धनय उद्धतमोहलक्ष्मी-**
**लुण्टाक उत्कटविवेकविविक्ततत्त्वः ॥ ७ ॥**

---

मध्ये स्थलपञ्चकेन भेदभावना गता । इत्युक्तप्रकारेण 'तम्हा तस्स णमाइं' इत्यादिपञ्चत्रिंशत्सूत्रैः **सामान्यज्ञेयाधिकार**व्याख्यानं समाप्तम् । इत ऊर्ध्वमेकोनविंशतिगाथाभिर्जीवाजीवद्रव्यादिविवरणरूपेण विशेषज्ञेयव्याख्यानं करोति। तत्राष्टस्थलानि भवन्ति। तेष्वादौ जीवाजीवत्वकथनेन प्रथमगाथा, लोकालोकत्वकथनेन द्वितीया, सक्रियनिःक्रियत्वव्याख्यानेन तृतीया चेति। 'दव्वं जीवमजीवं' इत्यादि-

---

પરમાણુની માફક (અર્થાત્ જેમ એકત્વભાવે પરિણમનાર પરમાણુ પર સાથે સંગ પામતો નથી તેમ), એકત્વને ભાવનાર પુરુષ પર સાથે [૧]સંપૃક્ત થતો નથી; તેથી પરદ્રવ્ય સાથે અસંપૃક્તપણાને લીધે તે સુવિશુદ્ધ હોય છે. વળી, કર્તા, કરણ, કર્મ અને કર્મફળને [૨]આત્માપણે ભાવતો થકો તે પુરુષ પર્યાયોથી સંકીર્ણ (-ખંડિત) થતો નથી; અને તેથી પર્યાયો વડે સંકીર્ણ નહિ થવાને લીધે સુવિશુદ્ધ હોય છે. ૧૨૬.

[ હવે શ્લોકદ્વારા આ જ આશયને વ્યક્ત કરતાં શુદ્ધનયનો મહિમા કરવામાં આવે છેઃ ]

[**અર્થઃ—**] જેણે અન્ય દ્રવ્યથી ભિન્નતા દ્વારા આત્માને એક બાજુ ખસેડ્યો છે (અર્થાત્ પરદ્રવ્યોથી અલગ દર્શાવ્યો છે) તથા જેણે સમસ્ત વિશેષોના સમૂહને સામાન્યની અંદર મગ્ન કર્યો છે (અર્થાત્ સમસ્ત પર્યાયોને દ્રવ્યની અંદર ડૂબી ગયેલા દર્શાવ્યા છે) —એવો જે આ, ઉદ્ધત મોહની લક્ષ્મીને (-ઋદ્ધિને, શોભાને) લૂંટી લેનારો શુદ્ધનય, તેણે ઉત્કટ વિવેક વડે તત્ત્વને (આત્મસ્વરૂપને) [૩]વિવિક્ત કર્યું છે.

[હવે શુદ્ધનય વડે શુદ્ધ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરનાર આત્માનો મહિમા શ્લોકદ્વારા કરી, દ્રવ્યસામાન્યના વર્ણનની પૂર્ણાહુતિ કરવામાં આવે છેઃ]

---

† વસંતતિલકા છંદ

૧. સંપૃક્ત = સંપર્કવાળો; સંબંધવાળો; સંગવાળો.

૨. સમ્યગ્દ્રષ્ટિ જીવ ભેદોને નહિ ભાવતાં અભેદ આત્માને જ ભાવે છે—અનુભવે છે.

૩. વિવિક્ત = શુદ્ધ; એકલું; અલગ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



*इत्युच्छेदात्परपरिणतेः कर्तृकर्मादिभेद-
भ्रान्तिध्वंसादपि च सुचिराल्लब्धशुद्धात्मतत्त्वः ।
सञ्चिन्मात्रे महसि विशदे मूर्च्छितश्चेतनोऽयं
स्थास्यत्युद्यत्सहजमहिमा सर्वदा मुक्त एव ॥ ८ ॥
†द्रव्यसामान्यविज्ञाननिम्नं कृत्वेति मानसम् ।
तद्विशेषपरिज्ञानप्राग्भारः क्रियतेऽधुना ॥ ९ ॥

इति प्रवचनसारवृत्तौ तत्त्वदीपिकायां श्रीमदमृतचंद्रसूरिविरचितायां ज्ञेयतत्त्वप्रज्ञापने **द्रव्यसामान्यप्रज्ञापनं** समाप्तम् ॥

---

गाथात्रयेण प्रथमस्थलम्। तदनन्तरं ज्ञानादिविशेषगुणानां स्वरूपकथनेन 'लिंगेहिं जेहिं' इत्यादिगाथाद्वयेन द्वितीयस्थलम् । अथानन्तरं स्वकीयस्वकीयविशेषगुणोपलक्षितद्रव्याणां निर्णयार्थं 'वण्णरस' इत्यादिगाथात्रयेण तृतीयस्थलम् । अथ पञ्चास्तिकायकथनमुख्यत्वेन 'जीवा पोग्गलकाया' इत्यादिगाथाद्वयेन चतुर्थस्थलम् । अतः परं द्रव्याणां लोकाकाशमाधार इति कथनेन प्रथमा, यदेवाकाशद्रव्यस्य प्रदेशलक्षणं तदेव शेषाणामिति कथनरूपेण द्वितीया चेति 'लोगालोगेसु' इत्यादिसूत्रद्वयेन पञ्चमस्थलम् । तदनन्तरं कालद्रव्यस्याप्रदेशत्वस्थापनरूपेण प्रथमा, समयरूपः पर्यायकालः कालाणुरूपो द्रव्यकाल इति कथनरूपेण द्वितीया चेति 'समओ दु अप्पदेसो' इत्यादिगाथाद्वयेन षष्ठस्थलम्। अथ प्रदेश-

---

**[અર્થઃ—]** એ રીતે પરપરિણતિના ઉચ્છેદ દ્વારા (અર્થાત્ પરદ્રવ્યરૂપ પરિણમનના નાશ દ્વારા) તેમ જ કર્તા, કર્મ વગેરે ભેદો હોવાની જે ભ્રાંતિ, તેના પણ નાશ દ્વારા આખરે જેણે શુદ્ધ આત્મતત્ત્વને ઉપલબ્ધ કર્યું છે—એવો આ આત્મા, ચૈતન્યમાત્રરૂપ વિશદ (નિર્મળ) તેજમાં લીન રહ્યો થકો, પોતાના સહજ (સ્વાભાવિક) મહિમાના પ્રકાશમાનપણે સર્વદા મુક્ત જ રહેશે.

[હવે શ્લોકદ્વારા નવા વિષયનું—દ્રવ્યવિશેષના વર્ણનનું—સૂચન કરવામાં આવે છે:]

**[અર્થઃ—]** એ રીતે દ્રવ્યસામાન્યના જ્ઞાનથી મનને ગંભીર કરીને, હવે દ્રવ્યવિશેષના [1]પરિજ્ઞાનનો પ્રારંભ કરવામાં આવે છે.

આમ (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસાર શાસ્ત્રની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત તત્ત્વદીપિકા નામની ટીકામાં જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપનને વિષે **દ્રવ્યસામાન્યપ્રજ્ઞાપન** સમાપ્ત થયું.

---

* મંદાક્રાંતા છંદ

† અનુષ્ટુપ છંદ

૧. પરિજ્ઞાન = પૂરું જ્ઞાન; વિસ્તારપૂર્વક જ્ઞાન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

अथ द्रव्यविशेषप्रज्ञापनम् । तत्र द्रव्यस्य जीवाजीवत्वविशेषं निश्चिनोति—

दव्वं जीवमजीवं जीवो पुण चेदणोवओगमओ ।
पोग्गलदव्वप्पमुहं अचेदणं हवदि य अज्जीवं ॥ १२७ ॥

द्रव्यं जीवोऽजीवो जीवः पुनश्चेतनोपयोगमयः ।
पुद्गलद्रव्यप्रमुखोऽचेतनो भवति चाजीवः ॥ १२७ ॥

इह हि द्रव्यमेकत्वनिबन्धनभूतं द्रव्यत्वसामान्यमनुज्झदेव तदधिरूढविशेषलक्षणसद्भावादन्योन्यव्यवच्छेदेन जीवाजीवत्वविशेषमुपढौकते । तत्र जीवस्यात्मद्रव्यमेवैका व्यक्तिः । अजीवस्य पुनः पुद्गलद्रव्यं धर्मद्रव्यमधर्मद्रव्यं कालद्रव्यमाकाशद्रव्यं चेति पञ्च व्यक्तयः ।

---

लक्षणकथनेन प्रथमा, तिर्यक्प्रचयोर्ध्वप्रचयस्वरूपकथनेन द्वितीया चेति 'आगासमणुणिविट्ठं' इत्यादिसूत्रद्वयेन सप्तमस्थलम् । तदनन्तरं कालाणुरूपद्रव्यकालस्थापनरूपेण 'उप्पादो पद्धंसो' इत्यादिगाथात्रयेणाष्टमस्थलमिति विशेषज्ञेयाधिकारे समुदायपातनिका । तद्यथा—अथ जीवाजीवलक्षणमावेदयति—**दव्वं जीवमजीवं** द्रव्यं जीवाजीवलक्षणं भवति । **जीवो पुण चेदणो** जीवः पुनश्चेतनः स्वतःसिद्धया बहिरङ्गकारणनिरपेक्षया बहिरन्तश्च प्रकाशमानया नित्यरूपया निश्चयेन परमशुद्धचेतनया, व्यवहारेण पुनरशुद्धचेतनया च युक्तत्वाच्चेतनो भवति । पुनरपि किंविशिष्टः । **उवजोगमओ** उप-

---

હવે **દ્રવ્યવિશેષનું પ્રજ્ઞાપન** કરે છે (અર્થાત્ દ્રવ્યવિશેષોને-દ્રવ્યના ભેદોને-જણાવે છે). તેમાં (પ્રથમ), દ્રવ્યના જીવ-અજીવપણારૂપ વિશેષને નક્કી કરે છે (અર્થાત્ દ્રવ્યના, જીવ ને અજીવ એવા બે ભેદો દર્શાવે છે):—

છે દ્રવ્ય જીવ, અજીવ; ચિત-ઉપયોગમય તે જીવ છે;
પુદ્‌ગલપ્રમુખ જે છે અચેતન દ્રવ્ય, તેહ અજીવ છે. ૧૨૭.

**અન્વયાર્થઃ**—[ द्रव्यं ] દ્રવ્ય [ जीवः अजीवः ] જીવ અને અજીવ છે. [ पुनः ] ત્યાં, [ चेतनोपयोगमयः ] ચેતના-ઉપયોગમય (ચેતનામય તથા ઉપયોગમય) તે [ जीवः ] જીવ છે [ च ] અને [ पुद्गलद्रव्यप्रमुखः अचेतनः ] પુદ્‌ગલદ્રવ્યાદિક અચેતન દ્રવ્યો તે [ अजीवः भवति ] અજીવ છે.

**ટીકાઃ**—અહીં (આ વિશ્વમાં) દ્રવ્ય, એકત્વના કારણભૂત દ્રવ્યત્વસામાન્યને છોડ્યા વિના જ, તેમાં રહેલાં વિશેષલક્ષણોના સદ્‌ભાવને લીધે એકબીજાથી જુદાં પાડવામાં આવતાં જીવપણારૂપ અને અજીવપણારૂપ વિશેષને પામે છે. ત્યાં જીવનો, આત્મદ્રવ્ય જ એક ભેદ છે; અને અજીવના, પુદ્‌ગલદ્રવ્ય, ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, કાળદ્રવ્ય તથા આકાશદ્રવ્ય—એ પાંચ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विशेषलक्षणं जीवस्य चेतनोपयोगमयत्वं; अजीवस्य पुनरचेतनत्वम्। तत्र यत्र स्वधर्मव्यापकत्वात्स्वरूपत्वेन द्योतमानयानपायिन्या भगवत्या संवित्तिरूपया चेतनया, तत्परिणामलक्षणेन द्रव्यवृत्तिरूपेणोपयोगेन च निर्वृत्तत्वमवतीर्णं प्रतिभाति स जीवः। यत्र पुनरुपयोगसहचरिताया यथोदितलक्षणायाश्चेतनाया अभावाद्बहिरन्तश्चाचेतनत्वमवतीर्णं प्रतिभाति सोऽजीवः॥१२७॥

अथ लोकालोकत्वविशेषं निश्चिनोति—

**पोग्गलजीवणिबद्धो धम्माधम्मत्थिकायकालड्ढो।**
**वट्टदि आगासे जो लोगो सो सव्वकाले दु॥१२८॥**

---

योगमयः अखण्डैकप्रतिभासमयेन सर्वविशुद्धेन केवलज्ञानदर्शनलक्षणेनार्थग्रहणव्यापाररूपेण निश्चयनयेनेत्थंभूतशुद्धोपयोगेन, व्यवहारेण पुनर्मतिज्ञानाद्यशुद्धोपयोगेन च निर्वृत्तत्वान्निष्पन्नत्वादुपयोगमयः। **पोग्गलदव्वप्पमुहं अचेदणं हवदि अज्जीवं** पुद्गलद्रव्यप्रमुखमचेतनं भवत्यजीवद्रव्यं; पुद्गलधर्माधर्माकाशकालसंज्ञं द्रव्यपञ्चकं पूर्वोक्तलक्षणचेतनाया उपयोगस्य चाभावादजीवमचेतनं भवतीत्यर्थः॥१२७॥

---

ભેદ છે. જીવનું વિશેષલક્ષણ ચેતના-ઉપયોગમયપણું (ચેતનામયપણું તથા ઉપયોગમયપણું) છે; અને અજીવનું (વિશેષલક્ષણ) અચેતનપણું છે. ત્યાં, (જીવના) સ્વધર્મોમાં વ્યાપનારી હોવાથી (જીવના) સ્વરૂપપણે પ્રકાશતી, અવિનાશિની, ભગવતી, સંવેદનરૂપ ચેતના વડે તથા ચેતનાપરિણામલક્ષણ, *દ્રવ્યપરિણતિરૂપ ઉપયોગ વડે નિષ્પન્નપણું (-રચાયેલાપણું, બનેલાપણું) જેમાં ઊતરેલું પ્રતિભાસે છે, તે જીવ છે; અને જેમાં ઉપયોગની સાથે રહેનારી, †યથોક્ત લક્ષણવાળી ચેતનાનો અભાવ હોવાથી બહાર તેમ જ અંદર અચેતનપણું ઊતરેલું પ્રતિભાસે છે, તે અજીવ છે.

**ભાવાર્થઃ—**દ્રવ્યપણારૂપ સામાન્યની અપેક્ષાએ દ્રવ્યોમાં એકપણું છે તોપણ વિશેષલક્ષણોની અપેક્ષાએ તેમના જીવ ને અજીવ એવા બે ભેદ છે. જે (દ્રવ્ય) ભગવતી ચેતના વડે અને ચેતનાના પરિણામસ્વરૂપ ઉપયોગ વડે રચાયેલ છે તે જીવ છે, અને જે (દ્રવ્ય) ચેતના રહિત હોવાથી અચેતન છે તે અજીવ છે. જીવનો એક જ ભેદ છે; અજીવના પાંચ ભેદ છે. આ બધાંનો વિસ્તાર આગળ આવશે. ૧૨૭.

હવે (દ્રવ્યનો) લોક-અલોકપણારૂપ વિશેષ (-ભેદ) નક્કી કરે છેઃ—

**આકાશમાં જે ભાગ ધર્મ-અધર્મ-કાળ સહિત છે,**
**જીવ-પુદ્ગલોથી યુક્ત છે, તે સર્વકાળે લોક છે. ૧૨૮.**

---

* ચેતનાના પરિણામસ્વરૂપ ઉપયોગ જીવદ્રવ્યની પરિણતિ છે.

† યથોક્ત લક્ષણવાળી = કહ્યા પ્રમાણેના લક્ષણવાળી. (ચેતનાનું લક્ષણ ઉપર જ કહેવામાં આવ્યું છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**पुद्गलजीवनिबद्धो धर्माधर्मास्तिकायकालाढ्यः ।**
**वर्तते आकाशे यो लोकः स सर्वकाले तु ॥ १२८ ॥**

**अस्ति हि द्रव्यस्य लोकालोकत्वेन विशेषविशिष्टत्वं स्वलक्षणसद्भावात् । स्वलक्षणं हि लोकस्य षड्द्रव्यसमवायात्मकत्वं, अलोकस्य पुनः केवलाकाशात्मकत्वम् । तत्र सर्वद्रव्यव्यापिनि परममहत्याकाशे यत्र यावति जीवपुद्गलौ गतिस्थितिधर्माणौ गतिस्थिती आस्कन्दतस्तद्गतिस्थितिनिबन्धनभूतौ च धर्माऽधर्मावभिव्याप्यावस्थितौ, सर्वद्रव्यवर्तनानिमित्तभूतश्च कालो नित्यदुर्ललितस्तत्तावदाकाशं शेषाण्यशेषाणि द्रव्याणि चेत्यमीषां समवाय**

---

अथ लोकालोकरूपेण पदार्थस्य द्वैविध्यमाख्याति—**पोग्गलजीवणिबद्धो** अणुस्कन्धभेदभिन्नाः पुद्गलास्तावत्तथैवामूर्तत्वातीन्द्रियज्ञानमयत्वनिर्विकारपरमानन्दैकसुखमयत्वादिलक्षणा जीवाश्चेत्थंभूतजीवपुद्गलैर्निबद्धः संबद्धो भृतः पुद्गलजीवनिबद्धः । **धम्माधम्मत्थिकायकालड्ढो** धर्माधर्मास्तिकायौ च कालश्च धर्माधर्मास्तिकायकालास्तैराढ्यो भृतो धर्माधर्मास्तिकायकालाढ्यः । **जो** यः एतेषां पञ्चानामित्थंभूतसमुदायो राशिः समूहः । **वट्टदि** वर्तते । कस्मिन् । **आगासे** अनन्तानन्ताकाशद्रव्यस्य मध्यवर्तिनि लोकाकाशे । **सो लागो** स पूर्वोक्तपञ्चानां समुदायस्तदाधारभूतं लोकाकाशं चेति षड्द्रव्यसमूहो लोको भवति । क । **सव्वकाले दु** सर्वकाले तु । तद्बहिर्भूतमनन्तानन्ताकाशमलोक इत्यभिप्रायः ॥ १२८ ॥ अथ द्रव्याणां सक्रियनिःक्रियत्वेन भेदं दर्शयतीत्येका पातनिका, द्वितीया तु जीवपुद्गलयोरर्थव्यञ्जनपर्यायौ द्वौ

---

**અન્વયાર્થઃ**—[ आकाशे ] **આકાશમાં** [ यः ] **જે ભાગ** [ पुद्गलजीवनिबद्धः ] **જીવ ને પુદ્ગલથી સંયુક્ત** [ धर्माधर्मास्तिकायकालाढ्यः वर्तते ] **તથા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય ને કાળથી સમૃદ્ધ છે,** [ सः ] **તે** [ सर्वकाले तु ] **સર્વ કાળે** [ लोकः ] **લોક છે. (બાકીનું એકલું આકાશ તે અલોક છે.)**

**ટીકાઃ**—ખરેખર દ્રવ્ય લોકપણે તથા અલોકપણે વિશેષવાળું (ભેદવાળું) છે, કારણ કે નિજ નિજ (ભિન્ન) લક્ષણોનો સદ્ભાવ છે. લોકનું સ્વલક્ષણ ષટ્દ્રવ્યસમવાયાત્મકપણું (–છ દ્રવ્યોના સમુદાયસ્વરૂપપણું) છે અને અલોકનું સ્વલક્ષણ કેવળ-આકાશાત્મકપણું (–એકલા આકાશસ્વરૂપપણું) છે. ત્યાં, સર્વ દ્રવ્યોમાં વ્યાપનારા પરમ મહાન આકાશને વિષે જ્યાં જેટલામાં ગતિસ્થિતિ ધર્મવાળાં જીવ તથા પુદ્ગલ ગતિ-સ્થિતિ પામે છે, (જ્યાં જેટલામાં) તેમને ગતિ-સ્થિતિના નિમિત્તભૂત ધર્મ તથા અધર્મ વ્યાપીને રહેલાં છે અને (જ્યાં જેટલામાં) સર્વ દ્રવ્યોને વર્તનાના નિમિત્તભૂત કાળ સદા વર્ત્યા કરે છે, તે તેટલું આકાશ તથા બાકીનાં અશેષ (સમસ્ત) દ્રવ્યો—આટલાંનો સમુદાય જેનું *સ્વ-પણે સ્વલક્ષણ છે, તે લોક છે; અને

* સ્વ-પણે = પોતાપણે; સ્વરૂપપણે. ( ષટ્દ્રવ્યસમુદાય તે જ લોક છે અર્થાત્ તે જ લોકનું સ્વ-પણું —પોતાપણું—સ્વરૂપ છે; તેથી લોકના સ્વ-પણે–પોતાપણે–સ્વરૂપપણે ષટ્દ્રવ્યસમુદાય લોકનું સ્વલક્ષણ છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आत्मत्वेन स्वलक्षणं यस्य स लोकः । यत्र यावति पुनराकाशे जीवपुद्गलयोर्गतिस्थिती न संभवतो, धर्माधर्मौ नावस्थितौ, न कालो दुर्ललितस्तावत्केवलमाकाशमात्मत्वेन स्वलक्षणं यस्य सोऽलोकः ॥ १२८ ॥

अथ क्रियाभावतद्भावविशेषं निश्चिनोति—

**उप्पादट्ठिदिभंगा पोग्गलजीवप्पगस्स लोगस्स ।**
**परिणामादो जायंते संघादादो व भेदादो ॥ १२९ ॥**

**उत्पादस्थितिभङ्गाः पुद्गलजीवात्मकस्य लोकस्य ।**
**परिणामाज्जायन्ते संघाताद्वा भेदात् ॥ १२९ ॥**

---

शेषद्रव्याणां तु मुख्यवृत्त्यार्थपर्याय इति व्यवस्थापयति—**जायंते** जायन्ते । के कर्तारः । **उप्पादट्ठिदिभंगा** उत्पादस्थितिभङ्गाः । कस्य संबन्धिनः । **लोगस्स** लोकस्य । किंविशिष्टस्य । **पोग्गलजीवप्पगस्स** पुद्गलजीवात्मकस्य, पुद्गलजीवावित्युपलक्षणं षड्द्रव्यात्मकस्य । कस्मात्सकाशात् जायन्ते । **परिणामादो** परिणामात् एकसमयवर्तिनोऽर्थपर्यायात् । **संघादादो व भेदादो** न केवलमर्थपर्याया-त्सकाशाज्जायन्ते जीवपुद्गलानामुत्पादादयः संघाताद्वा, भेदाद्वा व्यञ्जनपर्यायादित्यर्थः । तथा हि—धर्माधर्माकाशकालानां मुख्यवृत्त्यैकसमयवर्तिनोऽर्थपर्याया एव, जीवपुद्गलानामर्थपर्यायव्यञ्जनपर्यायाश्च ।

---

જ્યાં જેટલા આકાશમાં જીવ તથા પુદ્ગલનાં ગતિ-સ્થિતિ થતાં નથી, ધર્મ તથા અધર્મ રહેલાં નથી અને કાળ વર્તતો નથી, તેટલું કેવળ આકાશ જેનું સ્વ-પણે સ્વલક્ષણ છે, તે અલોક છે. ૧૨૮.

હવે 'ક્રિયા'રૂપ અને 'ભાવ'રૂપ એવા જે દ્રવ્યના ભાવો તેમની અપેક્ષાએ દ્રવ્યનો વિશેષ (-ભેદ) નક્કી કરે છેઃ—

**ઉત્પાદ, વ્યય ને ધ્રુવતા જીવપુદ્ગલાત્મક લોકને**
**પરિણામ દ્વારા, ભેદ વા સંઘાત દ્વારા થાય છે. ૧૨૯.**

**અન્વયાર્થઃ**—[ पुद्गलजीवात्मकस्य लोकस्य ] પુદ્ગલ-જીવાત્મક લોકને [ परिणामात् ] પરિણામ દ્વારા અને [ संघातात् वा भेदात् ] * સંઘાત વા †ભેદ દ્વારા [ उत्पादस्थितिभंगाः ] ઉત્પાદ, ધ્રૌવ્ય ને વિનાશ [ जायन्ते ] થાય છે.

---

* સંઘાત = ભેગા મળવું તે; એકઠા થવું તે; મિલન.

† ભેદ = છૂટા પડવું તે; વિખૂટા થવું તે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



क्रियाभाववत्त्वेन केवलभाववत्त्वेन च द्रव्यस्यास्ति विशेषः। तत्र भाववन्तौ क्रियावन्तौ च पुद्गलजीवौ, परिणामाद्भेदसंघाताभ्यां चोत्पद्यमानावतिष्ठमानभज्यमानत्वात्। शेषद्रव्याणि तु भाववन्त्येव, परिणामादेवोत्पद्यमानावतिष्ठमानभज्यमानत्वादिति निश्चयः। तत्र परिणाममात्रलक्षणो भावः, परिस्पन्दनलक्षणा क्रिया। तत्र सर्वाण्यपि द्रव्याणि परिणामस्वभावत्वात् परिणामेनोपात्तान्वयव्यतिरेकाण्यवतिष्ठमानोत्पद्यमानभज्यमानानि भाववन्ति भवन्ति। पुद्गलास्तु परिस्पन्दस्वभावत्वात्परिस्पन्देन भिन्नाः संघातेन संहताः पुनर्भेदेनोत्पद्यमानावतिष्ठमानभज्यमानाः क्रियावन्तश्च भवन्ति। तथा जीवा अपि परिस्पन्दस्वभाव-

---

कथमिति चेत्। प्रतिसमयपरिणतिरूपा अर्थपर्याया भण्यन्ते। यदा जीवोऽनेन शरीरेण सह भेदं वियोगं त्यागं कृत्वा भवान्तरशरीरेण सह संघातं मेलापकं करोति तदा विभावव्यञ्जनपर्यायो भवति, तस्मादेव भवान्तरसंक्रमणात्सक्रियत्वं भण्यते। पुद्गलानां तथैव विवक्षितस्कन्धविघटनात्सक्रियत्वेन स्कन्धान्तरसंयोगे सति विभावव्यञ्जनपर्यायो भवति। मुक्तजीवानां तु निश्चयरत्नत्रयलक्षणेन परमकारणसमयसारसंज्ञेन निश्चयमोक्षमार्गबलेनायोगिचरमसमये नखकेशान्विहाय परमौदारिकशरीरस्य विलीयमानरूपेण विनाशे सति केवलज्ञानाद्यनन्तचतुष्टयव्यक्तिलक्षणेन परमकार्यसमयसाररूपेण स्वभावव्यञ्जनपर्यायेण कृत्वा योऽसावुत्पादः स भेदादेव भवति, न संघातात्। कस्मादिति चेत् शरीरान्तरेण

---

**ટીકાઃ**—કોઈ દ્રવ્યો ‘ભાવ’ તેમ જ ‘ક્રિયા’વાળાં હોવાથી અને કોઈ દ્રવ્યો કેવળ ‘ભાવ’વાળાં હોવાથી તે અપેક્ષાએ દ્રવ્યનો વિશેષ (અર્થાત્ ભેદ) છે. ત્યાં, પુદ્ગલ તથા જીવ (૧) ભાવવાળાં તેમ જ (૨) ક્રિયાવાળાં છે, કારણ કે (૧) પરિણામ દ્વારા તેમ જ (૨) સંઘાત ને ભેદ દ્વારા તેઓ ઊપજે છે, ટકે છે અને નષ્ટ થાય છે. બાકીનાં દ્રવ્યો તો ભાવવાળાં જ છે, કારણ કે પરિણામ દ્વારા જ તેઓ ઊપજે છે, ટકે છે અને નષ્ટ થાય છે.—આમ નિશ્ચય (અર્થાત્ નક્કી) છે.

તેમાં, ‘ભાવ’નું લક્ષણ પરિણામમાત્ર છે; ‘ક્રિયા’નું લક્ષણ પરિસ્પંદ (-કંપન) છે. ત્યાં, સઘળાંય દ્રવ્યો ભાવવાળાં છે, કારણ કે પરિણામસ્વભાવવાળાં હોવાને લીધે પરિણામ વડે *અન્વય અને વ્યતિરેકોને પામતાં થકાં તેઓ ઊપજે છે, ટકે છે ને નષ્ટ થાય છે. પુદ્ગલો તો (ભાવવાળાં હોવા ઉપરાંત) ક્રિયાવાળાં પણ હોય છે, કારણ કે પરિસ્પંદસ્વભાવવાળાં હોવાને લીધે પરિસ્પંદ વડે †છૂટાં પુદ્ગલો ભેગાં મળતાં હોવાથી અને ભેગાં મળેલાં પુદ્ગલો પાછાં છૂટાં પડતાં હોવાથી (તે અપેક્ષાએ) તેઓ ઊપજે છે, ટકે છે ને નષ્ટ થાય છે. તથા જીવો પણ (ભાવવાળા હોવા ઉપરાંત) ક્રિયાવાળા પણ હોય છે, કારણ કે પરિસ્પંદસ્વભાવવાળા

---

* અન્વય ટકવાપણું દર્શાવે છે અને વ્યતિરેકો ઊપજવાપણું તથા નષ્ટ થવાપણું દર્શાવે છે.

† છૂટાં પુદ્ગલો કંપન વડે ભેગાં મળે છે. ત્યાં, છૂટાપણે તેઓ નષ્ટ થયાં, પુદ્ગલપણે ટક્યાં ને ભેગાપણે ઊપજ્યાં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



त्वात्परिस्पन्देन नूतनकर्मनोकर्मपुद्गलेभ्यो भिन्नास्तैः सह संघातेन, संहताः पुनर्भेदेनोत्पद्यमाना-वतिष्ठमानभज्यमानाः क्रियावन्तश्च भवन्ति ॥१२९॥

अथ द्रव्यविशेषो गुणविशेषादिति प्रज्ञापयति—

**लिंगेहिं जेहिं दव्वं जीवमजीवं च हवदि विण्णादं ।**
**तेऽतब्भावविसिट्ठा मुत्तामुत्ता गुणा णेया ॥ १३० ॥**

**लिङ्गैर्यैर्द्रव्यं जीवोऽजीवश्च भवति विज्ञातम् ।**
**तेऽतद्भावविशिष्टा मूर्तामूर्ता गुणा ज्ञेयाः ॥ १३० ॥**

---

सह संबन्धाभावादिति भावार्थः ॥ १२९ ॥ एवं जीवाजीवत्वलोकालोकत्वसक्रियनिःक्रियत्वकथन-क्रमेण प्रथमस्थले गाथात्रयं गतम् । अथ ज्ञानादिविशेषगुणभेदेन द्रव्यभेदमावेदयति—**लिंगेहिं जेहिं** लिङ्गैर्यैः सहजशुद्धपरमचैतन्यविलासरूपैस्तथैवाचेतनैर्जडरूपैर्वा लिङ्गैश्चिह्नैर्विशेषगुणैर्यैः करणभूतै-र्जीवेन कर्तृभूतेन **हवदि विण्णादं** विशेषेण ज्ञातं भवति । किं कर्मतापन्नम् । **दव्वं** द्रव्यम् । कथंभूतम् । **जीवमजीवं च** जीवद्रव्यमजीवद्रव्यं च । **ते मुत्तामुत्ता गुणा णेया** ते तानि पूर्वोक्त-

---

હોવાને લીધે પરિસ્પંદ વડે નવાં કર્મ-નોકર્મરૂપ પુદ્ગલોથી ભિન્ન જીવો તેમની સાથે ભેગા થતા હોવાથી અને [1]કર્મ-નોકર્મરૂપ પુદ્ગલો સાથે ભેગા થયેલા જીવો પાછા ભિન્ન પડતા હોવાથી (તે અપેક્ષાએ) તેઓ ઊપજે છે, ટકે છે ને નષ્ટ થાય છે. ૧૨૯.

હવે, ગુણવિશેષથી દ્રવ્યવિશેષ છે (અર્થાત્ ગુણોના ભેદથી દ્રવ્યોનો ભેદ છે) એમ જણાવે છે:—

**જે લિંગથી દ્રવ્યો મહીં 'જીવ' 'અજીવ' એમ જણાય છે,**
**તે જાણ મૂર્ત-અમૂર્ત ગુણ, અતત્પણાથી વિશિષ્ટ જે. ૧૩૦.**

**અન્વયાર્થઃ**—[ यैः लिङ्गैः ] જે લિંગો વડે [ द्रव्यं ] દ્રવ્ય [ जीवः अजीवः च ] જીવ અને અજીવ તરીકે [ विज्ञातं भवति ] જણાય છે, [ ते ] તે [ अतद्भावविशिष्टाः ] અતદ્ભાવવિશિષ્ટ (-દ્રવ્યથી અતદ્ભાવ વડે ભિન્ન એવા) [ मूर्तामूर्ताः ] મૂર્ત-અમૂર્ત [ गुणाः ] ગુણો [ ज्ञेयाः ] જાણવા.

---

૧. જ્ઞાનાવરણાદિ કર્મરૂપ અને શરીરાદિ નોકર્મરૂપ પુદ્ગલો સાથે ભેગો થયેલો જીવ કંપન વડે પાછો છૂટો પડે છે. ત્યાં, (તે પુદ્ગલો સાથે) ભેગાપણે તે નષ્ટ થયો, જીવપણે તે ટક્યો ને (તેમનાથી) છૂટાપણે તે ઊપજ્યો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



द्रव्यमाश्रित्य परानाश्रयत्वेन वर्तमानैर्लिङ्ग्यते गम्यते द्रव्यमेतैरिति लिङ्गानि गुणाः। ते च यद्द्रव्यं भवति न तद्गुणा भवन्ति, ये गुणा भवन्ति ते न द्रव्यं भवतीति द्रव्यादतद्भावेन विशिष्टाः सन्तो लिङ्गलिङ्गिप्रसिद्धौ तल्लिङ्गत्वमुपढौकन्ते । अथ ते द्रव्यस्य जीवोऽयमजीवोऽयमित्यादिविशेषमुत्पादयन्ति, स्वयमपि तद्भावविशिष्टत्वेनोपात्तविशेषत्वात् । यतो हि यस्य यस्य द्रव्यस्य यो यः स्वभावस्तस्य तस्य तेन तेन विशिष्टत्वात्तेषामस्ति विशेषः । अत एव च मूर्तानाममूर्तानां च द्रव्याणां मूर्तत्वेनामूर्तत्वेन च तद्भावेन विशिष्टत्वादिमे मूर्ता गुणा इमे अमूर्ता इति तेषां विशेषो निश्चेयः ॥ १३० ॥

अथ मूर्तामूर्तगुणानां लक्षणसंबन्धमाख्याति—

---

चेतनाचेतनलिङ्गानि मूर्तामूर्तगुणा ज्ञेया ज्ञातव्याः । ते च कथंभूताः । **अतब्भावविसिट्ठा** अतद्भावविशिष्टाः । तद्यथा—शुद्धजीवद्रव्ये ये केवलज्ञानादिगुणास्तेषां शुद्धजीवप्रदेशैः सह यदेकत्वमभिन्नत्वं तन्मयत्वं स तद्भावो भण्यते, तेषामेव गुणानां तैः प्रदेशैः सह यदा संज्ञालक्षणप्रयोजनादिभेदः क्रियते तदा पुनरतद्भावो भण्यते, तेनातद्भावेन संज्ञादिभेदरूपेण स्वकीयस्वकीयद्रव्येण सह विशिष्टा भिन्ना इति, द्वितीयव्याख्यानेन पुनः स्वकीयद्रव्येण सह तद्भावेन तन्मयत्वेनान्यद्रव्याद्विशिष्टा भिन्ना इत्यभिप्रायः। एवं गुणभेदेन द्रव्यभेदो ज्ञातव्यः ॥ १३० ॥ अथ मूर्तामूर्तगुणानां लक्षणं संबन्धं च निरू-

---

**ટીકાઃ**—દ્રવ્યનો આશ્રય કરીને અને પરનો આશ્રય કર્યા વિના વર્તતાં હોવાથી જેમના વડે દ્રવ્ય 'લિંગિત' (-પ્રાપ્ત) થાય છે-ઓળખી શકાય છે, એવાં લિંગો ગુણો છે. તેઓ (ગુણો), 'જે દ્રવ્ય છે તે ગુણો નથી, જે ગુણો છે તે દ્રવ્ય નથી'—તે અપેક્ષાએ દ્રવ્યથી [૧]અતદ્‌ભાવ વડે વિશિષ્ટ (-ભિન્ન) વર્તતા થકા, લિંગ અને [૨]લિંગી તરીકેની પ્રસિદ્ધિ (ખ્યાતિ, ઓળખાણ) વખતે દ્રવ્યના લિંગપણાને પામે છે. હવે, તેઓ દ્રવ્યમાં 'આ જીવ છે, આ અજીવ છે' એવો વિશેષ (-ભેદ) ઉત્પન્ન કરે છે, કારણ કે પોતે પણ [૩]તદ્‌ભાવ વડે [૪]વિશિષ્ટ હોવાથી વિશેષને પ્રાપ્ત છે. જે જે દ્રવ્યનો જે જે સ્વભાવ હોય તેનું તેનું તે તે વડે વિશિષ્ટપણું હોવાને લીધે તેમનામાં વિશેષ (અર્થાત્ ભેદ) છે, તેથી જ વળી મૂર્ત અને અમૂર્ત દ્રવ્યોનું મૂર્તત્વ-અમૂર્તત્વરૂપ તદ્‌ભાવ વડે વિશિષ્ટપણું હોવાને લીધે 'આ મૂર્ત ગુણો છે, આ અમૂર્ત ગુણો છે' એમ તેમનામાં વિશેષ (-ભેદ) નક્કી કરવાયોગ્ય છે. ૧૩૦.

હવે મૂર્ત અને અમૂર્ત ગુણોનાં લક્ષણ તથા સંબંધ (અર્થાત્ તેમને કયાં દ્રવ્યો સાથે સંબંધ છે તે) કહે છેઃ—

---

૧. અતદ્‌ભાવ = (કથંચિત્) તે-પણે નહિ હોવું તે.
૨. લિંગી = લિંગવાળું. (ખાસ ગુણ તે લિંગ-ચિહ્ન-લક્ષણ છે અને લિંગી તે દ્રવ્ય છે.)
૩. તદ્‌ભાવ = તે-પણું; તે-પણે હોવું તે; સ્વરૂપ.
૪. વિશિષ્ટ = વિશેષતાવાળું; ખાસ; ભિન્ન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**मुत्ता इंदियगेज्झा पोग्गलदव्वप्पगा अणेगविधा ।**
**दव्वाणममुत्ताणं गुणा अमुत्ता मुणेदव्वा ॥ १३१ ॥**

**मूर्ता इन्द्रियग्राह्याः पुद्गलद्रव्यात्मका अनेकविधाः**
**द्रव्याणाममूर्तानां गुणा अमूर्ता ज्ञातव्याः ॥ १३१ ॥**

मूर्तानां गुणानामिन्द्रियग्राह्यत्वं लक्षणम् । अमूर्तानां तदेव विपर्यस्तम् । ते च मूर्ताः पुद्गलद्रव्यस्य, तस्यैवैकस्य मूर्तत्वात् । अमूर्ताः शेषद्रव्याणां, पुद्गलादन्येषां सर्वेषामप्यमूर्तत्वात् ॥ १३१ ॥

अथ मूर्तस्य पुद्गलद्रव्यस्य गुणान् गृणाति—

**वण्णरसगंधफासा विज्जंते पोग्गलस्स सुहुमादो ।**
**पुढवीपरियंतस्स य सद्दो सो पोग्गलो चित्तो ॥ १३२ ॥**

---

पयति—**मुत्ता इंदियगेज्झा** मूर्ता गुणा इन्द्रियग्राह्या भवन्ति, अमूर्ताः पुनरिन्द्रियविषया न भवन्ति इति मूर्तामूर्तगुणानामिन्द्रियानिन्द्रियविषयत्वं लक्षणमुक्तम् । इदानीं मूर्तगुणाः कस्य संबन्धिनो भवन्तीति संबन्धं कथयति । **पोग्गलदव्वप्पगा अणेगविधा** मूर्तगुणाः पुद्गलद्रव्यात्मका अनेकविधा भवन्ति; पुद्गलद्रव्यसंबन्धिनो भवन्तीत्यर्थः । अमूर्तगुणानां संबन्धं प्रतिपादयति । **दव्वाणममुत्ताणं**

---

**ગુણ મૂર્ત ઇંદ્રિયગ્રાહ્ય તે પુદ્ગલમયી બહુવિધ છે;**
**દ્રવ્યો અમૂર્તિક જેહ તેના ગુણ અમૂર્તિક જાણજે. ૧૩૧.**

**અન્વયાર્થ:**—[ इन्द्रियग्राह्याः मूर्ताः ] ઇંદ્રિયગ્રાહ્ય એવા મૂર્ત ગુણો [ पुद्गलद्रव्यात्मकाः ] પુદ્ગલદ્રવ્યાત્મક [ अनेकविधाः ] અનેકવિધ છે; [ अमूर्तानां द्रव्याणां ] અમૂર્ત દ્રવ્યોના [ गुणाः ] ગુણો [ अमूर्ताः ज्ञातव्याः ] અમૂર્ત જાણવા.

**ટીકા:**—મૂર્ત ગુણોનું લક્ષણ ઇંદ્રિયગ્રાહ્યપણું છે; અમૂર્ત ગુણોનું લક્ષણ તેનાથી વિપરીત છે (અર્થાત્ અમૂર્ત ગુણો ઇંદ્રિયોથી જણાતા નથી). વળી મૂર્ત ગુણો પુદ્ગલદ્રવ્યના છે, કારણ કે તે જ (પુદ્ગલ જ) એક મૂર્ત છે; અમૂર્ત ગુણો બાકીનાં દ્રવ્યોના છે, કારણ કે પુદ્ગલ સિવાય બાકીનાં બધાંય દ્રવ્યો અમૂર્ત છે. ૧૩૧.

હવે મૂર્ત પુદ્ગલદ્રવ્યના ગુણો કહે છે:—

**છે વર્ણ તેમ જ ગંધ વળી રસ-સ્પર્શ પુદ્ગલદ્રવ્યને,**
**—અતિસૂક્ષ્મથી પૃથ્વી સુધી; વળી શબ્દ પુદ્ગલ, વિવિધ જે. ૧૩૨.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वर्णरसगन्धस्पर्शा विद्यन्ते पुद्गलस्य सूक्ष्मात् ।
पृथिवीपर्यन्तस्य च शब्दः स पुद्गलश्चित्रः ॥ १३२ ॥

इन्द्रियग्राह्याः किल स्पर्शरसगन्धवर्णास्तद्विषयत्वात् । ते चेन्द्रियग्राह्यत्वव्यक्तिशक्तिवशात् गृह्यमाणा अगृह्यमाणाश्च आ-एकद्रव्यात्मकसूक्ष्मपर्यायात्परमाणोः आ-अनेकद्रव्यात्मकस्थूलपर्यायात्पृथिवीस्कन्धाच्च सकलस्यापि पुद्गलस्याविशेषेण विशेषगुणत्वेन विद्यन्ते । ते च मूर्तत्वादेव शेषद्रव्याणामसंभवन्तः पुद्गलमधिगमयन्ति । शब्दस्यापीन्द्रियग्राह्यत्वाद्गुणत्वं न खल्वाशङ्कनीयं, तस्य वैचित्र्यप्रपञ्चितवैश्वरूपस्याप्यनेकद्रव्यात्मकपुद्गलपर्यायत्वेनाभ्युपगम्य-

---

विशुद्धज्ञानदर्शनस्वभावं यत्परमात्मद्रव्यं तत्प्रभृतीनाममूर्तद्रव्याणां संबन्धिनो भवन्ति । ते के । **गुणा अमुत्ता** अमूर्ताः गुणाः, केवलज्ञानादय इत्यर्थः । इति मूर्तामूर्तगुणानां लक्षणसंबन्धौ ज्ञातव्यौ ॥ १३१ ॥ एवं ज्ञानादिविशेषगुणभेदेन द्रव्यभेदो भवतीति कथनरूपेण द्वितीयस्थले गाथाद्वयं गतम् । अथ मूर्तपुद्गलद्रव्यस्य गुणानावेदयति—**वण्णरसगंधफासा विज्जंते पोग्गलस्स** वर्णरसगन्धस्पर्शा विद्यन्ते । कस्य । पुद्गलस्य । कथंभूतस्य । **सुहुमादो पुढवीपरियंतस्स य** "पुढवी जलं च छाया चउरिंदियविसय-

---

**અન્વયાર્થઃ**—[ वर्णरसगंधस्पर्शाः ] વર્ણ, રસ, ગંધ ને સ્પર્શ (–એ ગુણો) [ सूक्ष्मात् ] સૂક્ષ્મથી માંડીને [ पृथिवीपर्यन्तस्य च ] પૃથ્વી પર્યંતના [ पुद्गलस्य ] (સર્વ) પુદ્ગલને [ विद्यन्ते ] હોય છે; [ चित्रः शब्दः ] જે વિવિધ પ્રકારનો શબ્દ [ सः ] તે [ पुद्गलः ] પુદ્ગલ અર્થાત્ પૌદ્ગલિક પર્યાય છે.

**ટીકાઃ**—સ્પર્શ, રસ, ગંધ ને વર્ણ ઇંદ્રિયગ્રાહ્ય છે, કારણ કે તેઓ ઇંદ્રિયોના વિષયો છે. તેઓ ઇંદ્રિયગ્રાહ્યપણાની [1]વ્યક્તિ અને શક્તિને વશે ઇંદ્રિયો વડે ભલે ગ્રહાતા હોય કે ન ગ્રહાતા હોય તોપણ તેઓ એકદ્રવ્યાત્મક સૂક્ષ્મપર્યાયરૂપ પરમાણુથી માંડીને અનેકદ્રવ્યાત્મક સ્થૂલપર્યાયરૂપ પૃથ્વીસ્કંધ સુધીના સર્વ પુદ્ગલને અવિશેષપણે વિશેષ ગુણો તરીકે હોય છે; અને તેઓ મૂર્ત હોવાને લીધે (પુદ્ગલ સિવાયનાં) બાકીનાં દ્રવ્યોને નહિ વર્તતા હોવાથી પુદ્ગલને જણાવે છે.

શબ્દ પણ ઇન્દ્રિયગ્રાહ્ય હોવાથી ગુણ હશે એમ શંકા ન કરવી, કારણ કે તે (શબ્દ) *વિચિત્રતા વડે વિશ્વરૂપપણું (અનેકાનેકપ્રકારપણું) દર્શાવતો હોવા છતાં તેને અનેકદ્રવ્યાત્મક પુદ્ગલપર્યાય તરીકે સ્વીકારવામાં આવે છે.

---

૧. પરમાણુ, કાર્મણવર્ગણા વગેરેમાં ઇંદ્રિયગ્રાહ્યપણું વ્યક્ત નથી તોપણ શક્તિરૂપે અવશ્ય હોય છે; તેથી જ ઘણા પરમાણુઓ સ્કંધરૂપે થઈ સ્થૂલપણું ધારણ કરતાં ઇંદ્રિયો વડે જણાય છે.

* વિચિત્રતા = વિવિધતા. (શબ્દ ભાષાત્મક, અભાષાત્મક, પ્રાયોગિક, વૈશ્રસિક—એમ વિવિધ છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मानत्वात् । गुणत्वे वा, न तावदमूर्तद्रव्यगुणः शब्दः, गुणगुणिनोरविभक्तप्रदेशत्वेनैकवेदनवेद्यत्वादमूर्तद्रव्यस्यापि श्रवणेन्द्रियविषयत्वापत्तेः। पर्यायलक्षणेनोत्खातगुणलक्षणत्वान्मूर्तद्रव्यगुणोऽपि न भवति। पर्यायलक्षणं हि कादाचित्कत्वं गुणलक्षणं तु नित्यत्वम्। ततः कादाचित्कत्वोत्खातनित्यत्वस्य न शब्दस्यास्ति गुणत्वम् । यत्तु तत्र नित्यत्वं तत्तदारम्भकपुद्गलानां तद्गुणानां च स्पर्शादीनामेव, न शब्दपर्यायस्येति दृढतरं ग्राह्यम् । न च पुद्गल-

---

कम्मपरमाणू । छव्विहभेयं भणियं पोग्गलदव्वं जिणवरेहिं" ॥ इति गाथाकथितक्रमेण परमाणुलक्षणसूक्ष्मस्वरूपादेः पृथ्वीस्कन्धलक्षणस्थूलस्वरूपपर्यन्तस्य च। तथा हि—यथानन्तज्ञानादिचतुष्टयं विशेषलक्षणभूतं यथासंभवं सर्वजीवेषु साधारणं तथा वर्णादिचतुष्टयं विशेषलक्षणभूतं यथासंभवं सर्वपुद्गलेषु साधारणम् । यथैव चानन्तज्ञानादिचतुष्टयं मुक्तजीवेऽतीन्द्रियज्ञानविषयमनुमानगम्यमागमगम्यं च, तथा शुद्धपरमाणुद्रव्ये वर्णादिचतुष्टयमप्यतीन्द्रियज्ञानविषयमनुमानगम्यमागमगम्यं च। यथा वानन्तचतुष्टयस्य संसारिजीवे रागादिस्नेहनिमित्तेन कर्मबन्धवशादशुद्धत्वं भवति तथा वर्णादिचतुष्टयस्यापि स्निग्धरूक्षगुणनिमित्तेन द्व्यणुकादिबन्धावस्थायामशुद्धत्वम् । यथा वानन्तज्ञानादिचतुष्टयस्य रागादिस्नेहरहितशुद्धात्मध्यानेन शुद्धत्वं भवति तथा वर्णादिचतुष्टयस्यापि स्निग्धगुणाभावे बन्धनेऽसति परमाणुपुद्गला-

---

શબ્દને (પર્યાય નહિ માનતાં) ગુણ માનવામાં આવે તો તે કઈ રીતે યોગ્ય નથી તેનું સમાધાનઃ—

**પ્રથમ તો, શબ્દ અમૂર્ત દ્રવ્યનો ગુણ નથી કેમ કે ગુણ-ગુણીને અભિન્ન પ્રદેશપણું હોવાને લીધે તેઓ (ગુણ-ગુણી) [1]એક વેદનથી વેદ્ય હોવાથી અમૂર્ત દ્રવ્યને પણ શ્રવણેંદ્રિયના વિષયભૂતપણું આવી પડે.**

**(બીજું, શબ્દમાં) પર્યાયના લક્ષણ વડે ગુણનું લક્ષણ ઉત્થાપિત થતું હોવાથી શબ્દ મૂર્ત દ્રવ્યનો ગુણ પણ નથી. પર્યાયનું લક્ષણ કાદાચિત્કપણું (અનિત્યપણું) છે અને ગુણનું લક્ષણ નિત્યપણું છે; માટે (શબ્દમાં) કાદાચિત્કપણા વડે નિત્યપણું ઉત્થાપિત થતું હોવાથી (અર્થાત્ શબ્દ કોઈક વાર જ થતો હોવાથી અને નિત્ય નહિ હોવાથી) શબ્દ તે ગુણ નથી. જે ત્યાં નિત્યપણું છે તે તેને (શબ્દને) ઉત્પન્ન કરનારાં પુદ્ગલોનું અને તેમના સ્પર્શાદિક ગુણોનું જ છે, શબ્દપર્યાયનું નહિ—એમ અતિ દ્રઢપણે ગ્રહણ કરવું.**

---

૧. એક વેદનથી વેદ્ય = એક જ્ઞાનથી જણાવાયોગ્ય. (નૈયાયિકો શબ્દને આકાશનો ગુણ માને છે પણ તે માન્યતા અપ્રમાણ છે. ગુણ-ગુણીના પ્રદેશો અભિન્ન હોય છે, તેથી ગુણ જે ઇંદ્રિયથી જણાય તે જ ઇંદ્રિયથી ગુણી પણ જણાવો જોઈએ. શબ્દ કર્ણેન્દ્રિયથી જણાય છે માટે આકાશ પણ કર્ણેન્દ્રિયથી જણાવું જોઈએ. પણ આકાશ તો કોઈ ઇંદ્રિયથી જણાતું નથી. માટે શબ્દ આકાશ વગેરે અમૂર્તિક દ્રવ્યોનો ગુણ નથી.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पर्यायत्वे शब्दस्य पृथिवीस्कन्धस्येव स्पर्शनादीन्द्रियविषयत्वम्; अपां घ्राणेन्द्रियाविषयत्वात्, ज्योतिषो घ्राणरसनेन्द्रियाविषयत्वात्, मरुतो घ्राणरसनचक्षुरिन्द्रियाविषयत्वाच्च। न चागन्धागन्धरसागन्धरसवर्णाः एवमप्ज्योतिर्मारुतः, सर्वपुद्गलानां स्पर्शादिचतुष्कोपेतत्वाभ्युपगमात्; व्यक्तस्पर्शादिचतुष्कानां च चन्द्रकान्तारणियवानामारम्भकैरेव पुद्गलैरव्यक्तगन्धाव्यक्तगन्धरसाव्यक्तगन्धरसवर्णानामप्ज्योतिरुदरमरुतामारम्भदर्शनात्। न च क्वचित्कस्यचित् गुणस्य

---

वस्थायां शुद्धत्वमिति। **सद्दो सो पोग्गलो** यस्तु शब्दः स पौद्गलः। यथा जीवस्य नरनारकादिविभावपर्यायाः तथायं शब्दः पुद्गलस्य विभावपर्यायो, न च गुणः। कस्मात्। गुणस्याविनश्वरत्वात्, अयं च विनश्वरो। नैयायिकमतानुसारी कश्चिद्वदत्याकाशगुणोऽयं शब्दः। परिहारमाह—आकाशगुणत्वे सत्यमूर्तो भवति। अमूर्तश्च श्रवणेन्द्रियविषयो न भवति, दृश्यते च श्रवणेन्द्रियविषयत्वम्।

---

વળી 'જો શબ્દ પુદ્‌ગલનો પર્યાય હોય તો પૃથ્વીસ્કંધની જેમ તે સ્પર્શનાદિક ઇન્દ્રિયોનો વિષય હોવો જોઈએ અર્થાત્ જેમ પૃથ્વીસ્કંધરૂપ પુદ્‌ગલપર્યાય સર્વ ઇન્દ્રિયોથી જણાય છે તેમ શબ્દરૂપ પુદ્‌ગલપર્યાય પણ સર્વ ઇન્દ્રિયોથી જણાવો જોઈએ' (એમ તર્ક કરવામાં આવે તો) એમ પણ નથી; કારણ કે પાણી (પુદ્‌ગલપર્યાય હોવા છતાં) ઘ્રાણેંદ્રિયનો વિષય નથી, અગ્નિ (પુદ્‌ગલપર્યાય હોવા છતાં) ઘ્રાણેન્દ્રિય તથા રસનેંદ્રિયનો વિષય નથી અને પવન (પુદ્‌ગલપર્યાય હોવા છતાં) ઘ્રાણેંદ્રિય, રસનેંદ્રિય તથા ચક્ષુ-ઇન્દ્રિયનો વિષય નથી. વળી એમ નથી કે પાણી ગંધ વિનાનું છે (તેથી નાકથી અગ્રાહ્ય છે), અગ્નિ ગંધ તથા રસ વિનાનો છે (તેથી નાક તથા જીભથી અગ્રાહ્ય છે) અને પવન ગંધ, રસ તથા વર્ણ વિનાનો છે (તેથી નાક, જીભ તથા આંખથી અગ્રાહ્ય છે); કારણ કે સર્વ પુદ્‌ગલો સ્પર્શાદિ *ચતુષ્ક સહિત સ્વીકારવામાં આવ્યાં છે; કેમ કે જેમને સ્પર્શાદિ ચતુષ્ક વ્યક્ત છે એવાં (૧) ચંદ્રકાંતને, (૨) અરણિને અને (૩) જવને જે પુદ્‌ગલો ઉત્પન્ન કરે છે તે જ પુદ્‌ગલો વડે (૧) જેને ગંધ અવ્યક્ત છે એવા પાણીની, (૨) જેને ગંધ તથા રસ અવ્યક્ત છે એવા અગ્નિની અને (૩) જેને ગંધ, રસ તથા વર્ણ અવ્યક્ત છે એવા ઉદરવાયુની ઉત્પત્તિ થતી જોવામાં આવે છે.

---

* ચતુષ્ક = ચતુષ્ટય; ચારનો સમૂહ. [ સર્વ પુદ્‌ગલોમાં—પૃથ્વી, પાણી, અગ્નિ, અને વાયુ એ બધાંયમાં—સ્પર્શાદિ ચારે ગુણો હોય છે. માત્ર ફેર એટલો જ છે કે પૃથ્વીમાં ચારે ગુણો વ્યક્ત છે, પાણીમાં ગંધ અવ્યક્ત છે, અગ્નિમાં ગંધ તથા રસ અવ્યક્ત છે અને વાયુમાં ગંધ, રસ તથા વર્ણ અવ્યક્ત છે. આ વાતની સિદ્ધિને માટે યુક્તિ આ પ્રમાણે છેઃ ચંદ્રકાંતમણિરૂપ પૃથ્વીમાંથી પાણી ઝરે છે, અરણિના લાકડામાંથી અગ્નિ થાય છે અને જવ ખાવાથી પેટમાં વાયુ થાય છે; માટે (૧) ચંદ્રકાંતમણિમાં, (૨) અરણિમાં અને (૩) જવમાં રહેલા ચારે ગુણો (૧) પાણીમાં, (૨) અગ્નિમાં અને (૩) વાયુમાં હોવા જોઈએ. માત્ર ફેર એટલો જ છે કે તે ગુણોમાંથી કેટલાક અપ્રગટરૂપે પરિણમ્યા છે. વળી પાછા, પાણીમાંથી મોતીરૂપ પૃથ્વીકાય નીપજતાં અથવા અગ્નિમાંથી કાજળરૂપ પૃથ્વીકાય નીપજતાં ચારે ગુણો પ્રગટ થતા જોવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



व्यक्ताव्यक्तत्वं कादाचित्कपरिणामवैचित्र्यप्रत्ययं नित्यद्रव्यस्वभावप्रतिघाताय । ततोऽस्तु शब्दः पुद्गलपर्याय एवेति ॥ १३२ ॥

अथामूर्तानां शेषद्रव्याणां गुणान् गृणाति—

**आगासस्सवगाहो धम्मद्दव्वस्स गमणहेदुत्तं ।**
**धम्मेदरदव्वस्स दु गुणो पुणो ठाणकारणदा ॥ १३३ ॥**
**कालस्स वट्टणा से गुणोवओगो त्ति अप्पणो भणिदो ।**
**णेया संखेवादो गुणा हि मुत्तिप्पहीणाणं ॥ १३४ ॥ जुगलं ।**

---

शेषेन्द्रियविषयः कस्मान्न भवतीति चेत्—अन्येन्द्रियविषयोऽन्येन्द्रियस्य न भवति वस्तुस्वभावादेव, रसादिविषयवत् । पुनरपि कथंभूतः । **चित्तो** चित्रः भाषात्मकाभाषात्मकरूपेण प्रायोगिकवैश्रसिकरूपेण च नानाप्रकारः । तच्च "सद्दो खंधप्पभवो" इत्यादिगाथायां **पञ्चास्तिकाये** व्याख्यातं तिष्ठत्यत्रालं प्रसङ्गेन ॥ १३२ ॥ अथाकाशाद्यमूर्तद्रव्याणां विशेषगुणान्प्रतिपादयति— **आगासस्सवगाहो** आकाशस्यावगाहहेतुत्वं, **धम्मद्दव्वस्स गमणहेदुत्तं** धर्मद्रव्यस्य गमनहेतुत्वं, **धम्मेदरदव्वस्स दु गुणो पुणो ठाणकारणदा** धर्मेतरद्रव्यस्य तु पुनः स्थानकारणतागुणो भवतीति प्रथमगाथा गता । **कालस्स वट्टणा से** कालस्य वर्तना स्याद्गुणः, **गुणोवओगो त्ति अप्पणो भणिदो** ज्ञानदर्शनोपयोगद्वयमित्यात्मनो गुणो भणितः । **णेया संखेवादो गुणा हि मुत्तिप्पहीणाणं** एवं संक्षेपादमूर्तद्रव्याणां गुणा ज्ञेया

---

વળી ક્યાંક (કોઈ પર્યાયમાં) કોઈ ગુણનું કાદાચિત્ક પરિણામની વિચિત્રતાને કારણે થતું વ્યક્તપણું કે અવ્યક્તપણું નિત્યદ્રવ્યસ્વભાવનો પ્રતિઘાત કરતું નથી (અર્થાત્ અનિત્ય પરિણામને લીધે થતી ગુણની પ્રગટતા અને અપ્રગટતા નિત્ય દ્રવ્યસ્વભાવ સાથે કાંઈ વિરોધ પામતી નથી).

માટે શબ્દ પુદ્ગલનો પર્યાય જ હો. ૧૩૨.

હવે અમૂર્ત એવાં બાકીનાં દ્રવ્યોના ગુણો કહે છેઃ—

અવગાહ ગુણ આકાશનો, ગતિહેતુતા છે ધર્મનો,
વળી સ્થાનકારણતારૂપી ગુણ જાણ દ્રવ્ય અધર્મનો. ૧૩૩.
છે કાળનો ગુણ વર્તના, ઉપયોગ ભાખ્યો જીવમાં,
એ રીત મૂર્તિવિહીનના ગુણ જાણવા સંક્ષેપમાં. ૧૩૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आकाशस्यावगाहो धर्मद्रव्यस्य गमनहेतुत्वम् ।
धर्मेतरद्रव्यस्य तु गुणः पुनः स्थानकारणता ॥ १३३ ॥
कालस्य वर्तना स्यात् गुण उपयोग इति आत्मनो भणितः ।
ज्ञेयाः संक्षेपाद्गुणा हि मूर्तिप्रहीणानाम् ॥ १३४ ॥ युगलम् ।

विशेषगुणो हि युगपत्सर्वद्रव्याणां साधारणावगाहहेतुत्वमाकाशस्य, सकृत्सर्वेषां गमनपरिणामिनां जीवपुद्गलानां गमनहेतुत्वं धर्मस्य, सकृत्सर्वेषां स्थानपरिणामिनां जीवपुद्गलानां स्थानहेतुत्वमधर्मस्य, अशेषशेषद्रव्याणां प्रतिपर्यायं समयवृत्तिहेतुत्वं कालस्य, चैतन्यपरिणामो जीवस्य । एवममूर्तानां विशेषगुणसंक्षेपाधिगमे लिङ्गम् । तत्रैककालमेव

---

इति । तथा हि–सर्वद्रव्याणां साधारणमवगाहहेतुत्वं विशेषगुणत्वादेवान्यद्रव्याणामसंभवत्सदाकाशं निश्चिनोति । गतिपरिणतसमस्तजीवपुद्गलानामेकसमये साधारणं गमनहेतुत्वं विशेषगुणत्वादेवान्यद्रव्याणामसंभवत्सद्धर्मद्रव्यं निश्चिनोति । तथैव च स्थितिपरिणतसमस्तजीवपुद्गलानामेकसमये साधारणं स्थितिहेतुत्वं विशेषगुणत्वादेवान्यद्रव्याणामसंभवत्सदधर्मद्रव्यं निश्चिनोति । सर्वद्रव्याणां युगपत्पर्यायपरिणतिहेतुत्वं विशेषगुणत्वादेवान्यद्रव्याणामसंभवत्सत्कालद्रव्यं निश्चिनोति । सर्वजीवसाधारणं सकलविमलकेवलज्ञानदर्शनद्वयं विशेषगुणत्वादेवान्याचेतनपञ्चद्रव्याणामसंभवत्सच्छुद्धबुद्धैकस्वभावं परमात्मद्रव्यं निश्चिनोति । अयमत्रार्थः– यद्यपि पञ्चद्रव्याणि जीवस्योपकारं कुर्वन्ति तथापि तानि दुःखकारणान्येवेति ज्ञात्वाक्षया-

---

**અન્વયાર્થઃ**—[ आकाशस्य अवगाहः ] આકાશનો અવગાહ, [ धर्मद्रव्यस्य गमनहेतुत्वं ] ધર્મદ્રવ્યનો ગમનહેતુત્વ [ तु पुनः ] અને વળી [ धर्मेतरद्रव्यस्य गुणः ] અધર્મદ્રવ્યનો ગુણ [ स्थानकारणता ] સ્થાનકારણતા છે. [ कालस्य ] કાળનો ગુણ [ वर्तना स्यात् ] વર્તના છે, [ आत्मनः गुणः ] આત્માનો ગુણ [ उपयोगः इति भणितः ] ઉપયોગ કહ્યો છે. [ मूर्तिप्रहीणानां गुणाः हि ] આ રીતે અમૂર્ત દ્રવ્યોના ગુણો [ संक्षेपात् ] સંક્ષેપથી [ ज्ञेयाः ] જાણવા.

**ટીકાઃ**—યુગપદ્ સર્વ દ્રવ્યોને સાધારણ અવગાહનું હેતુપણું આકાશનો વિશેષ ગુણ છે. એકીસાથે સર્વ ગમનપરિણામી (ગતિરૂપે પરિણમેલાં) જીવ-પુદ્ગલોને ગમનનું હેતુપણું ધર્મનો વિશેષ ગુણ છે. એકીસાથે સર્વ સ્થાનપરિણામી જીવોને અને પુદ્ગલોને સ્થાનનું હેતુપણું ( સ્થિતિનું અર્થાત્ સ્થિરતાનું નિમિત્તપણું ) અધર્મનો વિશેષ ગુણ છે. ( કાળ સિવાય ) બાકીનાં અશેષ દ્રવ્યોને દરેક પર્યાયે સમયવૃત્તિનું હેતુપણું ( સમયસમયની પરિણતિનું નિમિત્તપણું ) કાળનો વિશેષ ગુણ છે. ચૈતન્યપરિણામ જીવનો વિશેષ ગુણ છે. આ પ્રમાણે અમૂર્ત દ્રવ્યોના વિશેષ ગુણોનું સંક્ષેપ જ્ઞાન થતાં અમૂર્ત દ્રવ્યોને જાણવાનાં લિંગ ( ચિહ્ન, લક્ષણ, સાધન ) પ્રાપ્ત થાય છે અર્થાત્ તે તે વિશેષ ગુણો વડે તે તે અમૂર્ત દ્રવ્યોનું અસ્તિત્વ જણાય છે— સિદ્ધ થાય છે. ( તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે:)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सकलद्रव्यसाधारणावगाहसंपादनमसर्वगतत्वादेव शेषद्रव्याणामसंभवदाकाशमधिगमयति। तथैकवारमेव गतिपरिणतसमस्तजीवपुद्गलानामालोकाद्गमनहेतुत्वमप्रदेशत्वात्कालपुद्गलयोः, समुद्घातादन्यत्र लोकासंख्येयभागमात्रत्वाज्जीवस्य, लोकालोकसीम्नोऽचलितत्वादाकाशस्य, विरुद्धकार्यहेतुत्वादधर्मस्यासंभवद्धर्ममधिगमयति । तथैकवारमेव स्थितिपरिणतसमस्तजीवपुद्गलानामालोकात्स्थानहेतुत्वमप्रदेशत्वात्कालपुद्गलयोः, समुद्घातादन्यत्र लोकासंख्येयभागमात्रत्वाज्जीवस्य, लोकालोकसीम्नोऽचलितत्वादाकाशस्य, विरुद्धकार्यहेतुत्वाद्धर्मस्य चासंभवदधर्ममधिगमयति ।

---

नन्तसुखादिकारणं विशुद्धज्ञानदर्शनोपयोगस्वभावं परमात्मद्रव्यं तदेव मनसा ध्येयं वचसा वक्तव्यं कायेन तत्साधकमनुष्ठानं च कर्तव्यमिति ॥ १३३ । १३४ ॥ एवं कस्य द्रव्यस्य के विशेषगुणा

---

ત્યાં એક જ કાળે સર્વ દ્રવ્યોને સાધારણ *અવગાહનું સંપાદન (-અવગાહહેતુત્વરૂપ લિંગ ) આકાશને જણાવે છે, કારણ કે બાકીનાં દ્રવ્યો સર્વગત (સર્વવ્યાપક) નહિ હોવાથી તેમને તે સંભવતું નથી.

એવી જ રીતે એક જ કાળે ગતિપરિણત ( ગતિરૂપે પરિણમેલાં ) સમસ્ત જીવ-પુદ્ગલોને લોક સુધી ગમનનું હેતુપણું ધર્મને જણાવે છે, કારણ કે કાળ ને પુદ્ગલ અપ્રદેશી હોવાથી તેમને તે સંભવતું નથી, જીવ સમુદ્ઘાત સિવાય અન્યત્ર લોકના અસંખ્યમા ભાગમાત્ર હોવાથી તેને તે સંભવતું નથી, લોક ને અલોકની સીમા અચલિત હોવાથી આકાશને તે સંભવતું નથી અને વિરુદ્ધ કાર્યનો હેતુ હોવાથી અધર્મને તે સંભવતું નથી. ( કાળ ને પુદ્ગલ એકપ્રદેશી હોવાથી તેઓ લોક સુધી ગમનમાં નિમિત્ત થઈ શકે નહિ; જીવ સમુદ્ઘાત સિવાયના કાળે લોકના અસંખ્યાતમા ભાગમાં જ રહેતો હોવાથી તે પણ લોક સુધી ગમનમાં નિમિત્ત થઈ શકે નહિ; આકાશ ગતિમાં નિમિત્ત હોય તો જીવ-પુદ્ગલોની ગતિ અલોકમાં પણ હોય અને તેથી લોક-અલોકની મર્યાદા રહે નહિ, માટે ગતિહેતુત્વ આકાશનો ગુણ પણ નથી; અધર્મદ્રવ્ય તો ગતિથી વિરુદ્ધ કાર્ય જે સ્થિતિ તેમાં નિમિત્તભૂત છે, માટે તે પણ ગતિમાં નિમિત્ત થઈ શકે નહિ. આ રીતે ગતિહેતુત્વગુણ ધર્મ નામના દ્રવ્યનું અસ્તિત્વ જણાવે છે.

એવી જ રીતે એક જ કાળે સ્થિતિપરિણત સમસ્ત જીવ-પુદ્ગલોને લોક સુધી સ્થિતિનું હેતુપણું અધર્મને જણાવે છે, કારણ કે કાળ ને પુદ્ગલ અપ્રદેશી હોવાથી તેમને તે સંભવતું નથી, જીવ સમુદ્ઘાત સિવાય અન્યત્ર લોકના અસંખ્યાતમા ભાગમાત્ર હોવાથી તેને તે સંભવતું નથી, લોક ને અલોકની સીમા અચલિત હોવાથી આકાશને તે સંભવતું નથી અને વિરુદ્ધ કાર્યનો હેતુ હોવાથી ધર્મને તે સંભવતું નથી.

---

* અવગાહ=લીન થવું તે; મજ્જિત થવું તે; અવકાશ પામવો તે. (એક જ કાળે સર્વ દ્રવ્યોને સામાન્ય અવકાશની પ્રાપ્તિમાં આકાશદ્રવ્ય નિમિત્તભૂત છે. )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तथा अशेषशेषद्रव्याणां प्रतिपर्यायं समयवृत्तिहेतुत्वं कारणान्तरसाध्यत्वात्समयविशिष्टाया वृत्तेः स्वतस्तेषामसंभवत्कालमधिगमयति । तथा चैतन्यपरिणामश्चेतनत्वादेव शेषद्रव्याणामसंभवन् जीवमधिगमयति । एवं गुणविशेषाद्द्रव्यविशेषोऽधिगन्तव्यः ॥ १३३ । १३४ ॥

अथ द्रव्याणां प्रदेशवत्त्वाप्रदेशवत्त्वविशेषं प्रज्ञापयति—

---

भवन्तीति कथनरूपेण तृतीयस्थले गाथात्रयं गतम् । अथ कालद्रव्यं विहाय जीवादिपञ्चद्रव्याणा-

---

એવી જ રીતે (કાળ સિવાય) બાકીનાં સમસ્ત દ્રવ્યોને દરેક પર્યાયે સમયવૃત્તિનું હેતુપણું કાળને જણાવે છે, કારણ કે તેમને *સમયવિશિષ્ટ વૃત્તિ કારણાંતરથી સધાતી હોવાને લીધે ( અર્થાત્ તેમને સમયથી વિશિષ્ટ એવી પરિણતિ અન્ય કારણથી થતી હોવાને લીધે ) સ્વત: તેમને તે ( સમયવૃત્તિહેતુત્વ ) સંભવતું નથી.

એવી જ રીતે ચૈતન્યપરિણામ જીવને જણાવે છે, કારણ કે તે ચેતન હોવાથી શેષ દ્રવ્યોને તે સંભવતો નથી.

આ પ્રમાણે ગુણવિશેષથી દ્રવ્યવિશેષ જાણવો.

ભાવાર્થ:—પૂર્વે દર્શાવ્યું તેમ સ્પર્શ-રસ-ગંધ-વર્ણથી પુદ્‌ગલદ્રવ્યોનું અસ્તિત્વ જણાય છે. અહીં અમૂર્ત દ્રવ્યોનું અસ્તિત્વ તેમનાં વિશેષ લક્ષણોથી પ્રગટ કરવામાં આવ્યું છે.

ચૈતન્યપરિણામરૂપ લક્ષણ અનુભવમાં આવતું હોવાથી અનંત જીવદ્રવ્યોનું અસ્તિત્વ જણાય છે. જીવાદિ સમસ્ત દ્રવ્યો જેના નિમિત્તે અવગાહ ( અવકાશ ) પામે છે એવું કોઈ દ્રવ્ય હોવું જોઈએ; તે દ્રવ્ય લોકાલોકવ્યાપી આકાશ છે. જીવ-પુદ્‌ગલો ગતિ કરતાં જણાય છે, તેથી જેમ માછલાંને ગતિમાં નિમિત્તભૂત જળ છે તેમ જીવ-પુદ્‌ગલોને ગતિમાં નિમિત્તભૂત કોઈ દ્રવ્ય હોવું જોઈએ; તે દ્રવ્ય લોકવ્યાપી ધર્મદ્રવ્ય છે. જેમ મનુષ્યને સ્થિતિમાં નિમિત્તભૂત પૃથ્વી છે તેમ જીવ-પુદ્‌ગલોને સ્થિતિમાં નિમિત્તભૂત કોઈ દ્રવ્ય હોવું જોઈએ; તે દ્રવ્ય લોકવ્યાપી અધર્મદ્રવ્ય છે. જેમ કુંભારના ચક્રને ફરવામાં ખીલી નિમિત્તભૂત છે તેમ ( કાળ સિવાયનાં ) સર્વ દ્રવ્યોને પરિણમનમાં નિમિત્તભૂત કોઈ દ્રવ્ય હોવું જોઈએ; તે દ્રવ્ય અસંખ્યાત કાળાણુઓ છે કે જેમના પર્યાયો સમય, ઘડી, દિવસ, વર્ષ ઇત્યાદિરૂપે વ્યક્ત થાય છે.

આ પ્રમાણે ગુણભેદથી દ્રવ્યભેદ નક્કી થયો. ૧૩૩–૧૩૪.

હવે દ્રવ્યોનો †પ્રદેશવત્ત્વ અને અપ્રદેશવત્ત્વરૂપ વિશેષ (-ભેદ) જણાવે છે:—

---

* કાળ સિવાયનાં દ્રવ્યોની પરિણતિ 'એક સમયમાં આ પરિણતિ થઈ છે' એમ સમયથી વિશિષ્ટ છે અર્થાત્ વ્યવહારે તેમાં સમયની અપેક્ષા આવે છે માટે તેમાં કોઈ દ્રવ્ય—કાળદ્રવ્ય—નિમિત્ત હોવું જોઈએ.

† પ્રદેશવત્ત્વ=પ્રદેશવાળાપણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

जीवा पोग्गलकाया धम्माऽधम्मा पुणो य आगासं ।
सपदेसेहिं असंखादा णत्थि पदेस त्ति कालस्स ॥ १३५ ॥

जीवाः पुद्गलकाया धर्माधर्मौ पुनश्चाकाशम् ।
स्वप्रदेशैरसंख्याता न सन्ति प्रदेशा इति कालस्य ॥ १३५ ॥

प्रदेशवन्ति हि जीवपुद्गलधर्माधर्माकाशानि अनेकप्रदेशवत्त्वात् । अप्रदेशः कालाणुः प्रदेशमात्रत्वात् । अस्ति च संवर्तविस्तारयोरपि लोकाकाशतुल्यासंख्येयप्रदेशापरित्यागाज्जीवस्य, द्रव्येण प्रदेशमात्रत्वादप्रदेशत्वेऽपि द्विप्रदेशादिसंख्येयासंख्येयानन्तप्रदेशपर्यायेणानवधारितप्रदेशत्वात्पुद्गलस्य, सकललोकव्याप्यसंख्येयप्रदेशप्रस्ताररूपत्वात् धर्मस्य, सकललोकव्याप्य-

---

मस्तिकायत्वं व्याख्याति—**जीवा पोग्गलकाया धम्माधम्मा पुणो य आगासं** जीवाः पुद्गलकायाः धर्माधर्मौ पुनश्चाकाशम् । एते पञ्चास्तिकायाः किंविशिष्टाः । **सपदेसेहिं असंखा** स्वप्रदेशैरसंख्येयाः। अत्रासंख्येयप्रदेशशब्देन प्रदेशबहुत्वं ग्राह्यम् । तच्च यथासंभवं योजनीयम् । जीवस्य तावत्संसारावस्थायां विस्तारोपसंहारयोरपि प्रदीपवत्प्रदेशानां हानिवृद्ध्योरभावाद्व्यवहारेण देहमात्रेऽपि निश्चयेन लोकाकाशप्रमितासंख्येयप्रदेशत्वम् । धर्माधर्मयोः पुनरवस्थितरूपेण लोकाकाशप्रमितासंख्येयप्रदेशत्वम् ।

---

જીવદ્રવ્ય, પુદ્ગલકાય, ધર્મ, અધર્મ વળી આકાશને
છે સ્વપ્રદેશ અનેક, નહિ વર્તે પ્રદેશો કાળને. ૧૩૫.

**અન્વયાર્થઃ**—[ जीवाः ] જીવો, [ पुद्गलकायाः ] પુદ્ગલકાયો, [ धर्माधर्मौ ] ધર્મ, અધર્મ [ पुनः च ] અને વળી [ आकाशं ] આકાશ [ स्वप्रदेशैः ] સ્વપ્રદેશોની અપેક્ષાએ [ असंख्याताः ] અસંખ્યાત અર્થાત્ અનેક છે; [ कालस्य ] કાળને [ प्रदेशाः इति ] પ્રદેશો [ न सन्ति ] નથી.

**ટીકાઃ**—જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ અનેક પ્રદેશોવાળાં હોવાથી પ્રદેશવંત છે. કાળાણુ પ્રદેશમાત્ર ( અર્થાત્ એકપ્રદેશી ) હોવાથી અપ્રદેશી છે.

( ઉપર કહેલી વાત સ્પષ્ટ કરવામાં આવે છેઃ-) સંકોચવિસ્તાર થતો હોવા છતાં જીવ લોકાકાશ તુલ્ય અસંખ્ય પ્રદેશોને નહિ છોડતો હોવાથી જીવ પ્રદેશવાન છે; પુદ્ગલ, જોકે દ્રવ્યે પ્રદેશમાત્ર (-એકપ્રદેશી ) હોવાથી અપ્રદેશી છે તોપણ, બે પ્રદેશોથી માંડીને સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશોવાળા પર્યાયની અપેક્ષાએ અનિશ્ચિત પ્રદેશોવાળું હોવાથી પ્રદેશવાન છે; સકળલોકવ્યાપી અસંખ્ય પ્રદેશોના *પ્રસ્તારરૂપ હોવાથી ધર્મ પ્રદેશવાન છે;

---

*પ્રસ્તાર=ફેલાવ; વિસ્તાર.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



संख्येयप्रदेशप्रस्ताररूपत्वादधर्मस्य, सर्वव्याप्यनन्तप्रदेशप्रस्ताररूपत्वादाकाशस्य च प्रदेशवत्त्वम्। कालाणोस्तु द्रव्येण प्रदेशमात्रत्वात्पर्यायेण तु परस्परसंपर्कासंभवादप्रदेशत्वमेवास्ति। ततः कालद्रव्यमप्रदेशं शेषद्रव्याणि प्रदेशवन्ति ॥ १३५ ॥

अथ क्वामी प्रदेशिनोऽप्रदेशाश्चावस्थिता इति प्रज्ञापयति—

**लोगालोगेसु णभो धम्माधम्मेहि आददो लोगो ।**
**सेसे पडुच्च कालो जीवा पुण पोग्गला सेसा ॥१३६॥**

**लोकालोकयोर्नभो धर्माधर्माभ्यामाततो लोकः ।**
**शेषौ प्रतीत्य कालो जीवाः पुनः पुद्गलाः शेषौ ॥ १३६ ॥**

---

स्कन्धाकारपरिणतपुद्गलानां तु संख्येयासंख्येयानन्तप्रदेशत्वम्। किंतु पुद्गलव्याख्याने प्रदेशशब्देन परमाणवो ग्राह्या, न च क्षेत्रप्रदेशाः। कस्मात्। पुद्गलानामनन्तप्रदेशक्षेत्रेऽवस्थानाभावादिति। परमाणोर्व्यक्तिरूपेणैकप्रदेशत्वं शक्तिरूपेणोपचारेण बहुप्रदेशत्वं च। आकाशस्यानन्ता इति। **णत्थि पदेस त्ति कालस्स** न सन्ति प्रदेशा इति कालस्य। कस्मात्। द्रव्यरूपेणैकप्रदेशत्वात्, परस्परबन्धाभावात्पर्यायरूपेणापीति ॥ १३५ ॥ अथ तमेवार्थं द्रढयति—

एदाणि पंचदव्वाणि उज्झियकालं तु अत्थिकाय त्ति।
भण्णंते काया पुण बहुप्पदेसाण पचयत्तं ॥ *११ ॥

---

સકળલોકવ્યાપી અસંખ્ય પ્રદેશોના પ્રસ્તારરૂપ હોવાથી અધર્મ પ્રદેશવાન છે; અને સર્વવ્યાપી અનંત પ્રદેશોના પ્રસ્તારરૂપ હોવાથી આકાશ પ્રદેશવાન છે. કાળાણુ તો દ્રવ્યે પ્રદેશમાત્ર હોવાથી અને પર્યાયે પરસ્પર સંપર્ક નહિ હોવાથી અપ્રદેશી જ છે.

માટે કાળદ્રવ્ય અપ્રદેશી છે અને શેષ દ્રવ્યો પ્રદેશવંત છે. ૧૩૫.

હવે પ્રદેશી અને અપ્રદેશી દ્રવ્યો ક્યાં રહેલાં છે તે જણાવે છેઃ—

**લોકે અલોકે આભ, લોક અધર્મ-ધર્મથી વ્યાપ્ત છે,**
**છે શેષ-આશ્રિત કાળ, ને જીવ-પુદ્‌ગલો તે શેષ છે. ૧૩૬.**

અન્વયાર્થઃ—[ नभः ] આકાશ [ लोकालोकयोः ] લોકાલોકમાં છે, [ लोकः ] લોક [ धर्माधर्माभ्याम् आततः ] ધર્મ ને અધર્મથી વ્યાપ્ત છે, [ शेषौ प्रतीत्य ] બાકીનાં બે દ્રવ્યોનો આશ્રય કરીને [ कालः ] કાળ છે, [ पुनः ] અને [ शेषौ ] તે બાકીનાં બે દ્રવ્યો [ जीवाः पुद्गलाः ] જીવો ને પુદ્‌ગલો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**आकाशं हि तावत् लोकालोकयोरपि, षड्द्रव्यसमवायासमवाययोरविभागेन वृत्तत्वात्। धर्माधर्मौ सर्वत्र लोके, तन्निमित्तगमनस्थानानां जीवपुद्गलानां लोकाद्बहिस्तदेकदेशे च गमनस्थानासंभवात्। कालोऽपि लोके, जीवपुद्गलपरिणामव्यज्यमानसमयादिपर्यायत्वात्, स तु लोकैकप्रदेश एवाप्रदेशत्वात्। जीवपुद्गलौ तु युक्तित एव लोके, षड्द्रव्यसमवायात्मकत्वाल्लोकस्य। किंतु जीवस्य प्रदेशसंवर्तविस्तारधर्मत्वात्, पुद्गलस्य बन्धहेतुभूतस्निग्धरूक्षगुणधर्म-**

---

**एदाणि पंचदव्वाणि** एतानि पूर्वसूत्रोक्तानि जीवादिषड्द्रव्याण्येव **उज्झिय कालं तु** कालद्रव्यं विहाय **अत्थिकाय त्ति भण्णंते** अस्तिकायाः पञ्चास्तिकाया इति भण्यन्ते। **काया पुण** कायाः कायशब्देन पुनः। किं भण्यते। **बहुप्पदेसाण पचयत्तं** बहुप्रदेशानां संबन्धि प्रचयत्वं समूह इति। अत्र पञ्चास्तिकायमध्ये जीवास्तिकाय उपादेयस्तत्रापि पञ्चपरमेष्ठिपर्यायावस्था, तस्यामप्यर्हत्सिद्धावस्था, तत्रापि सिद्धावस्था। वस्तुतस्तु रागादिसमस्तविकल्पजालपरिहारकाले सिद्धजीवसदृशा स्वकीयशुद्धात्मावस्थेति भावार्थः ॥ *११ ॥ एवं पञ्चास्तिकायसंक्षेपसूचनरूपेण चतुर्थस्थले गाथाद्वयं गतम्। अथ द्रव्याणां लोकाकाशेऽवस्थानमाख्याति—**लोगालोगेसु णभो** लोकालोकयोरधिकरणभूतयोर्णभ आकाशं तिष्ठति। **धम्माधम्मेहि आददो लोगो** धर्माधर्मास्तिकायाभ्यामाततो व्याप्तो भृतो लोकः। किं कृत्वा। **सेसे पडुच्च** शेषौ जीवपुद्गलौ प्रतीत्याश्रित्य। अयमत्रार्थः—जीवपुद्गलौ तावल्लोके तिष्ठतस्तयोर्गतिस्थित्योः कारणभूतौ धर्माधर्मावपि लोके। **कालो** कालोऽपि शेषौ जीवपुद्गलौ प्रतीत्य लोके। कस्मादिति चेत्। जीवपुद्गलाभ्यां नवजीर्णपरिणत्या व्यज्यमानसमयघटिकादिपर्यायत्वात्। शेषशब्देन किं भण्यते। **जीवा पुण पुग्गला सेसा** जीवाः पुद्गलाश्च पुनः शेषा भण्यन्त इति। अयमत्र भावः—यथा सिद्धा भगवन्तो यद्यपि निश्चयेन लोकाकाशप्रमितशुद्धासंख्येयप्रदेशे केवलज्ञानादिगुणाधारभूते स्वकीयस्वकीयभावे तिष्ठन्ति तथापि व्यवहारेण मोक्षशिलायां तिष्ठन्तीति भण्यन्ते।

---

**ટીકાઃ**—પ્રથમ તો આકાશ લોક તેમ જ અલોકમાં છે, કારણ કે છ દ્રવ્યોના સમવાય ને અસમવાયમાં વિભાગ વિના રહેલું છે. ધર્મ ને અધર્મ સર્વત્ર લોકમાં છે, કારણ કે તેમના નિમિત્તે જેમની ગતિ ને સ્થિતિ થાય છે એવાં જીવ ને પુદ્ગલોની ગતિ કે સ્થિતિ લોકની બહાર થતી નથી તેમ જ લોકના એક દેશમાં થતી નથી (–લોકમાં સર્વત્ર થાય છે). કાળ પણ લોકમાં છે, કારણ કે જીવ અને પુદ્ગલોના પરિણામો દ્વારા (કાળના) સમયાદિ પર્યાયો વ્યક્ત થાય છે; અને તે કાળ લોકના એક પ્રદેશમાં જ છે કારણ કે અપ્રદેશી છે. જીવ અને પુદ્ગલ તો યુક્તિથી જ લોકમાં છે, કારણ કે લોક છ દ્રવ્યોના સમવાયસ્વરૂપ છે.

વળી આ ઉપરાંત (એટલું વિશેષ સમજવું કે), પ્રદેશોનો સંકોચવિસ્તાર થવો તે જીવનો ધર્મ હોવાથી અને બંધના હેતુભૂત *સ્નિગ્ધ-રૂક્ષ ગુણો તે પુદ્ગલનો ધર્મ હોવાથી

---

* સ્નિગ્ધ એટલે ચીકણું, અને રૂક્ષ એટલે લૂખું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



त्वाच्च तदेकदेशसर्वलोकनियमो नास्ति। कालजीवपुद्गलानामित्येकद्रव्यापेक्षया एकदेश अनेकद्रव्यापेक्षया पुनरञ्जनचूर्णपूर्णसमुद्गकन्यायेन सर्वलोक एवेति ॥ १३६ ॥

अथ प्रदेशवत्त्वाप्रदेशवत्त्वसंभवप्रकारमासूत्रयति—

**जध ते णभप्पदेसा तधप्पदेसा हवंति सेसाणं ।**
**अपदेसो परमाणू तेण पदेसुब्भवो भणिदो ॥ १३७ ॥**

**यथा ते नभःप्रदेशास्तथा प्रदेशा भवन्ति शेषाणाम् ।**
**अप्रदेशः परमाणुस्तेन प्रदेशोद्भवो भणितः ॥ १३७ ॥**

---

तथा सर्वे पदार्था यद्यपि निश्चयेन स्वकीयस्वकीयस्वरूपे तिष्ठन्ति तथापि व्यवहारेण लोकाकाशे तिष्ठन्तीति। अत्र यद्यप्यनन्तजीवद्रव्येभ्योऽनन्तगुणपुद्गलास्तिष्ठन्ति तथाप्येकदीपप्रकाशे बहुदीपप्रकाशवद्विशिष्टावगाहशक्तियोगेनासंख्येयप्रदेशेऽपि लोकेऽवस्थानं न विरुध्यते ॥ १३६ ॥ अथ यदेवाकाशस्य परमाणुव्याप्तक्षेत्रं प्रदेशलक्षणमुक्तं शेषद्रव्यप्रदेशानां तदेवेति सूचयति—**जध ते णभप्पदेसा** यथा ते प्रसिद्धाः परमाणुव्याप्तक्षेत्रप्रमाणाकाशप्रदेशाः **तधप्पदेसा हवंति सेसाणं** तेनैवाकाशप्रदेशप्रमाणेन प्रदेशा भवन्ति । केषाम् । शुद्धबुद्धैकस्वभावं यत्परमात्मद्रव्यं तत्प्रभृतिशेषद्रव्याणाम् । **अपदेसो परमाणू** अप्रदेशो द्वितीयादिप्रदेशरहितो योऽसौ पुद्गलपरमाणुः **तेण पदेसुब्भवो भणिदो** तेन

---

જીવ અને પુદ્ગલને આખા લોકમાં કે તેના એક દેશમાં રહેવાનો નિયમ નથી. (વળી) કાળ, જીવ અને પુદ્ગલ એક દ્રવ્યની અપેક્ષાએ લોકના એક દેશમાં રહે છે અને અનેક દ્રવ્યોની અપેક્ષાએ અંજનચૂર્ણથી (આંજણના ઝીણા ભૂકાથી) ભરેલી ડાબલીના ન્યાયે આખા લોકમાં જ છે. ૧૩૬.

હવે પ્રદેશવત્ત્વ અને અપ્રદેશવત્ત્વ કયા પ્રકારે સંભવે છે-ઉદ્ભવે છે તે કહે છેઃ—

**જે રીત આભ-પ્રદેશ, તે રીત શેષદ્રવ્ય-પ્રદેશ છે;**
**અપ્રદેશ પરમાણુ વડે ઉદ્ભવ પ્રદેશ તણો બને. ૧૩૭.**

**અન્વયાર્થઃ**—[ यथा ] જે રીતે [ ते नभःप्रदेशाः ] તે આકાશપ્રદેશો છે, [ तथा ] તે જ રીતે [ शेषाणां ] બાકીનાં દ્રવ્યોના [ प्रदेशाः भवन्ति ] પ્રદેશ છે (અર્થાત્ જેમ આકાશના પ્રદેશો પરમાણુરૂપી ગજથી મપાય છે તેમ બાકીનાં દ્રવ્યોના પ્રદેશ પણ એ જ રીતે મપાય છે). [ परमाणुः अप्रदेशः ] પરમાણુ અપ્રદેશી છે; [ तेन ] તેના વડે [ प्रदेशोद्भवः भणितः ] પ્રદેશોદ્ભવ કહ્યો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सूत्रयिष्यते हि स्वयमाकाशस्य प्रदेशलक्षणमेकाणुव्याप्यत्वमिति । इह तु यथाकाशस्य प्रदेशास्तथा शेषद्रव्याणामिति प्रदेशलक्षणप्रकारैकत्वमासूत्र्यते । ततो यथैकाणुव्याप्येनांशेन गम्यमानस्याकाशस्यानन्तांशत्वादनन्तप्रदेशत्वं तथैकाणुव्याप्येनांशेन गम्यमानानां धर्माधर्मैकजीवानामसंख्येयांशत्वात् प्रत्येकमसंख्येयप्रदेशत्वम् । यथा चावस्थितप्रमाणयोर्धर्माधर्मयोस्तथा संवर्तविस्ताराभ्यामनवस्थितप्रमाणस्यापि शुष्कार्द्रत्वाभ्यां चर्मण इव जीवस्य स्वांशाल्पबहुत्वाभावादसंख्येयप्रदेशत्वमेव । अमूर्तसंवर्तविस्तारसिद्धिश्च स्थूलकृशशिशुकुमारशरीरव्यापित्वादस्ति स्वसंवेदनसाध्यैव । पुद्गलस्य तु द्रव्येणैकप्रदेशमात्रत्वादप्रदेशत्वे यथोदिते

---

परमाणुना प्रदेशस्योद्भव उत्पत्तिर्भणिता । परमाणुव्याप्तक्षेत्रं प्रदेशो भवति । तदग्रे विस्तरेण कथयति इह तु सूचितमेव ॥ १३७ ॥ एवं पञ्चमस्थले स्वतन्त्रगाथाद्वयं गतम् । अथ कालद्रव्यस्य द्वितीयादिप्रदेशरहितत्वेनाप्रदेशत्वं व्यवस्थापयति—**समओ** समयपर्यायस्योपादानकारणत्वात्समयः कालाणुः । **दु** पुनः । स च कथंभूतः । **अप्पदेसो** अप्रदेशो द्वितीयादिप्रदेशरहितो भवति । स च किं करोति ।

---

**ટીકાઃ—** ( ભગવાન કુંદકુંદાચાર્યદેવ ) પોતે જ ( ૧૪૦ મા ) સૂત્ર દ્વારા કહેશે કે આકાશના પ્રદેશનું લક્ષણ એકાણુવ્યાપ્યત્વ છે (અર્થાત્ એક પરમાણુથી વ્યાપ્યપણું તે પ્રદેશનું લક્ષણ છે ); અને અહીં ( આ સૂત્રમાં, આ ગાથામાં ) 'જે રીતે આકાશના પ્રદેશો છે તે જ રીતે બાકીનાં દ્રવ્યોના પ્રદેશો છે' એમ પ્રદેશના લક્ષણની એકપ્રકારતા કહેવામાં આવે છે.

માટે, જેમ એકાણુવ્યાપ્ય (-એક પરમાણુથી વ્યાપ્ય હોય એવડા ) અંશ વડે ગણતાં આકાશના અનંત અંશો હોવાથી આકાશ અનંતપ્રદેશી છે, તેમ એકાણુવ્યાપ્ય (-એક પરમાણુથી વ્યપાવાયોગ્ય ) અંશ વડે ગણતાં ધર્મ, અધર્મ અને એક જીવના અસંખ્યાત અંશો હોવાથી તે દરેક અસંખ્યાતપ્રદેશી છે. વળી જેમ [1]અવસ્થિત પ્રમાણવાળાં ધર્મ તથા અધર્મ અસંખ્યાતપ્રદેશી છે, તેમ સંકોચવિસ્તારને લીધે [2]અનવસ્થિત પ્રમાણવાળા જીવને—સૂકા-ભીના ચામડાની માફક—નિજ અંશોનું અલ્પબહુત્વ નહિ થતું હોવાથી અસંખ્યાતપ્રદેશીપણું જ છે. ( અહીં એ પ્રશ્ન થાય છે કે અમૂર્ત એવા જીવના સંકોચવિસ્તાર કેમ સંભવે? તેનું સમાધાન કરવામાં આવે છેઃ ) અમૂર્તના સંકોચવિસ્તારની સિદ્ધિ તો પોતાના અનુભવથી જ સાધ્ય છે, કારણ કે (સર્વને સ્વાનુભવથી પ્રગટ છે કે) જીવ સ્થૂલ તેમ જ કૃશ શરીરમાં, તથા બાળક તેમ જ કુમારના શરીરમાં વ્યાપે છે.

પુદ્ગલ તો દ્રવ્યે એકપ્રદેશમાત્ર હોવાથી યથોક્ત રીતે ( પૂર્વે જેમ કહ્યું તેમ )

---

૧. અવસ્થિત પ્રમાણ = નિયત પરિમાણ; નિશ્ચિત માપ. ( ધર્મદ્રવ્ય તથા અધર્મદ્રવ્યનું માપ લોક જેટલું નિયત છે. )

૨. અનવસ્થિત = અનિશ્ચિત. ( સૂકા-ભીના ચામડાની માફક જીવ પરક્ષેત્રની અપેક્ષાએ સંકોચવિસ્તાર પામતો હોવાથી અનિશ્ચિત માપવાળો છે. આમ હોવા છતાં, જેમ ચામડાના સ્વ-અંશો ઘટતા-વધતા નથી, તેમ જીવના સ્વ-અંશો ઘટતા-વધતા નથી; તેથી તે સદાય નિયત અસંખ્યપ્રદેશી જ છે. )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सत्यपि द्विप्रदेशाद्युद्भवहेतुभूततथाविधस्निग्धरूक्षगुणपरिणामशक्तिस्वभावात्प्रदेशोद्भवत्वमस्ति । ततः पर्यायेणानेकप्रदेशत्वस्यापि संभवात् द्वयादिसंख्येयासंख्येयानन्तप्रदेशत्वमपि न्याय्यं पुद्गलस्य ॥ १३७ ॥

अथ कालाणोरप्रदेशत्वमेवेति नियमयति—

**समओ दु अप्पदेसो पदेसमेत्तस्स दव्वजादस्स ।**
**वदिवददो सो वट्टदि पदेसमागासदव्वस्स ॥ १३८ ॥**

समयस्त्वप्रदेशः प्रदेशमात्रस्य द्रव्यजातस्य ।
व्यतिपततः स वर्तते प्रदेशमाकाशद्रव्यस्य ॥ १३८ ॥

---

**सो वट्टदि** स पूर्वोक्तकालाणुः परमाणोर्गतिपरिणतेः सहकारित्वेन वर्तते। कस्य संबन्धी योऽसौ परमाणुः। **पदेसमेत्तस्स दव्वजादस्स** प्रदेशमात्रपुद्गलजातिरूपपरमाणुद्रव्यस्य । किं कुर्वतः । **वदिवददो** व्यतिपततो मन्दगत्या गच्छतः । कं प्रति । **पदेसं** कालाणुव्याप्तमेकप्रदेशम् । कस्य संबन्धिनम् । **आगासदव्वस्स** आकाशद्रव्यस्येति । तथा हि—कालाणुरप्रदेशो भवति । कस्मात् । द्रव्येणैकप्रदेशत्वात् । अथवा यथा स्नेहगुणेन पुद्गलानां परस्परबन्धो भवति तथाविधबन्धाभावात्पर्यायेणापि । अयमत्रार्थः—

---

અપ્રદેશી છે તોપણ *બે પ્રદેશો વગેરેના ઉદ્‌ભવના હેતુભૂત તથાવિધ (તે પ્રકારના) સ્નિગ્ધ-રૂક્ષગુણરૂપે પરિણમવાની શક્તિરૂપ સ્વભાવને લીધે તેને પ્રદેશોનો ઉદ્‌ભવ છે; તેથી પર્યાયે અનેકપ્રદેશીપણાનો પણ સંભવ હોવાથી પુદ્‌ગલને દ્વિપ્રદેશીપણાથી માંડીને સંખ્યાત, અસંખ્યાત અને અનંતપ્રદેશીપણું પણ ન્યાયયુક્ત છે. ૧૩૭.

હવે ‘કાળાણુ અપ્રદેશી જ છે’ એવો નિયમ કરે છે (અર્થાત્ દર્શાવે છે) :—

**છે કાળ તો અપ્રદેશ; એકપ્રદેશ પરમાણુ યદા**
**આકાશદ્રવ્ય તણો પ્રદેશ અતિક્રમે, વર્તે તદા. ૧૩૮.**

**અન્વયાર્થ** :—[ समयः तु ] કાળ તો [ अप्रदेशः ] અપ્રદેશી છે. [ प्रदेशमात्रस्य द्रव्यजातस्य ] પ્રદેશમાત્ર પુદ્‌ગલ-પરમાણુ [ आकाशद्रव्यस्य प्रदेशं ] આકાશ દ્રવ્યના પ્રદેશને [ व्यतिपततः ] મંદ ગતિથી ઓળંગતો હોય ત્યારે [ सः वर्तते ] તે વર્તે છે અર્થાત્ નિમિત્તભૂતપણે પરિણમે છે.

---

* દ્વિપ્રદેશી વગેરે સ્કંધોની ઉત્પત્તિના કારણભૂત જે સ્નિગ્ધ-રૂક્ષ ગુણો તે-રૂપે પરિણમવાની શક્તિ પુદ્‌ગલનો સ્વભાવ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अप्रदेश एव समयो द्रव्येण प्रदेशमात्रत्वात्। न च तस्य पुद्गलस्येव पर्यायेणाप्यनेकप्रदेशत्वं, यतस्तस्य निरन्तरं प्रस्तारविस्तृतप्रदेशमात्रासंख्येयद्रव्यत्वेऽपि परस्परसंपर्कासंभवादेकैकमाकाशप्रदेशमभिव्याप्य तस्थुषः प्रदेशमात्रस्य परमाणोस्तदभिव्याप्तमेकमाकाशप्रदेशं मन्दगत्या व्यतिपतत एव वृत्तिः ॥ १३८ ॥

अथ कालपदार्थस्य द्रव्यपर्यायौ प्रज्ञापयति—

---

यस्मात्पुद्गलपरमाणोरेकप्रदेशगमनपर्यन्तं सहकारित्वं करोति न चाधिकं तस्मादेव ज्ञायते सोऽप्येकप्रदेश इति ॥ १३८ ॥ अथ पूर्वोक्तकालपदार्थस्य पर्यायस्वरूपं द्रव्यस्वरूपं च प्रतिपादयति—**वदिवददो**

---

**ટીકાઃ**—કાળ, દ્રવ્યે પ્રદેશમાત્ર હોવાથી, અપ્રદેશી જ છે. વળી તેને પુદ્ગલની માફક પર્યાયે પણ અનેકપ્રદેશીપણું નથી; કારણ કે પરસ્પર અંતર વિના [૧]પ્રસ્તારરૂપ વિસ્તરેલાં પ્રદેશમાત્ર અસંખ્યાત કાળદ્રવ્યો હોવા છતાં પરસ્પર સંપર્ક નહિ હોવાથી એક એક આકાશપ્રદેશને વ્યાપીને રહેલા કાળદ્રવ્યની વૃત્તિ ત્યારે જ થાય છે (અર્થાત્ કાળાણુની પરિણતિ ત્યારે જ નિમિત્તભૂત થાય છે) કે જ્યારે [૨]પ્રદેશમાત્ર પરમાણુ તેનાથી (-તે કાળાણુથી) વ્યાપ્ત એક આકાશપ્રદેશને મંદ ગતિથી ઓળંગતો હોય.

**ભાવાર્થઃ**— લોકાકાશના અસંખ્યાત પ્રદેશો છે. એક એક પ્રદેશમાં એક એક કાળાણુ રહેલો છે. તે કાળાણુઓ સ્નિગ્ધ-રૂક્ષગુણના અભાવને લીધે રત્નરાશિની માફક છૂટા છૂટા જ રહે છે, પુદ્ગલ-પરમાણુઓની માફક પરસ્પર મળતા નથી.

જ્યારે પુદ્ગલપરમાણુ આકાશના એક પ્રદેશને મંદ ગતિથી ઓળંગે છે (અર્થાત્ એક પ્રદેશથી બીજા અનંતર પ્રદેશે મંદ ગતિથી જાય છે) ત્યારે તે (ઓળંગવામાં આવતા) પ્રદેશે રહેલો કાળાણુ તેને નિમિત્તભૂતપણે વર્તે છે. આ રીતે દરેક કાળાણુ પુદ્ગલપરમાણુને એક પ્રદેશ સુધીના ગમન પર્યંત જ સહકારીપણે વર્તે છે, વધારે નહિ; તેથી સ્પષ્ટ થાય છે કે કાળદ્રવ્ય પર્યાયે પણ અનેકપ્રદેશી નથી. ૧૩૮.

હવે કાળપદાર્થનાં દ્રવ્ય અને પર્યાય જણાવે છેઃ—

---

૧. પ્રસ્તાર = પથારો; ફેલાવો; વિસ્તાર. (અસંખ્યાત કાળદ્રવ્યો આખા લોકાકાશમાં પથરાયેલાં છે. તેમને પરસ્પર અંતર નથી, કારણ કે દરેક આકાશપ્રદેશમાં એક એક કાળદ્રવ્ય રહેલું છે.)

૨. પ્રદેશમાત્ર = એકપ્રદેશી. (એકપ્રદેશી એવો પરમાણુ કોઈ એક આકાશપ્રદેશને મંદ ગતિથી ઓળંગતો હોય ત્યારે જ તે આકાશપ્રદેશે રહેલા કાળદ્રવ્યની પરિણતિ તેને નિમિત્તભૂતપણે વર્તે છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वदिवददो तं देसं तस्सम समओ तदो परो पुव्वो।
जो अत्थो सो कालो समओ उप्पण्णपद्धंसी ॥ १३९ ॥

व्यतिपततस्तं देशं तत्समः समयस्ततः परः पूर्वः ।
योऽर्थः स कालः समय उत्पन्नप्रध्वंसी ॥ १३९ ॥

यो हि येन प्रदेशमात्रेण कालपदार्थेनाकाशस्य प्रदेशोऽभिव्याप्तस्तं प्रदेशं मन्दगत्यातिक्रमतः परमाणोस्तत्प्रदेशमात्रातिक्रमणपरिमाणेन तेन समो यः कालपदार्थसूक्ष्मवृत्तिरूपसमयः स तस्य कालपदार्थस्य पर्यायस्ततः एवंविधात्पर्यायात्पूर्वोत्तरवृत्तिवृत्तत्वेन

---

तस्य पूर्वसूत्रोदितपुद्गलपरमाणोर्व्यतिपततो मन्दगत्या गच्छतः । कं कर्मतापन्नम् । **तं देसं** तं पूर्वगाथोदितं कालाणुव्याप्तमाकाशप्रदेशम् । **तस्सम** तेन कालाणुव्याप्तैकप्रदेशपुद्गलपरमाणुमन्दगतिगमनेन समः समानः सदृशस्तत्समः **समओ** कालाणुद्रव्यस्य सूक्ष्मपर्यायभूतः समयो व्यवहारकालो भवतीति पर्यायव्याख्यानं गतम् । **तदो परो पुव्वो** तस्मात्पूर्वोक्तसमयरूपकालपर्यायात्परो भाविकाले पूर्वमतीतकाले च **जो अत्थो** यः पूर्वापरपर्यायेष्वन्वयरूपेण दत्तपदार्थो द्रव्यं **सो कालो** स कालः कालपदार्थो भवतीति द्रव्यव्याख्यानम् । **समओ उप्पण्णपद्धंसी** स पूर्वोक्तसमयपर्यायो यद्यपि

---

તે દેશના અતિક્રમણ સમ છે ‘સમય’, તત્પૂર્વાપરે
જે અર્થ છે તે કાળ છે, ઉત્પન્નધ્વંસી ‘સમય’ છે. ૧૩૯.

**અન્વયાર્થ**:—[ तं देशं व्यतिपततः ] પરમાણુ એક આકાશપ્રદેશને (મંદ ગતિથી) ઓળંગે ત્યારે [ तत्समः ] તેના બરાબર જે વખત તે [ समयः ] ‘સમય’ છે; [ ततः पूर्वः परः ] ‘સમય’ની પૂર્વે તેમ જ પછી એવો (નિત્ય) [ यः अर्थः ] જે પદાર્થ છે [ सः कालः ] તે કાળદ્રવ્ય છે; [ समयः उत्पन्नप्रध्वंसी ] ‘સમય’ ઉત્પન્નધ્વંસી છે.

**ટીકા**:—કોઈ પ્રદેશમાત્ર કાળપદાર્થ વડે આકાશનો જે પ્રદેશ વ્યાપ્ત હોય તે પ્રદેશને જ્યારે પરમાણુ મંદ ગતિથી અતિક્રમે (ઓળંગે) ત્યારે તે [1]પ્રદેશમાત્ર-અતિક્રમણના [2]પરિમાણના બરાબર જે કાળપદાર્થની સૂક્ષ્મવૃત્તિરૂપ ‘સમય’ તે, તે કાળપદાર્થનો પર્યાય છે; અને આવા તે પર્યાયના પહેલાંની તેમ જ પછીની [3]વૃત્તિરૂપે વર્તતો હોવાને લીધે જેનું

---

૧. અતિક્રમણ = ઓળંગવું તે
૨. પરિમાણ = માપ
૩. વૃત્તિ = વર્તવું તે; પરિણતિ. (કાળપદાર્થ વર્તમાન સમય પહેલાંની પરિણતિરૂપે તેમ જ તેના પછીની પરિણતિરૂપે વર્તતો-પરિણમતો હોવાથી તેનું નિત્યપણું પ્રગટ છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**व्यञ्जितनित्यत्वे योऽर्थः तत्तु द्रव्यम् । एवमनुत्पन्नाविध्वस्तो द्रव्यसमयः, उत्पन्नप्रध्वंसी पर्यायसमयः । अनंशः समयोऽयमाकाशप्रदेशस्यानंशत्वान्यथानुपपत्तेः । न चैकसमयेन परमाणोरालोकान्तगमनेऽपि समयस्य सांशत्वं, विशिष्टगतिपरिणामाद्विशिष्टावगाहपरिणामवत् । तथा हि—यथा विशिष्टावगाहपरिणामादेकपरमाणुपरिमाणोऽनन्तपरमाणुस्कन्धः परमाणोरनंशत्वात् पुनरप्यनन्तांशत्वं न साधयति, तथा विशिष्टगतिपरिणामादेककालाणुव्याप्तैकाकाश-**

---

पूर्वापरसमयसन्तानापेक्षया संख्येयासंख्येयानन्तसमयो भवति, तथापि वर्तमानसमयं प्रत्युत्पन्नप्रध्वंसी । यस्तु पूर्वोक्तद्रव्यकालः स त्रिकालस्थायित्वेन नित्य इति । एवं कालस्य पर्यायस्वरूपं द्रव्यस्वरूपं च ज्ञातव्यम् ॥ अथवानेन गाथाद्वयेन समयरूपव्यवहारकालव्याख्यानं क्रियते । निश्चयकालव्याख्यानं तु 'उप्पादो पद्धंसो' इत्यादि गाथात्रयेणाग्रे करोति । तद्यथा—**समओ** परमार्थकालस्य पर्यायभूतसमयः । **अवप्पदेसो** अपगतप्रदेशो द्वितीयादिप्रदेशरहितो निरंश इत्यर्थः । कथं निरंश इति चेत् । **पदेसमेत्तस्स दवियजादस्स** प्रदेशमात्रपुद्गलद्रव्यस्य संबन्धी योऽसौ परमाणुः **वदिवादादो वट्टदि** व्यतिपातात् मन्दगतिगमनात्सकाशात्स परमाणुस्तावद्गमनरूपेण वर्तते । कं प्रति । **पदेसमागासदवियस्स** विवक्षितैकाकाशप्रदेशं प्रति । इति प्रथमगाथाव्याख्यानम् । **वदिवददो तं देसं** स परमाणुस्तमाकाशप्रदेशं यदा व्यतिपतितोऽतिक्रान्तो भवति **तस्सम समओ** तेन पुद्गलपरमाणुमन्दगतिगमनेन समः समानः समयो भवतीति निरंशत्वमिति वर्तमानसमयो व्याख्यातः । इदानीं पूर्वापरसमयौ कथयति—**तदो परो पुव्वो** तस्मात्पूर्वोक्तवर्तमानसमयात्परो भावी कोऽपि समयो भविष्यति पूर्वमपि कोऽपि गतः **अत्थो जो** एवं यः समयत्रयरूपोर्थः **सो कालो** सोऽतीतानागतवर्तमानरूपेण त्रिविधव्यवहारकालो भण्यते । **समओ उप्पण्णपद्धंसी** तेषु त्रिषु मध्ये योऽसौ वर्तमानः स उत्पन्नप्रध्वंसी अतीतानागतौ तु संख्येयासंख्येयानन्तसमयावित्यर्थः । एवमुक्तलक्षणे काले विद्य-

---

નિત્યત્વ પ્રગટ થાય છે એવો પદાર્થ તે દ્રવ્ય છે. આ રીતે દ્રવ્યસમય (અર્થાત્ કાળદ્રવ્ય) અનુત્પન્ન-અવિનષ્ટ છે અને પર્યાયસમય ઉત્પન્ન-ધ્વંસી છે (અર્થાત્ 'સમય' પર્યાય ઉત્પત્તિ-વિનાશવાળો છે). આ 'સમય' નિરંશ છે, કારણ કે જો એમ ન હોય તો આકાશના પ્રદેશનું નિરંશપણું બને નહિ.

વળી એક સમયમાં પરમાણુ લોકના અંત સુધી જતો હોવા છતાં 'સમય'ના અંશો પડતા નથી; કારણ કે જેમ (પરમાણુને) વિશિષ્ટ (ખાસ પ્રકારના) અવગાહપરિણામ હોય છે તેમ (પરમાણુને) વિશિષ્ટ ગતિપરિણામ હોય છે. તે સમજાવવામાં આવે છે:—જેમ વિશિષ્ટ અવગાહપરિણામને લીધે એક પરમાણુના કદ જેવડો અનંત પરમાણુઓનો સ્કંધ બને છે તોપણ તે સ્કંધ પરમાણુના અનંત અંશો સિદ્ધ કરતો નથી, કારણ કે પરમાણુ નિરંશ છે; તેમ જ્યારે એક કાળાણુથી વ્યાપ્ત એક આકાશપ્રદેશના અતિક્રમણના માપ જેવડા એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



प्रदेशातिक्रमणपरिमाणावच्छिन्नेनैकसमयेनैकस्माल्लोकान्ताद्द्वितीयं लोकान्तमाक्रामतः परमाणोरसंख्येयाः कालाणवः समयस्यानंशत्वादसंख्येयांशत्वं न साधयन्ति ॥ १३९ ॥

---

मानेऽपि परमात्मतत्त्वमलभमानोऽतीतानन्तकाले संसारसागरे भ्रमितोऽयं जीवो यतस्ततः कारणात्तदेव निजपरमात्मतत्त्वं सर्वप्रकारोपादेयरूपेण श्रद्धेयं, स्वसंवेदनज्ञानरूपेण ज्ञातव्यमाहारभयमैथुनपरिग्रहसंज्ञास्वरूपप्रभृतिसमस्तरागादिविभावत्यागेन ध्येयमिति तात्पर्यम् ॥ १३९ ॥ एवं कालव्याख्यानमुख्यत्वेन

---

'સમય'માં પરમાણુ વિશિષ્ટ ગતિપરિણામને લીધે લોકના એક છેડેથી બીજા છેડા સુધી જાય છે ત્યારે (તે પરમાણુ વડે ઓળંગાતા) અસંખ્ય કાળાણુઓ 'સમય'ના અસંખ્ય અંશો સિદ્ધ કરતા નથી, કારણ કે 'સમય' નિરંશ છે.

ભાવાર્થઃ—પરમાણુને એક આકાશપ્રદેશેથી બીજા અનંતર આકાશપ્રદેશે મંદ ગતિથી જતાં જે વખત લાગે તેને 'સમય' કહેવામાં આવે છે. તે 'સમય' કાળદ્રવ્યનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ પર્યાય છે. કાળદ્રવ્ય નિત્ય છે; 'સમય' ઉત્પન્ન થાય છે અને નષ્ટ થાય છે. જેમ આકાશપ્રદેશ આકાશદ્રવ્યનો નાનામાં નાનો અંશ છે, તેના ભાગ પડતા નથી, તેમ 'સમય' કાળદ્રવ્યનો નાનામાં નાનો નિરંશ પર્યાય છે, તેના ભાગ પડતા નથી. જો 'સમય'ના ભાગ પડે તો તો પરમાણુ વડે એક 'સમય'માં ઓળંગાતો જે આકાશપ્રદેશ તેના પણ તેટલા જ ભાગ પડવા જોઈએ. પરંતુ આકાશપ્રદેશ તો નિરંશ છે; તેથી 'સમય' પણ નિરંશ જ છે.

અહીં પ્રશ્ન થાય છે કે જ્યારે પુદ્ગલ-પરમાણુ શીઘ્ર ગતિ વડે એક 'સમય'માં લોકના એક છેડેથી બીજે છેડે પહોંચી જાય છે ત્યારે તે ચૌદ રાજુ સુધી આકાશપ્રદેશોમાં શ્રેણીબદ્ધ જેટલા કાળાણુઓ છે તે સર્વને સ્પર્શે છે, માટે અસંખ્ય કાળાણુઓને સ્પર્શતો હોવાથી 'સમય'ના અસંખ્ય અંશો પડવા જોઈએ. તેનું સમાધાનઃ- જેવી રીતે અનંત પરમાણુઓનો કોઈ સ્કંધ આકાશના એક પ્રદેશમાં સમાઈ જઈને કદમાં એક પરમાણુ જેવડો જ હોય છે, તે પરમાણુઓના ખાસ પ્રકારના અવગાહપરિણામને લીધે જ છે; (*પરમાણુઓમાં એવી જ કોઈ વિશિષ્ટ પ્રકારના અવગાહપરિણામની શક્તિ છે તેને લીધે આમ બને છે; ) તેથી કાંઈ પરમાણુના અનંત અંશ પડતા નથી; તેવી રીતે કોઈ પરમાણુ એક સમયમાં અસંખ્ય કાળાણુઓને ઓળંગીને લોકના એક છેડેથી બીજે છેડે પહોંચી જાય છે, તે પરમાણુના ખાસ પ્રકારના ગતિપરિણામને લીધે જ છે; (પરમાણુમાં એવી જ કોઈ વિશિષ્ટ પ્રકારના ગતિપરિણામની શક્તિ છે તેને લીધે આમ બને છે; ) તેથી કાંઈ 'સમય'ના અસંખ્ય અંશ પડતા નથી. ૧૩૯.

---

* આકાશમાં પણ અવગાહહેતુત્વગુણને લીધે એવી શક્તિ છે કે તેનો એક પ્રદેશ પણ અનંત પરમાણુઓને અવકાશ દેવાને સમર્થ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथाकाशस्य प्रदेशलक्षणं सूत्रयति—

**आगासमणुणिविट्ठं आगासपदेससण्णया भणिदं ।**
**सव्वेसिं च अणूणं सक्कदि तं देदुमवगासं ॥ १४० ॥**

आकाशमणुनिविष्टमाकाशप्रदेशसंज्ञया भणितम् ।
सर्वेषां चाणूनां शक्नोति तद्दातुमवकाशम् ॥ १४० ॥

आकाशस्यैकाणुव्याप्योंऽशः किलाकाशप्रदेशः, स खल्वेकोऽपि शेषपञ्चद्रव्यप्रदेशानां परमसौक्ष्म्यपरिणतानन्तपरमाणुस्कन्धानां चावकाशदानसमर्थः । अस्ति चाविभागैकद्रव्यत्वेऽप्यंशकल्पनमाकाशस्य, सर्वेषामणूनामवकाशदानस्यान्यथानुपपत्तेः । यदि पुनराकाशस्यांशा न स्युरिति मतिस्तदाङ्गुलीयुगलं नभसि प्रसार्य निरूप्यतां किमेकं क्षेत्रं किमनेकम् । एकं

---

षष्ठस्थले गाथाद्वयं गतम् । अथ पूर्वं यत्सूचितं प्रदेशस्वरूपं तदिदानीं विवृणोति—**आगासमणुणिविट्ठं** आकाशं अणुनिविष्टं पुद्गलपरमाणुव्याप्तम् । **आगासपदेससण्णया भणिदं** आकाशप्रदेश-

---

હવે આકાશના પ્રદેશનું લક્ષણ સૂત્રદ્વારા કહે છે:—

**આકાશ જે અણુવ્યાપ્ય, 'આભપ્રદેશ' સંજ્ઞા તેહને;**
**તે એક સૌ પરમાણુને અવકાશદાનસમર્થ છે. ૧૪૦.**

**અન્વયાર્થ:**—[ अणुनिविष्टम् आकाशं ] એક પરમાણુ જેટલા આકાશમાં રહે તેટલા આકાશને [ आकाशप्रदेशसंज्ञया ] 'આકાશપ્રદેશ' એવા નામથી [ भणितम् ] કહેવામાં આવ્યું છે; [ च ] અને [ तत् ] તે [ सर्वेषाम् अणूनां ] સર્વ પરમાણુઓને [ अवकाशं दातुम् शक्नोति ] અવકાશ દેવાને સમર્થ છે.

**ટીકા:**—આકાશનો એક પરમાણુથી વ્યાપ્ય અંશ તે આકાશપ્રદેશ છે; અને તે એક ( આકાશપ્રદેશ ) પણ બાકીનાં પાંચ દ્રવ્યોના પ્રદેશોને તથા પરમ સૂક્ષ્મતારૂપે પરિણમેલા અનંત પરમાણુઓના સ્કંધોને અવકાશ દેવાને સમર્થ છે. આકાશ અવિભાગ ( અખંડ ) એક દ્રવ્ય હોવા છતાં તેમાં ( પ્રદેશોરૂપ ) અંશકલ્પના થઈ શકે છે, કારણ કે જો એમ ન હોય તો સર્વ પરમાણુઓને અવકાશ દેવાનું બને નહિ.

આમ છતાં જો 'આકાશના અંશો ન હોય ( અર્થાત્ અંશકલ્પના ન કરાય )' એવી ( કોઈની ) માન્યતા હોય, તો બે આંગળી આકાશમાં પ્રસારીને 'બે આંગળીનું એક ક્ષેત્ર છે કે અનેક' તે કહો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**चेत्किमभिन्नांशाविभागैकद्रव्यत्वेन किं वा भिन्नांशाविभागैकद्रव्यत्वेन। अभिन्नांशाविभागैकद्रव्यत्वेन चेत् येनांशेनैकस्या अङ्गुलेः क्षेत्रं तेनांशेनेतरस्या इत्यन्यतरांशाभावः। एवं द्व्याद्यंशानामभावादाकाशस्य परमाणोरिव प्रदेशमात्रत्वम्। भिन्नांशाविभागैकद्रव्यत्वेन चेत् अविभागैकद्रव्यस्यांशकल्पनमायातम्। अनेकं चेत् किं सविभागानेकद्रव्यत्वेन किं वाऽविभागैकद्रव्यत्वेन। सविभागानेकद्रव्यत्वेन चेत् एकद्रव्यस्याकाशस्यानन्तद्रव्यत्वं, अविभागैकद्रव्यत्वेन चेत् अविभागैकद्रव्यस्यांशकल्पनमायातम् ॥ १४० ॥**

---

संज्ञया भणितं कथितम्। **सव्वेसिं च अणूणं** सर्वेषामणूनां चकारात्सूक्ष्मस्कन्धानां च **सक्कदि तं देदुमवगासं** शक्नोति स आकाशप्रदेशो दातुमवकाशम्। तस्याकाशप्रदेशस्य यदीत्थंभूतमवकाशदानसामर्थ्यं न भवति तदानन्तानन्तो जीवराशिस्तस्मादप्यनन्तगुणपुद्गलराशिश्चासंख्येयप्रदेशलोके कथमवकाशं लभते। तच्च विस्तरेण पूर्वं भणितमेव। अथ मतम्—अखण्डाकाशद्रव्यस्य प्रदेशविभागः कथं घटते। परिहारमाह—चिदानन्दैकस्वभावनिजात्मतत्त्वपरमैकाग्र्यलक्षणसमाधिसंजातनिर्विकाराह्लादैकरूपसुखसुधारसास्वादतृप्तमुनियुगलस्यावस्थितक्षेत्रं किमेकमनेकं वा। यद्येकं तर्हि द्वयोरप्येकत्वं प्राप्नोति। न च तथा। भिन्नं चेत्तदा अखण्डस्याप्याकाशद्रव्यस्य प्रदेशविभागो न विरुध्यत इत्यर्थः ॥ १४० ॥

---

જો 'બે આંગળીનું એક ક્ષેત્ર છે' એમ કહેવામાં આવે તો (પૂછીએ છીએ કે), (૧) આકાશ અભિન્ન અંશોવાળું અવિભાગ એક દ્રવ્ય છે તેથી બે આંગળીનું એક ક્ષેત્ર છે કે (૨) ભિન્ન અંશોવાળું અવિભાગ એક દ્રવ્ય છે તેથી? (૧) 'આકાશ અભિન્ન અંશોવાળું અવિભાગ એક દ્રવ્ય છે તેથી બે આંગળીનું એક ક્ષેત્ર છે' એમ કહેવામાં આવે તો, જે અંશ એક આંગળીનું ક્ષેત્ર છે તે જ અંશ બીજી આંગળીનું ક્ષેત્ર છે તેથી બેમાંથી એક અંશનો અભાવ થયો. એ રીતે બે વગેરે (અર્થાત્ એકથી વધારે) અંશોનો અભાવ થવાથી આકાશ પરમાણુની માફક પ્રદેશમાત્ર ઠર્યું! (માટે તે તો ઘટતું નથી.) (૨) 'આકાશ ભિન્ન અંશોવાળું અવિભાગ એક દ્રવ્ય છે તેથી બે આંગળીનું એક ક્ષેત્ર છે' એમ કહેવામાં આવે તો (તે યોગ્ય જ છે કારણ કે) અવિભાગ એક દ્રવ્યમાં અંશકલ્પના ફલિત થઈ.

જો 'બે આંગળીનાં અનેક ક્ષેત્ર છે (અર્થાત્ એકથી વધારે ક્ષેત્ર છે, એક નથી)' એમ કહેવામાં આવે તો (પૂછીએ છીએ કે) (૧) 'આકાશ સવિભાગ (ખંડખંડરૂપ) અનેક દ્રવ્ય છે તેથી બે આંગળીનાં અનેક (એકથી વધારે) ક્ષેત્ર છે કે (૨) આકાશ અવિભાગ એક દ્રવ્ય હોવા છતાં બે આંગળીનાં અનેક ક્ષેત્ર છે? (૧) 'આકાશ સવિભાગ અનેક દ્રવ્ય છે તેથી બે આંગળીનાં અનેક ક્ષેત્ર છે' એમ કહેવામાં આવે તો, આકાશ કે જે એક દ્રવ્ય છે તેને અનંતદ્રવ્યપણું ઠરે! (માટે તે તો ઘટતું નથી.) (૨) 'આકાશ અવિભાગ એક દ્રવ્ય હોવા છતાં બે આંગળીનાં અનેક ક્ષેત્ર છે' એમ કહેવામાં આવે તો (તે યોગ્ય જ છે કારણ કે) અવિભાગ એક દ્રવ્યમાં અંશકલ્પના ફલિત થઈ. ૧૪૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ तिर्यगूर्ध्वप्रचयावावेदयति—

एक्को व दुगे बहुगा संखातीदा तदो अणंता य ।
दव्वाणं च पदेसा संति हि समय त्ति कालस्स ॥ १४१ ॥

एको वा द्वौ बहवः संख्यातीतास्ततोऽनन्ताश्च ।
द्रव्याणां च प्रदेशाः सन्ति हि समया इति कालस्य ॥ १४१ ॥

**प्रदेशप्रचयो हि तिर्यक्प्रचयः समयविशिष्टवृत्तिप्रचयस्तदूर्ध्वप्रचयः । तत्राकाशस्यावस्थितानन्तप्रदेशत्वाद्धर्माधर्मयोरवस्थितासंख्येयप्रदेशत्वाज्जीवस्यानवस्थितासंख्येयप्रदेशत्वा-**

---

अथ तिर्यक्प्रचयोर्ध्वप्रचयौ निरूपयति—**एक्को व दुगे बहुगा संखातीदा तदो अणंता य** एको वा द्वौ बहवः संख्यातीतास्ततोऽनन्ताश्च । **दव्वाणं च पदेसा संति हि** कालद्रव्यं विहाय पञ्चद्रव्याणां संबन्धिन एते प्रदेशा यथासंभवं सन्ति हि स्फुटम् । **समय त्ति कालस्स** कालस्य पुनः पूर्वोक्तसंख्योपेताः समयाः सन्तीति । तद्यथा—एकाकारपरमसमरसीभावपरिणतपरमानन्दैकलक्षणसुखामृतभरितावस्थानां केवलज्ञानादिव्यक्तिरूपानन्तगुणाधारभूतानां लोकाकाशप्रमितशुद्धासंख्येयप्रदेशानां मुक्तात्मपदार्थे योऽसौ प्रचयः समूहः समुदायो राशिः स। किं किं भण्यते । तिर्यक्प्रचय इति

---

હવે [૧]તિર્યક્પ્રચય તથા [૨]ઊર્ધ્વપ્રચય જણાવે છેઃ—

વર્તે પ્રદેશો દ્રવ્યને, જે એક અથવા બે અને
બહુ વા અસંખ્ય, અનંત છે; વળી હોય સમયો કાળને. ૧૪૧.

**અન્વયાર્થઃ**—[ द्रव्याणां च ] દ્રવ્યોને [ एकः ] એક, [ द्वौ ] બે, [ बहवः ] ઘણા, [ संख्यातीताः ] અસંખ્ય [ वा ] અથવા [ ततः अनन्ताः च ] અનંત [ प्रदेशाः ] પ્રદેશો [ सन्ति हि ] છે. [ कालस्य ] કાળને [ समयाः इति ] 'સમયો' છે.

**ટીકાઃ**—પ્રદેશોનો પ્રચય (સમૂહ) તે તિર્યક્પ્રચય અને સમયવિશિષ્ટ [૩]વૃત્તિઓનો પ્રચય તે ઊર્ધ્વપ્રચય.

ત્યાં આકાશ અવસ્થિત (-નિશ્ચળ, સ્થિર) અનંત પ્રદેશોવાળું હોવાથી, ધર્મ તથા અધર્મ અવસ્થિત અસંખ્ય પ્રદેશોવાળાં હોવાથી, જીવ અનવસ્થિત (અસ્થિર) અસંખ્ય

---

૧. તિર્યક્ = તીરછો; આડો; ક્ષેત્ર-અપેક્ષિત.
૨. ઊર્ધ્વ = ઊંચો; કાળ-અપેક્ષિત.
૩. વૃત્તિ = વર્તવું તે; પરિણતિ; પર્યાય; ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય; અસ્તિત્વ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



त्पुद्गलस्य द्रव्येणानेकप्रदेशत्वशक्तियुक्तैकप्रदेशत्वात्पर्यायेण द्विबहुप्रदेशत्वाच्चास्ति तिर्यक्प्रचयः। न पुनः कालस्य, शक्त्या व्यक्त्या चैकप्रदेशत्वात्। ऊर्ध्वप्रचयस्तु त्रिकोटिस्पर्शित्वेन सांशत्वाद्-द्रव्यवृत्तेः सर्वद्रव्याणामनिवारित एव। अयं तु विशेषः समयविशिष्टवृत्तिप्रचयः शेषद्रव्याणा-मूर्ध्वप्रचयः, समयप्रचयः एव कालस्योर्ध्वप्रचयः। शेषद्रव्याणां वृत्तेर्हि समयादर्थान्तरभूतत्वाद-स्ति समयविशिष्टत्वम्। कालवृत्तेस्तु स्वतः समयभूतत्वात्तन्नास्ति ॥ १४१ ॥

अथ कालपदार्थोर्ध्वप्रचयनिरन्वयत्वमुपहन्ति—

---

तिर्यक्सामान्यमिति विस्तारसामान्यमिति अक्रमानेकान्त इति च भण्यते। स च प्रदेशप्रचयलक्षण-स्तिर्यक्प्रचयो यथा मुक्तात्मद्रव्ये भणितस्तथा कालं विहाय स्वकीयस्वकीयप्रदेशसंख्यानुसारेण शेष-द्रव्याणां स भवतीति तिर्यक्प्रचयो व्याख्यातः। प्रतिसमयवर्तिनां पूर्वोत्तरपर्यायाणां मुक्ताफलमाला-वत्सन्तान ऊर्द्ध्वप्रचय इत्यूर्द्ध्वसामान्यमित्यायतसामान्यमिति क्रमानेकान्त इति च भण्यते। स च सर्वद्रव्याणां भवति। किंतु पञ्चद्रव्याणां संबन्धी पूर्वापरपर्यायसन्तानरूपो योऽसावूर्द्ध्वताप्रचयस्तस्य स्वकीयस्वकीयद्रव्यमुपादानकारणम्। कालस्तु प्रतिसमयं सहकारिकारणं भवति। यस्तु कालस्य समय-सन्तानरूप ऊर्द्ध्वताप्रचयस्तस्य काल एवोपादानकारणं सहकारिकारणं च। कस्मात्। कालस्य भिन्नसमयाभावात्पर्याया एव समया भवन्तीत्यभिप्रायः ॥ १४१ ॥ एवं सप्तमस्थले स्वतन्त्रगाथाद्वयं

---

પ્રદેશોવાળો હોવાથી અને પુદ્‌ગલ દ્રવ્યે અનેકપ્રદેશીપણાની શક્તિ સહિત એક પ્રદેશવાળું તથા પર્યાયે બે અથવા ઘણા (–સંખ્યાત, અસંખ્યાત ને અનંત) પ્રદેશોવાળું હોવાથી, તેમને તિર્યક્પ્રચય છે. પરંતુ કાળને તિર્યક્પ્રચય નથી, કારણ કે તે શક્તિએ તેમ જ વ્યક્તિએ એક પ્રદેશવાળો છે.

ઊર્ધ્વપ્રચય તો સર્વ દ્રવ્યોને અનિવાર્ય જ છે, કારણ કે દ્રવ્યની વૃત્તિ ત્રણ કોટિને (–ભૂત, વર્તમાન અને ભવિષ્ય એવા ત્રણે કાળને) સ્પર્શતી હોવાથી અંશો સહિત છે. પરંતુ, આટલો ફેર છે કે *સમયવિશિષ્ટ વૃત્તિઓનો પ્રચય તે (કાળ સિવાય) બાકીનાં દ્રવ્યોને ઊર્ધ્વ-પ્રચય છે અને સમયોનો પ્રચય તે જ કાળદ્રવ્યને ઊર્ધ્વપ્રચય છે; કારણ કે બાકીનાં દ્રવ્યોની વૃત્તિ સમયથી અર્થાંતરભૂત (–અન્ય) હોવાથી તે (વૃત્તિ) સમયવિશિષ્ટ છે અને કાળદ્રવ્યની વૃત્તિ તો સ્વતઃ સમયભૂત હોવાથી તે (વૃત્તિ) સમયવિશિષ્ટ નથી. ૧૪૧.

હવે કાળપદાર્થનો ઊર્ધ્વપ્રચય †નિરન્વય હોવાની વાતનું ખંડન કરે છેઃ—

---

* સમયવિશિષ્ટ = સમયથી વિશિષ્ટ; સમય નિમિત્તભૂત હોવાથી વ્યવહારે જેમાં સમયની અપેક્ષા આવે છે એવી.

† નિરન્વય = અન્વય રહિત; એકપ્રવાહપણે ન હોય એવો; ખંડિત; એકરૂપતા–સદૃશતા રહિત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**उप्पादो पद्धंसो विज्जदि जदि जस्स एकसमयम्हि ।
समयस्स सो वि समओ सभावसमवट्ठिदो हवदि ॥ १४२ ॥**

**उत्पादः प्रध्वंसो विद्यते यदि यस्यैकसमये ।
समयस्य सोऽपि समयः स्वभावसमवस्थितो भवति ॥ १४२ ॥**

समयो हि समयपदार्थस्य वृत्त्यंशः। तस्मिन् कस्याप्यवश्यमुत्पादप्रध्वंसौ संभवतः, परमाणोर्व्यतिपातोत्पद्यमानत्वेन कारणपूर्वत्वात् । तौ यदि वृत्त्यंशस्यैव, किं यौगपद्येन किं

---

गतम् । अथ समयसन्तानरूपस्योर्द्ध्वप्रचयस्यान्वयिरूपेणाधारभूतं कालद्रव्यं व्यवस्थापयति–**उप्पादो पद्धंसो विज्जदि जदि** उत्पादः प्रध्वंसो विद्यते यदि चेत् । कस्य । **जस्स** यस्य कालाणोः । क। **एकसमयम्हि** एकसमये वर्तमानसमये । **समयस्स** समयोत्पादकत्वात्समयः कालाणुस्तस्य। **सो वि समओ** सोऽपि कालाणुः **सभावसमवट्ठिदो हवदि** स्वभावसमवस्थितो भवति । पूर्वोक्तमुत्पाद-प्रध्वंसद्वयं तदाधारभूतं कालाणुद्रव्यरूपं ध्रौव्यमिति त्रयात्मकः स्वभावः सत्तास्तित्वमिति यावत् । तत्र

---

**એક જ સમયમાં ધ્વંસ ને ઉત્પાદનો સદ્ભાવ છે
જો કાળને, તો કાળ તેહ સ્વભાવ-સમવસ્થિત છે. ૧૪૨.**

**અન્વયાર્થઃ**—[ यदि यस्य समयस्य ] જો કાળને [ एकसमये ] એક સમયમાં [ उत्पादः प्रध्वंसः ] ઉત્પાદ અને ધ્વંસ [ विद्यते ] વર્તે છે, [ सः अपि समयः ] તો તે કાળ [ स्वभाव-समवस्थितः ] સ્વભાવે અવસ્થિત અર્થાત્ ધ્રુવ [ भवति ] (ઠરે) છે.

**ટીકાઃ**—સમય કાળપદાર્થનો *વૃત્ત્યંશ છે; તેમાં (-તે વૃત્ત્યંશમાં) કોઈને પણ અવશ્ય ઉત્પાદ તથા વિનાશ સંભવે છે, કેમ કે પરમાણુના અતિક્રમણ દ્વારા (સમયરૂપી વૃત્ત્યંશ) ઉત્પન્ન થતો હોવાથી કારણપૂર્વક છે. (પરમાણુ વડે જે એક આકાશપ્રદેશનું મંદ ગતિથી ઓળંગવું તે કારણ છે અને સમયરૂપી વૃત્ત્યંશ તે કારણનું કાર્ય છે તેથી તેમાં કોઈ પદાર્થને ઉત્પાદ તથા વિનાશ થતા હોવા જોઈએ.)

('કોઈ પદાર્થને ઉત્પાદ-વિનાશ થવાની શી જરૂર છે? તેને બદલે તે વૃત્ત્યંશને જ ઉત્પાદ-વિનાશ થતા માની લઈએ તો શી હરકત?' એવા તર્કનું સમાધાન કરવામાં આવે છેઃ)

ઉત્પાદ અને વિનાશ જો વૃત્ત્યંશના જ માનવામાં આવે તો, (પૂછીએ છીએ કે)

---

* વૃત્ત્યંશ = વૃત્તિનો અંશ; સૂક્ષ્મમાં સૂક્ષ્મ પરિણતિ અર્થાત્ પર્યાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



क्रमेण। यौगपद्येन चेत्, नास्ति यौगपद्यं, सममेकस्य विरुद्धधर्मयोरनवतारात्। क्रमेण चेत्, नास्ति क्रमः, वृत्त्यंशस्य सूक्ष्मत्वेन विभागाभावात्। ततो वृत्तिमान् कोऽप्यवश्यमनुसर्तव्यः। स च समयपदार्थ एव। तस्य खल्वेकस्मिन्नपि वृत्त्यंशे समुत्पादप्रध्वंसौ संभवतः। यो हि यस्य वृत्तिमतो यस्मिन् वृत्त्यंशे तद्वृत्त्यंशविशिष्टत्वेनोत्पादः, स एव तस्यैव वृत्तिमतस्तस्मिन्नेव वृत्त्यंशे पूर्ववृत्त्यंशविशिष्टत्वेन प्रध्वंसः। यद्येवमुत्पादव्ययावेकस्मिन्नपि वृत्त्यंशे संभवतः समयपदार्थस्य कथं नाम निरन्वयत्वं, यतः पूर्वोत्तरवृत्त्यंशविशिष्टत्वाभ्यां युगपदुपात्तप्रध्वंसोत्पादस्यापि स्वभावेनाप्रध्वस्तानुत्पन्नत्वादवस्थितत्वमेव न भवेत्। एवमेकस्मिन्

---

सम्यगवस्थितः स्वभावसमवस्थितो भवति । तथा हि—यथाङ्गुलिद्रव्ये यस्मिन्नेव वर्तमानक्षणे वक्रपर्यायस्योत्पादस्तस्मिन्नेव क्षणे तस्यैवाङ्गुलिद्रव्यस्य पूर्वर्जुपर्यायेण प्रध्वंसस्तदाधारभूताङ्गुलिद्रव्यत्वेन ध्रौव्यमिति द्रव्यसिद्धिः । अथवा स्वस्वभावरूपसुखेनोत्पादस्तस्मिन्नेव क्षणे तस्यैवात्मद्रव्यस्य पूर्वानुभूताकुलत्वदुःखरूपेण प्रध्वंसस्तदुभयाधारभूतपरमात्मद्रव्यत्वेन ध्रौव्यमिति द्रव्यसिद्धिः । अथवा मोक्षपर्यायरूपेणोत्पादस्तस्मिन्नेव क्षणे रत्नत्रयात्मकनिश्चयमोक्षमार्गपर्यायरूपेण प्रध्वंसस्तदुभयाधारपरमात्मद्रव्यत्वेन ध्रौव्यमिति द्रव्यसिद्धिः । तथा वर्तमानसमयरूपपर्यायेणोत्पादस्तस्मिन्नेव क्षणे तस्यैव कालाणुद्रव्यस्य पूर्वसमयरूपपर्यायेण प्रध्वंसस्तदुभयाधारभूताङ्गुलिद्रव्यस्थानीयेन कालाणुद्रव्यरूपेण ध्रौव्यमिति कालद्रव्यसिद्धि-

---

(૧) તેઓ (ઉત્પાદ તથા વિનાશ) યુગપદ્ છે કે (૨) ક્રમે છે? (૧) જો 'યુગપદ્ છે' એમ કહેવામાં આવે તો, યુગપદ્પણું (ઘટતું) નથી કારણ કે એકીવખતે એકને બે વિરુદ્ધ ધર્મો ન હોય (અર્થાત્ એકીવખતે એક વૃત્ત્યંશને પ્રકાશ અને અંધકારની માફક ઉત્પાદ અને વિનાશ એવા બે વિરુદ્ધ ધર્મો ન હોય). (૨) જો 'ક્રમે છે' એમ કહેવામાં આવે તો, ક્રમ નથી (અર્થાત્ ક્રમ પણ ઘટતો નથી) કારણ કે વૃત્ત્યંશ સૂક્ષ્મ હોવાથી તેમાં વિભાગનો અભાવ છે. માટે (આ રીતે સમયરૂપી વૃત્ત્યંશને ઉત્પાદ તથા વિનાશ થવા અશક્ય હોવાથી) કોઈ *વૃત્તિમાન અવશ્ય શોધવો જોઈએ. અને તે (વૃત્તિમાન) કાળપદાર્થ જ છે. તેને (–તે કાળપદાર્થને) ખરેખર એક વૃત્ત્યંશમાં પણ ઉત્પાદ અને વિનાશ સંભવે છે; કારણ કે જે વૃત્તિમાનને જે વૃત્ત્યંશમાં તે વૃત્ત્યંશની અપેક્ષાએ જે ઉત્પાદ છે, તે જ (ઉત્પાદ) તે જ વૃત્તિમાનને તે જ વૃત્ત્યંશમાં પૂર્વ વૃત્ત્યંશની અપેક્ષાએ વિનાશ છે (અર્થાત્ કાળપદાર્થને જે વર્તમાન પર્યાયની અપેક્ષાએ ઉત્પાદ છે, તે જ પૂર્વ પર્યાયની અપેક્ષાએ વિનાશ છે).

જો આમ ઉત્પાદ અને વિનાશ એક વૃત્ત્યંશમાં પણ સંભવે છે, તો કાળપદાર્થ નિરન્વય કઈ રીતે હોય, કે જેથી પહેલાંના અને પછીના વૃત્ત્યંશની અપેક્ષાએ યુગપદ્ વિનાશ અને ઉત્પાદ પામતો હોવા છતાં પણ સ્વભાવે અવિનષ્ટ અને અનુત્પન્ન હોવાથી તે (કાળપદાર્થ) અવસ્થિત

---

* વૃત્તિમાન = વૃત્તિવાળો; વૃત્તિને ધરનાર પદાર્થ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वृत्त्यंशे समयपदार्थस्योत्पादव्ययध्रौव्यवत्त्वं सिद्धम् ॥ १४२ ॥

अथ सर्ववृत्त्यंशेषु समयपदार्थस्योत्पादव्ययध्रौव्यवत्त्वं साधयति—

**एगम्हि संति समये संभवठिदिणाससण्णिदा अट्ठा।**
**समयस्स सव्वकालं एस हि कालाणुसब्भावो ॥ १४३ ॥**

**एकस्मिन् सन्ति समये संभवस्थितिनाशसंज्ञिता अर्थाः।**
**समयस्य सर्वकालं एष हि कालाणुसद्भावः ॥ १४३ ॥**

अस्ति हि समस्तेष्वपि वृत्त्यंशेषु समयपदार्थस्योत्पादव्ययध्रौव्यत्वमेकस्मिन् वृत्त्यंशे तस्य दर्शनात्। उपपत्तिमच्चैतत्, विशेषास्तित्वस्य सामान्यास्तित्वमन्तरेणानुपपत्तेः। अयमेव च

रित्यर्थः ॥ १४२ ॥ अथ पूर्वोक्तप्रकारेण यथा वर्तमानसमये कालद्रव्यस्योत्पादव्ययध्रौव्यत्वं स्थापितं तथा सर्वसमयेष्वस्तीति निश्चिनोति—**एगम्हि संति समये संभवठिदिणाससण्णिदा अट्ठा** एकस्मिन्समये सन्ति

ન હોય? (કાળપદાર્થને એક વૃત્ત્યંશમાં પણ ઉત્પાદ અને વિનાશ યુગપદ્ થતા હોવાથી તે નિરન્વય અર્થાત્ ખંડિત નથી માટે સ્વભાવે અવશ્ય ધ્રુવ છે.)

આ પ્રમાણે એક વૃત્ત્યંશમાં કાળપદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળો છે એમ સિદ્ધ થયું. ૧૪૨.

હવે (જેમ એક વૃત્ત્યંશમાં કાળપદાર્થ ઉત્પાદવ્યયધ્રૌવ્યવાળો સિદ્ધ કર્યો તેમ) સર્વ વૃત્ત્યંશોમાં કાળપદાર્થ ઉત્પાદવ્યયધ્રૌવ્યવાળો છે એમ સિદ્ધ કરે છેઃ—

**પ્રત્યેક સમયે જન્મ-ધ્રૌવ્ય-વિનાશ અર્થો કાળને**
**વર્તે સરવદા; આ જ બસ કાળાણુનો સદ્ભાવ છે. ૧૪૩.**

**અન્વયાર્થઃ**—[एकस्मिन् समये] એક એક સમયમાં [संभवस्थितिनाशसंज्ञिताः अर्थाः] ઉત્પાદ, ધ્રૌવ્ય અને વ્યય નામના અર્થો [समयस्य] કાળને [सर्वकालं] સદાય [सन्ति] હોય છે. [एषः हि] આ જ [कालाणुसद्भावः] કાળાણુનો સદ્ભાવ છે (અર્થાત્ આ જ કાળાણુના અસ્તિત્વની સિદ્ધિ છે).

**ટીકાઃ**—કાળપદાર્થને બધાય વૃત્ત્યંશોમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય હોય છે, કારણ કે (૧૪૨ મી ગાથામાં સિદ્ધ થયું તેમ) એક વૃત્ત્યંશમાં તેઓ (ઉત્પાદવ્યયધ્રૌવ્ય) જોવામાં આવે છે. અને આ યોગ્ય જ છે, કારણ કે વિશેષ અસ્તિત્વ સામાન્ય અસ્તિત્વ વિના બની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



समयपदार्थस्य सिद्ध्यति सद्भावः । यदि विशेषसामान्यास्तित्वे सिद्ध्यतस्तदा त अस्तित्वमन्तरेण न सिद्ध्यतः कथंचिदपि ॥ १४३ ॥

अथ कालपदार्थस्यास्तित्वान्यथानुपपत्त्या प्रदेशमात्रत्वं साधयति—

**जस्स ण संति पदेसा पदेसमेत्तं व तच्चदो णादुं ।**
**सुण्णं जाण तमत्थं अत्थंतरभूदमत्थीदो ॥ १४४ ॥**

**यस्य न सन्ति प्रदेशाः प्रदेशमात्रं वा तत्त्वतो ज्ञातुम् ।**
**शून्यं जानीहि तमर्थमर्थान्तरभूतमस्तित्वात् ॥ १४४ ॥**

---

विद्यन्ते । के । संभवस्थितिनाशसंज्ञिता अर्थाः धर्माः स्वभावा इति यावत् । कस्य संबन्धिनः । **समयस्स** समयरूपपर्यायस्योत्पादकत्वात् समयः कालाणुस्तस्य । **सव्वकालं** यद्येकस्मिन् वर्तमानसमये सर्वदा तथैव । **एस हि कालाणुसब्भावो** एषः प्रत्यक्षीभूतो हि स्फुटमुत्पादव्ययध्रौव्यात्मककालाणुसद्भाव इति । तद्यथा—यथा पूर्वमेकसमयोत्पादप्रध्वंसाधारेणाङ्गुलिद्रव्यादिदृष्टान्तेन वर्तमानसमये कालद्रव्यस्योत्पादव्ययध्रौव्यत्वं स्थापितं तथा सर्वसमयेषु ज्ञातव्यमिति । अत्र यद्यप्यतीतानन्तकाले दुर्लभायाः सर्वप्रकारोपादेयभूतायाः सिद्धगतेः काललब्धिरूपेण बहिरङ्गसहकारी भवति कालस्तथापि निश्चयनयेन निजशुद्धात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुष्ठानसमस्तपरद्रव्येच्छानिरोधलक्षणतपश्चरणरूपा या तु निश्चयचतुर्विधाराधना सैव तत्रोपादानकारणं, न च कालस्तेन कारणेन स हेय इति भावार्थः ॥ १४३ ॥

---

શકે નહિ. આ જ કાળપદાર્થના સદ્‌ભાવની (અસ્તિત્વની) સિદ્ધિ છે; (કારણ કે) જો વિશેષ અસ્તિત્વ અને સામાન્ય અસ્તિત્વ સિદ્ધ થાય છે તો તેઓ અસ્તિત્વ વિના કોઈ પણ રીતે સિદ્ધ થતા નથી. ૧૪૩.

હવે કાળપદાર્થના અસ્તિત્વની અન્યથા અનુપપત્તિ હોવાથી (અર્થાત્ કાળપદાર્થનું અસ્તિત્વ બીજી કોઈ રીતે નહિ બની શકતું હોવાથી) તેનું પ્રદેશમાત્રપણું સિદ્ધ કરે છે:—

**જે અર્થને ન બહુ પ્રદેશ, ન એક વા પરમાર્થથી,**
**તે અર્થ જાણો શૂન્ય કેવળ—અન્ય જે અસ્તિત્વથી. ૧૪૪.**

**અન્વયાર્થ:**—[ यस्य ] જે પદાર્થને [ प्रदेशाः ] પ્રદેશો [ प्रदेशमात्रं वा ] અથવા એક પ્રદેશ પણ [ तत्त्वतः ज्ञातुम् न सन्ति ] પરમાર્થે જણાતો નથી, [ तम् अर्थम् ] તે પદાર્થને [ शून्यं जानीहि ] શૂન્ય જાણ—[ अस्तित्वात् अर्थान्तरभूतम् ] કે જે અસ્તિત્વથી અર્થાંતરભૂત (-અન્ય) છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अस्तित्वं हि तावदुत्पादव्ययध्रौव्यैक्यात्मिका वृत्तिः। न खलु सा प्रदेशमन्तरेण सूत्र्यमाणा कालस्य संभवति, यतः प्रदेशाभावे वृत्तिमदभावः। स तु शून्य एव, अस्तित्वसंज्ञाया वृत्तेरर्थान्तरभूतत्वात्। न च वृत्तिरेव केवला कालो भवितुमर्हति, वृत्तेर्हि वृत्तिमन्तमन्तरेणानुपपत्तेः। उपपत्तौ वा कथमुत्पादव्ययध्रौव्यैक्यात्मकत्वम्। अनाद्यन्तनिरन्तरानेकांशवशीकृतैकात्मकत्वेन पूर्वपूर्वांशप्रध्वंसादुत्तरोत्तरांशोत्पादादेकात्मध्रौव्यादिति चेत्; नैवम्। यस्मिन्नंशे प्रध्वंसो यस्मिंश्चोत्पादस्तयोः सहप्रवृत्त्यभावात् कुतस्त्यमैक्यम्। तथा प्रध्वस्तांशस्य सर्वथास्तमितत्वादुत्पद्यमानांशस्य वासम्भवितात्मलाभत्वात्प्रध्वंसोत्पादैक्यवर्ति-

---

अथोत्पादव्ययध्रौव्यात्मकास्तित्वावष्टम्भेन कालस्यैकप्रदेशत्वं साधयति—**जस्स ण संति** यस्य पदार्थस्य न सन्ति न विद्यन्ते। के। **पदेसा** प्रदेशाः। **पदेसमेत्तं** तु प्रदेशमात्रमेकप्रदेशप्रमाणं पुनस्तद्वस्तु **तच्चदो णादुं** तत्त्वतः परमार्थतो ज्ञातुं शक्यते। **सुण्णं जाण तमत्थं** यस्यैकोऽपि प्रदेशो नास्ति तमर्थं

---

**ટીકાઃ**—પ્રથમ તો અસ્તિત્વ તે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યના ઐકયસ્વરૂપ વૃત્તિ છે. તે (વૃત્તિ અર્થાત્ હયાતી) કાળને પ્રદેશ વિના હોય છે એમ કહેવામાં આવે તો તે સંભવતું નથી; કારણ કે પ્રદેશના અભાવે વૃત્તિમાનનો અભાવ હોય છે. તે તો શૂન્ય જ છે, કેમ કે અસ્તિત્વ નામની વૃત્તિથી અર્થાન્તરભૂત છે—અન્ય છે.

વળી (અહીં એમ તર્ક કરવામાં આવે કે 'એકલી સમયપર્યાયરૂપ વૃત્તિ જ માનો; વૃત્તિમાન કાળાણુપદાર્થની શી જરૂર છે?' તેનું સમાધાન કરવામાં આવે છેઃ) એકલી વૃત્તિ (સમયરૂપ પરિણતિ) તે જ કાળ હોય એ ઘટતું નથી; કારણ કે વૃત્તિ વૃત્તિમાન વિના બની શકે નહિ. 'વૃત્તિ વૃત્તિમાન વિના બની શકે છે' એમ કહેવામાં આવે તો, (પૂછીએ છીએ કે વૃત્તિ તો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતાસ્વરૂપ હોવી જોઈએ;) એકલી વૃત્તિ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતાસ્વરૂપ કઈ રીતે હોઈ શકે? 'અનાદિ-અનંત, અનંતર (-પરસ્પર અંતર પડ્યા વિના એક પછી એક પ્રવર્તતા) અનેક અંશોને લીધે *એકાત્મકતા થતી હોવાથી, પહેલાં પહેલાંના અંશોનો નાશ થાય છે, પછીપછીના અંશોનો ઉત્પાદ થાય છે અને એકાત્મકતારૂપ ધ્રૌવ્ય રહે છે —એ રીતે એકલી વૃત્તિ પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતાસ્વરૂપ હોઈ શકે છે' એમ કહેવામાં આવે તો, એમ નથી. (તે એકલી વૃત્તિમાં તો) જે અંશમાં નાશ છે અને જે અંશમાં ઉત્પાદ છે તે બે અંશો સાથે નહિ પ્રવર્તતા હોવાથી (ઉત્પાદ અને વ્યયનું) ઐક્ય ક્યાંથી? તથા નષ્ટ અંશ સર્વથા અસ્ત થયો હોવાથી અને ઉત્પન્ન થતો અંશ પોતાના સ્વરૂપને પામ્યો નહિ હોવાથી (અર્થાત્ ઊપજ્યો નહિ હોવાથી) નાશ અને ઉત્પાદની એકતામાં

---

* એકાત્મકતા = એકસ્વરૂપતા. (કાળદ્રવ્ય વિના પણ અનાદિ કાળથી અનંત કાળ સુધી સમયો એક પછી એક પરસ્પર અંતર પડ્યા વિના પ્રવર્તે છે તેથી એકપ્રવાહરૂપ બની જવાથી તેમાં એકસ્વરૂપપણું આવે છે—એમ શંકાકાર તરફથી તર્ક છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ध्रौव्यमेव कुतस्त्यम् । एवं सति नश्यति त्रैलक्षण्यं, उल्लसति क्षणभङ्गः, अस्तमुपैति नित्यं द्रव्यं, उदीयन्ते क्षणक्षयिणो भावाः। ततस्तत्त्वविप्लवभयात्कश्चिदवश्यमाश्रयभूतो वृत्तेर्वृत्तिमाननुसर्तव्यः। स तु प्रदेश एवाप्रदेशस्यान्वयव्यतिरेकानुविधायित्वासिद्धेः। एवं सप्रदेशत्वे हि कालस्य कुत एकद्रव्यनिबन्धनं लोकाकाशतुल्यासंख्येयप्रदेशत्वं नाभ्युपगम्येत। पर्यायसमयाप्रसिद्धेः। प्रदेशमात्रं हि द्रव्यसमयमतिक्रामतः परमाणोः पर्यायसमयः प्रसिद्ध्यति। लोकाकाशतुल्यासंख्येयप्रदेशत्वे तु द्रव्यसमयस्य कुतस्त्या तत्सिद्धिः। लोकाकाशतुल्यासंख्येयप्रदेशैकद्रव्यत्वेऽपि तस्यैकं प्रदेशमतिक्रामतः परमाणोस्तत्सिद्धिरिति चेन्नैवं; एकदेशवृत्तेः

---

पदार्थं शून्यं जानीहि हे शिष्य। कस्माच्छून्यमिति चेत्। **अत्थंतरभूदं** एकप्रदेशाभावे सत्यर्थान्तरभूतं भिन्नं भवति यतः कारणात्। कस्याः सकाशाद्भिन्नम्। **अत्थीदो** उत्पादव्ययध्रौव्यात्मकसत्ताया इति। तथा हि—कालपदार्थस्य तावत्पूर्वसूत्रोदितप्रकारेणोत्पादव्ययध्रौव्यात्मकमस्तित्वं विद्यते;

---

વર્તનારું ધ્રૌવ્ય જ ક્યાંથી? આમ હોતાં, ત્રિલક્ષણપણું (ઉત્પાદવ્યયધ્રૌવ્યપણું) નષ્ટ થાય છે, ક્ષણભંગ (અર્થાત્ બૌદ્ધોને માન્ય ક્ષણવિનાશ) ઉલ્લસે છે, નિત્ય દ્રવ્ય અસ્ત પામે છે અને ક્ષણમાં નાશ પામતા ભાવો ઉત્પન્ન થાય છે. માટે *તત્ત્વવિપ્લવના ભયથી અવશ્ય વૃત્તિના આશ્રયભૂત કોઈ વૃત્તિમાન શોધવો-સ્વીકારવો-યોગ્ય છે. તે તો પ્રદેશ જ છે (અર્થાત્ તે વૃત્તિમાન સપ્રદેશ જ હોય છે), કારણ કે અપ્રદેશને અન્વય તથા વ્યતિરેકનું અનુવિધાયિત્વ અસિદ્ધ છે (-અપ્રદેશ હોય તે અન્વય તથા વ્યતિરેકોને અનુસરી શકે નહિ અર્થાત્ તેમાં ધ્રૌવ્ય તથા ઉત્પાદ-વ્યય હોઈ શકે નહિ ).

[ પ્રશ્ન:- ] આ પ્રમાણે કાળ સપ્રદેશ છે તો તેને એક દ્રવ્યના કારણભૂત લોકાકાશ તુલ્ય અસંખ્ય પ્રદેશો કેમ ન માનવા જોઈએ?

[ ઉત્તર:- ] એમ હોય તો પર્યાયસમય પ્રસિદ્ધ થતો નથી તેથી અસંખ્ય પ્રદેશો માનવા યોગ્ય નથી. પરમાણુ વડે પ્રદેશમાત્ર દ્રવ્યસમય ઓળંગાતાં (અર્થાત્ પરમાણુ વડે એક પ્રદેશમાત્ર કાળાણુથી નિકટના બીજા પ્રદેશમાત્ર કાળાણુ સુધી મંદ ગતિએ ગમન કરતાં) પર્યાયસમય પ્રસિદ્ધ થાય છે. જો દ્રવ્યસમય લોકાકાશ તુલ્ય અસંખ્ય પ્રદેશોવાળો હોય તો પર્યાયસમયની સિદ્ધિ ક્યાંથી થાય?

'જો દ્રવ્યસમય અર્થાત્ કાળપદાર્થ લોકાકાશ જેટલા અસંખ્ય પ્રદેશોવાળું એક દ્રવ્ય હોય તોપણ પરમાણુ વડે તેનો એક પ્રદેશ ઓળંગાતાં પર્યાયસમયની સિદ્ધિ થાય' એમ કહેવામાં આવે તો, એમ નથી; કારણ કે ( તેમાં બે દોષ આવે છે )—

---

* તત્ત્વવિપ્લવ = વસ્તુસ્વરૂપમાં અંધાધૂંધી. [ તત્ત્વ = વસ્તુસ્વરૂપ. વિપ્લવ = અંધાધૂંધી; ગોટાળો; વિરોધ; વિનાશ. ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सर्ववृत्तित्वविरोधात्। सर्वस्यापि हि कालपदार्थस्य यः सूक्ष्मो वृत्त्यंशः स समयो, न तु तदेकदेशस्य। तिर्यक्प्रचयस्योर्ध्वप्रचयत्वप्रसंगाच्च। तथा हि—प्रथममेकेन प्रदेशेन वर्तते, ततोऽन्येन, ततोऽप्यन्यतरेणेति तिर्यक्प्रचयोऽप्यूर्ध्वप्रचयीभूय प्रदेशमात्रं द्रव्यमवस्थापयति। ततस्तिर्यक्प्रचयस्योर्ध्वप्रचयत्वमनिच्छता प्रथममेव प्रदेशमात्रं कालद्रव्यं व्यवस्थापयितव्यम् ॥ १४४ ॥

अथैवं ज्ञेयतत्त्वमुक्त्वा ज्ञानज्ञेयविभागेनात्मानं निश्चिन्वन्नात्मनोऽत्यन्तविभक्तत्वाय व्यवहारजीवत्वहेतुमालोचयति—

---

तच्चास्तित्वं प्रदेशं विना न घटते। यश्च प्रदेशवान् स कालपदार्थ इति। अथ मतं कालद्रव्याभावेऽप्युत्पादव्ययध्रौव्यत्वं घटते। नैवम्। अङ्गुलिद्रव्याभावे वर्तमानवक्रपर्यायोत्पादो भूतर्जुपर्यायस्य विनाशस्तदुभयाधारभूतं ध्रौव्यं कस्य भविष्यति। न कस्यापि। तथा कालद्रव्याभावे वर्तमानसमयरूपोत्पादो भूतसमयरूपो विनाशस्तदुभयाधारभूतं ध्रौव्यं कस्य भविष्यति। न कस्यापि। एवं सत्येतदायाति—अन्यस्य भङ्गोऽन्यस्योत्पादोऽन्यस्य ध्रौव्यमिति सर्वं वस्तुस्वरूपं विप्लवते। तस्माद्वस्तुविप्लवभयादुत्पादव्ययध्रौव्याणां कोऽप्येक आधारभूतोऽस्तीत्यभ्युपगन्तव्यम्। स चैकप्रदेशरूपः कालाणुपदार्थ एवेति। अत्रातीतानन्तकाले ये केचन सिद्धसुखभाजनं जाताः, भाविकाले च 'आत्मोपादानसिद्धं स्वयमतिशयवद्' इत्यादिविशेषणविशिष्टसिद्धसुखस्य भाजनं भविष्यन्ति ते सर्वेऽपि काललब्धिवशेनैव। तथापि तत्र निजपरमात्मोपादेयरुचिरूपं वीतरागचारित्राविनाभूतं यन्निश्चयसम्यक्त्वं तस्यैव मुख्यत्वं, न च कालस्य, तेन स हेय इति। तथा चोक्तम्—"किं पलविएण बहुणा जे सिद्धा णरवरा गये काले सिज्झहहि जे वि भविया तं जाणह

---

(૧) [ દ્રવ્યના એક દેશની પરિણતિને આખા દ્રવ્યની પરિણતિ માનવાનો પ્રસંગ આવે છે. ] એક દેશની વૃત્તિ તે આખા દ્રવ્યની વૃત્તિ માનવામાં વિરોધ છે. આખાય કાળપદાર્થનો જે સૂક્ષ્મ વૃત્ત્યંશ તે સમય છે, પરંતુ તેના એક દેશનો વૃત્ત્યંશ તે સમય નથી.

વળી, (૨) તિર્યક્પ્રચયને ઊર્ધ્વપ્રચયપણાનો પ્રસંગ આવે છે. તે આ પ્રમાણે: પ્રથમ કાળદ્રવ્ય એક પ્રદેશે વર્તે, પછી બીજા પ્રદેશે વર્તે, પછી વળી અન્ય પ્રદેશે વર્તે ( આવો પ્રસંગ આવે છે ). આમ તિર્યક્પ્રચય ઊર્ધ્વપ્રચય બનીને દ્રવ્યને પ્રદેશમાત્ર સ્થાપિત કરે છે ( અર્થાત્ તિર્યક્પ્રચય તે જ ઊર્ધ્વપ્રચય છે એમ માનવાનો પ્રસંગ આવતો હોવાથી દ્રવ્ય પ્રદેશમાત્ર જ સિદ્ધ થાય છે ). માટે તિર્યક્પ્રચયને ઊર્ધ્વપ્રચયપણું નહિ ઇચ્છનારે પ્રથમ જ કાળદ્રવ્યને પ્રદેશમાત્ર નક્કી કરવું.

( આમ જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપનને વિષે દ્રવ્યવિશેષપ્રજ્ઞાપન સમાપ્ત થયું. ) ૧૪૪.

હવે, એ રીતે જ્ઞેયતત્ત્વ કહીને, જ્ઞાન અને જ્ઞેયના વિભાગ વડે આત્માને નક્કી કરતા થકા, આત્માને અત્યંત વિભક્ત ( ભિન્ન ) કરવા માટે વ્યવહારજીવત્વનો હેતુ વિચારે છે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**सपदेसेहिं समग्गो लोगो अट्ठेहिं णिट्ठिदो णिच्चो ।**
**जो तं जाणदि जीवो पाणचदुक्काभिसंबद्धो ॥ १४५ ॥**

**सप्रदेशैः समग्रो लोकोऽर्थैर्निष्ठितो नित्यः ।**
**यस्तं जानाति जीवः प्राणचतुष्काभिसम्बद्धः ॥ १४५ ॥**

एवमाकाशपदार्थादाकालपदार्थाच्च समस्तैरेव संभावितप्रदेशसद्भावैः पदार्थैः समग्र एव यः समाप्तिं नीतो लोकस्तं खलु तदन्तःपातित्वेऽप्यचिन्त्यस्वपरपरिच्छेदशक्तिसंपदा जीव एव जानीते, नत्वितरः । एवं शेषद्रव्याणि ज्ञेयमेव, जीवद्रव्यं तु ज्ञेयं ज्ञानं चेति ज्ञानज्ञेयविभागः। अथास्य जीवस्य सहजविजृम्भितानन्तज्ञानशक्तिहेतुके त्रिसमयावस्थायित्वलक्षणे

---

सम्ममाहप्पं" ॥ १४४ ॥ एवं निश्चयकालव्याख्यानमुख्यत्वेनाष्टमस्थले गाथात्रयं गतम् । इति पूर्वोक्तप्रकारेण 'दव्वं जीवमजीवं' इत्याद्येकोनविंशतिगाथाभिः स्थलाष्टकेन **विशेषज्ञेयाधिकारः** समाप्तः ॥ अतः परं शुद्धजीवस्य द्रव्यभावप्राणैः सह भेदनिमित्तं 'सपदेसेहिं समग्गो' इत्यादि यथाक्रमेण गाथा-

---

**સપ્રદેશ અર્થોથી સમાપ્ત સમગ્ર લોક સુનિત્ય છે;**
**તસુ જાણનારો જીવ, પ્રાણચતુષ્કથી સંયુક્ત જે. ૧૪૫.**

**અન્વયાર્થઃ**—[ सप्रदेशैः अर्थैः ] સપ્રદેશ પદાર્થો વડે [ निष्ठितः ] [1]સમાપ્તિ પામેલો [ समग्रः लोकः ] આખો લોક [ नित्यः ] નિત્ય છે. [ तं ] તેને [ यः जानाति ] જે જાણે છે [ जीवः ] તે જીવ છે—[ प्राणचतुष्काभिसंबद्धः ] કે જે ( સંસારદશામાં ) ચાર પ્રાણોથી સંયુક્ત છે.

**ટીકાઃ**—એ પ્રમાણે, પ્રદેશનો સદ્‌ભાવ જેમને ફલિત થયો છે એવા જે આકાશપદાર્થથી માંડીને કાળપદાર્થ સુધીના બધાય પદાર્થો તેમના વડે સમાપ્તિ પામેલો જે આખોય લોક, તેને ખરેખર તેમાં [2]અંતઃપાતી હોવા છતાં અચિંત્ય એવી સ્વ-પરને જાણવાની શક્તિરૂપ સંપદા વડે જીવ જ જાણે છે, પરંતુ બીજું કોઈ જાણતું નથી. એ રીતે બાકીનાં દ્રવ્યો જ્ઞેય જ છે અને જીવદ્રવ્ય તો જ્ઞેય તેમ જ જ્ઞાન છે;—આમ જ્ઞાન અને જ્ઞેયનો વિભાગ છે.

હવે આ જીવને, સહજપણે પ્રગટ ( સ્વભાવથી જ પ્રગટ ) એવી અનંતજ્ઞાનશક્તિ જેનો હેતુ છે અને ત્રણે કાળે અવસ્થાયીપણું ( ટકવાપણું ) જેનું લક્ષણ છે એવું, વસ્તુના

---

૧. છ દ્રવ્યોથી જ આખો લોક સમાપ્ત થાય છે અર્થાત્ તે દ્રવ્યો ઉપરાન્ત બીજું કાંઈ લોકમાં નથી.
૨. અંતઃપાતી = અંદર આવી જતો; અંદર સમાઈ જતો. (જીવ લોકની અંદર આવી જાય છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**वस्तुस्वरूपभूततया सर्वदानपायिनि निश्चयजीवत्वे सत्यपि संसारावस्थायामनादिप्रवाहप्रवृत्त-पुद्गलसंश्लेषदूषितात्मतया प्राणचतुष्काभिसंबद्धत्वं व्यवहारजीवत्वहेतुर्विभक्तव्योऽस्ति ॥ १४५॥**

**अथ के प्राणा इत्यावेदयति—**

---

ष्टकपर्यन्तं सामान्यभेदभावनाव्याख्यानं करोति । तद्यथा । अथ ज्ञानज्ञेयज्ञापनार्थं तथैवात्मनः प्राणचतुष्केन सह भेदभावनार्थं वा सूत्रमिदं प्रतिपादयति—**लोगो** लोको भवति । कथंभूतः । **णिट्ठिदो** निष्ठितः समाप्तिं नीतो भृतो वा । कैः कर्तृभूतैः । **अट्ठेहिं** सहजशुद्धबुद्धैकस्वभावो योऽसौ परमात्मपदार्थस्तत्प्रभृतयो येऽर्थास्तैः । पुनरपि किंविशिष्टः । **सपदेसेहिं समग्गो** स्वकीयप्रदेशैः समग्रः परिपूर्णः । अथवा पदार्थैः । कथंभूतैः । सप्रदेशैः प्रदेशसहितैः । पुनरपि किंविशिष्टो लोकः । **णिच्चो** द्रव्यार्थिकनयेन नित्यः लोकाकाशापेक्षया वा । अथवा नित्यो, न केनापि पुरुषविशेषेण कृतः । **जो तं जाणदि** यः कर्ता तं ज्ञेयभूतं लोकं जानाति **जीवो** स जीवपदार्थो भवति । एतावता किमुक्तं भवति । योऽसौ विशुद्धज्ञानदर्शनस्वभावो जीवः स ज्ञानं ज्ञेयश्च भण्यते । शेषपदार्थास्तु ज्ञेया एवेति ज्ञातृज्ञेयविभागः । पुनरपि किंविशिष्टो जीवः । **पाणचदुक्केण संबद्धो** यद्यपि निश्चयेन स्वतःसिद्धपरमचैतन्यस्वभावेन निश्चयप्राणेन जीवति तथापि व्यवहारेणानादिकर्मबन्धवशादायुराद्यशुद्ध-प्राणचतुष्केनापि संबद्धः सन् जीवति । तच्च शुद्धनयेन जीवस्वरूपं न भवतीति भेदभावना ज्ञातव्ये-त्यभिप्रायः ॥ १४५ ॥ अथेन्द्रियादिप्राणचतुष्कस्वरूपं प्रतिपादयति—अतीन्द्रियानन्तसुखस्वभावात्मनो विलक्षण इन्द्रियप्राणः, मनोवाक्कायव्यापाररहितात्परमात्मद्रव्याद्विसदृशो बलप्राणः, अनाद्यनन्तस्वभावा-

---

સ્વરૂપભૂત હોવાથી સર્વદા અવિનાશી નિશ્ચયજીવત્વ હોવા છતાં, સંસાર-અવસ્થામાં અનાદિ-પ્રવાહરૂપે પ્રવર્તતા પુદ્ગલસંશ્લેષ વડે પોતે દૂષિત હોવાથી તેને ચાર પ્રાણોથી સંયુક્તપણું છે—કે જે ( સંયુક્તપણું ) વ્યવહારજીવત્વનો હેતુ છે અને વિભક્ત કરવાયોગ્ય છે.

ભાવાર્થઃ—ષટ્ દ્રવ્યનો સમુદાય તે લોક છે. જીવ અચિંત્ય જ્ઞાનશક્તિથી તેને જાણે છે; તેથી જીવ સિવાય બાકીનાં દ્રવ્યો જ્ઞેય છે અને જીવ જ્ઞાન તેમ જ જ્ઞેય છે.

તે જીવને, વસ્તુના સ્વરૂપભૂત હોવાથી જે કદી નાશ પામતું નથી એવું નિશ્ચય-જીવત્વ સદાય છે. તે નિશ્ચયજીવત્વનું કારણ સ્વાભાવિક એવી અનંતજ્ઞાનશક્તિ છે. આવું નિશ્ચયજીવત્વ જીવને સદાય હોવા છતાં, સંસારદશામાં પોતે પુદ્ગલના સંબંધથી દૂષિત હોવાને લીધે ચાર પ્રાણોથી સંયુક્ત છે અને તેથી તેને વ્યવહારજીવત્વ પણ છે. તે વ્યવહારજીવત્વના કારણરૂપ જે ચાર પ્રાણોથી સંયુક્તપણું તેનાથી જીવને ભિન્ન કરવાયોગ્ય છે. ૧૪૫.

હવે પ્રાણો કયા છે તે કહે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इंदियपाणो य तधा बलपाणो तह य आउपाणो य ।
आणप्पाणप्पाणो जीवाणं होंति पाणा ते ॥ १४६ ॥

इन्द्रियप्राणश्च तथा बलप्राणस्तथा चायुःप्राणश्च ।
आनपानप्राणो जीवानां भवन्ति प्राणास्ते ॥ १४६ ॥

स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्रपञ्चकमिन्द्रियप्राणाः, कायवाङ्मनस्त्रयं बलप्राणाः, भवधारणनिमित्तमायुःप्राणः, उदञ्चनन्यञ्चनात्मको मरुदानपानप्राणः ॥ १४६ ॥

अथ प्राणानां निरुक्त्या जीवत्वहेतुत्वं पौद्गलिकत्वं च सूत्रयति—

---

स्वसमात्मपदार्थाद्विपरीतः सावन्त आयुःप्राणः, उच्छ्वासनिश्वासजनितखेदरहिताच्छुद्धात्मतत्त्वात्प्रतिपक्षभूत आनपानप्राणः । एवमायुरिन्द्रियबलोच्छ्वासरूपेणाभेदनयेन जीवानां संबन्धिनश्चत्वारः प्राणा भवन्ति । ते च शुद्धनयेन जीवाद्भिन्ना भावयितव्या इति ॥ १४६ ॥ अथ त एव प्राणा भेदनयेन दशविधा भवन्तीत्यावेदयति—

पंच वि इंदियपाणा मणवचिकाया य तिण्णि बलपाणा ।
आणप्पाणप्पाणो आउगपाणेण होंति दसपाणा ॥ *१२ ॥

---

ઇંદ્રિયપ્રાણ, તથા વળી બળપ્રાણ, આયુપ્રાણ ને
વળી પ્રાણ શ્વાસોચ્છ્વાસ–એ સૌ, જીવ કેરા પ્રાણ છે. ૧૪૬.

**અન્વયાર્થ :—**[ इन्द्रियप्राणः च ] ઇન્દ્રિયપ્રાણ, [ तथा बलप्राणः ] બળપ્રાણ, [ तथा च आयुःप्राणः ] આયુપ્રાણ [ च ] તથા [ आनपानप्राणः ] શ્વાસોચ્છ્વાસપ્રાણ—[ ते ] એ (ચાર) [ जीवानां ] જીવોના [ प्राणाः ] પ્રાણો [ भवन्ति ] છે.

ટીકાઃ—સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ, ઇન્દ્રિયપ્રાણ છે; કાય, વચન અને મન એ ત્રણ, બળપ્રાણ છે; ભવધારણનું નિમિત્ત (અર્થાત્ મનુષ્યાદિપર્યાયની સ્થિતિનું નિમિત્ત) તે આયુપ્રાણ છે; નીચે તથા ઊંચે જવું તે જેનું સ્વરૂપ છે એવો વાયુ (શ્વાસ) તે શ્વાસોચ્છ્વાસપ્રાણ છે. ૧૪૬.

હવે વ્યુત્પત્તિથી પ્રાણોને જીવત્વનું હેતુપણું તથા તેમનું પૌદ્ગલિકપણું સૂત્રદ્વારા કહે છે (અર્થાત્ પ્રાણો જીવત્વના હેતુ છે એમ વ્યુત્પત્તિથી દર્શાવે છે, તથા પ્રાણો પૌદ્ગલિક છે એમ કહે છે ):—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पाणेहिं चदुहिं जीवदि जीविस्सदि जो हि जीविदो पुव्वं ।
सो जीवो पाणा पुण पोग्गलदव्वेहिं णिव्वत्ता ॥ १४७ ॥

प्राणैश्चतुर्भिर्जीवति जीविष्यति यो हि जीवितः पूर्वम् ।
स जीवः प्राणाः पुनः पुद्गलद्रव्यैर्निर्वृत्ताः ॥ १४७ ॥

प्राणसामान्येन जीवति जीविष्यति जीवितवांश्च पूर्वमिति जीवः । एवमनादिसंतान-प्रवर्तमानतया त्रिसमयावस्थत्वात्प्राणसामान्यं जीवस्य जीवत्वहेतुरस्त्येव । तथापि तन्न जीवस्य स्वभावत्वमवाप्नोति पुद्गलद्रव्यनिर्वृत्तत्वात् ॥ १४७ ॥

---

इन्द्रियप्राणः पञ्चविधः, त्रिधा बलप्राणः, पुनश्चैक आनपानप्राणः, आयुःप्राणश्चेति भेदेन दश प्राणास्तेऽपि चिदानन्दैकस्वभावात्परमात्मनो निश्चयेन भिन्ना ज्ञातव्या इत्यभिप्रायः ॥ *१२ ॥ अथ प्राणशब्दव्युत्पत्त्या जीवस्य जीवत्वं प्राणानां पुद्गलस्वरूपत्वं च निरूपयति—**पाणेहिं चदुहि जीवदि** यद्यपि निश्चयेन सत्ताचैतन्यसुखबोधादिशुद्धभावप्राणैर्जीवति तथापि व्यवहारेण वर्तमानकाले द्रव्यभावरूपैश्चतुर्भिरशुद्धप्राणैर्जीवति **जीविस्सदि** जीविष्यति भाविकाले **जो हि जीविदो** यो हि स्फुटं जीवितः **पुव्वं** पूर्वकाले **सो जीवो** स जीवो भवति। **ते पाणा** ते पूर्वोक्ताः प्राणाः **पोग्गलदव्वेहिं णिव्वत्ता** उदयागतपुद्गलकर्मणा निर्वृत्ता निष्पन्ना इति । तत एव कारणात्पुद्गलद्रव्यविपरीतादनन्त-

---

જે ચાર પ્રાણે જીવતો પૂર્વે, જીવે છે, જીવશે,
તે જીવ છે; પણ પ્રાણ તો પુદ્‌ગલદરવનિષ્પન્ન છે. ૧૪૭.

**અન્વયાર્થઃ**—[ यः हि ] જે [ चतुर्भिः प्राणैः ] ચાર પ્રાણોથી [ जीवति ] જીવે છે, [ जीविष्यति ] જીવશે [ जीवितः पूर्वं ] અને પૂર્વે જીવતો હતો, [ सः जीवः ] તે જીવ છે. [ पुनः ] આમ છતાં [ प्राणाः ] પ્રાણો તો [ पुद्गलद्रव्यैः निर्वृत्ताः ] પુદ્‌ગલદ્રવ્યોથી નિષ્પન્ન છે.

**ટીકાઃ**—(વ્યુત્પત્તિ પ્રમાણે) પ્રાણસામાન્યથી જીવે છે, જીવશે અને પૂર્વે જીવતો હતો, તે જીવ છે. એ રીતે (પ્રાણસામાન્ય) અનાદિ સંતાનરૂપે (-પ્રવાહરૂપે) પ્રવર્તતા હોવાને લીધે (સંસારદશામાં) ત્રણે કાળ ટકતા હોવાથી પ્રાણસામાન્ય જીવને જીવત્વના હેતુ છે જ. તથાપિ તે (પ્રાણસામાન્ય) જીવનો સ્વભાવ નથી કારણ કે પુદ્‌ગલદ્રવ્યથી નીપજેલા—રચાયેલા છે.

**ભાવાર્થઃ**—જોકે નિશ્ચયથી જીવ સદાય ભાવપ્રાણથી જીવે છે, તોપણ સંસારદશામાં વ્યવહારથી તેને વ્યવહારજીવત્વના કારણભૂત ઇંદ્રિયાદિ દ્રવ્યપ્રાણોથી જીવતો કહેવામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ प्राणानां पौद्गलिकत्वं साधयति—

जीवो पाणणिबद्धो बद्धो मोहादिएहिं कम्मेहिं ।
उवभुंजं कम्मफलं बज्झदि अण्णेहिं कम्मेहिं ॥ १४८ ॥

जीवः प्राणनिबद्धो बद्धो मोहादिकैः कर्मभिः ।
उपभुंजानः कर्मफलं बध्यतेऽन्यैः कर्मभिः ॥ १४८ ॥

यतो मोहादिभिः पौद्गलिककर्मभिर्बद्धत्वाज्जीवः प्राणनिबद्धो भवति, यतश्च प्राणनिबद्धत्वात्पौद्गलिककर्मफलमुपभुञ्जानः पुनरप्यन्यैः पौद्गलिककर्मभिर्बध्यते, ततः

---

ज्ञानदर्शनसुखवीर्याद्यनन्तगुणस्वभावात्परमात्मतत्त्वाद्भिन्ना भावयितव्या इति भावः ॥ १४७ ॥ अथ प्राणानां यत्पूर्वसूत्रोदितं पौद्गलिकत्वं तदेव दर्शयति—**जीवो पाणणिबद्धो** जीवः कर्ता चतुर्भिः प्राणैर्निबद्धः संबद्धो भवति। कथंभूतः सन्। **बद्धो** शुद्धात्मोपलम्भलक्षणमोक्षाद्विलक्षणैर्बद्धः। कैर्बद्धः। **मोहादिएहिं कम्मेहिं** मोहनीयादिकर्मभिर्बद्धस्ततो ज्ञायते मोहादिकर्मभिर्बद्धः सन् प्राणनिबद्धो भवति, न च कर्मबन्धरहित इति। तत एव ज्ञायते प्राणाः पुद्गलकर्मोदयजनिता इति। तथाविधः सन् किं करोति। **उवभुंजदि कम्मफलं** परमसमाधिसमुत्पन्ननित्यानन्दैकलक्षणसुखामृतभोजनमलभमानः सन् कटुकविषसमानमपि कर्मफलमुपभुङ्क्ते । **बज्झदि अण्णेहि कम्मेहिं** तत्कर्मफलमुपभुञ्जानः सन्नयं जीवः कर्मरहितात्मनो विसदृशैरन्यकर्मभिर्नवतरकर्मभिर्बध्यते । यतः कारणात्कर्मफलं भुञ्जानो नवतर-

---

આવે છે. આમ છતાં તે દ્રવ્યપ્રાણો આત્માનું સ્વરૂપ બિલકુલ નથી કારણ કે તેઓ પુદ્‌ગલ-દ્રવ્યથી બનેલા છે. ૧૪૭.

હવે પ્રાણોનું પૌદ્‌ગલિકપણું સિદ્ધ કરે છેઃ—

મોહાદિકર્મનિબંધથી સંબંધ પામી પ્રાણનો,
જીવ કર્મફળ-ઉપભોગ કરતાં, બંધ પામે કર્મનો. ૧૪૮.

**અન્વયાર્થઃ**—[ मोहादिकैः कर्मभिः ] મોહાદિક કર્મો વડે [ बद्धः ] બંધાયો હોવાને લીધે [ जीवः ] જીવ [ प्राणनिबद्धः ] પ્રાણોથી સંયુક્ત થયો થકો [ कर्मफलम् उपभुंजानः ] કર્મફળને ભોગવતાં [ अन्यैः कर्मभिः ] અન્ય કર્મો વડે [ बध्यते ] બંધાય છે.

**ટીકાઃ**— (૧) મોહાદિક પૌદ્‌ગલિક કર્મો વડે બંધાયો હોવાને લીધે જીવ પ્રાણોથી સંયુક્ત થાય છે અને (૨) પ્રાણોથી સંયુક્ત થવાને લીધે પૌદ્‌ગલિક કર્મફળને ( મોહી-રાગી-દ્વેષી જીવ મોહ-રાગ-દ્વેષપૂર્વક ) ભોગવતો થકો ફરીને પણ અન્ય પૌદ્‌ગલિક કર્મો વડે બંધાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पौद्गलिककर्मकार्यत्वात्पौद्गलिककर्मकारणत्वाच्च पौद्गलिका एव प्राणा निश्चीयन्ते ।।१४८।।

अथ प्राणानां पौद्गलिककर्मकारणत्वमुन्मीलयति—

**पाणाबाधं जीवो मोहपदेसेहिं कुणदि जीवाणं ।**
**जदि सो हवदि हि बंधो णाणावरणादिकम्मेहिं ।। १४९ ।।**

**प्राणाबाधं जीवो मोहप्रद्वेषाभ्यां करोति जीवयोः ।**
**यदि स भवति हि बन्धो ज्ञानावरणादिकर्मभिः ।। १४९ ।।**

---

कर्माणि बध्नाति, ततो ज्ञायते प्राणा नवतरपुद्गलकर्मणां कारणभूता इति ।। १४८ ।। अथ प्राणा नवतरपुद्गलकर्मबन्धस्य कारणं भवन्तीति पूर्वोक्तमेवार्थं विशेषेण समर्थयति—**पाणाबाधं** आयुरादिप्राणानां बाधां पीडां **कुणदि** करोति । स कः । **जीवो** जीवः । काभ्यां कृत्वा । **मोहपदेसेहिं** सकलविमलकेवलज्ञानप्रदीपेन मोहान्धकारविनाशकात्परमात्मनो विपरीताभ्यां मोहप्रद्वेषाभ्यां । केषां प्राणबाधां करोति । **जीवाणं** एकेन्द्रियप्रमुखजीवानाम् । **जदि** यदि चेत् **सो हवदि बंधो** तदा स्वात्मोपलम्भप्राप्तिरूपान्मोक्षाद्विपरीतो मूलोत्तरप्रकृत्यादिभेदभिन्नः स परमागमप्रसिद्धो हि स्फुटं बन्धो भवति । कैः कृत्वा । **णाणावरणादिकम्मेहिं** ज्ञानावरणादिकर्मभिरिति । ततो ज्ञायते प्राणाः पुद्गलकर्मबन्धकारणं भवन्तीति । अयमत्रार्थः—यथा कोऽपि तप्तलोहपिण्डेन परं हन्तुकामः सन् पूर्वं तावदात्मानमेव हन्ति, पश्चादन्यघाते नियमो नास्ति, तथायमज्ञानी जीवोऽपि तप्तलोहपिण्डस्थानीयमोहादिपरिणामेन परिगतः सन् पूर्वं निर्विकारस्वसंवेदनज्ञानस्वरूपं स्वकीयशुद्धप्राणं हन्ति, पश्चादुत्तरकाले परप्राणघाते

---

છે, તેથી (૧) પૌદ્ગલિક કર્મનાં કાર્ય હોવાને લીધે અને (૨) પૌદ્ગલિક કર્મનાં કારણ હોવાને લીધે પ્રાણો પૌદ્ગલિક જ નિશ્ચિત (નક્કી) થાય છે. ૧૪૮.

હવે પ્રાણોને પૌદ્ગલિક કર્મનું કારણપણું (અર્થાત્ પ્રાણો પૌદ્ગલિક કર્મનાં કારણ કઈ રીતે છે તે) પ્રગટ કરે છેઃ—

**જીવ મોહ-દ્વેષ વડે કરે બાધા જીવોના પ્રાણને,**
**તો બંધ જ્ઞાનાવરણ-આદિક કર્મનો તે થાય છે. ૧૪૯.**

**અન્વયાર્થઃ**—[ यदि ] જો [ जीवः ] જીવ [ मोहप्रद्वेषाभ्यां ] મોહ અને દ્વેષ વડે [ जीवयोः ] જીવોના (-સ્વજીવના તથા પરજીવના) [ प्राणाबाधं करोति ] પ્રાણોને બાધા કરે છે, [ सः हि ] તો પૂર્વે કહેલો [ ज्ञानावरणादिकर्मभिः बन्धः ] જ્ઞાનાવરણાદિક કર્મો વડે બંધ [ भवति ] થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



प्राणैर्हि तावज्जीवः कर्मफलमुपभुंक्ते; तदुपभुञ्जानो मोहप्रद्वेषावाप्नोति; ताभ्यां स्वजीवपरजीवयोः प्राणाबाधं विदधाति। तदा कदाचित्परस्य द्रव्यप्राणानाबाध्य कदाचिद-नाबाध्य स्वस्य भावप्राणानुपरक्तत्वेन बाधमानो ज्ञानावरणादीनि कर्माणि बध्नाति। एवं प्राणाः पौद्गलिककर्मकारणतामुपयान्ति ॥ १४९ ॥

अथ पुद्गलप्राणसन्ततिप्रवृत्तिहेतुमन्तरङ्गमासूत्रयति—

आदा कम्ममलिमसो धरेदि पाणे पुणो पुणो अण्णे ।
ण चयदि जाव ममत्तं देहपधाणेसु विसयेसु ॥ १५० ॥

---

नियमो नास्तीति ॥ १४९ ॥ अथेन्द्रियादिप्राणोत्पत्तेरन्तरङ्गहेतुमुपदिशति—**आदा कम्ममलिमसो** अयमात्मा स्वभावेन भावकर्मद्रव्यकर्मनोकर्ममलरहितत्वेनात्यन्तनिर्मलोऽपि व्यवहारेणानादिकर्मबन्धवशान्म-लीमसो भवति। तथाभूतः सन् किं करोति। **धरेदि पाणे पुणो पुणो अण्णे** धारयति प्राणान् पुनःपुनः अन्यान्नवतरान्। यावत्किम्। **ण चयदि जाव ममत्तं** निस्नेहचिच्चमत्कारपरिणतेर्विपरीतां

---

**टीका:—**પ્રથમ તો પ્રાણોથી જીવ કર્મફળને ભોગવે છે; તેને ભોગવતો થકો મોહ તથા દ્વેષને પામે છે; મોહ તથા દ્વેષથી સ્વજીવ અને પરજીવના પ્રાણોને [1]બાધા કરે છે. ત્યાં, કદાચિત્ (-કોઈ વાર) પરના દ્રવ્યપ્રાણોને બાધા કરીને અને કદાચિત્ (પરના દ્રવ્યપ્રાણોને) બાધા નહિ કરીને, પોતાના ભાવપ્રાણોને તો [2]ઉપરક્તપણા વડે (અવશ્ય) બાધા કરતો થકો, (જીવ) જ્ઞાનાવરણાદિ કર્મો બાંધે છે. આ પ્રમાણે પ્રાણો પૌદ્ગલિક કર્મોના કારણપણાને પામે છે. ૧૪૯.

હવે પૌદ્ગલિક પ્રાણોની સંતતિની (-પ્રવાહની, પરંપરાની) પ્રવૃત્તિનો અંતરંગ હેતુ સૂત્રદ્વારા કહે છે:—

કર્મે મલિન જીવ ત્યાં લગી પ્રાણો ધરે છે ફરી ફરી,
મમતા શરીરપ્રધાન વિષયે જ્યાં લગી છોડે નહીં. ૧૫૦.

---

૧. બાધા = પીડા; ઉપદ્રવ; ઈજા; વિઘ્ન

૨. ઉપરક્તપણું = મલિનપણું; વિકારીપણું; મોહાદિપરિણામે પરિણમવું તે. [જેમ કોઈ પુરુષ તપેલા લોખંડના ગોળા વડે પરને ઈજા કરવા ઇચ્છતો થકો પ્રથમ તો પોતે પોતાને જ ઈજા કરે છે (-પોતે પોતાના જ હાથને બાળે છે), પછી પરને તો ઈજા થાય કે ન થાય—નિયમ નથી; તેમ જીવ તપેલા લોખંડના ગોળા સમાન મોહાદિપરિણામે પરિણમતો થકો પ્રથમ તો નિર્વિકાર સ્વસંવેદનજ્ઞાનસ્વરૂપ નિજ શુદ્ધ ભાવ-પ્રાણને જ ઈજા કરે છે, પછી પરના દ્રવ્યપ્રાણોને તો ઈજા થાય કે ન થાય—નિયમ નથી.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आत्मा कर्ममलीमसो धारयति प्राणान् पुनः पुनरन्यान् ।
न त्यजति यावन्ममत्वं देहप्रधानेषु विषयेषु ॥ १५० ॥

येयमात्मनः पौद्गलिकप्राणानां संतानेन प्रवृत्तिः, तस्या अनादिपौद्गलकर्ममूलं शरीरादिममत्वरूपमुपरक्तत्वमन्तरङ्गो हेतुः ॥ १५० ॥

अथ पुद्गलप्राणसंततिनिवृत्तिहेतुमन्तरङ्गं ग्राहयति—

**जो इंदियादिविजई भवीय उवओगमप्पगं झादि ।**
**कम्मेहिं सो ण रंजदि किह तं पाणा अणुचरंति ॥ १५१ ॥**

---

ममतां यावत्कालं न त्यजति । केषु विषयेषु । **देहपधाणेसु विसयेसु** देहविषयरहितपरमचैतन्य-प्रकाशपरिणतेः प्रतिपक्षभूतेषु देहप्रधानेषु पञ्चेन्द्रियविषयेष्विति । ततः स्थितमेतत्—इन्द्रियादिप्राणो-त्पत्तेर्देहादिममत्वमेवान्तरङ्गकारणमिति ॥ १५० ॥ अथेन्द्रियादिप्राणानामभ्यन्तरं विनाशकारणमावेदयति— **जो इंदियादिविजई भवीय** यः कर्तातीन्द्रियात्मोत्थसुखामृतसंतोषबलेन जितेन्द्रियत्वेन निःकषाय-

---

**અન્વયાર્થઃ**— [ यावत् ] જ્યાં સુધી [ देहप्रधानेषु विषयेषु ] દેહપ્રધાન વિષયોમાં [ ममत्वं ] મમત્વ [ न त्यजति ] છોડતો નથી, [ कर्ममलीमसः आत्मा ] ત્યાં સુધી કર્મથી મલિન આત્મા [ पुनः पुनः ] ફરી ફરીને [ अन्यान् प्राणान् ] અન્ય અન્ય પ્રાણો [ धारयति ] ધારણ કરે છે.

**ટીકાઃ**—જે આ આત્માને પૌદ્‌ગલિક પ્રાણોની સંતાનરૂપે પ્રવૃત્તિ છે, તેનો અંતરંગ હેતુ અનાદિ પૌદ્‌ગલિક કર્મ જેનું મૂળ (-નિમિત્ત) છે એવું શરીરાદિના મમત્વરૂપ ઉપરક્તપણું છે.

**ભાવાર્થઃ**—દ્રવ્યપ્રાણોની પરંપરા ચાલ્યા કરવાનું અંતરંગ કારણ અનાદિ પુદ્‌ગલ-કર્મના નિમિત્તે થતું જીવનું વિકારી પરિણમન છે. જ્યાં સુધી જીવ દેહાદિક વિષયોમાં મમત્વ-રૂપ એવું તે વિકારી પરિણમન છોડતો નથી, ત્યાં સુધી તેના નિમિત્તે ફરી ફરી પુદ્‌ગલકર્મ બંધાયા કરે છે અને તેથી ફરી ફરી દ્રવ્યપ્રાણોનો સંબંધ થયા કરે છે. ૧૫૦.

હવે પૌદ્‌ગલિક પ્રાણોની સંતતિની નિવૃત્તિનો અંતરંગ હેતુ સમજાવે છેઃ—

કરી ઇંદ્રિયાદિક-વિજય, ધ્યાવે આત્મને—ઉપયોગને,
તે કર્મથી રંજિત નહિ; કયમ પ્રાણ તેને અનુસરે? ૧૫૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**य इन्द्रियादिविजयी भूत्वोपयोगमात्मकं ध्यायति ।**
**कर्मभिः स न रज्यते कथं तं प्राणा अनुचरन्ति ॥ १५१ ॥**

पुद्गलप्राणसंततिनिवृत्तेरन्तरङ्गो हेतुर्हि पौद्गलिककर्ममूलस्योपरक्तत्वस्याभावः । स तु समस्तेन्द्रियादिपरद्रव्यानुवृत्तिविजयिनो भूत्वा समस्तोपाश्रयानुवृत्तिव्यावृत्तस्य स्फटिकमणेरिवात्यन्तविशुद्धमुपयोगमात्रमात्मानं सुनिश्चलं केवलमधिवसतः स्यात् । इदमत्र तात्पर्यं— आत्मनोऽत्यन्तविभक्तसिद्धये व्यवहारजीवत्वहेतवः पुद्गलप्राणा एवमुच्छेत्तव्याः ॥ १५१ ॥

---

निर्मलानुभूतिबलेन कषायजयेन चेन्द्रियादिविजयी भूत्वा **उवओगमप्पगं झादि** केवलज्ञानदर्शनोपयोगं निजात्मानं ध्यायति, **कम्मेहिं सो ण रंजदि** कर्मभिश्चिच्चमत्कारात्मनः प्रतिबन्धकैर्ज्ञानावरणादिकर्मभिः स न रज्यते, न बध्यते । **किह तं पाणा अणुचरंति** कर्मबन्धाभावे सति तं पुरुषं प्राणाः

---

**અન્વયાર્થઃ**—[ यः ] જે [ इन्द्रियादिविजयी भूत्वा ] ઇંદ્રિયાદિનો વિજયી થઈને [ उपयोगम् आत्मकं ] ઉપયોગમાત્ર આત્માને [ ध्यायति ] ધ્યાવે છે, [ सः ] તે [ कर्मभिः ] કર્મો વડે [ न रज्यते ] રંજિત થતો નથી; [ तं ] તેને [ प्राणाः ] પ્રાણો [ कथं ] કઈ રીતે [ अनुचरन्ति ] અનુસરે ? ( અર્થાત્ તેને પ્રાણોનો સંબંધ થતો નથી. )

**ટીકાઃ**—ખરેખર પૌદ્ગલિક પ્રાણોની સંતતિની નિવૃત્તિનો અંતરંગ હેતુ પૌદ્ગલિક કર્મ જેનું કારણ (–નિમિત્ત) છે એવા *ઉપરક્તપણાનો અભાવ છે. અને તે અભાવ જે જીવ સમસ્ત ઇંદ્રિયાદિક પરદ્રવ્યો અનુસાર પરિણતિનો વિજયી થઈને, ( અનેક વર્ણોવાળા ) [1]આશ્રય અનુસાર સઘળી પરિણતિથી [2]વ્યાવૃત્ત થયેલા સ્ફટિકમણિની માફક, અત્યંત વિશુદ્ધ ઉપયોગમાત્ર આત્મામાં એકલામાં સુનિશ્ચળપણે વસે છે, તે જીવને હોય છે.

આ અહીં તાત્પર્ય છે કે—આત્માનું અત્યંત વિભક્તપણું સાધવા માટે વ્યવહારજીવત્વના હેતુભૂત પૌદ્ગલિક પ્રાણો આ રીતે ઉચ્છેદવાયોગ્ય છે.

**ભાવાર્થઃ**—જેમ અનેક રંગવાળી આશ્રયભૂત વસ્તુ અનુસાર જે ( સ્ફટિકમણિનું) અનેકરંગી પરિણમન તેનાથી તદ્દન વ્યાવૃત્ત થયેલા સ્ફટિકમણિને ઉપરક્તપણાનો અભાવ છે, તેમ અનેક પ્રકારનાં કર્મ, ઇંદ્રિયો ઇત્યાદિ અનુસાર જે ( આત્માનું ) અનેક પ્રકારનું વિકારી પરિણમન તેનાથી તદ્દન વ્યાવૃત્ત થયેલા આત્માને (–કે જે એકલા ઉપયોગમાત્ર

---

* ઉપરક્તપણું = વિકૃતપણું; મલિનપણું; રંજિતપણું; ઉપરાગવાળાપણું. (ઉપરાગનો અર્થ ૨૪૮મા પાને પદટિપ્પણમાં જુઓ. )

૧. આશ્રય = જેમાં સ્ફટિકમણિ મૂકેલો હોય તે વસ્તુ.

૨. વ્યાવૃત્ત થવું = જુદા થવું; અટકવું; રહિત થવું; પાછા ફરવું.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ पुनरप्यात्मनोऽत्यन्तविभक्तत्वसिद्धये गतिविशिष्टव्यवहारजीवत्वहेतुपर्यायस्वरूप-मुपवर्णयति—

अत्थित्तणिच्छिदस्स हि अत्थस्सत्थंतरम्मि संभूदो।
अत्थो पज्जाओ सो संठाणादिप्पभेदेहिं ॥ १५२ ॥

अस्तित्वनिश्चितस्य ह्यर्थस्यार्थान्तरे संभूतः।
अर्थः पर्यायः स संस्थानादिप्रभेदैः ॥ १५२ ॥

---

कर्तारः कथमनुचरन्ति कथमाश्रयन्ति। न कथमपीति। ततो ज्ञायते कषायेन्द्रियविजय एव पञ्चेन्द्रियादिप्राणानां विनाशकारणमिति ॥ १५१ ॥ एवं 'सपदेसेहिं समग्गो' इत्यादि गाथाष्टकेन सामान्यभेदभावनाधिकारः समाप्तः। अथानन्तरमेकपञ्चाशद्गाथापर्यन्तं विशेषभेदभावनाधिकारः कथ्यते। तत्र विशेषान्तराधिकारचतुष्टयं भवति। तेषु चतुर्षु मध्ये शुभाद्युपयोगत्रयमुख्यत्वेनैकादशगाथापर्यन्तं प्रथमविशेषान्तराधिकारः प्रारभ्यते। तत्र चत्वारि स्थलानि भवन्ति। तस्मिन्नादौ नरादिपर्यायैः सह शुद्धात्मस्वरूपस्य पृथक्त्वपरिज्ञानार्थं 'अत्थित्तणिच्छिदस्स हि' इत्यादि यथाक्रमेण गाथात्रयम्। तदनन्तरं तेषां संयोगकारणं 'अप्पा उवओगप्पा' इत्यादि गाथाद्वयम्। तदनन्तरं शुभाशुभशुद्धोपयोगत्रयसूचनमुख्यत्वेन 'जो जाणादि जिणिंदे' इत्यादि गाथात्रयम्। तदनन्तरं कायवाङ्मनसां शुद्धात्मना सह भेदकथनरूपेण 'णाहं देहो' इत्यादि गाथात्रयम्। एवमेकादशगाथाभिः

---

આત્મામાં સુનિશ્ચળપણે વસે છે તેને-) ઉપરક્તપણાનો અભાવ હોય છે. તે અભાવથી પૌદ્ગલિક પ્રાણોની પરંપરા અટકે છે.

આ રીતથી પૌદ્ગલિક પ્રાણોનો ઉચ્છેદ કરવાયોગ્ય છે. ૧૫૧.

હવે ફરીને પણ, આત્માનું અત્યંત વિભક્તપણું સાધવા માટે, વ્યવહારજીવત્વના હેતુ એવા જે ગતિવિશિષ્ટ (દેવ-મનુષ્યાદિ) પર્યાયો તેમનું સ્વરૂપ વર્ણવે છે:—

અસ્તિત્વનિશ્ચિત અર્થનો કો અન્ય અર્થે ઊપજતો
જે અર્થ તે પર્યાય છે, જ્યાં ભેદ સંસ્થાનાદિનો. ૧૫૨.

**અન્વયાર્થ**:—[ अस्तित्वनिश्चितस्य अर्थस्य हि ] અસ્તિત્વથી નિશ્ચિત અર્થનો (દ્રવ્યનો) [ अर्थान्तरे संभूतः ] અન્ય અર્થમાં (-દ્રવ્યમાં) ઊપજતો [ अर्थः ] જે અર્થ (-ભાવ) [ सः पर्यायः ] તે પર્યાય છે—[ संस्थानादिप्रभेदैः ] કે જે સંસ્થાનાદિ ભેદો સહિત હોય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्वलक्षणभूतस्वरूपास्तित्वनिश्चितस्यैकस्यार्थस्य स्वलक्षणभूतस्वरूपास्तित्वनिश्चित एवान्यस्मिन्नर्थे विशिष्टरूपतया संभावितात्मलाभोऽर्थोऽनेकद्रव्यात्मकः पर्यायः । स खलु पुद्गलस्य पुद्गलान्तर इव जीवस्य पुद्गले संस्थानादिविशिष्टतया समुपजायमानः संभाव्यत एव । उपपन्नश्चैवंविधः पर्यायः। अनेकद्रव्यसंयोगात्मत्वेन केवलजीवव्यतिरेकमात्रस्यैकद्रव्यपर्यायस्यास्खलितस्यान्तरवभासनात् ॥ १५२ ॥

अथ पर्यायव्यक्तीर्दर्शयति—

---

प्रथमविशेषान्तराधिकारे समुदायपातनिका । तद्यथा—अथ पुनरपि शुद्धात्मनो विशेषभेदभावनार्थं नरनारकादिपर्यायरूपं व्यवहारजीवत्वहेतुं दर्शयति—**अत्थित्तणिच्छिदस्स हि** चिदानन्दैकलक्षणस्वरूपास्तित्वेन निश्चितस्य ज्ञातस्य हि स्फुटम् । कस्य । **अत्थस्स** परमात्मपदार्थस्य **अत्थंतरम्मि** शुद्धात्मार्थादन्यस्मिन् ज्ञानावरणादिकर्मरूपे अर्थान्तरे **संभूदो** संजात उत्पन्नः **अत्थो** यो नरनारकादिरूपोऽर्थः, **पज्जाओ सो** निर्विकारशुद्धात्मानुभूतिलक्षणस्वभावव्यञ्जनपर्यायादन्यादृशः सन् विभावव्यञ्जनपर्यायो भवति स इत्थंभूतपर्यायो जीवस्य । कैः कृत्वा जातः । **संठाणादिप्पभेदेहिं** संस्थानादिरहितपरमात्मद्रव्यविलक्षणैः संस्थानसंहननशरीरादिप्रभेदैरिति ॥ १५२ ॥ अथ तानेव

---

ટીકાઃ—સ્વલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વથી નિશ્ચિત (-નક્કી થતા) એક અર્થનો (-દ્રવ્યનો), સ્વલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વથી જ નિશ્ચિત એવા અન્ય અર્થમાં (-દ્રવ્યમાં) વિશિષ્ટરૂપે (-ભિન્ન ભિન્ન રૂપે) ઊપજતો જે અર્થ (-ભાવ), તે અનેકદ્રવ્યાત્મક પર્યાય છે. તે અનેકદ્રવ્યાત્મક પર્યાય ખરેખર, જેમ પુદ્ગલનો અન્ય પુદ્ગલમાં (અનેકદ્રવ્યાત્મક પર્યાય) ઊપજતો જોવામાં આવે છે તેમ, જીવનો પુદ્ગલમાં સંસ્થાનાદિથી વિશિષ્ટપણે (-સંસ્થાન વગેરેના ભેદો સહિત) ઊપજતો અનુભવમાં આવે જ છે. અને આવો પર્યાય ઉપપન્ન (-યોગ્ય, ઘટિત, ન્યાયયુક્ત) છે; કારણ કે જે કેવળ જીવનો વ્યતિરેકમાત્ર છે એવો અસ્ખલિત એકદ્રવ્યપર્યાય જ અનેક દ્રવ્યોના સંયોગાત્મકપણે અંદરમાં અવભાસે (-જણાય) છે.

ભાવાર્થઃ—જોકે દરેક દ્રવ્યનું સ્વરૂપ-અસ્તિત્વ સદાય ભિન્ન ભિન્ન રહે છે તોપણ, જેમ પુદ્ગલનો અન્ય પુદ્ગલના સંબંધે સ્કંધરૂપ પર્યાય થાય છે તેમ જીવનો પુદ્ગલોના સંબંધે દેવાદિક પર્યાય થાય છે. જીવનો આવો અનેકદ્રવ્યાત્મક દેવાદિપર્યાય અયુક્ત નથી; કારણ કે અંદરમાં જોતાં, અનેક દ્રવ્યોનો સંયોગ હોવા છતાં પણ, જીવ કાંઈ પુદ્ગલો સાથે એકરૂપ પર્યાય કરતો નથી, પરંતુ ત્યાં પણ એકલા જીવનો (-પુદ્ગલપર્યાયથી જુદો-) અસ્ખલિત (-પોતાથી નહિ ચ્યુત થતો) એકદ્રવ્યપર્યાય જ સદાય વર્ત્યા કરે છે. ૧૫૨.

હવે પર્યાયના ભેદ દર્શાવે છે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**णरणारयतिरियसुरा संठाणादीहिं अण्णहा जादा ।**
**पज्जाया जीवाणं उदयादिहिं णामकम्मस्स ॥ १५३ ॥**

**नरनारकतिर्यक्सुराः संस्थानादिभिरन्यथा जाताः ।**
**पर्याया जीवानामुदयादिभिर्नामकर्मणः ॥ १५३ ॥**

नारकस्तिर्यङ्मनुष्यो देव इति किल पर्याया जीवानाम्। ते खलु नामकर्मपुद्गलविपाककारणत्वेनानेकद्रव्यसंयोगात्मकत्वात् कुकूलाङ्गारादिपर्याया जातवेदसः क्षोदखिल्वसंस्थानादिभिरिव संस्थानादिभिरन्यथैव भूता भवन्ति ॥ १५३ ॥

---

पर्यायभेदान् व्यक्तीकरोति—**णरणारयतिरियसुरा** नरनारकतिर्यग्देवरूपा अवस्थाविशेषाः । **संठाणादीहिं अण्णहा जादा** संस्थानादिभिरन्यथा जाताः, मनुष्यभवे यत्समचतुरस्रादिसंस्थानमौदारिकशरीरादिकं च तदपेक्षया भवान्तरेऽन्यद्विसदृशं संस्थानादिकं भवति । तेन कारणेन ते नरनारकादिपर्याया अन्यथा जाता भिन्ना भण्यन्ते; न च शुद्धबुद्धैकस्वभावपरमात्मद्रव्यत्वेन । कस्मात् । तृणकाष्ठपत्राकारादिभेदभिन्नस्याग्नेरिव स्वरूपं तदेव । **पज्जाया जीवाणं** ते च नरनारकादयो जीवानां विभावव्यञ्जनपर्याया भण्यन्ते । कैः कृत्वा । **उदयादिहिं णामकम्मस्स** उदयादिभिर्नामकर्मणो निर्दोषपरमात्मशब्दवाच्यान्निर्णामनिर्गोत्रादिलक्षणाच्छुद्धात्मद्रव्यादन्यादृशैर्नामकर्मजनितैर्बन्धोदयोदीरणादिभिरिति । यत एव ते कर्मोदयजनितास्ततो ज्ञायते शुद्धात्मस्वरूपं न

---

**તિર્યંચ, નારક, દેવ, નર—એ નામકર્મોદય વડે**
**છે જીવના પર્યાય, જેહ વિશિષ્ટ સંસ્થાનાદિકે. ૧૫૩.**

**અન્વયાર્થઃ**—[ नरनारकतिर्यक्सुराः ] મનુષ્ય, નારક, તિર્યંચ અને દેવ—એ, [ नामकर्मणः उदयादिभिः ] નામકર્મના ઉદયાદિકને લીધે [ जीवानां पर्यायाः ] જીવોના પર્યાય છે—[ संस्थानादिभिः ] કે જેઓ સંસ્થાનાદિ વડે [ अन्यथा जाताः ] અન્ય અન્ય પ્રકારના હોય છે.

**ટીકાઃ**—નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ—એ જીવોના પર્યાય છે. તેઓ નામ-કર્મ-રૂપ પુદ્‌ગલના વિપાકને કારણે અનેક દ્રવ્યના સંયોગાત્મક છે, તેથી જેમ †તુષાનલ, અંગાર વગેરે અગ્નિના પર્યાયો ભૂકારૂપ, ગાંગડારૂપ ઇત્યાદિ સંસ્થાનો (આકારો) વડે અન્ય અન્ય પ્રકારના હોય છે, તેમ જીવના તે નારકાદિપર્યાયો સંસ્થાનાદિ વડે અન્ય અન્ય પ્રકારના જ હોય છે. ૧૫૩.

---

† તુષાનલ = ફોતરાંનો અગ્નિ. [તુષાનલ ભૂકાના આકારે હોય છે અને અંગારો ગાંગડાના આકારે હોય છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथात्मनोऽन्यद्रव्यसंकीर्णत्वेऽप्यर्थनिश्चायकमस्तित्वं स्वपरविभागहेतुत्वेनोद्योतयति—

**तं सब्भावणिबद्धं दव्वसहावं तिहा समक्खादं ।**
**जाणदि जो सवियप्पं ण मुहदि सो अण्णदवियम्हि ॥ १५४ ॥**

तं सद्भावनिबद्धं द्रव्यस्वभावं त्रिधा समाख्यातम् ।
जानाति यः सविकल्पं न मुह्यति सोऽन्यद्रव्ये ॥ १५४ ॥

यत्खलु स्वलक्षणभूतं स्वरूपास्तित्वमर्थनिश्चायकमाख्यातं स खलु द्रव्यस्य स्वभाव एव, सद्भावनिबद्धत्वाद्द्रव्यस्वभावस्य । यथासौ द्रव्यस्वभावो द्रव्यगुणपर्यायत्वेन स्थित्युत्पाद-व्ययत्वेन च त्रितयीं विकल्पभूमिकामधिरूढः परिज्ञायमानः परद्रव्ये मोहमपोह्य स्वपर-

---

संभवन्तीति ॥ १५३ ॥ अथ स्वरूपास्तित्वलक्षणं परमात्मद्रव्यं योऽसौ जानाति स परद्रव्ये मोहं न करोतीति प्रकाशयति—**जाणदि** जानाति । **जो** यः कर्ता । कम् । **तं** पूर्वोक्तं **दव्वसहावं** परमात्मद्रव्यस्वभावम् । किंविशिष्टम् । **सब्भावणिबद्धं** स्वभावः स्वरूपसत्ता तत्र निबद्धमाधीनं तन्मयं

---

હવે, આત્માનું અન્ય દ્રવ્ય સાથે સંયુક્તપણું હોવા છતાં, *અર્થનિશ્ચાયક અસ્તિત્વને સ્વ-પરના વિભાગના હેતુ તરીકે સમજાવે છેઃ—

**અસ્તિત્વથી નિષ્પન્ન દ્રવ્યસ્વભાવને ત્રિવિકલ્પને**
**જે જાણતો, તે આતમા નહિ મોહ પરદ્રવ્યે લહે. ૧૫૪.**

**અન્વયાર્થઃ**—[ यः ] જે જીવ [ तं ] તે (પૂર્વોક્ત) [ सद्भावनिबद्धं ] અસ્તિત્વનિષ્પન્ન, [ त्रिधा समाख्यातं ] ત્રણ પ્રકારે કહેલા, [ सविकल्पं ] ભેદોવાળા [ द्रव्यस्वभावं ] દ્રવ્યસ્વભાવને [ जानाति ] જાણે છે, [ सः ] તે [ अन्यद्रव्ये ] અન્ય દ્રવ્યમાં [ न मुह्यति ] મોહ પામતો નથી.

**ટીકાઃ**— જે, દ્રવ્યને નક્કી કરનારું, સ્વલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વ કહેવામાં આવ્યું, તે ખરેખર દ્રવ્યનો સ્વભાવ જ છે; કારણ કે દ્રવ્યનો સ્વભાવ અસ્તિત્વનિષ્પન્ન ( અસ્તિત્વનો બનેલો ) છે. દ્રવ્ય-ગુણ-પર્યાયપણે તથા ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યયપણે ‡ત્રયાત્મક ભેદભૂમિકામાં આરૂઢ એવો આ દ્રવ્યસ્વભાવ જણાતો થકો પરદ્રવ્ય પ્રત્યેના મોહને દૂર કરીને સ્વ-પરના વિભાગનો

---

* અર્થનિશ્ચાયક = દ્રવ્યનો નિશ્ચય કરનારું; દ્રવ્યને નક્કી કરનારું. ( દ્રવ્યનો નિર્ણય કરવાનું સાધન જે સ્વરૂપ-અસ્તિત્વ તે સ્વ-પરનો ભેદ પાડવામાં સાધનભૂત છે એમ આ ગાથામાં સમજાવે છે. )

‡ ત્રયાત્મક = ત્રણસ્વરૂપ; ત્રણના સમૂહસ્વરૂપ. (દ્રવ્યનો સ્વભાવ દ્રવ્ય, ગુણ ને પર્યાય એવા ત્રણ ભેદોવાળો તથા ધ્રૌવ્ય, ઉત્પાદ ને વ્યય એવા ત્રણ ભેદોવાળો છે. )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**विभागहेतुर्भवति, ततः स्वरूपास्तित्वमेव स्वपरविभागसिद्धये प्रतिपदमवधार्यम् । तथा हि— यच्चेतनत्वान्वयलक्षणं द्रव्यं, यश्चेतनाविशेषत्वलक्षणो गुणो, यश्चेतनत्वव्यतिरेकलक्षणः पर्यायस्तत्त्रयात्मकं, या पूर्वोत्तरव्यतिरेकस्पर्शिना चेतनत्वेन स्थितिर्यावुत्तरपूर्वव्यतिरेकत्वेन चेतनस्योत्पादव्ययौ तत्त्रयात्मकं च स्वरूपास्तित्वं यस्य तु स्वभावोऽहं स खल्वयमन्यः । यच्चाचेतनत्वान्वयलक्षणं द्रव्यं, योऽचेतनाविशेषत्वलक्षणो गुणो, योऽचेतनत्वव्यतिरेकलक्षणः पर्यायस्तत्त्रयात्मकं, या पूर्वोत्तरव्यतिरेकस्पर्शिनाचेतनत्वेन स्थितिर्यावुत्तरपूर्वव्यतिरेकत्वेनाचेतनस्योत्पादव्ययौ तत्त्रयात्मकं च स्वरूपास्तित्वं यस्य तु स्वभावः पुद्गलस्य स खल्वयमन्यः । नास्ति मे मोहोऽस्ति स्वपरविभागः ॥ १५४ ॥**

---

सद्भावनिबद्धम् । पुनरपि किंविशिष्टम् । **तिहा समक्खादं** त्रिधा समाख्यातं कथितम् । केवलज्ञानादयो गुणाः सिद्धत्वादिविशुद्धपर्यायास्तदुभयाधारभूतं परमात्मद्रव्यत्वमित्युक्तलक्षणत्रयात्मकं तथैव शुद्धोत्पादव्ययध्रौव्यत्रयात्मकं च यत्पूर्वोक्तं स्वरूपास्तित्वं तेन कृत्वा त्रिधा सम्यगाख्यातं कथितं प्रतिपादितम् । पुनरपि कथंभूतं आत्मस्वभावम् । **सवियप्पं** सविकल्पं पूर्वोक्तद्रव्यगुणपर्यायरूपेण सभेदम् । य इत्थंभूतमात्मस्वभावं जानाति, **ण मुहदि सो अण्णदवियम्हि** न मुह्यति सोऽन्य-

---

હેતુ થાય છે, તેથી સ્વરૂપ-અસ્તિત્વ જ સ્વ-પરના વિભાગની સિદ્ધિ માટે પદે પદે અવધારવું (-ખ્યાલમાં લેવું ). તે આ પ્રમાણે:

(૧) ચેતનપણાનો અન્વય જેનું લક્ષણ છે એવું જે દ્રવ્ય, (૨) ચેતનાવિશેષત્વ (-ચેતનાનું વિશેષપણું ) જેનું લક્ષણ છે એવો જે ગુણ અને (૩) ચેતનપણાનો વ્યતિરેક જેનું લક્ષણ છે એવો જે પર્યાય—એ ત્રયાત્મક (એવું સ્વરૂપ-અસ્તિત્વ), તથા (૧) *પૂર્વ ને ઉત્તર વ્યતિરેકને સ્પર્શનારા ચેતનપણે જે ધ્રૌવ્ય અને (૨-૩) ચેતનના ઉત્તર ને પૂર્વ વ્યતિરેકપણે જે ઉત્પાદ ને વ્યય—એ ત્રયાત્મક (એવું) સ્વરૂપ-અસ્તિત્વ જેનો સ્વભાવ છે એવો હું તે ખરેખર આ અન્ય છું ( અર્થાત્ હું પુદ્ગલથી આ જુદો રહ્યો ). અને (૧) અચેતનપણાનો અન્વય જેનું લક્ષણ છે એવું જે દ્રવ્ય, (૨) અચેતનાવિશેષત્વ જેનું લક્ષણ છે એવો જે ગુણ અને (૩) અચેતનપણાનો વ્યતિરેક જેનું લક્ષણ છે એવો જે પર્યાય--એ ત્રયાત્મક (એવું સ્વરૂપ-અસ્તિત્વ) તથા (૧) પૂર્વ ને ઉત્તર વ્યતિરેકને સ્પર્શનારા અચેતનપણે જે ધ્રૌવ્ય અને (૨-૩) અચેતનના ઉત્તર ને પૂર્વ વ્યતિરેકપણે જે ઉત્પાદ ને વ્યય--એ ત્રયાત્મક (એવું) સ્વરૂપ-અસ્તિત્વ જે પુદ્ગલનો સ્વભાવ છે તે ખરેખર આ ( મારાથી ) અન્ય છે. ( માટે ) મને મોહ નથી; સ્વ-પરનો વિભાગ છે.

---

* પૂર્વ એટલે પહેલાંનો; ઉત્તર એટલે પછીનો. (ચેતન પહેલાંના અને પછીના બન્ને પર્યાયોને સ્પર્શે છે તેથી તે અપેક્ષાએ ધ્રૌવ્ય છે, પછીના અર્થાત્ વર્તમાન પર્યાયની અપેક્ષાએ ઉત્પાદ છે અને પહેલાંના પર્યાયની અપેક્ષાએ વ્યય છે. )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथात्मनोऽत्यन्तविभक्तत्वाय परद्रव्यसंयोगकारणस्वरूपमालोचयति—

**अप्पा उवओगप्पा उवओगो णाणदंसणं भणिदो ।**
**सो वि सुहो असुहो वा उवओगो अप्पणो हवदि ॥१५५॥**

**आत्मा उपयोगात्मा उपयोगो ज्ञानदर्शनं भणितः ।**
**सोऽपि शुभोऽशुभो वा उपयोग आत्मनो भवति ॥ १५५ ॥**

---

द्रव्ये, स तु भेदज्ञानी विशुद्धज्ञानदर्शनस्वभावमात्मतत्त्वं विहाय देहरागादिपरद्रव्ये मोहं न गच्छतीत्यर्थः ॥ १५४ ॥ एवं नरनारकादिपर्यायैः सह परमात्मनो विशेषभेदकथनरूपेण प्रथमस्थले गाथात्रयं गतम् । अथात्मनः पूर्वोक्तप्रकारेण नरनारकादिपर्यायैः सह भिन्नत्वपरिज्ञानं जातं, तावदिदानीं तेषां संयोगकारणं कथ्यते—**अप्पा** आत्मा भवति । कथंभूतः । **उवओगप्पा** चैतन्यानुविधायी योऽसावुपयोगस्तेन निर्वृत्तत्वादुपयोगात्मा । **उवओगो णाणदंसणं भणिदो** स चोपयोगः सविकल्पं ज्ञानं निर्विकल्पं दर्शनमिति भणितः । **सो वि सुहो** सोऽपि ज्ञानदर्शनोपयोगो धर्मानुरागरूपः शुभः,

---

**ભાવાર્થ**:—મનુષ્ય, દેવ વગેરે અનેકદ્રવ્યાત્મક પર્યાયોમાં પણ જીવનું સ્વરૂપ-અસ્તિત્વ અને દરેક પરમાણુનું સ્વરૂપ-અસ્તિત્વ તદ્દન ભિન્નભિન્ન છે. સૂક્ષ્મતાથી જોતાં ત્યાં જીવ અને પુદ્ગલનું સ્વરૂપ-અસ્તિત્વ ( અર્થાત્ પોતપોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાય અને ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય ) સ્પષ્ટપણે ભિન્ન જાણી શકાય છે. સ્વ-પરનો ભેદ પાડવા માટે જીવે આ સ્વરૂપ-અસ્તિત્વને પગલે પગલે ખ્યાલમાં લેવું યોગ્ય છે. તે આ પ્રમાણે: આ ( જાણવામાં આવતાં ) ચેતન દ્રવ્ય-ગુણ-પર્યાય અને ચેતન ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય જેનો સ્વભાવ છે એવો હું આ ( પુદ્ગલથી ) જુદો રહ્યો; અને આ અચેતન દ્રવ્ય-ગુણ-પર્યાય અને અચેતન ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય જેનો સ્વભાવ છે એવું પુદ્ગલ આ ( મારાથી ) જુદું રહ્યું. માટે મને પર પ્રત્યે મોહ નથી; સ્વ-પરનો ભેદ છે. ૧૫૪.

હવે આત્માને અત્યંત વિભક્ત કરવા માટે પરદ્રવ્યના સંયોગના કારણનું સ્વરૂપ વિચારે છે:—

**છે આતમા ઉપયોગરૂપ, ઉપયોગ દર્શન-જ્ઞાન છે;**
**ઉપયોગ એ આત્મા તણો શુભ વા અશુભરૂપ હોય છે. ૧૫૫.**

**અન્વયાર્થ**:—[ आत्मा उपयोगात्मा ] આત્મા ઉપયોગાત્મક છે; [ उपयोगः ] ઉપયોગ [ ज्ञानदर्शनं भणितः ] જ્ઞાન-દર્શન કહેલ છે; [ अपि ] અને [ आत्मनः ] આત્માનો [ सः उपयोगः ] તે ઉપયોગ [ शुभः अशुभः वा ] શુભ અથવા અશુભ [ भवति ] હોય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आत्मनो हि परद्रव्यसंयोगकारणमुपयोगविशेषः। उपयोगो हि तावदात्मनः स्वभावश्चैतन्यानुविधायिपरिणामत्वात् । स तु ज्ञानं दर्शनं च, साकारनिराकारत्वेनोभयरूपत्वाच्चैतन्यस्य। अथायमुपयोगो द्वेधा विशिष्यते शुद्धाशुद्धत्वेन। तत्र शुद्धो निरुपरागः, अशुद्धः सोपरागः। स तु विशुद्धिसंक्लेशरूपत्वेन द्वैविध्यादुपरागस्य द्विविधः शुभोऽशुभश्च॥ १५५॥

अथात्र क उपयोगः परद्रव्यसंयोगकारणमित्यावेदयति—

**उवओगो जदि हि सुहो पुण्णं जीवस्स संचयं जादि।**
**असुहो वा तध पावं तेसिमभावे ण चयमत्थि ॥१५६॥**

---

**असुहो** विषयानुरागरूपो द्वेषमोहरूपश्चाशुभः । **वा** वाशब्देन शुभाशुभानुरागरहितत्वेन शुद्धः । **उवओगो अप्पणो हवदि** इत्थंभूतस्त्रिलक्षण उपयोग आत्मनः संबन्धी भवतीत्यर्थः ॥ १५५ ॥ अथोपयोगस्तावन्नरनारकादिपर्यायकारणभूतस्य कर्मरूपस्य परद्रव्यस्य संयोगकारणं भवति। तावदिदानीं

---

**ટીકાઃ—** ખરેખર આત્માને પરદ્રવ્યના સંયોગનું કારણ *ઉપયોગવિશેષ છે. પ્રથમ તો ઉપયોગ ખરેખર આત્માનો સ્વભાવ છે કારણ કે તે ચૈતન્ય-અનુવિધાયી પરિણામ છે (અર્થાત્ ઉપયોગ ચૈતન્યને અનુસરીને થતો પરિણામ છે). અને તે (ઉપયોગ) જ્ઞાન ને દર્શન છે, કારણ કે ચૈતન્ય [1]સાકાર ને [2]નિરાકાર એમ ઉભયરૂપ છે. હવે આ ઉપયોગના શુદ્ધ અને અશુદ્ધ એવા બે ભેદ પાડવામાં આવે છે. તેમાં, શુદ્ધ ઉપયોગ નિરુપરાગ (-નિર્વિકાર) છે; અશુદ્ધ ઉપયોગ સોપરાગ (-સવિકાર) છે. અને તે અશુદ્ધ ઉપયોગ શુભ અને અશુભ એમ બે પ્રકારનો છે, કારણ કે ઉપરાગ વિશુદ્ધિરૂપ અને સંક્લેશરૂપ એમ બે પ્રકારનો છે (અર્થાત્ વિકાર મંદકષાયરૂપ અને તીવ્રકષાયરૂપ એમ બે પ્રકારનો છે).

**ભાવાર્થઃ—**આત્મા ઉપયોગસ્વરૂપ છે. પ્રથમ તો ઉપયોગના બે ભેદ છે: શુદ્ધ અને અશુદ્ધ. પાછા અશુદ્ધ ઉપયોગના બે ભેદ છે: શુભ અને અશુભ. ૧૫૫.

હવે આમાં કયો ઉપયોગ પરદ્રવ્યના સંયોગનું કારણ છે તે કહે છે:—

**ઉપયોગ જો શુભ હોય, સંચય થાય પુણ્ય તણો તહીં,**
**ને પાપસંચય અશુભથી; જ્યાં ઉભય નહિ, સંચય નહીં. ૧૫૬.**

---

* ઉપયોગવિશેષ=ઉપયોગનો ભેદ; ઉપયોગનો પ્રકાર; અમુક પ્રકારનો ઉપયોગ. (અશુદ્ધ ઉપયોગ પરદ્રવ્યના સંયોગનું કારણ છે એમ ૧૫૬ મી ગાથામાં કહેશે.)

૧. સાકાર = આકારોવાળું; ભેદોવાળું; સવિકલ્પ; વિશેષ.

૨. નિરાકાર = આકારો વિનાનું; ભેદો વિનાનું; નિર્વિકલ્પ; સામાન્ય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



उपयोगो यदि हि शुभः पुण्यं जीवस्य संचयं याति ।
अशुभो वा तथा पापं तयोरभावे न चयोऽस्ति ॥ १५६ ॥

उपयोगो हि जीवस्य परद्रव्यसंयोगकारणमशुद्धः । स तु विशुद्धिसंक्लेशरूपोपरागवशात् शुभाशुभत्वेनोपात्तद्वैविध्यः, पुण्यपापत्वेनोपात्तद्वैविध्यस्य परद्रव्यस्य संयोगकारणत्वेन निर्वर्तयति । यदा तु द्विविधस्याप्यस्याशुद्धस्याभावः क्रियते तदा खलूपयोगः शुद्ध एवावतिष्ठते । स पुनरकारणमेव परद्रव्यसंयोगस्य ॥ १५६ ॥

अथ शुभोपयोगस्वरूपं प्ररूपयति—

---

कस्य कर्मणः क उपयोगः कारणं भवतीति विचारयति—**उवओगो जदि हि सुहो** उपयोगो यदि चेत् हि स्फुटं शुभो भवति । **पुण्णं जीवस्स संचयं जादि** तदा काले द्रव्यपुण्यं कर्तृ जीवस्य संचयमुपचयं वृद्धिं याति बध्यत इत्यर्थः । **असुहो वा तह पावं** अशुभोपयोगो वा तथा तेनैव प्रकारेण पुण्यवद्द्रव्यपापं संचयं याति । **तेसिमभावे ण चयमत्थि** तयोरभावे न चयोऽस्ति। निर्दोषिनिजपरमात्मभावनारूपेण शुद्धोपयोगबलेन यदा तयोर्द्वयोः शुभाशुभोपयोगयोरभावः क्रियते तदोभयः संचयः कर्मबन्धो नास्तीत्यर्थः ॥ १५६ ॥ एवं शुभाशुभशुद्धोपयोगत्रयस्य सामान्यकथनरूपेण द्वितीयस्थले गाथाद्वयं गतम् । अथ विशेषेण शुभोपयोगस्वरूपं व्याख्याति—**जो जाणादि**

---

**અન્વયાર્થ:**—[ उपयोगः ] ઉપયોગ [ यदि हि ] જો [ शुभः ] શુભ હોય [ जीवस्य ] તો જીવને [ पुण्यं ] પુણ્ય [ संचयं याति ] સંચય પામે છે [ तथा वा अशुभः ] અને જો અશુભ હોય [ पापं ] તો પાપ સંચય પામે છે. [ तयोः अभावे ] તેમના (બન્નેના) અભાવમાં [ चयः न अस्ति ] સંચય થતો નથી.

**ટીકાઃ**— જીવને પરદ્રવ્યના સંયોગનું કારણ અશુદ્ધ ઉપયોગ છે. અને તે (અશુદ્ધ ઉપયોગ) વિશુદ્ધિ અને સંક્લેશરૂપ ઉપરાગને લીધે શુભ અને અશુભપણે દ્વિવિધતાને પામ્યો થકો, જે પુણ્ય અને પાપપણે દ્વિવિધતાને પામે છે એવું જે પરદ્રવ્ય તેના સંયોગના કારણ તરીકે કામ કરે છે. (ઉપરાગ મંદકષાયરૂપ અને તીવ્રકષાયરૂપ એમ બે પ્રકારનો હોવાથી અશુદ્ધ ઉપયોગ પણ શુભ અને અશુભ એવા બે પ્રકારનો છે; તેમાં, શુભ ઉપયોગ પુણ્યરૂપ પરદ્રવ્યના સંયોગનું કારણ થાય છે અને અશુભ ઉપયોગ પાપરૂપ પરદ્રવ્યના સંયોગનું કારણ થાય છે.) પરંતુ જ્યારે બન્ને પ્રકારના આ અશુદ્ધ ઉપયોગનો અભાવ કરવામાં આવે છે ત્યારે ખરેખર ઉપયોગ શુદ્ધ જ રહે છે; અને તે તો પરદ્રવ્યના સંયોગનું અકારણ જ છે (અર્થાત્ શુદ્ધ ઉપયોગ પરદ્રવ્યના સંયોગનું કારણ નથી). ૧૫૬.

હવે શુભ ઉપયોગનું સ્વરૂપ પ્રરૂપે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जो जाणादि जिणिंदे पेच्छदि सिद्धे तहेव अणगारे ।
जीवेसु साणुकंपो उवओगो सो सुहो तस्स ॥१५७॥

यो जानाति जिनेन्द्रान् पश्यति सिद्धांस्तथैवानागारान् ।
जीवेषु सानुकम्प उपयोगः स शुभस्तस्य ॥ १५७ ॥

विशिष्टक्षयोपशमदशाविश्रान्तदर्शनचारित्रमोहनीयपुद्गलानुवृत्तिपरत्वेन परिगृहीतशोभनोपरागत्वात् परमभट्टारकमहादेवाधिदेवपरमेश्वरार्हत्सिद्धसाधुश्रद्धाने समस्तभूतग्रामानुकम्पाचरणे च प्रवृत्तः शुभ उपयोगः ॥ १५७ ॥

अथाशुभोपयोगस्वरूपं प्ररूपयति—

---

**जिणिंदे** यः कर्ता जानाति । कान् । अनन्तज्ञानादिचतुष्टयसहितान् क्षुधाद्यष्टादशदोषरहितांश्च जिनेन्द्रान् । **पेच्छदि सिद्धे** पश्यति । कान् । ज्ञानावरणाद्यष्टकर्मरहितान्सम्यक्त्वाद्यष्टगुणान्तर्भूतानन्तगुणसहितांश्च सिद्धान् । **तहेव अणगारे** तथैवानागारान् । अनागारशब्दवाच्यान्निश्चयव्यवहारपञ्चाचारादियथोक्तलक्षणानाचार्योपाध्यायसाधून् । **जीवेसु साणुकंपो** त्रसस्थावरजीवेषु सानुकम्पः सदयः । **उवओगा सा सुहो** स इत्थंभूत उपयोगः शुभो भण्यते । स च कस्य भवति । **तस्स** तस्य

---

જાણે જિનોને જેહ, શ્રદ્ધે સિદ્ધને, અણગારને,
જે સાનુકંપ જીવો પ્રતિ, ઉપયોગ છે શુભ તેહને. ૧૫૭.

**અન્વયાર્થ**:—[ यः ] જે [ जिनेन्द्रान् ] જિનેંદ્રોને [ जानाति ] જાણે છે, [ सिद्धान् तथैव अनागारान् ] સિદ્ધોને તથા અણગારોને (આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓને) [ पश्यति ] શ્રદ્ધે છે, [ जीवेषु सानुकम्पः ] જીવો પ્રત્યે અનુકંપાયુક્ત છે, [ तस्य ] તેને [ सः ] તે [ शुभः उपयोगः ] શુભ ઉપયોગ છે.

**ટીકા**:—વિશિષ્ટ (ખાસ પ્રકારની) ક્ષયોપશમદશામાં રહેલાં દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપ પુદ્ગલો અનુસાર પરિણતિમાં લાગેલો હોવાને લીધે શુભ *ઉપરાગ ગ્રહ્યો હોવાથી, જે (ઉપયોગ) પરમ ભટ્ટારક, મહા દેવાધિદેવ, પરમેશ્વર એવા અર્હંતની, સિદ્ધની અને સાધુની શ્રદ્ધા કરવામાં તથા સમસ્ત જીવસમૂહની અનુકંપા આચરવામાં પ્રવર્તે છે, તે શુભ ઉપયોગ છે. ૧૫૭.

હવે અશુભ ઉપયોગનું સ્વરૂપ પ્રરૂપે છે :—

---

* ઉપરાગનો અર્થ ૨૪૮ મા પાને પદટિપ્પણમાં જુઓ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विसयकसाओगाढो दुस्सुदिदुच्चित्तदुट्ठगोट्ठिजुदो ।
उग्गो उम्मग्गपरो उवओगो जस्स सो असुहो ॥ १५८ ॥

विषयकषायावगाढो दुःश्रुतिदुश्चित्तदुष्टगोष्ठियुतः ।
उग्र उन्मार्गपर उपयोगो यस्य सोऽशुभः ॥ १५८ ॥

विशिष्टोदयदशाविश्रान्तदर्शनचारित्रमोहनीयपुद्गलानुवृत्तिपरत्वेन परिगृहीताशोभनोपरागत्वात्परमभट्टारकमहादेवाधिदेवपरमेश्वरार्हत्सिद्धसाधुभ्योऽन्यत्रोन्मार्गश्रद्धाने विषयकषायदुःश्रवणदुराशयदुष्टसेवनोग्रताचरणे च प्रवृत्तोऽशुभोपयोगः ॥ १५८ ॥

---

पूर्वोक्तलक्षणजीवस्येत्यभिप्रायः ॥ १५७ ॥ अथाशुभोपयोगस्वरूपं निरूपयति— **विसयकसाओगाढो** विषयकषायावगाढः । **दुस्सुदिदुच्चित्तदुट्ठगोट्ठिजुदो** दुःश्रुतिदुश्चित्तदुष्टगोष्ठियुतः । **उग्गो** उग्रः । **उम्मग्गपरो** उन्मार्गपरः । **उवओगो** एवं विशेषणचतुष्टययुक्त उपयोगः परिणामः **जस्स** यस्य जीवस्य भवति **सो असुहो** स उपयोगस्त्वशुभो भण्यते, अभेदेन पुरुषो वा । तथा हि—विषयकषायरहितशुद्धचैतन्यपरिणतेः प्रतिपक्षभूतो विषयकषायावगाढो विषयकषायपरिणतः । शुद्धात्मतत्त्वप्रतिपादिका श्रुतिः सुश्रुतिस्तद्विलक्षणा दुःश्रुतिः मिथ्याशास्त्रश्रुतिर्वा; निश्चिन्तात्मध्यानपरिणतं सुचित्तं, तद्विनाशकं दुश्चित्तं, स्वपरनिमित्तेष्टकामभोगचिन्तापरिणतं रागाद्यपध्यानं वा; परमचैतन्यपरिणतेर्विनाशिका दुष्टगोष्ठी, तत्प्रतिपक्षभूतकुशीलपुरुषगोष्ठी वा । इत्थंभूतदुःश्रुतिदुश्चित्तदुष्टगोष्ठीभिर्युतो दुःश्रुतिदुश्चित्तदुष्टगोष्ठियुक्तः । परमोपशमभावपरिणतपरमचैतन्यस्वभावात्प्रतिकूलः उग्रः । वीतराग-

---

કુવિચાર-સંગતિ-શ્રવણયુત, વિષયે કષાયે મગ્ન જે,
જે ઉગ્ર ને ઉન્માર્ગપર, ઉપયોગ તેહ અશુભ છે. ૧૫૮.

**અન્વયાર્થઃ**—[ यस्य उपयोगः ] જેનો ઉપયોગ [ विषयकषायावगाढः ] વિષય-કષાયમાં અવગાઢ (મગ્ન) છે, [ दुःश्रुतिदुश्चित्तदुष्टगोष्ठियुतः ] કુશ્રુતિ, કુવિચાર અને કુસંગતિમાં જોડાયેલો છે, [ उग्रः ] ઉગ્ર છે તથા [ उन्मार्गपरः ] ઉન્માર્ગમાં લાગેલો છે, [ सः अशुभः ] તેને તે અશુભ ઉપયોગ છે.

**ટીકાઃ**—વિશિષ્ટ ઉદયદશામાં રહેલાં દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપ પુદ્ગલો અનુસાર પરિણતિમાં લાગેલો હોવાને લીધે અશુભ ઉપરાગ ગ્રહ્યો હોવાથી, જે (ઉપયોગ) પરમ ભટ્ટારક, મહા દેવાધિદેવ, પરમેશ્વર એવા અર્હંત, સિદ્ધ અને સાધુ સિવાય અન્યની—ઉન્માર્ગની—શ્રદ્ધા કરવામાં તથા વિષય, કષાય, કુશ્રવણ, કુવિચાર, કુસંગ અને ઉગ્રતા આચરવામાં પ્રવર્તે છે, તે અશુભ ઉપયોગ છે. ૧૫૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ परद्रव्यसंयोगकारणविनाशमभ्यस्यति—

**असुहोवओगरहिदो सुहोवजुत्तो ण अण्णदवियम्हि ।**
**होज्जं मज्झत्थोऽहं णाणप्पगमप्पगं झाए ॥ १५९ ॥**

अशुभोपयोगरहितः शुभोपयुक्तो न अन्यद्रव्ये ।
भवन्मध्यस्थोऽहं ज्ञानात्मकमात्मकं ध्यायामि ॥ १५९ ॥

यो हि नामायं परद्रव्यसंयोगकारणत्वेनोपन्यस्तोऽशुद्ध उपयोगः स खलु मन्द-तीव्रोदयदशाविश्रान्तपरद्रव्यानुवृत्तितन्त्रत्वादेव प्रवर्तते, न पुनरन्यस्मात् । ततोऽहमेष सर्वस्मिन्नेव परद्रव्ये मध्यस्थो भवामि । एवं भवंश्चाहं परद्रव्यानुवृत्तितन्त्रत्वाभावात् शुभेनाशुभेन

---

सर्वज्ञप्रणीतनिश्चयव्यवहारमोक्षमार्गाद्विलक्षण उन्मार्गपरः । इत्थंभूतविशेषणचतुष्टयसहित उपयोगः परिणामः तत्परिणतपुरुषो वेत्यशुभोपयोगो भण्यत इत्यर्थः ॥ १५८ ॥ अथ शुभाशुभरहितशुद्धोपयोगं प्ररूपयति—**असुहोवआगरहिदो** अशुभोपयोगरहितो भवामि । स कः **अहं** अहं कर्ता । पुनरपि कथंभूतः । **सुहोवजुत्तो ण** शुभोपयोगयुक्तः परिणतो न भवामि । क्व विषयेऽसौ शुभोपयोगः । **अण्णदवियम्हि** निजपरमात्मद्रव्यादन्यद्रव्ये । तर्हि कथंभूतो भवामि । **होज्जं मज्झत्थो** जीवितमरणलाभालाभसुखदुःखशत्रुमित्रनिन्दाप्रशंसादिविषये मध्यस्थो भवामि । इत्थंभूतः सन् किं करोमि । **णाणप्पगमप्पगं झाए** ज्ञानात्मकमात्मानं ध्यायामि । ज्ञानेन निर्वृत्तं ज्ञानात्मकं

---

હવે પરદ્રવ્યના સંયોગનું જે કારણ (અશુદ્ધ ઉપયોગ) તેના વિનાશને અભ્યાસે છેઃ—

**મધ્યસ્થ પરદ્રવ્યે થતો, અશુભોપયોગ રહિત ને**
**શુભમાં અયુક્ત, હું ધ્યાઉં છું નિજ આત્મને જ્ઞાનાત્મને. ૧૫૯.**

**અન્વયાર્થઃ**—[ अन्यद्रव्ये ] અન્ય દ્રવ્યમાં [ मध्यस्थः ] મધ્યસ્થ [ भवन् ] થતો [ अहम् ] હું [ अशुभोपयोगरहितः ] અશુભોપયોગ રહિત થયો થકો તેમ જ [शुभोपयुक्तः न] શુભોપયુક્ત નહિ થયો થકો [ ज्ञानात्मकम् ] જ્ઞાનાત્મક [ आत्मकं ] આત્માને [ ध्यायामि ] ધ્યાઉં છું.

**ટીકાઃ**—જે આ, (૧૫૬ મી ગાથામાં) પરદ્રવ્યના સંયોગના કારણ તરીકે કહેવામાં આવેલો અશુદ્ધ ઉપયોગ, તે ખરેખર મંદ-તીવ્ર ઉદયદશામાં રહેલા પરદ્રવ્ય અનુસાર પરિણતિને આધીન થવાથી જ પ્રવર્તે છે, પરંતુ અન્ય (કોઈ) કારણથી નહિ. માટે બધાય પરદ્રવ્યમાં હું આ મધ્યસ્થ થાઉં. અને એમ મધ્યસ્થ થતો હું પરદ્રવ્ય અનુસાર પરિણતિને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वाशुद्धोपयोगेन निर्मुक्तो भूत्वा केवलस्वद्रव्यानुवृत्तिपरिग्रहात् प्रसिद्धशुद्धोपयोग उपयोगात्मनात्मन्येव नित्यं निश्चलमुपयुक्तस्तिष्ठामि। एष मे परद्रव्यसंयोगकारणविनाशाभ्यासः ॥१५९॥

अथ शरीरादावपि परद्रव्ये माध्यस्थं प्रकटयति—

**णाहं देहो ण मणो ण चेव वाणी ण कारणं तेसिं।**
**कत्ता ण ण कारयिदा अणुमंता णेव कत्तीणं ॥१६०॥**

**नाहं देहो न मनो न चैव वाणी न कारणं तेषाम् ।**
**कर्ता न न कारयिता अनुमन्ता नैव कर्तॄणाम् ॥ १६० ॥**

---

केवलज्ञानान्तर्भूतानन्तगुणात्मकं निजात्मानं शुद्धध्यानप्रतिपक्षभूतसमस्तमनोरथरूपचिन्ताजालत्यागेन ध्यायामीति शुद्धोपयोगलक्षणं ज्ञातव्यम् ॥ १५९ ॥ एवं शुभाशुभशुद्धोपयोगविवरणरूपेण तृतीयस्थले गाथात्रयं गतम् । अथ देहमनोवचनविषयेऽत्यन्तमाध्यस्थ्यमुद्योतयति—**णाहं देहो ण मणो ण चेव वाणी** नाहं देहो न मनो न चैव वाणी । मनोवचनकायव्यापाररहितात्परमात्मद्रव्याद्भिन्नं यन्मनोवचनकायत्रयं निश्चयनयेन तन्नाहं भवामि । ततः कारणात्तत्पक्षपातं मुक्त्वात्यन्तमध्यस्थोऽस्मि । **ण कारणं तेसिं** न कारणं तेषाम् । निर्विकारपरमाह्लादैकलक्षणसुखामृतपरिणतेर्यदुपादानकारणभूतमात्मद्रव्यं तद्विलक्षणो मनोवचनकायानामुपादानकारणभूतः पुद्गलपिण्डो न भवामि । ततः कारणात्तत्पक्षपातं मुक्त्वात्यन्तमध्यस्थोऽस्मि । **कत्ता ण हि कारइदा अणुमंता णेव कत्तीणं** कर्ता न हि कारयिता

---

આધીન નહિ થવાથી શુભ અથવા અશુભ એવો જે અશુદ્ધ ઉપયોગ તેનાથી મુક્ત થઈને, કેવળ સ્વદ્રવ્ય અનુસાર પરિણતિને ગ્રહવાથી જેને શુદ્ધોપયોગ સિદ્ધ થયો છે એવો થયો થકો, ઉપયોગાત્મા વડે (ઉપયોગરૂપ નિજ સ્વરૂપ વડે) આત્મામાં જ સદા નિશ્ચળપણે ઉપયુક્ત રહું છું. આ મારો પરદ્રવ્યના સંયોગના કારણના વિનાશનો અભ્યાસ છે. ૧૫૯.

હવે શરીરાદિ પરદ્રવ્ય પ્રત્યે પણ મધ્યસ્થપણું પ્રગટ કરે છે :—

**હું દેહ નહિ, વાણી ન, મન નહિ, તેમનું કારણ નહીં,**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૧૬૦.**

**અન્વયાર્થ** :—[ अहं देहः न ] હું દેહ નથી, [ मनः न ] મન નથી, [ च एव ] તેમ જ [ वाणी न ] વાણી નથી; [ तेषां कारणं न ] તેમનું કારણ નથી, [ कर्ता न ] કર્તા નથી, [ कारयिता न ] કારયિતા (કરાવનાર) નથી, [ कर्तॄणाम् अनुमन्ता न एव ] કર્તાનો અનુમોદક નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



शरीरं च वाचं च मनश्च परद्रव्यत्वेनाहं प्रपद्ये; ततो न तेषु कश्चिदपि मम पक्षपातोऽस्ति, सर्वत्राप्यहमत्यन्तं मध्यस्थोऽस्मि । तथा हि—न खल्वहं शरीरवाङ्मनसां स्वरूपाधारभूतमचेतनद्रव्यमस्मि; तानि खलु मां स्वरूपाधारमन्तरेणाप्यात्मनः स्वरूपं धारयन्ति। ततोऽहं शरीरवाङ्मनःपक्षपातमपास्यात्यन्तं मध्यस्थोऽस्मि । न च मे शरीरवाङ्मनःकारणाचेतनद्रव्यत्वमस्ति; तानि खलु मां कारणमन्तरेणापि कारणवन्ति भवन्ति । ततोऽहं तत्कारणत्वपक्षपातमपास्यास्म्ययमत्यन्तं मध्यस्थः । न च मे स्वतन्त्रशरीरवाङ्मनःकारकाचेतनद्रव्यत्वमस्ति; तानि खलु मां कर्तारमन्तरेणापि क्रियमाणानि । ततोऽहं तत्कर्तृत्वपक्षपातमपास्यास्म्ययमत्यन्तं मध्यस्थः । न च मे स्वतन्त्रशरीरवाङ्मनःकारकाचेतनद्रव्यप्रयोजकत्वमस्ति; तानि खलु मां कारकप्रयोजकमन्तरेणापि क्रियमाणानि। ततोऽहं तत्कारकप्रयोजकत्वपक्षपातमपास्यास्म्ययमत्यन्तं मध्यस्थः। न च मे स्वतन्त्रशरीरवाङ्मनःकारकाचेतनद्रव्या-

---

अनुमन्ता नैव कर्तृणाम् । स्वशुद्धात्मभावनाविषये यत्कृतकारितानुमतस्वरूपं तद्विलक्षणं यन्मनोवचनकायविषये कृतकारितानुमतस्वरूपं तन्नाहं भवामि । ततः कारणात्तत्पक्षपातं मुक्त्वात्यन्तमध्यस्थोऽस्मीति

---

ટીકાઃ—શરીર, વાણી અને મનને હું પરદ્રવ્યપણે સમજું છું; તેથી તેમના પ્રત્યે મને કાંઈ પણ પક્ષપાત નથી, (તે) બધાંય પ્રત્યે હું અત્યંત મધ્યસ્થ છું. તે આ પ્રમાણેઃ

ખરેખર હું શરીર, વાણી અને મનના સ્વરૂપના આધારભૂત એવું અચેતનદ્રવ્ય નથી; હું સ્વરૂપ-આધાર વિના પણ (અર્થાત્ હું તેમના સ્વરૂપનો આધાર હોયા વિના પણ) તેઓ ખરેખર પોતાના સ્વરૂપને ધારે છે. માટે હું શરીર, વાણી અને મનનો પક્ષપાત છોડી અત્યંત મધ્યસ્થ છું.

વળી હું શરીર, વાણી અને મનનું કારણ એવું અચેતનદ્રવ્ય નથી; હું કારણ વિના પણ (અર્થાત્ હું કારણ હોયા વિના પણ) તેઓ ખરેખર કારણવાળાં છે. માટે તેમના કારણપણાનો પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું.

વળી હું સ્વતંત્રપણે શરીર, વાણી અને મનનું કારક (-કરનારું, કર્તા) એવું અચેતનદ્રવ્ય નથી; હું કર્તા વિના પણ તેઓ ખરેખર કરાય છે. માટે તેમના કર્તાપણાનો પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું.

વળી હું, સ્વતંત્રપણે શરીર, વાણી અને મનનું કારક (-કરનારું, કર્તા) એવું જે અચેતનદ્રવ્ય તેનો પ્રયોજક નથી; હું કર્તા-પ્રયોજક વિના પણ (અર્થાત્ હું તેમના કર્તાનો પ્રયોજક—તેમનો કરાવનાર—હોયા વિના પણ) તેઓ ખરેખર કરાય છે. માટે તેમના કર્તાના પ્રયોજકપણાનો (કરાવનારપણાનો) પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું.

વળી હું સ્વતંત્રપણે શરીર, વાણી અને મનનું કારક (-કરનારું)જે અચેતનદ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

नुज्ञातृत्वमस्ति; तानि खलु मां कारकानुज्ञातारमन्तरेणापि क्रियमाणानि। ततोऽहं तत्कारकानुज्ञातृत्वपक्षपातमपास्यास्म्ययमत्यन्तं मध्यस्थः ॥ १६० ॥

अथ शरीरवाङ्मनसां परद्रव्यत्वं निश्चिनोति—

देहो य मणो वाणी पोग्गलदव्वप्पग त्ति णिद्दिट्ठा।
पोग्गलदव्वं हि पुणो पिंडो परमाणुदव्वाणं ॥ १६१ ॥

देहश्च मनो वाणी पुद्गलद्रव्यात्मका इति निर्दिष्टाः।
पुद्गलद्रव्यमपि पुनः पिण्डः परमाणुद्रव्याणाम् ॥ १६१ ॥

शरीरं च वाक् च मनश्च त्रीण्यपि परद्रव्यं, पुद्गलद्रव्यात्मकत्वात्। पुद्गलद्रव्यत्वं तु तेषां पुद्गलद्रव्यस्वलक्षणभूतस्वरूपास्तित्वनिश्चितत्वात्। तथाविधपुद्गलद्रव्यं त्वनेकपर-

---

तात्पर्यम् ॥ १६० ॥ अथ कायवाङ्मनसां शुद्धात्मस्वरूपात्परद्रव्यत्वं व्यवस्थापयति—**देहो य मणो वाणी पुग्गलदव्वप्पग त्ति णिद्दिट्ठा** देहश्च मनो वाणी तिस्रोऽपि पुद्गलद्रव्यात्मका इति निर्दिष्टाः। कस्मात्। व्यवहारेण जीवेन सहैकत्वेपि निश्चयेन परमचैतन्यप्रकाशपरिणतेर्भिन्नत्वात्। पुद्गलद्रव्यं किं भण्यते। **पुग्गलदव्वं हि पुणो पिंडो परमाणुदव्वाणं** पुद्गलद्रव्यं हि स्फुटं पुनः पिण्डः समूहो भवति। केषाम्। परमाणुद्रव्याणामित्यर्थः ॥ १६१ ॥ अथात्मनः शरीररूपपरद्रव्याभावं

---

તેનો અનુમોદક નથી; હું કર્તા-અનુમોદક વિના પણ (અર્થાત્ હું તેમના કર્તાનો અનુમોદક હોયા વિના પણ) તેઓ ખરેખર કરાય છે. માટે તેમના કર્તાના અનુમોદકપણાનો પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું. ૧૬૦.

હવે શરીર, વાણી અને મનનું પરદ્રવ્યપણું નક્કી કરે છે:—

મન, વાણી તેમ જ દેહ પુદ્‌ગલદ્રવ્યરૂપ નિર્દિષ્ટ છે;
ને તેહ પુદ્‌ગલદ્રવ્ય બહુ પરમાણુઓનો પિંડ છે. ૧૬૧.

**અન્વયાર્થ:**—[ देहः च मनः वाणी ] દેહ, મન અને વાણી [ पुद्गलद्रव्यात्मकाः ] પુદ્‌ગલદ્રવ્યાત્મક [ इति निर्दिष्टाः ] (વીતરાગદેવે) કહ્યાં છે; [ अपि पुनः ] અને [ पुद्गलद्रव्यं ] તે દેહાદિ પુદ્‌ગલદ્રવ્ય [ परमाणुद्रव्याणां पिण्डः ] પરમાણુદ્રવ્યોનો પિંડ છે.

**ટીકા:**—શરીર, વાણી અને મન ત્રણેય પરદ્રવ્ય છે, કારણ કે પુદ્‌ગલદ્રવ્યાત્મક છે. તેમને પુદ્‌ગલદ્રવ્યપણું છે, કારણ કે તેઓ પુદ્‌ગલદ્રવ્યના સ્વલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વમાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



माणुद्रव्याणामेकपिण्डपर्यायेण परिणामः, अनेकपरमाणुद्रव्यस्वलक्षणभूतस्वरूपास्तित्वानामनेकत्वेऽपि कथंचिदेकत्वेनावभासनात् ॥ १६१ ॥

अथात्मनः परद्रव्यत्वाभावं परद्रव्यकर्तृत्वाभावं च साधयति—

**णाहं पोग्गलमइओ ण ते मया पोग्गला कया पिंडं ।**
**तम्हा हि ण देहोऽहं कत्ता वा तस्स देहस्स ॥ १६२ ॥**

नाहं पुद्गलमयो न ते मया पुद्गलाः कृताः पिण्डम् ।
तस्माद्धि न देहोऽहं कर्ता वा तस्य देहस्य ॥ १६२ ॥

यदेतत्प्रकरणनिर्धारितं पुद्गलात्मकमन्तर्नीतवाङ्मनोद्वैतं शरीरं नाम परद्रव्यं न तावदहमस्मि, ममापुद्गलमयस्य पुद्गलात्मकशरीरत्वविरोधात् । न चापि तस्य कारणद्वारेण

---

तत्कर्तृत्वाभावं च निरूपयति—**णाहं पुग्गलमइओ** नाहं पुद्गलमयः । **ण ते मया पुग्गला कया पिंडा** न च ते पुद्गला मया कृताः पिण्डाः । **तम्हा हि ण देहोऽहं** तस्माद्देहो न भवाम्यहं । हि स्फुटं ।

---

નિશ્ચિત (-રહેલાં) છે. *તથાવિધ પુદ્‌ગલદ્રવ્ય અનેક પરમાણુદ્રવ્યોનો એકપિંડપર્યાયરૂપે પરિણામ છે, કારણ કે અનેક પરમાણુદ્રવ્યોનાં સ્વલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વો અનેક હોવા છતાં કથંચિત્ (સ્નિગ્ધત્વ-રૂક્ષત્વકૃત બંધપરિણામની અપેક્ષાએ) એકપણે અવભાસે છે. ૧૬૧.

હવે આત્માને પરદ્રવ્યપણાનો અભાવ અને પરદ્રવ્યના કર્તાપણાનો અભાવ સિદ્ધ કરે છેઃ—

**હું પૌદ્‌ગલિક નથી, પુદ્‌ગલો મેં પિંડરૂપ કર્યાં નથી;**
**તેથી નથી હું દેહ વા તે દેહનો કર્તા નથી. ૧૬૨.**

**અન્વયાર્થઃ—**[ अहं पुद्गलमयः न ] હું પુદ્‌ગલમય નથી અને [ ते पुद्गलाः ] તે પુદ્‌ગલો [ मया पिण्डं न कृताः ] મેં પિંડરૂપ કર્યાં નથી; [ तस्मात् हि ] તેથી [ अहं न देहः ] હું દેહ નથી [ वा ] તેમ જ [ तस्य देहस्य कर्ता ] તે દેહનો કર્તા નથી.

**ટીકાઃ—**પ્રથમ તો, જે આ પ્રકરણથી નિર્ધારિત, પુદ્‌ગલાત્મક શરીર નામનું પરદ્રવ્ય—કે જેની અંદર વાણી અને મન એ બે સમાઈ જાય છે—તે હું નથી, કારણ કે અપુદ્‌ગલમય એવો હું પુદ્‌ગલાત્મક શરીરપણે હોવામાં વિરોધ છે. વળી એવી જ રીતે તેના

---

* તથાવિધ = તે પ્રકારનું અર્થાત્ શરીરાદિરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

कर्तृद्वारेण कर्तृप्रयोजकद्वारेण कर्त्रनुमन्तृद्वारेण वा शरीरस्य कर्ताहमस्मि, ममानेकपरमाणुद्रव्यैकपिण्डपर्यायपरिणामस्याकर्तुरनेकपरमाणुद्रव्यैकपिण्डपर्यायपरिणामात्मकशरीरकर्तृत्वस्य सर्वथा विरोधात् ॥ १६२ ॥

अथ कथं परमाणुद्रव्याणां पिण्डपर्यायपरिणतिरिति संदेहमपनुदति—

**अपदेसो परमाणू पदेसमेत्तो य सयमसद्दो जो ।**
**णिद्धो वा लुक्खो वा दुपदेसादित्तमणुहवदि ॥ १६३ ॥**

**अप्रदेशः परमाणुः प्रदेशमात्रश्च स्वयमशब्दो यः ।**
**स्निग्धो वा रूक्षो वा द्विप्रदेशादित्वमनुभवति ॥ १६३ ॥**

---

**कत्ता वा तस्स देहस्स** कर्ता वा न भवामि तस्य देहस्येति । अयमत्रार्थः—देहोऽहं न भवामि । कस्मात् । अशरीरसहजशुद्धचैतन्यपरिणतत्वेन मम देहत्वविरोधात् । कर्ता वा न भवामि तस्य देहस्य । तदपि कस्मात् । निःक्रियपरमचिज्ज्योतिःपरिणतत्वेन मम देहकर्तृत्वविरोधादिति ॥ १६२ ॥ एवं कायवाङ्मनसां शुद्धात्मना सह भेदकथनरूपेण चतुर्थस्थले गाथात्रयं गतम् । इति पूर्वोक्तप्रकारेण 'अत्थित्तणिच्छिदस्स हि' इत्याद्येकादशगाथाभिः स्थलचतुष्टयेन प्रथमो विशेषान्तराधिकारः समाप्तः ।

---

(અર્થાત્ શરીરના) કારણ દ્વારા, કર્તા દ્વારા, કર્તાના પ્રયોજક દ્વારા કે કર્તાના અનુમોદક દ્વારા, શરીરનો કર્તા હું નથી, કારણ કે અનેક પરમાણુદ્રવ્યોના એકપિંડપર્યાયરૂપ પરિણામનો અકર્તા એવો હું અનેક પરમાણુદ્રવ્યોના એકપિંડપર્યાયરૂપ *પરિણામાત્મક શરીરના કર્તાપણે હોવામાં સર્વથા વિરોધ છે. ૧૬૨.

હવે 'પરમાણુદ્રવ્યોને પિંડપર્યાયરૂપ પરિણતિ કઈ રીતે થાય છે' એવા સંદેહને દૂર કરે છે:—

**પરમાણુ જે અપ્રદેશ, તેમ પ્રદેશમાત્ર, અશબ્દ છે,**
**તે સ્નિગ્ધ રૂક્ષ બની પ્રદેશદ્વયાદિવત્ત્વ અનુભવે. ૧૬૩.**

**અન્વયાર્થઃ**—[ परमाणुः ] પરમાણુ [ यः अप्रदेशः ] કે જે અપ્રદેશ છે, [ प्रदेशमात्रः ] પ્રદેશમાત્ર છે [ च ] અને [ स्वयम् अशब्दः ] પોતે અશબ્દ છે, [ स्निग्धः वा रूक्षः वा ] તે સ્નિગ્ધ અથવા રૂક્ષ થયો થકો [ द्विप्रदेशादित्वम् अनुभवति ] દ્વિપ્રદેશાદિપણું અનુભવે છે.

---

* શરીર અનેક પરમાણુદ્રવ્યોનો એકપિંડપર્યાયરૂપ પરિણામ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**परमाणुर्हि द्वयादिप्रदेशानामभावादप्रदेशः, एकप्रदेशसद्भावात्प्रदेशमात्रः, स्वयमनेकपरमाणुद्रव्यात्मकशब्दपर्यायव्यक्त्यसंभवादशब्दश्च । यतश्चतुःस्पर्शपञ्चरसद्विगन्धपञ्चवर्णानामविरोधेन सद्भावात् स्निग्धो वा रूक्षो वा स्यात्, तत एव तस्य पिण्डपर्यायपरिणतिरूपा द्विप्रदेशादित्वानुभूतिः । अथैवं स्निग्धरूक्षत्वं पिण्डत्वसाधनम् ॥१६३॥**

**अथ कीदृशं तत्स्निग्धरूक्षत्वं परमाणोरित्यावेदयति—**

---

अथ केवलपुद्गलबन्धमुख्यत्वेन नवगाथापर्यन्तं व्याख्यानं करोति । तत्र स्थलद्वयं भवति । परमाणूनां परस्परबन्धकथनार्थं 'अपदेसो परमाणू' इत्यादिप्रथमस्थले गाथाचतुष्टयम् । तदनन्तरं स्कन्धानां बन्धमुख्यत्वेन 'दुपदेसादी खंधा' इत्यादिद्वितीयस्थले गाथापञ्चकम् । एवं द्वितीयविशेषान्तराधिकारे समुदायपातनिका । अथ यद्यात्मा पुद्गलानां पिण्डं न करोति तर्हि कथं पिण्डपर्यायपरिणतिरिति प्रश्ने प्रत्युत्तरं ददाति—**अपदेसो** अप्रदेशः । स कः । **परमाणू** पुद्गलपरमाणुः । पुनरपि कथंभूतः । **पदेसमेत्तो य** द्वितीयादिप्रदेशाभावात् प्रदेशमात्रश्च । पुनश्च किंरूपः । **सयमसद्दो य** स्वयं व्यक्तिरूपेणाशब्दः । एवं विशेषणत्रयविशिष्टः सन् **णिद्धो वा लुक्खो वा** स्निग्धो वा रूक्षो वा यतः कारणात्संभवति ततः कारणात् **दुपदेसादित्तमणुहवदि** द्विप्रदेशादिरूपं बन्धमनुभवतीति । तथा हि—यथायमात्मा शुद्धबुद्धैकस्वभावेन बन्धरहितोऽपि पश्चादशुद्धनयेन स्निग्धस्थानीयरागभावेन रूक्षस्थानीयद्वेषभावेन यदा परिणमति तदा परमागमकथितप्रकारेण बन्धमनुभवति, तथा परमाणुरपि स्वभावेन बन्धरहितोऽपि यदा बन्धकारणभूतस्निग्धरूक्षगुणेन परिणतो भवति तदा पुद्गलान्तरेण सह विभावपर्यायरूपं बन्धमनुभवतीत्यर्थः ॥ १६३ ॥ अथ कीदृशं तत्स्निग्धरूक्षत्वमिति पृष्टे प्रत्युत्तरं

---

**ટીકાઃ—**ખરેખર પરમાણુ દ્વિ-આદિ (બે, ત્રણ વગેરે) પ્રદેશોના અભાવને લીધે અપ્રદેશ છે, એક પ્રદેશના સદ્‌ભાવને લીધે પ્રદેશમાત્ર છે અને સ્વયં અનેક પરમાણુદ્રવ્યાત્મક શબ્દ પર્યાયની વ્યક્તિના (-પ્રગટતાના) અસંભવને લીધે અશબ્દ છે. (તે પરમાણુ) અવિરોધપૂર્વક ચાર સ્પર્શ, પાંચ રસ, બે ગંધ અને પાંચ વર્ણના સદ્‌ભાવને લીધે સ્નિગ્ધ (ચીકણો) અથવા રૂક્ષ (લૂખો) થાય છે તેથી જ તેને *પિંડપર્યાયપણે પરિણતિરૂપ દ્વિપ્રદેશાદિપણાની અનુભૂતિ થાય છે. આ રીતે સ્નિગ્ધરૂક્ષપણું પિંડપણાનું કારણ છે. ૧૬૩.

હવે પરમાણુને તે સ્નિગ્ધ-રૂક્ષપણું કેવા પ્રકારનું હોય છે તે કહે છેઃ—

---

* એક પરમાણુને બીજા એક પરમાણુ સાથે પિંડરૂપે પરિણતિ તે દ્વિપ્રદેશીપણાની અનુભૂતિ છે; એક પરમાણુને બીજા બે પરમાણુઓ સાથે પિંડરૂપે પરિણતિ તે ત્રિપ્રદેશીપણાનો અનુભવ છે. આ પ્રમાણે પરમાણુ અન્ય પરમાણુઓ સાથે પિંડરૂપે પરિણમતાં અનેકપ્રદેશીપણું અનુભવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**एगुत्तरमेगादी अणुस्स णिद्धत्तणं च लुक्खत्तं ।**
**परिणामादो भणिदं जाव अणंतत्तमणुभवदि ॥ १६४ ॥**

**एकोत्तरमेकाद्यणोः स्निग्धत्वं वा रूक्षत्वम् ।**
**परिणामाद्भणितं यावदनन्तत्वमनुभवति ॥ १६४ ॥**

परमाणोर्हि तावदस्ति परिणामः तस्य वस्तुस्वभावत्वेनानतिक्रमात् । ततस्तु परिणामादुपात्तकादाचित्कवैचित्र्यं चित्रगुणयोगित्वात्परमाणोरेकाद्येकोत्तरानन्तावसानाविभागपरिच्छेदव्यापि स्निग्धत्वं वा रूक्षत्वं वा भवति ॥ १६४ ॥

---

ददाति—**एगुत्तरमेगादी** एकोत्तरमेकादि । किम् । **णिद्धत्तणं च लुक्खत्तं** स्निग्धत्वं रूक्षत्वं च कर्मतापन्नं । **भणिदं** भणितं कथितम् । किंपर्यन्तम् । **जाव अणंतत्तमणुभवदि** अनन्तत्वमनन्तपर्यन्तं यावदनुभवति प्राप्नोति । कस्मात्सकाशात् । **परिणामादो** परिणतिविशेषात्परिणामित्वादित्यर्थः । कस्य संबन्धि । **अणुस्स** अणोः पुद्गलपरमाणोः । तथा हि—यथा जीवे जलाजागोमहिषीक्षीरे स्नेहवृद्धिवत्स्नेहस्थानीयं रागत्वं रूक्षस्थानीयं द्वेषत्वं बन्धकारणभूतं जघन्यविशुद्धिसंक्लेशस्थानीयमादिं कृत्वा परमागमकथितक्रमेणोत्कृष्टविशुद्धिसंक्लेशपर्यन्तं वर्धते, तथा पुद्गलपरमाणुद्रव्येऽपि स्निग्धत्वं रूक्षत्वं च बन्धकारणभूतं पूर्वोक्तजलादितारतम्यशक्तिदृष्टान्तेनैकगुणसंज्ञां जघन्यशक्तिमादिं कृत्वा गुणसंज्ञेनाविभागपरि-

---

**એકાંશથી આરંભી જ્યાં અવિભાગ અંશ અનંત છે,**
**સ્નિગ્ધત્વ વા રૂક્ષત્વ એ પરિણામથી પરમાણુને. ૧૬૪.**

**અન્વયાર્થઃ**—[ अणोः ] પરમાણુને [ परिणामात् ] પરિણામને લીધે [ एकादि ] એકથી (–એક અવિભાગ પ્રતિચ્છેદથી) માંડીને [ एकोत्तरं ] એકેક વધતાં [ यावत् अनन्तत्वम् अनुभवति ] અનંતપણાને (–અનંત અવિભાગ પ્રતિચ્છેદપણાને) પામે ત્યાંસુધીનું [ स्निग्धत्वं वा रूक्षत्वं ] સ્નિગ્ધત્વ અથવા રૂક્ષત્વ હોય છે એમ [ भणितम् ] (જિનદેવે) કહ્યું છે.

**ટીકાઃ**—પ્રથમ તો પરમાણુને પરિણામ હોય છે કારણ કે તે (પરિણામ) વસ્તુનો સ્વભાવ હોવાથી ઉલ્લંઘી શકાતો નથી. અને તે પરિણામને લીધે જે [1]કાદાચિત્ક [2]વિચિત્રતા ધારણ કરે છે એવું, એકથી માંડીને એક એક વધતાં અનંત અવિભાગ પ્રતિચ્છેદો સુધી વ્યાપનારું સ્નિગ્ધત્વ અથવા રૂક્ષત્વ પરમાણુને હોય છે કારણ કે પરમાણુ અનેક પ્રકારના ગુણવાળો છે.

---

૧. કાદાચિત્ક = કોઈ વાર હોય એવું; ક્ષણિક; અનિત્ય.
૨. વિચિત્રતા = અનેકપ્રકારતા; વિવિધતા; અનેકરૂપતા. (ચીકણાપણું અને લૂખાપણું પરિણામને લીધે ક્ષણિક અનેકરૂપતા–તરતમતા–ધારણ કરે છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथात्र कीदृशात्स्निग्धरूक्षत्वात्पिण्डत्वमित्यावेदयति—

**णिद्धा वा लुक्खा वा अणुपरिणामा समा व विसमा वा।**
**समदो दुराधिगा जदि बज्झंति हि आदिपरिहीणा ॥१६५॥**

**स्निग्धा वा रूक्षा वा अणुपरिणामाः समा वा विषमा वा।**
**समतो द्व्यधिका यदि बध्यन्ते हि आदिपरिहीणाः ॥ १६५ ॥**

---

च्छेदद्वितीयनामाभिधेयेन शक्तिविशेषेण वर्धते । किंपर्यन्तं । यावदनन्तसंख्यानम् । कस्मात् । पुद्गलद्रव्यस्य परिणामित्वात्, परिणामस्य वस्तुस्वभावादेव निषेधितुमशक्यत्वादिति ॥ १६४ ॥ अथात्र कीदृशात्स्निग्धरूक्षत्वगुणात् पिण्डो भवतीति प्रश्ने समाधानं ददाति— **बज्झंति हि** बध्यन्ते हि स्फुटम् । के । कर्मतापन्नाः **अणुपरिणामा** अणुपरिणामाः । अणुपरिणामशब्देनात्र परिणामपरिणता अणवो गृह्यन्ते । कथंभूताः । **णिद्धा वा लुक्खा वा** स्निग्धपरिणामपरिणता वा रूक्षपरिणामपरिणता वा । पुनरपि किंविशिष्टाः । **समा व विसमा वा** द्विशक्तिचतुःशक्तिषट्शक्त्यादिपरिणतानां सम इति संज्ञा, त्रिशक्तिपञ्चशक्तिसप्तशक्त्यादिपरिणतानां विषम इति संज्ञा । पुनश्च किंरूपाः । **समदो दुराधिगा जदि** समतः समसंख्यानात्सकाशाद् द्वाभ्यां गुणाभ्यामधिका यदि चेत् । कथं द्विगुणाधिकत्व-

---

**ભાવાર્થઃ**—પરમાણુ પરિણામવાળો હોવાથી તેનાં સ્નિગ્ધત્વ અને રૂક્ષત્વ એક *અવિભાગ પ્રતિચ્છેદથી માંડીને અનંત અવિભાગ પ્રતિચ્છેદો સુધી તરતમતા પામે છે. ૧૬૪.

હવે કેવાં સ્નિગ્ધ-રૂક્ષત્વથી પિંડપણું થાય છે તે કહે છેઃ—

**હો સ્નિગ્ધ અથવા રૂક્ષ અણુ-પરિણામ, સમ વા વિષમ હો,**
**બંધાય જો ગુણદ્વય અધિક; નહિ બંધ હોય જઘન્યનો. ૧૬૫.**

**અન્વયાર્થઃ**— [ अणुपरिणामाः ] પરમાણુ-પરિણામો, [ स्निग्धाः वा रूक्षाः वा ] સ્નિગ્ધ હો કે રૂક્ષ હો, [ समाः वा विषमाः वा ] બેકી અંશવાળા હો કે એકી અંશવાળા હો, [ यदि समतः द्व्यधिकः ] જો સમાન કરતાં બે અધિક અંશવાળા હોય તો [ बध्यन्ते हि ] બંધાય છે; [ आदिपरिहीणाः ] જઘન્ય અંશવાળો બંધાતો નથી.

---

* કોઈ ગુણમાં (એટલે કે ગુણના પર્યાયમાં) અંશકલ્પના કરવામાં આવતાં, તેનો જે નાનામાં નાનો (નિરંશ) અંશ પડે તેને તે ગુણનો (એટલે કે ગુણના પર્યાયનો) અવિભાગ પ્રતિચ્છેદ કહેવામાં આવે છે. (બકરી કરતાં ગાયના દૂધમાં અને ગાય કરતાં ભેંસના દૂધમાં ચીકાશના અવિભાગ પ્રતિચ્છેદો વધારે હોય છે. ધૂળ કરતાં રાખમાં અને રાખ કરતાં રેતીમાં લૂખાપણાના અવિભાગ પ્રતિચ્છેદો અધિક હોય છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**समतो द्वयधिकगुणाद्धि स्निग्धरूक्षत्वाद्बन्ध इत्युत्सर्गः, स्निग्धरूक्षद्वयधिकगुणत्वस्य हि परिणामकत्वेन बन्धसाधनत्वात् । न खल्वेकगुणात् स्निग्धरूक्षत्वाद्बन्ध इत्यपवादः, एकगुणस्निग्धरूक्षत्वस्य हि परिणम्यपरिणामकत्वाभावेन बन्धस्यासाधनत्वात् ॥ १६५ ॥**

---

मिति चेत् । एको द्विगुणस्तिष्ठति द्वितीयोऽपि द्विगुण इति द्वौ समसंख्यानौ तिष्ठतस्तावत् एकस्य विवक्षितद्विगुणस्य द्विगुणाधिकत्वे कृते सति सः चतुर्गुणो भवति शक्तिचतुष्टयपरिणतो भवति । तस्य चतुर्गुणस्य पूर्वोक्तद्विगुणेन सह बन्धो भवतीति । तथैव द्वौ त्रिशक्तियुक्तो तिष्ठतस्तावत्, तत्राप्येकस्य त्रिगुणशब्दाभिधेयस्य त्रिशक्तियुक्तस्य परमाणोः शक्तिद्वयमेलापके कृते सति पञ्चगुणत्वं भवति । तेन पञ्चगुणेन सह पूर्वोक्तत्रिगुणस्य बन्धो भवति । एवं द्वयोर्द्वयोः स्निग्धयोर्द्वयोर्द्वयो रूक्षयोर्द्वयोर्द्वयोः स्निग्धरूक्षयोर्वा समयोः विषमयोश्च द्विगुणाधिकत्वे सति बन्धो भवतीत्यर्थः, किंतु विशेषोऽस्ति । **आदिपरिहीणा** आदिशब्देन जलस्थानीयं जघन्यस्निग्धत्वं वालुकास्थानीयं जघन्यरूक्षत्वं भण्यते, ताभ्यां विहीना आदिपरिहीणा बध्यन्ते । किंच—परमचैतन्यपरिणतिलक्षणपरमात्मतत्त्वभावनारूपधर्मध्यानशुक्लध्यानबलेन यथा जघन्यस्निग्धशक्तिस्थानीये क्षीणरागत्वे सति जघन्यरूक्षशक्तिस्थानीये क्षीणद्वेषत्वे च सति जलवालुकयोरिव जीवस्य बन्धो न भवति, तथा पुद्गलपरमाणोरपि जघन्यस्निग्धरूक्षशक्तिप्रस्तावे बन्धो न भवतीत्यभिप्रायः ॥ १६५ ॥ अथ तमेवार्थं विशेषेण समर्थयति—-गुणशब्दवाच्यशक्तिद्वययुक्तस्य स्निग्धपरमाणोश्चतुर्गुणस्निग्धेन रूक्षेण वा समशब्दसंज्ञेन

---

**ટીકાઃ—સમાન કરતાં બે [1]ગુણ અધિક સ્નિગ્ધત્વ કે રૂક્ષત્વ હોય તો બંધ થાય છે તે ઉત્સર્ગ (સામાન્ય નિયમ) છે; કારણ કે સ્નિગ્ધત્વ કે રૂક્ષત્વનું બે ગુણ અધિક હોવાપણું તે [2]પરિણામક હોવાથી બંધનું કારણ છે.**

**એક ગુણ સ્નિગ્ધત્વ કે રૂક્ષત્વ હોય તો બંધ થતો નથી તે અપવાદ છે; કારણ કે એક ગુણ સ્નિગ્ધત્વ કે રૂક્ષત્વને [3]પરિણમ્ય-પરિણામકપણાનો અભાવ હોવાથી બંધના કારણપણાનો અભાવ છે. ૧૬૫.**

---

૧. ગુણ = અંશ; અવિભાગ પ્રતિચ્છેદ.

૨. પરિણામક = પરિણમાવનાર; પરિણમવામાં નિમિત્તભૂત.

૩. પરિણમ્ય = પરિણમવાયોગ્ય [દસ અંશ સ્નિગ્ધતાવાળો પરમાણુ બાર અંશ રૂક્ષતાવાળા પરમાણુ સાથે બંધાઈને સ્કંધ બનતાં, દસ અંશ સ્નિગ્ધતાવાળો પરમાણુ બાર અંશ રૂક્ષતારૂપે પરિણમી જાય છે; અથવા દસ અંશ સ્નિગ્ધતાવાળો પરમાણુ બાર અંશ સ્નિગ્ધતાવાળા પરમાણુ સાથે બંધાઈને સ્કંધ બનતાં, દસ અંશ સ્નિગ્ધતાવાળો પરમાણુ બાર અંશ સ્નિગ્ધતારૂપે પરિણમી જાય છે; માટે ઓછા અંશવાળો પરમાણુ પરિણમ્ય છે અને બે અધિક અંશવાળો પરમાણુ પરિણામક છે. એક અંશ સ્નિગ્ધતા કે રૂક્ષતાવાળો પરમાણુ (સામાન્ય નિયમ અનુસાર) પરિણામક તો નથી જ, અને જઘન્યભાવમાં વર્તતો હોવાથી પરિણમ્ય પણ નથી. આ રીતે જઘન્યભાવ બંધનું કારણ નથી.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ परमाणूनां पिण्डत्वस्य यथोदितहेतुत्वमवधारयति—

**णिद्धत्तणेण दुगुणो चदुगुणणिद्धेण बंधमणुभवदि ।**
**लुक्खेण वा तिगुणिदो अणु बज्झदि पंचगुणजुत्तो ॥ १६६ ॥**

स्निग्धत्वेन द्विगुणश्चतुर्गुणस्निग्धेन बन्धमनुभवति ।
रूक्षेण वा त्रिगुणितोऽणुर्बध्यते पञ्चगुणयुक्तः ॥ १६६ ॥

यथोदितहेतुकमेव परमाणूनां पिण्डत्वमवधार्यं, द्विचतुर्गुणयोस्त्रिपञ्चगुणयोश्च द्वयोः स्निग्धयोः द्वयो रूक्षयोर्द्वयोः स्निग्धरूक्षयोर्वा परमाण्वोर्बन्धस्य प्रसिद्धेः । उक्तं च "णिद्धा णिद्धेण बज्झंति लुक्खा लुक्खा य पोग्गला । णिद्धलुक्खा य बज्झंति रूवारूवी य पोग्गला ॥"

---

तथैव त्रिशक्तियुक्तरूक्षस्य पञ्चगुणरूक्षेण स्निग्धेन वा विषमसंज्ञेन द्विगुणाधिकत्वे सति बन्धो भवतीति ज्ञातव्यम् । अयं तु विशेषः—परमानन्दैकलक्षणस्वसंवेदनज्ञानबलेन हीयमानरागद्वेषत्वे सति पूर्वोक्त-

---

હવે પરમાણુઓને પિંડપણામાં યથોક્ત હેતુ છે (અર્થાત્ ઉપર કહ્યું તે જ કારણ છે) એમ નક્કી કરે છેઃ—

**ચતુરંશ કો સ્નિગ્ધાણુ સહ દ્વય-અંશમય સ્નિગ્ધાણુનો;**
**પંચાંશી અણુ સહ બંધ થાય ત્રયાંશમય રૂક્ષાણુનો. ૧૬૬.**

**અન્વયાર્થઃ**—[ स्निग्धत्वेन द्विगुणः ] સ્નિગ્ધપણે બે અંશવાળો પરમાણુ [ चतुर्गुणस्निग्धेन ] ચાર અંશવાળા સ્નિગ્ધ (અથવા રૂક્ષ) પરમાણુ સાથે [ बन्धम् अनुभवति ] બંધ અનુભવે છે; [ वा ] અથવા [ रूक्षेण त्रिगुणितः अणुः ] રૂક્ષપણે ત્રણ અંશવાળો પરમાણુ [ पञ्चगुणयुक्तः ] પાંચ અંશવાળા સાથે જોડાયો થકો [ बध्यते ] બંધાય છે.

**ટીકાઃ**—યથોક્ત હેતુથી જ પરમાણુઓને પિંડપણું થાય છે એમ નક્કી કરવું, કારણ કે બે અને ચાર ગુણવાળા તથા ત્રણ અને પાંચ ગુણવાળા—એવા બે સ્નિગ્ધ પરમાણુઓને અથવા એવા બે રૂક્ષ પરમાણુઓને અથવા એવા બે સ્નિગ્ધ-રૂક્ષ પરમાણુઓને (-એક સ્નિગ્ધ અને એક રૂક્ષ પરમાણુને) બંધની પ્રસિદ્ધિ છે. કહ્યું છે કેઃ

'णिद्धा णिद्धेण बज्झंति लुक्खा लुक्खा य पोग्गला ।
णिद्धलुक्खा य बज्झंति रूवारूवी य पोग्गला ॥'

'णिद्धस्स णिद्धेण दुराहिएण लुक्खस्स लुक्खेण दुराहिएण ।
णिद्धस्स लुक्खेण हवेदि बंधो जहण्णवज्जे विसमे समे वा ॥'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"णिद्धस्स णिद्धेण दुराहिएण लुक्खस्स लुक्खेण दुराहिएण। णिद्धस्स लुक्खेण हवेदि बंधो जहण्णवज्जे विसमे समे वा ॥" ॥ १६६ ॥

---

जलवालुकादृष्टान्तेन यथा जीवानां बन्धो न भवति तथा जघन्यस्निग्धरूक्षत्वगुणे सति परमाणूनां चेति । तथा चोक्तम्—"णिद्धस्स णिद्धेण दुराधिगेण लुक्खस्स लुक्खेण दुराधिगेण । णिद्धस्स लुक्खेण हवेदि बंधो जघण्णवज्जे विसमे समे वा" ॥ १६६ ॥ एवं पूर्वोक्तप्रकारेण स्निग्धरूक्ष-

---

[ અર્થ :— પુદ્‌ગલો '*રૂપી' અને 'અરૂપી' હોય છે; ત્યાં સ્નિગ્ધ પુદ્‌ગલો સ્નિગ્ધની સાથે બંધાય છે, રૂક્ષ પુદ્‌ગલો રૂક્ષની સાથે બંધાય છે, સ્નિગ્ધ અને રૂક્ષ પણ બંધાય છે.

જઘન્ય સિવાય એકી અંશવાળો હોય કે બેકી અંશવાળો હોય, સ્નિગ્ધનો બે અધિક અંશવાળા સ્નિગ્ધ પરમાણુ સાથે, રૂક્ષનો બે અધિક અંશવાળા રૂક્ષ પરમાણુ સાથે અને સ્નિગ્ધનો (બે અધિક અંશવાળા) રૂક્ષ પરમાણુ સાથે બંધ થાય છે. ]

**ભાવાર્થ :**—બે અંશથી માંડીને અનંત અંશ સ્નિગ્ધતા કે રૂક્ષતાવાળો પરમાણુ તેનાથી બે અધિક અંશ સ્નિગ્ધતા કે રૂક્ષતાવાળા પરમાણુ સાથે બંધાઈને સ્કંધ બને છે. જેમ કે: ૨ અંશ સ્નિગ્ધતાવાળો પરમાણુ ૪ અંશ સ્નિગ્ધતાવાળા પરમાણુ સાથે બંધાય છે; ૯૧ અંશ સ્નિગ્ધતાવાળો પરમાણુ ૯૩ અંશ રૂક્ષતાવાળા પરમાણુ સાથે બંધાય છે; ૫૩૩ અંશ રૂક્ષતાવાળો પરમાણુ ૫૩૫ અંશ રૂક્ષતાવાળા પરમાણુ સાથે બંધાય છે; ૭૦૦૬ અંશ રૂક્ષતાવાળો પરમાણુ ૭૦૦૮ અંશ સ્નિગ્ધતાવાળા પરમાણુ સાથે બંધાય છે.—આ ઉદાહરણો પ્રમાણે બેથી માંડીને અનંત અંશો (અવિભાગ પ્રતિચ્છેદો) સુધી સમજી લેવું.

માત્ર એક અંશવાળા પરમાણુમાં જઘન્યભાવને લીધે બંધની યોગ્યતા નથી તેથી એક અંશવાળો સ્નિગ્ધ કે રૂક્ષ પરમાણુ ત્રણ અંશવાળા સ્નિગ્ધ કે રૂક્ષ પરમાણુ સાથે પણ બંધાતો નથી.

આ રીતે, (એક અંશવાળા સિવાય) બે પરમાણુઓ વચ્ચે બે અંશોનો તફાવત હોય તો જ તેઓ બંધાય છે; બે કરતાં વધારે કે ઓછા અંશનો તફાવત હોય તો બંધ થતો નથી. જેમ કે: પાંચ અંશ સ્નિગ્ધતા કે રૂક્ષતાવાળો પરમાણુ સાત અંશવાળા પરમાણુ સાથે બંધાય છે; પરંતુ પાંચ અંશવાળો પરમાણુ આઠ અંશવાળા કે છ અંશવાળા (અથવા પાંચ અંશવાળા) પરમાણુ સાથે બંધાતો નથી. ૧૬૬.

---

* કોઈ એક પરમાણુની અપેક્ષાએ વિસદ્રશજાતિનો સમાનઅંશવાળો બીજો પરમાણુ 'રૂપી' કહેવાય છે અને બાકીના બધા પરમાણુઓ તેની અપેક્ષાએ 'અરૂપી' કહેવાય છે. જેમ કે— પાંચ અંશ સ્નિગ્ધતાવાળા પરમાણુને પાંચ અંશ રૂક્ષતાવાળો બીજો પરમાણુ 'રૂપી' છે અને બાકીના બધા પરમાણુઓ તેના માટે 'અરૂપી' છે. આનો અર્થ એમ થયો કે—વિસદ્રશજાતિના સમાનઅંશવાળા પરમાણુઓ પરસ્પર 'રૂપી' છે; સદ્રશજાતિના અથવા અસમાનઅંશવાળા પરમાણુઓ પરસ્પર 'અરૂપી' છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथात्मनः पुद्गलपिण्डकर्तृत्वाभावमवधारयति—

**दुपदेसादी खंधा सुहुमा वा बादरा ससंठाणा।**
**पुढविजलतेउवाऊ सगपरिणामेहिं जायंते ॥१६७॥**

**द्विप्रदेशादयः स्कन्धाः सूक्ष्मा वा बादराः ससंस्थानाः ।**
**पृथिवीजलतेजोवायवः स्वकपरिणामैर्जायन्ते ॥ १६७ ॥**

एवममी समुपजायमाना द्विप्रदेशादयः स्कन्धा विशिष्टावगाहनशक्तिवशादुपात्तसौक्ष्म्यस्थौल्यविशेषा विशिष्टाकारधारणशक्तिवशाद्गृहीतविचित्रसंस्थानाः सन्तो यथास्वं

---

परिणतपरमाणुस्वरूपकथनेन प्रथमगाथा, स्निग्धरूक्षगुणविवरणेन द्वितीया, स्निग्धरूक्षगुणाभ्यां द्व्यधिकत्वे सति बन्धकथनेन तृतीया, तस्यैव दृढीकरणेन चतुर्थी चेति परमाणूनां परस्परबन्धव्याख्यानमुख्यत्वेन प्रथमस्थले गाथाचतुष्टयं गतम् । अथात्मा द्व्यणुकादिपुद्गलस्कन्धानां कर्ता न भवतीत्युपदिशति——**जायन्ते** उत्पद्यन्ते । के कर्तारः । **दुपदेसादी खंदा** द्विप्रदेशाद्यनन्ताणुपर्यन्ताः स्कन्धाः। के जायन्ते । **पुढविजलतेउवाऊ** पृथ्वीजलतेजोवायवः । कथंभूताः सन्तः । **सुहुमा वा बादरा** सूक्ष्मा वा बादरा वा । पुनरपि किंविशिष्टाः सन्तः । **ससंठाणा** यथासंभवं वृत्तचतुरस्रादिस्वकीयस्वकीयसंस्थानाकारयुक्ताः । कैः कृत्वा जायन्ते । **सगपरिणामेहिं** स्वकीयस्वकीयस्निग्धरूक्षपरिणामैरिति । अथ विस्तरः—जीवा हि तावद्वस्तुतष्टङ्कोत्कीर्णज्ञायकैकरूपेण शुद्धबुद्धैकस्वभावा एव, पश्चाद्व्यवहारेणानादिकर्मबन्धोपाधिवशेन शुद्धात्मस्वभावमलभमानाः सन्तः पृथिव्यप्तेजोवातकायिकेषु

---

હવે આત્માને પુદ્ગલોના પિંડના કર્તૃત્વનો અભાવ નક્કી કરે છે:—

**સ્કંધો પ્રદેશદ્વયાદિયુત, સ્થૂલ-સૂક્ષ્મ ને સાકાર જે,**
**તે પૃથ્વી-વાયુ-તેજ-જળ પરિણામથી નિજ થાય છે. ૧૬૭.**

**અન્વયાર્થ:**—[ द्विप्रदेशादयः स्कंधाः ] દ્વિપ્રદેશાદિક સ્કંધો (બેથી માંડીને અનંત પ્રદેશવાળા સ્કંધો)—[ सूक्ष्माः वा बादराः ] કે જેઓ સૂક્ષ્મ અથવા બાદર હોય છે અને [ ससंस्थानाः ] સંસ્થાનો (આકારો) સહિત હોય છે તેઓ—[ पृथिवीजलतेजोवायवः ] પૃથ્વી, જળ, તેજ અને વાયુરૂપ [ स्वकपरिणामैः जायन्ते ] પોતાના પરિણામોથી થાય છે.

**ટીકા:**—એ રીતે (પૂર્વોક્ત રીતે) આ ઊપજતા દ્વિપ્રદેશાદિક સ્કંધો —જેમણે વિશિષ્ટ અવગાહનની શક્તિને વશ સૂક્ષ્મતા અને સ્થૂલતારૂપ ભેદો ગ્રહ્યા છે અને જેમણે વિશિષ્ટ આકાર ધારણ કરવાની શક્તિને વશ વિચિત્ર સંસ્થાનો ગ્રહ્યાં છે તેઓ—પોતાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

स्पर्शादिचतुष्कस्याविर्भावतिरोभावस्वशक्तिवशमासाद्य पृथिव्यप्तेजोवायवः स्वपरिणामैरेव जायन्ते । अतोऽवधार्यते द्व्यणुकाद्यनन्तानन्तपुद्गलानां न पिण्डकर्ता पुरुषोऽस्ति ॥ १६७ ॥

अथात्मनः पुद्गलपिण्डानेतृत्वाभावमवधारयति—

**ओगाढगाढणिचिदो पुग्गलकायेहिं सव्वदो लोगो ।**
**सुहुमेहिं बादरेहिं य अप्पाओग्गेहिं जोग्गेहिं ॥१६८॥**

**अवगाढगाढनिचितः पुद्गलकायैः सर्वतो लोकः ।**
**सूक्ष्मैर्बादरैश्चाप्रायोग्यैर्योग्यैः ॥ १६८ ॥**

---

समुत्पद्यन्ते, तथापि स्वकीयाभ्यन्तरसुखदुःखादिरूपपरिणतेरेवाशुद्धोपादानकारणं भवन्ति, न च पृथिव्यादिकायाकारपरिणतेः । कस्मादिति चेत् । तत्र स्कन्धानामेवोपादानकारणत्वादिति । ततो ज्ञायते पुद्गलपिण्डानां जीवः कर्ता न भवतीति ॥ १६७ ॥ अथात्मा बन्धकाले बन्धयोग्य-पुद्गलान् बहिर्भागान्नैवानयतीत्यावेदयति—**ओगाढगाढणिचिदो** अवगाह्यावगाह्य नैरन्तर्येण निचितो भृतः । स कः । **लोगो** लोकः । कथं भृतः । **सव्वदो** सर्वतः सर्वप्रदेशेषु । कैः कर्तृभूतैः । **पुग्गल-कायेहिं** पुद्गलकायैः । किंविशिष्टैः । **सुहुमेहि बादरेहि य** इन्द्रियग्रहणायोग्यैः सूक्ष्मैस्तद्ग्रहण-

---

યોગ્યતા અનુસાર * સ્પર્શાદિ ચતુષ્કના આવિર્ભાવ અને તિરોભાવની સ્વશક્તિને વશ થઈને પૃથ્વી, પાણી, તેજ ને વાયુરૂપ પોતાના પરિણામોથી જ થાય છે. આથી નક્કી થાય છે કે દ્વિ-અણુકાદિ અનંતાનંત પુદ્‌ગલોનો પિંડકર્તા આત્મા નથી. ૧૬૭.

હવે (જેમ આત્મા પુદ્‌ગલપિંડનો કરનાર નથી તેમ) આત્મા પુદ્‌ગલપિંડનો લાવનાર (પણ) નથી એમ નક્કી કરે છે:—

**અવગાઢ ગાઢ ભરેલ છે સર્વત્ર પુદ્‌ગલકાયથી**
**આ લોક બાદર-સૂક્ષ્મથી, કર્મત્વયોગ્ય-અયોગ્યથી. ૧૬૮.**

**અન્વયાર્થઃ**—[ लोकः ] લોક [ सर्वतः ] સર્વતઃ [ सूक्ष्मैः बादरैः ] સૂક્ષ્મ તેમ જ બાદર [ च ] તથા [ अप्रायोग्यैः योग्यैः ] કર્મત્વને અયોગ્ય તેમ જ કર્મત્વને યોગ્ય [ पुद्गलकायैः ] પુદ્‌ગલકાયો (પુદ્‌ગલસ્કંધો) વડે [ अवगाढगाढनिचितः ] (વિશિષ્ટ રીતે) અવગાહાઈને ગાઢ ભરેલો છે.

---

* સ્પર્શાદિ ચતુષ્ક = સ્પર્શ, રસ, ગંધ ને વર્ણ. (સ્પર્શાદિકની પ્રગટતા અને અપ્રગટતા તે પુદ્‌ગલની શક્તિ છે.)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यतो हि सूक्ष्मत्वपरिणतैर्बादरपरिणतैश्चानतिसूक्ष्मत्वस्थूलत्वात् कर्मत्वपरिणमनशक्तियोगिभिरतिसूक्ष्मस्थूलतया तदयोगिभिश्चावगाहविशिष्टत्वेन परस्परमबाधमानैः स्वयमेव सर्वत एव पुद्गलकायैर्गाढं निचितो लोकः। ततोऽवधार्यते न पुद्गलपिण्डानामानेता पुरुषोऽस्ति ॥१६८॥

अथात्मनः पुद्गलपिण्डानां कर्मत्वकर्तृत्वाभावमवधारयति—

**कम्मत्तणपाओग्गा खंधा जीवस्स परिणइं पप्पा।**
**गच्छंति कम्मभावं ण हि ते जीवेण परिणमिदा ॥१६९॥**

**कर्मत्वप्रायोग्याः स्कन्धा जीवस्य परिणतिं प्राप्य।**
**गच्छन्ति कर्मभावं न हि ते जीवेन परिणमिताः ॥१६९॥**

---

योग्यैर्बादरैश्च। पुनश्च कथंभूतैः। **अप्पाओग्गेहिं** अतिसूक्ष्मस्थूलत्वेन कर्मवर्गणायोग्यतारहितैः। पुनश्च किंविशिष्टैः। **जोग्गेहिं** अतिसूक्ष्मस्थूलत्वाभावात्कर्मवर्गणायोग्यैरिति। अयमत्रार्थः—निश्चयेन शुद्धस्वरूपैरपि व्यवहारेण कर्मोदयाधीनतया पृथिव्यादिपञ्चसूक्ष्मस्थावरत्वं प्राप्तैर्जीवैर्यथा लोको निरन्तरं भृतस्तिष्ठति तथा पुद्गलैरपि। ततो ज्ञायते यत्रैव शरीरावगाढक्षेत्रे जीवस्तिष्ठति बन्धयोग्यपुद्गला अपि

---

ટીકાઃ—સૂક્ષ્મપણે પરિણમેલા તેમ જ બાદરપણે પરિણમેલા, અતિ સૂક્ષ્મ અથવા અતિ સ્થૂલ નહિ હોવાથી કર્મપણે પરિણમવાની શક્તિવાળા તેમ જ અતિ સૂક્ષ્મ અથવા અતિ સ્થૂલ હોવાથી કર્મપણે પરિણમવાની શક્તિ વગરના—એવા પુદ્ગલકાયો વડે, અવગાહની વિશિષ્ટતાને લીધે પરસ્પર બાધા કર્યા વિના, સ્વયમેવ સર્વતઃ (બધાય પ્રદેશે) લોક ગાઢ ભરેલો છે. માટે નક્કી થાય છે કે પુદ્ગલપિંડોનો લાવનાર આત્મા નથી.

ભાવાર્થઃ—આ લોકમાં સર્વ સ્થળે જીવો છે અને કર્મબંધને યોગ્ય પુદ્ગલવર્ગણા પણ સર્વ સ્થળે છે. જીવને જે પ્રકારના પરિણામ થાય તે પ્રકારનો જીવને કર્મબંધ થાય છે. એમ નથી કે આત્મા કોઈ બહારની જગ્યાએથી કર્મયોગ્ય પુદ્ગલો લાવીને બંધ કરે છે. ૧૬૮.

હવે આત્મા પુદ્ગલપિંડોને કર્મપણે કરનારો નથી એમ નક્કી કરે છેઃ—

**સ્કંધો કરમને યોગ્ય પામી જીવના પરિણામને**
**કર્મત્વને પામે; નહીં જીવ પરિણમાવે તેમને. ૧૬૯.**

અન્વયાર્થઃ—[ कर्मत्वप्रायोग्याः स्कंधाः ] કર્મપણાને યોગ્ય સ્કંધો [ जीवस्य परिणतिं प्राप्य ] જીવની પરિણતિને પામીને [ कर्मभावं गच्छन्ति ] કર્મભાવને પામે છે; [ न हि ते जीवेन परिणमिताः ] તેમને જીવ પરિણમાવતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यतो हि तुल्यक्षेत्रावगाढजीवपरिणाममात्रं बहिरङ्गसाधनमाश्रित्य जीवं परिणमयितारमन्तरेणापि कर्मत्वपरिणमनशक्तियोगिनः पुद्गलस्कन्धाः स्वयमेव कर्मभावेन परिणमन्ति। ततोऽवधार्यते न पुद्गलपिण्डानां कर्मत्वकर्ता पुरुषोऽस्ति ॥ १६९ ॥

अथात्मनः कर्मत्वपरिणतपुद्गलद्रव्यात्मकशरीरकर्तृत्वाभावमवधारयति—

**ते ते कम्मत्तगदा पोग्गलकाया पुणो वि जीवस्स।**
**संजायंते देहा देहंतरसंकमं पप्पा ॥ १७० ॥**

तत्रैव तिष्ठन्ति, न च बहिर्भागाज्जीव आनयतीति ॥ १६८ ॥ अथ कर्मस्कन्धानां जीव उपादानकर्ता न भवतीति प्रज्ञापयति—**कम्मत्तणपाओग्गा खंधा** कर्मत्वप्रायोग्याः स्कन्धाः कर्तारः **जीवस्स परिणइं पप्पा** जीवस्य परिणतिं प्राप्य निर्दोषिपरमात्मभावनोत्पन्नसहजानन्दैकलक्षणसुखामृतपरिणतेः प्रतिपक्षभूतां जीवसंबन्धिनीं मिथ्यात्वरागादिपरिणतिं प्राप्य **गच्छंति कम्मभावं** गच्छन्ति परिणमन्ति। कम्। कर्मभावं ज्ञानावरणादिद्रव्यकर्मपर्यायम्। **ण हि ते जीवेण परिणमिदा** न हि नैव ते कर्मस्कन्धा जीवेनोपादानकर्तृभूतेन परिणमिताः परिणतिं नीता इत्यर्थः। अनेन व्याख्यानेनैतदुक्तं भवति कर्मस्कन्धानां निश्चयेन जीवः कर्ता न भवतीति ॥ १६९ ॥ अथ शरीराकारपरिणतपुद्गलपिण्डानां जीवः कर्ता न भवतीत्युपदिशति—**ते ते कम्मत्तगदा** ते ते पूर्वसूत्रोदिताः कर्मत्वं गता द्रव्यकर्मपर्याय-

ટીકાઃ—કર્મપણે પરિણમવાની શક્તિવાળા પુદ્ગલસ્કંધો તુલ્યક્ષેત્રાવગાહી જીવના પરિણામમાત્રનો—કે જે બહિરંગ સાધન (બાહ્ય કારણ) છે તેનો—આશ્રય કરીને, જીવ પરિણમાવનાર વિના પણ, સ્વયમેવ કર્મભાવે પરિણમે છે. તેથી નક્કી થાય છે કે પુદ્ગલપિંડોને કર્મપણે કરનારો આત્મા નથી.

ભાવાર્થઃ—સમાન ક્ષેત્રે રહેલા જીવના વિકારી પરિણામને નિમિત્તમાત્ર કરીને કાર્મણવર્ગણાઓ સ્વયમેવ પોતાની અંતરંગ શક્તિથી જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પરિણમી જાય છે; જીવ તેમને કર્મપણે પરિણમાવતો નથી. ૧૬૯.

હવે આત્માને કર્મપણે પરિણત પુદ્ગલદ્રવ્યાત્મક શરીરના કર્તૃત્વનો અભાવ નક્કી કરે છે (અર્થાત્ કર્મપણે પરિણમેલું જે પુદ્ગલદ્રવ્ય તે-સ્વરૂપ શરીરનો કર્તા આત્મા નથી એમ નક્કી કરે છે):—

**કર્મત્વપરિણત પુદ્ગલોના સ્કંધ તે તે ફરી ફરી**
**શરીરો બને છે જીવને, સંક્રાંતિ પામી દેહની. ૧૭૦.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ते ते कर्मत्वगताः पुद्गलकायाः पुनरपि जीवस्य ।**
**संजायन्ते देहा देहान्तरसंक्रमं प्राप्य ॥ १७० ॥**

ये ये नामामी यस्य जीवस्य परिणामं निमित्तमात्रीकृत्य पुद्गलकायाः स्वयमेव कर्मत्वेन परिणमन्ति, अथ ते ते तस्य जीवस्यानादिसंतानप्रवृत्तशरीरान्तरसंक्रान्तिमाश्रित्य स्वयमेव च शरीराणि जायन्ते । अतोऽवधार्यते न कर्मत्वपरिणतपुद्गलद्रव्यात्मकशरीरकर्ता पुरुषोऽस्ति ॥ १७० ॥

अथात्मनः शरीरत्वाभावमवधारयति—

---

परिणताः **पोग्गलकाया** पुद्गलस्कन्धाः **पुणो वि जीवस्स** पुनरपि भवान्तरेऽपि जीवस्य **संजायंते देहा** संजायन्ते सम्यग्जायन्ते देहाः शरीराणीति । किं कृत्वा । **देहंतरसंकमं पप्पा** देहान्तरसंक्रमं भवान्तरं प्राप्य लब्ध्वेति । अनेन किमुक्तं भवति—औदारिकादिशरीरनामकर्मरहितपरमात्मानमलभमानेन जीवेन यान्युपार्जितान्यौदारिकादिशरीरनामकर्माणि तानि भवान्तरे प्राप्ते सत्युदयमागच्छन्ति, तदुदयेन नोकर्मपुद्गला औदारिकादिशरीराकारेण स्वयमेव परिणमन्ति । ततः कारणादौदारिकादिकायानां जीवः कर्ता न भवतीति ॥ १७० ॥ अथ शरीराणि जीवस्वरूपं न भवन्तीति निश्चिनोति—**ओरालिओ य देहो** औदारिकश्च देहः **देहो वेउव्विओ य** देहो वैक्रियकश्च **तेजइओ** तैजसिकः **आहारय कम्मइयो** आहारकः कार्मणश्च **पुग्गलदव्वप्पगा सव्वे** एते पञ्च देहाः पुद्गलद्रव्यात्मकाः सर्वेऽपि

---

**અન્વયાર્થઃ**—[ कर्मत्वगताः ] કર્મપણે પરિણમેલા [ ते ते ] તે તે [ पुद्गलकायाः ] પુદ્‌ગલકાયો [ देहान्तरसंक्रमं प्राप्य ] દેહાંતરરૂપ ફેરફારને પામીને [ पुनः अपि ] ફરી ફરીને [ जीवस्य ] જીવને [ देहाः ] શરીરો [ संजायन्ते ] થાય છે.

**ટીકાઃ**— જે જીવના પરિણામને નિમિત્તમાત્ર કરીને જે જે આ પુદ્‌ગલકાયો સ્વયમેવ કર્મપણે પરિણમે છે, તે જીવને અનાદિ સંતતિરૂપે (પ્રવાહરૂપે) પ્રવર્તતા દેહાંતરરૂપ (ભવાંતરરૂપ) ફેરફારનો આશ્રય કરીને તે તે પુદ્‌ગલકાયો સ્વયમેવ શરીરો (-શરીરોરૂપે, શરીરો થવામાં નિમિત્તરૂપે) થાય છે. આથી નક્કી થાય છે કે કર્મપણે પરિણમેલા પુદ્‌ગલદ્રવ્યાત્મક શરીરનો કર્તા આત્મા નથી.

ભાવાર્થઃ—જીવના પરિણામને નિમિત્તમાત્ર કરીને જે પુદ્‌ગલો સ્વયમેવ કર્મરૂપે પરિણમે છે, તે પુદ્‌ગલો જ અન્ય ભવમાં શરીર બનવામાં નિમિત્તભૂત થાય છે અને નોકર્મપુદ્‌ગલો સ્વયમેવ શરીરરૂપે પરિણમે છે. માટે શરીરનો કર્તા આત્મા નથી. ૧૭૦.

હવે આત્માને શરીરપણાનો અભાવ નક્કી કરે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ओरालिओ य देहो देहो वेउव्विओ य तेजइओ ।**
**आहारय कम्मइओ पुग्गलदव्वप्पगा सव्वे ॥ १७१ ॥**

औदारिकश्च देहो देहो वैक्रियिकश्च तैजसः ।
आहारकः कार्मणः पुद्गलद्रव्यात्मकाः सर्वे ॥ १७१ ॥

यतो ह्यौदारिकवैक्रियिकाहारकतैजसकार्मणानि शरीराणि सर्वाण्यपि पुद्गलद्रव्यात्मकानि, ततोऽवधार्यते न शरीरं पुरुषोऽस्ति ॥ १७१ ॥

अथ किं तर्हि जीवस्य शरीरादिसर्वपरद्रव्यविभागसाधनमसाधारणं स्वलक्षणमित्यावेदयति—

**अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं ।**
**जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं ॥ १७२ ॥**

---

मम स्वरूपं न भवन्ति । कस्मादिति चेत् । ममाशरीरचैतन्यचमत्कारपरिणतत्वेन सर्वदैवाचेतनशरीरत्वविरोधादिति ॥ १७१ ॥ एवं पुद्गलस्कन्धानां बन्धव्याख्यानमुख्यतया द्वितीयस्थले गाथापञ्चकं गतम् । इति 'अपदेसो परमाणू' इत्यादि गाथानवकेन परमाणुस्कन्धभेदभिन्नपुद्गलानां पिण्डनिष्पत्तिव्याख्यान-

---

**જે દેહ ઔદારિક, ને વૈક્રિય-તૈજસ દેહ છે,**
**કાર્મણ-અહારક દેહ જે, તે સર્વ પુદ્ગલરૂપ છે. ૧૭૧.**

અન્વયાર્થઃ—[ औदारिकः च देहः ] ઔદારિક શરીર, [ वैक्रियिकः देहः ] વૈક્રિયિક શરીર, [ तैजसः ] તૈજસ શરીર, [ आहारकः ] આહારક શરીર [ च ] અને [ कार्मणः ] કાર્મણ શરીર—[ सर्वे ] બધાં [ पुद्गलद्रव्यात्मकाः ] પુદ્ગલદ્રવ્યાત્મક છે.

ટીકાઃ—ઔદારિક, વૈક્રિયિક આહારક, તૈજસ અને કાર્મણ—એ શરીરો બધાંય પુદ્ગલદ્રવ્યાત્મક છે તેથી નક્કી થાય છે કે આત્મા શરીર નથી. ૧૭૧.

હવે ત્યારે જીવનું, શરીરાદિ સર્વ પરદ્રવ્યોથી વિભાગના સાધનભૂત, અસાધારણ સ્વલક્ષણ શું છે તે કહે છેઃ—

**છે ચેતનાગુણ, ગંધ-રૂપ-રસ-શબ્દ-વ્યક્તિ ન જીવને,**
**વળી લિંગગ્રહણ નથી અને સંસ્થાન ભાખ્યું ન તેહને. ૧૭૨.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अरसमरूपमगन्धमव्यक्तं चेतनागुणमशब्दम् ।
जानीह्यलिङ्गग्रहणं जीवमनिर्दिष्टसंस्थानम् ॥ १७२ ॥

आत्मनो हि रसरूपगन्धगुणाभावस्वभावत्वात्स्पर्शगुणव्यक्त्यभावस्वभावत्वात् शब्दपर्यायाभावस्वभावत्वात्तथा तन्मूलादलिङ्गग्राह्यत्वात्सर्वसंस्थानाभावस्वभावत्वाच्च पुद्गलद्रव्यविभागसाधनमरसत्वमरूपत्वमगन्धत्वमव्यक्तत्वमशब्दत्वमलिङ्गग्राह्यत्वमसंस्थानत्वं चास्ति । सकलपुद्गलापुद्गलाजीवद्रव्यविभागसाधनं तु चेतनागुणत्वमस्ति । तदेव च तस्य स्वजीवद्रव्यमात्राश्रितत्वेन स्वलक्षणतां बिभ्राणं शेषद्रव्यान्तरविभागं साधयति । अलिङ्गग्राह्य इति वक्तव्ये यदलिङ्गग्रहणमित्युक्तं तद्बहुतरार्थप्रतिपत्तये । तथा हि—न लिंगैरिन्द्रियैर्ग्राहकतामा-

---

मुख्यतया द्वितीयविशेषान्तराधिकारः समाप्तः । अथैकोनविंशतिगाथापर्यन्तं जीवस्य पुद्गलेन सह बन्धमुख्यतया व्याख्यानं करोति, तत्र षट्स्थलानि भवन्ति । तेष्वादौ 'अरसमरूवं' इत्यादि शुद्धजीवव्याख्यानेन गाथैका, 'मुत्तो रूवादि' इत्यादिपूर्वपक्षपरिहारमुख्यतया गाथाद्वयमिति प्रथमस्थले गाथात्रयम् । तदनन्तरं भावबन्धमुख्यत्वेन 'उवओगमओ' इत्यादि गाथाद्वयम् । अथ परस्परं द्वयोः पुद्गलयोः बन्धो, जीवस्य रागादिपरिणामेन सह बन्धो, जीवपुद्गलयोर्बन्धश्चेति त्रिविधबन्धमुख्यत्वेन 'फासेहि पुग्गलाणं' इत्यादि

---

અન્વયાર્થઃ—[ जीवम् ] જીવને [ अरसम् ] અરસ, [ अरूपम् ] અરૂપ, [ अगन्धम् ] અગંધ, [ अव्यक्तं ] અવ્યક્ત, [ चेतनागुणम् ] ચેતનાગુણવાળો, [ अशब्दम् ] અશબ્દ, [ अलिंगग्रहणम् ] અલિંગગ્રહણ (લિંગથી અગ્રાહ્ય) અને [ अनिर्दिष्टसंस्थानम् ] જેને કોઈ સંસ્થાન કહ્યું નથી એવો [ जानीहि ] જાણ.

ટીકાઃ—આત્મા (૧) રસગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી, (૨) રૂપગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી, (૩) ગંધગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી, (૪) સ્પર્શગુણરૂપ વ્યક્તતાના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી, (૫) શબ્દપર્યાયના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી, તથા (૬) તે બધાંને કારણે (અર્થાત્ રસ-રૂપ-ગંધ વગેરેના અભાવરૂપ સ્વભાવને કારણે) લિંગ વડે અગ્રાહ્ય હોવાથી અને (૭) સર્વ સંસ્થાનોના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી, આત્માને પુદ્ગલદ્રવ્યથી વિભાગના સાધનભૂત (૧) અરસપણું, (૨) અરૂપપણું, (૩) અગંધપણું, (૪) અવ્યક્તપણું, (૫) અશબ્દપણું, (૬) અલિંગગ્રાહ્યપણું અને (૭) અસંસ્થાનપણું છે. પુદ્ગલ તેમ જ અપુદ્ગલ એવાં સમસ્ત અજીવદ્રવ્યોથી વિભાગનું સાધન તો ચેતનાગુણમયપણું છે; અને તે જ, માત્ર સ્વજીવદ્રવ્યાશ્રિત હોવાથી સ્વલક્ષણપણું ધરતું થકું, આત્માનો શેષ અન્યદ્રવ્યોથી વિભાગ સાધે છે.

'અલિંગગ્રાહ્ય' એમ કહેવાનું છે ત્યાં જે 'અલિંગગ્રહણ' એમ કહ્યું છે તે ઘણા અર્થોની પ્રતિપત્તિ (પ્રાપ્તિ, પ્રતિપાદન) કરવા માટે છે. તે આ પ્રમાણે:

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पन्नस्य ग्रहणं यस्येत्यतीन्द्रियज्ञानमयत्वस्य प्रतिपत्तिः । न लिंगैरिन्द्रियैर्ग्राह्यतामापन्नस्य ग्रहणं यस्येतीन्द्रियप्रत्यक्षाविषयत्वस्य । न लिंगादिन्द्रियगम्याद्धूमादग्नेरिव ग्रहणं यस्येतीन्द्रियप्रत्यक्षपूर्वकानुमानाविषयत्वस्य । न लिंगादेव परैः ग्रहणं यस्येत्यनुमेयमात्रत्वाभावस्य। न लिंगादेव परेषां ग्रहणं यस्येत्यनुमातृमात्रत्वाभावस्य । न लिंगात्स्वभावेन ग्रहणं यस्येति प्रत्यक्षज्ञातृत्वस्य । न लिंगेनोपयोगाख्यलक्षणेन ग्रहणं ज्ञेयार्थालम्बनं यस्येति बहिरर्थालम्बनज्ञानाभावस्य । न लिंगस्योपयोगाख्यलक्षणस्य ग्रहणं स्वयमाहरणं यस्येत्यनाहार्यज्ञानत्वस्य । न लिंगस्योपयोगाख्यलक्षणस्य ग्रहणं परेण हरणं *यस्येत्याहार्यज्ञानत्वस्य । न लिंगे

---

सूत्रद्वयम् । ततः परं निश्चयेन द्रव्यबन्धकारणत्वाद्रागादिपरिणाम एव बन्ध इति कथनमुख्यतया 'रत्तो बंधदि' इत्यादि गाथात्रयम् । अथ भेदभावनामुख्यत्वेन 'भणिदा पुढवी' इत्यादि सूत्रद्वयम् । तदनन्तरं जीवो रागादिपरिणामानामेव कर्ता, न च द्रव्यकर्मणामिति कथनमुख्यत्वेन 'कुव्वं सहावमादा'

---

(૧) ગ્રાહક (-જ્ઞાયક) એવા જેને લિંગો વડે એટલે કે ઇંદ્રિયો વડે ગ્રહણ (-જાણવું) થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અતીંદ્રિયજ્ઞાનમય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૨) ગ્રાહ્ય (જણાવાયોગ્ય) એવા જેનું, લિંગો વડે એટલે કે ઇંદ્રિયો વડે ગ્રહણ (-જાણવું) થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ઇંદ્રિયપ્રત્યક્ષનો વિષય નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૩) જેમ ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે તેમ લિંગ દ્વારા એટલે કે ઇંદ્રિયગમ્ય દ્વારા (-ઇંદ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન દ્વારા) જેનું ગ્રહણ (-જાણવું) થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ઇંદ્રિયપ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૪) બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અનુમેયમાત્ર (કેવળ અનુમાનથી જ જણાવાયોગ્ય) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૫) જેને લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અનુમાતામાત્ર (કેવળ અનુમાન કરનારો જ) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૬) લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૭) જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૮) જે લિંગને એટલે કે ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી એટલે કે પોતે (ક્યાંય બહારથી) લાવતો નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા જે ક્યાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૯) લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું

---

* અહીં यस्येत्याहार्यज्ञानत्वस्य ને બદલે यस्येत्यहार्यज्ञानत्वस्य પાઠ જોઈએ એમ લાગે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



उपयोगाख्यलक्षणे ग्रहणं सूर्य इवोपरागो यस्येति शुद्धोपयोगस्वभावस्य । न लिंगादुपयोगाख्यलक्षणाद्ग्रहणं पौद्गलिककर्मादानं यस्येति द्रव्यकर्मासंपृक्तत्वस्य । न लिंगेभ्य इन्द्रियेभ्यो ग्रहणं विषयाणामुपभोगो यस्येति विषयोपभोक्तृत्वाभावस्य । न लिंगात् मनो वेन्द्रियादिलक्षणाद्ग्रहणं जीवस्य धारणं यस्येति शुक्रार्तवानुविधायित्वाभावस्य । न लिंगस्य मेहनाकारस्य ग्रहणं यस्येति लौकिकसाधनमात्रत्वाभावस्य । न लिंगेनामेहनाकारेण ग्रहणं लोकव्याप्तिर्यस्येति कुहुकप्रसिद्धसाधनाकारलोकव्याप्तित्वाभावस्य । न लिंगानां स्त्रीपुन्नपुंसक-

---

इत्यादि षष्ठस्थले गाथासप्तकम् । यत्र मुख्यत्वमिति वदति तत्र यथासंभवमन्योऽप्यर्थो लभ्यत इति सर्वत्र ज्ञातव्यम् । एवमेकोनविंशतिगाथाभिस्तृतीयविशेषान्तराधिकारे समुदायपातनिका । तद्यथा—अथ किं तर्हि जीवस्य शरीरादिपरद्रव्येभ्यो भिन्नमन्यद्रव्यासाधारणं स्वस्वरूपमिति प्रश्ने प्रत्युत्तरं ददाति—**अरसमरूवमगंधं** रसरूपगन्धरहितत्वात्तथा चाव्याहार्यमाणास्पर्शरूपत्वाच्च **अव्वत्तं** अव्यक्तत्वात् **असद्दं** अशब्दत्वात् **अलिंगग्गहणं** अलिङ्गग्रहणत्वात् **अणिद्दिट्ठसंठाणं** अनिर्दिष्टसंस्थानत्वाच्च **जाण जीवं** जानीहि जीवम् । अरसमरूपमगन्धमस्पर्शमव्यक्तमशब्दमलिङ्गग्रहणमनिर्दिष्टसंस्थानलक्षणं च हे शिष्य, जीवं जीवद्रव्यं जानीहि । पुनरपि कथंभूतम् । **चेदणागुणं** समस्तपुद्गलादिभ्योऽचेतनेभ्यो भिन्नः समस्तान्यद्रव्यासाधारणः स्वकीयानन्तजीवजातिसाधारणश्च चेतनागुणो यस्य तं चेतना-

---

નથી (–બીજાથી લઈ જઈ શકાતું નથી) તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માનું જ્ઞાન હરી જઈ શકાતું નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૦) જેને લિંગમાં એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ એટલે કે સૂર્યની માફક ઉપરાગ (–મલિનતા, વિકાર) નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા શુદ્ધોપયોગસ્વભાવી છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૧) લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્ગલિક કર્મનું ગ્રહવું જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યકર્મથી અસંયુક્ત (અસંબદ્ધ) છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૨) જેને લિંગો દ્વારા એટલે કે ઇંદ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા વિષયોનો ઉપભોક્તા નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૩) લિંગ દ્વારા એટલે કે મન અથવા ઇંદ્રિય વગેરે લક્ષણ દ્વારા ગ્રહણ એટલે જીવત્વને ધારણ કરી રાખવું જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા શુક્ર અને આર્તવને અનુવિધાયી (-અનુસરીને થનારો) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૪) લિંગનું એટલે કે મેહનાકારનું (-પુરુષાદિની ઇંદ્રિયના આકારનું) ગ્રહણ જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા લૌકિકસાધનમાત્ર નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૫) લિંગ વડે એટલે કે અમેહનાકાર વડે જેનું ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો—લોકવ્યાપ્તિવાળો નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૬) જેને લિંગોનું એટલે કે સ્ત્રી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**वेदानां ग्रहणं यस्येति स्त्रीपुन्नपुंसकद्रव्यभावाभावस्य । न लिंगानां धर्मध्वजानां ग्रहणं यस्येति बहिरङ्गयतिलिंगाभावस्य । न लिंगं गुणो ग्रहणमर्थावबोधो यस्येति गुणविशेषानालीढशुद्धद्रव्यत्वस्य । न लिंगं पर्यायो ग्रहणमर्थावबोधविशेषो यस्येति पर्यायविशेषानालीढशुद्धद्रव्यत्वस्य । न लिंगं प्रत्यभिज्ञानहेतुर्ग्रहणमर्थावबोधसामान्यं यस्येति द्रव्यानालीढशुद्धपर्यायत्वस्य ॥ १७२ ॥**

**अथ कथममूर्तस्यात्मनः स्निग्धरूक्षत्वाभावाद्बन्धो भवतीति पूर्वपक्षयति—**

---

गुणं च । अलिङ्गग्राह्यमिति वक्तव्ये यदलिङ्गग्रहणमित्युक्तं तत्किमर्थमिति चेत्, बहुतरार्थप्रतिपत्त्यर्थम् । तथा हि—लिङ्गमिन्द्रियं तेनार्थानां ग्रहणं परिच्छेदनं न करोति तेनालिङ्गग्रहणो भवति । तदपि कस्मात् । स्वयमेवातीन्द्रियाखण्डज्ञानसहितत्वात् । तेनैव लिङ्गशब्दवाच्येन चक्षुरादीन्द्रियेणान्यजीवानां यस्य ग्रहणं परिच्छेदनं कर्तुं नायाति तेनालिङ्गग्रहण उच्यते । तदपि कस्मात् । निर्विकारातीन्द्रियस्वसंवेदनप्रत्यक्षज्ञानगम्यत्वात् । लिङ्गं धूमादि तेन धूमलिङ्गोद्भवानुमानेनाग्निवदनुमेयभूतपरपदार्थानां ग्रहणं न करोति तेनालिङ्गग्रहण इति । तदपि कस्मात् । स्वयमेवालिङ्गोद्भवातीन्द्रियज्ञानसहितत्वात् । तेनैव लिङ्गोद्भवानुमानेनाग्निग्रहणवत् परपुरुषाणां यस्यात्मनो ग्रहणं परिज्ञानं कर्तुं नायाति तेनालिङ्गग्रहण इति । तदपि कस्मात् । अलिङ्गोद्भवातीन्द्रियज्ञानगम्यत्वात् । अथवा लिङ्गं चिह्नं लाञ्छनं शिखाजटाधारणादि तेनार्थानां ग्रहणं परिच्छेदनं न करोति तेनालिङ्गग्रहण इति । तदपि कस्मात् । स्वाभाविकाचिह्नोद्भवातीन्द्रियज्ञानसहितत्वात् । तेनैव चिन्होद्भवज्ञानेन परपुरुषाणां यस्यात्मनो ग्रहणं परिज्ञानं कर्तुं नायाति तेनालिङ्गग्रहण इति । तदपि कस्मात् । निरुपरागस्वसंवेदनज्ञानगम्यत्वादिति ।

---

પુરુષ અને નપુંસક વેદોનું ગ્રહણ નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યે તેમ જ ભાવે સ્ત્રી, પુરુષ અને નપુંસક નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૭) લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માને બહિરંગ (બાહ્ય) યતિલિંગોનો અભાવ છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૮) લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ (પદાર્થજ્ઞાન) તે જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૧૯) લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધવિશેષ તે જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પર્યાયવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૨૦) લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય તે જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધ પર્યાય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. ૧૭૨.

હવે અમૂર્ત એવા આત્માને સ્નિગ્ધ-રૂક્ષપણાનો અભાવ હોવાથી બંધ કઈ રીતે થઈ શકે એવો પૂર્વ પક્ષ રજૂ કરે છે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**मुत्तो रूवादिगुणो बज्झदि फासेहिं अण्णमण्णेहिं ।**
**तव्विवरीदो अप्पा बज्झदि किध पोग्गलं कम्मं ॥ १७३ ॥**

**मूर्तो रूपादिगुणो बध्यते स्पर्शैरन्योन्यैः ।**
**तद्विपरीत आत्मा बध्नाति कथं पौद्गलं कर्म ॥ १७३ ॥**

मूर्तयोर्हि तावत्पुद्गलयो रूपादिगुणयुक्तत्वेन यथोदितस्निग्धरूक्षत्वस्पर्शविशेषादन्योन्यबन्धोऽवधार्यत एव । आत्मकर्मपुद्गलयोस्तु स कथमवधार्यते; मूर्तस्य कर्मपुद्गलस्य रूपादिगुणयुक्तत्वेन यथोदितस्निग्धरूक्षत्वस्पर्शविशेषसंभवेऽप्यमूर्तस्यात्मनो रूपादिगुणयुक्तत्वाभावेन

---

एवमलिङ्गग्रहणशब्दस्य व्याख्यानक्रमेण शुद्धजीवस्वरूपं ज्ञातव्यमित्यभिप्रायः ॥ १७२ ॥ अथामूर्तशुद्धात्मनो व्याख्याने कृते सत्यमूर्तजीवस्य मूर्तपुद्गलकर्मणा सह कथं बन्धो भवतीति पूर्वपक्षं करोति—**मुत्तो रूवादिगुणो** मूर्तो रूपरसगन्धस्पर्शत्वात् पुद्गलद्रव्यगुणः **बज्झदि** अन्योन्यसंश्लेषेण बध्यते बन्धमनुभवति, तत्र दोषो नास्ति । कैः कृत्वा । **फासेहि अण्णमण्णेहिं** स्निग्धरूक्षगुणलक्षणस्पर्शसंयोगैः । किंविशिष्टैः । अन्योन्यैः परस्परनिमित्तैः । **तव्विवरीदो अप्पा बज्झदि किध पोग्गलं कम्मं** तद्विपरीतात्मा बध्नाति कथं पौद्गलं कर्मेति । अयं परमात्मा निर्विकारपरमचैतन्यचमत्कारपरिणतत्वेन बन्धकारणभूतस्निग्धरूक्षगुणस्थानीयरागद्वेषादिविभावपरिणामरहितत्वादमूर्तत्वाच्च

---

**અન્યોન્ય સ્પર્શથી બંધ થાય રૂપાદિગુણયુત મૂર્તને;**
**પણ જીવ મૂર્તિરહિત બાંધે કેમ પુદ્ગલકર્મને? ૧૭૩.**

**અન્વયાર્થઃ**—[मूर्तः] મૂર્ત (એવાં પુદ્ગલ) તો [रूपादिगुणः] રૂપાદિગુણવાળાં હોવાથી [अन्योन्यैः स्पर्शैः] અન્યોન્ય (-પરસ્પર બંધયોગ્ય) સ્પર્શો વડે [बध्यते] બંધાય છે; (પરંતુ) [तद्विपरीतः आत्मा] તેનાથી વિપરીત (-અમૂર્ત) એવો આત્મા [पौद्गलिकं कर्म] પૌદ્ગલિક કર્મ [कथं] કઈ રીતે [बध्नाति] બાંધી શકે?

**ટીકાઃ**—મૂર્ત એવાં બે પુદ્ગલો તો રૂપાદિગુણવાળાં હોવાથી યથોક્ત સ્નિગ્ધ-રૂક્ષત્વરૂપ *સ્પર્શવિશેષને લીધે તેમનો અન્યોન્ય બંધ જરૂર સમજી શકાય છે; પરંતુ આત્મા અને કર્મપુદ્ગલનો બંધ થતો કઈ રીતે સમજી શકાય? કારણ કે મૂર્ત એવું કર્મપુદ્ગલ રૂપાદિગુણવાળું હોવાથી તેને યથોક્ત સ્નિગ્ધ-રૂક્ષત્વરૂપ સ્પર્શવિશેષનો સંભવ હોવા છતાં પણ અમૂર્ત એવો આત્મા રૂપાદિગુણો વિનાનો હોવાથી તેને યથોક્ત સ્નિગ્ધ-રૂક્ષત્વરૂપ સ્પર્શવિશેષનો

---

* સ્પર્શવિશેષ = ખાસ પ્રકારના (બંધયોગ્ય) સ્પર્શો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यथोदितस्निग्धरूक्षत्वस्पर्शविशेषासंभावनया चैकाङ्गविकलत्वात् ॥ १७३ ॥

अथैवममूर्तस्याप्यात्मनो बन्धो भवतीति सिद्धान्तयति—

**रूवादिएहिं रहिदो पेच्छदि जाणादि रूवमादीणि ।**
**दव्वाणि गुणे य जधा तह बंधो तेण जाणीहि ॥१७४॥**

रूपादिकै रहितः पश्यति जानाति रूपादीनि ।
द्रव्याणि गुणांश्च यथा तथा बन्धस्तेन जानीहि ॥ १७४ ॥

येन प्रकारेण रूपादिरहितो रूपीणि द्रव्याणि तद्गुणांश्च पश्यति जानाति च, तेनैव प्रकारेण रूपादिरहितो रूपिभिः कर्मपुद्गलैः किल बध्यते; अन्यथा कथममूर्तो मूर्तं

पौद्गलं कर्म कथं बध्नाति, न कथमपीति पूर्वपक्षः ॥ १७३ ॥ अथैवममूर्तस्याप्यात्मनो नयविभागेन बन्धो भवतीति प्रत्युत्तरं ददाति—**रूवादिएहिं रहिदो** अमूर्तपरमचिज्ज्योतिःपरिणतत्वेन तावदयमात्मा रूपादिरहितः । तथाविधः सन् किं करोति । **पेच्छदि जाणादि** मुक्तावस्थायां युगपत्परिच्छित्तिरूपसामान्यविशेषग्राहककेवलदर्शनज्ञानोपयोगेन यद्यपि तादात्म्यसंबन्धो नास्ति तथापि ग्राह्यग्राहकलक्षणसंबन्धेन पश्यति जानाति । कानि कर्मतापन्नानि । **रूवमादीणि दव्वाणि** रूपरसगन्धस्पर्शसहितानि मूर्तद्रव्याणि । न केवलं द्रव्याणि **गुणे य जधा** तद्गुणांश्च यथा । अथवा यथा कश्चित्संसारी

અસંભવ હોવાને લીધે એક અંગ વિકળ છે (અર્થાત્ બંધયોગ્ય બે અંગોમાંથી એક અંગ ખામીવાળું છે—સ્પર્શગુણ વિનાનું હોવાથી બંધની યોગ્યતાવાળું નથી). ૧૭૩.

હવે આત્મા અમૂર્ત હોવા છતાં તેને આ પ્રમાણે બંધ થાય છે એવો સિદ્ધાંત નક્કી કરે છેઃ—

જે રીત દર્શન-જ્ઞાન થાય રૂપાદિનું—ગુણ-દ્રવ્યનું,
તે રીત બંધન જાણ મૂર્તિરહિતને પણ મૂર્તનું. ૧૭૪.

**અન્વયાર્થઃ**—[यथा] જે રીતે [रूपादिकैः रहितः] રૂપાદિરહિત (જીવ) [रूपादीनि] રૂપાદિકને—[द्रव्याणि गुणान् च] દ્રવ્યોને તથા ગુણોને (રૂપી દ્રવ્યોને તથા તેમના ગુણોને)—[पश्यति जानाति] દેખે છે અને જાણે છે, [तथा] તે રીતે [तेन] તેની સાથે (-અરૂપીને રૂપી સાથે) [बंधः जानीहि] બંધ જાણ.

**ટીકાઃ**—જે પ્રકારે રૂપાદિરહિત (જીવ) રૂપી દ્રવ્યોને તથા તેમના ગુણોને દેખે છે અને જાણે છે, તે જ પ્રકારે રૂપાદિરહિત (જીવ) રૂપી કર્મપુદ્ગલો સાથે બંધાય છે; કારણ કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**पश्यति जानाति चेत्यत्रापि पर्यनुयोगस्यानिवार्यत्वात् । न चैतदत्यन्तदुर्घटत्वाद्दार्ष्टान्तिकीकृतं, किंतु दृष्टान्तद्वारेणाबालगोपालप्रकटितम् । तथा हि—यथा बालकस्य गोपालकस्य वा पृथगवस्थितं मृद्बलीवर्दं बलीवर्दं वा पश्यतो जानतश्च न बलीवर्देन सहास्ति संबन्धः, विषयभावावस्थितबलीवर्दनिमित्तोपयोगाधिरूढबलीवर्दाकारदर्शनज्ञानसंबन्धो बलीवर्दसंबन्धव्यवहारसाधकस्त्वस्त्येव, तथा किलात्मनो नीरूपत्वेन स्पर्शशून्यत्वान्न कर्मपुद्गलैः सहास्ति संबन्धः, एकावगाहभावावस्थितकर्मपुद्गलनिमित्तोपयोगाधिरूढरागद्वेषादिभावसंबन्धः कर्मपुद्गलबन्धव्यवहारसाधकस्त्वस्त्येव ॥ १७४ ॥**

---

जीवो विशेषभेदज्ञानरहितः सन् काष्ठपाषाणाद्यचेतनजिनप्रतिमां दृष्ट्वा मदीयाराध्योऽयमिति मन्यते। यद्यपि तत्र सत्तावलोकदर्शनेन सह प्रतिमायास्तादात्म्यसंबन्धो नास्ति तथापि परिच्छेद्यपरिच्छेदकलक्षणसंबन्धोऽस्ति। यथा वा समवसरणे प्रत्यक्षजिनेश्वरं दृष्ट्वा विशेषभेदज्ञानी मन्यते मदीयाराध्योऽयमिति । तत्रापि यद्यप्यवलोकनज्ञानस्य जिनेश्वरेण सह तादात्म्यसंबन्धो नास्ति तथाप्याराध्याराधकसंबन्धोऽस्ति । **तह बंधो तेण जाणीहि** तथा बन्धं तेनैव दृष्टान्तेन जानीहि । अयमत्रार्थः—यद्यप्ययमात्मा निश्चयेनामूर्तस्तथाप्यनादिकर्मबन्धवशाद्व्यवहारेण मूर्तः सन् द्रव्यबन्धनिमित्तभूतं रागादिविकल्परूपं भावबन्धो-

---

જો એમ ન હોય તો અહીં પણ (દેખવા-જાણવાની બાબતમાં પણ) એ પ્રશ્ન અનિવાર્ય છે કે અમૂર્ત મૂર્તને કઈ રીતે દેખે છે અને જાણે છે?

વળી એમ નથી કે આ વાત (અરૂપીનો રૂપી સાથે બંધ થવાની વાત) અત્યંત દુર્ઘટ છે તેથી તેને દાર્ષ્ટાંતરૂપ બનાવી છે (-દૃષ્ટાંતથી સમજાવી છે), પરંતુ દૃષ્ટાંત દ્વારા આબાલગોપાલ સૌને પ્રગટ થાય તેથી દૃષ્ટાંત વડે સમજાવવામાં આવી છે. તે આ પ્રમાણે: જેવી રીતે બાળને અથવા ગોપાળને પૃથક્ રહેલા માટીના વૃષભને અથવા (સાચા) વૃષભને દેખતાં અને જાણતાં વૃષભ સાથે સંબંધ નથી, તોપણ *વિષયપણે રહેલો વૃષભ જેમનું નિમિત્ત છે એવાં જે ઉપયોગમાં આરૂઢ વૃષભાકાર દર્શન-જ્ઞાન તેમની સાથેનો સંબંધ વૃષભ સાથેના સંબંધરૂપ વ્યવહારનો સાધક જરૂર છે; તેવી રીતે આત્મા અરૂપીપણાને લીધે સ્પર્શશૂન્ય હોવાથી તેને કર્મપુદ્ગલો સાથે સંબંધ નથી, તોપણ એકાવગાહપણે રહેલાં કર્મપુદ્ગલો જેમનું નિમિત્ત છે એવા જે ઉપયોગમાં આરૂઢ રાગદ્વેષાદિભાવો તેમની સાથેનો સંબંધ કર્મપુદ્ગલો સાથેના બંધરૂપ વ્યવહારનો સાધક જરૂર છે.

ભાવાર્થ:—'આત્મા અમૂર્તિક હોવા છતાં મૂર્તિક કર્મપુદ્ગલો સાથે કેમ બંધાય છે?' એવા પ્રશ્નનો આચાર્યભગવાને ઉત્તર આપ્યો છે કે—આત્મા અમૂર્તિક હોવા છતાં

---

* વૃષભ અર્થાત્ બળદ વૃષભાકાર દર્શન-જ્ઞાનનું નિમિત્ત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ भावबन्धस्वरूपं ज्ञापयति—

**उवओगमओ जीवो मुज्झदि रज्जेदि वा पदुस्सेदि ।**
**पप्पा विविधे विसये जो हि पुणो तेहिं संबंधो ॥ १७५ ॥**

---

पयोगं करोति । तस्मिन्सति मूर्तद्रव्यकर्मणा सह यद्यपि तादात्म्यसंबन्धो नास्ति तथापि पूर्वोक्त-दृष्टान्तेन संश्लेषसंबन्धोऽस्तीति नास्ति दोषः ॥ १७४ ॥ एवं शुद्धबुद्धैकस्वभावजीवकथनमुख्यत्वेन

---

મૂર્તિક પદાર્થોને કેમ જાણે છે? જે રીતે તે મૂર્તિક પદાર્થોને જાણે છે તે જ રીતે મૂર્તિક કર્મપુદ્ગલો સાથે બંધાય છે.

ખરેખર અરૂપી આત્માને રૂપી પદાર્થો સાથે કાંઈ સંબંધ નહિ હોવા છતાં અરૂપીને રૂપી સાથે સંબંધ હોવાનો વ્યવહાર પણ વિરોધ પામતો નથી. 'આત્મા મૂર્તિક પદાર્થને જાણે છે' એમ કહેવામાં આવે છે ત્યાં પરમાર્થે અમૂર્તિક આત્માને મૂર્તિક પદાર્થ સાથે કાંઈ સંબંધ નથી; આત્માને તો માત્ર મૂર્તિક પદાર્થના આકારે થતું જે જ્ઞાન તેની સાથે જ સંબંધ છે અને તે પદાર્થાકાર જ્ઞાન સાથેના સંબંધને લીધે જ 'અમૂર્તિક આત્મા મૂર્તિક પદાર્થને જાણે છે' એવો અમૂર્તિક-મૂર્તિકના સંબંધરૂપ વ્યવહાર સિદ્ધ થાય છે. એવી જ રીતે, 'અમુક આત્માને મૂર્તિક કર્મપુદ્ગલો સાથે બંધ છે' એમ કહેવામાં આવે છે ત્યાં પરમાર્થે અમૂર્તિક આત્માને મૂર્તિક કર્મપુદ્ગલો સાથે કાંઈ સંબંધ નથી; આત્માને તો કર્મપુદ્ગલો જેમાં નિમિત્ત છે એવા રાગદ્વેષાદિભાવો સાથે જ સંબંધ (બંધ) છે અને તે કર્મનિમિત્તક રાગદ્વેષાદિભાવો સાથે સંબંધ (બંધ) હોવાને લીધે જ 'આ આત્માને મૂર્તિક કર્મપુદ્ગલો સાથે બંધ છે' એવો અમૂર્તિક-મૂર્તિકના બંધરૂપ વ્યવહાર સિદ્ધ થાય છે.

જોકે મનુષ્યને સ્ત્રી-પુત્ર-ધનાદિક સાથે ખરેખર કાંઈ સંબંધ નથી, તેઓ તે મનુષ્યથી તદ્દન ભિન્ન છે, તોપણ સ્ત્રી-પુત્ર-ધનાદિક પ્રત્યે રાગ કરનારા મનુષ્યને રાગનું બંધન હોવાથી અને તે રાગમાં સ્ત્રી-પુત્ર-ધનાદિક નિમિત્ત હોવાથી 'આ મનુષ્યને સ્ત્રી-પુત્ર-ધનાદિકનું બંધન છે' એમ વ્યવહારથી જરૂર કહેવામાં આવે છે; તેવી જ રીતે, જોકે આત્માને કર્મ-પુદ્ગલો સાથે ખરેખર કાંઈ સંબંધ નથી, તેઓ આત્માથી તદ્દન ભિન્ન છે, તોપણ રાગદ્વેષાદિ-ભાવો કરનારા આત્માને રાગદ્વેષાદિભાવોનું બંધન હોવાથી અને તે ભાવોમાં કર્મપુદ્ગલો નિમિત્ત હોવાથી 'આ આત્માને કર્મપુદ્ગલોનું બંધન છે' એમ વ્યવહારથી જરૂર કહી શકાય છે. ૧૭૪.

હવે ભાવબંધનું સ્વરૂપ જણાવે છેઃ—

**વિધવિધ વિષયો પામીને ઉપયોગ-આત્મક જીવ જે**
**પ્રદ્વેષ-રાગ-વિમોહભાવે પરિણમે, તે બંધ છે. ૧૭૫**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**उपयोगमयो जीवो मुह्यति रज्यति वा प्रद्वेष्टि ।**
**प्राप्य विविधान् विषयान् यो हि पुनस्तैः संबन्धः ॥ १७५ ॥**

**अयमात्मा सर्व एव तावत्सविकल्पनिर्विकल्पपरिच्छेदात्मकत्वादुपयोगमयः । तत्र यो हि नाम नानाकारान् परिच्छेद्यानर्थानासाद्य मोहं वा रागं वा द्वेषं वा समुपैति स नाम तैः परप्रत्ययैरपि मोहरागद्वेषैरुपरक्तात्मस्वभावत्वान्नीलपीतरक्तोपाश्रयप्रत्ययनीलपीतरक्तत्वैरुपरक्तस्वभावः स्फटिकमणिरिव स्वयमेक एव तद्भावद्वितीयत्वाद्बन्धो भवति ॥ १७५ ॥**

---

प्रथमगाथा, मूर्तिरहितजीवस्य मूर्तकर्मणा सह कथं बन्धो भवतीति पूर्वपक्षरूपेण द्वितीया, तत्परिहाररूपेण तृतीया चेति गाथात्रयेण प्रथमस्थलं गतम् । अथ रागद्वेषमोहलक्षणं भावबन्धस्वरूपमाख्याति—**उवओगमओ जीवो** उपयोगमयो जीवः, अयं जीवो निश्चयनयेन विशुद्धज्ञानदर्शनोपयोगमयस्तावत्तथाभूतोऽप्यनादिबन्धवशात्सोपाधिस्फटिकवत् परोपाधिभावेन परिणतः सन् । किं करोति । **मुज्झदि रज्जेदि वा पदुस्सेदि** मुह्यति रज्यति वा प्रद्वेष्टि द्वेषं करोति । किं कृत्वा पूर्वं । **पप्पा** प्राप्य । कान् । **विविधे विसये** निर्विषयपरमात्मस्वरूपभावनाविपक्षभूतान्विविधपञ्चेन्द्रियविषयान् । **जो हि पुणो** यः पुनरित्थंभूतोऽस्ति जीवो हि स्फुटं, **तेहि संबंधो** तैः संबद्धो भवति, तैः पूर्वोक्तरागद्वेषमोहैः कर्तृभूतैर्मोहरागद्वेषरहितजीवस्य शुद्धपरिणामलक्षणं परमधर्ममलभमानः सन् स जीवो बद्धो

---

**અન્વયાર્થઃ**—[ यः हि पुनः ] જે [ उपयोगमयः जीवः ] ઉપયોગમય જીવ [ विविधान् विषयान् ] વિવિધ વિષયો [ प्राप्य ] પામીને [ मुह्यति ] મોહ કરે છે, [ रज्यति ] રાગ કરે છે [ वा ] અથવા [ प्रद्वेष्टि ] દ્વેષ કરે છે, તે જીવ [ तैः ] તેમના વડે (-મોહરાગદ્વેષ વડે) [ संबन्धः ] બંધરૂપ છે.

**ટીકાઃ**—પ્રથમ તો આ આત્મા આખોય ઉપયોગમય છે, કારણ કે તે સવિકલ્પ અને નિર્વિકલ્પ પ્રતિભાસસ્વરૂપ છે (અર્થાત્ જ્ઞાન અને દર્શનસ્વરૂપ છે). તેમાં જે આત્મા વિવિધાકાર પ્રતિભાસ્ય (વિવિધ આકારવાળા પ્રતિભાસવાયોગ્ય) પદાર્થોને પામીને મોહ, રાગ અથવા દ્વેષ કરે છે, તે આત્મા—કાળો, પીળો અને રાતો [1]આશ્રય જેમનું નિમિત્ત છે એવા કાળાપણા, પીળાપણા અને રાતાપણા વડે ઉપરક્ત સ્વભાવવાળા સ્ફટિકમણિની માફક—પર જેમનું નિમિત્ત છે એવા મોહ, રાગ અને દ્વેષ વડે [2]ઉપરક્ત આત્મસ્વભાવવાળો હોવાથી, પોતે એકલો જ બંધ (-બંધરૂપ) છે, કારણ કે મોહરાગદ્વેષાદિભાવ તેનું [3]દ્વિતીય છે. ૧૭૫.

---

૧. આશ્રય = જેમાં સ્ફટિકમણિ મૂકેલો હોય તે વસ્તુ.
૨. ઉપરક્ત = વિકારી; મલિન; કલુષિત.
૩. દ્વિતીય = બીજું. [ 'બંધ તો બે વચ્ચે હોય, એકલો આત્મા બંધસ્વરૂપ કેમ હોઈ શકે?' એવા પ્રશ્નનો ઉત્તર એ છે કે, એક તો આત્મા અને બીજો મોહરાગદ્વેષાદિભાવ—એમ હોવાથી, મોહરાગદ્વેષાદિભાવ વડે મલિન સ્વભાવવાળો આત્મા પોતે જ ભાવબંધ છે. ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ भावबन्धयुक्तिं द्रव्यबन्धस्वरूपं च प्रज्ञापयति—

**भावेण जेण जीवो पेच्छदि जाणादि आगदं विसये ।**
**रज्जदि तेणेव पुणो बज्झदि कम्म त्ति उवदेसो ॥ १७६ ॥**

**भावेन येन जीवः पश्यति जानात्यागतं विषये ।**
**रज्यति तेनैव पुनर्बध्यते कर्मेत्युपदेशः ॥ १७६ ॥**

अयमात्मा साकारनिराकारपरिच्छेदात्मकत्वात्परिच्छेद्यतामापद्यमानमर्थजातं येनैव मोहरूपेण रागरूपेण द्वेषरूपेण वा भावेन पश्यति जानाति च तेनैवोपरज्यत एव । योऽयमुपरागः स खलु स्निग्धरूक्षत्वस्थानीयो भावबन्धः । अथ पुनस्तेनैव पौद्गलिकं कर्म

---

भवतीति । अत्र योऽसौ रागद्वेषमोहपरिणामः स एव भावबन्ध इत्यर्थः ॥ १७५ ॥ अथ भावबन्धयुक्तिं द्रव्यबन्धस्वरूपं च प्रतिपादयति—**भावेण जेण** भावेन परिणामेन येन **जीवो** जीवः कर्ता **पेच्छदि जाणादि** निर्विकल्पदर्शनपरिणामेन पश्यति सविकल्पज्ञानपरिणामेन जानाति । किं कर्मतापन्नं, **आगदं विसये** आगतं प्राप्तं किमपीष्टानिष्टं वस्तु पञ्चेन्द्रियविषये । **रज्जदि तेणेव पुणो** रज्यते तेनैव पुनः आदिमध्यान्तवर्जितं रागादिदोषरहितं चिज्ज्योतिःस्वरूपं निजात्मद्रव्यमरोचमानस्तथैवाजानन्सन् समस्तरागादिविकल्पपरिहारेणाभावयंश्च तेनैव पूर्वोक्तज्ञानदर्शनोपयोगेन रज्यते रागं करोति

---

હવે ભાવબંધની યુક્તિ અને દ્રવ્યબંધનું સ્વરૂપ કહે છે:—

**જે ભાવથી દેખે અને જાણે વિષયગત અર્થને,**
**તેનાથી છે ઉપરક્તતા; વળી કર્મબંધન તે વડે. ૧૭૬.**

**અન્વયાર્થઃ**—[जीवः] જીવ [येन भावेन] જે ભાવથી [विषये आगतं] વિષયમાં આવેલ પદાર્થને [पश्यति जानाति] દેખે છે અને જાણે છે, [तेन एव] તેનાથી જ [रज्यति] ઉપરક્ત થાય છે; [पुनः] વળી તેનાથી જ [कर्म बध्यते] કર્મ બંધાય છે;—[इति] એમ [उपदेशः] ઉપદેશ છે.

**ટીકાઃ**—આ આત્મા સાકાર અને નિરાકાર પ્રતિભાસસ્વરૂપ (-જ્ઞાન અને દર્શનસ્વરૂપ) હોવાથી પ્રતિભાસ્ય (-પ્રતિભાસવાયોગ્ય) પદાર્થસમૂહને જે મોહરૂપ, રાગરૂપ કે દ્વેષરૂપ ભાવથી દેખે છે અને જાણે છે, તેનાથી જ ઉપરક્ત થાય છે. જે આ ઉપરાગ (-મલિનતા, વિકાર) છે તે ખરેખર * સ્નિગ્ધ-રૂક્ષત્વસ્થાનીય ભાવબંધ છે. વળી તેનાથી જ જરૂર પૌદ્ગ-

---

* સ્નિગ્ધ-રૂક્ષત્વસ્થાનીય = સ્નિગ્ધતા અને રૂક્ષતા સમાન. ( જેમ પુદ્ગલમાં વિશિષ્ટ સ્નિગ્ધતા-રૂક્ષતા તે બંધ છે, તેમ જીવમાં રાગદ્વેષરૂપ વિકાર તે ભાવબંધ છે. )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



बध्यत एव। इत्येष भावबन्धप्रत्ययो द्रव्यबन्धः ॥ १७६ ॥

अथ पुद्गलजीवतदुभयबन्धस्वरूपं ज्ञापयति—

**फासेहिं पुग्गलाणं बंधो जीवस्स रागमादीहिं।**
**अण्णोण्णमवगाहो पुग्गलजीवप्पगो भणिदो ॥ १७७॥**

**स्पर्शैः पुद्गलानां बन्धो जीवस्य रागादिभिः।**
**अन्योन्यमवगाहः पुद्गलजीवात्मको भणितः ॥ १७७ ॥**

यस्तावदत्र कर्मणां स्निग्धरूक्षत्वस्पर्शविशेषैरेकत्वपरिणामः स केवलपुद्गलबन्धः। यस्तु जीवस्यौपाधिकमोहरागद्वेषपर्यायैरेकत्वपरिणामः स केवलजीवबन्धः। यः पुनः जीव-

---

इति भावबन्धयुक्तिः। **बज्झदि कम्म त्ति उवदेसो** तेन भावबन्धेन नवतरद्रव्यकर्म बध्नातीति द्रव्यबन्धस्वरूपं चेत्युपदेशः ॥ १७६ ॥ एवं भावबन्धकथनमुख्यतया गाथाद्वयेन द्वितीयस्थलं गतम्। अथ पूर्वनवतरपुद्गलद्रव्यकर्मणोः परस्परबन्धो, जीवस्य तु रागादिभावेन सह बन्धो, जीवस्यैव नवतर-द्रव्यकर्मणा सह चेति त्रिविधबन्धस्वरूपं प्रज्ञापयति—**फासेहि पुग्गलाणं बंधो** स्पर्शैः पुद्गलानां बन्धः। पूर्वनवतरपुद्गलद्रव्यकर्मणोर्जीवगतरागादिभावनिमित्तेन स्वकीयस्निग्धरूक्षोपादानकारणेन च परस्पर-स्पर्शसंयोगेन योऽसौ बन्धः स पुद्गलबन्धः। **जीवस्स रागमादीहिं** जीवस्य रागादिभिः। निरुपराग-परमचैतन्यरूपनिजात्मतत्त्वभावनाच्युतस्य जीवस्य यद्रागादिभिः सह परिणमनं स जीवबन्ध इति।

---

લિક કર્મ બંધાય છે. આમ આ દ્રવ્યબંધનું નિમિત્ત ભાવબંધ છે. ૧૭૬.

હવે પુદ્ગલબંધનું સ્વરૂપ, જીવબંધનું સ્વરૂપ અને તે બન્નેના બંધનું સ્વરૂપ જણાવે છેઃ—

**રાગાદિ સહ આત્મા તણો, ને સ્પર્શ સહ પુદ્ગલ તણો,**
**અન્યોન્ય જે અવગાહ તેને બંધ ઉભયાત્મક કહ્યો. ૧૭૭.**

**અન્વયાર્થઃ**—[ स्पर्शैः ] સ્પર્શો સાથે [ पुद्गलानां बन्धः ] પુદ્ગલોનો બંધ, [ रागादिभिः जीवस्य ] રાગાદિક સાથે જીવનો બંધ અને [ अन्योन्यम् अवगाहः ] અન્યોન્ય અવગાહ તે [ पुद्गलजीवात्मकः भणितः ] પુદ્ગલજીવાત્મક બંધ કહેવામાં આવ્યો છે.

**ટીકાઃ**—પ્રથમ તો અહીં, કર્મને જે સ્નિગ્ધતા-રૂક્ષતારૂપ સ્પર્શવિશેષો (-ખાસ સ્પર્શો) સાથે એકત્વપરિણામ તે કેવળ પુદ્ગલબંધ છે; અને જીવને જે ઔપાધિક મોહ-રાગ-દ્વેષરૂપ પર્યાયો સાથે એકત્વપરિણામ તે કેવળ જીવબંધ છે; વળી જીવ અને કર્મપુદ્ગલને જે પરસ્પર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कर्मपुद्गलयोः परस्परपरिणामनिमित्तमात्रत्वेन विशिष्टतरः परस्परमवगाहः स तदुभयबन्धः ॥ १७७ ॥

अथ द्रव्यबन्धस्य भावबन्धहेतुकत्वमुज्जीवयति—

**सपदेसो सो अप्पा तेसु पदेसेसु पुग्गला काया।**
**पविसंति जहाजोग्गं चिट्ठंति य जंति बज्झंति ॥१७८॥**

सप्रदेशः स आत्मा तेषु प्रदेशेषु पुद्गलाः कायाः ।
प्रविशन्ति यथायोग्यं तिष्ठन्ति च यान्ति बध्यन्ते ॥ १७८ ॥

अयमात्मा लोकाकाशतुल्यासंख्येयप्रदेशत्वात्सप्रदेशः । अथ तेषु तस्य प्रदेशेषु कायवाङ्मनोवर्गणालम्बनः परिस्पन्दो यथा भवति तथा कर्मपुद्गलकायाः स्वयमेव परिस्पन्द-

---

अण्णोण्णस्सवगाहो पुग्गलजीवप्पगो भणिदो अन्योन्यस्यावगाहः पुद्गलजीवात्मको भणितः । निर्विकारस्वसंवेदनज्ञानरहितत्वेन स्निग्धरूक्षस्थानीयरागद्वेषपरिणतजीवस्य बन्धयोग्यस्निग्धरूक्षपरिणामपरिणतपुद्गलस्य च योऽसौ परस्परावगाहलक्षणः स इत्थंभूतबन्धो जीवपुद्गलबन्ध इति त्रिविधबन्धलक्षणं ज्ञातव्यम् ॥ १७७ ॥ अथ 'बंधो जीवस्स रागमादीहिं' पूर्वसूत्रे यदुक्तं तदेव रागत्वं द्रव्यबन्धस्य कारणमिति विशेषेण समर्थयति—**सपदेसो सो अप्पा** स प्रसिद्धात्मा लोकाकाशप्रमितासंख्येयप्रदेश-

---

પરિણામના નિમિત્તમાત્રપણે વિશિષ્ટતર પરસ્પર અવગાહ તે ઉભયબંધ છે [ અર્થાત્ જીવ અને કર્મપુદ્ગલ એકબીજાને પરિણામમાં નિમિત્તમાત્ર થાય એવો (ખાસ પ્રકારનો) જે તેમનો એકક્ષેત્રાવગાહસંબંધ તે પુદ્ગલજીવાત્મક બંધ છે ]. ૧૭૭.

હવે દ્રવ્યબંધનો હેતુ ભાવબંધ છે એમ પ્રગટ કરે છેઃ—

**સપ્રદેશ છે તે જીવ, જીવપ્રદેશમાં આવે અને**
**પુદ્ગલસમૂહ રહે યથોચિત, જાય છે, બંધાય છે. ૧૭૮**

**અન્વયાર્થઃ**—[ सः आत्मा ] તે આત્મા [ सप्रदेशः ] સપ્રદેશ છે; [ तेषु प्रदेशेषु ] એ પ્રદેશોમાં [ पुद्गलाः कायाः ] પુદ્ગલસમૂહો [ प्रविशन्ति ] પ્રવેશે છે, [ यथायोग्यं तिष्ठंति ] યથાયોગ્ય રહે છે, [ यान्ति ] જાય છે [ च ] અને [ बध्यन्ते ] બંધાય છે.

**ટીકાઃ**—આ આત્મા લોકાકાશતુલ્ય અસંખ્ય પ્રદેશવાળો હોવાથી સપ્રદેશ છે. તેના એ પ્રદેશોમાં કાયવર્ગણા, વચનવર્ગણા અને મનોવર્ગણાના આલંબનવાળો પરિસ્પંદ (કંપ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वन्तः प्रविशन्त्यपि तिष्ठन्त्यपि गच्छन्त्यपि च । अस्ति चेज्जीवस्य मोहरागद्वेषरूपो भावो बध्यन्तेऽपि च । ततोऽवधार्यते द्रव्यबन्धस्य भावबन्धो हेतुः ॥ १७८ ॥

अथ द्रव्यबन्धहेतुत्वेन रागपरिणाममात्रस्य भावबन्धस्य निश्चयबन्धत्वं साधयति—

**रत्तो बंधदि कम्मं मुच्चदि कम्मेहिं रागरहिदप्पा ।**
**एसो बंधसमासो जीवाणं जाण णिच्छयदो ॥१७९॥**

**रक्तो बध्नाति कर्म मुच्यते कर्मभी रागरहितात्मा ।**
**एष बन्धसमासो जीवानां जानीहि निश्चयतः ॥१७९॥**

यतो रागपरिणत एवाभिनवेन द्रव्यकर्मणा बध्यते, न वैराग्यपरिणतः, अभि-

---

त्वात्तावत्सप्रदेशः । **तेसु पदेसेसु पुग्गला काया** तेषु प्रदेशेषु कर्मवर्गणायोग्यपुद्गलकायाः कर्तारः **पविसंति** प्रविशन्ति । कथम् । **जहाजोग्गं** मनोवचनकायवर्गणालम्बनवीर्यान्तरायक्षयोपशमजनितात्मप्रदेशपरिस्पन्दलक्षणयोगानुसारेण यथायोग्यम् । न केवलं प्रविशन्ति **चिट्ठंति हि** प्रवेशानन्तरं स्वकीयस्थितिकालपर्यन्तं तिष्ठन्ति हि स्फुटम् । न केवलं तिष्ठन्ति **जंति** स्वकीयोदयकालं प्राप्य फलं दत्वा गच्छन्ति, **बज्झंति** केवलज्ञानाद्यनन्तचतुष्टयव्यक्तिरूपमोक्षप्रतिपक्षभूतबन्धस्य कारणं रागादिकं लब्ध्वा पुनरपि द्रव्यबन्धरूपेण बध्यन्ते च । अत एतदायातं रागादिपरिणाम एव द्रव्यबन्धकारणमिति । अथवा द्वितीयव्याख्यानम्—प्रविशन्ति प्रदेशबन्धास्तिष्ठन्ति स्थितिबन्धाः फलं दत्वा गच्छन्त्यनुभागबन्धा बध्यन्ते प्रकृतिबन्धा इति ॥ १७८ ॥ एवं त्रिविधबन्धमुख्यतया सूत्रद्वयेन तृतीयस्थलं गतम् । अथ द्रव्यबन्धकारणत्वान्निश्चयेन रागादिविकल्प-

---

જે પ્રકારે થાય છે, તે પ્રકારે કર્મપુદ્ગલના સમૂહો સ્વયમેવ પરિસ્પંદવાળા વર્તતા થકા પ્રવેશે પણ છે, રહે પણ છે અને જાય પણ છે; અને જો જીવને મોહ-રાગ-દ્વેષરૂપ ભાવ હોય તો બંધાય પણ છે. માટે નક્કી થાય છે કે દ્રવ્યબંધનો હેતુ ભાવબંધ છે. ૧૭૮.

હવે, રાગપરિણામમાત્ર એવો જે ભાવબંધ તે દ્રવ્યબંધનો હેતુ હોવાથી તે જ નિશ્ચયબંધ છે એમ સિદ્ધ કરે છે:—

**જીવ રક્ત બાંધે કર્મ, રાગ રહિત જીવ મુકાય છે;**
**—આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચય જાણજે. ૧૭૯.**

**અન્વયાર્થઃ**—[ रक्तः ] રાગી આત્મા [ कर्म बध्नाति ] કર્મ બાંધે છે, [ रागरहितात्मा ] રાગ રહિત આત્મા [ कर्मभिः मुच्यते ] કર્મથી મુકાય છે;—[ एषः ] આ, [ जीवानां ] જીવોના [ बन्धसमासः ] બંધનો સંક્ષેપ [ निश्चयतः ] નિશ્ચયથી [ जानीहि ] જાણ.

**ટીકાઃ**—રાગપરિણત જીવ જ નવા દ્રવ્યકર્મથી બંધાય છે, વૈરાગ્યપરિણત બંધાતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

नवेन द्रव्यकर्मणा रागपरिणतो न मुच्यते, वैराग्यपरिणत एव, बध्यत एव संस्पृशतवाभिनवेन द्रव्यकर्मणा चिरसञ्चितेन पुराणेन च न मुच्यते रागपरिणतः, मुच्यत एव संस्पृशतैवाभिनवेन द्रव्यकर्मणा चिरसञ्चितेन पुराणेन च वैराग्यपरिणतो न बध्यते; ततोऽवधार्यते द्रव्यबन्धस्य साधकतमत्वाद्रागपरिणाम एव निश्चयेन बन्धः ॥१७९॥

अथ परिणामस्य द्रव्यबन्धसाधकतमरागविशिष्टत्वं सविशेषं प्रकटयति—

परिणामादो बंधो परिणामो रागदोसमोहजुदो ।
असुहो मोहपदोसो सुहो व असुहो हवदि रागो ॥१८०॥

परिणामाद्बन्धः परिणामो रागद्वेषमोहयुतः ।
अशुभौ मोहप्रद्वेषौ शुभो वाशुभो भवति रागः ॥ १८० ॥

---

रूपो भावबन्ध एव बन्ध इति प्रज्ञापयति—**रत्तो बंधदि कम्मं** रक्तो बध्नाति कर्म । रक्त एव कर्म बध्नाति, न च वैराग्यपरिणतः । **मुंचदि कम्मेहिं रागरहिदप्पा** मुच्यते कर्मभ्यां रागरहितात्मा । मुच्यत एव शुभाशुभकर्मभ्यां रागरहितात्मा, न च बध्यते । **एसो बंधसमासो** एष प्रत्यक्षीभूतो बन्धसंक्षेपः । **जीवाणं** जीवानां सम्बन्धी । **जाण णिच्छयदो** जानीहि त्वं हे शिष्य, निश्चयतो निश्चयनयाभिप्रायेणेति । एवं रागपरिणाम एव बन्धकारणं ज्ञात्वा समस्तरागादिविकल्पजालत्यागेन विशुद्धज्ञानदर्शनस्वभावनिजात्मतत्त्वे निरन्तरं भावना कर्तव्येति ॥ १७९ ॥ अथ जीवपरिणामस्य द्रव्यबन्धसाधकं

---

નથી; રાગપરિણત જીવ નવા દ્રવ્યકર્મથી મુકાતો નથી, વૈરાગ્યપરિણત જ મુકાય છે; રાગપરિણત જીવ સંસ્પર્શ કરતા (-સંબંધમાં આવતા) એવા નવા દ્રવ્યકર્મથી અને ચિરસંચિત (લાંબા કાળથી સંચય પામેલા) એવા જૂના દ્રવ્યકર્મથી બંધાય જ છે, મુકાતો નથી; વૈરાગ્યપરિણત જીવ સંસ્પર્શ કરતા (-સંબંધમાં આવતા) એવા નવા દ્રવ્યકર્મથી અને ચિરસંચિત એવા જૂના દ્રવ્યકર્મથી મુકાય જ છે, બંધાતો નથી; માટે નક્કી થાય છે કે દ્રવ્યબંધનો સાધકતમ (-ઉત્કૃષ્ટ હેતુ) હોવાથી રાગપરિણામ જ નિશ્ચયથી બંધ છે. ૧૭૯.

હવે પરિણામનું દ્રવ્યબંધના સાધકતમ રાગથી વિશિષ્ટપણું સવિશેષ પ્રગટ કરે છે (અર્થાત્ પરિણામ દ્રવ્યબંધના ઉત્કૃષ્ટ હેતુભૂત રાગથી વિશેષતાવાળો હોય છે એમ ભેદો સહિત પ્રગટ કરે છે):—

પરિણામથી છે બંધ, રાગ-વિમોહ-દ્વેષથી યુક્ત જે;
છે મોહ-દ્વેષ અશુભ, રાગ અશુભ વા શુભ હોય છે. ૧૮૦.

**અન્વયાર્થ**:—[परिणामात् बन्धः] પરિણામથી બંધ છે, [परिणामः रागद्वेषमोहयुतः] (જે) પરિણામ રાગ-દ્વેષ-મોહયુક્ત છે. [मोहप्रद्वेषौ अशुभौ] (તેમાં) મોહ અને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



द्रव्यबन्धोऽस्ति तावद्विशिष्टपरिणामात् । विशिष्टत्वं तु परिणामस्य रागद्वेषमोहमयत्वेन । तत्र शुभाशुभत्वेन द्वैतानुवर्ति । तत्र मोहद्वेषमयत्वेनाशुभत्वं, रागमयत्वेन तु शुभत्वं चाशुभत्वं च । विशुद्धिसंक्लेशाङ्गत्वेन रागस्य द्वैविध्यात् भवति ॥ १८० ॥

अथ विशिष्टपरिणामविशेषमविशिष्टपरिणामं च कारणे कार्यमुपचर्य कार्यत्वेन निर्दिशति—

**सुहपरिणामो पुण्णं असुहो पाव त्ति भणियमण्णेसु ।**
**परिणामो णण्णगदो दुक्खक्खयकारणं समये ॥ १८१ ॥**

---

रागाद्युपाधिजनितभेदं दर्शयति—**परिणामादो बंधो** परिणामात्सकाशाद्बन्धो भवति । स च परिणामः किंविशिष्टः । **परिणामो रागदोसमोहजुदो** वीतरागपरमात्मनो विलक्षणत्वेन परिणामो रागद्वेषमोहोपाधित्रयेण संयुक्तः । **असुहो मोहपदोसो** अशुभौ मोहप्रद्वेषौ । परोपाधिजनितपरिणामत्रयमध्ये मोहप्रद्वेषद्वयमशुभम् । **सुहो व असुहो हवदि रागो** शुभोऽशुभो वा भवति रागः । पञ्चपरमेष्ठ्यादिभक्तिरूपः शुभराग उच्यते, विषयकषायरूपश्चाशुभ इति । अयं परिणामः सर्वोऽपि सोपाधित्वात् बन्धहेतुरिति ज्ञात्वा-बन्धे शुभाशुभसमस्तरागद्वेषविनाशार्थं समस्तरागाद्युपाधिरहिते सहजानन्दैकलक्षणसुखामृतस्वभावे निजात्मद्रव्ये भावना कर्तव्येति तात्पर्यम् ॥ १८० ॥ अथ द्रव्यरूपपुण्यपापबन्धकारणत्वाच्छुभाशुभपरिणामयोः पुण्यपापसंज्ञां शुभाशुभरहितशुद्धोपयोगपरिणामस्य मोक्षकारणत्वं च कथयति—**सुहपरिणामो पुण्णं** द्रव्यपुण्यबन्ध-

---

દ્વેષ અશુભ છે, [ रागः ] રાગ [ शुभः वा अशुभः ] શુભ અથવા અશુભ [ भवति ] હોય છે.

ટીકાઃ—પ્રથમ તો દ્રવ્યબંધ વિશિષ્ટ પરિણામથી હોય છે. પરિણામનું વિશિષ્ટપણું રાગ-દ્વેષ-મોહમયપણાને લીધે છે. તે શુભ અને અશુભપણાને લીધે દ્વૈતને અનુસરે છે. ત્યાં, [1]મોહ-દ્વેષમયપણા વડે અશુભપણું હોય છે, અને રાગમયપણા વડે શુભપણું તેમ જ અશુભપણું હોય છે કારણ કે રાગ [2]વિશુદ્ધિ તેમ જ સંક્લેશવાળો હોવાથી દ્વિવિધ હોય છે. ૧૮૦.

હવે વિશિષ્ટ પરિણામના ભેદને તથા અવિશિષ્ટ પરિણામને, કારણમાં કાર્યનો ઉપચાર કરીને કાર્યપણે દર્શાવે છેઃ—

**પર માંહી શુભ પરિણામ પુણ્ય, અશુભ પરમાં પાપ છે;**
**નિજદ્રવ્યગત પરિણામ સમયે દુઃખક્ષયનો હેતુ છે. ૧૮૧.**

---

૧. મોહમય પરિણામ તેમ જ દ્વેષમય પરિણામ અશુભ છે.

૨. ધર્માનુરાગ વિશુદ્ધિવાળો હોવાથી ધર્માનુરાગમય પરિણામ શુભ છે; વિષયાનુરાગ સંક્લેશવાળો હોવાથી વિષયાનુરાગમય પરિણામ અશુભ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



शुभपरिणामः पुण्यमशुभः पापमिति भणितमन्येषु ।
परिणामोऽनन्यगतो दुःखक्षयकारणं समये ॥ १८१ ॥

द्विविधस्तावत्परिणामः, परद्रव्यप्रवृत्तः स्वद्रव्यप्रवृत्तश्च । तत्र परद्रव्यप्रवृत्तः परोपरक्तत्वाद्विशिष्टपरिणामः, स्वद्रव्यप्रवृत्तस्तु परानुपरक्तत्वादविशिष्टपरिणामः । तत्रोक्तौ द्वौ विशिष्टपरिणामस्य विशेषौ, शुभपरिणामोऽशुभपरिणामश्च । तत्र पुण्यपुद्गलबन्धकारणत्वात् शुभपरिणामः पुण्यं, पापपुद्गलबन्धकारणत्वादशुभपरिणामः पापम् । अविशिष्टपरिणामस्य तु शुद्धत्वेनैकत्वान्नास्ति विशेषः । स काले संसारदुःखहेतुकर्मपुद्गलक्षयकारणत्वात्संसारदुःखहेतुकर्मपुद्गलक्षयात्मको मोक्ष एव ॥ १८१ ॥

---

कारणत्वाच्छुभपरिणामः पुण्यं भण्यते । **असुहो पाव त्ति भणियं** द्रव्यपापबन्धकारणत्वादशुभपरिणामः पापं भण्यते । केषु विषयेषु योऽसौ शुभाशुभपरिणामः । **अण्णेसु** निजशुद्धात्मनः सकाशादन्येषु शुभाशुभबहिर्द्रव्येषु । **परिणामो णण्णगदो** परिणामो नान्यगतोऽनन्यगतः स्वस्वरूपस्थ इत्यर्थः । स इत्थंभूतः शुद्धोपयोगलक्षणः परिणामः **दुक्खक्खयकारणं** दुःखक्षयकारणं दुःखक्षयाभिधानमोक्षस्य कारणं **भणिदो** भणितः । क्व भणितः । **समये** परमागमे लब्धिकाले वा । किंच, मिथ्यादृष्टिसासादनमिश्रगुणस्थानत्रये तारतम्येनाशुभपरिणामो भवतीति पूर्वं भणितमास्ते, अविरतदेशविरतप्रमत्तसंयतसंज्ञगुणस्थानत्रये तारतम्येन शुभपरिणामश्च भणितः, अप्रमत्तादिक्षीणकषायान्तगुणस्थानेषु तारतम्येन शुद्धोपयोगोऽपि भणितः । नयविवक्षायां मिथ्यादृष्ट्यादिक्षीणकषायान्तगुणस्थानेषु पुनरशुद्धनिश्चयनयो भवत्येव ।

---

**અન્વયાર્થઃ**—[ अन्येषु ] પર પ્રત્યે [ शुभपरिणामः ] શુભ પરિણામ [ पुण्यम् ] પુણ્ય છે અને [ अशुभः ] ( પર પ્રત્યે ) અશુભ પરિણામ [ पापम् ] પાપ છે [ इति भणितम् ] એમ કહ્યું છે; [ अनन्यगतः परिणामः ] પર પ્રત્યે નહિ પ્રવર્તતો એવો પરિણામ [ समये ] સમયે [ दुःखक्षयकारणम् ] દુઃખક્ષયનું કારણ છે.

**ટીકાઃ**—પ્રથમ તો પરિણામ દ્વિવિધ છે—પરદ્રવ્યપ્રવૃત્ત ( પરદ્રવ્ય પ્રત્યે પ્રવર્તતો ) અને સ્વદ્રવ્યપ્રવૃત્ત. તેમાં પરદ્રવ્યપ્રવૃત્ત પરિણામ પર વડે ઉપરક્ત (-પરના નિમિત્તે વિકારી ) હોવાથી વિશિષ્ટ પરિણામ છે અને સ્વદ્રવ્યપ્રવૃત્ત પરિણામ પર વડે ઉપરક્ત નહિ હોવાથી અવિશિષ્ટ પરિણામ છે. ત્યાં વિશિષ્ટ પરિણામના પૂર્વોક્ત બે ભેદ છેઃ શુભ પરિણામ અને અશુભ પરિણામ. તેમાં, પુણ્યરૂપ પુદ્ગલના બંધનું કારણ હોવાથી શુભ પરિણામ પુણ્ય છે અને પાપરૂપ પુદ્ગલના બંધનું કારણ હોવાથી અશુભ પરિણામ પાપ છે. અવિશિષ્ટ પરિણામ તો શુદ્ધ હોવાથી એક છે તેથી તેના ભેદ નથી. તે ( અવિશિષ્ટ પરિણામ ), કાળે સંસારદુઃખના હેતુભૂત કર્મપુદ્ગલના ક્ષયનું કારણ હોવાથી, સંસારદુઃખના હેતુભૂત કર્મપુદ્ગલના ક્ષયસ્વરૂપ મોક્ષ જ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ जीवस्य स्वपरद्रव्यप्रवृत्तिनिवृत्तिसिद्धये स्वपरविभागं दर्शयति—

**भणिदा पुढविप्पमुहा जीवणिकायाध थावरा य तसा ।**
**अण्णा ते जीवादो जीवो वि य तेहिंदो अण्णो ॥१८२॥**

भणिताः पृथिवीप्रमुखा जीवनिकाया अथ स्थावराश्च त्रसाः ।
अन्ये ते जीवाज्जीवोऽपि च तेभ्योऽन्यः ॥ १८२ ॥

---

तत्राशुद्धनिश्चयमध्ये शुद्धोपयोगः कथं लभ्यत इति शिष्येण पूर्वपक्षे कृते सति प्रत्युत्तरं ददाति—वस्त्वेकदेशपरीक्षा तावन्नयलक्षणं, शुभाशुभशुद्धद्रव्यावलम्बनमुपयोगलक्षणं चेति; तेन कारणेनाशुद्धनिश्चयमध्येऽपि शुद्धात्मावलम्बनत्वात् शुद्धध्येयत्वात् शुद्धसाधकत्वाच्च शुद्धोपयोगपरिणामो लभ्यत इति नयलक्षणमुपयोगलक्षणं च यथासंभवं सर्वत्र ज्ञातव्यम् । अत्र योऽसौ रागादिविकल्पोपाधिरहितसमाधिलक्षणशुद्धोपयोगो मुक्तिकारणं भणितः स तु शुद्धात्मद्रव्यलक्षणाद्ध्येयभूताच्छुद्धपारिणामिकभावादभेदप्रधानद्रव्यार्थिकनयेनाभिन्नोऽपि भेदप्रधानपर्यायार्थिकनयेन भिन्नः । कस्मादिति चेत् । अयमेकदेशनिरावरणत्वेन क्षायोपशमिकखण्डज्ञानव्यक्तिरूपः, स च पारिणामिकः सकलावरणरहितत्वेनाखण्डज्ञानव्यक्तिरूपः; अयं तु सादिसान्तत्वेन विनश्वरः, स च अनाद्यनन्तत्वेनाविनश्वरः । यदि पुनरेकान्तेनाभेदो भवति तर्हि घटोत्पत्तौ मृत्पिण्डविनाशवत् ध्यानपर्यायविनाशे मोक्षे जाते सति ध्येयरूपपारिणामिकस्यापि विनाशो भवतीत्यर्थः । तत एव ज्ञायते शुद्धपारिणामिकभावो ध्येयरूपो भवति, ध्यानभावनारूपो न भवति । कस्मात् । ध्यानस्य विनश्वरत्वादिति ॥ १८१ ॥ एवं द्रव्यबन्धकारणत्वात् मिथ्यात्वरागादिविकल्परूपो भावबन्ध एव निश्चयेन

---

**ભાવાર્થ:**—પર પ્રત્યે પ્રવર્તતો એવો શુભ પરિણામ તે પુણ્યનું કારણ છે અને અશુભ પરિણામ તે પાપનું કારણ છે તેથી, કારણમાં કાર્યનો ઉપચાર કરીએ તો, શુભ પરિણામ તે પુણ્ય છે અને અશુભ પરિણામ તે પાપ છે. સ્વાત્મદ્રવ્યમાં પ્રવર્તતો એવો શુદ્ધ પરિણામ તે મોક્ષનું કારણ છે તેથી, કારણમાં કાર્યનો ઉપચાર કરીએ તો, શુદ્ધ પરિણામ તે મોક્ષ છે. ૧૮૧.

હવે જીવને સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિ અને પરદ્રવ્યથી નિવૃત્તિની સિદ્ધિને માટે સ્વપરનો વિભાગ દર્શાવે છેઃ—

**સ્થાવર અને ત્રસ પૃથ્વીઆદિક જીવકાય કહેલ જે,**
**તે જીવથી છે અન્ય તેમ જ જીવ તેથી અન્ય છે. ૧૮૨.**

**અન્વયાર્થ:**—[अथ] હવે [स्थावराः च त्रसाः] સ્થાવર અને ત્રસ એવા જે [पृथ्वीप्रमुखाः] પૃથ્વીઆદિક [जीवनिकायाः] જીવનિકાયો [भणिताः] કહેવામાં આવ્યા છે, [ते] તે [जीवात् अन्ये] જીવથી અન્ય છે [च] અને [जीवः अपि] જીવ પણ [तेभ्यः अन्यः] તેમનાથી અન્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



य एते पृथिवीप्रभृतयः षड्जीवनिकायास्त्रसस्थावरभेदेनाभ्युपगम्यन्ते ते खल्वचेतनत्वादन्ये जीवात्, जीवोऽपि च चेतनत्वादन्यस्तेभ्यः । अत्र षड्जीवनिकाया आत्मनः परद्रव्यमेक एवात्मा स्वद्रव्यम् ॥ १८२ ॥

अथ जीवस्य स्वपरद्रव्यप्रवृत्तिनिमित्तत्वेन स्वपरविभागज्ञानाज्ञाने अवधारयति—

**जो णवि जाणदि एवं परमप्पाणं सहावमासेज्ज ।**
**कीरदि अज्झवसाणं अहं ममेदं ति मोहादो ॥१८३॥**

**यो नैव जानात्येवं परमात्मानं स्वभावमासाद्य ।**
**कुरुतेऽध्यवसानमहं ममेदमिति मोहात् ॥ १८३ ॥**

---

बन्ध इति कथनमुख्यतया गाथात्रयेण चतुर्थस्थलं गतम् । अथ जीवस्य स्वद्रव्यप्रवृत्तिपरद्रव्यनिवृत्तिनिमित्तं षड्जीवनिकायैः सह भेदविज्ञानं दर्शयति—**भणिदा पुढविप्पमुहा** भणिताः परमागमे कथिताः पृथिवीप्रमुखाः । ते के । **जीवणिकाया** जीवसमूहाः । अध अथ । कथंभूताः । **थावरा य तसा** स्थावराश्च त्रसाः । ते च किंविशिष्टाः । **अण्णा** ते अन्ये भिन्नास्ते । कस्मात् । **जीवादो** शुद्धबुद्धैकजीवस्वभावात् । **जीवो वि य तेहिंदो अण्णो** जीवोऽपि च तेभ्योऽन्य इति । तथाहि—टङ्कोत्कीर्णज्ञायककस्वभावपरमात्मतत्त्वभावनारहितेन जीवेन यदुपार्जितं त्रसस्थावरनामकर्म तदुदयजनितत्वादचेतनत्वाच्च त्रसस्थावरजीवनिकायाः शुद्धचैतन्यस्वभावजीवाद्भिन्नाः । जीवोऽपि च तेभ्यो विलक्षणत्वाद्भिन्न इति । अत्रैवं भेदविज्ञाने जाते सति मोक्षार्थी जीवः स्वद्रव्ये प्रवृत्तिं परद्रव्ये निवृत्तिं च करोतीति भावार्थः ॥ १८२ ॥ अथैतदेव भेदविज्ञानं प्रकारान्तरेण द्रढयति—**जो णवि जाणदि एवं**

---

ટીકાઃ—જે આ પૃથ્વી વગેરે ષટ્ જીવનિકાયો ત્રસ અને સ્થાવર એવા ભેદપૂર્વક માનવામાં આવે છે, તે ખરેખર અચેતનપણાને લીધે જીવથી અન્ય છે અને જીવ પણ ચેતનપણાને લીધે તેમનાથી અન્ય છે. અહીં (એમ કહ્યું કે), ષટ્ જીવનિકાય આત્માને પરદ્રવ્ય છે, આત્મા એક જ સ્વદ્રવ્ય છે. ૧૮૨.

હવે જીવને સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિનું નિમિત્ત સ્વપરના વિભાગનું જ્ઞાન છે અને પરદ્રવ્યમાં પ્રવૃત્તિનું નિમિત્ત સ્વ-પરના વિભાગનું અજ્ઞાન છે એમ નક્કી કરે છેઃ—

**પરને સ્વને નહિ જાણતો એ રીત પામી સ્વભાવને,**
**તે 'આ હું, આ મુજ' એમ અધ્યવસાન મોહ થકી કરે. ૧૮૩.**

**અન્વયાર્થઃ**—[यः] જે [एवं] એ રીતે [स्वभावम् आसाद्य] સ્વભાવને પામીને (જીવપુદ્‌ગલના સ્વભાવને નક્કી કરીને) [परम् आत्मानं] પરને અને સ્વને [न एव जानाति] જાણતો નથી, [मोहात्] તે મોહથી '[अहम्] આ હું છું, [इदं मम] આ મારું છે' [इति] એમ [अध्यवसानं] અધ્યવસાન [कुरुते] કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यो हि नाम नैवं प्रतिनियतचेतनाचेतनत्वस्वभावेन जीवपुद्गलयोः स्वपरविभागं पश्यति स एवाहमिदं ममेदमित्यात्मात्मीयत्वेन परद्रव्यमध्यवस्यति मोहान्नान्यः । अतो जीवस्य परद्रव्यप्रवृत्तिनिमित्तं स्वपरपरिच्छेदाभावमात्रमेव, सामर्थ्यात्स्वद्रव्यप्रवृत्तिनिमित्तं तदभावः ॥ १८३ ॥

अथात्मनः किं कर्मेति निरूपयति—

**कुव्वं सभावमादा हवदि हि कत्ता सगस्स भावस्स ।**
**पोग्गलदव्वमयाणं ण दु कत्ता सव्वभावाणं ॥ १८४ ॥**

कुर्वन् स्वभावमात्मा भवति हि कर्ता स्वकस्य भावस्य ।
पुद्गलद्रव्यमयानां न तु कर्ता सर्वभावानाम् ॥ १८४ ॥

---

यः कर्ता नैव जानात्येवं पूर्वोक्तप्रकारेण । कम् । परं षड्जीवनिकायादिपरद्रव्यं, **अप्पाणं** निर्दोषिपरमात्मद्रव्यरूपं निजात्मानम् । किं कृत्वा । **सहावमासेज्ज** शुद्धोपयोगलक्षणनिजशुद्धस्वभावमाश्रित्य । **कीरदि अज्झवसाणं** स पुरुषः करोत्यध्यवसानं परिणामम् । केन रूपेण । **अहं ममेदं ति** अहं ममेदमिति । ममकाराहंकारादिरहितपरमात्मभावनाच्युतो भूत्वा परद्रव्यं रागादिकमहमिति देहादिकं ममेतिरूपेण । कस्मात् । **मोहादो** मोहाधीनत्वादिति । ततः स्थितमेतत्स्वपरभेदविज्ञानबलेन स्वसंवेदनज्ञानी जीवः स्वद्रव्ये रतिं परद्रव्ये निवृत्तिं करोतीति ॥ १८३ ॥ एवं भेदभावनाकथनमुख्यतया सूत्रद्वयेन

---

**ટીકાઃ**—જે આત્મા એ રીતે જીવ અને પુદ્ગલના (પોતપોતાના) નિશ્ચિત ચેતનત્વ અને અચેતનત્વરૂપ સ્વભાવ વડે સ્વ-પરનો વિભાગ દેખતો નથી, તે જ આત્મા 'આ હું છું, આ મારું છે' એમ મોહથી પરદ્રવ્યમાં પોતાપણાનું અધ્યવસાન કરે છે, બીજો નહિ. આથી (એમ નક્કી થયું કે) જીવને પરદ્રવ્યમાં પ્રવૃત્તિનું નિમિત્ત સ્વપરના જ્ઞાનનો અભાવમાત્ર જ છે અને (કહ્યા વિના પણ) સામર્થ્યથી (એમ નક્કી થયું કે) સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિનું નિમિત્ત *તેનો અભાવ છે.

**ભાવાર્થઃ**—જેને સ્વપરનું ભેદવિજ્ઞાન નથી તે જ પરદ્રવ્યમાં અહંકાર-મમકાર કરે છે, ભેદવિજ્ઞાની નહિ. માટે પરદ્રવ્યમાં પ્રવૃત્તિનું કારણ ભેદવિજ્ઞાનનો અભાવ જ છે અને સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિનું કારણ ભેદવિજ્ઞાન જ છે. ૧૮૩.

હવે આત્માનું કર્મ શું છે તેનું નિરૂપણ કરે છેઃ—

**નિજ ભાવ કરતો જીવ છે કર્તા ખરે નિજ ભાવનો;**
**પણ તે નથી કર્તા સકલ પુદ્ગલદરવમય ભાવનો. ૧૮૪.**

---

* તેનો અભાવ=સ્વ-પરના જ્ઞાનના અભાવનો અભાવ; સ્વ-પરના જ્ઞાનનો સદ્ભાવ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आत्मा हि तावत्स्वं भावं करोति, तस्य स्वधर्मत्वादात्मनस्तथाभवनशक्तिसम्भवेनावश्यमेव कार्यत्वात् । स तं च स्वतन्त्रः कुर्वाणस्तस्य कर्तावश्यं स्यात्, क्रियमाणश्चात्मना स्वो भावस्तेनाप्यत्वात्तस्य कर्मावश्यं स्यात् । एवमात्मनः स्वपरिणामः कर्म । न त्वात्मा पुद्गलस्य भावान् करोति, तेषां परधर्मत्वादात्मनस्तथाभवनशक्त्यसम्भवेनाकार्यत्वात् । स तानकुर्वाणो न तेषां कर्ता स्यात्, अक्रियमाणाश्चात्मना ते न तस्य कर्म स्युः । एवमात्मनः पुद्गलपरिणामो न कर्म ॥ १८४ ॥

अथ कथमात्मनः पुद्गलपरिणामो न कर्म स्यादिति सन्देहमपनुदति—

**गेण्हदि णेव ण मुंचदि करेदि ण हि पोग्गलाणि कम्माणि ।**
**जीवो पुग्गलमज्झे वट्टण्णवि सव्वकालेसु ॥ १८५ ॥**

---

पञ्चमस्थलं गतम् । अथात्मनो निश्चयेन रागादिस्वपरिणाम एव कर्म, न च द्रव्यकर्मेति प्ररूपयति— **कुव्वं सभावं** कुर्वन्स्वभावम् । अत्र स्वभावशब्देन यद्यपि शुद्धनिश्चयेन शुद्धबुद्धैकस्वभावो भण्यते, तथापि कर्मबन्धप्रस्तावे रागादिपरिणामोऽप्यशुद्धनिश्चयेन स्वभावो भण्यते । तं स्वभावं कुर्वन् । स कः । **आदा** आत्मा । **हवदि हि कत्ता** कर्ता भवति हि स्फुटम् । कस्य । **सगस्स भावस्स** स्वकीयचिद्रूपस्वभावस्य रागादिपरिणामस्य । तदेव तस्य रागादिपरिणामरूपं निश्चयेन भावकर्म भण्यते ।

---

**અન્વયાર્થઃ**—[ स्वभावं कुर्वन् ] પોતાના ભાવને કરતો થકો [ आत्मा ] આત્મા [ हि ] ખરેખર [ स्वकस्य भावस्य ] પોતાના ભાવનો [ कर्ता भवति ] કર્તા છે; [ तु ] પરંતુ [ पुद्गलद्रव्यमयानां सर्वभावानां ] પુદ્‌ગલદ્રવ્યમય સર્વ ભાવોનો [ कर्ता न ] કર્તા નથી.

**ટીકાઃ**—પ્રથમ તો આત્મા ખરેખર સ્વ ભાવને કરે છે કારણ કે તે ( ભાવ ) તેનો સ્વ ધર્મ હોવાથી આત્માને તે-રૂપે થવાની ( પરિણમવાની ) શક્તિનો સંભવ હોવાને લીધે તે ( ભાવ ) અવશ્યમેવ આત્માનું કાર્ય છે. ( આમ ) તે ( આત્મા ) તેને ( -સ્વ ભાવને ) સ્વતંત્રપણે કરતો થકો તેનો કર્તા અવશ્ય છે અને સ્વ ભાવ આત્મા વડે કરાતો થકો આત્મા વડે પ્રાપ્ય હોવાથી આત્માનું કર્મ અવશ્ય છે. આ રીતે સ્વ પરિણામ આત્માનું કર્મ છે.

પરંતુ, આત્મા પુદ્‌ગલના ભાવોને કરતો નથી કારણ કે તેઓ પરના ધર્મો હોવાથી આત્માને તે-રૂપે થવાની શક્તિનો અસંભવ હોવાને લીધે તેઓ આત્માનું કાર્ય નથી. (આમ) તે (આત્મા) તેમને નહિ કરતો થકો તેમનો કર્તા નથી અને તેઓ આત્મા વડે નહિ કરાતા થકા તેઓ તેનું કર્મ નથી. આ રીતે પુદ્‌ગલપરિણામ આત્માનું કર્મ નથી. ૧૮૪.

હવે, 'પુદ્‌ગલપરિણામ આત્માનું કર્મ કેમ નથી'—એવા સંદેહને દૂર કરે છેઃ—

**જીવ સર્વ કાળે પુદ્‌ગલોની મધ્યમાં વર્તે ભલે,**
**પણ નવ ગ્રહે, ન તજે, કરે નહિ જીવ પુદ્‌ગલકર્મને. ૧૮૫.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



गृह्णाति नैव न मुञ्चति करोति न हि पुद्गलानि कर्माणि ।
जीवः पुद्गलमध्ये वर्तमानोऽपि सर्वकालेषु ॥ १८५ ॥

न खल्वात्मनः पुद्गलपरिणामः कर्म, परद्रव्योपादानहानशून्यत्वात् । यो हि यस्य परिणमयिता दृष्टः स न तदुपादानहानशून्यो दृष्टः, यथाग्निरयःपिण्डस्य । आत्मा तु तुल्यक्षेत्रवर्तित्वेऽपि परद्रव्योपादानहानशून्य एव । ततो न स पुद्गलानां कर्मभावेन परिणमयिता स्यात् ॥ १८५ ॥

अथात्मनः कुतस्तर्हि पुद्गलकर्मभिरुपादानं हानं चेति निरूपयति--

स इदाणिं कत्ता सं सगपरिणामस्स दव्वजादस्स ।
आदीयदे कदाई विमुच्चदे कम्मधूलीहिं ॥ १८६ ॥

---

कस्मात् । तप्तायःपिण्डवत्तेनात्मना प्राप्यत्वाद्व्याप्यत्वादिति । **पोग्गलदव्वमयाणं ण दु कत्ता सव्वभावाणं** चिद्रूपात्मनो विलक्षणानां पुद्गलद्रव्यमयानां न तु कर्ता सर्वभावानां ज्ञानावरणादिद्रव्यकर्मपर्यायाणामिति । ततो ज्ञायते जीवस्य रागादिस्वपरिणाम एव कर्म, तस्यैव स कर्तेति ॥ १८४ ॥
अथात्मनः कथं द्रव्यकर्मरूपपरिणामः कर्म न स्यादिति प्रश्ने समाधानं ददाति--**गेण्हदि णेव ण मुंचदि करेदि ण हि पोग्गलाणि कम्माणि जीवो** यथा निर्विकल्पसमाधिरतः परममुनिः

---

અન્વયાર્થઃ—[ जीवः ] જીવ [ सर्वकालेषु ] સર્વ કાળે [ पुद्गलमध्ये वर्तमानः अपि ] પુદ્ગલની મધ્યમાં રહેતો હોવા છતાં પણ [ पुद्गलानि कर्माणि ] પૌદ્ગલિક કર્મોને [ हि ] ખરેખર [ गृह्णाति न एव ] ગ્રહતો નથી, [ मुञ्चति न ] છોડતો નથી, [ करोति न ] કરતો નથી.

ટીકાઃ—ખરેખર પુદ્ગલપરિણામ આત્માનું કર્મ નથી, કારણ કે તે પરદ્રવ્યનાં ગ્રહણત્યાગ વિનાનો છે; જે જેનો પરિણમાવનાર જોવામાં આવે છે, તે—જેમ અગ્નિ લોખંડના ગોળાનાં ગ્રહણત્યાગ વિનાનો છે તેમ—તેનાં ગ્રહણત્યાગ વિનાનો જોવામાં આવતો નથી. આત્મા તો તુલ્ય ક્ષેત્રે વર્તતો હોવા છતાં પણ (-પરદ્રવ્ય સાથે એકક્ષેત્રાવગાહી હોવા છતાં પણ) પરદ્રવ્યનાં ગ્રહણત્યાગ વિનાનો જ છે. તેથી તે પુદ્ગલોને કર્મભાવે પરિણમાવનાર નથી. ૧૮૫.

ત્યારે (જો આત્મા પુદ્ગલોને કર્મપણે પરિણમાવતો નથી તો પછી) આત્મા કઈ રીતે પુદ્ગલકર્મો વડે ગ્રહાય છે અને મુકાય છે તેનું હવે નિરૂપણ કરે છેઃ—

તે હાલ દ્રવ્યજનિત નિજ પરિણામનો કર્તા બને,
તેથી ગ્રહાય અને કદાપિ મુકાય છે કર્મો વડે. ૧૮૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**स इदानीं कर्ता सन् स्वकपरिणामस्य द्रव्यजातस्य ।**
**आदीयते कदाचिद्विमुच्यते कर्मधूलिभिः ॥ १८६ ॥**

**सोऽयमात्मा परद्रव्योपादानहानशून्योऽपि साम्प्रतं संसारावस्थायां निमित्तमात्रीकृतपरद्रव्यपरिणामस्य स्वपरिणाममात्रस्य द्रव्यत्वभूतत्वात्केवलस्य कलयन् कर्तृत्वं, तदेव तस्य स्वपरिणामं निमित्तमात्रीकृत्योपात्तकर्मपरिणामाभिः पुद्गलधूलीभिर्विशिष्टावगाहरूपेणोपादीयते कदाचिन्मुच्यते च ॥ १८६ ॥**

---

परभावं न गृह्णाति न मुञ्चति न च करोत्युपादानरूपेण लोहपिण्डो वाग्निं तथायमात्मा न च गृह्णाति न च मुञ्चति न च करोत्युपादानरूपेण पुद्गलकर्माणीति । किं कुर्वन्नपि । **पुग्गलमज्झे वट्टण्णवि सव्वकालेसु** क्षीरनीरन्यायेन पुद्गलमध्ये वर्त्तमानोऽपि सर्वकालेषु । अनेन किमुक्तं भवति । यथा सिद्धो भगवान् पुद्गलमध्ये वर्त्तमानोऽपि परद्रव्यग्रहणमोचनकरणरहितस्तथा शुद्धनिश्चयेन शक्तिरूपेण संसारी जीवोऽपीति भावार्थः ॥ १८५ ॥ अथ यद्ययमात्मा पुद्गलकर्म न करोति न च मुञ्चति तर्हि बन्धः कथं, तर्हि मोक्षोऽपि कथमिति प्रश्ने प्रत्युत्तरं ददाति—**स इदाणिं कत्ता सं** स इदानीं कर्ता सन् । स पूर्वोक्तलक्षण आत्मा, इदानीं कोऽर्थः एवं पूर्वोक्तनयविभागेन, कर्ता सन् । कस्य । **सगपरिणामस्स** निर्विकारनित्या-

---

**અન્વયાર્થ:**—[ सः ] તે [ इदानीं ] હમણાં ( સંસારાવસ્થામાં ) [ द्रव्यजातस्य ] દ્રવ્યથી ( આત્મદ્રવ્યથી ) ઉત્પન્ન થતા [ स्वकपरिणामस्य ] ( અશુદ્ધ ) સ્વપરિણામનો [ कर्ता सन् ] કર્તા થતો થકો [ कर्मधूलिभिः ] કર્મરજ વડે [ आदीयते ] ગ્રહાય છે અને [ कदाचित् विमुच्यते ] કદાચિત્ મુકાય છે.

**ટીકા:**—તે આ આત્મા પરદ્રવ્યનાં ગ્રહણત્યાગ વિનાનો હોવા છતાં પણ હમણાં સંસાર-અવસ્થામાં, પરદ્રવ્યપરિણામને નિમિત્તમાત્ર કરતા એવા કેવળ સ્વપરિણામમાત્રનું —તે સ્વપરિણામ દ્રવ્યત્વભૂત હોવાથી—કર્તાપણું અનુભવતો થકો, તેના એ જ સ્વપરિણામને નિમિત્તમાત્ર કરીને કર્મપરિણામને પામતી એવી પુદ્ગલરજ વડે વિશિષ્ટ અવગાહરૂપે ગ્રહાય છે અને કદાચિત્ મુકાય છે.

ભાવાર્થ:—હમણાં સંસારદશામાં જીવ પૌદ્ગલિક કર્મપરિણામને નિમિત્તમાત્ર કરીને પોતાના અશુદ્ધ પરિણામનો જ કર્તા થાય છે ( કારણ કે તે અશુદ્ધ પરિણામ સ્વદ્રવ્યથી ઉત્પન્ન થાય છે ), પરદ્રવ્યનો કર્તા થતો નથી. આમ જીવ પોતાના અશુદ્ધ પરિણામનો કર્તા થતાં, જીવના તે જ અશુદ્ધ પરિણામને નિમિત્તમાત્ર કરીને કર્મરૂપે પરિણમતી પુદ્ગલરજ ખાસ અવગાહરૂપે જીવને *ગ્રહે છે અને ક્યારેક ( સ્થિતિ અનુસાર રહીને અથવા જીવના શુદ્ધ પરિણામને નિમિત્તમાત્ર કરીને ) છોડે છે. ૧૮૬.

---

* કર્મપરિણત પુદ્ગલોનું જીવ સાથે ખાસ અવગાહરૂપે રહેવું તેને જ અહીં કર્મપુદ્ગલો વડે જીવનું 'ગ્રહાવું' કહ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ किंकृतं पुद्गलकर्मणां वैचित्र्यमिति निरूपयति—

परिणमदि जदा अप्पा सुहम्हि असुहम्हि रागदोसजुदो ।
तं पविसदि कम्मरयं णाणावरणादिभावेहिं ॥१८७॥

परिणमति यदात्मा शुभेऽशुभे रागद्वेषयुतः ।
तं प्रविशति कर्मरजो ज्ञानावरणादिभावैः ॥ १८७ ॥

अस्ति खल्वात्मनः शुभाशुभपरिणामकाले स्वयमेव समुपात्तवैचित्र्यकर्मपुद्गलपरिणामः, नवघनाम्बुनो भूमिसंयोगपरिणामकाले समुपात्तवैचित्र्यान्यपुद्गलपरिणामवत् । तथाहि— यथा यदा नवघनाम्बु भूमिसंयोगेन परिणमति तदान्ये पुद्गलाः स्वयमेव समुपात्तवैचित्र्यैः

---

नन्दैकलक्षणपरमसुखामृतव्यक्तिरूपकार्यसमयसारसाधकनिश्चयरत्नत्रयात्मककारणसमयसारविलक्षणस्य मिथ्यात्व-रागादिविभावरूपस्य स्वकीयपरिणामस्य । पुनरपि किंविशिष्टस्य । **दव्वजादस्स** स्वकीयात्मद्रव्योपादान-कारणजातस्य । **आदीयदे कदाई कम्मधूलीहिं** आदीयते बध्यते । काभिः । कर्मधूलीभिः कर्तृभूताभिः कदाचित्पूर्वोक्तविभावपरिणामकाले । न केवलमादीयते, **विमुच्चदे** विशेषेण मुच्यते त्यज्यते ताभिः कर्मधूलीभिः कदाचित्पूर्वोक्तकारणसमयसारपरिणतिकाले । एतावता किमुक्तं भवति । अशुद्धपरिणामेन बध्यते शुद्धपरिणामेन मुच्यत इति ॥ १८६ ॥ अथ यथा द्रव्यकर्माणि निश्चयेन स्वयमेवोत्पद्यन्ते तथा ज्ञानावरणादिविचित्रभेदरूपेणापि स्वयमेव परिणमन्तीति कथयति—**परिणमदि जदा अप्पा** परिणमति यदात्मा । समस्तशुभाशुभपरद्रव्यविषये परमोपेक्षालक्षणं शुद्धोपयोगपरिणामं मुक्त्वा यदायमात्मा परिणमति । क । **सुहम्हि असुहम्हि** शुभेऽशुभे वा परिणामे । कथंभूतः सन् । **रागदोसजुदो** रागद्वेषयुक्तः

---

હવે પુદ્ગલકર્મોના વૈચિત્ર્યને (-જ્ઞાનાવરણ, દર્શનાવરણ ઇત્યાદિ અનેકપ્રકારતાને) કોણ કરે છે તેનું નિરૂપણ કરે છે:—

જીવ રાગદ્વેષથી યુક્ત જ્યારે પરિણમે શુભ-અશુભમાં,
જ્ઞાનાવરણઇત્યાદિભાવે કર્મધૂલિ પ્રવેશ ત્યાં. ૧૮૭.

અન્વયાર્થ:—[यदा] જ્યારે [आत्मा] આત્મા [रागद्वेषयुतः] રાગદ્વેષયુક્ત થયો થકો [शुभे अशुभे] શુભ અને અશુભમાં [परिणमति] પરિણમે છે, ત્યારે [कर्मरजः] કર્મરજ [ज्ञानावरणादिभावैः] જ્ઞાનાવરણાદિભાવે [तं] તેનામાં [प्रविशति] પ્રવેશે છે.

ટીકા:—જેમ નવા મેઘજળના ભૂમિસંયોગરૂપ પરિણામના કાળે સ્વયમેવ વૈચિત્ર્યને પામેલા અન્યપુદ્ગલપરિણામ (અન્ય પુદ્ગલના પરિણામ) હોય છે, તેમ આત્માના શુભાશુભ પરિણામના કાળે સ્વયમેવ વૈચિત્ર્યને પામેલા કર્મપુદ્ગલપરિણામ (કર્મપુદ્ગલના પરિણામ) ખરેખર હોય છે. તે આ પ્રમાણે: જેમ જ્યારે નવું મેઘજળ ભૂમિસંયોગરૂપે પરિણમે છે ત્યારે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



शाद्वलशिलीन्ध्रशक्रगोपादिभावैः परिणमन्ते, तथा यदायमात्मा रागद्वेषवशीकृतः शुभाशुभ-भावेन परिणमति तदा अन्ये योगद्वारेण प्रविशन्तः कर्मपुद्गलाः स्वयमेव समुपात्तवैचित्र्यै-र्ज्ञानावरणादिभावैः परिणमन्ते । अतः स्वभावकृतं कर्मणां वैचित्र्यं, न पुनरात्मकृतम् ॥ १८७ ॥

अथैक एव आत्मा बन्ध इति विभावयति—

सपदेसो सो अप्पा कसायिदो मोहरागदोसेहिं ।
कम्मरजेहिं सिलिट्ठो बंधो त्ति परूविदो समये ॥१८८॥

सप्रदेशः स आत्मा कषायितो मोहरागद्वेषैः ।
कर्मरजोभिः श्लिष्टो बन्ध इति प्ररूपितः समये ॥ १८८ ॥

---

परिणत इत्यर्थः । **तं पविसदि कम्मरयं** तदा काले तत्प्रसिद्धं कर्मरजः प्रविशति । कैः कृत्वा । **णाणावरणादिभावेहिं** भूमेर्मेघजलसंयोगे सति यथाऽन्ये पुद्गलाः स्वयमेव हरितपल्लवादिभावैः परिणमन्ति तथा स्वयमेव नानाभेदपरिणतैर्मूलोत्तरप्रकृतिरूपज्ञानावरणादिभावैः पर्यायैरिति । ततो ज्ञायते यथा ज्ञाना-वरणादिकर्मणामुत्पत्तिः स्वयंकृता तथा मूलोत्तरप्रकृतिरूपवैचित्र्यमपि, न च जीवकृतमिति ॥ १८७ ॥

---

અન્ય પુદ્‌ગલો સ્વયમેવ વૈચિત્ર્યને પામેલા [૧]શાદ્વલ-[૨]શિલીંધ્ર-[૩]ઇંદ્રગોપાદિભાવે પરિણમે છે, તેમ જ્યારે આ આત્મા રાગદ્વેષને વશીભૂત થયો થકો શુભાશુભભાવે પરિણમે છે, ત્યારે બીજાં, યોગદ્વાર વડે પ્રવેશતાં કર્મપુદ્‌ગલો સ્વયમેવ વૈચિત્ર્યને પામેલા જ્ઞાનાવરણાદિભાવે પરિણમે છે.

આથી (એમ નક્કી થયું કે) કર્મોનું વૈચિત્ર્ય [૪]સ્વભાવકૃત છે, પરંતુ આત્મકૃત નથી. ૧૮૭.

હવે એકલો જ આત્મા બંધ છે એમ સમજાવે છેઃ—

સપ્રદેશ જીવ સમયે કષાયિત મોહરાગાદિ વડે,
સંબંધ પામી કર્મરજનો, બંધરૂપ કથાય છે. ૧૮૮.

**અન્વયાર્થઃ**—[ सप्रदेशः ] સપ્રદેશ એવો [ सः आत्मा ] તે આત્મા [ समये ] સમયે [ मोहरागद्वेषैः ] મોહ-રાગ-દ્વેષ વડે [ कषायितः ] કષાયિત થવાથી [ कर्मरजोभिः श्लिष्टः ] કર્મરજ વડે શ્લિષ્ટ થયો થકો (અર્થાત્ જેને કર્મરજ વળગી છે એવો થયો થકો) [ बन्धः इति प्ररूपितः ] 'બંધ' કહેવામાં આવ્યો છે.

---

૧. શાદ્વલ = લીલું મેદાન

૨. શિલીંધ્ર = ટોપ; બિલાડીનો ટોપ.

૩. ઇંદ્રગોપ = ચોમાસામાં થતું એક જીવડું

૪. સ્વભાવકૃત = કર્મોના પોતાના સ્વભાવથી કરાયેલું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यथात्र सप्रदेशत्वे सति लोध्रादिभिः कषायितत्वात् मञ्जिष्ठरङ्गादिभिरुपश्लिष्टमेकं रक्तं दृष्टं वासः, तथात्मापि सप्रदेशत्वे सति काले मोहरागद्वेषैः कषायितत्वात् कर्मरजोभिरुपश्लिष्ट एको बन्धो द्रष्टव्यः, शुद्धद्रव्यविषयत्वान्निश्चयस्य ॥ १८८ ॥

अथ निश्चयव्यवहाराविरोधं दर्शयति—

**एसो बंधसमासो जीवाणं णिच्छयेण णिद्दिट्ठो ।**
**अरहंतेहिं जदीणं ववहारो अण्णहा भणिदो ॥१८९॥**

---

अथ पूर्वोक्तज्ञानावरणादिप्रकृतीनां जघन्योत्कृष्टानुभागस्वरूपं प्रतिपादयति—

**सुहपयडीण विसोही तिव्वो असुहाण संकिलेसम्मि ।**
**विवरीदो दु जहण्णो अणुभागो सव्वपयडीणं ॥ *१३ ॥**

**अणुभागो** अनुभागः फलदानशक्तिविशेषः भवतीति क्रियाध्याहारः । कथम्भूतो भवति । **तिव्वो** तीव्रः प्रकृष्टः परमामृतसमानः । कासां संबन्धी । **सुहपयडीणं** सद्वेद्यादिशुभप्रकृतीनाम् । कया कारणभूतया । **विसोही** तीव्रधर्मानुरागरूपविशुद्धया । **असुहाण संकिलेसम्मि** असद्वेद्याद्यशुभप्रकृतीनां तु मिथ्यात्वादिरूपतीव्रसंक्लेशे सति तीव्रो हालाहलविषसदृशो भवति । **विवरीदो दु जहण्णो** विपरीतस्तु जघन्यो गुडनिम्बरूपो भवति । जघन्यविशुद्धया जघन्यसंक्लेशेन च मध्यमविशुद्धया मध्यमसंक्लेशेन तु शुभाशुभप्रकृतीनां खण्डशर्करारूपः काञ्जीरविषरूपश्चेति । एवंविधो जघन्यमध्यमोत्कृष्टरूपोऽनुभागः कासां संबन्धी भवति । **सव्वपयडीणं** मूलोत्तरप्रकृतिरहितनिजपरमानन्दैकस्वभावलक्षणसर्वप्रकारोपादेयभूतपरमात्मद्रव्याद्भिन्नानां हेयभूतानां सर्वमूलोत्तरकर्मप्रकृतीनामिति कर्मशक्तिस्वरूपं ज्ञातव्यम् ॥ *१३ ॥ अथाभेदनयेन बन्धकारणभूतरागादिपरिणतात्मैव बन्धो भण्यत इत्यावेदयति—**सपदेसो** लोकाकाशप्रमितासंख्येयप्रदेशत्वात्सप्रदेशस्तावद्भवति **सो अप्पा** स पूर्वोक्तलक्षण आत्मा । पुनरपि किंविशिष्टः । **कसायिदो**

---

**ટીકાઃ**—જેમ જગતમાં વસ્ત્ર સપ્રદેશ હોતાં લોધર વગેરે વડે કષાયિત થવાથી મજીઠ વગેરેના રંગ વડે શ્લિષ્ટ થયું થકું એકલું જ રંગિત જોવામાં આવે છે, તેમ આત્મા પણ સપ્રદેશ હોતાં કાળે મોહ-રાગ-દ્વેષ વડે *કષાયિત થવાથી કર્મરજ વડે શ્લિષ્ટ થયો થકો એકલો જ બંધ છે એમ દેખવું (-માનવું), કારણ કે નિશ્ચયનો વિષય શુદ્ધ દ્રવ્ય છે. ૧૮૮.

હવે નિશ્ચય અને વ્યવહારનો અવિરોધ દર્શાવે છેઃ—

**—આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચય ભાખિયો**
**અર્હંતદેવે યોગીને; વ્યવહાર અન્ય રીતે કહ્યો. ૧૮૯.**

---

* કષાયિત = ઉપરક્ત; રંગાયેલો; મલિન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



एष बन्धसमासो जीवानां निश्चयेन निर्दिष्टः ।
अर्हद्भिर्यतीनां व्यवहारोऽन्यथा भणितः ।। १८९ ।।

**रागपरिणाम एवात्मनः कर्म, स एव पुण्यपापद्वैतम् । रागपरिणामस्यैवात्मा कर्ता, तस्यैवोपादाता हाता चेत्येष शुद्धद्रव्यनिरूपणात्मको निश्चयनयः । यस्तु पुद्गलपरिणाम आत्मनः कर्म, स एव पुण्यपापद्वैतं, पुद्गलपरिणामस्यात्मा कर्ता, तस्योपादाता हाता चेति सोऽशुद्धद्रव्यनिरूपणात्मको व्यवहारनयः । उभावप्येतौ स्तः, शुद्धाशुद्धत्वेनोभयथा द्रव्यस्य प्रतीयमानत्वात् । किन्त्वत्र निश्चयनयः साधकतमत्वादुपात्तः, साध्यस्य हि**

---

कषायितः परिणतो रञ्जितः । कैः । **मोहरागदोसेहिं** निर्मोहस्वशुद्धात्मतत्त्वभावनाप्रतिबन्धिभिर्मोह-रागद्वेषैः । पुनश्च किंरूपः । **कम्मरजेहिं सिलिट्ठो** कर्मरजोभिः श्लिष्टः कर्मवर्गणायोग्यपुद्गलरजोभिः संश्लिष्टो बद्धः । **बंधो त्ति परूविदो** अभेदेनात्मैव बन्ध इति प्ररूपितः । क । **समये** परमागमे । अत्रेदं भणितं भवति—यथा वस्त्रं लोध्रादिद्रव्यैः कषायितं रञ्जितं सन्मञ्जीष्ठादिरङ्गद्रव्येण रञ्जितं सदभेदेन रक्तमित्युच्यते तथा वस्त्रस्थानीय आत्मा लोध्रादिद्रव्यस्थानीयमोहरागद्वेषैः कषायितो रञ्जितः परिणतो मञ्जीष्ठस्थानीयकर्मपुद्गलैः संश्लिष्टः संबद्धः सन् भेदेऽप्यभेदोपचारलक्षणेनासद्भूतव्यवहारेण बन्ध इत्यभिधीयते । कस्मात् । अशुद्धद्रव्यनिरूपणार्थविषयत्वादसद्भूतव्यवहारनयस्येति ।। १८८ ।। अथ निश्चयव्यवहारयोरविरोधं दर्शयति—**एसो बंधसमासो** एष बन्धसमासः । एष बहुधा पूर्वोक्त-प्रकारो रागादिपरिणतिरूपो बन्धसंक्षेपः । केषां संबन्धी । **जीवाणं** जीवानाम् । **णिच्छयेण णिद्दिट्ठो** निश्चयनयेन निर्दिष्टः कथितः । कैः कर्तृभूतैः । **अरहंतेहिं** अर्हद्भिः निर्दोषिपरमात्मभिः । केषाम् ।

---

**અન્વયાર્થઃ**—[ एषः ] આ ( પૂર્વોક્ત રીતે ), [ जीवानां ] જીવોના [ बन्धसमासः ] બંધનો સંક્ષેપ [ निश्चयेन ] નિશ્ચયથી [ अर्हद्भिः ] અર્હંતદેવોએ [ यतीनां ] યતિઓને [ निर्दिष्टः ] કહ્યો છે; [ व्यवहारः ] વ્યવહાર [ अन्यथा ] અન્ય રીતે [ भणितः ] કહ્યો છે.

**ટીકાઃ**—રાગપરિણામ જ આત્માનું કર્મ છે, તે જ પુણ્યપાપરૂપ દ્વૈત છે, રાગપરિણામનો જ આત્મા કર્તા છે, તેનો જ ગ્રહનાર અને છોડનાર છે;—આ, *શુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ નિશ્ચયનય છે. અને, પુદ્ગલપરિણામ આત્માનું કર્મ છે, તે જ પુણ્યપાપરૂપ દ્વૈત છે, પુદ્ગલપરિણામનો આત્મા કર્તા છે, તેનો ગ્રહનાર અને છોડનાર છે;—આવો જે નય તે *અશુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ વ્યવહારનય છે. બન્ને આ ( નયો ) છે; કારણ કે શુદ્ધપણે તથા અશુદ્ધપણે બન્ને પ્રકારે દ્રવ્ય પ્રતીત કરાય છે. પરંતુ અહીં નિશ્ચયનય

---

* નિશ્ચયનય કેવળ સ્વદ્રવ્યના પરિણામને દર્શાવતો હોવાથી તેને શુદ્ધદ્રવ્યનું કથન કરનાર કહ્યો છે અને વ્યવહારનય પરદ્રવ્યના પરિણામને આત્મપરિણામ દર્શાવતો હોવાથી તેને અશુદ્ધદ્રવ્યનું કથન કરનાર કહ્યો છે. અહીં શુદ્ધદ્રવ્યનું કથન એક દ્રવ્યાશ્રિત પરિણામની અપેક્ષાએ જાણવું અને અશુદ્ધદ્રવ્યનું કથન એક દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યમાં આરોપવાની અપેક્ષાએ જાણવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



शुद्धत्वेन द्रव्यस्य शुद्धत्वद्योतकत्वान्निश्चयनय एव साधकतमो, न पुनरशुद्धत्वद्योतको व्यवहारनयः ॥ १८९ ॥

अथाशुद्धनयादशुद्धात्मलाभ एवेत्यावेदयति—

**ण चयदि जो दु ममत्तिं अहं ममेदं ति देहदविणेसु ।**
**सो सामण्णं चत्ता पडिवण्णो होदि उम्मग्गं ॥१९०॥**

---

**जदीणं** जितेन्द्रियत्वेन शुद्धात्मस्वरूपे यत्नपराणां गणधरदेवादियतीनाम् । **ववहारो** द्रव्यकर्मरूपव्यवहारबन्धः **अण्णहा भणिदो** निश्चयनयापेक्षयान्यथा व्यवहारनयेनेति भणितः । किंच रागादीनेवात्मा करोति तानेव भुङ्क्ते चेति निश्चयनयलक्षणमिदम् । अयं तु निश्चयनयो द्रव्यकर्मबन्धप्रतिपादकासद्भूतव्यवहारनयापेक्षया शुद्धद्रव्यनिरूपणात्मको विवक्षितनिश्चयनयस्तथैवाशुद्धनिश्चयश्च भण्यते । द्रव्यकर्माण्यात्मा

---

સાધકતમ (ઉત્કૃષ્ટ સાધક) હોવાથી *ગ્રહણ કરવામાં આવ્યો છે; (કારણ કે) સાધ્ય શુદ્ધ છે તેથી દ્રવ્યના શુદ્ધત્વનો દ્યોતક (પ્રકાશક) હોવાને લીધે નિશ્ચયનય જ સાધકતમ છે, પણ અશુદ્ધત્વનો દ્યોતક વ્યવહારનય સાધકતમ નથી. ૧૮૯.

હવે અશુદ્ધનયથી અશુદ્ધ આત્માની પ્રાપ્તિ જ થાય છે એમ કહે છે:—

**'હું આ અને આ મારું' એ મમતા ન દેહ-ધને તજે,**
**તે છોડી જીવ શ્રામણ્યને ઉન્માર્ગનો આશ્રય કરે. ૧૯૦.**

---

* નિશ્ચયનય ઉપાદેય છે અને વ્યવહારનય હેય છે.

પ્રશ્ન:—દ્રવ્યસામાન્યનું આલંબન જ ઉપાદેય હોવા છતાં, અહીં રાગપરિણામના ગ્રહણત્યાગરૂપ પર્યાયોનો સ્વીકાર કરનાર નિશ્ચયનયને ઉપાદેય કેમ કહ્યો છે?

ઉત્તર:—'રાગપરિણામનો કરનાર પણ આત્મા જ છે અને વીતરાગ પરિણામનો કરનાર પણ આત્મા જ છે, અજ્ઞાનદશા પણ આત્મા સ્વતંત્રપણે કરે છે અને જ્ઞાનદશા પણ આત્મા સ્વતંત્રપણે કરે છે' —આવા યથાર્થ જ્ઞાનની અંદર દ્રવ્યસામાન્યનું જ્ઞાન ગર્ભિતપણે સમાઈ જ જાય છે. જો વિશેષોનું બરાબર યથાર્થ જ્ઞાન હોય તો એ વિશેષોને કરનાર સામાન્યનું જ્ઞાન હોવું જ જોઈએ. દ્રવ્યસામાન્યના જ્ઞાન વિના પર્યાયોનું યથાર્થ જ્ઞાન હોઈ શકે જ નહિ. માટે ઉપરોક્ત નિશ્ચયનયમાં દ્રવ્યસામાન્યનું જ્ઞાન ગર્ભિતપણે સમાઈ જ જાય છે. જે જીવ બંધમાર્ગરૂપ પર્યાયમાં તેમ જ મોક્ષમાર્ગરૂપ પર્યાયમાં આત્મા એકલો જ છે એમ યથાર્થપણે (દ્રવ્યસામાન્યની અપેક્ષા સહિત) જાણે છે, તે જીવ પરદ્રવ્ય વડે સંપૃક્ત થતો નથી અને દ્રવ્યસામાન્યની અંદર પર્યાયોને ડુબાડી દઈને સુવિશુદ્ધ હોય છે. આ રીતે પર્યાયોના યથાર્થ જ્ઞાનમાં દ્રવ્યસામાન્યનું જ્ઞાન અપેક્ષિત હોવાથી અને દ્રવ્ય-પર્યાયોના યથાર્થ જ્ઞાનમાં દ્રવ્યસામાન્યના આલંબનરૂપ અભિપ્રાય અપેક્ષિત હોવાથી ઉપરોક્ત નિશ્ચયનયને ઉપાદેય કહ્યો છે. [ વિશેષ માટે ૧૨૬ મી ગાથાની ટીકા જુઓ. ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**न त्यजति यस्तु ममतामहं ममेदमिति देहद्रविणेषु ।**
**स श्रामण्यं त्यक्त्वा प्रतिपन्नो भवत्युन्मार्गम् ॥ १९० ॥**

**यो हि नाम शुद्धद्रव्यनिरूपणात्मकनिश्चयनयनिरपेक्षोऽशुद्धद्रव्यनिरूपणात्मकव्यवहारनयोपजनितमोहः सन् अहमिदं ममेदमित्यात्मात्मीयत्वेन देहद्रविणादौ परद्रव्ये ममत्वं न जहाति स खलु शुद्धात्मपरिणतिरूपं श्रामण्याख्यं मार्गं दूरादपहायाशुद्धात्मपरिणतिरूपमुन्मार्गमेव प्रतिपद्यते । अतोऽवधार्यते अशुद्धनयादशुद्धात्मलाभ एव ॥ १९० ॥**

---

करोति भुङ्क्ते चेत्यशुद्धद्रव्यनिरूपणात्मकासद्भूतव्यवहारनयो भण्यते । इदं नयद्वयं तावदस्ति । किंत्वत्र निश्चयनय उपादेयः, न चासद्भूतव्यवहारः । ननु रागादीनात्मा करोति भुङ्क्ते चेत्येवंलक्षणो निश्चयनयो व्याख्यातः स कथमुपादेयो भवति । परिहारमाह—रागादीनेवात्मा करोति, न च द्रव्यकर्म, रागादय एव बन्धकारणमिति यदा जानाति जीवस्तदा रागद्वेषादिविकल्पजालत्यागेन रागादिविनाशार्थं निजशुद्धात्मानं भावयति । ततश्च रागादिविनाशो भवति । रागादिविनाशे चात्मा शुद्धो भवति । ततः परंपरया शुद्धात्मसाधकत्वादयमशुद्धनयोऽप्युपचारेण शुद्धनयो भण्यते, निश्चयनयो भण्यते, तथैवोपादेयो भण्यते इत्यभिप्रायः ॥ १८९ ॥ एवमात्मा स्वपरिणामानामेव कर्ता, न च द्रव्यकर्मणामिति कथनमुख्यतया गाथासप्तकेन षष्ठस्थलं गतम् । इति 'अरसमरूवं' इत्यादिगाथात्रयेण पूर्वं शुद्धात्मव्याख्याने कृते सति शिष्येण यदुक्तममूर्तस्यात्मनो मूर्तकर्मणा सह कथं बन्धो भवतीति तत्परिहारार्थं नयविभागेन बन्धसमर्थनमुख्यतयैकोनविंशतिगाथाभिः स्थलषट्केन तृतीयविशेषान्तराधिकारः समाप्तः । अतः परं द्वादशगाथापर्यन्तं चतुर्भिः स्थलैः शुद्धात्मानुभूतिलक्षणविशेषभेदभावनारूपचूलिकाव्याख्यानं करोति । तत्र

---

**અન્વયાર્થઃ**—[ यः तु ] જે [ देहद्रविणेषु ] દેહ-ધનાદિકમાં [ अहं मम इदम् ] 'હું આ છું અને આ મારું છે' [ इति ममतां ] એવી મમતા [ न त्यजति ] છોડતો નથી, [ सः ] તે [ श्रामण्यं त्यक्त्वा ] શ્રામણ્યને છોડીને [ उन्मार्गम् प्रतिपन्नः भवति ] ઉન્માર્ગનો આશ્રય કરે છે.

**ટીકાઃ**—જે આત્મા શુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ [1]નિશ્ચયનયથી નિરપેક્ષ રહીને અશુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ વ્યવહારનયથી જેને મોહ ઊપજ્યો છે એવો વર્તતો થકો 'હું આ છું અને આ મારું છે' એમ [2]આત્મીયપણે દેહ-ધનાદિક પરદ્રવ્યમાં મમત્વ છોડતો નથી, તે આત્મા ખરેખર શુદ્ધાત્મપરિણતિરૂપ જે શ્રામણ્ય નામનો માર્ગ તેને દૂરથી છોડીને અશુદ્ધાત્મપરિણતિરૂપ ઉન્માર્ગનો જ આશ્રય કરે છે. આથી નક્કી થાય છે કે અશુદ્ધનયથી અશુદ્ધ આત્માની પ્રાપ્તિ જ થાય છે. ૧૯૦.

---

૧. નિશ્ચયનયથી નિરપેક્ષ = નિશ્ચયનય પ્રત્યે ઉપેક્ષાવાળો; નિશ્ચયનય પ્રત્યે બેદરકાર; નિશ્ચયનયને નહિ ગણતો.

૨. આત્મીયપણે = પોતાપણે. [ અજ્ઞાની જીવ દેહ, ધન વગેરે પરદ્રવ્યને પોતાનું માનીને તેમાં મમત્વ કરે છે. ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ शुद्धनयात् शुद्धात्मलाभ एवेत्यवधारयति—

णाहं होमि परेसिं ण मे परे सन्ति णाणमहमेक्को ।
इदि जो झायदि झाणे सो अप्पा णं हवदि झादा ॥१९१॥

नाहं भवामि परेषां न मे परे सन्ति ज्ञानमहमेकः ।
इति यो ध्यायति ध्याने स आत्मा भवति ध्याता ॥ १९१ ॥

यो हि नाम स्वविषयमात्रप्रवृत्ताशुद्धद्रव्यनिरूपणात्मकव्यवहारनयाविरोधमध्यस्थः, शुद्धद्रव्यनिरूपणात्मकनिश्चयनयापहस्तितमोहः सन्, नाहं परेषामस्मि, न परे मे सन्तीति स्वपरयोः परस्परस्वस्वामिसम्बन्धमुद्धूय, शुद्धज्ञानमेवैकमहमित्यनात्मानमुत्सृज्यात्मानमेवात्म-

---

शुद्धात्मभावनाप्रधानत्वेन 'ण चयदि जो दु ममत्तिं' इत्यादिपाठक्रमेण प्रथमस्थले गाथा चतुष्टयम् । तदनन्तरं शुद्धात्मोपलम्भभावनाफलेन दर्शनमोहग्रन्थिविनाशस्तथैव चारित्रमोहग्रन्थिविनाशः क्रमेण तदुभय-विनाशो भवतीति कथनमुख्यत्वेन 'जो एवं जाणित्ता' इत्यादि द्वितीयस्थले गाथात्रयम् । ततः परं केवलिध्यानोपचारकथनरूपेण 'णिहदघणघादिकम्मो' इत्यादि तृतीयस्थले गाथाद्वयम् । तदनन्तरं दर्शना-धिकारोपसंहारप्रधानत्वेन 'एवं जिणा जिणिंदा' इत्यादि चतुर्थस्थले गाथाद्वयम् । ततः परं 'दंसणसंसुद्धाणं' इत्यादि नमस्कारगाथा चेति द्वादशगाथाभिश्चतुर्थस्थले विशेषान्तराधिकारे समुदायपातनिका । अथाशुद्धनयादशुद्धात्मलाभ एव भवतीत्युपदिशति—ण चयदि जो दु **ममत्तिं** न त्यजति यस्तु ममतां । ममकाराहंकारादिसमस्तविभावरहितसकलविमलकेवलज्ञानाद्यनन्तगुणस्वरूपनिजात्मपदार्थनिश्चलानुभूति-लक्षणनिश्चयनयरहितत्वेन व्यवहारमोहितहृदयः सन् ममतां ममत्वभावं न त्यजति यः । केन रूपेण ।

---

હવે શુદ્ધનયથી શુદ્ધ આત્માની પ્રાપ્તિ જ થાય છે એમ નક્કી કરે છે:—

હું પર તણો નહિ, પર ન મારાં, જ્ઞાન કેવળ એક હું
—જે એમ ધ્યાવે, ધ્યાનકાળે તેહ શુદ્ધાત્મા બને. ૧૯૧.

અન્વયાર્થ:—'[अहं परेषां न भवामि] હું પરનો નથી, [परे मे न सन्ति] પર મારાં નથી, [ज्ञानम् अहम् एकः] હું એક જ્ઞાન છું' [इति यः ध्यायति] એમ જે ધ્યાવે છે, [सः ध्याता] તે ધ્યાતા [ध्याने] ધ્યાનકાળે [आत्मा भवति] આત્મા અર્થાત્ શુદ્ધાત્મા થાય છે.

ટીકા:—જે આત્મા, માત્ર પોતાના વિષયમાં પ્રવર્તતા અશુદ્ધદ્રવ્યનિરૂપણાત્મક (અશુદ્ધ દ્રવ્યના નિરૂપણસ્વરૂપ) વ્યવહારનયમાં અવિરોધપણે મધ્યસ્થ રહીને, શુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ નિશ્ચયનય વડે જેણે મોહને દૂર કર્યો છે એવો વર્તતો થકો, 'હું પરનો નથી, પર મારાં નથી' એમ સ્વ-પરના પરસ્પર *સ્વ-સ્વામિસંબંધને ખંખેરી નાખીને, 'શુદ્ધ

---

* માલિકીનો પદાર્થ અને માલિક વચ્ચેના સંબંધને સ્વસ્વામિસંબંધ કહેવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



त्वेनोपादाय परद्रव्यव्यावृत्तत्वादात्मन्येवैकस्मिन्नग्रे चिन्तां निरुणद्धि, स खल्वेकाग्रचिन्ता-निरोधकस्तस्मिन्नेकाग्रचिन्तानिरोधसमये शुद्धात्मा स्यात् । अतोऽवधार्यते शुद्धनयादेव शुद्धात्मलाभः ॥ १९१ ॥

अथ ध्रुवत्वात् शुद्ध आत्मैवोपलम्भनीय इत्युपदिशति—

**एवं णाणप्पाणं दंसणभूदं अदिंदियमहत्थं ।**
**धुवमचलमणालंबं मण्णेऽहं अप्पगं सुद्धं ॥१९२॥**

एवं ज्ञानात्मानं दर्शनभूतमतीन्द्रियमहार्थम् ।
ध्रुवमचलमनालम्बं मन्येऽहमात्मकं शुद्धम् ॥ १९२ ॥

---

**अहं ममेदं ति** अहं ममेदमिति । केषु विषयेषु । **देहदविणेसु** देहद्रव्येषु, देहे देहोऽहमिति, परद्रव्येषु ममेदमिति । **सो सामण्णं चत्ता पडिवण्णो होदि उम्मग्गं** स श्रामण्यं त्यक्त्वा प्रतिपन्नो भवत्युन्मार्गम् । स पुरुषो जीवितमरणलाभालाभसुखदुःखशत्रुमित्रनिन्दाप्रशंसादिपरममाध्यस्थ्यलक्षणं श्रामण्यं यतित्वं चारित्रं दूरादपहाय तत्प्रतिपक्षभूतमुन्मार्गं मिथ्यामार्गं प्रतिपन्नो भवति । उन्मार्गाच्च संसारं परिभ्रमति । ततः स्थितं अशुद्धनयादशुद्धात्मलाभ एव ॥१९०॥ अथ शुद्धनयाच्छुद्धात्मलाभो भवतीति निश्चिनोति— **णाहं होमि परेसिं, ण मे परे संति** नाहं भवामि परेषाम्, न मे परे सन्तीति समस्तचेतना-चेतनपरद्रव्येषु स्वस्वामिसम्बन्धं मनोवचनकायैः कृतकारितानुमतैश्च स्वात्मानुभूतिलक्षणनिश्चयनयबलेन पूर्वम-

---

જ્ઞાન જ એક હું છું' એમ અનાત્માને છોડીને, આત્માને જ આત્માપણે ગ્રહીને, પરદ્રવ્યથી [1]વ્યાવૃત્તપણાને લીધે આત્મારૂપી જ એક [2]અગ્રમાં ચિંતાને રોકે છે, તે એકાગ્રચિંતાનિરોધક (-એક વિષયમાં વિચારને રોકનારો આત્મા) તે [3]એકાગ્રચિંતાનિરોધના સમયે ખરેખર શુદ્ધાત્મા હોય છે. આથી નક્કી થાય છે કે શુદ્ધનયથી જ શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે. ૧૯૧.

હવે, ધ્રુવપણાને લીધે શુદ્ધ આત્મા જ ઉપલબ્ધ કરવાયોગ્ય છે એમ ઉપદેશે છેઃ—

**એ રીત દર્શન-જ્ઞાન છે, ઇંદ્રિય-અતીત મહાર્થ છે,**
**માનું હું—આલંબન રહિત, જીવ શુદ્ધ, નિશ્ચળ, ધ્રુવ છે. ૧૯૨.**

**અન્વયાર્થઃ**—[अहम्] હું [आत्मकं] આત્માને [एवं] એ રીતે [ज्ञानात्मानं] જ્ઞાનાત્મક, [दर्शनभूतम्] દર્શનભૂત, [अतीन्द्रियमहार्थं] અતીન્દ્રિય મહા પદાર્થ, [ध्रुवम्] ધ્રુવ, [अचलम्] અચળ, [अनालम्बं] નિરાલંબ અને [शुद्धं] શુદ્ધ [मन्ये] માનું છું.

---

૧. વ્યાવૃત્તપણું = ભિન્નપણું

૨. અગ્ર = વિષય; ધ્યેય; આલંબન.

૩. એકાગ્રચિંતાનિરોધ = એક જ વિષયમાં—ધ્યેયમાં—વિચારને રોકવા તે. [એકાગ્રચિંતાનિરોધ તે ધ્યાન છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आत्मनो हि शुद्ध आत्मैव सदहेतुकत्वेनानाद्यनन्तत्वात् स्वतःसिद्धत्वाच्च ध्रुवो, न किञ्चनाप्यन्यत् । शुद्धत्वं चात्मनः परद्रव्यविभागेन स्वधर्माविभागेन चैकत्वात् । तच्च ज्ञानात्मकत्वाद्दर्शनभूतत्वादतीन्द्रियमहार्थत्वादचलत्वादनालम्बत्वाच्च । तत्र ज्ञानमेवात्मनि बिभ्रतः स्वयं दर्शनभूतस्य चातन्मयपरद्रव्यविभागेन स्वधर्माविभागेन चास्त्येकत्वम् । तथा प्रतिनियतस्पर्शरसगन्धवर्णगुणशब्दपर्यायग्राहीण्यनेकानीन्द्रियाण्यतिक्रम्य सर्वस्पर्शरसगन्धवर्ण-गुणशब्दपर्यायग्राहकस्यैकस्य सतो महतोऽर्थस्येन्द्रियात्मकपरद्रव्यविभागेन स्पर्शादिग्रहणात्मक-

---

पहाय निराकृत्य । पश्चात् किं करोति । **णाणमहमेको** ज्ञानमहमेकः, सकलविमलकेवलज्ञानमेवाहं भावकर्मद्रव्यकर्मनोकर्मरहितत्वेनैकश्च । **इदि जो झायदि** इत्यनेन प्रकारेण योऽसौ ध्यायति चिन्तयति भावयति । क । **झाणे** निजशुद्धात्मध्याने स्थितः **सो अप्पाणं हवदि झादा** स आत्मानं भवति ध्याता । स चिदानन्दैकस्वभावपरमात्मानं ध्याता भवतीति । ततश्च परमात्मध्यानात्तादृशमेव परमात्मानं लभते । तदपि कस्मात् । उपादानकारणसदृशं कार्यमिति वचनात् । ततो ज्ञायते शुद्धनयाच्छुद्धात्मलाभ इति ॥ १९१ ॥ अथ ध्रुवत्वाच्छुद्धात्मानमेव भावयेऽहमिति विचारयति— 'मण्णे' इत्यादिपदखण्डनारूपेण

---

ટીકાઃ—શુદ્ધ આત્મા [1]સત્ અને [2]અહેતુક હોવાને લીધે અનાદિ-અનંત અને સ્વતઃસિદ્ધ છે તેથી આત્માને શુદ્ધ આત્મા જ ધ્રુવ છે, (તેને) બીજું કાંઈ પણ ધ્રુવ નથી. આત્મા શુદ્ધ એટલા માટે છે કે તેને પરદ્રવ્યથી વિભાગ અને સ્વધર્મથી અવિભાગ હોવાને લીધે એકપણું છે. તે એકપણું આત્માના (૧) જ્ઞાનાત્મકપણાને લીધે, (૨) દર્શન-ભૂતપણાને લીધે, (૩) અતીન્દ્રિય મહા પદાર્થપણાને લીધે, (૪) અચળપણાને લીધે અને (૫) નિરાલંબપણાને લીધે છે.

ત્યાં, (૧-૨) જે જ્ઞાનને જ પોતામાં ધારણ કરી રાખે છે અને જે પોતે દર્શનભૂત છે એવા આત્માને [3]અતન્મય પરદ્રવ્યથી વિભાગ છે અને સ્વધર્મથી અવિભાગ છે તેથી તેને એકપણું છે; (૩) વળી જે [4]પ્રતિનિશ્ચિત સ્પર્શ-રસ-ગંધ-વર્ણરૂપ ગુણો અને શબ્દરૂપ પર્યાયને ગ્રહણ કરનારી અનેક ઇંદ્રિયોને [5]અતિક્રમીને, સર્વ સ્પર્શ-રસ-ગંધ-વર્ણરૂપ ગુણો અને શબ્દરૂપ પર્યાયને ગ્રહણ કરનારો એક સત્ મહા પદાર્થ છે એવા આત્માને ઇંદ્રિયાત્મક પરદ્રવ્યથી વિભાગ છે અને સ્પર્શાદિના [6]ગ્રહણસ્વરૂપ સ્વધર્મથી અવિભાગ છે તેથી તેને

---

૧. સત્=હયાત; હયાતીવાળો; અસ્તિત્વવાળો.

૨. અહેતુક=જેનું કોઈ કારણ નથી એવો; અકારણ.

૩. અતન્મય=જ્ઞાનદર્શનમય નહિ એવું

૪. પ્રતિનિશ્ચિત=પ્રતિનિયત. [ દરેક ઇંદ્રિય પોતપોતાના નિયત વિષયને ગ્રહે છે; જેમ કે ચક્ષુ વર્ણને ગ્રહે છે. ]

૫. અતિક્રમીને=ઓળંગી જઈને; છોડીને.

૬. ગ્રહણસ્વરૂપ=જ્ઞાનસ્વરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्वधर्माविभागेन चास्त्येकत्वम् । तथा क्षणक्षयप्रवृत्तपरिच्छेद्यपर्यायग्रहणमोक्षणाभावेनाचलस्य परिच्छेद्यपर्यायात्मकपरद्रव्यविभागेन तत्प्रत्ययपरिच्छेदात्मकस्वधर्माविभागेन चास्त्येकत्वम् । तथा नित्यप्रवृत्तपरिच्छेद्यद्रव्यालम्बनाभावेनानालम्बस्य परिच्छेद्यपरद्रव्यविभागेन तत्प्रत्ययपरिच्छेदात्मकस्वधर्माविभागेन चास्त्येकत्वम् । एवं शुद्ध आत्मा, चिन्मात्रशुद्धनयस्य तावन्मात्रनिरूपणात्मकत्वात् । अयमेक एव च ध्रुवत्वादुपलब्धव्यः । किमन्यैरध्वनीनाङ्गसङ्गच्छमानानेकमार्गपादपच्छायास्थानीयैरध्रुवैः ॥ १९२ ॥

---

व्याख्यानं क्रियते—**मण्णे** मन्ये ध्यायामि सर्वप्रकारोपादेयत्वेन भावये । स कः । **अहं** अहं कर्ता । कं कर्मतापन्नम् । **अप्पगं** सहजपरमाह्लादैकलक्षणनिजात्मानम् । किंविशिष्टम् । **सुद्धं** रागादिसमस्तविभावरहितम् । पुनरपि किंविशिष्टम् । **धुवं** टङ्कोत्कीर्णज्ञायकैकस्वभावत्वेन ध्रुवमविनश्वरम् । पुनरपि कथंभूतम् । **एवं णाणप्पाणं दंसणभूदं** एवं बहुविधपूर्वोक्तप्रकारेणाखण्डैकज्ञानदर्शनात्मकम् । पुनश्च किंरूपम् । **अदिंदियं** अतीन्द्रियं, मूर्तविनश्वरानेकेन्द्रियरहितत्वेनामूर्ताविनश्वरैकातीन्द्रियस्वभावम् । पुनश्च कीदृशम् । **महत्थं** मोक्षलक्षणमहापुरुषार्थसाधकत्वान्महार्थम् । पुनरपि किंस्वभावम् । **अचलं** अतिचपलचञ्चलमनोवाक्कायव्यापाररहितत्वेन स्वस्वरूपे निश्चलं स्थिरम् । पुनरपि किंविशिष्टम् । **अणालंबं** स्वाधीनद्रव्यत्वेन सालम्बनं भरितावस्थमपि समस्तपराधीनपरद्रव्यालम्बनरहितत्वेन निरालम्बनमित्यर्थः ॥ १९२ ॥

---

એકપણું છે; (૪) વળી ક્ષણવિનાશરૂપે પ્રવર્તતા જ્ઞેયપર્યાયોને (ક્ષણે ક્ષણે નાશ પામતા જણાવાયોગ્ય પર્યાયોને) ગ્રહવા-મૂકવાનો અભાવ હોવાથી જે અચળ છે એવા આત્માને જ્ઞેયપર્યાયોસ્વરૂપ પરદ્રવ્યથી વિભાગ છે અને *તન્નિમિત્તક જ્ઞાનસ્વરૂપ સ્વધર્મથી અવિભાગ છે તેથી તેને એકપણું છે; (૫) વળી નિત્યરૂપે પ્રવર્તતાં (શાશ્વત એવાં) જ્ઞેયદ્રવ્યોના આલંબનનો અભાવ હોવાથી જે નિરાલંબ છે એવા આત્માને જ્ઞેય પરદ્રવ્યોથી વિભાગ છે અને તન્નિમિત્તક જ્ઞાનસ્વરૂપ સ્વધર્મથી અવિભાગ છે તેથી તેને એકપણું છે.

આ રીતે આત્મા શુદ્ધ છે કારણ કે ચિન્માત્ર શુદ્ધનય માત્ર તેટલા જ નિરૂપણસ્વરૂપ છે (અર્થાત્ ચૈતન્યમાત્ર શુદ્ધનય આત્માને માત્ર શુદ્ધ જ નિરૂપે છે). અને આ એક જ (શુદ્ધ આત્મા એક જ) ધ્રુવપણાને લીધે ઉપલબ્ધ કરવાયોગ્ય છે. (રસ્તે ચાલતા) મુસાફરના અંગ સાથે સંસર્ગમાં આવતી માર્ગનાં વૃક્ષોની અનેક છાયા સમાન અન્ય જે અધ્રુવ (-બીજા જે અધ્રુવ પદાર્થો) તેમનાથી શું પ્રયોજન છે?

ભાવાર્થઃ—આત્મા (૧) જ્ઞાનાત્મક, (૨) દર્શનરૂપ, (૩) ઇંદ્રિયો વિના સર્વને જાણનારો મહા પદાર્થ, (૪) જ્ઞેય પરપર્યાયોને ગ્રહતો-મૂકતો નહિ હોવાથી અચળ અને (૫) જ્ઞેય પરદ્રવ્યોનું આલંબન નહિ લેતો હોવાથી નિરાલંબ છે; તેથી તે એક છે. આ રીતે એક હોવાથી તે શુદ્ધ છે. આવો શુદ્ધ આત્મા ધ્રુવ હોવાને લીધે તે જ એક ઉપલબ્ધ કરવાયોગ્ય છે. ૧૯૨.

---

* જ્ઞેય પર્યાયો જેમનું નિમિત્ત છે એવું જે જ્ઞાન તે-સ્વરૂપ સ્વધર્મથી (જ્ઞાનસ્વરૂપ નિજ ધર્મથી) આત્માને અભિન્નપણું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथाध्रुवत्वादात्मनोऽन्यन्नोपलभनीयमित्युपदिशति—

देहा वा दविणा वा सुहदुक्खा वाध सत्तुमित्तजणा ।
जीवस्स ण संति धुवा धुवोवओगप्पगो अप्पा ॥१९३॥

देहा वा द्रविणानि वा सुखदुःखे वाथ शत्रुमित्रजनाः ।
जीवस्य न सन्ति ध्रुवा ध्रुव उपयोगात्मक आत्मा ॥ १९३ ॥

आत्मनो हि परद्रव्याविभागेन परद्रव्योपरज्यमानस्वधर्मविभागेन चाशुद्धत्वनिबन्धनं न किञ्चनाप्यन्यदसद्धेतुमत्त्वेनाद्यन्तवत्त्वात्परतःसिद्धत्वाच्च ध्रुवमस्ति । ध्रुव उपयोगात्मा शुद्ध आत्मैव । अतोऽध्रुवं शरीरादिकमुपलभ्यमानमपि नोपलभे, शुद्धात्मानमुपलभे ध्रुवम् ॥ १९३ ॥

---

अथात्मनः पृथग्भूतं देहादिकमध्रुवत्वान्न भावनीयमित्याख्याति—**ण संति धुवा** ध्रुवा अविनश्वरा नित्या न सन्ति । कस्य । **जीवस्स** जीवस्य । के ते । **देहा वा दविणा वा** देहा वा द्रव्याणि वा, सर्वप्रकारशुचिभूताद्देहरहितात्परमात्मनो विलक्षणा औदारिकादिपञ्चदेहास्तथैव च पञ्चेन्द्रियभोगोपभोग-साधकानि परद्रव्याणि च । न केवलं देहादयो ध्रुवा न भवन्ति, **सुहदुक्खा वा** निर्विकारपरमानन्दैक-

---

હવે, અધ્રુવપણાને લીધે આત્મા સિવાય બીજું કાંઈ ઉપલબ્ધ કરવાયોગ્ય નથી એમ ઉપદેશે છે:—

લક્ષ્મી, શરીર, સુખદુઃખ અથવા શત્રુમિત્ર જનો અરે !
જીવને નથી કંઈ ધ્રુવ, ધ્રુવ ઉપયોગ-આત્મક જીવ છે. ૧૯૩.

**અન્વયાર્થ:**—[ देहाः वा ] શરીરો, [ द्रविणानि वा ] ધન, [ सुखदुःखे ] સુખદુઃખ [ वा अथ ] અથવા [ शत्रुमित्रजनाः ] શત્રુમિત્રજનો—એ કાંઈ [ जीवस्य ] જીવને [ ध्रुवाः न सन्ति ] ધ્રુવ નથી, [ ध्रुवः ] ધ્રુવ તો [ उपयोगात्मकः आत्मा ] ઉપયોગાત્મક આત્મા છે.

**ટીકા:**—આત્માને, જે પરદ્રવ્યથી અભિન્ન હોવાને લીધે અને પરદ્રવ્ય વડે [1]ઉપરક્ત થતા સ્વધર્મથી ભિન્ન હોવાને લીધે અશુદ્ધપણાનું કારણ છે એવું (આત્મા સિવાયનું) બીજું કાંઈ પણ ધ્રુવ નથી, કારણ કે તે [2]અસત્ અને [3]હેતુવાળું હોવાને લીધે આદિ-અંતવાળું અને પરતઃસિદ્ધ છે; ધ્રુવ તો ઉપયોગાત્મક શુદ્ધ આત્મા જ છે. આમ હોવાથી હું અધ્રુવ એવાં શરીરાદિકને—તેઓ ઉપલબ્ધ થતાં હોવા છતાં પણ—ઉપલબ્ધ કરતો નથી, ધ્રુવ એવા શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરું છું. ૧૯૩.

---

૧. ઉપરક્ત = મલિન; વિકારી. [ પરદ્રવ્યના નિમિત્તે આત્માનો સ્વધર્મ ઉપરક્ત થાય છે. ]

૨. અસત્ = હયાત ન હોય એવું; અસ્તિત્વ વિનાનું (અર્થાત્ અનિત્ય). [ દેહ-ધનાદિક પુદ્ગલપર્યાયો હોવાને લીધે અસત્ છે તેથી આદિ-અંતવાળાં છે. ]

૩. હેતુવાળું = સહેતુક; જેની ઉત્પત્તિમાં કંઈ પણ નિમિત્ત હોય એવું. [ દેહ-ધનાદિકની ઉત્પત્તિમાં કંઈ પણ નિમિત્ત હોય છે તેથી તેઓ પરતઃસિદ્ધ (પરથી સિદ્ધ) છે, સ્વતઃસિદ્ધ નથી. ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथैवं शुद्धात्मोपलम्भात्किं स्यादिति निरूपयति—

**जो एवं जाणित्ता झादि परं अप्पगं विसुद्धप्पा ।**
**सागारोऽणागारो खवेदि सो मोहदुग्गंठिं ॥१९४॥**

**य एवं ज्ञात्वा ध्यायति परमात्मानं विशुद्धात्मा ।**
**साकारोऽनाकारः क्षपयति स मोहदुर्ग्रन्थिम् ॥ १९४ ॥**

अमुना यथोदितेन विधिना शुद्धात्मानं ध्रुवमधिगच्छतस्तस्मिन्नेव प्रवृत्तेः शुद्धात्मत्वं स्यात्; ततोऽनन्तशक्तिचिन्मात्रस्य परमस्यात्मन एकाग्रसञ्चेतनलक्षणं ध्यानं स्यात्; ततः

---

लक्षणस्वात्मोत्थसुखामृतविलक्षणानि सांसारिकसुखदुःखानि वा । **अध** अहो भव्याः **सत्तुमित्तजणा** शत्रुमित्रादिभावरहितादात्मनो भिन्नाः शत्रुमित्रादिजनाश्च । यद्येतत् सर्वमध्रुवं तर्हि किं ध्रुवमिति चेत् । **धुवो** ध्रुवः शाश्वतः । स कः । **अप्पा** निजात्मा । किंविशिष्टः । **उवओगप्पगो** त्रैलोक्योदरविवरवर्तित्रिकालविषयसमस्तद्रव्यगुणपर्याययुगपत्परिच्छित्तिसमर्थकेवलज्ञानदर्शनोपयोगात्मक इति । एवमध्रुवत्वं ज्ञात्वा ध्रुवस्वभावे स्वात्मनि भावना कर्तव्येति तात्पर्यम् ॥ १९३ ॥ एवमशुद्धनयादशुद्धात्मलाभो भवतीति कथनेन प्रथमगाथा । शुद्धनयाच्छुद्धात्मलाभो भवतीति कथनेन द्वितीया । ध्रुवत्वादात्मैव भावनीय इति प्रतिपादनेन तृतीया । आत्मनोऽन्यदध्रुवं न भावनीयमिति कथनेन चतुर्थी चेति शुद्धात्मव्याख्यानमुख्यत्वेन प्रथमस्थले गाथाचतुष्टयं गतम् । अथैवं पूर्वोक्तप्रकारेण शुद्धात्मोपलम्भे सति किं फलं भवतीति प्रश्ने प्रत्युत्तरमाह—**झादि** ध्यायति **जो** यः कर्ता । कम् । **अप्पगं** निजात्मानम् । कथंभूतम् । **परं** परमानन्तज्ञानादिगुणाधारत्वात्परमुत्कृष्टम् । किं कृत्वा पूर्वम् । **एवं जाणित्ता** एवं पूर्वोक्तप्रकारेण स्वात्मो-

---

હવે, એ રીતે શુદ્ધાત્માની ઉપલબ્ધિથી શું થાય છે તે નિરૂપે છેઃ—

**—આ જાણી, શુદ્ધાત્મા બની, ધ્યાવે પરમ નિજ આત્મને,**
**સાકાર અણ-આકાર હો, તે મોહગ્રંથિ ક્ષય કરે. ૧૯૪.**

**અન્વયાર્થઃ**—[ यः ] જે [ एवं ज्ञात्वा ] આમ જાણીને [ विशुद्धात्मा ] વિશુદ્ધાત્મા થયો થકો [ परमात्मानं ] પરમ આત્માને [ ध्यायति ] ધ્યાવે છે, [ सः ] તે—[ साकारः अनाकारः ] સાકાર હો કે અનાકાર હો—[ मोहदुर्ग्रन्थिं ] મોહદુર્ગ્રંથિને [ क्षपयति ] ક્ષય કરે છે.

**ટીકાઃ**—આ યથોક્ત વિધિ વડે શુદ્ધાત્માને જે ધ્રુવ જાણે છે, તેને તેમાં જ પ્રવૃત્તિ દ્વારા શુદ્ધાત્મત્વ હોય છે; તેથી ( અર્થાત્ તે શુદ્ધાત્મત્વની પ્રાપ્તિને લીધે ) અનંતશક્તિવાળા [1]ચિન્માત્ર પરમ આત્માનું [2]એકાગ્રસંચેતનલક્ષણ ધ્યાન હોય છે; અને તેથી ( અર્થાત્

---

૧. ચિન્માત્ર = ચૈતન્યમાત્ર. [ પરમ આત્મા કેવળ ચૈતન્યમાત્ર છે કે જે ચૈતન્ય અનંત શક્તિવાળું છે. ]
૨. એક અગ્રનું ( વિષયનું, ધ્યેયનું ) સંચેતન અર્થાત્ અનુભવન તે ધ્યાનનું લક્ષણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



साकारोपयुक्तस्यानाकारोपयुक्तस्य वाविशेषेणैकाग्रचेतनप्रसिद्धेरासंसारबद्धदृढतरमोहदुर्ग्रन्थेरुद्ग्रथनं स्यात् । अतः शुद्धात्मोपलम्भस्य मोहग्रन्थिभेदः फलम् ॥ १९४ ॥

अथ मोहग्रन्थिभेदात्किं स्यादिति निरूपयति—

**जो णिहदमोहगंठी रागपदोसे खवीय सामण्णे ।**
**होज्जं समसुहदुक्खो सो सोक्खं अक्खयं लहदि ॥ १९५॥**

**यो निहतमोहग्रन्थी रागप्रद्वेषौ क्षपयित्वा श्रामण्ये ।**
**भवेत् समसुखदुःखः स सौख्यमक्षयं लभते ॥ १९५ ॥**

---

पलम्भलक्षणस्वसंवेदनज्ञानेन ज्ञात्वा । कथंभूतः सन् ध्यायति । **विसुद्धप्पा** ख्यातिपूजालाभादिसमस्तमनोरथजालरहितत्वेन विशुद्धात्मा सन् । पुनरपि कथंभूतः **सागारोऽणागारो** सागारोऽनागारः । अथवा साकारानाकारः । सहाकारेण विकल्पेन वर्तते साकारो ज्ञानोपयोगः, अनाकारो निर्विकल्पो दर्शनोपयोगस्ताभ्यां युक्तः साकारानाकारः । अथवा साकारः सविकल्पो गृहस्थः, अनाकारो निर्विकल्पस्तपोधनः । अथवा सहाकारेण लिङ्गेन चिह्नेन वर्तते साकारो यतिः, अनाकारश्चिह्नरहितो गृहस्थः । **खवेदि सो मोहदुग्गंठिं** य एवंगुणविशिष्टः क्षपयति स मोहदुर्ग्रन्थिम् । मोह एव दुर्ग्रन्थिः मोहदुर्ग्रन्थिः शुद्धात्मरुचिप्रतिबन्धको दर्शनमोहस्तम् । ततः स्थितमेतत्—आत्मोपलम्भस्य मोहग्रन्थिविनाश एव फलम् ॥ १९४ ॥

---

તે ધ્યાનને લીધે ) [૧]સાકાર ઉપયોગવાળાને કે [૨]અનાકાર ઉપયોગવાળાને—બન્નેને અવિશેષપણે (તફાવત વિના) [૩]એકાગ્રસંચેતનની પ્રસિદ્ધિ હોવાથી—અનાદિ સંસારથી બંધાયેલી અતિ દ્રઢ મોહદુર્ગ્રંથિ (મોહની દુષ્ટ ગાંઠ) છૂટી જાય છે.

આથી (એમ કહ્યું કે) મોહગ્રંથિભેદ (દર્શનમોહરૂપી ગાંઠનું ભેદાવું-તૂટવું) તે શુદ્ધાત્માની ઉપલબ્ધિનું ફળ છે. ૧૯૪.

હવે, મોહગ્રંથિ ભેદાવાથી શું થાય છે તે કહે છે:—

**હણી મોહગ્રંથિ, ક્ષય કરી રાગાદિ, સમસુખદુઃખ જે**
**જીવ પરિણમે શ્રામણ્યમાં, તે સૌખ્ય અક્ષયને લહે. ૧૯૫.**

**અન્વયાર્થઃ**—[यः] જે [निहतमोहग्रन्थी] મોહગ્રંથિને નષ્ટ કરી, [रागप्रद्वेषौ क्षपयित्वा] રાગ-દ્વેષનો ક્ષય કરી, [समसुखदुःखः] [૪]સમસુખદુઃખ થયો થકો [श्रामण्ये भवेत्]

---

૧. સાકાર = સવિકલ્પ

૨. અનાકાર = નિર્વિકલ્પ

૩. એકાગ્રસંચેતન = એક વિષયનું અનુભવન. [એકાગ્ર = એક જેનો વિષય હોય એવું.]

૪. સમસુખદુઃખ = જેને સુખ અને દુઃખ સમાન છે એવો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मोहग्रन्थिक्षपणाद्धि तन्मूलरागद्वेषक्षपणं; ततः समसुखदुःखस्य परममाध्यस्थलक्षणे श्रामण्ये भवनं; ततोऽनाकुलत्वलक्षणाक्षयसौख्यलाभः । अतो मोहग्रन्थिभेदादक्षयसौख्यं फलम् ॥ १९५ ॥

अथैकाग्र्यसञ्चेतनलक्षणं ध्यानमशुद्धत्वमात्मनो नावहतीति निश्चिनोति—

**जो खविदमोहकलुसो विसयविरत्तो मणो णिरुंभित्ता ।**
**समवट्ठिदो सहावे सो अप्पाणं हवदि झादा ॥१९६॥**

---

अथ दर्शनमोहग्रन्थिभेदात्किं भवतीति प्रश्ने समाधानं ददाति—**जो णिहदमोहगंठी** यः पूर्वसूत्रोक्तप्रकारेण निहतदर्शनमोहग्रन्थिर्भूत्वा **रागपदोसे खवीय** निजशुद्धात्मनिश्चलानुभूतिलक्षणवीतरागचारित्रप्रतिबन्धकौ चरित्रमोहसंज्ञौ रागद्वेषौ क्षपयित्वा । क्व । **सामण्णे** स्वस्वभावलक्षणे श्रामण्ये । पुनरपि किं कृत्वा । **होज्जं** भूत्वा । किंविशिष्टः । **समसुहदुक्खो** निजशुद्धात्मसंवित्तिसमुत्पन्नरागादिविकल्पोपाधिरहितपरमसुखामृतानुभवेन सांसारिकसुखदुःखोत्पन्नहर्षविषादरहितत्वात्समसुखदुःखः । **सो सोक्खं अक्खयं लहदि** स एवंगुणविशिष्टो भेदज्ञानी सौख्यमक्षयं लभते । ततो ज्ञायते दर्शनमोहक्षयाच्चारित्रमोहसंज्ञरागद्वेषविनाशस्ततश्च सुखदुःखादिमाध्यस्थ्यलक्षणश्रामण्येऽवस्थानं तेनाक्षयसुखलाभो भवतीति ॥ १९५ ॥ अथ निजशुद्धात्मैकाग्र्यलक्षणध्यानमात्मनोऽत्यन्तविशुद्धिं करोतीत्यावेदयति—**जो खविदमोहकलुसो** यः क्षपितमोहकलुषः, मोहो दर्शनमोहः कलुषश्चारित्रमोहः, पूर्वसूत्रद्वयकथितक्रमेण क्षपितमोहकलुषौ येन स भवति

---

શ્રામણ્યમાં (મુનિપણામાં) પરિણમે છે, [ सः ] તે [ अक्षयं सौख्यं ] અક્ષય સૌખ્યને [ लभते ] પ્રાપ્ત કરે છે.

ટીકાઃ—મોહગ્રંથિનો ક્ષય કરવાથી, મોહગ્રંથિ જેનું મૂળ છે એવા રાગદ્વેષનું [1]ક્ષપણ થાય છે; તેથી (અર્થાત્ રાગદ્વેષનું ક્ષપણ થવાથી), સમસુખદુઃખ એવા તે જીવને પરમ મધ્યસ્થતા જેનું લક્ષણ છે એવા શ્રામણ્યમાં ભવન-પરિણમન થાય છે; અને તેથી (અર્થાત્ શ્રામણ્યમાં પરિણમવાથી) અનાકુળતા જેનું લક્ષણ છે એવા અક્ષય સૌખ્યની પ્રાપ્તિ થાય છે.

આથી (એમ કહ્યું કે) મોહરૂપી ગ્રંથિના ભેદથી અક્ષય સૌખ્યરૂપ ફળ હોય છે. ૧૯૫.

હવે, [2]એકાગ્ર સંચેતન જેનું લક્ષણ છે એવું ધ્યાન આત્માને અશુદ્ધતા લાવતું નથી એમ નક્કી કરે છેઃ—

**જે મોહમળ કરી નષ્ટ, વિષયવિરક્ત થઈ, મન રોકીને,**
**આત્મસ્વભાવે સ્થિત છે, તે આત્મને ધ્યાનાર છે. ૧૯૬.**

---

૧. ક્ષપણ = ક્ષય કરવું તે
૨. એકાગ્ર = જેનો એક જ વિષય (આલંબન) હોય એવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यः क्षपितमोहकलुषो विषयविरक्तो मनो निरुध्य ।
समवस्थितः स्वभावे स आत्मानं भवति ध्याता ॥ १९६ ॥

आत्मनो हि परिक्षपितमोहकलुषस्य तन्मूलपरद्रव्यप्रवृत्त्यभावाद्विषयविरक्तत्वं स्यात्; ततोऽधिकरणभूतद्रव्यान्तराभावादुदधिमध्यप्रवृत्तैकपोतपतत्रिण इव अनन्यशरणस्य मनसो निरोधः स्यात्; ततस्तन्मूलचञ्चलत्वविलयादनन्तसहजचैतन्यात्मनि स्वभावे समवस्थानं स्यात् । तत्तु स्वरूपप्रवृत्तानाकुलैकाग्रसञ्चेतनत्वात् ध्यानमित्युपगीयते । अतः स्वभावावस्थानरूपत्वेन ध्यानमात्मनोऽनन्यत्वात् नाशुद्धत्वायेति ॥ १९६ ॥

---

क्षपितमोहकलुषः । पुनरपि किंविशिष्टः । **विसयविरत्तो** मोहकलुषरहितस्वात्मसंवित्तिसमुत्पन्नसुखसुधारसास्वादबलेन कलुषमोहोदयजनितविषयसुखाकाङ्क्षारहितत्वाद्विषयविरक्तः । पुनरपि कथंभूतः । **समवट्ठिदो** सम्यगवस्थितः । क्व । **सहावे** निजपरमात्मद्रव्यस्वभावे । किं कृत्वा पूर्वम् । **मणो णिरुंभित्ता** विषयकषायोत्पन्नविकल्पजालरूपं मनो निरुध्य निश्चलं कृत्वा । **सो अप्पाणं हवदि झादा** स एवंगुणयुक्तः पुरुषः स्वात्मानं भवति ध्याता । तेनैव शुद्धात्मध्यानेनात्यन्तिकीं मुक्तिलक्षणां शुद्धिं लभत इति । ततः

---

**અન્વયાર્થઃ**—[ यः ] જે [ क्षपितमोहकलुषः ] મોહમળનો ક્ષય કરી, [ विषयविरक्तः ] વિષયથી વિરક્ત થઈ, [ मनः निरुध्य ] મનનો નિરોધ કરી, [ स्वभावे समवस्थितः ] સ્વભાવમાં સમવસ્થિત છે, [ सः ] તે [ आत्मानं ] આત્માને [ ध्याता भवति ] ધ્યાનાર છે.

**ટીકાઃ**—મોહમળનો જેણે ક્ષય કર્યો છે એવા આત્માને, મોહમળ જેનું મૂળ છે એવી [1]પરદ્રવ્યપ્રવૃત્તિનો અભાવ થવાથી વિષયવિરક્તતા થાય છે; તેથી (અર્થાત્ વિષયવિરક્તતા થવાથી), સમુદ્રના મધ્યમાં રહેલા એક વહાણના પંખીની માફક, અધિકરણભૂત દ્રવ્યાંતરોનો અભાવ થવાને લીધે જેને અન્ય કોઈ શરણ રહ્યું નથી એવા મનનો નિરોધ થાય છે (અર્થાત્ જેમ સમુદ્રના મધ્યમાં રહેલા કોઈ એકાકી વહાણના ઉપર બેઠેલા પંખીને તે વહાણ સિવાય અન્ય કોઈ વહાણોનો, વૃક્ષોનો કે ભૂમિ વગેરેનો આધાર નહિ રહેવાને લીધે બીજું કોઈ શરણ નહિ રહેવાથી તે પંખી ઊડતું અટકી જાય છે, તેમ વિષયવિરક્તતા થવાથી મનને આત્મદ્રવ્ય સિવાય કોઈ અન્ય દ્રવ્યોનો આધાર નહિ રહેવાને લીધે બીજું કાંઈ શરણ નહિ રહેવાથી મન નિરોધ પામે છે); અને તેથી (અર્થાત્ મનનો નિરોધ થવાથી), મન જેનું મૂળ છે એવી ચંચળતાનો વિલય થવાને લીધે અનંત-સહજ-ચૈતન્યાત્મક સ્વભાવમાં [2]સમવસ્થાન થાય છે. તે સ્વભાવસમવસ્થાન તો સ્વરૂપમાં પ્રવર્તતું, અનાકુળ, એકાગ્ર સંચેતન હોવાથી તેને 'ધ્યાન' કહેવામાં આવે છે.

આથી (એમ નક્કી થયું કે) ધ્યાન સ્વભાવસમવસ્થાનરૂપ હોવાને લીધે આત્માથી અનન્ય હોવાથી અશુદ્ધતાનું કારણ થતું નથી. ૧૯૬.

---

૧. પરદ્રવ્યપ્રવૃત્તિ = પરદ્રવ્યમાં પ્રવર્તવું તે

૨. સમવસ્થાન = સ્થિરપણે-દ્રઢપણે રહેવું તે; દ્રઢપણે ટકવું તે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथोपलब्धशुद्धात्मा सकलज्ञानी किं ध्यायतीति प्रश्नमासूत्रयति—

णिहदघणघादिकम्मो पच्चक्खं सव्वभावतच्चण्हू ।
णेयंतगदो समणो झादि कमट्ठं असंदेहो ॥१९७॥

निहतघनघातिकर्मा प्रत्यक्षं सर्वभावतत्त्वज्ञः ।
ज्ञेयान्तगतः श्रमणो ध्यायति कमर्थमसन्देहः ॥ १९७ ॥

लोको हि मोहसद्भावे ज्ञानशक्तिप्रतिबन्धकसद्भावे च सतृष्णत्वादप्रत्यक्षार्थत्वा-

स्थितं शुद्धात्मध्यानाज्जीवो विशुद्धो भवतीति । किंच ध्यानेन किलात्मा शुद्धो जातः तत्र विषये चतुर्विधव्याख्यानं क्रियते । तथाहि—ध्यानं ध्यानसन्तानस्तथैव ध्यानचिन्ता ध्यानान्वयसूचनमिति । तत्रैकाग्रचिन्तानिरोधो **ध्यानम्** । तच्च शुद्धाशुद्धरूपेण द्विधा । अथ ध्यानसन्तानः कथ्यते—यत्रान्तर्मुहूर्तपर्यन्तं ध्यानं, तदनन्तरमन्तर्मुहूर्तपर्यन्तं तत्त्वचिन्ता, पुनरप्यन्तर्मुहूर्तपर्यन्तं ध्यानं, पुनरपि तत्त्वचिन्तेति प्रमत्ताप्रमत्तगुणस्थानवदन्तर्मुहूर्तेऽन्तर्मुहूर्ते गते सति परावर्तनमस्ति स **ध्यानसन्तानो** भण्यते । स च धर्म्यध्यानसंबन्धी । शुक्लध्यानं पुनरुपशमश्रेणिक्षपकश्रेण्यारोहणे भवति । तत्र चाल्पकालत्वात्परावर्तनरूपध्यानसन्तानो न घटते । इदानीं ध्यानचिन्ता कथ्यते—यत्र ध्यानसन्तानवद्ध्यानपरावर्तो नास्ति, ध्यानसंबन्धिनी चिन्तास्ति, तत्र यद्यपि क्वापि काले ध्यानं करोति तथापि सा **ध्यानचिन्ता** भण्यते । अथ ध्यानान्वयसूचनं कथ्यते—यत्र ध्यानसामग्रीभूता द्वादशानुप्रेक्षा अन्यद्वा ध्यानसंबन्धि संवेगवैराग्यवचनं व्याख्यानं वा तत् **ध्यानान्वयसूचनमिति** । अन्यथा वा चतुर्विधं ध्यानव्याख्यानं—ध्याता ध्यानं फलं ध्येयमिति । अथवार्तरौद्रधर्म्यशुक्लविभेदेन चतुर्विधं ध्यानव्याख्यानं तदन्यत्र कथितमास्ते ॥१९६॥ एवमात्म-

હવે જેમણે શુદ્ધ આત્માને ઉપલબ્ધ કર્યો છે એવા સકળજ્ઞાની (સર્વજ્ઞ) શું ધ્યાવે છે એવો પ્રશ્ન સૂત્ર દ્વારા કરે છે:—

શા અર્થને ધ્યાવે શ્રમણ, જે નષ્ટઘાતિકર્મ છે,
પ્રત્યક્ષસર્વપદાર્થ ને જ્ઞેયાન્તપ્રાપ્ત, નિઃશંક છે? ૧૯૭.

**અન્વયાર્થઃ**—[ निहतघनघातिकर्मा ] જેમણે ઘનઘાતિકર્મનો નાશ કર્યો છે, [ प्रत्यक्षं सर्वभावतत्त्वज्ञः ] જે સર્વ પદાર્થોના સ્વરૂપને પ્રત્યક્ષ જાણે છે અને [ ज्ञेयान्तगतः ] જે જ્ઞેયના પારને પામેલા છે [ असन्देहः श्रमणः ] એવા સન્દેહ રહિત શ્રમણ [ कम् अर्थं ] કયા પદાર્થને [ ध्यायति ] ધ્યાવે છે?

**ટીકાઃ**—લોકને (૧) મોહનો સદ્‌ભાવ હોવાને લીધે તેમ જ (૨) જ્ઞાનશક્તિના *પ્રતિબંધકનો સદ્‌ભાવ હોવાને લીધે, (૧) તે તૃષ્ણા સહિત છે તેમ જ (૨) તેને પદાર્થો

* જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનશક્તિનું પ્રતિબંધક અર્થાત્ જ્ઞાન રોકાવામાં નિમિત્તભૂત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**नवच्छिन्नविषयत्वाभ्यां चाभिलषितं जिज्ञासितं सन्दिग्धं चार्थं ध्यायन् दृष्टः, भगवान् सर्वज्ञस्तु निहतघनघातिकर्मतया मोहाभावे ज्ञानशक्तिप्रतिबन्धकाभावे च निरस्ततृष्णत्वात्प्रत्यक्षसर्वभावतत्त्वज्ञेयान्तगतत्वाभ्यां च नाभिलषति, न जिज्ञासति, न सन्दिह्यति च; कुतोऽभिलषितो जिज्ञासितः सन्दिग्धश्चार्थः । एवं सति किं ध्यायति ॥ १९७ ॥**

---

परिज्ञानाद्दर्शनमोहक्षपणं भवतीति कथनरूपेण प्रथमगाथा, दर्शनमोहक्षयाच्चारित्रमोहक्षपणं भवतीति कथनेन द्वितीया, तदुभयक्षयेण मोक्षो भवतीति प्रतिपादनेन तृतीया चेत्यात्मोपलम्भफलकथनरूपेण द्वितीयस्थले गाथात्रयं गतम् । अथोपलब्धशुद्धात्मतत्त्वसकलज्ञानी किं ध्यायतीति प्रश्नमाक्षेपद्वारेण पूर्वपक्षं वा करोति— **णिहदघणघादिकम्मो** पूर्वसूत्रोदितनिश्चलनिजपरमात्मतत्त्वपरिणतिरूपशुद्धध्यानेन निहतघनघातिकर्मा । **पच्चक्खं सव्वभावतच्चण्हू** प्रत्यक्षं यथा भवति तथा सर्वभावतत्त्वज्ञः सर्वपदार्थपरिज्ञातस्वरूपः । **णेयंतगदो** ज्ञेयान्तगतः ज्ञेयभूतपदार्थानां परिच्छित्तिरूपेण पारंगतः । एवंविशेषणत्रयविशिष्टः **समणो** जीवित-

---

પ્રત્યક્ષ નથી તથા તે વિષયને [૧]અવચ્છેદપૂર્વક જાણતો નથી, તેથી તે (લોક) [૨]અભિલષિત, [૩]જિજ્ઞાસિત અને [૪]સંદિગ્ધ પદાર્થને ધ્યાતો જોવામાં આવે છે; પરંતુ ભગવાન સર્વજ્ઞને તો ઘનઘાતિકર્મનો નાશ કરાયેલો હોવાથી (૧) મોહનો અભાવ હોવાને લીધે તેમ જ (૨) જ્ઞાનશક્તિના પ્રતિબંધકનો અભાવ હોવાને લીધે, (૧) તૃષ્ણા નષ્ટ કરાયેલી છે તેમ જ (૨) સર્વ પદાર્થોનું સ્વરૂપ પ્રત્યક્ષ છે તથા જ્ઞેયનો પાર પમાયેલો છે, તેથી તેમને અભિલાષા નથી, જિજ્ઞાસા નથી અને સન્દેહ નથી; તો (તેમને) અભિલષિત, જિજ્ઞાસિત અને સંદિગ્ધ પદાર્થ ક્યાંથી હોય? આમ છે તો પછી તેઓ શું ધ્યાવે છે?

ભાવાર્થઃ—લોકને (જગતના સામાન્ય જીવસમુદાયને) મોહકર્મનો સદ્‌ભાવ હોવાથી તે તૃષ્ણા સહિત છે તેથી તેને ઇષ્ટ પદાર્થની અભિલાષા હોય છે; વળી તેને જ્ઞાનાવરણીયકર્મનો સદ્‌ભાવ હોવાથી તે ઘણા પદાર્થોને તો જાણતો જ નથી તથા જે પદાર્થને જાણે છે તેને પણ પૃથક્કરણપૂર્વક—સૂક્ષ્મતાથી—સ્પષ્ટતાથી જાણતો નથી તેથી તેને નહિ જાણેલા પદાર્થને જાણવા માટે જિજ્ઞાસા તથા અસ્પષ્ટપણે જાણેલા પદાર્થ વિષે સન્દેહ હોય છે. આમ હોવાથી તેને અભિલષિત, જિજ્ઞાસિત અને સંદિગ્ધ પદાર્થનું ધ્યાન સંભવે છે. પરંતુ સર્વજ્ઞ ભગવાનને તો મોહકર્મનો અભાવ હોવાથી તેઓ તૃષ્ણા રહિત છે તેથી તેમને અભિલાષા નથી; વળી તેમને જ્ઞાનાવરણીયકર્મનો અભાવ હોવાથી તેઓ સર્વ પદાર્થોને જાણે છે તથા પ્રત્યેક પદાર્થને અત્યંત સ્પષ્ટતાથી—પરિપૂર્ણપણે જાણે છે તેથી તેમને જિજ્ઞાસા કે સન્દેહ નથી. આ રીતે તેમને કોઈ પદાર્થ પ્રત્યે અભિલાષા, જિજ્ઞાસા કે સન્દેહ હોતો નથી, તો પછી તેમને કયા પદાર્થનું ધ્યાન હોય છે? ૧૯૭.

---

૧. અવચ્છેદપૂર્વક = પૃથક્કરણ કરીને; સૂક્ષ્મતાથી; વિશેષતાથી; સ્પષ્ટતાથી.
૨. અભિલષિત = જેની અભિલાષા હોય તે
૩. જિજ્ઞાસિત = જેની જિજ્ઞાસા (જાણવાની ઇચ્છા) હોય તે
૪. સંદિગ્ધ = જેના વિષે સંદેહ હોય તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अथैतदुपलब्धशुद्धात्मा सकलज्ञानी ध्यायतीत्युत्तरमासूत्रयति—**

सव्वाबाधविजुत्तो समंतसव्वक्खसोक्खणाणड्ढो ।
भूदो अक्खातीदो झादि अणक्खो परं सोक्खं ॥१९८॥

सर्वाबाधवियुक्तः समन्तसर्वाक्षसौख्यज्ञानाढ्यः ।
भूतोऽक्षातीतो ध्यायत्यनक्षः परं सौख्यम् ॥ १९८ ॥

अयमात्मा यदैव सहजसौख्यज्ञानबाधायतनानामसार्वदिक्कासकलपुरुषसौख्यज्ञाना-

---

मरणादिसमभावपरिणतात्मस्वरूपः श्रमणो महाश्रमणः सर्वज्ञः **झादि कमट्ठं** ध्यायति कमर्थमिति प्रश्नः । अथवा कमर्थं ध्यायति, न कमपीत्याक्षेपः । कथंभूतः सन् । **असंदेहो** असन्देहः संशयादिरहित इति । अयमत्रार्थः—यथा कोऽपि देवदत्तो विषयसुखनिमित्तं विद्याराधनाध्यानं करोति, यदा विद्या सिद्धा भवति तत्फलभूतं विषयसुखं च सिद्धं भवति तदाराधनाध्यानं न करोति, तथायं भगवानपि केवलज्ञानविद्यानिमित्तं तत्फलभूतानन्तसुखनिमित्तं च पूर्वं छद्मस्थावस्थायां शुद्धात्मभावनारूपं ध्यानं कृतवान्, इदानीं तद्ध्यानेन केवलज्ञानविद्या सिद्धा तत्फलभूतमनन्तसुखं च सिद्धम्; किमर्थं ध्यानं करोतीति प्रश्नः आक्षेपो वा; द्वितीयं च कारणं—परोक्षेऽर्थे ध्यानं भवति, भगवतः सर्वं प्रत्यक्षं, कथं ध्यानमिति पूर्वपक्षद्वारेण गाथा गता ॥ १९७॥ अथात्र पूर्वपक्षे परिहारं ददाति—**झादि** ध्यायति एकाकारसमरसीभावेन परिणमत्यनुभवति । स कः कर्ता ।

---

હવે, જેણે શુદ્ધ આત્માને ઉપલબ્ધ કર્યો છે તે સકળજ્ઞાની (સર્વજ્ઞ આત્મા) આને (પરમ સૌખ્યને) ધ્યાવે છે એમ સૂત્ર દ્વારા (પૂર્વની ગાથાના પ્રશ્નનો) ઉત્તર કહે છે:—

બાધા રહિત, સકલાત્મમાં સંપૂર્ણસુખજ્ઞાનાઢ્ય જે,
ઇંદ્રિય-અતીત અનિંદ્રિ તે ધ્યાવે પરમ આનંદને. ૧૯૮.

**અન્વયાર્થ:**—[ अनक्षः ] અનિન્દ્રિય અને [ अक्षातीतः भूतः ] ઇંદ્રિયાતીત થયેલો આત્મા [ सर्वाबाधवियुक्तः ] સર્વ બાધા રહિત અને [ समन्तसर्वाक्षसौख्यज्ञानाढ्यः ] આખા આત્મામાં સમંત (સર્વ પ્રકારનાં, પરિપૂર્ણ) સૌખ્ય તેમ જ જ્ઞાનથી સમૃદ્ધ વર્તતો થકો [ परं सौख्यं ] પરમ સૌખ્યને [ ध्यायति ] ધ્યાવે છે.

**ટીકા:**—જ્યારે આ આત્મા, જે સહજ સુખ અને જ્ઞાનને બાધાનાં [1]આયતનો છે (એવી) તથા જે [2]અસકલ આત્મામાં [3]અસર્વ પ્રકારનાં સુખ અને જ્ઞાનનાં આયતનો છે

---

૧. આયતન = રહેઠાણ; સ્થાન.
૨. અસકલ આત્મામાં = આત્માના સર્વ પ્રદેશોમાં નહિ પણ થોડા જ પ્રદેશોમાં
૩. અસર્વ પ્રકારનાં = બધા પ્રકારનાં નહિ પણ અમુક જ પ્રકારનાં; અપૂર્ણ. [ આ અપૂર્ણ સુખ પરમાર્થે સુખાભાસ હોવા છતાં તેને 'સુખ' કહેવાની અપારમાર્થિક રૂઢિ છે. ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**यतनानां चाक्षाणामभावात्स्वयमनक्षत्वेन वर्तते तदैव परेषामक्षातीतो भवन् निराबाधसहज-सौख्यज्ञानत्वात् सर्वाबाधवियुक्तः, सार्वदिक्कसकलपुरुषसौख्यज्ञानपूर्णत्वात्समन्तसर्वाक्षसौख्य-ज्ञानाढ्यश्च भवति । एवंभूतश्च सर्वाभिलाषजिज्ञासासन्देहासम्भवेऽप्यपूर्वमनाकुलत्वलक्षणं परमसौख्यं ध्यायति । अनाकुलत्वसङ्गतैकाग्रसञ्चेतनमात्रेणावतिष्ठत इति यावत् । ईदृशम-वस्थानं च सहजज्ञानानन्दस्वभावस्य सिद्धत्वस्य सिद्धिरेव ॥१९८॥**

---

भगवान् । किं ध्यायति । **सोक्खं** सौख्यम् । किंविशिष्टम् । **परं** उत्कृष्टं, सर्वात्मप्रदेशाह्लादकपरमानन्तसुखम् । कस्मिन्प्रस्तावे । यस्मिन्नेव क्षणे **भूदो** भूतः संजातः । किंविशिष्टः । **अक्खातीदो** अक्षातीतः इन्द्रियरहितः । न केवलं स्वयमतीन्द्रियो जातः परेषां च **अणक्खो** अनक्षः इन्द्रियविषयो न भवतीत्यर्थः । पुनरपि किंविशिष्टः । **सव्वाबाधविजुत्तो** प्राकृतलक्षणबलेन बाधाशब्दस्य ह्रस्वत्वं सर्वाबाधावियुक्तः । आसमन्ताद्बाधाः पीडा आबाधाः सर्वाश्च ता आबाधाश्च सर्वाबाधास्ताभिर्वियुक्तो रहितः सर्वाबाधावियुक्तः । पुनश्च किंरूपः । **समंतसव्वक्खसोक्खणाणड्ढो** समन्ततः सामस्त्येन स्पर्शनादिसर्वाक्षसौख्यज्ञानाढ्यः । समन्ततः सर्वात्मप्रदेशैर्वा स्पर्शनादिसर्वेन्द्रियाणां सम्बन्धित्वेन ये ज्ञानसौख्ये द्वे ताभ्यामाढ्यः परिपूर्णः इत्यर्थः । तद्यथा—अयं भगवानेकदेशोद्भवसांसारिकज्ञानसुखकारणभूतानि सर्वात्मप्रदेशोद्भवस्वाभाविकातीन्द्रियज्ञानसुखविनाशकानि च यानीन्द्रियाणि निश्चयरत्नत्रयात्मककारणसमयसारबलेनातिक्रामति विनाशयति यदा तस्मिन्नेव क्षणे समस्त-

---

એવી ઇંદ્રિયોના અભાવને લીધે પોતે 'અનિન્દ્રિય'પણે વર્તે છે, તે જ વખતે તે બીજાઓને 'ઇન્દ્રિયાતીત' (ઇન્દ્રિયઅગોચર) વર્તતો થકો, [1]નિરાબાધ સહજ સુખ અને જ્ઞાનવાળો હોવાથી 'સર્વ બાધા રહિત' તથા સકલ આત્મામાં સર્વ પ્રકારનાં (પૂરેપૂરાં) સુખ અને જ્ઞાનથી ભરપૂર હોવાને લીધે 'આખા આત્મામાં સમંત સૌખ્ય અને જ્ઞાનથી સમૃદ્ધ' હોય છે. આવો થયેલો તે આત્મા સર્વ અભિલાષા, જિજ્ઞાસા અને સંદેહનો તેને અસંભવ હોવા છતાં પણ અપૂર્વ અને અનાકુલત્વલક્ષણ (-અનાકુળતા જેનું લક્ષણ છે એવા) પરમસૌખ્યને ધ્યાવે છે; એટલે કે અનાકુલત્વસંગત એક 'અગ્ર'ના સંચેતનમાત્રરૂપે અવસ્થિત રહે છે (અર્થાત્ અનાકુળતા સાથે રહેલા એક આત્મારૂપી વિષયના અનુભવનરૂપે જ માત્ર સ્થિત રહે છે). અને આવું અવસ્થાન સહજજ્ઞાનાનંદસ્વભાવ સિદ્ધત્વની સિદ્ધિ જ છે (અર્થાત્ આમ સ્થિત રહેવું તે, સહજ જ્ઞાન અને આનંદ જેનો સ્વભાવ છે એવા સિદ્ધપણાની પ્રાપ્તિ જ છે).

**ભાવાર્થઃ**—૧૯૭ મી ગાથામાં પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવ્યો હતો કે સર્વજ્ઞ ભગવાનને કોઈ પદાર્થ પ્રત્યે અભિલાષા, જિજ્ઞાસા કે સંદેહ નથી તો પછી તેઓ કયા પદાર્થને ધ્યાવે છે? આ ગાથામાં તેનો ઉત્તર આ પ્રમાણે આપવામાં આવ્યો છે: એક અગ્રનું-વિષયનું સંવેદન તે ધ્યાન છે. સર્વ આત્મપ્રદેશે પરિપૂર્ણ આનંદ અને જ્ઞાનથી ભરેલા સર્વજ્ઞ ભગવાન પરમાનંદથી અભિન્ન એવા નિજાત્મારૂપી એક વિષયનું સંવેદન કરતા હોવાથી તેમને પરમાનંદનું ધ્યાન છે અર્થાત્ તેઓ પરમ સૌખ્યને ધ્યાવે છે. ૧૯૮.

---

૧. નિરાબાધ = બાધા વિનાનું; વિઘ્ન રહિત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथायमेव शुद्धात्मोपलम्भलक्षणो मोक्षस्य मार्ग इत्यवधारयति—

**एवं जिणा जिणिंदा सिद्धा मग्गं समुट्ठिदा समणा ।**
**जादा णमोत्थु तेसिं तस्स य णिव्वाणमग्गस्स ॥१९९॥**

**एवं जिना जिनेन्द्राः सिद्धा मार्गं समुत्थिताः श्रमणाः ।**
**जाता नमोऽस्तु तेभ्यस्तस्मै च निर्वाणमार्गाय ॥१९९॥**

यतः सर्व एव सामान्यचरमशरीरास्तीर्थकराः अचरमशरीरा मुमुक्षवश्चामुनैव यथोदितेन शुद्धात्मतत्त्वप्रवृत्तिलक्षणेन विधिना प्रवृत्तमोक्षस्य मार्गमधिगम्य सिद्धा बभूवुः, न पुनरन्यथापि । ततोऽवधार्यते केवलमयमेक एव मोक्षस्य मार्गो, न द्वितीय इति । अलं च

---

बाधारहितः सन्नतीन्द्रियमनन्तमात्मोत्थसुखं ध्यायत्यनुभवति परिणमति । ततो ज्ञायते केवलिनामन्यच्चिन्तानिरोधलक्षणं ध्यानं नास्ति, किंत्विदमेव परमसुखानुभवनं वा ध्यानकार्यभूतां कर्मनिर्जरां दृष्ट्वा ध्यानशब्देनोपचर्यते । यत्पुनः सयोगिकेवलिनस्तृतीयशुक्लध्यानमयोगिकेवलिनश्चतुर्थशुक्लध्यानं भवतीत्युक्तं तदुपचारेण ज्ञातव्यमिति सूत्राभिप्रायः ॥ १९८ ॥ एवं केवली किं ध्यायतीति प्रश्नमुख्यत्वेन प्रथमगाथा । परमसुखं ध्यायत्यनुभवतीति परिहारमुख्यत्वेन द्वितीया चेति ध्यानविषयपूर्वपक्षपरिहारद्वारेण तृतीयस्थले गाथाद्वयं गतम् । अथायमेव निजशुद्धात्मोपलब्धिलक्षणमोक्षमार्गो, नान्य इति विशेषेण समर्थयति—**जादा** जाता उत्पन्नाः । कथंभूताः । **सिद्धा** सिद्धाः सिद्धपरमेष्ठिनो मुक्तात्मान इत्यर्थः । के कर्तारः । **जिणा** जिनाः अनागारकेवलिनः । **जिणिंदा** न केवलं जिना जिनेन्द्राश्च तीर्थकरपरमदेवाः । कथंभूताः सन्तः एते सिद्धा जाताः । **मग्गं समुट्ठिदा** निजपरमात्मतत्त्वानुभूतिलक्षणमार्गं मोक्षमार्गं समुत्थिता आश्रिताः । केन । **एवं**

---

હવે 'આ જ (પૂર્વે કહ્યો તે જ), શુદ્ધ આત્માની ઉપલબ્ધિ જેનું લક્ષણ છે એવો મોક્ષનો માર્ગ છે' એમ નક્કી કરે છે:—

**શ્રમણો, જિનો, તીર્થંકરો આ રીત સેવી માર્ગને**
**સિદ્ધિ વર્યા; નમું તેમને, નિર્વાણના તે માર્ગને. ૧૯૯.**

**અન્વયાર્થ**:—[ जिनाः जिनेन्द्राः श्रमणाः ] જિનો, જિનેંદ્રો અને શ્રમણો (અર્થાત્ સામાન્ય કેવળીઓ, તીર્થંકરો અને મુનિઓ) [ एवं ] આ રીતે (પૂર્વે કહેલી રીતે જ) [ मार्गं समुत्थिताः ] માર્ગમાં આરૂઢ થયા થકા [ सिद्धाः जाताः ] સિદ્ધ થયા. [ नमः अस्तु ] નમસ્કાર હો [ तेभ्यः ] તેમને [ च ] અને [ तस्मै निर्वाणमार्गाय ] તે નિર્વાણમાર્ગને.

**ટીકા**:—બધાય સામાન્ય ચરમશરીરીઓ, તીર્થંકરો અને અચરમશરીરી મુમુક્ષુઓ આ જ યથોક્ત શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિલક્ષણ (શુદ્ધાત્મતત્ત્વમાં પ્રવૃત્તિ જેનું લક્ષણ છે એવી) વિધિ વડે પ્રવર્તતા મોક્ષના માર્ગને પ્રાપ્ત કરીને સિદ્ધ થયા, પરંતુ એમ નથી કે બીજી રીતે પણ થયા હોય; તેથી નક્કી થાય છે કે કેવળ આ એક જ મોક્ષનો માર્ગ છે, બીજો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



प्रपञ्चेन । तेषां शुद्धात्मतत्त्वप्रवृत्तानां सिद्धानां तस्य शुद्धात्मतत्त्वप्रवृत्तिरूपस्य मोक्षमार्गस्य च प्रत्यस्तमितभाव्यभावकविभागत्वेन नोआगमभावनमस्कारोऽस्तु । अवधारितो मोक्षमार्गः, कृत्यमनुष्ठीयते ॥१९९॥

अथोपसम्पद्ये साम्यमिति पूर्वप्रतिज्ञां निर्वहन् मोक्षमार्गभूतां स्वयमपि शुद्धात्मप्रवृत्तिमासूत्रयति—

**तम्हा तह जाणित्ता अप्पाणं जाणगं सभावेण ।**
**परिवज्जामि ममत्तिं उवट्ठिदो णिम्ममत्तम्मि ॥२००॥**

**तस्मात्तथा ज्ञात्वात्मानं ज्ञायकं स्वभावेन ।**
**परिवर्जयामि ममतामुपस्थितो निर्ममत्वे ॥२००॥**

---

पूर्वं बहुधा व्याख्यातक्रमेण । न केवलं जिना जिनेन्द्रा अनेन मार्गेण सिद्धा जाताः, **समणा** सुखदुःखादिसमताभावनापरिणतात्मतत्त्वलक्षणाः शेषा अचरमदेहश्रमणाश्च । अचरमदेहानां कथं सिद्धत्वमिति चेत् । "तवसिद्धे णयसिद्धे संजमसिद्धे चरित्तसिद्धे य । णाणम्मि दंसणम्मि य सिद्धे सिरसा णमंसामि ॥" इति गाथाकथितक्रमेणैकदेशेन । **णमोत्थु तेसिं** नमोऽस्तु तेभ्यः । अनन्तज्ञानादिसिद्धगुणस्मरणरूपो भावनमस्कारोऽस्तु, **तस्स य णिव्वाणमग्गस्स** तस्मै निर्विकारस्वसंवित्तिलक्षणनिश्चयरत्नत्रयात्मकनिर्वाणमार्गाय च । ततोऽवधार्यते अयमेव मोक्षमार्गो, नान्य इति ॥ १९९ ॥ अथ 'उवसंपयामि सम्मं जत्तो

---

નથી.—વિસ્તારથી બસ થાઓ. તે શુદ્ધાત્મતત્ત્વમાં પ્રવર્તેલા સિદ્ધોને તથા તે શુદ્ધાત્મતત્ત્વ પ્રવૃત્તિરૂપ મોક્ષમાર્ગને, જેમાંથી *ભાવ્ય અને ભાવકનો વિભાગ અસ્ત થઈ ગયો છે એવો નોઆગમભાવનમસ્કાર હો. મોક્ષમાર્ગ અવધારિત કર્યો છે, કૃત્ય કરાય છે (અર્થાત્ મોક્ષમાર્ગ નક્કી કર્યો છે અને તે મોક્ષમાર્ગમાં પ્રવર્તન કરી રહ્યા છીએ). ૧૯૯.

હવે, 'સામ્યને પ્રાપ્ત કરું છું' એવી (પાંચમી ગાથામાં કરેલી) પૂર્વ પ્રતિજ્ઞાનું નિર્વહણ કરતા થકા (આચાર્યભગવાન) પોતે પણ મોક્ષમાર્ગભૂત શુદ્ધાત્મપ્રવૃત્તિ કરે છે:—

**એ રીત તેથી આત્મને જ્ઞાયકસ્વભાવી જાણીને,**
**નિર્મમપણે રહી સ્થિત આ પરિવર્જું છું હું મમત્વને. ૨૦૦.**

**અન્વયાર્થઃ**—[तस्मात्] તેથી (અર્થાત્ શુદ્ધાત્મામાં પ્રવૃત્તિ વડે જ મોક્ષ થતો હોવાથી) [तथा] એ રીતે [आत्मानं] આત્માને [स्वभावेन ज्ञायकं] સ્વભાવથી જ્ઞાયક [ज्ञात्वा] જાણીને [निर्ममत्वे उपस्थितः] હું નિર્મમત્વમાં સ્થિત રહ્યો થકો [ममतां परिवर्जयामि] મમતાનો પરિત્યાગ કરું છું.

---

* ભાવ્ય અને ભાવકના અર્થ માટે ૮ મા પાનાનું પદટિપ્પણ જુઓ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अहमेष मोक्षाधिकारी ज्ञायकस्वभावात्मतत्त्वपरिज्ञानपुरस्सरममत्वनिर्ममत्वहानोपादानविधानेन कृत्यान्तरस्याभावात्सर्वारम्भेण शुद्धात्मनि प्रवर्ते । तथाहि—अहं हि तावत् ज्ञायक एव स्वभावेन; केवलज्ञायकस्य च सतो मम विश्वेनापि सहजज्ञेयज्ञायकलक्षण एव सम्बन्धः, न पुनरन्ये स्वस्वामिलक्षणादयः सम्बन्धाः । ततो मम न क्वचनापि ममत्वं, सर्वत्र निर्ममत्वमेव । अथैकस्य ज्ञायकभावस्य समस्तज्ञेयभावस्वभावत्वात् प्रोत्कीर्णलिखितनिखातकीलितमज्जितसमावर्तितप्रतिबिम्बितवत्तत्र क्रमप्रवृत्तानन्तभूतभवद्भाविविचित्रपर्यायप्राग्भारमगाधस्वभावं गम्भीरं समस्तमपि द्रव्यजातमेकक्षण एव प्रत्यक्षयन्तं ज्ञेयज्ञायकलक्षणसम्बन्ध-

---

णिव्वाणसंपत्ती' इत्यादि पूर्वप्रतिज्ञां निर्वाहयन् स्वयमपि मोक्षमार्गपरिणतिं स्वीकरोतीति प्रतिपादयति— **तम्हा** यस्मात्पूर्वोक्तशुद्धात्मोपलम्भलक्षणमोक्षमार्गेण जिना जिनेन्द्राः श्रमणाश्च सिद्धा जातास्तस्मादहमपि **तह** तथैव तेनैव प्रकारेण **जाणित्ता** ज्ञात्वा । कम् । **अप्पाणं** निजपरमात्मानम् । किंविशिष्टम् । **जाणगं** ज्ञायकं केवलज्ञानाद्यनन्तगुणस्वभावम् । केन कृत्वा ज्ञात्वा । **सभावेण** समस्तरागादिविभावरहितशुद्धबुद्धैकस्वभावेन । पश्चात् किं करोमि । **परिवज्जामि** परि समन्ताद्वर्जयामि । काम् । **ममत्तिं** समस्तसचेतनाचेतनमिश्रपरद्रव्यसंबन्धिनीं ममताम् । कथंभूतः सन् । **उवट्ठिदो** उपस्थितः परिणतः । क । **णिम्ममत्तम्मि** समस्तपरद्रव्यममकाराहंकाररहितत्वेन निर्ममत्वलक्षणे परमसाम्याभिधाने वीतरागचारित्रे तत्परिणतनिजशुद्धात्मस्वभावे वा । तथाहि—अहं तावत्केवलज्ञानदर्शनस्वभावत्वेन ज्ञायकैकटङ्कोत्कीर्णस्वभावः । तथाभूतस्य सतो मम न केवलं स्वस्वाम्यादयः परद्रव्यसंबन्धा न सन्ति । निश्चयेन ज्ञेयज्ञायकसंबन्धो नास्ति । ततः कारणात्समस्तपरद्रव्यममत्वरहितो भूत्वा परमसाम्यलक्षणे निजशुद्धात्मनि

---

**ટીકાઃ—**હું આ મોક્ષાધિકારી, જ્ઞાયકસ્વભાવી આત્મતત્ત્વના પરિજ્ઞાનપૂર્વક મમત્વના ત્યાગરૂપ અને નિર્મમત્વના ગ્રહણરૂપ વિધિ વડે સર્વ આરંભથી (ઉદ્યમથી) શુદ્ધાત્મામાં પ્રવર્તું છું, કારણ કે અન્ય કૃત્યનો અભાવ છે (અર્થાત્ બીજું કાંઈ કરવાયોગ્ય નથી). તે આ પ્રમાણે (અર્થાત્ હું આ પ્રમાણે શુદ્ધાત્મામાં પ્રવર્તું છું):—પ્રથમ તો હું સ્વભાવથી જ્ઞાયક જ છું; કેવળ જ્ઞાયક હોવાથી મારે વિશ્વની (સમસ્ત પદાર્થોની) સાથે પણ સહજ જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધ જ છે, પરંતુ બીજા સ્વસ્વામિલક્ષણાદિ સંબંધો નથી; તેથી મારે કોઈ પ્રત્યે મમત્વ નથી, સર્વત્ર નિર્મમત્વ જ છે. હવે, એક જ્ઞાયકભાવનો સર્વ જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી, ક્રમે પ્રવર્તતા, અનંત, ભૂત-વર્તમાન-ભાવી વિચિત્ર પર્યાયસમૂહવાળાં, *અગાધસ્વભાવ અને ગંભીર એવાં સમસ્ત દ્રવ્યમાત્રને—જાણે કે તે દ્રવ્યો જ્ઞાયકમાં કોતરાઈ ગયાં હોય, ચીતરાઈ ગયાં હોય, દટાઈ ગયાં હોય, ખોડાઈ ગયાં હોય, ડૂબી ગયાં હોય, સમાઈ ગયાં હોય, પ્રતિબિંબિત થયાં હોય એમ—એક ક્ષણમાં જ જે (શુદ્ધ આત્મા)

---

* અગાધ જેમનો સ્વભાવ છે અને જેઓ ગંભીર છે એવાં સમસ્ત દ્રવ્યોને ભૂત, વર્તમાન તેમ જ ભાવી કાળના, ક્રમે થતા, અનેક પ્રકારના, અનંત પર્યાયો સહિત એક સમયમાં જ પ્રત્યક્ષ જાણવાનો આત્માનો સ્વભાવ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्यानिवार्यत्वेनाशक्यविवेचनत्वादुपात्तवैश्वरूप्यमपि सहजानन्तशक्तिज्ञायकस्वभावेनैक्यरूप्यमनुज्झन्तमासंसारमनयैव स्थित्या स्थितं मोहेनान्यथाध्यवस्यमानं शुद्धात्मानमेष मोहमुत्खाय यथास्थितमेवातिनिःप्रकम्पः सम्प्रतिपद्ये । स्वयमेव भवतु चास्यैवं दर्शनविशुद्धिमूलया सम्यग्ज्ञानोपयुक्ततयात्यन्तमव्याबाधरतत्वात्साधोरपि साक्षात्सिद्धभूतस्य स्वात्मनस्तथाभूतानां परमात्मनां च नित्यमेव तदेकपरायणत्वलक्षणो भावनमस्कारः ॥२००॥

---

तिष्ठामीति । किंच 'उवसंपयामि सम्मं' इत्यादिस्वकीयप्रतिज्ञां निर्वाहयन्स्वयमपि मोक्षमार्गपरिणतिं स्वीकरोत्येवं यदुक्तं गाथापातनिकाप्रारम्भे तेन किमुक्तं भवति—ये तां प्रतिज्ञां गृहीत्वा सिद्धिं गतास्तैरेव सा प्रतिज्ञा वस्तुवृत्त्या समाप्तिं नीता । कुन्दकुन्दाचार्यदेवैः पुनर्ज्ञानदर्शनाधिकारद्वयरूपग्रन्थसमाप्तिरूपेण समाप्तिं नीता, शिवकुमारमहाराजेन तु तद्ग्रन्थश्रवणेन च । कस्मादिति चेत् । ये मोक्षं गतास्तेषां सा प्रतिज्ञा परिपूर्णा जाता, न चतेषाम् । कस्मात् । चरमदेहत्वाभावादिति ॥२००॥ एवं ज्ञानदर्शनाधिकारसमाप्तिरूपेण चतुर्थस्थले गाथाद्वयं गतम् ।

एवं निजशुद्धात्मभावनारूपमोक्षमार्गेण ये सिद्धिं गता ये च तदाराधकास्तेषां दर्शनाधिकारापेक्षयावसानमङ्गलार्थं ग्रन्थापेक्षया मध्यमङ्गलार्थं च तत्पदाभिलाषी भूत्वा नमस्कारं करोति—

---

પ્રત્યક્ષ કરે છે, [1]જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધની અનિવાર્યતાને લીધે જ્ઞેય-જ્ઞાયકને ભિન્ન પાડવાં અશક્ય હોવાથી વિશ્વરૂપતાને પામ્યો હોવા છતાં જે (શુદ્ધ આત્મા) સહજ અનંતશક્તિવાળા જ્ઞાયકસ્વભાવ વડે એકરૂપતાને છોડતો નથી, જે અનાદિ સંસારથી આ જ સ્થિતિએ (જ્ઞાયકભાવપણે જ) રહ્યો છે અને જે મોહ વડે અન્યથા અધ્યવસિત થાય છે (અર્થાત્ બીજી રીતે જણાય છે—મનાય છે), તે શુદ્ધ આત્માને, આ હું મોહને ઉખેડી નાખીને, અતિ નિષ્કંપ રહેતો થકો, યથાસ્થિત જ (જેવો છે તેવો જ) પ્રાપ્ત કરું છું.

આ રીતે દર્શનવિશુદ્ધિ જેનું મૂળ છે એવું જે સમ્યગ્જ્ઞાનમાં ઉપયુક્તપણું તેને લીધે અત્યંત [2]અવ્યાબાધ લીનતા હોવાથી સાધુ હોવા છતાં પણ સાક્ષાત્ સિદ્ધભૂત એવા આ નિજ આત્માને તેમ જ તથાભૂત (સિદ્ધભૂત) પરમાત્માઓને, [3]તેમાં જ એકપરાયણપણું જેનું લક્ષણ છે એવો ભાવનમસ્કાર સદાય [4]સ્વયમેવ હો. ૨૦૦.

---

૧. જ્ઞેયજ્ઞાયકસ્વરૂપ સંબંધ ટાળી શકાય એવો નહિ હોવાને લીધે જ્ઞેયો જ્ઞાયકમાં ન જણાય એમ કરવું અશક્ય છે તેથી આત્મા જાણે કે સમસ્તદ્રવ્યરૂપતાને પામે છે.

૨. અવ્યાબાધ = બાધા વિનાની; વિઘ્ન વિનાની.

૩. તેમાં = નમસ્કાર કરવા યોગ્ય પદાર્થમાં; ભાવ્યમાં. [માત્ર ભાવ્યમાં જ પરાયણ—એકાગ્ર—લીન થવું તે ભાવનમસ્કારનું લક્ષણ છે.]

૪. સ્વયમેવ = એની મેળે જ. [આચાર્યભગવાન શુદ્ધાત્મામાં લીન થાય છે તેથી એની મેળે જ ભાવનમસ્કાર થઈ જાય છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[1]जैनं ज्ञानं ज्ञेयतत्त्वप्रणेतृ
स्फीतं शब्दब्रह्म सम्यग्विगाह्य ।
संशुद्धात्मद्रव्यमात्रैकवृत्त्या
नित्यं युक्तैः स्थीयतेऽस्माभिरेवम् ॥१०॥

[1]ज्ञेयीकुर्वन्नञ्जसासीमविश्वं
ज्ञानीकुर्वन् ज्ञेयमाक्रान्तभेदम् ।
आत्मीकुर्वन् ज्ञानमात्मान्यभासि
स्फूर्जत्यात्मा ब्रह्म सम्पद्य सद्यः ॥११॥

---

दंसणसंसुद्धाणं सम्मण्णाणोवजोगजुत्ताणं ।
अव्वाबाधरदाणं णमो णमो सिद्धसाहूणं ॥२०० *१४॥

**णमो णमो** नमो नमः। पुनः पुनर्नमस्करोमीति भक्तिप्रकर्षं दर्शयति। केभ्यः। **सिद्धसाहूणं** सिद्धसाधुभ्यः। सिद्धशब्दवाच्यस्वात्मोपलब्धिलक्षणार्हत्सिद्धेभ्यः, साधुशब्दवाच्यमोक्षसाधकाचार्योपाध्यायसाधुभ्यः। पुनरपि कथंभूतेभ्यः । **दंसणसंसुद्धाणं** मूढत्रयादिपञ्चविंशतिमलरहितसम्यग्दर्शनसंशुद्धेभ्यः। पुनरपि कथंभूतेभ्यः । **सम्मण्णाणोवजोगजुत्ताणं** संशयादिरहितं सम्यग्ज्ञानं, तस्योपयोगः सम्यग्ज्ञानोपयोगः, योगो निर्विकल्पसमाधिर्वीतरागचारित्रमित्यर्थः, ताभ्यां युक्ताः सम्यग्ज्ञानोपयोगयुक्तास्तेभ्यः । पुनश्च किंरूपेभ्यः । **अव्वाबाधरदाणं** सम्यग्ज्ञानादिभावनोत्पन्नाव्याबाधानन्तसुखरतेभ्यश्च ॥२०० *१४॥ इति नमस्कारगाथासहितस्थलचतुष्टयेन चतुर्थविशेषान्तराधिकारः समाप्तः । एवं 'अत्थित्तणिच्छिदस्स हि' इत्याद्येकादश-

---

[હવે શ્લોક દ્વારા જિનભગવંતે કહેલા શબ્દબ્રહ્મના સમ્યક્ અભ્યાસનું ફળ કહેવામાં આવે છે:]

[અર્થ:—] એ રીતે જ્ઞેયતત્ત્વને સમજાવનારા જૈન જ્ઞાનમાં—વિશાળ શબ્દબ્રહ્મમાં—સમ્યક્પણે અવગાહન કરીને (ડૂબકી મારીને, ઊંડા ઊતરીને, નિમગ્ન થઈને), અમે માત્ર શુદ્ધ આત્મદ્રવ્યરૂપ જે એક વૃત્તિ (પરિણતિ) તેનાથી સદા યુક્ત રહીએ છીએ.

[હવે શ્લોક દ્વારા મુક્ત આત્માના જ્ઞાનનો મહિમા કરીને જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન અધિકારની પૂર્ણાહુતિ કરવામાં આવે છે:]

[અર્થ:—] આત્મા બ્રહ્મને (પરમાત્મપણાને, સિદ્ધત્વને) શીઘ્ર પામીને, અસીમ (અનંત) વિશ્વને ઝડપથી (એક સમયમાં) જ્ઞેયરૂપ કરતો, ભેદોને પામેલાં જ્ઞેયોને જ્ઞાનરૂપ કરતો (અર્થાત્ અનેક પ્રકારનાં જ્ઞેયોને જ્ઞાનમાં જાણતો) અને સ્વપરપ્રકાશક જ્ઞાનને આત્મારૂપ કરતો, પ્રગટ-દેદીપ્યમાન થાય છે.

---

૧. શાલિની છંદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



*द्रव्यानुसारि चरणं चरणानुसारि
द्रव्यं मिथो द्वयमिदं ननु सव्यपेक्षम् ।
तस्मान्मुमुक्षुरधिरोहतु मोक्षमार्गं
द्रव्यं प्रतीत्य यदि वा चरणं प्रतीत्य ॥ १२ ॥

इति तत्त्वदीपिकायां प्रवचनसारवृत्तौ श्रीमदमृतचन्द्रसूरिविरचितायां ज्ञेयतत्त्वप्रज्ञापनो नाम द्वितीयः श्रुतस्कन्धः समाप्तः ॥ २ ॥

---

गाथापर्यन्तं शुभाशुभशुद्धोपयोगत्रयमुख्यत्वेन प्रथमो विशेषान्तराधिकारस्तदनन्तरं 'अपदेसो परमाणू पदेसमेत्तो य' इत्यादिगाथानवकपर्यन्तं पुद्गलानां परस्परबन्धमुख्यत्वेन द्वितीयो विशेषान्तराधिकारस्ततः परं 'अरसमरूवं' इत्याद्येकोनविंशतिगाथापर्यन्तं जीवस्य पुद्गलकर्मणा सह बन्धमुख्यत्वेन तृतीयो विशेषान्तराधिकारस्ततश्च 'ण चयदि जो दु ममत्तिं' इत्यादिद्वादशगाथापर्यन्तं विशेषभेदभावनाचूलिका-व्याख्यानरूपश्चतुर्थो विशेषान्तराधिकार इत्येकाधिकपञ्चाशद्गाथाभिर्विशेषान्तराधिकारचतुष्टयेन विशेष-भेदभावनाभिधानश्चतुर्थोऽन्तराधिकारः समाप्तः ।

इति श्रीजयसेनाचार्यकृतायां तात्पर्यवृत्तौ 'तम्हा तस्स णमाइं' इत्यादिपञ्चत्रिंशद्गाथापर्यन्तं सामान्यज्ञेयव्याख्यानं, तदनन्तरं 'दव्वं जीवं' इत्याद्येकोनविंशतिगाथापर्यन्तं जीवपुद्गलधर्मादिभेदेन विशेष-ज्ञेयव्याख्यानं, ततश्च 'सपदेसेहिं समग्गो' इत्यादिगाथाष्टकपर्यन्तं सामान्यभेदभावना, ततः परं 'अत्थित्त-णिच्छिदस्स हि' इत्याद्येकाधिकपञ्चाशद्गाथापर्यन्तं विशेषभेदभावना चेत्यन्तराधिकारचतुष्टयेन त्रयोद-शाधिकशतगाथाभिः सम्यग्दर्शनाधिकारनामा ज्ञेयाधिकारापरसंज्ञो द्वितीयो महाधिकारः समाप्तः ॥ २ ॥

---

[ હવે શ્લોક દ્વારા, દ્રવ્ય અને ચરણનો સંબંધ બતાવી, જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન નામના દ્વિતીય અધિકારની અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના તૃતીય અધિકારની સંધિ દર્શાવવામાં આવે છે:]

[ અર્થ:— ] ચરણ દ્રવ્યાનુસાર હોય છે અને દ્રવ્ય ચરણાનુસાર હોય છે—એ રીતે તે બન્ને પરસ્પર અપેક્ષાસહિત છે; તેથી કાં તો દ્રવ્યનો આશ્રય કરીને અથવા તો ચરણનો આશ્રય કરીને મુમુક્ષુ (જ્ઞાની, મુનિ) મોક્ષમાર્ગમાં આરોહણ કરો.

આમ (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસાર શાસ્ત્રની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત તત્ત્વદીપિકા નામની ટીકામાં જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન નામનો દ્વિતીય શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

—★—

---

* વસંતતિલકા છંદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

— ૩ —

# ચરણાનુયોગસૂચક ચૂલિકા

अथ परेषां चरणानुयोगसूचिका चूलिका ।

तत्र—

*द्रव्यस्य सिद्धौ चरणस्य सिद्धिः
द्रव्यस्य सिद्धिश्चरणस्य सिद्धौ ।
बुद्ध्वेति कर्माविरताः परेऽपि
द्रव्याविरुद्धं चरणं चरन्तु ॥ १३ ॥

इति चरणाचरणे परान् प्रयोजयति—

कार्यं प्रत्यत्रैव ग्रन्थः समाप्त इति ज्ञातव्यम् । कस्मादिति चेत् । 'उवसंपयामि सम्मं' इति प्रतिज्ञासमाप्तेः । अतःपरं यथाक्रमेण सप्ताधिकनवतिगाथापर्यन्तं चूलिकारूपेण चारित्राधिकारव्याख्यानं प्रारभ्यते । तत्र तावदुत्सर्गरूपेण चारित्रस्य संक्षेपव्याख्यानम् । तदनन्तरमपवादरूपेण तस्यैव चारित्रस्य विस्तरव्याख्यानम् । ततश्च श्रामण्यापरनाममोक्षमार्गव्याख्यानम् । तदनन्तरं शुभोपयोगव्याख्यानमित्यन्तराधिकारचतुष्टयं भवति । तत्रापि प्रथमान्तराधिकारे पञ्च स्थलानि । 'एवं पणमिय सिद्धे' इत्यादिगाथासप्तकेन दीक्षाभिमुखपुरुषस्य दीक्षाविधानकथनमुख्यतया प्रथमस्थलम् । अतःपरं 'वदसमिदिंदिय'

હવે બીજાઓને ચરણાનુયોગ સૂચવનારી [1]ચૂલિકા છે.

[તેમાં પ્રથમ શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ શ્લોક દ્વારા હવેની ગાથાની ઉત્થાનિકા કરે છેઃ]

[અર્થઃ—] દ્રવ્યની સિદ્ધિમાં ચરણની સિદ્ધિ છે અને ચરણની સિદ્ધિમાં દ્રવ્યની સિદ્ધિ છે—એમ જાણીને, કર્મથી (શુભાશુભ ભાવોથી) નહિ વિરમેલા બીજાઓ પણ દ્રવ્યથી અવિરુદ્ધ ચરણ (ચારિત્ર) આચરો.

—આમ (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ હવેની ગાથા દ્વારા) બીજાઓને ચરણ આચરવામાં જોડે છે.

---

* ઇંદ્રવજ્રા છંદ

૧. ચૂલિકા = શાસ્ત્રમાં નહિ કહેવાઈ ગયેલાનું વ્યાખ્યાન કરવું અથવા કહેવાઈ ગયેલાનું વિશેષ વ્યાખ્યાન કરવું અથવા બન્નેનું યથાયોગ્ય વ્યાખ્યાન કરવું તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'एस सुरासुरमणुसिंदवंदिदं धोदघाइकम्ममलं । पणमामि वड्ढमाणं तित्थं धम्मस्स कत्तारं ॥ सेसे पुण तित्थयरे ससव्वसिद्धे विसुद्धसब्भावे । समणे य णाणदंसणचरित्ततववीरियायारे ॥ ते ते सव्वे समगं समगं पत्तेगमेव पत्तेगं । वंदामि य वट्टंते अरहंते माणुसे खेत्ते ॥'

**एवं पणमिय सिद्धे जिणवरवसहे पुणो पुणो समणे ।**
**पडिवज्जदु सामण्णं जदि इच्छदि दुक्खपरिमोक्खं ॥२०१॥**

---

इत्यादि मूलगुणकथनरूपेण द्वितीयस्थले गाथाद्वयम् । तदनन्तरं गुरुव्यवस्थाज्ञापनार्थं 'लिंगग्गहणे' इत्यादि एका गाथा, तथैव प्रायश्चित्तकथनमुख्यतया 'पयदम्हि' इत्यादि गाथाद्वयमिति समुदायेन तृतीयस्थले गाथात्रयम् । अथाचारादिशास्त्रकथितक्रमेण तपोधनस्य संक्षेपसमाचारकथनार्थं 'अधिवासे व' इत्यादि चतुर्थस्थले गाथात्रयम् । तदनन्तरं भावहिंसाद्रव्यहिंसापरिहारार्थं 'अपयत्ता वा चरिया' इत्यादि पञ्चमस्थले सूत्रषट्कमित्येकविंशतिगाथाभिः स्थलपञ्चकेन प्रथमान्तराधिकारे समुदायपातनिका । तद्यथा—अथासन्नभव्यजीवांश्चारित्रे प्रेरयति—पडिवज्जदु प्रतिपद्यतां स्वीकरोतु । किम् । सामण्णं श्रामण्यं चारित्रम् । यदि किम् । इच्छदि जदि दुक्खपरिमोक्खं यदि चेत् दुःखपरिमोक्षमिच्छति । स कः कर्ता । परेषामात्मा । कथं प्रतिपद्यताम् । एवं एवं पूर्वोक्तप्रकारेण 'एस सुरासुरमणुसिंद' इत्यादिगाथापञ्चकेन पञ्चपरमेष्ठिनमस्कारं कृत्वा ममात्मना दुःखमोक्षार्थिनान्यैः पूर्वोक्तभव्यैर्वा यथा तच्चारित्रं प्रतिपन्नं तथा

---

[હવે ગાથા શરૂ કર્યા પહેલાં તેની સાથે સંધિને અર્થે શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવા માટે નીચે પ્રમાણે જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન અધિકારની પહેલી ત્રણ ગાથાઓ લખી છે:]

* 'एस सुरासुरमणुसिंदवंदिदं धोदघाइकम्ममलं। पणमामि वड्ढमाणं तित्थं धम्मस्स कत्तारं॥ सेसे पुण तित्थयरे ससव्वसिद्धे विसुद्धसब्भावे। समणे य णाणदंसणचरित्ततववीरियायारे॥ ते ते सव्वे समगं समगं पत्तेगमेव पत्तेगं। वंदामि य वट्टंते अरहंते माणुसे खेत्ते॥'

[હવે આ અધિકારની ગાથા શરૂ કરવામાં આવે છે:]

**એ રીત પ્રણમી સિદ્ધ, જિનવરવૃષભ, મુનિને ફરી ફરી,**
**શ્રામણ્ય અંગીકૃત કરો, અભિલાષ જો દુખમુક્તિની. ૨૦૧.**

---

* આ ત્રણ ગાથાઓના અર્થ માટે પાંચમું પાનું જુઓ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**एवं पणमिय सिद्धे जिणवरवसहे पुणो पुणो समणे ।**

**पडिवज्जदु सामण्णं जदि इच्छदि दुक्खपरिमोक्खं ॥ २०१ ॥**

**एवं प्रणम्य सिद्धान् जिनवरवृषभान् पुनः पुनः श्रमणान् ।**

**प्रतिपद्यतां श्रामण्यं यदीच्छति दुःखपरिमोक्षम् ॥ २०१ ॥**

यथा ममात्मना दुःखमोक्षार्थिना, 'किच्चा अरहंताणं सिद्धाणं तह णमो गणहराणं । अज्झावयवग्गाणं साहूणं चेदि सव्वेसिं ॥ तेसिं विसुद्धदंसणणाणपहाणासमं समासेज्ज । उवसंपयामि सम्मं जत्तो णिव्वाणसंपत्ती ॥' इति अर्हत्सिद्धाचार्योपाध्यायसाधूनां प्रणतिवन्दनात्मकनमस्कारपुरःसरं विशुद्धदर्शनज्ञानप्रधानं साम्यनाम श्रामण्यमवान्तरग्रन्थसन्दर्भोभयसम्भावितसौस्थित्यं स्वयं प्रतिपन्नं, परेषामात्मापि यदि दुःखमोक्षार्थी तथा तत्प्रतिपद्यताम् । यथानुभूतस्य तत्प्रतिपत्तिवर्त्मनः प्रणेतारो वयमिमे तिष्ठाम इति ॥ २०१ ॥

---

प्रतिपद्यताम् । किं कृत्वा पूर्वम् । पणमिय प्रणम्य । कान् । सिद्धे अञ्जनपादुकादिसिद्धिविलक्षणस्वात्मोपलब्धिसिद्धिसमेतसिद्धान् । जिणवरवसहे सासादनादिक्षीणकषायान्ता एकदेशजिना उच्यन्ते, शेषाश्चानागारकेवलिनो जिनवरा भण्यन्ते, तीर्थकरपरमदेवाश्च जिनवरवृषभा इति, तान् जिनवरवृषभान् । न केवलं तान् प्रणम्य, पुणो पुणो समणे चिच्चमत्कारमात्रनिजात्मसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपनिश्चय-

---

**અન્વયાર્થઃ**—[ यदि दुःखपरिमोक्षम् इच्छति ] જો દુઃખથી પરિમુક્ત થવાની ઇચ્છા હોય તો, [ एवं ] પૂર્વોક્ત રીતે (જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપનની પહેલી ત્રણ ગાથાઓ પ્રમાણે) [ पुनः पुनः ] ફરી ફરીને [ सिद्धान् ] સિદ્ધોને, [ जिनवरवृषभान् ] જિનવરવૃષભોને (-અર્હંતોને) તથા [ श्रमणान् ] શ્રમણોને [ प्रणम्य ] પ્રણમીને, [ श्रामण्यं प्रतिपद्यताम् ] (જીવ) શ્રામણ્યને અંગીકાર કરો.

**ટીકાઃ**—દુઃખથી મુક્ત થવાના અર્થી એવા મારા આત્માએ જે રીતે '*किच्चा अरहंताणं सिद्धाणं तह णमो गणहराणं । अज्झावयवग्गाणं साहूणं चेदि सव्वेसिं ॥ तेसिं विसुद्धदंसणणाणपहाणासमं समासेज्ज । उवसंपयामि सम्मं जत्तो णिव्वाणसंपत्ती ॥' એમ અર્હંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો તથા સાધુઓને [1]પ્રણામ-વંદનાત્મક નમસ્કારપૂર્વક [2]વિશુદ્ધદર્શનજ્ઞાનપ્રધાન સામ્ય નામના શ્રામણ્યને—કે જેનું આ ગ્રંથની અંદર આવી ગયેલા (જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન અને જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન નામના) બે અધિકારોની રચના વડે [3]સુસ્થિતપણું થયું છે તેને—પોતે અંગીકાર કર્યું, તે રીતે બીજાનો આત્મા પણ, જો તે દુઃખથી મુક્ત થવાનો અર્થી હોય તો, તેને અંગીકાર કરો. તેને (શ્રામણ્યને) અંગીકાર કરવાનો જે [4]યથાનુભૂત માર્ગ તેના પ્રણેતા અમે આ ઊભા. ૨૦૧.

---

* આ, જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપનની ચોથી ને પાંચમી ગાથાઓ છે. અર્થ માટે છઠ્ઠું પાનું જુઓ.

૧. નમસ્કાર પ્રણામ-વંદનમય છે. [ વિશેષ માટે ત્રીજા પાનાનું પદટિપ્પણ જુઓ. ]

૨. વિશુદ્ધદર્શનજ્ઞાનપ્રધાન = વિશુદ્ધ દર્શન અને જ્ઞાન જેમાં પ્રધાન છે એવું. [ સામ્ય નામના શ્રામણ્યમાં વિશુદ્ધ દર્શન અને જ્ઞાન પ્રધાન છે. ]

૩. સુસ્થિતપણું = સારી સ્થિતિ; આબાદી; દ્રઢપણું.

૪. યથાનુભૂત = જેવો (અમે) અનુભવ્યો છે તેવો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ श्रमणो भवितुमिच्छन् पूर्वं किं किं करोतीत्युपदिशति—

**आपिच्छ बंधुवग्गं विमोचिदो गुरुकलत्तपुत्तेहिं ।**
**आसिज्ज णाणदंसणचरित्ततववीरियायारं ॥२०२॥**

आपृच्छ्य बन्धुवर्गं विमोचितो गुरुकलत्रपुत्रैः ।
आसाद्य ज्ञानदर्शनचारित्रतपोवीर्याचारम् ॥ २०२ ॥

यो हि नाम श्रमणो भवितुमिच्छति स पूर्वमेव बन्धुवर्गमापृच्छते, गुरुकलत्रपुत्रेभ्य आत्मानं विमोचयति, ज्ञानदर्शनचारित्रतपोवीर्याचारमासीदति । तथाहि—एवं बन्धुवर्गमापृच्छते, अहो इदंजनशरीरबन्धुवर्गवर्तिन आत्मानः, अस्य जनस्य आत्मा न किञ्चनापि युष्माकं भवतीति निश्चयेन यूयं जानीत; तत आपृष्टा यूयं; अयमात्मा अद्योद्भिन्नज्ञान-

---

रत्नत्रयाचरणप्रतिपादनसाधकत्वोद्यतान् श्रमणशब्दवाच्यानाचार्योपाध्यायसाधूंश्च पुनः पुनः प्रणम्येति । किंच पूर्वं ग्रन्थप्रारम्भकाले साम्यमाश्रयामीति शिवकुमारमहाराजनामा प्रतिज्ञां करोतीति भणितम्, इदानीं तु ममात्मना चारित्रं प्रतिपन्नमिति पूर्वापरविरोधः । परिहारमाह—ग्रन्थप्रारम्भात्पूर्वमेव दीक्षा गृहीता तिष्ठति, परं किंतु ग्रन्थकरणव्याजेन क्वाप्यात्मानं भावनापरिणतं दर्शयति, क्वापि शिवकुमारमहाराजं, क्वाप्यन्यं भव्यजीवं वा । तेन कारणेनात्र ग्रन्थे पुरुषनियमो नास्ति, कालनियमो नास्तीत्यभिप्रायः ॥ २०१ ॥ अथ श्रमणो भवितुमिच्छन्पूर्वं क्षमितव्यं करोति—'उवट्ठिदो होदि सो समणो' इत्यग्रे षष्ठगाथायां

---

હવે શ્રમણ થવા ઇચ્છનાર પહેલાં શું શું કરે છે તે ઉપદેશે છેઃ—

**બંધુજનોની વિદાય લઈ, સ્ત્રી-પુત્ર-વડીલોથી છૂટી,**
**દ્રગ-જ્ઞાન-તપ-ચારિત્ર-વીર્યાચાર અંગીકૃત કરી, ૨૦૨.**

અન્વયાર્થઃ—( શ્રામણ્યાર્થી ) [ बन्धुवर्गम् आपृच्छ्य ] બંધુવર્ગની વિદાય લઈને, [ गुरुकलत्रपुत्रैः विमोचितः ] વડીલો, સ્ત્રી અને પુત્રથી મુક્ત કરવામાં આવ્યો થકો, [ ज्ञानदर्शनचारित्रतपोवीर्याचारम् आसाद्य ] જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારને અંગીકાર કરીને......

ટીકાઃ—જે શ્રમણ થવા ઇચ્છે છે, તે પહેલાં જ બંધુવર્ગની (સગાંસંબંધીની) વિદાય લે છે, વડીલો, સ્ત્રી અને પુત્રથી પોતાને છોડાવે છે, જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર તથા વીર્યાચારને અંગીકાર કરે છે. તે આ પ્રમાણેઃ—

આ રીતે બંધુવર્ગની વિદાય લે છેઃ અહો આ પુરુષના શરીરના બંધુવર્ગમાં વર્તતા આત્માઓ! આ પુરુષનો આત્મા જરા પણ તમારો નથી એમ નિશ્ચયથી તમે જાણો. તેથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ज्योतिः आत्मानमेवात्मनोऽनादिबन्धुमुपसर्पति । अहो इदंजनशरीरजनकस्यात्मन्, अहो इदंजनशरीरजनन्या आत्मन्, अस्य जनस्यात्मा न युवाभ्यां जनितो भवतीति निश्चयेन युवां जानीतं; तत इममात्मानं युवां विमुञ्चतं; अयमात्मा अद्योद्भिन्नज्ञानज्योतिः आत्मानमेवात्मनोऽनादिजनकमुपसर्पति । अहो इदंजनशरीररमण्या आत्मन्, अस्य जनस्यात्मानं न त्वं रमयसीति निश्चयेन त्वं जानीहि; तत इममात्मानं विमुञ्च; अयमात्मा अद्योद्भिन्नज्ञानज्योतिः स्वानुभूतिमेवात्मनोऽनादिरमणीमुपसर्पति । अहो इदंजनशरीरपुत्रस्यात्मन्, अस्य जनस्यात्मनो न त्वं जन्यो भवसीति निश्चयेन त्वं जानीहि; तत इममात्मानं विमुञ्च; अयमात्मा अद्योद्भिन्नज्ञानज्योतिः आत्मानमेवात्मनोऽनादिजन्यमुपसर्पति । एवं गुरुकलत्रपुत्रेभ्य

---

यद्व्याख्यानं तिष्ठति तन्मनसि धृत्वा पूर्वं किं कृत्वा श्रमणो भविष्यतीति व्याख्याति—**आपिच्छ** आपृच्छ्य पृष्ट्वा । कम् । **बंधुवग्गं** बन्धुवर्गं गोत्रम् । ततः कथंभूतो भवति । **विमोचिदो** विमोचितस्त्यक्तो भवति । कैः कर्तृभूतैः । **गुरुकलत्तपुत्तेहिं** पितृमातृकलत्रपुत्रैः । पुनरपि किं कृत्वा श्रमणो भविष्यति । **आसिज्ज** आसाद्य आश्रित्य । कम् । **णाणदंसणचरित्ततववीरियायारं** ज्ञानदर्शनचारित्रतपोवीर्याचारमिति । अथ विस्तरः—अहो बन्धुवर्गपितृमातृकलत्रपुत्राः, अयं मदीयात्मा सांप्रतमुद्भिन्नपरमविवेकज्योतिस्सन् स्वकीयचिदानन्दैकस्वभावं परमात्मानमेव निश्चयनयेनानादिबन्धुवर्गं पितरं मातरं कलत्रं पुत्रं चाश्रयति, तेन कारणेन मां मुञ्चत यूयमिति क्षमितव्यं करोति । ततश्च किं करोति ।

---

હું તમારી વિદાય લઉં છું. જેને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે એવો આ આત્મા આજે આત્મારૂપી જે પોતાનો અનાદિ બંધુ તેની પાસે જાય છે.

અહો આ પુરુષના શરીરના [1]જનકના આત્મા! અહો આ પુરુષના શરીરની જનનીના આત્મા! આ પુરુષનો આત્મા તમારાથી જનિત નથી એમ નિશ્ચયથી તમે જાણો. તેથી આ આત્માને તમે છોડો. જેને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે એવો આ આત્મા આજે આત્મારૂપી જે પોતાનો અનાદિ જનક તેની પાસે જાય છે. અહો આ પુરુષના શરીરની રમણીના આત્મા! આ પુરુષના આત્માને તું રમાડતો નથી એમ નિશ્ચયથી તું જાણ. તેથી આ આત્માને તું છોડ. જેને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે એવો આ આત્મા આજે સ્વાનુભૂતિરૂપી જે પોતાની અનાદિ રમણી તેની પાસે જાય છે. અહો આ પુરુષના શરીરના પુત્રના આત્મા! આ પુરુષના આત્માનો તું [2]જન્ય નથી એમ નિશ્ચયથી તું જાણ. તેથી આ આત્માને તું છોડ. જેને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે એવો આ આત્મા આજે આત્મારૂપી જે પોતાનો અનાદિ [2]જન્ય તેની પાસે જાય છે.—આ રીતે વડીલો, સ્ત્રી અને પુત્રથી પોતાને છોડાવે છે.

(અહીં એમ સમજવું કે, જે કોઈ જીવ મુનિ થવા ઇચ્છે છે, તે કુટુંબથી સર્વ પ્રકારે વિરક્ત જ હોય છે તેથી કુટુંબની સંમતિથી જ મુનિ થવાનો નિયમ નથી. એમ

---

૧. જનક = પિતા

૨. જન્ય = જન્મવાયોગ્ય; ઉત્પન્ન થવા યોગ્ય; સંતાન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आत्मानं विमोचयति। तथा अहो कालविनयोपधानबहुमानानिह्नवार्थव्यञ्जनतदुभयसम्पन्नत्वलक्षणज्ञानाचार, न शुद्धस्यात्मनस्त्वमसीति निश्चयेन जानामि, तथापि त्वां तावदासीदामि यावत्त्वत्प्रसादात् शुद्धमात्मानमुपलभे। अहो निःशङ्कितत्वनिःकाङ्क्षितत्वनिर्विचिकित्सत्वनिर्मूढदृष्टित्वोपबृंहणस्थितिकरणवात्सल्यप्रभावनालक्षणदर्शनाचार, न शुद्धस्यात्मनस्त्वमसीति निश्चयेन जानामि, तथापि त्वां तावदासीदामि यावत् त्वत्प्रसादात् शुद्धमात्मानमुपलभे। अहो मोक्षमार्गप्रवृत्तिकारणपञ्चमहाव्रतोपेतकायवाङ्मनोगुप्तीर्याभाषैषणादाननिक्षेपणप्रतिष्ठापनसमितिलक्षणचारित्राचार, न शुद्धस्यात्मनस्त्वमसीति निश्चयेन जानामि, तथापि त्वां तावदासीदामि यावत्त्वत्प्रसादात् शुद्धमात्मानमुपलभे। अहो अनशनावमौदर्यवृत्तिपरिसंख्यानरसपरित्यागविविक्तशय्यासनकायक्लेशप्रायश्चित्तविनयवैयावृत्त्यस्वाध्यायध्यानव्युत्सर्गलक्षणतप-

---

परमचैतन्यमात्रनिजात्मतत्त्वसर्वप्रकारोपादेयरुचिपरिच्छित्तिनिश्चलानुभूतिसमस्तपरद्रव्येच्छानिवृत्तिलक्षणतपश्चरणस्वशक्त्यनवगूहनवीर्याचाररूपं निश्चयपञ्चाचारमाचारादिचरणग्रन्थकथिततत्साधकव्यवहारपञ्चाचारं चाश्रयतीत्यर्थः। अत्र यद्गोत्रादिभिः सह क्षमितव्यव्याख्यानं कृतं तदत्रातिप्रसंगनिषेधार्थम्। तत्र नियमो नास्ति। कथमिति चेत्। पूर्वकाले प्रचुरेण भरतसगररामपाण्डवादयो राजान एव जिनदीक्षां गृह्णन्ति, तत्परिवारमध्ये यदा कोऽपि मिथ्यादृष्टिर्भवति तदा धर्मस्योपसर्गं करोतीति। यदि पुनः कोऽपि

---

કુટુંબના ભરોસે રહેવાથી તો, જો કુટુંબ કોઈ રીતે સંમતિ ન જ આપે તો મુનિ જ ન થઈ શકાય. આમ કુટુંબને રાજી કરીને જ મુનિપણું ધારણ કરવાનો નિયમ નહિ હોવા છતાં, કેટલાક જીવોને મુનિ થતાં પહેલાં વૈરાગ્યના કારણે કુટુંબને સમજાવવાની ભાવનાથી પૂર્વોક્ત પ્રકારનાં વચનો નીકળે છે. એવાં વૈરાગ્યનાં વચનો સાંભળી, કુટુંબમાં કોઈ અલ્પસંસારી જીવ હોય તો તે પણ વૈરાગ્યને પામે છે.)

(હવે નીચે પ્રમાણે પંચાચારને અંગીકાર કરે છેઃ)

(જેવી રીતે બંધુવર્ગની વિદાય લીધી, વડીલો, સ્ત્રી અને પુત્રથી પોતાને છોડાવ્યો,) તેવી રીતે—અહો કાળ, વિનય, ઉપધાન, બહુમાન, અનિહ્નવ, અર્થ, વ્યંજન અને તદુભયસંપન્ન જ્ઞાનાચાર! શુદ્ધ આત્માનો તું નથી એમ નિશ્ચયથી હું જાણું છું, તોપણ ત્યાં સુધી તને અંગીકાર કરું છું કે જ્યાં સુધીમાં તારા પ્રસાદથી શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરું. અહો નિઃશંકિતત્વ, નિઃકાંક્ષિતત્વ, નિર્વિચિકિત્સત્વ, નિર્મૂઢદ્રષ્ટિત્વ, ઉપબૃંહણ, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવનાસ્વરૂપ દર્શનાચાર! શુદ્ધ આત્માનો તું નથી એમ નિશ્ચયથી હું જાણું છું, તોપણ ત્યાં સુધી તને અંગીકાર કરું છું કે જ્યાં સુધીમાં તારા પ્રસાદથી શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરું. અહો મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિના કારણભૂત, પંચમહાવ્રત સહિત કાય-વચન-મનગુપ્તિ અને ઈર્યા-ભાષા-એષણા-આદાનનિક્ષેપણ-પ્રતિષ્ઠાપનસમિતિસ્વરૂપ ચારિત્રાચાર! શુદ્ધ આત્માનો તું નથી એમ નિશ્ચયથી હું જાણું છું, તોપણ ત્યાં સુધી તને અંગીકાર કરું છું કે જ્યાં સુધીમાં તારા પ્રસાદથી શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરું. અહો અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્ત શય્યાસન, કાયક્લેશ, પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आचार, न शुद्धस्यात्मनस्त्वमसीति निश्चयेन जानामि, तथापि त्वां तावदासीदामि यावत् त्वत्प्रसादात् शुद्धमात्मानमुपलभे । अहो समस्तेतराचारप्रवर्तकस्वशक्त्यनिगूहनलक्षणवीर्याचार, न शुद्धस्यात्मनस्त्वमसीति निश्चयेन जानामि, तथापि त्वां तावदासीदामि यावत्त्वत्प्रसादात् शुद्धमात्मानमुपलभे । एवं ज्ञानदर्शनचारित्रतपोवीर्याचारमासीदति च ॥ २०२ ॥

---

मन्यते गोत्रसम्मतं कृत्वा पश्चात्तपश्चरणं करोमि तस्य प्रचुरेण तपश्चरणमेव नास्ति, कथमपि तपश्चरणे गृहीतेऽपि यदि गोत्रादिममत्वं करोति तदा तपोधन एव न भवति । तथाचोक्तम्—"जो सकलणयर-रज्जं पुव्वं चइऊण कुणइ य ममत्तिं । सो णवरि लिंगधारी संजमसारेण णिस्सारो" ॥ २०२ ॥ अथ जिनदीक्षार्थी भव्यो जैनाचार्यमाश्रयति—**समणं** निन्दाप्रशंसादिसमचित्तत्वेन पूर्वसूत्रोदितनिश्चय-व्यवहारपञ्चाचारस्याचरणाचारणप्रवीणत्वात् श्रमणम् । **गुणड्ढं** चतुरशीतिलक्षगुणाष्टादशसहस्रशीलसहकारि-कारणोत्तमनिजशुद्धात्मानुभूतिगुणेनाढ्यं भृतं परिपूर्णत्वाद्गुणाढ्यम् । **कुलरूववयोविसिट्ठं** लोकदुगुंच्छा-

---

સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગસ્વરૂપ તપાચાર! શુદ્ધ આત્માનો તું નથી એમ નિશ્ચયથી હું જાણું છું, તોપણ ત્યાં સુધી તને અંગીકાર કરું છું કે જ્યાં સુધીમાં તારા પ્રસાદથી શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરું. અહો સમસ્ત *ઇતર આચારમાં પ્રવર્તાવનારી સ્વશક્તિના અગોપન-સ્વરૂપ વીર્યાચાર! શુદ્ધ આત્માનો તું નથી એમ નિશ્ચયથી હું જાણું છું, તોપણ ત્યાં સુધી તને અંગીકાર કરું છું કે જ્યાં સુધીમાં તારા પ્રસાદથી શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરું.—આ રીતે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર તથા વીર્યાચારને અંગીકાર કરે છે.

(સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના સ્વરૂપને જાણે છે—અનુભવે છે, અન્ય સમસ્ત વ્યવહાર-ભાવોથી પોતાને ભિન્ન જાણે છે. જ્યારથી તેને સ્વ-પરના વિવેકરૂપ ભેદવિજ્ઞાન પ્રગટ થયું હતું ત્યારથી જ તે સકલ વિભાવભાવોનો ત્યાગ કરી ચૂક્યો છે અને ત્યારથી જ એણે ટંકોત્કીર્ણ નિજભાવ અંગીકાર કર્યો છે. તેથી તેને નથી કાંઈ ત્યાગવાનું રહ્યું કે નથી કાંઈ ગ્રહવાનું—અંગીકાર કરવાનું રહ્યું. સ્વભાવદૃષ્ટિની અપેક્ષાએ આમ હોવા છતાં, પર્યાયમાં તે પૂર્વબદ્ધ કર્મોના ઉદયના નિમિત્તે અનેક પ્રકારના વિભાવભાવોરૂપે પરિણમે છે. એ વિભાવપરિણતિ નહિ છૂટતી દેખીને તે આકુળવ્યાકુળ પણ થતો નથી તેમ જ સમસ્ત વિભાવપરિણતિને ટાળવાનો પુરુષાર્થ કર્યા વિના પણ રહેતો નથી. સકલ વિભાવપરિણતિ રહિત સ્વભાવદૃષ્ટિના જોરરૂપ પુરુષાર્થથી ગુણસ્થાનોની પરિપાટીના સામાન્ય ક્રમ અનુસાર તેને પહેલાં અશુભ પરિણતિની હાનિ થાય છે અને પછી ધીમે ધીમે શુભ પરિણતિ પણ છૂટતી જાય છે. આમ હોવાથી તે શુભ રાગના ઉદયની ભૂમિકામાં ગૃહવાસનો અને કુટુંબનો ત્યાગી થઈ વ્યવહારરત્નત્રયરૂપ પંચાચારોને અંગીકાર કરે છે. જોકે જ્ઞાનભાવથી તે સમસ્ત શુભાશુભ ક્રિયાઓનો ત્યાગી છે તોપણ પર્યાયમાં શુભ રાગ નહિ છૂટતો હોવાથી તે પૂર્વોક્ત રીતે પંચાચારને ગ્રહણ કરે છે.) ૨૦૨.

---

* ઇતર = અન્ય; વીર્યાચાર સિવાયના બીજા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथातः कीदृशो भवतीत्युपदिशति—

**समणं गणिं गुणड्ढं कुलरूववयोविसिट्ठमिट्ठदरं ।**
**समणेहिं तं पि पणदो पडिच्छ मं चेदि अणुगहिदो ॥२०३॥**

**श्रमणं गणिनं गुणाढ्यं कुलरूपवयोविशिष्टमिष्टतरम् ।**
**श्रमणैस्तमपि प्रणतः प्रतीच्छ मां चेत्यनुगृहीतः ॥ २०३ ॥**

ततो हि श्रामण्यार्थी प्रणतोऽनुगृहीतश्च भवति । तथाहि—आचरिताचारितसमस्त-विरतिप्रवृत्तिसमानात्मरूपश्रामण्यत्वात् श्रमणं, एवंविधश्रामण्याचरणाचारणप्रवीणत्वात् गुणाढ्यं, सकललौकिकजननिःशङ्कसेवनीयत्वात् कुलक्रमागतक्रौर्यादिदोषवर्जितत्वाच्च कुलविशिष्टं, अन्त-

---

रहितत्वेन जिनदीक्षायोग्यं कुलं भण्यते । अन्तरङ्गशुद्धात्मानुभूतिज्ञापकं निर्ग्रन्थनिर्विकारं रूपमुच्यते । शुद्धात्मसंवित्तिविनाशकारिवृद्धबाल्ययौवनोद्रेकजनितबुद्धिवैकल्यरहितं वयश्चेति । तैः कुलरूपवयोभिर्विशिष्टत्वात् कुलरूपवयोविशिष्टम् । **इट्ठदरं** इष्टतरं सम्मतम् । कैः । **समणेहिं** निजपरमात्मतत्त्वभावनासहितसमचित्त-श्रमणैरन्याचार्यैः । **गणिं** एवंविधगुणविशिष्टं परमात्मभावनासाधकदीक्षादायकमाचार्यम् । **तं पि पणदो** न केवलं तमाचार्यमाश्रितो भवति, प्रणतोऽपि भवति । केन रूपेण । **पडिच्छ मं** हे भगवन्, अनन्त-ज्ञानादिजिनगुणसंपत्तिकारणभूताया अनादिकालेऽत्यन्तदुर्लभाया भावसहितजिनदीक्षायाः प्रदानेन प्रसादेन

---

પછી તે કેવો થાય છે તે હવે ઉપદેશે છે:—

**‘મુજને ગ્રહો’ કહી, પ્રણત થઈ, અનુગૃહીત થાય ગણી વડે,**
**—વયરૂપકુલવિશિષ્ટ, યોગી, ગુણાઢ્ય ને મુનિ-ઇષ્ટ જે. ૨૦૩.**

**અન્વયાર્થ:**—[ श्रमणं ] જે શ્રમણ છે, [ गुणाढ्यं ] ગુણાઢ્ય છે, [ कुलरूपवयोविशिष्टं ] કુળ, રૂપ તથા વયથી વિશિષ્ટ છે અને [ श्रमणैः इष्टतरं ] શ્રમણોને અતિ ઇષ્ટ છે [ तम् अपि गणिनं ] એવા ગણીને [ माम् प्रतीच्छ इति ] ‘મારો સ્વીકાર કરો’ એમ કહીને [ प्रणतः ] પ્રણત થાય છે (–પ્રણામ કરે છે) [ च ] અને [ अनुगृहीतः ] અનુગૃહીત થાય છે.

**ટીકા:**—પછી શ્રામણ્યાર્થી પ્રણત અને અનુગૃહીત થાય છે. તે આ પ્રમાણે: આચરવામાં અને અચરાવવામાં આવતી સમસ્ત વિરતિની પ્રવૃત્તિના [1]સમાન આત્મરૂપ—એવા શ્રામણ્ય-પણાને લીધે જે ‘શ્રમણ’ છે, એવું શ્રામણ્ય આચરવામાં અને અચરાવવામાં પ્રવીણ હોવાને લીધે જે [2]‘ગુણાઢ્ય’ છે, સર્વ લૌકિક જનોથી નિઃશંકપણે સેવવાયોગ્ય હોવાને લીધે અને કુળક્રમાગત (કુળના ક્રમે ઊતરી આવતા) ક્રૂરતાદિ દોષોથી રહિત હોવાને લીધે જે

---

૧. સમાન = તુલ્ય; બરોબર; સરખું; મળતું. [ વિરતિની પ્રવૃત્તિને તુલ્ય આત્માનું રૂપ અર્થાત્ વિરતિની પ્રવૃત્તિને મળતી–સરખી–આત્મદશા તે શ્રામણ્ય છે. ]

૨. ગુણાઢ્ય = ગુણથી સમૃદ્ધ; ગુણથી ભરપૂર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



रङ्गशुद्धरूपानुमापकबहिरङ्गशुद्धरूपत्वात् रूपविशिष्टं, शैशववार्धक्यकृतबुद्धिविक्लवत्वाभावाद्यौवनोद्रेकविक्रियाविविक्तबुद्धित्वाच्च वयोविशिष्टं, निःशेषितयथोक्तश्रामण्याचरणाचारणविषयपौरुषेयदोषत्वेन मुमुक्षुभिरभ्युपगततरत्वात् श्रमणैरिष्टतरं च गणिनं शुद्धात्मतत्त्वोपलम्भसाधकमाचार्यं शुद्धात्मतत्त्वोपलम्भसिद्धया मामनुगृहाणेत्युपसर्पन् प्रणतो भवति । एवमियं ते शुद्धात्मतत्त्वोपलम्भसिद्धिरिति तेन प्रार्थितार्थेन संयुज्यमानोऽनुगृहीतो भवति ॥ २०३ ॥

अथातोऽपि कीदृशो भवतीत्युपदिशति--

**णाहं होमि परेसिं ण मे परे णत्थि मज्झमिह किंचि ।**
**इदि णिच्छिदो जिदिंदो जादो जधजादरूवधरो ॥२०४॥**

---

मां प्रतीच्छ स्वीकुरु । चेदि अणुगहिदो न केवलं प्रणतो भवति, तेनाचार्येणानुगृहीतः स्वीकृतश्च भवति । हे भव्य, निस्सारसंसारे दुर्लभबोधिं प्राप्य निजशुद्धात्मभावनारूपया निश्चयचतुर्विधाराधनया मनुष्यजन्म सफलं कुर्वित्यनेन प्रकारेणानुगृहीतो भवतीत्यर्थः ॥ २०३ ॥ अथ गुरुणा स्वीकृतः सन् कीदृशो भवतीत्युपदिशति—णाहं होमि परेसिं नाहं भवामि परेषाम् । निजशुद्धात्मनः सकाशात्परेषां

---

'કુળવિશિષ્ટ' છે, અંતરંગ શુદ્ધ રૂપનું અનુમાન કરાવનારું બહિરંગ શુદ્ધ રૂપ હોવાને લીધે જે 'રૂપવિશિષ્ટ' છે, બાળપણાથી અને વૃદ્ધપણાથી થતી [1]બુદ્ધિવિક્લવતાનો અભાવ હોવાને લીધે તથા [2]યૌવનોદ્રેકની વિક્રિયા વિનાની બુદ્ધિ હોવાને લીધે જે 'વયવિશિષ્ટ' છે અને યથોક્ત શ્રામણ્ય આચરવા અને આચરાવવા સંબંધી [3]પૌરુષેય દોષોને નિઃશેષપણે નષ્ટ કર્યા હોવાથી મુમુક્ષુઓ વડે (પ્રાયશ્ચિત્તાદિ માટે) જેમનો બહુ આશ્રય લેવાતો હોવાને લીધે જે 'શ્રમણોને અતિ ઇષ્ટ' છે, એવા ગણીની પાસે—શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિના સાધક આચાર્યની પાસે—'શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ સિદ્ધિથી મને અનુગૃહીત કરો' એમ કહીને (શ્રામણ્યાર્થી) જતો થકો પ્રણત થાય છે. 'આ પ્રમાણે આ તને શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ સિદ્ધિ' એમ (કહીને) તે ગણી વડે (તે શ્રામણ્યાર્થી) [4]પ્રાર્થિત અર્થથી સંયુક્ત કરાતો થકો અનુગૃહીત થાય છે. ૨૦૩.

વળી ત્યાર પછી તે કેવો થાય છે તે હવે ઉપદેશે છે:—

**પરનો ન હું, પર છે ન મુજ, મારું નથી કંઈ પણ જગે,**
**—એ રીત નિશ્ચિત ને જિતેંદ્રિય સાહજિકરૂપધર બને. ૨૦૪.**

---

૧. વિક્લવતા = અસ્થિરતા; વિકળતા.
૨. યૌવનોદ્રેક = યૌવનનો ઉદ્રેક; જુવાનીની અતિશયતા.
૩. પૌરુષેય = મનુષ્યને સંભવતા
૪. પ્રાર્થિત અર્થ = અરજ કરીને માગેલી વસ્તુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



नाहं भवामि परेषां न मे परे नास्ति ममेह किञ्चित् ।
इति निश्चितो जितेन्द्रियः जातो यथाजातरूपधरः ॥ २०४॥

ततोऽपि श्रामण्यार्थी यथाजातरूपधरो भवति । तथाहि—अहं तावन्न किञ्चिदपि परेषां भवामि, परेऽपि न किञ्चिदपि मम भवन्ति, सर्वद्रव्याणां परैः सह तत्त्वतः समस्तसम्बन्धशून्यत्वात् । तदिह षड्द्रव्यात्मके लोके न मम किञ्चिदप्यात्मनोऽन्यदस्तीति निश्चितमतिः परद्रव्यस्वस्वामिसम्बन्धनिबन्धनानामिन्द्रियनोइन्द्रियाणां जयेन जितेन्द्रियश्च सन् धृतयथानिष्पन्नात्मद्रव्यशुद्धरूपत्वेन यथाजातरूपधरो भवति ॥ २०४ ॥

---

भिन्नद्रव्याणां संबन्धी न भवाम्यहम् । ण मे परे न मे संबन्धीनि परद्रव्याणि । णत्थि मज्झमिह किंचि नास्ति ममेह किंचित् । इह जगति निजशुद्धात्मनो भिन्नं किंचिदपि परद्रव्यं मम नास्ति । इदि णिच्छिदो इति निश्चितमतिर्जातः । जिदिंदो जादो इन्द्रियमनोजनितविकल्पजालरहितानन्तज्ञानादिगुणस्वरूपनिजपरमात्मद्रव्याद्विपरीतेन्द्रियनोइन्द्रियाणां जयेन जितेन्द्रियश्च संजातः सन् जधजादरूवधरो यथाजातरूपधरः, व्यवहारेण नग्नत्वं यथाजातरूपं, निश्चयेन तु स्वात्मरूपं, तदित्थंभूतं यथाजातरूपं धरतीति यथाजातरूपधरः निर्ग्रन्थो जात इत्यर्थः ॥ २०४ ॥ अथ तस्य पूर्वसूत्रोदितयथाजातरूपधरस्य निर्ग्रन्थस्यानादिकालदुर्लभायाः स्वात्मोपलब्धिलक्षणसिद्धेर्गमकं चिह्नं बाह्याभ्यन्तरलिङ्गद्वयमादिशति— जधजादरूवजादं पूर्वसूत्रोक्तलक्षणयथाजातरूपेण निर्ग्रन्थत्वेन जातमुत्पन्नं यथाजातरूपजातम् । उप्पाडिद-

---

અન્વયાર્થઃ—[ अहं ] હું [ परेषां ] પરનો [ न भवामि ] નથી, [ परे मे न ] પર મારાં નથી, [ इह ] આ લોકમાં [ मम ] મારું [ किञ्चित् ] કાંઈ પણ [ न अस्ति ] નથી —[ इति निश्चितः ] આવા નિશ્ચયવાળો અને [ जितेन्द्रियः ] જિતેંદ્રિય વર્તતો થકો તે [ यथाजातरूपधरः ] યથાજાતરૂપધર (સહજરૂપધારી) [ जातः ] થાય છે.

ટીકાઃ—વળી ત્યાર પછી શ્રામણ્યાર્થી [1]યથાજાતરૂપધર થાય છે. તે આ પ્રમાણેઃ 'પ્રથમ તો હું જરાય પરનો નથી, પર પણ જરાય મારાં નથી, કારણ કે સર્વ દ્રવ્યો [2]તત્ત્વતઃ પર સાથે સમસ્ત સંબંધ રહિત છે; તેથી આ ષટ્દ્રવ્યાત્મક લોકમાં આત્માથી અન્ય એવું કાંઈ પણ મારું નથી;'—આમ નિશ્ચિત મતિવાળો (વર્તતો થકો) અને પરદ્રવ્યો સાથે સ્વ-સ્વામિસંબંધ જેમનો આધાર છે એવી ઇંદ્રિયો અને નોઇંદ્રિયના જય વડે જિતેંદ્રિય વર્તતો થકો તે (શ્રામણ્યાર્થી) આત્મદ્રવ્યનું [3]યથાનિષ્પન્ન શુદ્ધ રૂપ ધારણ કરવાથી યથાજાતરૂપધર થાય છે. ૨૦૪.

---

૧. યથાજાતરૂપધર = (આત્માનું) જેવું મૂળભૂત છે તેવું (–સહજ, સ્વાભાવિક) રૂપ ધારણ કરનાર
૨. તત્ત્વતઃ = ખરી રીતે; તત્ત્વની દૃષ્ટિએ; પરમાર્થે.
૩. યથાનિષ્પન્ન = જેવું બનેલું છે તેવું; જેવું મૂળભૂત છે તેવું; સહજ; સ્વાભાવિક.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथैतस्य यथाजातरूपधरत्वस्यासंसारानभ्यस्तत्वेनात्यन्तमप्रसिद्धस्याभिनवाभ्यासकौशलोपलभ्यमानायाः सिद्धेर्गमकं बहिरङ्गान्तरङ्गलिङ्गद्वैतमुपदिशति—

जधजादरूवजादं उप्पाडिदकेसमंसुगं सुद्धं ।
रहिदं हिंसादीदो अप्पडिकम्मं हवदि लिंगं ॥२०५॥
मुच्छारंभविजुत्तं जुत्तं उवजोगजोगसुद्धीहिं ।
लिंगं ण परावेक्खं अपुणब्भवकारणं जेण्हं ॥२०६॥ [जुगलं]

यथाजातरूपजातमुत्पाटितकेशश्मश्रुकं शुद्धम् ।
रहितं हिंसादितोऽप्रतिकर्म भवति लिङ्गम् ॥२०५॥
मूर्च्छारम्भवियुक्तं युक्तमुपयोगयोगशुद्धिभ्याम् ।
लिङ्गं न परापेक्षमपुनर्भवकारणं जैनम् ॥२०६॥ [युगलम्]

---

**केसमंसुगं** केशश्मश्रुसंस्कारोत्पन्नरागादिदोषवर्जनार्थमुत्पाटितकेशश्मश्रुत्वादुत्पाटितकेशश्मश्रुकम् । **सुद्धं** निरवद्यचैतन्यचमत्कारविसद्दशेन सर्वसावद्ययोगेन रहितत्वाच्छुद्धम् । **रहिदं हिंसादीदो** शुद्धचैतन्यरूपनिश्चयप्राणहिंसाकारणभूताया रागादिपरिणतिलक्षणनिश्चयहिंसाया अभावात् हिंसादिरहितम् । **अप्पडिकम्मं हवदि** परमोपेक्षासंयमबलेन देहप्रतिकाररहितत्वादप्रतिकर्म भवति । किम् । **लिंगं** एवं पञ्चविशेषण-

---

હવે, અનાદિ સંસારથી [૧]અનભ્યસ્ત હોવાથી જે અત્યંત અપ્રસિદ્ધ છે એવા આ યથાજાતરૂપધરપણાનાં બહિરંગ અને અંતરંગ બે લિંગોનો—કે જેઓ [૨]અભિનવ અભ્યાસમાં કુશળતા વડે ઉપલબ્ધ થતી સિદ્ધિનાં સૂચક છે તેમનો—ઉપદેશ કરે છેઃ—

જન્મ્યા પ્રમાણે રૂપ, લુંચન કેશનું, શુદ્ધત્વ ને
હિંસાદિથી શૂન્યત્વ, દેહ-અસંસ્કરણ—એ લિંગ છે. ૨૦૫.
આરંભમૂર્છાશૂન્યતા, ઉપયોગયોગવિશુદ્ધતા,
નિરપેક્ષતા પરથી,—જિનોદિત મોક્ષકારણ લિંગ આ. ૨૦૬.

**અન્વયાર્થઃ**—[यथाजातरूपजातम्] જન્મસમયના રૂપ જેવા રૂપવાળું, [उत्पाटितकेशश्मश्रुकं] માથાના અને દાઢીમૂછના વાળનો લોચ કરાયેલું, [शुद्धं] શુદ્ધ (અકિંચન), [हिंसादितः रहितम्] હિંસાદિથી રહિત અને [अप्रतिकर्म] પ્રતિકર્મ (શરીરની સજાવટ) વિનાનું—[लिंगं भवति] એવું (શ્રામણ્યનું બહિરંગ) લિંગ છે.

---

૧. અનભ્યસ્ત = નહિ અભ્યાસેલું

૨. અભિનવ = તદ્દન નવા. [યથાજાતરૂપધરપણાના તદ્દન નવા અભ્યાસમાં પ્રવીણતા વડે શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आत्मनो हि तावदात्मना यथोदितक्रमेण यथाजातरूपधरस्य जातस्यायथाजातरूपधरत्वप्रत्ययानां मोहरागद्वेषादिभावानां भवत्येवाभावः, तदभावात्तु तद्भावभाविनो निवसनभूषणधारणस्य मूर्धजव्यञ्जनपालनस्य सकिञ्चनत्वस्य सावद्ययोगयुक्तत्वस्य शरीरसंस्कारकरणत्वस्य चाभावाद्यथाजातरूपत्वमुत्पाटितकेशश्मश्रुत्वं शुद्धत्वं हिंसादिरहितत्वमप्रतिकर्मत्वं च भवत्येव, तदेतद्बहिरङ्गं लिङ्गम् । तथात्मनो यथाजातरूपधरत्वापसारितायथाजातरूपधरत्वप्रत्ययमोहरागद्वेषादिभावानामभावादेव तद्भावभाविनो ममत्वकर्मप्रक्रमपरिणामस्य शुभाशुभोप-

---

विशिष्टं लिङ्गं द्रव्यलिङ्गं ज्ञातव्यमिति प्रथमगाथा गता ॥ **मुच्छारंभविमुक्कं** परद्रव्यकाङ्क्षारहितनिर्मोहपरमात्मज्योतिर्विलक्षणा बाह्यद्रव्ये ममत्वबुद्धिर्मूर्च्छा भण्यते, मनोवाक्कायव्यापाररहितचिच्चमत्कारप्रतिपक्षभूत आरम्भो व्यापारस्ताभ्यां मूर्च्छारम्भाभ्यां विमुक्तं मूर्च्छारम्भविमुक्तम् । **जुत्तं उवजोगजोगसुद्धीहिं** निर्विकारस्वसंवेदनलक्षण उपयोगः, निर्विकल्पसमाधिर्योगः, तयोरुपयोगयोगयोः शुद्धिरुपयोगयोगशुद्धिस्तया युक्तम् । **ण परावेक्खं** निर्मलानुभूतिपरिणतेः परस्य परद्रव्यस्यापेक्षया रहितं, न परापेक्षम् । **अपुणब्भवकारणं** पुनर्भवविनाशकशुद्धात्मपरिणामाविपरीतापुनर्भवस्य मोक्षस्य कारणमपुनर्भवकारणम् । **जेण्हं** जिनस्य संबन्धीदं जिनेन प्रोक्तं वा जैनम् । एवं पञ्चविशेषणविशिष्टं भवति । किंम् । लिंगं

---

[मूर्च्छारम्भवियुक्तम्] મૂર્છા (મમત્વ) અને આરંભ રહિત, [उपयोगयोगशुद्धिभ्यां युक्तं] ઉપયોગની અને યોગની શુદ્ધિથી યુક્ત તથા [न परापेक्षं] પરની અપેક્ષા વિનાનું —એવું [जैनं] જિનદેવે કહેલું [लिङ्गम्] (શ્રામણ્યનું અંતરંગ) લિંગ છે [अपुनर्भवकारणम्] કે જે મોક્ષનું કારણ છે.

**ટીકાઃ—**પ્રથમ તો પોતાથી યથોક્ત ક્રમ વડે [૧]યથાજાતરૂપધર થયેલા આત્માને [૨]અયથાજાતરૂપધરપણાનાં કારણભૂત મોહરાગદ્વેષાદિભાવોનો અભાવ હોય જ છે; અને તેમના અભાવને લીધે, તેમના સદ્ભાવમાં હોય છે એવાં જે (૧) વસ્ત્રાભૂષણનું ધારણ, (૨) માથાના અને દાઢીમૂછના વાળનું રક્ષણ, (૩) *સકિંચનપણું, (૪) સાવદ્યયોગથી યુક્તપણું તથા (૫) શરીરસંસ્કારનું કરવું, તેમનો (એ પાંચનો) અભાવ હોય છે; તેથી (તે આત્માને) (૧) જન્મસમયના રૂપ જેવું રૂપ, (૨) માથાના અને દાઢીમૂછના વાળનું લુંચિતપણું, (૩) શુદ્ધપણું, (૪) હિંસાદિરહિતપણું તથા (૫) અપ્રતિકર્મપણું (શરીરની સજાવટનો અભાવ) હોય જ છે. માટે આ બહિરંગ લિંગ છે.

વળી આત્માને યથાજાતરૂપધરપણાથી દૂર કરવામાં આવેલું જે અયથાજાતરૂપધરપણું તેનાં કારણભૂત મોહરાગદ્વેષાદિભાવોનો અભાવ હોવાને લીધે જ, તેમના સદ્ભાવમાં હોય

---

૧. યથાજાતરૂપધર = (આત્માનું) સહજ રૂપ ધરનાર
૨. અયથાજાતરૂપધર = (આત્માનું) અસહજ રૂપ ધરનાર
* સકિંચન = જેની પાસે કાંઈ પણ (પરિગ્રહ) હોય એવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



रक्तोपयोगतत्पूर्वकतथाविधयोगाशुद्धियुक्तत्वस्य परद्रव्यसापेक्षत्वस्य चाभावान्मूर्च्छारम्भवियुक्तत्वमुपयोगयोगशुद्धियुक्तत्वमपरापेक्षत्वं च भवत्येव, तदेतदन्तरङ्गं लिङ्गम् ॥ २०५ । २०६ ॥

अथैतदुभयलिङ्गमादायैतदेतत्कृत्वा च श्रमणो भवतीति भवतिक्रियायां बन्धुवर्गप्रच्छनक्रियादिशेषसकलक्रियाणां चैककर्तृकत्वमुद्योतयन्नियता श्रामण्यप्रतिपत्तिर्भवतीत्युपदिशति—

**आदाय तं पि लिंगं गुरुणा परमेण तं णमंसित्ता ।**
**सोच्चा सवदं किरियं उवट्ठिदो होदि सो समणो ॥२०७॥**

आदाय तदपि लिङ्गं गुरुणा परमेण तं नमस्कृत्य ।
श्रुत्वा सव्रतां क्रियामुपस्थितो भवति स श्रमणः ॥ २०७ ॥

---

भावलिङ्गमिति । इति द्रव्यलिङ्गभावलिङ्गस्वरूपं ज्ञातव्यम् ॥ २०५ । २०६ ॥ अथैतल्लिङ्गद्वैतमादाय पूर्वं भाविनैगमनयेन यदुक्तं पञ्चाचारस्वरूपं तदिदानीं स्वीकृत्य तदाधारेणोपस्थितः स्वस्थो भूत्वा श्रमणो भवतीत्याख्याति—**आदाय तं पि लिंगं** आदाय गृहीत्वा तत्पूर्वोक्तं लिङ्गद्वयमपि । कथंभूतम् । दत्तमिति क्रियाध्याहारः । केन दत्तम् । **गुरुणा परमेण** दिव्यध्वनिकाले परमागमोपदेशरूपेणार्हद्भट्टारकेण,

---

છે એવાં જે (૧) મમત્વના અને [1]કર્મપ્રક્રમના પરિણામ, (૨) શુભાશુભ ઉપરક્ત ઉપયોગ અને [2]તત્પૂર્વક તથાવિધ યોગની અશુદ્ધિથી યુક્તપણું તથા (૩) પરદ્રવ્યથી સાપેક્ષપણું, તેમનો (એ ત્રણનો) અભાવ હોય છે; તેથી (તે આત્માને) (૧) મૂર્છા અને આરંભથી રહિતપણું, (૨) ઉપયોગ અને યોગની શુદ્ધિથી યુક્તપણું તથા (૩) પરની અપેક્ષાથી રહિતપણું હોય જ છે. માટે આ અંતરંગ લિંગ છે. ૨૦૫-૨૦૬.

હવે (શ્રામણ્યાર્થી) આ બન્ને લિંગને ગ્રહીને અને આ આ (-આટલું આટલું) કરીને શ્રમણ થાય છે—એમ [3]ભવતિક્રિયાને વિષે, બંધુવર્ગની વિદાય લેવારૂપ ક્રિયાથી માંડીને બાકીની બધી ક્રિયાઓનો એક કર્તા દર્શાવતાં, આટલાથી (અર્થાત્ આટલું કરવાથી) શ્રામણ્યની પ્રાપ્તિ થાય છે એમ ઉપદેશે છે:—

ગ્રહી પરમગુરુ-દીધેલ લિંગ, નમસ્કરણ કરી તેમને,
**વ્રત ને ક્રિયા સુણી, થઈ ઉપસ્થિત, થાય છે મુનિરાજ એ. ૨૦૭.**

**અન્વયાર્થ:**—[परमेण गुरुणा] પરમ ગુરુ વડે દેવામાં આવેલાં [तद् अपि लिंगम्] તે બન્ને લિંગને [आदाय] ગ્રહીને, [तं नमस्कृत्य] તેમને નમસ્કાર કરીને, [सव्रतां क्रियां श्रुत्वा] વ્રત સહિત ક્રિયાને સાંભળીને [उपस्थितः] ઉપસ્થિત (આત્માની સમીપ સ્થિત) થયો થકો [सः] તે [श्रमणः भवति] શ્રમણ થાય છે.

---

૧. કર્મપ્રક્રમ = કામ માથે લેવું તે; કામમાં જોડાવું તે; કામની વ્યવસ્થા.

૨. તત્પૂર્વક = ઉપરક્ત (મલિન) ઉપયોગપૂર્વક

૩. ભવતિક્રિયા = થવારૂપ ક્રિયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ततोऽपि श्रमणो भवितुमिच्छन् लिङ्गद्वैतमादत्ते, गुरुं नमस्यति, व्रतक्रिये शृणोति, अथोपतिष्ठते; उपस्थितश्च पर्याप्तश्रामण्यसामग्रीकः श्रमणो भवति । तथाहि—तत इदं यथाजातरूपधरत्वस्य गमकं बहिरङ्गमन्तरङ्गमपि लिङ्गं प्रथममेव गुरुणा परमेणार्हद्भट्टारकेण तदात्वे च दीक्षाचार्येण तदादानविधानप्रतिपादकत्वेन व्यवहारतो दीयमानत्वाद्दत्तमादान-क्रियया सम्भाव्य तन्मयो भवति । ततो भाव्यभावकभावप्रवृत्तेतरेतरसंवलनप्रत्यस्तमित-स्वपरविभागत्वेन दत्तसर्वस्वमूलोत्तरपरमगुरुनमस्क्रियया सम्भाव्य भावस्तववन्दनामयो भवति । ततः सर्वसावद्ययोगप्रत्याख्यानलक्षणैकमहाव्रतश्रवणात्मना श्रुतज्ञानेन समये भवन्तमात्मानं

---

दीक्षाकाले तु दीक्षागुरुणा । लिङ्गग्रहणानन्तरं **तं णमंसित्ता** तं गुरुं नमस्कृत्य, **सोच्चा** तदनन्तरं श्रुत्वा । काम् । **किरियं** क्रियां बृहत्प्रतिक्रमणाम् । किंविशिष्टाम् । **सवदं** सव्रतां व्रतारोपणसहिताम् । **उवट्ठिदो** ततश्चोपस्थितः स्वस्थः सन् **होदि सो समणो** स पूर्वोक्तस्तपोधन इदानीं श्रमणो भवतीति । इतो विस्तरः—पूर्वोक्तलिङ्गद्वयग्रहणानन्तरं पूर्वसूत्रोक्तपञ्चाचारमाश्रयति, ततश्चानन्तज्ञानादिगुणस्मरणरूपेण भाव-नमस्कारेण तथैव तद्गुणप्रतिपादकवचनरूपेण द्रव्यनमस्कारेण च गुरुं नमस्करोति । ततः परं समस्त-शुभाशुभपरिणामनिवृत्तिरूपं स्वस्वरूपे निश्चलावस्थानं परमसामायिकव्रतमारोहति स्वीकरोति । मनोवचन-कायैः कृतकारितानुमतैश्च जगत्त्रये कालत्रयेऽपि समस्तशुभाशुभकर्मभ्यो भिन्ना निजशुद्धात्मपरिणतिलक्षणा या तु क्रिया सा निश्चयेन बृहत्प्रतिक्रमणा भण्यते । व्रतारोपणानन्तरं तां च शृणोति । ततो निर्विकल्पसमाधि-

---

ટીકાઃ—વળી ત્યાર પછી શ્રમણ થવાનો ઇચ્છક બન્ને લિંગને ગ્રહે છે, ગુરુને નમસ્કાર કરે છે, વ્રત તથા ક્રિયાને સાંભળે છે અને ઉપસ્થિત થાય છે; ઉપસ્થિત થયો થકો શ્રામણ્યની સામગ્રી [1]પર્યાપ્ત થવાને લીધે શ્રમણ થાય છે. તે આ પ્રમાણેઃ

પરમ ગુરુ—પ્રથમ જ અર્હંતભટ્ટારક અને તે વખતે (દીક્ષાકાળે) દીક્ષાચાર્ય—, આ યથાજાતરૂપધરપણાનાં સૂચક બહિરંગ તથા અંતરંગ લિંગના ગ્રહણની વિધિના પ્રતિપાદક હોવાને લીધે, વ્યવહારથી તે લિંગના દેનાર છે; એ રીતે તેમના વડે દેવામાં આવેલાં તે લિંગને ગ્રહણક્રિયા વડે સંભાવીને-સન્માનીને (શ્રામણ્યાર્થી) તન્મય થાય છે. પછી જેમણે સર્વસ્વ દીધેલું છે એવા [2]મૂળ અને ઉત્તર પરમગુરુને, [3]ભાવ્યભાવકપણાને લીધે પ્રવર્તેલા ઇતરેતર મિલનના કારણે સ્વપરનો વિભાગ જેમાંથી અસ્ત થઈ ગયો છે એવી નમસ્કારક્રિયા વડે સંભાવીને-સન્માનીને [4]ભાવસ્તુતિવંદનામય થાય છે. પછી સર્વ સાવદ્યયોગના પ્રત્યાખ્યાનસ્વરૂપ એક મહાવ્રતને સાંભળવારૂપ શ્રુતજ્ઞાન વડે સમયમાં પરિણમતા આત્માને

---

૧. પર્યાપ્ત = પૂરતી; સંપૂર્ણ.

૨. મૂળ પરમગુરુ જે અર્હંતદેવ તથા ઉત્તર પરમગુરુ જે દીક્ષાચાર્ય તેમના પ્રત્યે અત્યંત આરાધ્યભાવને લીધે આરાધ્ય એવા પરમગુરુ અને આરાધક એવા પોતાનો ભેદ અસ્ત થાય છે.

૩. ભાવ્ય અને ભાવકના અર્થ માટે ૮ મા પાનાનું પદટિપ્પણ જુઓ.

૪. ભાવસ્તુતિવંદનામય = ભાવસ્તુતિમય અને ભાવવંદનામય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जानन् सामायिकमधिरोहति । ततः प्रतिक्रमणालोचनप्रत्याख्यानलक्षणक्रियाश्रवणात्मना श्रुतज्ञानेन त्रैकालिककर्मभ्यो विविच्यमानमात्मानं जानन्नतीतप्रत्युपन्नानुपस्थितकायवाङ्मनः-कर्मविविक्तत्वमधिरोहति । ततः समस्तावद्यकर्मायतनं कायमुत्सृज्य यथाजातरूपं स्वरूप-मेकमेकाग्रेणालम्ब्य व्यवतिष्ठमान उपस्थितो भवति । उपस्थितस्तु सर्वत्र समदृष्टित्वात् साक्षाच्छ्रमणो भवति ॥ २०७ ॥

अथाविच्छिन्नसामायिकाधिरूढोऽपि श्रमणः कदाचिच्छेदोपस्थापनमर्हतीत्युपदिशति—

**वदसमिदिंदियरोधो लोचावस्सयमचेलमण्हाणं ।**
**खिदिसयणमदंतवणं ठिदिभोयणमेगभत्तं च ॥२०८॥**
**एदे खलु मूलगुणा समणाणं जिणवरेहिं पण्णत्ता ।**
**तेसु पमत्तो समणो छेदोवट्ठावगो होदि ॥२०९॥ [जुम्मं]**

---

बलेन कायमुत्सृज्योपस्थितो भवति । ततश्चैवं परिपूर्णश्रमणसामग्र्यां सत्यां परिपूर्णश्रमणो भवतीत्यर्थः ॥ २०७ ॥ एवं दीक्षाभिमुखपुरुषस्य दीक्षाविधानकथनमुख्यत्वेन प्रथमस्थले गाथासप्तकं गतम् । अथ निर्विकल्पसामायिक-

---

જાણતો થકો, [1]સામાયિકમાં આરૂઢ થાય છે. પછી [2]પ્રતિક્રમણ-આલોચના-પ્રત્યાખ્યાનસ્વરૂપ ક્રિયાને સાંભળવારૂપ શ્રુતજ્ઞાન વડે ત્રિકાળિક કર્મોથી વિવિક્ત (ભિન્ન) કરવામાં આવતા આત્માને જાણતો થકો, અતીત-વર્તમાન-અનાગત કાય-વચન-મનસંબંધી કર્મોથી વિવિક્ત-પણામાં આરૂઢ થાય છે. પછી સમસ્ત સાવદ્ય કર્મના [3]આયતનભૂત કાયનો [4]ઉત્સર્ગ કરીને યથાજાતરૂપવાળા સ્વરૂપને એકને એકાગ્રપણે અવલંબીને રહેતો થકો, ઉપસ્થિત થાય છે. અને ઉપસ્થિત થયો થકો, સર્વત્ર સમદૃષ્ટિપણાને લીધે સાક્ષાત્ શ્રમણ થાય છે. ૨૦૭.

અવિચ્છિન્ન સામાયિકમાં આરૂઢ થયો હોવા છતાં શ્રમણ કદાચિત્ છેદોપસ્થાપનને યોગ્ય છે એમ હવે ઉપદેશે છે:—

**વ્રત, સમિતિ, લુંચન, આવશ્યક, અણુચેલ, ઇંદ્રિયરોધનં,**
**નહિ સ્નાન-દાતણ, એક ભોજન, ભૂશયન, સ્થિતિભોજનં, ૨૦૮.**
**—આ મૂળગુણ શ્રમણો તણા જિનદેવથી પ્રજ્ઞપ્ત છે,**
**તેમાં પ્રમત્ત થતાં શ્રમણ છેદોપસ્થાપક થાય છે. ૨૦૯.**

---

૧. સમયમાં (આત્મદ્રવ્યમાં, નિજદ્રવ્યસ્વભાવમાં) પરિણમવું તે સામાયિક છે.
૨. અતીત-વર્તમાન-અનાગત કાય-વચન-મનસંબંધી કર્મોથી ભિન્ન નિજશુદ્ધાત્મપરિણતિ તે પ્રતિક્રમણ-આલોચના-પ્રત્યાખ્યાનસ્વરૂપ ક્રિયા છે.
૩. આયતન = સ્થાન; રહેઠાણ.
૪. કાયનો ઉત્સર્ગ કરીને = કાયાને છોડીને અર્થાત્ તેની ઉપેક્ષા કરીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**वदसमिदिंदियरोधो लोचावस्सयमचेलमण्हाणं ।**
**खिदिसयणमदंतवणं ठिदिभोयणमेगभत्तं च ॥२०८॥**
**एदे खलु मूलगुणा समणाणं जिणवरेहिं पण्णत्ता ।**
**तेसु पमत्तो समणो छेदोवट्ठावगो होदि ॥२०९॥ [ जुम्मं ]**

**व्रतसमितीन्द्रियरोधो लोचावश्यकमचेलमस्नानम् ।**
**क्षितिशयनमदन्तधावनं स्थितिभोजनमेकभक्तं च ॥२०८॥**
**एते खलु मूलगुणाः श्रमणानां जिनवरैः प्रज्ञप्ताः ।**
**तेषु प्रमत्तः श्रमणः छेदोपस्थापको भवति ॥२०९॥ [ युग्मम् ]**

सर्वसावद्ययोगप्रत्याख्यानलक्षणैकमहाव्रतव्यक्तिवशेन हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहविरत्यात्मकं पञ्चतयं व्रतं, तत्परिकरश्च पञ्चतयी समितिः पञ्चतय इन्द्रियरोधो लोचः षट्तयमावश्यकमचेलक्यमस्नानं क्षितिशयनमदन्तधावनं स्थितिभोजनमेकभक्तश्चैवं एते निर्विकल्प-

संयमे यदा च्युतो भवति तदा सविकल्पं छेदोपस्थापनचारित्रमारोहतीति प्रतिपादयति—**वदसमिदिंदियरोधो** व्रतानि च समितयश्चेन्द्रियरोधश्च व्रतसमितीन्द्रियरोधः । **लोचावस्सयं** लोचश्चावश्यकानि च लोचावश्यकं, "समाहारस्यैकवचनम्" । **अचेलमण्हाणं खिदिसयणमदंतवणं ठिदिभोयणमेगभत्तं च** अचेलकास्नानक्षितिशयनादन्तधावनस्थितिभोजनैकभक्तानि । **एदे खलु मूलगुणा समणाणं जिणवरेहिं पण्णत्ता** एते खलु स्फुटं अष्टाविंशतिमूलगुणाः श्रमणानां जिनवरैः प्रज्ञप्ताः । **तेसु पमत्तो समणो छेदोवट्ठावगो होदि** तेषु मूलगुणेषु यदा प्रमत्तः च्युतो भवति । सः कः । श्रमणस्तपोधनस्तदाकाले छेदोपस्थापको भवति । छेदे व्रतखण्डने सति पुनरप्युपस्थापकश्छेदोपस्थापक इति । तथाहि—निश्चयेन मूलमात्मा, तस्य केवलज्ञानाद्यनन्तगुणा मूलगुणास्ते च निर्विकल्पसमाधिरूपेण परमसामायिकाभिधानेन

અન્વયાર્થ:—[ **व्रतसमितीन्द्रियरोधः** ] વ્રત, સમિતિ, ઇંદ્રિયરોધ, [ **लोचावश्यकम्** ] લોચ, આવશ્યક, [ **अचेलम्** ] અચેલપણું, [ **अस्नानं** ] અસ્નાન, [ **क्षितिशयनम्** ] ક્ષિતિશયન, [ **अदन्तधावनं** ] અદંતધાવન, [ **स्थितिभोजनम्** ] ઊભાં ઊભાં ભોજન [ **च** ] અને [ **एकभक्तं** ] એક વખત આહાર—[ **एते** ] આ [ **खलु** ] ખરેખર [ **श्रमणानां मूलगुणाः** ] શ્રમણોના મૂળગુણો [ **जिनवरैः प्रज्ञप्ताः** ] જિનવરોએ કહ્યા છે; [ **तेषु** ] તેમાં [ **प्रमत्तः** ] પ્રમત્ત થયો થકો [ **श्रमणः** ] શ્રમણ [ **छेदोपस्थापकः भवति** ] છેદોપસ્થાપક થાય છે.

ટીકા:—સર્વ સાવદ્યયોગના પ્રત્યાખ્યાનસ્વરૂપ એક મહાવ્રતની વ્યક્તિઓ (વિશેષો, પ્રગટતાઓ) હોવાને લીધે, હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહની વિરતિસ્વરૂપ પાંચ પ્રકારનાં વ્રત તથા તેના [1]પરિકરભૂત પાંચ પ્રકારની સમિતિ, પાંચ પ્રકારનો ઇંદ્રિયરોધ, લોચ, છ પ્રકારનાં આવશ્યક, [2]અચેલકપણું, અસ્નાન, [3]ક્ષિતિશયન, [4]અદંતધાવન, ઊભાં ઊભાં ભોજન અને એક વખત આહાર—એ પ્રમાણે આ

૧. પરિકર = અનુસરનારો સમુદાય; અનુચરસમૂહ. [ સમિતિ, ઇંદ્રિયરોધ વગેરે ગુણો પાંચ વ્રતોની પાછળ પાછળ હોય જ છે તેથી સમિતિ વગેરે ગુણો પાંચ વ્રતોનો પરિકર અર્થાત્ અનુચરસમૂહ છે. ]

૨. અચેલકપણું = વસ્ત્રરહિતપણું; દિગંબરપણું.

૩. ક્ષિતિશયન = ભૂમિશયન, પૃથ્વી પર સૂવું.

૪. અદંતધાવન = દાંત સાફ ન કરવા તે; દાતણ ન કરવું તે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सामायिकसंयमविकल्पत्वात् श्रमणानां मूलगुणा एव । तेषु यदा निर्विकल्पसामायिकसंयमाधिरूढत्वेनानभ्यस्तविकल्पत्वात्प्रमाद्यति तदा केवलकल्याणमात्रार्थिनः कुण्डलवलयाङ्गुलीयादिपरिग्रहः किल श्रेयान्, न पुनः सर्वथा कल्याणलाभ एवेति सम्प्रधार्य विकल्पेनात्मानमुपस्थापयन् छेदोपस्थापको भवति ॥ २०८ । २०९ ॥

अथास्य प्रव्रज्यादायक इव छेदोपस्थापकः परोऽप्यस्तीत्याचार्यविकल्पप्रज्ञापनद्वारेणोपदिशति—

**लिंगग्गहणे तेसिं गुरु त्ति पव्वज्जदायगो होदि ।**
**छेदेसूवट्ठवगा सेसा णिज्जावगा समणा ॥२१०॥**

---

निश्चयैकव्रतेन मोक्षबीजभूतेन मोक्षे जाते सति सर्वे प्रकटा भवन्ति । तेन कारणेन तदेव सामायिकं मूलगुणव्यक्तिकारणत्वात् निश्चयमूलगुणो भवति । यदा पुनर्निर्विकल्पसमाधौ समर्थो न भवत्ययं जीवस्तदा यथा कोऽपि सुवर्णार्थी पुरुषः सुवर्णमलभमानस्तत्पर्यायानपि कुण्डलादीन् गृह्णाति, न च सर्वथा त्यागं करोति; तथायं जीवोऽपि निश्चयमूलगुणाभिधानपरमसमाध्यभावे छेदोपस्थापनं चारित्रं गृह्णाति । छेदे सत्युपस्थापनं छेदोपस्थापनम् । अथवा छेदेन व्रतभेदेनोपस्थापनं छेदोपस्थापनम् । तच्च संक्षेपेण पञ्चमहाव्रतरूपं भवति । तेषां व्रतानां च रक्षणार्थं पञ्चसमित्यादिभेदेन पुनरष्टाविंशतिमूलगुणभेदा भवन्ति । तेषां च मूलगुणानां रक्षणार्थं द्वाविंशतिपरीषहजयद्वादशविधतपश्चरणभेदेन चतुस्त्रिंशदुत्तरगुणा भवन्ति । तेषां च रक्षणार्थं देवमनुष्यतिर्यगचेतनकृतचतुर्विधोपसर्गजयद्वादशानुप्रेक्षाभावनादयश्चेत्यभिप्रायः ॥ २०८ । २०९ ॥ एवं मूलोत्तरगुणकथनरूपेण द्वितीयस्थले सूत्रद्वयं गतम् । अथास्य तपोधनस्य प्रव्रज्यादायक इवान्योऽपि

---

(અઠ્યાવીશ), નિર્વિકલ્પ સામાયિકસંયમના વિકલ્પો (ભેદો) હોવાથી શ્રમણોના મૂળગુણો જ છે. જ્યારે (શ્રમણ) નિર્વિકલ્પ સામાયિકસંયમમાં આરૂઢપણાને લીધે જેમાં વિકલ્પોનો અભ્યાસ (સેવન) નથી એવી દશામાંથી ચ્યુત થાય છે, ત્યારે 'કેવળ સુવર્ણમાત્રના અર્થીને કુંડળ, કંકણ, વીંટી વગેરેનું ગ્રહણ કરવું (પણ) શ્રેય છે, પરંતુ એમ નથી કે (કુંડળ વગેરેનું ગ્રહણ કદી નહિ કરતાં) સર્વથા સુવર્ણની જ પ્રાપ્તિ કરવી તે જ શ્રેય છે' એમ વિચારીને તે મૂળગુણોમાં વિકલ્પરૂપે (ભેદરૂપે) પોતાને સ્થાપતો થકો છેદોપસ્થાપક થાય છે. ૨૦૮-૨૦૯.

હવે આને (શ્રમણને) પ્રવ્રજ્યાદાયકની માફક છેદોપસ્થાપક પર પણ હોય છે એમ, આચાર્યના ભેદો જણાવવા દ્વારા, ઉપદેશે છેઃ—

જે લિંગગ્રહણે સાધુપદ દેનાર તે ગુરુ જાણવા;
છેદદ્વયે સ્થાપન કરે તે શેષ મુનિ નિર્યાપકા. ૨૧૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



लिङ्गग्रहणे तेषां गुरुरिति प्रव्रज्यादायको भवति ।
छेदयोरुपस्थापकाः शेषा निर्यापकाः श्रमणाः ॥ २१० ॥

यतो लिङ्गग्रहणकाले निर्विकल्पसामायिकसंयमप्रतिपादकत्वेन यः किलाचार्यः प्रव्रज्यादायकः स गुरुः, यः पुनरनन्तरं सविकल्पच्छेदोपस्थापनसंयमप्रतिपादकत्वेन छेदं प्रत्युपस्थापकः स निर्यापकः, योऽपि छिन्नसंयमप्रतिसन्धानविधानप्रतिपादकत्वेन छेदे सत्युपस्थापकः सोऽपि निर्यापक एव । ततश्छेदोपस्थापकः परोऽप्यस्ति ॥ २१० ॥

---

निर्यापकसंज्ञो गुरुरस्ति इति गुरुव्यवस्थां निरूपयति—**लिंगग्गहणे तेसिं** लिङ्गग्रहणे तेषां तपोधनानां गुरु त्ति होदि गुरुर्भवतीति । स कः । **पव्वज्जदायगो** निर्विकल्पसमाधिरूपपरमसामायिकप्रतिपादको योऽसौ प्रव्रज्यादायकः स एव दीक्षागुरुः, **छेदेसु अ वट्टगा** छेदयोश्च वर्तकाः ये **सेसा णिज्जावगा समणा** ते शेषाः श्रमणा निर्यापका भवन्ति शिक्षागुरवश्च भवन्तीति । अयमत्रार्थः—निर्विकल्पसमाधिरूप-

---

અન્વયાર્થઃ—[ लिंगग्रहणे ] લિંગગ્રહણ વખતે [ प्रव्रज्यादायकः भवति ] જે પ્રવ્રજ્યાદાયક ( દીક્ષા દેનાર ) છે તે [ तेषां गुरुः इति ] તેમના ગુરુ છે અને [ छेदयोः उपस्थापकाः ] જે [1]છેદદ્વયે ઉપસ્થાપક છે [ એટલે કે ( ૧ ) જે ભેદોમાં સ્થાપિત કરે છે તેમ જ ( ૨ ) જે સંયમમાં છેદ થતાં ફરી સ્થાપિત કરે છે ] [ शेषाः श्रमणाः ] તે શેષ શ્રમણો [ निर्यापकाः ] [2]નિર્યાપક છે.

ટીકાઃ—જે આચાર્ય લિંગગ્રહણકાળે નિર્વિકલ્પ સામાયિકસંયમના પ્રતિપાદક હોવાથી પ્રવ્રજ્યાદાયક છે, તે ગુરુ છે; અને ત્યાર પછી તુરત જે ( આચાર્ય ) સવિકલ્પ છેદોપસ્થાપનસંયમના પ્રતિપાદક હોવાથી ‘છેદ પ્રત્યે ઉપસ્થાપક (-ભેદમાં સ્થાપનાર)’ છે, તે નિર્યાપક છે; તેમ જ જે ( આચાર્ય ) [3]છિન્ન સંયમના [4]પ્રતિસંધાનની વિધિના પ્રતિપાદક હોવાથી ‘છેદ થતાં ઉપસ્થાપક (-સંયમમાં છેદ થતાં ફરી તેમાં સ્થાપિત કરનાર )’ છે, તે પણ નિર્યાપક જ છે. તેથી [5]છેદોપસ્થાપક પર પણ હોય છે. ૨૧૦.

---

૧. છેદદ્વય = બે પ્રકારના છેદ. [ અહીં, ( ૧ ) સંયમમાં જે ૨૮ મૂળગુણરૂપ ભેદ પડે તેને પણ છેદ કહેલ છે અને ( ૨ ) ખંડનને અથવા દોષને પણ છેદ કહેલ છે. ]

૨. નિર્યાપક = નિર્વાહ કરનાર; સદુપદેશથી દૃઢ કરનાર; શિક્ષાગુરુ; શ્રુતગુરુ.

૩. છિન્ન = છેદ પામેલો; ખંડિત; તૂટેલો; દોષપ્રાપ્ત.

૪. પ્રતિસંધાન = ફરીને સાંધવું તે; સંધાન; સંધાણ; જોડી દેવું તે; દોષ ટાળીને સરખું ( દોષ વિનાનું ) કરી દેવું તે.

૫. છેદોપસ્થાપકના બે અર્થ છેઃ ( ૧ ) જે ‘છેદ ( ભેદ ) પ્રત્યે ઉપસ્થાપક’ છે અર્થાત્ જે ૨૮ મૂળગુણરૂપ ભેદો સમજાવી તેમાં સ્થાપિત કરે છે તે છેદોપસ્થાપક છે; તેમ જ ( ૨ ) જે ‘છેદ થતાં ઉપસ્થાપક’ છે એટલે કે સંયમ છિન્ન ( ખંડિત ) થતાં ફરી તેમાં સ્થાપિત કરે છે તે પણ છેદોપસ્થાપક છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ छिन्नसंयमप्रतिसन्धानविधानमुपदिशति—

पयदम्हि समारद्धे छेदो समणस्स कायचेट्ठम्हि ।
जायदि जदि तस्स पुणो आलोयणपुव्विया किरिया ॥२११॥
छेदुवजुत्तो समणो समणं ववहारिणं जिणमदम्हि ।
आसेज्जालोचित्ता उवदिट्ठं तेण कायव्वं ॥२१२॥ (जुगलं)

प्रयतायां समारब्धायां छेदः श्रमणस्य कायचेष्टायाम् ।
जायते यदि तस्य पुनरालोचनपूर्विका क्रिया ॥ २११ ॥
छेदोपयुक्तः श्रमणः श्रमणं व्यवहारिणं जिनमते ।
आसाद्यालोच्योपदिष्टं तेन कर्तव्यम् ॥ २१२ ॥ [ युगलम् ]

---

सामायिकस्यैकदेशेन च्युतिरेकदेशच्छेदः, सर्वथा च्युतिः सकलच्छेद इति देशसकलभेदेन द्विधा छेदः । तयोश्छेदयोर्ये प्रायश्चित्तं दत्वा संवेगवैराग्यजनकपरमागमवचनैः संवरणं कुर्वन्ति ते निर्यापकाः शिक्षागुरवः श्रुतगुरवश्चेति भण्यन्ते । दीक्षादायकस्तु दीक्षागुरुरित्यभिप्रायः ॥ २१० ॥ अथ पूर्वसूत्रोक्तच्छेदद्वयस्य प्रायश्चित्तविधानं कथयति—पयदम्हि समारद्धे छेदो समणस्स कायचेट्ठम्हि जायदि जदि प्रयतायां समारब्धायां छेदः श्रमणस्य कायचेष्टायां जायते यदि चेत् । अथ विस्तरः—छेदो जायते यदि चेत् । स्वस्थभावच्युतिलक्षणः छेदो भवति । कस्याम् । कायचेष्टायाम् । कथंभूतायाम् । प्रयतायां स्वस्थभावलक्षण-

---

હવે છિન્ન સંયમના પ્રતિસંધાનની વિધિ ઉપદેશે છેઃ—

જો છેદ થાય પ્રયત્ન સહ કૃત કાયની ચેષ્ટા વિષે,
આલોચનાપૂર્વક ક્રિયા કર્તવ્ય છે તે સાધુને. ૨૧૧.
છેદોપયુક્ત મુનિ, શ્રમણ વ્યવહારવિજ્ઞ કને જઈ,
નિજ દોષ આલોચન કરી, શ્રમણોપદિષ્ટ કરે વિધિ. ૨૧૨.

અન્વયાર્થઃ—[ यदि ] જો [ श्रमणस्य ] શ્રમણને [ प्रयतायां ] *પ્રયત્નપૂર્વક [ समारब्धायां ] કરવામાં આવતી [ कायचेष्टायां ] કાયચેષ્ટાને વિષે [ छेदः जायते ]

---

* મુનિને (મુનિત્વોચિત) શુદ્ધોપયોગ તે અંતરંગ અથવા નિશ્ચય પ્રયત્ન છે અને તે શુદ્ધોપયોગદશામાં વર્તતો જે (હઠ વગરનો) દેહચેષ્ટાદિકસંબંધી શુભોપયોગ તે બહિરંગ અથવા વ્યવહાર પ્રયત્ન છે. [ શુદ્ધોપયોગદશા ન હોય ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે; તે શુભોપયોગ વ્યવહાર-પ્રયત્નપણાને પણ પામતો નથી. ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



द्विविधः किल संयमस्य छेदः, बहिरङ्गोऽन्तरङ्गश्च । तत्र कायचेष्टामात्राधिकृतो बहिरङ्गः, उपयोगाधिकृतः पुनरन्तरङ्गः । तत्र यदि सम्यगुपयुक्तस्य श्रमणस्य प्रयत्नसमारब्धायाः कायचेष्टायाः कथञ्चिद्बहिरङ्गच्छेदो जायते तदा तस्य सर्वथान्तरङ्गच्छेदवर्जितत्वादालोचनपूर्विकया क्रिययैव प्रतीकारः । यदा तु स एवोपयोगाधिकृतच्छेदत्वेन साक्षाच्छेद एवोपयुक्तो भवति तदा जिनोदितव्यवहारविधिविदग्धश्रमणाश्रययालोचनपूर्वकतदुपदिष्टानुष्ठानेन प्रतिसन्धानम् ॥ २११ । २१२ ॥

---

प्रयत्नपरायां समारब्धायां अशनशयनयानस्थानादिप्रारब्धायाम् । **तस्स पुणो आलोयणपुव्विया किरिया** तस्य पुनरालोचनपूर्विका क्रिया । तदाकाले तस्य तपोधनस्य स्वस्थभावस्य बहिरङ्गसहकारिकारणभूता प्रतिक्रमणलक्षणालोचनपूर्विका पुनः क्रियैव प्रायश्चित्तं प्रतिकारो भवति, न चाधिकम् । कस्मादिति चेत् । अभ्यन्तरे स्वस्थभावचलनाभावादिति प्रथमगाथा गता । **छेदपउत्तो समणो** छेदे प्रयुक्तः श्रमणो, निर्विकारस्वसंवित्तिभावनाच्युतिलक्षणच्छेदेन यदि चेत् प्रयुक्तः सहितः श्रमणो भवति । **समणं ववहारिणं जिणमदम्हि** श्रमणं व्यवहारिणं जिनमते, तदा जिनमते व्यवहारज्ञं प्रायश्चित्तकुशलं श्रमणं **आसेज्ज** आसाद्य प्राप्य, न केवलमासाद्य **आलोचित्ता** निःप्रपञ्चभावेनालोच्य दोषनिवेदनं कृत्वा । **उवदिट्ठं तेण कायव्वं** उपदिष्टं तेन कर्तव्यम् । तेन प्रायश्चित्तपरिज्ञानसहिताचार्येण निर्विकारस्वसंवित्तिभावनानु-

---

છેદ થાય છે તો [तस्य पुनः] તેણે તો [आलोचनपूर्विका क्रिया] *આલોચનપૂર્વક ક્રિયા કરવી જોઈએ.

[श्रमणः छेदोपयुक्तः] (પરંતુ) જો શ્રમણ છેદમાં ઉપયુક્ત થયો હોય તો તેણે [जिनमते] જિનમતને વિષે [व्यवहारिणं] વ્યવહારકુશળ [श्रमणम् आसाद्य] શ્રમણ પાસે જઈને, [आलोच्य] *આલોચન કરીને (-પોતાના દોષનું નિવેદન કરીને), [तेन उपदिष्टं] તેઓ જે ઉપદેશે તે [कर्तव्यम्] કરવું જોઈએ.

**ટીકાઃ—**સંયમનો છેદ બે પ્રકારનો છેઃ બહિરંગ અને અંતરંગ. તેમાં, માત્ર કાયચેષ્ટાસંબંધી તે બહિરંગ છે અને ઉપયોગસંબંધી તે અંતરંગ છે. ત્યાં, જો [1]સમ્યક્ ઉપયુક્ત શ્રમણને પ્રયત્નકૃત કાયચેષ્ટાનો કથંચિત્ બહિરંગ છેદ થાય છે, તો તે સર્વથા અંતરંગ છેદથી રહિત હોવાને લીધે આલોચનપૂર્વક ક્રિયાથી જ તેનો પ્રતીકાર (ઇલાજ) થાય છે. પરંતુ જો તે જ શ્રમણ ઉપયોગસંબંધી છેદ થવાને લીધે સાક્ષાત્ છેદમાં જ ઉપયુક્ત થાય છે, તો જિનોક્ત વ્યવહારવિધિમાં કુશળ શ્રમણના આશ્રયે, આલોચનપૂર્વક, તેમણે ઉપદેશેલા અનુષ્ઠાન વડે (સંયમનું) પ્રતિસંધાન થાય છે.

---

* આલોચન = (૧) સૂક્ષ્મતાથી જોઈ જવું તે; બારીકાઈથી વિચારવું તે; બરાબર ખ્યાલમાં લેવું તે. (૨) નિવેદન; કથન. [૨૧૧ મી ગાથામાં 'આલોચન'નો પહેલો અર્થ ઘટે છે અને ૨૧૨ મી ગાથામાં બીજો અર્થ ઘટે છે.]

૧. સમ્યક્ = યોગ્ય રીતે; બરાબર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ श्रामण्यस्य छेदायतनत्वात् परद्रव्यप्रतिबन्धाः प्रतिषेध्या इत्युपदिशति—

**अधिवासे व विवासे छेदविहूणो भवीय सामण्णे ।**
**समणो विहरदु णिच्चं परिहरमाणो णिबंधाणि ॥२१३॥**

अधिवासे वा विवासे छेदविहीनो भूत्वा श्रामण्ये ।
श्रमणो विहरतु नित्यं परिहरमाणो निबन्धान् ॥ २१३ ॥

---

क्तं यदुपदिष्टं प्रायश्चित्तं तत्कर्तव्यमिति सूत्रतात्पर्यम् ॥ २११ । २१२ ॥ एवं गुरुव्यवस्थाकथनरूपेण प्रथमगाथा, तथैव प्रायश्चित्तकथनार्थं गाथाद्वयमिति समुदायेन तृतीयस्थले गाथात्रयं गतम् । अथ निर्विकारश्रामण्यच्छेदजनकान्परद्रव्यानुबन्धान्निषेधयति—**विहरदु** विहरतु विहारं करोतु । स कः । **समणो** शत्रुमित्रादिसमचित्तश्रमणः । **णिच्चं** नित्यं सर्वकालम् । किं कुर्वन्सन् । **परिहरमाणो** परिहरन्सन् । कान् । **णिबंधाणि** चेतनाचेतनमिश्रपरद्रव्येष्वनुबन्धान् । क्व विहरतु । **अधिवासे** अधिकृतगुरुकुलवासे

---

**ભાવાર્થઃ—**જો મુનિને સ્વસ્થભાવલક્ષણ પ્રયત્ન સહિત કરવામાં આવતી અશન-શયન-ગમનાદિક શરીરચેષ્ટાઓ સંબંધી છેદ થાય છે, તો તે તપોધનને સ્વસ્થભાવની બહિરંગ સહકારીકારણભૂત એવી જે પ્રતિક્રમણસ્વરૂપ આલોચનપૂર્વક ક્રિયા તેનાથી જ તેનો પ્રતીકાર–પ્રાયશ્ચિત્ત થઈ જાય છે, કારણ કે તે સ્વસ્થભાવથી ચલિત થયો નથી. પરંતુ જો તેને નિર્વિકાર સ્વસંવેદનભાવનાથી ચ્યુતિસ્વરૂપ છેદ થાય છે, તો તેણે જિનમતમાં વ્યવહારજ્ઞ—પ્રાયશ્ચિત્તકુશળ—આચાર્ય પાસે જઈને, નિષ્પ્રપંચભાવે દોષનું નિવેદન કરીને, તે આચાર્ય નિર્વિકાર સ્વસંવેદનભાવનાને અનુકૂળ જે કાંઈ પ્રાયશ્ચિત્ત ઉપદેશે તે કરવું જોઈએ. ૨૧૧–૨૧૨.

હવે, શ્રામણ્યના છેદનાં [1]આયતનો હોવાથી [2]પરદ્રવ્ય-પ્રતિબંધો નિષેધવાયોગ્ય છે એમ ઉપદેશે છેઃ—

**પ્રતિબંધ પરિત્યાગી સદા અધિવાસ અગર વિવાસમાં,**
**મુનિરાજ વિહરો સર્વદા થઈ છેદહીન શ્રામણ્યમાં. ૨૧૩.**

**અન્વયાર્થઃ—**[ अधिवासे ] અધિવાસમાં વસતાં ( આત્મવાસમાં અથવા ગુરુઓના સહવાસમાં વસતાં ) [ वा ] કે [ विवासे ] વિવાસમાં વસતાં ( ગુરુઓથી ભિન્ન વાસમાં વસતાં ), [ नित्यं ] સદા [ निबन्धान् ] ( પરદ્રવ્યને વિષે ) પ્રતિબંધો [ परिहरमाणः ] પરિહરતો થકો [ श्रामण्ये ] શ્રામણ્યને વિષે [ छेदविहीनः भूत्वा ] છેદવિહીન થઈને [ श्रमणः विहरतु ] શ્રમણ વિહરો.

---

૧. આયતન=રહેઠાણ; સ્થાન.

૨. પરદ્રવ્ય-પ્રતિબંધ=પરદ્રવ્યોમાં રાગાદિપૂર્વક સંબંધ કરવો તે; પરદ્રવ્યોમાં બંધાવું–રોકાવું–લીન થવું તે; પરદ્રવ્યોમાં રુકાવટ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सर्व एव हि परद्रव्यप्रतिबन्धा उपयोगोपरञ्जकत्वेन निरुपरागोपयोगरूपस्य श्रामण्यस्य छेदायतनानि; तदभावादेवाछिन्नश्रामण्यम् । अत आत्मन्येवात्मनो नित्याधिकृत्य वासे वा गुरुत्वेन गुरूनधिकृत्य वासे वा गुरुभ्यो विशिष्टे वासे वा नित्यमेव प्रतिषेधयन् परद्रव्य-प्रतिबन्धान् श्रामण्ये छेदविहीनो भूत्वा श्रमणो वर्तताम् ॥ २१३ ॥

अथ श्रामण्यस्य परिपूर्णतायतनत्वात् स्वद्रव्य एव प्रतिबन्धो विधेय इत्युपदिशति—

**चरदि णिबद्धो णिच्चं समणो णाणम्मि दंसणमुहम्मि ।**
**पयदो मूलगुणेसु य जो सो पडिपुण्णसामण्णो ॥२१४॥**

**चरति निबद्धो नित्यं श्रमणो ज्ञाने दर्शनमुखे ।**
**प्रयतो मूलगुणेषु च यः स परिपूर्णश्रामण्यः ॥ २१४ ॥**

---

निश्चयेन स्वकीयशुद्धात्मवासे वा, **विवासे** गुरुविरहितवासे वा । किं कृत्वा । **सामण्णे** निजशुद्धात्मानु-भूतिलक्षणनिश्चयचारित्रे **छेदविहूणो भवीय** छेदविहीनो भूत्वा, रागादिरहितनिजशुद्धात्मानुभूतिलक्षण-निश्चयचारित्रच्युतिरूपच्छेदरहितो भूत्वा । तथाहि—गुरुपार्श्वे यावन्ति शास्त्राणि तावन्ति पठित्वा

---

**ટીકાઃ**—ખરેખર બધાય પરદ્રવ્ય-પ્રતિબંધો ઉપયોગના [૧]ઉપરંજક હોવાથી [૨]નિરુપરાગ ઉપયોગરૂપ શ્રામણ્યના છેદનાં આયતનો છે; તેમના અભાવથી જ અછિન્ન શ્રામણ્ય હોય છે. માટે આત્મામાં જ આત્માને સદા [૩]અધિકૃત કરીને (આત્માની અંદર) વસતાં અથવા ગુરુપણે ગુરુઓને [૪]અધિકૃત કરીને (ગુરુઓના સહવાસમાં) વસતાં કે ગુરુઓથી વિશિષ્ટ-ભિન્ન વાસમાં વસતાં, સદાય પરદ્રવ્ય-પ્રતિબંધોને નિષેધતો (પરિહરતો) થકો શ્રામણ્યમાં છેદવિહીન થઈને શ્રમણ વર્તો. ૨૧૩.

હવે, શ્રામણ્યની પરિપૂર્ણતાનું આયતન હોવાથી સ્વદ્રવ્યમાં જ પ્રતિબંધ (સંબંધ, લીનતા) કરવાયોગ્ય છે એમ ઉપદેશે છે:—

**જે શ્રમણ જ્ઞાન-દ્રગાદિકે પ્રતિબદ્ધ વિચરે સર્વદા;**
**ને પ્રયત મૂળગુણો વિષે, શ્રામણ્ય છે પરિપૂર્ણ ત્યાં. ૨૧૪.**

**અન્વયાર્થઃ**—[**यः श्रमणः**] જે શ્રમણ [**नित्यं**] સદા [**ज्ञाने दर्शनमुखे**] જ્ઞાનમાં અને દર્શનાદિકમાં [**निबद्धः**] પ્રતિબદ્ધ [**च**] તથા [**मूलगुणेषु प्रयतः**] મૂળગુણોમાં પ્રયત (પ્રયત્નશીલ) [**चरति**] વિચરે છે, [**सः**] તે [**परिपूर्णश्रामण्यः**] પરિપૂર્ણ શ્રામણ્યવાળો છે.

---

૧. ઉપરંજક = ઉપરાગ કરનારા; મલિનતા કરનારા; વિકાર કરનારા.

૨. નિરુપરાગ = ઉપરાગ વિનાનો; વિકાર વિનાનો.

૩. અધિકૃત કરીને = સ્થાપીને; રાખીને.

૪. અધિકૃત કરીને = અધિકાર આપીને; સ્થાપીને; અંગીકૃત કરીને.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



एक एव हि स्वद्रव्यप्रतिबन्ध उपयोगमार्जकत्वेन मार्जितोपयोगरूपस्य श्रामण्यस्य परिपूर्णतायतनं; तत्सद्भावादेव परिपूर्णं श्रामण्यम् । अतो नित्यमेव ज्ञाने दर्शनादौ च प्रतिबद्धेन मूलगुणप्रयततया चरितव्यं; ज्ञानदर्शनस्वभावशुद्धात्मद्रव्यप्रतिबद्धशुद्धास्तित्वमात्रेण वर्तितव्यमिति तात्पर्यम् ॥ २१४ ॥

अथ श्रामण्यस्य छेदायतनत्वात् यतिजनासन्नः सूक्ष्मपरद्रव्यप्रतिबन्धोऽपि प्रतिषेध्य इत्युपदिशति—

**भत्ते वा खमणे वा आवसधे वा पुणो विहारे वा ।**
**उवधिम्हि वा णिबद्धं णेच्छदि समणम्हि विकधम्हि ॥२१५॥**

---

तदनन्तरं गुरुं पृष्ट्वा च समशीलतपोधनैः सह, भेदाभेदरत्नत्रयभावनया भव्यानामानन्दं जनयन्, तपःश्रुतसत्त्वैकत्वसन्तोषभावनापञ्चकं भावयन्, तीर्थंकरपरमदेवगणधरदेवादिमहापुरुषाणां चरितानि स्वयं भावयन्, परेषां प्रकाशयंश्च, विहरतीति भावः ॥ २१३ ॥ अथ श्रामण्यपरिपूर्णकारणत्वात्स्वशुद्धात्मद्रव्ये निरन्तरमवस्थानं कर्तव्यमित्याख्याति—**चरदि** चरति वर्तते । कथंभूतः । **णिबद्धो** आधीनः, **णिच्चं** नित्यं सर्वकालम् । सः कः कर्ता । **समणो** लाभालाभादिसमचित्तश्रमणः । क निबद्धः । **णाणम्मि** वीतरागसर्वज्ञप्रणीतपरमागमज्ञाने तत्फलभूतस्वसंवेदनज्ञाने वा, **दंसणमुहम्मि** दर्शनं तत्त्वार्थश्रद्धानं तत्फलभूतनिजशुद्धात्मोपादेयरुचिरूपनिश्चयसम्यक्त्वं वा तत्प्रमुखेष्वनन्तसुखादिगुणेषु । **पयदो मूलगुणेसु य**

---

**ટીકાઃ—**એક સ્વદ્રવ્ય-પ્રતિબંધ જ, ઉપયોગનું માર્જન (-શુદ્ધત્વ) કરનારો હોવાથી, માર્જિત(-શુદ્ધ)ઉપયોગરૂપ શ્રામણ્યની પરિપૂર્ણતાનું આયતન છે; તેના સદ્ભાવથી જ પરિપૂર્ણ શ્રામણ્ય હોય છે. માટે સદાય જ્ઞાનમાં અને દર્શનાદિકમાં [1]પ્રતિબદ્ધ રહીને મૂળગુણોમાં પ્રયતપણે વિચરવું;—જ્ઞાનદર્શનસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યમાં પ્રતિબદ્ધ એવા શુદ્ધ અસ્તિત્વમાત્રરૂપે વર્તવું એમ તાત્પર્ય છે. ૨૧૪.

હવે, મુનિજનને [2]નજીકનો [3]સૂક્ષ્મપરદ્રવ્યપ્રતિબંધ પણ, શ્રામણ્યના છેદનું આયતન હોવાથી, નિષેધ્ય છે એમ ઉપદેશે છે:—

**મુનિ ક્ષપણ માંહી, નિવાસસ્થાન, વિહાર વા ભોજન મહીં,**
**ઉપધિ-શ્રમણ-વિકથા મહીં પ્રતિબંધને ઇચ્છે નહીં. ૨૧૫.**

---

૧. પ્રતિબદ્ધ = સંબદ્ધ; રોકાયેલો; બંધાયેલો; સ્થિત; સ્થિર; લીન.

૨. આગમવિરુદ્ધ આહારવિહારાદિ તો મુનિએ છોડ્યા હોવાથી તેમાં પ્રતિબંધ થવો તે તો મુનિને દૂર છે; પરંતુ આગમકથિત આહારવિહારાદિમાં મુનિ પ્રવર્તે છે તેથી તેમાં પ્રતિબંધ થઈ જવો સંભવિત હોવાથી તે પ્રતિબંધ નજીકનો છે.

૩. સૂક્ષ્મપરદ્રવ્યપ્રતિબંધ = પરદ્રવ્યમાં સૂક્ષ્મ પ્રતિબંધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**भक्ते वा क्षपणे वा आवसथे वा पुनर्विहारे वा ।**
**उपधौ वा निबद्धं नेच्छति श्रमणे विकथायाम् ॥ २१५ ॥**

**श्रामण्यपर्यायसहकारिकारणशरीरवृत्तिहेतुमात्रत्वेनादीयमाने भक्ते, तथाविधशरीरवृत्त्यविरोधेन शुद्धात्मद्रव्यनीरङ्गनिस्तरङ्गविश्रान्तिसूत्रणानुसारेण प्रवर्तमाने क्षपणे, नीरङ्गनिस्तरङ्गान्तरङ्गद्रव्यप्रसिद्ध्यर्थमध्यास्यमाने गिरीन्द्रकन्दरप्रभृतावावसथे, यथोक्तशरीरवृत्तिहेतुमार्गणा-**

---

प्रयतः प्रयत्नपरश्च । केषु । मूलगुणेषु निश्चयमूलगुणाधारपरमात्मद्रव्ये वा । **जो सो पडिपुण्णसामण्णो** य एवंगुणविशिष्टश्रमणः स परिपूर्णश्रामण्यो भवतीति । अयमत्रार्थः—निजशुद्धात्मभावनारतानामेव परिपूर्णश्रामण्यं भवतीति ॥ २१४ ॥ अथ श्रामण्यछेदकारणत्वात्प्रासुकाहारादिष्वपि ममत्वं निषेधयति— **णेच्छदि** नेच्छति । कम् । **णिबद्धं** निबद्धमाबद्धम् । क । **भत्ते वा** शुद्धात्मभावनासहकारिभूतदेहस्थितिहेतुत्वेन गृह्यमाणे भक्ते वा प्रासुकाहारे, **खमणे वा** इन्द्रियदर्पविनाशकारणभूतत्वेन निर्विकल्पसमाधिहेतुभूते क्षपणे वानशने, **आवसधे वा** परमात्मतत्त्वोपलब्धिसहकारिभूते गिरिगुहाद्यावसथे वा, **पुणो विहारे वा** शुद्धात्मभावनासहकारिभूताहारनीहारार्थव्यवहारार्थव्यवहारे वा पुनर्देशान्तरविहारे वा, **उवधिम्हि** शुद्धोपयोगभावनासहकारिभूतशरीरपरिग्रहे ज्ञानोपकरणादौ वा, **समणम्हि** परमात्म-

---

**અન્વયાર્થઃ**—[ भक्ते वा ] મુનિ આહારમાં, [ क्षपणे वा ] ક્ષપણમાં ( ઉપવાસમાં ), [ आवसथे वा ] આવસથમાં ( નિવાસસ્થાનમાં ), [ पुनः विहारे वा ] વિહારમાં, [ उपधौ ] ઉપધિમાં ( પરિગ્રહમાં ), [ श्रमणे ] શ્રમણમાં ( અન્ય મુનિમાં ) [ वा ] અથવા [ विकथायाम् ] [1]વિકથામાં [ निबद्धं ] પ્રતિબંધ [ न इच्छति ] ઇચ્છતો નથી.

**ટીકાઃ**—( ૧ ) શ્રામણ્યપર્યાયના સહકારી કારણભૂત શરીરની [2]વૃત્તિના હેતુમાત્ર તરીકે લેવામાં આવતો જે આહાર, ( ૨ ) [3]તથાવિધ શરીરની વૃત્તિ સાથે વિરોધ વિના, શુદ્ધાત્મદ્રવ્યમાં [4]નીરંગ અને નિસ્તરંગ વિશ્રાંતિની રચના અનુસાર પ્રવર્તતું જે ક્ષપણ ( અર્થાત્ શરીરના ટકવાની સાથે વિરોધ ન આવે એવી રીતે, શુદ્ધાત્મદ્રવ્યમાં વિકારરહિત અને તરંગરહિત સ્થિરતા રચાતી જાય તેના પ્રમાણમાં પ્રવર્તતું જે અનશન ), ( ૩ ) નીરંગ અને નિસ્તરંગ એવા અંતરંગ દ્રવ્યની પ્રસિદ્ધિ ( પ્રકૃષ્ટ સિદ્ધિ ) અર્થે સેવવામાં આવતું જે ગિરીંદ્રકંદરાદિક આવસથ ( -ઊંચા પર્વતની ગુફા વગેરે નિવાસસ્થાન ), ( ૪ ) યથોક્ત શરીરની વૃત્તિના કારણભૂત ભિક્ષાને અર્થે કરવામાં

---

૧. છદ્મસ્થ મુનિને ધાર્મિક કથાવાર્તા કરતાં પણ નિર્મળ ચૈતન્ય વિકલ્પયુક્ત થવાથી અંશે મલિન થાય છે, તેથી તે ધાર્મિક કથાને પણ વિકથા એટલે કે શુદ્ધાત્મદ્રવ્યથી વિરુદ્ધ કથા કહી છે.

૨. વૃત્તિ = નિર્વાહ; ટકવું તે.

૩. તથાવિધ = તેવું ( અર્થાત્ શ્રામણ્યપર્યાયના સહકારી કારણભૂત )

૪. નીરંગ = નીરાગ; નિર્વિકાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



र्थमारभ्यमाणे विहारकर्मणि, श्रामण्यपर्यायसहकारिकारणत्वेनाप्रतिषिध्यमाने केवलदेहमात्र उपधौ, अन्योन्यबोध्यबोधकभावमात्रेण कथञ्चित्परिचिते श्रमणे, शब्दपुद्गलोल्लाससंवलनकश्मलितचिद्भित्तिभागायां शुद्धात्मद्रव्यविरुद्धायां कथायां चैतेष्वपि तद्विकल्पाचित्रितचित्तभित्तितया प्रतिषेध्यः प्रतिबन्धः ॥ २१५ ॥

अथ को नाम छेद इत्युपदिशति—

**अपयत्ता वा चरिया सयणासणठाणचंकमादीसु ।**
**समणस्स सव्वकाले हिंसा सा संतत्तिय त्ति मदा ॥२१६॥**

---

पदार्थविचारसहकारिकारणभूते श्रमणे समशीलसंघातकतपोधने वा, विकधम्हि परमसमाधिविघातकश्रृङ्गारवीररागादिकथायां चेति । अयमत्रार्थः—आगमविरुद्धाहारविहारादिषु तावत्पूर्वमेव निषिद्धः, योग्याहारविहारादिष्वपि ममत्वं न कर्तव्यमिति ॥ २१५ ॥ एवं संक्षेपेणाचाराराधनादिकथिततपोधनविहारव्याख्यानमुख्यत्वेन चतुर्थस्थले गाथात्रयं गतम् । अथ शुद्धोपयोगभावनाप्रतिबन्धकच्छेदं कथयति—

---

આવતું જે વિહારકાર્ય, (૫) શ્રામણ્યપર્યાયનું સહકારી કારણ હોવાથી જેનો નિષેધ નથી એવો જે કેવળ દેહમાત્ર પરિગ્રહ, (૬) માત્ર અન્યોન્ય *બોધ્યબોધકપણે જેમનો કથંચિત્ પરિચય વર્તે છે એવા જે શ્રમણ (અન્ય મુનિ), અને (૭) શબ્દરૂપ પુદ્‌ગલોલ્લાસ (પુદ્‌ગલપર્યાય) સાથે સંબંધથી જેમાં ચૈતન્યરૂપી ભીંતનો ભાગ મલિન થાય છે એવી, શુદ્ધાત્મદ્રવ્યથી વિરુદ્ધ જે કથા, તેમનામાં પણ પ્રતિબંધ નિષેધવાયોગ્ય-તજવાયોગ્ય છે એટલે કે તેમના વિકલ્પોથી પણ ચિત્તભૂમિ ચિત્રિત થવા દેવી યોગ્ય નથી.

ભાવાર્થઃ—આગમવિરુદ્ધ આહારવિહારાદિ તો મુનિએ પ્રથમ જ છોડયા છે. હવે સંયમના નિમિત્તપણાની બુદ્ધિએ મુનિને જે આગમોક્ત આહાર, અનશન, ગુફા વગેરેમાં નિવાસ, વિહાર, દેહમાત્ર પરિગ્રહ, અન્ય મુનિઓનો પરિચય અને ધાર્મિક ચર્ચાવાર્તા વર્તે છે, તેમના પ્રત્યે પણ રાગાદિ કરવાયોગ્ય નથી—તેમના વિકલ્પોથી પણ મનને રંગાવા દેવું યોગ્ય નથી; એ રીતે આગમોક્ત આહારવિહારાદિમાં પણ પ્રતિબંધ પામવો યોગ્ય નથી કારણ કે તેનાથી સંયમમાં છેદ થાય છે. ૨૧૫.

હવે છેદ શું છે (અર્થાત્ કોને છેદ કહેવામાં આવે છે) તે ઉપદેશે છેઃ—

**આસન-શયન-ગમનાદિકે ચર્યા પ્રયત્નવિહીન જે,**
**તે જાણવી હિંસા સદા સંતાનવાહિની શ્રમણને. ૨૧૬**

---

* બોધ્ય એટલે જેને સમજાવવાનો હોય તે અર્થાત્ જેને ઉપદેશ દેવાનો હોય તે, અને બોધક એટલે સમજાવનાર અર્થાત્ ઉપદેશ દેનાર. માત્ર અન્ય શ્રમણો પાસેથી પોતે બોધ લેવા માટે અથવા અન્ય શ્રમણોને બોધ દેવા માટે મુનિને અન્ય શ્રમણો સાથે પરિચય હોય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अप्रयता वा चर्या शयनासनस्थानचङ्क्रमणादिषु ।
श्रमणस्य सर्वकाले हिंसा सा सन्ततेति मता ॥ २१६ ॥

अशुद्धोपयोगो हि छेदः, शुद्धोपयोगरूपस्य श्रामण्यस्य छेदनात्; तस्य हिंसनात् स एव च हिंसा । अतः श्रमणस्याशुद्धोपयोगाविनाभाविनी शयनासनस्थानचङ्क्रमणादिष्वप्रयता या चर्या सा खलु तस्य सर्वकालमेव संतानवाहिनी छेदानर्थान्तरभूता हिंसैव ॥ २१६ ॥

---

मदा मता सम्मता । का । हिंसा शुद्धोपयोगलक्षणश्रामण्यच्छेदकारणभूता हिंसा । कथंभूता । संतत्तिय त्ति संतता निरन्तरेति । का हिंसा मता । चरिया चर्या चेष्टा । यदि चेत् कथंभूता । अपयत्ता वा अप्रयत्ना वा, निःकषायस्वसंवित्तिरूपप्रयत्नरहिता संक्लेशसहितेत्यर्थः । केषु विषयेषु । सयणासणठाणचंकमादीसु शयनासनस्थानचङ्क्रमणस्वाध्यायतपश्चरणादिषु । कस्य । समणस्स श्रमणस्य तपोधनस्य । क्व । सव्वकाले सर्वकाले । अयमत्रार्थः—बाह्यव्यापाररूपाः शत्रवस्तावत्पूर्वमेव त्यक्तास्तपोधनैः, अशनशयनादिव्यापारैः पुनस्त्यक्तुं नायाति । ततः कारणादन्तरङ्गक्रोधादिशत्रुनिग्रहार्थं तत्रापि संक्लेशो न कर्तव्य इति ॥ २१६ ॥ अथान्तरङ्गबहिरङ्गहिंसारूपेण द्विविधच्छेदमाख्याति—मरदु व

---

**અન્વયાર્થઃ—**[ श्रमणस्य ] શ્રમણને [ शयनासनस्थानचङ्क्रमणादिषु ] શયન, આસન (બેસવું), સ્થાન (ઊભા રહેવું), ગમન ઇત્યાદિમાં [ अप्रयता वा चर्या ] જે અપ્રયત ચર્યા [ सा ] તે [ सर्वकाले ] સર્વ કાળે [ सन्तता हिंसा इति मता ] સતત હિંસા માનવામાં આવી છે.

**ટીકાઃ—**અશુદ્ધોપયોગ ખરેખર છેદ છે કારણ કે શુદ્ધોપયોગરૂપ શ્રામણ્યનું છેદન (છેદાવું) થાય છે; અને તે જ (-અશુદ્ધોપયોગ જ) હિંસા છે કારણ કે શુદ્ધોપયોગરૂપ શ્રામણ્યનું હિંસન (હણાવું) થાય છે. માટે શ્રમણને જે અશુદ્ધોપયોગ વિના હોતી નથી એવી શયન-આસન-સ્થાન-ગમન વગેરેમાં [1]અપ્રયત ચર્યા (આચરણ) તે ખરેખર તેને બધાય કાળે (-સદાય) [2]સંતાનવાહિની હિંસા જ છે—કે જે (હિંસા) છેદથી અનન્યભૂત છે (-છેદથી કોઈ જુદી વસ્તુ નથી).

**ભાવાર્થઃ—**અશુદ્ધોપયોગથી શુદ્ધોપયોગરૂપ મુનિપણું (૧) છેદાતું હોવાથી, (૨) હણાતું હોવાથી, અશુદ્ધોપયોગ (૧) છેદ જ છે, (૨) હિંસા જ છે. અને જ્યાં સૂવું, બેસવું, ઊભા રહેવું, ચાલવું વગેરેમાં અપ્રયત આચરણ હોય છે ત્યાં નિયમથી અશુદ્ધોપયોગ તો હોય જ છે માટે અપ્રયત આચરણ તે છેદ જ છે, હિંસા જ છે. ૨૧૬.

---

૧. અપ્રયત = પ્રયત્ન રહિત; અસાવધાન; બેદરકાર; અસંયમી; નિરંકુશ; સ્વચ્છંદી. [ અપ્રયત ચર્યા અશુદ્ધોપયોગ વિના કદી હોતી નથી. ]

૨. સંતાનવાહિની = સંતત; સતત; નિરંતર; ધારાવાહિની; અતૂટક. [ જ્યાં સુધી અપ્રયત ચર્યા છે ત્યાં સુધી સદાય હિંસા સતતપણે ચાલુ છે. ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथान्तरङ्गबहिरङ्गत्वेन छेदस्य द्वैविध्यमुपदिशति—

**मरदु व जियदु व जीवो अयदाचारस्स णिच्छिदा हिंसा ।**
**पयदस्स णत्थि बंधो हिंसामेत्तेण समिदस्स ॥२१७॥**

**म्रियतां वा जीवतु वा जीवोऽयताचारस्य निश्चिता हिंसा ।**
**प्रयतस्य नास्ति बन्धो हिंसामात्रेण समितस्य ॥ २१७ ॥**

अशुद्धोपयोगोऽन्तरङ्गच्छेदः, परप्राणव्यपरोपो बहिरङ्गः । तत्र परप्राणव्यपरोपसद्भावे तदसद्भावे वा तदविनाभाविनाप्रयताचारेण प्रसिद्ध्यदशुद्धोपयोगसद्भावस्य सुनिश्चितहिंसाभाव-

---

**जियदु व जीवो, अयदाचारस्स णिच्छिदा हिंसा** म्रियतां वा जीवतु वा जीवः, प्रयत्नरहितस्य निश्चिता हिंसा भवति; बहिरङ्गान्यजीवस्य मरणेऽमरणे वा, निर्विकारस्वसंवित्तिलक्षणप्रयत्नरहितस्य निश्चयशुद्धचैतन्यप्राणव्यपरोपणरूपा निश्चयहिंसा भवति । **पयदस्स णत्थि बंधो** बाह्याभ्यन्तरप्रयत्नपरस्य नास्ति बन्धः । केन । **हिंसामेत्तेण** द्रव्यहिंसामात्रेण । कथंभूतस्य पुरुषस्य । **समिदस्स** समितस्य शुद्धात्मस्वरूपे सम्यगितो गतः परिणतः समितस्तस्य समितस्य, व्यवहारेणेर्यादिपञ्चसमितियुक्तस्य च । अयमत्रार्थः—स्वस्थभावनारूपनिश्चयप्राणस्य विनाशकारणभूता रागादिपरिणतिर्निश्चयहिंसा भण्यते, रागाद्युत्पत्ते-

---

હવે છેદના અંતરંગ અને બહિરંગ એવા બે પ્રકાર ઉપદેશે છેઃ—

**જીવો-મરો જીવ, યત્નહીન આચાર ત્યાં હિંસા નક્કી;**
**સમિતિ-પ્રયત્નસહિતને નહિ બંધ હિંસામાત્રથી. ૨૧૭.**

**અન્વયાર્થઃ**—[जीवः] જીવ [म्रियतां वा जीवतु वा] મરો કે જીવો, [अयताचारस्य] અપ્રયત આચારવાળાને [हिंसा] (અંતરંગ) હિંસા [निश्चिता] નિશ્ચિત છે; [प्रयतस्य समितस्य] [1]પ્રયતને, [2]સમિતિવંતને [हिंसामात्रेण] (બહિરંગ) હિંસામાત્રથી [बन्धः] બંધ [नास्ति] નથી.

**ટીકાઃ**—અશુદ્ધોપયોગ તે અંતરંગ છેદ છે, પરપ્રાણોનો વ્યપરોપ (-બીજાના પ્રાણોનો વિચ્છેદ) તે બહિરંગ છેદ છે. તેમાં અંતરંગ છેદ જ વિશેષ બળવાન છે, બહિરંગ છેદ નહિ; કારણ કે—પરપ્રાણોના વ્યપરોપનો સદ્ભાવ હો કે અસદ્ભાવ હો, અશુદ્ધોપયોગ

---

૧. પ્રયત = પ્રયત્નશીલ; સાવધાન; સંયમી. [પ્રયત્નના અર્થ માટે ૩૯૦ મા પાનાનું પદટિપ્પણ જુઓ.]

૨. શુદ્ધાત્મસ્વરૂપમાં (મુનિત્વોચિત) સમ્યક્ ‘ઇતિ’ અર્થાત્ પરિણતિ તે નિશ્ચય-સમિતિ છે. અને તે દશામાં વર્તતી જે (હઠ વગરની) ઈર્યા-ભાષાદિ સંબંધી શુભ પરિણતિ તે વ્યવહાર-સમિતિ છે. [શુદ્ધાત્મસ્વરૂપમાં સમ્યક્ પરિણતિરૂપ દશા ન હોય ત્યાં શુભ પરિણતિ હઠ સહિત હોય છે; તે શુભ પરિણતિ વ્યવહાર-સમિતિ પણ નથી.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



प्रसिद्धः, तथा तद्विनाभाविना प्रयताचारेण प्रसिद्ध्यदशुद्धोपयोगासद्भावपरस्य परप्राणव्यपरोप-सद्भावेऽपि बन्धाप्रसिद्ध्या सुनिश्चितहिंसाऽभावप्रसिद्धेश्चान्तरङ्ग एव छेदो बलीयान्, न पुनर्बहिरङ्गः । एवमप्यन्तरङ्गच्छेदायतनमात्रत्वाद्बहिरङ्गच्छेदोऽभ्युपगम्येतैव ॥ २१७ ॥

---

बहिरङ्गनिमित्तभूतः परजीवघातो व्यवहारहिंसेति द्विधा हिंसा ज्ञातव्या । किंतु विशेषः—बहिरङ्गहिंसा भवतु वा मा भवतु, स्वस्थभावनारूपनिश्चयप्राणघाते सति निश्चयहिंसा नियमेन भवतीति । ततः कारणात्सैव मुख्येति ॥ २१७ ॥ अथ तमेवार्थं दृष्टान्तदार्ष्टान्ताभ्यां दृढयति—

उच्चालियम्हि पाए इरियासमिदस्स णिग्गमत्थाए ।
आबाधेज्ज कुलिंगं मरिज्ज तं जोगमासेज्ज ॥ *१५ ॥
ण हि तस्स तण्णिमित्तो बंधो सुहुमो य देसिदो समये ।
मुच्छा परिग्गहो च्चिय अज्झप्पपमाणदो दिट्ठो ॥ *१६ ॥ (जुम्मं)

---

વિના જે હોતો નથી એવા [1]અપ્રયત આચાર વડે પ્રસિદ્ધ થતો (-જાણવામાં આવતો) અશુદ્ધોપયોગનો સદ્‌ભાવ જેને વર્તે છે તેને હિંસાના સદ્‌ભાવની પ્રસિદ્ધિ સુનિશ્ચિત છે; અને તેવી રીતે અશુદ્ધોપયોગ વિના જે હોય છે એવા [2]પ્રયત આચાર વડે પ્રસિદ્ધ થતો (-જાણવામાં આવતો) અશુદ્ધોપયોગનો અસદ્‌ભાવ જેને વર્તે છે તેને, પરપ્રાણોના વ્યપરોપના સદ્‌ભાવમાં પણ બંધની અપ્રસિદ્ધિ હોવાને લીધે, હિંસાના અભાવની પ્રસિદ્ધિ સુનિશ્ચિત છે. આમ હોવા છતાં (અર્થાત્ અંતરંગ છેદ જ વિશેષ બળવાન છે, બહિરંગ છેદ નહિ—એમ હોવા છતાં) બહિરંગ છેદ અંતરંગ છેદનું આયતનમાત્ર હોવાથી તેને (બહિરંગ છેદને) સ્વીકારવો-માનવો તો જોઈએ જ.

**ભાવાર્થ:**—શુદ્ધોપયોગનું હણાવું તે અંતરંગ હિંસા—અંતરંગ છેદ છે અને બીજાના પ્રાણોનો વિચ્છેદ થવો તે બહિરંગ હિંસા—બહિરંગ છેદ છે.

જીવ મરો કે ન મરો, જેને અપ્રયત આચરણ છે તેને શુદ્ધોપયોગ હણાતો હોવાથી અંતરંગ હિંસા થાય જ છે અને તેથી અંતરંગ છેદ થાય જ છે. જેને પ્રયત આચરણ છે તેને, પરપ્રાણોના વ્યપરોપરૂપ બહિરંગ હિંસાના—બહિરંગ છેદના—સદ્‌ભાવમાં પણ, શુદ્ધોપયોગ નહિ હણાતો હોવાથી અંતરંગ હિંસા થતી નથી અને તેથી અંતરંગ છેદ થતો નથી. ૨૧૭.

---

૧. અશુદ્ધ ઉપયોગ વિના અપ્રયત આચાર કદી હોતો નથી, માટે અપ્રયત આચાર જેને વર્તે છે તેને અશુદ્ધ ઉપયોગ અવશ્ય હોય જ છે. આ રીતે અપ્રયત આચાર વડે અશુદ્ધ ઉપયોગ પ્રસિદ્ધ થાય છે—જાણવામાં આવે છે.

૨. અશુદ્ધ ઉપયોગ ન હોય ત્યાં જ પ્રયત આચાર વર્તે છે, માટે પ્રયત આચાર વડે અશુદ્ધ ઉપયોગનો અસદ્‌ભાવ પ્રસિદ્ધ થાય છે—જાણવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ सर्वथान्तरङ्गच्छेदः प्रतिषेध्य इत्युपदिशति—

**अयदाचारो समणो छस्सु वि कायेसु वधकरो त्ति मदो ।**
**चरदि जदं जदि णिच्चं कमलं व जले णिरुवलेवो ॥२१८॥**

अयताचारः श्रमणः षट्स्वपि कायेषु वधकर इति मतः ।
चरति यतं यदि नित्यं कमलमिव जले निरुपलेपः ॥२१८॥

यतस्तदविनाभाविना अप्रयताचारत्वेन प्रसिद्ध्यदशुद्धोपयोगसद्भावः षट्कायप्राण-व्यपरोपप्रत्ययबन्धप्रसिद्ध्या हिंसक एव स्यात् । यतश्च तद्विनाभाविना प्रयताचारत्वेन

---

**उच्चालियम्हि पाए** उत्क्षिप्ते चालिते सति पादे । कस्य । **इरियासमिदस्स** ईर्यासमितितपो-धनस्य । क । **णिग्गमत्थाए** विवक्षितस्थानान्निर्गमस्थाने । **आबाधेज्ज** आबाध्येत पीड्येत । स कः । **कुलिंगं** सूक्ष्मजन्तुः । न केवलमाबाध्येत, **मरिज्ज** म्रियतां वा । किं कृत्वा । **तं जोगमासेज्ज** तं पूर्वोक्तं पादयोगं पादसंघट्टनमाश्रित्य प्राप्येति । **ण हि तस्स तण्णिमित्तो बंधो सुहुमो य देसिदो समये** न हि तस्य तन्निमित्तो बन्धः सूक्ष्मोऽपि देशितः समये; तस्य तपोधनस्य तन्निमित्तो सूक्ष्म-जन्तुघातनिमित्तो बन्धः सूक्ष्मोऽपि स्तोकोऽपि नैव दृष्टः समये परमागमे । दृष्टान्तमाह—**मुच्छा परिग्गहो च्चिय** मूर्च्छा परिग्रहश्चैव **अज्झप्पपमाणदो दिट्ठो** अध्यात्मप्रमाणतो दृष्ट इति । अयमत्रार्थः—'मूर्च्छा परिग्रहः' इति सूत्रे यथाध्यात्मानुसारेण मूर्च्छारूपरागादिपरिणामानुसारेण परिग्रहो भवति, न च बहिरङ्गपरिग्रहानुसारेण; तथात्र सूक्ष्मजन्तुघातेऽपि यावतांशेन स्वस्थभावचलनरूपा रागादिपरिणतिलक्षण-

---

હવે, સર્વથા અંતરંગ છેદ નિષેધ્ય-ત્યાજ્ય છે એમ ઉપદેશે છેઃ—

**મુનિ યત્નહીન આચારવંત છ કાયનો હિંસક કહ્યો;**
**જલકમલવત્ નિર્લેપ ભાખ્યો, નિત્ય યત્નસહિત જો. ૨૧૮.**

**અન્વયાર્થઃ**—[ अयताचारः श्रमणः ] અપ્રયત આચારવાળો શ્રમણ [ षट्सु अपि कायेषु ] છયે કાય સંબંધી [ वधकरः ] વધનો કરનાર [ इति मतः ] માનવામાં-કહેવામાં આવ્યો છે; [ यदि ] જો [ नित्यं ] સદા [ यतं चरति ] પ્રયતપણે આચરણ કરે તો [ जले कमलम् इव ] જળમાં કમળની માફક [ निरुपलेपः ] નિર્લેપ કહેવામાં આવ્યો છે.

**ટીકાઃ**—અશુદ્ધોપયોગ વિના જે હોતો નથી એવા અપ્રયત આચાર વડે પ્રસિદ્ધ થતો (-જાણવામાં આવતો) અશુદ્ધોપયોગનો સદ્ભાવ હિંસક જ છે, કારણ કે છ કાયના પ્રાણોના વ્યપરોપના આશ્રયે થતા બંધની પ્રસિદ્ધિ છે; અને અશુદ્ધોપયોગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



प्रसिद्ध्यदशुद्धोपयोगासद्भावः परप्रत्ययबन्धलेशस्याप्यभावाज्जलदुर्ललितं कमलमिव निरुपलेपत्वप्रसिद्धेरहिंसक एव स्यात् । ततस्तैस्तैः सर्वैः प्रकारैरशुद्धोपयोगरूपोऽन्तरङ्गच्छेदः प्रतिषेध्यो यैर्यैस्तदायतनमात्रभूतः परप्राणव्यपरोपरूपो बहिरङ्गच्छेदो दूरादेव प्रतिषिद्धः स्यात् ॥२१८॥

अथैकान्तिकान्तरङ्गच्छेदत्वादुपधिस्तद्वत्प्रतिषेध्य इत्युपदिशति—

**हवदि व ण हवदि बंधो मदम्हि जीवेऽध कायचेट्ठम्हि ।**
**बंधो धुवमुवधीदो इदि समणा छड्डिया सव्वं ॥२१९॥**

---

भावहिंसा तावतांशेन बन्धो भवति, न च पादसंघट्टनमात्रेण । तस्य तपोधनस्य रागादिपरिणतिलक्षणभावहिंसा नास्ति । ततः कारणाद्बन्धोऽपि नास्तीति ॥ *१५-१६ ॥ अथ निश्चयहिंसारूपोऽन्तरङ्गच्छेदः सर्वथा प्रतिषेध्य इत्युपदिशति—अयदाचारो निर्मलात्मानुभूतिभावनालक्षणप्रयत्नरहितत्वेन अयताचारः प्रयत्नरहितः । स कः । समणो श्रमणस्तपोधनः । छस्सु वि कायेसु वधकरो त्ति मदो षट्स्वपि कायेषु वधकरो हिंसाकर इति मतः सम्मतः कथितः । चरदि आचरति वर्तते । कथं । यथा भवति जदं यतं यत्नपरं, जदि यदि चेत्, णिच्चं नित्यं सर्वकालं तदा कमलं व जले णिरुवलेवो कमलमिव जले निरुपलेप इति । एतावता किमुक्तं भवति—शुद्धात्मसंवित्तिलक्षणशुद्धोपयोगपरिणतपुरुषः षड्जीवकुले लोके विचरन्नपि यद्यपि बहिरङ्गद्रव्यहिंसामात्रमस्ति, तथापि निश्चयहिंसा नास्ति । ततः कारणाच्छुद्धपरमात्मभावनाबलेन निश्चयहिंसैव सर्वतात्पर्येण परिहर्तव्येति ॥२१८॥

---

વિના જે હોય છે એવા પ્રયત આચાર વડે પ્રસિદ્ધ થતો અશુદ્ધોપયોગનો અસદ્‌ભાવ અહિંસક જ છે, કારણ કે પરના આશ્રયે થતા લેશ પણ બંધનો અભાવ હોવાને લીધે, જળમાં ઝૂલતા કમળની માફક, નિર્લેપપણાની પ્રસિદ્ધિ છે; માટે તે તે સર્વ પ્રકારે અશુદ્ધોપયોગરૂપ અંતરંગ છેદ નિષેધ્ય-છોડવાયોગ્ય છે, કે જે જે પ્રકારે તેના આયતનમાત્રભૂત પરપ્રાણવ્યપરોપરૂપ બહિરંગ છેદ અત્યંત નિષિદ્ધ હોય.

**ભાવાર્થઃ**—શાસ્ત્રમાં અપ્રયત-આચારવંત અશુદ્ધોપયોગીને છ કાયનો હિંસક કહ્યો છે અને પ્રયત-આચારવંત શુદ્ધોપયોગીને અહિંસક કહ્યો છે, તેથી શાસ્ત્રમાં જે જે પ્રકારે છ કાયની હિંસાનો નિષેધ કરવામાં આવ્યો હોય, તે તે સર્વ પ્રકારે અશુદ્ધોપયોગનો નિષેધ સમજવો. ૨૧૮.

હવે ઉપધિને (-પરિગ્રહને) એકાંતિક અંતરંગ-છેદપણું હોવાથી ઉપધિ અંતરંગ છેદની માફક છોડવાયોગ્ય છે એમ ઉપદેશે છેઃ—

**દૈહિક ક્રિયા થકી જીવ મરતાં બંધ થાય–ન થાય છે,**
**પરિગ્રહ થકી ધ્રુવ બંધ, તેથી સમસ્ત છોડ્યો યોગીએ. ૨૧૯.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भवति वा न भवति बन्धो मृते जीवेऽथ कायचेष्टायाम् ।
बन्धो ध्रुवमुपधेरिति श्रमणास्त्यक्तवन्तः सर्वम् ॥ २१९ ॥

**यथा हि कायव्यापारपूर्वकस्य परप्राणव्यपरोपस्याशुद्धोपयोगसद्भावासद्भावाभ्यामनैकान्तिकबन्धत्वेन छेदत्वमनैकान्तिकमिष्टं, न खलु तथोपधेः, तस्य सर्वथा तदविनाभावित्वप्रसिद्ध्यदैकान्तिकाशुद्धोपयोगसद्भावस्यैकान्तिकबन्धत्वेन छेदत्वमैकान्तिकमेव । अत एव भगवन्तोऽर्हन्तः परमाः श्रमणाः स्वयमेव प्रागेव सर्वमेवोपधिं प्रतिषिद्धवन्तः । अत एव चापरैरप्यन्तरङ्गच्छेदवत्तदनान्तरीयकत्वात्प्रागेव सर्व एवोपधिः प्रतिषेध्यः ॥ २१९ ॥**

---

अथ बहिरङ्गजीवघाते बन्धो भवति न भवति वा, परिग्रहे सति नियमेन भवतीति प्रतिपादयति— **हवदि व ण हवदि बंधो** भवति वा न भवति बन्धः । कस्मिन्सति । **मदम्हि जीवे** मृते सत्यन्यजीवे । **अध** अहो । कस्यां सत्याम् । **कायचेट्ठम्हि** कायचेष्टायाम् । तर्हि कथं बन्धो भवति । **बंधो धुवमुवधीदो** बन्धो भवति ध्रुवं निश्चितम् । कस्मात् । उपधेः परिग्रहात्सकाशात् । **इदि** इति हेतोः **समणा छड्डिया सव्वं** श्रमणा महाश्रमणाः सर्वज्ञाः पूर्वं दीक्षाकाले शुद्धबुद्धैकस्वभावं निजात्मानमेव परिग्रहं कृत्वा, शेषं समस्तं बाह्याभ्यन्तरपरिग्रहं छर्दितवन्तस्त्यक्तवन्तः । एवं ज्ञात्वा शेषतपोधनैरपि निजपरमात्मपरिग्रहं स्वीकारं कृत्वा, शेषः सर्वोऽपि परिग्रहो मनोवचनकायैः कृतकारितानुमतैश्च त्यजनीय इति ।

---

**અન્વયાર્થઃ—**[ **अथ** ] હવે ( ઉપધિ વિષે એમ છે કે ), [ **कायचेष्टायाम्** ] કાયચેષ્ટાપૂર્વક [ **जीवे मृते** ] જીવ મરતાં [ **बन्धः** ] બંધ [ **भवति** ] થાય છે [ **वा** ] અથવા [ **न भवति** ] નથી થતો; [ **उपधेः** ] ( પણ ) ઉપધિથી–પરિગ્રહથી [ **ध्रुवम् बन्धः** ] નક્કી બંધ થાય છે; [ **इति** ] તેથી [ **श्रमणाः** ] શ્રમણોએ ( અર્હંતદેવોએ ) [ **सर्वं** ] સર્વ પરિગ્રહને [ **त्यक्तवन्तः** ] છોડયો છે.

**ટીકાઃ—**જેમ કાયવ્યાપારપૂર્વક પરપ્રાણવ્યપરોપ અશુદ્ધોપયોગના સદ્ભાવ અને અસદ્ભાવ વડે અનૈકાંતિક બંધરૂપ હોવાથી તેને ( કાયવ્યાપારપૂર્વક પરપ્રાણવ્યપરોપને ) છેદપણું [1]અનૈકાંતિક માનવામાં આવ્યું છે, તેમ ઉપધિનું–પરિગ્રહનું નથી; પરિગ્રહ સર્વથા અશુદ્ધોપયોગ વિના હોતો નથી એવું જે પરિગ્રહનું સર્વથા અશુદ્ધોપયોગ સાથે અવિનાભાવીપણું તેનાથી પ્રસિદ્ધ થતા એકાંતિક અશુદ્ધોપયોગના સદ્ભાવને લીધે પરિગ્રહ તો એકાંતિક બંધરૂપ છે, માટે તેને (–પરિગ્રહને) છેદપણું [2]એકાંતિક જ છે. તેથી જ ભગવંત અર્હંતોએ—પરમ શ્રમણોએ—પોતે જ પ્રથમ જ બધાય પરિગ્રહને છોડયો છે; અને તેથી જ બીજાઓએ પણ, અંતરંગ છેદની માફક, પ્રથમ જ બધોય પરિગ્રહ છોડવાયોગ્ય છે, કારણ કે તે (પરિગ્રહ) અંતરંગ છેદ વિના હોતો નથી.

---

૧. અનૈકાંતિક=અનિશ્ચિત; નિયમરૂપ ન હોય એવું; એકાંતિક ન હોય એવું.

૨. એકાંતિક=નિશ્ચિત; નિયમરૂપ; અવશ્ય હોનાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



*वक्तव्यमेव किल यत्तदशेषमुक्त-
मेतावतैव यदि चेतयतेऽत्र कोऽपि ।
व्यामोहजालमतिदुस्तरमेव नूनं
निश्चेतनस्य वचसामतिविस्तरेऽपि ॥ १४॥

अत्रेदमुक्तं भवति—शुद्धचैतन्यरूपनिश्चयप्राणे रागादिपरिणामरूपनिश्चयहिंसया पातिते सति नियमेन बन्धो भवति । परजीवघाते पुनर्भवति वा न भवतीति नियमो नास्ति, परद्रव्ये ममत्वरूपमूर्च्छापरिग्रहेण तु नियमेन भवत्येवेति ॥ २१९ ॥ एवं भावहिंसाव्याख्यानमुख्यत्वेन पञ्चमस्थले गाथाषट्कं गतम् । इति पूर्वोक्तक्रमेण 'एवं पणमिय सिद्धे' इत्याद्येकविंशतिगाथाभिः स्थलपञ्चकेनोत्सर्गचारित्रव्याख्याननामा प्रथमोऽन्तराधिकारः समाप्तः । अतःपरं चारित्रस्य देशकालापेक्षयापहृतसंयमरूपेणापवादव्याख्यानार्थं पाठक्रमेण त्रिंशद्गाथाभिर्द्वितीयोऽन्तराधिकारः प्रारभ्यते । तत्र चत्वारि स्थलानि भवन्ति । तस्मिन्प्रथमस्थले निर्ग्रन्थमोक्षमार्गस्थापनामुख्यत्वेन 'ण हि णिरवेक्खो चागो' इत्यादि गाथापञ्चकम् । अत्र टीकायां गाथात्रयं नास्ति । तदनन्तरं सर्वसावद्यप्रत्याख्यानलक्षणसामायिकसंयमासमर्थानां यतीनां संयमशौचज्ञानोपकरणनिमित्तमपवादव्याख्यानमुख्यत्वेन 'छेदो जेण ण विज्जदि' इत्यादि सूत्रत्रयम् । तदनन्तरं स्त्रीनिर्वाणनिराकरणप्रधानत्वेन 'पेच्छदि ण हि इह लोगं' इत्याद्येकादश गाथा भवन्ति । ताश्चामृतचन्द्रटीकायां न सन्ति । ततः

ભાવાર્થ:—અશુદ્ધોપયોગનો અસદ્ભાવ હોય તોપણ કાયાની હલનચલનાદિ ક્રિયા થતાં પર જીવોના પ્રાણોનો ઘાત થઈ જાય છે. માટે કાયચેષ્ટાપૂર્વક પરપ્રાણોના ઘાતથી બંધ થવાનો નિયમ નથી;—અશુદ્ધોપયોગના સદ્ભાવમાં થતો જે કાયચેષ્ટાપૂર્વક પરપ્રાણોનો ઘાત તેનાથી તો બંધ થાય છે, અને અશુદ્ધોપયોગના અસદ્ભાવમાં થતો જે કાયચેષ્ટાપૂર્વક પરપ્રાણોનો ઘાત તેનાથી બંધ થતો નથી. આ રીતે કાયચેષ્ટાપૂર્વક થતા પરપ્રાણોના ઘાતથી બંધ થવાનું અનૈકાંતિક હોવાથી તેને છેદપણું અનૈકાંતિક છે—નિયમરૂપ નથી.

જેમ ભાવ વિના પણ પરપ્રાણોનો ઘાત થઈ જાય છે, તેમ ભાવ ન હોય તોપણ પરિગ્રહનું ગ્રહણ થાય એમ કદી બને નહિ. જ્યાં પરિગ્રહનું ગ્રહણ હોય છે ત્યાં અશુદ્ધોપયોગનો સદ્ભાવ અવશ્ય હોય જ છે. માટે પરિગ્રહથી બંધ થવાનું તો એકાંતિક-નિશ્ચિત-નિયમરૂપ છે. તેથી પરિગ્રહને છેદપણું એકાંતિક છે. આમ હોવાથી જ પરમ શ્રમણ એવા અર્હંતભગવંતોએ પ્રથમથી જ સર્વ પરિગ્રહનો ત્યાગ કર્યો છે અને અન્ય શ્રમણોએ પણ પ્રથમથી જ સર્વ પરિગ્રહનો ત્યાગ કરવો જોઈએ. ૨૧૯.

[ હવે, 'કહેવાયોગ્ય બધું કહેવાયું છે' ઇત્યાદિ કથન શ્લોક દ્વારા કરવામાં આવે છે:]

[ **અર્થ**:— ] જે કહેવા જેવું જ હતું તે અશેષપણે કહેવાયું છે, એટલાથી જ જો કોઈ અહીં ચેતે-સમજે તો. (બાકી તો,) વાણીનો અતિ વિસ્તાર કરવામાં આવે તોપણ નિશ્ચેતનને (-અણસમજુને, જડ જેવાને) ખરેખર વ્યામોહની (-મોહની) જાળ અતિ દુસ્તર છે.

---

* વસન્તતિલકા છંદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथान्तरङ्गच्छेदप्रतिषेध एवायमुपधिप्रतिषेध इत्युपदिशति—

ण हि णिरवेक्खो चागो ण हवदि भिक्खुस्स आसयविसुद्धी ।
अविसुद्धस्स य चित्ते कहं णु कम्मक्खओ विहिओ ॥२२०॥

न हि निरपेक्षस्त्यागो न भवति भिक्षोराशयविशुद्धिः ।
अविशुद्धस्य च चित्ते कथं नु कर्मक्षयो विहितः ॥२२०॥

न खलु बहिरङ्गसङ्गसद्भावे तुषसद्भावे तण्डुलगताशुद्धत्वस्येवाशुद्धोपयोगरूपस्यान्तरङ्गच्छेदस्य प्रतिषेधः, तद्भावे च न शुद्धोपयोगमूलस्य कैवल्यस्योपलम्भः । अतोऽशुद्धोपयोग-

---

परं सर्वोपेक्षासंयमासमर्थस्य तपोधनस्य देशकालापेक्षया किंचित्संयमसाधकशरीरस्य निरवद्याहारादिसहकारिकारणं ग्राह्यमिति पुनरप्यपवादविशेषव्याख्यानमुख्यत्वेन 'उवयरणं जिणमग्गे' इत्याद्येकादशगाथा भवन्ति । अत्र टीकायां गाथाचतुष्टयं नास्ति । एवं मूलसूत्राभिप्रायेण त्रिंशद्गाथाभिः, टीकापेक्षया पुनर्द्वादशगाथाभिः द्वितीयान्तराधिकारे समुदायपातनिका । तथाहि—अथ भावशुद्धिपूर्वकबहिरङ्गपरिग्रहपरित्यागे कृते सति अभ्यन्तरपरिग्रहपरित्यागः कृत एव भवतीति निर्दिशति—**ण हि णिरवेक्खो चागो** न हि निरपेक्षस्त्यागः यदि चेत्, परिग्रहत्यागः सर्वथा निरपेक्षो न भवति किंतु किमपि वस्त्रपात्रादिकं ग्राह्यमिति भवता भण्यते, तर्हि हे शिष्य **ण हवदि भिक्खुस्स आसयविसुद्धी** न भवति भिक्षोराशयविशुद्धिः, तदा सापेक्षपरिणामे सति भिक्षोस्तपोधनस्य चित्तशुद्धिर्न भवति । **अविसुद्धस्स हि चित्ते** शुद्धात्मभावनारूपशुद्धिरहितस्य तपोधनस्य चित्ते मनसि हि स्फुटं **कहं तु कम्मक्खओ विहिओ** कथं तु कर्मक्षयो विहितः उचितो, न कथमपि । अनेनैतदुक्तं भवति—यथा बहिरङ्गतुषसद्भावे सति तण्डुलस्याभ्यन्तरशुद्धिं कर्तुं नायाति तथा विद्यमाने वा बहिरङ्गपरिग्रहाभिलाषे सति निर्मलशुद्धात्मानुभूतिरूपां

---

હવે આ ઉપધિનો (પરિગ્રહનો) નિષેધ તે અંતરંગ છેદનો જ નિષેધ છે એમ ઉપદેશે છેઃ—

નિરપેક્ષ ત્યાગ ન હોય તો નહિ ભાવશુદ્ધિ ભિક્ષુને,
ને ભાવમાં અવિશુદ્ધને ક્ષય કર્મનો કઈ રીત બને? ૨૨૦.

**અન્વયાર્થઃ**—[निरपेक्षः त्यागः न हि] જો નિરપેક્ષ (કોઈ પણ વસ્તુની અપેક્ષા વિનાનો) ત્યાગ ન હોય તો [भिक्षोः] ભિક્ષુને [आशयविशुद्धिः] ભાવની વિશુદ્ધિ [न भवति] નથી; [च] અને [चित्ते अविशुद्धस्य] ભાવમાં જે અવિશુદ્ધ છે તેને [कर्मक्षयः] કર્મક્ષય [कथं नु] કઈ રીતે [विहितः] થઈ શકે?

**ટીકાઃ**—જેમ ફોતરાંના સદ્‌ભાવમાં ચોખાને વિષે રહેલી (રક્તતારૂપ-રતાશરૂપ) અશુદ્ધતાનો ત્યાગ (-અભાવ, નાશ) હોતો નથી, તેમ બહિરંગ સંગના સદ્‌ભાવમાં અશુદ્ધોપયોગરૂપ અંતરંગ છેદનો ત્યાગ હોતો નથી; અને તેના સદ્‌ભાવમાં (અશુદ્ધોપયોગ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



रूपस्यान्तरङ्गच्छेदस्य प्रतिषेधं प्रयोजनमपेक्ष्योपधेर्विधीयमानः प्रतिषेधोऽन्तरङ्गच्छेदप्रतिषेध एव स्यात् ॥ २२० ॥

अथैकान्तिकान्तरङ्गच्छेदत्वमुपधेर्विस्तरेणोपदिशति—

**किध तम्हि णत्थि मुच्छा आरंभो वा असंजमो तस्स ।**
**तध परदव्वम्मि रदो कधमप्पाणं पसाधयदि ॥ २२१ ॥**

---

चित्तशुद्धिं कर्तुं नायाति । यदि पुनर्विशिष्टवैराग्यपूर्वकपरिग्रहत्यागो भवति तदा चित्तशुद्धिर्भवत्येव, ख्यातिपूजालाभनिमित्तत्यागे तु न भवति ॥ २२० ॥ अथ तमेव परिग्रहत्यागं द्रढयति—

**गेण्हदि व चेलखंडं भायणमत्थि त्ति भणिदमिह सुत्ते ।**
**जदि सो चत्तालंबो हवदि कहं वा अणारंभो ॥ *१७ ॥**

**वत्थक्खंडं दुद्दियभायणमण्णं च गेण्हदि णियदं ।**
**विज्जदि पाणारंभो विक्खेवो तस्स चित्तम्मि ॥ *१८ ॥**

**गेण्हइ विधुणइ धोवइ सोसेइ जदं तु आदवे खित्ता ।**
**पत्तं व चेलखंडं बिभेदि परदो य पालयदि ॥ *१९ ॥**

**गेण्हदि व चेलखंडं** गृह्णाति वा चेलखण्डं वस्त्रखण्डं, **भायणं** भिक्षाभाजनं वा **अत्थि त्ति भणिदं** अस्तीति भणितमास्ते । क । **इह सुत्ते** इह विवक्षितागमसूत्रे **जदि** यदि चेत् । **सो चत्तालंबो हवदि कहं** निरालम्बनपरमात्मतत्त्वभावनाशून्यः सन् स पुरुषो बहिर्द्रव्यालम्बनरहितः कथं भवति, न कथमपि; **वा अणारंभो** निःक्रियनिरारम्भनिजात्मतत्त्वभावनारहितत्वेन निरारम्भो वा कथं भवति, किंतु सारम्भ एव; इति प्रथमगाथा । **वत्थक्खंडं दुद्दियभायणं** वस्त्रखण्डं दुग्धिकाभाजनं **अण्णं च गेण्हदि** अन्यच्च गृह्णाति कम्बलमृदुशयनादिकं यदि चेत् । तदा किं भवति । **णियदं**

---

રૂપ અંતરંગ છેદના સદ્‌ભાવમાં), શુદ્ધોપયોગ જેનું મૂળ છે એવા કૈવલ્યની (મોક્ષની) ઉપલબ્ધિ થતી નથી. આથી (એમ કહ્યું કે) અશુદ્ધોપયોગરૂપ અંતરંગ છેદના નિષેધરૂપ પ્રયોજનની અપેક્ષા રાખીને વિહિત કરવામાં આવતો (-ફરમાવવામાં આવતો) ઉપધિનો જે નિષેધ તે અંતરંગ છેદનો જ નિષેધ છે. ૨૨૦.

હવે 'ઉપધિ તે એકાંતિક અંતરંગ છેદ છે' એમ વિસ્તારથી ઉપદેશે છેઃ—

**આરંભ, અણસંયમ અને મૂર્છા ન ત્યાં—એ કયમ બને?**
**પરદ્રવ્યરત જે હોય તે કઈ રીત સાધે આત્મને? ૨૨૧.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**कथं तस्मिन्नास्ति मूर्च्छा आरम्भो वा असंयमस्तस्य ।**
**तथा परद्रव्ये रतः कथमात्मानं प्रसाधयति ॥ २२१ ॥**

उपधिसद्भावे हि ममत्वपरिणामलक्षणाया मूर्च्छायास्तद्विषयकर्मप्रक्रमपरिणामलक्षणस्यारम्भस्य शुद्धात्मरूपहिंसनपरिणामलक्षणस्यासंयमस्य वावश्यम्भावित्वात्तथोपधिद्वितीयस्य परद्रव्यरतत्वेन शुद्धात्मद्रव्यप्रसाधकत्वाभावाच्च ऐकान्तिकान्तरङ्गच्छेदत्वमुपधेरवधार्यत एव । इदमत्र तात्पर्यमेवंविधत्वमुपधेरवधार्य स सर्वथा संन्यस्तव्यः ॥ २२१ ॥

---

**विज्जदि पाणारंभो** निजशुद्धचतन्यलक्षणप्राणविनाशरूपो परजीवप्राणविनाशरूपो वा नियतं निश्चितं प्राणारम्भः प्राणवधो विद्यते, न केवलं प्राणारम्भः, **विक्खेवो तस्स चित्तम्मि** अविक्षिप्तचित्तपरमयोगरहितस्य सपरिग्रहपुरुषस्य विक्षेपस्तस्य विद्यते चित्ते मनसीति । इति द्वितीयगाथा । **गेण्हइ** स्वशुद्धात्मग्रहणशून्यः सन् गृह्णाति किमपि बहिर्द्रव्यं; **विधुणइ** कर्मधूलिं विहाय बहिरङ्गधूलिं विधूनोति विनाशयति; **धोवइ** निर्मलपरमात्मतत्त्वमलजनकरागादिमलं विहाय बहिरङ्गमलं धौति प्रक्षालयति; **सोसेइ जदं तु आदवे खित्ता** निर्विकल्पध्यानातपेन संसारनदीशोषणमकुर्वन् शोषयति शुष्कं करोति यतं तु यत्नपरं तु यथा भवति । किं कृत्वा । आतपे निक्षिप्य । किं तत् । **पत्तं व चेलखंडं** पात्रं वस्त्रखण्डं वा । **विभेदि** निर्भयशुद्धात्मतत्त्वभावनाशून्यः सन् बिभेति भयं करोति । कस्मात्सकाशात् । **परदो य** परतश्चौरादेः । **पालयदि** परमात्मभावनां न पालयन्न रक्षन्परद्रव्यं किमपि पालयतीति तृतीयगाथा ॥ *१७–१९ ॥ अथ सपरिग्रहस्य नियमेन चित्तशुद्धिर्नश्यतीति विस्तरेणाख्याति—**किध तम्हि णत्थि मुच्छा** परद्रव्य-

---

**અન્વયાર્થઃ**—[ तस्मिन् ] ઉપધિના સદ્ભાવમાં [ तस्य ] તેને ( ભિક્ષુને ) [ मूर्च्छा ] મૂર્છા, [ आरम्भः ] આરંભ [ वा ] કે [ असंयमः ] અસંયમ [ नास्ति ] ન હોય [ कथं ] એ કેમ બને ? ( ન જ બને. ) [ तथा ] તથા [ परद्रव्ये रतः ] જે પરદ્રવ્યમાં રત હોય તે [ आत्मानं ] આત્માને [ कथं ] કઈ રીતે [ प्रसाधयति ] સાધે ?

**ટીકાઃ**—ઉપધિના સદ્ભાવમાં, (૧) મમત્વ-પરિણામ જેનું લક્ષણ છે એવી મૂર્છા, (૨) ઉપધિ સંબંધી *કર્મપ્રક્રમના પરિણામ જેનું લક્ષણ છે એવો આરંભ, અથવા (૩) શુદ્ધાત્મસ્વરૂપની હિંસારૂપ પરિણામ જેનું લક્ષણ છે એવો અસંયમ (–એ ત્રણે) અવશ્યંભાવી હોય છે; તથા ઉપધિ જેનું દ્વિતીય હોય તેને ( અર્થાત્ આત્માથી અન્ય એવો પરિગ્રહ જેણે ગ્રહણ કર્યો હોય તેને ) પરદ્રવ્યમાં રતપણાને લીધે શુદ્ધાત્મદ્રવ્યના સાધકપણાનો અભાવ હોય છે; તેથી ઉપધિને ઐકાંતિક અંતરંગછેદપણું નક્કી થાય જ છે.

આ અહીં તાત્પર્ય છે કે—'ઉપધિ આવો છે ( અર્થાત્ પરિગ્રહ તે અંતરંગ છેદ જ છે )' એમ નક્કી કરીને તેને સર્વથા છોડવો. ૨૨૧.

---

* કર્મપ્રક્રમ = કામમાં જોડાવું તે; કામની વ્યવસ્થા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अथ कस्यचित्कचित्कदाचित्कथश्चित्कश्चिदुपधिरप्रतिषिद्धोऽप्यस्तीत्यपवादमुपदिशति—**

**छेदो जेण ण विज्जदि गहणविसग्गेसु सेवमाणस्स ।**
**समणो तेणिह वट्टदु कालं खेत्तं वियाणित्ता ॥२२२॥**

छेदो येन न विद्यते ग्रहणविसर्गेषु सेवमानस्य ।
श्रमणस्तेनेह वर्ततां कालं क्षेत्रं विज्ञाय ॥ २२२ ॥

---

ममत्वरहितचिच्चमत्कारपरिणतेर्विसदृशा मूर्च्छा कथं नास्ति, अपि त्वस्त्येव । क । तस्मिन् परिग्रहाकाङ्क्षितपुरुषे । **आरंभो वा** मनोवचनकायक्रियारहितपरमचैतन्यप्रतिबन्धक आरम्भो वा कथं नास्ति, किन्त्वस्त्येव; **असंजमो तस्स** शुद्धात्मानुभूतिविलक्षणासंयमो वा कथं नास्ति, किन्त्वस्त्येव .स्य सपरिग्रहस्य । **तध परदव्वम्मि रदो** तथैव निजात्मद्रव्यात्परद्रव्ये रतः **कधमप्पाणं पसाधयदि** स तु सपरिग्रहपुरुषः कथमात्मानं प्रसाधयति, न कथमपीति ॥ २२१ ॥ एवं श्वेताम्बरमतानुसारिशिष्यसम्बोधनार्थं निर्ग्रन्थमोक्षमार्गस्थापनमुख्यत्वेन प्रथमस्थले गाथापञ्चकं गतम् । अथ कालापेक्षया परमोपेक्षासंयमशक्त्यभावे सत्याहारसंयमशौचज्ञानोपकरणादिकं किमपि ग्राह्यमित्यपवादमुपदिशति—**छेदो जेण ण विज्जदि** छेदो येन न विद्यते । येनोपकरणेन शुद्धोपयोगलक्षणसंयमस्य छेदो विनाशो न विद्यते । कयोः । **गहणविसग्गेसु** ग्रहणविसर्गयोः । यस्योपकरणस्यान्यवस्तुनो वा ग्रहणे स्वीकारे विसर्जने त्यागे । किं कुर्वतः तपोधनस्य । **सेवमाणस्स** तदुपकरणं सेवमानस्य । **समणो तेणिह वट्टदु काल खेत्तं वियाणित्ता** श्रमणस्तेनोपकरणेनेह लोके वर्तताम् । किं कृत्वा । कालं क्षेत्रं च विज्ञायेति । अयमत्र भावार्थः—कालं पञ्चमकालं शीतोष्णादिकालं वा, क्षेत्रं भरतक्षेत्रं मानुषजाङ्गलादिक्षेत्रं वा, विज्ञाय येनोपकरणेन स्वसंवित्तिलक्षणभावसंयमस्य बहिरङ्गद्रव्यसंयमस्य वा छेदो न भवति तेन वर्तत इति ॥ २२२ ॥

---

હવે, 'કોઈને ક્યાંક ક્યારેક કોઈ પ્રકારે કોઈક ઉપધિ અનિષિદ્ધ પણ છે' એવો અપવાદ ઉપદેશે છે:—

ગ્રહણે વિસર્ગે સેવતાં નહિ છેદ જેથી થાય છે,
તે ઉપધિ સહ વર્તો ભલે મુનિ કાળક્ષેત્ર વિજાણીને. ૨૨૨.

**અન્વયાર્થ:—**[ग्रहणविसर्गेषु] જે ઉપધિને (આહાર-નીહારાદિનાં) ગ્રહણ-વિસર્જનમાં સેવતાં [येन] જેનાથી [सेवमानस्य] સેવનારને [छेदः] છેદ [न विद्यते] થતો નથી, [तेन] તે ઉપધિ સહિત, [कालं क्षेत्रं विज्ञाय] કાળક્ષેત્રને જાણીને, [इह] આ લોકમાં [श्रमणः] શ્રમણ [वर्तताम्] ભલે વર્તો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आत्मद्रव्यस्य द्वितीयपुद्गलद्रव्याभावात्सर्व एवोपधिः प्रतिषिद्ध इत्युत्सर्गः । अयं तु विशिष्टकालक्षेत्रवशात्कश्चिदप्रतिषिद्ध इत्यपवादः । यदा हि श्रमणः सर्वोपधिप्रतिषेधमास्थाय परममुपेक्षासंयमं प्रतिपत्तुकामोऽपि विशिष्टकालक्षेत्रवशावसन्नशक्तिर्न प्रतिपत्तुं क्षमते, तदापकृष्य संयमं प्रतिपद्यमानस्तद्बहिरङ्गसाधनमात्रमुपधिमातिष्ठते । स तु तथा स्थीयमानो न खलूपधित्वाच्छेदः, प्रत्युत छेदप्रतिषेध एव । यः किलाशुद्धोपयोगाविनाभावी स छेदः । अयं तु श्रामण्यपर्यायसहकारिकारणशरीरवृत्तिहेतुभूताहारनिर्हारादिग्रहणविसर्जनविषयच्छेदप्रतिषेधार्थमुपादीयमानः सर्वथा शुद्धोपयोगाविनाभूतत्वाच्छेदप्रतिषेध एव स्यात् ॥ २२२ ॥

अथाप्रतिषिद्धोपधिस्वरूपमुपदिशति—

**अप्पडिकुट्ठं उवधिं अपत्थणिज्जं असंजदजणेहिं ।**
**मुच्छादिजणणरहिदं गेण्हदु समणो जदि वि अप्पं ॥२२३॥**

---

अथ पूर्वसूत्रोदितोपकरणस्वरूपं दर्शयति— अप्पडिकुट्ठं उवधिं निश्चयव्यवहारमोक्षमार्गसहकारिकारणत्वेनाप्रतिषिद्धमुपधिमुपकरणरूपोपधिं, अपत्थणिज्जं असंजदजणेहिं अप्रार्थनीयं निर्विकारात्मोपलब्धिलक्षणभाव-

---

**ટીકાઃ**—આત્મદ્રવ્યને દ્વિતીય પુદ્‌ગલદ્રવ્યનો અભાવ હોવાથી બધોય ઉપધિ નિષિદ્ધ છે—એમ ઉત્સર્ગ (-સામાન્ય નિયમ) છે; અને વિશિષ્ટ કાળક્ષેત્રને વશ કોઈક ઉપધિ અનિષિદ્ધ છે—એમ અપવાદ છે. જ્યારે શ્રમણ સર્વ ઉપધિના નિષેધનો આશ્રય કરીને [1]પરમોપેક્ષાસંયમને પ્રાપ્ત કરવાનો ઇચ્છક હોવા છતાં પણ વિશિષ્ટ કાળક્ષેત્રના વશે હીનશક્તિવાળો હોવાથી તેને પ્રાપ્ત કરવાને અસમર્થ હોય છે, ત્યારે તેમાં [2]અપકર્ષણ કરીને (અનુત્કૃષ્ટ) સંયમ પ્રાપ્ત કરતો થકો તેના બહિરંગ સાધનમાત્ર ઉપધિનો આશ્રય કરે છે. એ રીતે જેનો આશ્રય કરવામાં આવે છે એવો તે ઉપધિ ઉપધિપણાને લીધે ખરેખર છેદરૂપ નથી, ઊલટો છેદના નિષેધરૂપ (-ત્યાગરૂપ) જ છે. જે (ઉપધિ) અશુદ્ધોપયોગ વિના હોતો નથી તે છેદ છે. પરંતુ આ (સંયમના બાહ્યસાધનમાત્રભૂત ઉપધિ) તો શ્રામણ્યપર્યાયના સહકારી કારણભૂત શરીરની વૃત્તિના હેતુભૂત આહાર-નીહારાદિનાં [3]ગ્રહણ-વિસર્જન સંબંધી છેદના નિષેધને અર્થે ગ્રહવામાં આવતો હોવાથી સર્વથા શુદ્ધોપયોગ સહિત છે તેથી છેદના નિષેધરૂપ જ છે. ૨૨૨

હવે અનિષિદ્ધ ઉપધિનું સ્વરૂપ ઉપદેશે છેઃ—

**ઉપધિ અનિંદિતને, અસંયત જન થકી અણપ્રાર્થ્યને,**
**મૂર્છાદિજનનરહિતને જ ગ્રહો શ્રમણ, થોડો ભલે. ૨૨૩.**

---

૧. પરમોપેક્ષાસંયમ = પરમ-ઉપેક્ષાસંયમ. [ઉત્સર્ગ, નિશ્ચયનય, સર્વપરિત્યાગ, પરમોપેક્ષાસંયમ, વીતરાગચારિત્ર અને શુદ્ધોપયોગ—એ બધાં એકાર્થ છે.]

૨. અપકર્ષણ = ઓછપ. [અપવાદ, વ્યવહારનય, એકદેશપરિત્યાગ, અપહૃતસંયમ (હીણો-ઓછપવાળો સંયમ), સરાગચારિત્ર અને શુભોપયોગ—એ બધાં એકાર્થ છે.]

૩. ગ્રહણ-વિસર્જન = ગ્રહણ-ત્યાગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अप्रतिक्रुष्टमुपधिमप्रार्थनीयमसंयतजनैः ।
मूर्च्छादिजननरहितं गृह्णातु श्रमणो यद्यप्यल्पम् ॥ २२३ ॥

यः किलोपधिः सर्वथा बन्धासाधकत्वादप्रतिक्रुष्टः, संयमादन्यत्रानुचितत्वादसंयतजनाप्रार्थनीयो, रागादिपरिणाममन्तरेण धार्यमाणत्वान्मूर्च्छादिजननरहितश्च भवति, स खल्वप्रतिषिद्धः । अतो यथोदितस्वरूप एवोपधिरुपादेयो, न पुनरल्पोऽपि यथोदितविपर्यस्तस्वरूपः ॥२२३॥

अथोत्सर्ग एव वस्तुधर्मो, न पुनरपवाद इत्युपदिशति—

**किं किंचण त्ति तक्कं अपुणब्भवकामिणोध देहे वि ।**
**संग त्ति जिणवरिंदा णिप्पडिकम्मत्तमुद्दिट्ठा ॥२२४॥**

---

संयमरहितस्यासंयतजनस्यानभिलषणीयम्, **मुच्छादिजणणरहिदं** परमात्मद्रव्यविलक्षणबहिर्द्रव्यममत्वरूपमूर्च्छारक्षणार्जनसंस्कारादिदोषजननरहितम्, **गेण्हदु समणो जदि वि अप्पं** गृह्णातु श्रमणो यमप्यल्पं पूर्वोक्तमुपकरणोपधिं यद्यप्यल्पं तथापि पूर्वोक्तोचितलक्षणमेव ग्राह्यं, न च तद्विपरीतमधिकं वेत्यभिप्रायः ॥ २२३ ॥ अथ सर्वसङ्गपरित्याग एव श्रेष्ठः, शेषमशक्यानुष्ठानमिति प्ररूपयति— **किं किंचण त्ति तक्कं** किं किंचनमिति तर्कः, किं किंचनं परिग्रह इति तर्को विचारः क्रियते तावत् । कस्य । **अपुणब्भवकामिणो** अपुनर्भवकामिनः अनन्तज्ञानादिचतुष्टयात्मकमोक्षाभिलाषिणः । अध अहो, **देहो वि** देहोऽपि

---

**અન્વયાર્થઃ**—[ यद्यपि अल्पम् ] ભલે થોડો હોય તોપણ, [ अप्रतिक्रुष्टम् ] જે અનિંદિત હોય, [ असंयतजनैः अप्रार्थनीयं ] અસંયત જનોથી અપ્રાર્થનીય હોય અને [ मूर्च्छादिजननरहितं ] જે મૂર્ચ્છાદિના જનન રહિત હોય—[ उपधिं ] એવા જ ઉપધિને [ श्रमणः ] શ્રમણ [ गृह्णातु ] ગ્રહણ કરો.

**ટીકાઃ**—જે ઉપધિ સર્વથા બંધનો અસાધક હોવાથી અનિંદિત છે, સંયમ સિવાય અન્યત્ર અનુચિત હોવાથી અસંયત જનો વડે *અપ્રાર્થનીય છે અને રાગાદિપરિણામ વિના ધારણ કરવામાં આવતો હોવાથી મૂર્છાદિના ઉત્પાદન રહિત છે, તે ખરેખર અનિષિદ્ધ છે. આથી યથોક્ત સ્વરૂપવાળો ઉપધિ જ ઉપાદેય છે, પરંતુ થોડો પણ યથોક્ત સ્વરૂપથી વિપરીત સ્વરૂપવાળો ઉપધિ ઉપાદેય નથી. ૨૨૩.

હવે, 'ઉત્સર્ગ જ વસ્તુધર્મ છે, અપવાદ નહિ' એમ ઉપદેશે છેઃ—

**ક્યમ અન્ય પરિગ્રહ હોય જ્યાં કહી દેહને પરિગ્રહ અહો !**
**મોક્ષેચ્છુને દેહેય નિષ્પ્રતિકર્મ ઉપદેશે જિનો ? ૨૨૪.**

---

* અપ્રાર્થનીય = નહિ ઇચ્છવાયોગ્ય; અનિચ્છિત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



किं किञ्चनमिति तर्कः अपुनर्भवकामिनोऽथ देहेऽपि ।
सङ्ग इति जिनवरेन्द्रा निःप्रतिकर्मत्वमुद्दिष्टवन्तः ॥२२४॥

अत्र श्रामण्यपर्यायसहकारिकारणत्वेनाप्रतिषिध्यमानेऽत्यन्तमुपात्तदेहेऽपि परद्रव्यत्वात् परिग्रहोऽयं न नामानुग्रहार्हः किन्तूपेक्ष्य एवेत्यप्रतिकर्मत्वमुपदिष्टवन्तो भगवन्तोऽर्हद्देवाः । अथ तत्र शुद्धात्मतत्त्वोपलम्भसम्भावनरसिकस्य पुंसः शेषोऽन्योऽनुपात्तः परिग्रहो वराकः किं नाम स्यादिति व्यक्त एव हि तेषामाकूतः । अतोऽवधार्यते उत्सर्ग एव वस्तुधर्मो, न पुनरपवादः । इदमत्र तात्पर्यं, वस्तुधर्मत्वात्परमनैर्ग्रन्थ्यमेवावलम्ब्यम् ॥ २२४ ॥

---

**संग त्ति** सङ्गः परिग्रह इति हेतोः **जिणवरिंदा** जिनवरेन्द्राः कर्तारः **णिप्पडिकम्मत्तमुद्दिट्ठा** निःप्रतिकर्मत्वमुपदिष्टवन्तः । शुद्धोपयोगलक्षणपरमोपेक्षासंयमबलेन देहेऽपि निःप्रतिकारित्वं कथितवन्त इति । ततो ज्ञायते मोक्षसुखाभिलाषिणां निश्चयेन देहादिसर्वसङ्गपरित्याग एवोचितोऽन्यस्तूपचार एवेति ॥ २२४ ॥ एवमपवादव्याख्यानरूपेण द्वितीयस्थले गाथात्रयं गतम् । अथैकादशगाथापर्यन्तं स्त्रीनिर्वाणनिराकरण-मुख्यत्वेन व्याख्यानं करोति । तद्यथा—श्वेताम्बरमतानुसारी शिष्यः पूर्वपक्षं करोति—

पेच्छदि ण हि इह लोगं परं च समणिंददेसिदो धम्मो ।
धम्मम्हि तम्हि कम्हा वियप्पियं लिंगमित्थीणं ॥ *२० ॥

---

**અન્વયાર્થઃ**—[ अथ ] જો [ जिनवरेन्द्राः ] જિનવરેંદ્રોએ [ अपुनर्भवकामिनः ] મોક્ષના અભિલાષીને, [ सङ्गः इति ] 'દેહ પરિગ્રહ છે' એમ કહીને, [ देहे अपि ] દેહમાં પણ [ निःप्रतिकर्मत्वम् ] અપ્રતિકર્મપણું ( સંસ્કારરહિતપણું ) [ उद्दिष्टवन्तः ] ઉપદેશ્યું છે, તો પછી [ किं किञ्चनम् इति तर्कः ] તેમનો એવો આશય છે કે તેને અન્ય પરિગ્રહ તો શાનો હોય?

**ટીકાઃ**—અહીં, શ્રામણ્યપર્યાયનું સહકારી કારણ હોવાથી જેનો નિષેધ કરવામાં આવ્યો નથી એવા અત્યંત [1]ઉપાત્ત દેહમાં પણ, 'આ ( દેહ ) પરદ્રવ્ય હોવાથી પરિગ્રહ છે, ખરેખર તે અનુગ્રહયોગ્ય નથી પણ ઉપેક્ષાયોગ્ય જ છે' એમ કહીને, ભગવંત અર્હંતદેવોએ અપ્રતિકર્મપણું ઉપદેશ્યું છે; તો પછી ત્યાં શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિની સંભાવનાના રસિક પુરુષને શેષ અન્ય [2]અનુપાત્ત પરિગ્રહ બિચારો શાનો હોય—એવો તેમનો (-અર્હંતદેવોનો) આશય વ્યક્ત જ છે. આથી નક્કી થાય છે કે—ઉત્સર્ગ જ વસ્તુધર્મ છે, અપવાદ નહિ.

આ અહીં તાત્પર્ય છે કે વસ્તુધર્મ હોવાથી પરમ નિર્ગ્રંથપણું જ અવલંબવાયોગ્ય છે. ૨૨૪.

---

૧. ઉપાત્ત = પ્રાપ્ત; મળેલો.

૨. અનુપાત્ત = અપ્રાપ્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ केऽपवादविशेषा इत्युपदिशति—

**उवयरणं जिणमग्गे लिंगं जहजादरूवमिदि भणिदं ।**
**गुरुवयणं पि य विणओ सुत्तज्झयणं च णिद्दिट्ठं ॥२२५॥**

---

**पेच्छदि ण हि इह लोगं** निरुपरागनिजचैतन्यनित्योपलब्धिभावनाविनाशकं ख्यातिपूजालाभरूपं प्रेक्षते न च हि स्फुटं इह लोकम् । न च केवलमिह लोकं, **परं च** स्वात्मप्राप्तिरूपं मोक्षं विहाय स्वर्गभोगप्राप्तिरूपं परं च परलोकं च नेच्छति । स कः । **समणिंददेसिदो धम्मो** श्रमणेन्द्रदेशितो धर्मः, जिनेन्द्रोपदिष्ट इत्यर्थः । **धम्मम्हि तम्हि कम्हा** धर्मे तस्मिन् कस्मात् **वियप्पियं** विकल्पितं निर्ग्रन्थलिङ्गाद्वस्त्रप्रावरणेन पृथक्कृतम् । किम् । **लिंगं** सावरणचिह्नम् । कासां संबन्धि । **इत्थीणं** स्त्रीणामिति पूर्वपक्षगाथा ॥ *२० ॥ अथ परिहारमाह—

**णिच्छयदो इत्थीणं सिद्धी ण हि तेण जम्मणा दिट्ठा ।**
**तम्हा तप्पडिरूवं वियप्पियं लिंगमित्थीणं ॥ *२१ ॥**

**णिच्छयदो इत्थीणं सिद्धी ण हि तेण जम्मणा दिट्ठा** निश्चयतः स्त्रीणां नरकादिगतिविलक्षणानन्तसुखादिगुणस्वभावा तेनैव जन्मना सिद्धिर्न दृष्टा, न कथिता । **तम्हा तप्पडिरूवं** तस्मात्कारणात्तत्प्रतियोग्यं सावरणरूपं **वियप्पियं लिंगमित्थीणं** निर्ग्रन्थलिङ्गात्पृथक्त्वेन विकल्पितं कथितं लिङ्गं प्रावरणसहितं चिह्नम् । कासाम् । स्त्रीणामिति ॥ *२१ ॥ अथ स्त्रीणां मोक्षप्रतिबन्धकं प्रमादबाहुल्यं दर्शयति—

**पइडीपमादमइया एदासिं वित्ति भासिया पमदा ।**
**तम्हा ताओ पमदा पमादबहुला त्ति णिद्दिट्ठा ॥ * २२ ॥**

**पइडीपमादमइया** प्रकृत्या स्वभावेन प्रमादेन निर्वृत्ता प्रमादमयी । का कर्त्री भवति । **एदासिं वित्ति ।** एतासां स्त्रीणां वृत्तिः परिणतिः । **भासिया पमदा** तत एव नाममालायां प्रमदाः प्रमदासंज्ञा भाषिताः स्त्रियः । **तम्हा ताओ पमदा** यत एव प्रमदासंज्ञास्ताः स्त्रियः, तस्मात्तत एव **पमादबहुला त्ति णिद्दिट्ठा** निःप्रमादपरमात्मतत्त्वभावनाविनाशकप्रमादबहुला इति निर्दिष्टाः ॥ *२२ ॥ अथ तासां मोहादिबाहुल्यं दर्शयति—

**संति धुवं पमदाणं मोहपदोसा भयं दुगुंछा य ।**
**चित्ते चित्ता माया तम्हा तासिं ण णिव्वाणं ॥ *२३ ॥**

---

હવે, અપવાદના કયા વિશેષો છે તે કહે છે:—

**જન્મ્યા પ્રમાણે રૂપ ભાખ્યું ઉપકરણ જિનમાર્ગમાં,**
**ગુરુવચન ને સૂત્રાધ્યયન, વળી વિનય પણ ઉપકરણમાં. ૨૨૫.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



उपकरणं जिनमार्गे लिङ्गं यथाजातरूपमिति भणितम् ।
गुरुवचनमपि च विनयः सूत्राध्ययनं च निर्दिष्टम् ॥ २२५ ॥

**संति धुवं पमदाणं** सन्ति विद्यन्ते ध्रुवं निश्चितं प्रमदानां स्त्रीणाम् । के ते । **मोहपदोसा भयं दुगुंछा य** मोहादिरहितानन्तसुखादिगुणस्वरूपमोक्षकारणप्रतिबन्धकाः मोहप्रद्वेषभयदुगुंछापरिणामाः, **चित्ते चित्ता माया** कौटिल्यादिरहितपरमबोधादिपरिणतेः प्रतिपक्षभूता चित्ते मनसि चित्रा विचित्रा माया, **तम्हा तासिं ण णिव्वाणं** तत एव तासामव्याबाधसुखाद्यनन्तगुणाधारभूतं निर्वाणं नास्तीत्यभिप्रायः ॥ *२३ ॥ अथैतदेव द्रढयति—

ण विणा वट्टदि णारी एक्कं वा तेसु जीवलोयम्हि ।
ण हि संउडं च गत्तं तम्हा तासिं च संवरणं ॥ *२४ ॥

**ण विणा वट्टदि णारी** न विना वर्तते नारी **एक्कं वा तेसु जीवलोयम्हि** तेषु निर्दोषिपरमात्मध्यानविघातकेषु पूर्वोक्तदोषेषु मध्ये जीवलोके त्वेकमपि दोषं विहाय **ण हि संउडं च गत्तं** न हि स्फुटं संवृत्तं गात्रं च शरीरं, **तम्हा तासिं च संवरणं** तत एव च तासां संवरणं वस्त्रावरणं क्रियत इति ॥ *२४ ॥ अथ पुनरपि निर्वाणप्रतिबन्धकदोषान्दर्शयति—

चित्तस्सावो तासिं सित्थिल्लं अत्तवं च पक्खलणं ।
विज्जदि सहसा तासु अ उप्पादो सुहममणुआणं ॥ *२५ ॥

**विज्जदि** विद्यते **तासु अ** तासु च स्त्रीषु । किम् । **चित्तस्सावो** चित्तस्रवः, निःकामात्मतत्त्वसंवित्तिविनाशकचित्तस्य कामोद्रेकेण स्रवो रागसार्द्रभावः, **तासिं** तासां स्त्रीणां, **सित्थिल्लं** शिथिलस्य भावः शैथिल्यं, तद्भवमुक्तियोग्यपरिणामविषये चित्तदार्ढ्याभावः सत्त्वहीनपरिणाम इत्यर्थः, **अत्तवं च पक्खलणं** ऋतौ भवमार्तवं प्रस्खलनं रक्तस्रवणं, **सहसा** झटिति, मासे मासे दिनत्रयपर्यन्तं चित्तशुद्धिविनाशको रक्तस्रवो भवतीत्यर्थः, **उप्पादो सुहममणुआणं** उत्पाद उत्पत्तिः सूक्ष्मलब्ध्यपर्याप्तमनुष्याणामिति ॥*२५॥ अथोत्पत्तिस्थानानि कथयति—

लिंगम्हि य इत्थीणं थणंतरे णाहिकक्खपदेसेसु ।
भणिदो सुहुमुप्पादो तासिं कह संजमो होदि ॥ *२६ ॥

**लिंगम्हि य इत्थीणं थणंतरे णाहिकक्खपदेसेसु** स्त्रीणां लिङ्गे योनिप्रदेशे, स्तनान्तरे, नाभिप्रदेशे, कक्षप्रदेशे च, **भणिदो सुहुमुप्पादो** एतेषु स्थानेषु सूक्ष्ममनुष्यादिजीवोत्पादो भणितः । एते पूर्वोक्त-

---

**અન્વયાર્થઃ**—[ यथाजातरूपम् लिङ्गं ] યથાજાતરૂપ જે લિંગ ( —જન્મ્યા પ્રમાણે રૂપ એવું જે લિંગ ) તે [ जिनमार्गे ] જિનમાર્ગમાં [ उपकरणम् इति भणितम् ] ઉપકરણ કહેવામાં આવ્યું છે; [ गुरुवचनं ] ગુરુનાં વચન, [ सूत्राध्ययनं च ] સૂત્રોનું અધ્યયન [ च ] અને [ विनयः अपि ] વિનય પણ [ निर्दिष्टम् ] ઉપકરણ કહેલ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यो हि नामाप्रतिषिद्धोऽस्मिन्नुपधिरपवादः, स खलु निखिलोऽपि श्रामण्यपर्यायसहकारिकारणत्वेनोपकारकारकत्वादुपकरणभूत एव, न पुनरन्यः । तस्य तु विशेषाः सर्वाहार्यवर्जितसहजरूपापेक्षितयथाजातरूपत्वेन बहिरङ्गलिङ्गभूताः कायपुद्गलाः, श्रूयमाणतत्काल-

---

दोषाः पुरुषाणां किं न भवन्तीति चेत् । एवं न वक्तव्यं, स्त्रीषु बाहुल्येन भवन्ति । न चास्तित्वमात्रेण समानत्वम् । एकस्य विषकणिकास्ति, द्वितीयस्य च विषपर्वतोऽस्ति, किं समानत्वं भवति । किंतु पुरुषाणां प्रथमसंहननबलेन दोषविनाशको मुक्तियोग्यविशेषसंयमोऽस्ति । **तासिं कह संजमो होदि** ततः कारणात्तासां कथं संयमो भवतीति ॥ *२६ ॥ अथ स्त्रीणां तद्भवमुक्तियोग्यां सकलकर्मनिर्जरां निषेधयति—

**जदि दंसणेण सुद्धा सुत्तज्झयणेण चावि संजुत्ता ।**
**घोरं चरदि व चरियं इत्थिस्स ण णिज्जरा भणिदा ॥ *२७ ॥**

**जदि दंसणेण सुद्धा** यद्यपि दर्शनेन सम्यक्त्वेन शुद्धा, **सुत्तज्झयणे चावि संजुत्ता** एकादशाङ्गसूत्राध्ययनेनापि संयुक्ता, **घोरं चरदि व चरियं** घोरं पक्षोपवासमासोपवासादि चरति वा चारित्रं, **इत्थिस्स ण णिज्जरा भणिदा** तथापि स्त्रीजनस्य तद्भवकर्मक्षययोग्या सकलनिर्जरा न भणितेति भावः । किंच यथा प्रथमसंहननाभावात्स्त्री सप्तमनरकं न गच्छति, तथा निर्वाणमपि । "पुंवेदं वेदंता पुरिसा जे खवगसेढिमारूढा । सेसोदयेण वि तहा झाणुवजुत्ता य ते दु सिज्झंति" इति गाथाकथितार्थाभिप्रायेण भावस्त्रीणां कथं निर्वाणमिति चेत् । तासां भावस्त्रीणां प्रथमसंहननमस्ति, द्रव्यस्त्रीवेदाभावात्तद्भवमोक्षपरिणामप्रतिबन्धकतीव्रकामोद्रेकोऽपि नास्ति । द्रव्यस्त्रीणां प्रथमसंहननं नास्तीति कस्मिन्नागमे कथितमास्त इति चेत् । तत्रोदाहरणगाथा—" अंतिमतिगसंघडणं णियमेण य कम्मभूमिमहिलाणं । आदिमतिगसंघडणं णत्थि त्ति जिणेहिं णिद्दिट्ठं" ॥ अथ मतम्—यदि मोक्षो नास्ति तर्हि भवदीयमते किमर्थमर्जिकानां महाव्रतारोपणम् । परिहारमाह—तदुपचारेण कुलव्यवस्थानिमित्तम् । न चोपचारः साक्षाद्भवितुमर्हति, अग्निवत् क्रूरोऽयं देवदत्त इत्यादिवत् । तथाचोक्तम्—मुख्याभावे सति प्रयोजने निमित्ते चोपचारः प्रवर्तते । किंतु यदि तद्भवे मोक्षो भवति स्त्रीणां तर्हि शतवर्षदीक्षिताया अर्जिकाया अद्यदिने दीक्षितः

---

**ટીકાઃ—**આમાં જે અનિષિદ્ધ ઉપધિ અપવાદ છે, તે બધોય ખરેખર એવો જ છે કે જે શ્રામણ્યપર્યાયના સહકારી કારણ તરીકે ઉપકાર કરનારો હોવાથી ઉપકરણભૂત છે, બીજો નહિ. તેના વિશેષો (ભેદો) આ પ્રમાણે છેઃ (૧) સર્વ [૧]આહાર્ય રહિત સહજ રૂપથી અપેક્ષિત એવા (સર્વ આહાર્ય રહિત) યથાજાતરૂપપણાને લીધે જે બહિરંગ લિંગભૂત છે

---

૧. આહાર્ય = બહારથી લાવવામાં આવતું; કૃત્રિમ; ઔપાધિક. [સર્વ કૃત્રિમ-ઔપાધિક ભાવોથી રહિત એવું જે મુનિના આત્માનું સહજ રૂપ તે, વસ્ત્રાભૂષણાદિક સર્વ કૃત્રિમતાઓથી રહિત યથાજાતરૂપપણાની અપેક્ષા રાખે છે અર્થાત્ મુનિના આત્માનું રૂપ-દશા-સહજ હોવાથી દેહ પણ યથાજાત જ હોવો જોઈએ; માટે યથાજાતરૂપપણું તે મુનિપણાનું બાહ્ય લિંગ છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



बोधकगुरुगीर्यमाणात्मतत्त्वद्योतकसिद्धोपदेशवचनपुद्गलाः,तथाधीयमाननित्यबोधकानादिनिधन-शुद्धात्मतत्त्वद्योतनसमर्थश्रुतज्ञानसाधनीभूतशब्दात्मकसूत्रपुद्गलाश्च, शुद्धात्मतत्त्वव्यञ्जकदर्शनादि-

साधुः कथं वन्द्यो भवति । सैव प्रथमतः किं न वन्द्या भवति साधोः । किंतु भवन्मते मल्लितीर्थकरः स्त्रीति कथ्यते, तदप्ययुक्तम् । तीर्थकरा हि सम्यग्दर्शनविशुद्धयादिषोडशभावनाः पूर्वभवे भावयित्वा पश्चाद्भवन्ति । सम्यग्दृष्टेः स्त्रीवेदकर्मणो बन्ध एव नास्ति, कथं स्त्री भविष्यतीति । किंच यदि मल्लितीर्थकरो वान्यः कोऽपि वा स्त्री भूत्वा निर्वाणं गतः तर्हि स्त्रीरूपप्रतिमाराधना किं न क्रियते भवद्भिः । यदि पूर्वोक्तदोषाः सन्ति स्त्रीणां तर्हि सीतारुक्मिणीकुन्तीद्रौपदीसुभद्राप्रभृतयो जिनदीक्षां गृहीत्वा विशिष्टतपश्चरणेन कथं षोडशस्वर्गे गता इति चेत् । परिहारमाह—तत्र दोषो नास्ति, तस्मात्स्वर्गादागत्य पुरुषवेदेन मोक्षं यास्यन्त्यग्रे । तद्भवमोक्षो नास्ति, भवान्तरे भवतु, को दोष इति । इदमत्र तात्पर्यम्—स्वयं वस्तुस्वरूपमेव ज्ञातव्यं, परं प्रति विवादो न कर्तव्यः । कस्मात् । विवादे रागद्वेषोत्पत्तिर्भवति, ततश्च शुद्धात्मभावना नश्यतीति ॥*२७॥ अथोपसंहाररूपेण स्थितपक्षं दर्शयति-

**तम्हा तं पडिरूवं लिंगं तासिं जिणेहिं णिद्दिट्ठं ।**
**कुलरूववओजुत्ता समणीओ तस्समाचारा ॥ *२८ ॥**

**तम्हा** यस्मात्तद्भवे मोक्षो नास्ति तस्मात्कारणात् **तं पडिरूवं लिंगं तासिं जिणेहिं णिद्दिट्ठं** तत्प्रतिरूपं वस्त्रप्रावरणसहितं लिङ्गं चिह्नं लाञ्छनं तासां स्त्रीणां जिनवरैः सर्वज्ञैर्निर्दिष्टं कथितम् । **कुलरूववओजुत्ता समणीओ** लोकदुगुञ्छारहितत्वेन जिनदीक्षायोग्यं कुलं भण्यते, अन्तरङ्गनिर्विकारचित्तशुद्धिज्ञापकं बहिरङ्गनिर्विकारं रूपं भण्यते, शरीरभङ्गरहितं वा अतिबालवृद्धबुद्धिवैकल्यरहितं वयो भण्यते, तैः कुलरूपवयोभिर्युक्ताः कुलरूपवयोयुक्ता भवन्ति । काः । श्रमण्योऽर्जिकाः । पुनरपि किंविशिष्टाः । **तस्समाचारा** तासां स्त्रीणां योग्यस्तद्योग्य आचारशास्त्रविहितः समाचार आचार आचरणं यासां तास्तत्समाचारा इति ॥*२८॥ अथेदानीं पुरुषाणां दीक्षाग्रहणे वर्णव्यवस्थां कथयति—

**એવાં કાયપુદ્ગલો; (૨) જેમનું શ્રવણ કરવામાં આવે છે એવાં, [1]તત્કાળબોધક, ગુરુ વડે કહેવામાં આવતાં, [2]આત્મતત્ત્વદ્યોતક, [3]સિદ્ધ ઉપદેશરૂપ વચનપુદ્ગલો; તેમ જ (૩) જેમનું અધ્યયન કરવામાં આવે છે એવાં, નિત્યબોધક, અનાદિનિધન શુદ્ધ આત્મતત્ત્વને પ્રકાશવામાં સમર્થ શ્રુતજ્ઞાનના સાધનભૂત, શબ્દાત્મક સૂત્રપુદ્ગલો; અને (૪) શુદ્ધ આત્મતત્ત્વને વ્યક્ત**

૧. તત્કાળબોધક = તે કાળે જ (ઉપદેશકાળે જ) બોધ દેનારાં. [ શાસ્ત્રશબ્દો સદા બોધનાં નિમિત્તભૂત હોવાથી નિત્યબોધક કહેવામાં આવ્યા છે; ગુરુવચનો ઉપદેશકાળે જ બોધનાં નિમિત્તભૂત હોવાથી તત્કાળબોધક કહેવામાં આવ્યાં છે. ]

૨. આત્મતત્ત્વદ્યોતક = આત્મતત્ત્વને સમજાવનારાં-પ્રકાશનારાં

૩. સિદ્ધ = સફળ; રામબાણ; અમોઘ; અચૂક. [ ગુરુનો ઉપદેશ સિદ્ધ-સફળ-રામબાણ છે. ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पर्यायतत्परिणतपुरुषविनीतताभिप्रायप्रवर्तकचित्तपुद्गलाश्च भवन्ति । इदमत्र तात्पर्यं, कायवद्वचनमनसी अपि न वस्तुधर्मः ॥ २२५ ॥

---

**वण्णेसु तीसु एक्को कल्लाणंगो तवोसहो वयसा ।**
**सुमुहो कुच्छारहिदो लिंगग्गहणे हवदि जोग्गो ॥ *२९ ॥**

**वण्णेसु तीसु एक्को** वर्णेषु त्रिष्वेकः ब्राह्मणक्षत्रियवैश्यवर्णेष्वेकः । **कल्लाणंगो** कल्याणाङ्ग आरोग्यः । **तवोसहो वयसा** तपःसहः तपःक्षमः । केन । अतिवृद्धबालत्वरहितवयसा । **सुमुहो** निर्विकाराभ्यन्तर-परमचैतन्यपरिणतिविशुद्धिज्ञापकं गमकं बहिरङ्गनिर्विकारं मुखं यस्य, मुखावयवभङ्गरहितं वा, स भवति सुमुखः । **कुच्छारहिदो** लोकमध्ये दुराचाराद्यपवादरहितः । **लिंगग्गहणे हवदि जोग्गो** एवंगुणविशिष्टपुरुषो जिनदीक्षाग्रहणे योग्यो भवति । यथायोग्यं सच्छूद्राद्यपि ॥*२९॥ अथ निश्चयनयाभिप्रायं कथयति—

**जो रयणत्तयणासो सो भंगो जिणवरेहिं णिद्दिट्ठो ।**
**सेसं भंगेण पुणो ण होदि सल्लेहणाअरिहो ॥*३०॥**

**जो रयणत्तयणासो सो भंगो जिणवरेहिं णिद्दिट्ठो** यो रत्नत्रयनाशः स भङ्गो जिनवरै-र्निर्दिष्टः । विशुद्धज्ञानदर्शनस्वभावनिजपरमात्मतत्त्वसम्यक्श्रद्धाज्ञानानुष्ठानरूपो योऽसौ निश्चयरत्नत्रयस्वभाव-स्तस्य विनाशः स एव निश्चयेन नाशो भङ्गो जिनवरैर्निर्दिष्टः । **सेसं भंगेण पुणो** शेषभङ्गेन पुनः शेषखण्डमुण्डवातवृषणादिभङ्गेन **ण होदि सल्लेहणाअरिहो** न भवति सल्लेखनार्हः । लोकदुगुञ्छाभयेन निर्ग्रन्थरूपयोग्यो न भवति । कौपीनग्रहणेन तु भावनायोग्यो भवतीत्यभिप्रायः ॥*३०॥ एवं स्त्रीनिर्वाणनिराकरणव्याख्यानमुख्यत्वेनैकादशगाथाभिस्तृतीयं स्थलं गतम् । अथ पूर्वोक्तस्योपकरणरूपापवाद-

---

કરનાર દર્શનાદિક જે પર્યાયો તે-રૂપે પરિણમેલા પુરુષ પ્રત્યે [1]વિનીતતાનો અભિપ્રાય પ્રવર્તાવનારાં ચિત્તપુદ્‌ગલો. (અપવાદમાર્ગમાં જે ઉપકરણભૂત ઉપધિનો નિષેધ નથી તેના ઉપરોક્ત ચાર ભેદો છે.)

**આ અહીં તાત્પર્ય છે કે કાયાની માફક વચન અને મન પણ વસ્તુધર્મ નથી.**

**ભાવાર્થઃ—**જે શ્રમણને શ્રામણ્યપર્યાયના સહકારી કારણભૂત, સર્વ કૃત્રિમતાઓથી રહિત યથાજાત રૂપ સન્મુખ વૃત્તિ જાય, તેને કાયાનો પરિગ્રહ છે; જે શ્રમણને ગુરુ-ઉપદેશના શ્રવણમાં વૃત્તિ રોકાય, તેને વચનપુદ્‌ગલોનો પરિગ્રહ છે; જે શ્રમણને સૂત્રાધ્યયનમાં વૃત્તિ રોકાય, તેને સૂત્રપુદ્‌ગલોનો પરિગ્રહ છે; અને જે શ્રમણને યોગ્ય પુરુષના વિનયરૂપ પરિણામ થાય, તેને મનનાં પુદ્‌ગલોનો પરિગ્રહ છે. જોકે આ પરિગ્રહો ઉપકરણભૂત હોવાથી અપવાદ-માર્ગમાં તેમનો નિષેધ નથી, તોપણ તેઓ વસ્તુધર્મ નથી. ૨૨૫.

---

૧. વિનીતતા = વિનય; નમ્રતા. [ સમ્યગ્દર્શનાદિ પર્યાયે પરિણમેલા પુરુષ પ્રત્યે વિનયભાવે પ્રવર્તવામાં મનનાં પુદ્‌ગલો નિમિત્તભૂત છે ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथाप्रतिषिद्धशरीरमात्रोपधिपालनविधानमुपदिशति—

इहलोगणिरावेक्खो अप्पडिबद्धो परम्मि लोयम्हि ।
जुत्ताहारविहारो रहिदकसाओ हवे समणो ॥२२६॥

इहलोकनिरापेक्षः अप्रतिबद्धः परस्मिन् लोके ।
युक्ताहारविहारो रहितकषायो भवेत् श्रमणः ॥ २२६ ॥

अनादिनिधनैकरूपशुद्धात्मतत्त्वपरिणतत्वादखिलकर्मपुद्गलविपाकात्यन्तविविक्तस्वभावत्वेन रहितकषायत्वात्तदात्वमनुष्यत्वेऽपि समस्तमनुष्यव्यवहारबहिर्भूतत्वेनेहलोकनिरापेक्षत्वात्तथा

व्याख्यानस्य विशेषविवरणं करोति—**इदि भणिदं** इति भणितं कथितम् । किम् । **उवयरणं** उपकरणम् । क । **जिणमग्गे** जिनोक्तमोक्षमार्गे । किमुपकरणम् । **लिंगं** शरीराकारपुद्गलपिण्डरूपं द्रव्यलिङ्गम् । किंविशिष्टम् । **जहजादरूवं** यथाजातरूपं, यथाजातरूपशब्देनात्र व्यवहारेण संगपरित्यागयुक्तं नग्नरूपं, निश्चयेनाभ्यन्तरेण शुद्धबुद्धैकस्वभावं परमात्मस्वरूपं । **गुरुवयणं पि य** गुरुवचनमपि, निर्विकारपरमचिज्ज्योतिःस्वरूपपरमात्मतत्त्व-प्रतिबोधकं सारभूतं सिद्धोपदेशरूपं गुरूपदेशवचनम् । न केवलं गुरूपदेशवचनं, **सुत्तज्झयणं च** आदिमध्यान्त-वर्जितजातिजरामरणरहितनिजात्मद्रव्यप्रकाशकसूत्राध्ययनं च, परमागमवाचनमित्यर्थः । **णिद्दिट्ठं** उपकरणरूपेण निर्दिष्टं कथितम् । **विणओ** स्वकीयनिश्चयरत्नत्रयशुद्धिर्निश्चयविनयः, तदाधारपुरुषेषु भक्तिपरिणामो व्यव-हारविनयः । उभयोऽपि विनयपरिणाम उपकरणं भवतीति निर्दिष्टः । अनेन किमुक्तं भवति—निश्चयेन चतुर्विधमेवोपकरणम् । अन्यदुपकरणं व्यवहार इति ॥२२५॥ अथ युक्ताहारविहारलक्षणतपोधनस्य स्वरूपमाख्याति—**इहलोगणिरावेक्खो** इहलोकनिरापेक्षः, टङ्कोत्कीर्णज्ञायकैकस्वभावनिजात्मसंवित्तिविनाशक-

હવે, અનિષિદ્ધ એવો જે શરીરમાત્ર ઉપધિ તેના પાલનની વિધિ ઉપદેશે છે:—

આ લોકમાં નિરપેક્ષ ને પરલોક-અણપ્રતિબદ્ધ છે
સાધુ કષાયરહિત, તેથી યુક્ત આ'ર-વિહારી છે. ૨૨૬.

**અન્વયાર્થ:**— [श्रमणः] શ્રમણ [रहितकषायः] કષાયરહિત વર્તતો થકો [इहलोकनिरपेक्षः] આ લોકમાં નિરપેક્ષ અને [परस्मिन् लोके] પર લોકમાં [अप्रतिबद्धः] અપ્રતિબદ્ધ હોવાથી [युक्ताहारविहारः भवेत्] *યુક્તાહારવિહારી હોય છે.

**ટીકા:**—અનાદિનિધન એકરૂપ શુદ્ધ આત્મતત્ત્વમાં પરિણત હોવાને લીધે શ્રમણ સમસ્ત કર્મપુદ્ગલના વિપાકથી અત્યંત વિવિક્ત (-ભિન્ન) સ્વભાવ વડે કષાયરહિત હોવાથી, તે કાળે (વર્તમાન કાળે) મનુષ્યપણું હોવા છતાં પણ (પોતે) સમસ્ત મનુષ્યવ્યવહારથી

* યુક્તાહારવિહારી=(૧) યોગ્ય (-ઉચિત) આહાર-વિહારવાળો. (૨) યુક્તના અર્થાત્ યોગીના આહાર-વિહારવાળો; યોગપૂર્વક (-આત્મસ્વભાવમાં જોડાણ સહિત) આહાર-વિહારવાળો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भविष्यदमर्त्यादिभावानुभूतितृष्णाशून्यत्वेन परलोकाप्रतिबद्धत्वाच्च, परिच्छेद्यार्थोपलम्भप्रसिद्धयर्थप्रदीपपूरणोत्सर्पणस्थानीयाभ्यां शुद्धात्मतत्त्वोपलम्भप्रसिद्धयर्थतच्छरीरसम्भोजनसञ्चलनाभ्यां युक्ताहारविहारो हि स्यात् श्रमणः । इदमत्र तात्पर्यम्—यतो हि रहितकषायः ततो न तच्छरीरानुरागेण दिव्यशरीरानुरागेण वाहारविहारयोरयुक्त्या प्रवर्तेत । शुद्धात्मतत्त्वोपलम्भसाधकश्रामण्यपर्यायपालनायैव केवलं युक्ताहारविहारः स्यात् ॥ २२६ ॥

अथ युक्ताहारविहारः साक्षादनाहारविहार एवेत्युपदिशति—

**जस्स अणेसणमप्पा तं पि तवो तप्पडिच्छगा समणा ।**
**अण्णं भिक्खमणेसणमध ते समणा अणाहारा ॥२२७॥**

---

ख्यातिपूजालाभरूपेहलोककाङ्क्षारहितः, अप्पडिबद्धो परम्मि लोयम्हि अप्रतिबद्धः परस्मिन् लोके, तपश्चरणे कृते दिव्यदेवस्त्रीपरिवारादिभोगा भवन्तीति, एवंविधपरलोके प्रतिबद्धो न भवति, जुत्ताहारविहारो हवे युक्ताहारविहारो भवेत् । स कः । समणो श्रमणः । पुनरपि कथंभूतः । रहिदकसाओ निःकषायस्वरूपसंवित्त्यवष्टम्भबलेन रहितकषायश्चेति । अयमत्र भावार्थः—योऽसौ इहलोकपरलोकनिरपेक्षत्वेन निःकषायत्वेन च प्रदीपस्थानीयशरीरे तैलस्थानीयं ग्रासमात्रं दत्त्वा घटपटादिप्रकाश्यपदार्थस्थानीयं निजपरमात्मपदार्थमेव निरीक्षते स एव युक्ताहारविहारो भवति, पुनरन्यः शरीरपोषणनिरत इति ॥ २२६ ॥ अथ पञ्चदशप्रमादैस्तपोधनः प्रमत्तो भवतीति प्रतिपादयति—

---

[1]બહિર્ભૂત હોવાને લીધે આ લોક પ્રત્યે નિરપેક્ષ (નિઃસ્પૃહ) છે, તેમ જ ભવિષ્યમાં થનારા દેવાદિ ભાવો અનુભવવાની તૃષ્ણાથી શૂન્ય હોવાને લીધે પર લોક પ્રત્યે અપ્રતિબદ્ધ છે; તેથી, જેમ જ્ઞેય પદાર્થોના જ્ઞાનની સિદ્ધિને માટે (-ઘટપટાદિ પદાર્થોને જોવા માટે જ) દીવામાં તેલ પૂરવામાં આવે છે અને દીવાને ખસેડવામાં આવે છે તેમ, શ્રમણ શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિની સિદ્ધિને માટે (-શુદ્ધાત્માને પ્રાપ્ત કરવા માટે જ) તે શરીરને ખવડાવતો અને ચલાવતો હોવાથી યુક્તાહારવિહારી હોય છે.

આ અહીં તાત્પર્ય છે: શ્રમણ કષાયરહિત છે તેથી તે શરીરના (-વર્તમાન મનુષ્ય-શરીરના) અનુરાગથી કે દિવ્ય શરીરના (-ભવિષ્યના દેવશરીરના) અનુરાગથી આહાર-વિહારમાં અયુક્તપણે પ્રવર્તતો નથી; શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિના સાધકભૂત શ્રામણ્યપર્યાયના પાલનને માટે જ કેવળ યુક્તાહારવિહારી હોય છે. ૨૨૬.

હવે, યુક્તાહારવિહારી સાક્ષાત્ અનાહારવિહારી (-અનાહારી અને અવિહારી) જ છે એમ ઉપદેશે છે:—

**આત્મા અનેષક તે ય તપ, તત્સિદ્ધિમાં ઉદ્યત રહી**
**વણ-એષણા ભિક્ષા વળી, તેથી અનાહારી મુનિ. ૨૨૭.**

---

૧. બહિર્ભૂત = બહાર; રહિત; ઉદાસીન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यस्यानेषण आत्मा तदपि तपः तत्प्रत्येषकाः श्रमणाः ।
अन्यद्भैक्षमनेषणमथ ते श्रमणा अनाहाराः ॥ २२७ ॥

स्वयमनशनस्वभावत्वादेषणादोषशून्यभैक्ष्यत्वाच्च, युक्ताहारः साक्षादनाहार एव स्यात् । तथाहि—यस्य सकलकालमेव सकलपुद्गलाहरणशून्यमात्मानमवबुद्धयमानस्य सकलाशनतृष्णाशून्यत्वात्स्वयमनशन एव स्वभावः, तदेव तस्यानशनं नाम तपोऽन्तरङ्गस्य बलीयस्त्वात्; इति कृत्वा ये तं स्वयमनशनस्वभावं भावयन्ति श्रमणाः, तत्प्रतिषिद्धये चैषणादोषशून्य-

---

कोहादिएहि चउहि वि विकहाहि तहिंदियाणमत्थेहिं ।
समणो हवदि पमत्तो उवजुत्तो णेहणिद्दाहिं ॥ *३१ ॥

**हवदि** क्रोधादिपञ्चदशप्रमादरहितचिच्चमत्कारमात्रात्मतत्त्वभावनाच्युतः सन् भवति । स कः कर्ता । **समणो** सुखदुःखादिसमचित्तः श्रमणः । किंविशिष्टो भवति । **पमत्तो** प्रमत्तः प्रमादी । कैः कृत्वा । **कोहादिएहि चउहि वि** चतुर्भिरपि क्रोधादिभिः, **विकहाहि** स्त्रीभक्तचोरराजकथाभिः, **तहिंदियाणमत्थेहिं** तथैव पञ्चेन्द्रियाणामर्थैः स्पर्शादिविषयैः । पुनरपि किंरूपः । **उवजुत्तो** उपयुक्तः परिणतः । काभ्याम् । **णेहणिद्दाहिं** स्नेहनिद्राभ्यामिति ॥ *३१ ॥ अथ युक्ताहारविहारतपोधनस्वरूपमुपदिशति— **जस्स** यस्य मुनेः संबन्धी **अप्पा** आत्मा । किंविशिष्टः । **अणेसणं** स्वकीयशुद्धात्मतत्त्वभावनोत्पन्न-

---

**અન્વયાર્થઃ**—[ यस्य आत्मा अनेषणः ] જેનો આત્મા એષણારહિત છે ( અર્થાત્ જે અનશનસ્વભાવી આત્માને જાણતો હોવાને લીધે સ્વભાવથી આહારની ઇચ્છા રહિત છે ) [ तत् अपि तपः ] તેને તે પણ તપ છે; ( વળી ) [ तत्प्रत्येषकाः ] તેને પ્રાપ્ત કરવા માટે (–અનશનસ્વભાવી આત્માને પરિપૂર્ણપણે પ્રાપ્ત કરવા માટે ) પ્રયત્ન કરનારા [ श्रमणाः ] એવા જે શ્રમણો તેમને [ अन्यत् भैक्षम् ] અન્ય (–સ્વરૂપથી જુદી એવી ) ભિક્ષા [ अनेषणम् ] એષણા વિના (–એષણાદોષ રહિત ) હોય છે; [ अथ ] તેથી [ ते श्रमणाः ] તે શ્રમણો [ अनाहाराः ] અનાહારી છે.

**ટીકાઃ**—( ૧ ) સ્વયં અનશનસ્વભાવી હોવાથી ( અર્થાત્ પોતાના આત્માને સ્વયં અનશનસ્વભાવી જાણતો હોવાથી ) અને ( ૨ ) એષણાદોષશૂન્ય ભિક્ષાવાળો હોવાથી, યુક્તાહારી (–યુક્તાહારવાળો શ્રમણ ) સાક્ષાત્ અનાહારી જ છે. તે આ પ્રમાણેઃ—સદાય સમસ્ત પુદ્ગલના આહારથી શૂન્ય એવા આત્માને જાણતો થકો સમસ્ત અશનતૃષ્ણા રહિત હોવાને લીધે જેનો [1]સ્વયં અનશન જ સ્વભાવ છે, તે જ તેને અનશન નામનું તપ છે, કારણ કે અંતરંગનું વિશેષ બળવાનપણું છે; —આમ સમજીને જે શ્રમણો ( ૧ ) આત્માને સ્વયં અનશનસ્વભાવી ભાવે છે (–સમજે છે, અનુભવે છે ) અને ( ૨ ) તેની સિદ્ધિને માટે (–પૂર્ણ પ્રાપ્તિને માટે ) એષણાદોષ-

---

૧. સ્વયં = પોતાની મેળે; પોતાથી; સહજપણે. [ પોતાના આત્માને સ્વયં અનશનસ્વભાવી જાણવો તે જ અનશન નામનું તપ છે. ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

मन्यद्भैक्षं चरन्ति, ते किलाहरन्तोऽप्यनाहरन्त इव युक्ताहारत्वेन स्वभावपरभावप्रत्ययबन्धाभावात्साक्षादनाहारा एव भवन्ति । एवं स्वयमविहारस्वभावत्वात्समितिशुद्धविहारत्वाच्च युक्तविहारः साक्षादविहार एव स्यात् इत्यनुक्तमपि गम्येतेति ॥ २२७ ॥

अथ कुतो युक्ताहारत्वं सिद्ध्यतीत्युपदिशति—

**केवलदेहो समणो देहे ण मम त्ति रहिदपरिकम्मो ।**
**आजुत्तो तं तवसा अणिगूहिय अप्पणो सत्तिं ॥२२८॥**

**केवलदेहः श्रमणो देहे न ममेति रहितपरिकर्मा ।**
**आयुक्तवांस्तं तपसा अनिगूह्यात्मनः शक्तिम् ॥ २२८ ।**

---

सुखामृताहारेण तृप्तत्वान्न विद्यते एषणमाहाराकाङ्क्षा यस्य स भवत्यनेषणः, **तं पि तवो** तस्य तदेव निश्चयेन निराहारात्मभावनारूपमुपवासलक्षणं तपः, **तप्पडिच्छगा समणा** तत्प्रत्येषकाः श्रमणाः, तन्निश्चयोपवासलक्षणं तपः प्रतीच्छन्ति तत्प्रत्येषकाः श्रमणाः । पुनरपि किं येषाम् । **अण्णं** निजपरमात्मतत्त्वादन्यद्भिन्नं हेयम् । किम् । **अणेसणं** अन्नस्याहारस्यैषणं वाञ्छा अन्नैषणम् । कथंभूतम् । **भिक्खं** भिक्षायां भवं भैक्ष्यं । **अध** अथ अहो, **ते समणा अणाहारा** ते अनशनादिगुणविशिष्टाः श्रमणा आहारग्रहणेऽप्यनाहारा भवन्ति । तथैव च निःक्रियपरमात्मानं ये भावयन्ति, पञ्चसमितिसहिता विहरन्ति च, ते विहारेऽप्यविहारा भवन्तीत्यर्थः ॥ २२७ ॥ अथ तदेवानाहारकत्वं प्रकारान्तरेण प्राह—**केवलदेहो**

---

શૂન્ય એવી અન્ય (–પરરૂપ) ભિક્ષા આચરે છે, તેઓ આહાર કરતા હોવા છતાં આહાર ન કરતા હોય એવા હોવાથી સાક્ષાત્ અનાહારી જ છે, કારણ કે યુક્તાહારીપણાને લીધે તેમને સ્વભાવ તેમ જ પરભાવના નિમિત્તે બંધ થતો નથી.

એ પ્રમાણે (જેમ યુક્તાહારી સાક્ષાત્ અનાહારી જ છે એમ કહેવામાં આવ્યું તે પ્રમાણે), (૧) સ્વયં અવિહારસ્વભાવી હોવાથી અને (૨) સમિતિશુદ્ધ (–ઈર્યાસમિતિ વડે શુદ્ધ એવા) વિહારવાળો હોવાથી યુક્તવિહારી (–યુક્તવિહારવાળો શ્રમણ) સાક્ષાત્ અવિહારી જ છે—એમ, અનુક્ત હોવા છતાં પણ (–ગાથામાં નહિ કહ્યું હોવા છતાં પણ), સમજવું. ૨૨૭.

હવે, (શ્રમણને) યુક્તાહારીપણું કઈ રીતે સિદ્ધ થાય છે તે ઉપદેશે છેઃ—

**કેવલશરીર મુનિ ત્યાંય ‘મારું ન’ જાણી વણ-પ્રતિકર્મ છે,**
**નિજ શક્તિના ગોપન વિના તપ સાથ તન યોજેલ છે. ૨૨૮.**

**અન્વયાર્થઃ**—[केवलदेहः श्रमणः] કેવળદેહી શ્રમણે (–જેને માત્ર દેહરૂપ પરિગ્રહ જ વર્તે છે એવા મુનિએ) [देहे] દેહમાં પણ [न मम इति] ‘મારો નથી’ એમ સમજીને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यतो हि श्रमणः श्रामण्यपर्यायसहकारिकारणत्वेन केवलदेहमात्रस्योपधेः प्रसह्याप्रतिषेधकत्वात्केवलदेहत्वे सत्यपि देहे 'किं किंचण' इत्यादिप्राक्तनसूत्रद्योतितपरमेश्वराभिप्रायपरिग्रहेण न नाम ममायं ततो नानुग्रहार्हः किन्तूपेक्ष्य एवेति परित्यक्तसमस्तसंस्कारत्वाद्रहितपरिकर्मा स्यात् । ततस्तन्ममत्वपूर्वकानुचिताहारग्रहणाभावाद्युक्ताहारत्वं सिद्धयेत् । यतश्च समस्तामप्यात्मशक्तिं प्रकटयन्ननन्तरसूत्रोदितेनानशनस्वभावलक्षणेन तपसा तं देहं सर्वारम्भेणाभियुक्तवान् स्यात्, तत आहारग्रहणपरिणामात्मकयोगध्वंसाभावाद्युक्तस्यैवाहारेण च युक्ताहारत्वं सिद्धयेत् ॥ २२८ ॥

---

केवलदेहोऽन्यपरिग्रहरहितो भवति । स कः कर्ता । समणो निन्दाप्रशंसादिसमचित्तः श्रमणः । तर्हि किं देहे ममत्वं भविष्यति । नैवं । देहे वि ममत्तरहिदपरिकम्मो देहेऽपि ममत्वरहितपरिकर्मा, "ममत्तिं परिवज्जामि णिम्ममत्तिं उवट्ठिदो । आलंबणं च मे आदा अवसेसाइं वोसरे ॥" इति श्लोककथितक्रमेण देहेऽपि ममत्वरहितः । आजुत्तो तं तवसा आयुक्तवान् आयोजितवांस्तं देहं तपसा । किं कृत्वा । अणिगूहिय अनिगूह्य प्रच्छादनमकृत्वा । कां । अप्पणो सत्तिं आत्मनः शक्तिमिति । अनेन

---

[ रहितपरिकर्मा ] [1]परिकर्म रहित वर्ततां थकां, [ आत्मनः ] पोताना आत्मानी [ शक्तिं ] शक्तिने [ अनिगूह्य ] गोपव्या विना [ तपसा ] तप साथे [ तं ] तेने (-देहने) [ आयुक्तवान् ] युक्त कर्यो (-जोड्यो ) छे.

ટીકાઃ—શ્રામણ્યપર્યાયના સહકારી કારણ તરીકે કેવળ દેહમાત્ર ઉપધિને શ્રમણ જોરથી-હઠથી નહિ નિષેધતો હોવાને લીધે તે કેવળ દેહવાળો છે; એમ (દેહવાળો) હોવા છતાં પણ, 'किं किंचण' ઇત્યાદિ પૂર્વસૂત્ર ( ૨૨૪ મી ગાથા ) વડે પ્રકાશિત કરવામાં આવેલા પરમેશ્વરના અભિપ્રાયનું ગ્રહણ કરી 'આ ( દેહ ) ખરેખર મારો નથી, તેથી તે અનુગ્રહયોગ્ય નથી પરંતુ ઉપેક્ષાયોગ્ય જ છે' એમ દેહમાં સમસ્ત સંસ્કારને છોડેલ હોવાથી [1]પરિકર્મ રહિત છે; તેથી તેને દેહના મમત્વપૂર્વક અનુચિત આહારગ્રહણનો અભાવ હોવાને લીધે યુક્તાહારીપણું સિદ્ધ થાય છે. વળી ( બીજી રીતે ), તેણે ( આત્મશક્તિને જરાય ગોપવ્યા વિના ) સઘળીયે આત્મશકિતને પ્રગટ કરીને, છેલ્લા સૂત્ર ( ૨૨૭ મી ગાથા ) દ્વારા કહેવામાં આવેલા [2]અનશનસ્વભાવલક્ષણ તપ સાથે તે દેહને સર્વ આરંભથી ( ઉદ્યમથી ) યુકત કર્યો (-જોડ્યો ) છે; તેથી આહારગ્રહણના પરિણામસ્વરૂપ જે [3]યોગધ્વંસ તેનો અભાવ હોવાને લીધે તેનો આહાર યુકતનો (-યોગીનો ) આહાર છે; માટે તેને યુકતાહારીપણું સિદ્ધ થાય છે.

---

૧. પરિકર્મ = શોભા; શણગાર; સંસ્કાર; પ્રતિકર્મ.

૨. અનશનસ્વભાવલક્ષણ તપ = અનશનસ્વભાવ જેનું લક્ષણ છે એવું તપ. [ જે આત્માના અનશનસ્વભાવને જાણે છે તેને અનશનસ્વભાવલક્ષણ તપ વર્તે છે. ]

૩. યોગધ્વંસ = યોગનો નાશ. [ 'આહાર ગ્રહવાનો આત્માનો સ્વભાવ છે' એવા પરિણામે પરિણમવું તે યોગધ્વંસ છે. શ્રમણને આવો યોગધ્વંસ નહિ હોવાથી તે યુક્ત અર્થાત્ યોગી છે અને તેથી તેનો આહાર યુક્તાહાર અર્થાત્ યોગીનો આહાર છે. ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ युक्ताहारस्वरूपं विस्तरेणोपदिशति—

**एक्कं खलु तं भत्तं अप्पडिपुण्णोदरं जहालद्धं ।**
**चरणं भिक्खेण दिवा ण रसावेक्खं ण मधुमंसं ॥२२९॥**

**एकः खलु स भक्तः अप्रतिपूर्णोदरो यथालब्धः ।**
**भैक्षाचरणेन दिवा न रसापेक्षो न मधुमांसः ॥ २२९ ॥**

एककाल एवाहारो युक्ताहारः, तावतैव श्रामण्यपर्यायसहकारिकारणशरीरस्य धारणत्वात् । अनेककालस्तु शरीरानुरागसेव्यमानत्वेन प्रसह्य हिंसायतनीक्रियमाणो न युक्तः,

---

किमुक्तं भवति—यः कोऽपि देहाच्छेषपरिग्रहं त्यक्त्वा देहेऽपि ममत्वरहितस्तथैव तं देहं तपसा योजयति स नियमेन युक्ताहारविहारो भवतीति ॥ २२८ ॥ अथ युक्ताहारत्वं विस्तरेणाख्याति—**एक्कं खलु तं भत्तं** एककाल एव खलु हि स्फुटं स भक्त आहारो युक्ताहारः । कस्मात् । एकभक्तेनैव निर्विकल्पसमाधिसहकारिकारणभूतशरीरस्थितिसंभवात् । स च कथंभूतः । **अप्पडिपुण्णोदरं** यथाशक्त्या न्यूनोदरः ।

---

ભાવાર્થઃ—શ્રમણ બે પ્રકારે યુક્તાહારી સિદ્ધ થાય છેઃ (૧) શરીર પર મમત્વ નહિ હોવાથી તેને ઉચિત જ આહાર હોય છે તેથી તે યુક્તાહારી અર્થાત્ ઉચિત આહારવાળો છે. વળી (૨) 'આહારગ્રહણ આત્માનો સ્વભાવ નથી' એવા પરિણામસ્વરૂપ યોગ શ્રમણને વર્તતો હોવાથી તે શ્રમણ યુક્ત અર્થાત્ યોગી છે અને તેથી તેનો આહાર યુક્તાહાર અર્થાત્ યોગીનો આહાર છે. ૨૨૮.

હવે યુક્તાહારનું સ્વરૂપ વિસ્તારથી ઉપદેશે છેઃ—

**આહાર તે એક જ, ઊણોદર ને યથા-ઉપલબ્ધ છે,**
**ભિક્ષા વડે, દિવસે, રસેચ્છાહીન, વણ-મધુમાંસ છે. ૨૨૯.**

અન્વયાર્થઃ—[ खलु ] ખરેખર [ सः भक्तः ] તે આહાર (-યુક્તાહાર) [ एकः ] એક વખત, [ अप्रतिपूर्णोदरः ] ઊણોદર, [ यथालब्धः ] યથાલબ્ધ (-જેવો મળે તેવો), [ भैक्षाचरणेन ] ભિક્ષાચરણથી, [ दिवा ] દિવસે, [ न रसापेक्षः ] રસની અપેક્ષા વિનાનો અને [ न मधुमांसः ] મધ-માંસ રહિત હોય છે.

ટીકાઃ—એક વખત આહાર તે જ યુક્તાહાર છે, કારણ કે તેટલાથી જ શ્રામણ્યપર્યાયના સહકારી કારણભૂત શરીર ટકે છે. [ એકથી વધારે વખત આહાર તે યુક્તાહાર નથી એમ નીચે પ્રમાણે બે પ્રકારે સિદ્ધ થાય છેઃ ] (૧) અનેક વખત આહાર તો શરીરના અનુરાગથી સેવવામાં આવતો હોવાથી અત્યંતપણે [1]હિંસાયતન કરવામાં આવતો થકો યુક્ત

---

૧. હિંસાયતન = હિંસાનું સ્થાન. [ એકથી વધારે વખત આહાર કરવામાં શરીરનો અનુરાગ હોય છે તેથી તે આહાર અત્યંતપણે હિંસાનું સ્થાન બને છે, કારણ કે શરીરનો અનુરાગ તે જ સ્વ-હિંસા છે. ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



शरीरानुरागसेवकत्वेन न च युक्तस्य । अप्रतिपूर्णोदर एवाहारो युक्ताहारः, तस्यैवाप्रतिहतयोगत्वात् । प्रतिपूर्णोदरस्तु प्रतिहतयोगत्वेन कथञ्चित् हिंसायतनीभवन् न युक्तः, प्रतिहतयोगत्वेन न च युक्तस्य । यथालब्ध एवाहारो युक्ताहारः, तस्यैव विशेषप्रियत्वलक्षणानुरागशून्यत्वात् । अयथालब्धस्तु विशेषप्रियत्वलक्षणानुरागसेव्यमानत्वेन प्रसह्य हिंसायतनीक्रियमाणो न युक्तः, विशेषप्रियत्वलक्षणानुरागसेवकत्वेन न च युक्तस्य । भिक्षाचरणेनैवाहारो युक्ताहारः, तस्यैवारम्भशून्यत्वात् । अभैक्षाचरणेन त्वारम्भसम्भवात्प्रसिद्धहिंसायतन-

---

**जहालद्धं** यथालब्धो, न च स्वेच्छालब्धः । **चरणं भिक्खेण** भिक्षाचरणेनैव लब्धो, न च स्वपाकेन । **दिवा** दिवैव, न च रात्रौ । **ण रसावेक्खं** रसापेक्षो न भवति, किंतु सरसविरसादौ समचित्तः । **ण मधुमंसं** अमधुमांसः, अमधुमांस इत्युपलक्षणेन आचारशास्त्रकथितपिण्डशुद्धिक्रमेण समस्तायोग्याहाररहित इति । एतावता किमुक्तं भवति । एवंविशिष्टविशेषणयुक्त एवाहारस्तपोधनानां युक्ताहारः । कस्मादिति

---

(–યોગ્ય) નથી (અર્થાત્ તે યુક્તાહાર નથી); વળી (૨) અનેક વખત આહારનો સેવનાર શરીરના અનુરાગ વડે સેવનારો હોવાથી તે આહાર [૧]યુક્તનો (–યોગીનો) નથી (અર્થાત્ તે યુક્તાહાર નથી).

[૨]અપૂર્ણોદર આહાર તે જ યુક્તાહાર છે, કારણ કે તે જ [૩]પ્રતિહત [૪]યોગ વિનાનો છે. [પૂર્ણોદર આહાર યુક્તાહાર નથી એમ નીચે પ્રમાણે બે પ્રકારે સિદ્ધ થાય છે:] (૧) પૂર્ણોદર આહાર તો પ્રતિહત યોગવાળો હોવાથી કથંચિત્ હિંસાયતન બનતો થકો યુક્ત (–યોગ્ય) નથી; વળી (૨) પૂર્ણોદર આહાર કરનાર પ્રતિહત યોગવાળો હોવાથી તે આહાર યુક્તનો (–યોગીનો) નથી.

યથાલબ્ધ આહાર તે જ યુક્તાહાર છે, કારણ કે તે જ (આહાર) વિશેષપ્રિયતાસ્વરૂપ અનુરાગથી શૂન્ય છે. (૧) [૫]અયથાલબ્ધ આહાર તો વિશેષપ્રિયતાસ્વરૂપ અનુરાગ વડે સેવવામાં આવતો હોવાથી અત્યંતપણે હિંસાયતન કરવામાં આવતો થકો યુક્ત (–યોગ્ય) નથી; વળી (૨) અયથાલબ્ધ આહારનો સેવનાર વિશેષપ્રિયતાસ્વરૂપ અનુરાગ વડે સેવનારો હોવાથી તે આહાર યુક્તનો (–યોગીનો) નથી.

ભિક્ષાચરણથી આહાર તે જ યુક્તાહાર છે, કારણ કે તે જ આરંભશૂન્ય છે. (૧) અભિક્ષાચરણથી (–ભિક્ષાચરણ સિવાયનો) જે આહાર તેમાં તો આરંભનો સંભવ હોવાને લીધે હિંસાયતનપણું પ્રસિદ્ધ હોવાથી તે આહાર યુક્ત (–યોગ્ય) નથી; વળી

---

૧. યુક્ત = આત્મસ્વભાવમાં જોડાણવાળો; યોગી.

૨. અપૂર્ણોદર = પેટ ભરીને નહિ એવો; ઊણોદર.

૩. પ્રતિહત = હણાયેલ; નષ્ટ; રોકાયેલ; વિઘ્ન પામેલ.

૪. યોગ = આત્મસ્વભાવમાં જોડાણ

૫. અયથાલબ્ધ = જેવો મળે તેવો નહિ પણ પોતાની પસંદગીનો; સ્વેચ્છાલબ્ધ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



त्वेन न युक्तः, एवंविधाहारसेवनव्यक्तान्तरशुद्धित्वान्न च युक्तस्य। दिवस एवाहारो युक्ताहारः, तदेव सम्यगवलोकनात्। अदिवसे तु सम्यगवलोकनाभावादनिवार्यहिंसायतनत्वेन न युक्तः, एवंविधाहारसेवनव्यक्तान्तरशुद्धित्वान्न च युक्तस्य। अरसापेक्ष एवाहारो युक्ताहारः, तस्यैवान्तःशुद्धिसुन्दरत्वात्। रसापेक्षस्तु अन्तरशुद्ध्या प्रसह्य हिंसायतनीक्रियमाणो न युक्तः, अन्तरशुद्धिसेवकत्वेन न च युक्तस्य। अमधुमांस एवाहारो युक्ताहारः, तस्यैवाहिंसायतनत्वात्। समधुमांसस्तु हिंसायतनत्वान्न युक्तः, एवंविधाहारसेवनव्यक्तान्तरशुद्धित्वान्न च युक्तस्य। मधुमांसमत्र हिंसायतनोपलक्षणं, तेन समस्तहिंसायतनशून्य एवाहारो युक्ताहारः ॥ २२९ ॥

---

चेत्। चिदानन्दैकलक्षणनिश्चयप्राणरक्षणभूता रागादिविकल्पोपाधिरहिता या तु निश्चयनयेनाहिंसा, तत्साधकरूपा बहिरङ्गपरजीवप्राणव्यपरोपणनिवृत्तिरूपा द्रव्याहिंसा च, सा द्विविधापि तत्र युक्ताहारे संभवति। यस्तु तद्विपरीतः स युक्ताहारो न भवति। कस्मादिति चेत्। तद्विलक्षणभूताया द्रव्यभावरूपाया हिंसायाः सद्भावादिति ॥ २२९ ॥ अथ विशेषेण मांसदूषणं कथयति–

पक्केसु अ आमेसु अ विपच्चमाणासु मंसपेसीसु।
संतत्तियमुववादो तज्जादीणं णिगोदाणं ॥ *३२ ॥
जो पक्कमपक्कं वा पेसीं मंसस्स खादि फासदि वा।
सो किल णिहणदि पिंडं जीवाणमणेगकोडीणं ॥ *३३ ॥ ( जुम्मं )

---

(૨) એવા આહારના સેવનમાં (સેવનારની) અંતરંગ અશુદ્ધિ વ્યક્ત (–પ્રગટ) હોવાથી તે આહાર યુક્તનો (–યોગીનો) નથી.

દિવસે આહાર તે જ યુક્તાહાર છે, કારણ કે તે જ સમ્યક્ (બરાબર) જોઈ શકાય છે. (૧) અદિવસે (દિવસ સિવાયના વખતમાં) આહાર તો સમ્યક્ જોઈ શકાતો નથી તેથી તેને હિંસાયતનપણું અનિવાર્ય હોવાથી તે આહાર યુક્ત (–યોગ્ય) નથી; વળી (૨) એવા આહારના સેવનમાં અંતરંગ અશુદ્ધિ વ્યક્ત હોવાથી તે આહાર યુક્તનો (–યોગીનો) નથી.

રસની અપેક્ષા વિનાનો આહાર તે જ યુક્તાહાર છે, કારણ કે તે જ અંતરંગ શુદ્ધિથી સુંદર છે. (૧) રસની અપેક્ષાવાળો આહાર તો અંતરંગ અશુદ્ધિ વડે અત્યંતપણે હિંસાયતન કરવામાં આવતો થકો યુક્ત (–યોગ્ય) નથી; વળી (૨) તેનો સેવનાર અંતરંગ અશુદ્ધિ વડે સેવનારો હોવાથી તે આહાર યુક્તનો (–યોગીનો) નથી.

મધ-માંસ રહિત આહાર તે જ યુક્તાહાર છે, કારણ કે તેને જ હિંસાયતનપણાનો અભાવ છે. (૧) મધ-માંસ સહિત આહાર તો હિંસાયતન હોવાથી યુક્ત (–યોગ્ય) નથી; વળી (૨) એવા આહારના સેવનમાં અંતરંગ અશુદ્ધિ વ્યક્ત હોવાથી તે આહાર યુક્તનો (–યોગીનો) નથી. અહીં મધ-માંસ હિંસાયતનનું ઉપલક્ષણ છે તેથી ('મધ-માંસ રહિત આહાર યુક્તાહાર છે' એ કથન દ્વારા એમ સમજવું કે) સમસ્તહિંસાયતનશૂન્ય આહાર તે જ યુક્તાહાર છે. ૨૨૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

अथोत्सर्गापवादमैत्रीसौस्थित्यमाचरणस्योपदिशति—

**बालो वा वुड्ढो वा समभिहदो वा पुणो गिलाणो वा ।**
**चरियं चरदु सजोग्गं मूलच्छेदो जधा ण हवदि ॥२३०॥**

बालो वा वृद्धो वा श्रमाभिहतो वा पुनर्ग्लानो वा ।
चर्यां चरतु स्वयोग्यां मूलच्छेदो यथा न भवति ॥ २३० ॥

भणित इत्यध्याहारः । स कः । **उववादो** व्यवहारनयेनोत्पादः । किंविशिष्टः । **संतत्तियं** सान्ततिको निरन्तरः । केषां संबन्धी । **णिगोदाणं** निश्चयेन शुद्धबुद्धैकस्वभावानामनादिनिधनत्वेनोत्पादव्ययरहितानामपि निगोदजीवानाम् । पुनरपि कथंभूतानाम् । **तज्जादीणं** तद्वर्णतद्गन्धतद्रसतत्स्पर्शत्वेन तज्जातीनां मांसजातीनाम् । कास्वधिकरणभूतासु । **मंसपेसीसु** मांसपेशीषु मांसखण्डेषु । कथंभूतासु । **पक्केसु अ आमेसु अ विपच्चमाणासु** पक्वासु चामासु च विपच्यमानास्विति प्रथमगाथा । **जो पक्कमपक्कं वा** यः कर्ता पक्वामपक्वां वा **पेसीं** पेशीं खण्डम् । कस्य । **मंसस्स** मांसस्य । **खादि** निजशुद्धात्मभावनोत्पन्नसुखसुधाहारमलभमानः सन् खादति भक्षति, **फासदि वा** स्पर्शति वा, **सो किल णिहणदि पिंडं** स कर्ता किल लोकोक्त्या परमागमोक्त्या वा निहन्ति पिण्डम् । केषाम् । **जीवाणं** जीवानाम् । कतिसंख्योपेतानाम् । **अणेगकोडीणं** अनेककोटीनामिति । अत्रेदमुक्तं भवति—शेषकन्दमूलाद्याहाराः केचनानन्तकाया अप्यग्निपक्वाः सन्तः प्रासुका भवन्ति, मांसं पुनरनन्तकायं भवति तथैव चाग्निपक्वमपक्वं पच्यमानं वा प्रासुकं न भवति । तेन कारणेनाभोज्यमभक्षणीयमिति ॥ *३२–३३ ॥ अथ पाणिगताहारः प्रासुकोऽप्यन्यस्मै न दातव्य इत्युपादिशति—

**अप्पडिकुट्ठं पिंडं पाणिगयं णेव देयमण्णस्स ।**
**दत्ता भोत्तुमजोग्गं भुत्तो वा होदि पडिकुट्ठो ॥ *३४ ॥**

---

હવે ઉત્સર્ગ અને અપવાદની મૈત્રી વડે આચરણનું [1]સુસ્થિતપણું ઉપદેશે છેઃ—

**વૃદ્ધત્વ, બાળપણા વિષે, ગ્લાનત્વ, શ્રાંત દશા વિષે,**
**ચર્યા ચરો નિજયોગ્ય, જે રીત મૂળછેદ ન થાય છે. ૨૩૦.**

**અન્વયાર્થઃ**—[ बालः वा ] બાળ, [ वृद्धः वा ] વૃદ્ધ, [ श्रमाभिहतः वा ] [2]શ્રાંત [ पुनः ग्लानः वा ] કે [3]ગ્લાન શ્રમણ [ मूलच्छेदः ] મૂળનો છેદ [ यथा न भवति ] જે રીતે ન થાય તે રીતે [ स्वयोग्यां ] પોતાને યોગ્ય [ चर्यां चरतु ] આચરણ આચરો.

---

૧. સુસ્થિત = સારી સ્થિતિવાળું; આબાદ; દૃઢ.
૨. શ્રાંત = શ્રમિત; થાકેલો.
૩. ગ્લાન = વ્યાધિગ્રસ્ત; રોગી; દુર્બળ.

बालवृद्धश्रान्तग्लानेनापि संयमस्य शुद्धात्मतत्त्वसाधनत्वेन मूलभूतस्य छेदो न यथा स्यात्तथा संयतस्य स्वस्य योग्यमतिकर्कशमेवाचरणमाचरणीयमित्युत्सर्गः । बालवृद्धश्रान्तग्लानेन शरीरस्य शुद्धात्मतत्त्वसाधनभूतसंयमसाधनत्वेन मूलभूतस्य छेदो न यथा स्यात्तथा बालवृद्धश्रान्तग्लानस्य स्वस्य योग्यं मृद्वेवाचरणमाचरणीयमित्यपवादः । बालवृद्धश्रान्तग्लानेन संयमस्य शुद्धात्मतत्त्वसाधनत्वेन मूलभूतस्य छेदो न यथा स्यात्तथा संयतस्य स्वस्य योग्यमतिकर्कशमाचरणमाचरता शरीरस्य शुद्धात्मतत्त्वसाधनभूतसंयमसाधनत्वेन मूलभूतस्य छेदो न यथा स्यात् तथा बालवृद्धश्रान्तग्लानस्य स्वस्य योग्यं मृद्वप्याचरणमाचरणीयमित्यपवादसापेक्ष उत्सर्गः । बालवृद्धश्रान्तग्लानेन शरीरस्य शुद्धात्मतत्त्वसाधनभूतसंयमसाधनत्वेन

---

अप्पडिकुट्ठं पिंडं पाणिगयं णेव देयमण्णस्स अप्रतिक्रुष्ट आगमाविरुद्ध आहारः पाणिगतो हस्तगतो नैव देयो, न दातव्योऽन्यस्मै, दत्ता भोत्तुमजोग्गं दत्वा पश्चाद्भोक्तमयोग्यं, भुत्तो वा होदि पडिकुट्ठो कथंचित् भुक्तो वा, भोजनं कृतवान्, तर्हि प्रतिक्रुष्टो भवति, प्रायश्चित्तयोग्यो भवतीति । अयमत्र भावः—हस्तगताहारं योऽसावन्यस्मै न ददाति तस्य निर्मोहात्मतत्त्वभावनारूपं निर्मोहत्वं ज्ञायत इति ॥ *३४ ॥ अथ निश्चयव्यवहारसंज्ञयोरुत्सर्गापवादयोः कथंचित्परस्परसापेक्षभावं स्थापयन् चारित्रस्य रक्षां दर्शयति—चरदु चरतु, आचरतु । किम् । चरियं चारित्रमनुष्ठानम् । कथंभूतम् । सजोग्गं स्वयोग्यं, स्वकीयावस्थायोग्यम् । कथं यथा भवति । मूलच्छेदो जधा ण हवदि मूलच्छेदो यथा न भवति । स कः कर्ता चरति । बालो वा वुड्ढो वा समभिहदो वा पुणो गिलाणो वा बालो वा, वृद्धो वा, श्रमेणाभिहतः पीडितः श्रमाभिहतो वा, ग्लानो व्याधिस्थो वेति । तद्यथा—उत्सर्गापवाद-

---

**ટીકાઃ—**બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાને પણ (અર્થાત્ બાળ, વૃદ્ધ, શ્રમિત કે ગ્લાન શ્રમણે પણ) સંયમનો—કે જે (સંયમ) શુદ્ધાત્મતત્ત્વનું સાધન હોવાથી મૂળભૂત છે તેનો—છેદ જે રીતે ન થાય તે રીતે, સંયત એવા પોતાને યોગ્ય અતિ કર્કશ (-કઠોર) આચરણ જ આચરવું, એ પ્રમાણે ઉત્સર્ગ છે.

બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાને (અર્થાત્ બાળ, વૃદ્ધ, શ્રમિત કે ગ્લાન શ્રમણે) શરીરનો—કે જે (શરીર) શુદ્ધાત્મતત્ત્વના સાધનભૂત સંયમનું સાધન હોવાથી મૂળભૂત છે તેનો—છેદ જે રીતે ન થાય તે રીતે, બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાન એવા પોતાને યોગ્ય (અર્થાત્ બાળ, વૃદ્ધ, શ્રમિત કે ગ્લાન એવો જે પોતે તેને યોગ્ય) મૃદુ (-કોમળ) આચરણ જ આચરવું, એ પ્રમાણે અપવાદ છે.

બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાને સંયમનો—કે જે શુદ્ધાત્મતત્ત્વનું સાધન હોવાથી મૂળભૂત છે તેનો—છેદ જે રીતે ન થાય તે રીતે સંયત એવા પોતાને યોગ્ય અતિ કર્કશ આચરણ આચરતાં, (તેણે) શરીરનો—કે જે શુદ્ધાત્મતત્ત્વના સાધનભૂત સંયમનું સાધન હોવાથી મૂળભૂત છે તેનો (પણ)—છેદ જે રીતે ન થાય તે રીતે બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાન એવા પોતાને યોગ્ય મૃદુ આચરણ પણ આચરવું, એ પ્રમાણે [1]અપવાદસાપેક્ષ ઉત્સર્ગ છે.

---

૧. અપવાદસાપેક્ષ = અપવાદની અપેક્ષા સહિત

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मूलभूतस्य छेदो न यथा स्यात्तथा बालवृद्धश्रान्तग्लानस्य स्वस्य योग्यं मृद्वाचरणमाचरता संयमस्य शुद्धात्मतत्त्वसाधनत्वेन मूलभूतस्य छेदो न यथा स्यात्तथा संयतस्य स्वस्य योग्यमतिकर्कशमप्याचरणमाचरणीयमित्युत्सर्गसापेक्षोऽपवादः । अतः सर्वथोत्सर्गापवादमैत्र्या सौस्थित्यमाचरणस्य विधेयम् ॥ २३० ॥

अथोत्सर्गापवादविरोधदौःस्थमाचरणस्योपदिशति—

**आहारे व विहारे देसं कालं समं खमं उवधिं ।**
**जाणित्ता ते समणो वट्टदि जदि अप्पलेवी सो ॥२३१॥**

---

लक्षणं कथ्यते तावत् । स्वशुद्धात्मनः सकाशादन्यद्बाह्याभ्यन्तरपरिग्रहरूपं सर्वं त्याज्यमित्युत्सर्गो निश्चयनयः सर्वपरित्यागः परमोपेक्षासंयमो वीतरागचारित्रं शुद्धोपयोग इति यावदेकार्थः । तत्रासमर्थः पुरुषः शुद्धात्मभावनासहकारिभूतं किमपि प्रासुकाहारज्ञानोपकरणादिकं गृह्णातीत्यपवादो व्यवहारनय एकदेशपरित्यागः तथा चापहृतसंयमः सरागचारित्रं शुभोपयोग इति यावदेकार्थः । तत्र शुद्धात्मभावनानिमित्तं सर्वत्यागलक्षणोत्सर्गे दुर्धरानुष्ठाने प्रवर्तमानस्तपोधनः शुद्धात्मतत्त्वसाधकत्वेन मूलभूतसंयमस्य संयमसाधकत्वेन मूलभूतशरीरस्य वा यथा छेदो विनाशो न भवति तथा किमपि प्रासुकाहारादिकं गृह्णातीत्यपवादसापेक्ष उत्सर्गो भण्यते । यदा पुनरपवादलक्षणेऽपहृतसंयमे प्रवर्तते तदापि शुद्धात्मतत्त्वसाधकत्वेन मूलभूतसंयमस्य संयमसाधकत्वेन मूलभूतशरीरस्य वा यथोच्छेदो विनाशो न भवति तथोत्सर्गसापेक्षत्वेन प्रवर्तते । तथा प्रवर्तत इति कोऽर्थः । यथा संयमविराधना न भवति तथेत्युत्सर्गसापेक्षोऽपवाद इत्यभिप्रायः ॥ २३० ॥

---

બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાને શરીરનો—કે જે શુદ્ધાત્મતત્ત્વના સાધનભૂત સંયમનું સાધન હોવાથી મૂળભૂત છે તેનો—છેદ જે રીતે ન થાય તે રીતે બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાન એવા પોતાને યોગ્ય મૃદુ આચરણ આચરતાં, (તેણે) સંયમનો—કે જે શુદ્ધાત્મતત્ત્વનું સાધન હોવાથી મૂળભૂત છે તેનો (પણ)—છેદ જે રીતે ન થાય તે રીતે સંયત એવા પોતાને યોગ્ય અતિ કર્કશ આચરણ પણ આચરવું, એ પ્રમાણે ઉત્સર્ગસાપેક્ષ અપવાદ છે.

આથી (એમ કહ્યું કે) સર્વથા (સર્વ પ્રકારે) ઉત્સર્ગ ને અપવાદની મૈત્રી વડે આચરણનું સુસ્થિતપણું કરવું. ૨૩૦.

હવે ઉત્સર્ગ અને અપવાદના વિરોધ (-અમૈત્રી) વડે આચરણનું [1]દુઃસ્થિતપણું થાય છે એમ ઉપદેશે છે:—

**જો દેશ-કાળ તથા ક્ષમા-શ્રમ-ઉપધિને મુનિ જાણીને**
**વર્તે અહારવિહારમાં, તો અલ્પલેપી શ્રમણ તે. ૨૩૧.**

---

૧. દુઃસ્થિત = ખરાબ સ્થિતિવાળું; ખરબાદ; ખુવાર; પાયમાલ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

आहारे वा विहारे देशं कालं श्रमं क्षमामुपधिम् ।
ज्ञात्वा तान् श्रमणो वर्तते यद्यल्पलेपी सः ॥ २३१ ॥

अत्र क्षमाग्लानत्वहेतुरुपवासः, बालवृद्धत्वाधिष्ठानं शरीरमुपधिः, ततो बालवृद्धश्रान्तग्लाना एव त्वाकृष्यन्ते । अथ देशकालज्ञस्यापि बालवृद्धश्रान्तग्लानत्वानुरोधेनाहारविहारयोः प्रवर्तमानस्य मृद्वाचरणप्रवृत्तत्वादल्पो लेपो भवत्येव, तद्वरमुत्सर्गः । देशकालज्ञस्यापि बालवृद्धश्रान्तग्लानत्वानुरोधेनाहारविहारयोः प्रवर्तमानस्य मृद्वाचरणप्रवृत्तत्वादल्प एव लेपो भवति, तद्वरमपवादः । देशकालज्ञस्यापि बालवृद्धश्रान्तग्लानत्वानुरोधेनाहार-

---

अथापवादनिरपेक्षमुत्सर्गं तथैवोत्सर्गनिरपेक्षमपवादं च निषेधयंश्चारित्ररक्षणाय व्यतिरेकद्वारेण तमेवार्थं द्रढयति—वट्टदि वर्तते प्रवर्तते । स कः कर्ता । समणो शत्रुमित्रादिसमचित्तः श्रमणः । यदि किम् । जदि अप्पलेवी सो यदि चेदल्पलेपी स्तोकसावद्यो भवति । कयोर्विषययोर्वर्तते । आहारे व विहारे तपोधनयोग्याहारविहारयोः । किं कृत्वा पूर्वं । जाणित्ता ज्ञात्वा । कान् । ते तान् कर्मतापन्नान्; देसं कालं समं खमं उवधिं देशं, कालं, मार्गादिश्रमं, क्षमां क्षमतामुपवासादिविषये शक्तिं, उपधिं बालवृद्धश्रान्तग्लानसंबन्धिनं शरीरमात्रोपधिं परिग्रहमिति पञ्च देशादीन् तपोधनाचरणसहकारिभूतानिति । तथाहि—पूर्वकथितक्रमेण तावद्दुर्धरानुष्ठानरूपोत्सर्गे वर्तते; तत्र च प्रासुकाहारादिग्रहणनिमित्तमल्पलेपं

---

**અન્વયાર્થઃ**—[यदि] જો [श्रमणः] શ્રમણ [आहारे वा विहारे] આહાર અથવા વિહારમાં [देशं] દેશ, [कालं] કાળ, [श्रमं] શ્રમ, [क्षमां] [1]ક્ષમતા તથા [उपधिं] ઉપધિને [तान् ज्ञात्वा] જાણીને [वर्तते] પ્રવર્તે [सः अल्पलेपी] તો તે અલ્પલેપી હોય છે.

**ટીકાઃ**—ક્ષમતા તથા ગ્લાનતાનો હેતુ ઉપવાસ છે અને બાળપણા તથા વૃદ્ધપણાનું અધિષ્ઠાન ઉપધિ–શરીર છે, તેથી અહીં (ટીકામાં) બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાન જ ખેંચવામાં આવે છે (અર્થાત્ મૂળ ગાથામાં જે ક્ષમા, ઉપધિ વગેરે શબ્દો છે તેનો આશય ખેંચીને ટીકામાં 'બાળ, વૃદ્ધ, શ્રાંત, ગ્લાન' એ શબ્દો જ વાપરવામાં આવે છે).

[2]દેશકાળજ્ઞને પણ, જો તે બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાનત્વના અનુરોધ વડે (અર્થાત્ બાલત્વ, વૃદ્ધત્વ, શ્રાંતત્વ અથવા ગ્લાનત્વને અનુસરીને) આહારવિહારમાં પ્રવર્તે તો મૃદુ આચરણમાં પ્રવર્તવાથી અલ્પ લેપ થાય છે જ (–લેપનો તદ્દન અભાવ થતો નથી), તેથી ઉત્સર્ગ સારો છે.

દેશકાળજ્ઞને પણ, જો તે બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાનત્વના અનુરોધ વડે આહારવિહારમાં પ્રવર્તે તો મૃદુ આચરણમાં પ્રવર્તવાથી અલ્પ જ લેપ થાય છે (–વિશેષ લેપ થતો નથી), તેથી અપવાદ સારો છે.

---

૧. ક્ષમતા = શક્તિ; સહનશક્તિ; ધીરજ.
૨. દેશકાળજ્ઞ = દેશ-કાળને જાણનાર; દેશકાળનો જાણ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विहारयोरल्पलेपभयेनाप्रवर्तमानस्यातिकर्कशाचरणीभूयाक्रमेण शरीरं पातयित्वा सुरलोकं प्राप्योद्वान्तसमस्तसंयमामृतभारस्य तपसोऽनवकाशतयाशक्यप्रतिकारो महान् लेपो भवति, तन्न श्रेयानपवादनिरपेक्ष उत्सर्गः । देशकालज्ञस्यापि बालवृद्धश्रान्तग्लानत्वानुरोधेनाहारविहारयोरल्पलेपत्वं विगणय्य यथेष्टं प्रवर्तमानस्य मृद्वाचरणीभूय संयमं विराध्यासंयतजनसमानीभूतस्य तदात्वे तपसोऽनवकाशतयाशक्यप्रतिकारो महान् लेपो भवति, तन्न श्रेयानुत्सर्गनिरपेक्षोऽपवादः । अतः सर्वथोत्सर्गापवादविरोधदौस्थित्यमाचरणस्य प्रतिषेध्यं, तदर्थमेव सर्वथानुगम्यश्च परस्परसापेक्षोत्सर्गापवादविजृम्भितवृत्तिः स्याद्वादः ॥ २३१ ॥

---

दृष्ट्वा यदि न प्रवर्तते तदा आर्तध्यानसंक्लेशेन शरीरत्यागं कृत्वा पूर्वकृतपुण्येन देवलोके समुत्पद्यते । तत्र संयमाभावान्महान् लेपो भवति । ततः कारणादपवादनिरपेक्षमुत्सर्गं त्यजति, शुद्धात्मभावनासाधकमल्पलेपं बहुलाभमपवादसापेक्षमुत्सर्गं स्वीकरोति । तथैव च पूर्वसूत्रोक्तक्रमेणापहृतसंयमशब्दवाच्येऽपवादे प्रवर्तते प्रवर्तमानः सन् यदि कथंचिदौषधपथ्यादिसावद्यभयेन व्याधिव्यथादिप्रतीकारमकृत्वा शुद्धात्मभावनां न करोति तर्हि महान् लेपो भवति; अथवा प्रतीकारे प्रवर्तमानोऽपि हरीतकीव्याजेन गुडभक्षणवदिन्द्रियसुखलाम्पट्येन संयमविराधनां करोति तदापि महान् लेपो भवति । ततः कारणादुत्सर्गनिरपेक्षमपवादं त्यक्त्वा शुद्धात्मभावनारूपं शुभोपयोगरूपं वा संयममविराधयन्नौषधपथ्यादिनिमित्तो-

---

દેશકાલજ્ઞને પણ, જો તે બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાનત્વના અનુરોધ વડે જે આહારવિહાર તેનાથી થતા અલ્પ લેપના ભયને લીધે તેમાં ન પ્રવર્તે તો (અર્થાત્ અપવાદના આશ્રયે થતા અલ્પ બંધના ભયને લીધે ઉત્સર્ગની હઠ કરી અપવાદમાં ન પ્રવર્તે તો), અતિ કર્કશ આચરણરૂપ થઈને અક્રમે શરીર પાડી નાખીને દેવલોકને પામીને જેણે સમસ્ત સંયમામૃતનો સમૂહ વમી નાખ્યો છે એવા તેને તપનો અવકાશ નહિ રહેવાથી, જેનો પ્રતિકાર અશક્ય છે એવો મહાન લેપ થાય છે, તેથી અપવાદનિરપેક્ષ ઉત્સર્ગ શ્રેય નથી.

દેશકાલજ્ઞને પણ, જો તે બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાનત્વના અનુરોધ વડે જે આહારવિહાર તેનાથી થતા અલ્પ લેપને નહિ ગણીને તેમાં [1]યથેષ્ટ પ્રવર્તે તો (અર્થાત્ અપવાદથી થતા અલ્પ બંધ પ્રત્યે બેદરકાર થઈને ઉત્સર્ગરૂપ ધ્યેયને ચૂકીને અપવાદમાં સ્વચ્છંદે પ્રવર્તે તો), મૃદુ આચરણરૂપ થઈને સંયમ વિરાધીને અસંયત જન સમાન થયેલા એવા તેને તે કાળે તપનો અવકાશ નહિ રહેવાથી, જેનો પ્રતિકાર અશક્ય છે એવો મહાન લેપ થાય છે, તેથી ઉત્સર્ગનિરપેક્ષ અપવાદ શ્રેય નથી.

આથી (એમ કહ્યું કે) ઉત્સર્ગ અને અપવાદના વિરોધ વડે થતું જે આચરણનું દુઃસ્થિતપણું તે સર્વથા નિષેધ્ય (ત્યાજ્ય) છે અને, તે અર્થે જ, પરસ્પર સાપેક્ષ એવા ઉત્સર્ગ અને અપવાદ વડે જેની વૃત્તિ (-હયાતી, કાર્ય) પ્રગટ થાય છે એવો સ્યાદ્વાદ સર્વથા અનુગમ્ય (અનુસરવાયોગ્ય) છે.

---

૧. યથેષ્ટ = ઇચ્છા પ્રમાણે; મરજી પ્રમાણે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



*इत्येवं चरणं पुराणपुरुषैर्जुष्टं विशिष्टादरै-
रुत्सर्गादपवादतश्च विचरद्बह्वीः पृथग्भूमिकाः ।
आक्रम्य क्रमतो निवृत्तिमतुलां कृत्वा यतिः सर्वत-
श्चित्सामान्यविशेषभासिनि निजद्रव्ये करोतु स्थितिम् ॥ १५ ॥

—इत्याचरणप्रज्ञापनं समाप्तम् ।

---

तपन्नाल्पसावद्यमपि बहुगुणराशिमुत्सर्गसापेक्षमपवादं स्वीकरोतीत्यभिप्रायः ॥ २३१ ॥ एवं 'उवयरणं जिणमग्गे' इत्याद्येकादशगाथाभिरपवादस्य विशेषविवरणरूपेण चतुर्थस्थलं व्याख्यातम् । इति पूर्वोक्तक्रमेण 'ण हि णिरवेक्खो चागो' इत्यादित्रिंशद्गाथाभिः स्थलचतुष्टयेनापवादनामा द्वितीयान्तराधिकारः समाप्तः । अतः परं चतुर्दशगाथापर्यन्तं श्रामण्यापरनामा मोक्षमार्गाधिकारः कथ्यते । तत्र चत्वारि स्थलानि भवन्ति । तेषु प्रथमतः आगमाभ्याससमुख्यत्वेन 'एयग्गगदो समणो' इत्यादि यथाक्रमेण प्रथमस्थले गाथाचतुष्टयम् । तदनन्तरं भेदाभेदरत्नत्रयस्वरूपमेव मोक्षमार्ग इति व्याख्यानरूपेण 'आगमपुव्वा दिट्ठी' इत्यादि द्वितीय-

---

ભાવાર્થઃ—જ્યાં સુધી શુદ્ધોપયોગમાં જ લીન ન થઈ જવાય ત્યાં સુધી શ્રમણે આચરણની સુસ્થિતિ અર્થે ઉત્સર્ગ ને અપવાદની મૈત્રી સાધવી જોઈએ. તેણે પોતાની નિર્બળતાનો ખ્યાલ રાખ્યા વિના એકલા ઉત્સર્ગનો આગ્રહ રાખીને કેવળ અતિ કર્કશ આચરણની હઠ ન કરવી જોઈએ, તેમ જ ઉત્સર્ગરૂપ ધ્યેયને ચૂકીને એકલા અપવાદના આશ્રયે કેવળ મૃદુ આચરણરૂપ શિથિલતા પણ ન સેવવી જોઈએ. હઠ પણ ન થાય અને શિથિલતા પણ ન સેવાય એમ વર્તવું જોઈએ. સર્વજ્ઞ ભગવાનનો માર્ગ અનેકાન્ત છે. પોતાની દશા તપાસીને જે રીતે એકંદરે લાભ થાય તે રીતે વર્તવાનો ભગવાનનો ઉપદેશ છે. પોતાની ગમે તે (સબળ કે નિર્બળ) સ્થિતિ હોય તોપણ એક જ પ્રકારે વર્તવું એવો જિનમાર્ગ નથી. ૨૩૧.

[હવે શ્લોક દ્વારા આત્મદ્રવ્યમાં સ્થિર થવાનું કહીને 'આચરણપ્રજ્ઞાપન' પૂર્ણ કરવામાં આવે છેઃ]

[અર્થઃ—] એ પ્રમાણે વિશિષ્ટ †આદરવાળા પુરાણ પુરુષોએ સેવેલું, ઉત્સર્ગ અને અપવાદ દ્વારા ઘણી પૃથક્ પૃથક્ ભૂમિકાઓમાં વ્યાપતું જે ચરણ (-ચારિત્ર) તેને યતિ પ્રાપ્ત કરીને, ક્રમશઃ અતુલ નિવૃત્તિ કરીને, ચૈતન્યસામાન્ય અને ચૈતન્યવિશેષરૂપ જેનો પ્રકાશ છે એવા નિજદ્રવ્યમાં સર્વતઃ સ્થિતિ કરો.

આ રીતે આચરણપ્રજ્ઞાપન સમાપ્ત થયું.

---

* શાર્દૂલવિક્રીડિત છંદ

† આદર = કાળજી; સાવધાની; પ્રયત્ન; બહુમાન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ श्रामण्यापरनाम्नो मोक्षमार्गस्यैकाग्र्यलक्षणस्य प्रज्ञापनम् । तत्र तन्मूलसाधनभूते प्रथममागम एव व्यापारयति—

एयग्गगदो समणो एयग्गं णिच्छिदस्स अत्थेसु ।
णिच्छिती आगमदो आगमचेट्ठा तदो जेट्ठा ॥२३२॥

ऐकाग्र्यगतः श्रमणः ऐकाग्र्यं निश्चितस्य अर्थेषु ।
निश्चितिरागमत आगमचेष्टा ततो ज्येष्ठा ॥ २३२ ॥

श्रमणो हि तावदैकाग्र्यगत एव भवति । ऐकाग्र्यं तु निश्चितार्थस्यैव भवति । अर्थनिश्चयस्त्वागमादेव भवति । तत आगम एव व्यापारः प्रधानतरः, न चान्या गतिरस्ति । यतो न खल्वागममन्तरेणार्था निश्चेतुं शक्यन्ते, तस्यैव हि त्रिसमयप्रवृत्तत्रिलक्षणसकलपदार्थसार्थयाथात्म्यावगमसुस्थितान्तरङ्गगम्भीरत्वात् । न चार्थनिश्चयमन्तरेणैकाग्र्यं सिद्ध्येत्,

स्थले सूत्रचतुष्टयम् । अतःपरं द्रव्यभावसंयमकथनरूपेण 'चागो य अणारंभो' इत्यादि तृतीयस्थले गाथाचतुष्टयम् । तदनन्तरं निश्चयव्यवहारमोक्षमार्गोपसंहारमुख्यत्वेन 'मुज्झदि वा' इत्यादि चतुर्थस्थले गाथाद्वयम् । एवं स्थलचतुष्टयेन तृतीयान्तराधिकारे समुदायपातनिका । तद्यथा—अथैकाग्र्यगतः श्रमणो

હવે શ્રામણ્ય જેનું બીજું નામ છે એવા એકાગ્રતાલક્ષણવાળા **મોક્ષમાર્ગનું પ્રજ્ઞાપન** છે. તેમાં પ્રથમ, તેના (-મોક્ષમાર્ગના) મૂળસાધનભૂત આગમમાં જ વ્યાપાર (-પ્રવૃત્તિ) કરાવે છેઃ—

શ્રામણ્ય જ્યાં ઐકાગ્ર્ય, ને ઐકાગ્ર્ય વસ્તુનિશ્ચયે,
નિશ્ચય બને આગમ વડે, આગમપ્રવર્તન મુખ્ય છે. ૨૩૨.

**અન્વયાર્થઃ**—[श्रमणः] શ્રમણ [ऐकाग्र्यगतः] એકાગ્રતાને પ્રાપ્ત હોય છે; [ऐकाग्र्यं] એકાગ્રતા [अर्थेषु निश्चितस्य] પદાર્થોના નિશ્ચયવંતને હોય છે; [निश्चितिः] (પદાર્થોનો) નિશ્ચય [आगमतः] આગમ દ્વારા થાય છે; [ततः] તેથી [आगमचेष्टा] આગમમાં વ્યાપાર [ज्येष्ठा] મુખ્ય છે.

**ટીકાઃ**—પ્રથમ તો, શ્રમણ ખરેખર એકાગ્રતાને પ્રાપ્ત જ હોય છે; એકાગ્રતા પદાર્થોના નિશ્ચયવંતને જ હોય છે; અને પદાર્થોનો નિશ્ચય આગમ દ્વારા જ થાય છે; તેથી આગમમાં જ વ્યાપાર પ્રધાનતર (-વિશેષ પ્રધાન) છે; બીજી ગતિ (-બીજો કોઈ રસ્તો) નથી. તેનું કારણ આ પ્રમાણે છેઃ

ખરેખર આગમ વિના પદાર્થોનો નિશ્ચય કરી શકાતો નથી; કારણ કે આગમ જ, જેને ત્રણે કાળે (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ) ત્રણ લક્ષણો પ્રવર્તે છે એવા સકળપદાર્થસાર્થના યથાતથ જ્ઞાન વડે સુસ્થિત અંતરંગથી ગંભીર છે (અર્થાત્ આગમનું જ અંતરંગ સર્વ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यतोऽनिश्चितार्थस्य कदाचिन्निश्चिकीर्षाकुलितचेतसः समन्ततो दोलायमानस्यात्यन्ततरलतया, कदाचिच्चिकीर्षाज्वरपरवशस्य विश्वं स्वयं सिसृक्षोर्विश्वव्यापारपरिणतस्य प्रतिक्षणविजृम्भमाणक्षोभतया, कदाचिद्बुभुक्षाभावितस्य विश्वं स्वयं भोग्यतयोपादाय रागद्वेषदोषकल्माषितचित्तवृत्तेरिष्टानिष्टविभागेन प्रवर्तितद्वैतस्य प्रतिवस्तुपरिणममानस्यात्यन्तविसंष्ठुलतया, कृतनिश्चयनिःक्रियनिर्भोगं युगपदापीतविश्वमप्यविश्वतयैकं भगवन्तमात्मानमपश्यतः सन्ततं वैयग्र्यमेव स्यात् । न चैकाग्र्यमन्तरेण श्रामण्यं सिद्ध्येत्, यतो नैकाग्र्यस्यानेकमेवेदमिति पश्यतस्तथाप्रत्ययाभिनिविष्टस्यानेकमेवेदमिति जानतस्तथानुभूतिभावितस्यानेकमेवेदमिति प्रत्यर्थविकल्पव्यावृत्तचेतसा सन्ततं प्रवर्तमानस्य तथावृत्तिदुःस्थितस्य चैकात्मप्रतीत्यनुभूति-

---

भवति । तच्चैकाग्र्यमागमपरिज्ञानादेव भवतीति प्रकाशयति—एयग्गगदो समणो ऐकाग्र्यगतः श्रमणो भवति । अत्रायमर्थः—जगत्त्रयकालत्रयवर्तिसमस्तद्रव्यगुणपर्यायैकसमयपरिच्छित्तिसमर्थसकलविमलकेवलज्ञानलक्षणनिजपरमात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपमैकाग्र्यं भण्यते । तत्र गतस्तन्मयत्वेन परिणतः श्रमणो

---

પદાર્થોના સમૂહના યથાર્થ જ્ઞાન વડે સુસ્થિત છે માટે આગમ જ સમસ્ત પદાર્થોના યથાર્થ જ્ઞાનથી ગંભીર છે).

વળી પદાર્થોના નિશ્ચય વિના એકાગ્રતા સિદ્ધ થતી નથી; કારણ કે, જેને પદાર્થોનો નિશ્ચય નથી તે (૧) કદાચિત્ નિશ્ચય કરવાની ઇચ્છાથી આકુળતા પામતા ચિત્તને લીધે સર્વતઃ દોલાયમાન (-ડામાડોળ) થવાથી અત્યંત તરલતા પામે છે, (૨) કદાચિત્ કરવાની ઇચ્છારૂપ જ્વર વડે પરવશ થયો થકો વિશ્વને (-સમસ્ત પદાર્થોને) સ્વયં સર્જવાને ઇચ્છતો થકો વિશ્વવ્યાપારરૂપે (-સમસ્ત પદાર્થોની પ્રવૃત્તિરૂપે) પરિણમતો હોવાથી પ્રતિક્ષણ ક્ષોભની પ્રગટતા પામે છે, અને (૩) કદાચિત્ ભોગવવાની ઇચ્છાથી ભાવિત થયો થકો વિશ્વને સ્વયં ભોગ્યપણે ગ્રહણ કરીને, રાગદ્વેષરૂપ દોષથી કલુષિત ચિત્તવૃત્તિને લીધે (વસ્તુઓમાં) ઇષ્ટ-અનિષ્ટ વિભાગ વડે દ્વૈત પ્રવર્તાવતો થકો પ્રત્યેક વસ્તુરૂપે પરિણમતો હોવાથી અત્યંત અસ્થિરતા પામે છે, તેથી (-પૂર્વોક્ત ત્રણ કારણોને લીધે) તે અનિશ્ચયી જીવ (૧) કૃતનિશ્ચય (નિશ્ચયવંત), (૨) નિષ્ક્રિય અને (૩) નિર્ભોગ એવા ભગવાન આત્માને—કે જે યુગપદ્ વિશ્વને પી જતો હોવા છતાં વિશ્વપણે નહિ થવાથી એક છે તેને—નહિ દેખતો હોવાને લીધે તેને સતત વ્યગ્રતા જ હોય છે (-એકાગ્રતા હોતી નથી).

વળી એકાગ્રતા વિના શ્રામણ્ય સિદ્ધ થતું નથી; કારણ કે, જેને એકાગ્રતા નથી તે જીવ (૧) 'આ અનેક જ છે' એમ દેખતો (-શ્રદ્ધતો) થકો તે પ્રકારની પ્રતીતિમાં [૧]અભિનિવિષ્ટ હોય છે, (૨) 'આ અનેક જ છે' એમ જાણતો થકો તે પ્રકારની અનુભૂતિથી ભાવિત હોય છે, અને (૩) 'આ અનેક જ છે' એમ દરેક પદાર્થના વિકલ્પથી ખંડિત (-છિન્નભિન્ન) ચિત્ત સહિત સતત પ્રવર્તતો થકો તે પ્રકારની [૨]વૃત્તિથી દુઃસ્થિત હોય છે, તેથી તેને એક

---

૧. અભિનિવિષ્ટ = આગ્રહી; દૃઢ; મચેલો.

૨. વૃત્તિ = વર્તન; વર્તવું તે; ચારિત્ર.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वृत्तिस्वरूपसम्यग्दर्शनज्ञानचारित्रपरिणतिप्रवृत्तदृशिज्ञप्तिवृत्तिरूपात्मतत्त्वैकाग्र्याभावात् शुद्धात्मतत्त्वप्रवृत्तिरूपं श्रामण्यमेव न स्यात्। अतः सर्वथा मोक्षमार्गापरनाम्नः श्रामण्यस्य सिद्धये भगवदर्हत्सर्वज्ञोपज्ञे प्रकटानेकान्तकेतने शब्दब्रह्मणि निष्णातेन मुमुक्षुणा भवितव्यम् ॥ २३२ ॥

अथागमहीनस्य मोक्षाख्यं कर्मक्षपणं न सम्भवतीति प्रतिपादयति—

---

भवति। **एयग्गं णिच्छिदस्स** ऐकाग्र्यं पुनर्निश्चितस्य तपोधनस्य भवति। केषु। **अत्थेसु** टङ्कोत्कीर्णज्ञायकैकस्वभावो योऽसौ परमात्मपदार्थस्तत्प्रभृतिष्वर्थेषु। **णिच्छित्ती आगमदो** सा च पदार्थनिश्चित्तिरागमतो भवति। तथाहि—जीवभेदकर्मभेदप्रतिपादकागमाभ्यासाद्भवति, न केवलमागमाभ्यासात्तथैवागमपदसारभूताच्चिदानन्दैकपरमात्मतत्त्वप्रकाशकादध्यात्माभिधानात्परमागमाच्च पदार्थपरिच्छित्तिर्भवति। **आगमचेट्ठा तदो जेट्ठा** ततः कारणादेवमुक्तलक्षणागमे परमागमे च चेष्टा प्रवृत्तिः ज्येष्ठा श्रेष्ठा प्रशस्येत्यर्थः ॥२३२॥

---

આત્માની પ્રતીતિ-અનુભૂતિ-વૃત્તિસ્વરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપરિણતિએ પ્રવર્તતી જે [1]દૃશિ-જ્ઞપ્તિ-વૃત્તિરૂપ આત્મતત્ત્વમાં એકાગ્રતા તેનો અભાવ હોવાથી શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિરૂપ શ્રામણ્ય જ (શુદ્ધાત્મતત્ત્વમાં પ્રવૃત્તિરૂપ મુનિપણું જ) હોતું નથી.

આથી (એમ કહ્યું કે) મોક્ષમાર્ગ જેનું બીજું નામ છે એવા શ્રામણ્યની સર્વ પ્રકારે સિદ્ધિ કરવા માટે મુમુક્ષુએ ભગવાન અર્હંત સર્વજ્ઞથી ઉપજ્ઞ (-સ્વયં જાણીને કહેવાયેલા) શબ્દબ્રહ્મમાં—કે જેનું અનેકાંતરૂપી [2]કેતન પ્રગટ છે તેમાં નિષ્ણાત થવું.

**ભાવાર્થઃ**—આગમ વિના પદાર્થોનો નિશ્ચય થતો નથી; પદાર્થોના નિશ્ચય વિના અશ્રદ્ધાજનિત તરલતા, પરકર્તૃત્વાભિલાષાજનિત ક્ષોભ અને પરભોક્તૃત્વાભિલાષાજનિત અસ્થિરતાને લીધે એકાગ્રતા થતી નથી; અને એકાગ્રતા વિના એક આત્માનાં શ્રદ્ધાન-જ્ઞાન-વર્તનરૂપે પ્રવર્તતી શુદ્ધાત્મપ્રવૃત્તિ નહિ થવાથી મુનિપણું થતું નથી. માટે મોક્ષાર્થીનું પ્રધાન કર્તવ્ય [3]શબ્દબ્રહ્મરૂપ આગમમાં પ્રવીણતા પ્રાપ્ત કરવી તે છે. ૨૩૨.

હવે, આગમહીનને મોક્ષાખ્ય ('મોક્ષ' નામથી કહેવાતો) કર્મક્ષય થતો નથી એમ પ્રતિપાદન કરે છેઃ—

---

૧. દૃશિ = દર્શન

૨. કેતન = ચિહ્ન; લક્ષણ; ધ્વજ.

૩. શબ્દબ્રહ્મ = પરમબ્રહ્મરૂપ વાચ્યનું વાચક દ્રવ્યશ્રુત. [આ ગાથાઓમાં સર્વજ્ઞોપજ્ઞ સમસ્ત દ્રવ્યશ્રુતને સામાન્યપણે આગમ કહેવામાં આવ્યું છે. કોઈ વાર દ્રવ્યશ્રુતના 'આગમ' અને 'પરમાગમ' એવા બે ભેદ પણ પાડવામાં આવે છે; ત્યાં જીવભેદો તથા કર્મભેદોના પ્રતિપાદક દ્રવ્યશ્રુતને 'આગમ' કહેવામાં આવે છે અને સમસ્ત દ્રવ્યશ્રુતના સારભૂત ચિદાનંદ એક પરમાત્મતત્ત્વના પ્રકાશક અધ્યાત્મ-દ્રવ્યશ્રુતને 'પરમાગમ' કહેવામાં આવે છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**आगमहीणो समणो णेवप्पाणं परं वियाणादि ।**
**अविजाणंतो अट्ठे खवेदि कम्माणि किध भिक्खू ॥२३३॥**

**आगमहीनः श्रमणो नैवात्मानं परं विजानाति ।**
**अविजानन्नर्थान् क्षपयति कर्माणि कथं भिक्षुः ॥ २३३ ॥**

न खल्वागममन्तरेण परात्मज्ञानं परमात्मज्ञानं वा स्यात्; न च परात्मज्ञानशून्यस्य परमात्मज्ञानशून्यस्य वा मोहादिद्रव्यभावकर्मणां ज्ञप्तिपरिवर्तरूपकर्मणां वा क्षपणं स्यात् । तथाहि—न तावन्निरागमस्य निरवधिभवापगाप्रवाहवाहिमहामोहमलमलीमसस्यास्य जगतः

अथागमपरिज्ञानहीनस्य कर्मक्षपणं न भवतीति प्ररूपयति—आगमहीणो समणो णेवप्पाणं परं वियाणादि आगमहीनः श्रमणो नैवात्मानं परं वा विजानाति; अविजाणंतो अट्ठे अविजानन्नर्थान्परमात्मादिपदार्थान् खवेदि कम्माणि किध भिक्खू क्षपयति कर्माणि कथं भिक्षुः, न कथमपि इति । इतो विस्तरः—"गुणजीवा पज्जत्ती पाणा सण्णा य मग्गणाओ य । उवओगोवि य कमसो वीसं तु परूवणा भणिदा ॥" इति गाथाकथिताद्यागममजानन्, तथैव "भिण्णउ जेण ण जाणियउ णियदेहहं परमत्थु । सो

**આગમરહિત જે શ્રમણ તે જાણે ન પરને, આત્મને;**
**ભિક્ષુ પદાર્થ-અજાણ તે ક્ષય કર્મનો કઈ રીત કરે? ૨૩૩.**

**અન્વયાર્થઃ**—[**आगमहीनः**] આગમહીન [**श्रमणः**] શ્રમણ [**आत्मानं**] આત્માને (પોતાને) અને [**परं**] પરને [**न एव विजानाति**] જાણતો નથી જ; [**अर्थान् अविजानन्**] પદાર્થોને નહિ જાણતો [**भिक्षुः**] ભિક્ષુ [**कर्माणि**] કર્મોને [**कथं**] કઈ રીતે [**क्षपयति**] ક્ષય કરે?

**ટીકાઃ**—ખરેખર આગમ વિના [1]પરાત્મજ્ઞાન કે [2]પરમાત્મજ્ઞાન થતું નથી; અને પરાત્મજ્ઞાનશૂન્યને કે પરમાત્મજ્ઞાનશૂન્યને મોહાદિદ્રવ્યભાવકર્મોનો કે [3]જ્ઞપ્તિપરિવર્તનરૂપ કર્મોનો ક્ષય થતો નથી. તે આ પ્રમાણેઃ—

પ્રથમ તો, આગમહીન એવું આ જગત—કે જે નિરવધિ (અનાદિ) ભવસરિતાના પ્રવાહને વહેવડાવનારા મહામોહમળથી મલિન છે તે—ધતૂરો પીધેલા મનુષ્યની માફક

૧. પરાત્મજ્ઞાન = પરનું અને આત્માનું જ્ઞાન; પરનું અને પોતાનું જ્ઞાન; સ્વ-પરનું ભેદજ્ઞાન.

૨. પરમાત્મજ્ઞાન = પરમાત્માનું જ્ઞાન; 'હું સકળ લોકાલોકને જાણનારા જ્ઞાનસ્વભાવવાળો પરમ આત્મા છું' એવું જ્ઞાન.

૩. જ્ઞપ્તિપરિવર્તન = જ્ઞપ્તિનું પલટાવું તે; જાણનક્રિયાનો પલટો. (જ્ઞાનનું એક જ્ઞેયથી બીજા જ્ઞેયમાં પલટાવું તે જ્ઞપ્તિપરિવર્તનરૂપ કર્મ છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पीतोन्मत्तकस्येवावकीर्णविवेकस्याविविक्तेन ज्ञानज्योतिषा निरूपयतोऽप्यात्मात्मप्रदेशनिश्चित शरीरादिद्रव्येषूपयोगमिश्रितमोहरागद्वेषादिभावेषु च स्वपरनिश्चायकागमोपदेशपूर्वकस्वानुभवाभावादयं परोऽयमात्मेति ज्ञानं सिद्ध्येत्; तथाच त्रिसमयपरिपाटीप्रकटितविचित्रपर्यायप्राग्भारागाधगम्भीरस्वभावं विश्वमेव ज्ञेयीकृत्य प्रतपतः परमात्मनिश्चायकागमोपदेशपूर्वकस्वानुभवाभावात् ज्ञानस्वभावस्यैकस्य परमात्मनो ज्ञानमपि न सिद्ध्येत्। परात्मपरमात्मज्ञानशून्यस्य तु द्रव्यकर्मारब्धैः शरीरादिभिस्तत्प्रत्ययैर्मोहरागद्वेषादिभावैश्च सहैक्यमाकलयतो वध्यघातकविभागाभावान्मोहादिद्रव्यभावकर्मणां क्षपणं न सिद्ध्येत्; तथाच ज्ञेयनिष्ठतया

---

अंधउ अवरहं अंधयहं किम दरिसावइ पंथु ॥" इति दोहकसूत्रकथिताद्यागमपदसारभूतमध्यात्मशास्त्रं चाजानन् पुरुषो रागादिदोषरहिताव्याबाधसुखादिगुणस्वरूपनिजात्मद्रव्यस्य भावकर्मशब्दाभिधेयै रागादि-

---

વિવેકના નાશને પ્રાપ્ત હોવાથી [1]અવિવિક્ત જ્ઞાનજ્યોતિ વડે જોકે જુએ છે તોપણ, તેને [2]સ્વપરનિશ્ચાયક આગમોપદેશપૂર્વક સ્વાનુભવના અભાવને લીધે, આત્મામાં અને આત્મ-પ્રદેશસ્થિત શરીરાદિદ્રવ્યોમાં તેમ જ ઉપયોગમિશ્રિત મોહરાગદ્વેષાદિભાવોમાં 'આ પર છે અને આ આત્મા (–સ્વ) છે' એવું જ્ઞાન સિદ્ધ થતું નથી; તેમ જ તેને [3]પરમાત્મનિશ્ચાયક આગમોપદેશપૂર્વક સ્વાનુભવના અભાવને લીધે, જેને ત્રિકાળપરિપાટીમાં વિચિત્ર પર્યાયોનો સમૂહ પ્રગટ થાય છે એવા અગાધગંભીરસ્વભાવી વિશ્વને જ્ઞેયરૂપ કરીને [4]પ્રતપતા જ્ઞાનસ્વભાવી એક પરમાત્માનું જ્ઞાન પણ સિદ્ધ થતું નથી.

અને (એ રીતે) જે (૧) પરાત્મજ્ઞાનથી તેમ જ (૨) પરમાત્મજ્ઞાનથી શૂન્ય છે તેને, (૧) દ્રવ્યકર્મથી થતાં શરીરાદિ સાથે તથા [5]તત્પ્રત્યયી મોહરાગદ્વેષાદિભાવો સાથે એકતા અનુભવવાને લીધે [6]વધ્યઘાતકના વિભાગનો અભાવ હોવાથી મોહાદિદ્રવ્યભાવકર્મોનો ક્ષય સિદ્ધ થતો નથી, તેમ જ (૨) [7]જ્ઞેયનિષ્ઠપણે પ્રત્યેક વસ્તુના ઉત્પાદ-વિનાશરૂપે પરિણમતી

---

૧. અવિવિક્ત = અવિવેકવાળી; વિવેકશૂન્ય; ભેદ વિનાની; અભિન્ન; ભેળસેળ.

૨. સ્વપરનિશ્ચાયક = સ્વપરનો નિશ્ચય કરાવનાર. (આગમોપદેશ સ્વપરનો નિશ્ચય કરાવનાર છે અર્થાત્ સ્વપરનો નિશ્ચય કરવામાં નિમિત્તભૂત છે.)

૩. પરમાત્મનિશ્ચાયક = પરમાત્માનો નિશ્ચય કરાવનાર (અર્થાત્ જ્ઞાનસ્વભાવી પરમાત્માનો નિર્ણય કરવામાં નિમિત્તભૂત)

૪. પ્રતપવું = તપવું; પ્રતાપવંત વર્તવું. (જ્ઞાનસ્વભાવી પરમાત્મા વિશ્વને જ્ઞેયરૂપ કરીને તપે છે—પ્રતાપવંત વર્તે છે.)

૫. તત્પ્રત્યયી = તત્સંબંધી; તે સંબંધી; તે જેનું નિમિત્ત છે એવા.

૬. વધ્યઘાતક = હણાવાયોગ્ય અને હણનાર. [આત્મા વધ્ય છે અને મોહાદિભાવકર્મો ઘાતક છે. મોહાદિદ્રવ્યકર્મો પણ આત્માના ઘાતમાં નિમિત્તભૂત હોવાથી ઘાતક કહેવાય છે.]

૭. જ્ઞેયનિષ્ઠ = જ્ઞેયોમાં નિષ્ઠાવાળું; જ્ઞેયપરાયણ; જ્ઞેયસન્મુખ. [અનાદિ સંસારથી જ્ઞપ્તિ જ્ઞેયનિષ્ઠ હોવાથી તે દરેક પદાર્થના ઉત્પત્તિ-વિનાશરૂપે પરિણમવાને લીધે પરિવર્તન પામ્યા કરે છે. પરમાત્મનિષ્ઠતા વિના જ્ઞપ્તિનું તે પરિવર્તન અનિવાર્ય છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



प्रतिवस्तु पातोत्पातपरिणतत्वेन ज्ञप्तेरासंसारात्परिवर्तमानायाः परमात्मनिष्ठत्वमन्तरेणा-निवार्यपरिवर्ततया ज्ञप्तिपरिवर्तरूपकर्मणां क्षपणमपि न सिद्ध्येत् । अतः कर्मक्षपणार्थिभिः सर्वथागमः पर्युपास्यः ॥ २३३ ॥

अथागम एवैकश्चक्षुर्मोक्षमार्गमुपसर्पतामित्यनुशास्ति—

**आगमचक्खू साहू इंदियचक्खूणि सव्वभूदाणि ।**
**देवा य ओहिचक्खू सिद्धा पुण सव्वदो चक्खू ॥२३४॥**

---

नानाविकल्पजालैर्निश्चयेन कर्मभिः सह भेदं न जानाति, तथैव कर्मारिविध्वंसकस्वकीयपरमात्मतत्त्वस्य ज्ञानावरणादिद्रव्यकर्मभिरपि सह पृथक्त्वं न वेत्ति, तथाचाशरीरलक्षणशुद्धात्मपदार्थस्य शरीरादिनोकर्मभिः सहान्यत्वं न जानाति। इत्थंभूतभेदज्ञानाभावाद्देहस्थमपि निजशुद्धात्मानं न रोचते, समस्तरागादिपरिहारेण न च भावयति । ततश्च कथं कर्मक्षयो भवति, न कथमपीति । ततः कारणान्मोक्षार्थिना परमागमाभ्यास एव कर्तव्य इति तात्पर्यार्थः ॥ २३३ ॥ अथ मोक्षमार्गार्थिनामागम एव दृष्टिरित्या-

---

હોવાને લીધે અનાદિ સંસારથી પરિવર્તન પામતી જે જ્ઞપ્તિ તેનું પરિવર્તન પરમાત્મનિષ્ઠતા સિવાય અનિવાર્ય હોવાથી, જ્ઞપ્તિપરિવર્તનરૂપ કર્મોનો ક્ષય પણ સિદ્ધ થતો નથી. માટે કર્મક્ષયના અર્થીઓએ સર્વ પ્રકારે આગમની પર્યુપાસના કરવી યોગ્ય છે.

ભાવાર્થઃ—આગમની પર્યુપાસના રહિત જગતને આગમોપદેશપૂર્વક સ્વાનુભવ નહિ થતો હોવાથી તેને 'આ અમૂર્તિક આત્મા તે હું છું અને આ સમાનક્ષેત્રાવગાહી શરીરાદિક તે પર છે' એમ, તથા 'આ ઉપયોગ તે હું છું અને આ ઉપયોગમિશ્રિત મોહ-રાગદ્વેષાદિભાવો તે પર છે' એમ સ્વ-પરનું ભેદજ્ઞાન થતું નથી; તેમ જ તેને આગમોપદેશ-પૂર્વક સ્વાનુભવ નહિ થતો હોવાથી 'હું જ્ઞાનસ્વભાવી એક પરમાત્મા છું' એવું પરમાત્મજ્ઞાન પણ થતું નથી.

એ રીતે જેને (૧) સ્વપરજ્ઞાન તેમ જ (૨) પરમાત્મજ્ઞાન નથી તેને, (૧) હણાવાયોગ્ય એવા સ્વનું અને હણનાર એવાં મોહાદિદ્રવ્યભાવકર્મરૂપ પરનું ભેદજ્ઞાન નહિ હોવાથી મોહાદિદ્રવ્યભાવકર્મોનો ક્ષય થતો નથી, તેમ જ (૨) પરમાત્મનિષ્ઠતાના અભાવને લીધે જ્ઞપ્તિનું પરિવર્તન નહિ ટળતું હોવાથી જ્ઞપ્તિપરિવર્તનરૂપ કર્મોનો પણ ક્ષય થતો નથી.

માટે મોક્ષાર્થીઓએ સર્વ પ્રકારે સર્વજ્ઞકથિત આગમને સેવવાં. ૨૩૩.

હવે, મોક્ષમાર્ગે જનારાઓને આગમ જ એક ચક્ષુ છે એમ ઉપદેશે છેઃ—

**મુનિરાજ આગમચક્ષુ ને સૌ ભૂત ઇન્દ્રિયચક્ષુ છે,**
**છે દેવ અવધિચક્ષુ ને સર્વત્રચક્ષુ સિદ્ધ છે. ૨૩૪.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आगमचक्षुः साधुरिन्द्रियचक्षूंषि सर्वभूतानि ।
देवाश्चावधिचक्षुषः सिद्धाः पुनः सर्वतश्चक्षुषः ॥ २३४ ॥

इह तावद्भगवन्तः सिद्धा एव शुद्धज्ञानमयत्वात्सर्वतश्चक्षुषः, शेषाणि तु सर्वाण्यपि भूतानि मूर्तद्रव्यावसक्तदृष्टित्वादिन्द्रियचक्षूंषि । देवास्तु सूक्ष्मत्वविशिष्टमूर्तद्रव्यग्राहित्वादवधिचक्षुषः, अथ च तेऽपि रूपिद्रव्यमात्रदृष्टत्वेनेन्द्रियचक्षुर्भ्योऽविशिष्यमाणा इन्द्रियचक्षुष एव । एवममीषु समस्तेष्वपि संसारिषु मोहोपहततया ज्ञेयनिष्ठेषु सत्सु ज्ञाननिष्ठत्वमूलशुद्धात्मतत्त्वसंवेदनसाध्यं सर्वतश्चक्षुस्त्वं न सिद्ध्येत् । अथ तत्सिद्धये भगवन्तः श्रमणा आगमचक्षुषो भवन्ति । तेन ज्ञेयज्ञानयोरन्योन्यसंवलनेनाशक्यविवेचनत्वे सत्यपि स्वपरविभाग-

---

ख्याति—**आगमचक्खू** शुद्धात्मादिपदार्थप्रतिपादकपरमागमचक्षुषो भवन्ति । के ते । **साहू** निश्चयरत्नत्रयाधारेण निजशुद्धात्मसाधकाः साधवः । **इंदियचक्खूणि** निश्चयेनातीन्द्रियामूर्तकेवलज्ञानादिगुणस्वरूपाण्यपि व्यवहारेणानादिकर्मबन्धवशादिन्द्रियाधीनत्वेनेन्द्रियचक्षूंषि भवन्ति । कानि कर्तॄणि । **सव्वभूदाणि** सर्वभूतानि सर्वसंसारिजीवा इत्यर्थः । **देवा य ओहिचक्खू** देवा अपि च सूक्ष्ममूर्तपुद्गलद्रव्यविषयावधिचक्षुषः । **सिद्धा पुण सव्वदो चक्खू** सिद्धाः पुनः शुद्धबुद्धैकस्वभावजीवलोकाकाशप्रमितशुद्धासंख्येयसर्वप्रदेशचक्षुष इति । अनेन किमुक्तं भवति । सर्वशुद्धात्मप्रदेशे लोचनोत्पत्तिनिमित्तं परमागमोपदेशादुत्पन्नं

---

**અન્વયાર્થઃ—**[ **साधुः** ] સાધુ [ **आगमचक्षुः** ] આગમચક્ષુ (–આગમરૂપ ચક્ષુવાળા) છે, [ **सर्वभूतानि** ] સર્વ ભૂતો (–પ્રાણીઓ) [ **इन्द्रियचक्षूंषि** ] ઇન્દ્રિયચક્ષુ છે, [ **देवाः च** ] દેવો [ **अवधिचक्षुषः** ] અવધિચક્ષુ છે [ **पुनः** ] અને [ **सिद्धाः** ] સિદ્ધો [ **सर्वतःचक्षुषः** ] સર્વતઃચક્ષુ (–સર્વ તરફથી ચક્ષુવાળા અર્થાત્ સર્વ આત્મપ્રદેશે ચક્ષુવાળા) છે.

**ટીકાઃ—**પ્રથમ તો, આ લોકમાં ભગવંત સિદ્ધો જ શુદ્ધજ્ઞાનમય હોવાથી સર્વતઃચક્ષુ છે અને બાકીનાં બધાંય ભૂતો (–જીવો), મૂર્ત દ્રવ્યોમાં જ તેમની દૃષ્ટિ લાગતી હોવાથી, ઇંદ્રિયચક્ષુ છે. દેવો સૂક્ષ્મત્વવાળાં મૂર્ત દ્રવ્યોને ગ્રહણ કરતા હોવાથી અવધિચક્ષુ છે; અથવા તેઓ પણ, માત્ર રૂપી દ્રવ્યોને દેખતા હોવાથી તેમને ઇન્દ્રિયચક્ષુવાળાંઓથી જુદા ન પાડવામાં આવે તો, ઇન્દ્રિયચક્ષુ જ છે. એ રીતે આ બધાય સંસારીઓ મોહ વડે †ઉપહત હોવાને લીધે જ્ઞેયનિષ્ઠ હોવાથી, જ્ઞાનનિષ્ઠપણાનું મૂળ જે શુદ્ધાત્મતત્ત્વનું સંવેદન તેનાથી સાધ્ય (–સધાતું) એવું સર્વતઃચક્ષુપણું તેમને સિદ્ધ થતું નથી.

હવે, તેની (સર્વતઃચક્ષુપણાની) સિદ્ધિને માટે ભગવંત શ્રમણો આગમચક્ષુ હોય છે. તેઓ તે આગમરૂપ ચક્ષુ વડે, જોકે જ્ઞેય અને જ્ઞાનનું અન્યોન્ય મિલન હોવાને લીધે તેમને ભિન્ન કરવાં અશક્ય છે (અર્થાત્ જ્ઞેયો જ્ઞાનમાં ન જણાય એમ કરવું અશક્ય છે)

---

† ઉપહત = હણાયેલા; ઇજિત પામેલા; અશુદ્ધ; મલિન; ભ્રષ્ટ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मारचय्य निर्भिन्नमहामोहाः सन्तः परमात्मानमवाप्य सततं ज्ञाननिष्ठा एवावतिष्ठन्ते । अतः सर्वमप्यागमचक्षुषैव मुमुक्षूणां द्रष्टव्यम् ॥ २३४ ॥

अथागमचक्षुषा सर्वमेव दृश्यत एवेति समर्थयति—

सव्वे आगमसिद्धा अत्था गुणपज्जएहिं चित्तेहिं ।
जाणंति आगमेण हि पेच्छित्ता ते वि ते समणा ॥२३५॥

सर्वे आगमसिद्धा अर्था गुणपर्यायैश्चित्रैः ।
जानन्त्यागमेन हि दृष्ट्वा तानपि ते श्रमणाः ॥ २३५ ॥

आगमेन तावत्सर्वाण्यपि द्रव्याणि प्रमीयन्ते, विस्पष्टतर्कणस्य सर्वद्रव्याणामविरुद्धत्वात् । विचित्रगुणपर्यायविशिष्टानि च प्रतीयन्ते, सहक्रमप्रवृत्तानेकधर्मव्यापकानेकान्तमयत्वेनैवागमस्य

निर्विकारं मोक्षार्थिभिः स्वसंवेदनज्ञानमेव भावनीयमिति ॥ २३४ ॥ अथागमलोचनेन सर्वं दृश्यत इति प्रज्ञापयति—**सव्वे आगमसिद्धा** सर्वेऽप्यागमसिद्धा आगमेन ज्ञाताः । के ते । **अत्था** विशुद्धज्ञान-दर्शनस्वभावो योऽसौ परमात्मपदार्थस्तत्प्रभृतयोऽर्थाः । कथं सिद्धाः । **गुणपज्जएहिं चित्तेहिं** विचित्र-

તોપણ, સ્વપરનો વિભાગ કરીને, મહામોહને જેમણે ભેદી નાખ્યો છે એવા વર્તતા થકા, પરમાત્માને પામીને, સતત જ્ઞાનનિષ્ઠ જ રહે છે.

આથી ( એમ કહ્યું કે ) મુમુક્ષુઓએ બધુંય આગમરૂપ ચક્ષુ વડે જ દેખવું. ૨૩૪.

હવે, આગમરૂપ ચક્ષુ વડે બધુંય દેખાય છે જ એમ સમર્થન કરે છેઃ—

સૌ ચિત્ર ગુણપર્યાયયુક્ત પદાર્થ આગમસિદ્ધ છે;
તે સર્વને જાણે શ્રમણ એ દેખીને આગમ વડે. ૨૩૫.

**અન્વયાર્થઃ**—[ सर्वे अर्थाः ] બધા પદાર્થો [ चित्रैः गुणपर्यायैः ] વિચિત્ર ( અનેક પ્રકારના ) ગુણપર્યાયો સહિત [ आगमसिद्धाः ] આગમસિદ્ધ છે. [ तान् अपि ] તે સર્વને [ ते श्रमणाः ] એ શ્રમણો [ आगमेन हि दृष्ट्वा ] આગમ વડે ખરેખર દેખીને [ जानन्ति ] જાણે છે.

ટીકાઃ—પ્રથમ તો, આગમ વડે બધાંય દ્રવ્યો પ્રમેય થાય છે ( અર્થાત્ જણાય છે ), કારણ કે સર્વ દ્રવ્યો વિસ્પષ્ટ તર્કણાથી અવિરુદ્ધ છે (–બધાં દ્રવ્યો આગમાનુસાર જે વિશેષ સ્પષ્ટ તર્ક તેની સાથે મેળવાળાં છે અર્થાત્ તેઓ આગમાનુસાર વિસ્પષ્ટ વિચારથી જણાય એવાં છે ). વળી આગમ વડે તે દ્રવ્યો વિચિત્ર ગુણપર્યાયોવાળાં પ્રતીત થાય છે, કારણ કે આગમ સહપ્રવૃત્ત અને ક્રમપ્રવૃત્ત અનેક ધર્મોમાં વ્યાપક (–અનેક ધર્મોને કહેનાર )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



प्रमाणत्वोपपत्तेः । अतः सर्वेऽर्था आगमसिद्धा एव भवन्ति । अथ ते श्रमणानां ज्ञेयत्वमापद्यन्ते स्वयमेव, विचित्रगुणपर्यायविशिष्टसर्वद्रव्यव्यापकानेकान्तात्मकश्रुतज्ञानोपयोगीभूय विपरिणमनात् । अतो न किञ्चिदप्यागमचक्षुषामदृश्यं स्यात् ॥ २३५ ॥

अथागमज्ञानतत्पूर्वतत्त्वार्थश्रद्धानतदुभयपूर्वसंयतत्वानां यौगपद्यस्य मोक्षमार्गत्वं नियमयति—

**आगमपुव्वा दिट्ठी ण भवदि जस्सेह संजमो तस्स ।**
**णत्थीदि भणदि सुत्तं असंजदो होदि किध समणो ॥२३६॥**

---

गुणपर्यायैः सह । जाणंति जानन्ति । कान् । ते वि तान् पूर्वोक्तार्थगुणपर्यायान् । किं कृत्वा पूर्वम् । पेच्छित्ता दृष्ट्वा ज्ञात्वा । केन । आगमेण हि आगमेनैव । अयमत्रार्थः—पूर्वमागमं पठित्वा पश्चाज्जानन्ति । ते समणा ते श्रमणा भवन्तीति । अत्रेदं भणितं भवति—सर्वे द्रव्यगुणपर्यायाः परमागमेन ज्ञायन्ते । कस्मात् । आगमस्य परोक्षरूपेण केवलज्ञानसमानत्वात् । पश्चादागमाधारेण स्वसंवेदनज्ञाने जाते स्वसंवेदनज्ञानबलेन केवलज्ञाने च जाते प्रत्यक्षा अपि भवन्ति । ततः कारणादागमचक्षुषा परंपरया सर्वं दृश्यं भवतीति ॥ २३५ ॥ एवमागमाभ्यासकथनरूपेण प्रथमस्थले सूत्रचतुष्टयं गतम् । अथागमपरिज्ञानतत्त्वार्थश्रद्धानतदुभयपूर्वकसंयतत्वत्रयस्य मोक्षमार्गत्वं नियमयति—आगमपुव्वा दिट्ठी ण भवदि

---

[1]અનેકાંતમય હોવાથી જ આગમને પ્રમાણપણાની ઉપપત્તિ છે (અર્થાત્ આગમ પ્રમાણભૂત સિદ્ધ થાય છે). આથી બધા પદાર્થો આગમસિદ્ધ જ છે. અને તેઓ શ્રમણોને સ્વયમેવ જ્ઞેયભૂત થાય છે, કારણ કે શ્રમણો વિચિત્ર ગુણપર્યાયોવાળાં સર્વ દ્રવ્યોમાં વ્યાપક (-સર્વ દ્રવ્યોને જાણનાર) [2]અનેકાન્તાત્મક શ્રુતજ્ઞાનોપયોગરૂપ થઈને પરિણમે છે.

આથી (એમ કહ્યું કે) આગમચક્ષુઓને (-આગમરૂપ ચક્ષુવાળાઓને) કાંઈ પણ અદ્રશ્ય નથી. ૨૩૫.

હવે, આગમજ્ઞાન, તત્પૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાન અને તદુભયપૂર્વક સંયતત્વના યુગપદ્‌પણાને મોક્ષમાર્ગપણું હોવાનો નિયમ કરે છે [અર્થાત્ (૧) આગમજ્ઞાન, (૨) તે-પૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાન અને (૩) તે બન્ને-પૂર્વક સંયતપણું—એ ત્રણેનું સાથે હોવું તે જ મોક્ષમાર્ગ છે એવો નિયમ સિદ્ધ કરે છે]:—

**દ્રષ્ટિ ન આગમપૂર્વિકા તે જીવને સંયમ નહીં**
**—એ સૂત્ર કેરું છે વચન; મુનિ કેમ હોય અસંયમી? ૨૩૬.**

---

૧. અનેકાંત = અનેક અંત; અનેક ધર્મ. [દ્રવ્યશ્રુત અનેકાંતમય છે. સર્વ દ્રવ્યોના એકીસાથે પ્રવર્તતા અને ક્રમે પ્રવર્તતા જે અનેક ધર્મો તેમાં વ્યાપનારા (અર્થાત્ તેમને કહેનારા) અનેક ધર્મો દ્રવ્યશ્રુતમાં છે.]
૨. શ્રુતજ્ઞાનોપયોગ અનેકાન્તાત્મક છે. સર્વ દ્રવ્યોના જે અનેક ધર્મો તેમાં વ્યાપનારા (અર્થાત્ તેમને જાણનારા) અનેક ધર્મો ભાવશ્રુતજ્ઞાનમાં છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आगमपूर्वा दृष्टिर्न भवति यस्येह संयमस्तस्य ।
नास्तीति भणति सूत्रमसंयतो भवति कथं श्रमणः ॥ २३६ ॥

इह हि सर्वस्यापि स्यात्कारकेतनागमपूर्विकया तत्त्वार्थश्रद्धानलक्षणया दृष्ट्या शून्यस्य स्वपरविभागाभावात् कायकषायैः सहैक्यमध्यवसतोऽनिरुद्धविषयाभिलाषतया षड्जीवनिकायघातिनो भूत्वा सर्वतोऽपि कृतप्रवृत्तेः सर्वतो निवृत्त्यभावात्तथा परमात्मज्ञानाभावाद् ज्ञेयचक्रक्रमाक्रमणनिरर्गलज्ञप्तितया ज्ञानरूपात्मतत्त्वैकाग्र्यप्रवृत्त्यभावाच्च संयम एव न तावत् सिद्ध्येत् ।

**जस्सेह** आगमपूर्विका दृष्टिः सम्यक्त्वं नास्ति यस्येह लोके **संजमो तस्स णत्थि** संयमस्तस्य नास्ति **इदि भणदि** इत्येवं भणति कथयति । किं कर्तृ । **सुत्तं** सूत्रमागमः । **असंजदो होदि किध समणो** असंयतः सन् श्रमणस्तपोधनः कथं भवति, न कथमपीति । तथाहि—यदि निर्दोषिनिजपरमात्मैवोपादेय इति रुचिरूपं सम्यक्त्वं नास्ति तर्हि परमागमबलेन विशदैकज्ञानरूपमात्मानं जानन्नपि सम्यग्दृष्टिर्न भवति, ज्ञानी च न भवति, तद्द्वयाभावे सति पञ्चेन्द्रियविषयाभिलाषषड्जीववधव्यावृत्तोऽपि संयतो न भवति ।

**અન્વયાર્થઃ**—[ इह ] આ લોકમાં [ यस्य ] જેને [ आगमपूर्वा दृष्टिः ] આગમપૂર્વક દૃષ્ટિ (-દર્શન) [ न भवति ] નથી [ तस्य ] તેને [ संयमः ] સંયમ [ न अस्ति ] નથી [ इति ] એમ [ सूत्रं भणति ] સૂત્ર કહે છે; અને [ असंयतः ] અસંયત તે [ श्रमणः ] શ્રમણ [ कथं भवति ] કઈ રીતે હોય?

**ટીકાઃ**—આ લોકમાં ખરેખર, સ્યાત્કાર જેનું ચિહ્ન છે એવા આગમપૂર્વક [1]તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણવાળી દૃષ્ટિથી જે શૂન્ય છે તે બધાયને સંયમ જ પ્રથમ તો સિદ્ધ થતો નથી, કારણ કે (૧) સ્વપરના વિભાગના અભાવને લીધે કાયા અને કષાયો સાથે એકતાનો અધ્યવસાય કરતા એવા તે જીવો, (પોતાને) [2]વિષયોની અભિલાષાનો નિરોધ નહિ થયો હોવાને લીધે છ જીવનિકાયના ઘાતી થઈને સર્વતઃ (બધીયે તરફથી) પ્રવૃત્તિ કરતા હોવાથી, તેમને સર્વતઃ નિવૃત્તિનો અભાવ છે (અર્થાત્ એકે તરફથી—જરાય નિવૃત્તિ નથી), તેમ જ (૨) તેમને પરમાત્મજ્ઞાનના અભાવને લીધે જ્ઞેયસમૂહને ક્રમે જાણતી [3]નિરર્ગળ જ્ઞપ્તિ હોવાથી જ્ઞાનરૂપ આત્મતત્ત્વમાં એકાગ્રતાની પ્રવૃત્તિનો અભાવ છે. (આ રીતે તેમને સંયમ સિદ્ધ

૧. તત્ત્વાર્થશ્રદ્ધાનલક્ષણવાળી = તત્ત્વાર્થનું શ્રદ્ધાન જેનું લક્ષણ છે એવી. [ સમ્યગ્દર્શનનું લક્ષણ તત્ત્વાર્થશ્રદ્ધાન છે. તે આગમપૂર્વક હોય છે. આગમનું ચિહ્ન 'સ્યાત્'કાર છે. ]

૨. જે જીવોને સ્વપરનું ભેદજ્ઞાન નથી તેમને ભલે કદાચિત્ પાંચ ઇન્દ્રિયોના વિષયોનો સંયોગ ન દેખાતો હોય, છ જીવનિકાયની દ્રવ્યહિંસા ન દેખાતી હોય અને એ રીતે સંયોગથી નિવૃત્તિ દેખાતી હોય, તોપણ કાયા અને કષાયો સાથે એકતા માનનારા તે જીવોને ખરેખર પાંચ ઇન્દ્રિયોના વિષયોની અભિલાષાનો નિરોધ નથી, હિંસાનો જરાય અભાવ નથી અને એ રીતે પરભાવથી બિલકુલ નિવૃત્તિ નથી.

૩. નિરર્ગળ = અંકુશ વિનાની; સંયમ વિનાની; નિરંકુશ; સ્વચ્છંદી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



असिद्धसंयमस्य तु सुनिश्चितैकाग्र्यगतत्वरूपं मोक्षमार्गापरनाम श्रामण्यमेव न सिद्धयेत्। अत आगमज्ञानतत्त्वार्थश्रद्धानसंयतत्वानां यौगपद्यस्यैव मोक्षमार्गत्वं नियम्येत ॥ २३६ ॥

अथागमज्ञानतत्त्वार्थश्रद्धानसंयतत्वानामयौगपद्यस्य मोक्षमार्गत्वं विघटयति—

**ण हि आगमेण सिज्झदि सद्दहणं जदि वि णत्थि अत्थेसु ।**
**सद्दहमाणो अत्थे असंजदो वा ण णिव्वादि ॥२३७॥**

**न ह्यागमेन सिद्धयति श्रद्धानं यद्यपि नास्त्यर्थेषु ।**
**श्रद्दधान अर्थानसंयतो वा न निर्वाति ॥ २३७ ॥**

---

ततः स्थितमेतत्—परमागमज्ञानतत्त्वार्थश्रद्धानसंयतत्वत्रयमेव मुक्तिकारणमिति ॥ २३६ ॥ अथागमज्ञान-तत्त्वार्थश्रद्धानसंयतत्वानां यौगपद्याभावे मोक्षो नास्तीति व्यवस्थापयति—**ण हि आगमेण सिज्झदि** आगमजनितपरमात्मज्ञानेन न सिद्धयति, **सद्दहणं जदि वि णत्थि अत्थेसु** श्रद्धानं यदि च नास्ति परमात्मादिपदार्थेषु । **सद्दहमाणो अत्थे** श्रद्दधानो वा चिदानन्दैकस्वभावनिजपरमात्मादिपदार्थान्, **असंजदो वा ण णिव्वादि** विषयकषायाधीनत्वेनासंयतो वा न निर्वाति, निर्वाणं न लभत इति । तथाहि—यथा प्रदीपसहितपुरुषस्य कूपपतनप्रस्तावे कूपपतनान्निवर्तनं मम हितमिति निश्चयरूपं श्रद्धानं यदि नास्ति तदा तस्य प्रदीपः किं करोति, न किमपि । तथा जीवस्यापि परमागमाधारेण सकल-

---

થતો નથી.) અને (–એ રીતે) જેમને સંયમ સિદ્ધ નથી તેમને †સુનિશ્ચિત ઐકાગ્ર્યપરિણત-પણારૂપ શ્રામણ્ય જ—કે જેનું બીજું નામ મોક્ષમાર્ગ છે તે જ—સિદ્ધ થતું નથી.

આથી આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વના યુગપદ્‌પણાને જ મોક્ષમાર્ગપણું હોવાનો નિયમ થાય છે. ૨૩૬.

હવે, આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વના અયુગપદ્‌પણાને મોક્ષમાર્ગપણું ઘટતું નથી એમ સિદ્ધ કરે છે:—

**સિદ્ધિ નહિ આગમ થકી, શ્રદ્ધા ન જો અર્થો તણી;**
**નિર્વાણ નહિ અર્થો તણી શ્રદ્ધાથી, જો સંયમ નહીં. ૨૩૭.**

**અન્વયાર્થ:**—[ आगमेन ] આગમથી, [ यदि अपि ] જો [ अर्थेषु श्रद्धानं नास्ति ] પદાર્થોનું શ્રદ્ધાન ન હોય તો, [ न हि सिद्धयति ] સિદ્ધિ (મુક્તિ) થતી નથી; [ अर्थान् श्रद्दधानः ] પદાર્થોને શ્રદ્ધનારો પણ, [ असंयतः वा ] જો અસંયત હોય તો, [ न निर्वाति ] નિર્વાણ પામતો નથી.

---

† સુનિશ્ચિત = દૃઢ. (દૃઢપણે એકાગ્રતામાં પરિણમવું તે શ્રામણ્ય છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



श्रद्धानशून्येनागमजनितेन ज्ञानेन, तदविनाभाविना श्रद्धानेन च संयमशून्येन, न तावत्सिद्धयति । तथाहि—आगमबलेन सकलपदार्थान् विस्पष्टं तर्कयन्नपि, यदि सकलपदार्थज्ञेयाकारकरम्बितविशदैकज्ञानाकारमात्मानं न तथा प्रत्येति, तदा यथोदितात्मनः श्रद्धानशून्यतया यथोदितमात्मानमननुभवन् कथं नाम ज्ञेयनिमग्नो ज्ञानविमूढो ज्ञानी स्यात् । अज्ञानिनश्च ज्ञेयद्योतको भवन्नप्यागमः किं कुर्यात् । ततः श्रद्धानशून्यादागमान्नास्ति सिद्धिः । किञ्च, सकलपदार्थज्ञेयाकारकरम्बितविशदैकज्ञानाकारमात्मानं श्रद्दधानोऽप्यनुभवन्नपि, यदि स्वस्मिन्नेव संयम्य न वर्तयति, तदानादिमोहरागद्वेषवासनोपजनितपरद्रव्यचङ्क्रमणस्वैरिण्याश्चिद्वृत्तेः स्वस्मिन्नेव स्थानान्निर्वासननिःकम्पैकतत्त्वमूर्च्छितचिद्वृत्त्यभावात्कथं नाम संयतः

---

पदार्थज्ञेयाकारकरम्बितविशदैकज्ञानरूपं स्वात्मानं जानतोऽपि ममात्मैवोपादेय इति निश्चयरूपं यदि श्रद्धानं नास्ति तदा तस्य प्रदीपस्थानीय आगमः किं करोति, न किमपि । यथा वा स एव प्रदीपसहितपुरुषः स्वकीयपौरुषबलेन कूपपतनाद्यदि न निवर्तते तदा तस्य श्रद्धानं प्रदीपो दृष्टिर्वा किं करोति, न किमपि ।

---

ટીકાઃ—આગમજનિત જ્ઞાનથી, જો તે શ્રદ્ધાનશૂન્ય હોય તો, સિદ્ધિ થતી નથી; તથા તેના વિના (-આગમજ્ઞાન વિના) જે હોતું નથી એવા શ્રદ્ધાનથી પણ, જો તે (શ્રદ્ધાન) સંયમશૂન્ય હોય તો, સિદ્ધિ થતી નથી. તે આ પ્રમાણેઃ

આગમબળે સકળ પદાર્થોની વિસ્પષ્ટ *તર્કણા કરતો હોવા છતાં પણ, જો જીવ સકળ પદાર્થોના જ્ઞેયાકારો સાથે †મિલિત થતું વિશદ એક જ્ઞાન જેનો આકાર છે એવા આત્માને તે પ્રકારે પ્રતીત કરતો નથી, તો યથોક્ત આત્માના શ્રદ્ધાનથી શૂન્ય હોવાને લીધે જે યથોક્ત આત્માને અનુભવતો નથી એવો તે જ્ઞેયનિમગ્ન જ્ઞાનવિમૂઢ જીવ કઈ રીતે જ્ઞાની હોય? (ન જ હોય, અજ્ઞાની જ હોય.) અને અજ્ઞાનીને, જ્ઞેયદ્યોતક હોવા છતાં પણ, આગમ શું કરે? (-આગમ જ્ઞેયોનું પ્રકાશક હોવા છતાં પણ અજ્ઞાનીને તે શું કરે?) માટે શ્રદ્ધાનશૂન્ય આગમથી સિદ્ધિ થતી નથી.

વળી, સકળ પદાર્થોના જ્ઞેયાકારો સાથે મિલિત થતું વિશદ એક જ્ઞાન જેનો આકાર છે એવા આત્માને શ્રદ્ધતો હોવા છતાં પણ, અનુભવતો હોવા છતાં પણ, જો જીવ પોતામાં જ સંયમિત (-અંકુશિત) થઈને રહેતો નથી, તો અનાદિ મોહરાગદ્વેષની વાસનાથી જનિત જે પરદ્રવ્યમાં ભ્રમણ તેને લીધે જે સ્વૈરિણી (-વ્યભિચારિણી, સ્વચ્છંદી) છે એવી ચિદ્વૃત્તિ (-ચૈતન્યની પરિણતિ) પોતામાં જ રહેલી હોવાથી, વાસનારહિત નિષ્કંપ એક તત્ત્વમાં લીન ચિદ્વૃત્તિનો અભાવ હોવાથી, તે કઈ રીતે સંયત હોય? (ન જ હોય, અસંયત જ હોય.)

---

* તર્કણા = વિચારણા; યુક્તિ વગેરેના આશ્રયવાળું જ્ઞાન.

† મિલિત થતું = મિશ્રિત થતું; સંબંધ પામતું અર્થાત્ તેમને જાણતું. [સમસ્ત પદાર્થોના જ્ઞેયાકારો જેમાં પ્રતિબિંબિત થાય છે અર્થાત્ તેમને જે જાણે છે એવું સ્પષ્ટ એક જ્ઞાન જ આત્માનું રૂપ છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्यात् । असंयतस्य च यथोदितात्मतत्त्वप्रतीतिरूपं श्रद्धानं यथोदितात्मतत्त्वानुभूतिरूपं ज्ञानं वा किं कुर्यात् । ततः संयमशून्यात् श्रद्धानात् ज्ञानाद्वा नास्ति सिद्धिः । अत आगमज्ञान-तत्त्वार्थश्रद्धानसंयतत्वानामयौगपद्यस्य मोक्षमार्गत्वं विघटेतैव ॥ २३७ ॥

अथागमज्ञानतत्त्वार्थश्रद्धानसंयतत्वानां यौगपद्येऽप्यात्मज्ञानस्य मोक्षमार्गसाधकतमत्वं द्योतयति—

**जं अण्णाणी कम्मं खवेदि भवसयसहस्सकोडीहिं ।**
**तं णाणी तिहिं गुत्तो खवेदि उस्सासमेत्तेण ॥२३८॥**

**यदज्ञानी कर्म क्षपयति भवशतसहस्रकोटिभिः ।**
**तज्ज्ञानी त्रिभिर्गुप्तः क्षपयत्युच्छ्वासमात्रेण ॥ २३८ ॥**

---

तथायं जीवः श्रद्धानज्ञानसहितोऽपि पौरुषस्थानीयचारित्रबलेन रागादिविकल्परूपादसंयमाद्यदि न निवर्तते तदा तस्य श्रद्धानं ज्ञानं वा किं कुर्यात्, न किमपीति । अतः एतदायाति—परमागमज्ञानतत्त्वार्थश्रद्धान-संयतत्वानां मध्ये द्वयेनैकेन वा निर्वाणं नास्ति, किंतु त्रयेणेति ॥ २३७ ॥ एवं भेदाभेदरत्नत्रयात्मक-मोक्षमार्गस्थापनमुख्यत्वेन द्वितीयस्थले गाथाचतुष्टयं गतम् । किंच बहिरात्मावस्थान्तरात्मावस्थापरमात्मा-वस्थामोक्षावस्थात्रयं तिष्ठति । अवस्थात्रयेऽनुगताकारं द्रव्यं तिष्ठति । एवं परस्परसापेक्षद्रव्यपर्यायात्मको जीवपदार्थः । तत्र मोक्षकारणं चिन्त्यते । मिथ्यात्वरागादिरूपा बहिरात्मावस्था तावदशुद्धा, मुक्तिकारणं

---

અને અસંયતને, યથોક્ત આત્મતત્ત્વની પ્રતીતિરૂપ શ્રદ્ધાન કે યથોક્ત આત્મતત્ત્વની અનુભૂતિ-રૂપ જ્ઞાન શું કરે? માટે સંયમશૂન્ય શ્રદ્ધાનથી કે જ્ઞાનથી સિદ્ધિ થતી નથી.

આથી આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વના અયુગપદ્‌પણાને મોક્ષમાર્ગપણું ઘટતું નથી જ. ૨૩૭.

હવે, આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વનું યુગપદ્‌પણું હોવા છતાં પણ, આત્મજ્ઞાન મોક્ષમાર્ગનું સાધકતમ (ઉત્કૃષ્ટ સાધક) છે એમ સમજાવે છે:—

**અજ્ઞાની જે કર્મો ખપાવે લક્ષ કોટિ ભવો વડે,**
**તે કર્મ જ્ઞાની ત્રિગુપ્ત બસ ઉચ્છ્‌વાસમાત્રથી ક્ષય કરે. ૨૩૮.**

અન્વયાર્થઃ—[ यत् कर्म ] જે કર્મ [ अज्ञानी ] અજ્ઞાની [ भवशतसहस्रकोटिभिः ] લક્ષ કોટિ ભવો વડે [ क्षपयति ] ખપાવે છે, [ तत् ] તે કર્મ [ ज्ञानी ] જ્ઞાની [ त्रिभिः गुप्तः ] ત્રણ પ્રકારે (મન-વચન-કાયાથી) ગુપ્ત હોવાને લીધે [ उच्छ्वासमात्रेण ] ઉચ્છ્‌વાસમાત્રથી [ क्षपयति ] ખપાવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यदज्ञानी कर्म क्रमपरिपाट्या बालतपोवैचित्र्योपक्रमेण च पच्यमानमुपात्तरागद्वेषतया सुखदुःखादिविकारभावपरिणतः पुनरारोपितसन्तानं भवशतसहस्रकोटीभिः कथञ्चन निस्तरति, तदेव ज्ञानी स्यात्कारकेतनागमज्ञानतत्त्वार्थश्रद्धानसंयतत्वयौगपद्यातिशयप्रसादासादितशुद्धज्ञानमयात्मतत्त्वानुभूतिलक्षणज्ञानित्वसद्भावात्कायवाङ्मनःकर्मोपरमप्रवृत्तत्रिगुप्तत्वात् प्रचण्डोपक्रम-

---

न भवति । मोक्षावस्था शुद्धा फलभूता, सा चाग्रे तिष्ठति । एताभ्यां द्वाभ्यां भिन्ना यान्तरात्मावस्था सा मिथ्यात्वरागादिरहितत्वेन शुद्धा । यथा सूक्ष्मनिगोतज्ञाने शेषावरणे सत्यपि क्षयोपशमज्ञानावरणं नास्ति तथात्रापि केवलज्ञानावरणे सत्यप्येकदेशक्षयोपशमज्ञानापेक्षया नास्त्यावरणम् । यावतांशेन निरावरणा रागादिरहितत्वेन शुद्धा च तावतांशेन मोक्षकारणं भवति । तत्र शुद्धपारिणामिकभावरूपं परमात्मद्रव्यं ध्येयं भवति, तच्च तस्मादन्तरात्मध्यानावस्थाविशेषात्कथंचिद्भिन्नम् । यदैकान्तेनाभिन्नं भवति तदा मोक्षेऽपि ध्यानं प्राप्नोति, अथवास्य ध्यानपर्यायस्य विनाशे सति तस्य पारिणामिकभावस्यापि विनाशः प्राप्नोति । एवं बहिरात्मान्तरात्मपरमात्मकथनरूपेण मोक्षमार्गो ज्ञातव्यः । अथ परमागमज्ञानतत्त्वार्थश्रद्धानसंयतत्वानां भेदरत्नत्रयरूपाणां मेलापकेऽपि, यदभेदरत्नत्रयात्मकं निर्विकल्पसमाधिलक्षणमात्मज्ञानं, निश्चयेन तदेव मुक्तिकारणमिति प्रतिपादयति—**जं अण्णाणी कम्मं खवेदि** निर्विकल्पसमाधिरूपनिश्चयरत्नत्रयात्मकविशिष्टभेदज्ञानाभावादज्ञानी जीवो यत्कर्म क्षपयति । काभिः करणभूताभिः । **भवसयसहस्सकोडीहिं** भवशतसहस्रकोटिभिः । **तं णाणी तिहिं गुत्तो** तत्कर्म ज्ञानी जीवस्त्रिगुप्तिगुप्तः सन् **खवेदि उस्सासमेत्तेण** क्षपयत्युच्छ्वासमात्रेणेति । तद्यथा—बहिर्विषये परमागमाभ्यासबलेन यत्सम्यक्परिज्ञानं तथैव श्रद्धानं व्रताद्यनुष्ठानं चेति त्रयं, तत्त्रयाधारेणोत्पन्नं सिद्धजीवविषये सम्यक्परिज्ञानं श्रद्धानं तद्गुणस्मरणानुकूलमनुष्ठानं चेति त्रयं, तत्त्रयाधारेणोत्पन्नं विशदाखण्डैकज्ञानाकारे स्वशुद्धात्मनि परिच्छित्तिरूपं सविकल्पज्ञानं स्वशुद्धात्मोपादेयभूतरुचिविकल्परूपं सम्यग्दर्शनं तत्रैवात्मनि रागादिविकल्पनिवृत्तिरूपं सविकल्पचारित्रमिति त्रयम् । तत्त्रयप्रसादेनोत्पन्नं यन्निर्विकल्पसमाधिरूपं निश्चयरत्नत्रयलक्षणं विशिष्टस्वसंवेदनज्ञानं तदभावादज्ञानी जीवो बहुभवकोटिभिर्यत्कर्म क्षपयति, तत्कर्म ज्ञानी जीवः पूर्वोक्त-

---

**ટીકાઃ—**જે કર્મ, (અજ્ઞાનીને) ક્રમપરિપાટીથી તથા અનેક પ્રકારના બાળતપરૂપ ઉદ્યમથી પાકતું થકું, રાગદ્વેષ ગ્રહણ કર્યા હોવાને લીધે સુખદુઃખાદિ વિકારભાવે પરિણમતો હોવાથી ફરીને સંતાન આરોપતું જાય એવી રીતે, લક્ષ કોટિ ભવો વડે, ગમે તેમ કરીને (-મહા મુશ્કેલીથી), અજ્ઞાની ઓળંગી જાય છે, તે જ કર્મ, (જ્ઞાનીને) સ્યાત્કારકેતન આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન ને સંયતત્વના યુગપદ્‌પણાના અતિશય પ્રસાદથી પ્રાપ્ત કરેલી શુદ્ધજ્ઞાનમય આત્મતત્ત્વની અનુભૂતિ જેનું લક્ષણ છે એવા જ્ઞાનીપણાના સદ્‌ભાવને લીધે કાય-વચન-મનનાં કર્મોના *ઉપરમ વડે ત્રિગુપ્તપણું પ્રવર્તતું હોવાથી પ્રચંડ ઉદ્યમ વડે પાકતું

---

* ઉપરમ = વિરામ; અટકી જવું તે. [જ્ઞાનીને જ્ઞાનીપણાને લીધે કાય-વચન-મન સંબંધી કાર્યો અટકી જવાથી ત્રિગુપ્તપણું પ્રવર્તે છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पच्यमानमपहस्तितरागद्वेषतया दूरनिरस्तसमस्तसुखदुःखादिविकारः पुनरनारोपितसन्तानमुच्छ्वासमात्रेणैव लीलयैव पातयति । अत आगमज्ञानतत्त्वार्थश्रद्धानसंयतत्वयौगपद्येऽप्यात्मज्ञानमेव मोक्षमार्गसाधकतममनुमन्तव्यम् ॥ २३८ ॥

अथात्मज्ञानशून्यस्य सर्वागमज्ञानतत्त्वार्थश्रद्धानसंयतत्वानां यौगपद्यमप्यकिञ्चित्करमित्यनुशास्ति—

**परमाणुपमाणं वा मुच्छा देहादिएसु जस्स पुणो ।**
**विज्जदि जदि सो सिद्धिं ण लहदि सव्वागमधरो वि ॥२३९॥**

---

ज्ञानगुणसद्भावात् त्रिगुप्तिगुप्तः सन्नुच्छ्वासमात्रेण लीलयैव क्षपयतीति । ततो ज्ञायते परमागमज्ञानतत्त्वार्थश्रद्धानसंयतत्वानां भेदरत्नत्रयरूपाणां सद्भावेऽप्यभेदरत्नत्रयरूपस्य स्वसंवेदनज्ञानस्यैव प्रधानत्वमिति ॥ २३८ ॥

---

થકું, રાગદ્વેષ છોડયા હોવાને લીધે સમસ્ત સુખદુઃખાદિ વિકારો અત્યંત નિરસ્ત થયા હોવાથી ફરીને સંતાન ન આરોપતું જાય એવી રીતે, ઉચ્છ્વાસમાત્ર વડે જ, લીલાથી જ, જ્ઞાની નષ્ટ કરે છે.

આથી, આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન ને સંયતત્વનું યુગપદપણું હોવા છતાં પણ આત્મજ્ઞાન જ મોક્ષમાર્ગનું સાધકતમ સંમત કરવું.

ભાવાર્થ:—અજ્ઞાનીને ક્રમાનુસાર તથા બાળતપરૂપ ઉદ્યમથી કર્મ પાકે છે અને જ્ઞાનીને તો *જ્ઞાનીપણાને લીધે વર્તતા ત્રિગુપ્તપણારૂપ પ્રચંડ ઉદ્યમથી કર્મ પાકે છે; તેથી જે કર્મ અજ્ઞાની અનેક †શત-સહસ્ર-કોટિ ભવો વડે, મહા કષ્ટથી, ઓળંગી જાય છે, તે જ કર્મ જ્ઞાની ઉચ્છ્વાસમાત્ર વડે જ, રમતમાત્રથી જ, નષ્ટ કરે છે. વળી અજ્ઞાનીને તે કર્મ, સુખદુઃખાદિવિકારરૂપ પરિણમનને લીધે, ફરીને નૂતન કર્મરૂપ સંતતિ મૂકતું જાય છે અને જ્ઞાનીને તો સુખદુઃખાદિવિકારરૂપ પરિણમન નહિ હોવાથી તે કર્મ ફરીને નૂતન કર્મરૂપ સંતતિ મૂકતું જતું નથી.

માટે આત્મજ્ઞાન જ મોક્ષમાર્ગનું સાધકતમ છે. ૨૩૮.

હવે, આત્મજ્ઞાનશૂન્યને સર્વ આગમજ્ઞાન, તત્વાર્થશ્રદ્ધાન તથા સંયતત્વનું યુગપદપણું પણ અકિંચિત્કર છે (–કાંઈ કરતું નથી) એમ ઉપદેશે છે:—

**અણુમાત્ર પણ મૂર્છા તણો સદ્ભાવ જો દેહાદિકે,**
**તો સર્વઆગમધર ભલે પણ નવ લહે સિદ્ધત્વને. ૨૩૯.**

---

* આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વના યુગપદપણાના અતિશય પ્રસાદથી પ્રાપ્ત થયેલી શુદ્ધજ્ઞાનમય આત્મતત્ત્વની અનુભૂતિ તે જ્ઞાનીપણાનું લક્ષણ છે.

† શત-સહસ્ર-કોટિ = ૧૦૦ × ૧૦૦૦ × ૧૦૦૦૦૦૦૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



परमाणुप्रमाणं वा मूर्च्छा देहादिकेषु यस्य पुनः ।
विद्यते यदि स सिद्धिं न लभते सर्वागमधरोऽपि ॥ २३९ ॥

यदि करतलामलकीकृतसकलागमसारतया भूतभवद्भावि च स्वोचितपर्यायविशिष्टमशेषद्रव्यजातं जानन्तमात्मानं जानन् श्रद्दधानः संयमयंश्चागमज्ञानतत्त्वार्थश्रद्धानसंयतत्वानां यौगपद्येऽपि मनाङ्मोहमलोपलिप्तत्वात् यदा शरीरादिमूर्च्छोपरक्ततया निरुपरागोपयोगपरिणतं कृत्वा ज्ञानात्मानमात्मानं नानुभवति तदा तावन्मात्रमोहमलकलङ्ककीलिकाकीलितैः कर्मभिरविमुच्यमानो न सिद्ध्यति । अत आत्मज्ञानशून्यमागमज्ञानतत्त्वार्थश्रद्धानसंयतत्वयौगपद्यमप्यकिञ्चित्करमेव ॥ २३९ ॥

---

अथ पूर्वसूत्रोक्तात्मज्ञानरहितस्य सर्वागमज्ञानतत्त्वार्थश्रद्धानसंयतत्वानां यौगपद्यमप्यकिंचित्करमित्युपदिशति— **परमाणुपमाणं वा मुच्छा देहादिएसु जस्स पुणो विज्जदि जदि** परमाणुमात्रं वा मूर्च्छा देहादिकेषु विषयेषु यस्य पुरुषस्य पुनर्विद्यते यदि चेत्, **सो सिद्धिं ण लहदि** स सिद्धिं मुक्तिं न लभते । कथंभूतः । **सव्वागमधरो वि** सर्वागमधरोऽपीति । अयमत्रार्थः—सर्वागमज्ञानतत्त्वार्थश्रद्धानसंयतत्वानां यौगपद्ये सति यस्य देहादिविषये स्तोकमपि ममत्वं विद्यते तस्य पूर्वसूत्रोक्तं निर्विकल्पसमाधिलक्षणं निश्चयरत्नत्रयात्मकं स्वसंवेदनज्ञानं नास्तीति ॥ २३९ ॥ अथ द्रव्यभावसंयमस्वरूपं कथयति—

---

**અન્વયાર્થઃ**—[ पुनः ] અને [ यदि यस्य ] જો [ देहादिकेषु ] દેહાદિક પ્રત્યે [ परमाणुप्रमाणं वा ] પરમાણુ જેટલી પણ [ मूर्च्छा ] મૂર્છા [ विद्यते ] વર્તતી હોય, તો [ सः ] તે [ सर्वागमधरः अपि ] ભલે સર્વઆગમધર હોય તોપણ [ सिद्धिं न लभते ] સિદ્ધિ પામતો નથી.

**ટીકાઃ**—સકળ આગમના સારને હથેળીમાં રહેલા આમળા સમાન કર્યો હોવાથી (-હસ્તામલકવત્ સ્પષ્ટ જાણતો હોવાથી ) જે પુરુષ, ભૂત-વર્તમાન-ભાવી [1]સ્વોચિત પર્યાયો સહિત અશેષ દ્રવ્યસમૂહને જાણનારા આત્માને જાણે છે, શ્રદ્ધે છે અને સંયમિત રાખે છે, તે પુરુષને આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વનું યુગપદપણું હોવા છતાં પણ, જો તે પુરુષ જરાક મોહમળ વડે લિપ્ત હોવાને લીધે શરીરાદિ પ્રત્યેની મૂર્છા વડે [2]ઉપરક્ત રહેવાથી, [3]નિરુપરાગ ઉપયોગમાં પરિણત કરીને જ્ઞાનાત્મક આત્માને અનુભવતો નથી, તો તે પુરુષ માત્ર તેટલા ( જરાક ) મોહમળકલંકરૂપ જે ખીલી તેની સાથે બંધાયેલાં કર્મોથી નહિ છૂટતો થકો સિદ્ધ થતો નથી.

આથી આત્મજ્ઞાનશૂન્ય આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વનું યુગપદપણું પણ અકિંચિત્કર જ છે. ૨૩૯.

---

૧. સ્વોચિત = પોતાને ઉચિત; પોતપોતાને યોગ્ય. [ આત્માનો સ્વભાવ ત્રણે કાળના સ્વોચિત પર્યાયો સહિત સમસ્ત દ્રવ્યોને જાણવાનો છે. ]

૨. ઉપરક્ત = મલિન; વિકારી.

૩. નિરુપરાગ = ઉપરાગ વિનાનો; નિર્મળ; નિર્વિકારી; શુદ્ધ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथागमज्ञानतत्त्वार्थश्रद्धानसंयतत्वयौगपद्यात्मज्ञानयौगपद्यं साधयति—

पंचसमिदो तिगुत्तो पंचेंदियसंवुडो जिदकसाओ ।
दंसणणाणसमग्गो समणो सो संजदो भणिदो ॥२४०॥

पञ्चसमितस्त्रिगुप्तः पञ्चेन्द्रियसंवृतो जितकषायः ।
दर्शनज्ञानसमग्रः श्रमणः स संयतो भणितः ॥ २४० ॥

यः खल्वनेकान्तकेतनागमज्ञानबलेन सकलपदार्थज्ञेयाकारकरम्बितविशदैकज्ञानाकारमात्मानं श्रद्दधानोऽनुभवंश्चात्मन्येव नित्यनिश्चलां वृत्तिमिच्छन् समितिपञ्चकाङ्कुशितप्रवृत्ति-

---

चागो य अणारंभो विसयविरागो खओ कसायाणं ।
सो संजमो त्ति भणिदो पव्वज्जाए विसेसेण ॥*३५॥

**चागो य** निजशुद्धात्मपरिग्रहं कृत्वा बाह्याभ्यन्तरपरिग्रहनिवृत्तिस्त्यागः । **अणारंभो** निःक्रियनिजशुद्धात्मद्रव्ये स्थित्वा मनोवचनकायव्यापारनिवृत्तिरनारम्भः । **विसयविरागो** निर्विषयस्वात्मभावनोत्थसुखे तृप्तिं कृत्वा पञ्चेन्द्रियसुखाभिलाषत्यागो विषयविरागः । **खओ कसायाणं** निःकषायशुद्धात्मभावनाबलेन क्रोधादिकषायत्यागः कषायक्षयः । **सो संजमो त्ति भणिदो** स एवंगुणविशिष्टः संयम इति भणितः । **पव्वज्जाए विसेसेण** सामान्येनापि तावदिदं संयमलक्षणं, प्रव्रज्यायां तपश्चरणावस्थायां विशेषेणेति । अत्राभ्यन्तरशुद्धात्मसंवित्तिर्भावसंयमो, बहिरङ्गनिवृत्तिश्च द्रव्यसंयम इति ॥ *३५ ॥ अथागमज्ञान-

---

હવે આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વના યુગપદપણાનું અને આત્મજ્ઞાનનું યુગપદપણું સાધે છે (અર્થાત્ આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન અને સંયતત્વ—એ ત્રિકની સાથે આત્મજ્ઞાનનું યુગપદપણું સાધે છે):—

જે પંચસમિત, ત્રિગુપ્ત, ઇંદ્રિનિરોધી, વિજયી કષાયનો,
પરિપૂર્ણ દર્શનજ્ઞાનથી, તે શ્રમણને સંયત કહ્યો. ૨૪૦.

**અન્વયાર્થઃ**—[ **पञ्चसमितः** ] પાંચ સમિતિયુક્ત, [ **पञ्चेन्द्रियसंवृतः** ] પાંચ ઇંદ્રિયોના સંવરવાળો, [ **त्रिगुप्तः** ] ત્રણ ગુપ્તિ સહિત, [ **जितकषायः** ] જિતકષાય અને [ **दर्शनज्ञानसमग्रः** ] દર્શનજ્ઞાનથી પરિપૂર્ણ—[ **श्रमणः** ] એવો જે શ્રમણ [ **सः** ] તેને [ **संयतः** ] સંયત [ **भणितः** ] કહ્યો છે.

**ટીકાઃ**—જે પુરુષ અનેકાંતકેતન આગમજ્ઞાનના બળથી, સકળ પદાર્થોના જ્ઞેયાકારો સાથે મિલિત થતું વિશદ એક જ્ઞાન જેનો આકાર છે એવા આત્માને શ્રદ્ધતો અને અનુભવતો થકો, આત્મામાં જ નિત્યનિશ્ચળ વૃત્તિને ઇચ્છતો થકો, સંયમના સાધનરૂપ બનાવેલા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**प्रवर्तितसंयमसाधनीकृतशरीरपात्रः क्रमेण निश्चलनिरुद्धपञ्चेन्द्रियद्वारतया समुपरतकायवाङ्मनोव्यापारो भूत्वा चिद्वृत्तेः परद्रव्यचङ्क्रमणनिमित्तमत्यन्तमात्मना सममन्योन्यसंवलनादेकीभूतमपि स्वभावभेदात्परत्वेन निश्चित्यात्मनैव कुशलो मल्ल इव सुनिर्भरं निष्पीडय निष्पीडय कषायचक्रमक्रमेण जीवं त्याजयति, स खलु सकलपरद्रव्यशून्योऽपि विशुद्धदृशिज्ञप्तिमात्रस्वभावभूतावस्थापितात्मतत्त्वोपजातनित्यनिश्चलवृत्तितया साक्षात्संयत एव स्यात् । तस्यैव चागमज्ञानतत्त्वार्थश्रद्धानसंयतत्वयौगपद्यात्मज्ञानयौगपद्यं सिद्ध्यति ॥ २४० ॥**

---

तत्त्वार्थश्रद्धानसंयतत्वानां त्रयाणां यत्सविकल्पं यौगपद्यं तथा निर्विकल्पात्मज्ञानं चेति द्वयोः संभवं दर्शयति— **पंचसमिदो** व्यवहारेण पञ्चसमितिभिः समितः संवृतः पञ्चसमितः, निश्चयेन तु स्वस्वरूपे सम्यगितो गतः परिणतः समितः । **तिगुत्तो** व्यवहारेण मनोवचनकायनिरोधत्रयेण गुप्तः त्रिगुप्तः, निश्चयेन स्वस्वरूपे गुप्तः परिणतः । **पंचेंदियसंवुडो** व्यवहारेण पञ्चेन्द्रियविषयव्यावृत्त्या संवृतः पञ्चेन्द्रियसंवृतः, निश्चयेन वातीन्द्रियसुखस्वादरतः । **जिदकसाओ** व्यवहारेण क्रोधादिकषायजयेन जितकषायः, निश्चयेन चाकषायात्मभावनारतः । **दंसणणाणसमग्गो** अत्र दर्शनशब्देन निजशुद्धात्मश्रद्धानरूपं सम्यग्दर्शनं ग्राह्यम्, ज्ञानशब्देन तु स्वसंवेदनज्ञानमिति; ताभ्यां समग्रो दर्शनज्ञानसमग्रः । **समणो सो संजदो भणिदो** स एवंगुणविशिष्टः श्रमण संयत इति भणितः । अत एतदायातं–व्यवहारेण यद्बहिर्विषये व्याख्यानं कृतं तेन सविकल्पं सम्यग्दर्शनज्ञानचारित्रत्रययौगपद्यं ग्राह्यम्; अभ्यन्तरव्याख्यानेन तु निर्विकल्पात्मज्ञानं ग्राह्यमिति सविकल्पयौगपद्यं निर्विकल्पात्मज्ञानं च घटत इति ॥ २४० ॥ अथागमज्ञानतत्त्वार्थश्रद्धानसंयतत्वलक्षणेन विकल्पत्रययौगपद्येन तथा निर्विकल्पात्मज्ञानेन च युक्तो योऽसौ संयतस्तस्य किं लक्षणमित्युपदिशति ।

---

**શરીરપાત્રને પાંચ સમિતિથી અંકુશિત પ્રવૃત્તિ વડે પ્રવર્તાવતો, ક્રમશઃ પાંચ ઇંદ્રિયોના નિશ્ચળ નિરોધ દ્વારા જેને કાય-વચન-મનનો વ્યાપાર વિરામ પામ્યો છે એવો થઈને, ચિદ્વૃત્તિને પરદ્રવ્યમાં ભ્રમણનું નિમિત્ત જે કષાયસમૂહ તે (કષાયસમૂહ) આત્માની સાથે અન્યોન્ય મિલનને લીધે અત્યંત એકરૂપ થઈ ગયો હોવા છતાં પણ સ્વભાવભેદને લીધે તેને પરપણે નક્કી કરીને આત્માથી જ તેને કુશળ મલ્લની માફક અત્યંત [1]મર્દન કરી કરીને અક્રમે મારી નાખે છે, તે પુરુષ ખરેખર, સકળ પરદ્રવ્યથી શૂન્ય હોવા છતાં [2]વિશુદ્ધદર્શનજ્ઞાનમાત્ર સ્વભાવરૂપે રહેલા આત્મતત્ત્વમાં (-સ્વદ્રવ્યમાં) નિત્યનિશ્ચળ પરિણતિ ઊપજી હોવાથી, સાક્ષાત્ સંયત જ છે. અને તેને જ આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વના યુગપદ્પણાનું અને આત્મજ્ઞાનનું યુગપદ્પણું સિદ્ધ થાય છે. ૨૪૦.**

---

૧. મર્દન કરી કરીને = દમી દમીને; કચરી કચરીને; દબાવી દબાવીને.

૨. આત્મતત્ત્વનો સ્વભાવ વિશુદ્ધદર્શનજ્ઞાનમાત્ર છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथास्य सिद्धागमज्ञानतत्त्वार्थश्रद्धानसंयतत्वयौगपद्यात्मज्ञानयौगपद्यसंयतस्य कीदृग्लक्षणमित्यनुशास्ति—

समसत्तुबंधुवग्गो समसुहदुक्खो पसंसणिंदसमो ।
समलोट्ठुकंचणो पुण जीविदमरणे समो समणो ॥२४१॥
समशत्रुबन्धुवर्गः समसुखदुःखः प्रशंसानिन्दासमः ।
समलोष्टकाञ्चनः पुनर्जीवितमरणे समः श्रमणः ॥ २४१ ॥

संयमः सम्यग्दर्शनज्ञानपुरःसरं चारित्रं, चारित्रं धर्मः, धर्मः साम्यं, साम्यं मोहक्षोभविहीनः आत्मपरिणामः । ततः संयतस्य साम्यं लक्षणम् । तत्र शत्रुबन्धुवर्गयोः सुखदुःखयोः प्रशंसानिन्दयोः लोष्टकाञ्चनयोर्जीवितमरणयोश्च समम् अयं मम परोऽयं स्वः, अयमाह्लादोऽयं परितापः, इदं ममोत्कर्षणमिदमपकर्षणमयं ममाकिञ्चित्कर इदमुपकारकमिदं ममात्मधारण-

---

इत्युपदिशति कोऽर्थः इति पृष्टे प्रत्युत्तरं ददाति । एवं प्रश्नोत्तरपातनिकाप्रस्तावे क्वापि क्वापि यथासंभवमितिशब्दस्यार्थो ज्ञातव्यः—स श्रमणः संयतस्तपोधनो भवति । यः किंविशिष्टः । शत्रुबन्धुसुखदुःखनिन्दाप्रशंसालोष्टकाञ्चनजीवितमरणेषु समः समचित्तः इति । ततः एतदायाति—शत्रुबन्धुसुखदुःखनिन्दाप्रशंसालोष्टकाञ्चनजीवितमरणसमताभावनापरिणतनिजशुद्धात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपनिर्विकल्प-

---

હવે આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વના યુગપદ્‌પણાનું અને આત્મજ્ઞાનનું યુગપદ્‌પણું જેને સિદ્ધ થયું છે એવા આ સંયતનું કયું લક્ષણ છે તે ઉપદેશે છેઃ—

નિંદા-પ્રશંસા, દુઃખ-સુખ, અરિ-બંધુમાં જ્યાં સામ્ય છે,
વળી લોષ્ટ-કનકે, જીવિત-મરણે સામ્ય છે, તે શ્રમણ છે. ૨૪૧.

અન્વયાર્થઃ—[ समशत्रुबन्धुवर्गः ] શત્રુ અને બંધુવર્ગ જેને સમાન છે, [ समसुखदुःखः ] સુખ અને દુઃખ જેને સમાન છે, [ प्रशंसानिन्दासमः ] પ્રશંસા અને નિંદા પ્રત્યે જેને સમતા છે, [ समलोष्टकाञ्चनः ] લોષ્ટ ( માટીનું ઢેફું ) અને કાંચન જેને સમાન છે [ पुनः ] તેમ જ [ जीवितमरणे समः ] જીવિત અને મરણ પ્રત્યે જેને સમતા છે, [ श्रमणः ] તે શ્રમણ છે.

ટીકાઃ—સંયમ સમ્યગ્દર્શનજ્ઞાનપૂર્વક ચારિત્ર છે; ચારિત્ર ધર્મ છે; ધર્મ સામ્ય છે; સામ્ય મોહક્ષોભરહિત આત્મપરિણામ છે. તેથી સંયતનું, સામ્ય લક્ષણ છે.

ત્યાં, (૧) શત્રુ-બન્ધુવર્ગમાં, (૨) સુખ-દુઃખમાં, (૩) પ્રશંસા-નિંદામાં, (૪) લોષ્ટ-કાંચનમાં અને (૫) જીવિત-મરણમાં એકીસાથે, (૧) 'આ મારો પર (-દુશ્મન) છે, આ સ્વ (-સ્વજન) છે', (૨) 'આ આહ્લાદ છે, આ પરિતાપ છે', (૩) 'આ મારું ઉત્કર્ષણ (-કીર્તિ) છે, આ અપકર્ષણ (-અપકીર્તિ) છે', (૪) 'આ મને અકિંચિત્કર છે, આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

मयमत्यन्तविनाश इति मोहाभावात् सर्वत्राप्यनुदितरागद्वेषद्वैतस्य, सततमपि विशुद्धदृष्टिज्ञप्तिस्वभावमात्मानमनुभवतः, शत्रुबन्धुसुखदुःखप्रशंसानिन्दालोष्टकाञ्चनजीवितमरणानि निर्विशेषमेव ज्ञेयत्वेनाक्रम्य ज्ञानात्मन्यात्मन्यचलितवृत्तेर्यत्किल सर्वतः साम्यं तत्सिद्धागमज्ञानतत्त्वार्थश्रद्धानसंयतत्वयौगपद्यात्मज्ञानयौगपद्यस्य संयतस्य लक्षणमालक्षणीयम् ॥ २४१ ॥

अथेदमेव सिद्धागमज्ञानतत्त्वार्थश्रद्धानसंयतत्वयौगपद्यात्मज्ञानयौगपद्यसंयतत्वमैकाग्र्यलक्षणश्रामण्यापरनाम मोक्षमार्गत्वेन समर्थयति—

**दंसणणाणचरित्तेसु तीसु जुगवं समुट्ठिदो जो दु ।**
**एयग्गगदो त्ति मदो सामण्णं तस्स पडिपुण्णं ॥२४२॥**

**दर्शनज्ञानचरित्रेषु त्रिषु युगपत्समुत्थितो यस्तु ।**
**ऐकाग्र्यगत इति मतः श्रामण्यं तस्य परिपूर्णम् ॥२४२॥**

---

समाधिसमुत्पन्ननिर्विकारपरमाह्लादैकलक्षणसुखामृतपरिणतिस्वरूपं यत्परमसाम्यं तदेव परमागमज्ञानतत्त्वार्थश्रद्धानसंयतत्वानां यौगपद्येन तथा निर्विकल्पात्मज्ञानेन च परिणततपोधनस्य लक्षणं ज्ञातव्यमिति ॥ २४१ ॥ अथ यदेव संयततपोधनस्य साम्यलक्षणं भणितं तदेव श्रामण्यापरनामा मोक्षमार्गो भण्यत इति प्ररूपयति—

---

ઉપકારક (–ઉપયોગી) છે', (૫) 'આ મારું ટકવું છે, આ અત્યંત વિનાશ છે' એમ મોહના અભાવને લીધે સર્વત્ર રાગદ્વેષનું દ્વૈત જેને પ્રગટ થતું નથી, સતત વિશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવી આત્માને જે અનુભવે છે, (એ રીતે) શત્રુ-બંધુ, સુખ-દુઃખ, પ્રશંસા-નિંદા, લોષ્ટ-કાંચન અને જીવિત-મરણને નિર્વિશેષપણે જ (તફાવત વિના જ) જ્ઞેયપણે જાણીને જ્ઞાનાત્મક આત્મામાં જેની પરિણતિ અચલિત થઈ છે, તે પુરુષને જે ખરેખર સર્વતઃ સામ્ય છે તે (સામ્ય) સંયતનું લક્ષણ જાણવું—કે જે સંયતને આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વના યુગપદ્‌પણાનું અને આત્મજ્ઞાનનું યુગપદ્‌પણું સિદ્ધ થયું છે. ૨૪૧.

હવે એમ સમર્થન કરે છે કે આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વના યુગપદ્‌પણાની સાથે આત્મજ્ઞાનના યુગપદ્‌પણાની સિદ્ધિરૂપ જે આ સંયતપણું તે જ મોક્ષમાર્ગ છે, કે જેનું બીજું નામ એકાગ્રતાલક્ષણવાળું શ્રામણ્ય છે:—

**દગ, જ્ઞાન ને ચારિત્ર ત્રણમાં યુગપદે આરૂઢ જે,**
**તેને કહ્યો ઐકાગ્ર્યગત; શ્રામણ્ય ત્યાં પરિપૂર્ણ છે. ૨૪૨.**

અન્વયાર્થઃ—[ यः तु ] જે [ दर्शनज्ञानचरित्रेषु ] દર્શન, જ્ઞાન અને ચારિત્ર—[ त्रिषु ] એ ત્રણમાં [ युगपद् ] યુગપદ્ [ समुत्थितः ] આરૂઢ છે, તે [ ऐकाग्र्यगतः ] એકાગ્રતાને પામેલો છે [ इति ] એમ [ मतः ] (શાસ્ત્રમાં) કહ્યું છે. [ तस्य ] તેને [ श्रामण्यं ] શ્રામણ્ય [ परिपूर्णम् ] પરિપૂર્ણ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ज्ञेयज्ञातृतत्त्वतथाप्रतीतिलक्षणेन सम्यग्दर्शनपर्यायेण, ज्ञेयज्ञातृतत्त्वतथानुभूतिलक्षणेन ज्ञानपर्यायेण, ज्ञेयज्ञातृक्रियान्तरनिवृत्तिसूत्र्यमाणद्रष्टृज्ञातृतत्त्ववृत्तिलक्षणेन चारित्रपर्यायेण च, त्रिभिरपि यौगपद्येन भाव्यभावकभावविजृम्भितातिनिर्भरेतरेतरसंवलनबलादङ्गाङ्गिभावेन परिणतस्यात्मनो यदात्मनिष्ठत्वे सति संयतत्वं तत्पानकवदनेकात्मकस्यैकस्यानुभूयमानतायामपि समस्तपरद्रव्यपरावर्तत्वादभिव्यक्तैकाग्र्यलक्षणश्रामण्यापरनामा मोक्षमार्ग एवावगन्तव्यः ।

---

**दंसणणाणचरित्तेसु तीसु जुगवं समुट्ठिदो जो दु** दर्शनज्ञानचारित्रेषु त्रिषु युगपत्सम्यगुपस्थित उद्यतो यस्तु कर्ता, **एयग्गगदो त्ति मदो** स ऐकाग्र्यगत इति मतः संमतः, **सामण्णं तस्स पडिपुण्णं** श्रामण्यं चारित्रं यतित्वं तस्य परिपूर्णमिति । तथाहि—भावकर्मद्रव्यकर्मनोकर्मभ्यः शेषपुद्गलादिपञ्चद्रव्येभ्योऽपि भिन्नं सहजशुद्धनित्यानन्दैकस्वभावं मम संबन्धि यदात्मद्रव्यं तदेव ममोपादेयमितिरुचिरूपं सम्यग्दर्शनम्, तत्रैव परिच्छित्तिरूपं सम्यग्ज्ञानं, तस्मिन्नेव स्वरूपे निश्चलानुभूतिलक्षणं चारित्रं चेत्युक्तस्वरूपं सम्यग्दर्शनज्ञानचारित्रत्रयं पानकवदनेकमप्यभेदनयेनैकं यत् तत्सविकल्पावस्थायां व्यवहारेणैकाग्र्यं

---

**ટીકાઃ—જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની તથાપ્રકારે ( જેમ છે તેમ, યથાર્થ ) પ્રતીતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શનપર્યાય છે; જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની તથાપ્રકારે અનુભૂતિ જેનું લક્ષણ છે તે જ્ઞાનપર્યાય છે; જ્ઞેય અને જ્ઞાતાની જે [1]ક્રિયાંતરથી નિવૃત્તિ તેના વડે રચાતી દ્રષ્ટૃજ્ઞાતૃતત્ત્વમાં પરિણતિ જેનું લક્ષણ છે તે ચારિત્રપર્યાય છે. આ પર્યાયોને અને આત્માને [2]ભાવ્યભાવકપણા વડે ઊપજેલા અતિ ગાઢ ઇતરેતર મિલનના બળને લીધે એ ત્રણે પર્યાયોરૂપે યુગપદ્ અંગ-અંગીભાવે પરિણત આત્માને, આત્મનિષ્ઠપણું હોતાં, જે સંયતપણું હોય છે, તે સંયતપણું, એકાગ્રતાલક્ષણવાળું શ્રામણ્ય જેનું બીજું નામ છે એવો મોક્ષમાર્ગ જ છે—એમ જાણવું, કારણ કે ત્યાં ( સંયતપણામાં ) [3]પીણાની માફક [4]અનેકાત્મક એકનો અનુભવ હોવા છતાં, સમસ્ત પરદ્રવ્યથી નિવૃત્તિ હોવાને લીધે એકાગ્રતા અભિવ્યક્ત ( પ્રગટ ) છે.**

---

૧. ક્રિયાન્તર = અન્ય ક્રિયા. [ જ્ઞેય અને જ્ઞાતા અન્ય ક્રિયાથી નિવર્તે તેને લીધે રચાતી જે દેખનાર-જાણનાર આત્મતત્ત્વમાં પરિણતિ તે ચારિત્રપર્યાયનું લક્ષણ છે. ]

૨. ભાવક એટલે થનાર, અને ભાવક જે-રૂપે થાય તે ભાવ્ય. આત્મા ભાવક છે અને સમ્યગ્દર્શનાદિ પર્યાયો ભાવ્ય છે. ભાવક અને ભાવ્યને પરસ્પર અતિ ગાઢ મિલન (–એકમેકતા ) હોય છે. ભાવક આત્મા અંગી છે અને ભાવ્યરૂપ સમ્યગ્દર્શનાદિપર્યાયો તેનાં અંગો છે.

૩. પીણું = પીવાની વસ્તુ. જેમ કે—ઠૂવિયું. [ ઠૂવિયાનો સ્વાદ અનેકાત્મક એક હોય છે; કારણ કે અભેદથી તેમાં એક ઠૂવિયાનો જ સ્વાદ આવે છે અને ભેદથી તેમાં દૂધ, સાકર, બદામ વગેરે અનેક વસ્તુનો સ્વાદ આવે છે. ]

૪. અહીં અનેકાત્મક એકના અનુભવમાં જે અનેકાત્મકપણું છે તે પરદ્રવ્યમય નથી. ત્યાં પરદ્રવ્યોથી તો નિવૃત્તિ જ છે; માત્ર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સ્વ-અંશોને લીધે જ અનેકાત્મકપણું છે. માટે ત્યાં, અનેકાત્મકપણું હોવા છતાં, એકાગ્રપણું ( એક-અગ્રપણું ) પ્રગટ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**तस्य तु सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्ग इति भेदात्मकत्वात्पर्यायप्रधानेन व्यवहारनयेन, ऐकाग्र्यं मोक्षमार्ग इत्यभेदात्मकत्वात् द्रव्यप्रधानेन निश्चयनयेन, विश्वस्यापि भेदाभेदात्मकत्वात्तदुभयमिति प्रमाणेन प्रज्ञप्तिः ॥ २४२ ॥**

***इत्येवं प्रतिपत्तुराशयवशादेकोऽप्यनेकीभवं-**
**स्त्रैलक्षण्यमथैकतामुपगतो मार्गोऽपवर्गस्य यः ।**
**द्रष्टृज्ञातृनिबद्धवृत्तिमचलं लोकस्तमास्कन्दता-**
**मास्कन्दत्यचिराद्विकाशमतुलं येनोल्लसन्त्याश्चितेः ॥ १६ ॥**

---

भण्यते । निर्विकल्पसमाधिकाले तु निश्चयेनेति । तदेव च नामान्तरेण परमसाम्यमिति । तदेव परमसाम्यं पर्यायनामान्तरेण शुद्धोपयोगलक्षणः श्रामण्यापरनामा मोक्षमार्गो ज्ञातव्य इति । तस्य तु मोक्षमार्गस्य सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्ग इति भेदात्मकत्वात्पर्यायप्रधानेन व्यवहारनयेन निर्णयो भवति । ऐकाग्र्यं मोक्षमार्ग इत्यभेदात्मकत्वात् द्रव्यप्रधानेन निश्चयनयेन निर्णयो भवति । समस्तवस्तुसमूहस्यापि भेदाभेदात्मकत्वान्निश्चयव्यवहारमोक्षमार्गद्वयस्यापि प्रमाणेन निश्चयो भवतीत्यर्थः ॥ २४२ ॥ एवं निश्चयव्यवहारसंयमप्रतिपादनमुख्यत्वेन तृतीयस्थले गाथाचतुष्टयं गतम् । अथ यः स्वशुद्धात्मन्येकाग्रो न भवति तस्य मोक्षाभावं दर्शयति—**मुज्झदि वा रज्जदि वा दुस्सदि**

---

તે (સંયતત્વરૂપ અથવા શ્રામણ્યરૂપ મોક્ષમાર્ગ) ભેદાત્મક હોવાથી 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે' એમ પર્યાયપ્રધાન વ્યવહારનયથી તેનું પ્રજ્ઞાપન છે; તે (મોક્ષમાર્ગ) અભેદાત્મક હોવાથી 'એકાગ્રતા મોક્ષમાર્ગ છે' એમ દ્રવ્યપ્રધાન નિશ્ચયનયથી તેનું પ્રજ્ઞાપન છે; બધાય પદાર્થો ભેદાભેદાત્મક હોવાથી 'તે બન્ને (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તેમ જ એકાગ્રતા) મોક્ષમાર્ગ છે' એમ પ્રમાણથી તેનું પ્રજ્ઞાપન છે. ૨૪૨.

[હવે શ્લોક દ્વારા મોક્ષપ્રાપ્તિને માટે દ્રષ્ટા-જ્ઞાતામાં લીનતા કરવાનું કહેવામાં આવે છેઃ]

[અર્થઃ—] એ પ્રમાણે, પ્રતિપાદકના આશયને વશ, એક હોવા છતાં પણ અનેક થતો હોવાથી (અર્થાત્ અભેદપ્રધાન નિશ્ચયનયથી એક—એકાગ્રતારૂપ—હોવા છતાં પણ કહેનારના અભિપ્રાય અનુસાર ભેદપ્રધાન વ્યવહારનયથી અનેક પણ—દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પણ—થતો હોવાથી) [1]એકતાને (એકલક્ષણપણાને) તેમ જ [2]ત્રિલક્ષણપણાને પામેલો જે અપવર્ગનો (મોક્ષનો) માર્ગ તેને લોક દ્રષ્ટાજ્ઞાતામાં પરિણતિ બાંધીને (-લીન કરીને) અચળપણે અવલંબો, કે જેથી તે (લોક) ઉલ્લસતી ચેતનાના અતુલ વિકાસને અલ્પ કાળમાં પામે.

---

* શાર્દૂલવિક્રીડિત છંદ

૧. દ્રવ્યપ્રધાન નિશ્ચયનયથી માત્ર એકાગ્રતા એક જ મોક્ષમાર્ગનું લક્ષણ છે.

૨. પર્યાયપ્રધાન વ્યવહારનયથી દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ત્રિક મોક્ષમાર્ગનું લક્ષણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथानैकाग्र्यस्य मोक्षमार्गत्वं विघटयति—

मुज्झदि वा रज्जदि वा दुस्सदि वा दव्वमण्णमासेज्ज ।
जदि समणो अण्णाणी बज्झदि कम्मेहिं विविहेहिं ॥२४३॥

मुह्यति वा रज्यति वा द्वेष्टि वा द्रव्यमन्यदासाद्य ।
यदि श्रमणोऽज्ञानी बध्यते कर्मभिर्विविधैः ॥ २४३ ॥

यो हि न खलु ज्ञानात्मानमात्मानमेकमग्रं भावयति, सोऽवश्यं ज्ञेयभूतं द्रव्यमन्यदासीदति । तदासाद्य च ज्ञानात्मात्मज्ञानाद्भ्रष्टः स्वयमज्ञानीभूतो मुह्यति वा, रज्यति वा, द्वेष्टि वा; तथाभूतश्च बध्यत एव, न तु विमुच्यते । अत अनैकाग्र्यस्य न मोक्षमार्गत्वं सिद्धयेत् ॥ २४३ ॥

---

वा दव्वमण्णमासेज्ज जदि मुह्यति वा, रज्यति वा, द्वेष्टि वा, यदि चेत् । किं कृत्वा । द्रव्यमन्यदासाद्य प्राप्य । स कः । समणो श्रमणस्तपोधनः । तदा काले अण्णाणी अज्ञानी भवति । अज्ञानी सन् बज्झदि कम्मेहिं विविहेहिं बध्यते कर्मभिर्विविधैरिति । तथाहि—यो निर्विकारस्वसंवेदनज्ञानेनैकाग्रो भूत्वा स्वात्मानं न जानाति तस्य चित्तं बहिर्विषयेषु गच्छति । ततश्चिदानन्दैकनिजस्वभावाच्च्युतो भवति । ततश्च रागद्वेषमोहैः परिणमति । तत्परिणमन् बहुविधकर्मणा बध्यत इति । ततः कारणान्मोक्षार्थिभिरेकाग्रत्वेन स्वस्वरूपं भावनीयमित्यर्थः ॥२४३॥ अथ निजशुद्धात्मनि योऽसावेकाग्रस्तस्यैव मोक्षो

---

હવે, અનેકાગ્રતાને મોક્ષમાર્ગપણું ઘટતું નથી (અર્થાત્ અનેકાગ્રતા તે મોક્ષમાર્ગ નથી) એમ દર્શાવે છેઃ—

પરદ્રવ્યને આશ્રય શ્રમણ અજ્ઞાની પામે મોહને
વા રાગને વા દ્વેષને, તો વિવિધ બાંધે કર્મને. ૨૪૩.

**અન્વયાર્થઃ**—[यदि] જો [श्रमणः] શ્રમણ, [अन्यत् द्रव्यम् आसाद्य] અન્ય દ્રવ્યનો આશ્રય કરીને [अज्ञानी] અજ્ઞાની થયો થકો, [मुह्यति वा] મોહ કરે છે, [रज्यति वा] રાગ કરે છે [द्वेष्टि वा] અથવા દ્વેષ કરે છે, તો તે [विविधैः कर्मभिः] વિવિધ કર્મો વડે [बध्यते] બંધાય છે.

**ટીકાઃ**—જે ખરેખર જ્ઞાનાત્મક આત્મારૂપ એક અગ્રને (-વિષયને) ભાવતો નથી, તે અવશ્ય જ્ઞેયભૂત અન્ય દ્રવ્યનો આશ્રય કરે છે, અને તેનો આશ્રય કરીને જ્ઞાનાત્મક આત્મજ્ઞાનથી ભ્રષ્ટ એવો તે સ્વયં અજ્ઞાની થયો થકો, મોહ કરે છે, રાગ કરે છે અથવા દ્વેષ કરે છે; અને એવો (-મોહી, રાગી અથવા દ્વેષી) થયો થકો બંધાય જ છે, પરંતુ મુકાતો નથી.

આથી અનેકાગ્રતાને મોક્ષમાર્ગપણું સિદ્ધ થતું નથી. ૨૪૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथैकाग्र्यस्य मोक्षमार्गत्वमवधारयन्नुपसंहरति—

**अट्ठेसु जो ण मुज्झदि ण हि रज्जदि णेव दोसमुवयादि ।**
**समणो जदि सो णियदं खवेदि कम्माणि विविहाणि ॥२४४॥**

**अर्थेषु यो न मुह्यति न हि रज्यति नैव द्वेषमुपयाति ।**
**श्रमणो यदि स नियतं क्षपयति कर्माणि विविधानि ॥ २४४ ॥**

यस्तु ज्ञानात्मानमात्मानमेकमग्रं भावयति, स न ज्ञेयभूतं द्रव्यमन्यदासीदति । तदनासाद्य च ज्ञानात्मात्मज्ञानादभ्रष्टः स्वयमेव ज्ञानीभूतस्तिष्ठन्न मुह्यति, न रज्यति, न द्वेष्टि;

---

भवतीत्युपदिशति—**अट्ठेसु जो ण मुज्झदि ण हि रज्जदि णेव दोसमुवयादि** अर्थेषु बहिःपदार्थेषु यो न मुह्यति, न रज्यति, हि स्फुटं, नैव द्वेषमुपयाति, **जदि** यदि चेत्, **सो समणो** स श्रमणः **णियदं** निश्चितं **खवेदि विविहाणि कम्माणि** क्षपयति कर्माणि विविधानि इति । अथ विशेषः— योऽसौ दृष्टश्रुतानुभूतभोगाकाङ्क्षारूपाद्यपध्यानत्यागेन निजस्वरूपं भावयति, तस्य चित्तं बहिःपदार्थेषु न गच्छति, ततश्च बहिःपदार्थचिन्ताभावान्निर्विकारचिच्चमत्कारमात्राच्च्युतो न भवति । तदच्यवनेन च रागाद्यभावाद्विविधकर्माणि विनाशयतीति । ततो मोक्षार्थिना निश्चलचित्तेन निजात्मनि भावना कर्तव्येति । इत्थं वीतरागचारित्रव्याख्यानं श्रुत्वा केचन वदन्ति—सयोगिकेवलिनामप्येकदेशेन चारित्रं, परिपूर्णचारित्रं पुनरयोगिचरमसमये भविष्यति, तेन कारणेनेदानीमस्माकं सम्यक्त्वभावनया भेदज्ञानभावनया च पूर्यते, चारित्रं पश्चाद्भविष्यतीति । नैवं वक्तव्यम् । अभेदनयेन ध्यानमेव चारित्रं, तच्च ध्यानं केवलिनामुपचारेणोक्तं, चारित्रमप्युपचारेणेति । यत्पुनः समस्तरागादिविकल्पजालरहितं शुद्धात्मानुभूतिलक्षणं सम्यग्दर्शन-

---

હવે, એકાગ્રતા તે મોક્ષમાર્ગ છે એમ (આચાર્યભગવાન) નક્કી કરતા થકા (મોક્ષમાર્ગ-પ્રજ્ઞાપનનો) ઉપસંહાર કરે છે:—

**નહિ મોહ, ને નહિ રાગ, દ્વેષ કરે નહીં અર્થો વિષે,**
**તો નિયમથી મુનિરાજ એ વિધવિધ કર્મો ક્ષય કરે. ૨૪૪.**

**અન્વયાર્થ:**—[*यदि यः श्रमणः*] જો શ્રમણ [*अर्थेषु*] પદાર્થોમાં [*न मुह्यति*] મોહ કરતો નથી, [*न हि रज्यति*] રાગ કરતો નથી, [*न एव द्वेषम् उपयाति*] દ્વેષ કરતો નથી, [*सः*] તો તે [*नियतं*] નિયમથી (ચોક્કસ) [*विविधानि कर्माणि*] વિવિધ કર્મોને [*क्षपयति*] ખપાવે છે.

**ટીકા:**—જે જ્ઞાનાત્મક આત્મારૂપ એક અગ્રને (-વિષયને) ભાવે છે, તે જ્ઞેયભૂત અન્ય દ્રવ્યનો આશ્રય કરતો નથી, અને તેનો આશ્રય નહિ કરીને જ્ઞાનાત્મક આત્મજ્ઞાનથી અભ્રષ્ટ એવો તે સ્વયમેવ જ્ઞાની રહેતો થકો, મોહ કરતો નથી, રાગ કરતો નથી, દ્વેષ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तथाभूतः सन् मुच्यत एव, न तु बध्यते । अत ऐकाग्र्यस्यैव मोक्षमार्गत्वं सिद्धयेत् ॥ २४४ ॥

—इति मोक्षमार्गप्रज्ञापनम् ॥

अथ शुभोपयोगप्रज्ञापनम् । तत्र शुभोपयोगिनः श्रमणत्वेनान्वाचिनोति—

**समणा सुद्धुवजुत्ता सुहोवजुत्ता य होंति समयम्हि ।**
**तेसु वि सुद्धुवजुत्ता अणासवा सासवा सेसा ॥२४५॥**

**श्रमणाः शुद्धोपयुक्ताः शुभोपयुक्ताश्च भवन्ति समये ।**
**तेष्वपि शुद्धोपयुक्ता अनास्रवाः सास्रवाः शेषाः ॥ २४५ ॥**

---

ज्ञानपूर्वकं वीतरागछद्मस्थचारित्रं तदेव कार्यकारीति । कस्मादिति चेत् । तेनैव केवलज्ञानं जायते यतस्तस्माच्चारित्रे तात्पर्यं कर्तव्यमिति भावार्थः । किंच उत्सर्गव्याख्यानकाले श्रामण्यं व्याख्यातमत्र पुनरपि किमर्थमिति परिहारमाह—तत्र सर्वपरित्यागलक्षण उत्सर्गो एव मुख्यत्वेन च मोक्षमार्गः, अत्र तु श्रामण्यव्याख्यानमस्ति, परं किंतु श्रामण्यं मोक्षमार्गो भवतीति मुख्यत्वेन विशेषोऽस्ति ॥ २४४ ॥ एवं श्रामण्यापरनाममोक्षमार्गोपसंहारमुख्यत्वेन चतुर्थस्थले गाथाद्वयं गतम् । अथ शुभोपयोगिनां सास्रवत्वाद्व्यवहारेण श्रमणत्वं व्यवस्थापयति—**संति** विद्यन्ते । क्व । **समयम्हि** समये परमागमे । के सन्ति । **समणा** श्रमणास्तपोधनाः । किंविशिष्टाः । **सुद्धुवजुत्ता** शुद्धोपयोगयुक्ताः शुद्धोपयोगिन इत्यर्थः । **सुहोवजुत्ता य** न केवलं शुद्धोपयोगयुक्ताः, शुभोपयोगयुक्ताश्च । चकारोऽत्र अन्वाचयार्थे गौणार्थे ग्राह्यः ।

---

કરતો નથી; અને એવો (–અમોહી, અરાગી, અદ્વેષી) વર્તતો થકો મુકાય જ છે, પરંતુ બંધાતો નથી.

આથી એકાગ્રતાને જ મોક્ષમાર્ગપણું સિદ્ધ થાય છે. ૨૪૪.

આ રીતે મોક્ષમાર્ગ-પ્રજ્ઞાપન સમાપ્ત થયું.

હવે શુભોપયોગનું પ્રજ્ઞાપન કરે છે. તેમાં (પ્રથમ), શુભોપયોગીઓને શ્રમણ તરીકે ગૌણપણે દર્શાવે છેઃ—

**શુદ્ધોપયોગી શ્રમણ છે, શુભયુક્ત પણ શાસ્ત્રે કહ્યા;**
**શુદ્ધોપયોગી છે નિરાસ્રવ, શેષ સાસ્રવ જાણવા. ૨૪૫.**

**અન્વયાર્થઃ**—[समये] શાસ્ત્રને વિષે (એમ કહ્યું છે કે), [शुद्धोपयुक्ताः श्रमणाः] શુદ્ધોપયોગી તે શ્રમણ છે, [शुभोपयुक्ताः च भवन्ति] શુભોપયોગી પણ શ્રમણ છે; [तेषु अपि] તેમાંય, [शुद्धोपयुक्ताः अनास्रवाः] શુદ્ધોપયોગી નિરાસ્રવ છે, [शेषाः सास्रवाः] બાકીના સાસ્રવ છે (અર્થાત્ શુભોપયોગી આસ્રવ સહિત છે).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ये खलु श्रामण्यपरिणतिं प्रतिज्ञायापि, जीवितकषायकणतया, समस्तपरद्रव्यनिवृत्ति-प्रवृत्तसुविशुद्धदृशिज्ञप्तिस्वभावात्मतत्त्ववृत्तिरूपां शुद्धोपयोगभूमिकामधिरोढुं न क्षमन्ते, ते तदुपकण्ठनिविष्टाः, कषायकुण्ठीकृतशक्तयो, नितान्तमुत्कण्ठुलमनसः, श्रमणाः किं भवेयुर्न वेत्यत्राभिधीयते । 'धम्मेण परिणदप्पा अप्पा जदि सुद्धसंपयोगजुदो । पावदि णिव्वाणसुहं सुहोवजुत्तो व सग्गसुहं ॥' इति स्वयमेव निरूपितत्वादस्ति तावच्छुभोपयोगस्य धर्मेण सहैकार्थसमवायः । ततः शुभोपयोगिनोऽपि धर्मसद्भावाद्भवेयुः श्रमणाः । किन्तु तेषां शुद्धोपयोगिभिः समं समकाष्ठत्वं न भवेत्, यतः शुद्धोपयोगिनो निरस्तसमस्तकषायत्वादनास्रवा

---

तत्र दृष्टान्तः—यथा निश्चयेन शुद्धबुद्धैकस्वभावाः सिद्धजीवा एव जीवा भण्यते, व्यवहारेण चतुर्गतिपरिणता अशुद्धजीवाश्च जीवा इति; तथा शुद्धोपयोगिनां मुख्यत्वं, शुभोपयोगिनां तु चकारसमुच्चयव्याख्यानेन गौणत्वम् । कस्माद्गौणत्वं जातमिति चेत् । **तेसु वि सुद्धुवजुत्ता अणासवा सासवा सेसा** तेष्वपि मध्ये शुद्धोपयोगयुक्ता अनास्रवाः, शेषाः सास्रवा इति यतः कारणात् । तद्यथा—निजशुद्धात्मभावनाबलेन समस्तशुभाशुभसंकल्पविकल्परहितत्वाच्छुद्धोपयोगिनो निरास्रवा एव, शेषाः शुभोपयोगिनो

---

**ટીકાઃ—**જેઓ ખરેખર શ્રામણ્યપરિણતિની પ્રતિજ્ઞા કરીને પણ, કષાયકણ જીવતો (હયાત) હોવાથી, સમસ્ત પરદ્રવ્યથી નિવૃત્તિરૂપે પ્રવર્તતી એવી જે [1]સુવિશુદ્ધદર્શનજ્ઞાનસ્વભાવ આત્મતત્ત્વમાં પરિણતિરૂપ શુદ્ધોપયોગભૂમિકા તેમાં આરોહણ કરવા અસમર્થ છે, તે (શુભોપયોગી) જીવો—કે જેઓ શુદ્ધોપયોગભૂમિકાના [2]ઉપકંઠે રહેલા છે, કષાયે જેમની શક્તિને કુંઠિત કરી (–રૂંધી) છે અને જેઓ અત્યંત ઉત્કંઠિત (–આતુર) મનવાળા છે તેઓ—શ્રમણ છે કે નથી, તે અહીં કહેવામાં આવે છેઃ

[3]'धम्मेण परिणदप्पा अप्पा जदि सुद्धसंपयोगजुदो । पावदि णिव्वाणसुहं सुहोवजुत्तो व सग्गसुहं ॥' એમ (૧૧ મી ગાથામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે) પોતે જ નિરૂપણ કર્યું હોવાથી શુભોપયોગને ધર્મની સાથે [4]એકાર્થસમવાય છે; તેથી શુભોપયોગીઓ પણ, તેમને ધર્મનો સદ્ભાવ હોવાને લીધે, શ્રમણ છે. પરંતુ તેઓ શુદ્ધોપયોગીઓની સાથે સમાન કોટિના (સરખી હદના) નથી, કારણ કે શુદ્ધોપયોગીઓએ સમસ્ત કષાયો નિરસ્ત કર્યા હોવાથી તેઓ નિરાસ્રવ જ છે અને આ શુભોપયોગીઓને તો કષાયકણ અવિનષ્ટ હોવાથી

---

૧. આત્મતત્ત્વનો સ્વભાવ સુવિશુદ્ધ દર્શન અને જ્ઞાન છે.

૨. ઉપકંઠ = પાદર; પરવાડ; તળેટી; પાડોશ; નજીકનો ભાગ; નિકટતા.

૩. અર્થઃ—ધર્મે પરિણમેલા સ્વરૂપવાળો આત્મા જો શુદ્ધ ઉપયોગમાં જોડાયેલો હોય તો મોક્ષના સુખને પામે છે અને જો શુભ ઉપયોગવાળો હોય તો સ્વર્ગના સુખને (બંધને) પામે છે.

૪. એકાર્થસમવાય = એક પદાર્થમાં સાથે રહી શકવારૂપ સંબંધ. (આત્મપદાર્થમાં ધર્મ અને શુભોપયોગ સાથે હોઈ શકે છે તેથી શુભોપયોગને ધર્મની સાથે એકાર્થસમવાય છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**एव । इमे पुनरनवकीर्णकषायकणत्वात्सास्रवा एव । अत एव च शुद्धोपयोगिभिः सममभी न समुच्चीयन्ते, केवलमन्वाचीयन्त एव ॥ २४५ ॥**

**अथ शुभोपयोगिश्रमणलक्षणमासूत्रयति—**

**अरहंतादिसु भत्ती वच्छलदा पवयणाभिजुत्तेसु ।**
**विज्जदि जदि सामण्णे सा सुहजुत्ता भवे चरिया ॥२४६॥**

**अर्हदादिषु भक्तिर्वत्सलता प्रवचनाभियुक्तेषु ।**
**विद्यते यदि श्रामण्ये सा शुभयुक्ता भवेच्चर्या ॥ २४६ ॥**

---

मिथ्यात्वविषयकषायरूपाशुभास्रवनिरोधेऽपि पुण्यास्रवसहिता इति भावः ॥ २४५ ॥ अथ शुभोपयोगिश्रमणानां लक्षणमाख्याति—**सा सुहजुत्ता भवे चरिया** सा चर्या शुभयुक्ता भवेत् । कस्य । तपोधनस्य । कथंभूतस्य । समस्तरागादिविकल्परहितपरमसमाधौ स्थातुमशक्यस्य । यदि किम् । **विज्जदि जदि** विद्यते यदि चेत् । क्व । **सामण्णे** श्रामण्ये चारित्रे । किं विद्यते । **अरहंतादिसु भत्ती**

---

તેઓ સાસ્રવ જ છે. અને આમ હોવાથી જ શુદ્ધોપયોગીઓની સાથે આમને ( શુભોપયોગીઓને ) ભેગા લેવામાં (-વર્ણવવામાં ) આવતા નથી, માત્ર પાછળથી ( ગૌણ તરીકે ) જ લેવામાં આવે છે.

**ભાવાર્થ:**—પરમાગમમાં એમ કહ્યું છે કે શુદ્ધોપયોગીઓ શ્રમણ છે અને શુભોપયોગીઓ પણ ગૌણપણે શ્રમણ છે. જેમ નિશ્ચયથી શુદ્ધબુદ્ધ-એકસ્વભાવી સિદ્ધ જીવો જ જીવ કહેવાય છે અને વ્યવહારથી ચતુર્ગતિપરિણત અશુદ્ધ જીવો પણ જીવ કહેવાય છે, તેમ શ્રમણપણે શુદ્ધોપયોગી જીવોનું મુખ્યપણું છે અને શુભોપયોગી જીવોનું ગૌણપણું છે; કારણ કે શુદ્ધોપયોગીઓ નિજશુદ્ધાત્મભાવનાના બળથી સમસ્ત શુભાશુભ સંકલ્પવિકલ્પ રહિત હોવાથી નિરાસ્રવ જ છે અને શુભોપયોગીઓને મિથ્યાત્વવિષયકષાયરૂપ અશુભ આસ્રવનો નિરોધ હોવા છતાં તેઓ પુણ્યાસ્રવ સહિત છે. ૨૪૫.

હવે શુભોપયોગી શ્રમણનું લક્ષણ સૂત્ર દ્વારા ( ગાથા દ્વારા ) કહે છે:—

વાત્સલ્ય પ્રવચનરત વિષે ને ભક્તિ અર્હંતાદિકે
—એ હોય જો શ્રામણ્યમાં, તો ચરણ તે શુભયુક્ત છે. ૨૪૬.

**અન્વયાર્થ:**—[ श्रामण्ये ] શ્રામણ્યમાં [ यदि ] જો [ अर्हदादिषु भक्तिः ] અર્હંતાદિક પ્રત્યે ભક્તિ તથા [ प्रवचनाभियुक्तेषु वत्सलता ] પ્રવચનરત જીવો પ્રત્યે વત્સલતા [ विद्यते ] વર્તતી હોય તો [ सा ] તે [ शुभयुक्ता चर्या ] શુભયુક્ત ચર્યા ( શુભોપયોગી ચારિત્ર ) [ भवेत् ] છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सकलसङ्गसंन्यासात्मनि श्रामण्ये सत्यपि कषायलवावेशवशात् स्वयं शुद्धात्मवृत्तिमात्रेणावस्थातुमशक्तस्य, परेषु शुद्धात्मवृत्तिमात्रेणावस्थितेष्वर्हदादिषु, शुद्धात्मवृत्तिमात्रावस्थितिप्रतिपादकेषु प्रवचनाभियुक्तेषु च भक्त्या वत्सलतया च प्रचलितस्य, तावन्मात्ररागप्रवर्तितपरद्रव्यप्रवृत्तिसंवलितशुद्धात्मवृत्तेः, शुभोपयोगि चारित्रं स्यात् । अतः शुभोपयोगिश्रमणानां शुद्धात्मानुरागयोगिचारित्रत्वलक्षणम् ॥ २४६ ॥

अथ शुभोपयोगिश्रमणानां प्रवृत्तिमुपदर्शयति—

वंदणणमंसणेहिं अब्भुट्ठाणाणुगमणपडिवत्ती ।
समणेसु समावणओ ण णिंदिदा रायचरियम्हि ॥ २४७॥

---

अनन्तज्ञानादिगुणयुक्तेष्वर्हत्सिद्धेषु गुणानुरागयुक्ता भक्तिः । वच्छलदा वत्सलस्य भावो वत्सलता वात्सल्यं विनयोऽनुकूलवृत्तिः । केषु विषये । पवयणाभिजुत्तेसु प्रवचनाभियुक्तेषु । प्रवचनशब्देनात्रागमो भण्यते, संघो वा, तेन प्रवचनेनाभियुक्ताः प्रवचनाभियुक्ता आचार्योपाध्यायसाधवस्तेष्विति । एतदुक्तं भवति—स्वयं शुद्धोपयोगलक्षणे परमसामायिके स्थातुमसमर्थस्यान्येषु शुद्धोपयोगफलभूतकेवलज्ञानेन परिणतेषु, तथैव शुद्धोपयोगाराधकेषु च यासौ भक्तिस्तच्छुभोपयोगिश्रमणानां लक्षणमिति ॥ २४६ ॥ अथ शुभोपयोगिनां शुभप्रवृत्तिं दर्शयति—ण णिंदिदा नैव निषिद्धा । क ।

---

ટીકાઃ—સકળ સંગના સંન્યાસસ્વરૂપ શ્રામણ્ય હોવા છતાં પણ †કષાયલવના આવેશને વશ કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપે રહેવાને પોતે અશક્ત છે એવો જે શ્રમણ, પર એવા જે (૧) કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપે રહેલા અર્હંતાદિક તથા (૨) કેવળ શુદ્ધાત્મપરિણતિરૂપે રહેવાનું પ્રતિપાદન કરનાર પ્રવચનરત જીવો તેમના પ્રત્યે (૧) ભક્તિ તથા (૨) વત્સલતા વડે ચંચળ છે, તે શ્રમણને, માત્ર તેટલા રાગ વડે પ્રવર્તતી પરદ્રવ્યપ્રવૃત્તિ સાથે શુદ્ધાત્મપરિણતિ મિલિત હોવાને લીધે, શુભોપયોગી ચારિત્ર છે.

આથી (એમ કહ્યું કે) શુદ્ધ આત્માના અનુરાગયુક્ત ચારિત્ર શુભોપયોગી શ્રમણોનું લક્ષણ છે.

ભાવાર્થઃ—એકલી શુદ્ધાત્મપરિણતિરૂપે રહેવાને અસમર્થ હોવાને લીધે જે શ્રમણ, પર એવા અર્હંતાદિક પ્રત્યે ભક્તિથી તથા પર એવા આગમપરાયણ જીવો પ્રત્યે વાત્સલ્યથી ચંચળ (અસ્થિર) છે, તે શ્રમણને શુભોપયોગી ચારિત્ર છે, કારણ કે શુદ્ધાત્મપરિણતિ પરદ્રવ્યપ્રવૃત્તિ (પરદ્રવ્યમાં પ્રવૃત્તિ) સાથે મળેલી છે અર્થાત્ શુભ ભાવ સાથે મિશ્રિત છે. ૨૪૬.

હવે શુભોપયોગી શ્રમણોની પ્રવૃત્તિ દર્શાવે છેઃ—

શ્રમણો પ્રતિ વંદન, નમન, અનુગમન, અભ્યુત્થાન ને
વળી શ્રમનિવારણ છે ન નિંદિત રાગયુત ચર્યા વિષે. ૨૪૭.

---

† કષાયલવ = જરાક કષાય; થોડો કષાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वन्दननमस्करणाभ्यामभ्युत्थानानुगमनप्रतिपत्तिः ।
श्रमणेषु श्रमापनयो न निन्दिता रागचर्यायाम् ॥ २४७ ॥

शुभोपयोगिनां हि शुद्धात्मानुरागयोगिचारित्रतया, समधिगतशुद्धात्मवृत्तिषु श्रमणेषु वन्दननमस्करणाभ्युत्थानानुगमनप्रतिपत्तिप्रवृत्तिः शुद्धात्मवृत्तित्राणनिमित्ता श्रमापनयनप्रवृत्तिश्च न दुष्येत् ॥ २४७ ॥

अथ शुभोपयोगिनामेवैवंविधाः प्रवृत्तयो भवन्तीति प्रतिपादयति—

**दंसणणाणुवदेसो सिस्सग्गहणं च पोसणं तेसिं ।**
**चरिया हि सरागाणं जिणिंदपूजोवदेसो य ॥२४८॥**

---

**रायचरियम्हि** शुभरागचर्यायां सरागचारित्रावस्थायाम् । का न निन्दिता । **वंदणणमंसणेहिं अब्भुट्ठाणाणुगमणपडिवत्ती** वन्दननमस्काराभ्यां सहाभ्युत्थानानुगमनप्रतिपत्तिप्रवृत्तिः । **समणेसु समावणओ** श्रमणेषु श्रमापनयः रत्नत्रयभावनाभिघातकश्रमस्य खेदस्य विनाश इति । अनेन किमुक्तं भवति— शुद्धोपयोगसाधके शुभोपयोगे स्थितानां तपोधनानां इत्थंभूताः शुभोपयोगप्रवृत्तयो रत्नत्रयाराधकशेषपुरुषेषु विषये युक्ता एव, विहिता एवेति ॥ २४७ ॥ अथ शुभोपयोगिनामेवेत्थंभूताः प्रवृत्तयो भवन्ति, न च

---

**અન્વયાર્થઃ**—[ **श्रमणेषु** ] શ્રમણો પ્રત્યે [ **वन्दननमस्करणाभ्याम्** ] વંદન-નમસ્કાર સહિત [ **अभ्युत्थानानुगमनप्रतिपत्तिः** ] [1]અભ્યુત્થાન અને [2]અનુગમનરૂપ [3]વિનીત વર્તન કરવું તથા [ **श्रमापनयः** ] તેમનો શ્રમ દૂર કરવો તે [ **रागचर्यायाम्** ] રાગચર્યામાં [ **न निन्दिता** ] નિંદિત નથી.

**ટીકાઃ**—શુભોપયોગીઓને શુદ્ધાત્માના અનુરાગયુક્ત ચારિત્ર હોય છે, તેથી જેમણે શુદ્ધાત્મપરિણતિ પ્રાપ્ત કરી છે એવા શ્રમણો પ્રત્યે જે વંદન-નમસ્કાર-અભ્યુત્થાન-અનુગમનરૂપ વિનીત વર્તનની પ્રવૃત્તિ તથા શુદ્ધાત્મપરિણતિના રક્ષણને નિમિત્તભૂત એવી જે શ્રમ દૂર કરવાની (વૈયાવૃત્ત્યરૂપ) પ્રવૃત્તિ તે શુભોપયોગીઓને માટે દૂષિત (દોષરૂપ, નિંદિત) નથી (અર્થાત્ શુભોપયોગી મુનિઓને આવી પ્રવૃત્તિનો નિષેધ નથી). ૨૪૭.

હવે, શુભોપયોગીઓને જ આવી પ્રવૃત્તિઓ હોય છે એમ પ્રતિપાદન કરે છેઃ—

**ઉપદેશ દર્શનજ્ઞાનનો, પોષણ-ગ્રહણ શિષ્યો તણું,**
**ઉપદેશ જિનપૂજા તણો—વર્તન તું જાણ સરાગનું. ૨૪૮.**

---

૧. અભ્યુત્થાન = માનાર્થે ઊભા થઈ જવું તે
૨. અનુગમન = પાછળ ચાલવું તે
૩. વિનીત = વિનયયુક્ત; સન્માનયુક્ત; વિવેકી; સભ્ય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

दर्शनज्ञानोपदेशः शिष्यग्रहणं च पोषणं तेषाम् ।
चर्या हि सरागाणां जिनेन्द्रपूजोपदेशश्च ॥ २४८ ॥

अनुजिघृक्षापूर्वकदर्शनज्ञानोपदेशप्रवृत्तिः शिष्यसंग्रहणप्रवृत्तिस्तत्पोषणप्रवृत्तिर्जिनेन्द्रपूजोपदेशप्रवृत्तिश्च शुभोपयोगिनामेव भवन्ति, न शुद्धोपयोगिनाम् ॥ २४८ ॥

अथ सर्वा एव प्रवृत्तयः शुभोपयोगिनामेव भवन्तीत्यवधारयति—

**उवकुणदि जो वि णिच्चं चादुव्वण्णस्स समणसंघस्स ।**
**कायविराधणरहिदं सो वि सरागप्पधाणो से ॥२४९॥**

---

शुद्धोपयोगिनामिति प्ररूपयति—**दंसणणाणुवदेसो** दर्शनं मूढत्रयादिरहितं सम्यक्त्वं, ज्ञानं परमागमोपदेशः, तयोरुपदेशो दर्शनज्ञानोपदेशः । **सिस्सग्गहणं च पोसणं तेसिं** रत्नत्रयाराधनाशिक्षाशीलानां शिष्याणां ग्रहणं स्वीकारस्तेषामेव पोषणमशनशयनादिचिन्ता । **चरिया हि सरागाणं** इत्थंभूता चर्या चारित्रं भवति, हि स्फुटम् । केषाम् । सरागाणां धर्मानुरागचारित्रसहितानाम् । न केवलमित्थंभूता चर्या, **जिणिंदपूजोवदेसो य** यथासंभवं जिनेन्द्रपूजादिधर्मोपदेशश्चेति । ननु शुभोपयोगिनामपि क्वापि काले शुद्धोपयोगभावना दृश्यते, शुद्धोपयोगिनामपि क्वापि काले शुभोपयोगभावना दृश्यते, श्रावकाणामपि सामायिकादिकाले शुद्धभावना दृश्यते, तेषां कथं विशेषो भेदो ज्ञायत इति । परिहारमाह—युक्तमुक्तं भवता, परं किंतु ये प्रचुरेण शुभोपयोगेन वर्तन्ते ते यद्यपि क्वापि काले शुद्धोपयोगभावनां कुर्वन्ति तथापि शुभोपयोगिन एव भण्यन्ते । येऽपि शुद्धोपयोगिनस्ते यद्यपि क्वापि काले शुभोपयोगेन वर्तन्ते तथापि शुद्धोपयोगिन एव । कस्मात् । बहुपदस्य प्रधानत्वादाम्रवननिम्बवनवदिति ॥ २४८ ॥ अथ काश्चिदपि याः प्रवृत्तयस्ताः शुभोपयोगिनामेवेति नियमति—**उवकुणदि जो वि णिच्चं चादुव्वण्णस्स समणसंघस्स** उपकरोति

---

**અન્વયાર્થઃ**—[ दर्शनज्ञानोपदेशः ] દર્શનજ્ઞાનનો (સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો) ઉપદેશ, [ शिष्यग्रहणं ] શિષ્યોનું ગ્રહણ [ च ] તથા [ तेषाम् पोषणं ] તેમનું પોષણ, [ च ] અને [ जिनेन्द्रपूजोपदेशः ] જિનેંદ્રની પૂજાનો ઉપદેશ [ हि ] ખરેખર [ सरागाणां चर्या ] સરાગીઓની ચર્યા છે.

**ટીકાઃ**—અનુગ્રહ કરવાની ઇચ્છાપૂર્વક દર્શનજ્ઞાનના ઉપદેશની પ્રવૃત્તિ, શિષ્યગ્રહણની પ્રવૃત્તિ, તેમના પોષણની પ્રવૃત્તિ અને જિનેંદ્રપૂજાના ઉપદેશની પ્રવૃત્તિ શુભોપયોગીઓને જ હોય છે, શુદ્ધોપયોગીઓને નહિ. ૨૪૮.

હવે, બધીયે પ્રવૃત્તિઓ શુભોપયોગીઓને જ હોય છે એમ નક્કી કરે છેઃ—

**વણ જીવકાયવિરાધના ઉપકાર જે નિત્યે કરે**
**ચઉવિધ સાધુસંઘને, તે શ્રમણ રાગપ્રધાન છે. ૨૪૯.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**उपकरोति योऽपि नित्यं चातुर्वर्णस्य श्रमणसंघस्य ।**
**कायविराधनरहितं सोऽपि सरागप्रधानः स्यात् ॥ २४९ ॥**

**प्रतिज्ञातसंयमत्वात् षट्कायविराधनरहिता या काचनापि शुद्धात्मवृत्तित्राणनिमित्ता चातुर्वर्णस्य श्रमणसंघस्योपकारकरणप्रवृत्तिः सा सर्वापि रागप्रधानत्वात् शुभोपयोगिनामेव भवति, न कदाचिदपि शुद्धोपयोगिनाम् ॥ २४९ ॥**

---

योऽपि नित्यं । कस्य । चातुर्वर्णस्य श्रमणसंघस्य । अत्र श्रमणशब्देन श्रमणशब्दवाच्या ऋषिमुनियत्यनगारा ग्राह्याः । "देशप्रत्यक्षवित्केवलभृदिह मुनिः स्यादृषिः प्रसृतर्द्धिरारूढः श्रेणियुग्मेऽजनि यतिरनगारोऽपरः साधुवर्गः । राजा ब्रह्मा च देवः परम इति ऋषिर्विक्रियाक्षीणशक्तिप्राप्तो बुद्ध्यौषधीशो वियदयनपटुर्विश्ववेदी क्रमेण ॥" ऋषय ऋद्धिं प्राप्तास्ते चतुर्विधा, राजब्रह्मदेवपरमऋषिभेदात् । तत्र राजर्षयो विक्रियाक्षीणार्द्धिप्राप्ता भवन्ति । ब्रह्मर्षयो बुद्ध्यौषधर्द्धियुक्ता भवन्ति । देवर्षयो गगनगमनर्द्धिसंपन्ना भवन्ति । परमर्षयः केवलिनः केवलज्ञानिनो भवन्ति । मुनयः अवधिमनःपर्ययकेवलिनश्च । यतय उपशमकक्षपकश्रेण्यारूढाः । अनगाराः सामान्यसाधवः । कस्मात् । सर्वेषां सुखदुःखादिविषये समतापरिणामोऽस्तीति । अथवा श्रमणधर्मानुकूलश्रावकादिचातुर्वर्णसंघः । कथं यथा भवति । **कायविराधणरहिदं** स्वस्थभावनास्वरूपं स्वकीयशुद्धचैतन्यलक्षणं निश्चयप्राणं रक्षन् परकीयषट्कायविराधनारहितं यथा भवति । **सो वि सरागप्पधाणो से** सोऽपीत्थंभूतस्तपोधनो धर्मानुरागचारित्रसहितेषु मध्ये प्रधानः श्रेष्ठः स्यादित्यर्थः ॥ २४९ ॥

---

**અન્વયાર્થ:—[ यः अपि ]** જે કોઈ (શ્રમણ) **[ नित्यं ]** સદા **[ कायविराधनरहितं ]** (છ) કાયની વિરાધના વિના **[ चातुर्वर्णस्य ]** ચાર પ્રકારના **[ श्रमणसंघस्य ]** શ્રમણસંઘને **[ उपकरोति ]** ઉપકાર કરે છે, **[ सः अपि ]** તે **[ सरागप्रधानः स्यात् ]** રાગની પ્રધાનતાવાળો છે.

**ટીકા:—**સંયમની પ્રતિજ્ઞા કરી હોવાથી *છ કાયની વિરાધના વિનાની જે કોઈ પણ, શુદ્ધાત્મપરિણતિના રક્ષણને નિમિત્તભૂત એવી, †ચાર પ્રકારના શ્રમણસંઘને ઉપકાર કરવાની પ્રવૃત્તિ, તે બધીયે રાગપ્રધાનપણાને લીધે શુભોપયોગીઓને જ હોય છે, શુદ્ધોપયોગીઓને કદાપિ નહિ. ૨૪૯.

---

* શ્રમણસંઘને શુદ્ધાત્મપરિણતિના રક્ષણમાં નિમિત્તભૂત એવી જે ઉપકારપ્રવૃત્તિ શુભોપયોગી શ્રમણો કરે છે તે પ્રવૃત્તિ છ કાયની વિરાધના વિનાની હોય છે, કારણ કે તેમણે (શુભોપયોગી શ્રમણોએ) સંયમની પ્રતિજ્ઞા લીધેલી છે.

† શ્રમણના ચાર પ્રકાર આ પ્રમાણે છે: (૧) ઋષિ, (૨) મુનિ, (૩) યતિ અને (૪) અણગાર. ઋદ્ધિવાળા શ્રમણ તે ઋષિ છે; અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અથવા કેવળજ્ઞાનવાળા શ્રમણ તે મુનિ છે; ઉપશમક અથવા ક્ષપક શ્રેણિમાં આરૂઢ શ્રમણ તે યતિ છે; અને સામાન્ય સાધુ તે અણગાર છે. આ પ્રમાણે ચાર પ્રકારનો શ્રમણસંઘ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ प्रवृत्तेः संयमविरोधित्वं प्रतिषेधयति—

जदि कुणदि कायखेदं वेज्जावच्चत्थमुज्जदो समणो ।
ण हवदि हवदि अगारी धम्मो सो सावयाणं से ॥२५०॥
यदि करोति कायखेदं वैयावृत्त्यार्थमुद्यतः श्रमणः ।
न भवति भवत्यगारी धर्मः स श्रावकाणां स्यात् ॥ २५० ॥

यो हि परेषां शुद्धात्मवृत्तित्राणाभिप्रायेण वैयावृत्त्यप्रवृत्त्या स्वस्य संयमं विराधयति, स गृहस्थधर्मानुप्रवेशात् श्रामण्यात् प्रच्यवते । अतो या काचन प्रवृत्तिः सा सर्वथा संयमाविरोधेनैव विधातव्याः प्रवृत्तावपि संयमस्यैव साध्यत्वात् ॥ २५० ॥

---

अथ वैयावृत्त्यकालेऽपि स्वकीयसंयमविराधना न कर्तव्येत्युपदिशति—**जदि कुणदि कायखेदं वेज्जावच्चत्थमुज्जदो** यदि चेत् करोति कायखेदं षट्कायविराधनाम् । कथंभूतः सन् । वैयावृत्त्यार्थमुद्यतः । **समणो ण हवदि** तदा श्रमणस्तपोधनो न भवति । तर्हि किं भवति । **हवदि अगारी** अगारी गृहस्थो भवति । कस्मात् । **धम्मो सो सावयाणं से** षट्कायविराधनां कृत्वा योऽसौ धर्मः स श्रावकाणां स्यात्, न च तपोधनानामिति । इदमत्र तात्पर्यम्- योऽसौ स्वशरीरपोषणार्थं शिष्यादिमोहेन वा सावद्यं नेच्छति तस्येदं व्याख्यानं शोभते, यदि पुनरन्यत्र सावद्यमिच्छति वैयावृत्त्यादिस्वकीयावस्थायोग्ये धर्मकार्ये

---

હવે પ્રવૃત્તિ સંયમની વિરોધી હોવાનો નિષેધ કરે છે (અર્થાત્ શુભોપયોગી શ્રમણને સંયમ સાથે વિરોધવાળી પ્રવૃત્તિ ન હોવી જોઈએ એમ કહે છે):—

વૈયાવૃતે ઉદ્યત શ્રમણ ષટ્ કાયને પીડા કરે
તો શ્રમણ નહિ, પણ છે ગૃહી; તે શ્રાવકોનો ધર્મ છે. ૨૫૦.

અન્વયાર્થઃ—[ यदि ] જો (શ્રમણ) [ वैयावृत्त्यार्थम् उद्यतः ] વૈયાવૃત્ય માટે ઉદ્યમવંત વર્તતાં [ कायखेदं ] છ કાયને પીડા [ करोति ] કરે તો તે [ श्रमणः न भवति ] શ્રમણ નથી, [ अगारी भवति ] ગૃહસ્થ છે; (કારણ કે) [ सः ] તે (છ કાયની વિરાધના સહિત વૈયાવૃત્ય) [ श्रावकाणां धर्मः स्यात् ] શ્રાવકોનો ધર્મ છે.

ટીકાઃ—જે (શ્રમણ) બીજાને શુદ્ધાત્મપરિણતિનું રક્ષણ થાય એવા અભિપ્રાયથી વૈયાવૃત્યની પ્રવૃત્તિ કરતાં પોતાના સંયમની વિરાધના કરે છે, તે ગૃહસ્થધર્મમાં પ્રવેશતો હોવાને લીધે શ્રામણ્યથી ચ્યુત થાય છે. આથી (એમ કહ્યું કે) જે કોઈ પ્રવૃત્તિ હોય તે સર્વથા સંયમ સાથે વિરોધ ન આવે એવી રીતે જ કરવી જોઈએ, કારણ કે પ્રવૃત્તિમાં પણ સંયમ જ સાધ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ प्रवृत्तेर्विषयविभागं दर्शयति—

जोण्हाणं णिरवेक्खं सागारणगारचरियजुत्ताणं ।
अणुकंपयोवयारं कुव्वदु लेवो जदि वि अप्पो ॥२५१॥

जैनानां निरपेक्षं साकारानाकारचर्यायुक्तानाम् ।
अनुकम्पयोपकारं करोतु लेपो यद्यप्यल्पः ॥ २५१ ॥

या किलानुकम्पापूर्विका परोपकारलक्षणा प्रवृत्तिः सा खल्वनेकान्तमैत्रीपवित्रित-

---

नेच्छति तदा तस्य सम्यक्त्वमेव नास्तीति ॥२५०॥ अथ यद्यप्यल्पलेपो भवति परोपकारे, तथापि शुभोपयोगिभिर्धर्मोपकारः कर्तव्य इत्युपदिशति—कुव्वदु करोतु । स कः कर्ता । शुभोपयोगी पुरुषः । कं करोतु । अणुकंपयोवयारं अनुकम्पासहितोपकारं दयासहितं धर्मवात्सल्यम् । यदि किम् । लेवो जदि वि अप्पो "सावद्यलेशो बहुपुण्यराशौ" इति दृष्टान्तेन यद्यप्यल्पलेपः स्तोकसावद्यं भवति । केषां करोतु । जोण्हाणं निश्चयव्यवहारमोक्षमार्गपरिणतजैनानाम् । कथम् । णिरवेक्खं निरपेक्षं शुद्धात्मभावना-

---

**ભાવાર્થ:**—જે શ્રમણ છ કાયની વિરાધના સહિત વૈયાવૃત્ત્યાદિ પ્રવૃતિ કરે છે, તે ગૃહસ્થધર્મમાં પ્રવેશે છે; તેથી શ્રમણે વૈયાવૃત્ત્યાદિ પ્રવૃત્તિ એવી રીતે કરવી જોઈએ કે જેથી સંયમની વિરાધના ન થાય.

અહીં એટલું વિશેષ સમજવું કે—જે સ્વશરીરના પોષણ અર્થે અથવા શિષ્યાદિના મોહથી સાવદ્યને ઇચ્છતો નથી તેને તો વૈયાવૃત્ત્યાદિકમાં પણ સાવદ્યને ન ઇચ્છવું તે શોભાસ્પદ છે, પરંતુ જે બીજે તો સાવદ્યને ઇચ્છે છે પણ પોતાની અવસ્થાને યોગ્ય વૈયાવૃત્ત્યાદિ ધર્મકાર્યમાં સાવદ્યને ઇચ્છતો નથી તેને તો સમ્યક્ત્વ જ નથી. ૨૫૦.

હવે પ્રવૃત્તિના વિષયના બે વિભાગો દર્શાવે છે (અર્થાત્ શુભોપયોગીએ કોના પ્રત્યે ઉપકારની પ્રવૃત્તિ કરવાયોગ્ય છે અને કોના પ્રત્યે ઉપકારની પ્રવૃત્તિ કરવાયોગ્ય નથી તે દર્શાવે છે):—

છે અલ્પ લેપ છતાંય દર્શનજ્ઞાનપરિણત જૈનને
નિરપેક્ષતાપૂર્વક કરો ઉપકાર અનુકંપા વડે. ૨૫૧.

**અન્વયાર્થ:**—[ यद्यपि अल्पः लेपः ] અલ્પ લેપ થતો હોવા છતાં પણ [ साकारानाकारचर्यायुक्तानाम् ] સાકાર-અનાકાર ચર્યાયુક્ત [ जैनानां ] જૈનોને [ अनुकम्पया ] અનુકંપાથી [ निरपेक्षं ] નિરપેક્ષપણે [ उपकारं करोतु ] (શુભોપયોગી) ઉપકાર કરો.

**ટીકા:**—જે અનુકંપાપૂર્વક પરોપકારસ્વરૂપ પ્રવૃત્તિ તે કરવાથી જોકે અલ્પ લેપ તો થાય છે, તોપણ અનેકાંત સાથે મૈત્રીથી જેમનું ચિત્ત પવિત્ર થયું છે એવા શુદ્ધ જૈનો પ્રત્યે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

चित्तेषु शुद्धेषु जैनेषु शुद्धात्मज्ञानदर्शनप्रवृत्तवृत्तितया साकारानाकारचर्यायुक्तेषु शुद्धात्मोपलम्भेतरसकलनिरपेक्षतयैवाल्पलेपाप्यप्रतिषिद्धा; न पुनरल्पलेपेति सर्वत्र सर्वथैवाप्रतिषिद्धा, तत्र तथाप्रवृत्त्या शुद्धात्मवृत्तित्राणस्य परात्मनोरनुपपत्तेरिति ॥ २५१ ॥

अथ प्रवृत्तेः कालविभागं दर्शयति—

**रोगेण वा छुधाए तण्हाए वा समेण वा रूढं ।**
**दिट्ठा समणं साहू पडिवज्जदु आदसत्तीए ॥२५२॥**

---

विनाशकख्यातिपूजालाभवाञ्छारहितं यथा भवति । कथंभूतानां जैनानाम् । **सागारणगारचरियजुत्ताणं** सागारानागारचर्यायुक्तानां श्रावकतपोधनाचरणसहितानामित्यर्थः ॥ २५१ ॥ कस्मिन्प्रस्तावे वैयावृत्त्यं कर्तव्यमित्युपदिशति—**पडिवज्जदु** प्रतिपद्यतां स्वीकरोतु । कया । **आदसत्तीए** स्वशक्त्या । स कः कर्ता । **साहू** रत्नत्रयभावनया स्वात्मानं साधयतीति साधुः । कम् । **समणं** जीवितमरणादिसमपरिणाम-

---

—કે જેઓ શુદ્ધ આત્માનાં જ્ઞાન-દર્શનમાં પ્રવર્તતી *વૃત્તિને લીધે †સાકાર-અનાકાર ચર્યાવાળા છે તેમના પ્રત્યે—, શુદ્ધાત્માની ઉપલબ્ધિ સિવાય બીજી બધાની અપેક્ષા કર્યા વિના જ, તે પ્રવૃત્તિ કરવાનો નિષેધ નથી; પરંતુ અલ્પ લેપવાળી છે તેથી બધા પ્રત્યે બધાય પ્રકારે તે પ્રવૃત્તિ અનિષિદ્ધ છે એમ નથી, કારણ કે ત્યાં (અર્થાત્ જો બધા પ્રત્યે બધાય પ્રકારે કરવામાં આવે તો) તે પ્રકારની પ્રવૃત્તિ વડે પરને અને પોતાને શુદ્ધાત્મપરિણતિનું રક્ષણ બની શકતું નથી.

**ભાવાર્થઃ**—અનુકંપાપૂર્વક પરોપકારસ્વરૂપ પ્રવૃત્તિથી અલ્પ લેપ તો થાય છે, તોપણ જો (૧) શુદ્ધ આત્માનાં જ્ઞાનદર્શનરૂપ ચર્યાવાળા શુદ્ધ જૈનો પ્રત્યે, તેમ જ (૨) શુદ્ધાત્માની ઉપલબ્ધિની અપેક્ષાથી જ, તે પ્રવૃત્તિ કરવામાં આવતી હોય તો શુભોપયોગીને તેનો નિષેધ નથી. પરંતુ, જોકે અનુકંપાપૂર્વક પરોપકારસ્વરૂપ પ્રવૃત્તિથી અલ્પ જ લેપ થાય છે તોપણ, (૧) શુદ્ધ આત્માનાં જ્ઞાનદર્શનરૂપ ચર્યાવાળા શુદ્ધ જૈનો સિવાય બીજા પ્રત્યે, તેમ જ (૨) શુદ્ધાત્માની ઉપલબ્ધિ સિવાય બીજી કોઈ પણ અપેક્ષાથી, તે પ્રવૃત્તિ કરવાનો શુભોપયોગીને નિષેધ છે, કારણ કે એ રીતે પરને કે પોતાને શુદ્ધાત્મપરિણતિની રક્ષા થતી નથી. ૨૫૧.

હવે પ્રવૃત્તિના કાળનો વિભાગ દર્શાવે છે (અર્થાત્ શુભોપયોગી શ્રમણે કયા વખતે પ્રવૃત્તિ કરવાયોગ્ય છે અને કયા વખતે પ્રવૃત્તિ કરવાયોગ્ય નથી તે દર્શાવે છે):—

**આક્રાંત દેખી શ્રમણને શ્રમ, રોગ વા ભૂખ, પ્યાસથી,**
**સાધુ કરો સેવા સ્વશક્તિપ્રમાણ એ મુનિરાજની. ૨૫૨.**

---

* વૃત્તિ = પરિણતિ; વર્તન; વર્તવું તે.

† જ્ઞાન સાકાર છે અને દર્શન અનાકાર છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



रोगेण वा क्षुधया तृष्णया वा श्रमेण वा रूढम् ।
दृष्ट्वा श्रमणं साधुः प्रतिपद्यतामात्मशक्त्या ॥ २५२ ॥

यदा हि समधिगतशुद्धात्मवृत्तेः श्रमणस्य तत्प्रच्यावनहेतोः कस्याप्युपसर्गस्योपनिपातः स्यात्, स शुभोपयोगिनः स्वशक्त्या प्रतिचिकीर्षा प्रवृत्तिकालः । इतरस्तु स्वयं शुद्धात्मवृत्तेः समधिगमनाय केवलं निवृत्तिकाल एव ॥ २५२ ॥

अथ लोकसम्भाषणप्रवृत्तिं सनिमित्तविभागं दर्शयति—

वेज्जावच्चणिमित्तं गिलाणगुरुबालवुड्ढसमणाणं ।
लोगिगजणसंभासा ण णिंदिदा वा सुहोवजुदा ॥२५३॥

त्वाच्छ्रमणस्तं श्रमणम् । दिट्ठा दृष्ट्वा । कथंभूतम् । रूढं रूढं व्याप्तं पीडितं कदर्थितम् । केन । रोगेण वा अनाकुलत्वलक्षणपरमात्मनो विलक्षणेनाकुलत्वोत्पादकेन रोगेण व्याधिविशेषेण वा, छुधाए क्षुधया, तण्हाए वा तृष्णया वा, समेण वा मार्गोपवासादिश्रमेण वा । अत्रेदं तात्पर्यम्—स्वस्थभावनाविघातकरोगादिप्रस्तावे वैयावृत्त्यं करोति, शेषकाले स्वकीयानुष्ठानं करोतीति, ॥ २५२ ॥ अथ शुभोपयोगिनां तपोधनवैयावृत्त्यनिमित्तं लौकिकसंभाषणविषये निषेधो नास्तीत्युपदिशति—

**અન્વયાર્થઃ**—[ रोगेण वा ] રોગથી, [ क्षुधया ] ક્ષુધાથી, [ तृष्णया वा ] તૃષાથી [ श्रमेण वा ] અથવા શ્રમથી [ रूढम् ] આક્રાંત [ श्रमणं ] શ્રમણને [ दृष्ट्वा ] દેખીને [ साधुः ] સાધુ [ आत्मशक्त्या ] પોતાની શક્તિ અનુસાર [ प्रतिपद्यताम् ] વૈયાવૃત્ત્યાદિક કરો.

**ટીકાઃ**— જ્યારે શુદ્ધાત્મપરિણતિને પામેલા શ્રમણને તેમાંથી ચ્યુત કરે એવું કારણ—કોઈ પણ ઉપસર્ગ—આવી પડે, ત્યારે તે કાળ શુભોપયોગીને પોતાની શક્તિ અનુસાર *પ્રતિકાર કરવાની ઇચ્છારૂપ પ્રવૃત્તિનો કાળ છે; અને તે સિવાયનો કાળ પોતાને શુદ્ધાત્મપરિણતિની પ્રાપ્તિ માટે કેવળ નિવૃત્તિનો કાળ છે.

**ભાવાર્થઃ**—જ્યારે શુદ્ધાત્મપરિણતિને પ્રાપ્ત શ્રમણને સ્વસ્થ ભાવનો નાશ કરનાર રોગાદિક આવી પડે, ત્યારે તે પ્રસંગે શુભોપયોગી સાધુને તેમની સેવાની ઇચ્છારૂપ પ્રવૃત્તિ હોય છે, અને બાકીના કાળે શુદ્ધાત્મપરિણતિને પ્રાપ્ત કરવા માટે નિજ અનુષ્ઠાન હોય છે. ૨૫૨.

હવે લોકની સાથે વાતચીતની પ્રવૃત્તિ તેના નિમિત્તના વિભાગ સહિત દર્શાવે છે ( અર્થાત્ શુભોપયોગી શ્રમણે લોકની સાથે વાતચીતની પ્રવૃત્તિ કયા નિમિત્તે કરવાયોગ્ય છે અને કયા નિમિત્તે કરવાયોગ્ય નથી તે કહે છે ):—

સેવાનિમિત્તે રોગી-બાળક-વૃદ્ધ-ગુરુ શ્રમણો તણી,
લૌકિક જનો સહ વાત શુભ-ઉપયોગયુત નિંદિત નથી. ૨૫૩.

* પ્રતિકાર = ઉપાય; સહાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वैयावृत्त्यनिमित्तं ग्लानगुरुबालवृद्धश्रमणानाम् ।
लौकिकजनसम्भाषा न निन्दिता वा शुभोपयुता ॥ २५३ ॥

समधिगतशुद्धात्मवृत्तीनां ग्लानगुरुबालवृद्धश्रमणानां वैयावृत्त्यनिमित्तमेव शुद्धात्मवृत्ति-शून्यजनसम्भाषणं प्रसिद्धं, न पुनरन्यनिमित्तमपि ॥ २५३ ॥

अथैवमुक्तस्य शुभोपयोगस्य गौणमुख्यविभागं दर्शयति—

**एसा पसत्थभूदा समणाणं वा पुणो घरत्थाणं ।**
**चरिया परेत्ति भणिदा ताएव परं लहदि सोक्खं ॥ २५४ ॥**

---

**ण णिंदिदा** शुभोपयोगितपोधनानां न निन्दिता, न निषिद्धा । का कर्मतापन्ना । **लोगिगजणसंभासा** लौकिकजनैः सह संभाषा वचनप्रवृत्तिः । **सुहोवजुदा वा** अथवा सापि शुभोपयोगयुक्ता भण्यते । किमर्थं न निषिद्धा । **वेज्जावच्चणिमित्तं** वैयावृत्त्यनिमित्तम् । केषां वैयावृत्त्यम् । **गिलाणगुरुबालवुड्ढसमणाणं** ग्लानगुरुबालवृद्धश्रमणानाम् । अत्र गुरुशब्देन स्थूलकायो भण्यते, अथवा पूज्यो वा गुरुरिति । तथाहि—यदा कोऽपि शुभोपयोगयुक्त आचार्यः सरागचारित्रलक्षणशुभोपयोगिनां वीतरागचारित्रलक्षणशुद्धोपयोगिनां वा वैयावृत्त्यं करोति, तदाकाले तद्वैयावृत्त्यनिमित्तं लौकिकजनैः सह संभाषणं करोति, न शेषकाल इति भावार्थः ॥ २५३ ॥ एवं गाथापञ्चकेन लौकिकव्याख्यानसंबन्धिप्रथमस्थलं गतम् । अथायं वैयावृत्त्यादिलक्षणशुभोपयोगस्तपोधनैर्गौणवृत्त्या श्रावकैस्तु मुख्यवृत्त्या कर्तव्य इत्याख्याति—**भणिदा** भणिता कथिता । का कर्मतापन्ना । **चरिया** चर्या चारित्रमनुष्ठानम् । किंविशिष्टा । **एसा** एषा प्रत्यक्षीभूता । पुनश्च किंरूपा । **पसत्थभूदा** प्रशस्तभूता धर्मानुरागरूपा । केषां संबन्धिनी । **समणाणं वा** श्रमणानां वा

---

**અન્વયાર્થઃ**—[ वा ] વળી [ ग्लानगुरुबालवृद्धश्रमणानाम् ] રોગી, ગુરુ (-પૂજ્ય, વડેરા), બાળ અને વૃદ્ધ શ્રમણોની [ वैयावृत्त्यनिमित्तं ] સેવાના ( વૈયાવૃત્ત્યના ) નિમિત્તે, [ शुभोपयुता ] શુભોપયોગવાળી [ लौकिकजनसम्भाषा ] લૌકિક જનો સાથેની વાતચીત [ न निन्दिता ] નિંદિત નથી.

**ટીકાઃ**—શુદ્ધાત્મપરિણતિને પામેલા રોગી, ગુરુ, બાળ અને વૃદ્ધ શ્રમણોની સેવાના નિમિત્તે જ ( શુભોપયોગી શ્રમણને ) શુદ્ધાત્મપરિણતિશૂન્ય જનો સાથે વાતચીત પ્રસિદ્ધ છે (-શાસ્ત્રોમાં અનિષિદ્ધ છે), પરંતુ બીજા નિમિત્તે પણ પ્રસિદ્ધ છે એમ નથી. ૨૫૩.

હવે એ રીતે કહેવામાં આવેલા શુભોપયોગનો ગૌણ-મુખ્ય વિભાગ દર્શાવે છે (અર્થાત્ કોને શુભોપયોગ ગૌણ હોય છે અને કોને મુખ્ય હોય છે તે કહે છે):—

**આ શુભ ચર્યા શ્રમણને, વળી મુખ્ય હોય ગૃહસ્થને;**
**તેના વડે જ ગૃહસ્થ પામે મોક્ષસુખ ઉત્કૃષ્ટને. ૨૫૪.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**एषा प्रशस्तभूता श्रमणानां वा पुनर्गृहस्थानाम् ।**
**चर्या परेति भणिता तयैव परं लभते सौख्यम् ॥ २५४ ॥**

एवमेष शुद्धात्मानुरागयोगिप्रशस्तचर्यारूप उपवर्णितः शुभोपयोगः तदयं, शुद्धात्मप्रकाशिकां समस्तविरतिमुपेयुषां कषायकणसद्भावात्प्रवर्तमानः, शुद्धात्मवृत्तिविरुद्धरागसङ्गतत्वाद्गौणः श्रमणानां; गृहिणां तु, समस्तविरतेरभावेन शुद्धात्मप्रकाशनस्याभावात्कषायसद्भावात्प्रवर्तमानोऽपि, स्फटिकसम्पर्केणार्कतेजस इवैधसां, रागसंयोगेन शुद्धात्मनोऽनुभवात् क्रमतः परमनिर्वाणसौख्यकारणत्वाच्च, मुख्यः ॥ २५४ ॥

---

**पुणो घरत्थाणं** गृहस्थानां वा पुनरियमेव चर्या **परेत्ति** परा सर्वोत्कृष्टेति । **ताएव परं लहदि सोक्खं** तयैव शुभोपयोगचर्यया परंपरया मोक्षसुखं लभते गृहस्थ इति । तथाहि—तपोधनाः शेषतपोधनानां वैयावृत्त्यं कुर्वाणाः सन्तः कायेन किमपि निरवद्यवैयावृत्त्यं कुर्वन्ति; वचनेन धर्मोपदेशं च । शेषमौषधान्नपानादिकं गृहस्थानामधीनं, तेन कारणेन वैयावृत्त्यरूपो धर्मो गृहस्थानां मुख्यः, तपोधनानां गौणः। द्वितीयं च कारणं—निर्विकारचिच्चमत्कारभावनाप्रतिपक्षभूतेन विषयकषायनिमित्तोत्पन्नेनार्तरौद्रदुर्ध्यानद्वयेन परिणतानां गृहस्थानामात्माश्रितनिश्चयधर्मस्यावकाशो नास्ति, वैयावृत्त्यादिधर्मेण दुर्ध्यानवञ्चना भवति, तपोधनसंसर्गेण निश्चयव्यवहारमोक्षमार्गोपदेशलाभो भवति । ततश्च परंपरया निर्वाणं लभन्ते इत्यभिप्रायः ॥ २५४ ॥ एवं शुभोपयोगितपोधनानां शुभानुष्ठानकथनमुख्यतया गाथाष्टकेन द्वितीयस्थलं

---

**અન્વયાર્થઃ**—[ **एषा** ] આ [ **प्रशस्तभूता** ] પ્રશસ્તભૂત [ **चर्या** ] ચર્યા [ **श्रमणानां** ] શ્રમણોને (ગૌણ) હોય છે [ **वा गृहस्थानां पुनः** ] અને ગૃહસ્થોને તો [ **परा** ] મુખ્ય હોય છે [ **इति भणिता** ] એમ (શાસ્ત્રોમાં) કહ્યું છે; [ **तया एव** ] તેનાથી જ [ **परं सौख्यं लभते** ] (પરંપરાએ) ગૃહસ્થ પરમ સૌખ્યને પામે છે.

**ટીકાઃ**—એ રીતે શુદ્ધાત્માનુરાગયુક્ત પ્રશસ્તચર્યારૂપ જે આ શુભોપયોગ વર્ણવવામાં આવ્યો તે આ શુભોપયોગ, શુદ્ધાત્માની પ્રકાશક સર્વવિરતિને પામેલા શ્રમણોને કષાયકણના સદ્ભાવને લીધે પ્રવર્તતો, ગૌણ હોય છે, કારણ કે તે શુભોપયોગ શુદ્ધાત્મપરિણતિથી વિરુદ્ધ એવા રાગ સાથે સંબંધવાળો છે; ગૃહસ્થોને તો તે શુભોપયોગ, સર્વવિરતિના અભાવ વડે *શુદ્ધાત્મપ્રકાશનનો અભાવ હોવાથી કષાયના સદ્ભાવને લીધે પ્રવર્તતો હોવા છતાં પણ, મુખ્ય છે, કારણ કે—જેમ ઇંધનને સ્ફટિકના સંપર્કથી સૂર્યના તેજનો અનુભવ થાય છે (અને તેથી ક્રમશઃ સળગી ઊઠે છે) તેમ—ગૃહસ્થને રાગના સંયોગથી શુદ્ધાત્માનો અનુભવ થાય છે અને (તેથી તે શુભોપયોગ) ક્રમશઃ પરમ નિર્વાણસૌખ્યનું કારણ થાય છે.

**ભાવાર્થઃ**—દર્શન-અપેક્ષાએ તો શ્રમણને તેમ જ સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને શુદ્ધાત્માનો જ આશ્રય છે. પરંતુ ચારિત્ર-અપેક્ષાએ શ્રમણને મુનિયોગ્ય શુદ્ધાત્મપરિણતિ મુખ્ય હોવાથી

---

* ચારિત્રદશામાં વર્તતું જે ઉગ્ર શુદ્ધાત્મપ્રકાશન તેને જ અહીં શુદ્ધાત્મપ્રકાશન ગણ્યું છે; તેનો સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને અભાવ છે. બાકી દર્શન-અપેક્ષાએ તો સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને પણ શુદ્ધાત્માનું પ્રકાશન છે જ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ शुभोपयोगस्य कारणवैपरीत्यात् फलवैपरीत्यं साधयति—

**रागो पसत्थभूदो वत्थुविसेसेण फलदि विवरीदं ।**
**णाणाभूमिगदाणिह बीजाणिव सस्सकालम्हि ॥२५५॥**

**रागः प्रशस्तभूतो वस्तुविशेषेण फलति विपरीतम् ।**
**नानाभूमिगतानीह बीजानीव सस्यकाले ॥ २५५ ॥**

यथैकेषामपि बीजानां भूमिवैपरीत्यान्निष्पत्तिवैपरीत्यं, तथैकस्यापि प्रशस्तरागलक्षणस्य शुभोपयोगस्य पात्रवैपरीत्यात्फलवैपरीत्यं, कारणविशेषात्कार्यविशेषस्यावश्यंभावित्वात् ॥२५५॥

---

गतम् । इत ऊर्ध्वं गाथाषट्कपर्यन्तं पात्रापात्रपरीक्षामुख्यत्वेन व्याख्यानं करोति । अथ शुभोपयोगस्य पात्रभूतवस्तुविशेषात्फलविशेषं दर्शयति—**फलदि** फलति, फलं ददाति । स कः । **रागो** रागः । कथंभूतः । **पसत्थभूदो** प्रशस्तभूतो दानपूजादिरूपः । किं फलति । **विवरीदं** विपरीतमन्यादृशं भिन्नभिन्नफलम् । केन करणभूतेन । **वत्थुविसेसेण** जघन्यमध्यमोत्कृष्टभेदभिन्नपात्रभूतवस्तुविशेषेण ।

---

શુભોપયોગ ગૌણ છે અને સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને મુનિયોગ્ય શુદ્ધાત્મપરિણતિને નહિ પહોંચાતું હોવાથી અશુભવંચનાર્થે શુભોપયોગ મુખ્ય છે. સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને અશુભથી (-વિશેષ અશુદ્ધ પરિણતિથી) છૂટવા માટે વર્તતો જે આ શુભોપયોગનો પુરુષાર્થ તે પણ શુદ્ધિનો જ મંદ પુરુષાર્થ છે, કારણ કે શુદ્ધાત્મદ્રવ્યના મંદ આલંબનથી અશુભ પરિણતિ પલટાઈને શુભ પરિણતિ થાય છે અને શુદ્ધાત્મદ્રવ્યના ઉગ્ર આલંબનથી શુભ પરિણતિ પણ પલટાઈને શુદ્ધ પરિણતિ થાય છે. ૨૫૪.

હવે શુભોપયોગને કારણની વિપરીતતાથી ફળની વિપરીતતા હોય છે એમ સિદ્ધ કરે છે:—

**ફળ હોય છે વિપરીત વસ્તુવિશેષથી શુભ રાગને,**
**નિષ્પત્તિ વિપરીત હોય ભૂમિવિશેષથી જ્યમ બીજને. ૨૫૫.**

**અન્વયાર્થ:**—[ इह नानाभूमिगतानि बीजानि इव ] જેમ આ જગતમાં અનેક પ્રકારની ભૂમિમાં પડેલાં બીજ [ सस्यकाले ] ધાન્યકાળે વિપરીતપણે ફળે છે, તેમ [ प्रशस्तभूतः रागः ] પ્રશસ્ત રાગ [ वस्तुविशेषेण ] વસ્તુભેદથી (-પાત્રના ભેદથી) [ विपरीतं फलति ] વિપરીતપણે ફળે છે.

**ટીકા:**—જેમ બીજ તેનાં તે જ હોવા છતાં પણ ભૂમિની વિપરીતતાથી નિષ્પત્તિની વિપરીતતા હોય છે (અર્થાત્ સારી ભૂમિમાં ધાન્ય સારું પાકે છે અને ખરાબ ભૂમિમાં ધાન્ય ખરાબ થઈ જાય છે અથવા પાકતું જ નથી), તેમ પ્રશસ્તરાગસ્વરૂપ શુભોપયોગ તેનો તે જ હોવા છતાં પણ પાત્રની વિપરીતતાથી ફળની વિપરીતતા હોય છે કેમ કે કારણના ભેદથી કાર્યનો ભેદ અવશ્યંભાવી (અનિવાર્ય) છે. ૨૫૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ कारणवैपरीत्यफलवैपरीत्ये दर्शयति—

छदुमत्थविहिदवत्थुसु वदणियमज्झयणझाणदाणरदो ।
ण लहदि अपुणब्भावं भावं सादप्पगं लहदि ॥२५६॥

छद्मस्थविहितवस्तुषु व्रतनियमाध्ययनध्यानदानरतः ।
न लभते अपुनर्भावं भावं सातात्मकं लभते ॥२५६॥

शुभोपयोगस्य सर्वज्ञव्यवस्थापितवस्तुषु प्रणिहितस्य पुण्योपचयपूर्वकाऽपुनर्भावोपलम्भः किल फलं; तत्तु कारणवैपरीत्याद्विपर्यय एव । तत्र छद्मस्थव्यवस्थापितवस्तूनि कारणवैपरीत्यं; तेषु व्रतनियमाध्ययनध्यानदानरतत्वप्रणिहितस्य शुभोपयोगस्यापुनर्भावशून्यकेवलपुण्यापसदप्राप्तिः फलवैपरीत्यं; तत्सुदेवमनुजत्वम् ॥ २५६ ॥

---

अत्रार्थे दृष्टान्तमाह—णाणाभूमिगदाणिह बीजाणिव सस्सकालम्हि नानाभूमिगतानीह बीजानि इव सस्यकाले धान्यनिष्पत्तिकाल इति । अयमत्रार्थः—यथा जघन्यमध्यमोत्कृष्टभूमिविशेषेण तान्येव बीजानि भिन्नभिन्नफलं प्रयच्छन्ति, तथा स एव बीजस्थानीयशुभोपयोगो भूमिस्थानीयपात्रभूतवस्तुविशेषेण भिन्नभिन्नफलं ददाति । तेन किं सिद्धम् । यदा पूर्वसूत्रकथितन्यायेन सम्यक्त्वपूर्वकः शुभोपयोगो भवति तदा मुख्यवृत्त्या पुण्यबन्धो भवति, परंपरया निर्वाणं च । नो चेत्पुण्यबन्धमात्रमेव ॥ २५५ ॥ अथ कारणवैपरीत्यात्फलमपि विपरीतं भवतीति तमेवार्थं द्रढयति—ण लहदि न लभते । स कः कर्ता ।

---

હવે કારણની વિપરીતતા અને ફળની વિપરીતતા દર્શાવે છેઃ—

છદ્મસ્થ-અભિહિત ધ્યાનદાને વ્રતનિયમપઠનાદિકે
રત જીવ મોક્ષ લહે નહીં, બસ ભાવ શાતાત્મક લહે. ૨૫૬.

**અન્વયાર્થઃ**—[ छद्मस्थविहितवस्तुषु ] જે જીવ છદ્મસ્થવિહિત વસ્તુઓને વિષે (છદ્મસ્થ-અજ્ઞાનીએ કહેલા દેવગુરુધર્માદિને વિષે) [ व्रतनियमाध्ययनध्यानदानरतः ] વ્રત-નિયમ-અધ્યયન-ધ્યાન-દાનમાં રત હોય તે જીવ [ अपुनर्भावं ] મોક્ષને [ न लभते ] પામતો નથી, [ सातात्मकं भावं ] શાતાત્મક ભાવને [ लभते ] પામે છે.

**ટીકાઃ**—સર્વજ્ઞસ્થાપિત વસ્તુઓમાં જોડેલા શુભોપયોગનું ફળ પુણ્યસંચયપૂર્વક મોક્ષની પ્રાપ્તિ છે. તે ફળ, કારણની વિપરીતતા થવાથી વિપરીત જ થાય છે. ત્યાં, છદ્મસ્થસ્થાપિત વસ્તુઓ તે કારણવિપરીતતા છે; તેમાં વ્રત-નિયમ-અધ્યયન-ધ્યાન-દાનરતપણે જોડેલા શુભોપયોગનું ફળ જે મોક્ષશૂન્ય કેવળ †પુણ્યાપસદની પ્રાપ્તિ તે ફળવિપરીતતા છે; તે ફળ સુદેવમનુષ્યપણું છે. ૨૫૬.

---

† પુણ્યાપસદ = પુણ્ય-અપસદ; અધમ પુણ્ય; હત પુણ્ય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ कारणवैपरीत्यफलवैपरीत्ये एव व्याख्याति—

अविदिदपरमत्थेसु य विसयकसायाधिगेसु पुरिसेसु ।
जुट्ठं कदं व दत्तं फलदि कुदेवेसु मणुवेसु ॥२५७॥

अविदितपरमार्थेषु च विषयकषायाधिकेषु पुरुषेषु ।
जुष्टं कृतं वा दत्तं फलति कुदेवेषु मनुजेषु ॥ २५७ ॥

यानि हि छद्मस्थव्यवस्थापितवस्तूनि कारणवैपरीत्यं; ते खलु शुद्धात्मपरिज्ञानशून्यतयानवाप्तशुद्धात्मवृत्तितया चाविदितपरमार्था विषयकषायाधिकाः पुरुषाः। तेषु शुभोपयोगात्मकानां जुष्टोपकृतदत्तानां या केवलपुण्यापसदप्राप्तिः फलवैपरीत्यं; तत्कुदेवमनुजत्वम् ॥ २५७ ॥

---

वदणियमज्झयणझाणदाणरदो व्रतनियमाध्ययनध्यानदानरतः । केषु विषये यानि व्रतादीनि । छदुमत्थविहिदवत्थुसु छद्मस्थविहितवस्तुषु अल्पज्ञानिपुरुषव्यवस्थापितपात्रभूतवस्तुषु । इत्थंभूतः पुरुषः कं न लभते । अपुणब्भावं अपुनर्भवशब्दवाच्यं मोक्षम् । तर्हि किं लभते । भावं सादप्पगं लहदि भावं सातात्मकं लभते । भावशब्देन सुदेवमनुष्यत्वपर्यायो ग्राह्यः । स च कथंभूतः । सातात्मकः सद्वेद्योदयरूप इति । तथाहि—ये केचन निश्चयव्यवहारमोक्षमार्गं न जानन्ति, पुण्यमेव मुक्तिकारणं भणन्ति, ते छद्मस्थशब्देन गृह्यन्ते, न च गणधरदेवादयः । तैः छद्मस्थैरज्ञानिभिः शुद्धात्मोपदेशशून्यैर्ये दीक्षितास्तानि छद्मस्थविहितवस्तूनि भण्यन्ते । तत्पात्रसंसर्गेण यद्व्रतनियमाध्ययनदानादिकं करोति तदपि शुद्धात्मभावनानुकूलं न भवति, ततः कारणान्मोक्षं न लभते । सुदेवमनुष्यत्वं लभत इत्यर्थः ॥ २५६ ॥ अथ सम्यक्त्वव्रतरहितपात्रेषु भक्तानां कुदेवमनुजत्वं भवतीति प्रतिपादयति—फलदि फलति ।

---

હવે (આ ગાથામાં પણ) કારણવિપરીતતા અને ફળવિપરીતતા જ સમજાવે છે:—

પરમાર્થથી અનભિજ્ઞ, વિષયકષાયઅધિક જનો પરે
ઉપકાર-સેવા-દાન સર્વ કુદેવમનુજપણે ફળે. ૨૫૭.

અન્વયાર્થ:—[अविदितपरमार्थेषु] જેમણે પરમાર્થને જાણ્યો નથી [च] અને [विषयकषायाधिकेषु] જેઓ વિષયકષાયે અધિક છે [पुरुषेषु] એવા પુરુષો પ્રત્યેની [जुष्टं कृतं वा दत्तं] સેવા, ઉપકાર કે દાન [कुदेवेषु मनुजेषु] કુદેવપણે અને કુમનુષ્યપણે [फलति] ફળે છે.

ટીકા:—જે છદ્મસ્થસ્થાપિત વસ્તુઓ તે કારણવિપરીતતા છે; તે (વિપરીત કારણો) ખરેખર (૧) શુદ્ધાત્માના જ્ઞાનથી શૂન્યપણાને લીધે 'પરમાર્થના અજાણ' અને (૨) શુદ્ધાત્મપરિણતિને નહિ પ્રાપ્ત કરી હોવાને લીધે 'વિષયકષાયે અધિક' એવા પુરુષો છે. તેમના પ્રત્યે શુભોપયોગાત્મક જીવોને—સેવા, ઉપકાર કે દાન કરનારા જીવોને—જે કેવળ પુણ્યાપસદની પ્રાપ્તિ તે ફળવિપરીતતા છે; તે (ફળ) કુદેવ-મનુષ્યપણું છે. ૨૫૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ कारणवैपरीत्यात् फलमविपरीतं न सिध्यतीति श्रद्धापयति—

जदि ते विसयकसाया पाव त्ति परूविदा व सत्थेसु ।
किह ते तप्पडिबद्धा पुरिसा णित्थारगा होंति ॥२५८॥

यदि ते विषयकषायाः पापमिति प्ररूपिता वा शास्त्रेषु ।
कथं ते तत्प्रतिबद्धाः पुरुषा निस्तारका भवन्ति ॥२५८॥

विषयकषायास्तावत्पापमेव; तद्वन्तः पुरुषा अपि पापमेव; तदनुरक्ता अपि पापानुरक्तत्वात् पापमेव भवन्ति । ततो विषयकषायवन्तः स्वानुरक्तानां पुण्यायापि न कल्प्यन्ते, कथं पुनः संसारनिस्तारणाय । ततो न तेभ्यः फलमविपरीतं सिध्येत् ॥ २५८॥

---

केषु । कुदेवेसु मणुवेसु कुत्सितदेवेषु मनुजेषु । किं कर्तृ । जुट्ठं जुष्टं सेवा कृता, कदं व कृतं वा किमपि वैयावृत्त्यादिकम्, दत्तं दत्तं किमप्याहारादिकम् । केषु । पुरिसेसु पुरुषेषु पात्रेषु । किंविशिष्टेषु । अविदिदपरमत्थेसु य अविदितपरमार्थेषु च, परमात्मतत्त्वश्रद्धानज्ञानशून्येषु । पुनरपि किंरूपेषु । विसयकसायाधिगेसु विषयकषायाधिकेषु, विषयकषायाधीनत्वेन निर्विषयशुद्धात्मस्वरूपभावनारहितेषु इत्यर्थः ॥ २५७॥ अथ तमेवार्थं प्रकारान्तरेण दृढयति—जदि ते विसयकसाया पाव त्ति परूविदा व सत्थेसु यदि चेत् ते विषयकषायाः पापमिति प्ररूपिताः शास्त्रेषु, किह ते तप्पडिबद्धा

---

હવે કારણની વિપરીતતાથી અવિપરીત ફળ સિદ્ધ થતું નથી એમ શ્રદ્ધા કરાવે છેઃ—

'વિષયો કષાયો પાપ છે' જો એમ નિરૂપણ શાસ્ત્રમાં,
તો કેમ તત્પ્રતિબદ્ધ પુરુષો હોય રે નિસ્તારકા? ૨૫૮.

અન્વયાર્થઃ—[यदि वा] જો '[ते विषयकषायाः] તે વિષયકષાયો [पापम्] પાપ છે' [इति] એમ [शास्त्रेषु] શાસ્ત્રોમાં [प्ररूपिताः] પ્રરૂપણ કરવામાં આવ્યું છે, તો [तत्प्रतिबद्धाः] તેમાં પ્રતિબદ્ધ (વિષયકષાયોમાં લીન) [ते पुरुषाः] તે પુરુષો [निस्तारकाः] †નિસ્તારક [कथं भवन्ति] કેમ હોઈ શકે?

ટીકાઃ—પ્રથમ તો વિષયકષાયો પાપ જ છે; વિષયકષાયવંત પુરુષો પણ પાપ જ છે; વિષયકષાયવંત પુરુષો પ્રત્યે અનુરક્ત જીવો પણ પાપમાં અનુરક્ત હોવાથી પાપ જ છે. તેથી વિષયકષાયવંત પુરુષો સ્વાનુરક્ત (પોતાના પ્રત્યે અનુરાગવાળા) પુરુષોને પુણ્યનું કારણ પણ થતા નથી તો પછી સંસારથી નિસ્તારનું કારણ તો કેમ થાય? (ન જ થાય.) માટે તેમનાથી અવિપરીત ફળ સિદ્ધ થતું નથી (અર્થાત્ વિષયકષાયવંત પુરુષોરૂપ વિપરીત કારણનું ફળ અવિપરીત હોતું નથી). ૨૫૮.

---

† નિસ્તારક = નિસ્તાર કરનારા; તારનારા; પાર ઉતારનારા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथाविपरीतफलकारणं कारणमविपरीतं दर्शयति—

उवरदपावो पुरिसो समभावो धम्मिगेसु सव्वेसु ।
गुणसमिदिदोवसेवी हवदि स भागी सुमग्गस्स ॥२५९॥

उपरतपापः पुरुषः समभावो धार्मिकेषु सर्वेषु ।
गुणसमितितोपसेवी भवति स भागी सुमार्गस्य ॥ २५९ ॥

उपरतपापत्वेन, सर्वधर्मिमध्यस्थत्वेन, गुणग्रामोपसेवित्वेन च सम्यग्दर्शनज्ञानचारित्रयौगपद्यपरिणतिनिर्वृत्तैकाग्र्यात्मकसुमार्गभागी, स श्रमणः स्वयं परस्य मोक्षपुण्यायतनत्वादविपरीतफलकारणं कारणमविपरीतं प्रत्येयम् ॥ २५९ ॥

---

पुरिसा णित्थारगा होंति कथं ते तत्प्रतिबद्धा विषयकषायप्रतिबद्धाः पुरुषा निस्तारकाः संसारोत्तारका दातॄणाम्, न कथमपीति । एतदुक्तं भवति—विषयकषायास्तावत्पापस्वरूपास्तद्वन्तः पुरुषा अपि पापा एव, ते च स्वकीयभक्तानां दातॄणां पुण्यविनाशका एवेति ॥ २५८ ॥ अथ पात्रभूततपोधनलक्षणं कथयति—उपरतपापत्वेन, सर्वधार्मिकसमदर्शित्वेन, गुणग्रामसेवकत्वेन च स्वस्य मोक्षकारणत्वात्परेषां पुण्यकारणत्वाच्चेत्थंभूतगुणयुक्तः पुरुषः सम्यग्दर्शनज्ञानचारित्रैकाग्र्यलक्षणनिश्चयमोक्षमार्गस्य भाजनं भवतीति ॥ २५९ ॥ अथ तेषामेव पात्रभूततपोधनानां प्रकारान्तरेण लक्षणमुपलक्षयति—शुद्धोपयोगशुभोपयोगपरिणतपुरुषाः पात्रं भवन्तीति । तद्यथा—निर्विकल्पसमाधिबलेन शुभाशुभोपयोगद्वयरहितकाले कदाचिद्वीतरागचारित्रलक्षणशुद्धोपयोगयुक्ताः, कदाचित्पुनर्मोहद्वेषाशुभरागरहितकाले सरागचारित्रलक्षणशुभोप-

---

હવે અવિપરીત ફળનું કારણ એવું જે 'અવિપરીત કારણ' તે દર્શાવે છેઃ—

તે પુરુષ જાણ સુમાર્ગશાળી, પાપ-ઉપરમ જેહને,
સમભાવ જ્યાં સૌ ધાર્મિકે, ગુણસમૂહસેવન જેહને. ૨૫૯.

**અન્વયાર્થઃ**—[ उपरतपापः ] જેને પાપ વિરામ પામ્યું છે, [ सर्वेषु धार्मिकेषु समभावः ] જે સર્વ ધાર્મિકો પ્રત્યે સમભાવવાળો છે અને [ गुणसमितितोपसेवी ] જે ગુણસમુદાયને સેવનારો છે [ सः पुरुषः ] તે પુરુષ [ सुमार्गस्य भागी भवति ] સુમાર્ગવંત છે.

**ટીકાઃ**—પાપ વિરામ પામ્યું હોવાથી, સર્વ ધર્મીઓ પ્રત્યે પોતે મધ્યસ્થ હોવાથી અને ગુણસમૂહને સેવતો હોવાથી જે શ્રમણ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રના યુગપદ્‌પણારૂપ પરિણતિથી રચાયેલી એકાગ્રતાસ્વરૂપ *સુમાર્ગનો ભાગી છે, તે શ્રમણ પોતાને અને પરને મોક્ષનું અને પુણ્યનું આયતન (સ્થાન) છે તેથી તે (શ્રમણ) અવિપરીત ફળનું કારણ એવું 'અવિપરીત કારણ' છે એમ પ્રતીતિ કરવી. ૨૫૯.

---

* સુમાર્ગનો ભાગી = સુમાર્ગશાળી; સુમાર્ગવંત; સુમાર્ગનું ભાજન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथाविपरीतफलकारणं कारणमविपरीतं व्याख्याति—

असुभोवयोगरहिदा सुद्धुवजुत्ता सुहोवजुत्ता वा ।
णित्थारयंति लोगं तेसु पसत्थं लहदि भत्तो ॥२६०॥

अशुभोपयोगरहिताः शुद्धोपयुक्ताः शुभोपयुक्ता वा ।
निस्तारयन्ति लोकं तेषु प्रशस्तं लभते भक्तः ॥ २६० ॥

यथोक्तलक्षणा एव श्रमणा मोहद्वेषाप्रशस्तरागोच्छेदादशुभोपयोगवियुक्ताः सन्तः, सकलकषायोदयविच्छेदात् कदाचित् शुद्धोपयुक्ताः प्रशस्तरागविपाकात्कदाचिच्छुभोपयुक्ताः, स्वयं मोक्षायतनत्वेन लोकं निस्तारयन्ति; तद्भक्तिभावप्रवृत्तप्रशस्तभावा भवन्ति परे च पुण्यभाजः ॥ २६० ॥

---

योगयुक्ताः सन्तो भव्यलोकं निस्तारयन्ति, तेषु च भक्तो भव्यवरपुण्डरीकः प्रशस्तफलभूतं स्वर्गं लभते, परंपरया मोक्षं चेति भावार्थः ॥२६०॥ एवं पात्रापात्रपरीक्षाकथनमुख्यतया गाथाषट्केन तृतीयस्थलं गतम् । इत ऊर्ध्वं आचारकथितक्रमेण पूर्वं कथितमपि पुनरपि दृढीकरणार्थं विशेषेण तपोधनसमाचारं कथयति । अथाभ्यागततपोधनस्य दिनत्रयपर्यन्तं सामान्यप्रतिपत्तिं, तदनन्तरं विशेषप्रतिपत्तिं दर्शयति—वट्टदु

---

હવે અવિપરીત ફળનું કારણ એવું જે 'અવિપરીત કારણ' તે વિશેષ સમજાવે છેઃ—

અશુભોપયોગરહિત શ્રમણો—શુદ્ધ વા શુભયુક્ત જે,
તે લોકને તારે; અને તદ્ભક્ત પામે પુણ્યને. ૨૬૦.

**અન્વયાર્થઃ**—[ अशुभोपयोगरहिताः ] જેઓ અશુભોપયોગરહિત વર્તતા થકા [ शुद्धोपयुक्ताः ] શુદ્ધોપયુક્ત [ वा ] અથવા [ शुभोपयुक्ताः ] શુભોપયુક્ત હોય છે, તેઓ ( તે શ્રમણો ) [ लोकं निस्तारयन्ति ] લોકને તારે છે; ( અને ) [ तेषु भक्तः ] તેમના પ્રત્યે ભક્તિવાળો જીવ [ प्रशस्तं ] પ્રશસ્તને (–પુણ્યને ) [ लभते ] પામે છે.

**ટીકાઃ**—યથોક્તલક્ષણ શ્રમણો જ ( અર્થાત્ જેવા કહ્યા તેવા જ શ્રમણો )—કે જેઓ મોહ, દ્વેષ અને અપ્રશસ્ત રાગના ઉચ્છેદને લીધે અશુભોપયોગરહિત વર્તતા થકા, સમસ્ત કષાયોદયના વિચ્છેદથી કદાચિત્ (–ક્યારેક) શુદ્ધોપયુક્ત ( શુદ્ધોપયોગમાં જોડાયેલા ) અને પ્રશસ્ત રાગના વિપાકથી કદાચિત શુભોપયુક્ત હોય છે તેઓ—પોતે મોક્ષાયતન ( મોક્ષનું સ્થાન) હોવાથી લોકને તારે છે; અને તેમના પ્રત્યે ભક્તિભાવથી જેમને પ્રશસ્ત ભાવ પ્રવર્તે છે એવા પર જીવો †પુણ્યના ભાગી થાય છે. ૨૬૦.

---

† પુણ્યના ભાગી = પુણ્યશાળી; પુણ્યને ભોગવનારા; પુણ્યનાં ભાજન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथाविपरीतफलकारणाविपरीतकारणसमुपासनप्रवृत्तिं सामान्यविशेषतो विधेयतया सूत्रद्वैतेनोपदर्शयति—

दिट्ठा पगदं वत्थुं अब्भुट्ठाणप्पधाणकिरियाहिं ।
वट्टदु तदो गुणादो विसेसिदव्वो त्ति उवदेसो ॥२६१॥

दृष्ट्वा प्रकृतं वस्त्वभ्युत्थानप्रधानक्रियाभिः ।
वर्ततां ततो गुणाद्विशेषितव्य इति उपदेशः ॥ २६१ ॥

श्रमणानामात्मविशुद्धिहेतौ प्रकृते वस्तुनि तदनुकूलक्रियाप्रवृत्त्या गुणातिशयाधानमप्रतिषिद्धम् ॥ २६१ ॥

---

वर्तताम् । स कः । अत्रत्य आचार्यः । किं कृत्वा । दिट्ठा दृष्ट्वा । किम् । वत्थुं तपोधनभूतं पात्रं वस्तु । किंविशिष्टम् । पगदं प्रकृतं अभ्यन्तरनिरुपरागशुद्धात्मभावनाज्ञापकबहिरङ्गनिर्ग्रन्थनिर्विकाररूपम् । काभिः कृत्वा वर्तताम् । अब्भुट्ठाणप्पधाणकिरियाहिं अभ्यागतयोग्याचारविहिताभिरभ्युत्थानादिक्रियाभिः । तदो गुणादो ततो दिनत्रयानन्तरं गुणाद्गुणविशेषात् विसेसिदव्वो तेन आचार्येण स तपोधनो रत्नत्रयभावनावृद्धि-

---

હવે અવિપરીત ફળનું કારણ એવું જે 'અવિપરીત કારણ' તેની ઉપાસનારૂપ પ્રવૃત્તિ સામાન્યપણે અને વિશેષપણે કરવાયોગ્ય છે એમ બે સૂત્રોથી દર્શાવે છેઃ—

પ્રકૃત વસ્તુ દેખી અભ્યુત્થાન આદિ ક્રિયા થકી
વર્તો શ્રમણ, પછી વર્તનીય ગુણાનુસાર વિશેષથી. ૨૬૧.

અન્વયાર્થઃ—[प्रकृतं वस्तु] *પ્રકૃત વસ્તુને [दृष्ट्वा] દેખીને (પ્રથમ તો) [अभ्युत्थानप्रधानक्रियाभिः] †અભ્યુત્થાન આદિ ક્રિયાઓ વડે [वर्तताम्] (શ્રમણ) વર્તો; [ततः] પછી [गुणात्] ગુણ પ્રમાણે [विशेषितव्यः] ભેદ પાડવો.—[इति उपदेशः] આમ ઉપદેશ છે.

ટીકાઃ—શ્રમણોને આત્મવિશુદ્ધિના હેતુભૂત પ્રકૃત વસ્તુ (-શ્રમણ) પ્રત્યે તેને યોગ્ય (શ્રમણયોગ્ય) ક્રિયારૂપ પ્રવૃત્તિ વડે ગુણાતિશયતાનું આરોપણ કરવાનો નિષેધ નથી.

ભાવાર્થઃ—જો કોઈ શ્રમણ અન્ય શ્રમણને દેખે તો પ્રથમ તો, જાણે કે તે અન્ય શ્રમણ ગુણાતિશયતાવાળા હોય એમ તેમના પ્રત્યે (અભ્યુત્થાનાદિક) વ્યવહાર કરવો. પછી તેમનો પરિચય થયા બાદ તેમના ગુણ અનુસાર વર્તન કરવું. ૨૬૧.

---

* પ્રકૃત વસ્તુ = અવિકૃત વસ્તુ; અવિપરીત પાત્ર. (અભ્યંતર-નિરુપરાગ-શુદ્ધ-આત્માની ભાવનાને જણાવનારું જે બહિરંગ-નિર્ગ્રંથ-નિર્વિકાર-રૂપ તે રૂપવાળા શ્રમણને અહીં 'પ્રકૃત વસ્તુ' કહેલ છે.)

† અભ્યુત્થાન = માનાર્થે ઊભા થઈ જવું અને સામા જવું તે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अब्भुट्ठाणं गहणं उवासणं पोसणं च सक्कारं ।
अंजलिकरणं पणमं भणिदं इह गुणाधिगाणं हि ॥२६२॥

अभ्युत्थानं ग्रहणमुपासनं पोषणं च सत्कारः ।
अञ्जलिकरणं प्रणामो भणितमिह गुणाधिकानां हि ॥ २६२ ॥

**श्रमणानां स्वतोऽधिकगुणानामभ्युत्थानग्रहणोपासनपोषणसत्काराञ्जलिकरणप्रणामप्रवृत्तयो न प्रतिषिद्धाः ॥ २६२ ॥**

---

कारणक्रियाभिर्विशेषितव्यः त्ति उवदेसो इत्युपदेशः सर्वज्ञगणधरदेवादीनामिति ॥ २६१ ॥ अथ तमेव विशेषं कथयति । **भणिदं** भणितं कथितं इह अस्मिन्ग्रन्थे । केषां संबन्धी । **गुणाधिगाणं हि** गुणाधिकतपोधनानां हि स्फुटम् । किं भणितम् । **अब्भुट्ठाणं गहणं उवासणं पोसणं च सक्कारं अंजलिकरणं पणमं** अभ्युत्थानग्रहणोपासनपोषणसत्काराञ्जलिकरणप्रणामादिकम् । अभिमुखगमनमभ्युत्थानम्, ग्रहणं स्वीकारः, उपासनं शुद्धात्मभावनासहकारिकारणनिमित्तं सेवा, तदर्थमेवाशनशयनादिचिन्ता पोषणम्, भेदाभेदरत्नत्रयगुणप्रकाशनं सत्कारः, बद्धाञ्जलिनमस्कारोऽञ्जलिकरणम्, नमोऽस्त्वितिवचनव्यापारः प्रणाम इति ॥ २६२ ॥ अथाभ्यागतानां तदेवाभ्युत्थानादिकं प्रकारान्तरेण निर्दिशति—**अब्भुट्ठेया** यद्यपि चारित्रगुणेनाधिका न भवन्ति, तपसा वा, तथापि सम्यग्ज्ञानगुणेन ज्येष्ठत्वाच्छ्रुतविनयार्थमभ्युत्थेयाः अभ्युत्थानयोग्या भवन्ति । के ते । **समणा** श्रमणा निर्ग्रन्थाचार्याः । किंविशिष्टाः । **सुत्तत्थविसारदा** विशुद्धज्ञानदर्शनस्वभावपरमात्मतत्त्वप्रभृत्यनेकान्तात्मकपदार्थेषु वीतरागसर्वज्ञप्रणीतमार्गेण प्रमाणनयनिक्षेपैर्विचारचतुरचेतसः सूत्रार्थविशारदाः । न केवलमभ्युत्थेयाः, **उवासेया** परमचिज्ज्योतिःपरमात्मपदार्थ-

---

( એ રીતે પહેલું સૂત્ર કહીને હવે એ વિષયનું બીજું સૂત્ર કહે છેઃ—)

ગુણથી અધિક શ્રમણો પ્રતિ સત્કાર, અભ્યુત્થાન ને
અંજલિકરણ, પોષણ, ગ્રહણ, સેવન અહીં ઉપદિષ્ટ છે. ૨૬૨.

**અન્વયાર્થઃ**—[गुणाधिकानां हि] ગુણાધિક (ગુણે અધિક શ્રમણો) પ્રત્યે [अभ्युत्थानं] અભ્યુત્થાન, [ग्रहणं] ગ્રહણ (આદરથી સ્વીકાર), [उपासनं] ઉપાસન, [पोषणं] પોષણ (તેમનાં અશન, શયન વગેરેની ચિંતા), [सत्कारः] સત્કાર (ગુણપ્રશંસા), [अञ्जलिकरणं] અંજલિકરણ (વિનયથી હાથ જોડવા) [च] અને [प्रणामः] પ્રણામ કરવાનું [इह] અહીં [भणितम्] કહ્યું છે.

**ટીકાઃ**—શ્રમણોને પોતાનાથી અધિક ગુણવાળા (શ્રમણો) પ્રત્યે અભ્યુત્થાન, ગ્રહણ, ઉપાસન, પોષણ, સત્કાર, અંજલિકરણ અને પ્રણામરૂપ પ્રવૃત્તિઓ નિષિદ્ધ નથી. ૨૬૨.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ श्रमणाभासेषु सर्वाः प्रवृत्तीः प्रतिषेधयति—

**अब्भुट्ठेया समणा सुत्तत्थविसारदा उवासेया ।**
**संजमतवणाणड्ढा पणिवदणीया हि समणेहिं ॥२६३॥**

अभ्युत्थेयाः श्रमणाः सूत्रार्थविशारदा उपासेयाः ।
संयमतपोज्ञानाढ्याः प्रणिपतनीया हि श्रमणैः ॥ २६३ ॥

सूत्रार्थवैशारद्यप्रवर्तितसंयमतपःस्वतत्त्वज्ञानानामेव श्रमणानामभ्युत्थानादिकाः प्रवृत्तयोऽप्रतिषिद्धा, इतरेषां तु श्रमणाभासानां ताः प्रतिषिद्धा एव ॥ २६३ ॥

---

परिज्ञानार्थमुपासेयाः परमभक्त्या सेवनीयाः । **संजमतवणाणड्ढा पणिवदणीया हि** संयमतपोज्ञानाढ्याः प्रणिपतनीयाः हि स्फुटं । बहिरङ्गेन्द्रियसंयमप्राणसंयमबलेनाभ्यन्तरे स्वशुद्धात्मनि यत्नपरत्वं संयमः । बहिरङ्गानशनादितपोबलेनाभ्यन्तरे परद्रव्येच्छानिरोधेन च स्वस्वरूपे प्रतपनं विजयनं तपः । बहिरङ्गपरमागमाभ्यासेनाभ्यन्तरे स्वसंवेदनज्ञानं सम्यग्ज्ञानम् । एवमुक्तलक्षणैः संयमतपोज्ञानैराढ्याः परिपूर्णा यथासंभवं प्रतिवन्दनीयाः । कैः । **समणेहिं** श्रमणैरिति । अत्रेदं तात्पर्यम्—ये बहुश्रुता अपि चारित्राधिका न भवन्ति, तेऽपि परमागमाभ्यासनिमित्तं यथायोग्यं वन्दनीयाः । द्वितीयं च कारणम्— ते सम्यक्त्वे ज्ञाने च पूर्वमेव दृढतराः, अस्य तु नवतरतपोधनस्य सम्यक्त्वे ज्ञाने चापि दार्ढ्यं नास्ति । तर्हि स्तोकचारित्राणां किमर्थमागमे वन्दनादिनिषेधः कृत इति चेत् । अतिप्रसंगनिषेधार्थमिति ॥ २६३ ॥

---

હવે શ્રમણાભાસો પ્રત્યે સર્વ પ્રવૃત્તિઓ નિષેધે છે:—

**મુનિ સૂત્ર-અર્થપ્રવીણ સંયમજ્ઞાનતપસમૃદ્ધને**
**પ્રણિપાત, અભ્યુત્થાન, સેવા સાધુએ કર્તવ્ય છે. ૨૬૩.**

**અન્વયાર્થઃ**—[ श्रमणैः हि ] શ્રમણોએ [ सूत्रार्थविशारदाः ] સૂત્રાર્થવિશારદ (સૂત્રોના અને સૂત્રકથિત પદાર્થોના જ્ઞાનમાં નિપુણ) તથા [ संयमतपोज्ञानाढ्याः ] સંયમતપજ્ઞાનાઢ્ય (સંયમ, તપ અને આત્મજ્ઞાનમાં સમૃદ્ધ) [ श्रमणाः ] શ્રમણો પ્રત્યે [ अभ्युत्थेयाः उपासेयाः प्रणिपतनीयाः ] અભ્યુત્થાન, ઉપાસના અને *પ્રણિપાત કરવાયોગ્ય છે.

**ટીકાઃ**—જેમને સૂત્રોમાં અને પદાર્થોમાં વિશારદપણા વડે સંયમ, તપ અને સ્વતત્ત્વનું જ્ઞાન પ્રવર્તે છે તે શ્રમણો પ્રત્યે જ અભ્યુત્થાનાદિક પ્રવૃત્તિઓ અનિષિદ્ધ છે, પરંતુ તે સિવાય બીજા શ્રમણાભાસો પ્રત્યે તે પ્રવૃત્તિઓ નિષિદ્ધ જ છે. ૨૬૩.

---

* પ્રણિપાત = સાષ્ટાંગ પ્રણામ; પગે પડવું તે; પ્રણામ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ कीदृशः श्रमणाभासो भवतीत्याख्याति—

**ण हवदि समणो त्ति मदो संजमतवसुत्तसंपजुत्तो वि ।**
**जदि सद्दहदि ण अत्थे आदपधाणे जिणक्खादे ॥२६४॥**

न भवति श्रमण इति मतः संयमतपःसूत्रसम्प्रयुक्तोऽपि ।
यदि श्रद्धत्ते नार्थानात्मप्रधानान् जिनाख्यातान् ॥ २६४ ॥

आगमज्ञोऽपि, संयतोऽपि, तपःस्थोऽपि, जिनोदितमनन्तार्थनिर्भरं विश्वं स्वेनात्मना ज्ञेयत्वेन निष्पीतत्वादात्मप्रधानमश्रद्दधानः श्रमणाभासो भवति ॥ २६४ ॥

---

अथ श्रमणाभासः कीदृशो भवतीति पृष्टे प्रत्युत्तरं ददाति—**ण हवदि समणो** स श्रमणो न भवति **त्ति मदो** इति मतः सम्मतः । क्व । आगमे । कथंभूतोऽपि । **संजमतवसुत्तसंपजुत्तो वि** संयमतपःश्रुतैः संप्रयुक्तोऽपि सहितोऽपि । यदि किम् । **जदि सद्दहदि ण** यदि चेन्मूढत्रयादिपञ्चविंशतिसम्यक्त्वमलसहितः सन् न श्रद्धत्ते, न रोचते, न मन्यते । कान् । **अत्थे** पदार्थान् । कथंभूतान् । **आदपधाणे** निर्दोषिपरमात्मप्रभृतीन् । पुनरपि कथंभूतान् । **जिणक्खादे** वीतरागसर्वज्ञजिनेश्वरेणाख्यातान्, दिव्यध्वनिना प्रणीतान्, गणधरदेवैर्ग्रन्थविरचितानित्यर्थः ॥ २६४ ॥ अथ मार्गस्थश्रमणदूषणे दोषं दर्शयति—**अववददि** अपवदति दूषयत्यपवादं करोति । स कः । **जो हि** यः कर्ता हि स्फुटम् ।

---

**હવે કેવો જીવ શ્રમણાભાસ છે તે કહે છે:—**

**શાસ્ત્રે કહ્યું—તપસૂત્રસંયમયુક્ત પણ સાધુ નહીં,**
**જિન-ઉક્ત આત્મપ્રધાન સર્વ પદાર્થ જો શ્રદ્ધે નહીં. ૨૬૪.**

**અન્વયાર્થ:**—[ संयमतपःसूत्रसम्प्रयुक्तः अपि ] સૂત્ર, સંયમ અને તપથી સંયુક્ત હોવા છતાં પણ [ यदि ] જો (તે જીવ) [ जिनाख्यातान् ] જિનોક્ત [ आत्मप्रधानान् ] આત્મપ્રધાન [ अर्थान् ] પદાર્થોને [ न श्रद्धत्ते ] શ્રદ્ધતો નથી તો તે [ श्रमणः न भवति ] શ્રમણ નથી —[ इति मतः ] એમ (આગમમાં) કહ્યું છે.

**ટીકા:**—આગમનો જાણનાર હોવા છતાં પણ, સંયત હોવા છતાં પણ, તપમાં સ્થિત હોવા છતાં પણ, જિનોક્ત અનંત પદાર્થોથી ભરેલા વિશ્વને—કે જે (વિશ્વ) પોતાના આત્મા વડે જ્ઞેયપણે પી જવાતું હોવાથી †આત્મપ્રધાન છે તેને—જે જીવ શ્રદ્ધતો નથી તે શ્રમણાભાસ છે. ૨૬૪.

† આત્મપ્રધાન = આત્મા જેમાં પ્રધાન છે એવું. [ આત્મા સમસ્ત વિશ્વને જાણે છે તેથી તે વિશ્વમાં—વિશ્વના સમસ્ત પદાર્થોમાં—પ્રધાન છે. ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ श्रामण्येन सममननुमन्यमानस्य विनाशं दर्शयति—

अववददि सासणत्थं समणं दिट्ठा पदोसदो जो हि ।
किरियासु णाणुमण्णदि हवदि हि सो णट्ठचारित्तो ॥२६५॥

अपवदति शासनस्थं श्रमणं दृष्ट्वा प्रद्वेषतो यो हि ।
क्रियासु नानुमन्यते भवति हि स नष्टचारित्रः ॥ २६५ ॥

**श्रमणं शासनस्थमपि प्रद्वेषादपवदतः क्रियास्वननुमन्यमानस्य च प्रद्वेषकषायितत्वात् चारित्रं नश्यति ॥ २६५ ॥**

---

कम् । **समणं** श्रमणं तपोधनम् । कथंभूतम् । **सासणत्थं** शासनस्थं निश्चयव्यवहारमोक्षमार्गस्थम् । कस्मात् । **पदोसदो** निर्दोषिपरमात्मभावनाविलक्षणात् प्रद्वेषात्कषायात् । किं कृत्वा पूर्वम् । **दिट्ठा** दृष्ट्वा । न केवलं अपवदति, **णाणुमण्णदि** नानुमन्यते । कासु विषये । **किरियासु** यथायोग्यं वन्दनादिक्रियासु । **हवदि हि सो** भवति हि स्फुटं सः । किंविशिष्टः । **णट्ठचारित्तो** कथंचिदतिप्रसंगान्नष्टचारित्रो भवतीति । तथाहि—मार्गस्थतपोधनं दृष्ट्वा यदि कथंचिन्मात्सर्यवशाद्दोषग्रहणं करोति तदा चारित्रभ्रष्टो भवति स्फुटं; पश्चादात्मनिन्दां कृत्वा निवर्तते तदा दोषो नास्ति, कालान्तरे वा निवर्तते तथापि दोषो नास्ति । यदि पुनस्तत्रैवानुबन्धं कृत्वा तीव्रकषायवशादतिप्रसंगं करोति तदा चारित्रभ्रष्टो भवतीति । अयमत्र भावार्थः—बहुश्रुतैरल्पश्रुततपोधनानां दोषो न ग्राह्यस्तैरपि तपोधनैः

---

હવે જે શ્રામણ્યે સમાન છે તેનું અનુમોદન (-આદર) નહિ કરનારનો વિનાશ દર્શાવે છેઃ—

મુનિ શાસને સ્થિત દેખીને જે દ્વેષથી નિંદા કરે,
અનુમત નહીં કિરિયા વિષે, તે નાશ ચરણ તણો કરે. ૨૬૫.

**અન્વયાર્થઃ**—[ यः हि ] જે [ शासनस्थं श्रमणं ] શાસનસ્થ (જિનદેવના શાસનમાં રહેલા) શ્રમણને [ दृष्ट्वा ] દેખીને [ प्रद्वेषतः ] દ્વેષથી [ अपवदति ] તેના અપવાદ બોલે છે અને [ क्रियासु न अनुमन्यते ] (સત્કારાદિ) ક્રિયાઓ કરવામાં અનુમત (ખુશી) નથી, [ सः नष्टचारित्रः हि भवति ] તેનું ચારિત્ર નષ્ટ થાય છે.

**ટીકાઃ**—જે શ્રમણ દ્વેષને લીધે શાસનસ્થ શ્રમણના પણ અપવાદ બોલે છે અને (તેના પ્રત્યે સત્કારાદિ) ક્રિયાઓ કરવામાં અનુમત નથી, તે શ્રમણ દ્વેષ વડે *કષાયિત થવાથી તેનું ચારિત્ર નાશ પામે છે. ૨૬૫.

---

* કષાયિત = કષાયવાળો; વિકારી; રંગાયેલો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ श्रामण्येनाधिकं हीनमिवाचरतो विनाशं दर्शयति—

**गुणदोधिगस्स विणयं पडिच्छगो जो वि होमि समणो त्ति ।**
**होज्जं गुणाधरो जदि सो होदि अणंतसंसारी ॥ २६६ ॥**

गुणतोऽधिकस्य विनयं प्रत्येषको योऽपि भवामि श्रमण इति ।
भवन् गुणाधरो यदि स भवत्यनन्तसंसारी ॥ २६६ ॥

**स्वयं जघन्यगुणः सन् श्रमणोऽहमपीत्यवलेपात्परेषां गुणाधिकानां विनयं प्रतीच्छन् श्रामण्यावलेपवशात् कदाचिदनन्तसंसार्यपि भवति ॥ २६६ ॥**

---

किमपि पाठमात्रं गृहीत्वा तेषां दोषो न ग्राह्यः, किंतु किमपि सारपदं गृहीत्वा स्वयं भावनैव कर्तव्या । कस्मादिति चेत् । रागद्वेषोत्पत्तौ सत्यां बहुश्रुतानां श्रुतफलं नास्ति, तपोधनानां तपःफलं चेति ॥ २६५ ॥ अत्राह शिष्यः—अपवादव्याख्यानप्रस्तावे शुभोपयोगो व्याख्यातः, पुनरपि किमर्थं अत्र व्याख्यानं कृतमिति । परिहारमाह—युक्तमिदं भवदीयवचनं, किंतु तत्र सर्वत्यागलक्षणोत्सर्गव्याख्याने कृते सति तत्रासमर्थतपोधनैः कालपेक्षया किमपि ज्ञानसंयमशौचोपकरणादिकं ग्राह्यमित्यपवादव्याख्यानमेव मुख्यम् । अत्र तु यथा भेदनयेन सम्यग्दर्शनज्ञानचारित्रतपश्चरणरूपा चतुर्विधाराधना भवति, सैवाभेदनयेन सम्यक्त्वचारित्ररूपेण द्विधा भवति, तत्राप्यभेदविवक्षया पुनरेकैव वीतरागचारित्राराधना, तथा भेदनयेन सम्यग्दर्शनसम्यग्ज्ञानसम्यक्चारित्ररूपस्त्रिविधमोक्षमार्गो भवति, स एवाभेदनयेन श्रामण्यापरमोक्षमार्गनामा पुनरेक एव, स चाभेदरूपो मुख्यवृत्त्या

---

**હવે, જે શ્રામણ્યે અધિક હોય તેના પ્રત્યે જાણે કે તે શ્રામણ્યે હીન (પોતાનાથી મુનિપણામાં હલકો) હોય એમ આચરણ કરનારનો વિનાશ દર્શાવે છેઃ—**

**જે હીનગુણ હોવા છતાં ‘હું પણ શ્રમણ છું’ મદ કરે,**
**ઇચ્છે વિનય ગુણ-અધિક પાસ, અનંતસંસારી બને. ૨૬૬.**

**અન્વયાર્થઃ—**[ यः ] જે શ્રમણ [ यदि गुणाधरः भवन् ] ગુણે હીન (હલકો) હોવા છતાં [ अपि श्रमणः भवामि ] ‘હું પણ શ્રમણ છું’ [ इति ] એમ માનીને અર્થાત્ ગર્વ કરીને [ गुणतः अधिकस्य ] ગુણે અધિક પાસેથી (-જે પોતાના કરતાં અધિક ગુણવાળા હોય એવા શ્રમણ પાસેથી) [ विनयं प्रत्येषकः ] વિનય ઇચ્છે છે, [ सः ] તે [ अनन्तसंसारी भवति ] અનંતસંસારી થાય છે.

**ટીકાઃ—**જે શ્રમણ પોતે જઘન્ય ગુણવાળો હોવા છતાં ‘હું પણ શ્રમણ છું’ એવા ગર્વને લીધે બીજા અધિક ગુણવાળાઓ પાસેથી વિનયની ઇચ્છા કરે છે, તે (શ્રમણ) શ્રામણ્યના ગર્વને વશ કદાચિત્ અનંતસંસારી પણ થાય છે. ૨૬૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ श्रामण्येनाधिकस्य हीनं सममिवाचरतो विनाशं दर्शयति—

**अधिगगुणा सामण्णे वट्टंति गुणाधरेहिं किरियासु ।**
**जदि ते मिच्छुवजुत्ता हवंति पब्भट्ठचारित्ता ॥२६७॥**

**अधिकगुणाः श्रामण्ये वर्तन्ते गुणाधरैः क्रियासु ।**
**यदि ते मिथ्योपयुक्ता भवन्ति प्रभ्रष्टचारित्राः ॥२६७॥**

---

'एयग्गगदो समणो' इत्यादिचतुर्दशगाथाभिः पूर्वमेव व्याख्यातः । अयं तु भेदरूपो मुख्यवृत्त्या शुभोपयोगरूपेणेदानीं व्याख्यातो, नास्ति पुनरुक्तदोष इति । एवं समाचारविशेषविवरणरूपेण चतुर्थस्थले गाथाष्टकं गतम् । अथ स्वयं गुणहीनः सन् परेषां गुणाधिकानां योऽसौ विनयं वाञ्छति, तस्य गुणविनाशं दर्शयति—**सो होदि अणंतसंसारी** स कथंचिदनन्तसंसारी संभवति । यः किं **करोति** । **पडिच्छगो जो दु** प्रत्येषको यस्तु, अभिलाषकोऽपेक्षक इति । कम् । **विणयं** वन्दनादिविनयम् । कस्य संबन्धिनम् । **गुणदोधिगस्स** बाह्याभ्यन्तररत्नत्रयगुणाभ्यामधिकस्यान्यतपोधनस्य । केन कृत्वा । **होमि समणो त्ति** अहमपि श्रमणो भवामीत्यभिमानेन गर्वेण । यदि किम् । **होज्जं गुणाधरो जदि** निश्चयव्यवहाररत्नत्रयगुणाभ्यां हीनः स्वयं यदि चेद्भवतीति । अयमत्रार्थः—यदि चेद्गुणाधिकेभ्यः सकाशाद्गर्वेण पूर्वं विनयवाञ्छां करोति, पश्चाद्विवेकबलेनात्मनिन्दां करोति, तदानन्तसंसारी न भवति, यदि पुनस्तत्रैव मिथ्याभिमानेन ख्यातिपूजालाभार्थं दुराग्रहं करोति तदा भवति । अथवा यदि कालान्तरेऽप्यात्मनिन्दां करोति तथापि न भवतीति ॥२६६॥ अथ स्वयमधिकगुणाः सन्तो यदि गुणाधरैः सह वन्दनादिक्रियासु वर्तन्ते तदा गुणविनाशं दर्शयति—**वट्टंति** वर्तन्ते प्रवर्तन्ते **जदि** यदि चेत् । क वर्तन्ते । **किरियासु** वन्दनादिक्रियासु । कैः सह । **गुणाधरेहिं** गुणाधरैर्गुणरहितैः । स्वयं कथंभूताः सन्तः । **अधिगगुणा** अधिकगुणाः । क । **सामण्णे** श्रामण्ये चारित्रे । **ते मिच्छत्तपउत्ता हवंति** ते कथंचिदतिप्रसंगान्मिथ्यात्वप्रयुक्ता भवन्ति । न केवलं मिथ्यात्वप्रयुक्ताः, **पब्भट्ठचारित्ता**

---

**હવે, જે શ્રમણ શ્રામણ્યે અધિક હોય તે જો પોતાનાથી હીન શ્રમણ પ્રત્યે સમાન જેવું (-પોતાના બરોબરિયા જેવું) આચરણ કરે તો તેનો વિનાશ દર્શાવે છેઃ—**

**મુનિ અધિકગુણ હીનગુણ પ્રતિ વર્તે યદિ વિનયાદિમાં,**
**તો ભ્રષ્ટ થાય ચરિત્રથી ઉપયુક્ત મિથ્યા ભાવમાં. ૨૬૭.**

**અન્વયાર્થઃ**—[ **यदि श्रामण्ये अधिकगुणाः** ] જેઓ શ્રામણ્યમાં અધિક ગુણવાળા હોવા છતાં [ **गुणाधरैः** ] હીન ગુણવાળા પ્રત્યે [ **क्रियासु** ] (વંદનાદિ) ક્રિયાઓમાં [ **वर्तन्ते** ] વર્તે છે, [ **ते** ] તેઓ [ **मिथ्योपयुक्ताः** ] મિથ્યા ઉપયુક્ત થયા થકા [ **प्रभ्रष्टचारित्राः भवन्ति** ] ચારિત્રથી ભ્રષ્ટ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्वयमधिकगुणा गुणाधरैः परैः सह क्रियासु वर्तमाना मोहादसम्यगुपयुक्तत्वात् चारित्रात् भ्रश्यन्ति ॥ २६७ ॥

अथासत्सङ्गं प्रतिषेध्यत्वेन दर्शयति—

**णिच्छिदसुत्तत्थपदो समिदकसाओ तवोधिगो चावि ।**
**लोगिगजणसंसग्गं ण चयदि जदि संजदो ण हवदि ॥२६८॥**

निश्चितसूत्रार्थपदः समितकषायस्तपोऽधिकश्चापि ।
लौकिकजनसंसर्गं न त्यजति यदि संयतो न भवति ॥ २६८ ॥

---

प्रभ्रष्टचारित्राश्च भवन्ति । तथाहि—यदि बहुश्रुतानां पार्श्वे ज्ञानादिगुणवृद्ध्यर्थं स्वयं चारित्रगुणाधिका अपि वन्दनादिक्रियासु वर्तन्ते तदा दोषो नास्ति । यदि पुनः केवलं ख्यातिपूजालाभार्थं वर्तन्ते तदातिप्रसंगाद्दोषो भवति । इदमत्र तात्पर्यम्—वन्दनादिक्रियासु वा तत्त्वविचारादौ वा यत्र रागद्वेषोत्पत्तिर्भवति तत्र सर्वत्र दोष एव । ननु भवदीयकल्पनेयमागमे तथा नास्ति । नैवम्, आगमः सर्वोऽपि रागद्वेषपरिहारार्थ एव, परं किंतु ये केचनोत्सर्गापवादरूपेणागमनयविभागं न जानन्ति त एव रागद्वेषौ कुर्वन्ति, न चान्य इति ॥२६७॥ इति पूर्वोक्तक्रमेण 'एयग्गगदो' इत्यादिचतुर्दशगाथाभिः स्थलचतुष्टयेन श्रामण्यापरनामा मोक्षमार्गाभिधानस्तृतीयोऽन्तराधिकारः समाप्तः । अथानन्तरं द्वात्रिंशद्गाथापर्यन्तं पञ्चभिः स्थलैः शुभोपयोगाधिकारः कथ्यते । तत्रादौ लौकिकसंसर्गनिषेधमुख्यत्वेन 'णिच्छिदसुत्तत्थपदो' इत्यादिपाठक्रमेण गाथापञ्चकम् । तदनन्तरं सरागसंयमापरनामशुभोपयोगस्वरूपकथनप्रधानत्वेन 'समणा सुद्धुवजुत्ता' इत्यादि सूत्राष्टकम् । ततश्च पात्रापात्रपरीक्षाप्रतिपादनरूपेण 'रागो पसत्थभूदो' इत्यादि

---

ટીકાઃ—જેઓ પોતે અધિક ગુણવાળા હોવા છતાં હીન ગુણવાળા બીજા ( શ્રમણો ) પ્રત્યે ( વંદનાદિ ) ક્રિયાઓમાં વર્તે છે, તેઓ મોહને લીધે અસમ્યક્ ઉપયુક્ત થયા થકા (-મિથ્યા ભાવોમાં જોડાયા થકા ) ચારિત્રથી ભ્રષ્ટ થાય છે. ૨૬૭.

હવે અસત્સંગ નિષેધ્ય છે એમ દર્શાવે છેઃ—

**સૂત્રાર્થપદનિશ્ચય, કષાયપ્રશાંતિ, તપ-અધિકત્વ છે,**
**તે પણ અસંયત થાય, જો છોડે ન લૌકિક-સંગને. ૨૬૮.**

અન્વયાર્થઃ—[ निश्चितसूत्रार्थपदः ] સૂત્રો અને અર્થોના પદને ( અધિષ્ઠાનને ) જેણે નિશ્ચિત ( નિર્ણીત ) કરેલ છે, [ समितकषायः ] કષાયોને જેણે શમાવ્યા છે [ च ] અને [ तपोऽधिकः अपि ] જે અધિક તપવાળો છે—એવો જીવ પણ [ यदि ] જો [ लौकिकजनसंसर्गं ] લૌકિક જનોના સંસર્ગને [ न त्यजति ] છોડતો નથી, [ संयतः न भवति ] તો તે સંયત રહેતો નથી ( અર્થાત્ અસંયત થઈ જાય છે ).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यतः सकलस्यापि विश्ववाचकस्य सल्लक्ष्मणः शब्दब्रह्मणस्तद्वाच्यस्य सकलस्यापि सल्लक्ष्मणो विश्वस्य च युगपदनुस्यूततदुभयज्ञेयाकारतयाधिष्ठानभूतस्य सल्लक्ष्मणो ज्ञातृतत्त्वस्य निश्चयनान्निश्चितसूत्रार्थपदत्वेन निरुपरागोपयोगत्वात् समितकषायत्वेन बहुशोऽभ्यस्तनिष्कम्पोपयोगत्वात्तपोऽधिकत्वेन च सुष्ठु संयतोऽपि सप्तार्चिःसङ्गतं तोयमिवावश्यम्भाविविकारत्वात् लौकिकसङ्गादसंयत एव स्यात् । ततस्तत्सङ्गः सर्वथा प्रतिषेध्य एव ॥ २६८ ॥

---

गाथाषट्कम् । ततः परमाचारादिविहितक्रमेण पुनरपि संक्षेपरूपेण समाचारव्याख्यानप्रधानत्वेन 'दिट्ठा पगदं वत्थुं' इत्यादि सूत्राष्टकम् । ततः परं पञ्चरत्नमुख्यत्वेन 'जे अजधागहिदत्था' इत्यादि गाथापञ्चकम् । एवं द्वात्रिंशद्गाथाभिः स्थलपञ्चकेन चतुर्थान्तराधिकारे समुदायपातनिका । तद्यथा—अथ लौकिकसंसर्गं प्रतिषेधयति—**णिच्छिदसुत्तत्थपदो** निश्चितानि ज्ञातानि निर्णीतान्यनेकान्तस्वभावनिजशुद्धात्मादिपदार्थप्रतिपादकानि सूत्रार्थपदानि येन स भवति निश्चितसूत्रार्थपदः, **समिदकसाओ** परविषये क्रोधादिपरिहारेण तथाभ्यन्तरे परमोपशमभावपरिणतनिजशुद्धात्मभावनाबलेन च शमितकषायः, **तवोधिगो चावि** अनशनादिबहिरङ्गतपोबलेन तथैवाभ्यन्तरे शुद्धात्मतत्त्वभावनाविषये प्रतपनाद्विजयनाच्च तपोऽधिकश्चापि सन् स्वयं संयतः कर्ता **लोगिगजणसंसग्गं ण चयदि जदि** लौकिकाः स्वेच्छाचारिणस्तेषां संसर्गो लौकिकसंसर्गस्तं न त्यजति यदि चेत् **संजदो ण हवदि** तर्हि संयतो न भवतीति । अयमत्रार्थः—स्वयं भावितात्मापि यद्यसंवृतजनसंसर्गं न त्यजति तदातिपरिचयादग्निसङ्गतं जलमिव विकृतिभावं गच्छतीति ॥२६८॥

---

**ટીકાઃ**—(૧) વિશ્વનો વાચક 'સત્'લક્ષણવાળો એવો જે આખોય શબ્દબ્રહ્મ અને તે શબ્દબ્રહ્મનું વાચ્ય 'સત્'લક્ષણવાળું એવું જે આખુંય વિશ્વ તે બન્નેના જ્ઞેયાકારો પોતાનામાં યુગપદ્ ગુંથાઈ જવાથી (-જ્ઞાતૃતત્ત્વમાં એકીસાથે જણાતા હોવાથી) તે બન્નેના †અધિષ્ઠાનભૂત—એવા 'સત્'લક્ષણવાળા જ્ઞાતૃતત્ત્વનો નિશ્ચય કર્યો હોવાથી 'સૂત્રો અને અર્થોના પદને (અધિષ્ઠાનને) જેણે નિશ્ચિત કરેલ છે એવો' હોય, (૨) નિરુપરાગ ઉપયોગને લીધે 'કષાયોને જેણે શમાવ્યા છે એવો' હોય અને (૩) નિષ્કંપ ઉપયોગનો *બહુશઃ અભ્યાસ કરવાથી 'અધિક તપવાળો' હોય—એ રીતે (આ ત્રણ કારણે) જે જીવ સારી રીતે સંયત હોય, તે (જીવ) પણ લૌકિકસંગથી (લૌકિક જનના સંગથી) અસંયત જ થાય છે, કારણ કે અગ્નિની સંગતિમાં રહેલા પાણીની માફક તેને વિકાર અવશ્યંભાવી છે. માટે લૌકિકસંગ સર્વથા નિષેધ્ય જ છે.

**ભાવાર્થઃ**—જે જીવ સંયત હોય, એટલે કે (૧) જેણે શબ્દબ્રહ્મને અને તેના વાચ્યરૂપ સમસ્ત પદાર્થોને જાણનાર જ્ઞાતૃતત્ત્વનો નિર્ણય કર્યો હોય, (૨) જેણે કષાયોને શમાવ્યા હોય અને (૩) જે અધિક તપવાળો હોય, તે જીવ પણ લૌકિક જનના સંગથી અસંયત જ થાય છે; કારણ કે જેમ અગ્નિના સંગથી પાણીમાં ગરમપણારૂપ વિકાર અવશ્ય થાય છે, તેમ લૌકિક જનના સંગને નહિ છોડનાર સંયતને અસંયતપણારૂપ વિકાર અવશ્ય થાય છે. માટે લૌકિક જનોનો સંગ સર્વ પ્રકારે ત્યાજ્ય જ છે. ૨૬૮.

---

† જ્ઞાતૃતત્ત્વનો સ્વભાવ શબ્દબ્રહ્મને અને તેના વાચ્યરૂપ વિશ્વને યુગપદ્ જાણવાનો છે તેથી તે અપેક્ષાએ જ્ઞાતૃતત્ત્વને શબ્દબ્રહ્મનું અને વિશ્વનું અધિષ્ઠાન (આધાર) કહેલ છે. સંયત જીવને એવા જ્ઞાતૃતત્ત્વનો નિશ્ચય હોય છે.

* બહુશઃ = (૧) ઘણો; ખૂબ; બહુ. (૨) વારંવાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ लौकिकलक्षणमुपलक्षयति—

णिग्गंथं पव्वइदो वट्टदि जदि एहिगेहि कम्मेहिं ।
सो लोगिगो त्ति भणिदो संजमतवसंपजुत्तोवि ॥ २६९ ॥
नैर्ग्रन्थ्यं प्रव्रजितो वर्तते यद्यैहिकैः कर्मभिः ।
स लौकिक इति भणितः संयमतपःसम्प्रयुक्तोऽपि ॥ २६९ ॥

प्रतिज्ञातपरमनैर्ग्रन्थ्यप्रव्रज्यत्वादुदूढसंयमतपोभारोऽपि मोहबहुलतया श्लथीकृतशुद्धचेतनव्यवहारो मुहुर्मनुष्यव्यवहारेण व्याघूर्णमानत्वादैहिककर्मानिवृत्तौ लौकिक इत्युच्यते ॥ २६९ ॥

---

अथानुकम्पालक्षणं कथ्यते—

तिसिदं बुभुक्खिदं वा दुहिदं दट्ठूण जो हि दुहिदमणो ।
पडिवज्जदि तं किवया तस्सेसा होदि अणुकंपा ॥ *३६ ॥

तिसिदं बुभुक्खिदं वा दुहिदं दट्ठूण जो हि दुहिदमणो पडिवज्जदि तृषितं वा बुभुक्षितं वा दुःखितं वा दृष्ट्वा कमपि प्राणिनं यो हि स्फुटं दुःखितमनाः सन् प्रतिपद्यते स्वीकरोति । कं कर्मतापन्नम् । तं तं प्राणिनम् । कया । किवया कृपया दयापरिणामेन । तस्सेसा होदि अणुकंपा

---

હવે 'લૌકિક'નું ( અર્થાત્ લૌકિક જનનું ) લક્ષણ કહે છેઃ—

નિર્ગ્રંથરૂપ દીક્ષા વડે સંયમતપે સંયુક્ત જે,
લૌકિક કહ્યો તેને ય, જો છોડે ન ઐહિક કર્મને. ૨૬૯.

અન્વયાર્થઃ—[नैर्ग्रन्थ्यं प्रव्रजितः] જે (જીવ) નિર્ગ્રંથપણે દીક્ષિત હોવાથી [संयमतपःसम्प्रयुक्तः अपि] સંયમતપસંયુક્ત હોય તેને પણ, [यदि सः] જો તે [ऐहिकैः कर्मभिः वर्तते] ઐહિક કાર્યો સહિત વર્તતો હોય તો, [लौकिकः इति भणितः] 'લૌકિક' કહ્યો છે.

ટીકાઃ—પરમ નિર્ગ્રંથતારૂપ પ્રવ્રજ્યાની પ્રતિજ્ઞા લીધી હોવાથી જે જીવ સંયમતપના ભારને વહેતો હોય તેને પણ, જો તે મોહની બહુલતાને લીધે શુદ્ધચેતનવ્યવહારને છોડીને નિરંતર મનુષ્યવ્યવહાર વડે [1]ઘૂમરી ખાતો હોવાથી [2]ઐહિક કર્મોથી અનિવૃત્ત હોય તો, 'લૌકિક' કહેવાય છે. ૨૬૯.

---

૧. ઘૂમરી ખાતો = આમ-તેમ ભમતો; ચક્કર ચક્કર ફરતો; ડામાડોળ વર્તતો.
૨. ઐહિક = દુન્યવી; લૌકિક. [ખ્યાતિપૂજાલાભનાં નિમિત્તભૂત જ્યોતિષ, મંત્ર, વાદ, વૈદક વગેરેનાં કાર્યો ઐહિક કાર્યો છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ सत्सङ्गं विधेयत्वेन दर्शयति—

तम्हा समं गुणादो समणो समणं गुणेहिं वा अहियं ।
अधिवसदु तम्हि णिच्चं इच्छदि जदि दुक्खपरिमोक्खं ॥२७०॥

तस्मात्समं गुणात् श्रमणः श्रमणं गुणैर्वाधिकम् ।
अधिवसतु तत्र नित्यं इच्छति यदि दुःखपरिमोक्षम् ॥ २७० ॥

यतः परिणामस्वभावत्वेनात्मनः सप्तार्चिःसङ्गतं तोयमिवावश्यम्भाविविकारत्वाल्लौकिकसङ्गात्संयतोऽप्यसंयत एव स्यात्; ततो दुःखमोक्षार्थिना गुणैः समोऽधिको वा श्रमणः

---

तस्य पुरुषस्यैषा प्रत्यक्षीभूता शुभोपयोगरूपानुकम्पा दया भवतीति । इमां चानुकम्पां ज्ञानी स्वस्थभावनामविनाशयन् संक्लेशपरिहारेण करोति । अज्ञानी पुनः संक्लेशेनापि करोतीत्यर्थः ॥ *३६ ॥ अथ लौकिकलक्षणं कथयति—**णिग्गंथो पव्वइदो** वस्त्रादिपरिग्रहरहितत्वेन निर्ग्रन्थोऽपि दीक्षाग्रहणेन प्रव्रजितोऽपि **वट्टदि जदि** वर्तते यदि चेत् । कैः । **एहिगेहि कम्मेहिं** ऐहिकैः कर्मभिः भेदाभेदरत्नत्रयभावनाशकैः ख्यातिपूजालाभनिमित्तैर्ज्योतिषमन्त्रवादवैदकादिभिरैहिकजीवनोपायकर्मभिः । **सो लोगिगो त्ति भणिदो** स लौकिको व्यावहारिक इति भणितः । किंविशिष्टोऽपि । **संजमतवसंजुदो चावि** द्रव्यरूपसंयमतपोभ्यां संयुक्तश्चापीत्यर्थः ॥ २६९ ॥ अथोत्तमसंसर्गः कर्तव्य इत्युपदिशति—**तम्हा** यस्माद्धीनसंसर्गाद्गुणहानिर्भवति तस्मात्कारणात् **अधिवसदु** अधिवसतु तिष्ठतु । स कः कर्ता । **समणो** श्रमणः । क्व । **तम्हि** तस्मिन्नधिकरणभूते । **णिच्चं** नित्यं सर्वकालम् । तस्मिन्कुत्र । **समणं** श्रमणे ।

---

હવે સત્સંગ વિધેય (-કરવાયોગ્ય) છે એમ દર્શાવે છેઃ—

તેથી શ્રમણને હોય જો દુખમુક્તિ કેરી ભાવના,
તો નિત્ય વસવું સમાન અગર વિશેષ ગુણીના સંગમાં. ૨૭૦.

અન્વયાર્થઃ—[तस्मात्] (લૌકિક જનના સંગથી સંયત પણ અસંયત થાય છે) તેથી [यदि] જો [श्रमणः] શ્રમણ [दुःखपरिमोक्षम् इच्छति] દુઃખથી પરિમુક્ત થવા ઇચ્છતો હોય તો તે [गुणात् समं] સમાન ગુણવાળા શ્રમણના [वा] અથવા [गुणैः अधिकं श्रमणं तत्र] અધિક ગુણવાળા શ્રમણના સંગમાં [नित्यम् अधिवसतु] નિત્ય વસો.

ટીકાઃ—આત્મા પરિણામસ્વભાવવાળો હોવાથી, અગ્નિના સંગમાં રહેલા પાણીની માફક (સંયતને પણ) લૌકિકસંગથી વિકાર અવશ્યંભાવી હોવાને લીધે સંયત પણ (લૌકિકસંગથી) અસંયત જ થાય છે; તેથી દુઃખમોક્ષાર્થી (-દુઃખથી મુક્ત થવાના અર્થી) શ્રમણે (૧) સમાન ગુણવાળા શ્રમણની સાથે અથવા (૨) અધિક ગુણવાળા શ્રમણની સાથે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



श्रमणेन नित्यमेवाधिवसनीयः । तथास्य शीतापवरककोणनिहितशीततोयवत्समगुणसङ्गात् गुणरक्षा, शीततरतुहिनशर्करासम्पृक्तशीततोयवत् गुणाधिकसङ्गात् गुणवृद्धिः ॥ २७० ॥

*इत्यध्यास्य शुभोपयोगजनितां काञ्चित्प्रवृत्तिं यतिः
सम्यक् संयमसौष्ठवेन परमां क्रामन्निवृत्तिं क्रमात् ।
हेलाक्रान्तसमस्तवस्तुविसरप्रस्ताररम्योदयां
ज्ञानानन्दमयीं दशामनुभवत्वेकान्ततः शाश्वतीम् ॥ १७ ॥

—इति शुभोपयोगप्रज्ञापनम् ।

---

लक्षणवशादधिकरणे कर्म पठ्यते । कथंभूते श्रमणे । **समं** समे समाने । कस्मात् । **गुणादो** बाह्याभ्यन्तररत्नत्रयलक्षणगुणात् । पुनरपि कथंभूते । **अहियं वा** स्वस्मादधिके वा । कैः । **गुणेहिं** मूलोत्तरगुणैः । यदि किम् । **इच्छदि जदि** इच्छति वाञ्छति यदि चेत् । कम् । **दुक्खपरिमोक्खं** स्वात्मोत्थसुखविलक्षणानां नारकादिदुःखानां मोक्षं दुःखपरिमोक्षमिति । अथ विस्तरः—यथाग्निसंयोगात् जलस्य शीतलगुणविनाशो भवति तथा व्यावहारिकजनसंसर्गात्संयतस्य संयमगुणविनाशो भवतीति ज्ञात्वा तपोधनः कर्ता समगुणं गुणाधिकं वा तपोधनमाश्रयति, तदास्य तपोधनस्य यथा शीतलभाजन-

---

સદાય વસવું યોગ્ય છે. એ રીતે તે શ્રમણને (૧) શીતળ ઘરના ખૂણામાં રાખેલા શીતળ પાણીની માફક સમાન ગુણવાળાના સંગથી ગુણરક્ષા થાય છે અને (૨) વધારે શીતળ હિમના સંપર્કમાં રહેલા શીતળ પાણીની માફક અધિક ગુણવાળાના સંગથી ગુણવૃદ્ધિ થાય છે (અર્થાત્ જેમ શીતળ ઘરના ખૂણામાં રાખેલું પાણી શીતળ રહે છે અને બરફના સંગથી પાણી વિશેષ શીતળ થાય છે તેમ સમાન ગુણવાળાના સંગથી શ્રમણને ગુણની રક્ષા થાય છે અને અધિક ગુણવાળાના સંગથી શ્રમણને ગુણની વૃદ્ધિ થાય છે). ૨૭૦

[ હવે, શ્રમણ ક્રમશઃ પરમ નિવૃત્તિને પામીને શાશ્વત જ્ઞાનાનંદમય દશાને અનુભવો એમ શ્લોક દ્વારા કહે છેઃ— ]

[ અર્થઃ— ] એ રીતે શુભોપયોગજનિત કાંઈક પ્રવૃત્તિને સેવીને યતિ સમ્યક્ પ્રકારે સંયમના [1]સૌષ્ઠવ વડે ક્રમશઃ પરમ નિવૃત્તિને પહોંચતો થકો, જેનો રમ્ય ઉદય સમસ્ત વસ્તુસમૂહના વિસ્તારને લીલાથી પહોંચી વળે છે (-રમતમાત્રથી જાણી લે છે) એવી શાશ્વતી જ્ઞાનાનંદમયી દશાને [2]એકાંતે અનુભવો.

**આ રીતે શુભોપયોગ-પ્રજ્ઞાપન પૂર્ણ થયું.**

---

* શાર્દૂલવિક્રીડિત છંદ

૧. સૌષ્ઠવ = શ્રેષ્ઠતા; ઉત્કૃષ્ટતા; સારાપણું; સુંદરતા.

૨. એકાંતે = કેવળ; સર્વથા; અત્યંત. (યતિ કેવળ જ્ઞાનાનંદમયી દશાને જ અત્યંત અનુભવો.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ पञ्चरत्नम् ।

*तन्त्रस्यास्य शिखण्डमण्डनमिव प्रद्योतयत्सर्वतो-
ऽद्वैतीयीकमथार्हतो भगवतः संक्षेपतः शासनम् ।
व्याकुर्वञ्जगतो विलक्षणपथां संसारमोक्षस्थितिं
जीयात्सम्प्रति पञ्चरत्नमनघं सूत्रैरिमैः पञ्चभिः ॥ १८ ॥

अथ संसारतत्त्वमुद्घाटयति—

**जे अजधागहिदत्था एदे तच्च त्ति णिच्छिदा समये ।**
**अच्चंतफलसमिद्धं भमंति ते तो परं कालं ॥२७१॥**

---

सहितशीतलजलस्य शीतलगुणरक्षा भवति तथा समगुणसंसर्गाद्गुणरक्षा भवति । यथा च तस्यैव जलस्य कर्पूरशर्करादिशीतलद्रव्यनिक्षेपे कृते सति शीतलगुणवृद्धिर्भवति तथा निश्चयव्यवहाररत्नत्रयगुणाधिकसंसर्गाद्गुणवृद्धिर्भवतीति सूत्रार्थः ॥ २७० ॥ इतःपरं पञ्चमस्थले संक्षेपेण संसारस्वरूपस्य मोक्षस्वरूपस्य च प्रतीत्यर्थं पञ्चरत्नभूतगाथापञ्चकेन व्याख्यानं करोति । तद्यथा—अथ संसारस्वरूपं प्रकटयति—**जे अजधागहिदत्था** वीतरागसर्वज्ञप्रणीतनिश्चयव्यवहाररत्नत्रयार्थपरिज्ञानाभावात् येऽयथागृहीतार्थाः विपरीतगृहीतार्थाः । पुनरपि कथंभूताः । **एदे तच्च त्ति णिच्छिदा** एते तत्त्वमिति निश्चिताः, एते ये मया कल्पिताः पदार्थास्त एव तत्त्वमिति निश्चिताः, निश्चयं कृतवन्तः । क स्थित्वा । **समये**

---

હવે પાંચ રત્નો છે (અર્થાત્ હવે પાંચ રત્નો જેવી પાંચ ગાથાઓ કહેવામાં આવે છે).

[ત્યાં પ્રથમ, શ્લોક દ્વારા તે પાંચ ગાથાઓનો મહિમા કરવામાં આવે છે:]

[અર્થઃ—] હવે આ શાસ્ત્રને કલગીના અલંકાર જેવાં (અર્થાત્ આ શાસ્ત્રના ચૂડામણિ-મુગટમણિ જેવાં) આ પાંચ સૂત્રોરૂપ નિર્મળ પાંચ રત્નો—કે જેઓ સંક્ષેપથી અર્હંતભગવાનના સમગ્ર અદ્વિતીય શાસનને સર્વતઃ પ્રકાશે છે તેઓ—†વિલક્ષણ પંથવાળી સંસાર-મોક્ષની સ્થિતિને જગત સમક્ષ પ્રગટ કરતાં થકાં જયવંત વર્તો.

હવે સંસારતત્ત્વ પ્રગટ કરે છે:—

**સમયસ્થ હો પણ સેવી ભ્રમ અયથા ગ્રહે જે અર્થને,**
**અત્યંતફળસમૃદ્ધ ભાવી કાળમાં જીવ તે ભમે. ૨૭૧.**

---

* શાર્દૂલવિક્રીડિત છંદ

† વિલક્ષણ = ભિન્નભિન્ન. (સંસારની સ્થિતિ અને મોક્ષની સ્થિતિ ભિન્નભિન્ન પંથવાળી છે અર્થાત્ સંસાર અને મોક્ષના પંથ જુદા જુદા છે.)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ये अयथागृहीतार्था एते तत्त्वमिति निश्चिताः समये ।**
**अत्यन्तफलसमृद्धं भ्रमन्ति ते अतः परं कालम् ॥ २७१ ॥**

ये स्वयमविवेकतोऽन्यथैव प्रतिपद्यार्थानित्थमेव तत्त्वमिति निश्चयमारचयन्तः सततं समुपचीयमानमहामोहमलमलीमसमानसतया नित्यमज्ञानिनो भवन्ति, ते खलु समये स्थिता अप्यनासादितपरमार्थश्रामण्यतया श्रमणाभासाः सन्तोऽनन्तकर्मफलोपभोगप्राग्भारभयंकरमनन्तकालमनन्तभावान्तरपरावर्तैरनवस्थितवृत्तयः संसारतत्त्वमेवावबुध्यताम् ॥ २७१ ॥

---

निर्ग्रंथरूपद्रव्यसमये । अच्चंतफलसमिद्धं भमंति ते तो परं कालं अत्यन्तफलसमृद्धं भ्रमन्ति ते अतः परं कालम् । द्रव्यक्षेत्रकालभवभावपञ्चप्रकारसंसारपरिभ्रमणरहितशुद्धात्मस्वरूपभावनाच्युताः सन्तः परिभ्रमन्ति । कम् । परं कालं अनन्तकालम् । कथंभूतम् । नारकादिदुःखरूपात्यन्तफलसमृद्धम् । पुनरपि कथंभूतम् । अतो वर्तमानकालात्परं भाविनमिति । अयमत्रार्थः—इत्थंभूतसंसारपरिभ्रमणपरिणतपुरुषा एवाभेदेन संसारस्वरूपं ज्ञातव्यमिति ॥ २७१ ॥ अथ मोक्षस्वरूपं प्रकाशयति—अजधाचारविजुत्तो निश्चयव्यवहार-

---

**અન્વયાર્થઃ**—[ ये ] જેઓ, [ समये ] ભલે તેઓ સમયમાં હોય તોપણ (-ભલે તેઓ દ્રવ્યલિંગીપણે જિનમતમાં હોય તોપણ), [ एते तत्त्वम् ] 'આ તત્ત્વ છે ( અર્થાત્ આમ જ વસ્તુસ્વરૂપ છે )' [ इति निश्चिताः ] એમ નિશ્ચયવંત વર્તતા થકા [ अयथागृहीतार्थाः ] પદાર્થોને અયથાતથપણે ગ્રહે છે (-જેવા નથી તેવા સમજે છે ), [ते] તેઓ [ अत्यन्तफलसमृद्धम् ] અત્યંતફળસમૃદ્ધ ( અનંત કર્મફળોથી ભરેલા ) એવા [ अतः परं कालं ] હવે પછીના કાળમાં [ भ्रमन्ति ] પરિભ્રમણ કરશે.

**ટીકાઃ**—જેઓ સ્વયં અવિવેકથી પદાર્થોને અન્યથા જ અંગીકૃત કરીને (-બીજી રીતે જ સમજીને ) 'આમ જ તત્ત્વ ( વસ્તુસ્વરૂપ ) છે' એમ નિશ્ચય કરતા થકા, સતત [1]એકત્રિત કરવામાં આવતા મહા મોહમળથી મલિન મનવાળા હોવાને લીધે નિત્ય અજ્ઞાની છે, તેઓ ભલે સમયમાં (-દ્રવ્યલિંગીપણે જિનમાર્ગમાં ) સ્થિત હોય તોપણ પરમાર્થ શ્રામણ્યને પામેલા નહિ હોવાથી ખરેખર શ્રમણાભાસ વર્તતા થકા, અનંત કર્મફળના [2]ઉપભોગરાશિથી ભયંકર એવા અનંત કાળ સુધી અનંત ભાવાંતરરૂપ પરાવર્તનો વડે [3]અનવસ્થિત વૃત્તિવાળા રહેવાને લીધે, તેમને સંસારતત્ત્વ જ જાણવું. ૨૭૧.

---

૧. એકત્રિત = એકઠો; ભેગો.

૨. રાશિ = ઢગલો; સમૂહ; જથ્થો.

૩. અનવસ્થિત = અસ્થિર. [ મિથ્યાદૃષ્ટિઓએ ભલે દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય તોપણ તેમને અનંત કાળ સુધી અનંત ભિન્નભિન્ન ભાવોરૂપે-ભાવાંતરરૂપે પરાવર્તન ( પલટવું ) થયા કરવાથી તેઓ અસ્થિર પરિણતિવાળા રહેશે અને તેથી તેઓ સંસારતત્ત્વ જ છે. ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ मोक्षतत्त्वमुद्घाटयति—

अजधाचारविजुत्तो जधत्थपदणिच्छिदो पसंतप्पा ।
अफले चिरं ण जीवदि इह सो संपुण्णसामण्णो ॥२७२॥

अयथाचारवियुक्तो यथार्थपदनिश्चितः प्रशान्तात्मा ।
अफले चिरं न जीवति इह स सम्पूर्णश्रामण्यः ॥ २७२ ॥

यस्त्रिलोकचूलिकायमाननिर्मलविवेकदीपिकालोकशालितया यथावस्थितपदार्थनिश्चयनिवर्तितौत्सुक्यस्वरूपमन्थरसततोपशान्तात्मा सन् स्वरूपमेकमेवाभिमुख्येन चरन्नयथाचार-

---

पञ्चाचारभावनापरिणतत्वादयथाचारवियुक्तः, विपरीताचाररहित इत्यर्थः, **जधत्थपदणिच्छिदो** सहजानन्दैकस्वभावनिजपरमात्मादिपदार्थपरिज्ञानसहितत्वाद्यथार्थपदनिश्चितः, **पसंतप्पा** विशिष्टपरमोपशमभावपरिणतनिजात्मद्रव्यभावनासहितत्वात्प्रशान्तात्मा, **जो** यः कर्ता **सो** **संपुण्णसामण्णो** स संपूर्णश्रामण्यः सन् **चिरं ण जीवदि** चिरं बहुतरकालं न जीवति, न तिष्ठति । क । **अफले** शुद्धात्मसंवित्तिसमुत्पन्नसुखामृतरसास्वादरहितत्वेनाफले फलरहिते संसारे । किन्तु शीघ्रं मोक्षं गच्छतीति । अयमत्र भावार्थः—

---

હવે મોક્ષતત્ત્વ પ્રગટ કરે છેઃ—

અયથાચરણહીન, સૂત્ર-અર્થસુનિશ્ચયી ઉપશાંત જે,
તે પૂર્ણ સાધુ અફળ આ સંસારમાં ચિર નહિ રહે. ૨૭૨.

**અન્વયાર્થ**—[ यथार्थपदनिश्चितः ] જે જીવ યથાતથપણે પદોના અને અર્થોના (પદાર્થોના) નિશ્ચયવાળો હોવાથી [ प्रशान्तात्मा ] [1]પ્રશાંતાત્મા છે અને [ अयथाचारवियुक्तः ] [2]અયથાચાર રહિત છે, [ सः सम्पूर्णश्रामण्यः ] તે સંપૂર્ણ શ્રામણ્યવાળો જીવ [ अफले ] અફળ (-કર્મફળ રહિત થયેલા) એવા [ इह ] આ સંસારમાં [ चिरं न जीवति ] ચિરકાળ રહેતો નથી (-અલ્પ કાળમાં મુક્ત થાય છે).

**ટીકાઃ**—જે (શ્રમણ) ત્રિલોકની કલગી સમાન નિર્મળ વિવેકરૂપી દીવીના પ્રકાશવાળો હોવાને લીધે યથાસ્થિત પદાર્થનિશ્ચય વડે ઉત્સુકતા નિવર્તાવીને (ટાળીને) [3]સ્વરૂપમંથર રહેવાથી સતત 'ઉપશાંતાત્મા' વર્તતો થકો, સ્વરૂપમાં એકમાં જ અભિમુખપણે

---

૧. પ્રશાંતાત્મા = પ્રશાંતસ્વરૂપ; પ્રશાંતમૂર્તિ; ઉપશાંત; ઠરી ગયેલો.

૨. અયથાચાર = અયથાતથ આચાર; અયથાર્થ ચારિત્ર; અન્યથા આચરણ.

૩. સ્વરૂપમંથર = સ્વરૂપમાં જામી ગયેલો. [ મંથર = સુસ્ત; ધીમો. આ શ્રમણ સ્વરૂપમાં તૃપ્ત તૃપ્ત હોવાથી, જાણે કે તે સ્વરૂપની બહાર નીકળવાનો આળસુ-સુસ્ત હોય એમ, સ્વરૂપપ્રશાંતિમાં મગ્ન થઈને રહ્યો છે. ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वियुक्तो नित्यं ज्ञानी स्यात्, स खलु सम्पूर्णश्रामण्यः साक्षात् श्रमणो हेलावकीर्णसकलप्राक्तनकर्मफलत्वादनिष्पादितनूतनकर्मफलत्वाच्च पुनः प्राणधारणदैन्यमनास्कन्दन् द्वितीयभावपरावर्ताभावात् शुद्धस्वभावावस्थितवृत्तिर्मोक्षतत्त्वमवबुध्यताम् ॥ २७२ ॥

अथ मोक्षतत्त्वसाधनतत्त्वमुद्घाटयति—

**सम्मं विदिदपदत्था चत्ता उवहिं बहित्थमज्झत्थं ।**
**विसयेसु णावसत्ता जे ते सुद्ध त्ति णिद्दिट्ठा ॥२७३॥**

**सम्यग्विदितपदार्थास्त्यक्त्वोपधिं बहिस्थमध्यस्थम् ।**
**विषयेषु नावसक्ता ये ते शुद्धा इति निर्दिष्टाः ॥ २७३ ॥**

---

इत्थंभूतमोक्षतत्त्वपरिणतपुरुष एवाभेदेन मोक्षस्वरूपं ज्ञातव्यमिति ॥ २७२ ॥ अथ मोक्षकारणमाख्याति— **सम्मं विदिदपदत्था** संशयविपर्ययानध्यवसायरहितानन्तज्ञानादिस्वभावनिजपरमात्मपदार्थप्रभृतिसमस्तवस्तुविचारचतुरचित्तचातुर्यप्रकाशमानसातिशयपरमविवेकज्योतिषा सम्यग्विदितपदार्थाः । पुनरपि किंरूपाः । **विसयेसु णावसत्ता** पञ्चेन्द्रियविषयाधीनरहितत्वेन निजात्मतत्त्वभावनारूपपरमसमाधिसंजातपरमानन्दैक-

---

ચરતો (વિચરતો-રમતો) હોવાથી 'અયથાચાર રહિત' વર્તતો થકો, નિત્ય જ્ઞાની હોય, તે ખરેખર સંપૂર્ણશ્રામણ્યવાળો સાક્ષાત્ શ્રમણને મોક્ષતત્ત્વ જાણવું, કારણ કે પહેલાંનાં સકળ કર્મનાં ફળ તેણે લીલાથી નષ્ટ કર્યાં હોવાથી અને નૂતન કર્મફળને તે નિપજાવતો નહિ હોવાથી, ફરીને પ્રાણધારણરૂપ દીનતાને નહિ પામતો થકો દ્વિતીય ભાવરૂપ પરાવર્તનના અભાવને લીધે શુદ્ધ સ્વભાવમાં *અવસ્થિત વૃત્તિવાળો રહે છે. ૨૭૨.

હવે મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ પ્રગટ કરે છેઃ—

**જાણી યથાર્થ પદાર્થને, તજી સંગ અંતર્બાહ્યને,**
**આસક્ત નહિ વિષયો વિષે જે, 'શુદ્ધ' ભાખ્યા તેમને. ૨૭૩.**

**અન્વયાર્થઃ**—[ सम्यग्विदितपदार्थाः ] સમ્યક્ (યથાતથપણે) પદાર્થોને જાણતા થકા [ ये ] જેઓ [ बहिस्थमध्यस्थम् ] બહિરંગ તથા અંતરંગ [ उपधिं ] પરિગ્રહને [ त्यक्त्वा ] છોડીને [ विषयेषु न अवसक्ताः ] વિષયોમાં આસક્ત નથી, [ ते ] તેમને [ शुद्धाः इति निर्दिष्टाः ] 'શુદ્ધ' કહેવામાં આવ્યા છે.

---

* અવસ્થિત = સ્થિર. [ આ સંપૂર્ણશ્રામણ્યવાળા જીવને બીજા ભાવરૂપ પરાવર્તન (પલટાવું) થતું નથી, તે સદા એક જ ભાવરૂપે રહે છે—શુદ્ધ સ્વભાવમાં સ્થિર પરિણતિરૂપે રહે છે, તેથી તે જીવ મોક્ષતત્ત્વ જ છે. ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अनेकान्तकलितसकलज्ञातृज्ञेयतत्त्वयथावस्थितस्वरूपपाण्डित्यशौण्डाः सन्तः समस्तबहिरङ्गान्तरङ्गसङ्गतिपरित्यागविविक्तान्तश्चकचकायमानानन्तशक्तिचैतन्यभास्वरात्मतत्त्वस्वरूपाः स्वरूपगुप्तसुषुप्तकल्पान्तस्तत्त्ववृत्तितया विषयेषु मनागप्यासक्तिमनासादयन्तः समस्तानुभाववन्तो भगवन्तः शुद्धा एवासंसारघटितविकटकर्मकवाटविघटनपटीयसाध्यवसायेन प्रकटीक्रियमाणावदाना मोक्षतत्त्वसाधनतत्त्वमवबुध्यताम् ।। २७३ ।।

अथ मोक्षतत्त्वसाधनतत्त्वं सर्वमनोरथस्थानत्वेनाभिनन्दयति—

**सुद्धस्स य सामण्णं भणियं सुद्धस्स दंसणं णाणं ।**
**सुद्धस्स य णिव्वाणं सो च्चिय सिद्धो णमो तस्स ।। २७४ ।।**

---

लक्षणसुखसुधारसास्वादानुभवबलेन विषयेषु मनागप्यनासक्ताः । किं कृत्वा । पूर्वं स्वस्वरूपपरिग्रहं स्वीकारं कृत्वा, **चत्ता** त्यक्त्वा । कम् । **उवहिं** उपधिं परिग्रहम् । किंविशिष्टम् । **बहित्थमज्झत्थं** बहिस्थं क्षेत्राद्यस्त्वाद्यनेकविधं मध्यस्थं मिथ्यात्वादिचतुर्दशभेदभिन्नम् । **जे** एवंगुणविशिष्टाः ये महात्मानः **ते सुद्ध त्ति णिद्दिट्ठा** ते शुद्धाः शुद्धोपयोगिनः इति निर्दिष्टाः कथिताः । अनेन व्याख्यानेन किमुक्तं भवति—इत्थंभूताः परमयोगिन एवाभेदेन मोक्षमार्ग इत्यवबोद्धव्यम् ।।२७३ ।। अथ शुद्धोपयोगलक्षणमोक्षमार्गं सर्वमनोरथस्थानत्वेन प्रदर्शयति—**भणियं** भणितम् । किम् । **सामण्णं** सम्यग्दर्शनज्ञानचारित्रैकाग्र्यलक्षणं

---

ટીકાઃ—અનેકાંત વડે જણાતું જે સકળ જ્ઞાતૃતત્ત્વનું અને જ્ઞેયતત્ત્વનું યથાસ્થિત સ્વરૂપ તેના પાંડિત્યમાં જેઓ પ્રવીણ છે, અંતરંગમાં ચકચકાટ કરતા અનંતશક્તિવાળા ચૈતન્યથી ભાસ્વર (તેજસ્વી) આત્મતત્ત્વના સ્વરૂપને જેમણે સમસ્ત બહિરંગ તથા અંતરંગ સંગતિના પરિત્યાગ વડે વિવિક્ત (ભિન્ન) કર્યું છે, અને (તેથી) અંતઃતત્ત્વની વૃત્તિ (-આત્માની પરિણતિ) સ્વરૂપગુપ્ત અને [1]સુષુપ્ત સમાન રહેવાને લીધે જેઓ વિષયોમાં જરા પણ આસક્તિ પામતા નથી,—એવા જે સકળ-મહિમાવંત ભગવંત 'શુદ્ધો' (-શુદ્ધોપયોગીઓ) તેમને જ મોક્ષતત્ત્વનું સાધનતત્ત્વ જાણવું (અર્થાત્ તે શુદ્ધોપયોગીઓ જ મોક્ષમાર્ગરૂપ છે), કારણ કે તેઓ અનાદિ સંસારથી રચાયેલા-બંધ રહેલા વિકટ [2]કર્મકપાટને તોડવાના-ખોલવાના અતિ ઉગ્ર પ્રયત્ન વડે પરાક્રમ પ્રગટ કરી રહ્યા છે. ૨૭૩.

હવે મોક્ષતત્ત્વના સાધનતત્ત્વને (અર્થાત્ શુદ્ધોપયોગીને) સર્વ મનોરથના સ્થાન તરીકે અભિનંદે (પ્રશંસે) છેઃ—

**રે ! શુદ્ધને શ્રામણ્ય ભાખ્યું, જ્ઞાન દર્શન શુદ્ધને,**
**છે શુદ્ધને નિર્વાણ, શુદ્ધ જ સિદ્ધ, પ્રણમું તેહને. ૨૭૪.**

---

૧. સુષુપ્ત સમાન = જાણે કે સૂઈ ગઈ હોય એવી (-પ્રશાંત).
૨. કર્મકપાટ = કર્મરૂપી બારણાં; કર્મરૂપી કમાડ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**सुद्धस्य च श्रामण्यं भणितं शुद्धस्य दर्शनं ज्ञानम् ।**
**शुद्धस्य च निर्वाणं स एव सिद्धो नमस्तस्मै ॥ २७४ ॥**

यत्तावत्सम्यग्दर्शनज्ञानचारित्रयौगपद्यप्रवृत्तैकाग्र्यलक्षणं साक्षान्मोक्षमार्गभूतं श्रामण्यं तच्च शुद्धस्यैव । यच्च समस्तभूतभवद्भाविव्यतिरेककरम्बितानन्तवस्त्वन्वयात्मकविश्वसामान्यविशेषप्रत्यक्षप्रतिभासात्मकं दर्शनं ज्ञानं च तत् शुद्धस्यैव । यच्च निःप्रतिघविजृम्भितसहजज्ञानानन्दमुद्रितदिव्यस्वभावं निर्वाणं तत् शुद्धस्यैव । यश्च टङ्कोत्कीर्णपरमानन्दावस्थासुस्थितात्मस्वभावोपलम्भगम्भीरो भगवान् सिद्धः स शुद्ध एव । अलं वाग्विस्तरेण, सर्वमनोरथस्थानस्य मोक्षतत्त्वसाधनतत्त्वस्य शुद्धस्य परस्परमङ्गाङ्गिभावपरिणतभाव्यभावकभावत्वात्प्रत्यस्तमितस्वपरविभागो भावनमस्कारोऽस्तु ॥ २७४ ॥

---

शत्रुमित्रादिसमभावपरिणतिरूपं साक्षान्मोक्षकारणं यच्छ्रामण्यम् । तत्तावत्कस्य । **सुद्धस्स य** शुद्धस्य च शुद्धोपयोगिन एव । **सुद्धस्स दंसणं णाणं** त्रैलोक्योदरविवरवर्तित्रिकालविषयसमस्तवस्तुगतानन्तधर्मैकसमयसामान्यविशेषपरिच्छित्तिसमर्थं यद्दर्शनज्ञानद्वयं तच्छुद्धस्यैव । **सुद्धस्स य णिव्वाणं** अव्याबाधानन्तसुखादिगुणाधारभूतं पराधीनरहितत्वेन स्वायत्तं यन्निर्वाणं तच्छुद्धस्यैव । **सो च्चिय सिद्धो** यो लौकिकमायाञ्जन-

---

**અન્વયાર્થઃ—**[ **शुद्धस्य च** ] શુદ્ધને (–શુદ્ધોપયોગીને) [ **श्रामण्यं भणितं** ] શ્રામણ્ય કહ્યું છે, [ **शुद्धस्य** ] શુદ્ધને [ **दर्शनं ज्ञानं** ] દર્શન અને જ્ઞાન કહ્યું છે, [ **शुद्धस्य च** ] શુદ્ધને [ **निर्वाणं** ] નિર્વાણ હોય છે, [ **सः एव** ] તે જ (–શુદ્ધ જ) [ **सिद्धः** ] સિદ્ધ હોય છે; [ **तस्मै नमः** ] તેને નમસ્કાર હો.

**ટીકાઃ—**પ્રથમ તો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના યુગપદ્‌પણારૂપે પ્રવર્તતી એકાગ્રતા જેનું લક્ષણ છે એવું જે સાક્ષાત્ મોક્ષમાર્ગભૂત શ્રામણ્ય, તે 'શુદ્ધ'ને જ હોય છે; સમસ્ત ભૂત-વર્તમાન-ભાવી વ્યતિરેકો સાથે મિલિત (મિશ્રિત), અનંત વસ્તુઓના અન્વયાત્મક જે વિશ્વ તેના (૧) સામાન્યના અને (૨) વિશેષના પ્રત્યક્ષ પ્રતિભાસસ્વરૂપ જે (૧) દર્શન અને (૨) જ્ઞાન, તે 'શુદ્ધ'ને જ હોય છે; નિર્વિઘ્ન-ખીલેલાં સહજ જ્ઞાનાનંદની મુદ્રાવાળો (–સ્વાભાવિક જ્ઞાન અને આનંદની છાપવાળો) દિવ્ય જેનો સ્વભાવ છે એવું જે નિર્વાણ, તે 'શુદ્ધ'ને જ હોય છે; અને ટંકોત્કીર્ણ પરમાનંદ-અવસ્થારૂપે સુસ્થિત આત્મસ્વભાવની ઉપલબ્ધિથી ગંભીર એવા જે ભગવાન સિદ્ધ, તે 'શુદ્ધ' જ હોય છે (અર્થાત્ શુદ્ધોપયોગી જ સિદ્ધ થાય છે). વચનવિસ્તારથી બસ થાઓ; સર્વ મનોરથના સ્થાનભૂત, મોક્ષતત્ત્વના સાધનતત્ત્વરૂપ 'શુદ્ધ'ને, જેમાંથી પરસ્પર અંગ-અંગીપણે પરિણમેલા [1]ભાવક-ભાવ્યપણાને લીધે સ્વપરનો વિભાગ અસ્ત થયો છે એવો ભાવનમસ્કાર હો. ૨૭૪.

---

૧. ભાવક (–ભાવનમસ્કાર કરનાર) તે અંગ (–અંશ) છે અને ભાવ્ય (–ભાવનમસ્કાર કરવાયોગ્ય પદાર્થ) તે અંગી (–અંશી) છે, તેથી આ ભાવનમસ્કારમાં ભાવક તેમ જ ભાવ્ય પોતે જ છે (–ભાવક પોતે અને ભાવ્ય પર એમ નથી).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ शिष्यजनं शास्त्रफलेन योजयन् शास्त्रं समापयति—

बुज्झदि सासणमेयं सागारणगारचरियया जुत्तो ।
जो सो पवयणसारं लहुणा कालेण पप्पोदि ॥२७५॥

बुध्यते शासनमेतत् साकारानाकारचर्यया युक्तः ।
यः स प्रवचनसारं लघुना कालेन प्राप्नोति ॥ २७५ ॥

यो हि नाम सुविशुद्धज्ञानदर्शनमात्रस्वरूपव्यवस्थितवृत्तिसमाहितत्वात् साकारानाकार-चर्यया युक्तः सन् शिष्यवर्गः स्वयं समस्तशास्त्रार्थविस्तरसंक्षेपात्मकश्रुतज्ञानोपयोगपूर्वकानु-

रसदिग्विजयमन्त्रयन्त्रादिसिद्धविलक्षणः स्वशुद्धात्मोपलम्भलक्षणः टङ्कोत्कीर्णज्ञायकैकस्वभावो ज्ञानावरणाद्यष्ट-विधकर्मरहितत्वेन सम्यक्त्वाद्यष्टगुणान्तर्भूतानन्तगुणसहितः सिद्धो भगवान् स चैव शुद्धः एव। **णमो तस्स** निर्दोषिनिजपरमात्मन्याराध्याराधकसंबन्धलक्षणो भावनमस्कारोऽस्तु तस्यैव। अत्रैतदुक्तं भवति—अस्य मोक्षकारणभूतशुद्धोपयोगस्य मध्ये सर्वेष्टमनोरथा लभ्यन्त इति मत्वा शेषमनोरथपरिहारेण तत्रैव भावना कर्तव्येति ॥२७४॥ अथ शिष्यजनं शास्त्रफलं दर्शयन् शास्त्रं समापयति—**पप्पोदि** प्राप्नोति। **सो** स शिष्यजनः कर्ता। कम्। **पवयणसारं** प्रवचनसारशब्दवाच्यं निजपरमात्मानम्। केन। **लहुणा कालेण** स्तोककालेन। यः किं करोति। **जो बुज्झदि** यः शिष्यजनो बुध्यते जानाति। किम्। **सासणमेयं** शास्त्रमिदं। किं नाम। **पवयणसारं** प्रवचनसारं,—सम्यग्ज्ञानस्य तस्यैव ज्ञेयभूतपरमात्मादि-

હવે (ભગવાન કુંદકુંદાચાર્યદેવ) શિષ્યજનને શાસ્ત્રના ફળ સાથે જોડતા થકા શાસ્ત્ર સમાપ્ત કરે છેઃ—

સાકાર અણ-આકાર ચર્યાયુક્ત આ ઉપદેશને
જે જાણતો, તે અલ્પ કાળે સાર પ્રવચનનો લહે. ૨૭૫.

**અન્વયાર્થઃ**—[ यः ] જે [ साकारानाकारचर्यया युक्तः ] સાકાર-અનાકાર ચર્યાથી યુક્ત વર્તતો થકો [ एतत् शासनं ] આ ઉપદેશને [ बुध्यते ] જાણે છે, [ सः ] તે [ लघुना कालेन ] અલ્પ કાળે [ प्रवचनसारं ] પ્રવચનના સારને (-ભગવાન આત્માને) [ प्राप्नोति ] પામે છે.

**ટીકાઃ**—[1]સુવિશુદ્ધજ્ઞાનદર્શનમાત્ર સ્વરૂપમાં અવસ્થિત (રહેલી) પરિણતિમાં લાગેલો હોવાને લીધે સાકાર-અનાકાર ચર્યાથી યુક્ત વર્તતો થકો, જે શિષ્યવર્ગ પોતે સમસ્ત શાસ્ત્રના અર્થોના [2]વિસ્તારસંક્ષેપાત્મક શ્રુતજ્ઞાનોપયોગપૂર્વક પ્રભાવ વડે કેવળ

૧. આત્માનું સ્વરૂપ માત્ર સુવિશુદ્ધ જ્ઞાન અને દર્શન છે. [ તેમાં, જ્ઞાન સાકાર છે અને દર્શન અનાકાર છે. ]
૨. વિસ્તારસંક્ષેપાત્મક = વિસ્તારાત્મક કે સંક્ષેપાત્મક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**भावेन केवलमात्मानमनुभवन् शासनमेतद्बुध्यते स खलु निरवधित्रिसमयप्रवाहावस्थायित्वेन सकलार्थसार्थात्मकस्य प्रवचनस्य सारभूतं भूतार्थस्वसंवेद्यदिव्यज्ञानानन्दस्वभावमननुभूतपूर्वं भगवन्तमात्मानमवाप्नोति ॥ २७५ ॥**

**इति तत्त्वदीपिकायां श्रीमदमृतचन्द्रसूरिविरचितायां प्रवचनसारवृत्तौ चरणानुयोगसूचिका चूलिका नाम तृतीयः श्रुतस्कन्धः समाप्तः ॥ ३ ॥**

* * *

---

पदार्थानां तत्साध्यस्य निर्विकारस्वसंवेदनज्ञानस्य च, तथैव तत्त्वार्थश्रद्धानलक्षणसम्यग्दर्शनस्य तद्विषयभूतानेकान्तात्मकपरमात्मादिद्रव्याणां तेन व्यवहारसम्यक्त्वेन साध्यस्य निजशुद्धात्मरुचिरूपनिश्चयसम्यक्त्वस्य च, तथैव च व्रतसमितिगुप्त्याद्यनुष्ठानरूपस्य सरागचारित्रस्य तेनैव साध्यस्य स्वशुद्धात्मनिश्चलानुभूतिरूपस्य वीतरागचारित्रस्य च प्रतिपादकत्वात्प्रवचनसाराभिधेयम् । कथंभूतः सः शिष्यजनः । **सागारणगारचरियया जुत्तो** सागारानागारचर्यया युक्तः । आभ्यन्तररत्नत्रयानुष्ठानमुपादेयं कृत्वा बहिरङ्गरत्नत्रयानुष्ठानं सागारचर्या श्रावकचर्या । बहिरङ्गरत्नत्रयाधारेणाभ्यन्तररत्नत्रयानुष्ठानमनागारचर्या प्रमत्तसंयतादितपोधनचर्येत्यर्थः ॥२७५॥ इति गाथापञ्चकेन पञ्चरत्नसंज्ञं पञ्चमस्थलं व्याख्यातम् । एवं 'णिच्छिदसुत्तत्थपदो' इत्यादि द्वात्रिंशद्गाथाभिः स्थलपञ्चकेन शुभोपयोगाभिधानश्चतुर्थान्तराधिकारः समाप्तः ॥

इति श्री**जयसेनाचार्य**कृतायां तात्पर्यवृत्तौ पूर्वोक्तक्रमेण 'एवं पणमिय सिद्धे' इत्याद्येकविंशतिगाथाभिरुत्सर्गाधिकारः । तदनन्तरं 'ण हि णिरवेक्खो चागो' इत्यादि त्रिंशद्गाथाभिरपवादाधिकारः । ततः परं 'एयग्गगदो समणो' इत्यादिचतुर्दशगाथाभिः श्रामण्यापरनामा मोक्षमार्गाधिकारः । ततोऽप्यनन्तरं 'णिच्छिदसुत्तत्थपदो' इत्यादिद्वात्रिंशद्गाथाभिः शुभोपयोगाधिकारश्चेत्यन्तराधिकारचतुष्टयेन सप्तनवतिगाथाभि**श्चरणानुयोगचूलिका** नामा तृतीयो महाधिकारः समाप्तः ॥३॥

---

**આત્માને અનુભવતો, આ ઉપદેશને જાણે છે, તે (શિષ્યવર્ગ) ખરેખર, [1]ભૂતાર્થ-સ્વસંવેદ્ય-દિવ્ય જ્ઞાનાનંદ જેનો સ્વભાવ છે એવા, પૂર્વે નહિ અનુભવેલા, ભગવાન આત્માને પામે છે—કે જે (આત્મા) ત્રણે કાળના નિરવધિ પ્રવાહમાં અવસ્થાયી (-ટકનારો) હોવાથી [2]સકળ પદાર્થોના સમૂહાત્મક પ્રવચનના સારભૂત છે. ૨૭૫.**

**આમ (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પ્રવચનસાર શાસ્ત્રની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત તત્ત્વદીપિકા નામની ટીકામાં ચરણાનુયોગસૂચક ચૂલિકા નામનો તૃતીય શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**

* * *

---

૧. પારમાર્થિક (સત્યાર્થ), સ્વસંવેદ્ય અને દિવ્ય એવાં જે જ્ઞાન અને આનંદ તે ભગવાન આત્માનો સ્વભાવ છે.

૨. પ્રવચન સકળ પદાર્થોના સમૂહનું પ્રતિપાદન કરે છે તેથી તેને સકળ પદાર્થોના સમૂહાત્મક કહ્યું છે. [નિજ શુદ્ધાત્મા પ્રવચનના સારભૂત છે, કારણ કે પ્રવચન જે સર્વપદાર્થસમૂહનું પ્રતિપાદન કરે છે તેમાં એક નિજાત્મપદાર્થ જ પોતાને ધ્રુવ છે, બીજો કોઈ પદાર્થ પોતાને ધ્રુવ નથી.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ननु कोऽयमात्मा कथं चावाप्यत इति चेत्, अभिहितमेतत् पुनरप्यभिधीयते । आत्मा हि तावच्चैतन्यसामान्यव्याप्तानन्तधर्माधिष्ठात्रेकं द्रव्यमनन्तधर्मव्यापकानन्तनयव्याप्येकश्रुतज्ञानलक्षणप्रमाणपूर्वकस्वानुभवप्रमीयमाणत्वात् । तत्तु द्रव्यनयेन पटमात्रवच्चिन्मात्रम् १ । पर्यायनयेन तन्तुमात्रवद्दर्शनज्ञानादिमात्रम् २ । अस्तित्वनयेनायोमयगुणकार्मुकान्तरालवर्तिसंहितावस्थलक्ष्योन्मुखविशिखवत् स्वद्रव्यक्षेत्रकालभावैरस्तित्ववत् ३ । नास्तित्वनयेनानयोमयागुणकार्मुकान्तरालवर्त्यसंहितावस्थालक्ष्योन्मुखप्राक्तनविशिखवत् परद्रव्यक्षेत्रकालभावैर्नास्तित्ववत् ४ ।**

---

अत्राह शिष्यः—परमात्मद्रव्यं यद्यपि पूर्वं बहुधा व्याख्यातम्, तथापि संक्षेपेण पुनरपि कथ्यतामिति । भगवानाह—केवलज्ञानाद्यनन्तगुणानामाधारभूतं यत्तदात्मद्रव्यं भण्यते । तस्य च नयैः प्रमाणेन

---

[ હવે ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ વડે પરિશિષ્ટરૂપે થોડું કહેવામાં આવે છે: ]

'આ આત્મા કોણ છે (-કેવો છે) અને કઈ રીતે પ્રાપ્ત કરાય છે' એવો પ્રશ્ન કરવામાં આવે તો તેનો ઉત્તર (પૂર્વે) કહેવાઈ ગયો છે અને (અહીં) ફરીને પણ કહેવામાં આવે છે:—

પ્રથમ તો, આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે, કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે (-જણાય છે).

તે આત્મદ્રવ્ય દ્રવ્યનયે, પટમાત્રની માફક, ચિન્માત્ર છે (અર્થાત્ આત્મા દ્રવ્યનયે ચૈતન્યમાત્ર છે, જેમ વસ્ત્ર વસ્ત્રમાત્ર છે તેમ). ૧.

આત્મદ્રવ્ય પર્યાયનયે, તંતુમાત્રની માફક, દર્શનજ્ઞાનાદિમાત્ર છે (અર્થાત્ આત્મા પર્યાયનયે દર્શનજ્ઞાનચારિત્રાદિમાત્ર છે, જેમ વસ્ત્ર તંતુમાત્ર છે તેમ). ૨.

આત્મદ્રવ્ય અસ્તિત્વનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું છે;—લોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ તીરની માફક. (જેમ કોઈ તીર સ્વદ્રવ્યથી લોહમય છે, સ્વક્ષેત્રથી દોરી ને કામઠાના વચગાળામાં રહેલું છે, સ્વકાળથી સંધાન-દશામાં છે અર્થાત્ ધનુષ્ય પર ચડાવીને ખેંચાયેલી સ્થિતિમાં છે અને સ્વભાવથી લક્ષ્યોન્મુખ છે અર્થાત્ નિશાનની સન્મુખ છે, તેમ આત્મા અસ્તિત્વનયે સ્વચતુષ્ટયથી અસ્તિત્વવાળો છે.) ૩.

આત્મદ્રવ્ય નાસ્તિત્વનયે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વવાળું છે;—અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર અન્ય તીરના દ્રવ્યની અપેક્ષાથી અલોહમય છે, અન્ય તીરના ક્ષેત્રની અપેક્ષાથી દોરી ને કામઠાના વચગાળામાં નહિ રહેલું છે, અન્ય તીરના કાળની અપેક્ષાથી સંધાયેલી સ્થિતિમાં નહિ રહેલું છે અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अस्तित्वनास्तित्वनयेनायोमयानयोमयगुणकार्मुकान्तरालवर्त्यगुणकार्मुकान्तरालवर्तिसंहितावस्था-संहितावस्थलक्ष्योन्मुखालक्ष्योन्मुखप्राक्तनविशिखवत् क्रमतः स्वपरद्रव्यक्षेत्रकालभावैरस्तित्व-नास्तित्ववत् ५। अवक्तव्यनयेनायोमयानयोमयगुणकार्मुकान्तरालवर्त्यगुणकार्मुकान्तरालवर्ति-संहितावस्थासंहितावस्थलक्ष्योन्मुखालक्ष्योन्मुखप्राक्तनविशिखवत् युगपत्स्वपरद्रव्यक्षेत्रकालभावैर-वक्तव्यम् ६। अस्तित्वावक्तव्यनयेनायोमयगुणकार्मुकान्तरालवर्तिसंहितावस्थलक्ष्योन्मुखा-योमयानयोमयगुणकार्मुकान्तरालवर्त्यगुणकार्मुकान्तरालवर्तिसंहितावस्थासंहितावस्थलक्ष्योन्मुखा-लक्ष्योन्मुखप्राक्तनविशिखवत् स्वद्रव्यक्षेत्रकालभावैर्युगपत्स्वपरद्रव्यक्षेत्रकालभावैश्चास्तित्ववद-

---

च परीक्षा क्रियते। तद्यथा—एतावत् शुद्धनिश्चयनयेन निरुपाधिस्फटिकवत्समस्तरागादिविकल्पोपाधिरहितम्। तदेवाशुद्धनिश्चयनयेन सोपाधिस्फटिकवत्समस्तरागादिविकल्पोपाधिसहितम्। शुद्धसद्भूतव्यवहारनयेन शुद्ध-स्पर्शरसगन्धवर्णानामाधारभूतपुद्गलपरमाणुवत्केवलज्ञानादिशुद्धगुणानामाधारभूतम्। तदेवाशुद्धसद्भूतव्यवहार-

---

અન્ય તીરના ભાવની અપેક્ષાથી અલક્ષ્યોન્મુખ છે, તેમ આત્મા નાસ્તિત્વનયે પરચતુષ્ટયથી નાસ્તિત્વવાળો છે.) ૪.

આત્મદ્રવ્ય અસ્તિત્વનાસ્તિત્વનયે ક્રમશઃ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વ-નાસ્તિત્વવાળું છે;—લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર ક્રમશઃ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી લોહમયાદિ અને અલોહમયાદિ છે, તેમ આત્મા અસ્તિત્વનાસ્તિત્વનયે ક્રમશઃ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી અસ્તિત્વવાળો અને નાસ્તિત્વવાળો છે.) ૫.

આત્મદ્રવ્ય અવક્તવ્યનયે યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અવક્તવ્ય છે;—લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર યુગપદ્ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી યુગપદ્ લોહમયાદિ અને અલોહમયાદિ હોવાથી અવક્તવ્ય છે, તેમ આત્મા અવક્તવ્યનયે યુગપદ્ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી અવક્તવ્ય છે.) ૬.

આત્મદ્રવ્ય અસ્તિત્વ-અવક્તવ્યનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું-અવક્તવ્ય છે;—(સ્વચતુષ્ટયથી) લોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वक्तव्यम् ७ । नास्तित्वावक्तव्यनयेनानयोमयागुणकार्मुकान्तरालवर्त्यसंहितावस्थालक्ष्योन्मुखायोमयानयोमयगुणकार्मुकान्तरालवर्त्यगुणकार्मुकान्तरालवर्तिसंहितावस्थासंहितावस्थलक्ष्योन्मुखालक्ष्योन्मुखप्राक्तनविशिखवत् परद्रव्यक्षेत्रकालभावैर्युगपत्स्वपरद्रव्यक्षेत्रकालभावैश्च नास्तित्ववदवक्तव्यम् ८ । अस्तित्वनास्तित्वावक्तव्यनयेनायोमयगुणकार्मुकान्तरालवर्तिसंहितावस्थलक्ष्योन्मुखानयोमयागुणकार्मुकान्तरालवर्त्यसंहितावस्थालक्ष्योन्मुखायोमयानयोमयगुणकार्मुकान्त-

---

नयेनाशुद्धस्पर्शरसगन्धवर्णानामाधारभूतद्व्यणुकादिस्कन्धवन्मतिज्ञानादिविभावगुणानामाधारभूतम् । अनुपचरितासद्भूतव्यवहारनयेन द्व्यणुकादिस्कन्धेषु संश्लेशबन्धस्थितपुद्गलपरमाणुवत्परमौदारिकशरीरे वीतरागसर्वज्ञवद्वा

---

માફક. [જેમ પહેલાંનું તીર (૧) સ્વચતુષ્ટયની તથા (૨) એકીસાથે સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) લોહમયાદિ તથા (૨) ન કહી શકાય એવું છે, તેમ આત્મા અસ્તિત્વ-અવક્તવ્યનયે (૧) સ્વચતુષ્ટયની તથા (૨) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧)અસ્તિત્વવાળો તથા (૨) અવક્તવ્ય છે.] ૭.

આત્મદ્રવ્ય નાસ્તિત્વ-અવક્તવ્યનયે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર કાળ-ભાવથી નાસ્તિત્વવાળું-અવક્તવ્ય છે;—(પરચતુષ્ટયથી) અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. [જેમ પ્રથમનું તીર (૧) પરચતુષ્ટયની તથા (૨) એકીસાથે સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અલોહમયાદિ તથા (૨) અવક્તવ્ય છે, તેમ આત્મા નાસ્તિત્વ-અવક્તવ્યનયે (૧) પરચતુષ્ટયની તથા (૨) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) નાસ્તિત્વવાળો તથા (૨) અવક્તવ્ય છે.] ૮.

આત્મદ્રવ્ય અસ્તિત્વ-નાસ્તિત્વ-અવક્તવ્યનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી, પરદ્રવ્ય-ક્ષેત્ર કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું-નાસ્તિત્વવાળું-અવક્તવ્ય છે;—(સ્વચતુષ્ટયથી) લોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ એવા, (પરચતુષ્ટયથી) અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. [જેમ પહેલાંનું તીર (૧) સ્વચતુષ્ટયની, (૨) પરચતુષ્ટયની તથા (૩) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) લોહમય, (૨) અલોહમય તથા (૩) અવક્તવ્ય છે, તેમ આત્મા અસ્તિત્વ-નાસ્તિત્વ-અવક્તવ્યનયે (૧) સ્વચતુષ્ટયની, (૨) પરચતુષ્ટયની તથા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



रालवर्त्यगुणकार्मुकान्तरालवर्तिसंहितावस्थासंहितावस्थलक्ष्योन्मुखालक्ष्योन्मुखमाक्तनविशिखवत् स्वद्रव्यक्षेत्रकालभावैः परद्रव्यक्षेत्रकालभावैर्युगपत्स्वपरद्रव्यक्षेत्रकालभावैश्चास्तित्वनास्तित्ववदवक्तव्यम् ९। विकल्पनयेन शिशुकुमारस्थविरैकपुरुषवत् सविकल्पम् १०। अविकल्पनयेनैकपुरुषमात्रवदविकल्पम् ११। नामनयेन तदात्मवत् शब्दब्रह्मामर्शि १२। स्थापनानयेन मूर्तित्ववत् सकलपुद्गलालम्बि १३। द्रव्यनयेन माणवकश्रेष्ठिश्रमणपार्थिववदनागतातीतपर्यायोद्भासि १४। भावनयेन पुरुषायितप्रवृत्तयोषिद्वत्तदात्वपर्यायोल्लासि १५। सामान्यनयेन हारस्रग्दामसूत्र-

---

विवक्षितैकदेहस्थितम् । उपचरितासद्भूतव्यवहारनयेन काष्ठासनाद्युपविष्टदेवदत्तवत्समवसरणस्थितवीतरागसर्वज्ञवद्वा विवक्षितैकग्रामगृहादिस्थितम् । इत्यादि परस्परसापेक्षानेकनयैः प्रमीयमाणं व्यवह्रियमाणं क्रमेण

---

(૩) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અસ્તિત્વવાળો, (૨) નાસ્તિત્વવાળો તથા (૩) અવક્તવ્ય છે.] ૯.

આત્મદ્રવ્ય વિકલ્પનયે, બાળક, કુમાર અને વૃદ્ધ એવા એક પુરુષની માફક, સવિકલ્પ છે ( અર્થાત્ આત્મા ભેદનયે, ભેદ સહિત છે, જેમ એક પુરુષ બાળક, કુમાર અને વૃદ્ધ એવા ભેદવાળો છે તેમ). ૧૦.

આત્મદ્રવ્ય અવિકલ્પનયે, એક પુરુષમાત્રની માફક, અવિકલ્પ છે ( અર્થાત્ અભેદનયે આત્મા અભેદ છે, જેમ એક પુરુષ બાળક-કુમાર-વૃદ્ધ એવા ભેદો વિનાનો એક પુરુષમાત્ર છે તેમ ). ૧૧.

આત્મદ્રવ્ય નામનયે, નામવાળાની માફક, શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે (અર્થાત્ આત્મા નામનયે શબ્દબ્રહ્મથી કહેવાય છે, જેમ નામવાળો પદાર્થ તેના નામરૂપ શબ્દથી કહેવાય છે તેમ). ૧૨.

આત્મદ્રવ્ય સ્થાપનાનયે, મૂર્તિપણાની માફક, સર્વ પુદ્‌ગલોને અવલંબનારું છે ( અર્થાત્ સ્થાપનાનયે આત્મદ્રવ્યની પૌદ્‌ગલિક સ્થાપના કરી શકાય છે, મૂર્તિની માફક ). ૧૩.

આત્મદ્રવ્ય દ્રવ્યનયે, બાળક શેઠની માફક અને શ્રમણ રાજાની માફક, અનાગત અને અતીત પર્યાયે પ્રતિભાસે છે ( અર્થાત્ આત્મા દ્રવ્યનયે ભાવી અને ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે, જેમ બાળક શેઠપણાસ્વરૂપ ભાવી પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે અને મુનિ રાજાસ્વરૂપ ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે તેમ). ૧૪.

આત્મદ્રવ્ય ભાવનયે, પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક, તત્કાળના ( વર્તમાન ) પર્યાયરૂપે ઉલ્લસે–પ્રકાશે–પ્રતિભાસે છે ( અર્થાત્ આત્મા ભાવનયે વર્તમાન પર્યાયરૂપે પ્રકાશે છે, જેમ પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રી પુરુષત્વરૂપ પર્યાયરૂપે પ્રતિભાસે છે તેમ). ૧૫.

આત્મદ્રવ્ય સામાન્યનયે, હાર–માળા–કંઠીના દોરાની માફક, વ્યાપક છે ( અર્થાત્ આત્મા સામાન્યનયે સર્વ પર્યાયોમાં વ્યાપે છે, જેમ મોતીની માળાનો દોરો સર્વ મોતીમાં વ્યાપે છે તેમ). ૧૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वद्व्यापि १६। विशेषनयेन तदेकमुक्ताफलवदव्यापि १७। नित्यनयेन नटवदवस्थायि १८। अनित्यनयेन रामरावणवदनवस्थायि १९। सर्वगतनयेन विस्फारिताक्षचक्षुर्वत्सर्ववर्ति २०। असर्वगतनयेन मीलिताक्षचक्षुर्वदात्मवर्ति २१। शून्यनयेन शून्यागारवत्केवलोद्भासि २२। अशून्यनयेन लोकाक्रान्तनौवन्मिलितोद्भासि २३। ज्ञानज्ञेयाद्वैतनयेन महदिन्धनभारपरिणतधूमकेतुवदेकम् २४। ज्ञानज्ञेयद्वैतनयेन परप्रतिबिम्बसम्पृक्तदर्पणवदनेकम् २५। नियतिनयेन नियमितौष्ण्यवह्निवन्नियतस्वभावभासि २६। अनियतिनयेन नियत्यनियमितौष्ण्यपानीय-

---

मेचकस्वभावविवक्षितैकधर्मव्यापकत्वादेकस्वभावं भवति। तदेव जीवद्रव्यं प्रमाणेन प्रमीयमाणं मेचकस्वभावानामनेकधर्माणां युगपद्व्यापकत्वाच्चित्रपटवदनेकस्वभावं भवति। एवं नयप्रमाणाभ्यां तत्त्वविचारकाले योऽसौ

---

આત્મદ્રવ્ય વિશેષનયે, તેના એક મોતીની માફક, અવ્યાપક છે (અર્થાત્ આત્મા વિશેષનયે અવ્યાપક છે, જેમ પૂર્વોક્ત માળાનું એક મોતી આખી માળામાં અવ્યાપક છે તેમ). ૧૭.

આત્મદ્રવ્ય નિત્યનયે, નટની માફક, અવસ્થાયી છે (અર્થાત્ આત્મા નિત્યનયે નિત્ય-ટકનારો છે, જેમ રામ-રાવણરૂપ અનેક અનિત્ય સ્વાંગ ધરતો હોવા છતાં પણ નટ તેનો તે જ નિત્ય છે તેમ). ૧૮.

આત્મદ્રવ્ય અનિત્યનયે, રામ-રાવણની માફક, અનવસ્થાયી છે (અર્થાત્ આત્મા અનિત્યનયે અનિત્ય છે, જેમ નટે ધારણ કરેલા રામ-રાવણરૂપ સ્વાંગ અનિત્ય છે તેમ). ૧૯.

આત્મદ્રવ્ય સર્વગતનયે, ખુલ્લી રાખેલી આંખની માફક, સર્વવર્તી (બધામાં વ્યાપનારું) છે. ૨૦.

આત્મદ્રવ્ય અસર્વગતનયે, મીંચેલી આંખની માફક, આત્મવર્તી (પોતામાં રહેનારું) છે. ૨૧.

આત્મદ્રવ્ય શૂન્યનયે, શૂન્ય (ખાલી) ઘરની માફક, એકલું (અમિલિત) ભાસે છે. ૨૨.

આત્મદ્રવ્ય અશૂન્યનયે, લોકોથી ભરેલા વહાણની માફક, મિલિત ભાસે છે. ૨૩.

આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનયે (જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતરૂપ નયે), મોટા ઇંધનસમૂહરૂપે પરિણત અગ્નિની માફક, એક છે. ૨૪.

આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેયદ્વૈતનયે, પરનાં પ્રતિબિંબોથી સંપૃક્ત દર્પણની માફક, અનેક છે (અર્થાત્ આત્મા જ્ઞાન અને જ્ઞેયના દ્વૈતરૂપ નયે અનેક છે, જેમ પર-પ્રતિબિંબોના સંગવાળો અરીસો અનેકરૂપ છે તેમ). ૨૫.

આત્મદ્રવ્ય નિયતિનયે નિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયમિત (નિયત) હોય છે એવા અગ્નિની માફક. [આત્મા નિયતિનયે નિયતસ્વભાવવાળો ભાસે છે, જેમ અગ્નિને ઉષ્ણતાનો નિયમ હોવાથી અગ્નિ નિયતસ્વભાવવાળો ભાસે છે તેમ.] ૨૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वदनियतस्वभावभासि २७ । स्वभावनयेनानिशिततीक्ष्णकण्टकवत्संस्कारानर्थक्यकारि २८ । अस्वभावनयेनायस्कारनिशिततीक्ष्णविशिखवत्संस्कारसार्थक्यकारि २९ । कालनयेन निदाघदिवसानुसारिपच्यमानसहकारफलवत्समयायत्तसिद्धिः ३० । अकालनयेन कृत्रिमोष्मपाच्यमानसहकारफलवत्समयानायत्तसिद्धिः ३१ । पुरुषकारनयेन पुरुषकारोपलब्धमधुकुक्कुटीकपुरुषकारवादिवद्यत्नसाध्यसिद्धिः ३२ । दैवनयेन पुरुषकारवादिदत्तमधुकुक्कुटीगर्भलब्धमाणिक्य-

परमात्मद्रव्यं जानाति स निर्विकल्पसमाधिप्रस्तावे निर्विकारस्वसंवेदनज्ञानेनापि जानातीति ॥ पुनरप्याह शिष्यः—ज्ञातमेवात्मद्रव्यं हे भगवन्निदानीं तस्य प्राप्त्युपायः कथ्यताम् । भगवानाह—सकलविमलकेवल-

આત્મદ્રવ્ય અનિયતિનયે અનિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયતિથી (-નિયમ વડે) નિયમિત નથી એવા પાણીની માફક. [આત્મા અનિયતિનયે અનિયતસ્વભાવવાળો ભાસે છે, જેમ પાણીને (અગ્નિના નિમિત્તે થતી) ઉષ્ણતા અનિયત હોવાથી પાણી અનિયતસ્વભાવવાળું ભાસે છે તેમ.] ૨૭.

આત્મદ્રવ્ય સ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે (અર્થાત્ આત્માને સ્વભાવનયે સંસ્કાર નિરુપયોગી છે), જેને કોઈથી અણી કાઢવામાં આવતી નથી (પણ જે સ્વભાવથી જ અણીવાળો હોય છે) એવા તીક્ષ્ણ કાંટાની માફક. ૨૮.

આત્મદ્રવ્ય અસ્વભાવનયે સંસ્કારને સાર્થક કરનારું છે (અર્થાત્ આત્માને અસ્વભાવનયે સંસ્કાર ઉપયોગી છે), જેને (સ્વભાવથી અણી હોતી નથી પણ સંસ્કાર કરીને) લુહાર વડે અણી કાઢવામાં આવી હોય છે એવા તીક્ષ્ણ તીરની માફક. ૨૯.

આત્મદ્રવ્ય કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એવું છે, ઉનાળાના દિવસ અનુસાર પાકતા આમ્રફળની માફક. [કાળનયે આત્મદ્રવ્યની સિદ્ધિ સમય પર આધાર રાખે છે, ઉનાળાના દિવસ અનુસાર પાકતી કેરીની માફક.] ૩૦.

આત્મદ્રવ્ય અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી એવું છે, કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળની માફક. ૩૧.

આત્મદ્રવ્ય પુરુષકારનયે જેની સિદ્ધિ યત્નસાધ્ય છે એવું છે, જેને પુરુષકારથી *લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે (-ઊગે છે) એવા પુરુષકારવાદીની માફક. [પુરુષાર્થનયે આત્માની સિદ્ધિ પ્રયત્નથી થાય છે, જેમ કોઈ પુરુષાર્થવાદી મનુષ્યને પુરુષાર્થથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે તેમ.] ૩૨.

આત્મદ્રવ્ય દૈવનયે જેની સિદ્ધિ અયત્નસાધ્ય છે (-યત્ન વિના થાય છે) એવું છે, પુરુષકારવાદીએ દીધેલા *લીંબુના ઝાડની અંદરથી જેને (યત્ન વિના, દૈવથી) માણેક પ્રાપ્ત થાય છે એવા દૈવવાદીની માફક. ૩૩.

* અહીં **'मधुकुक्कुटी'** નો અર્થ 'લીંબુનું ઝાડ' કર્યો છે. શ્રી પાંડે હેમરાજજીએ હિંદી પ્રવચનસારમાં તેનો અર્થ **'मधुछत्ता** (અર્થાત્ મધપૂડો)' કર્યો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



दैववादिवद्यत्नसाध्यसिद्धिः ३३ । ईश्वरनयेन धात्रीहटावलेह्यमानपान्थबालकवत्पारतन्त्र्यभोक्तृ ३४ । अनीश्वरनयेन स्वच्छन्ददारितकुरङ्गकण्ठीरववत्स्वातन्त्र्यभोक्तृ ३५ । गुणिनयेनोपाध्यायविनीयमानकुमारकवद्गुणग्राहि ३६ । अगुणिनयेनोपाध्यायविनीयमानकुमारकाध्यक्षवत् केवलमेव साक्षि ३७ । कर्तृनयेन रञ्जकवद्रागादिपरिणामकर्तृ ३८ । अकर्तृनयेन स्वकर्मप्रवृत्तरञ्जकाध्यक्षवत्केवलमेव साक्षि ३९ । भोक्तृनयेन हिताहितान्नभोक्तृव्याधितवत् सुखदुःखादिभोक्तृ ४० । अभोक्तृनयेन हिताहितान्नभोक्तृव्याधिताध्यक्षधन्वन्तरिचरवत्

---

ज्ञानदर्शनस्वभावनिजपरमात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपाभेदरत्नत्रयात्मकनिर्विकल्पसमाधिसंजातरागाद्युपाधिरहितपरमानन्दैकलक्षणसुखामृतरसास्वादानुभवमलभमानः सन् पूर्णमासीदिवसे जलकल्लोलक्षुभितसमुद्र इव

---

આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે, ધાવની દુકાને ધવડાવવામાં આવતા મુસાફરના બાળકની માફક. ૩૪.

આત્મદ્રવ્ય અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે, હરણને સ્વચ્છંદે (સ્વતંત્રપણે, પોતાની મરજી અનુસાર) ફાડી ખાતા સિંહની માફક. ૩૫.

આત્મદ્રવ્ય ગુણીનયે ગુણગ્રાહી છે, શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવા કુમારની માફક. ૩૬.

આત્મદ્રવ્ય અગુણીનયે કેવળ સાક્ષી જ છે (-ગુણગ્રાહી નથી), શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવો જે કુમાર તેને જોનાર પુરુષની (-પ્રેક્ષકની) માફક. ૩૭.

આત્મદ્રવ્ય કર્તૃનયે, રંગરેજની માફક, રાગાદિપરિણામનું કરનાર છે (અર્થાત્ આત્મા કર્તાનયે રાગાદિ પરિણામોનો કર્તા છે, જેમ રંગારો રંગકામનો કરનાર છે તેમ). ૩૮.

આત્મદ્રવ્ય અકર્તૃનયે કેવળ સાક્ષી જ છે (-કર્તા નથી), પોતાના કાર્યમાં પ્રવૃત્ત રંગરેજને જોનાર પુરુષની (-પ્રેક્ષકની) માફક. ૩૯.

આત્મદ્રવ્ય ભોક્તૃનયે સુખદુઃખાદિનું ભોગવનાર છે, હિતકારી-અહિતકારી અન્નને ખાનાર રોગીની માફક. [આત્મા ભોક્તાનયે સુખદુઃખાદિને ભોગવે છે, જેમ હિતકારી કે અહિતકારી અન્નને ખાનાર રોગી સુખ કે દુઃખને ભોગવે છે તેમ.] ૪૦.

આત્મદ્રવ્ય અભોક્તૃનયે કેવળ સાક્ષી જ છે, હિતકારી-અહિતકારી અન્નને ખાનાર રોગીને જોનાર વૈદ્યની માફક. [આત્મા અભોક્તાનયે કેવળ સાક્ષી જ છે—ભોક્તા નથી, જેમ સુખદુઃખને ભોગવનાર રોગીને જોનાર જે વૈદ્ય તે તો કેવળ સાક્ષી જ છે તેમ.] ૪૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



केवलमेव साक्षि ४१ । क्रियानयेन स्थाणुभिन्नमूर्धजातदृष्टिलब्धनिधानान्धवदनुष्ठानप्राधान्य-साध्यसिद्धिः ४२ । ज्ञाननयेन चणकमुष्टिक्रीतचिन्तामणिगृहकोणवाणिजवद्विवेकप्राधान्य-साध्यसिद्धिः ४३ । व्यवहारनयेन बन्धकमोचकपरमाण्वन्तरसंयुज्यमानवियुज्यमानपरमाणु-वद्बन्धमोक्षयोर्द्वैतानुवर्ति ४४ । निश्चयनयेन केवलबध्यमानमुच्यमानबन्धमोक्षोचित-स्निग्धरूक्षत्वगुणपरिणतपरमाणुवद्बन्धमोक्षयोरद्वैतानुवर्ति ४५ । अशुद्धनयेन घटशरावविशिष्ट-मृण्मात्रवत्सोपाधिस्वभावम् ४६ । शुद्धनयेन केवलमृण्मात्रवन्निरुपाधिस्वभावम् ४७ ।

---

रागद्वेषमोहकल्लोलैर्यावदस्वस्थरूपेण क्षोभं गच्छत्ययं जीवस्तावत्कालं निजशुद्धात्मानं न प्राप्नोति इति । स एव वीतरागसर्वज्ञप्रणीतोपदेशात् एकेन्द्रियविकलेन्द्रियपञ्चेन्द्रियसंज्ञिपर्याप्तमनुष्यदेशकुलरूपेन्द्रियपटुत्व-

---

આત્મદ્રવ્ય ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે, થાંભલા વડે માથું ભેદાતાં દૃષ્ટિ ઉત્પન્ન થઈને જેને નિધાન મળે છે એવા અંધની માફક. [ક્રિયાનયે આત્મા અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થાય એવો છે, જેમ કોઈ અંધ પુરુષને પત્થરના થાંભલા સાથે માથું ફોડવાથી માથામાંના લોહીનો વિકાર દૂર થવાને લીધે આંખો ખૂલી જાય અને નિધાન પ્રાપ્ત થાય તેમ.] ૪૨.

આત્મદ્રવ્ય જ્ઞાનનયે વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે, ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદનાર એવો જે ઘરના ખૂણામાં રહેલો વેપારી તેની માફક. [જ્ઞાનનયે આત્માને વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ થાય છે, જેમ ઘરના ખૂણામાં બેઠેલો વેપારી ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદી લે તેમ.] ૪૩.

આત્મદ્રવ્ય વ્યવહારનયે બંધ અને મોક્ષને વિષે †દ્વૈતને અનુસરનારું છે, બંધક (બંધ કરનાર) અને મોચક (મુક્ત કરનાર) એવા અન્ય પરમાણુ સાથે સંયુક્ત થતા અને તેનાથી વિયુક્ત થતા એવા પરમાણુની માફક. [વ્યવહારનયે આત્મા બંધ અને મોક્ષમાં (પુદ્‌ગલ સાથે) દ્વૈતને પામે છે, જેમ પરમાણુના બંધને વિષે તે પરમાણુ અન્ય પરમાણુ સાથે સંયોગ પામવારૂપ દ્વૈતને પામે છે અને પરમાણુના મોક્ષને વિષે તે પરમાણુ અન્ય પરમાણુથી છૂટો થવારૂપ દ્વૈતને પામે છે તેમ.] ૪૪.

આત્મદ્રવ્ય નિશ્ચયનયે બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે, એકલો બંધાતો અને મુકાતો એવો જે બંધમોક્ષોચિત સ્નિગ્ધત્વરૂક્ષત્વગુણે પરિણત પરમાણુ તેની માફક. [નિશ્ચયનયે આત્મા એકલો જ બદ્ધ અને મુક્ત થાય છે, જેમ બંધ અને મોક્ષને ઉચિત એવા સ્નિગ્ધત્વગુણે કે રૂક્ષત્વગુણે પરિણમતો પરમાણુ એકલો જ બદ્ધ અને મુક્ત થાય છે તેમ.] ૪૫.

આત્મદ્રવ્ય અશુદ્ધનયે, ઘટ અને રામપાત્રથી વિશિષ્ટ માટીમાત્રની માફક, સોપાધિસ્વભાવવાળું છે. ૪૬.

આત્મદ્રવ્ય શુદ્ધનયે, કેવળ માટીમાત્રની માફક, નિરુપાધિસ્વભાવવાળું છે. ૪૭.

---

† દ્વૈત = બે-પણું. [વ્યવહારનયે આત્માના બંધને વિષે કર્મ સાથેના સંયોગની અપેક્ષા આવતી હોવાથી દ્વૈત છે અને આત્માના મોક્ષને વિષે કર્મના વિયોગની અપેક્ષા આવતી હોવાથી ત્યાં પણ દ્વૈત છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तदुक्तम्—“जावदिया वयणवहा तावदिया चेव होंति णयवादा । जावदिया णयवादा तावदिया चेव होंति परसमया ॥” “परसमयाणं वयणं मिच्छं खलु होदि सव्वहा वयणा । जइणाणं पुण वयणं सम्मं खु कहंचि वयणादो ॥” एवमनया दिशा प्रत्येकमनन्तधर्मव्यापकानन्तनयैर्निरूप्यमाणमुदन्वदन्तरालमिलद्धवलनीलगाङ्गयामुनोदकभारवदनन्तधर्माणां परस्परमतद्भावमात्रेणाशक्यविवेचनत्वादमेचकस्वभावैकधर्मव्यापकैकधर्मित्वाद्यथोदितैकान्तात्मात्मद्रव्यम् । युगपदनन्तधर्मव्यापकानन्तनयव्याप्येकश्रुतज्ञानलक्षणप्रमाणेन निरूप्यमाणं तु समस्त-

निर्व्याध्यायुष्यवरबुद्धिसद्धर्मश्रवणग्रहणधारणश्रद्धानसंयमविषयसुखनिवर्तनक्रोधादिकषायव्यावर्तनादिपरंपरादुर्लभान्यपि कथंचित्काकतालीयन्यायेनावाप्य सकलविमलकेवलज्ञानदर्शनस्वभावनिजपरमात्मतत्त्वसम्यक्श्रद्धान-

તેથી કહ્યું છે કે—

जावदिया वयणवहा तावदिया चेव होंति णयवादा ।
जावदिया णयवादा तावदिया चेव होंति परसमया ॥
परसमयाणं वयणं मिच्छं खलु होदि सव्वहा वयणा ।
जइणाणं पुण वयणं सम्मं खु कहंचि वयणादो ॥

[ અર્થઃ—જેટલા [1]વચનપંથ છે તેટલા ખરેખર નયવાદ છે; અને જેટલા નયવાદ છે તેટલા જ પરસમય (પર મત) છે.

પરસમયોનું (મિથ્યામતીઓનું) વચન સર્વથા (અર્થાત્ અપેક્ષા વિના) કહેવામાં આવતું હોવાથી ખરેખર મિથ્યા છે; અને જૈનોનું વચન કથંચિત (અર્થાત્ અપેક્ષા સહિત) કહેવામાં આવતું હોવાથી ખરેખર સમ્યક્ છે.]

એ રીતે આ (ઉપરોક્ત) સૂચન પ્રમાણે (અર્થાત્ ૪૭ નયોમાં સમજાવ્યું તે વિધિથી) એક એક ધર્મમાં એક એક નય (વ્યાપે) એમ અનંત ધર્મોમાં વ્યાપક અનંત નયો વડે નિરૂપણ કરવામાં આવે તો, સમુદ્રની અંદર મળતા [2]શ્વેત-નીલ ગંગા-યમુનાના જળસમૂહની માફક, અનંત ધર્મોને પરસ્પર અતદ્ભાવમાત્ર વડે જુદા પાડવા અશક્ય હોવાથી, આત્મદ્રવ્ય [3]અમેચકસ્વભાવવાળું, એક ધર્મમાં વ્યાપનારું, એક ધર્મી હોવાને લીધે યથોક્ત એકાંતાત્મક (એકધર્મસ્વરૂપ) છે. પરંતુ યુગપદ્ અનંત ધર્મોમાં વ્યાપક એવા અનંત નયોમાં વ્યાપનારા એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ વડે નિરૂપણ કરવામાં આવે તો, બધી નદીઓના જળસમૂહના

૧. વચનપંથ = વચનના પ્રકાર. [ જેટલા વચનના પ્રકારો છે તેટલા નયો છે. અપેક્ષા સહિત નય તે સમ્યક્ નય છે અને અપેક્ષા રહિત નય તે મિથ્યા નય છે; તેથી જેટલા સમ્યક્ નયો છે તેટલા જ મિથ્યા નયો છે. ]

૨. ગંગાનું પાણી શ્વેત હોય છે અને જમનાનું પાણી નીલ (વાદળી) હોય છે.

૩. અમેચક = અભેદ; વિવિધતા રહિત; એક.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तरङ्गिणीपयःपूरसमवायात्मकैकमकराकरवदनन्तधर्माणां वस्तुत्वेनाशक्यविवेचनत्वान्मेचक-स्वभावानन्तधर्मव्याप्येकधर्मित्वात् यथोदितानेकान्तात्मात्मद्रव्यम् ।

*स्यात्कारश्रीवासवश्यैर्नयौधः
पश्यन्तीत्थं चेत् प्रमाणेन चापि ।
पश्यन्त्येव प्रस्फुटानन्तधर्म-
स्वात्मद्रव्यं शुद्धचिन्मात्रमन्तः ॥ १९ ॥

इत्यभिहितमात्मद्रव्यमिदानीमेतदवाप्तिप्रकारोऽभिधीयते—अस्य तावदात्मनो नित्य-मेवानादिपौद्गलिककर्मनिमित्तमोहभावनानुभावघूर्णितात्मवृत्तितया तोयाकरस्येवात्मन्येव क्षुभ्यतः क्रमप्रवृत्ताभिरनन्ताभिर्ज्ञप्तिव्यक्तिभिः परिवर्तमानस्य ज्ञप्तिव्यक्तिनिमित्ततया

---

ज्ञानानुचरणरूपाभेदरत्नत्रयात्मकनिर्विकल्पसमाधिसंजातरागाद्युपाधिरहितपरमानन्दैकलक्षणसुखामृतरसास्वादानु-

---

સમવાયાત્મક ( સમુદાયસ્વરૂપ ) એક સમુદ્રની માફક, અનંત ધર્મોને વસ્તુપણે જુદા પાડવા અશક્ય હોવાથી આત્મદ્રવ્ય †મેચકસ્વભાવવાળું, અનંત ધર્મોમાં વ્યાપનારું, એક ધર્મી હોવાને લીધે યથોક્ત અનેકાન્તાત્મક (અનેકધર્મસ્વરૂપ) છે. [ જેમ એક વખતે એક નદીના જળને જાણનારા જ્ઞાનાંશ વડે જોવામાં આવે તો સમુદ્ર એક નદીના જળસ્વરૂપ જણાય છે, તેમ એક વખતે એક ધર્મને જાણનારા એક નયથી જોવામાં આવે તો આત્મા એક ધર્મસ્વરૂપ જણાય છે; પરંતુ જેમ એકીસાથે સર્વ નદીઓનાં જળને જાણનારા જ્ઞાન વડે જોવામાં આવે તો સમુદ્ર સર્વ નદીઓનાં જળસ્વરૂપ જણાય છે, તેમ એકીસાથે સર્વ ધર્મોને જાણનારા પ્રમાણ વડે જોવામાં આવે તો આત્મા અનેક ધર્મસ્વરૂપ જણાય છે. આ રીતે એક નયથી જોતાં આત્મા એકાંતાત્મક છે અને પ્રમાણથી જોતાં અનેકાંતાત્મક છે. ]

[ હવે એ જ આશયને કાવ્ય દ્વારા કહીને 'આત્મા કેવો છે' એ વિષેનું કથન પૂરું કરવામાં આવે છેઃ ]

[ અર્થઃ- ] આ રીતે સ્યાત્કારશ્રીના ( સ્યાત્કારરૂપી લક્ષ્મીના ) વસવાટને વશ વર્તતા નયસમૂહો વડે ( જીવો ) જુએ તોપણ અને પ્રમાણ વડે જુએ તોપણ સ્પષ્ટ અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધચૈતન્યમાત્ર દેખે છે જ.

એ રીતે આત્મદ્રવ્ય કહેવામાં આવ્યું. હવે તેની પ્રાપ્તિનો પ્રકાર ( રીત ) કહેવામાં આવે છેઃ

પ્રથમ તો, અનાદિ પૌદ્ગલિક કર્મ જેનું નિમિત્ત છે એવી મોહભાવનાના ( મોહના અનુભવના ) પ્રભાવ વડે આત્મપરિણતિ સદાય ઘૂમરી ખાતી હોવાથી આ આત્મા સમુદ્રની માફક પોતામાં જ ક્ષુબ્ધ થતો થકો ક્રમે પ્રવર્તતી અનંત જ્ઞપ્તિવ્યક્તિઓ વડે પરિવર્તન પામે

---

* શાલિની છંદ

† મેચક = જુદા જુદા; વિધવિધ; અનેક.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ज्ञेयभूतासु बहिरर्थव्यक्तिषु प्रवृत्तमैत्रीकस्य शिथिलितात्मविवेकतयात्यन्तबहिर्मुखस्य पुनः पौद्गलिककर्मनिर्मापकरागद्वेषद्वैतमनुवर्तमानस्य दूरत एवात्मावाप्तिः । अथ यदा स्वयमेव प्रचण्डकर्मकाण्डोच्चण्डीकृताखण्डज्ञानकाण्डत्वेनानादिपौद्गलिककर्मनिर्मितस्य मोहस्य वध्यघातकविभागज्ञानपूर्वकविभागकरणात् केवलात्मभावानुभावनिश्चलीकृतवृत्तितया तोयाकर इवात्मन्येवातिनिष्प्रकम्पस्तिष्ठन् युगपदेव व्याप्यानन्ता ज्ञप्तिव्यक्तीरवकाशाभावान्न जातु विवर्तते, तदास्य ज्ञप्तिव्यक्तिनिमित्ततया ज्ञेयभूतासु बहिरर्थव्यक्तिषु न नाम मैत्री प्रवर्तते; ततः सुप्रतिष्ठितात्मविवेकतयात्यन्तमन्तर्मुखीभूतः पौद्गलिककर्मनिर्मापकरागद्वेषद्वैतानुवृत्तिदूरीभूतो दूरत एवाननुभूतपूर्वमपूर्वज्ञानानन्दस्वभावं भगवन्तमात्मानमवाप्नोति । अवाप्नोत्वेव ज्ञानानन्दात्मानं जगदपि परमात्मानमिति ।

---

भवलाभे सत्यमावास्या दिवसे जलकल्लोलक्षोभरहितसमुद्र इव रागद्वेषमोहकल्लोलक्षोभरहितप्रस्तावे यदा निजशुद्धात्मस्वरूपे स्थिरो भवति तदा तदेव निजशुद्धात्मस्वरूपं प्राप्नोति ॥

---

છે, તેથી [1]જ્ઞપ્તિવ્યક્તિઓનાં નિમિત્તરૂપ હોવાથી જે જ્ઞેયભૂત છે એવી બાહ્યપદાર્થવ્યક્તિઓ પ્રત્યે તેને મૈત્રી પ્રવર્તે છે, તેથી આત્મવિવેક શિથિલ થયો હોવાને લીધે અત્યંત બહિર્મુખ એવો તે ફરીને પૌદ્ગલિક કર્મને રચનારા રાગદ્વેષદ્વૈતરૂપે પરિણમે છે અને તેથી તેને આત્મપ્રાપ્તિ દૂર જ છે. પરંતુ હવે જ્યારે આ જ આત્મા પ્રચંડ કર્મકાંડ વડે અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરવાથી અનાદિ-પૌદ્ગલિક-કર્મરચિત મોહને [2]વધ્યઘાતકના વિભાગજ્ઞાનપૂર્વક વિભક્ત (જુદો) કરવાને લીધે (પોતે) કેવળ આત્મભાવનાના (આત્માના અનુભવના) પ્રભાવ વડે પરિણતિ નિશ્ચળ કરી હોવાથી સમુદ્રની માફક પોતામાં જ અતિ નિષ્કંપ રહેતો થકો એકીસાથે જ અનંત જ્ઞપ્તિવ્યક્તિઓમાં વ્યાપીને અવકાશના અભાવને લીધે બિલકુલ વિવર્તન (પરિવર્તન) પામતો નથી, ત્યારે જ્ઞપ્તિવ્યક્તિઓનાં નિમિત્તરૂપ હોવાથી જે જ્ઞેયભૂત છે એવી બાહ્યપદાર્થવ્યક્તિઓ પ્રત્યે તેને ખરેખર મૈત્રી પ્રવર્તતી નથી અને તેથી આત્મવિવેક સુપ્રતિષ્ઠિત (સુસ્થિત) થયો હોવાને લીધે અત્યંત અંતર્મુખ થયેલો એવો આ આત્મા પૌદ્ગલિક કર્મને રચનારા રાગદ્વેષદ્વૈતરૂપ પરિણતિથી દૂર થયો થકો પૂર્વે નહિ અનુભવેલા અપૂર્વ જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન આત્માને અત્યંતપણે જ પ્રાપ્ત કરે છે. જગત પણ જ્ઞાનાનંદાત્મક પરમાત્માને પ્રાપ્ત કરો જ.

---

૧. વ્યક્તિઓ = પ્રગટતાઓ; પર્યાયો; વિશેષો. [બાહ્યપદાર્થવિશેષો જ્ઞપ્તિવિશેષોનાં નિમિત્ત હોવાથી જ્ઞેયભૂત છે.]

૨. આત્મા વધ્ય અર્થાત્ હણાવાયોગ્ય છે અને મોહ ઘાતક અર્થાત્ હણનાર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भवति चात्र श्लोकः—

*आनन्दामृतपूरनिर्भरवहत्कैवल्यकल्लोलिनी-
निर्मग्नं जगदीक्षणक्षममहासंवेदनश्रीमुखम् ।
स्यात्काराङ्कजिनेशशासनवशादासादयन्तूल्लसत्
स्वं तत्त्वं वृतजात्यरत्नकिरणप्रस्पष्टमिष्टं जनाः ॥ २० ॥

*व्याख्येयं किल विश्वमात्मसहितं व्याख्या तु गुम्फो गिरां
व्याख्यातामृतचन्द्रसूरिरिति मा मोहाज्जनो वल्गतु ।
वल्गत्वद्य विशुद्धबोधकलया स्याद्वादविद्याबलात्
लब्ध्वैकं सकलात्मशाश्वतमिदं स्वं तत्त्वमव्याकुलः ॥ २१ ॥

---

इति श्रीजयसेनाचार्यकृतायां तात्पर्यवृत्तौ एवं पूर्वोक्तक्रमेण 'एस सुरासुर' इत्याद्येकोत्तरशतगाथापर्यन्तं सम्यग्ज्ञानाधिकारः, तदनन्तरं 'तम्हा तस्स णमाइं' इत्यादि त्रयोदशोत्तरशतगाथापर्यन्तं

---

અહીં શ્લોક પણ છે:—

[ અર્થ:- ] આનંદામૃતના પૂરથી ભરચક વહેતી કૈવલ્યસરિતામાં (મુક્તિરૂપી સરિતામાં) જે ડૂબેલું છે, જગતને જોવાને સમર્થ એવી મહાસંવેદનરૂપી શ્રી (મહાજ્ઞાનરૂપી લક્ષ્મી) જેમાં મુખ્ય છે, ઉત્તમ રત્નના કિરણ જેવું જે સ્પષ્ટ છે અને જે ઇષ્ટ છે એવા ઉલ્લસતા (પ્રકાશમાન, આનંદમય) સ્વતત્ત્વને જનો સ્યાત્કારલક્ષણ જિનેશશાસનના વશે પામો (–'સ્યાત્કાર' જેનું ચિહ્ન છે એવા જિનભગવાનના શાસનનો આશ્રય કરીને પામો).

[ હવે, 'અમૃતચંદ્રસૂરિ આ ટીકાના રચનાર છે' એમ માનવું યોગ્ય નથી એવા અર્થના કાવ્ય દ્વારા યથાર્થ વસ્તુસ્વરૂપને દર્શાવી સ્વતત્ત્વપ્રાપ્તિની પ્રેરણા કરવામાં આવે છે: ]

[ અર્થ:- ] (ખરેખર પુદ્‌ગલો જ સ્વયં શબ્દરૂપે પરિણમે છે, આત્મા તેમને પરિણમાવી શકતો નથી, તેમ જ ખરેખર સર્વ પદાર્થો જ સ્વયં જ્ઞેયપણે–પ્રમેયપણે પરિણમે છે, શબ્દો તેમને જ્ઞેય બનાવી–સમજાવી શકતા નથી માટે) 'આત્મા સહિત વિશ્વ તે વ્યાખ્યેય (સમજાવવાયોગ્ય) છે, વાણીની ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી) છે અને અમૃતચંદ્રસૂરિ તે વ્યાખ્યાતા (વ્યાખ્યા કરનાર, સમજાવનાર) છે' એમ મોહથી જનો ન નાચો (–ન ફુલાઓ). (પરંતુ) સ્યાદ્‌વાદવિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વ તત્ત્વને પ્રાપ્ત કરીને આજે (જનો) અવ્યાકુળપણે નાચો (–પરમાનંદપરિણામે પરિણમો).

[ હવે કાવ્ય દ્વારા ચૈતન્યનો મહિમા ગાઈને, તે જ એક અનુભવવાયોગ્ય છે એમ પ્રેરણા કરીને, આ પરમ પવિત્ર પરમાગમની પૂર્ણાહુતિ કરવામાં આવે છે: ]

---

* શાર્દૂલવિક્રીડિત છંદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



*इति गदितमनीचैस्तत्त्वमुच्चावचं यत्
चिति तदपि किलाभूत्कल्पमग्नौ हुतस्य ।
अनुभवतु तदुच्चैश्चिच्चिदेवाद्य यस्माद्
अपरमिह न किञ्चित्तत्त्वमेकं परं चित् ॥ २२ ॥

समाप्तेयं तत्त्वदीपिका टीका ।

---

ज्ञेयाधिकारापरनामा सम्यक्त्वाधिकारः, तदनन्तरं 'एवं पणमिय सिद्धे' इत्यादि सप्तनवतिगाथापर्यन्तं चारित्राधिकारश्चेति महाधिकारत्रयेणैकादशाधिकत्रिशतगाथाभिः **प्रवचनसारप्राभृतं** समाप्तम् ॥

**समाप्तेयं तात्पर्यवृत्तिः प्रवचनसारस्य ।**

---

[ અર્થઃ- ] આ રીતે ( આ પરમાગમમાં ) અમંદપણે ( જોરથી, બળવાનપણે, મોટે અવાજે ) જે થોડુંઘણું તત્ત્વ કહેવામાં આવ્યું, તે બધું ચૈતન્યને વિષે ખરેખર અગ્નિમાં હોમાયેલી વસ્તુ સમાન ( સ્વાહા ) થઈ ગયું. ( અગ્નિને વિષે હોમવામાં આવતા ઘીને અગ્નિ ખાઈ જાય છે, જાણે કે કાંઈ હોમાયું જ ન હોય! તેવી રીતે અનંત માહાત્મ્યવંત ચૈતન્યનું ગમે તેટલું વર્ણન કરવામાં આવે તોપણ જાણે કે એ સમસ્ત વર્ણનને અનંત મહિમાવંત ચૈતન્ય ખાઈ જાય છે; ચૈતન્યના અનંત મહિમા પાસે બધું વર્ણન જાણે કે વર્ણન જ ન થયું હોય એમ તુચ્છતાને પામે છે. ) તે ચૈતન્યને જ ચૈતન્ય આજે પ્રબળપણે-ઉગ્રપણે અનુભવો ( અર્થાત્ તે ચિત્સ્વરૂપ આત્માને જ આત્મા આજે અત્યંત અનુભવો ) કારણ કે આ લોકમાં બીજું કાંઈ જ ( ઉત્તમ ) નથી, ચૈતન્ય જ એક પરમ ( ઉત્તમ ) તત્ત્વ છે.

આમ ( શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી પ્રવચનસાર શાસ્ત્રની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત ) તત્ત્વદીપિકા નામની સંસ્કૃત ટીકાનો શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.

સમાપ્ત

---

* માલિની છંદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# શાસ્ત્રોના અર્થ કરવાની પદ્ધતિ

વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યને વા તેના ભાવોને વા કારણ-કાર્યાદિકને કોઈના કોઈમાં મેળવી નિરૂપણ કરે છે માટે એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે તેથી તેનો ત્યાગ કરવો. વળી નિશ્ચયનય તેને જ યથાવત્ નિરૂપણ કરે છે તથા કોઈને કોઈમાં મેળવતો નથી તેથી એવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે માટે તેનું શ્રદ્ધાન કરવું.

પ્રશ્નઃ—જો એમ છે તો જિનમાર્ગમાં બંને નયોનું ગ્રહણ કરવું કહ્યું છે, તેનું શું કારણ?

ઉત્તરઃ—જિનમાર્ગમાં કોઈ ઠેકાણે તો નિશ્ચયનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેને તો "સત્યાર્થ એમ જ છે" એમ જાણવું, તથા કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેને "એમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે" એમ જાણવું; અને એ પ્રમાણે જાણવાનું નામ જ બંને નયોનું ગ્રહણ છે. પણ બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણી "આ પ્રમાણે પણ છે તથા આ પ્રમાણે પણ છે" એવા ભ્રમરૂપ પ્રવર્તવાથી તો બંને નયો ગ્રહણ કરવા કહ્યા નથી.

પ્રશ્નઃ—જો વ્યવહારનય અસત્યાર્થ છે તો જિનમાર્ગમાં તેનો ઉપદેશ શા માટે આપ્યો? એક નિશ્ચયનયનું જ નિરૂપણ કરવું હતું?

ઉત્તરઃ—એવો જ તર્ક શ્રી સમયસારમાં કર્યો છે ત્યાં આ ઉત્તર આપ્યો છે કે—જેમ કોઈ અનાર્ય-મ્લેચ્છને મ્લેચ્છભાષા વિના અર્થ ગ્રહણ કરાવવા કોઈ સમર્થ નથી, તેમ વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ અશક્ય છે તેથી વ્યવહારનો ઉપદેશ છે. વળી એ જ સૂત્રની વ્યાખ્યામાં એમ કહ્યું છે કે—એ પ્રમાણે નિશ્ચયને અંગીકાર કરાવવા માટે વ્યવહાર વડે ઉપદેશ આપીએ છીએ પણ વ્યવહારનય છે તે અંગીકાર કરવાયોગ્ય નથી.

—શ્રી મોક્ષમાર્ગપ્રકાશક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# 卐 श्री प्रवचनसारनी वर्णानुक्रम गाथासूची 卐


| | गाथा | पृष्ठ |
|---|---|---|
| **अ** | | |
| अइसयमादसमुत्थं | १३ | २० |
| अजधाचारविजुत्तो | २७२ | ४८७ |
| अट्ठे अजधागहणं | ८५ | १४५ |
| अट्ठेसु जो ण मुज्झदि | २४४ | ४५३ |
| अत्थं अक्खणिवदिदं | ४० | ६८ |
| अत्थि अमुत्तं मुत्तं | ५३ | ९० |
| अत्थित्तणिच्छिदस्स | १५२ | २९७ |
| अत्थि त्ति य णत्थि त्ति | ११५ | २२५ |
| अत्थो खलु दव्वमओ | ९३ | १६२ |
| अधिगगुणा सामण्णे | २६७ | ४७९ |
| अधिवासे व विवासे | २१३ | ३९२ |
| अपदेसं सपदेसं | ४१ | ६९ |
| अपदेसो परमाणू | १६३ | ३१२ |
| अपयत्ता वा चरिया | २१६ | ३९६ |
| अपरिचत्तसहावेणुप्पाद | ९५ | १७० |
| अप्पडिकुट्ठं उवधिं | २२३ | ४०८ |
| अप्पडिकुट्ठं पिंड | *३४ | ४२४ |
| अप्पा उवओगप्पा | १५५ | ३०२ |
| अप्पा परिणामप्पा | १२५ | २४५ |
| अब्भुट्ठाणं गहणं | २६२ | ४७४ |
| अब्भुट्ठेया समणा | २६३ | ४७५ |
| अयदाचारो समणो | २१८ | ४०० |
| अरसमरूवमगंधं | १७२ | ३२४ |
| अरहंतादिसु भत्तो | २४६ | ४५६ |
| अववददि सासणत्थं | २६५ | ४७७ |
| अविदिदपरमत्थेसु | २५७ | ४६९ |
| असुभोवयोगरहिदा | २६० | ४७२ |
| असुहोदयेण आदा | १२ | १८ |
| असुहोवओगरहिदो | १५९ | ३०७ |

| | गाथा | पृष्ठ |
|---|---|---|
| **आ** | | |
| आगमचक्खू साहू | २३४ | ४३५ |
| आगमपुव्वा दिट्ठी | २३६ | ४३८ |
| आगमहीणो समणो | २३३ | ४३३ |
| आगासमणुणिविट्ठं | १४० | २७७ |
| आगासस्सवगाहो | १३३ | २६३ |
| आदा कम्ममलिमसो धरेदि | १५० | २९४ |
| आदा कम्ममलिमसो | १२१ | २३८ |
| आदा णाणपमाणं | २३ | ४० |
| आदाय तं पि लिंगं | २०७ | ३८४ |
| आपिच्छ बंधुवग्गं | २०२ | ३७५ |
| आहारे व विहारे | २३१ | ४२६ |
| **इ** | | |
| इंदियपाणो य तधा | १४६ | २९० |
| इहलोगणिरावेक्खो | २२६ | ४१६ |
| इह विविहलक्खणाणं | ९७ | १७९ |
| **उ** | | |
| उच्चालियम्हि पाए | *१५ | ३९९ |
| उदयगदा कम्मंसा | ४३ | ७२ |
| उप्पज्जदि जदि णाणं | ५० | ८५ |
| उप्पादट्ठिदिभंगा | १२९ | २५५ |
| उप्पादट्ठिदिभंगा विज्जंते | १०१ | १९३ |
| उप्पादो पद्धंसो | १४२ | २८१ |
| उप्पादो य विणासो | १८ | ३० |
| उवओगमओ जीवो | १७१ | ३३२ |
| उवओगविसुद्धो जो | १५ | २३ |
| उवओगो जदि हि | १५६ | ३०३ |
| उवकुणदि जो वि | २४९ | ४५२ |
| उवयरणं जिणमग्गे | २२५ | ४११ |
| उवरदपावो पुरिसा | २५९ | ४६१ |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| | गाथा | पृष्ठ |
|---|---|---|
| **ए** | | |
| एक्कं खलु तं भत्तं | २२९ | ४२१ |
| एक्को व दुगे बहुगा | १४१ | २७९ |
| एगंतेण हि देहो | ६६ | ११४ |
| एगम्हि संति समये | १४३ | २८३ |
| एगुत्तरमेगादी | १६४ | ३१४ |
| एदाणि पंचदव्वाणि | *११ | २६८ |
| एदे खलु मूलगुणा | २०९ | ३८६ |
| एयग्गगदो समणो | २३२ | ४३० |
| एवं जिणा जिणिंदा | १९९ | ३६६ |
| एवं णाणप्पाणं | १९२ | ३५४ |
| एवं पणमिय सिद्धे | २०१ | ३७३ |
| एवं विदिदत्थो | ७८ | १३२ |
| एवंविहं सहावे | १११ | २१५ |
| एस सुरासुरमणुसिंद | १ | ४ |
| एसा पसत्थभूदा | २५४ | ४६५ |
| एसो त्ति णत्थि | ११६ | २२८ |
| एसो बंधसमासो | १८९ | ३४९ |
| **ओ** | | |
| ओगाढगाढणिचिदो | १६८ | ३२० |
| ओरालिओ य देहो | १७१ | ३२४ |
| **क** | | |
| कत्ता करणं कम्मं | १२६ | २४७ |
| कम्मत्तणपाओग्गा | १६९ | ३२१ |
| कम्मं णामसमक्खं | ११७ | २३१ |
| कालस्स वट्टणा से | १३४ | २६३ |
| किच्चा अरहंताणं | ४ | ४ |
| किध तम्हि णत्थि | २२१ | ४०५ |
| किं किंचण त्ति तक्कं | २२४ | ४०९ |
| कुलिसाउहचक्कधरा | ७३ | १२४ |
| कुव्वं सभावमादा | १८४ | ३४३ |
| केवलदेहो समणो | २२८ | ४१९ |
| कोहादिएहि चउहि | *३१ | ४१८ |
| **ग** | | |
| गुणदोधिगस्स विणयं | २६६ | ४७८ |

| | गाथा | पृष्ठ |
|---|---|---|
| गेण्हइ विधुणइ | *१९ | ४०५ |
| गेण्हदि णेव ण | १८५ | ३४४ |
| गेण्हदि णेव...परं | ३२ | ५३ |
| गेण्हदि व चेलखंडं | *१७ | ४०५ |
| **च** | | |
| चत्ता पावारंभं | ७९ | १३४ |
| चरदि णिबद्धो णिच्चं | २१४ | ३९३ |
| चागो य अणारंभो | *३५ | ४४६ |
| चारित्तं खलु धम्मो | ७ | १० |
| चित्तस्सावो तासिं | *२५ | ४१२ |
| **छ** | | |
| छदुमत्थविहिद | २५६ | ४६८ |
| छेदुवजुत्तो समणो | २१२ | ३९० |
| छेदो जेण ण विज्जदि | २२२ | ४०७ |
| **ज** | | |
| जदि कुणदि कायखेदं | २५० | ४६१ |
| जदि ते ण संति | ३१ | ५१ |
| जदि ते विसयकसाया | २५८ | ४७० |
| जदि दंसणेण सुद्धा | *२७ | ४१३ |
| जदि पच्चक्खमजायं | ३९ | ६६ |
| जदि संति हि पुण्णाणि | ७४ | १२६ |
| जदि सो सुहो | ४६ | ७७ |
| जधजादरूवजादं | २०५ | ३८२ |
| जध ते णभप्पदेसा | १३७ | २७० |
| जस्स अणेसणमप्पा | २२७ | ४१७ |
| जस्स ण संति | १४४ | २८४ |
| जं अण्णाणी कम्मं | २३८ | ४४२ |
| जं केवलं ति णाणं | ६० | १०४ |
| जं तक्कालियमिदरं | ४७ | ७८ |
| जं दव्वं तण्ण गुणो | १०८ | २१० |
| जं परदो विण्णाणं | ५८ | १०० |
| जं पेच्छदो अमुत्तं | ५४ | ९३ |
| जादं सयं समत्तं | ५९ | १०१ |
| जायदि णेव ण णस्सदि | ११९ | २३५ |
| जिणसत्थादो अट्ठे | ८६ | १४६ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| | गाथा | पृष्ठ |
|---|---|---|
| जीवा पोग्गलकाया | १३५ | २६७ |
| जीवो परिणमदि | ९ | १३ |
| जीवो पाणणिबद्धो | १४८ | २९२ |
| जीवो भवं भविस्सदि | ११२ | २१९ |
| जीवो ववगदमोहो | ८१ | १३९ |
| जीवो सयं अमुत्तो | ५५ | ९५ |
| जुत्तो सुहेण आदा | ७० | १२१ |
| जे अजधागहिदत्था | २७१ | ४८५ |
| जे णेव हि संजाया | ३८ | ६५ |
| जे पज्जयेसु णिरदा | ९४ | १६७ |
| जेसिं विसयेसु रदी | ६४ | १११ |
| जो इंदियादिविजई | १५१ | २९५ |
| जो एवं जाणित्ता | १९४ | ३५८ |
| जो खलु दव्वसहावो | १०९ | २१२ |
| जो खविदमोहकलुसो | १९६ | ३६० |
| जो जाणदि अरहंतं | ८० | १३५ |
| जो जाणदि सो णाणं | ३५ | ५९ |
| जो जाणादि जिणिंदे | १५७ | ३०५ |
| जो णवि जाणदि एवं | १८३ | ३४२ |
| जो ण विजाणदि | ४८ | ८० |
| जो णिहदमोहगंठी | १९५ | ३५९ |
| जो णिहदमोहदिट्ठी | ९२ | १५९ |
| जोण्हाणं णिरवेक्खं | २५१ | ४६२ |
| जो तं दिट्ठा तुट्ठो | *८ | १५९ |
| जो पक्कमपक्कं वा | *३३ | ४२३ |
| जो मोहरागदोसे | ८८ | १५१ |
| जो रयणत्तयणासो | *३० | ४१५ |
| जो हि सुदेण | ३३ | ५५ |
| **ठ** | | |
| ठाणणिसेज्जविहारा | ४४ | ७३ |
| **ण** | | |
| ण चयदि जो दु | १९० | ३५१ |
| णत्थि गुणो त्ति व | ११० | २१४ |
| णत्थि परोक्खं | २२ | ३८ |
| णत्थि विणा परिणामं | १० | १५ |
| ण पविट्ठो णाविट्ठो | २९ | ४८ |
| ण भवो भंगविहीणो | १०० | १८९ |
| णरणारयतिरियसुरा जीवा | ११८ | २३३ |
| णरणारयतिरियसुरा भजंति | ७२ | १२३ |
| णरणारयतिरियसुरा संठाणा... | १५३ | २९९ |
| ण विणा वट्टदि णारी | *२४ | ४१२ |
| ण वि परिणमदि ण | ५२ | ८८ |
| ण हवदि जदि सद्दव्वं | १०५ | २०२ |
| ण हवदि समणो त्ति | २६४ | ४७६ |
| ण हि आगमेण | २३७ | ४४० |
| ण हि णिरवेक्खो | २२० | ४०४ |
| ण हि तस्स तण्णिमित्तो | *१६ | ३९९ |
| ण हि मण्णदि जो | ७७ | १३१ |
| णाणप्पगमप्पाणं | ८९ | १५२ |
| णाणप्पमाणमादा | २४ | ४१ |
| णाणं अट्ठवियप्पो | १२४ | २४३ |
| णाणं अत्थंतगयं | ६१ | १०७ |
| णाणी अप्प त्ति मदं | २७ | ४५ |
| णाणी णाणसहावो | २८ | ४७ |
| णाहं देहो ण मणो | १६० | ३०८ |
| णाहं पोग्गलमइओ | १६२ | ३११ |
| णाहं होमि परेसिं | २०४ | ३८० |
| णाहं होमि परेसिं...संति | १९१ | ३५३ |
| णिग्गंथं पव्वइदो | २६९ | ४८२ |
| णिच्छयदो इत्थीणं | *२१ | ४११ |
| णिच्छिद्दसुत्तत्थपदो | २६८ | ४८० |
| णिद्धत्तणेण दुगुणो | १६६ | ३१७ |
| णिद्धा वा लुक्खा वा | १६५ | ३१५ |
| णिहदघणघादिकम्मो | १९७ | ३६२ |
| णो सद्दहंति सोक्खं | ६२ | १०८ |
| **त** | | |
| तक्कालिगेव सव्वे | ३७ | ६३ |
| तम्हा जिणमग्गादो | ९० | १५३ |
| तम्हा णाणं जीवो | ३६ | ६० |
| तम्हा तस्स णमाइं | *१० | १६५ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| | गाथा | पृष्ठ |
|---|---|---|
| तम्हा तह जाणित्ता | २०० | ३६७ |
| तम्हा तं पडिरूवं | *२८ | ४१४ |
| तम्हा दु णत्थि कोई | १२० | २३७ |
| तम्हा समं गुणादो | २७० | ४८३ |
| तवसंजमप्पसिद्धो | *५ | १३६ |
| तस्स णमाइं लोगो | *२ | ९१ |
| तह सो लद्धसहावो | १६ | २५ |
| तं गुणदो अधिगदरं | *४ | ११९ |
| तं देवदेवदेवं | *६ | १३६ |
| तं सब्भावणिबद्धं | १५४ | ३०० |
| तं सव्वट्ठवरिट्ठं | *१ | ३१ |
| तिक्कालणिच्चविसमं | ५१ | ८६ |
| तिमिरहरा जइ दिट्ठी | ६७ | ११५ |
| तिसिदं बुभुक्खिदं | *३६ | ४८२ |
| तेजो दिट्ठी णाणं | *३ | ११९ |
| तेण णरा व | *९ | १६० |
| ते ते कम्मत्तगदा | १७० | ३२२ |
| ते ते सव्वे समगं | ३ | ४ |
| ते पुण उदिण्णतण्हा | ७५ | १२७ |
| तेसिं विसुद्धदंसण | ५ | ५ |
| **द** | | |
| दव्वट्ठिएण सव्वं | ११४ | २२३ |
| दव्वं अणंतपज्जय | ४९ | ८३ |
| दव्वं जीवमजीवं | १२७ | २५२ |
| दव्वं सहावसिद्धं | ९८ | १८२ |
| दव्वाणि गुणा तेसिं | ८७ | १५८ |
| दव्वादिएसु मूढो | ८३ | १४२ |
| दंसणणाणचरित्तेसु | २४२ | ४४९ |
| दंसणणाणुवदेसो | २४८ | ४५८ |
| दंसणसंसुद्धाणं | *१४ | ३७० |
| दंसणसुद्धा पुरिसा | *७ | १४२ |
| दिट्ठा पगदं वत्थुं | २६१ | ४७३ |
| दुपदेसादी खंधा | १६७ | ३१९ |
| देवदजदिगुरुपूजासु | ६९ | ११९ |
| देहा वा दविणा | १९३ | ३५७ |
| देहो य मणो | १६१ | ३१० |

| | गाथा | पृष्ठ |
|---|---|---|
| **ध** | | |
| धम्मेण परिणदप्पा | ११ | १७ |
| **प** | | |
| पडीपमादमइया | *२२ | ४११ |
| पक्केसु अ आमेसु | *३२ | ४२३ |
| पक्खीणघादिकम्मो | १९ | ३२ |
| पयदम्हि समारद्धे | २११ | ३९० |
| पप्पा इट्ठे विसये | ६५ | ११३ |
| परदव्वं ते अक्खा | ५७ | ९९ |
| परमाणुपमाणं वा | २३९ | ४४४ |
| परिणमदि चेदणाए | १२३ | २४२ |
| परिणमदि जदा | १८७ | ३४७ |
| परिणमदि जेण | ८ | १२ |
| परिणमदि णेयमट्ठं | ४२ | ७१ |
| परिणमदि सयं | १०४ | २०० |
| परिणमदो खलु | २१ | ३६ |
| परिणामादो बंधो | १८० | ३३८ |
| परिणामो सयमादा | १२२ | २४० |
| पविभत्तपदेसत्तं | १०६ | २०४ |
| पंच वि इंदियपाणा | *१२ | २९० |
| पंचसमिदो तिगुत्तो | २४० | ४४६ |
| पादुब्भवदि य | १०३ | १९८ |
| पाणाबाधं जीवो | १४९ | २९३ |
| पाणेहिं चदुहिं | १४७ | २९१ |
| पुण्णफला अरहंता | ४५ | ७५ |
| पेच्छदि ण हि... | *२० | ४१० |
| पोग्गलजीवणिबद्धो | १२८ | २५३ |
| **फ** | | |
| फासो रसो य गंधो | ५६ | ९७ |
| फासेहिं पुग्गलाणं | १७७ | ३३५ |
| **ब** | | |
| बालो वा वुड्ढो | २३० | ४२४ |
| बुज्झदि सासणमेयं | २७५ | ४९१ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

| | गाथा | पृष्ठ |
|---|---|---|
| **भ** | | |
| भणिदा पुढवि- | १८२ | ३४१ |
| भत्ते वा खमणे | २१५ | ३९४ |
| भंगविहीणो य | १७ | २८ |
| भावेण जेण जीवो | १७६ | ३३४ |
| **म** | | |
| मणुआसुरामरिंदा | ६३ | ११० |
| मणुवो ण होदि | ११३ | २२१ |
| मरदु व जियदु | २१७ | ३९८ |
| मुच्छारंभविजुत्तं | २०६ | ३८२ |
| मुज्झदि वा रज्जदि | २४३ | ४५२ |
| मुत्ता इंदियगेज्झा | १३१ | २५९ |
| मुत्तो रूवादिगुणो | १७३ | ३२९ |
| मोहेण व रागेण | ८४ | १४४ |
| **र** | | |
| रत्तो बंधदि कम्मं | १७९ | ३३७ |
| रयणमिह इंदणीलं | ३० | ५० |
| रागो पसत्थभूदो | २५५ | ४६७ |
| रूवादिएहिं रहिदो | १७४ | ३३० |
| रोगेण वा छुधाए | २५२ | ४६३ |
| **ल** | | |
| लिंगग्गहणे तेसिं | २१० | ३८८ |
| लिंगम्हि य इत्थीणं | *२६ | ४१२ |
| लिंगेहिं जेहिं दव्वं | १३० | २५७ |
| लोगालोगेसु णभो | १३६ | २६८ |
| **व** | | |
| वण्णरसगंधफासा | १३२ | २५९ |
| वण्णेसु तीसु एक्को | *२९ | ४१५ |
| वत्थक्खंडं दुद्दिय | *१८ | ४०५ |
| वदसमिदिंदियरोधो | २०८ | ३८६ |
| वदिवददो तं देसं | १३९ | २७४ |
| वंदणणमंसणेहिं | २४७ | ४५७ |
| विसयकसाओगाढो | १५८ | ३०६ |
| वेज्जावच्चणिमित्तं | २५३ | ४६४ |

| | गाथा | पृष्ठ |
|---|---|---|
| **स** | | |
| स इदाणिं कत्ता | १८६ | ३४५ |
| सत्तासंबद्धेदे | ९१ | १५६ |
| सदवट्ठिदं सहावे | ९९ | १८६ |
| सद्दव्वं सच्च गुणो | १०७ | २०७ |
| सपदेसेहिं समग्गो | १४५ | २८८ |
| सपदेसो सो अप्पा | १८८ | ३४८ |
| सपदेसो सो अप्पा | १७८ | ३३६ |
| सपरं बाधासहियं | ७६ | १२९ |
| सब्भावो हि सहावो | ९६ | १७४ |
| समओ दु अप्पदेसो | १३८ | २७२ |
| समणं गणिं गुणड्ढं | २०३ | ३७२ |
| समणा सुद्धुवजुत्ता | २४५ | ४५४ |
| समवेदं खलु दव्वं | १०२ | १९५ |
| समसत्तुबंधुवग्गो | २४१ | ४४८ |
| सम्मं विदिदपदत्था | २७३ | ४८८ |
| सयमेव जहादिच्चो | ६८ | ११७ |
| सव्वगदो जिणवसहो | २६ | ४३ |
| सव्वाबाधविजुत्तो | १९८ | ३६४ |
| सव्वे आगमसिद्धा | २३५ | ४३७ |
| सव्वे वि य अरहंता | ८२ | १४० |
| संति धुवं पमदाणं | *२३ | ४११ |
| संपज्जदि णिव्वाणं | ६ | ९ |
| सुत्तं जिणोवदिट्ठं | ३४ | ५७ |
| सुद्धस्स य सामण्णं | २७४ | ४३४ |
| सुविदिदपयत्थसुत्तो | १४ | २१ |
| सुहपरिणामो पुण्णं | १८१ | ३३९ |
| सुहपयडीण विसोही | *१३ | ३४९ |
| सेसे पुण तित्थयरे | २ | ४ |
| सोक्खं वा पुण दुक्खं | २० | ३४ |
| सोक्खं सहावसिद्धं | ७१ | १२२ |
| **ह** | | |
| हवदि व ण हवदि | २१९ | ४०१ |
| हीणो जदि सो आदा | २५ | ४१ |

# 卐 कलशकाव्योनी वर्णानुक्रम सूची 卐



| | श्लोक | पृष्ठ |
|---|---|---|
| आत्मा धर्मः स्वयमिति ... ... ... | ५ | १६० |
| आनन्दामृतपूर ... ... ... | २० | ५०४ |
| इति गदितमनीचै- ... ... ... | २२ | ५०५ |
| इत्याध्यास्य शुभोपयोग ... ... ... | १७ | ४८४ |
| इत्युच्छेदात्परपरिणतेः ... ... ... | ८ | २५१ |
| इत्येवं चरणं पुराणपुरुषैः ... ... ... | १५ | ४२९ |
| इत्येवं प्रतिपत्तुराशय ... ... ... | १६ | ४५१ |
| जानन्नप्येष विश्वं ... ... ... | ४ | ९० |
| जैनं ज्ञानं ज्ञेयतत्त्व ... ... ... | १० | ३७० |
| ज्ञेयीकुर्वन्नञ्जसा ... ... ... | ११ | ३७० |
| तन्त्रस्यास्य शिखण्ड ... ... ... | १८ | ४८५ |
| द्रव्यसामान्यविज्ञान ... ... ... | ९ | २५१ |
| द्रव्यस्य सिद्धौ चरणस्य ... ... ... | १३ | ३७२ |
| द्रव्यानुसारि चरणं ... ... ... | १२ | ३७१ |
| द्रव्यान्तरव्यतिकरा- ... ... ... | ७ | २५० |
| निश्चित्यात्मन्यधिकृत ... ... ... | ६ | १६१ |
| परमानन्दसुधारस ... ... ... | ३ | २ |
| वक्तव्यमेव किल ... ... ... | १४ | ४०३ |
| व्याख्येयं किल ... ... ... | २१ | ५०४ |
| सर्वव्याप्येकचिद्रूप ... ... ... | १ | १ |
| स्यात्कारश्रीवासवश्यैः ... ... ... | १९ | ५०२ |
| हेलोल्लुप्तमहामोह ... ... ... | २ | २ |



## — 'तत्त्वप्रदीपिका' टीकामां उद्धृत गाथाओनी सूची —



| | पृष्ठ | | | |
|---|---|---|---|---|
| जावदिया वयणवहा ... | ५०१ | गो० कर्मकाण्ड | गाथा | ८९४ |
| णिद्धस्स णिद्धेण ... | ३१८ | गो० जीवकाण्ड | ,, | ६१४ |
| णिद्धा णिद्धेण ... | ३१७ | गो० जीवकाण्ड | ,, | ६१२ |
| परसमयाणं वयणं ... | ५०१ | गो० कर्मकाण्ड | ,, | ८९५ |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# 'तात्पर्यवृत्ति' टीकामां उद्धृत अवतरणोनी
# वर्णानुक्रम सूची


| | | पृष्ठ | |
|---|---|---|---|
| अवाप्योरलोपः | ... ... | ४ | |
| अंतिमतिगसंघडणं | | ४१३ | कर्मकाण्ड, ३२. |
| उत्पादव्ययध्रौव्य | ... | १८९, २१४ | तत्त्वार्थसूत्र, ५, ३०. |
| एकं द्वौ त्रीन् वा | ... | ३५ | तत्त्वार्थसूत्र, २, ३०. |
| एको भावः सर्वभाव | ... ... | ८५ | |
| एगो मे सस्सदो | ... ... | १४८ | मूलाचार, ४८. |
| औदयिका भावा | ... ... | ७६ | |
| कार्यस्थित्यर्थमाहारः | ... | ३५ | |
| किं पलविएण बहुणा | ... ... | २८७ | बारस अणुवेक्खा, ९०. |
| गुणजीवा पज्जत्ती | ... ... | ४३३ | गो० जीवकाण्ड, २. |
| छट्ठो त्ति पढमसण्णा | ... ... | ३५ | ,, जीवकाण्ड, ७०१. |
| जेसिं अत्थिसहावो | ... ... | १६७ | पञ्चास्तिकाय, ५. |
| जो सकलणयररज्जं | ... ... | ३७८ | |
| ण बलाउसाहणट्ठं | ... | ३५ | मूलाचार, ४८१. |
| णिद्धस्स णिद्धेण | ... ... | ३१८ | गो० जीवकाण्ड, ६१४. |
| णोकम्मकम्महारो | ... ... | ३५ | भावसंग्रह, ११०. |
| तवसिद्धे णयसिद्धे | ... ... | ३६७ | सिद्धभक्ति, २०. |
| देशप्रत्यक्षविद् | ... ... | ४६० | चारित्रसार, पृ. २२. |
| पुढवी जलं च | ... ... | २६० | गो० जीवकाण्ड, ६०१. |
| पुंवेदं वेदंता | ... ... | ४१३ | सिद्धभक्ति, ६. |
| भावा जीवादीया | ... ... | १६७ | पञ्चास्तिकाय, १६. |
| भावान्तरस्वभावरूपो | ... ... | १९० | |
| भिण्णउ जेण ण जाणियउ | ... | ४३३ | दोहापाहुड, १२८. |
| भुक्त्युपसर्गाभावात् | ... ... | ३४ | नन्दीश्वरभक्ति (?) |
| ममत्तिं परिवज्जामि | ... ... | ४२० | मूलाचार, ४६. |
| मुख्याभावे सति | ... ... | ४१३ | आलापपद्धति |
| मोहस्स बलेण घाददे | ... ... | ३४ | गो० कर्मकाण्ड, १९. |
| व्यापकं तदतन्निष्ठं | ... ... | ४७ | |
| शुद्धस्फटिकसङ्काशं | ... ... | ३४ | |
| सद्दो खंदप्पभवो | ... ... | २६३ | पञ्चास्तिकाय, ७९. |
| समगुणपर्यायं द्रव्यम् | ... ... | ४० | |
| समसुखशीलितमनसां | ... | १०९ | |
| सम्यग्दर्शनज्ञान | ... ... | ४५१ | तत्त्वार्थसूत्र, १, १. |
| समाहारस्यैकवचनम् | ... ... | ३८७ | |
| सावद्यलेशो | ... ... | ४६२ | स्वयम्भूस्तोत्र, ५८. |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ☆ શુદ્ધિપત્રક ☆

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૭ | ૧ | -परिणामया- | -परिणामयो- |
| ૧૯ | ૧૨ | -पञ्चेन्यिद्र- | -पञ्चेन्द्रिय- |
| ૨૩ | ૧ | -निर्वंतित- | -निर्वर्तित- |
| ,, | ૩ | -ममिनन्दति | -मभिनन्दति |
| ૪૭ | ૧૨ | णेवण्णो- | णेवाण्णो- |
| ૬૪ | ૭ | वस्तुनामा- | वस्तूनामा- |
| ,, | ૧૪ | પર્યેયોનાં | પર્યાયોનાં |
| ૮૧ | ૩ | ज्ञेय, | ज्ञेयं, |
| ૮૨ | ૧૦ | जनाति | जानाति |
| ૯૩ | ૧૪ | पच्छणं | पच्छण्णं |
| ૯૮ | ૬ | -न्यिद्राणि | -न्द्रियाणि |
| ,, | ૨૫ | યોગ | ઉપયોગ |
| ૧૧૫ | ૬ | जणस्य | जणस्स |
| ૧૪૩ | ૪ | -देषा- | -द्वेषा- |
| ૧૫૨ | ૮ | खड्ग | खड्गं |
| ૧૫૪ | ૧૦ | कषु | केषु |
| ૧૭૬ | ૨૦ | દ્રય | દ્રવ્ય |
| ૨૦૧ | ૧ | यैकमेव | तयैकमेव |
| ૨૧૧ | ૭ | गुणस्याभावा | गुणस्याभावो |
| ૨૧૬ | ૬ | प्रभवसान- | प्रभवावसान- |
| ૨૩૯ | ૩ | या | यो |
| ૨૯૧ | ૨૦ | જીવતે | જીવતો |
| ૩૨૬ | ૨૯ | લિંગનું | જેને લિંગનું |
| ૩૫૦ | ૮ | कः | कैः |
| ૩૫૬ | ૬ | -ध्रुवः | -ध्रुवैः |
| ૩૫૯ | ૨૩ | -ग्रन्थी | -ग्रन्थिः |
| ૩૬૧ | ૩ | -विरक्तत्व | -विरक्तत्वं |
| ૩૬૭ | ૭ | ममत्ति | ममत्ति |
| ,, | ૧૨ | णामम्मि | णाणम्मि |
| ૩૬૮ | ૩ | विश्वनापि | विश्वेनापि |
| ૩૬૯ | ૩ | चास्यव | चास्यैवं |
| ,, | ૧૦ | चतेषाम् | चैतेषाम् |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩૮૫ | ૩ | लिङ्ग | लिङ्गं |
| ,, | ૬ | स्वपरिंविभाग- | स्वपरविभाग- |
| ૩૮૬ | ૨ | प्रत्युपन्ना- | प्रत्युत्पन्ना- |
| ૩૮૭ | ૨૨ | પ્રત્યખ્યાન- | પ્રત્યાખ્યાન- |
| ૩૯૧ | ૧ | छद: | छेद: |
| ૩૯૬ | ૧ | -कमणि | -कर्मणि |
| ૩૯૭ | ૧૧ | -स्त्यक्तं | -स्त्यक्तुं |
| ૩૯૯ | ૧ | प्रसिद्ध: | प्रसिद्धे: |
| ૪૦૨ | ૧૨ | -बुद्धक- | -बुद्धैक- |
| ૪૦૭ | ૮ | स्य | तस्य |
| ,, | ૧૦ | श्वताम्बर- | श्वेताम्बर- |
| ,, | ૧૧ | सम्बोधनाथ | सम्बोधनार्थं |
| ૪૦૮ | ૩ | प्रतिपत्तं | प्रतिपत्तुं |
| ૪૦૯ | ૩ | सयमा- | संयमा- |
| ૪૨૬ | ૮ | त्याज्यभि- | त्याज्यमि- |
| ૪૩૫ | ૨ | निवाय- | निवार्य- |
| ૪૪૩ | ૨૦ | यन्निर्विकलसमाधि- | यन्निर्विकल्पसमाधि- |
| ૪૫૫ | ૨ | -सुविशुद्ध- | -सुविशुद्ध- |
| ૪૫૯ | ૬ | चादुव्वणणस | चादुव्वण्णस्स |
| ૪૬૮ | ૬ | -पर्वका- | -पूर्वको- |
| ,, | ૮ | शुोभ- | शुभो- |
| ૪૮૭ | ૬ | निमल | निर्मल |
| ૪૯૫ | ૩ | -श्च | -श्च |
| ૪૯૭ | ૪ | -द्वत- | -द्वैत- |
| ૫૦૨ | ૩ | -र्नयौघ | -र्नयौघै |
| ૫૦૩ | ૨ | ·कम- | -कर्म- |
| ,, | ૩ | -पौद्गगलिक- | -पौद्गलिक- |
| ,, | ૮ | -पूवम | -पूर्वम- |
| ૫૦૪ | ૧૫ | જમાં | જેમાં |

[નોંધ:—ગાથા ૨૨૩, ૨૪૭, ૨૪૮ અને ૨૫૩ની સંસ્કૃત છાયા લાલ શાહીને બદલે ભૂલથી કાળી શાહીમાં છપાઈ ગયેલી છે.]

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# શ્રી પ્રવચનસાર શાસ્ત્ર
## ઓછી કિંમતે આપવા માટે મળેલી
# આર્થિક સહાય

| રૂપિયા | નામ | ગામ |
|---|---|---|
| ૩૨૦૧ | શ્રી ધીરજભાઈ તારાચંદ વારિયા, | જામનગર |
| ૨૦૨૫ | શ્રી મોહનલાલ ત્રિકમજી દેસાઈ, | સોનગઢ |
| ૧૨૦૧ | શ્રી પૂનમચંદ મલુકચંદ જોબાલિયા, | મુંબઈ |
| ૧૦૦૦ | શ્રી કલકત્તા દિ. જૈન મુમુક્ષુમંડળ, | કલકત્તા |
| ૧૦૦૦ | શ્રી હજારીમલ સુંદરજી શરાફ, | દાહોદ |
| ૫૦૧ | શ્રી મણિલાલ હરખચંદ શાહ, | વઢવાણ શહેર |
| ૫૦૧ | શ્રી કમળાબેન વ્રજલાલ ફૂલચંદ ભાયાણી, | મુંબઈ |
| ૫૦૧ | શ્રી ગિરધરલાલ ભાઈચંદ મહેતાના સ્મરણાર્થે, (હા. શ્રી કાન્તિભાઈ) | મુંબઈ |
| ૫૦૧ | શ્રી આનંદલાલ નાનાલાલ જસાણી, | મુંબઈ |
| ૫૦૦ | શ્રી ધીરજશ્રીનાં માતુશ્રી રતનબાઈ પોપટલાલ, | ભુજ (કચ્છ) |
| ૪૦૦ | શ્રી અનસૂયાબેન કાન્તિલાલ શેઠ, | મુંબઈ |
| ૨૫૫ | શ્રી વનેચંદ દેવજીભાઈ શેઠ, (હા. હીરાલાલભાઈ) | વાંકાનેર |
| ૨૫૦ | શ્રી કેશવલાલ કસ્તૂરચંદ, | ભડકવા |
| ૨૨૫ | શ્રી લક્ષ્મીચંદ કેશવજીભાઈ, | નાઈરોબી |
| ૨૦૨ | શ્રી મીઠાલાલ જગજીવનદાસ ગાંધી, | સોનાસણ |
| ૨૦૨ | શ્રી પોપટલાલ મોહનલાલ વોરા, | મુંબઈ |
| ૨૦૨ | શ્રી ભરતકુમાર ખીમચંદ શેઠ, | સોનગઢ |
| ૨૦૨ | શ્રી રમણિકલાલ લાલચંદ દોશી, | ઘાટકોપર |
| ૨૦૧ | શ્રી હિંમતલાલ હરગોવિંદદાસ, | ભાવનગર |
| ૨૦૧ | શ્રી શંકરલાલજી કૈલાશચંદજી જૈન, | ઇંદોર |
| ૨૦૧ | શ્રી વ્રજલાલ ભાઈલાલ ડેલીવાળા, | બરવાળા |
| ૨૦૧ | શ્રી સવાઈલાલ અમુલખ શાહ, | મુંબઈ |
| ૨૦૧ | શ્રી મણિલાલ જગજીવનદાસ શાહ, (હા. શ્રી ચંદ્રમણીબેન) | પોરબંદર |
| ૨૦૦ | શ્રી સમરતબેન લલ્લુભાઈ સંઘવી, | લીંબડી |
| ૧૯૯ | શ્રી દાહોદના મુમુક્ષુ ભાઈઓ, | દાહોદ |
| ૧૮૧ | શ્રી વચ્છરાજ ગુલાબચંદ કામદાર, | સોનગઢ |
| ૧૫૧ | શ્રી મોહનલાલ લલ્લુભાઈ શાહ, | દાહોદ |
| ૧૫૧ | શ્રી નાગરદાસ લઘુભાઈ કાપડિયાના સ્મરણાર્થે, (હા. નવીનચંદ્ર) | વઢવાણ શહેર |
| ૧૫૧ | શ્રી ભાઈલાલ પુરુષોત્તમદાસ ડેલીવાળા, | બરવાળા |
| ૧૨૫ | શ્રી નાનાલાલ કાળિદાસ જસાણીનાં સુપુત્રી શ્રી જ્યોતિબેન, | મુંબઈ |
| ૧૧૧ | શ્રી બાબુભાઈ ગોપાળદાસ શાહ, | અમદાવાદ |
| ૧૦૧ | શ્રી કાન્તિલાલ હરિલાલ શાહ, | મુંબઈ |
| ૧૦૧ | શ્રી હરિલાલ ઉજમશીભાઈ શાહ, (હા. શ્રી કુસુમબેન હ. શાહ) | ગુજરવદી |
| ૧૦૧ | શ્રી દીપચંદજી વનાજી, | કલકત્તા |
| ૧૦૧ | શ્રી મણીબેન વિકમચંદ સંઘવી, | વાંકાનેર |
| ૧૦૧ | શ્રી કાળિદાસ હકમચંદ કામદાર, | મુંબઈ |
| ૧૦૧ | શ્રી ઉજમબેન ચુનિલાલ શેઠ, | સોનગઢ |
| ૧૦૧ | શ્રી પ્રતાપરાય પ્રભુદાસ, | રાજકોટ |
| ૧૦૧ | શ્રી પ્રેમચંદ લક્ષ્મીચંદની કંપની, | ઇંદોર |
| ૧૦૧ | શ્રી દાહોદ દિ. જૈન મુમુક્ષુમંડળ, | દાહોદ |
| ૧૦૧ | શ્રી તારાચંદ અવિચલ દેસાઈ, | જેતપુર |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

| રૂપિયા | નામ | ગામ |
|---|---|---|
| ૧૦૧ | શ્રી વ્રજલાલ ફૂલચંદ ભાયાણી, | મુંબઈ |
| ૧૦૧ | શ્રી મુકુન્દરાય મણિલાલ ખારા, | મુંબઈ |
| ૧૦૧ | શ્રી જગજીવનદાસ ચતુરદાસના સુપુત્રો તરફથી તેમનાં માતુશ્રી મોતીબેનના સ્મરણાર્થે, | સુરેન્દ્રનગર |
| ૧૦૧ | શ્રી ચંદ્રકાન્ત મહાસુખલાલ મણિયાર, | મુંબઈ |
| ૧૦૧ | શ્રી ન્યાલચંદ જેચંદભાઈ કોઠારી, | વડાલ |
| ૧૦૧ | શ્રી ચિમનલાલ હિંમતલાલ, | જોરાવરનગર |
| ૧૦૧ | શ્રી માણેકલાલ કસ્તૂરચંદ તલાટી, | મુંબઈ |
| ૧૦૧ | શ્રી બેનકુંવરબેન શાંતિલાલ શાહ, | સોનગઢ |

| રૂપિયા | નામ | ગામ |
|---|---|---|
| ૧૦૧ | શ્રી ચંપકલાલ વિક્રમચંદ સંઘવી, | વાંકાનેર |
| ૧૦૧ | શ્રી છોટાલાલ નારણદાસ જોબાલિયા, | સોનગઢ |
| ૧૦૧ | શ્રી મણિલાલ માણેકચંદ ધોળકિયા, | વીંછિયા |
| ૧૦૧ | શ્રી ઉલ્લાસીબેન ગજરાજજી ગંગવાલ, | કલકત્તા |
| ૧૦૧ | શ્રી ભૂપેન્દ્ર પ્લાસ્ટિક કંપની, | મદ્રાસ-મુંબઈ |
| ૧૦૧ | શ્રી શાન્તિલાલ રતિલાલ શાહ, | મુંબઈ |
| ૧૦૧ | શ્રી ભગવાનજી કચરાભાઈ શાહ, | મોમ્બાસા |
| ૧૭૬૬૮ | | |
| ૩૧૦૧ | એકસો એકથી નીચે આવેલી પરચૂરણ રકમો. | |
| ૨૦૭૬૯ | | |

**નોંધ:–** શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઓછી કિંમતે આપવા માટે ઉપરની રકમમાંથી રૂા. ૮૦૦૦ લેવામાં આવ્યા છે. બાકીની રકમ બીજાં પુસ્તકોનાં પ્રકાશનની મદદમાં વાપરવામાં આવશે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com